શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દી સત્-સાહિત્ય ગ્રંથમાળા પુષ્પ - ૩

ૐ

**સર્વજ્ઞ વીતરાગાય નમઃ**

**શ્રી**

# પંચાધ્યાયી

**(પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ)**

મુખ્યત : પંડિત મખ્ખનલાલજી કૃત સુબોધિની નામની
હિંદી ટીકાના આધાર ઉપરથી સરળ ગુજરાતી ટીકા – અનુવાદ

અનુવાદક : વ્રજલાલ ગીરધરલાલ શાહ, વઢવાણ.
બી. એ. (ઓનર્સ); એસ. ટી. સી; રાષ્ટ્રભાષા રત્ન

# પ્રકાશકીય નિવેદન

પંચાધ્યાયી એક અનુપમ અને અપૂર્વ ગ્રંથ છે એટલું જ નહિ પરંતુ તેના રચયિતા કોણ છે તેનું કોઈ ખાસ નિશ્ચિત પ્રમાણ મળતું નથી. છતાં ગ્રંથકારે પોતે જ આ ગ્રંથનું નામ પંચાધ્યાયી નિર્દિષ્ટ કરેલ છે એટલે પોતાના અંતરમાં તો પાંચે અધ્યાયોનું સંકલન મોજુદ જ હતું છતાં આપણાં દૂર્દૈવે આપણને ફક્ત બે જ અધ્યાયો પ્રાપ્ત થયા છે.

અન્ય કોઈ વિકલ્પને સ્થાન ન રહે તે માટે આપણે તેમની ગાથા ૧૯૦ (અધ્યાય બીજો) દ્વારા તેઓ વિષેની માહિતી પ્રાપ્ત કરીશું. તેમણે પોતાને કવિ કહ્યા છે, તેથી જણાય છે કે તેઓ કવિતા રચવામાં પણ ધુરંધર હતા. વાસ્તવમાં આટલા ગહન તત્ત્વો પદ્ય દ્વારા સંસ્કૃતમાં પ્રગટ કરવા અને તે પણ અતિ સ્પષ્ટતાથી, આ વાત તેમના મહાકવિ હોવામાં પૂર્ણ પ્રમાણ છે. સાથોસાથ તેમણે પોતાને પૂર્વાપર વિચારક પણ કહ્યા છે. આથી તેમણે પોતાના ગ્રંથમાં નિર્દોષતા સિદ્ધ કરી છે તે બે પ્રકારે છે. એક તો પોતાના ગ્રંથમાં પૂર્વાપર ક્યાંય વિરોધ ન થઈ જાય, અથવા કથન ક્રમ પદ્ધતિથી બહાર તો નથી રહેતું ને, આ દોષ તેમણે દૂર કર્યો છે. બીજું પૂર્વાચાર્યોના કથનનું પૂર્વાપર અવલોકન કરીને જ આ ગ્રંથ બનાવ્યો છે. આ વાત તેમણે જ પ્રગટ કરી છે. આ વાતોથી આચાર્યે પોતાની નિજ કલ્પના, ગ્રંથની અસંબદ્ધતા અને સાહિત્યદોષ આદિ બધી વાતો દૂર કરી દીધી છે.

'પંચાધ્યાયી' ને ગ્રંથકર્તાએ જૈન સિદ્ધાંત ગ્રંથો જેવાં કે ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસાર આદિમાં 'ગ્રંથરાજ' કહ્યો છે. 'પંચાધ્યાયવયં મમકૃત ગ્રંથરાજ-માત્મવશાત્'. ઉપરાંત આ ગ્રંથના અભ્યાસની ઉપયોગિતા, સિદ્ધાંત તેમજ સંસ્કૃત ગ્રંથોના મર્મજ્ઞ વિદ્વાન આગ્રાનિવાસી સ્વ. શ્રી પંડિત વલ્દેવદાસજીને લાગી અને તેમણે તે અભ્યાસને લાયક ગોપાલદાસજી બરૈયાને ગણી તેમને પંચાધ્યાયી જેવા ગહન અને ગાંભિર્યતાયુક્ત ગ્રંથાધિરાજનો અભ્યાસ કરાવ્યો, આ જ બરૈયાજીએ આગળ ઉપર 'સ્યાદ્વાદ વારિધિ' 'વાદિગજ કેસરી' 'ન્યાય વાચસ્પતિ' આદિ ઉપાધિઓ ધારણ કરી.

પંડિત બરૈયાજીએ પણ આ અપૂર્વ અને અનુપમ ગ્રંથનો અભ્યાસ ચાલુ રાખી તેમની નીચે ૧૫–૨૦ ગણમાન્ય વિદ્વાનો તૈયાર કર્યા એટલું જ નહિ પરંતુ મોરેના ગામમાં એક વિશાળ 'જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય' પણ સ્થાપી જેમાંથી દર વર્ષે સિદ્ધાંતવેત્તા

વિદ્વાનો બહાર પડતાં રહે. ઉપરના ૨૦ વિદ્વાનોમાંથી જ પંચાધ્યાયી જે સંસ્કૃત પદ્યમાં જ રચાયેલી છે તેની હિંદીમાં પોતપોતાની સમજ પ્રમાણે ટીકાઓ રચી છે જે અત્યારે ઉપલબ્ધ છે.

આ ટીકાઓમાંથી ગુજરાતી અનુવાદ કરવાનો પ્રથમ જશ શ્રી સોમચંદ અમથાલાલ શાહ કલોલવાળાને જાય છે. તેમણે પંડિત દેવકીનંદનજી કૃત હિન્દી ટીકાનો અનુવાદ આજથી ચાલીશેક વર્ષ પૂર્વે કરેલ જ્યારે તેના અભ્યાસી ગુજરાતમાં ગણ્યાં ગાંઠ્યાં હતાં અને હજાર પ્રત પણ રૂા.૮/– ની કિંમતે લેનાર ન હતા. એટલું જ નહિ પણ પ્રત છેલ્લા ૨૦ વર્ષ થયા પણ મળતી ન હોવા છતાં બીજી આવૃત્તિ બહાર પાડવાની હિંમત પ્રકાશકને રહી ન હતી. હાલમાં ગુજરાતી સમાજમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સતત દરરોજના બબ્બે પ્રવચનોથી તેમજ તેમના પ્રવચનો છપાઈને બહાર પડવાથી તેમજ ટેઈપ નિયમિત રીતે મળતી રહેવાથી 'પંચાધ્યાયી' ની ભૂખ તેમના અનુયાયીઓને અસહ્ય થઈ પડી અને જેથી હિન્દી ટીકાના અનુવાદની જરૂરિયાત ઊભી થઈ ત્યારે પંડિત શ્રી મખ્ખનલાલજી શાસ્ત્રીની હિન્દી ટીકાનો અનુવાદ ગુજરાતીમાં કરવાનું નક્કી કર્યું જેથી ગુજરાતી સમાજને બંને ટીકાઓનો લાભ મળે.

આ કામ રામજીભાઈ શતાબ્દિ ટ્રસ્ટે ઉપાડી લીધું અને તેમને ભાઈશ્રી વ્રજલાલ ગીરધરલાલ શાહનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો સહકાર મળ્યો એટલું જ નહિ પરંતુ બહુ જ ટૂંકા સમયમાં પોતાના તેમજ પરનાં લાભાર્થે તેમજ જિનવાણી પ્રત્યેની ભક્તિ અર્થે અત્યંત ચીવટપૂર્વક, ઉલ્લસિત પરિણામે તદ્દન નિસ્પૃહભાવે કરી આપ્યો છે તે માટે આ સંસ્થા તેમની ઋણી છે અને તેમને ધન્યવાદ આપવા સાથે આભાર પ્રદર્શિત કરે છે.

આ આધ્યાત્મિક, સિદ્ધાંત તેમજ સંસ્કૃત ગ્રંથના મર્મજ્ઞ વિદ્વાન પંડિત શ્રી મખ્ખનલાલજી, શ્રદ્ધેય શ્રી ગુરુવર પંડિત ગોપાલદાસજી બરૈયાના પ્રથમ કોટિના શિષ્ય હતા. તેઓશ્રીએ તત્ત્વાર્થ રાજવાર્તિક, પુરુષાર્થ સિદ્ધિઉપાય તથા ગ્રંથરાજ પંચાધ્યાયીની ટીકાઓ રચી છે તેમજ અનેક સૈદ્ધાંતિક પુસ્તકોના લેખક તથા અનેક ઉદ્ભટ વિદ્વાનોને તૈયાર કરવાવાળા મહાવિદ્વાન હતા. તેઓને વિદ્યા વારિધી, ન્યાયાલંકાર વાદીભકેસરી, વિદ્વતિલક, ન્યાયદિવાકર ધર્મવીર આદિ ઉપાધિઓ વળગી હતી.

પંડિત મખ્ખનલાલજીની આ ગ્રંથ ઉપરની આ પહેલી જ ટીકા છે કારણકે તેમને ટીકા રચતી વખતે કોઈ અન્ય ગ્રંથની સહાયતા મળી ન હતી (તેમના સંશોધન મુજબ આ ગ્રંથની સંસ્કૃત કે હિન્દી ટીકા ટિપ્પણી તેમના દેખવામાં, કે સાંભળવામાં આવી

ન હતી.) તેમની ઇચ્છા આ ટીકા પંડિત બરૈયાજીની મોજૂદગીમાં બહાર પાડવાની હતી જેથી તેમાં યોગ્ય સુધારા વધારા તેમજ સલાહસૂચનો પોતાના ગુરુદેવ પાસેથી મળી રહે, જેથી ગ્રંથની વિશેષતા જળવાઈ રહે અને તેમના અભ્યાસીઓને હિતનું કારણ થાય. પરંતુ ટીકાકારે નીચેના ઉદ્ગારથી પોતાનું મન વાળી લીધું. 'આપનું આ અસમય સ્વર્ગારોહણથી પ્રતીત થાય છે કે આપની આ નિષ્કામ કૃતિનું ફળ દેખવાનું અભિષ્ટ નહિ માન્યું.'

શ્રી અજીત મુદ્રણાલય સોનગઢે આ શાસ્ત્ર સાવધાનીપૂર્વક શીઘ્ર છાપી આપેલ છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે. આ ગ્રંથના પ્રકાશનમાં જે જે સત્ધર્મ પ્રેમીઓએ ઉદાર હાથે સહાય કરી છે તે સૌનો પણ ટ્રસ્ટ આભાર માને છે અને તેઓના નામ આ શાસ્ત્રમાં પાછળ આપવામાં આવ્યા છે.

શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દી સત્–સાહિત્ય ટ્રસ્ટ વતી
ડૉ. ચીમનલાલ કસળચંદ માવાણી
સુમનભાઈ રામજીભાઈ દોશી
મથુરભાઈ ગોકુળદાસ સંઘવી
– ટ્રસ્ટીઓ.

## અનુવાદકના બે બોલ

શ્રી પંચાધ્યાયીને ગ્રંથકારે પોતે જ ગ્રંથરાજ એવું નામ આપ્યું છે. તે સાચે જ પોતાના નામને સાર્થક કરે છે. તેમાં જિનોક્ત અનેક પ્રયોજનભૂત તાત્ત્વિક વિષયોની વિશદ છણાવટ કરવામાં આવી છે. ગ્રંથની રચના સંસ્કૃત ભાષામાં પદ્યરૂપે કરવામાં આવી છે. તેની ભાષા સરળ હોવા છતાં તેમાં મહત્ત્વના વિષયોનું માર્મિક નિરૂપણ છે.

આ શાસ્ત્ર ઉપર સૌથી પ્રથમ હિન્દી ટીકા પંડિત શ્રી મખ્ખનલાલજી શાસ્ત્રીની 'સુબોધિની' નામે પ્રસિદ્ધ છે. તેમના લખવા મુજબ પહેલાની રચાયેલી સંસ્કૃત કે હિન્દીની કોઈ ટીકા તેમના જોવામાં આવી નથી. તેમના પછી પંડિત દેવકીનંદનજી, પંડિત ફૂલચંદજી વગેરે વિદ્વાનોએ હિન્દીમાં ટીકા લખી છે. પ્રસ્તુત ગુજરાતી અનુવાદ 'સુબોધિની' હિન્દી ટીકાનો સીધો અનુવાદ છે. આ પહેલાં શ્રી સોમચંદ અમથાલાલ શાહ તરફથી એક ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે.

શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દી સત્ સાહિત્ય ટ્રસ્ટ વતી મને અનુવાદ કરવાનું કહેવામાં આવતાં મેં મારી શક્તિ અનુસાર તે કાર્ય કર્યું છે. પંડિત શ્રી મખ્ખનલાલજી શાસ્ત્રીકૃત હિન્દી ભાષા ટીકા 'સુબોધિની'નો જ આ અનુવાદ છે. અનુવાદ કરવામાં મેં મારાથી બનતી કાળજી રાખી છે છતાં તેમાં કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો અભ્યાસીઓને તેનું દિશાસૂચન કરવા મારી નમ્ર વિનંતી છે.

ગુણીજન ચરણાનુરાગી
**વૃજલાલ ગીરધરલાલ શાહ, વઢવાણ સીટી.**
બી.એ. (ઓનર્સ) એસ. ટી. સી; રાષ્ટ્રભાષા રત્ન

# પંચાધ્યાયી
## વિષય અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ટીકાકારનું મંગલાચરણ | ૧ |
| ગ્રંથકારનું મંગલાચરણ | ૨ |
| પંચપરમેષ્ઠીની સ્તુતિ | ૩ |
| જિનશાસનનું માહાત્મ્ય | ૩ |
| ગ્રંથકારની પ્રતિજ્ઞા | ૩ |
| ગ્રંથ બનાવવાનો હેતુ | ૪ |
| કથનનો ક્રમ | ૪ |
| તત્ત્વનું સ્વરૂપ | ૫ |
| વસ્તુ સામાન્યનું લક્ષણ | ૫ |
| આમ ન માનવામાં દોષ | ૬ |
| અસત્ પદાર્થની ઉત્પત્તિમાં દોષ | ૬ |
| પરથી સિદ્ધ માનવામાં દોષ | ૭ |
| યુતસિદ્ધ માનવામાં દોષ | ૮ |
| સત્‌નો નાશ માનવામાં દોષ | ૮ |
| સારાંશ | ૯ |
| સત્તાના પ્રતિપક્ષપણાની સિદ્ધિ | ૯ |
| સત્તાના પ્રતિપક્ષપણામાં શંકા – સમાધાન | ૧૦–૧૧ |
| પરસ્પરની પ્રતિપક્ષતા | ૧૨ |
| મહાસત્તા – અવાન્તર સત્તા | ૧૩ |
| પ્રતિપક્ષ : સામાન્ય–વિશેષ, –એક – અનેક | ૧૪ |
| તિર્યંક અંશકલ્પના – ઊર્ધ્વ – અંશકલ્પના | ૧૫ |
| અખંડ પિંડરૂપ અખંડ પ્રદેશીમાં – અંશ કલ્પના | ૧૫ |
| દેશાંશ ગુણાંશ | ૧૬ |
| અવિભાગ પ્રતિચ્છેદ | ૧૬ |
| ત્રિકાળવર્તી પર્યાયોનો સમૂહજ – ગુણ | ૧૭ |
| દેશ–દેશાંશ ગુણ–ગુણાંશ | ૧૭ |
| પ્રત્યેક દ્રવ્યની સ્વચતુષ્ટયની – ભિન્નતા | ૧૮ |
| વસ્તુની અસત્તા અને એકાંશતામાં – દોષ | ૨૦ |
| અંશ કલ્પનાથી લાભ | ૨૦-૨૧ |
| એક દેશ પરિણમન માનવામાં – પ્રત્યક્ષબાધા | ૨૨ |
| અખંડ – અનેક પ્રદેશી દ્રવ્યમાં – દૃષ્ટાંત | ૨૩ |
| એક પ્રદેશી દ્રવ્ય | ૨૩ |
| દ્રવ્ય અને ગુણ | ૨૪ |
| ગુણ ગુણીથી જુદા નથી – (તંતુનું દૃષ્ટાંત) | ૨૪-૨૫ |
| ગુણ–ગુણીને ભિન્ન માનવામાં – દોષ | ૨૬ |
| ગુણના પર્યાયવાચી શબ્દ | ૨૮ |
| દ્રવ્યમાં અનંત ગુણ | ૨૮ |
| શક્તિઓની ભિન્નતામાં હેતુ | ૨૮ |
| ગુણોની ભિન્નતામાં દૃષ્ટાંત | ૨૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુણોમાં અંશવિભાગ દૃષ્ટાંત - | |
| – સહિત | ૨૯ |
| ગુણોના અંશોમાં ક્રમ | ૩૧ |
| ગુણોનો છેદ ક્રમ | ૩૧ |
| પર્યાયના પર્યાય વાચક શબ્દ | ૩૨ |
| ગુણાંશ જ ગુણ પર્યાય છે | ૩૨ |
| ગુણ પર્યાય = અર્થપર્યાય | ૩૨ |
| દ્રવ્ય પર્યાય = વ્યંજનપર્યાય | ૩૩ |
| નિત્યતા અને અનિત્યતાનું દૃષ્ટાંત | ૩૪ |
| આત્માનું કથંચિત્ નિત્ય - | |
| – અનિત્યપણું | ૩૪ |
| દ્રવ્યગુણપર્યાયની વ્યવસ્થા ન - | |
| –માનવામાં આવે તો ક્યો - | |
| –દોષ આવે | ૩૫ |
| દ્રવ્યનું લક્ષણ | ૩૭ |
| કારક અને આધાર આધેયની - | |
| – અભિન્નતા | ૪૦ |
| બંનેની ભિન્નતામાં દૃષ્ટાંત | ૪૦ |
| બંનેની અભિન્નતામાં દૃષ્ટાંત | ૪૦ |
| સમુદાય અને સમુદાયી કથંચિત - | |
| – ભિન્ન પણ છે અને અભિન્ન - | |
| – પણ છે દૃષ્ટાંતસવરણી | ૪૧ |
| આમ્રફળમાં સ્પર્શ રસ ગંધ - | |
| – અને વર્ણ ભિન્ન છે લક્ષણ ભેદે - | |
| – ભિન્ન અખંડપણે એક | ૪૨ |
| વિશેષ લક્ષણ કહેવાની પ્રતિજ્ઞા - | |
| – (ગુણ પર્યાયવત્ દ્રવ્યમ્) | ૪૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સત્ ગુણ છે અને દ્રવ્ય પણ છે | ૪૩ |
| વસ્તુને પરિણામી ન માનવામાં - | |
| – દોષ | ૪૪ |
| ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય - | |
| – (ઘટ, પિંડ, માટી) | ૪૬ |
| પરિણામ ન માનવામાં દોષ | ૪૬ |
| પરિણામીને ન માનવામાં દોષ | ૪૭ |
| કથંચિત્ નિત્યને ધ્રૌવ્ય કહે છે | ૪૮ |
| પર્યાયની અનિત્યતા સાથે - | |
| – વ્યાપ્તિ છે | ૪૯ |
| પર્યાયોના લક્ષણ અને સ્વભાવ - | |
| – શું ? | ૫૦ |
| ગુણનું નિરૂપણ અને લક્ષણ | ૫૦ |
| જૈન સિદ્ધાંત | ૫૨ |
| ગુણોની નિત્યતા - અનિત્યતા | |
| દૃષ્ટાંતાભાસ (કાચા – પાકા | |
| – ઘડાના ગુણો) | ૫૩-૫૪ |
| પ્રત્યભિજ્ઞાનથી ગુણોમાં નિત્યતા | |
| પ્રદેશત્વ ગુણનો વિકાર વ્યંજન - | |
| – પર્યાય | ૬૦-૬૧ |
| ક્રિયાવતી અને ભાવવતી | |
| – શક્તિઓનું સ્વરૂપ | ૬૨-૬૩ |
| ગુણ–સહભાવી, અન્વયી, એકાર્થ | ૬૪-૬૫ |
| અન્વય શબ્દનો અર્થ | ૬૬ |
| દ્રવ્યનાં પર્યાય વાચક શબ્દ | ૬૬ |
| અન્વયી – વ્યતિરેકી | ૬૭ |
| દેશ-ક્ષેત્ર-કાળ-ભાવ-વ્યતિરેક | ૬૮ |
| વ્યતિરેક ન માનવાથી દોષ | ૬૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુણોમાં અન્વયીપણું દૃષ્ટાંત દ્વારા | ૭૦ |
| અર્થ શબ્દના અન્વર્થ અને - | |
| –યૌગિક અર્થ | ૭૧-૭૨ |
| ગુણની સ્પષ્ટ વ્યાખ્યા (સારાંશ) | ૭૨ |
| ગુણ સાધારણ–અસાધારણ | ૭૩ |
| પર્યાયનું લક્ષણ | ૭૪ |
| ક્રમ વર્તિત્વનું લક્ષણ અને - | |
| – સ્પષ્ટાર્થ | ૭૫-૭૬ |
| ક્રમનું અને વ્યતિરેકનું સ્વરૂપ | ૭૭ |
| આકારનું નામ જ ભાવ છે | ૮૧ |
| પ્રદેશની હાનિ–વૃદ્ધિ અવગાહન- | |
| – વિશેષતાથી નહિ કે દ્રવ્યની - | |
| – અપેક્ષાથી | ૮૧ |
| ગુણોના અવગાહનમાં દૃષ્ટાંત | ૮૩ |
| જ્ઞાન વાસ્તવમાં ઘટતું વધતું નથી | ૮૪ |
| જ્ઞાન ઘટાકાર થાય કે લોકાકાર - | |
| થાય | ૮૫ |
| નિત્ય પદાર્થમાં જ ઉત્પાદ આદિ - | |
| –ત્રણે ઘટે છે અનિત્યમાં નહિ | ૮૫ |
| કારણ અને ફળ કથંચિત્ નિત્ય - | |
| – પદાર્થને જ ઘટે છે | ૮૫ |
| જ્ઞાનાવરણ કર્મના નિમિત્તે જ્ઞાનના - | |
| – અંશોમાં વ્યક્તતા–અવ્યક્તતા | ૮૬ |
| ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ | ૮૭ |
| ધ્રૌવ્યનું જ સ્વરૂપાંતર | ૮૯ |
| નિત્ય અનિત્યનો વિચાર | ૮૯-૯૦ |
| ઉત્પાદ આદિ ત્રણેય અંશોના - | |
| – કે અંશીના સ્પષ્ટ ઉત્તર | ૧૦૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉત્પાદિકનું અવિરુદ્ધ સ્વરૂપ | ૧૦૫ |
| સત્ જ ઉત્પાદવ્યય સ્વરૂપ છે | ૧૦૫-૬ |
| ઉત્પાદિક પર્યાય દૃષ્ટિથી જ છે | ૧૦૬ |
| ત્રણેનો પરસ્પર અવિનાભાવ | ૧૦૭ |
| વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે | ૧૦૭-૮ |
| કેવળ ઉત્પાદ, કેવળ વ્યય, - | |
| – કેવળ ધ્રૌવ્ય માનવામાં દોષ | ૧૦૮ |
| ધ્રૌવ્ય નિરપેક્ષ ઉત્પાદ વ્યય - | |
| – માનવામાં દોષ | ૧૦૯ |
| અનેકાન્ત ચતુષ્ટય | ૧૧૦ |
| મહાસત્તાનું સ્વરૂપ | ૧૧૧ |
| અવાન્તરસત્તાનું સ્વરૂપ | ૧૧૨ |
| અસ્તિનાસ્તિ કથન દ્રવ્યની – | |
| – ક્ષેત્રની કાળની અને ભાવની | |
| – અપેક્ષાએ | ૧૧૩–૧૭ |
| ભાવનું સામાન્ય અને વિશેષરૂપ | ૧૧૮ |
| સ્વભાવ પરભાવનું કથન | ૧૧૯–૨૦ |
| સર્વત્ર રહેનારો નિયમ | ૧૨૦ |
| સપ્તભંગી બાકીના પાંચ ભંગોથી | ૧૨૧ |
| અનુગત અને વ્યાવૃત્ત પ્રતીતિ | ૧૨૨-૨૩ |
| અન્વય અને વ્યતિરેક બંને એકસાથે - | |
| – વસ્તુમાં હોય છે | ૧૨૩-૨૪ |
| વસ્તુમાં અન્વય વ્યતિરેક સ્વતંત્ર નથી | ૧૨૫ |
| વિધિ નિષેધમાં સર્વથા નામ ભેદ - | |
| – પણ નથી | ૧૨૬ |
| જૈન સ્યાદ્વાદીનું સ્વરૂપ | ૧૨૯ |
| તત્–અતત્ અને નિત્ય અનિત્ય | ૧૩૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સર્વથા નિત્ય પક્ષમાં દોષ | ૧૩૧ |
| સર્વથા અનિત્ય પક્ષમાં દોષ | ૧૩૧-૩૨ |
| કેવળ નિત્યાનિત્યાત્મક પક્ષમાં - | |
| – દોષ | ૧૩૨-૩૪ |
| તત્ – અતત્ભાવનું સ્વરૂપ | ૧૩૪ |
| સદૃશ–અસદૃશ પરિણમનનું - | |
| –ઉદાહરણ | ૧૩૫ |
| અભિન્ન પ્રતીતિમાં હેતુ | ૧૩૬ |
| સત્–અસત્ની જેમ તત્–અતત્ - | |
| –પણ વિધિ–નિષેધરૂપ છે. | ૧૩૬-૩૭ |
| સર્વથા પદ અને સ્યાત્ પદથી - | |
| –તફાવત | ૧૩૮ |
| નિત્ય અનિત્ય દૃષ્ટિ | ૧૩૯-૧૪૦ |
| સત્ અને પરિણામના વિષયમાં - | |
| –જુદી જુદી ૧૮ કલ્પના વર્ણોની - | |
| –ધ્વનિ સમાન | ૧૪૦-૧૪૧ |
| ૨ શું વિંધ્ય હિમાચલ સમાન છે | ૧૪૧ |
| ૩ શું સિંહ અને સાધુ - | |
| –વિશેષણોની જેમ છે | ૧૪૧ |
| ૪ શું ગાયના ડાબા જમણા - | |
| –શિંગડા સમાન | ૧૪૨ |
| ૫ કાચી પાકી માટી સમાન | ૧૪૨ |
| ૬ શું બે શોક્યની જેમ છે | ૧૪૨ |
| ૭ નાના મોટા ભાઈઓ - | |
| –તથા મલ્લોની સમાન | ૧૪૩ |
| ૮ શું પરત્વ અપરત્વ તથા પૂર્વાપર - | |
| –દિશાઓની સમાન છે ? | ૧૪૩ |
| ૯ શું કારક દ્વૈતની પેઠે છે ? | ૧૪૪ |
| ૧૦ શું બીજ અંકુરની જેમ છે ? | ૧૪૫ |
| ૧૧ શું કનકોપલ સમાન છે | ૧૪૫ |
| ૧૨ શું વાચ્ય–વાચકની જેમ છે | ૧૪૬ |
| ૧૩ શું નગારા અને દાંડી - | |
| –સમાન છે ? | ૧૪૬ |
| ૧૪ શું અપૂર્ણ ન્યાય - | |
| –સમાન છે ? | ૧૪૭ |
| ૧૫ શું મિત્રોની સમાન છે ? | ૧૪૭ |
| ૧૬ શું આદેશ સમાન છે ? | ૧૪૮ |
| ૧૭ શું બે નેતરા સમાન છે ? | ૧૪૮ |
| પ્રત્યેક શંકાના ઉત્તરની શરૂઆત | ૧૪૮ |
| પરસ્પર સાપેક્ષ ધર્મોનો વિષય | |
| –કરનાર પ્રમાણ છે (સત્ અને - | |
| –પરિણામમાં) | ૧૪૯ |
| પ્રમાણના અભાવમાં નય પણ - | |
| –ટકતા નથી | ૧૪૯ |
| મુખ્ય ગૌણ વિવક્ષાનું કારણ - | |
| –અભિન્ન પદાર્થમાં દૃષ્ટિભેદ છે | |
| સત્ પારિણાત્માત્ક પદાર્થ - | |
| –સાધ્ય છે | |
| આપણું સાધ્ય પરસ્પર સાપેક્ષ - | |
| –ઉભય ધર્માત્મક પદાર્થરૂપ છે. | ૧૫૩ |
| અગ્નિ વૈશ્વાનર | ૧૫૩ |
| આશ્રય સિદ્ધ દોષ | ૧૫૪ |
| સત્ પરિણામ ઉભય ધર્માત્મક - | |
| –જ પદાર્થ છે | ૧૫૫ |
| સત્ પરિણામ સ્વરૂપ જ - | |
| –પદાર્થ છે | ૧૫૭ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| એક જ સમયમાં નિત્ય અનિત્ય - | | –છે બાધિત છે | ૧૬૮ |
| –સિદ્ધ છે અને નહિ કે એક - | | અન્યો અન્ય આશ્રયદોષ | ૧૭૦ |
| સમયમાં એક | ૧૫૭ | પદાર્થનો અભાવ | ૧૭૦ |
| અનાદિ અનંત યુગપદ્ સાપેક્ષ - | | પરિણામની સિદ્ધિ કથંચિત્ - | |
| –પ્રવાહ ચાલ્યા કરે છે | ૧૫૮ | –અનિત્યતામાં | ૧૭૧ |
| સત્ પરિણામનો બંનેથી જુદો - | | સત્ પરિણામમાં કથંચિત્ - | |
| –કોઈ આશ્રય નથી | ૧૫૯ | –ભિન્નતા અભિન્નતા | ૧૭૨ |
| સપક્ષ વિપક્ષ બંનેમાં રહેતે - | | અવસ્થા બદલતી હોવા છતાં - | |
| –વ્યભિચારી | ૧૬૦ | –સ્વરૂપ બદલાતું નથી | ૧૭૩ |
| પરિણામ પર્યાયનું નામ છે - | | –સત્નું અપેક્ષિત સ્વરૂપ | ૧૭૪ |
| –દ્રવ્ય અથવા ગુણમાં જ - | | શું એક દ્રવ્યમાં બે વિરોધી - | |
| –સંભવી શકે છે | ૧૬૧ | –ધર્મ રહી શકે | ૧૭૫ |
| સામાન્ય વિશેષ વિના અને વિશેષ - | | પરિણામ–સત્ પદાર્થની - | |
| –સામાન્ય વિના હોઈ શકે નહિ | ૧૬૨ | –અવસ્થાઓનું નામ | ૧૭૬ |
| કનકોપાલ બે દ્રવ્યોનાં સમુદાયનું - | | તંતુઓના સંયોગથી પટ - | |
| નામ છે | ૧૬૩ | –જુદો પદાર્થ નથી | ૧૭૭ |
| વાચ્ય વાચક દ્વતનું દૃષ્ટાંત છે | ૧૬૪ | વિક્રિયાના અભાવમાં બીજા - | |
| સંયુક્તપણાનો હેતુ (નગારુ - | | –પણ દોષ | ૧૭૭ |
| –દાંડીમાં) | ૧૬૫ | ઔષધ આપવાનું રોગીની - | |
| સત્ પરિણામરૂપ પક્ષમાં રહેતો - | | –અનુકૂળતા આધીન નથી | ૧૭૮ |
| –નથી | ૧૬૫ | સત્ને સર્વથા નિત્ય-અનિત્ય - | |
| આત્મલાભ = સ્વરૂપસંપાદન - | | –માનવાથી દોષ | ૧૭૯ |
| –પ્રાપ્તિ | ૧૬૫ | સત્ કથંચિત્ એક છે | ૧૮૧ |
| કાર્યકારણભાવ તો એકબીજાની - | | દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની - | |
| –આધીનતામાં જ બને છે | ૧૬૬ | –અપેક્ષાઓ | ૧૮૨ |
| મિત્ર દ્વૈત–શત્રુદ્વૈત દૃષ્ટાંતભાસ | ૧૬૭ | સત્ની અખંડતા ... દ્રવ્ય વિચાર | ૧૮૨ |
| કાળત્યયાપદિષ્ટ દોષથી વિશિષ્ટ - | | ક્ષેત્ર વિચાર | ૧૮૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સર્વથા અભિન્નતા - | |
| –પણ પ્રયોજક નથી | ૧૯૨ |
| કાળ વિકાર | ૧૯૮ |
| ભાવ વિચાર | ૨૦૨ |
| તાદાત્મ્યભાવ | ૨૦૩ |
| ગુણોમાં લક્ષણભેદથી ભેદ | ૨૦૪ |
| એક જ સત્તા અભિન્નતા - | |
| –બતાવે છે | ૨૦૬ |
| વ્યતિરેકના સ્વીકાર વગર - | |
| –અન્વય સંભવિત | ૨૦૮ |
| દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ વિચાર | ૨૦૮-૯ |
| એક અનેક એકબીજાની અપેક્ષા - | |
| –રાખે છે | ૨૧૦ |
| સર્વથા એક અનેક માનવામાં - | |
| –દોષ | ૨૧૦ |
| પ્રમાણ નયનું સ્વરૂપ | ૨૧૧ |
| નયોનું સ્વરૂપ અને નયોના ભેદ | ૨૧૨ |
| શુદ્ધ જ્ઞાન નયરૂપ નથી પરંતુ - | |
| –વિકલ્પાત્મક જ્ઞાન નય છે | ૨૧૩ |
| ઘટનો વિષય કરનાર જ્ઞાનને - | |
| ઘટજ્ઞાન શા માટે કહેવામાં - | |
| –આવે છે ? | ૨૧૪ |
| –નય માત્ર વિકલ્પાત્મક છે | ૨૧૫ |
| વાચક–વાચ્ય બોધ; વચન જ્ઞાન - | |
| –પણ નયાત્મક જ છે | ૨૧૫ |
| વિકલ્પત્મક જ્ઞાનને જ - | |
| –નય કહે છે | ૨૧૬ |
| દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય | ૨૧૭ |
| વ્યવહારનયનું સ્વરૂપ | ૨૧૯ |
| વ્યવહારનયના ભેદો | ૨૨૧ |
| સદ્ભૂત વ્યવહારનયની પ્રવૃત્તિનો - | |
| –હેતુ | ૨૨૧ |
| અસદ્ભૂત વ્યવહારનયનું લક્ષણ | ૨૨૩ |
| અસદ્ભૂત વ્યવહારનયની - | |
| –પ્રવૃત્તિમાં હેતુ | ૨૨૪ |
| અનુપરિત સદ્ભૂત વ્યવહારનય | ૨૨૫ |
| ઉપચરિત સદ્ભૂત વ્યવહાર- | |
| –નયનું સ્વરૂપ | ૨૨૯ |
| અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર- | |
| –નયનું દૃષ્ટાંત | ૨૩૧ |
| ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય | ૨૩૩ |
| તદ્ગુણ આરોપી અને અતદ્ગુણ - | |
| –આરોપી | ૨૩૫ |
| નયા ભાસ | ૨૩૫ |
| સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાન | ૨૩૬ |
| નયના પણ બે ભેદ છે | ૨૩૮ |
| કેટલાક નયાભાસો ઉલ્લેખ | ૨૩૮ |
| લોક વ્યવહાર મિથ્યા વ્યવહાર - | |
| –છે નયાભાસ શરીર છે તે જીવ - | |
| –છે પહેલો (વ્યવહાર) | ૨૪૧ |
| બીજો નયાભાસ મૂર્ત કર્મ - | |
| –નોકર્મનો જીવ કર્તા તથા ભોક્તા - | |
| –છે એમ કહેવું તે | ૨૪૩ |
| ત્રીજો નયાભાસ પર પદાર્થનો - | |
| –જીવ કર્તા–ભોક્તા | ૨૪૬ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ચોથો નયાભાસ જ્ઞાનને જ્ઞેયનો - | |
| ધર્મ માનવો અને જ્ઞેયને જ્ઞાનનો - | |
| ધર્મ માનવો | ૨૪૮ |
| નયવાદના ભેદ તદ્ગુણનુ સ્વરૂપ | ૨૪૯ |
| નયોના નામ કતૃત્વનય | ૨૫૦ |
| દ્રવ્યાર્થિક નયનું સ્વરૂપ | ૨૫૨ |
| દ્રવ્યાર્થિક નય પણ - | |
| –વિકલ્પાત્મક છે | ૨૫૪ |
| ઉપયોગ-જ્ઞાનનું પદાર્થાકાર - | |
| –પરિણમન થવું તે | ૨૫૫ |
| અનુપયોગ જ્ઞાનનું પદાર્થાકાર - | |
| –પરિણમન ન થવું તે | ૨૫૫ |
| ઉપયોગને જ વિકલ્પ કહે છે | ૨૫૫ |
| અર્થાલોક વિના = પદાર્થનો વિષય - | |
| –કર્યા વિના | ૨૫૬ |
| પદાર્થ સામાન્ય–વિશેષાત્મક છે | ૨૫૭ |
| નિશ્ચયનયને સોદાહરણ - | |
| –માનવામાં દોષ | ૨૫૯ |
| જીવત્વ વિશિષ્ટ અને - | |
| –ગુણ વિશિષ્ટ | ૨૬૧ |
| ઉદાહરણપૂર્વક કથન - | |
| –વ્યવહારનય છે | ૨૬૧ |
| નિષેધ્ય – નિષેધક | ૨૬૩ |
| નિશ્ચયનય યથાર્થ છે | ૨૬૩ |
| વસ્તુના વિચાર અર્થે વ્યવહાર- | |
| –નયની આવશ્યકતા | ૨૬૬ |
| નિશ્ચયનયનું વાચ્ય અગ્નિનું - | |
| દૃષ્ટાંત | ૨૬૮ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| સ્વાત્માનુભૂતિનું સ્વરૂપ | ૨૭૦ |
| વ્યવહારનય અનેક – | |
| –નિશ્ચયનય એક | ૨૭૪ |
| પંચાધ્યાયીકારનું, દ્રવ્યસંગ્રહ | |
| –રચનારનું અપેક્ષાભેદે નય | |
| –વિવક્ષામાં તફાવત ભિન્નતા | ૨૭૫ |
| પ્રમાણનું સ્વરૂપ | ૨૭૭ |
| વિરોધી ધર્મ પણ એકસાથે રહી - | |
| –શકે છે | ૨૭૯ |
| પ્રમાણ નયોથી ભિન્ન છે | ૨૮૧ |
| પ્રમાણ નયમાં વિષય ભેદથી - | |
| –ભેદ છે | ૨૮૩ |
| આશંકા અને પરિહાર (નય - | |
| –પ્રમાણનુ) | ૨૮૩ |
| સ્યાત્ અસ્તિ નાસ્તિ નય યુગ્મ | ૨૮૫ |
| પ્રમાણના ભેદ પ્રત્યક્ષ પરોક્ષ | ૨૮૮ |
| પ્રત્યક્ષ–પરોક્ષનું સ્વરૂપ | ૨૮૯ |
| મતિશ્રુત અવધિ મનઃપર્યય - | |
| –ચારેય જ્ઞાન પરોક્ષ છે | ૨૯૨ |
| મતિશ્રુત પણ પ્રત્યક્ષ સમાન - | |
| –પ્રત્યક્ષ છે | ૨૯૪ |
| દ્રવ્યમન–ભાવમન | ૨૯૬ |
| અન્ય દર્શનવાળાના પ્રમાણની - | |
| –માન્યતા | ૨૯૯ |
| જ્ઞાન જ પ્રમાણ છે | ૩૦૦ |
| ત્રણ પ્રકારે પ્રમા (પ્રમાણના ફળ) | ૩૦૨ |
| પ્રમાણનું ફળ અજ્ઞાનની નિવૃત્તિ | ૩૦૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રમા કરણ-અધિકરણનો તફાવત | ૩૦૪ |
| વેદ પ્રમાણ નથી | ૩૦૫ |
| નિક્ષેપનું કથન અને સ્વરૂપ | ૩૦૮-૯ |
| ચારે પ્રકારના નિક્ષેપના લક્ષણ | ૩૧૦ |
| નામ નિક્ષેપ, સ્થાપના, દ્રવ્ય, - | |
| –ભાવ | ૩૧૧ |
| દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનયોનો - | |
| –વિષય | ૩૧૩ |
| પ્રમાણનો વિષય | ૩૧૪ |
| ઋજુ સૂત્ર નય ભેદ–અભેદપક્ષ | ૩૧૪ |
| એક અનેકપક્ષ, શુદ્ધ દ્રવ્યાર્થિક | |
| –નયનો પક્ષ | ૩૧૫ |
| અસ્તિ નાસ્તિનો પક્ષ | ૩૧૬ |
| સર્વ વિકલ્પોથી રહિત જ વસ્તુનું - | |
| –સ્વરૂપ છે | ૩૧૭ |
| નિત્ય-અનિત્યપક્ષ ભાવ-અભાવ | ૩૧૮ |
| પંચાધ્યાયી ઉત્તરાર્ધ | ૩૨૦ |
| સામાન્ય વિશેષમાં અંતર | ૩૨૧ |
| વિશેષ દ્રવ્યોનું સ્વરૂપ | ૩૨૩ |
| જીવ અજીવોની સિદ્ધિ | ૩૨૪ |
| જીવની સિદ્ધિમાં અનુમાન | ૩૨૪ |
| મૂર્ત અને અમૂર્ત દ્રવ્યનું વિવેચન | ૩૨૫ |
| મૂર્તનું જેમ અમૂર્ત પણ - | |
| –યથાર્થ છે | ૩૨૬ |
| મૂર્તનું લક્ષણ ઇન્દ્રિય પ્રત્યક્ષ | ૩૨૬ |
| અમૂર્ત પદાર્થ છે એમાં શું - | |
| –પ્રમાણ છે | ૩૨૭ |
| આત્મા રસાદિથી ભિન્ન છે | ૩૨૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પરંતુ સુખદુઃખાદિ જ્ઞાનથી - | |
| –ભિન્ન નથી | ૩૨૯ |
| સુખાદિક અજીવમાં નથી | ૩૨૯ |
| જ્ઞાનને મૂર્ત માનવામાં દોષ | ૩૩૧ |
| વર્ણાદિ પુદ્‌ગલના ગુણ છે બાકીના - | |
| –જીવાદિ પાંચ દ્રવ્યો અમૂર્ત છે | ૩૩૧ |
| લોક-અલોકનું સ્વરૂપ | ૩૩૨ |
| ભાવવતી અને ક્રિયાવતી - | |
| –શક્તિવાળા પદાર્થ | ૩૩૩ |
| ક્રિયા અને ભાવનું લક્ષણ | ૩૩૪ |
| પરિણમન સદા થાય છે | ૩૩૪ |
| યુક્તિ, આગમ, અનુભવ અને પૂર્વા- | |
| –ચાર્યોના કથન પદાર્થની સિદ્ધિ માટે - | |
| –સાત તત્ત્વોમાં જીવની મુખ્યતા | ૩૩૪-૩૫ |
| જીવનું નિરૂપણ વિરોધાલંકારથી | ૩૩૫ |
| ફરી ફરી જીવનું સ્વરૂપ | ૩૩૫ |
| સંસારી જીવનું સ્વરૂપ, જીવ - | |
| –કર્મનો સંબંધો | ૩૩૭ |
| અન્યોન્ય આશ્રય દોષ | ૩૩૮ |
| પુદ્‌ગલને શુદ્ધ માનવામાં દોષ | ૩૩૯ |
| જીવની અશુદ્ધતાનું કારણ | ૩૪૦ |
| કર્મોથી રાગદ્વેષ અને રાગદ્વેષથી કર્મ | ૩૪૨ |
| બંધનું મૂળ કારણ ખેંચવા–ખેંચાવાની - | |
| –શક્તિ | ૩૪૩ |
| બંધ ત્રણ પ્રકારનો હોય છે | ૩૪૫ |
| ભાવબંધ અને દ્રવ્યબંધ–ઉભયબંધ | ૩૪૬ |
| જીવ અને કર્મની સત્તા, જીવ- | |
| –કર્મનો સંબંધ | ૩૪૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| બંનેની સિદ્ધિમાં પ્રત્યક્ષ પ્રમાણ | ૩૪૯ |
| સ્વભાવનું ઉદાહરણ | ૩૫૦ |
| આત્માનો મૂર્ત કર્મ સાથે કઈ - | |
| –રીતે બંધ થાય છે | ૩૫૧ |
| વાસ્તવમાં જ્ઞાન અમૂર્ત છે છતાં - | |
| –મૂર્ત પણ છે | ૩૫૨ |
| જીવનું પરિણમન–વૈભાવિકી શક્તિ - | |
| –આત્મગુણ | ૩૫૩ |
| મદિરાના નિમિત્ત બદલાયેલું જ્ઞાન - | |
| –પણ જ્ઞાન જ છે | ૩૫૫ |
| બદ્ધ અને અબદ્ધ જ્ઞાન | |
| અને તફાવત | ૩૫૬ |
| અબદ્ધ જ્ઞાનનું સ્વરૂપ | ૩૫૬ |
| 'ક્ષાયિકજ્ઞાન' અબદ્ધ કેવી - | |
| –રીતે છે ? | ૩૫૭ |
| મતિ અને શ્રુતજ્ઞાન અમૂર્ત હોવા - | |
| –છતાં પણ મૂર્ત થઈ જાય છે | ૩૫૭ |
| બંધનું સ્વરૂપ | ૩૫૮ |
| ઉપયોગ પણ બંધનું કારણ નથી | ૩૬૦ |
| શીત અને ઉષ્ણ મૂર્ત ગુણોનો - | ૩૬૦ |
| –અમૂર્ત આત્મા પણ અનુભવ | ૩૬૧ |
| અશુદ્ધતામાં હેતુ | ૩૬૨ |
| વૈભાવિક શક્તિનું વિવરણ | ૩૬૨ |
| શક્તિને પરિણામ રહિત માનવામાં - | |
| –કોઈ પ્રમાણ નથી | ૩૬૩ |
| ફલિતાર્થ સ્વાભાવિક અને - | |
| –વૈભાવિક શક્તિ | ૩૬૫ |
| બંનેને એક સમયે માનવામાં દોષ | ૩૬૬ |
| એકસાથે બંને રહે તો બંને ગુણ - | |
| –કહેવાય પર્યાય નહિ | ૩૬૭ |
| સહભાવી–ક્રમભાવી (સ્વાભાવિક- | |
| –વિભાવિક) | ૩૬૭ |
| બદ્ધ–અબદ્ધ જીવ બદ્ધ અને - | |
| –મુક્તનું સ્વરૂપ | ૩૬૮ |
| બંધના કારણ ઉપર વિચાર | ૩૭૦ |
| એક જ પદાર્થમાં કાર્યકારણભાવ | ૩૭૧ |
| પરસ્પર નિમિત્તપણું - બંનેમાં - | |
| –કારણપણું | ૩૭૨ |
| ઉભય બંધ જ કારણ છે | ૩૭૩ |
| અદ્વૈત આત્મા દ્વૈત થઈ જાય છે - | |
| –(નિમિત્તાધીન) | ૩૭૪ |
| આત્મામાં દ્વિરૂપપણું કેવી - | |
| –જાતનું છે ? | ૩૭૪ |
| અન્વય - વ્યતિરેક | ૩૭૬-૭૭ |
| શુદ્ધ–અશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ | ૩૭૭ |
| શુદ્ધતા અને અશુદ્ધતા બંનેય - | |
| –બરાબર છે | ૩૭૮ |
| અબદ્ધ અને બદ્ધનું દૃષ્ટાંત | ૩૭૯ |
| બંધનું લક્ષણ પર ગુણ આકાર - | |
| –પરિણમન | ૩૮૧ |
| અશુદ્ધતા બંધનું કાર્ય અને કારણ | |
| –પણ છે | ૩૮૨ |
| જીવ શુદ્ધ પણ છે અને અશુદ્ધ - | |
| –પણ છે | ૩૮૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નિશ્ચયનય અને વ્યવહાર- | |
| –નયમાં ભેદ | ૩૮૩ |
| શુદ્ધનય અને વ્યવહારથી જીવનું - | |
| –સ્વરૂપ | ૩૮૪ |
| એક જ જીવ બંધ પર્યાયની - | |
| –અપેક્ષાએ | ૩૮૫ |
| નવ પદાર્થરૂપે સ્મરવામાં - | |
| –આવે છે | ૩૮૫ |
| ઉપાધિ માનવી આવશ્યક છે | ૩૮૬ |
| જીવ અને પુદ્‌ગલ આ બેના જ - | |
| –નવ પદાર્થ છે | ૩૯૦ |
| જીવની જ નવ અવસ્થાઓ છે | ૩૯૦ |
| અશુદ્ધતામાં પણ શુદ્ધ જીવનો - | |
| –પ્રતિભાસ | ૩૯૧ |
| અશુદ્ધતામાં પણ શુદ્ધ આત્માનું | ૩૯૧ |
| અવલોકન /સોનાનું દૃષ્ટાંત | ૩૯૨ |
| જળનું, અગ્નિનું, દૃષ્ટાંત | |
| –દર્પણનું, સ્ફટિકનું, જ્ઞાનનું, - | |
| –સમુદ્રનું, મીઠાનું દૃષ્ટાંત | ૩૯૪-૯૬ |
| નવપદાર્થ ન માનવામાં બીજા - | |
| –પણ દોષ | ૩૯૮ |
| નવ પદાર્થના કથનનું પ્રયોજન | ૩૯૯ |
| સર્વથા શુદ્ધ અને સર્વથા અશુદ્ધ - | |
| –માન્યતામાં દોષ | ૩૯૯ |
| નવરૂપ વિકારાવસ્થા પાછળ - | |
| –શુદ્ધ જીવ | ૪૦૦ |
| રચનારનો આત્મવિશ્વાસ - | |
| –જીવ નિરૂપણમાં | ૪૦૧-૪૦૨ |
| જીવનું સ્વરૂપ, ચેતન શુદ્ધ-અશુદ્ધ | |
| –જ્ઞાનચેતના એટલે શુદ્ધ આત્માનો - | |
| –અનુભવ | ૪૦૩ |
| જ્ઞાનચેતના મતિ જ્ઞાનાવરણીયનો - | |
| –વિશેષ ક્ષયોપશમ | ૪૦૩ |
| મિથ્યાદર્શનના ઉદયનું માહાત્મ્ય | ૪૦૪ |
| આત્મોપલબ્ધિમાં હેતુ | ૪૦૭ |
| ઉપલબ્ધિ પ્રત્યક્ષાત્મક છે - | |
| –અનુભવાય છે | ૪૦૯ |
| ઉપલબ્ધિમાં સુખદુઃખનો સ્વાદ - | |
| –અનુભવાય છે | ૪૦૯ |
| સ્મૃતિજ્ઞાન-પ્રત્યભિજ્ઞાન-કેવળજ્ઞાન - | |
| –સ્વાદનો અનુભવ કરતા નથી | ૪૦૯-૪૧૦ |
| જાણવામાં અને સ્વાદ લેવામાં - | |
| –અંતર છે | ૪૧૦ |
| અશુદ્ધ ઉપલબ્ધિ જ્ઞાનચેતના - | |
| –નથી | ૪૧૧ |
| અશુદ્ધ ઉપલબ્ધિમાં કર્મજનિત - | |
| –ભાવોની તન્મયતા | ૪૧૧-૪૧૨ |
| શુદ્ધોપલબ્ધિમાં સમ્યક્‌દર્શનની - | |
| –વ્યાપ્તિ | ૪૧૩-૪૧૪ |
| વસ્તુ એક હોવા છતાં તેમાં બે પ્રકારે - | |
| –સ્વાદ ભેદ થઈ જાય છે | ૪૧૪ |
| મિથ્યાદૃષ્ટિનો વસ્તુસ્વાદ | ૪૧૬ |
| જ્ઞાની અજ્ઞાનીનું સ્વરૂપ | ૪૧૯ |
| સમ્યક્‌જ્ઞાનીનું આત્મ અવલોકન | ૪૧૯-૨૦ |
| સ્વસ્વરૂપમાં અને કર્મસ્વરૂપમાં | ૪૨૧ |
| સ્થિત એટલે શું ? | ૪૨૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાંસારિક સુખનું સ્વરૂપ | ૪૨૧ |
| ઇન્દ્રિય સુખ દુઃખ જ છે | |
| –(ગ્રંથાંતર) | ૪૨૨ |
| કર્મની વિચિત્રતા - કોઈ ધર્મ - | |
| –સુખદાયક નથી | ૪૨૩ |
| વિષયનું સેવન કરનાર પુરૂષને - | |
| –જરાપણ સુખ નથી | ૪૨૪ |
| સ્વાભાવિક દુઃખીપણું, - | |
| દુઃખ સ્વભાવ વિના - | |
| –શક્ય નથી | ૪૨૫ |
| સમ્યક્ દૃષ્ટિની વીરાગતા, - | |
| –અભિલાષારહિતતા | ૪૨૬ |
| સાંસારિક ભોગોમાં ઉપેક્ષિતા | ૪૨૭ |
| અભિલાષા સ્વવસ્તુમાં અને - | |
| –પરવસ્તુમાં | ૪૨૮ |
| અભિલાષાની વિસ્તૃત સમજણ | ૪૨૯ |
| જ્યાં નિયમથી ત્યાગ છે ત્યાં - | |
| –દેશવ્રત છે | ૪૩૦ |
| ચારિત્ર મોહનીય જ રતિનું - | |
| –કારણ છે | ૪૩૧ |
| હેતુ તે જ ચારિત્ર મોહનીય છે - | |
| –સમ્યક્દૃષ્ટિને ઇચ્છા વગર રાગ - | |
| –બુદ્ધિ કરવી પડે છે | ૪૩૧-૩૨ |
| દર્દી ઇલાજથી દર્દ મટી જતાં દર્દની - | |
| –ઇચ્છા કરશે તેમ સમ્યગ્જ્ઞાનીની ક્રિયા - | |
| –અભિલાષારહિત હોય છે | ૪૩૨-૩૩ |
| ઇચ્છા વિના થનારી ક્રિયા અભિલાષા - | |
| –ઉત્પન્ન કરી શકતી નથી | ૪૩૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમ્યક્દૃષ્ટિનો રાગ મિથ્યાત્વ મિશ્રિત - | |
| –ન હોવાથી તેને તેનો અભાવ - | |
| –કહ્યો છે | ૪૩૩ |
| ઇન્દ્રિયજન્ય સુખ અને જ્ઞાન ગ્રહણ - | |
| –કરવા યોગ્ય નથી. અતિન્દ્રિય જ્ઞાન - | |
| –સુખ ગ્રાહ્ય છે. | ૪૩૫ |
| મતિ શ્રુતજ્ઞાનમાં અસંખ્યતાભેદ અને - | |
| –તે ભેદોમાં અનંતશક્તિઓ - | |
| –ભરેલી છે | ૪૩૮-૪૩૯ |
| ભેદોનું કારણ આવરણ કરનાર - | |
| –કર્મોના ભેદ | ૪૩૯ |
| ઉપયોગાત્મક જ્ઞાન | ૪૪૦ |
| કર્મ બંધાયા પછી એવો નિયમ - | |
| નથી કે ઉદય થાય જ તેની - | |
| વિસ્તૃત સમજણ | ૪૪૦-૪૪૧ |
| ઇન્દ્રિય અને મનની રચના | ૪૪૧ |
| ઉપયોગમાં દ્રવ્યેન્દ્રિયો પણ - | |
| કારણ છે | ૪૪૨ |
| હેતુ ઓછા હોય તો જ્ઞાન પણ - | |
| થઈ શકતું નથી | ૪૪૨ |
| ક્ષયોપશમનું સ્વરૂપ | ૪૪૩ |
| આત્મવિશુદ્ધિનું નામ જ લબ્ધિ | ૪૪૩ |
| ઇન્દ્રિયજ્ઞાન થોડું, ખંડિત, દુઃખ - | |
| –વિશિષ્ટ દુઃખરૂપ છે | ૪૪૪ |
| આત્મા મહાદુઃખી, બુદ્ધિપૂર્વક - | |
| –દુઃખ | ૪૪૫-૪૪૬ |
| અબુદ્ધિપૂર્વક દુઃખ જ સાધ્ય છે | ૪૪૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કાર્યકારણભાવ સુખનું અદર્શન - | |
| –(કાર્ય) દુઃખનો બોધ (કારણ) | ૪૪૭ |
| વ્યાપ્તિનું ફળ વ્યાપ્તિમાં દૃષ્ટાંત | ૪૪૮ |
| અબુદ્ધિપૂર્વક દુઃખ અવાચ્ય નથી | ૪૪૯ |
| સુખ કઈ વસ્તુ છે સુખ નામની | |
| –શક્તિ છે | ૪૫૧ |
| દ્રવ્યોપજીવી અને પ્રતિજીવી - | |
| –ગુણ (શક્તિ) | ૪૫૨ |
| ઘાતિકર્મની શક્તિ પ્રદેશોમાં - | |
| –કંપન | ૪૫૬ |
| અનેકાન્તનું સ્વરૂપ | ૪૫૬ |
| આગમ-કથન. દુઃખનું કારણ | |
| સંજ્ઞી જીવો કરતાં અસંજ્ઞી વધારે - | |
| –દુઃખી | ૪૫૬-૪૫૭ |
| વિગ્રહ ગતિમાં પણ કાર્મણ - | |
| –શરીર સાથે છે | ૪૫૮ |
| વાસ્તવિક સુખ ક્યાં છે ? | ૪૫૮ |
| જ્ઞાન અને આનંદ આત્માના - | |
| –ગુણ છે | ૪૫૯ |
| જડ પદાર્થ જ્ઞાનના ઉત્પાદક - | |
| –નથી | ૪૬૧ |
| અન્વય–વ્યંજક (જ્ઞાન - | |
| –અને સુખના) | ૪૬૨-૪૬૩ |
| જ્ઞાન–સુખની પૂર્ણતા - | |
| –મુક્તિમાં છે | ૪૬૪ |
| કર્મનો નાશ થવાથી ગુણ નિર્મળ - | |
| થાય છે વિકાર દૂર થઈ - | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| –જાય છે | ૪૬૫ |
| નૈયાયિકમત પ્રમાણે મોક્ષનું સ્વરૂપ | ૪૬૬ |
| નિજ ગુણનો વિકાસ દુઃખનું - | |
| –કારણ નથી | ૪૬૭ |
| સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ | ૪૬૮ |
| સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય | ૪૬૯ |
| પાંચ લબ્ધિઓ ક્ષાયોપશમિક, - | |
| વિશુદ્ધિ, દેશના, પ્રાયોગિક, - | |
| –કરણલબ્ધિ | ૪૭૦ |
| અધકરણ, અપૂર્વકરણ, - | |
| –અનિવૃત્તિકરણ | ૪૭૦ |
| ભવ્યત્વભાવ પારિણામિક - | |
| –ગુણ છે. | ૪૭૧ |
| સમ્યક્ત્વ આત્મામાં કઈ રીતે - | |
| –નિર્મળતા ઉત્પન્ન કરે છે | ૪૭૧ |
| શ્રદ્ધાન આદિક સમ્યક્ત્વરૂપ નથી - | |
| પરંતુ જ્ઞાનની પર્યાયો છે. જેવું હોય - | |
| –તેવું જાણવું – માનવું | ૪૭૩ |
| આત્માનો અનુભવ જ્ઞાનની જ - | |
| –પર્યાય વિશેષ છે | ૪૭૩-૪૭૪ |
| પંચાધ્યાયીકારની શૈલી બીજા - | |
| –આચાર્યોથી જુદી છે | ૪૭૪ |
| સમ્યક્દર્શન એક નિર્વિકલ્પ સૂક્ષ્મ - | |
| –ગુણ છે | ૪૭૫ |
| આકાર જ્ઞાનનું જ સ્વરૂપ છે - | |
| –પદાર્થોને જાણવા-અનાકાર = આકારનું - | |
| –ન થવું, નિર્વિકલ્પતા | ૪૭૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| જ્ઞાનઃ સામાન્ય તે અનાકાર - | |
| –વિશેષ તે સાકાર | ૪૭૬ |
| દર્શન = સત્તા માત્ર બોધજ્ઞાનની - | |
| –પહેલા હોય છે | ૪૭૬ |
| જ્ઞાન સાકાર, દર્શન નિરાકાર | ૪૭૭ |
| જ્ઞાન સિવાય બધા ગુણો - | |
| –નિરાકાર છે. | ૪૭૭ |
| જ્ઞાનનું સ્વરૂપ, સ્વાર્થ પરાર્થમાં - | |
| –ભેદ | ૪૭૮ |
| જ્ઞાન પોતાના તેમજ અન્ય આત્મિક - | |
| –ગુણોનું નિશ્ચાયક છે જ્ઞાન સ્વાર્થ - | |
| –પરાર્થનું નિશ્ચાયક છે | ૪૭૯ |
| સમ્યક્દર્શન વચનથી અગોચર છે - | |
| –તો કેવી રીતે જણાય ? - | |
| –સ્વાનુભૂતિથી જ | ૪૭૯ |
| સ્વાનુભૂતિનું સ્વરૂપ, વ્યાપ્તિ ભેદ | ૪૮૦ |
| લબ્ધિરૂપ ક્ષયોપશમ અને - | |
| –ઉપયોગરૂપ ક્ષય | ૪૮૧ |
| છદ્મસ્થને ઉપયોગ સદા નથી - | |
| –લબ્ધિ સદા રહે છે | ૪૮૨ |
| ઉદ્દેશ્ય શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ - | |
| –આચરણ | ૪૮૩ |
| શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ જ્ઞાન- | |
| –સ્વરૂપ છે | ૪૮૪ |
| આચરણઃ મન, વચન, કાયાનો - | |
| –શુભ કાર્યોમાં થતો વ્યાપાર છે | ૪૮૪ |
| અનુપલબ્ધ પદાર્થમાં શ્રદ્ધા નિશ્ચયથી - | |
| –ન હોઈ શકે | ૪૮૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| લબ્ધિ, ઉપલહબ્ધિ, અનુપલબ્ધિ - | |
| –સ્વરૂપ | ૪૮૮ |
| સમ્યક્દૃષ્ટિના ગુણોના નામ સંવેગ - | |
| –અનુકંપા પ્રશમ અને - | |
| –આસ્તિક્ય (ચાર) | ૪૮૯ |
| પ્રશમનું લક્ષણ, પ્રશમ અને - | |
| –પ્રશમાભાસ | ૪૮૯ |
| સંવેગનું લક્ષણ, ધર્મ અને - | |
| –ધર્મનું ફળ | ૪૯૧ |
| અનુરાગ શબ્દના અભિલાષા - | |
| –સિવાયના અર્થ | ૪૯૧ |
| અભિલાષાઓ અજ્ઞાનરૂપ છે, - | |
| –નિષિદ્ધ છે | ૪૯૨ |
| અભિલાષામાં અભિષ્ટની સિદ્ધિ - | |
| –અભાવ | ૪૯૩ |
| અભિલાષા હોવા છતાં પુણ્યોદય - | |
| –વિના વસ્તુ મળતી નથી | ૪૯૩ |
| અનુકંપા થવાનું કારણ તેનું લક્ષણ | ૪૯૫ |
| મિથ્યાજ્ઞાન, અનુકંપાના ભેદ | ૪૯૬-૯૭ |
| આસ્તિક્યનું લક્ષણ, જીવમાં - | |
| –આસ્તિક્ય | ૪૯૭-૪૯૮ |
| આત્મા જ કર્તા, ભોક્તા અને - | |
| –મોક્ષના અધિકારી | ૪૯૮ |
| જીવનું સ્વરૂપ, સમ્યક્ અને - | |
| –મિથ્યા આસ્તિક્ય | ૪૯૯ |
| સ્વાનુભવરૂપ આસ્તિક્ય પરમ - | |
| –ગુણ છે | ૫૦૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દર્શન મોહનીયના નિમિત્તે - | |
| –ભ્રમ બુદ્ધિ | ૫૦૧ |
| ઉપલક્ષણનું લક્ષણ | ૫૦૨ |
| ભક્તિ અને વાત્સલ્યનું સ્વરૂપ | ૫૦૨-૦૩ |
| પ્રશમ, નિન્દન, ગર્હણ | ૫૦૩-૦૪ |
| સમ્યક્દર્શનના આઠ અંગ - | |
| –નિઃશક્તિ આદિ | ૫૦૫ |
| સૂક્ષ્મ પદાર્થ, અંતરિત - | |
| –દૂરવર્તી અર્થ | ૫૦૭ |
| સ્વભાવમાં તર્કને સ્થાન નથી | ૫૦૮ |
| સમ્યગ્દૃષ્ટિનો અનુભવ | ૫૦૯ |
| શક્તિની અપેક્ષાએ ભેદ નથી | ૫૧૦ |
| મિથ્યાદૃષ્ટિને સાત પ્રકારના - | |
| –ભય | ૫૧૧ |
| ભય ક્યારે થાય છે | ૫૧૧ |
| સમ્યક્દૃષ્ટિ પણ સિંહ સર્પથી ડરે - | |
| –છે પરંતુ વ્યાકુળતારહિત છે - | |
| –સ્વામીપણું નથી | ૫૧૨ |
| કર્મનો પ્રકોપ, સાત ભયોના - | |
| –નામ | ૫૧૩ |
| અજ્ઞાની અને જ્ઞાનીના વિચાર | ૫૧૫-૧૬ |
| પરલોકનો ભય મિથ્યાદૃષ્ટિ | ૫૧૭-૧૮ |
| સમ્યગ્દૃષ્ટિ વેદના ભય | ૫૧૯-૫૨૦ |
| સમ્યગ્દૃષ્ટિનો વિચાર | ૫૨૧ |
| અરક્ષાભય મિથ્યાદૃષ્ટિનો - | |
| –વિચાર | ૫૨૨ |
| મૃત્યુભય, મૃત્યુભયનો સ્વામી | ૫૨૫ |
| સમ્યગ્દૃષ્ટિને મૃત્યુનો ભય - | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| –કેમ નથી | ૫૨૬ |
| આકસ્મિક ભય – એનો સ્વામી | ૫૨૬ |
| –નિઃકાંક્ષિત અંગ | ૫૨૭ |
| રાગદ્વેષ બંને સાપેક્ષ છે | ૫૨૮ |
| કાંક્ષાનો સ્વામી મિથ્યાદૃષ્ટિ | ૫૨૮ |
| ઇચ્છા વિના પણ ક્રિયા થાય છે | ૫૩૧-૩૨ |
| શુભ – અશુભ પરિણામનો - | |
| –અભાવ | ૫૩૨ |
| પદાર્થમાં ઇષ્ટ અનિષ્ટપણું છે - | |
| –જ નહિ | ૫૩૨ |
| દૃષ્ટિમાં દોષથી ઉલ્ટી માન્યતા | ૫૩૨-૩૩ |
| સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિ | ૫૩૩ |
| કર્મ અને કર્મનું ફળ અનિષ્ટ - | |
| –કેમ છે | ૫૩૩-૫૩૪ |
| વ્રત ક્રિયા સ્વતંત્ર નથી - | |
| –કર્માધીન છે | ૫૩૪ |
| ક્રિયા ઔદયિકી છે | ૫૩૪ |
| સમ્યક્દર્શન વિના નિષ્કાંક્ષતા - | |
| –થઈ જ શકતી નથી | ૫૩૫ |
| નિર્વિચિકિત્સા, વિચિકિત્સા | ૫૩૬-૫૩૭ |
| કર્મકૃત ભેદથી જીવોમાં કેટલાક ભ્રમથી - | |
| –ભેદ ગણવા માંડે છે પરંતુ વાસ્તવમાં - | |
| –બધા આત્મા સમાન છે | ૫૩૭-૫૩૮ |
| અહંબુદ્ધિ = બીજા પદાર્થોમાં - | |
| –પોતાપણું માનવું | ૫૩૮-૫૩૯ |
| અમૂઢ દૃષ્ટિનું લક્ષણ | ૫૪૦ |
| લોકરૂઢિ સદા અનિષ્ટ ફળ - | |
| –આપે છે | ૫૪૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દેવમૂઢતા, લોકમૂઢતા | ૫૪૧ |
| અધર્મ | ૫૪૨ |
| સાચા દેવનું સ્વરૂપ, દેવનાં ભેદ | ૫૪૩ |
| બધા દેવતા ભેદોમાં દેવત્વ ગુણ - | |
| –એક પ્રકારે છે | ૫૪૪ |
| દેવોનો સ્વામી મહાદેવ, સુખ આપે - | |
| –તે શંકર | ૫૪૫ |
| જ્ઞાન દ્વારા સર્વ પદાર્થોમાં ફેલાયેલ - | |
| –બ્રહ્મા | ૫૪૫ |
| શ્રુતજ્ઞાન ફક્ત સ્થૂળ પદાર્થનો વિષય - | |
| –કરે છે | ૫૪૬ |
| ગુરુનું સ્વરૂપ | ૫૪૮ |
| શુદ્ધતા જ નિર્જરા, સંવર અને - | |
| –મોક્ષ છે | ૫૪૯ |
| આત્મા જ પરમગુરુ, ગુરુપણામાં - | |
| –હેતુ | ૫૪૯ |
| અલ્પજ્ઞતા ગુરુપણાના નાશનું - | |
| –કારણ નથી | ૫૫૦ |
| ગુરુભેદ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ | ૫૫૨ |
| મુનિપણું ત્રણેમાં સમાન છે | ૫૫૩ |
| આચાર્યનું સ્વરૂપ, આદેશ-ઉપદેશ | ૫૫૪ |
| આદેશના અધિકારી અવ્રતી થઈ - | |
| –શકે નહિ | ૫૫૬ |
| ગૃહસ્થોને દાન પૂજાનું વિધાન | ૫૫૭ |
| બંને આરંભજનતિ કાર્ય છે - | |
| –હિંસાનું હોવું | ૫૫૮ |
| અવશ્યંભાવી છે પરંતુ પાપ - | |
| –કરતાં પુણ્ય વધારે છે | ૫૫૮ |
| આચાર્યનું સ્વરૂપ અન્યમત - | |
| –જૈનમત | ૫૫૯ |
| મુનિઓને પોતાના પોષણની ઇચ્છા - | |
| –આવશ્યકતા નથી | ૫૫૯ |
| ગણના સ્વામી આચાર્ય વ્રત, - | |
| –તપ, શીલ, સંયમ આદિ - | |
| –ધારણ કરે છે | ૫૬૦ |
| ઉપાધ્યાયનું સ્વરૂપ | ૫૬૧ |
| સાધુનું સ્વરૂપ, મુનિનું સ્વરૂપ | ૫૬૨ |
| ત્રણેમાં સમાનતા અને વિશેષતા | ૫૬૩-૬૪ |
| ચારિત્રની હાનિ લાભમાં કારણ | ૫૬૬ |
| સંજ્વલન કષાયની તીવ્રતા - | |
| –મંદતા આચાર્યને | ૫૬૬-૫૬૭ |
| સ્વઆત્મામાં અસાવધાન કરી - | |
| –શકતી નથી | ૫૬૭ |
| મિથ્યાત્વ કર્મનો ઉદય શુદ્ધ આત્માનો - | |
| –અનુભવ રોકે છે | ૫૬૭-૫૬૮ |
| ચારિત્ર મોહનીય કર્મનું કાર્ય દર્શનગુણને - | |
| –અકિંચિત્કર કરે છે | ૫૬૮ |
| કષાયોનું કાર્ય ચારિત્ર ગુણની હાનિ | ૫૬૯ |
| આચાર્ય ઉપાધ્યાયમાં સાધુની - | |
| –સમાનતા | ૫૭૦ |
| આચાર્યોનું શાસન નિષ્કષાય ધાર્મિક - | |
| –શાસન છે | ૫૭૧ |
| ઇન્દ્રિય સંબંધી વિષયોમાં ઇચ્છાને - | |
| –ઇચ્છા કહે છે ધાર્મિક કાર્યો કરવાની - | |
| ઇચ્છાને ઇચ્છા જ કહેતા નથી | ૫૭૨-૭૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઇચ્છા સાંસારિક વાસનાને લાગુ - | |
| –પડે | ૫૭૪ |
| ધર્માદેશાદિ કાર્યોમાં આચાર્યને લાગુ - | |
| –ન પડે | ૫૭૪ |
| આગમનો આશય, ગ્રંથકારનો - | |
| –આશય | ૫૭૫ |
| છેદોપસ્થાપના આચાર્યને - | |
| –અનાવશ્યક | ૫૭૬ |
| યૌગિકદૃષ્ટિએ ધર્મનું સ્વરૂપ | ૫૭૭ |
| સમ્યક્દર્શનને પ્રધાનતા, રૂઢિથી - | |
| –ધર્મનું સ્વરૂપ | ૫૭૭ |
| અણુવ્રત મહાવ્રતનું સ્વરૂપ, ગૃહસ્થ - | |
| મુનિઓમાં ભેદ, વ્રતિ અવ્રતિ - | |
| –શ્રાવક | ૫૭૮-૫૭૯ |
| આઠ મૂળ ગુણોના પાલન - | |
| –વિના વ્રત હોઈ શકે નહિ, - | |
| –જૈન પણ કહી શકાય નહિ | ૫૮૦ |
| પાંચ ઉદુમ્બર અંજીર, ટેટા આદિ | |
| –ત્રણ મકાર, મદિરા, માંસ અને - | |
| –મધ | ૫૮૧ |
| સાત વ્યસનનો ત્યાગ જુગર, માંસ - | |
| –મદિરા, વેશ્યા, શિકાર, ચોરી, - | |
| –પરસ્ત્રીગમન | ૫૮૧-૮૨ |
| દાન ચાર પ્રકારના જ્ઞાન, અભય, - | |
| –ઔષધ અને આહાર | ૫૮૩ |
| ચારેમાં ઉત્તરોત્તર વિશેષતા તેમનું - | |
| –સ્વરૂપ | ૫૮૩ |
| સુપાત્ર, કુપાત્ર અને અપાત્ર ત્રણે - | |
| –દાનને પાત્ર | ૫૮૩-૫૮૪ |
| ફેર માત્ર બુદ્ધિનો અને કરુણા - | |
| –બુદ્ધિનો | ૫૮૪ |
| જિનેન્દ્ર પૂજનનો ઉપદેશ | |
| વ્રતયુક્ત સ્ત્રીઓને વિનયનો ઉપદેશ | ૫૮૫ |
| મંદિર-ધર્મ સાધનનું મૂળકારણ | ૫૮૬ |
| જિનેન્દ્ર સ્તુતિ અને પૂજા ધર્મ - | |
| –સાધન અને નિર્મળ પરિણામમાં - | |
| –ઉત્કૃષ્ટ નિમિત્ત | ૫૮૬ |
| ફોટાના અને મૂર્તિના દર્શનમાં - | |
| –તફાવત (સ્મૃતિ ચિહ્ન) (પ્રતિષ્ઠિત) | ૫૮૬ |
| જિનમંદિર બંધાવવામાં પાપ થોડું - | |
| –પુણ્ય ઘણું | ૫૮૭-૫૮૮ |
| પ્રતિષ્ઠા કરાવવાનો ઉપદેશ | ૫૮૯ |
| સ્થાપના કરેલી પ્રતિમા પૂજ્ય થઈ - | |
| –જાય છે | ૫૮૯ |
| પ્રતિમારૂપ વ્રત અને અનિયતવ્રત - | |
| –(સંયમ) | ૫૯૦ |
| બાર પ્રકારનું તપ છ બાહ્ય - | |
| –છ અભ્યંતર | ૫૯૦ |
| મુનિઓને પાળવાના અઠ્ઠાવીશ - | |
| –મૂળગુણ | ૫૯૨ |
| મુનિઓના ઉત્તરગુણ ચોર્યાશી - | |
| –લાખ ગુણ | ૫૯૨ |
| સર્વ સાવદ્યયોગ (હિંસા)નું સ્વરૂપ | ૫૯૩ |
| વ્રતનું સ્વરૂપ અંતર-બાહ્ય-વ્રત | ૫૯૪ |
| આત્મઘાતના હેતુ રાગાદિક | ૫૯૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉત્કૃષ્ટ વ્રત, શુદ્ધ ઉપયોગ - | |
| –ચારિત્ર | ૫૯૬ |
| શુભપયોગનું વિસ્તારથી વિવરણ | ૫૯૭ |
| કર્મબંધનું કારણ–યથાર્થ ચારિત્ર - | |
| –નથી | ૫૯૮ |
| યથાર્થ ચારિત્ર –શુદ્ધોપયોગ | ૫૯૮ |
| ઉપશમથી સંવરનું, મોહ ક્રોધરહિત - | |
| –પરિણામથી નિર્જરાનું ગ્રહણ | ૫૯૮-૫૯૯ |
| સમ્યક્દર્શન, જ્ઞાન ચારિત્ર - | |
| –ભજનીય છે | ૫૯૯-૬૦૦ |
| ગુણસ્થાનોનો વિધિપૂર્વક વિચાર - | |
| –સ્વરૂપ | ૬૦૧ |
| આચરણ સાથે ગુણસ્થાને ક્રિયારૂપ - | |
| –ચારિત્ર પાંચમે | ૬૦૧-૦૨ |
| દર્શન, જ્ઞાન ચારિત્રની પૂર્ણતા ૭, - | |
| –૧૨, ૧૩માં, છતાં મોક્ષ - | |
| –૧૪ ગુણસ્થાને કેમ ? | ૬૦૨-૬૦૩ |
| સમ્યગ્દર્શનની પ્રધાનતા અને તેનું - | |
| –માહાત્મ્ય | ૬૦૩ |
| બંધનું કારણ કેવળ રાગાંશ છે | ૬૦૪-૦૫ |
| અમૂઢ દૃષ્ટિ સમ્યક્દૃષ્ટિના પ્રધાનગુણ - | |
| (મિથ્યાત્વને પણ સ્વાદ હોય છે) | ૬૦૫ |
| શુદ્ધાત્મ અનુભવનો અપૂર્વ સ્વાદ | ૬૦૬ |
| સમ્યગ્દષ્ટિની બે પ્રકારની શંકા | ૬૦૭ |
| ઉપબૃહણ ગુણ ધારકનું સ્વરૂપ | ૬૦૮ |
| વિશુદ્ધિની વૃદ્ધિ–ઇન્દ્રિય વિષયોમાં - | |
| –ઉપેક્ષા | ૬૧૦ |
| કારણ અનુસાર કાર્ય ધર્મને માટે - | |
| –ધર્મનું સેવન | ૬૧૦ |
| સ્થિતિકરણના ભેદ અને - | |
| –સ્પષ્ટીકરણ | ૬૧૩ |
| સ્વ ઉપકાર પૂર્વકજ પરોપકાર - | |
| યોગ્ય છે | ૬૧૬ |
| પ્રમાદ વિશિષ્ટને સ્વાર્થી કહે છે | ૬૧૬ |
| પરોપકાર કરતાં ભ્રષ્ટ થઈ જવું - | |
| તેમાં આત્મહિત નથી | ૬૧૬ |
| દેશોદ્ધારનું કાર્ય કરવું કે નહિ | ૬૧૭ |
| વાત્સલ્ય અંગેનું વિવેચન | ૬૧૮ |
| પ્રભાવના અંગ દોષોત્પાદક કદી હોઈ - | |
| –શકે નહિ | ૬૨૦ |
| મોહના અભાવથી વધતી જીવ શુદ્ધિ - | |
| –પુરુષાર્થને આધીન નથી, સ્વભાવથી - | |
| –જ થાય છે | ૬૨૧ |
| સમ્યક્દૃષ્ટિનું ફક્ત એક - | |
| –જ્ઞાન ચેતના જ લક્ષણ છે | ૬૨૩ |
| સરાગ વીતરાગ સમ્યગ્દર્શન - | |
| –જેવું કાંઈ નથી | ૬૨૫ |
| સરાગ સમ્યગ્દૃષ્ટિને પણ જ્ઞાન - | |
| –ચેતના હોય છે | ૬૨૫ |
| ઉપયોગનું બદલવું વિકલ્પ-જ્ઞાનની - | |
| –પર્યાય | ૬૨૬ |
| ક્ષાયિકજ્ઞાન પણ સવિકલ્પ છે | ૬૨૭ |
| ક્ષાયિકજ્ઞાનનું લક્ષણ સ્વઆત્મા અને - | |
| –અપૂર્વ પદાર્થને વિશેષપણે જાણવા | ૬૨૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉપયોગના પલટવારૂપ વિકલ્પનો - | |
| –અધિકાર | ૬૨૮ |
| ધ્યાનનું સ્વરૂપ | ૬૨૯ |
| છદ્મસ્થોનું ધ્યાન ઇન્દ્રિયજન્ય - | |
| –જ્ઞાન છે | ૬૩૦ |
| ક્ષાયિક જ્ઞાન અતીન્દ્રિય છે | ૬૩૧ |
| ચારેય જ્ઞાન ક્ષાયોપશમાત્મક હોવાથી - | |
| –સંક્રમણાત્મક છે | ૬૩૨ |
| શુદ્ધ નિજ આત્મામાં જ્ઞાનચેતનાની વૃત્તિ - | |
| –સંક્રમણ પણ થઈ જાય છે છતાં - | |
| –વ્યભિચાર દોષ નથી | ૬૩૩ |
| જ્ઞાનચેતના લબ્ધિ અને ઉપયોગ કાર્ય– | |
| –કારણભાવ | ૬૩૪ |
| સમ્યગ્જ્ઞાનીનું સ્વરૂપ, બાહ્ય પદાર્થમાં - | |
| –થવા છતાં અલ્પજ્ઞ, શંકિત વૃત્તિ - | |
| –(દોરડીમાં સાપની) | ૬૩૫ |
| પ્રત્યક્ષ સૌમા બળવાન પ્રમાણ છે | ૬૩૬ |
| –ઉપયોગાત્મક જ્ઞાન પણ નિર્વિકલ્પ - | |
| –કહેવાય છે | ૬૩૬-૬૩૭ |
| જ્ઞાન ચેતના સંક્રમણાત્મક અંત - | |
| –અસંક્રમણાત્મક | ૬૩૮ |
| સ્વપર ઉપયોગ ગુણદોષાત્મક - | |
| –નથી | ૬૩૯ |
| જ્ઞાનનો સ્વભાવ જાણવું ગુણ - | |
| –દોષની સ્પષ્ટતા | ૬૪૦-૬૪૧ |
| હેતુ કારણ અને સહકારીના - | |
| –ભિન્ન અર્થો | ૬૪૧-૬૪૨ |
| દર્શનીય મોહનો ઉપશમ ક્ષય અને - | |
| –ક્ષયોપશમ સાથે સમ્યક્ત્વને - | |
| –અવિનાભાવ અને વ્યાપ્તિ | ૬૪૨-૬૪૩ |
| સમ્યક્ત્વ અને નિર્જરાદિની વ્યાપ્તિ | ૬૪૩ |
| બંધની યપ્તિ (અવિનાભાવ) - | |
| –રાગાદિકો સાથે છે | ૬૪૪ |
| રાગ અને ઉપયોગ શું પદાર્થો છે | ૬૪૫ |
| જ્ઞાન અને રાગનું સ્વરૂપ બંનેની - | |
| –વ્યાપ્તિ નથી | ૬૪૬-૬૪૭ |
| સમવ્યાપ્તિ અને વિષમ વ્યાપ્તિ | ૬૪૯ |
| ઉપયોગ સાથે કર્મોની સર્વથા - | |
| –વ્યાપ્તિ નથી | ૬૫૧ |
| ઉપયોગ સમ્યગ્દર્શનનું તેમજ બંધ - | |
| –મોક્ષનું કારણ નથી | ૬૫૧ |
| વિકલ્પ કોઈ પદાર્થ જ નથી વિકલ્પ - | |
| –શબ્દનું વાચ્ય નથી | ૬૫૨ |
| ક્ષાયોપશમિક જ્ઞાન સ્વરૂપ નથી રાગ - | |
| –ક્રિયા છે | ૬૫૩ |
| રાગ ક્રિયા શા માટે છે ? | ૬૫૪ |
| બુદ્ધિ–અબુદ્ધિપૂર્વક રાગ સાથે કર્મ - | |
| –ચેતના અને કર્મફળ ચેતના | ૬૫૫ |
| અબુદ્ધિપૂર્વક રાગ ક્યાં સુધી - | |
| –હોય છે ? | ૬૫૬ |
| જ્ઞાનદર્શન ક્યાં સુધી સવિકલ્પ - | |
| –કહેવાય છે ? | ૬૫૮ |
| રાગ ક્યા કારણથી થાય છે ? | ૬૫૯ |
| ચારિત્ર મોહનીય કર્મોના - | |
| –પાક થવાથી | ૬૫૯ |
| રાગ ભાવનો દર્શન મોહનીય કર્મના - | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| –વિષયમાં કોઈ અધિકાર નથી | ૬૬૦ |
| ઉદય–ઉપશમની શૃંખલા મોક્ષ ન થાય | - |
| –ત્યાં સુધી બરાબર થયા કરે છે | ૬૬૨ |
| સમ્યક્દર્શન (સરાગ વીતરાગ બંને) | - |
| –એક છે | ૬૬૫ |
| સ્વાનુભૂતિ તેનું લક્ષણ છે જ્ઞાનચેતના- | |
| –અવિનાભાવી છે | ૬૬૬ |
| બંધના ચાર ભેદ પ્રકૃતિ, સ્થિતિ | - |
| –અનુસાર | ૬૬૭ |
| પ્રકૃતિનું નામ સ્વભાવનું છે, જ્ઞાનને, | - |
| –દર્શનને ઢાંકી દેવું | ૬૬૮ |
| વિપરીત સ્વાદવાળા બનાવવા પ્રકૃતિ | - |
| –કર્મોનો ગુણ છે | ૬૬૮ |
| દોષના અભાવને ગુણ કહેવામાં આવ્યા | - |
| –છે પ્રતિજીવી ક્યા ક્યા દોષના અભાવ | - |
| –થી ક્યા ક્યા ગુણો પ્રગટે છે | ૬૬૮ |
| કર્મોના બંધ વિશેની વિશેષ | - |
| –સમજણ | ૬૬૮ |
| ઉદીરણા આબાધકાળ, ફળદાન | - |
| –શક્તિ | ૬૬૯ |
| યોગથી પ્રકૃતિ પ્રદેશ બંધ કષાયથી | - |
| –સ્થિતિ અનુભાગ | ૬૭૦ |
| યોગ અને કષાયના સમુદાયને લેશ્યા | - |
| –કહે છે | ૬૭૨ |
| ઔપશમાદિ ત્રણે સમ્યગ્દર્શનોમાં જ્ઞાન | - |
| –ચેતનાની જરાપણ હાનિ નથી | ૬૭૩-૬૭૪ |
| ચૈતન્યમાત્રની સાથે અનંતગુણો | - |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| –પણ છે | ૬૭૫ |
| જીવના સામાન્ય અને વિશેષગુણ | ૬૭૬ |
| વૈભાવિક શક્તિ, સ્વભાવ–વિભાવ | - |
| –પરિણમન | ૬૭૭ |
| વિકારાવસ્થામાં પદાર્થ પોતાનું સ્વરૂપ | - |
| –સર્વથા છોડતો નથી | ૬૭૮ |
| ઇન્દ્રિયજ્ઞાન વૈભાવિક જ્ઞાન છે | ૬૭૯ |
| વિકૃતાવસ્થામાં જીવની વાસ્તવમાં | - |
| –હાનિ છે | ૬૭૯ |
| જીવને સદા શુદ્ધ માનવામાં સંસાર– | |
| –મોક્ષની અસિદ્ધિ | ૬૮૧ |
| જીવને અશુદ્ધ માનવો તેજ યુક્તિ | - |
| –સંગત છે | ૬૮૨ |
| પાંચ ભાવોના નામ ઔપશમિક | - |
| –આદિ | ૬૮૩-૬૮૪ |
| ગુણસ્થાન ઔદયિકાદિ ભાવોમાં જીવ | - |
| –પ્રાપ્તિ | ૬૮૪ |
| પાંચભાવોના ત્રેપન ઉત્તરભેદ છે | ૬૮૫ |
| પાંચે ભાવોનું સ્વરૂપ | ૬૮૫-૬૮૬ |
| ગતિકર્મ ચાર પ્રકારનું | ૬૮૮ |
| નામકર્મનું કાર્ય શરીરાદિની | - |
| –રચનામાત્ર | ૬૯૦ |
| મોહનીય કર્મ પ્રતિપક્ષીને વિપરીત | - |
| –સ્વાદવાળું બતાવે છે | ૬૯૧ |
| મિથ્યાદૃષ્ટિ ભિન્ન પદાર્થોમાં પોતાપણું | - |
| –માને છે | ૬૯૨-૬૯૩ |
| ઢંકાવું અને નાશ થવું તેની | |
| સમજણ | ૬૯૪-૬૯૫ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| અજ્ઞાન ઔદયિક ભાવ નથી - | |
| –ક્ષાયોપશમિક છે | ૬૯૬ |
| કર્મોના આઠ મૂળભેદ ૧૪૮ - | |
| –ઉત્તરભેદ | ૬૯૮ |
| સમ્યક્દર્શન આત્માનો ગુણ છે જ્ઞાન - | |
| –દર્શનની માફક અને તેને મૂર્છિત - | |
| –કરનાર દર્શનમોહનીય છે અને નહિ કે - | |
| –જ્ઞાનાવરણ - દર્શનાવરણ | ૭૦૦ |
| અનંતગુણોનું નિરૂપણ જ્ઞાન દ્વારા જ - | |
| –થઈ શકે છે | ૭૦૨ |
| એક જ સત્તા હોવાથી અનંતગુણો - | |
| –પરસ્પરમાં અભિન્ન છે | ૭૦૪ |
| વિવક્ષિત ગુણના વિવેચને (અન્ય ગુણો) - | |
| –દ્રવ્ય (બાકીના ગુણો) આશ્રય બની - | |
| –જાય છે | ૭૦૪ |
| અવધિજ્ઞાન–મનઃપર્યાયજ્ઞાન | ૭૦૪-૦૫ |
| ક્ષાયોપશમિક જ્ઞાન પણ આત્માનો - | |
| –ગુણ છે | ૭૦૭ |
| આત્માનો ગુણ ઔદયિકભાવ હોઈ - | |
| –શકે નહિ કારણકે ઉદય તો કર્મનો - | |
| –જ થાય છે | ૭૦૭-૭૦૮ |
| ઔદયિકભાવની સાચી સમજણ | ૭૦૮-૦૯ |
| મોહરૂપ ઔદયિકભાવ– | |
| –વિકારાવસ્થા | ૭૦૯ |
| આત્માનું સ્વરૂપ નષ્ટ કરવું તે જ - | |
| –દર્શન મોહનીય કર્મનું કાર્ય છે | ૭૧૨ |
| આત્માના અનેક પ્રકારના ભાવોનું - | |
| –મૂળ કર્મના ભેદ - પ્રભેદો | ૭૧૪ |
| મિથ્યાત્વના ભેદ પ્રભેદ | ૭૧૬ |
| કલ્પનાથી શિક્ષણ મળે પરંતુ - | |
| –નિશ્ચયમાર્ગનું નહિ | ૭૧૬ |
| ઇન્દ્રિયજન્ય સુખ કર્મોદયજનિત - | |
| –છે દુઃખ જ છે | ૭૧૯ |
| દર્શન મોહના ઉદયની વિધવિધ - | |
| –અસર | ૭૨૧ |
| ગતિકર્મના આશ્રયે ચાર ઔદયિક - | |
| –ભાવ થાય છે પરંતુ બંધ મોહકર્મના - | |
| –ઉદયથી થનારા ભાવથી જ છે | ૭૨૨-૨૩ |
| અનંતાનુબંધી આદિ ચારિત્રનો ઘાત - | |
| –કરે છે | ૭૨૪ |
| સ્વરૂપ, આચરણ, દેશ, સકળદેશ અને - | |
| –યથાખ્યાત ચારિત્રનો ઘાત | ૭૨૪-૭૨૫ |
| દ્રવ્ય મોહ (પુદ્ગલપિંડ) ભાવમોહ - | |
| –(ચૈતન્યસ્વરૂપ) | ૭૨૬-૭૨૭ |
| ભાવમોહ જ (રાગદ્વેષ સ્વરૂપ - | |
| –પરિણામ) અનર્થોનું મૂળ છે | ૭૨૭ |
| અશુદ્ધ જીવ જ બંધનું કારણ છે - | |
| –જીવ નહિ | ૭૨૯ |
| નો કષાયના ભેદ | ૭૩૧ |
| નામ કર્મસ્વરૂપ | ૭૩૩ |
| દ્રવ્ય વેદ ઉપાંગના આકાર | ૭૩૫ |
| વેદોનું કાર્ય અને વેદોની સમ - | |
| –વિષમતા | ૭૩૬ |
| એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિયો - | |
| –નપુંસકવેદ | ૭૩૮ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| દ્રવ્યવેદ–ભાવ વેદની વિશેષ -<br>–સમજણ | ૭૩૯-૭૪૦ | | |
| ઔદયિકભાવે મિથ્યાદર્શનાદિ | ૭૪૦-૭૪૧ | | |
| અજ્ઞાનભાવ બંધનું કારણ નથી -<br>–દુઃખસ્વરૂપ છે | ૭૪૨ | | |
| દુઃખ વૈભાવિકભાવ આઠે કર્મોના -<br>–ઉદયથી | ૭૪૩ | | |
| કર્મોમાં બે શક્તિ; ઘાત કરે અને -<br>–દુઃખ પણ આપે | ૭૪૪-૭૪૫ | | |
| વેદનીય કર્મ સુખનું વિપક્ષી નથી | ૭૪૫ | | |
| અસંયતભાવ અને ગુણસ્થાન ક્રમ | ૭૪૬ | | |
| સંયમના ભેદ ઇન્દ્રિય અને -<br>–પ્રાણ સંયમ | ૭૪૭-૭૪૮ | | |
| કષાયોનું કાર્ય | ૭૫૧ | | |
| કષાય અને અસંયમનું લક્ષણ અને -<br>–કારણ | ૭૫૪-૭૫૬ | | |
| સિદ્ધત્વ ગુણ | ૭૫૮ | | |
| સિદ્ધોનું સ્વરૂપ | ૭૬૭ | | |
| લેશ્યાભાવ | ૭૬૮-૭૭૭ | | |

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પંચાધ્યાયી

(પૂર્વાર્ધ)

(સુબોધિની હિન્દી ભાષા-ટીકાનો ગુજરાતી અનુવાદ)

## વીર પ્રાર્થના

સુધ્યાન મેં લવલીન હો, જબ ઘાતિયા ચારોં હને,
સર્વજ્ઞબોધ, વિરાગતાકો, પા લિયા તબ આપને.
ઉપદેશ દે હિતકર, અનેકો ભવ્ય, નિજ સમ કર લિયે,
રવિ જ્ઞાનકિરણ પ્રકાશ ડાલો, વીર ! મેરે ભી હિયે. ૧

## જિનવાણી નમસ્કાર

સ્યાદ્વાદ, નય, ષટ્દ્રવ્ય, ગુણ, પર્યાય ઔર પ્રમાણકા,
જડ - કર્મ ચેતન બંધ કા, અરુ કર્મ કે અવસાનકા.
કહકર સ્વરૂપ યથાર્થ, જગકા જો કિયા ઉપકાર હૈ,
ઉસકે લિયે, જિનવાણી ! તુમકો વંદના શતબાર હૈ. ૨

## ગુરુ સ્તવન

ધરિ કવચ સંયમ, ઉગ્ર ધ્યાન કઠોર અસિ નિજ હાથ લે,
વ્રત, સમિતિ, ગુપ્તિ, સુધર્મ, ભાવન, વીર ભટ ભી સાથ લે.
પરચક્ર રાગદ્વેષ હાનિ, સ્વાતંત્ર્ય-નિધિ પાતે હુએ,
વે સ્વ-પર તારક, ગુરુ તપોનિધિ, મુક્તિ પથ જાતે હુએ. ૩

## ગ્રંથકારનું મંગલાચરણ અને આશય

**पञ्चाध्यायावयवं मम कर्तुर्ग्रन्थराजमात्मवशात्।**
**अर्थालोकनिदानं यस्य वचस्तं स्तुवे महावीरम्।।१।।**

**અર્થ :–** પાંચ અધ્યાયોમાં વિભક્ત જે ગ્રંથરાજ હું સ્વયં રચવાનો છું, તે ગ્રંથરાજની રચનામાં જે મહાવીર સ્વામીના વચન મને પદાર્થોનો પ્રકાશ કરવામાં મૂળ કારણ (થયા) છે, તે મહાવીર સ્વામી (વર્તમાન – અંતિમ તીર્થંકર) નું હું સ્તવન કરું છું.

**ભાવાર્થ :–** ગ્રંથકારે આ શ્લોક દ્વારા મહાવીર સ્વામીના સ્તવનરૂપ મંગળ કર્યું છે. જેવી રીતે ઇષ્ટદેવના નમસ્કાર, સ્મરણ આદિ મંગળ છે તે રીતે તેમના ગુણોનું સ્તવન[1] કરવું તે પણ મંગળ છે.

સ્તવન કરવામાં પણ ગ્રંથકારે મહાવીર સ્વામીની સર્વ જીવોને હિતકારક – અલૌકિક દિવ્યવાણીને જ કારણ ગણ્યું છે. વાસ્તવમાં આ સંસારી જીવ મોહાંધકારવશ પદાર્થોના યથાર્થ સ્વરૂપને ઓળખતો નથી. જ્યારે તેરમા ગુણસ્થાનવર્તી તીર્થંકરના ઉપદેશથી તેને યથાર્થ બોધ થાય છે ત્યારે તે જ્ઞાનરૂપી પ્રકાશમાં પદાર્થોનો યોગ્ય વિકાસ થવા લાગે છે. ગ્રંથકારે આ જ આશય સ્પષ્ટપણે બતાવ્યો છે. મંગલાચરણ કરતાં ગ્રંથકારે પોતાનો આશય પણ કાંઈક પ્રગટ કરી દીધો છે. તેઓ જે ગ્રંથ બનાવવાનો પ્રારંભ કરે છે, તે એક સામાન્ય ગ્રંથ નહિ હોય પરંતુ અનેક ગ્રંથોનો રાજા–મહાગ્રંથ હશે. આ વાત મનમાં રાખીને જ તેમણે આને ગ્રંથરાજનું પદ આપ્યું છે. સાથોસાથ તેઓ જે ગ્રંથ બનાવવાના છે, તે ગ્રંથને પાંચ મૂળ વિષયોમાં – જેમ કે દ્રવ્યવિભાગ, સમ્યક્ત્વવિભાગ આદિરૂપે[2] વિભક્ત કરવાનો ઉદ્દેશ નક્કી કરી ચૂક્યા છે, તેથી જ તેમણે આ ગ્રંથનું યૌગિક[3] રીતે 'પંચાધ્યાયી' એવું નામ રાખ્યું છે.

---

૧ **आदौ मध्येऽवसाने च मङ्गलं भाषितं बुधैः।**
**तज्जिनेन्द्रगुणस्तोत्रं तदविघ्न प्रसिद्धये।।१।। आप्तपरीक्षा**

૨ પાંચે વિભાગોના નામ અહીં શા માટે આપવામાં આવ્યા નથી, એ વિષય આ ગ્રંથની ભૂમિકાથી સ્પષ્ટ થશે.

૩ શબ્દોના વાચ્યાર્થ ત્રણ પ્રકારે છે :– રૂઢિથી, યોગથી અને યોગરૂઢિથી. જે શબ્દ પોતાનો અર્થ પોતાની વ્યુત્પત્તિ દ્વારા બતાવી ન શકે, તે રૂઢિથી કહેવાય છે. જેમકે ઐલક શબ્દનો અર્થ અગિયાર પ્રતિમાધારક. જે શબ્દ પોતાનો અર્થ પોતાની જ વ્યુત્પત્તિ દ્વારા બતાવી શકે તે યૌગિક કહેવાય છે. જેમ કે જિન શબ્દનો અર્થ સમ્યગ્દૃષ્ટિ અથવા અર્હન્ત. જે શબ્દ પોતાનો અર્થ

પાંચે પરમેષ્ઠીઓને નમસ્કાર

**शेषानपि तीर्थकराननन्तसिद्धानहं नमामि समम्।**
**धर्माचार्यध्यापकसाधुविशिष्टान् मुनीश्वरान् वन्दे।।२।।**

**અર્થ :–** મહાવીર સ્વામી સિવાય બીજા પણ જેટલા (વૃષભાદિ ૨૩) તીર્થંકરો છે તથા અનાદિકાળથી થતાં અનંત સિદ્ધો છે, તે સૌને એકસાથે હું નમસ્કાર કરું છું [1]ધર્માચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આ ત્રણ શ્રેણીઓમાં વિભક્ત મુનીશ્વરોને પણ હું વંદન કરું છું.

જિનશાસનનું માહાત્મ્ય

**जीयाज्जैनं शासनमनादिनिधनं सुवन्द्यमनवद्यम्।**
**यदपि च कुमताराातीनदयं धूमध्वजोपमं दहति।।३।।**

**અર્થ :–** જે જૈન શાસન (જૈનમત) અનાદિ અનંત છે, તેથી જ સારી રીતે વંદન કરવા યોગ્ય છે, દોષોથી સર્વથા મુક્ત છે. વળી જે મિથ્યા મતરૂપી શત્રુઓને અગ્નિની પેઠે બાળનાર છે, તે સદા જયવંત રહો.

ગ્રંથકારની પ્રતિજ્ઞા

**इति वन्दितपञ्चगुरुः कृतमङ्गलसत्क्रियः स एष पुनः।**
**नाम्ना पञ्चाध्यायीं प्रतिजानीते चिकीर्षितं शास्त्रम्।।४।।**

**અર્થ :–** આ પ્રમાણે પંચ પરમેષ્ઠીઓને વંદન કરનાર અને મંગળરૂપ શ્રેષ્ઠ ક્રિયા

---

વ્યુત્પત્તિ દ્વારા પણ બતાવી શકે અને તે અર્થમાં રૂઢ પણ હોય તે યોગરૂઢિ કહેવાય છે. જેમ કે તીર્થંકર શબ્દનો અર્થ (ચોવીસ) તીર્થંકર.

૧ આચાર્યનો મુનિઓની સાથે ધાર્મિક સંબંધ જ હોય છે. પરંતુ ગૃહસ્થાચાર્યનો ગૃહસ્થોની સાથે ધાર્મિક અને સામાજિક, બંને પ્રકારનો સંબંધ રહે છે. તેથી આચાર્યને ધર્મનું વિશેષણ આપ્યુ છે.

કરનાર આ ગ્રંથકાર પંચાધ્યાયી નામનો ગ્રંથ બનાવવાની પ્રતિજ્ઞા કરે છે.

ગ્રંથ બનાવવાનો હેતુ

**अत्रान्तरंगहेतुर्यद्यपि भावः कवेर्विशुद्धतरः।**
**हेतोस्तथापि हेतुः साध्वी सर्वोपकारिणी बुद्धिः।।५।।**

**અર્થ :–** જો કે ગ્રંથ બનાવવામાં અંતરંગ કારણ કવિનો અતિ વિશુદ્ધ ભાવ છે, તો પણ ઉક્ત કારણનું પણ કારણ સર્વ જીવોનો ઉપકાર કરનારી શ્રેષ્ઠ બુદ્ધિ છે.

**ભાવાર્થ :–** જ્યાં સુધી જ્ઞાનાવરણ કર્મનો વિશેષ ક્ષયોપશમ ન હોય, ત્યાં સુધી અનેક કારણો મળવા છતાં પણ ગ્રંથ નિર્માણાદિ કાર્ય થઈ શકતા નથી. તેથી આ મહાન કાર્યમાં અંતરંગ કારણ તો ગ્રંથકારનો વિશેષ પ્રકારનો ક્ષાયોપશમિક ભાવ છે, પરંતુ તે ક્ષયોપશમ થવામાં પણ કારણ સર્વ જીવોનો ઉપકાર કરવાનાં પરિણામ છે. ઉપકાર કરવાના પરિણામ થયા વિના પરિણામોમાં આ જાતની નિર્મળતા જ આવતી નથી.

કથનનો ક્રમ

**सर्वोऽपि जीवलोकः श्रोतुं कामो वृषं हि सुगमोक्त्या।**
**विज्ञप्तौ तस्य कृते तत्रायमुपक्रमः श्रेयान्।।६।।**

**અર્થ :–** બધા લોકો ધર્મ સાંભળવા ઇચ્છે છે, પરંતુ તે સરળ રીતે સાંભળવા ઇચ્છે છે, આ વાત સર્વ વિદિત છે. તેથી અમારી આ (નીચે લખેલી) કથન શૈલી ઠીક રહેશે.

**सति धर्मिणि धर्माणां मीमांसा स्यादनन्यथा न्याय्यात्।**
**साध्यं वस्त्वविशिष्टं धर्मविशिष्टं ततः परं चापि।।७।।**

**અર્થ :–** ધર્મીનું નિરૂપણ થયા પછી જ ધર્મોનો વિશેષ વિચાર કરી શકાય છે. આના સિવાય બીજી કોઈ નીતિ હોઈ શકે નહિ. તેથી પહેલાં વસ્તુની સામાન્ય રૂપે

જ સિદ્ધિ કરવી જોઈએ. ત્યાર પછી ધર્મોની વિશેષતા સાથે સિદ્ધિ કરવી જોઈએ.

**ભાવાર્થ :–** અનેક ધર્મોના સમૂહનું નામ જ ધર્મી છે. ધર્મ અને ગુણ એ બંનેય એકાર્થ છે. જ્યારે કોઈ ખાસ ગુણનું વિવેચન કરવામાં આવે છે ત્યારે તે વિવેચનીય ગુણ તો ધર્મ કહેવાય અને બાકીના અનંત ગુણોનો સમુદાય તે ધર્મી (પિંડ, દ્રવ્ય) કહેવાય છે. એવી જ રીતે દરેક ગુણ ચાળણી ન્યાયથી ધર્મ કહેવાય છે, તેના સિવાયના સર્વ ગુણોનો સમૂહ ધર્મી કહેવાય છે. ધર્મની મીમાંસા (વિચાર) ત્યારે જ બની શકે જ્યારે પહેલાં ધર્મના સમુદાયરૂપ ધર્મીનો બોધ થઈ જાય. જેમ શરીરનું પરિજ્ઞાન થયા પછી જ શરીરના પ્રત્યેક અંગનું વર્ણન કરી શકાય છે. તેથી અહીં પહેલાં ધર્મોનો વિચાર ન કરતાં ધર્મીનો જ વિચાર કરવામાં આવે છે. સામાન્ય વિવેચન પછી જ વિશેષ વિવેચન કરી શકાય છે.

## તત્ત્વનું સ્વરૂપ

**तत्त्वं सल्लाक्षणिकं सन्मात्रं वा यतः स्वतः सिद्धम्।**
**तस्मादनादिनिधनं स्वसहायं निर्विकल्पञ्च।।८।।**

**અર્થ :–** તત્ત્વ (વસ્તુ) સત્ લક્ષણવાળું છે અથવા સત્ સ્વરૂપ જ છે, અને તે સ્વતઃ સિદ્ધ છે તેથી અનાદિનિધન છે. પોતાની સહાયથી જ તે ઉપજે છે વિણસે છે અને તે નિર્વિકલ્પ (વચનાતીત) પણ છે.

**ભાવાર્થ :–** વસ્તુ સત્ લક્ષણવાળી છે. આ પ્રમાણ લક્ષણ છે. *પ્રમાણમાં એક ગુણ દ્વારા આખી વસ્તુનું ગ્રહણ થાય છે. વસ્તુમાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ આદિ અનંત ગુણ છે. અસ્તિત્વ ગુણનું નામ જ સત્ છે. સત્ કહેવાથી અસ્તિત્વ ગુણનું જ ગ્રહણ થવું જોઈએ, પરંતુ અહીં સત્ કહેતાં આખી વસ્તુનું ગ્રહણ થાય છે. એનું કારણ એ જ છે કે અસ્તિત્વ આદિ બધા ગુણ અભિન્ન છે. અભિન્નતાના કારણે જ સત્ કહેવાથી સર્વ ગુણોના સમુદાયરૂપ વસ્તુનું ગ્રહણ થઈ જાય છે. તેથી જ વસ્તુને સત્સ્વરૂપ પણ

* - एकगुणमुखेनाऽशेषवस्तुकथनम्बप्रमाणाधीनमिति वचनात्।

કહી દીધી છે. સત્ અને ગુણના સમૂહરૂપ વસ્તુ બંને અભિન્ન છે. તેથી સત્‌રૂપ જ વસ્તુ છે.

અહીં લક્ષ્ય અને લક્ષણની ભેદવિવક્ષા રાખીને જ વસ્તુનું સત્ એવું લક્ષણ કહ્યું છે. અભેદ વિવક્ષામાં તો વસ્તુને સત્ સ્વરૂપ જ બતાવવામાં આવી છે.

નૈયાયિક આદિ કેટલાક મતવાળા વસ્તુને પરથી સિદ્ધ માને છે. ઈશ્વરાદિને તેમના કર્તા માને છે, પરંતુ આ માન્યતા સર્વથા જૂઠી છે. વસ્તુ પોતાની મેળે જ સિદ્ધ છે. એનો કોઈ બનાવનાર નથી. તેથી ન એની શરૂઆત છે અને ન એનો અંત છે. પ્રત્યેક વસ્તુનું પરિણમન અવશ્ય થાય છે. તે પરિણમનમાં વસ્તુ પોતાની જાતે જ કારણ છે અને અનંત ગુણોના પિંડરૂપ વસ્તુ વચન વર્ગણાથી સર્વથા અગોચર છે.

આમ ન માનવામાં દોષ

**इत्थं नोचेदसतः प्रादुर्भूतिः निरंकुशा भवति।**
**परतः प्रादुर्भावो युतसिद्धत्वं सतो विनाशो वा।।९।।**

**અર્થ :–** જો ઉપર કહેલી રીતે વસ્તુનું સ્વરૂપ માનવામાં ન આવે તો અનેક દોષ આવે છે. અસત્ પદાર્થ પણ ઉત્પન્ન થવા માંડશે. જો વસ્તુને સત્ સ્વરૂપ અને સ્વતઃ સિદ્ધ માનવામાં આવે તો અસત્‌ની ઉત્પત્તિ બની શકે નહિ. પરંતુ આમ ન માનવાથી આ દોષ કોઈ જાતના અંકુશ વિના પ્રબળતાથી ઉત્પન્ન થશે. એ જ પ્રમાણે વસ્તુની પર વડે ઉત્પત્તિ થવા માંડશે. વસ્તુમાં યુતસિદ્ધતા (અખંડતાનો અભાવ) પણ થશે. અને સત્ પદાર્થનો વિનાશ પણ થવા માંડશે. આ રીતે ઉપરની ચાર વાત ન માનવાથી આ ચાર દોષ આવે છે.

અસત્ પદાર્થની ઉત્પત્તિમાં દોષ

**असतः प्रादुर्भावे द्रव्याणामिह भवेदनन्तत्त्वम्।**
**को वारयितुं शक्तः कुम्भोत्पत्तिं मृदाद्यभावेऽपि।।१०।।**

**અર્થ :–** જો તે દોષોનો સ્વીકાર કરી લેવામાં આવે તો બીજા ક્યા ક્યા દોષ આવે છે તે જ બતાવવામાં આવે છે. જો અસત્‌ની ઉત્પત્તિ માની લેવામાં આવે અર્થાત્ જે વસ્તુ પહેલાં કોઈ રૂપે પણ ન હોય અને તેના પરમાણુઓની સત્તા ય ન હોય એવી વસ્તુની ઉત્પત્તિ માનવાથી વસ્તુઓની કોઈ મર્યાદા રહી શકે નહિ. જો પોતાની સત્તા વિના પણ વસ્તુ નવા નવા રૂપે ઉત્પન્ન થવા માંડે તો લોકમાં અનંતા દ્રવ્ય થયા કરશે. આવી સ્થિતિમાં માટી વિના પણ ઘડા બનવા માંડશે. એને કોણ રોકી શકશે ?

**ભાવાર્થ :–** અસત્‌ની ઉત્પત્તિ માનવાથી વસ્તુઓમાં કાર્ય–કારણભાવ રહેશે નહિ. કાર્ય–કારણભાવ નીકળી જવાથી કોઈ વસ્તુ ક્યાંયથી પણ કેમ ઉત્પન્ન ન થઈ જાય ? તેમાં કોઈ બાધક થઈ શકતું નથી. કાર્ય–કારણ માનવાથી આ દોષ આવતો નથી. પોતાના કારણથી પોતાનું કાર્ય થાય છે. આ નિયમ વસ્તુની અવ્યવસ્થામાં બાધક થાય છે. તેથી અસત્ પદાર્થોની ઉત્પત્તિ ન માનતાં વસ્તુને સત્‌રૂપ માનવી તે જ યોગ્ય છે.

## પરથી સિદ્ધ માનવામાં દોષ

**परतः सिद्धत्वे स्यादनवस्थालक्षणो महान् दोषः ।**
**सोऽपि परः परतः स्यादन्यस्मादिति यतश्च सोऽपि परः ।।११।।**

**અર્થ :–** વસ્તુને પરથી સિદ્ધ માનવાથી અનવસ્થા નામનો દોષ આવે છે. આ દોષ મોટો છે. તે આ રીતે આવે છે કે – વસ્તુ જો પરથી સિદ્ધ થાય તો તે પર પણ કોઈ બીજા પર પદાર્થથી સિદ્ધ થશે. કારણકે પર–સિદ્ધ માનનારાઓનો આ સિદ્ધાંત છે કે દરેક પદાર્થ પરથી જ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** અપ્રમાણરૂપ અનંત પદાર્થોની ઉત્તરોત્તર કલ્પના કરતા જવું, એનું જ નામ * અનવસ્થા દોષ છે. આ દોષ પદાર્થ સિદ્ધિમાં સર્વથા બાધક છે. પદાર્થોને પરથી સિદ્ધ માનવાથી આ મહાદોષ ઉત્પન્ન થાય છે. કેમકે તેનાથી તે, પાછું તેનાથી તે, એ રીતે ગમે તેટલી લાંબી કલ્પના કરવા છતાં ક્યાંય પણ જઈને વિશ્રામ આવતો નથી. જ્યાં અટકીશું ત્યાં પાછો એ પ્રશ્ન ઊભો થશે કે આ ક્યાંથી થયું ? તેથી વસ્તુને પરસિદ્ધ

* - **अप्रमाणिकाऽनन्तपदार्थकल्पनया - अविश्रान्तिरनवस्था।**

ન માનતાં સ્વતઃસિદ્ધ માનવી, તે જ શ્રેયસ્કર છે.

### યુતસિદ્ધ માનવામાં દોષ

**युतसिद्धत्वेप्येवं गुणगुणिनोः स्यात्पृथक् प्रदेशत्वम्।**
**उभयोरात्मसमत्त्वाल्लक्षणभेदः कथं तयो र्भवति।।१२।।**

**અર્થ :–** યુતસિદ્ધ માનવાથી ગુણ અને ગુણી (જેમાં ગુણ પ્રાપ્ત થાય તે) બંનેના પ્રદેશો જુદા જુદા ઠરશે. એવી અવસ્થામાં બંનેય સમાન થશે. તો પછી અમુક ગુણ છે અને અમુક ગુણી છે એવું ગુણ, ગુણીનું ભિન્ન ભિન્ન લક્ષણ બની શકશે નહિ.

**ભાવાર્થ :–** જ્યાં અનંત ગુણોના અખંડ પિંડસ્વરૂપ વસ્તુ માનવામાં આવે ત્યાં તો ગુણ, ગુણીના ભિન્ન પ્રદેશ રહે નહિ અને અભિન્નતામાં જ વિવક્ષાવશ ગુણ, ગુણીમાં લક્ષણભેદ થઈ જાય. પરંતુ જો વસ્તુનાં અને ગુણોનાં પ્રદેશ ભિન્ન માનવામાં આવે તો પછી બંનેય સ્વતંત્ર થશે અને સ્વતંત્રતાને કારણે અમુક ગુણ છે અને અમુક ગુણી છે એવો લક્ષણભેદ કરી શકાશે નહિ. સમાન–અધિકારમાં બંનેય વસ્તુ હશે અથવા બંનેય ગુણ હશે. તેથી યુતસિદ્ધ માનવું બરાબર નથી. યુતસિદ્ધનો અર્થ છે બે વસ્તુઓનો સંબંધ. પરંતુ ગુણ ગુણી બે વસ્તુ નથી, એક જ છે.

### સત્‌નો નાશ માનવામાં દોષ

**अथवा सतो विनाशः स्यादिति पक्षोऽपि बाधितो भवति।**
**नित्यं यतः कथञ्चिद्द्रव्यं सुज्ञैः प्रतीयतेऽध्यक्षात्।।१३।।**

**અર્થ :–** અથવા સત્‌નો નાશ થઈ જશે એ પક્ષ પણ સર્વથા બાધિત છે કેમકે દ્રવ્ય કથંચિત્ નિત્ય છે એ વાત વિશેષ જાણનારાઓને પ્રત્યક્ષપણે પ્રતીતમાં આવે છે.

**ભાવાર્થ :–** જો દ્રવ્ય કથંચિત્ નિત્ય ન હોય તો પ્રત્યભિજ્ઞાન જ બની શકતું નથી. જે મનુષ્યને પહેલાં જોયો હોય, પછી ફરી વાર એને જોવામાં આવે તો એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે કે 'આ તે જ મનુષ્ય છે, જેને પહેલાં આપણે જોયો છે.' જો તે મનુષ્યમાં કથંચિત્ નિત્યતા ન હોય તો 'આ તે જ મનુષ્ય છે' એવું સ્થિર જ્ઞાન પણ થઈ શકે

નહિ. અને એવું ધારણારૂપ જ્ઞાન વિદ્વાનોને સ્વયં પ્રતીતમાં આવે છે. તેથી વસ્તુનો સર્વથા નાશ માનવો એ પણ સર્વથા અયોગ્ય છે.

## સારાંશ

**तस्मादनेकदूषणदूषितपक्षाननिच्छता पुंसा।**
**अनवद्यमुक्तलक्षणमिह तत्त्वं चानुमन्तव्यम्।।१४।।**

**અર્થ :–** તેથી અનેક દોષોથી દૂષિત પક્ષોને જે પુરુષ ઇચ્છતો ન હોય તેણે ઉપર કહેલ લક્ષણવાળી નિર્દોષ વસ્તુનો સ્વીકાર કરવો તે યોગ્ય છે. અર્થાત્ સત્‌સ્વરૂપ, સ્વતઃસિદ્ધ, અનાદિનિધન, સ્વસહાય અને નિર્વિકલ્પ સ્વરૂપ જ વસ્તુને સમજવી.

## સત્તા વિચાર

**किञ्चैवंभूतापि च सत्ता न स्यान्निरङ्कुशा किन्तु।**
**सप्रतिपक्षा भवति हि स्वप्रतिपक्षेण नेतरेणेह।।१५।।**

**અર્થ :–** જે સત્તાને વસ્તુનું લક્ષણ કહેવામાં આવ્યું છે તે સત્તા પણ સ્વતંત્ર પદાર્થ નથી. પરંતુ પોતાના પ્રતિપક્ષ (વિરોધી) ને કારણે પ્રતિપક્ષીભાવ સહિત છે. સત્તાનો જે પ્રતિપક્ષ છે તેની જ સાથે સત્તાની પ્રતિપક્ષતા છે, બીજા કોઈની સાથે નહિ.

**ભાવાર્થ :–** નૈયાયિક સિદ્ધાંત સત્તાને સર્વથા સ્વતંત્ર પદાર્થ માને છે. તેના મત પ્રમાણે સત્તા જો કે વસ્તુમાં રહે છે પરંતુ તે વસ્તુથી સર્વથા જુદી છે અને તે નિત્ય છે, વ્યાપક છે, એક છે. જૈન સિદ્ધાંત આનાથી સર્વથા પ્રતિકૂળ છે. તે સત્તાને વસ્તુથી અભિન્ન માને છે, સત્તાને સ્વતંત્ર પદાર્થરૂપ માનતા નથી. જો નૈયાયિક મત અનુસાર સત્તાને સ્વતંત્ર પદાર્થ માનવામાં આવે તો વસ્તુ અભાવરૂપ ઠરશે, જો તેને નિત્ય માનવામાં આવે તો તેની સાથે સમવાય સંબંધ (નિત્ય સંબંધનું નામ સમવાય છે.) થી રહેનારી વસ્તુનો કદી પણ નાશ ન થવો જોઈએ. જો તે સત્તાને વ્યાપક તથા એક માનવામાં આવે તો તે મધ્યવર્તી અન્ય પદાર્થોમાં પણ રહેશે. દાખલા તરીકે ગોત્વરૂપ સત્તા લ્યો.

જેમકે નૈયાયિક મત અનુસાર કલકત્તામાં રહેતી ગાયમાં જે ગોત્વરૂપ ધર્મ છે તે જ મુંબઈમાં રહેતી ગાયમાં પણ છે. જો બંને જગ્યાએ એક જ ગોત્વ ધર્મ હોય તો તે અખંડ હોવો જોઈએ અને અખંડ હોવાથી કલકત્તા અને મુંબઈની વચ્ચે જેટલા કોઈ પદાર્થો હોય તે બધામાં પણ ગોત્વ ધર્મ રહે. તે બધામાં ગોત્વ ધર્મ રહેવાથી તે બધા પદાર્થ ગાય કહેવાય. આ વાત સિવાય સત્તાને સ્વતંત્ર માનવામાં બીજા પણ અનેક દોષ આવે છે. તેથી સત્તા સ્વતંત્ર પદાર્થ નથી પરંતુ વસ્તુથી અભિન્ન એક અસ્તિત્વ નામનો ગુણ છે. વિશ્વમાં જેટલા પદાર્થો છે તે બધામાં ભિન્ન ભિન્ન સત્તા છે, એક નથી. જ્યાં વસ્તુ પરિણમનશીલ છે ત્યાં તેના સત્તા ગુણમાં પણ પરિવર્તન થાય છે, તેથી તે સત્તા કથંચિત્ અનિત્ય પણ છે, સર્વથા નિત્ય નથી. વસ્તુના પરિણમનની અપેક્ષાએ જ તે સત્તામાં પ્રતિપક્ષતા આવે છે. પર્યાયની અપેક્ષાએ તે સત્તા અનેકરૂપ છે. દ્રવ્યની અપેક્ષાએ તે એકરૂપ પણ છે. આ જ રીતે સત્તાનો પ્રતિપક્ષ અન્ય પદાર્થરૂપ પરિણમનની અપેક્ષાએ અભાવ પણ પડે છે. બીજી પણ અનેક રીતે પ્રતિપક્ષતા આવે છે, જેમને ગ્રંથકાર સ્વયં આગળ પ્રગટ કરશે.

શંકાકાર

**अत्राहैवं कश्चित् सत्ता या सा निरंकुशा भवतु।**
**परपक्षे निरपेक्षा स्वात्मनि पक्षेऽवलम्बिनी यस्मात्।।१६।।**

**અર્થ :–** અહીં *કોઈ કહે છે કે જે સત્તા છે તે સ્વતંત્ર જ છે. કેમકે તે પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે. પરપક્ષથી સર્વથા નિરપેક્ષ છે અર્થાત્ સત્તાનો કોઈ પ્રતિપક્ષ નથી.

ઉત્તર

**तन्न यतो हि विपक्षः कश्चित्सत्त्वस्य वा सपक्षोऽपि।**
**द्वावपि नयपक्षौ तौ मिथो विपक्षौ विवक्षितापेक्षात्।।१७।।**

* – નૈયાયિક દર્શન

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કથન બરાબર નથી. કેમકે સત્તાનો કોઈ સપક્ષ અને કોઈ વિપક્ષ અવશ્ય છે. બંનેય નયપક્ષ છે અને તે બંનેય નયપક્ષ વિવક્ષાવશ પરસ્પર વિરોધવાળા છે.

**ભાવાર્થ :–** જે વખતે દ્રવ્યનું કથન કરવાની ઇચ્છા થાય છે ત્યારે પર્યાયને ગૌણ દૃષ્ટિથી જોવામાં આવે છે અને જે વખતે પર્યાયનું કથન કરવાની ઇચ્છા થાય છે ત્યારે દ્રવ્યને ગૌણ દૃષ્ટિથી જોવામાં આવે છે. દ્રવ્ય અને પર્યાયમાં પરસ્પર વિપક્ષતા હોવાથી સત્તાના સપક્ષ અને વિપક્ષ પણ સિદ્ધ થઈ જાય છે.

ફરી શંકાકારનું કથન

**अत्राप्याह कुदृष्टिर्यदि नयपक्षौ विवक्षितौ भवतः।**
**का नः क्षतिर्भवेतामन्यतरेणेह सत्त्वसंसिद्धिः।।१८।।**

**અર્થ :–** અહીં ફરી પાછો મિથ્યાદૃષ્ટિ કહે છે કે જો નયપક્ષ વિવક્ષિત થતા હોય તો ભલે થાવ, એમાં અમને કાંઈ હાનિ નથી. સત્તાની સ્વતંત્ર સિદ્ધિ એક નયથી જ થઈ જશે.

**ભાવાર્થ :–** શંકાકાર કહે છે કે જો દ્રવ્યાર્થિક નય અથવા પર્યાયાર્થિક નય આ બંનેમાંથી કોઈ પણ નયથી જૈન સિદ્ધાંત સત્તાનો સ્વીકાર કરે છે તો તે જ નયથી અમે સત્તાને સ્વતંત્ર માનીશું. જે કોઈ નયથી સત્તા માનવામાં આવશે તે જ નયથી સત્તાની સ્વતંત્રતા બની રહેશે. બીજા નયને સત્તાનો વિપક્ષ માનવાની શી જરૂર છે ?

શંકાકારનો આશય એ જ છે કે કોઈ પણ નયદૃષ્ટિથી ભલે સત્તાનો સ્વીકાર કરવામાં આવે, પણ તે દૃષ્ટિથી તે સ્વતંત્ર છે. વિપક્ષ નયદૃષ્ટિથી સત્તાનો પ્રતિપક્ષ શા માટે માનવામાં આવે છે ?

ઉત્તર

**तन्न यतोद्रव्यार्थिकपर्यायार्थिकनयात्मकं वस्तु।**
**अन्यतरस्य विलोपे शेषस्यापीह लोप इति दोषः।।१९।।**

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કથન બરાબર નથી. કેમકે વસ્તુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયસ્વરૂપ છે. આ બંને નયોમાંથી કોઈ એક નયનો લોપ કરવાથી બાકીના બીજા નયનો પણ લોપ થઈ જશે. આ દોષ ઉપસ્થિત થાય છે.

**ભાવાર્થ :–** 'सामान्यविशेषात्मातदर्थो विषयः' એવું પરીક્ષામુખનું સૂત્ર છે, વસ્તુ ઉભય ધર્માત્મક જ પ્રમાણનો વિષય છે. જો સામાન્ય, વિશેષની અપેક્ષા ન કરે તો તે સામાન્ય પણ રહી શકતું નથી, કેમકે વિશેષ વિના સામાન્ય પોતાના સ્વરૂપની પ્રાપ્તિ જ કરી શકતું નથી. એવી જ રીતે વિશેષ પણ જો સામાન્યની અપેક્ષા ન રાખતાં સ્વતંત્ર રહેવા ઇચ્છે તો તે પણ રહી શકતું નથી. અહીં વિશેષ કથન પર્યાયાર્થિક નયની અપેક્ષાએ છે અને સામાન્ય કથન દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ છે. જો શંકાકારના કથન પ્રમાણે જે નયથી સત્તા માનીએ છીએ તે જ નયથી સત્તાને સ્વતંત્ર માનવા લાગીએ અને પ્રતિપક્ષી નયની અપેક્ષાએ અસત્તાનો સ્વીકાર ન કરીએ તો વસ્તુ એક નયરૂપ બનશે. નિરપેક્ષ એક નયના સ્વીકારમાં તે નય પણ નહિ રહી શકે. કેમકે વસ્તુ ઉભય નયરૂપ છે. તેથી એક નય બીજા નયની અવશ્ય અપેક્ષા રાખે છે. આ જ પરસ્પરની અપેક્ષામાં સત્તાનો પ્રતિપક્ષ અસત્તા બને છે.

પરસ્પરની પ્રતિપક્ષતા

**प्रतिपक्षमसत्ता स्यात्सत्तायास्तद्यथा तथा चान्यत्।**
**नानारूपत्वं किल प्रतिपक्षं चैकरूपतायास्तु।।२०।।**

**અર્થ :–** જેવી રીતે સત્તાનો પ્રતિપક્ષ અસત્તા છે તેવી જ રીતે અન્ય પણ છે. અનેકરૂપતા એકરૂપતાનો પ્રતિપક્ષ છે.

**ભાવાર્થ :–** દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ સત્તાના બે ભેદ છે. એક સામાન્ય સત્તા અને બીજી વિશેષ સત્તા. સામાન્ય સત્તાનું જ બીજું નામ મહાસત્તા છે અને વિશેષ સત્તાનું બીજું નામ અવાન્તર સત્તા છે. મહાસત્તા પોતાના સ્વરૂપની અપેક્ષાએ સત્તા છે પરંતુ અવાન્તર સત્તાની અપેક્ષાએ સત્તા નથી. એ જ રીતે અવાન્તર સત્તા પણ પોતાના સ્વરૂપની અપેક્ષાએ સત્તા છે પરંતુ મહાસત્તાની અપેક્ષાએ તે અસત્તા છે. દરેક પદાર્થમાં સ્વસ્વરૂપ અને પરસ્વરૂપની અપેક્ષાએ સત્તા અને અસત્તા રહે છે. તેથી

દરેક પદાર્થ કથંચિત્ સત્‌રૂપ છે અને કથંચિત્ અસત્ (અભાવ)રૂપ છે, સત્તા પણ સ્વસ્વરૂપ અને પરસ્વરૂપની અપેક્ષાએ સત્, અસત્‌રૂપ બંને ધર્મવાળી છે.

મહાસત્તા સર્વપદાર્થોની સર્વ અવસ્થાઓમાં રહે છે તેથી તેને નાના (અનેક) રૂપવાળી કહી છે. પ્રતિનિયત પદાર્થોના સ્વરૂપ સત્તાની અપેક્ષાએ અવાન્તર સત્તાને એકરૂપવાળી કહી છે.

વળી

**एक पदार्थस्थितिरिह सर्वपदार्थस्थितेर्विपक्षत्वम्।**
**ध्रौव्योत्पादनिनाशैस्त्रिलक्षणायास्त्रिलक्षणाभावः।।२१।।**

**અર્થ :–** એક પદાર્થની સત્તા, સમસ્ત પદાર્થોની સત્તાનો વિપક્ષ છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ ત્રિલક્ષણાત્મક સત્તાનો પ્રતિપક્ષ ત્રિલક્ષણાભાવ (અત્રિલક્ષણા) છે.

**ભાવાર્થ :–** જો કે સમસ્ત વસ્તુઓમાં ભિન્ન ભિન્ન સત્તા છે, તોપણ તે સર્વ વસ્તુઓમાં એકસરખી છે. તેથી સામાન્ય દૃષ્ટિથી સર્વ પદાર્થોમાં એક સત્તા કહી દેવામાં આવે છે તેને જ * 'મહાસત્તા' કહે છે.

તે મહાસત્તાનો પ્રતિપક્ષ એક પદાર્થમાં રહેનારી સત્તા છે. તેને જ અવાન્તર સત્તા કહે છે. આ અવાન્તર સત્તાથી જ પ્રત્યેક પદાર્થની ભિન્ન ભિન્ન વ્યવસ્થા થાય છે.

વસ્તુમાં ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્ય આ ત્રણેય અવસ્થાઓ પ્રતિક્ષણ થયા કરે છે. આ ત્રણે અવસ્થાઓને ધારણ કરનારી વસ્તુ જ સત્ કહેવાય છે. તેથી મહાસત્તા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ ત્રયાત્મક છે. જો કે આ ત્રણે અવસ્થાઓ એક સમયમાં થનારી ત્રિલક્ષણાત્મક પર્યાય છે. તો પણ આ ત્રણે એકરૂપ નથી. જે સ્વરૂપે વસ્તુમાં ઉત્પાદ છે, તેનાથી ધ્રૌવ્ય, વિનાશ નથી અને જે સ્વરૂપે વિનાશ છે, તેનાથી ઉત્પાદ, ધ્રૌવ્ય નથી. જે સ્વરૂપે ધ્રૌવ્ય છે, તેનાથી ઉત્પાદ, વિનાશ નથી. તેથી પ્રત્યેક અવસ્થામાં રહેનારી અવાન્તર સત્તા ત્રિલક્ષણાત્મક નથી પરંતુ એક એક લક્ષણરૂપ છે. આ જ અપેક્ષાએ ત્રિલક્ષણાત્મક મહાસત્તાનો પ્રતિપક્ષ ત્રિલક્ષણાભાવ અર્થાત્ એક એક લક્ષણરૂપ અવાન્તર

* – આ મહાસત્તા કેવળ આપેક્ષિક દૃષ્ટિએ કહેવામાં આવી છે. તે કોઈ સ્વતંત્ર પદાર્થ નથી કે જેમ નૈયાયિક અને વૈશેષિક દર્શનવાળા સર્વ પદાર્થોમાં રહેનારી મહાસત્તાને એક સ્વતંત્ર પદાર્થ જ માને છે.

સત્તા છે, કેમકે ત્રિલક્ષણનું પ્રત્યેક એક લક્ષણ વિરોધી છે.

વળી

**एकस्यातु विपक्षः सत्तायाः स्याददो ह्यनेकत्वम्।**
**स्यादप्यनन्तपर्ययप्रतिपक्षस्त्वेकपर्ययत्वं स्यात्।।२२।।**

**અર્થ :–** એક સત્તાનો પ્રતિપક્ષ અનેક છે અને અનંત પર્યાયનો પ્રતિપક્ષ એક પર્યાય છે.

**ભાવાર્થ :–** મહાસત્તા સર્વ પદાર્થોમાં એકરૂપ બુદ્ધિ ઉત્પન્ન કરે છે તેથી તે એક કહેવાય છે, પરંતુ અવાન્તર સત્તામાં આ વાત નથી, જે એક વસ્તુની સ્વરૂપ સત્તા છે, તે બીજાની નથી, તેથી તે અનેક કહેવાય છે. X

પ્રશ્ન

**एकस्मिन्निह वस्तुन्यनादिनिधने च निर्विकल्पे च।**
**भेदनिदानं किं तद्येनैतज्ज्रृम्भते वचस्त्विति चेत्।।२३।।**

**અર્થ :–** વસ્તુ એક અખંડ દ્રવ્ય છે. તે અનાદિ છે, અનંત છે અને નિર્વિકલ્પ પણ છે. એવી વસ્તુમાં ભેદનું શું કારણ છે કે જેથી તમારું ઉપર્યુક્ત કથન સુસંગત થાય?

**ભાવાર્થ :–** અહીં આ પ્રશ્ન છે કે જો વસ્તુ અખંડ દ્રવ્ય છે તો સામાન્યનો પ્રતિપક્ષ વિશેષ, એકનો પ્રતિપક્ષ અનેક, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો પ્રતિપક્ષ પ્રત્યેક એક લક્ષણ, અનંત પર્યાયનો પ્રતિપક્ષ એક પર્યાય આદિ જે ઘણી બધી વાતો કહેવામાં આવી છે, તે એવી છે કે જે દ્રવ્યમાં ખંડપણું સિદ્ધ કરે છે. તેથી એવું ક્યું કારણ છે કે જેથી દ્રવ્યમાં સામાન્ય, વિશેષ, એક, અનેક, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આદિ ભેદ સિદ્ધ થાય ?

---

X – સત્તાના વિષયમાં સ્વામી કુંદકુંદ પણ આમ જ કહે છે :–
**सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया।**
**उप्पादवयध्रुवत्ता सप्पडिवक्खा हवदि एगा।।८।।** – પંચાસ્તિકાય

ઉત્તર

**अंशविभागः स्यादित्यखण्डदेशे महत्यपि द्रव्ये।**
**विष्कम्भस्य क्रमतो व्योम्नीवांगुलिवितस्ति हस्तादिः।।२४।।**
**प्रथमो द्वितीय इत्याद्यसंख्यदेशास्ततोप्यनन्ताश्च।**
**अंशा निरंशरूपास्तावन्तो द्रव्यपर्ययाख्यास्ते।।२५।।**
**पर्यायाणामेतद्धर्मं यत्त्वंशकल्पनं द्रव्ये।**
**तस्मादिदमनवद्यं सर्वं सुस्थं प्रमाणतश्चापि।।२६।।**

**અર્થ :–** જો કે દ્રવ્ય અખંડ પ્રદેશ (દેશાંશ) વાળું છે અને મોટું પણ છે. તોપણ તેમાં વિસ્તારક્રમથી અંશોનો વિભાગ કલ્પવામાં આવે છે. જેમ આકાશમાં વિસ્તારક્રમથી એક આંગળ, બે આંગળ, એક વેંત, એક હાથ આદિ અંશ વિભાગ કરવામાં આવે છે. જેમાં પછી બીજો અંશ ન કરી શકાય તેને જ નિરંશ અંશ કહે છે. આવો નિરંશરૂપ અંશ એક દ્રવ્યમાં – પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, સંખ્યાત, અવિભાગી અસંખ્યાત, અનંત અને અનંતાનંત સુધી થઈ શકે છે. એક દ્રવ્યમાં જેટલા અંશ છે એટલી જ તે દ્રવ્યની પર્યાયો સમજવી જોઈએ. પ્રત્યેક અંશને જ દ્રવ્યપર્યાય કહે છે. કેમકે દ્રવ્યમાં જે અંશોની કલ્પના કરવામાં આવે છે, તે જ પર્યાયોનું સ્વરૂપ છે. દ્રવ્યની એક સમયની પર્યાય તે દ્રવ્યનો એક અંશ છે. તેથી તે સર્વ અંશોનો સમૂહ જ દ્રવ્ય છે. બીજા શબ્દોમાં કહેવું જોઈએ કે દ્રવ્યની જેટલી કોઈ અનાદિ અનંત પર્યાયો છે, તે જ પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય છે. અર્થાત્ પ્રત્યેક દ્રવ્યની એક સમયમાં એક પર્યાય થાય છે અને કુલ સમય અનાદિ અનંત છે તેથી વસ્તુ પણ અનાદિ અનંત છે. તેથી ઉપર કહેલું વસ્તુસ્વરૂપ સર્વથા નિર્દોષ છે અને બધું સુવ્યવસ્થિત છે. આ જ વસ્તુનું સ્વરૂપ પ્રમાણથી સારી રીતે સિદ્ધ છે.

**ભાવાર્થ :–** જો કે વસ્તુ અનંત ગુણોના અખંડ પિંડરૂપ અખંડ પ્રદેશી છે તો પણ તેમાં અંશોની કલ્પના કરવામાં આવે છે. તે અંશ કલ્પના બે પ્રકારે થાય છે – એક તિર્યક્ અંશકલ્પના, બીજી ઊર્ધ્વ અંશકલ્પના, એક સમયવર્તી આકારને અવિભાગી અનેક અંશોમાં વિભાજિત કરવાને તિર્યક્ અંશકલ્પના કહે છે. આ પ્રત્યેક અવિભાગી અંશોને દ્રવ્યપર્યાય કહે છે. દ્રવ્યનો એક સમયે એક આકાર છે. બીજા સમયે બીજો આકાર છે. ત્રીજા સમયે ત્રીજો આકાર છે. આ જ પ્રમાણે અનંત સમયોમાં અનંત આકાર છે.

આ રીતે કાળના ક્રમથી દ્રવ્યના આકારના અનંત ભેદ છે. આનું જ નામ ઊર્ધ્વાંશ કલ્પના છે અને આ અનંત સમયવર્તી અનંત આકારોમાંથી પ્રત્યેક સમયવર્તી પ્રત્યેક આકારને વ્યંજનપર્યાય કહે છે. દ્રવ્યમાં ઉપર્યુક્ત રીતે અંશ કલ્પના પ્રદેશત્વ ગુણના નિમિત્તથી થાય છે. અર્થાત્ પ્રદેશત્વ ગુણના નિમિત્તથી દ્રવ્યમાં આકાર થાય છે. તે જ આકારમાં બે પ્રકારની કલ્પના કરવામાં આવે છે. જેવી રીતે દ્રવ્યમાં અંશ કલ્પના કરવામાં આવે છે તેવી જ રીતે ગુણોમાં પણ કરવામાં આવે છે. ગુણની એક સમયમાં એક અવસ્થા છે. બીજા સમયમાં બીજી અવસ્થા છે. ત્રીજા સમયમાં ત્રીજી અવસ્થા છે. આ જ પ્રમાણે કાળક્રમથી એક ગુણની અનંત સમયોમાં અનંત અવસ્થાઓ છે. આનું જ નામ ગુણમાં ઊર્ધ્વાંશ કલ્પના છે. આ અનંત સમયવર્તી અનંત અવસ્થાઓમાંથી પ્રત્યેક સમયવર્તી પ્રત્યેક અવસ્થાને અર્થપર્યાય કહે છે. એક ગુણની એક સમયમાં જે અવસ્થા છે, તે અવસ્થામાં અવિભાગ પ્રતિચ્છેદરૂપ અંશ કલ્પનાને ગુણમાં તિર્યક્ અંશકલ્પના કહે છે. અને તે પ્રત્યેક અવિભાગ પ્રતિચ્છેદને ગુણપર્યાય કહે છે. ગુણોમાં જે અંશકલ્પના કરવામાં આવે છે તે વિષ્કંભક્રમથી નથી હોતી કેમકે દેશના દેશાંશ કેવળ એક પ્રદેશવ્યાપી છે. પરંતુ ગુણનો એક ગુણાંશ એક સમયમાં તે દ્રવ્યના સમસ્ત દેશને વ્યાપીને રહે છે તેથી ગુણમાં અંશકલ્પના કાળક્રમથી તરતમરૂપે કરવામાં આવે છે. પ્રત્યેક સમયમાં જે અવસ્થા કોઈ ગુણની છે તે જ અવસ્થાને ગુણાંશ કહે છે. એક ગુણમાં અનંત ગુણાંશ કલ્પિત કરવામાં આવે છે. આ જ કલ્પિત ગુણાંશોને અવિભાગી પ્રતિચ્છેદ કહે છે. ગુણાંશરૂપ અવિભાગ પ્રતિચ્છેદોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. જેમ - બકરીના દૂધમાં ચિકાશ ઓછી છે. તેનાથી અધિક ક્રમે ગાય, ભેંસ, ઊંટડી, ઘેટીના દૂધમાં ઉત્તરોત્તર વધતી ચિકાશ છે. સ્નિગ્ધ ગુણના કોઈમાં થોડા અંશ છે, કોઈમાં અધિક અંશ છે, આવા આવા અંશ પ્રત્યેક ગુણમાં અનંત હોઈ શકે છે. બીજું દૃષ્ટાંત જ્ઞાન ગુણનું છે – સૂક્ષ્મ નિગોદિયા લબ્ધ્યપર્યાપ્તક જીવમાં અક્ષરનાં અનંતમા ભાગે વ્યક્ત જ્ઞાન છે, તે જ્ઞાનમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. જઘન્ય જ્ઞાનથી વધતા ક્રમે નિગોદિયાઓમાં જ અધિક અધિક છે. તેનાથી અધિક અધિક દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય આદિ જીવોમાં છે. પંચેન્દ્રિય – અસંજ્ઞીથી સંજ્ઞીમાં અધિક છે. મનુષ્યોમાં કોઈમાં વધારે કોઈમાં ઓછું પ્રગટ જણાય છે, અથવા એક જ આત્મામાં નિગોદિયાની અવસ્થાથી લઈને ઉપર ક્રમેક્રમે કેવળજ્ઞાન સુધી એક જ જ્ઞાન ગુણની અનંત અવસ્થાઓ થઈ જાય છે. આ બધી અવસ્થાઓ (ભેદો) જ્ઞાન ગુણના અંશ છે. આ જ અંશો લઈને કલ્પના કરી શકાય છે કે અમુક પુરુષમાં આટલું અધિક જ્ઞાન છે, અમુકમાં

આટલું ઓછું છે. કોઈ પણ ગુણના સૌથી જઘન્ય ભેદને અંશ કહે છે. આવા આવા સમાન અંશ પ્રત્યેક ગુણમાં અનંત હોય છે. તેથી જ સ્થૂળતાથી એવો વ્યવહાર થાય છે કે આટલા જ્ઞાનના અંશ અમુક કરતાં અમુકમાં અધિક છે. એવી જ રીતે રૂપમાં વ્યવહાર થાય છે કે અમુક વસ્ત્ર પર ઘેરો રંગ છે, અમુક ઉપર આછો રંગ છે. ઘેરાપણું અને ફીક્કાપણું રૂપ (રંગ) ગુણના જ અંશોની ન્યૂનતા અને અધિકતાના નિમિત્તે કહેવાય છે. આ જ વિષયને અમે રૂપિયાના દૃષ્ટાંતથી વિશેષ સ્પષ્ટ કરીએ છીએ – એક રૂપિયાના ચોંસઠ પૈસા હોય છે. અર્થાત્ ૬૪ પૈસા અને એક રૂપિયા બંને બરાબર છે. આ જ વાતને બીજા શબ્દોમાં કહી શકાય કે એક રૂપિયાના ૬૪ ભેદ અથવા અંશ હોય છે. સાથોસાથ એ કલ્પના કરી લેવી પણ યોગ્ય છે કે સૌથી નાનો ભેદ (અંશ) એક પૈસો છે. કલ્પના કર્યા પછી કહી શકાય છે કે અમુક વ્યક્તિ પાસે આટલા પૈસા અધિક છે. અમુકની પાસે તેનાં કરતાં આટલા પૈસા ઓછા છે. જો કોઈની પાસે ૧૦ આના હોય અને કોઈની પાસે ૬ આના હોય, તો જાણી શકાય છે કે છ આનાવાળા કરતાં દસ આનાવાળાની પાસે ૧૬ અંશ અધિક ધન છે. આ દૃષ્ટાંતનો આટલો જ અભિપ્રાય છે કે જઘન્ય અંશરૂપ અવિભાગ પ્રતિચ્છેદનું જ્ઞાન થઈ જાય. વાસ્તવમાં કોઈ ગુણના અલગ અલગ ટુકડા નથી થઈ જતાં; અને ન તો અંશોનો નાશ કે ઉત્પત્તિ થાય છે. પરંતુ વ્યક્તતા અને અવ્યક્તતાની અપેક્ષાએ જે તરતમ (ઓછોવત્તો) ભેદ થાય છે તેનું જ જ્ઞાન કરવા માટે કેવળ અંશોની કલ્પના કરવામાં આવે છે. આ અંશ કલ્પના સર્વજ્ઞજ્ઞાનગમ્ય છે. દ્રવ્યની જેમ ગુણોમાં પણ એ જ વાત સમજી લેવી જોઈએ કે પ્રત્યેક ગુણના જેટલા અંશો છે તેટલી જ તે ગુણની પર્યાયો થઈ શકે છે. બીજા શબ્દોમાં એમ કહેવું જોઈએ કે તે ત્રિકાળવર્તી પર્યાયોનો સમૂહ જ ગુણ કહેવાય છે.

દ્રવ્ય ચાર વિભાગોમાં વહેંચાયેલું છે, એ વાત પણ ઉપર્યુક્ત કથનથી સ્પષ્ટ થઈ જાય છે. તે ચાર વિભાગ આ પ્રમાણે છે :– દેશ, દેશાંશ, ગુણ, ગુણાંશ. અનંત ગુણોના અખંડ પિંડ (દ્રવ્ય)ને દેશ કહે છે. તે અખંડ પિંડરૂપ દેશના પ્રદેશોની અપેક્ષાએ જે અંશ કલ્પના કરવામાં આવે છે, તેને દેશાંશ કહે છે. દ્રવ્યમાં રહેનારા ગુણોને ગુણ કહે છે અને તે ગુણોના અંશોને ગુણાંશ કહે છે. બસ પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપ આ જ ચાર વાતોમાં પૂરેપૂરું આવી જાય છે. આ ચાર વાતો સિવાય દ્રવ્ય બીજી કોઈ ચીજ નથી. આ ચારે વાતો પ્રત્યેક વસ્તુમાં જુદી જુદી છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે આ જ ચાર વાતોથી એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન નિશ્ચિત કરવામાં આવે છે આ જ ચારેયને

સ્વચતુષ્ટય કહે છે. સ્વ નામ પોતાનું છે, ચતુષ્ટય નામ ચારનું છે અર્થાત્ દરેક વસ્તુની પોતપોતાની ચાર ચાર વાતો ભિન્ન ભિન્ન છે. સ્વચતુષ્ટયથી પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું ગ્રહણ થાય છે. દરેક વસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન ભિન્ન છે. અનંત ગુણોના અખંડ પિંડરૂપ જે દેશ છે તેને જ દ્રવ્ય કહે છે. તે દેશના જે પ્રદેશોની અપેક્ષાએ ભેદ છે તેને જ સ્વક્ષેત્ર કહે છે અર્થાત્ વસ્તુનું તે જ ક્ષેત્ર છે, જેટલા પ્રદેશોમાં તે વિભક્ત છે. વસ્તુમાં રહેનારા ગુણોને જ સ્વભાવ કહે છે અને ગુણોની કાળક્રમે થનારી પર્યાયને જ અર્થાત્ ગુણોના અંશને જ સ્વકાળ કહે છે. તેથી દેશ, દેશાંશ, ગુણ, ગુણાંશનું બીજું નામ જ વસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે. સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે :– વસ્તુનું સ્વદ્રવ્ય, તેના અનંત ગુણસમુદાયરૂપ પિંડ સિવાય બીજું કોઈ નથી. વસ્તુનું ક્ષેત્ર પણ તેના પ્રદેશ જ છે, નહિ કે તે જ્યાં રહેલી છે. જ્યાં તે વસ્તુ પડી છે તે સ્વક્ષેત્ર નથી પરંતુ પરક્ષેત્ર છે. એવી જ રીતે સ્વકાળ પણ તે વસ્તુની કાળક્રમે થનારી પર્યાય (ગુણાંશ) છે, નહિ કે જે કાળે તે પરિણમન કરે છે તે કાળ, તે કાળ તો પરદ્રવ્ય છે અને સ્વભાવ તે વસ્તુના ગુણ જ છે.

દૃષ્ટાંત માટે સૂંઠ, મરી, પીપર આદિ એક લાખ ઔષધિઓનું ચૂર્ણ પર્યાપ્ત છે. એક એક તોલો એક લાખ ઔષધિઓનો લઈને તેને વાટીને લીંબુનાં રસમાં ઘૂંટીને બધાનો એક મોટો ગોળો બનાવી નાખો. તે ગોળામાંથી એક એક રતી વજનની ગોળીઓ બનાવી નાખો. બસ એમાંથી જ સ્વચતુષ્ટય ઘટાવી લેવું જોઈએ. એક લાખ સરખા વજનની ઔષધિઓનો જે ગોળો છે તેને તો સ્વદ્રવ્ય અર્થાત્ દેશના સ્થાને સમજવો. તે ગોળાની જે એક એક રતીભાર ગોળીઓ છે તેને સ્વક્ષેત્ર અર્થાત્ દેશાંશના સ્થાને ગણવી. કારણકે તે ગોળીઓમાં સમાયેલું છે. તે *ગોળીઓમાં જે એક લાખ ઔષધિઓ છે તેને સ્વભાવ અર્થાત્ ગુણના સ્થાને સમજવી જોઈએ. અને તે ગોળીઓમાં જે કાળક્રમે ભિન્ ભિન્ન સ્વાદભેદ છે તેને સ્વકાળ અર્થાત્ ગુણાંશના સ્થાનમાં સમજવો જોઈએ. પ્રત્યેક દ્રવ્યનું સ્વચતુષ્ટય ભિન્ન ભિન્ન છે. આ સ્વચતુષ્ટયમાં જ પ્રત્યેક દ્રવ્ય સમાયેલું છે.

* – જે ક્ષેત્ર એક ઔષધિનું છે, તે જ લાખ ઔષધિઓનું છે. જેટલી ગોળીઓ બનાવવામાં આવી છે તે બધીમાં લાખ ઔષધિઓ છે. તેવી જ રીતે એક ગુણ જેટલા ભાગમાં છે, બીજો પણ તે જ ભાગમાં છે તેથી બધા ગુણોનું એક જ ક્ષેત્ર છે. અર્થાત્ વિષ્કંભક્રમમાં રહેનારા વસ્તુનાં પ્રત્યેક પ્રદેશમાં અનંત ગુણ રહે છે.

શંકાકાર

**एतेन विना चैकं द्रव्यं सम्यक्प्रपश्यतश्चापि।**
**को दोषो यद्भीतेरियं व्यवस्थैव साधुरस्त्विति चेत्।।२७।।**

**અર્થ :–** ઉપર કહેવામાં આવેલી વ્યવસ્થા પ્રત્યક્ષ દેખાતી નથી; કેવળ એક દ્રવ્ય જ સારી રીતે દેખાય છે. તો આવી હાલતમાં એવો ક્યો દોષ આવે છે કે જેના ડરથી ઉપર કહેલી વ્યવસ્થા જ બરાબર માનવી જોઈએ ?

**ભાવાર્થ :–** શંકાકારનો અભિપ્રાય આટલો જ છે કે એક દ્રવ્યને જ માની લેવામાં આવે કે જે સ્થૂળપણે દેખાઈ રહ્યું છે, તે દ્રવ્યમાં દેશ, દેશાંશ, ગુણ, ગુણાંશ (સ્વચતુષ્ટય) માનવાની શી આવશ્યકતા છે ?

ઉત્તર

**देशाभावे नियमात्सत्त्वं द्रव्यस्य न प्रतीयेत।**
**देशांशाभावेऽपि च सर्वं स्यादेकदेशमात्रं वा।।२८।।**

**અર્થ :–** જો (વસ્તુને) દેશરહિત માનવામાં આવે તો દ્રવ્યની સત્તાનો જ નિશ્ચય નહિ થઈ શકે અને દેશાંશો ન માનવાથી આખું દ્રવ્ય એક દેશ માત્ર થઈ જશે.

**ભાવાર્થ :–** અનંત ગુણોનાં અખંડ પિંડ સ્વરૂપ દેશ માનવાથી એક જ દ્રવ્યની સત્તા પ્રતીતમાં આવે છે. જો પિંડરૂપ દેશ ન માનવામાં આવે તો દ્રવ્યની સત્તા જ ટકી શકતી નથી. એ જ પ્રમાણે દેશાંશ માનવાથી દ્રવ્યની મર્યાદા (પરિમાણ) નું જ્ઞાન થાય છે. જે દ્રવ્યના જેટલા અંશ હોય છે તે દ્રવ્ય એટલું જ મોટું સમજવામાં આવે છે. જો દેશના અંશોની (વિસ્તાર ક્રમથી) કલ્પના ન કરવામાં આવે તો સર્વ દ્રવ્યો સમાન સમજાશે. અંશ વિભાગ ન હોવાથી બધાનો એક જ અંશ માનવામાં આવશે. અંશ વિભાગ ન માનવાથી પરમાણુ અને મહાસ્કંધમાં કોઈ તફાવત નહિ રહે.

વસ્તુની અસત્તા અને એકાંશતામાં દોષ

**तत्रासत्त्वे वस्तुनि न श्रेयस्तस्य साधकाभावात्।**
**एवं चैकांशत्वे महतो व्योम्नोऽप्रतीयमानत्वात्।।२९।।**

**અર્થ :–** વસ્તુને અસત્(અભાવ)રૂપ સ્વીકારવી તે બરાબર નથી. કેમકે વસ્તુને અસત્ સ્વરૂપ સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ નથી. બીજો એમ પણ અર્થ થઈ શકે છે કે વસ્તુને અભાવરૂપ માનવાથી તે કોઈ કાર્ય સિદ્ધ નહિ કરી શકે. આ રીતે વસ્તુમાં અંશ ભેદ ન માનવાથી આકાશની મહાનતાનું જ્ઞાન નહિ થઈ શકે.

**ભાવાર્થ :–** પહેલાં તો પદાર્થને અભાવાત્મક સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ નથી, બીજું જે અભાવરૂપ હોય તે કોઈ પદાર્થ જ ન હોઈ શકે. જેને પોતાની સત્તા જ ન હોય તે કોઈ કાર્યમાં કેવી રીતે સાધક થઈ શકે ? એવી જ રીતે વસ્તુમાં જો અંશોની કલ્પના કરવામાં આવે છે તો તો એ વાત સિદ્ધ થઈ જાય છે કે જે વસ્તુના જેટલા અંશ અધિક છે તે તેટલી જ મોટી છે. જેના જેટલા અંશ ઓછા છે, તે તેટલી જ નાની છે. આકાશના અંશ બધી વસ્તુઓના અંશોથી અધિક છે, તેથી તે બધા (દ્રવ્યો) થી મોટું ઠરે છે. જો દેશાંશોની કલ્પના કાઢી નાખવામાં આવે તો નાના મોટાનો ભેદ પણ નીકળી જશે.

અંશકલ્પનાથી લાભ

**किञ्चैतदंशकल्पनमपि फलवस्त्याद्यतोऽनुमीयेत्।**
**कायत्वमकायत्वं द्रव्याणामिह महत्वममहत्वम्।।३०।।**

**અર્થ :–** અંશકલ્પનાથી એક તો નાના મોટાના ભેદનું જ્ઞાન ઉપર બતાવવામાં આવ્યું છે, બીજું અંશકલ્પનાથી એ પણ ફળ થાય છે કે તેનાથી દ્રવ્યોમાં કાયત્વ અને અકાયત્વનું અનુમાન કરી લેવામાં આવે છે. એવી જ રીતે નાના અને મોટાનું પણ અનુમાન કરી લેવામાં આવે છે.

**ભાવાર્થ :–** જે દ્રવ્યોમાં અનેક પ્રદેશ હોય છે તે અસ્તિકાય ગણાય છે અને જેમાં કેવળ એક જ પ્રદેશ હોય છે તે અસ્તિકાય ગણાતું નથી. બહુપ્રદેશ અને એકપ્રદેશનું

જ્ઞાન ત્યારે જ થઈ શકે કે જ્યારે તે દ્રવ્યના પ્રદેશો (અંશો)ની જુદી જુદી કલ્પના કરવામાં આવે. જુદી જુદી કલ્પના કર્યા વિના પ્રદેશોની ન્યૂનાધિકતાનું જ્ઞાન પણ થઈ શકતું નથી. અને ન્યૂનાધિકતાનું જ્ઞાન થયા વિના, દ્રવ્યોમાં ક્યું દ્રવ્ય નાનું છે અને ક્યું મોટું છે એ જ્ઞાન પણ થઈ શકતું નથી. તેથી અંશોની કલ્પના કરવી સાર્થક છે.

શંકાકાર

**भवतु विवक्षितमेतन्ननु यावन्तो निरंशदेशांशाः ।**
**तल्लक्षणयोगादप्यणुवद्द्रव्याणि सन्तु तावन्ति ।।३१।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે આ તમારી વિવક્ષા ભલે રહી. અર્થાત્ તમે જે દ્રવ્યમાં નિરંશ (ફરી જેનો ખંડ ન થઈ શકે તે) અંશોની કલ્પના કરો છો, તે ભલે કરો. પરંતુ જેટલા કોઈ નિરંશ દેશાંશ છે, તેમને જ એક એક દ્રવ્ય માનો. જેવી રીતે પરમાણુ એક દ્રવ્ય છે તેવી જ રીતે એક દ્રવ્યમાં જેટલા નિરંશ – દેશાંશોની કલ્પના કરવામાં આવે છે, તેમને તેટલા જ દ્રવ્ય સમજવા જોઈએ. એમ નહિ કે એક દ્રવ્ય માનીને તેના અંશ ગણવા. દ્રવ્યનું લક્ષણ તે પ્રત્યેક અંશોમાં આવે જ છે.

**ભાવાર્થ :–** ગુણોનો સમૂહ જ દ્રવ્ય કહેવાય છે. આ દ્રવ્યનું લક્ષણ દ્રવ્યના પ્રત્યેક દેશાંશમાં મોજૂદ છે, તેથી જેટલા પણ દેશાંશ છે, તેમને તેટલા જ દ્રવ્ય માનવા જોઈએ.

ઉત્તર

**नैवं यतो विशेषः परमः स्यात्पारिणामिकोऽध्यक्षः ।**
**खण्डैकदेशवस्तुन्यखण्डितानेकदेशे च ।।३२।।**

**અર્થ :–** ઉક્ત શંકા બરાબર નથી, કેમકે ખંડસ્વરૂપ એક દેશ વસ્તુ માનવાથી અને અખંડ સ્વરૂપ અનેક દેશ વસ્તુ માનવાથી પરિણમનમાં ઘણો મોટો તફાવત પડે છે, એ વાત પ્રત્યક્ષ છે.

**ભાવાર્થ :–** જો શંકાકારના કહેવા પ્રમાણે દેશાંશોને જ દ્રવ્ય માનવામાં આવે તો દ્રવ્ય એક અંશવાળું ખંડ ખંડ રૂપ થશે, અખંડ રૂપ અનેક પ્રદેશી નહિ ઠરે. (દ્રવ્યને) ખંડરૂપ એક પ્રદેશી માનવામાં ક્યો દોષ આવે છે તે આગળ લખવામાં આવે છે :–

**प्रथमोद्देशितपक्षे यः परिणामो गुणात्मकस्तस्य।**
**एकत्र तत्र देशे भवितुं शीलो न सर्वदेशेषु।।३३।।**

**અર્થ :–** પહેલો પક્ષ સ્વીકારવાથી અર્થાત્ ખંડરૂપ એક પ્રદેશી દ્રવ્ય માનવાથી જે ગુણોનું પરિણમન થશે તે આખી વસ્તુમાં ન થતાં તેના એક જ દેશાંશમાં થશે. કેમકે શંકાકાર એક દેશાંશ રૂપ જ વસ્તુને માને છે તેથી તેના કથન અનુસાર ગુણોનું પરિણમન એક દેશમાં જ થશે.

એક દેશ પરિણમન માનવામાં પ્રત્યક્ષ બાધા

**तदसत्प्रमाणबाधितपक्षत्त्वादक्षसंविदुपलब्धेः।**
**देहैकदेशविषयस्पर्शादिह सर्वदेशेषु।।३४।।**

**અર્થ :–** ગુણોનું પરિણમન એક દેશમાં થાય છે, એ વાત પ્રત્યક્ષ બાધિત છે. જેમાં પ્રમાણ બાધા આવે તે પક્ષ કોઈ રીતે સાચો ન હોઈ શકે. ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી આ વાત સિદ્ધ છે કે શરીરના એક દેશમાં સ્પર્શ થવાથી આખા શરીરમાં રોમાંચ થઈ જાય છે.

**ભાવાર્થ :–** શરીર પ્રમાણ આત્મદ્રવ્ય છે તેથી શરીરના એકદેશમાં સ્પર્શ થવાથી આખા શરીરમાં રોમાંચ થાય છે અથવા શરીરના એક દેશમાં ઘા વાગવાથી આખા શરીરમાં વેદના થાય છે. જો શંકાકારના કથનાનુસાર આત્માના એક એક અંશ (પ્રદેશ) ને જ એક એક દ્રવ્ય માનવામાં આવે તો એક ભાગમાં આઘાત થતાં આખા શરીરમાં પીડા ન થવી જોઈએ, જે ભાગમાં કષ્ટ પહોંચ્યું હોય, તે જ ભાગમાં પીડા થવી જોઈએ પરંતુ થાય છે એનાથી સર્વથા પ્રતિકૂળ. અર્થાત્ આખા શરીરમાં એક આત્મા હોવાથી આખા શરીરમાં જ વેદના થાય છે તેથી ખંડરૂપ એક દેશ સ્વરૂપ વસ્તુ નથી પરંતુ અખંડ સ્વરૂપ અનેક પ્રદેશી છે.

અખંડ–અનેક પ્રદેશી દ્રવ્યમાં દૃષ્ટાંત

**प्रथमेतर पक्षे खलु यः परिणामः स सर्वेदेशेषु।**
**एको हि सर्वपर्वसु प्रकम्पते ताडितो वेणुः।।३५।।**

**અર્થ :–** બીજો પક્ષ સ્વીકારવાથી અર્થાત્ અનેક પ્રદેશી–અખંડ રૂપ દ્રવ્ય માનવાથી જે પરિણમન થશે તે સર્વ દેશમાં (આખી વસ્તુમાં) થશે. જેવી રીતે એક વાંસને એક તરફથી હલાવવાથી આખો ય વાંસ હલી જાય છે.

**ભાવાર્થ :–** વાંસનું દૃષ્ટાંત સ્થૂળ છે. તેથી ગ્રાહ્ય અંશ (એક દેશ) લેવો જોઈએ. વાસં જો કે ઘણા પરમાણુઓનો સમૂહ છે તો પણ સ્થૂળ દૃષ્ટિથી તે એક જ દ્રવ્ય મનાય છે. આ જ અપેક્ષાએ તેનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. વાંસ અખંડ સ્વરૂપ વસ્તુ છે તેથી તેનો એક પ્રદેશ હલાવવાથી તેના બધા પ્રદેશો હલી જાય છે. જો તેને અખંડ સ્વરૂપ અનેક પ્રદેશી ન માનતાં તેના એક એક પ્રદેશને જુદું જુદું દ્રવ્ય માનવામાં આવે તો જે ભાગમાં વાંસને હલાવવામાં આવે, તે જ ભાગમાં તેનું કંપન થવું જોઈએ, આખા ભાગમાં નહિ. પરતું એ પ્રત્યક્ષ બાધિત છે. તેથી વસ્તુ અનેક દેશાંશોનો અખંડ પિંડ છે.

એક પ્રદેશવાળું પણ દ્રવ્ય છે

**एक प्रदेशवदपि द्रव्यं स्यात्खण्डवर्जितः स यथा।**
**परमाणुरेव शुद्धः कालाणुर्वा यथा स्वतः सिद्धः।।३६।।**

**અર્થ :–** કોઈ દ્રવ્ય એક પ્રદેશવાળું પણ છે અને તે ખંડરહિત છે અર્થાત્ અખંડ એક પ્રદેશી પણ કોઈ દ્રવ્ય છે, જેમકે પુદ્‌ગલનો શુદ્ધ પરમાણુ અને કાલાણુ. એ પણ સ્વતઃસિદ્ધ દ્રવ્ય છે.

પરંતુ

**न स्याद् द्रव्यं क्वचिदपि बहुप्रदेशेषु खण्डितो देशः।**
**तदपि द्रव्यमिति स्यादखण्डिनेकदेशमदः।।३७।।**

**અર્થ :–** પરંતુ એવું કોઈ દ્રવ્ય નથી કે જે બહુપ્રદેશી હોઈને ખંડ – એક દેશ રૂપ હોય તેથી બહુ પ્રદેશવાળું દ્રવ્ય અખંડ રૂપ છે.

દ્રવ્ય અને ગુણ

**अथ चैव ते प्रदेशाः सविशेषा द्रव्यसंज्ञया भणिताः।**
**अपि च विशेषाः सर्वे गुणसंज्ञास्ते भवन्ति यावन्तः।।३८।।**

**અર્થ :-** ઉપર જે દેશાંશો (પ્રદેશો)નું વર્ણન કરવામાં આવ્યું છે તે દેશાંશ ગુણ સહિત છે. ગુણ સહિત તે જ દેશાંશોનું દ્રવ્ય એવું નામ છે. તે દેશાંશોમાં રહેનારા જે વિશેષો છે, તેમનું જ નામ ગુણ છે.

**ભાવાર્થ :–** દ્રવ્ય અનંત ગુણોનો સમૂહ છે તેથી જેટલા કોઈ દ્રવ્યના પ્રદેશો છે તે બધામાં અનંત ગુણોનો અંશ છે, તે ગુણો સહિત જે પ્રદેશો છે તેનું જ ભેગું નામ દ્રવ્ય છે. ગુણોને વિશેષ એવી સંજ્ઞા છે.

ગુણ, ગુણીથી જુદા નથી

**तेषामात्मा देशो न हि ते देशात्पृथकत्वसत्ताकाः।**
**न हि देशे हि विशेषाः किन्तु विशेषैच तादृशो देशः।।३९।।**

**અર્થ :–** તે ગુણોનો સમૂહ જ દેશ (અખંડ–દ્રવ્ય) છે. તે ગુણો દેશથી ભિન્ન પોતાની સત્તા રાખતા નથી અને એમ પણ કહી શકાતું નથી કે દેશમાં ગુણ (વિશેષ) રહે છે પરંતુ તે વિશેષો (ગુણો)ના મેળથી જ (સમૂહથી જ) તે દેશ કહેવાય છે.

**ભાવાર્થ :–** નૈયાયિક દર્શનવાળા ગુણોની સત્તા ભિન્ન માને છે અને દ્રવ્યની સત્તા ભિન્ન માને છે, દ્રવ્યને ગુણોનો આધાર બતાવે છે પરંતુ જૈન સિદ્ધાંત આમ નથી માનતો. પરંતુ તે ગુણોના સમૂહને જ દેશ માને છે અને તે ગુણોની દ્રવ્યથી ભિન્ન સત્તા પણ નથી સ્વીકારતો. એમ પણ નથી કે દ્રવ્ય આધાર છે અને ગુણ આધેય રૂપે દ્રવ્યમાં રહે છે. પરંતુ તે ગુણોના સમુદાયરૂપ પિંડ જ દ્રવ્ય સંજ્ઞા પામે છે.

દૃષ્ટાંત

**अत्रापि च संदृष्टि शुक्लादीनामियं तनुस्तन्तुः।**
**न हि तन्तौ शुक्लाद्याः किन्तु सिताद्यैश्च तादृशस्तन्तुः।।४०।।**

**અર્થ :–** ગુણ અને ગુણીમાં અભેદ છે, આ જ વિષયમાં તંતુનું દૃષ્ટાંત છે. શુક્લ ગુણ આદિનું શરીર જ તંતુ છે. શુક્લાદિ ગુણો સિવાય બીજી કોઈ વસ્તુ તંતુ નથી અને ન એમ પણ કહી શકાય છે કે તંતુમાં શુક્લાદિ ગુણ રહે છે, પરંતુ શુક્લાદિ ગુણો એકત્રિત થવાથી જ તંતુ બન્યું છે.

**ભાવાર્થ :–** શુક્લ આદિ ગુણોનો સમૂહ જ દોરો કહેવાય છે. જેવી રીતે દોરો અને શ્વેતપણું અભિન્ન છે તેવી જ રીતે દ્રવ્ય અને ગુણ પણ અભિન્ન છે. જેમ દોરો, સફેદી આદિથી પૃથક્ વસ્તુ નથી તેમ દ્રવ્ય પણ ગુણોથી પૃથક્ ચીજ નથી.

આશંકા

**अथ चेद्भिन्नो देशो भिन्ना देशाश्रिता विशेषाश्च।**
**तेषामिह संयोगाद् द्रव्यं दण्डीव दण्डयोगाद्वा।४१।।**

**અર્થ :–** જો દેશને ભિન્ન સમજવામાં આવે અને દેશને આશ્રયે રહેનાર વિશેષોને ભિન્ન સમજવામાં આવે તથા તે બધાના સંયોગથી દ્રવ્ય કહેવાય. જેમ પુરુષ ભિન્ન છે, દંડ ભિન્ન છે, (પણ) બંનેના સંયોગથી તે દંડી કહેવાય છે તેમ માનીએ તો –

ઉત્તર

**नैवं हि सव सर्वसंकरदोषत्वाद्वा सुसिद्धदृष्टान्तात्।**
**तत्किं चेतनयोगाद चेतनं चेतनं न स्यात्।।४२।।**

**અર્થ :–** ઉપર્યુક્ત આશંકા બરાબર નથી. દેશને ભિન્ન અને ગુણોને દેશાશ્રિત

ભિન્ન સ્વીકારવાથી સર્વ સંકર દોષ આવશે. આ વાત સુઘટિત દૃષ્ટાંત દ્વારા પ્રસિદ્ધ છે. ગુણોને ભિન્ન માનવાથી શું ચેતના ગુણના સંબંધથી અચેતન પદાર્થ ચેતન (જીવ) નહિ થઈ જાય ?

**ભાવાર્થ :–** જો ગુણોને દ્રવ્યથી પૃથક્ સ્વીકારવામાં આવશે તો એવી હાલતમાં ગુણ સ્વતંત્ર રહીને કોઈ વાર કોઈની સાથે અને કોઈ વાર કોઈ (બીજા) ની સાથે સંબંધ કરી શકશે. ચેતના ગુણને જો જીવનો ગુણ ન માનતા એક સ્વતંત્ર પદાર્થ માનવામાં આવે તો તે જેવી રીતે જીવમાં રહે છે તેવી જ રીતે કોઈ વાર અજીવ–જડ પદાર્થમાં પણ તે રહેશે. તેવી સ્થિતિમાં અજીવ પણ જીવ કહેવાશે. પછી તો પદાર્થોનો નિયમ જ નહિ રહી શકે, કોઈ પણ પદાર્થ કોઈ પણ રૂપે થઈ જશે. તેથી દ્રવ્યથી ગુણને ભિન્ન સત્તાવાળું માનવું સર્વથા મિથ્યા છે.

અથવા

**अथवा विना विशेषैः प्रदेशसत्त्वं कथं प्रमीयेत।**
**अपि च अन्तरेण देशैर्विशेषलक्ष्मावलक्ष्यते च कथम्।।४३।।**

**અર્થ :–** બીજી વાત એ પણ છે કે ગુણો વિના દ્રવ્યના પ્રદેશોની સત્તા જ જાણી શકાતી નથી અથવા પ્રદેશો વિના ગુણ પણ જાણી શકાતા નથી.

**ભાવાર્થ :–** ગુણોનો સમૂહ જ પ્રદેશ છે. સમુદાય વિના સમુદાયી રહી શકતું નથી અને સમુદાયી વિના સમુદાય રહી શકતો નથી –બંને વિના એક પણ રહી શકતું નથી અથવા બીજા શબ્દોમાં એમ કહેવું જોઈએ કે બંનેય એક જ વાત છે.

ગુણ, ગુણીને ભિન્ન માનવામાં દોષ

**अथ चैतयोः पृथक्त्वे हठादहेतोश्च मन्यमानेऽपि।**
**कथमिवगुणगुणिभावः प्रमीयते सत्समानत्वात्।।४४।।**

**અર્થ :–** જો હઠપૂર્વક કોઈ કારણ વિના જ ગુણ અને ગુણીને ભિન્ન ભિન્ન સત્તાવાળા જ માની લેવામાં આવશે, તો એવી સ્થિતિમાં બંનેની સત્તા સમાન થશે. સત્તા સમાન હોવાથી 'આ ગુણ છે અને આ ગુણી છે,' એ કેવી રીતે જાણી શકાશે ?

**ભાવાર્થ :–** જો ગુણ સમુદાયને દ્રવ્ય કહેવામાં આવે છે તો તો સમુદાયને ગુણી અને સમુદાયીને ગુણ કહે છે. પરંતુ ગુણ અને ગુણીને ભિન્ન માનવાથી બંનેય સમાન થશે, તે સમાનતામાં કોને ગુણ કહેવો અને કોને ગુણી કહેવો ? ગુણ ગુણીનો તફાવત જ જણાતો નથી.

સારાંશ

**तस्मादिदमनवद्यं देशविशेषास्तु निर्विशेषास्ते।**
**गुणसंज्ञकाः कथञ्चित्परिणतिरूपाः पुनः क्षणं यावत्।।४५।।**

**અર્થ :–** તેથી આ વાત નિર્દોષ સિદ્ધ છે કે દેશ-વિશેષ જ ગુણ કહેવાય છે. ગુણોમાં ગુણ રહેતા નથી. તે ગુણો પ્રતિક્ષણ પરિણમનશીલ છે પરંતુ સર્વથા વિનાશી નથી.

પ્રશ્ન

**एकत्वं गुणगुणिनोः साध्यं हेतोस्तयोरनन्यत्वात्।**
**तदपि द्वैतमिव स्यात् किं तत्र निबन्धनं त्विति चेत्।।४६।।**

**અર્થ :–** ગુણ ગુણી બંનેય એક છે કેમકે તે બંનેય ભિન્ન સત્તાવાળા નથી. અહીં અભિન્ન સત્તારૂપ હેતુથી ગુણ, ગુણીમાં એકપણું સિદ્ધ કરવામાં આવે છે, છતાં પણ એવું શું કારણ છે કે અખંડ પિંડ હોવા છતાં પણ દ્રવ્યમાં દ્વૈતભાવ જેવું જણાય છે ?

ઉત્તર

**यत्किञ्चिदस्ति वस्तु स्वतः स्वभावे स्थितं स्वभावश्च।**
**अविनाभावी नियमाद्विवक्षितो भेदकर्ता स्यात्।।४७।।**

**અર્થ :–** જે કોઈ વસ્તુ છે તે પોતાના સ્વભાવમાં (ગુણ–સ્વરૂપમાં) સ્થિત છે અને તે સ્વભાવ પણ નિશ્ચયથી તે સ્વભાવવાન (વસ્તુ)થી અવિનાભાવી–અભિન્ન છે પરંતુ વિવક્ષા વશ ભિન્ન માનવામાં આવે છે.

**ભાવાર્થ :–** જો કે સ્વભાવ, સ્વભાવવાન બંને અભિન્ન જ છે તો પણ અપેક્ષિત કથનથી સ્વભાવ અને સ્વભાવવાનમાં ભેદ માનવામાં આવે છે, વાસ્તવમાં ભેદ નથી.

ગુણના પર્યાયવાચી શબ્દ

**शक्तिर्लक्ष्मविशेषो धर्मो रूपं गुणः स्वभावश्च।**
**प्रकृतिः शीलं चाकृतिरेकार्थवाचका अमी शब्दाः।।४८।।**

**અર્થ :–** શક્તિ, લક્ષણ, વિશેષ, ધર્મ, રૂપ, ગુણ, સ્વભાવ, પ્રકૃતિ, શીલ અને આકૃતિ, આ બધા શબ્દો એક અર્થને કહે છે. બધા નામ ગુણના છે.

દ્રવ્યમાં અનંત ગુણ

**देशस्यैका शक्तिर्या काचित् सा न शक्तिरन्या स्यात्।**
**क्रमतो वितर्क्यमाणा भवन्त्यनन्ताश्च शक्तयो व्यक्ताः।।४९।।**

**અર્થ :–** દ્રવ્યની કોઈ પણ એક શક્તિ, બીજી શક્તિ રૂપ હોતી નથી. એવી રીતે ક્રમપૂર્વક પ્રત્યેક શક્તિના વિષયમાં વિચારતાં ભિન્ન ભિન્ન અનંત શક્તિઓ સ્પષ્ટપણે જણાય છે.

**ભાવાર્થ :–** દ્રવ્યમાં અનંત શક્તિઓ છે, તે બધી એક બીજીથી ભિન્ન છે. એક શક્તિ બીજી શક્તિ રૂપ કદી થતી નથી.

શક્તિઓની ભિન્નતામાં હેતુ

**स्पर्शो रसश्च गन्धो वर्णो युगपद्यथा रसालफले।**
**प्रतिनियतेन्द्रियगोचरचारित्वात्ते भवन्त्यनेकेऽपि।।५०।।**

**અર્થ :–** જેમ કેરીમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ ચારેય એકીસાથે પ્રાપ્ત થાય છે. તે ચારેય ગુણ ભિન્ન ભિન્ન નિયત ઇન્દ્રિયો દ્વારા જાણી શકાય છે તેથી તે ભિન્ન છે.

**ભાવાર્થ :–** કેરીમાં જે સ્પર્શ છે તેનું જ્ઞાન સ્પર્શન ઇન્દ્રિયથી થાય છે, રસનું જ્ઞાન રસનેન્દ્રિયથી થાય છે, ગંધનું જ્ઞાન નાસિકાથી થાય છે, રૂપનું જ્ઞાન આંખથી થાય છે. ભિન્ન ભિન્ન ઇન્દ્રિયોના વિષય હોવાથી તે ચારેય ગુણ ભિન્ન છે. એવી જ રીતે બધા ગુણોના કાર્ય પણ ભિન્ન ભિન્ન છે, તેથી બધા ગુણો ભિન્ન ભિન્ન છે.

ગુણોની ભિન્નતામાં દૃષ્ટાંત

**तदुदाहरणं चैतज्जीवे यद्दर्शनं गुणश्चैकः।**
**तन्न ज्ञानं न सुखं चारित्रं वा न कश्चिदितरश्च।।५१।।**

**અર્થ :–** બધા ગુણો પૃથક્ પૃથક્ છે, એ વિષયમાં આ ઉદાહરણ છે – જેમકે જીવ દ્રવ્યમાં જે એક દર્શન નામનો ગુણ છે, તે જ્ઞાન થઈ શકતો નથી, સુખ થઈ શકતો નથી, ચારિત્ર થઈ શકતો નથી અથવા બીજા પણ કોઈ ગુણ સ્વરૂપે નથી થઈ શકતો. દર્શન ગુણ સદા દર્શન રૂપ જ રહે છે.

**एवं यः कोपि गुणः सोपि च न स्यात्तदन्यरूपो वा।**
**स्वयमुच्छलन्ति तदिमा मिथो विभिन्नाश्च शक्तयोऽनन्ताः।।५२।।**

**અર્થ :–** એવી જ રીતે જે કોઈ પણ ગુણ છે તે બીજા ગુણરૂપ થઈ શકતો નથી તેથી દ્રવ્યની અનંત શક્તિઓ પરસ્પર ભિન્નતા રાખીને ભિન્ન ભિન્ન કાર્યો દ્વારા સ્વયં પરિણમ્યા કરે છે.

ગુણોમાં અંશવિભાગ

**तासामान्यतरस्या भवन्त्यनन्ता निरंशका अंशाः।**
**तरतमभागविशेषैरंशच्छेदैः प्रतीयमानत्वात्।।५३।।**

**અર્થ :–** તે શક્તિઓમાંથી પ્રત્યેક શક્તિના અનંત અનંત નિરંશ (જેનો ફરીથી અંશ ન થઈ શકે તે) અંશ હોય છે. હીનાધિક વિશેષ ભેદથી તે અંશોનું પરિજ્ઞાન થાય છે.

દૃષ્ટાંત

**दृष्टांतः सुगमोऽयं शुक्लं वासस्ततोऽपि शुक्लतरम्।**
**शुक्लतमं च ततः स्यादंशाश्चैते गुणस्य शुक्लस्य।।५४।।**

**અર્થ :–** એક સફેદ કપડાનું સુગમ દૃષ્ટાંત છે. કોઈ કપડું ઓછું સફેદ હોય છે, કોઈ તેનાથી અધિક સફેદ હોય છે, અને કોઈ તેનાથી પણ અધિક સફેદ હોય છે. આ બધા સફેદાઈના જ ભેદ છે. આ પ્રકારની તરતમતા (હીનાધિકતા) અનેક પ્રકારે હોઈ શકે છે, તેથી શુક્લ ગુણના અનેક (અનંત) અંશ કલ્પવામાં આવે છે.

બીજું દૃષ્ટાંત

**अथवा ज्ञानं यावज्जीवस्यैको गुणोऽप्यखण्डोऽपि।**
**सर्वजघन्यनिरंशच्छेदैरिव खण्डितोऽप्यनेकः स्यात्।।५५।।**

**અર્થ :–** બીજું દૃષ્ટાંત જીવના જ્ઞાન ગુણનું સ્પષ્ટ છે. જીવનો જ્ઞાન ગુણ જો કે એક છે અને તે અખંડ પણ છે તો પણ સૌથી જઘન્ય અંશોના ભેદથી ખંડિત જેવો અનેકરૂપ જણાય છે.

**ભાવાર્થ :–** સૂક્ષ્મ નિગોદિયા લબ્ધ્યપર્યાપ્તક જીવને અક્ષરના અનંતમા ભાગે જઘન્ય જ્ઞાન છે, તે જ્ઞાનમાં પણ અનંત અંશ (અવિભાગ પ્રતિચ્છેદ) છે, તે જ નિગોદિયાની ઉપરની ઉત્તરોત્તર અવસ્થાઓમાં થોડી થોડી જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે. દ્વિન્દ્રિય આદિ ત્રસ પર્યાયમાં વિશેષ વૃદ્ધિ થાય છે, વધતા વધતા તે જીવનો જ્ઞાન ગુણ એટલો વિશાળ થઈ જાય છે કે ચરાચર જગતની પ્રતિક્ષણે થનારી સર્વ અવસ્થાઓને એકસાથે જ સ્પષ્ટપણે જાણવા માંડે છે. આ જાતની વૃદ્ધિમાં સૌથી જઘન્ય વૃદ્ધિને જ એક અંશ કહે છે. તેનું

જ નામ અવિભાગ પ્રતિચ્છેદ છે. વિચારશીલ જીવ અનુભવી શકે છે કે એક જ જ્ઞાન ગુણમાં જઘન્ય અવસ્થાથી લઈને ક્યાં સુધી વૃદ્ધિ થાય છે. બસ આ જ ક્રમે થતો વૃદ્ધિ ભેદ સિદ્ધ કરે છે કે જ્ઞાન ગુણના ઘણા અંશો છે કે જે હીનાધિક રૂપે જણાય છે. એવી જ રીતે પ્રત્યેક ગુણના અંશ અનંત અનંત છે. એનું જ નામ અવિભાગ પ્રતિચ્છેદ છે.

ગુણોના અંશોમાં ક્રમ

**देशच्छेदो हि यथा न तथा छेदो भवेद्गुणांशस्य।**
**विष्कंभस्य विभागात्स्थूलो देशस्तथा न गुणभागः।।५६।।**

**અર્થ :–** જેમ દેશના છેદ (દેશાંશ) હોય છે, તેમ ગુણોના છેદ નથી હોતા. દેશના છેદ વિષ્કંભ (વિસ્તાર)ના ક્રમે હોય છે અને દેશ એક વિસ્તૃત પદાર્થ છે. ગુણ એવો નથી અને ન તો એના છેદ પણ એવા હોય છે પરંતુ તરતમ રૂપવાળા હોય છે.

**ભાવાર્થ :–** દેશના છેદ તો ભિન્ન ભિન્ન પ્રદેશસ્વરૂપ હોય છે, પરંતુ ગુણના છેદ સર્વ પ્રદેશોમાં વ્યાપક રહે છે. તે હીનાધિક રૂપે હોય છે.

ગુણોનો છેદક્રમ

**क्रमोपदेशश्चायं प्रवाहरूपो गुणः स्वभावेन।**
**अर्धच्छेदेन पुनश्छेत्तव्योपि च तदर्धछेदेन।५७।।**
**एवं भूयो भूयस्तदर्धछेदैस्तदर्धछेदैश्च**
**यावच्छेतुमशक्यो यः कोऽपि निरंशको गुणांशस्यात्।।५८।।**
**तेन गुणांशेन पुनर्गणिताः सर्वे भवन्त्यनन्तास्ते।**
**तेषामात्मा गुण इति न हि ते गुणतः पृथक्त्वसत्ताकाः।।५९।।**

**અર્થ :–** ગુણોના અંશોના છેદ કરવામાં ક્રમ કથનનો ઉપદેશ બતાવે છે કે ગુણ સ્વભાવથી જ પ્રવાહરૂપ છે અર્થાત્ દ્રવ્ય અનંત ગુણાત્મક પિંડની સાથે બરાબર વર્ત્યા

કરે છે. દ્રવ્ય અનાદિ–અનંત છે, ગુણ પણ અનાદિ–અનંત છે. દ્રવ્યની સાથે ગુણનો પ્રવાહ બરાબર ચાલે છે. તે ગુણ તેના અર્ધચ્છેદોથી છિન્ન ભિન્ન કરવા યોગ્ય છે. અર્થાત્ તે ગુણના અડધા અડધા છેદ કરવા જોઈએ, એવી રીતે વારંવાર તેના અર્ધચ્છેદ કરવા જોઈએ, તથા ત્યાં સુધી કરતા જવું જોઈએ કે જ્યારે પછી કોઈ પણ ગુણનો અંશ ફરીથી ન છેદી શકાય અને તેને નિરંશ સમજવો. તે છેદરૂપ કરેલા ગુણોના અંશોનો સરવાળો અનંત થાય છે. તે જ અંશોનો સમૂહ ગુણ કહેવાય છે. ગુણોના અંશ ગુણથી જુદી સત્તા ધરાવતા નથી પરંતુ તે અંશોનો સમૂહ જ એક સત્તાત્મક ગુણ કહેવાય છે.

પર્યાયના પર્યાયવાચક શબ્દ

**अपि चांशः पर्यायो भागो हारो विद्या प्रकारश्च।**
**भेदश्छेदो भंग शब्दाश्चैकार्थवाचका एते।।६०।।**

**અર્થ :–** અંશ, પર્યાય, ભાગ, હાર, વિધ, પ્રકાર, ભેદ, છેદ, ભંગ, આ બધા શબ્દ એક અર્થના વાચક છે. બધાનો અર્થ પર્યાય છે.

ગુણાંશ જ ગુણપર્યાય છે

**सन्ति गुणांशा इति ये गुणपर्यायास्त एव नाम्नाऽपि।**
**अविरुद्धमेतदेव हि पर्यायाणामिहांशधर्मत्वात्।।६१।।**

**અર્થ :–** જેટલા કોઈ ગુણાંશ છે તે જ ગુણપર્યાય કહેવાય છે. આ વાત અવિરુદ્ધપણે સિદ્ધ છે કે અંશ સ્વરૂપ જ પર્યાયો હોય છે.

ગુણપર્યાયનું નામાન્તર

**गुणपर्यायाणामिह केचिन्नामान्तरं वदन्ति बुधाः।**
**अर्थो गुण इति वा स्यादेकार्थादर्थपर्यया इति च।।६२।।**

**અર્થ :–** કેટલાક બુદ્ધિમાનો ગુણપર્યાયોનું બીજું નામ પણ કહે છે. ગુણ અને અર્થ, એ બંનેય એક અર્થવાળા છે તેથી ગુણપર્યાયને અર્થપર્યાય પણ કહી દે છે.

દ્રવ્યપર્યાયનું નામાન્તર

**अपि चोद्दिष्टानामिह देशांशैर्द्रव्यपर्ययाणां हि।**
**व्यञ्जनपर्याया इति केचिन्नामान्तरं वदन्ति बुधाः।।६३।।**

**અર્થ :–** દેશાંશો દ્વારા જે દ્રવ્યપર્યાયોનું ઉપર નિરૂપણ કરવામાં આવ્યું છે, તે દ્રવ્યપર્યાયોને કેટલાય બુદ્ધિશાળી જનો વ્યંજનપર્યાય નામથી પોકારે છે.

**ભાવાર્થ :–** પ્રદેશત્વ ગુણનું પરિણમન સંપૂર્ણ દ્રવ્યમાં થાય છે, તેથી તે ગુણના *પરિણમનને દ્રવ્યપર્યાય અથવા વ્યંજનપર્યાય કહે છે.

શંકાકાર

**ननु मोघमेतदुक्तं सर्वं पिष्टस्य पेषणन्यायात्।**
**एकेनैव कृतं यत् स इति यथा वा तदंश इति वा चेत्।।६४।।**

**અર્થ :–** ઉપર જે કાંઈ કહેવામાં આવ્યું છે, તે બધું પિષ્ટ પેષણ છે અર્થાત્ દળેલાને ફરીથી દળ્યું છે. એકના કથનથી જ કામ ચાલી શકે છે, કાં તો દ્રવ્ય જ કહેવું જોઈએ અથવા પર્યાય જ કહેવી જોઈએ. દ્રવ્ય અને પર્યાયનું જુદું જુદું કથન કરવું નિષ્ફળ છે?

ઉત્તર

**तन्नैवं फलवत्त्वाद् द्रव्यादेशादवस्थितं वस्तु।**
**पर्यायादेशादिदमनवस्थितमिति प्रतीतत्त्वात्।।६५।।**

* – પ્રદેશત્વ ગુણના પરિણમનને જો ગુણની દૃષ્ટિથી કહેવામાં આવે તો તેને ગુણપર્યાય પણ કહી શકાય છે.

**અર્થ :–** ઉપર જે શંકા કરવામાં આવી છે તે બરાબર નથી. દ્રવ્ય અને પર્યાય બંનેનું નિરૂપણ આવશ્યક છે. દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે. પર્યાયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે. આ વાતની પ્રતીતિ બંનેના કથનથી જ થાય છે.

**ભાવાર્થ :–** જો દ્રવ્ય અને પર્યાય બંનેનું નિરૂપણ ન કરવામાં આવે તો વસ્તુમાં કથંચિત્ નિત્યતા અને કથંચિત્ અનિત્યતાની સિદ્ધિ નહિ થઈ શકે તેથી બંનેનું નિરૂપણ નિષ્ફળ નથી, પરંતુ સફળ છે.

નિત્યતા અને અનિત્યતાનું દૃષ્ટાંત

**स यथा परिणामात्मा शुक्लादित्वादस्थितश्च पटः ।**
**अनवस्थितस्तदंशैस्तरतमपरूपैर्गुणस्य शुक्लस्य ।।६६।।**

**અર્થ :–** જેમ શુક્લાદિ અનંત ગુણોના સમૂહરૂપ વસ્ત્ર પોતાની અવસ્થાઓ ક્ષણે-ક્ષણે બદલ્યા કરે છે. અવસ્થાઓ બદલવા છતાં પણ શુક્લાદિ ગુણોનો નાશ કદી થતો નથી તેથી તો તે વસ્ત્ર નિત્ય છે. સાથોસાથ શુક્લાદિ ગુણોના 'તરતમ રૂપ અંશોની અપેક્ષાએ' અનિત્ય પણ છે. કેમકે એક અંશ (પર્યાય) બીજા અંશથી ભિન્ન છે.

**ભાવાર્થ :–** વસ્ત્ર, પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે અને દ્રવ્યદૃષ્ટિએ નિત્ય છે.

બીજું જીવનું દૃષ્ટાંત

**अपि चात्मा परिणामी ज्ञानगुणत्वादवस्थितोऽपि यथा।**
**अनवस्थितस्तदंशैस्तरतमरूपर्गुणस्य बोधस्य ।।६७।।**

**અર્થ :–** આત્મામાં જ્ઞાન ગુણ સદા રહે છે. જો જ્ઞાન ગુણનો આત્મામાં અભાવ થઈ જાય તો તે સમયે આત્માપણું જ નષ્ટ થઈ જાય. તેથી તે ગુણની અપેક્ષાએ તો આત્મા નિત્ય છે, પરંતુ તે ગુણના નિમિત્તે આત્માનું પરિણમન પ્રતિક્ષણ થયા કરે છે, કોઈવાર જ્ઞાન ગુણના અધિક અંશ વ્યક્ત થઈ જાય છે અને કોઈ વાર ઓછા અંશ પ્રગટ થઈ જાય છે, તે જ્ઞાનમાં સદા હીનાધિકતા (સંસારાવસ્થામાં) થયા કરે છે, તે

હીનાધિકતાના કારણે આત્મા કથંચિત્ અનિત્ય પણ છે.*

આશંકા

**यदि पुनरेवं न भवति भवति निरंशं गुणांशवद्द्रव्यम्।**
**यदि वा कीलकवदिदं भवति न परिणामि वा भवेत् क्षणिकम्।।६८।।**
**अथ चेदिदमाकूतं भवन्त्वनन्ता निरंशका अंशाः**
**तेषामपि परिणामो भवतु समांशो न तरतमांशः स्यात्।।६९।।**

**અર્થ :–** ઉપર કહેલી દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યવસ્થા ન માનવામાં આવે અને ગુણાંશની જેમ નિરંશ દ્રવ્ય માનવામાં આવે અથવા તે નિરંશ દ્રવ્યને પરિણામી ન માનતાં કૂટસ્થ (લુહારને ત્યાં લોઢું ટીપવા માટે જમીનમાં દાટેલી એરણ) ની જેમ નિત્ય માનવામાં આવે અથવા તે દ્રવ્યને સર્વથા ક્ષણિક જ માનવામાં આવે અથવા તે દ્રવ્યના અનંત નિરંશ અંશ માનીને તે અંશોનું સમાન રૂપે પરિણમન માનવામાં આવે, તરતમ રૂપે ન માનવામાં આવે તો ક્યો દોષ આવે ?

ઉત્તર

**एतत्पक्षचतुष्टयमपि दुष्टं दृष्टबाधितत्वाच्च।**
**तत्साधकप्रमाणाभावादिह सोऽप्यदृष्टान्तात्।।७०।।**

**અર્થ :–** ઉપર કહેલા ચારેય વિકલ્પ દોષસહિત છે, ચારેય વિકલ્પોમાં પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા બાધા આવે છે તથા તેમનું સાધક કોઈ પ્રમાણ પણ નથી અને તેમની સિદ્ધિમાં કોઈ દૃષ્ટાંત પણ નથી.

**ભાવાર્થ :–** જો દ્રવ્યને ગુણાંશની જેમ માનવામાં આવે તો ગુણોનું પરિણમન એક દેશમાં જ થશે અથવા કોઈ પણ ગુણનું કાર્ય આખી વસ્તુમાં નહિ થઈ શકે. જો તે

* – પદાર્થોની અવસ્થા ભેદના નિમિત્તે મુક્ત જીવોના જ્ઞાનમાં પણ પરિણમન થાય છે તેથી મુક્ત આત્માઓમાં પણ કથંચિત્ અનિત્યતા સિદ્ધ થાય છે.

દ્રવ્યને નિત્ય માનવામાં આવે તો તેમાં કોઈ ક્રિયા થઇ શકે નહિ. ક્રિયાના અભાવમાં પુણ્યફળ, પાપફળ, બંધ, મોક્ષ આદિ વ્યવસ્થા કાંઈ પણ બની શકે નહિ. આ જ પ્રમાણે સર્વથા ક્ષણિક માનવામાં પ્રત્યભિજ્ઞાન (આ તે જ છે કે જેને મેં પહેલાં જોયું હતું એ પ્રકારનું જ્ઞાન) થઈ શકતું નથી, કાર્યકારણ ભાવ પણ બની શકતો નથી. હેતુ–ફળ–ભાવ પણ બની શકતો નથી અને પરસ્પર વ્યવહાર પણ થઈ શકતો નથી.[1]

જો નિરંશ અંશ માની, તેમનું સમાન પરિણમન માનવામાં આવે, તરતમરૂપે ન માનવામાં આવે તો દ્રવ્ય સદા એકસરખું રહેશે, તેમાં અવસ્થાભેદ નહિ થઈ શકે. તેથી ઉપર્યુક્ત ચારેય વિકલ્પ મિથ્યા છે, તેમાં અનેક બાધાઓ આવે છે. હવે પ્રસંગ અનુસાર અહીં દ્રવ્યનું સ્વરૂપ કહેવામાં આવે છે.

દ્રવ્ય–લક્ષણ–ઉપક્રમ

**द्रव्यत्त्वं किन्नाम [2]पृष्टश्चेतीह केनचित् सूरिः ।**
**प्राह प्रमाणसुनयैरधिगतमिव लक्षणं तस्य ।।७१ ।।**

**અર્થ :–** કોઈએ આચાર્યને પૂછ્યું કે મહારાજ ! દ્રવ્ય એ શી ચીજ છે ? આવો પ્રશ્ન થતાં આચાર્ય તે દ્રવ્યનું પ્રમાણ અને સુનયો દ્વારા સારી રીતે મનન કરેલું લક્ષણ કહેવા લાગ્યા.

---

૧ – જો નિત્ય એકાન્ત અને અનિત્ય એકાંતનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો નીચે લખેલી કારિકાઓના પ્રકરણમાં અષ્ટસહસ્ત્રી નામનું શાસ્ત્ર જોવું જોઈએ.

**नित्यत्त्वैकान्तपक्षेपि विक्रिया नोपपद्यते ।**
**प्रागेव कारकाभावः क्व प्रमाण क्व तत्फलम् ।।१ ।।**
**क्षणिकैकान्तपक्षेपि प्रेत्यभावाद्यसंभवः ।**
**प्रत्यभिज्ञाद्यभावान्न कार्यारंभ कुंतः फलम् ।।२ ।।**

૨ – 'इव' ના સ્થાનમાં 'इह' હોય અને 'पृष्टश्चेतीह' ના સ્થાનમાં 'पृष्टश्चेतीव' હોય તે વધારે સારું છે.

દ્રવ્યનું લક્ષણ

**गुणपर्ययवद् द्रव्यं लक्षणमेतत्सुसिद्धमविरुद्धम्।**
**गुणपर्ययसमुदायो द्रव्यं पुनरस्य भवति वाक्यार्थः।।७२।।**

**અર્થ :–** જેમાં ગુણ અને પર્યાય પ્રાપ્ત હોય, તે દ્રવ્ય છે. દ્રવ્યનું આ લક્ષણ સારી રીતે સિદ્ધ થયેલું છે. આ લક્ષણમાં કોઈ જાતનો વિરોધ આવતો નથી. 'ગુણ, પર્યાય જેમાં પ્રાપ્ત હોય તે દ્રવ્ય' છે. આ વાક્યનો સ્પષ્ટ અર્થ એ છે કે ગુણ અને પર્યાયોનો સમુદાય જ દ્રવ્ય છે.

**ભાવાર્થ :–** 'ગુણપર્યયવદ્ દ્રવ્યમ્' આ વાક્યમાં 'વતુપ્' પ્રત્યય છે. તેનો એવો અર્થ નીકળે છે કે ગુણ, પર્યાયવાળું દ્રવ્ય છે. આ કથનથી કોઈ એમ ન સમજી લે કે ગુણ અને પર્યાય કોઈ જુદા પદાર્થ છે કે જે દ્રવ્યમાં રહે છે અને તે બંનેના આધારભૂત દ્રવ્ય કોઈ બીજો પદાર્થ છે. આવો ખોટો અર્થ કોઈ સમજે એવી આશંકાથી આચાર્ય નીચેના ચરણમાં સ્વયં તે વાક્યનો સ્પષ્ટ અર્થ કરે છે કે ગુણ, પર્યાયવાળું દ્રવ્ય છે અથવા ગુણ, પર્યાય જેમાં પ્રાપ્ત હોય તે દ્રવ્ય છે, તે બંનેનો એ જ અર્થ છે કે ગુણપર્યાયોનો સમૂહ જ દ્રવ્ય છે. આ વાત પહેલાં કહેવામાં આવી ગઈ છે કે અનંત ગુણોનો અખંડ પિંડ જ દ્રવ્ય છે, અને તે ગુણો ક્ષણેક્ષણે પોતાની અવસ્થા બદલ્યા કરે છે તેથી ત્રિકાળવર્તી પર્યાયો સહિત જે ગુણોનો અખંડ પિંડ છે તે જ દ્રવ્ય છે. ગુણ, પર્યાયથી પૃથક્ કોઈ દ્રવ્ય પદાર્થ નથી. આ જ વાતને સ્પષ્ટ કરતાં કેટલાંક આચાર્યોનું કથન પ્રગટ કરે છે.

દ્રવ્યનું લક્ષણ

**गुणसमुदायो द्रव्यं लक्षणमेतावताप्युशन्ति बुधाः।**
**समगुणपर्यायो वा द्रव्यं कैस्विन्निरूप्यते वृद्धैः।।७३।।**

**અર્થ :–** કોઈ કોઈ બુધજનો 'ગુણસમુદાય જ દ્રવ્ય છે' આવું પણ દ્રવ્યનું લક્ષણ કહે છે. કોઈ વિશેષ અનુભવી પુરુષ સાથે સાથે થનારી ગુણોની પર્યાયોને જ દ્રવ્યનું લક્ષણ બતાવે છે.

**ભાવાર્થ :–** પહેલાં શ્લોકમાં ગુણ અને પર્યાય બંનેને દ્રવ્યનું લક્ષણ કહેવામાં આવ્યું હતું, પરંતુ અહીં પર્યાયોને ગુણોથી પૃથક્ પદાર્થ ન સમજતાં ગુણ સમુદાયને જ દ્રવ્ય કહેવામાં આવ્યું છે. વાસ્તવમાં ગુણોની અવસ્થા વિશેષ જ પર્યાયો છે. ગુણોથી સર્વથા ભિન્ન પર્યાય (નામનો) કોઈ પદાર્થ નથી. તેથી ગુણ, પર્યાયમાં અભેદ બુદ્ધિ કરીને ગુણ સમુદાયને જ દ્રવ્ય કહેવામાં આવ્યું છે. જો ગુણોથી પર્યાય ભિન્ન વસ્તુ ન હોય પરંતુ તે ગુણોની જ અવસ્થાવિશેષ હોય તો એ વાત પણ સિદ્ધ થયેલી માનવી જોઈએ કે તે અવસ્થાઓનો સમૂહ જ ગુણ છે. ત્રિકાળવર્તી અવસ્થાઓના સમૂહ સિવાય ગુણ કોઈ બીજો પદાર્થ નથી. આ વાત પહેલાં પણ સ્પષ્ટ રીતે કહેવામાં આવી ગઈ છે કે ગુણોનાં અંશોનું નામ જ પર્યાય છે અને તે અંશોનો સમૂહ જ ગુણ છે. જો પર્યાય સમૂહ જ ગુણ છે તો ગુણ સમુદાયને દ્રવ્ય કહો અથવા પર્યાય સમુદાયને દ્રવ્ય કહો, બંનેનો એક જ અર્થ છે. ગુણોથી પર્યાયોને અભિન્ન સમજીને જ અખંડ અનંત ગુણોની ત્રિકાળવર્તી પર્યાયોને જ દ્રવ્ય કહેવામાં આવ્યું છે.

ફરીથી આનું જ સ્પષ્ટીકરણ

**अयमत्राभिप्रायो ये देशास्तद्गुणास्तदंशाश्च।**
**एकालापेन समं द्रव्यं नाम्ना त एव निरशेषम्।।७४।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો એ અભિપ્રાય છે કે જે દેશ છે, તે દેશમાં રહેનારા જે ગુણો છે તથા તે ગુણોનાં જે અંશ છે તે ત્રણેનો ય એક આલાપ (એક શબ્દ દ્વારા કહેવું) તે દ્રવ્ય છે.

**न हि किंचित् सत् द्रव्यम् केचित्सन्तो गुणाः प्रदेशाश्च।**
**केचित्सन्ति तदंशा द्रव्यं तत्सन्निपाताद्वा।।७५।।**

**અર્થ :–** એમ નથી કે દ્રવ્ય કોઈ જુદો પદાર્થ છે. ગુણ કોઈ જુદો પદાર્થ છે, પ્રદેશ જુદો પદાર્થ છે, તેમના અંશો કોઈ જુદો પદાર્થ છે અને તે બધાના મેળાપથી દ્રવ્ય કહેવાય છે.

તથા એમ પણ નથી

**अथवापि यथा भित्तौ चित्रं द्रव्ये तथा प्रदेशाश्च।**
**सन्ति गुणाश्च तदंशाः समवायित्त्वात्तदाश्रयात्द्रव्यम्।।७६।।**

**અર્થ :–** અથવા એમ પણ નથી કે જેમ ભીંત ઉપર ચિત્ર દોરેલું હોય છે અર્થાત્ જેમ ભીંતમાં ચિત્ર હોય છે, તે ભીંત ઉપર રહે છે પરંતુ ભીંતથી જુદો પદાર્થ છે તેવી જ રીતે દ્રવ્યમાં પ્રદેશ, ગુણ અંશ રહે છે અને * સમવાય સંબંધથી તેમને આશ્રય આપનાર દ્રવ્ય છે.

**ભાવાર્થ :–** એમ પણ નથી કે દેશ, દેશાંશ, ગુણ, ગુણાંશ ચારેય જુદા જુદા પદાર્થ છે અને તેમનો સમૂહ તે દ્રવ્ય કહેવાય છે. પરંતુ ચારેય અખંડરૂપે દ્રવ્ય કહેવાય છે. ભેદ વિવક્ષાથી જ ચાર જુદી જુદી સંજ્ઞા કહેવાય છે. અભેદ વિવક્ષાથી ચારેય અભિન્ન છે અને તે જ ચારેયની અભિન્નતાને દ્રવ્ય કહે છે.

ઉદાહરણ

**इदमस्ति यथा मूलं स्कन्धः शाखा दलानि पुष्पाणि।**
**गुच्छाः फलानि सर्वाण्येकालापत्तदात्मको वृक्षः।।७७।।**

**અર્થ :–** જેમ મૂળ, થડ, ડાળી, પાંદડા, ફૂલ, ઝૂમખાં, ફળ એ બધા મળીને એક આલાપ (શબ્દ) થી વૃક્ષ કહેવાય છે. વૃક્ષ, મૂળ, થડ, ડાળી આદિથી ભિન્ન કોઈ પદાર્થ નથી પરંતુ એમનો સમુદાય જ વૃક્ષ કહેવાય છે અથવા વૃક્ષ સિવાય શાખા આદિ ભિન્ન કોઈ પદાર્થ નથી. એ જ રીતે દેશ, દેશાંશ, ગુણ, ગુણાંશનો સમૂહ જ દ્રવ્ય છે. દ્રવ્યથી ભિન્ન ન તો દેશાદિ છે અને દેશાદિથી ભિન્ન ન દ્રવ્ય પણ છે.

* – ભિન્ન ભિન્ન પદાર્થોના ઘનિષ્ટ નિત્ય સંબંધને સમવાય સંબંધ કહે છે, ગુણ, ગુણીને ભિન્ન માનીને તેમનો નિત્ય સંબંધ નૈયાયિક દર્શન માને છે.

કારક અને આધારાધેયની અભિન્નતા

**यद्यपि भिन्नोऽभिन्नो दृष्टान्तः कारकश्च भवतीह।**
**ग्राह्यस्तथाप्यभिन्नो साध्ये चास्मिन् गुणात्मके द्रव्ये।।७८।।**

**અર્થ :–** જો કે દૃષ્ટાંત અને કારક ભિન્ન પણ હોય છે અને અભિન્ન પણ હોય છે. અહીં ગુણ સમુદાય રૂપ દ્રવ્યની સિદ્ધિમાં અભિન્ન દૃષ્ટાંત અને અભિન્ન જ કારક લેવા જોઈએ. આગળ ખુલાસો કરવામાં આવે છે.

બંનેની ભિન્નતામાં દૃષ્ટાંત

**भिन्नोऽप्यथ दृष्टान्तो भित्तौ चित्रं यथा दधीह घटे।**
**भिन्नः कारक इति वा कश्चिद्धनवान धनस्य योगेन्।।७९।।**

**અર્થ :–** આધારાધેયની ભિન્નતાનું દૃષ્ટાંત આ રીતે છે કે જેમ ભીંત ઉપર ચિત્ર હોય છે અથવા ઘડામાં દહીં રાખ્યું હોય છે, ભીંત ભિન્ન પદાર્થ છે અને તેના ઉપર દોરેલું ચિત્ર બીજો પદાર્થ છે. એવી જ રીતે ઘડો જુદો પદાર્થ છે અને તેમાં રાખેલું દહીં જુદો પદાર્થ છે, તેથી આ બંનેય દૃષ્ટાંત આધારાધેયની ભિન્નતામાં છે. ભિન્ન કારકનું દૃષ્ટાંત આ રીતે છે – જેમ કોઈ મનુષ્ય ધનના નિમિત્તે ધનવાન કહેવાય છે. અહીં ધન બીજો પદાર્થ છે અને મનુષ્ય બીજો પદાર્થ છે. ધન અને પુરુષનો સ્વ-સ્વામી સંબંધ કહેવાય છે. આ સ્વ-સ્વામી સંબંધ ભિન્નતાનો છે.

**ભાવાર્થ :–** જેમ ધનવાન પુરુષ, આ ભિન્નતામાં સ્વ-સ્વામી સંબંધ છે તેવો ગુણ-પર્યાયવાન દ્રવ્ય, એ સંબંધ નથી. અથવા જેવો આધારાધેય ભાવ ભીંત અને ચિત્રમાં છે તેવો દ્રવ્ય ગુણમાં નથી પરંતુ કારક અને આધારાધેય બંનેય અભિન્ન છે.

બંનેની અભિન્નતામાં દૃષ્ટાંત

**दृष्टान्तश्चाभिन्नो वृक्षे शाखा यथा गृहे स्तम्भः।**
**अपि चाभिन्नः कारक इति वृक्षोऽयं यथा हि शाखावान्।।८०।।**

**અર્થ :–** આધારાધેયની અભિન્નતામાં દૃષ્ટાંત આ રીતે છે, જેમ વૃક્ષમાં શાખા અથવા ઘરમાં થાંભલો. કારકની અભિન્નતામાં દૃષ્ટાંત આ રીતે છે જેમ–આ વૃક્ષ શાખાવાળું છે.

**ભાવાર્થ :–** અહીં વૃક્ષ અને શાખા તથા ઘર અને સ્તંભ બંનેય અભિન્નતાના દૃષ્ટાંત છે. વૃક્ષથી શાખા જુદો પદાર્થ નથી અને ઘરથી થાંભલો જુદો પદાર્થ નથી. એવી જ રીતે 'વૃક્ષ શાખાવાળું છે,' આ સ્વ-સ્વામી સંબંધ પણ અભિન્નતાનો છે. આ જ અભિન્ન આધાર–આધેય અને અભિન્ન કારકની જેમ ગુણ, પર્યાય અને દ્રવ્યને સમજવા જોઈએ.

શંકાકાર

**समवायः समवायी यदि वा स्यात्सर्वथा तदेकार्थः।**
**समुदायो वक्तव्यो न चापि समवायवानिति चेत्।।८१।।**

**અર્થ :–** જો સમવાય અને સમવાયી અર્થાત્ ગુણ અને દ્રવ્ય બંનેય સર્વથા એકાર્થ વાચક હોય, તો એવી સ્થિતિમાં ગુણ સમુદાય જ કહેવો જોઈએ. દ્રવ્યનું કથન કરવાની કોઈ આવશ્યકતા નથી.

ઉત્તર

**तन्न यतः समुदायो नियतं समुदायिनः प्रतीतत्त्वात्।**
**व्यक्तप्रमाणसाधितसिद्धत्वाद्वा सुसिद्धदृष्टान्तात्।।८२।।**

**અર્થ :–** ઉપુર્યુક્ત શંકા બરાબર નથી, કેમકે સમુદાય નિયમથી સમુદાયીનો હોય છે. આ વાત પ્રસિદ્ધ પ્રમાણથી સિદ્ધ થયેલી છે અને પ્રસિદ્ધ દૃષ્ટાંતથી પણ આ વાત સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** જો કે * સળીઓનો સમૂહ જ સાવરણી છે. તોપણ સળીઓના સમુદાયથી જ ઘરનો કચરો દૂર કરવામાં આવે છે, સળીઓથી નહિ તેથી સમુદાય અને સમુદાયી કથંચિત્ ભિન્ન પણ છે અને કથંચિત્ અભિન્ન પણ છે.

* — સળીઓનું દૃષ્ટાંત સ્થૂળ દૃષ્ટાંત છે. કેવળ સમુદાયાંશમાં જ તેને ઘટાવવું જોઈએ.

ખુલાસો

**स्पर्शरसगन्धवर्णा लक्षणभिन्ना यथा रसालफले।**
**कथमपि हि पृथक्कर्तुं न तथा शक्यास्त्वखण्डदेशत्वात्।।८३।।**

**અર્થ :–** જો કે આમ્રફળમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ ભિન્ન ભિન્ન છે કેમકે એમના લક્ષણ ભિન્ન ભિન્ન છે તોપણ બધા અખંડપણે એકરૂપ છે, કોઈ રીતે જુદા જુદા કરી શકાતા નથી.

**ભાવાર્થ :–** સ્પર્શનું જ્ઞાન સ્પર્શન ઇન્દ્રિયથી થાય છે, રસનું જ્ઞાન રસના ઇન્દ્રિયથી થાય છે, ગંધનું જ્ઞાન નાકથી થાય છે અને વર્ણનું જ્ઞાન આંખથી થાય છે. તેથી આ ચારેય ભિન્ન ભિન્ન લક્ષણોવાળા છે, પરંતુ ચારેયનો તાદાત્મ્ય સંબંધ છે, કદી પણ તે જુદા જુદા થઈ શકતા નથી. તેથી તે લક્ષણભેદથી ભિન્ન છે, સમુદાયરૂપે અભિન્ન છે. માટે ગુણ અને ગુણીમાં કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ સ્પષ્ટતાથી સિદ્ધ થાય છે.

સારાંશ

**अत एव यथा वाच्या देशगुणांशा विशेषरूपत्वात्।**
**वक्तव्यं च तथा स्यादेकं द्रव्यं त एव सामान्यात्।।८४।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી એ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ કે વિશેષ કથનની અપેક્ષાએ દ્રવ્ય, ગુણ, પર્યાય બધા જુદા જુદા છે અને સામાન્ય કથનની અપેક્ષાથી તે જ બધા દ્રવ્ય કહેવાય છે.

વિશેષ લક્ષણ કહેવાની પ્રતિજ્ઞા

**अथ चैतदेव लक्षणमेकं वाक्यान्तरप्रवेशेन**
**निष्प्रतिघपतिपत्त्यै विशेषतो लक्षयन्ति बुधाः।।८५।।**

**અર્થ :–** 'गुणपर्ययवत् द्रव्यम्' આ જ એક લક્ષણની નિર્બાધ પ્રતીતિ કરાવવા માટે વાક્યાન્તર દ્વારા (બીજી રીતે) વિશેષપણે પણ જ્ઞાનીઓ કહે છે.

**ભાવાર્થ :–** હવે દ્રવ્યનું બીજું લક્ષણ કહે છે પરંતુ તે બીજું લક્ષણ ઉપર્યુક્ત (गुणपर्ययवत् द्रव्यम्) લક્ષણથી ભિન્ન નથી પરંતુ તેનું જ સ્પષ્ટીકરણ છે.

## દ્રવ્યનું લક્ષણ

**उत्पादस्थितिभंगैर्युक्तं सद्द्रव्यलक्षणं हि यथा।**
**एतैरेव समस्तैः पृक्तं सिद्धेत्समं न तु व्यस्तैः।।८६।।**

**અર્થ :–** પહેલાં જે દ્રવ્યનું લક્ષણ 'સત્' કહેવામાં આવ્યું છે તે સત્ ઉત્પાદ, સ્થિતિ, ભંગ આ ત્રણેથી સહિત જ દ્રવ્યનું લક્ષણ છે. એટલું વિશેષ છે કે આ ત્રણેનું સહિતપણું ભિન્ન ભિન્ન કાળે નથી હોતું, પરંતુ એક જ કાળે હોય છે.

**ભાવાર્થ :–** એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણે અવસ્થાઓ સહિત સત્ જ દ્રવ્યનું લક્ષણ છે.

## તેનું જ સ્પષ્ટીકરણ

**[1]अयमर्थः प्रकृतार्थो ध्रौव्योत्पादव्ययायास्त्रयश्चांशाः।**
**नाम्ना सदिति गुणः स्यादेकोऽनेके त एकशः प्रोक्ताः।।८७।।**

**અર્થ :–** આ પ્રકરણનો આ અર્થ છે કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણેય અંશ એક સત્ ગુણના છે તેથી એ ત્રણેને ય સમુદાય રૂપે 'સત્' માત્ર કહી દેવામાં આવે છે અને ક્રમથી તે ત્રણેય જુદા જુદા અનેક છે.

**ભાવાર્થ :–** દ્રવ્યમાં એક અસ્તિત્વ નામનો ગુણ છે, તેને જ સત્તા પણ કહે છે. તે સત્ ગુણ જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મક છે તેથી પ્રત્યેકની અપેક્ષાએ ત્રણે જુદા જુદા

૧ – આ શ્લોક દ્વારા તત્ત્વાર્થસૂત્રના 'सद्द्रव्यलक्षण' અને 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' આ જ બંને સૂત્રોનો આશય પ્રગટ કરવામાં આવ્યો છે.

છે, પરંતુ સમુદાયની અપેક્ષાએ કેવળ સત્ ગુણ સ્વરૂપ છે.

સત્ ગુણ પણ છે અને દ્રવ્ય પણ છે

**लक्ष्यस्य लक्षणस्य च भेदविवक्षाश्रयात्सदेव गुणः।**
**द्रव्यार्थादेशादिह तदेव सदिति स्वयं द्रव्यम्।।८८।।**

**અર્થ :–** લક્ષ્ય અને લક્ષણની ભેદવિવક્ષાથી તો સત્ ગુણ જ છે પરંતુ દ્રવ્યાર્થિક દૃષ્ટિથી તે જ સત્ સ્વયં દ્રવ્ય સ્વરૂપ છે.

**ભાવાર્થ :–** વસ્તુમાં અનંત ગુણ છે. તે ગુણોમાંથી પ્રત્યેકને [1] ચાળણી ન્યાયથી જો દ્રવ્યનું લક્ષણ માનવામાં આવે તો તે અવસ્થામાં દ્રવ્ય લક્ષ્ય ઠરશે અને ગુણ તેનું લક્ષણ ઠરશે. લક્ષ્ય લક્ષણની અપેક્ષાથી જ ગુણ ગુણીમાં કથંચિત્ ભેદ છે. આ જ દૃષ્ટિથી સત્તા અને દ્રવ્યમાં કથંચિત ભેદ છે, પરંતુ ભેદ વિકલ્પ બુદ્ધિ ખસેડીને કેવળ દ્રવ્યાર્થિક દૃષ્ટિથી સત્તા અને દ્રવ્ય બંનેમાં કાંઈ પણ ભેદ નથી, જે દ્રવ્ય છે તે જ સત્તા છે. એનો ખુલાસો આ પ્રમાણે છે કે બધા ગુણોમાં અભિન્નતા હોવાથી કોઈ એક ગુણ દ્વારા આખી વસ્તુનું ગ્રહણ થઈ જાય છે. આ [2] કથનથી સત્તા કહેવાથી પણ દ્રવ્યનો જ બોધ થાય છે અને દ્રવ્યત્વ કહેવાથી પણ દ્રવ્યનો જ બોધ થાય છે. વસ્તુત્વ કહેવાથી પણ દ્રવ્ય (વસ્તુ)નો જ બોધ થાય છે. નય દૃષ્ટિથી સત્તા, દ્રવ્યત્વ અને વસ્તુત્વ કહેવાથી કેવળ તે જ ગુણોનું ગ્રહણ થાય છે. અભેદ બુદ્ધિ રાખવાથી ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણે અવસ્થાઓ દ્રવ્યની કહેવાય છે. તેથી દ્રવ્ય જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મક છે.

**वस्त्वस्ति स्वतःसिद्धं यथा तथा तत्स्वतश्च परिणामि।**
**तस्मादुत्पादस्थितिभंगमयं तत् सदेतदिह नियमात्।।८९।।**

---

૧ – લોટ ચાળતી વખતે ક્રમે ક્રમે ચાળણીના બધા છિદ્રોમાંથી લોટ નીકળે છે એને જ 'ચાળણી ન્યાય' કહે છે.

૨ – આ જ કથન પ્રમાણ કથન કહેવાય છે, પ્રમાણનું લક્ષણ આ પ્રમાણે છે :– 'एक गुण-मुखेनाऽशेषवस्तुकथनमिति'।

**અર્થ :–** જેમ વસ્તુ અનાદિનિધન સ્વતઃસિદ્ધ અવિનાશી છે તેમ પરિણામી પણ છે તેથી ઉત્પાદ, સ્થિતિ, ભંગ સ્વરૂપ નિયમથી સત્ (દ્રવ્ય) છે.

**ભાવાર્થ :–** વસ્તુ કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. દ્રવ્યદૃષ્ટિથી નિત્ય છે, ઉત્પાદાદિ પર્યાયદૃષ્ટિથી અનિત્ય છે.

વસ્તુને પરિણામી ન માનવામાં દોષ

**न हि पुनरुत्पादस्थितिभंगमयं तद्विनापि परिणामात्।**
**असतो जन्मत्त्वादिह सतो विनाशस्य दुर्निवारत्वात्।।९०।।**

**અર્થ :–** જો પરિણામ વિના જ વસ્તુને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ માનવામાં આવે તો અસત્‌ની ઉત્પત્તિ અને સત્‌નો વિનાશ અવશ્ય થશે.

**ભાવાર્થ :–** વસ્તુને પરિણમનશીલ માનીને જો ઉત્પાદાદિ ત્રણ માનવામાં આવે તો તો વસ્તુમાં નિત્યતા કાયમ રહે છે. જો તેને પરિણમનશીલ માન્યા વિના તેમાં ઉત્પાદાદિ માનવામાં આવે તો વસ્તુ સર્વથા અનિત્ય ઠરશે અને પાછી નવી વસ્તુનો ઉત્પાદ થશે અને જે છે તેનો નાશ થઈ જશે. પરંતુ આ વ્યવસ્થા [૧]પ્રમાણ બાધિત છે તેથી વસ્તુને પરિણામી માનવી જોઈએ. પછી તો કોઈ પરિણામથી વસ્તુ ઉત્પન્ન થશે, કોઈથી નષ્ટ પણ થશે અને કોઈથી સ્થિર પણ રહેશે. આ જ વાત આગળ સ્પષ્ટ કરે છે :–

**द्रव्यं ततः कथंचित्केनचिदुत्पद्यते हि भावेन्।**
**व्येति तदन्येन पुनर्नैतद्द्वितीयं हि वस्तुतया।।९१।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી દ્રવ્ય પરિણામી સિદ્ધ થઈ ગયું તેથી તે કોઈ અવસ્થાથી કથંચિત્ ઉત્પન્ન પણ થાય છે, કોઈ બીજી અવસ્થાથી કથંચિત્ નષ્ટ પણ થાય છે. વસ્તુ સ્થિતિએ ઉત્પત્તિ અને નાશ બંનેય વસ્તુમાં હોતા નથી.

**ભાવાર્થ :–** કોઈ પરિણામથી વસ્તુમાં ધ્રૌવ્ય (કથંચિત્ નિત્યતા) પણ રહે છે.

૧ – આમ માનવાથી જે દોષ આવે છે, તેનું કથન પહેલાં કરી દીધું છે.

ઉત્પાદાદિ ત્રયનાં ઉદાહરણ

**इह घटरूपेण यथा प्रादुर्भवतीति पिण्डरूपेण।**
**व्येति तथा युगपत्स्यादेतद्द्वितयं न मृत्तिकात्वेन।।१९२।।**

**અર્થ :–** વસ્તુ ઘટ રૂપે ઉત્પન્ન થાય છે, પિંડ રૂપે નષ્ટ થાય છે, માટી રૂપે સ્થિર છે. આ ત્રણેય અવસ્થાઓ એક જ કાળે થાય છે. પરંતુ એકરૂપ નથી.

શંકાકાર

**ननु ते विकल्पमात्रमिह यदकिञ्चित्करं तदेवेति।**
**एतावतापि न गुणो हानिर्वा तद्विना यतस्त्विति चेत्।।१९३।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે આ સર્વ તમારી કલ્પના માત્ર છે અને તે વ્યર્થ છે. ઉત્પાદાદિ ત્રય માનવાથી ન તો કોઈ ફાયદો છે અને એને ન માનવાથી કોઈ હાનિ પણ દેખાતી નથી.

ઉત્તર

**तन्न यतो हि गुणः स्यादुत्पादादिकत्रयात्मके द्रव्ये।**
**तन्निनह्वे च न गुणः सर्वद्रव्यादिशून्यदोषत्वात्।।१९४।।**

**અર્થ :–** શંકાકારની ઉપર્યુક્ત શંકા બરાબર નથી કારણકે ઉત્પાદાદિ ત્રય સ્વરૂપ વસ્તુ માનવાથી જ ફાયદો છે, તેને ન માનવામાં કોઈ લાભ નથી, ઊલટું દ્રવ્ય, પરલોક, કાર્ય કારણ આદિ પદાર્થોની શૂન્યતાનો પ્રસંગ આવવાથી હાનિ છે.

પરિણામ ન માનવામાં દોષ

**परिणामाभावादपि द्रव्यस्य स्यादनन्यथावृत्तिः।**
**तस्यामिह परलोको न स्यात्कारणमथापि कार्यं वा।।१९५।।**

**અર્થ :–** પરિણામને ન માનવાથી દ્રવ્ય સદા એકસરખું જ રહેશે. તે સ્થિતિમાં પરલોક, કાર્યકારણ આદિ કોઈ પણ ટકી શકશે નહિ.

**ભાવાર્થ :–** દૃષ્ટાંત માટે જીવ દ્રવ્ય જ લઈ લ્યો. જો જીવ દ્રવ્યમાં પરિણમન ન માનવામાં આવે, તેને સદા એકસરખું જ માનવામાં આવે, તો પુણ્ય પાપનું કાંઈ પણ ફળ બની શકે નહિ અથવા મોક્ષ માટે સર્વ પ્રયત્ન વ્યર્થ છે. એવી જ રીતે અવસ્થા ભેદ ન માનવામાં કાર્યકારણ ભાવ આદિ વ્યવસ્થા પણ બની શકતી નથી.

પરિણામીને ન માનવામાં દોષ

**परिणामिनोऽप्यभावात् क्षणिकं परिणाममात्रमिति वस्तु।**
**तन्न यतोऽभिज्ञानान्नित्यस्याप्यात्मनः प्रतीतित्वात्।।९६।।**

**અર્થ :–** જો પરિણામીને ન માનવામાં આવે તો વસ્તુ ક્ષણિક –કેવળ પરિણામ જેવડી જ ઠરશે અને આમ બનતું નથી કારણ કે * પ્રત્યભિજ્ઞાન દ્વારા આત્માની કથંચિત્ નિત્યરૂપે પણ પ્રતીતિ થાય છે.

**ભાવાર્થ :–** કથંચિત્ નિત્યતાનો સ્વીકાર કર્યા વિના આત્મામાં આ તે જ જીવ છે, એવું પ્રત્યભિજ્ઞાન બની શકતું નથી. તેથી બંને શ્લોકોનો ફલિતાર્થ એ નીકળ્યો કે વસ્તુ પોતાના વસ્તુપણાને કદી છોડતી નથી તેથી તો તે નિત્ય છે અને તે સદા નવી નવી અવસ્થાઓ રૂપે બદલ્યા કરે છે, તેથી અનિત્ય પણ છે. તે ન તો સર્વથા નિત્ય જ છે અને ન તો સર્વથા અનિત્ય જ છે કે જેમ સાંખ્ય અને બૌદ્ધ માને છે.

---

* 'दर्शनस्मरणकारणक सङ्कलनात्मक ज्ञानं प्रत्यभिज्ञानम्' અર્થાત્ જે પદાર્થને પહેલાં કોઈ વાર જોયો હોય પછી કોઈ વાર તેને જ અથવા તેના જેવા કે તેનાથી વિષમ પદાર્થને જોવામાં આવે તો ત્યાં વર્તમાનમાં પ્રત્યક્ષ અને પહેલાંનું સ્મરણ, બંને એકસાથે થવાથી આ તે જ છે અથવા તેના જેવો છે, આદિ જ્ઞાન થાય છે તેને જ પ્રત્યભિજ્ઞાન કહે છે. કથંચિત્ નિત્યતાનો સ્વીકાર કર્યા વિના આવું જ્ઞાન થઈ શકતું નથી.

શંકાકાર

**गुणपर्ययवद्द्रव्यं लक्षणमेकं यदुक्तमिह पूर्वम्।**
**वाक्यान्तरोपदेशादधुना तद्बाध्यते त्विति चेत्।।९७।।**

**અર્થ :–** પહેલાં દ્રવ્યનું લક્ષણ 'ગુણપર્યયવદ્દ્રવ્યમ્' એમ કહેવામાં આવ્યું હતું અને હવે બીજા વચન દ્વારા 'સદ્ દ્રવ્યલક્ષણમ્' એમ કહેવામાં આવે છે. તથા સત્‌ને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત બતાવવામાં આવે છે માટે તે લક્ષણમાં આ લક્ષણથી બાધા આવે છે.

ઉત્તર

**तन्न यतः सुविचारादेकोर्थो वाक्ययोर्द्वयोरेव।**
**अन्यतरं स्यादिति चेन्न मिथोभिव्यञ्जकत्वाद्वा।।९८।।**

**અર્થ :–** બંને લક્ષણોમાં વિરોધ બતાવવો તે બરાબર નથી કારણકે સારી રીતે વિચાર કરવાથી બંને વાક્યોનો એક જ અર્થ જણાય છે. છતાં પણ શંકાકાર કહે છે કે જો બંને લક્ષણોનો એક જ અર્થ હોય તો પછી બંને કહેવાની શી આવશ્યકતા છે? બંનેમાંથી કોઈ પણ એક કહેવું હતું. આચાર્ય ઉત્તર આપે છે કે એમ પણ નથી કે બંનેમાંથી એક જ કહેવામાં આવે, પરંતુ બંનેય મળીને વસ્તુને પ્રગટ કરે છે.

સ્પષ્ટીકરણ

**तद्दर्शनं यथा किल नित्यत्त्वस्य च गुणस्य व्याप्तिः स्यात्।**
**गुणवद्द्रव्यं च स्यादित्युक्ते ध्रौव्यवत्पुनः सिद्धम्।।९९।।**

**અર્થ :–** બંને લક્ષણોના વિષયમાં ખુલાસો આ રીતે છે કે નિત્યતા અને ગુણની વ્યાપ્તિ છે અર્થાત્ ગુણ કહેવાથી નિત્યપણાનો બોધ થાય છે. તેથી 'ગુણવાળું દ્રવ્ય છે' એમ કહેવાથી ધ્રૌવ્યવાળું દ્રવ્ય સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** કથંચિત્ નિત્યને ધ્રૌવ્ય કહે છે. ગુણોથી કથંચિત્ નિત્યતા સિદ્ધ કરવા માટે જ દ્રવ્યને ધ્રૌવ્યવાળું કહ્યું છે.

વિશેષ

**अपि च गुणाः संलक्ष्यास्तेषामिह लक्षणं भवेत् ध्रौव्यम्।**
**तस्माल्लक्ष्यं साध्यं लक्षणमिह साधनं प्रसिद्धत्वात्।।१००।।**

**અર્થ :–** બીજા શબ્દોમાં એમ કહેવામાં આવે છે કે ગુણ લક્ષ્ય છે, ધ્રૌવ્ય તેમનું લક્ષણ છે તેથી અહીં લક્ષ્યને સાધ્ય અને લક્ષણને સાધન બનાવવામાં આવે છે.

**ભાવાર્થ :–** ગુણોનું ધ્રૌવ્ય લક્ષણ કરવાથી ગુણોમાં કથંચિત્ નિત્યતા સારી રીતે સિદ્ધ થઈ જાય છે.

પર્યાયની અનિત્યતાની સાથે વ્યાપ્તિ છે.

**पर्यायाणामिह किल भङ्गोत्पादद्वयस्य वा व्याप्तिः।**
**इत्युक्ते पर्ययवद्रव्यं सृष्टिव्ययात्मकं वा स्यात्।।१०१।।**

**અર્થ :–** પર્યાયોની નિયમથી ઉત્પાદ અને વ્યય સાથે વ્યાપ્તિ છે અર્થાત્ પર્યાયનું કથન કરવાથી ઉત્પત્તિ અને વિનાશનો બોધ થાય છે. તેથી 'દ્રવ્ય પર્યાયવાળું છે' એમ કહેવાથી દ્રવ્ય ઉત્પાદ, વ્યયવાળું સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** વસ્તુમાં થતાં અવસ્થાભેદને ઉત્પાદ, વ્યય કહે છે. અવસ્થા નામ પર્યાયનું છે. પર્યાયોમાં કથંચિત્ અનિત્યતા સિદ્ધ કરવાને માટે જ દ્રવ્યને ઉત્પાદ, વ્યયવાળું કહ્યું છે.

**द्रव्यस्थानीया[१] इति पर्यायाः स्युः स्वभाववन्तश्च।**
**तेषां लक्षणमिव वा स्वभाव इव वा पुनर्व्ययोत्पादम्।।१०२।।**

૧ – પાઠાન્તરે 'लक्ष्यस्थानीया' એવો પણ પાઠ છે.

**અર્થ :–** ઉક્ત કથનથી પર્યાયોમાં બે વાત સિદ્ધ થાય છે. એક તો એ કે તે દ્રવ્ય – સ્થાનીય છે – દ્રવ્યમાં જ ઉત્પન્ન થાય છે અથવા રહે છે પર્યાય દ્રવ્યથી ભિન્ન નથી. બીજી વાત એ કે તે સ્વભાવવાન છે. * જો પર્યાયો દ્રવ્યસ્થાનીય તથા સ્વભાવવાન હોય તો તેમનાં લક્ષણ અને સ્વભાવ બતાવવા પણ આવશ્યક છે. માટે જો કોઈ એ જાણવા ઇચ્છે કે તેમનાં લક્ષણ અને સ્વભાવ શું છે ? તો તેણે એ જ સમજવું જોઈએ કે વ્યય અને ઉત્પાદ એ બંને જ એવા છે કે જેમને પર્યાયોના લક્ષણ તરીકે પણ કહી શકાય અથવા સ્વભાવ તરીકે પણ કહી શકાય. તાત્પર્ય એ છે કે ઉત્પાદ વ્યય અને પર્યાયમાં લક્ષ્ય લક્ષણ સંબંધ અથવા સ્વભાવ સ્વભાવવાનનો સંબંધ છે તથા પર્યાયો દ્રવ્યસ્થાનીય છે. માટે 'पर्ययवद द्रव्यम्' એ દ્રવ્યનું લક્ષણ 'उत्पादव्ययवद द्रव्यम्' આ દ્રવ્યના લક્ષણનું અભિવ્યંજક (પ્રકાશિત કરનાર) થાય છે કારણ કે દ્રવ્યના બંને લક્ષણોમાં અભિવ્યંજ્ય અભિવ્યંજકભાવ તથા સાધ્ય સાધનભાવ છે કે જે પહેલાં ગુણની અપેક્ષાએ કહેવાય ગયું છે.

ગુણનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા

**अथ च गुणत्वं किमहो सूक्तः केनापि जन्मिना सूरिः।**
**प्रोचे सोदाहरणं लक्षितमिव लक्षणं गुणानां हि।।१०३।।**

**અર્થ :–** ગુણ શું પદાર્થ છે ? આ પ્રશ્ન કોઈ પુરુષે આચાર્યને પૂછ્યો, ત્યારે આચાર્ય ઉદાહરણ સહિત ગુણોનું સુલક્ષિત લક્ષણ કહેવા લાગ્યા.

ગુણનું લક્ષણ

**[1]द्रव्याश्रया गुणाः स्युर्विशेषमात्रास्तु निर्विशेषाश्च।**
**करतलगतं यदेतैर्व्यक्तमिवालक्ष्यते वस्तु।।१०४।।**

**અર્થ :–** દ્રવ્યના આશ્રયે રહેનારા, વિશેષ રહિત જે વિશેષ છે તે જ ગુણ કહેવાય

---

* – પર્યાયો દ્રવ્યસ્થાનીય છે તેથી સ્વભાવવાન છે એમ પણ કહી શકાય છે.

૧ – 'द्रव्याश्रया निर्गुणा गुणाः' તત્ત્વાર્થસૂત્રના આ સૂત્રનો આશય આ શ્લોક દ્વારા પ્રગટ કરવામાં આવ્યો છે.

છે. તે જ ગુણો દ્વારા હાથમાં રાખેલા પદાર્થની જેમ વસ્તુ સ્પષ્ટ જણાય છે.

**ભાવાર્થ :–** ગુણો સદા દ્રવ્યના આશ્રયે રહે છે. પરંતુ તેમનો આશ્રય – આશ્રયીભાવ બાજોઠ ઉપર મૂકેલા પુસ્તકોનો બાજોઠ સાથે હોય છે એવો નથી પરંતુ [1] તંતુ અને વસ્ત્ર અથવા પુસ્તક અને અક્ષરોના જેવો છે. જો કે વસ્ત્ર તંતુઓથી ભિન્ન નથી તો પણ તે તંતુઓનો આધાર ગણાય છે. એવી જ રીતે પુસ્તક અક્ષરોથી ભિન્ન નથી તો પણ તેને અક્ષરોનો આધાર માનવામાં આવે છે. એવી જ રીતે ગુણ અને દ્રવ્યનો આધાર –આધેયભાવ છે. ગુણ અને વિશેષ એ બંનેય એકાર્થવાચક છે, ગુણોમાં ગુણ રહેતા નથી. જો ગુણોમાં પણ ગુણ રહે તો તેઓ પણ દ્રવ્ય ઠરે અને અનવસ્થા દોષ પણ આવે તેથી જે [2]દ્રવ્યના આશ્રયે રહેનાર હોય અને નિર્ગુણ હોય તે ગુણ કહેવાય છે.

ખુલાસો

**अयमर्थो विदितार्थः समप्रदेशाः समं विशेषा ये।**
**ते ज्ञानेन विभक्ताः क्रमतः श्रेणींकृता गुणा ज्ञेयाः।।१०५।।**

**અર્થ :–** ગુણ દ્રવ્યના આશ્રયે રહે છે એનો ખુલાસો એ છે કે એક ગુણના જે પ્રદેશ છે તે જ પ્રદેશ બધા ગુણોના છે તેથી બધા ગુણોના સમાન પ્રદેશ છે તે પ્રદેશોમાં રહેનારા ગુણોનો જ્યારે બુદ્ધિપૂર્વક વિભાગ કરવામાં આવે છે ત્યારે શ્રેણીપૂર્વક ક્રમશઃ અનંત ગુણ પ્રતીતમાં આવે છે અર્થાત્ બુદ્ધિથી વિભાગ કરતાં દ્રવ્યનાં બધા પ્રદેશો ગુણ રૂપ જ દેખાય છે. ગુણો સિવાય સ્વતંત્ર આધારરૂપ પ્રદેશ કોઈ ભિન્ન પદાર્થ પ્રતીતમાં

૧ – તંતુ અને કપડાનું દૃષ્ટાંત પણ સ્થૂળ છે, ગ્રાહ્યાંશમાં જ તે ઘટિત કરવું જોઈએ.

૨ – દ્રવ્યના આશ્રયે પર્યાય પણ રહે છે અને તે નિર્ગુણ પણ છે તેથી ગુણોનું લક્ષણ પર્યાયમાં ઘટિત થવાથી અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે. લક્ષણ પોતાના લક્ષ્યમાં રહેવા ઉપરાંત જો બીજા પદાર્થમાં પણ રહેતું હોય, તેને જ અતિવ્યાપ્તિ કહે છે. આ દોષને દૂર કરવા માટે ગુણોના લક્ષણમાં 'द्रव्याश्रय' નો અર્થ એ કરવો જોઈએ કે જે નિત્યપણે દ્રવ્યના આશ્રયે રહે તે ગુણ છે, આમ કહેવાથી એ લક્ષણ પર્યાયમાં આવી શકશે નહિ, કેમકે પર્યાય અનિત્ય છે તેથી ગુણોને સહભાવી અને પર્યાયોને ક્રમભાવી કહેવામાં આવેલ છે.

આવતો નથી.

ઉદાહરણ

**दृष्टांतः शुक्लाद्या यथा हि समतन्तवः समं सन्ति।**
**बुद्ध्या विभज्यमानाः क्रमतः श्रेणीकृता गुणा ज्ञेयाः।।१०६।।**

**અર્થ :–** સમાન તંતુવાળા બધા શુક્લાદિ ગુણ સમાન છે તે શુક્લાદિ ગુણોનો બુદ્ધિથી વિભાગ કરવામાં આવે તો ક્રમશઃ શ્રેણીપૂર્વક અનંત ગુણ જ પ્રતીતમાં આવશે.

ગુણોનો નિત્ય અને અનિત્ય વિચાર

**नित्यानित्यविचारस्तेषामिह विद्यते ततः प्रायः।**
**विप्रतिपत्तौ सत्यां विवदन्ते वादिनो यतो बहवः।।१०७।।**

**અર્થ :–** ગુણોના વિષયમાં ઘણા વાદ કરનારાઓમાં વિવાદ થાય છે – કોઈ ગુણોને સર્વથા નિત્ય બતાવે છે. અને કોઈ સર્વથા અનિત્ય બતાવે છે. તેથી ગુણોના વિષયમાં નિત્યતા અને અનિત્યતાનો વિચાર કરવામાં આવે એ આવશ્યક જણાય છે.

જૈન સિદ્ધાંત

**जैनानामतमेतन्नित्यानित्यात्मकं यथा द्रव्यम्।**
**ज्ञेयास्तथा गुणा अपि नित्यानित्यात्मकास्तदेकत्वात्।।१०८।।**

**અર્થ :–** જૈનીઓનો તો એવો સિદ્ધાંત છે કે જેમ દ્રવ્ય કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે તેમ ગુણ પણ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે કેમકે દ્રવ્યથી સર્વથા ભિન્ન ગુણ નથી.

ગુણોની નિત્યતાનો વિચાર

**तत्रोदाहरणमिदं तद्भावाऽव्ययाद्गुणा नित्याः।**
**तदभिज्ञानात्सिद्धं तल्लक्षणमिह यथा तदेवेदम्।।१०९।।**

**અર્થ :–** નિત્યનું એ લક્ષણ છે કે જેના * સ્વ–ભાવનો નાશ ન થાય. આ લક્ષણ ગુણોમાં પ્રાપ્ત થાય છે. તેથી ગુણ નિત્ય છે, ગુણોના સ્વ–ભાવનો નાશ થતો નથી.

આ ગુણોનું લક્ષણ 'આ તે જ છે' એવા એકત્વ પ્રત્યભિજ્ઞાન દ્વારા સિદ્ધ થાય છે અર્થાત્ ગુણોમાં આ તે જ ગુણ છે, એવી પ્રતીતિ થાય છે અને આ જ પ્રતીતિ તેમનામાં નિત્યતા સિદ્ધ કરે છે.

ગુણોની નિત્યતામાં ઉદાહરણ

**ज्ञानं परिणामि यथा घटस्य चाकारतः पटाकृत्या।**
**किं ज्ञानत्वं नष्टं न नष्टमथ चैत्कथं न नित्यं स्यात्।।११०।।**

**અર્થ :–** આત્માનો જ્ઞાન ગુણ પરિણમનશીલ છે. કોઈ વાર તે [૧] ઘટાકારે થાય છે તો કોઈ વાર પટના આકારે થઈ જાય છે. ઘટાકારમાંથી પટાકારે થતી વખતે તેમાં શું જ્ઞાન ગુણ નષ્ટ થઈ જાય છે ? ના, જ્ઞાન નાશ પામતું નથી, કેવળ અવસ્થા બદલાઈ જાય છે, તે પહેલાં ઘટને જાણતું હતું, હવે પટને જાણવા લાગ્યું છે એટલો જ ફેરફાર થયો છે. જાણવાનું બંને અવસ્થાઓમાં સરખું છે તેથી જ્ઞાનનો કદી નાશ થતો નથી.[૨]

---

* – તત્ત્વાર્થસૂત્રના 'तद्भावाव्ययं नित्यम्' આ સૂત્રનો આશય છે.

૧. ઘટાકાર અને પટાકારનું ઘટજ્ઞાન અને પટજ્ઞાનથી પ્રયોજન છે. જ્ઞાન ગુણનો એ સ્વભાવ છે કે તે જે પદાર્થને જાણે છે તેના આકારે થઈ જાય છે તેથી જ્ઞાનને દર્પણની ઉપમા આપવામાં આવી છે. દર્પણમાં પણ જે પદાર્થનું પ્રતિબિંબ પડે છે, તે પદાર્થના આકારે દર્પણ થઈ જાય છે.

૨. અહીં કોઈ એવી શંકા કરી શકે છે કે જીવાત્માઓમાં જ્ઞાન બરાબાર ઘટતું જતું જણાય છે. સૂક્ષ્મ નિગોદિયા લબ્ધ્યપર્યાપ્તકમાં ઘટતા ઘટતા અક્ષરના અનંતમા ભાગ પ્રમાણ રહી જાય છે તો એથી સિદ્ધ થાય છે કે કોઈ જીવમાં જ્ઞાનનો સર્વથા અભાવ થઈ જતો હોય. જો કે સ્થૂળ દૃષ્ટિએ આ શંકાની સંભાવના બરાબર છે તો પણ તત્ત્વદૃષ્ટિથી વિચાર કરતાં ઉક્ત શંકા નિર્મૂળ થઈ જાય છે. કોઈ પણ પદાર્થમાં કમીની સંભાવના ત્યાં સુધી કરી શકાય છે જ્યાં સુધી તે પદાર્થની સત્તા છે, પદાર્થની શૂન્યતામાં કમી શબ્દનો પ્રયોગ જ નથી થઈ શકતો. બીજું દરેક પદાર્થની ઉત્કૃષ્ટતા અને જઘન્યતાની મર્યાદા અવશ્ય છે. જ્ઞાન ગુણની જઘન્યતામાં પણ અનંતાનંત અવિભાગ પ્રતિચ્છેદ બતાવ્યા છે. સૂક્ષ્મ નિગોદિયાના જઘન્ય

જ્યારે જ્ઞાનનો કદી નાશ થતો નથી એ વાત સ્પષ્ટ છે ત્યારે તે નિત્ય કેમ ન હોય? ને અવશ્ય નિત્ય છે.

ગુણોની નિત્યતામાં જ બીજું દૃષ્ટાંત

**दृष्टांत किल वर्णो गुणो यथा परिणमन् रसालफले।**
**हरितात्पीतस्तत्किं वर्णत्वं नष्टमिति नित्यम्।।१११।।**

**અર્થ :–** જેમ આમ્રફળમાં રંગ નામનો ગુણ બદલતો રહે છે. કેરી કાચી હોય ત્યારે તેનો રંગ લીલો હોય છે, તે પાકી જાય ત્યારે તેમાં પીળો રંગ થઈ જાય છે. લીલામાંથી પીળો રંગ થતાં શું તેનું રૂપ (રંગ ગુણ) નષ્ટ થઈ જાય છે ? જો નષ્ટ થતો નથી તો રંગ ગુણને નિત્ય કેમ ન માનવો ? અવશ્ય માનવો જોઈએ.

**ભાવાર્થ :–** લીલા રંગમાંથી પીળો રંગ થવામાં ફક્ત રંગની અવસ્થામાં ફેરફાર થઈ જાય છે. રંગ બંનેય અવસ્થામાં છે તેથી રંગ સદા રહે છે તે ભલે કોઈ વાર લીલો થઈ જાય, કોઈ વાર પીળો થઈ જાય, કોઈ વાર લાલ થઈ જાય પણ રંગ બધી અવસ્થાઓમાં છે તેથી રંગ ગુણ નિત્ય છે. આ દૃષ્ટાંત અજીવનું છે, પહેલું જીવનું હતું.

ગુણોની અનિત્યતાનો વિચાર

**वस्तु यथा परिणामि तथैव परिणामिनो गुणाश्चापि।**
**तस्मादुत्पादव्ययद्वयमपि भवति हि गुणानां तु।।११२।।**

**અર્થ :–** જેમ વસ્તુ પ્રતિક્ષણે પરિણમનશીલ છે, તેમ ગુણ પણ પ્રતિક્ષણે

---

જ્ઞાનમાં આવરણ હોતું નથી, તે સદા પ્રગટેલું રહે છે અને સદા નિરાવરણ છે. જો તેમાં પણ આવરણ આવી જાય તો જીવમાં જડતાનો પ્રસંગ આવશે, એવી સ્થિતિમાં વસ્તુની વસ્તુતા જ ચાલી જાય છે. જ્ઞાનની નિત્યતામાં યુક્તિ ઉપરાંત પ્રમાણ માટે નીચે લખેલી ગાથા જુઓ :–

**सुहमणिगोदमपज्जत्तयस्स जादस्स पढ़म समयम्मि।**
**हवदि हु सव्वजहण्णं णिच्चुग्धाडं णिरावरणं ।।२।।**
**- गोम्मटसार।।**

પરિણમનશીલ છે તેથી જેમ વસ્તુનો ઉત્પાદ અને વ્યય થાય છે તેમ ગુણોનો ઉત્પાદ અને વ્યય થાય છે.

ગુણોની અનિત્યતામાં પણ તે જ દૃષ્ટાંત

**ज्ञानं गुणो यथा स्यान्नित्यं सामान्यवत्तयाऽपि यतः।**
**नष्टोत्पन्नं च तथा घटं विहायाऽथ पटं परिच्छन्दत्।।११३।।**

**અર્થ :–** જો કે સામાન્ય દૃષ્ટિથી જ્ઞાન ગુણ નિત્ય છે તો પણ તે કોઈ વાર ઘટને અને કોઈ વાર પટને જાણે છે, તેથી અનિત્ય પણ છે.

**ભાવાર્થ :–** અવસ્થા (પર્યાય)ની અપેક્ષાથી જ્ઞાન અનિત્ય છે. પોતાની સત્તાની અપેક્ષાથી નિત્ય છે.

ગુણોની અનિત્યતામાં તે જ બીજું દૃષ્ટાંત

**सन्दृष्टि रूपगुणो नित्यश्चाम्रेऽपि वर्णमात्रतया।**
**नष्टोत्पन्नो हरितात्परिणममानश्च पीतवत्वेन।।११४।।**

**અર્થ :–** કેરીમાં રૂપ (રંગ) સદા રહે છે એ અપેક્ષાએ જો કે રૂપ ગુણ નિત્ય છે તો પણ લીલીમાંથી પીળી અવસ્થારૂપે બદલવાથી તે નષ્ટ અને ઉત્પન્ન પણ થાય છે.

શંકાકાર

**ननु नित्या हि गुणा अपि भवन्त्यनित्यास्तु पर्ययाः सर्वे।**
**तत्किं द्रव्यवदिह किल नित्या नित्यात्मका गुणाः प्रोक्ताः।।११५।।**

**અર્થ :–** એ વાત નક્કી છે કે ગુણ નિત્ય હોય છે અને પર્યાયો બધી અનિત્ય હોય છે. તો પછી દ્રવ્યની જેમ ગુણોને પણ નિત્યાનિત્યાત્મક બતાવવામાં આવ્યા છે

એનું કારણ શું છે ?

ઉત્તર

**सत्यं तत्र यतः स्यादिदमेव विवक्षितं यथा द्रव्ये।**
**न गुणेभ्यः पृथगिह तत्सदिति द्रव्यं च पर्ययाश्चेति।।११६।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા જો કે ઠીક છે, તો પણ તેનો ઉત્તર આ રીતે છે કે ગુણોથી ભિન્ન સત્ પદાર્થ કોઈ વસ્તુ નથી. દ્રવ્ય, પર્યાય અને ગુણ એ ત્રણેય સત્ સ્વરૂપ છે તેથી જેમ દ્રવ્યમાં વિવક્ષાવશ કથંચિત્ નિત્યતા અને કથંચિત્ અનિત્યતા આવે છે, તેમ જ ગુણોમાં પણ નિત્યતા અને અનિત્યતા વિવક્ષાધીન છે.

વળી

**अपि नित्याः प्रतिसमयं विनापि यत्नं हि परिणमन्ति गुणाः।**
**स च परिणामोऽवस्था तेषामेव न पृथक्त्वसत्ताकः।।११७।।**

**અર્થ :–** જો કે ગુણ નિત્ય છે તો પણ કોઈ પ્રયત્ન વિના પ્રતિસમય પરિણમન કરે છે. તે પરિણામ પણ તે જ ગુણોની અવસ્થા વિશેષ છે, ભિન્ન સત્તાવાળા નથી.

શંકાકાર

**ननु तदवस्थो हि गुणः किल तदवस्थान्तरं हि परिणामः।**
**उभयोरन्तर्वर्तित्वादिह पृथगेतदेवमिदमिति चेत्।।११८।।**

**અર્થ :–** શંકાકારનું કહેવું છે કે ગુણ તો સદા એકસરખા રહે છે અને પરિણામ એક સમયથી બીજા સમયમાં સર્વથા જુદા છે. તથા પરિણામ અને ગુણ આ બંનેની વચ્ચે રહેનારું દ્રવ્ય ભિન્ન જ પદાર્થ છે ?

ઉત્તર

**तन्न यतः सदवस्थाः सर्वा आम्रेडितं यथा वस्तु।**
**न तथा ताभ्यः पृथगिति किमपि हि सत्ताकमन्तरं वस्तु।।११९।।**

**અર્થ :–** ઉપરની શંકા બરાબર નથી કારણ કે પરિણામ ગુણોની જ અવસ્થા વિશેષ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય આ ત્રણેય મળીને વસ્તુ કહેવાય છે. આ ત્રણેયનું નામ લેવાથી વસ્તુનો જ બોધ થાય છે. તેથી આ બધું વસ્તુનું જ પુનઃકથન છે. તે અવસ્થાઓથી જુદો ભિન્ન સત્તાવાળો ગુણ અથવા દ્રવ્ય નામનો કોઈ પદાર્થ નથી.

**ભાવાર્થ :–** શંકાકારે ગુણોને તેમના પરિણામોથી ભિન્ન બતાવ્યા હતા અને તેમાં કારણ એ આપ્યું હતું કે એક સમયમાં જે પરિણામ હોય છે, બીજા સમયમાં તેનાથી સર્વથા ભિન્ન જ હોય છે. એવી જ રીતે તે પણ નષ્ટ થઈ જાય છે અને ત્રીજા સમયમાં જુદા પરિણામ જ ઉત્પન્ન થાય છે તેથી ગુણોથી પરિણામ સર્વથા ભિન્ન છે. એનો ઉત્તર આપવામાં આવ્યો છે કે જો કે પરિણામ સમય સમયના ભિન્ન છે, તો પણ જે સમયે જે પરિણામ છે તે ગુણોથી ભિન્ન નથી, તેમની જ અવસ્થા વિશેષ છે. એવી જ રીતે સમય સમયના પરિણામ ગુણોથી અભિન્ન છે. જો ગુણોથી સર્વથા ભિન્ન જ પરિણામને માનવામાં આવે તો પ્રશ્ન થઈ શકે કે તે પરિણામ કોના છે ? પરિણામી વિના પરિણામનું થવું અસંભવ છે. તેથી ગુણોના પરિણામ ગુણોથી સર્વથા ભિન્ન નથી. પરંતુ પરિણામ સમૂહ જ ગુણ છે અને ગુણ સમૂહ જ દ્રવ્ય છે.

**नियतं परिणामित्वादुत्पादव्ययमया य एव गुणाः।**
**टङ्कोत्कीर्णन्यायात्त एव नित्या यथा स्वरूपत्वात् ।।१२०।।**

**અર્થ :–** જેમ પરિણમનશીલ હોવાથી ગુણ ઉત્પાદ, વ્યય સ્વરૂપ છે તેમ * ટંકોત્કીર્ણ

* કઠણ પત્થરમાં જે ટાંકણાથી ઊંડું કોતરકામ કરવામાં આવે છે તે ભૂંસાતું નથી. આનું જ નામ ટંકોત્કીર્ણ ન્યાય છે. આ પણ અહીં સ્થૂળતાથી ગ્રાહ્ય છે.

ન્યાયથી પોતાના સ્વરૂપમાં સદા સ્થિર રહે છે. તેથી તે નિત્ય પણ છે.

**न हि पुनरेकेषामिह भवति गुणानां निरवन्यो नाशः।**
**अपरेषामुत्पादो द्रव्यं यत्तद्द्वयाधारम्।।१२१।।**

**અર્થ :–** એવું નથી કે કોઈ ગુણોનો તો સર્વથા નાશ થતો જાય છે અને બીજા નવીન ગુણોની ઉત્પત્તિ થતી જાય છે તથા તે ઉત્પન્ન અને નષ્ટ થનાર ગુણોનો આધાર દ્રવ્ય છે.

દૃષ્ટાંતાભાસ

**दृष्टांताभासोऽयं स्याद्धि विपक्षस्य मृत्तिकायां हि।**
**एके नश्यन्ति गुणा जायन्ते पाकजा गुणास्त्वन्ये।।१२२।।**

**અર્થ :–** વિપક્ષનું આ દૃષ્ટાંત પણ બરાબર નથી કે માટીમાં પહેલાનાં ગુણ તો નષ્ટ થઈ જાય છે. અને પકવવાથી થનારા બીજા ગુણો ઉત્પન્ન થઈ જાય છે. આ કેવળ [૧] દૃષ્ટાંતભાસ છે.

**ભાવાર્થ :–** નૈયાયિક દૃષ્ટાંતનો સિદ્ધાંત છે કે જે વખતે કાચા ઘડાને અગ્નિમાં (નિંભાડામાં) મૂકવામાં આવે છે તે વખતે તે ઘડાનાં પહેલાં બધા ગુણો નાશ પામી જાય છે. ઘડો પાકવાથી તેમાં બીજા જ નવા ગુણ ઉત્પન્ન થઈ જાય છે. એટલું જ નહિ, વૈશેષિકોનો તો ત્યાં સુધી પણ સિદ્ધાંત છે કે અગ્નિમાં જ્યારે પાકવાની અવસ્થા થાય છે ત્યારે કાળો ઘડો બિલકુલ ફૂટી જાય છે. તેના બધા પરમાણુઓ જુદા જુદા વિખરાઈ જાય છે. પછી તરત જ લાલ રૂપ ઉત્પન્ન થાય છે અને પાકેલા પરમાણુ એકઠા થાય

---

૧ – જૂઠા દૃષ્ટાંતને દૃષ્ટાંતભાસ કહે છે.

**वैशेषिके नये पीलुपाक वादिमते तत्र हि पाकार्थमपक्वघटो यदा महामहानसे निधीयते तदा तदन्तः प्रविष्टाभिर्वेगवदग्निज्वालामालाभिरवयवविभागेन पूर्वावयवसंयोगे विनष्टेऽसमवायिकारणनाशात् भावकार्यनाश इति नियमात् श्यामघटे विनष्टे पुनः परमाणुषु रक्तरूपोत्पत्त्या द्वयणुकाद्रिक्रमेण रक्तघटोत्पत्तिरिति। नैयायिकानां पिटरपाकवादिनामत्र गौरवः।**
**- सिद्धान्तसुक्तावली (नैयायिक - वैशेषिक ग्रंथ)**

છે. તેમાંથી ઠીંકરા બને છે. તે ઠીંકરામાંથી લાલ ઘડો બને છે. આ કાર્યમાં (ઘડાના ફૂટવા અને તૈયાર થવામાં) જે સમય લાગે છે તે અતિ સૂક્ષ્મ છે તેથી જાણી શકાતો નથી. આ નૈયાયિક સિદ્ધાંતનું દૃષ્ટાંત આપીને ગુણોનો નાશ અને ઉત્પત્તિ માનવી તે સર્વથા મિથ્યા છે. આ દૃષ્ટાંત સર્વથા બાધિત છે. આ વાત કોઈ વિવેકીની બુદ્ધિમાં આવી શકતી નથી કે અગ્નિમાં ઘડાના ગુણોનો નાશ થઈ જતો હોય અથવા તે ઘડો જ અગ્નિમાં ફૂટીને પછી એકદમ પોતાની મેળે તૈયાર થઈ જતો હોય, તેથી તે નૈયાયિકોનો સિદ્ધાંત સર્વથા બાધિત છે. આ દૃષ્ટાંતથી ગુણોનો નાશ અને ઉત્પત્તિ માનવી પણ મિથ્યા છે. આ જ વાત ગ્રંથકાર સ્વયં પ્રગટ કરે છે.

**तत्रोत्तरमिति सम्यक् सत्यां तत्र च तथाविधायां हि।**
**किं पृथिवीत्वं नष्टं न नष्टमथ चेतथा कथं न स्यात्।।१२३।।**

**અર્થ :–** નૈયાયિક સિદ્ધાંતનો આ ઉત્તર સ્પષ્ટ રીતે બની જાય છે કે અગ્નિમાં ઘડો મૂકવાથી શું ઘડાની માટીનો નાશ થઈ જાય છે ? જો માટીનો નાશ નથી થતો તો ઘડાના ગુણોમાં નિત્યતા કેમ ન હોય ? અવશ્ય છે.

શંકાકાર

**ननुं केवलं प्रदेशा द्रव्यं देशाश्रया या विशेषा स्तु।**
**गुणसंज्ञका हि तस्माद्भवति गुणेभ्यश्र द्रव्यमन्यत्र।।१२४।।**
**तत एव यथा सुघटं भङ्गोत्यादध्रुवत्रयं द्रव्ये।**
**न तथा गुणेषु तत्स्यादपि च व्यस्तेषु वा समस्तेषु।।१२५।।**

**અર્થ :–** જે પ્રદેશો છે તે જ દ્રવ્ય કહેવાય છે. દેશના આશ્રયે રહેનારા જે વિશેષો છે તે જ ગુણ કહેવાય છે. તેથી ગુણોથી દ્રવ્ય ભિન્ન છે. જો ગુણોથી દ્રવ્ય ભિન્ન હોય તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણે ય દ્રવ્યમાં જેવી રીતે સુઘટિત થાય છે તેવી જ રીતે ગુણોમાં નથી થતા. ન તો કોઈ કોઈ ગુણમાં થાય છે અને ન તો ગુણ સમુદાયમાં પણ થાય છે.

**ભાવાર્થ :–** શંકાકારનો એવો અભિપ્રાય છે કે દ્રવ્યરૂપ દેશ નિત્ય છે તેની અપેક્ષાથી જ ધ્રૌવ્ય છે ને ગુણરૂપ વિશેષ અનિત્ય છે. તેની અપેક્ષાથી જ ઉત્પાદ, વ્યય છે.

ઉત્તર

**तन्न यतः क्षणिकत्वापत्तेरिह लक्षणाद् गुणानां हि।**
**तदभिज्ञानविरोधात्क्षणिकत्वं बाध्यतेऽध्यक्षात्।।१२६।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા બરાબર નથી કેમ કે આ લક્ષણથી ગુણોમાં ક્ષણિકપણું આવે છે. ગુણોમાં ક્ષણિકપણું 'આ તે જ છે,' આ પ્રત્યભિજ્ઞાનથી પ્રત્યક્ષ બાધિત છે.

**ભાવાર્થ :–** પ્રત્યભિજ્ઞાનથી ગુણોમાં નિત્યતાની જ પ્રતીતિ થાય છે.

બીજો દોષ

**अपि चैवमेकसमये स्यादेकः कश्चिदेव तत्र गुणः।**
**तन्नाशादन्यतरः स्यादिति युगपन्न सन्त्यनेकगुणाः।।१२७।।**

**અર્થ :–** ગુણોને ઉત્પાદ, વ્યયરૂપ વિશેષ માનવાથી દ્રવ્યમાં એક સમયમાં કોઈ એક ગુણ ઠરશે. તે ગુણનો નાશ થવાથી તેમાં બીજો ગુણ આવશે. એક સાથે દ્રવ્યમાં અનેક ગુણ નહિ રહી શકે.

પ્રત્યક્ષ બાધા

**तदसद्यतः प्रमाण दृष्टान्तादपि च बाधितः पक्षः।**
**स यथा सहकारफले युगपद्वर्णादिविद्यमानत्वात्।।१२८।।**

**અર્થ :–** દ્રવ્યમાં એક સમયે એક જ ગુણની સત્તા માનવી તે બરાબર નથી કેમ કે આ વાત પ્રમાણ અને દૃષ્ટાંત બંનેથી બાધિત છે. આમ્રફળમાં એકસાથે જ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આદિ અનેક ગુણોની સત્તા પ્રત્યક્ષ જણાય છે.

પક્ષાન્તર

**अथ चेदिति दोषभयान्नित्याः परिणामिनस्त इति पक्षः।**
**तत्किं स्यान्न गुणानामुत्पादादित्रयं समं न्यायात्।।१२९।।**

**અર્થ :–** જો ઉપર્યુક્ત દોષોના ભયથી ગુણોને નિત્ય અને પરિણામી માનવામાં આવે તો પછી ગુણોમાં એકસાથે ઉત્પાદાદિ ત્રય કેમ ન હોય ? અવશ્ય હોય.

**ભાવાર્થ :–** દ્રવ્યની જેમ ગુણોમાં પણ ઉત્પાદાદિ ત્રય હોય છે. એવો ફલિતાર્થ નીકળી આવ્યો. આ જ વાત પહેલાં કહેવાય ગઈ છે.

**अपि पूर्वं च यदुक्तं द्रव्यं किल केवलं प्रदेशाः स्युः।**
**तत्र प्रदेशवत्त्वं शक्तिविशेषश्च कोऽपि सोऽपि गुणः।।१३०।।**

**અર્થ :–** પહેલાં એ શંકા પણ કરવામાં આવી હતી કે કેવળ પ્રદેશ જ દ્રવ્ય કહેવાય છે, તે પ્રદેશ પણ પ્રદેશત્વ નામની શક્તિ વિશેષ છે. તે પણ એક ગુણ છે.

**ભાવાર્થ :–** દ્રવ્યમાં જે પર્યાય થાય છે, તેને વ્યંજન પર્યાય કહે છે. તે વ્યંજન પર્યાય પ્રદેશત્વ ગુણનો વિકાર છે અર્થાત્ પ્રદેશત્વ ગુણની વિશેષ અવસ્થાનું નામ જ વ્યંજન પર્યાય છે.

સારાંશ

**तस्माद् गुणसमुदायो द्रव्यं स्यात्पूर्वसूरिभिः प्रोक्तम्।**
**अयमर्थः खलु देशो विभज्यमाना गुणा एव।।१३१।।**

**અર્થ :–** તેથી જે પૂર્વાચાર્યોએ (અથવા પહેલાં આ જ ગ્રંથમાં) ગુણોના સમુદાયને દ્રવ્ય કહ્યું છે તે બરાબર છે. એનો સ્પષ્ટ અર્થ એ છે કે જો દેશ (દ્રવ્ય)ને ભિન્ન ભિન્ન વિભાજિત કરવામાં આવે તો ગુણ જ પ્રતીતમાં આવશે.

**ભાવાર્થ :–** ગુણો સિવાય દ્રવ્ય કોઈ ભિન્ન પદાર્થ નથી. દ્રવ્યમાંથી જો એક એક ગુણને ભિન્ન ભિન્ન કલ્પવામાં આવે તો દ્રવ્ય કાંઈ પણ બાકી રહેતું નથી અને જે

આખા દ્રવ્યની એક સમયમાં પર્યાય (વ્યંજન પર્યાય) થાય છે તે પણ પ્રદેશત્વ ગુણની અવસ્થા વિશેષ છે. તેથી ગુણ સમુદાય જ દ્રવ્ય છે. આ આચાર્યનું પૂર્વકથન સર્વથા યોગ્ય છે.

શંકાકાર

**ननु चैवं सति नियमादिह पर्याया भवन्ति यावन्तः।**
**सर्वे गुणपर्याया वाच्या न द्रव्यपर्यायाः केचित्।।१३२।।**

**અર્થ :–** જો ગુણ સમુદાય જ દ્રવ્ય હોય તો જેટલી કોઈ દ્રવ્યમાં પર્યાયો થાય તે બધીને નિયમથી ગુણોની પર્યાય જ કહેવી જોઈએ. કોઈને પણ દ્રવ્યપર્યાય ન કહેવી જોઈએ ?

ઉત્તર

**तन्न यतोऽस्ति विशेषः सति च गुणानां गुणत्ववत्त्वेपि।**
**चिदचिद्यथा तथा स्यात् क्रियावती शक्तिरथ च भाववती।।१३३।।**

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કથન યોગ્ય નથી કેમકે ગુણોમાં પણ વિશેષતા છે. જો કે ગુણત્વ ધર્મની અપેક્ષાએ બધા ગુણ, ગુણ કહેવાય છે તો પણ તેમાં કોઈ ચેતન ગુણ છે, કોઈ અચેતન ગુણ છે. જેમ ગુણોમાં આવી વિશેષતા છે તેવી જ રીતે તેમાં કોઈ ક્રિયાવતી શક્તિ (ગુણ) છે અને કોઈ ભાવવતી શક્તિ છે.

ક્રિયાવતી અને ભાવવતી શક્તિઓનું સ્વરૂપ

**तत्र क्रिया प्रदेशो देशपरिस्पंदलक्षणो वा स्यात्।**
**भावः शक्तिविशेषस्तत्परिणामोऽथ वा निरंशांशैः।।१३४।।**

**અર્થ :–** તે બંને શક્તિઓમાં પ્રદેશ અથવા દેશનું પરિસ્પંદન (હલન ચલન ) તે ક્રિયા કહેવાય છે અને શક્તિ વિશેષ તે ભાવ કહેવાય છે. તેનું પરિણમન નિરંશ - અંશો દ્વારા થાય છે.

**ભાવાર્થ :–** પ્રદેશત્વ ગુણને ક્રિયાવતી શક્તિ કહે છે અને બાકીના અનંત ગુણોને ભાવવતી શક્તિ કહે છે. પરિણમન પણ બે પ્રકારનું હોય છે. એક તો જ્ઞાનાદિ ગુણોનું પરિણમન અને બીજું આખાય દ્રવ્યનું પરિણમન. જ્ઞાનાદિ ગુણોનું પરિણમન ક્રિયારહિત છે. કેવળ ગુણોનાં અંશોમાં તરતમરૂપે ન્યૂનાધિકતા થયા કરે છે પરંતુ દ્રવ્યનું જે પરિણમન થાય છે, તેમાં તેના બધાય પ્રદેશોમાં પરિવર્તન થાય છે. તે પરિવર્તન સક્રિય છે. દ્રવ્યનું પરિવર્તન પ્રદેશત્વ ગુણના નિમિત્તે થાય છે. તેથી પ્રદેશત્વ ગુણને ક્રિયાવતી શક્તિ કહેવામાં આવી છે અને બાકીના બધા ગુણો નિષ્ક્રિય છે તેથી તેમને ભાવવતી શક્તિ કહેવામાં આવી છે.

**यतरे प्रदेशभागास्ततरे द्रव्यस्य पर्याय नाम्ना।**
**यतरे च विशेषांस्ततरे गुणपर्यया भवन्त्येव।।१३५।।**

**અર્થ :–** જેટલા કોઈ પ્રદેશાંશ છે તે દ્રવ્યપર્યાય કહેવાય છે અને જેટલા ગુણાંશો છે તે ગુણપર્યાય કહેવાય છે.

**ભાવાર્થ :–** પ્રદેશત્વ ગુણના નિમિત્તે જે દ્રવ્યના બધા પ્રદેશોમાં આકારાન્તર થયા કરે છે તને દ્રવ્યપર્યાય અથવા વ્યંજન પર્યાય કહે છે અને બાકીના ગુણોમાં જે તરતમરૂપે પરિણમન થાય છે તેને ગુણપર્યાય અથવા અર્થપર્યાય કહે છે.

**तत एव यदुक्तचरं व्युच्छेदादित्रयं गुणानां हि।**
**अनवद्यमिदं सर्वं प्रत्यक्षादिप्रमाणसिद्धत्वात्।। १३६।।**

**અર્થ :–** તેથી પહેલાં જે ગુણોમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય બતાવવામાં આવ્યા છે, તે સર્વ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ હોવાથી નિર્દોષ છે.

**अथ चैतल्लक्षणमिह वाच्यं वाक्यान्तरप्रवेशेन।**
**आत्मा यथा चिदात्मा ज्ञानात्मा वा स एव चैकार्थः।।१३७।।**

**અર્થ :–** હવે ગુણોનું લક્ષણ વાક્યાન્તર (બીજી રીતે) દ્વારા કહે છે. જેમ આત્મા, ચિદાત્મા અથવા જ્ઞાનાત્મા, આ બધા એક અર્થને પ્રગટ કરે છે તેવી જ રીતે તે વાક્યાન્તર કથન પણ એકાર્થ છે.

**तद्वाक्यान्तरमेतद्यथा गुणाः सहभुवोपि चान्वयिनः।**
**अर्थाच्चैकार्थत्वादर्थादेकार्थवाचकाः सर्वे।।१३८।।**

**અર્થ :–** તે વાક્યાન્તર આ રીતે છે – ગુણ, સહભાવી, અન્વયી આ બધાનો એક જ અર્થ છે અર્થાત્ ઉપર્યુક્ત ત્રણેય શબ્દ ગુણરૂપ અર્થના વાચક છે.

સહભાવી શબ્દનો અર્થ

**सह सार्धं च समं वा तत्र भवन्तीति सहभुवः प्रोक्ताः।**
**अयमर्थो युगपत्ते सन्ति न पर्यायवत्क्रमात्मानः।।१३९।।**

**અર્થ :–** સહ, સાર્ધ અને સમ આ ત્રણેનો એક જ સાથે રહેવા રૂપ અર્થ છે. ગુણ બધા સાથે સાથે રહે છે. તેથી તેમને સહભાવી કહેવામાં આવ્યા છે. એનો અર્થ એ છે કે બધા ગુણ એક સાથે રહે છે. પર્યાયની જેમ ક્રમે ક્રમે થતા નથી.

શંકા અને સમાધાન

**ननु सह समं मिलित्वा द्रव्येण च सहभुवो भवन्त्विति चेत्।**
**तन्न यतो हि गुणेभ्यो द्रव्यं पृथगिति यथा निषिद्धत्वात्।।१४०।।**

**અર્થ :–** શંકાકાર સહભાવી શબ્દનો અર્થ કરે છે કે ગુણ દ્રવ્યની સાથે મળીને રહે છે તેથી તે સહભાવી કહેવાય છે. પરંતુ શંકાકારની આ શંકા નિર્મૂળ છે કેમકે ગુણોથી ભિન્ન દ્રવ્ય કોઈ એક પદાર્થ છે એ વાતનો પહેલાં જ નિષેધ કરી દેવામાં

આવ્યો છે.

**ભાવાર્થ :–** સહભાવી શબ્દનો અર્થ એવો નથી કે ગુણ દ્રવ્યની સાથે સાથે રહે છે તેથી તે સહભાવી કહેવાય છે કેમકે એવો અર્થ કરવાથી દ્રવ્ય જુદો પદાર્થ ઠરે છે અને તે દ્રવ્યની સાથે સાથે રહેનારા ગુણો જુદા સિદ્ધ થાય છે. પરંતુ આ વાતનો પહેલાં જ નિષેધ કરી દેવામાં આવ્યો છે કે ગુણોથી ભિન્ન દ્રવ્ય કોઈ જુદો પદાર્થ છે. તેથી સહભાવી શબ્દનો એવો અર્થ કરવો જોઈએ કે બધા ગુણો સાથે સાથે રહે છે. દ્રવ્ય અનંત ગુણોનો અખંડ પિંડ છે. તે ગુણોમાં ક્ષણે ક્ષણે પરિણમન (પર્યાય) થયા કરે છે. અનાદિકાળથી લઈને અનંતકાળ સુધી તે ગુણોના જેટલા કોઈ પરિણામ થાય છે, તે બધામાં ગુણ સદા સાથે સાથે રહે છે,. ગુણોનો પરસ્પર વિયોગ થતો નથી. પરંતુ પર્યાયોમાં એમ વાત નથી, તેઓ ક્રમભાવી છે. તેમનો સદા સાથ રહેતો નથી. જે પર્યાયો પૂર્વ સમયમાં હોય તે ઉત્તર સમયમાં રહેતી નથી તેથી પર્યાયો ક્રમભાવી છે. જે ગુણ પહેલાં સમયમાં છે તે જ બીજા સમયમાં છે તેથી ગુણ સહભાવી છે.

છતાં પણ શંકા–સમાધાન

**ननु चैवमतिव्याप्तिः पर्यायेष्वपि गुणानुषंगत्वात्।**
**पर्यायः पृथगिति चेत्सर्वं सर्वस्य दुर्निवारत्वात्।।१४१।।**

**અર્થ :–** જો ગુણોને સાથે રહેવાને કારણે સહભાવી કહેવામાં આવ્યા હોય તો આ લક્ષણ પર્યાયોમાં પણ આવે છે. તેઓ પણ સાથે સાથે જ રહે છે. તેથી તે પણ ગુણ કહેવાશે. આ અતિવ્યાપ્તિ દોષ છે. આ અતિવ્યાપ્તિ દોષ દૂર કરવા માટે આચાર્ય કહે છે કે પર્યાયોમાં ગુણોનું લક્ષણ આવતું નથી કેમકે પર્યાયો સાથે સાથે રહેતી નથી. પરંતુ ભિન્ન ભિન્ન રહે છે. છતાં પણ જો લક્ષણને દોષવાળું માનશો તો દરેક દૂષણ દરેકમાં દુર્નિવાર થઈ જશે અથવા પર્યાયોને પણ અભિન્ન માનવાથી, અવસ્થાઓમાં ભેદ ન રહેવાથી સર્વ સર્વરૂપ થઈ જશે અર્થાત્ પછી અવસ્થાભેદ નહિ થઈ શકે.

અન્વય શબ્દનો અર્થ

**अनुरित्यव्युच्छिन्नप्रवाहरूपेण वर्तते यद्वा।**
**अयतीत्यगत्यर्थाद्धातोरन्वर्थतोन्वयं द्रव्यम्।।१४२।।**

**અર્થ :–** અન્વય શબ્દમાં બે પદ રહેલા છે. એક 'અનુ', બીજું 'અય'. 'અનુ' પદનો અર્થ એવો છે કે કોઈની રુકાવટ વિના (અનર્ગળ) પ્રવાહરૂપ. અને 'અય' પદ ગતિના અર્થવાળા 'અય' ધાતુમાંથી બનેલું છે. એનો અર્થ થાય છે કે ગતિ કરે, ચાલતું રહે. 'અનુ' અને 'અય' – 'અન્વય'નો મળીને અર્થ એ થાય છે કે જે અનર્ગળ રીતે (રોક ટોક વિના) બરાબર પ્રવાહરૂપે ચાલતું રહે. એવો અનુગત અર્થ ઘટતો હોવાથી દ્રવ્ય અન્વય કહેવાય છે. (સ્પષ્ટ અર્થ એ છે કે અખંડરૂપે દ્રવ્યની સાથે સાથે જે પરિણમન કરતું રહે તે અન્વયી છે. ગુણ દ્રવ્યની સાથે જ સદૈવ પરિણમન કરે છે.)

દ્રવ્યના પર્યાયવાચક શબ્દ

**सत्ता सत्त्वं सद्वा सामान्यं द्रव्यमन्वयो वस्तु।**
**अर्थो विधिरविशेषादेकार्थवाचका अमी शब्दाः।।१४३।।**

**અર્થ :–** સત્તા, સત્ત્વ, સત્, સામાન્ય, દ્રવ્ય, અન્વય, વસ્તુ, અર્થ, વિધિ આ બધા શબ્દો સામાન્ય રીતે એક દ્રવ્ય રૂપ અર્થના વાચક છે.

**अयमन्वयोस्ति येषामन्वयिनस्ते भवन्ति गुणवाच्याः।**
**अयमर्थो वस्तुत्वात् स्वतः सपक्षा न पर्ययापेक्षाः।।१४४।।**

**અર્થ :–** આ અન્વય જેમના છે તે અન્વયી કહેવાય છે. આવા અન્વયી ગુણ કહેવાય છે. એનો અર્થ એ છે કે વાસ્તવમાં ગુણ પોતાના જ પક્ષમાં રહે છે, પર્યાયોની અપેક્ષા રાખતા નથી.

**ભાવાર્થ :–** દ્રવ્ય અનંત ગુણોનો સમુદાય છે. તે બધા ગુણોમાં સમયે સમયે નવી

નવી પર્યાયો થયા કરે છે. તે બધી પર્યાયોમાં ગુણ બરાબર સાથે રહે છે. દરેક ગુણનો પોતાની બધી અવસ્થાઓમાં અન્વય (સંતતિ અથવા અનુવૃત્તિ) પ્રાપ્ત થાય છે. આ રીતે અનંત ગુણ સમુદાયરૂપ દ્રવ્યમાં અનંત ગુણ જ પોતાની બધી અવસ્થાઓમાં પ્રાપ્ત થાય છે. તેથી ગુણ અન્વયી કહેવાય છે અને તેથી જ તેઓ સદા સ્વપક્ષ અર્થાત્ સ્વસ્વરૂપમાં ટકી રહે છે. પર્યાયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન થઈ જતા નથી.

આ શ્લોકમાં *'સપક્ષા' પાઠ છે. સપક્ષ અન્વયીને કહે છે અર્થાત્ ગુણ વ્યતિરેકી નથી. જેમાં 'આ તે જ છે' એવી બુદ્ધિ થાય તે અન્વયી કહેવાય છે અને જેમાં આવી બુદ્ધિ ન થાય તે વ્યતિરેકી કહેવાય છે. ગુણ અનેક છે તેથી જુદા જુદા ગુણોની અપેક્ષાએ જો કે ગુણ પણ વ્યતિરેકી છે પરંતુ એક ગુણ પોતાની બધી અવસ્થાઓમાં રહ્યો થકો 'આ તે જ છે' એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે. તેથી તે અન્વયી જ છે પરંતુ પર્યાયોમાં 'આ તે નથી' એવી બુદ્ધિ થાય છે તેથી તે વ્યતિરેકી છે.

શંકાકાર

**ननु च व्यतिरेकित्वं भवतु गुणानां सदन्वयत्वेपि।**
**तदनेकत्वप्रसिद्धौ भावव्यतिरेकतः सतामिति चेत्।।१४५।।**

**અર્થ :–** ગુણોનો સત્‌ની સાથે અન્વય હોવા છતાં પણ તેમનામાં વ્યતિરેકીપણું પણ હોવું જોઈએ કેમ કે તે અનેક છે. ભાવ વ્યતિરેક પણ પદાર્થોમાં હોય છે.

**ભાવાર્થ :–** અનેકમાં પણ વ્યતિરેક ઘટે છે. ગુણ પણ અનેક છે તેથી તેમનામાં પણ વ્યતિરેક ઘટવો જોઈએ. તો પછી ગુણોને અન્વયી કેમ કહેવામાં આવ્યા છે ?

ઉત્તર

**तन्न यतोस्ति विशेषो व्यतिरेकस्यान्वयस्य चापि यथा।**
**व्यतिरेकिणोह्यनेकेप्येकः स्यादन्वयी गुणो नियमात्।।१४६।।**

* – પુસ્તકમાં જો કે 'સપક્ષા' જ પાઠ છે પરંતુ અમે 'સ્વપક્ષા' પદ પણ મનમાં રાખીને તેનો અર્થ ઉપર લખી દીધો છે. 'સપક્ષા' નો અર્થ તો અનુકૂળ છે જ. પરંતુ 'સ્વપક્ષા' નો પણ અર્થ તે જ ભાવને પ્રગટ કરે છે.

**અર્થ :–** શંકાકારની ઉપર્યુક્ત શંકા બરાબર નથી કેમકે અન્વય અને વ્યતિરેકમાં વિશેષતા છે. વ્યતિરેકી અનેક હોય છે અને એક ગુણ નિયમથી અન્વયી હોય છે.

**ભાવાર્થ :–** વ્યતિરેક અનેકમાં ઘટે છે અને અન્વયમાં પ્રવાહરૂપે ચાલતા એકમાં ઘટે છે. પર્યાયો અનેક છે, તેમનામાં તો વ્યતિરેક જ ઘટે છે. ગુણોમાં જુદા જુદા ગુણોની અપેક્ષાએ જો કે વ્યતિરેક છે તો પણ પ્રત્યેક ગુણ અન્વયી જ છે. આ તે નથી, એવો જે વ્યતિરેક છે તે ચાર પ્રકારે છે. દેશ વ્યતિરેક, ક્ષેત્ર વ્યતિરેક, કાળ વ્યતિરેક અને ભાવ વ્યતિરેક.

દેશ વ્યતિરેક આ પ્રમાણે છે

**स यथा चैको देशः स भवति नान्यो भवति स चाप्यन्यः।**
**सोऽपि न भवति स देशो भवति स देशश्च देशव्यतिरेकः।।१४७।।**

**અર્થ :–** અનંત ગુણોના એક સમયવર્તી અભિન્ન પિંડને દેશ કહે છે. જે એક દેશ છે તે બીજું નથી તથા જે બીજું છે, તે બીજું જ છે, તે પહેલું નથી. આને દેશ વ્યતિરેક કહે છે.

ક્ષેત્ર વ્યતિરેક આ પ્રમાણે છે

**अपि यश्चैको देशं यावदभिव्याप्य वर्तते क्षेत्रम्।**
**तत्तत्क्षेत्रं नान्यद्भवति तदन्यश्च क्षेत्रव्यतिरेकः।।१४८।।**

અર્થ :– જેટલા ક્ષેત્રને વ્યાપીને એક દેશ રહે છે તે ક્ષેત્ર તે જ છે, બીજું નથી અને જે બીજું ક્ષેત્ર છે તે બીજું જ છે પહેલું નથી. આને ક્ષેત્ર વ્યતિરેક કહે છે.

કાળ વ્યતિરેક આ પ્રમાણે છે

**अपि चैकस्मिन् समये यकाप्यवस्था भवेन्न साप्यन्या।**
**भवति च सापि तदन्या द्वितीयसमयेपि कालव्यतिरेकः।।१४९।।**

**અર્થ :–** એક સમયમાં જે અવસ્થા થાય છે તે તે જ છે, બીજી થઈ જતી નથી

અને જે બીજા સમયમાં અવસ્થા થાય છે તે બીજી જ છે, પહેલી થઈ જતી નથી, એને કાળ વ્યતિરેક કહે છે.

ભાવ વ્યતિરેક આ પ્રમાણે છે

**भवति गुणांशः कश्चित् स भवति नान्यो भवति स चाप्यन्यः।**
**सोपि न भवति तदन्यो भवति तदन्योपि भावव्यतिरेकः।।१५०।।**

**અર્થ :–** જે એક ગુણાંશ છે તે તે જ છે બીજો નથી અને જે બીજો ગુણાંશ છે તે બીજો જ છે, પહેલો નથી. આને ભાવ વ્યતિરેક કહે છે.

આ પ્રમાણે વ્યતિરેક ન માનવાથી દોષ

**यदि पुनरेवं न स्यात्स्यादपि चैवं पुनः पुनः सैषः।**
**एकांशदेशमात्रं सर्वं स्यात्तन्न बाधितत्वात्प्राक्।।१५१।।**

**અર્થ :–** જો ઉપર વર્ણવેલી વ્યતિરેકની વ્યવસ્થા ન માનવામાં આવે અને જે પહેલા સમયમાં દેશાદિક છે તે જ બીજા સમયમાં માનવામાં આવે, ભિન્ન ભિન્ન માનવામાં ન આવે તો આખી વસ્તુ એક અંશમાત્ર દેશવાળી ઠરશે. અને આમ માનવું યોગ્ય નથી. એક અંશમાત્ર દેશના સ્વીકારમાં પહેલાં જ બાધા બતાવવામાં આવી છે.

સ્પષ્ટાર્થ

**अयमर्थः पर्यायाः प्रत्येकं किल यथैकशः प्रोक्ताः।**
**व्यतिरेकिणो ह्यनेके न तथाऽनेकत्वतोपि सन्ति गुणाः।।१५२।।**

**અર્થ :–** ઉપર કરેલા કથનનો ખુલાસો આ રીતે છે કે એક એક સમયમાં ક્રમપૂર્વક ભિન્ન ભિન્ન થનારી જે પર્યાયો છે તે જ વ્યતિરેકી છે પરંતુ ગુણ અનેક હોવા છતાં પણ તે પ્રકારે વ્યતિરેકી નથી.

**ભાવાર્થ :–** જે દ્રવ્યની એક સમયની પર્યાય છે તે બીજા સમયે રહેતી નથી પરંતુ બીજા સમયે બીજી જ પર્યાય થાય છે. તેથી દ્રવ્યના એક સમયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન છે અને બીજા સમયના ભિન્ન છે. જે પહેલા સમયનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે તે જ બીજા સમયના નથી તેથી પર્યાયો વ્યતિરેકી છે કેમકે વ્યતિરેકનું લક્ષણ જ એ છે કે 'આ તે નથી.' પર્યાયો અનેક છે અને તે ભિન્ન ભિન્ન છે તેથી 'આ તે નથી' એવો વ્યતિરેક તેમનામાં સારી રીતે ઘટે છે, પરંતુ ગુણોમાં આ વાત નથી. જો કે ગુણ પણ અનેક છે તો પણ તેમનામાં (પ્રત્યેક ગુણમાં) 'આ તે નથી,' એવો વ્યતિરેક ઘટતો નથી. પરંતુ પ્રત્યેક ગુણ પોતાની અનાદિ–અનંત અવસ્થાઓમાં પ્રાપ્ત થાય છે. તેથી પ્રત્યેક ગુણમાં 'આ તે જ છે,' એવો અન્વય જ ઘટે છે.

ગુણોમાં અન્વયીપણું દૃષ્ટાંત દ્વારા સિદ્ધ કરે છે

**किन्त्वेकशः स्वबुद्धौ ज्ञानं जीवः स्वसर्वसारेण।**
**अथ चैकशः स्वबुद्धौ दृग्वा जीवः स्वसर्वसारेण।।१५३।।**

**અર્થ :–** કોઈએ પોતાની બુદ્ધિમાં સર્વસ્વપણે જ્ઞાનને જ જીવ માન્યો અને બીજાએ પોતાની બુદ્ધિમાં સર્વસ્વપણે દર્શનને જ જીવ માન્યો.

**ભાવાર્થ :–** એકે જ્ઞાન ગુણની મુખ્યતાથી જીવનું ગ્રહણ કર્યું છે અને બીજાએ દર્શન ગુણની મુખ્યતાથી જીવનું ગ્રહણ કર્યું છે. પરંતુ બંનેએ તે જ જીવને એટલો જ ગ્રહણ કર્યો છે. જો કે જ્ઞાન ગુણ ભિન્ન છે અને દર્શન ગુણ ભિન્ન છે, એવી જ રીતે બીજા પણ જેટલા ગુણો છે તે બધા ભિન્ન ભિન્ન છે તો પણ તેઓ પરસ્પર અભિન્ન છે તેથી જે એમ કહે છે કે 'જ્ઞાન છે તે જીવ છે' તે જો કે જીવને જ્ઞાનની પ્રધાનતાથી જ ગ્રહણ કરે છે, પરંતુ જીવ તો જ્ઞાન રૂપ જ કેવળ નથી પરંતુ દર્શનાદિ સ્વરૂપ પણ છે. તેથી ગુણોમાં અનેકતા હોવા છતાં પણ પર્યાયોની જેમ 'આ તે નથી' એવો વ્યતિરેક નથી ઘટતો. આ જ વાત આગળના શ્લોકો દ્વારા સ્પષ્ટ કરે છે. –

**तत एव यथाऽनेके पर्यायाः सैष नेति लक्षणतः।**
**व्यतिरेकिणश्च न गुणास्तथेति सोऽयं न लक्षणाभावात्।।१५४।।**

**અર્થ :–** તેથી જેમ અનેક પર્યાયો 'આ તે નથી' એ લક્ષણથી વ્યતિરેકી છે તેમ અનેક ગુણો પણ 'આ તે નથી' એ લક્ષણ ન ઘટવાથી વ્યતિરેકી નથી.

પણ

**तल्लक्षणं यथा स्याज्ज्ञानं जीवो य एव तावांश्च।**
**जीवो दर्शनमिति वा तदभिज्ञानात् स एव तावांश्च।।१५५।।**

**અર્થ :–** ગુણોમાં અન્વય લક્ષણ જ ઘટે છે. જે સમયે જીવને જ્ઞાન સ્વરૂપ કહેવામાં આવે છે, તે સમયે તે તેટલો જ છે અને જે સમયે જીવને દર્શન સ્વરૂપ કહેવામાં આવે છે તે વખતે તે તેટલો જ છે. જ્ઞાન અથવા દર્શન રૂપ જીવને કહેવાથી તેમાં 'આ તે જ છે' એવું જ પ્રત્યભિજ્ઞાન થાય છે.

**एष क्रमः सुखादिषु गुणेषु वाच्यो गुरूपदेशाद्वा।**
**यो जानाति स पश्यति सुखमनुभवतीति स एव हेतोश्च।।१५६।।**

**અર્થ :–** પૂર્વાચાર્યોના કથનાનુસાર આ જ ક્રમ સુખાદિ ગુણોમાં પણ લગાડી દેવો જોઈએ. જે જીવ જાણે છે, તે જ દેખે છે અને તે જ સુખનો અનુભવ કરે છે. આ બધા કાર્યોમાં 'આ તે જ છે' એવી જ પ્રતીતિ થાય છે.

અર્થ શબ્દનો અન્વર્થ

**अथ चोद्दिष्टं प्रागप्यर्था इति संज्ञया गुणा वाच्चाः।**
**तदपि न रूढिवशादिह किन्त्वर्थाद्यौगिकं तदेवेति।।।१५७।।**

**અર્થ :–** એ પહેલાં જ કહેવાય ગયું છે કે અર્થ નામ ગુણનું છે, તે પણ ફક્ત રૂઢિ પ્રમાણે નથી પરંતુ તે યૌગિક રીતે છે.

અર્થનો યૌગિક અર્થ

**स्यादृगताविति धातुस्तद्रूपोऽयं निरुच्यते तज्ज्ञैः।**
**अस्त्यर्थोनुगतार्थादनादि नादिसन्तानरूपतोपि गुणः।।१५८।।**

**અર્થ :–** 'ઋ' એક ધાતુ છે, ગમન કરવું એવો એનો અર્થ છે. તે જ ધાતુમાંથી આ અર્થ શબ્દ બન્યો છે એમ વ્યાકરણના જાણનારાઓ કહે છે. જે ગમન કરે તેને અર્થ કહે છે. ગુણો અનાદિ સંતતિ રૂપે સાથે સાથે ચાલ્યા આવે છે તેથી ગુણનું અર્થ એવું નામ અન્વર્થક (યથાર્થ) જ છે.

સારાંશ

**अयमर्थः सन्ति गुणा अपि किल परिणामिनः खतः सिद्धाः।**
**नित्यानित्यत्वादप्युत्पादादि त्रयात्मकाः सम्यक्।।१५९।।**

**અર્થ :–** ઉપર કરેલા કથનનો સારાંશ એ છે કે ગુણ પણ નિયમથી સ્વતઃ સિદ્ધ પરિણામી છે તેથી તેઓ કથંચિત્ નિત્ય પણ છે અને કથંચિત્ અનિત્ય પણ છે અને તેથી જ તેમનામાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સારી રીતે ઘટે છે.

ગુણોમાં ભેદ

**अस्ति विशेषस्तेषां सति च समाने यथा गुणत्वेपि।**
**साधारणास्त एके केचिदसाधारणा गुणाः सन्ति।।।१६०।।**

**અર્થ :–** જો કે ગુણત્વ સામાન્યની અપેક્ષાએ બધા ગુણોમાં સમાનતા છે તોપણ તેમનામાં વિશેષતા ય છે. તેમનામાં કેટલાક સાધારણ ગુણ છે અને કેટલાક અસાધારણ ગુણ છે.

સાધારણ અને અસાધારણનો અર્થ

**साधारणास्तु यतरे ततरे नाम्ना गुणा हि सामान्याः।**
**ते चाऽसाधारणका यतरे ततरे गुणा विशेषाख्याः।।१६१।।**

**અર્થ :–** જેટલા સાધારણ ગુણ છે તે સામાન્ય ગુણ કહેવાય છે અને જેટલા અસાધારણ ગુણ છે તે વિશેષ ગુણ કહેવાય છે.

**ભાવાર્થ :–** જે ગુણ સામાન્ય રીતે દરેક દ્રવ્યમાં પ્રાપ્ત થાય તેમને તો સામાન્ય અથવા સાધારણ ગુણ કહે છે અને જે ગુણ ખાસ ખાસ દ્રવ્યમાં જ પ્રાપ્ત થાય તેમને વિશેષ અથવા અસાધારણ ગુણ કહે છે અર્થાત્ જે સર્વ દ્રવ્યોમાં રહે તે સામાન્ય અને જે કોઈ વિશેષ દ્રવ્યમાં રહે તે વિશેષ કહેવાય છે.

આમ શા માટે કહેવામાં આવે છે ?

**तेषामिह वक्तव्ये हेतुः साधारणैर्गुणैर्यस्मात्।**
**द्रव्यत्वमस्ति साध्यं द्रव्यविशेषस्तु साध्यते त्वितरैः।।१६२।।**

**અર્થ :–** આમ શા માટે કહેવામાં આવે છે ? એનું કારણ એ છે કે સાધારણ ગુણોથી તો દ્રવ્ય સામાન્ય સિદ્ધ કરવામાં આવે છે અને વિશેષ ગુણોથી દ્રવ્ય વિશેષ સિદ્ધ કરવામાં આવે છે.

ઉદાહરણ

**संदृष्टिः सदिति गुणः स यथा द्रव्यत्वसाधको भवति।**
**अथ च ज्ञानं गुण इति द्रव्यविशेषस्य साधको भवति।।१६३।।**

**અર્થ :–** ઉદાહરણ આમ છે કે સત્ (અસ્તિત્વ) એ ગુણ સામાન્ય દ્રવ્યનો સાધક છે અને જ્ઞાન ગુણ દ્રવ્ય વિશેષ (જીવ) નો સાધક છે.

**ભાવાર્થ :–** સત્ ગુણ બધા દ્રવ્યોમાં સમાનપણે પ્રાપ્ત થાય છે તેથી બધા દ્રવ્યો સત્ કહેવાય છે. પરંતુ જ્ઞાન ગુણ બધા દ્રવ્યોમાં પ્રાપ્ત થતો નથી પણ જીવમાં જ પ્રાપ્ત થાય છે તેથી જ્ઞાન વિશેષ ગુણ છે અને સત્ સામાન્ય ગુણ છે. એ જ રીતે બધા દ્રવ્યોમાં સામાન્ય ગુણ સમાન છે અને વિશેષ ગુણ જુદા જુદા છે.

પર્યાયનું લક્ષણ કહેવાની પ્રતિજ્ઞા

**उक्तं हि गुणानामिह लक्ष्यं तल्लक्षणं यथाऽऽगमतः।**
**सम्प्रति पर्यायाणां लक्ष्यं तल्लक्षणं च वक्ष्यामः।।१६४।।**

**અર્થ :–** આ ગ્રંથમાં આગમ અનુસાર ગુણોનું લક્ષ્ય અને લક્ષણ તો કહેવામાં આવ્યું. હવે પર્યાયોનું લક્ષ્ય અને લક્ષણ કહે છે.

પર્યાયનું લક્ષણ

**क्रमवर्तिनो ह्यनित्या अथ च व्यतिरेकिणश्च पर्यायाः।**
**उत्पादव्ययरूपा अपि च ध्रौव्यात्मकाः कथञ्चिच्च।।१६५।।**

**અર્થ :–** પર્યાયો ક્રમવર્તી, અનિત્ય, વ્યતિરેકી, ઉત્પાદ વ્યયસ્વરૂપ અને કથંચિત્ ધ્રૌવ્યસ્વરૂપ હોય છે.

**तत्र व्यतिरेकित्वं प्रायः प्रागेव लक्षितं सम्यक्।**
**अवशिष्टविशेषमितः क्रमतः संल्लक्ष्यते यथाशक्ति।।१६६।।**

**અર્થ :–** પર્યાયોનું વ્યતિરેકીપણું તો ગુણોના કથનમાં સિદ્ધ કરી દીધું છે. હવે બાકીના લક્ષણો ક્રમશઃ યથાશક્તિ અહીં કહેવામાં આવે છે.

क्रमवर्तित्वनुं लक्षण

**अस्त्यत्र य प्रसिद्धः क्रम इति धातुश्च पादविक्षेपे।**
**क्रमति क्रम इति रूपस्तस्य स्वार्थानतिक्रमादेषः।।१६७।।**
**वर्तन्ते तेन यतः भवितुं शीलास्तथा स्वरूपेण।**
**यदि वा स एव वर्ती येषां क्रमवर्तिनस्त एवार्थात्।।१६८।।**

**અર્થ :–** પાદ વિક્ષેપનો અર્થ થાય છે ક્રમે ગમન કરવું અથવા ક્રમે થવું. આ જ અર્થમાં ક્રમ ધાતુ પ્રસિદ્ધ છે. તેમાંથી જ ક્રમ શબ્દ બન્યો છે. આ શબ્દ પોતાના અર્થનું ઉલ્લંઘન કરતો નથી. ક્રમપૂર્વક જે વર્તન કરે અર્થાત્ ક્રમપૂર્વક જે થાય તેમને ક્રમવર્તી કહે છે અથવા ક્રમસ્વરૂપે થવાનો જેમનો સ્વભાવ છે તેમને ક્રમવર્તી કહે છે અથવા ક્રમ જ જેમનામાં થતો રહે તેમને જ અનુગત – અર્થ થવાથી ક્રમવર્તી કહે છે એવી ક્રમવર્તી પર્યાયો હોય છે.

એનો જ સ્પષ્ટાર્થ

**अयमर्थः प्रागेकं जातं समुच्छिद्य जायते चैकः।**
**अथ नष्टे सति तस्मिन्नन्योप्युत्पद्यते यथा देशः।।१६९।।**

**અર્થ :–** પર્યાયો ક્રમવર્તી છે, એનો એ અર્થ છે કે જેવી રીતે પહેલાં એક પર્યાય થઈ પછી તેનો નાશ થતાં બીજી થઈ, તે બીજીનો પણ નાશ થતાં ત્રીજી થઈ. એ જ પ્રમાણે પૂર્વ પૂર્વ પર્યાયોનો નાશ થતાં જે ઉત્તરોત્તર પર્યાયો ક્રમપૂર્વક થયા કરે છે. એનું નામ જ ક્રમવર્તી છે. અનંત ગુણોના એક સમયવર્તી અભિન્ન પિંડને દેશ કહે છે એક સમયનું દેશ બીજા સમયથી ભિન્ન છે. અહીં દેશ શબ્દથી પર્યાયનું ગ્રહણ થાય છે. (જુઓ ગાથા ૧૪૭)

८



શંકાકાર

**ननु यद्यस्ति स भेदः शब्दकृतो भवतु वा तदेकार्थात्।**
**व्यतिरेक क्रमयोरिह को भेदः पारमार्थिकस्त्विति चेत्।।१७०।।**

**અર્થ :–** જો વ્યતિરેકપણા અને ક્રમવર્તીપણામાં શબ્દ ભેદ જ માનવામાં આવે તો તો બરાબર છે. કેમકે બંનેનો એક જ અર્થ છે. જો આ બંનેમાં અર્થ ભેદ પણ માનવામાં આવે તો બતાવવું જોઈએ કે વાસ્તવમાં આ બંનેમાં શું તફાવત છે ?

ઉત્તર

**तन्न यतोस्ति विशेषः सदृशधर्मे द्वयोः समानेपि।**
**स्थूलेष्विव पर्यायेष्वन्तर्लीनाश्च पर्ययाः सूक्ष्माः।।१७१।।**

**અર્થ :–** શંકાકારનું આ કથન 'કે વ્યતિરેકી અને ક્રમવર્તી બંનેનો એક જ અર્થ છે' બરાબર નથી. કેમકે દ્રવ્યના પૂર્વ સમયવર્તી અને ઉત્તર સમયવર્તી અંશોમાં સમાનતા હોવા છતાં પણ વિશેષતા છે. જેવી રીતે સ્થૂળ પર્યાયોમાં સૂક્ષ્મ પર્યાયો અંતર્લીન (ગર્ભિત) થઈ જાય છે, પરંતુ લક્ષણ ભેદથી તેઓ ભિન્ન છે, તેવી જ રીતે વ્યતિરેકી અને ક્રમવર્તી પણ ભિન્ન છે.

**ભાવાર્થ :–** દ્રવ્યનું ક્ષણે ક્ષણે જે પરિણમન થાય છે તેના બે ભેદ છે. એક સમયવર્તી પરિણમનની અપેક્ષાએ બીજા સમયવર્તી પરિણમનમાં કાંઇક સમાનતા પણ રહે છે અને કાંઇક અસમાનતા પણ રહે છે. દૃષ્ટાંત માટે બાળકને જ લઈ લ્યો. બાળક દરેક સમયે અવસ્થાઓ બદલ્યા કરે છે. જો એમ ન માનવામાં આવે તો એક વર્ષ પછી બાળકમાં પુષ્ટતા અને ઊંચાઈ ન વધવા જોઈએ. અને તે એક દિવસમાં આવી જતી નથી, પ્રતિ સમય વધતી રહે છે પરંતુ આપણી દૃષ્ટિમાં બાળકની જે પહેલા સમયની અવસ્થા હોય તે જ બીજા સમયે દેખાય છે, એનું કારણ તે જ સદૃશ પરિણમન છે. જે અસદૃશ અંશ છે તે સૂક્ષ્મ છે, ઇન્દ્રિયો દ્વારા તેનું ગ્રહણ થતું નથી. સદૃશ પરિણમન અનેક સમયોમાં એક જેવું હોય છે, તેથી કહેવાય છે કે સ્થૂળ પર્યાય ચિરસ્થાયી છે અને એ જ અપેક્ષાએ

પર્યાયને કથંચિત્ ધ્રૌવ્યસ્વરૂપ કહી છે. સ્થૂળ પર્યાયોમાં જો કે સૂક્ષ્મ પર્યાયો ગર્ભિત થઈ જાય છે. તો પણ લક્ષણ ભેદથી તેઓ ભિન્ન ભિન્ન છે, તેવી જ રીતે વ્યતિરેક અને ક્રમમાં પણ લક્ષણ ભેદથી ભેદ છે. તે જ આગળ કહેવામાં આવે છે.

## વ્યતિરેકનું સ્વરૂપ

**तत्र व्यतिरेकः स्यात् परस्पराभावलक्षणेन यथा।**
**अंशविभागः पृथगिति सदृशांशानां सतामेव।।१७२।।**
**तस्माद्यतिरेकित्वं तस्य * स्यात् स्थूलपर्ययः स्थूलः।**
**सोऽयं भवति न सोऽयं यस्मादेतावतैव संसिद्धिः।।१७३।।**

**અર્થ :–** સમાન અંશોમાં પરિણમતા પદાર્થોનો જ પરસ્પર અભાવરૂપ ભિન્ન ભિન્ન અંશોનો વિભાગ કરવામાં આવે છે તેનું જ નામ વ્યતિરેક છે. જે એક સમયવર્તી પર્યાય છે તે બીજા સમયવર્તી નથી. બસ આનાથી જ વ્યતિરેકની સારી રીતે સિદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ :–** એક સમયવર્તી પર્યાયનો બીજા સમયવર્તી પર્યાયમાં અભાવ લાવવો, એનું જ નામ વ્યતિરેક છે. જો કે સ્થૂળ પર્યાયોનું સમાનરૂપે પરિણમન થાય છે (દેખાય છે) તો પણ એક સમયવર્તી પરિણમન (આકાર) બીજા સમયવર્તી પરિણમનથી ભિન્ન છે, બીજા સમયનું પરિણમન પહેલા સમયના પરિણમનથી ભિન્ન છે. એ જ પ્રમાણે ભિન્ન ભિન્ન સમયોમાં થનારા ભિન્ન ભિન્ન આકારોમાં પરસ્પર અભાવ ઘટાવવો એનું જ નામ વ્યતિરેક છે.

## ક્રમનું સ્વરૂપ

**विष्कंभः क्रम इति वा क्रमः प्रवाहस्य कारणं तस्य।**
**न विवक्षितमिह किञ्चित्तत्र तथात्वं किमन्यथात्वं वा।।१७४।।**

---

* – 'यथा स्थूल पर्यये सूक्ष्मः' સંશોધિત પુસ્તકમાં આવો પાઠ છે આ પાઠ પણ ઉત્તમ છે કેમકે સૂક્ષ્મ પર્યાયો સમાન દેખાય છે. પરંતુ સ્થૂળ પર્યાયો ભિન્ન ભિન્ન દેખાય છે, જેમ કે ઘડો અને ઠીકરા અથવા બાળક અને યુવાન.

**क्रमवर्तित्वं नाम व्यतिरेक पुरस्सरं विशिष्टं च।**
**स भवति भवति न सोऽयं तथाथ च तथा न भवतीति।।१७५।।**

**અર્થ :–** જે વિસ્તારયુક્ત હોય તે ક્રમ કહેવાય છે, ક્રમ પ્રવાહનું કારણ છે, ક્રમમાં એ વિવક્ષિત નથી કે આ તે છે અથવા અન્ય છે. ક્રમવર્તીપણું વ્યતિરેકની પહેલાં હોય છે અને નિયમથી વ્યતિરેક સહિત હોય છે. એકપર્યાય પછી બીજી, બીજીની પછી ત્રીજી, ત્રીજીની પછી ચોથી, એ રીતે બરાબર પ્રવાહને ક્રમ કહે છે. અને 'આ તે નથી' આ પ્રમાણે પરસ્પરમાં આવતાં અભાવને વ્યતિરેક કહે છે.

**ભાવાર્થ :–** એકની પાછળ બીજી, ત્રીજી, ચોથી આ રીતે બરાબર (સતત) થયા કરતા પ્રવાહને ક્રમ કહે છે. ક્રમમાં એ વાતની વિવક્ષા નથી કે 'આ તે નથી' અને 'આ તે નથી' એ વિવક્ષા વ્યતિરેકમાં છે. તેથી જ ક્રમ વ્યતિરેકની પહેલાં હોય છે, ક્રમ વ્યતિરેકનું કારણ છે, વ્યતિરેક તેનું કાર્ય છે. તેથી ક્રમ અને વ્યતિરેક એક નથી, પરંતુ આ બંનેમાં કાર્ય કારણભાવ છે.

શંકાકાર

**ननु तत्र किं प्रमाणं क्रमस्य साध्ये तदन्यथात्वे हि।**
**सोऽयं यः प्राक् स तथा यथेति यः प्राक्तु निश्चयादिति चेत्।।१७६।।**

**અર્થ :–** ક્રમ અને વ્યતિરેકને સિદ્ધ કરવામાં પ્રમાણ શું છે, કેમકે પહેલાં કહેવાય ગયું છે કે જે પહેલાં હતું તે જ આ છે અથવા જેવું પહેલાં હતું તેવું જ છે ?

ઉત્તર

***तन्न यतः प्रत्यक्षादनुभवविषयात्तथानुमानाद्वा।**
**स तथेति च नित्यस्य न तथेत्यनित्यस्य प्रतीतत्वात्।।१७७।।**

* – છાપેલા પુસ્તકમાં આ શ્લોક ૧૭૯મો છે પરંતુ સંશોધિત પુસ્તકમાં ૧૭૭મો છે. આ જ ક્રમથી અર્થ પણ યોગ્ય રીતે ઘટિત થાય છે.

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા યોગ્ય નથી કેમકે પ્રત્યક્ષ પ્રમાણથી, પોતાના અનુભવથી અથવા અનુમાન પ્રમાણથી 'તે તે જ પ્રકારે છે,' આ રીતે નિત્યની અને 'તે તે પ્રકારે નથી' આ રીતે અનિત્યની પણ પ્રતીતિ થાય છે.

એનો જ સ્પષ્ટ અર્થ

**अयमर्थः परिणामि द्रव्यं नियमाद्यथा स्वतः सिद्धम्।**
**प्रतिसमयं परिणमते पुनः पुनर्वा यथा प्रदीपशिखा।।१७८।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનનો એ અર્થ છે કે દ્રવ્ય જેમ સ્વતઃ સિદ્ધ છે, તેમજ નિયમથી પરિણામી પણ છે. જેવી રીતે દીવાની જ્યોત વારંવાર ફરક્યા કરે છે તેવી જ રીતે પ્રતિ સમય દ્રવ્ય પણ પરિણમન કરે છે.

**इदमस्ति पूर्वपूर्वभावविनाशेन नश्यतोशस्य।**
**यदि वा तदुत्तरोत्तरभावोत्पादेन जायमानस्य।।१७९।।**

**અર્થ :–** પહેલા પહેલા ભાવનો વિનાશ થવાથી કોઈ અંશનો (પર્યાયનો) નાશ થવાથી અને નવીન ભાવ ઉત્પન્ન થવાથી કોઈ અંશ (પર્યાય) પેદા થવાથી આ પરિણમન થાય છે.

દૃષ્ટાંત

**तदिदं यथा स जीवो देवो मनुजाद्भवन्नथाप्यन्यः।**
**कथमन्यथात्वभावं न लभेत स गोरसोपि नयात्।।१८०।।**

**અર્થ :–** તે પૂર્વ પૂર્વ ભાવનો વિનાશ અને ઉત્તરોત્તર ભાવનો ઉત્પાદ આ પ્રમાણે થાય છે – જેમ જે જીવ પહેલાં મનુષ્ય પર્યાયમાં હતો, તે જ જીવ મરીને દેવ પર્યાયમાં ચાલ્યો ગયો, મનુષ્ય–જીવથી દેવ–જીવ કથંચિત્ ભિન્ન છે. જેમ દૂધ કરતાં દહીં કથંચિત્ અન્યથાભાવને પામે છે તેવી જ રીતે આ પણ કથંચિત્ અન્યથાભાવ કેમ ન પ્રાપ્ત કરે ?

અવશ્ય પ્રાપ્ત કરે.

શંકાકાર

**ननु चैवं सत्यसदपि किञ्चिद्वा जायते सदेव यथा।**
**सदपि विनश्यत्यसदिव सदृशासदृशत्वदर्शनादिति चेत्।।१८१।।**
**सदृशोत्पादो हि यथा स्यादुष्णः परिणमन् यथा वह्निः।**
**स्यादित्यसदृशजन्मा हरितात्पीतं यथा रसालफलम्।।१८२।।**

**અર્થ :–** આ જાતની ભિન્નતા સ્વીકારવાથી લાગે છે કે સત્‌ની જેમ કાંઇક અસત્ પણ ઉત્પન્ન થઈ જાય છે અને અસત્‌ની જેમ સત્ પદાર્થ પણ નાશ પામી જાય છે. સમાનતા અને અસમાનતાને જોવાથી આવી પ્રતીતિ પણ થાય છે. કોઈ કોઈનો સમાન ઉત્પાદ થાય છે અને કોઈ કોઈનો અસમાન ઉત્પાદ થાય છે. અગ્નિનું જે ઉષ્ણ રૂપે પરિણમન થાય છે, તે તેનો સમાન ઉત્પાદ છે અને જે કાચી કેરી પાકી થવાથી લીલામાંથી પીળી થઈ જાય છે તે અસમાન (વિજાતીય) ઉત્પાદ છે ?

**ભાવાર્થ :–** વસ્તુનું સમયે સમયે થવાવાળું પરિણમન જોઈને વસ્તુને જ ઉત્પન્ન અને વિનષ્ટ સમજનારાઓની આ શંકા છે.

ઉત્તર

**नैवं यतः स्वभावादसतो जन्म न सतो विनाशो वा।**
**उत्पादादि त्रयमपि भवति च भावेन भावतया।।१८३।।**

**અર્થ :–** ઉપર્યુક્ત જે શંકા કરવામાં આવી છે તે બરાબર નથી. કેમકે આ એક સ્વાભાવિક વાત છે કે ન તો અસત્ પદાર્થનો જન્મ થાય છે અને ન સત્ પદાર્થનો વિનાશ પણ થાય છે. જે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય થાય છે તેઓ પણ વસ્તુના એક ભાવથી બીજા ભાવરૂપ થાય છે.

**ભાવાર્થ :–** જે પદાર્થ છે જ નહિ તે તો ક્યાંયથી આવી શકતો નથી અને જે ઉપસ્થિત છે તે ક્યાંય જઈ શકતો નથી તેથી ન તો નવીન પદાર્થની ઉત્પત્તિ થાય છે અને ન સત્ પદાર્થનો વિનાશ થાય છે પરંતુ દરેક વસ્તુમાં સમયે સમયે ભાવથી ભાવાન્તર થયા કરે છે. ભાવથી ભાવાન્તર શું છે ? એનો જ ખુલાસો નીચે કરવામાં આવે છે :–

**अयमर्थः पूर्वं यो भावः सोप्युत्तरत्र भावश्च।**
**भूत्वा भवनं भावो नष्टोत्पन्नो न भाव इह कश्चित्।।१८४।।**

**અર્થ :–** એનો અર્થ એ છે કે પહેલાં જે ભાવ હતો તે જ ઉત્તર ભાવરૂપ થઈ જાય છે. થઈને થવું તેનું નામ જ ભાવ છે. નષ્ટ અને ઉત્પન્ન કોઈ ભાવ હોતો નથી.

**ભાવાર્થ :–** આકારનું નામ જ ભાવ છે. વસ્તુનો એક આકાર બદલીને બીજા આકારરૂપે થઈ જાય, એનું નામ જ ભાવથી ભાવાન્તર કહેવાય છે. દરેક વસ્તુમાં ક્ષણે ક્ષણે આ જ પ્રમાણે એક આકારમાંથી બીજો આકાર થયા કરે છે. કોઈ નવા પદાર્થની ઉત્પત્તિ થતી નથી અને ન કોઈ સત્ પદાર્થનો વિનાશ પણ થાય છે.

દૃષ્ટાંત

**दृष्टांत परिणामी जलप्रवाहो य एव पूर्वस्मिन्।**
**उत्तरकालेपि तथा जलप्रवाह स एव परिणामी।।१८५।।**

**અર્થ :–** દૃષ્ટાંત માટે જળનો પ્રવાહ છે. જે જળનો પ્રવાહ પહેલાં સમયમાં પરિણમન કરે છે તે જ જળનો પ્રવાહ બીજા સમયમાં પરિણમન કરે છે.

**यत्तत्र विसदृशत्वं जातेरनतिक्रमात् क्रमादेव।**
**अवगाहनगुणयोगाद्देशांशानां सतामेव।।१८६।।**

**અર્થ :–** જે દ્રવ્યની એક અવસ્થાથી બીજી અવસ્થામાં ભિન્નતા (અસમાનતા) દેખાય છે. તે પોતાના સ્વરૂપને છોડ્યા વિના ક્રમપૂર્વક થનાર દેશાંશોના અવગાહન ગુણના

નિમિત્તે જ દેખાય છે.

**ભાવાર્થ :–** દ્રવ્યના વિકારને વ્યંજન પર્યાય કહે છે. વ્યંજનપર્યાય પણ સમયે સમયે ભિન્ન ભિન્ન થયા કરે છે. એક સમયની વ્યંજન પર્યાયથી બીજા સમયની વ્યંજન પર્યાયમાં સમાનતા અને અસમાનતા બંને હોય છે. અસમાનતામાં પણ દ્રવ્યના સ્વરૂપની ચ્યુતિ (નાશ) નથી પરંતુ જે દ્રવ્યના દેશાંશ (આકાર) પહેલાં કોઈ બીજા ક્ષેત્રમાં વ્યાપ્યા હતા, તે જ દેશાંશ હવે બીજા ક્ષેત્રમાં વ્યાપવા લાગ્યા. બસ આ જ વિભિન્નતા છે. બીજી કોઈ જાતની વિભિન્નતા નથી.

દૃષ્ટાંત

**दृष्टांतो जीवस्य लोकासंख्यातमात्रदेशाः स्युः ।**
**हानिर्वृद्धिस्तेषामवगाहनविशेषतो न तु द्रव्यात् ।।१८७ ।।**

**અર્થ :–** દૃષ્ટાંત આ પ્રમાણે છે. એક જીવના અસંખ્યાત લોકપ્રમાણ પ્રદેશ હોય છે. તેમની હાનિ અથવા વૃદ્ધિ કેવળ અવગાહનની વિશેષતાથી થાય છે, દ્રવ્યની અપેક્ષાએ નથી થતી.

**ભાવાર્થ :–** જીવના જેટલા કોઈ (અસંખ્યાત) પ્રદેશ છે તે સદા તેટલા જ રહે છે, ન તો તેમાંથી કદી કોઈ પ્રદેશ ઘટે છે અને ન કદી કોઈ પ્રદેશ વધે છે. પરંતુ જે શરીરમાં જેટલું નાનું કે મોટું ક્ષેત્ર મળે છે, તેમાં જ સંકુચિત અથવા વિસ્તૃત રીતે સમાઈ જાય છે. કીડીના શરીરમાં પણ તે જ અસંખ્યાત પ્રદેશવાળો આત્મા છે અને હાથીના શરીરમાં પણ તે જ અસંખ્યાત પ્રદેશવાળો આત્મા છે. આત્મા બંને સ્થાનોમાં તેટલો જ છે કે જેટલો તે છે, કેવળ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રરૂપ થઈ ગયો છે. ક્ષેત્રથી ક્ષેત્રાન્તર થવાની અપેક્ષાએ જ આત્માના પ્રદેશની હાનિ વૃદ્ધિ માનવામાં આવે છે. વાસ્તવમાં તેમાં કોઈ પ્રકારની હાનિ અથવા વૃદ્ધિ થતી નથી.

બીજું દૃષ્ટાંત

**यदि वा प्रदीपरोचिर्यथा प्रमाणादवस्थितं चापि।**
**अतिरिक्तं न्यूनं वा गृहभाजनविशेषतोऽवगाहाच्च।।१८८।।**

**અર્થ :–** અથવા બીજું દૃષ્ટાંત દીપકનું છે. દીપકના કિરણો તો જેટલા હોય છે તેટલા જ હોય છે પરંતુ તેમાં જે અધિકતા અને ન્યૂનતા આવે છે, તે કેવળ ઘર આદિ આવરણ કરનારની વિશેષતાથી આવે છે અને અવગાહનની વિશેષતાથી પણ આવે છે.

**ભાવાર્થ :–** દીવાને જેવું નાનું કે મોટું આવરક (જેમાં દીવો મૂક્યો હોય તે પાત્ર) મળે, તેટલા ક્ષેત્રમાં દીવાનો પ્રકાશ ફેલાયેલો રહે છે.

ગુણોના અવગાહનમાં દૃષ્ટાંત

**अंशानामवगाहे दृष्टांतः स्वांशसंस्थितं ज्ञानम्।**
**अतिरिक्तं न्यूनं वा ज्ञेयाकृति तन्मयान्न तु स्वांशैः।।१८९।।**

**અર્થ :–** અંશોના અવગાહનમાં આ દૃષ્ટાંત છે કે જ્ઞાન ગુણ જેટલો કાંઈ છે તે પોતાના અંશો (અવિભાગ પ્રતિચ્છેદો)માં સ્થિત છે. તે જો કદી ઓછો કે કદી વધારે થાય છે તો તે કેવળ જ્ઞેય પદાર્થનો આકાર ધારણ કરવાથી થાય છે. જેટલું મોટું જ્ઞેય હોય, તેટલો જ મોટો જ્ઞાનનો આકાર થઈ જાય છે. વાસ્તવમાં જ્ઞાન ગુણના અંશોમાં ન્યૂનાધિકતા થતી નથી.

દૃષ્ટાંત

**तदिदं यथा हि संविद्घटं परिच्छिन्ददिहैव घटमात्रम्।**
**यदि वा सर्वं लोके स्वयमवगच्छच्च लोकमात्रं स्यात्।।१९०।।**

**અર્થ :–** દૃષ્ટાંત આ રીતે છે કે જે વખતે જ્ઞાન ઘટને જાણી રહ્યું છે, તે વખતે

તે ઘટમાત્ર છે અથવા જે વખતે તે આખા લોકને સ્વયં જાણી રહ્યું છે તે વખતે તે લોકમાત્ર છે.

**ભાવાર્થ :–** ઘટને જાણતી વખતે સમગ્ર જ્ઞાન ઘટાકારે જ પરિણમીને તેટલું જ થઈ જાય છે. અને સમગ્ર લોકને જાણતાં તે લોકપ્રમાણ થઈ જાય છે.

વાસ્તવમાં તે ઘટતું વધતું નથી.

**न घटाकारेऽपि चितः शेषांशानां निरन्वयो नाशः।**
**लोकाकारेऽपि चितः नियतांशानां न चाऽसदुत्पत्तिः।।१९१।।**

**અર્થ :–** ઘટાકાર થતાં જ્ઞાનનાં શેષ અંશોનો સર્વથા નાશ થતો નથી અને (જ્ઞાન) લોકાકાર થતાં નિયમિત અંશો ઉપરાંત તેના નવીન અંશોની ઉત્પત્તિ પણ થતી નથી.

**किन्त्वस्ति च कोऽपि गुणोऽनिर्वचनीयः स्वतः सिद्धः।**
**नाम्ना चाऽगुरुलघुरिति गुरुलक्ष्यः स्वानुभूतिलक्ष्यो वा।।१९२।।**

**અર્થ :–** પરંતુ તે ગુણોમાં એક અગુરુલઘુ નામનો ગુણ છે, તે વચનથી અગોચર છે, સ્વતઃ સિદ્ધ છે, તેનું જ્ઞાન ગુરુ (સર્વજ્ઞ અથવા આચાર્ય) ના ઉપદેશથી થાય છે અથવા સ્વાનુભવ પ્રત્યક્ષથી થાય છે.

**ભાવાર્થ :–** અગુરુલઘુ ગુણ દરેક પદાર્થમાં જુદો જુદો રહે છે. એના નિમિત્તે કોઈ પણ શક્તિનો કદી પણ નાશ થતો નથી. જે શક્તિ જે સ્વરૂપ સહિત હોય, તે સદા તે જ સ્વરૂપે રહે છે, તેથી જ્ઞાન ગુણમાં તરતમતા હોવા છતાં પણ તેના અંશોનો વિનાશ થતો નથી.

શંકાકાર

**ननु चैवं सत्यर्थादुत्पादादित्रयं न संभवति।**
**अपि नोपादानं किल कारणं न फलं तदनन्यात्।।१९३।।**

**अपि च गुणः स्वांशानामपकर्षे दुर्बलः कथं न स्यात्।**
**उत्कर्षे बलवानिति दोषोऽयं दुर्जयो महानिति चेत्।।१९४।।**

**અર્થ :–** 'કોઈ શક્તિનો કદી નાશ પણ થતો નથી અને નવું કાઈ ઉત્પન્ન પણ થતું નથી' જો એમ માનવામાં આવે તો ગુણોમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ઘટી શકતા નથી અને ન તો કોઈ કોઈનું કારણ બની શકે છે અને ન તો કોઈ ફળ થઈ શકે છે. કેમકે ઉપર્યુક્ત કથનથી તમે ગુણોને સદા નિત્ય જ માની ચૂક્યા છો.

બીજી વાત એ છે કે દરેક ગુણના અંશોની કોઈ વાર ન્યૂનતા પણ જણાય છે એવી સ્થિતિમાં ગુણ દુર્બળ (સૂક્ષ્મ-પાતળો) કેમ ન થઈ જાય ? અને કોઈ વાર ગુણમાં અધિકતા પણ જણાય છે, એવી સ્થિતિમાં તે બળવાન (સશક્ત–જાડો) કેમ ન થઈ જાય ? આ એક મહાન દોષ છે. એનું નિરાકરણ કાંઇક અઘરું છે.

ઉત્તર

**तन्न यतः परिणामी द्रव्यं पूर्वं निरूपितं सम्यक्।**
**उत्पादादित्रयमपि सुघटं नित्येऽथ नाप्यनित्येऽर्थे।।१९५।।**

**અર્થ :–** ઉપર જે શંકા કરવામાં આવી છે તે પાયા વિનાની છે કેમકે એ પહેલાં સારી રીતે કહેવાય ગયું છે કે દ્રવ્ય પરિણમનશીલ છે. તેથી નિત્ય પદાર્થમાં જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સારી રીતે ઘટી શકે છે, અનિત્ય પદાર્થમાં ઘટતા નથી.

દૃષ્ટાંત

**जाम्बूनदे यथा सति जायन्ते कुण्डलादयो भावाः।**
**अथ सत्सु तेषु नियमादुत्पादादित्रयं भवत्येव।।१९६।।**

**અર્થ :–** સોનાની સત્તા માનવાથી જ તેમાં કુંડળાદિ ભાવ થાય છે અને તે કુંડળાદિ ભાવો થતાં એમાં ઉત્પાદાદિ ઘટે જ છે.

**ભાવાર્થ :–** જે વખતે સોનાને ટીપી ઘડીને કુંડળાકાર કરવામાં આવે છે તે વખતે સોનામાં પહેલી પાસાદાર રૂપ પર્યાયનો વિનાશ થઈને કુંડળ રૂપ પર્યાયની ઉત્પત્તિ થાય છે. સોનું બંનેય અવસ્થામાં છે, તેથી સોનામાં ઉત્પાદાદિ ત્રય તો ઘટી શકે છે, પરંતુ સોનાના પ્રદેશોમાં વાસ્તવમાં કોઈ પ્રકારની નવી ઉત્પત્તિ અથવા નાશ થતા નથી, કેવળ ક્ષેત્રથી ક્ષેત્રાન્તર થાય છે. જો સોનાને અનિત્ય જ માની લેવામાં આવે તો પાસાનો નાશ થતાં કુંડળ શેનું બને ? તેથી નિત્ય પદાર્થમાં જ ઉત્પાદાદિ ત્રણે ઘટે છે, અનિત્યમાં નહિ.

**अनया प्रक्रियया किल बोद्धव्यं कारणं फलं चैव।**
**यस्मादेवास्य सतस्तद्द्वयमपि भवत्येतत्।।१९७।।**

**અર્થ :–** આ જ ઉપર કહેલી પ્રક્રિયા (રીત) અનુસાર કારણ અને ફળ પણ તે જ કથંચિત્ નિત્ય પદાર્થને ઘટે છે. કેમકે એ બંનેય સત્ પદાર્થને જ હોઈ શકે છે.

**आस्तामसदुत्पादः सतो विनाशस्तदन्वयोदेशात्।**
**स्थूलत्वं च कृशत्वं न गुणस्य च निजप्रमाणत्वान्।।१९८।।**

**અર્થ :–** અવિચ્છિન્ન સંતતિ દેખવાથી ગુણોમાં અસત્‌ની ઉત્પત્તિ અને સત્‌નો વિનાશ (થવાનું) તો દૂર રહો. પરંતુ તેમાં પોતાના પ્રમાણથી સ્થૂળતા અને કૃશતા (દુર્બળતા) પણ થતી નથી.

**ભાવાર્થ :–** ઉપર બે પ્રકારની શંકા કરવામાં આવી હતી. તે બંનેનો ય ઉત્તર અપાઈ ગયો. સમાન અવિભાગ પ્રતિચ્છેદ હોવા છતાં પણ જ્ઞાન કોઈ વાર ઘટાકાર થાય છે, કોઈ વાર લોકાકાર થાય છે. ત્યાં તો કેવળ પરિણમનમાં આકાર ભેદ છે, પરંતુ જ્યાં જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદોમાં ન્યૂનતા અથવા વૃદ્ધિ થાય છે, ત્યાં પણ જ્ઞાનના અંશોનો નાશ અથવા નવીન ઉત્પત્તિ થતી નથી, પરંતુ જ્ઞાનાવરણ કર્મના નિમિત્તે જ્ઞાનના અંશોમાં વ્યક્તતા અને અવ્યક્તતા થયા કરે છે. અધિક અંશ દબાઈ જવાથી તે જ જ્ઞાન દુર્બળ કહેવાય છે અને અધિક અંશ પ્રગટ થઈ જવાથી તે જ જ્ઞાન સબળ કહેવાય છે. એ સિવાય જ્ઞાનમાં બીજા કોઈ પ્રકારની સબળતા કે નિર્બળતા આવતી નથી.

ઉત્પાદાદિ કહેવાની પ્રતિજ્ઞા

**इति पर्यायाणामिह लक्षणमुक्तं यथास्थितं चाथ।**
**उत्पादादित्रयमपि प्रत्येकं लक्ष्यते यथाशक्ति।।१९९।।**

**અર્થ :–** આ રીતે પર્યાયોનું લક્ષણ જેવું હતું તેવું કહેવામાં આવ્યું. હવે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનું ભિન્ન ભિન્ન સ્વરૂપ યથાશક્તિ કહેવામાં આવે છે.

**उत्पादस्थितिभङ्गाः पर्यायाणां भवन्ति किल न सतः।**
**ते पर्याया द्रव्यं तस्माद् द्रव्यं हि * तत् त्रितयम्।।२००।।**

**અર્થ :–** ઉત્પાદ, સ્થિતિ, ભંગ એ ત્રણેય પર્યાયોને હોય છે, પદાર્થને હોતા નથી અને તે પર્યાયોનો સમૂહ જ દ્રવ્ય કહેવાય છે. તેથી તે ત્રણે મળીને દ્રવ્ય કહેવાય છે.

**ભાવાર્થ :–** જો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય પદાર્થના માનવામાં આવે તો પદાર્થનો જ નાશ અને ઉત્પાદ થવા લાગે. પરંતુ એ પહેલાં કહેવાઈ ગયું છે કે ન તો કોઈ પદાર્થનો નાશ થાય છે અને ન કોઈ પદાર્થની નવી ઉત્પત્તિ થાય છે. તેથી આ ત્રણે પદાર્થની અવસ્થાઓના ભેદ છે અને તે અવસ્થાઓ મળીને જ દ્રવ્ય કહેવાય છે તેથી ત્રણેનો સમુદાય જ દ્રવ્યનું પૂર્ણ સ્વરૂપ છે.

ઉત્પાદનું સ્વરૂપ

**तत्रोत्पादोऽवस्था प्रत्यग्रं परिणतस्य तस्य सतः।**
**सदसद्भावनिबद्धं तदतद्भावत्ववन्नयादेशात्।।२०१।।**

---

* **पयोव्रतो न दध्यत्ति न पयोत्ति दधिव्रतः।**
**अगोरसव्रतो नोभे तस्मात्तत्त्वं त्रयात्मकम्।।१।।**

**अष्टसहस्त्री**

જેને દૂધ પીવાનું વ્રત છે તે દહીં ખાતો નથી, જેને દહીં ખાવાનું વ્રત છે, તે દૂધ પીતો નથી, જેને અગોરસ વ્રત છે તે દૂધ દહીં બંનેનું ગ્રહણ કરતો નથી. તેથી તત્ત્વ ત્રયાત્મક છે.

**અર્થ :–** તે ત્રણેમાં પરિણમનશીલ દ્રવ્યની નવીન અવસ્થાને ઉત્પાદ કહે છે. આ ઉત્પાદ પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ સત્ અને અસત્ ભાવથી વિશિષ્ટ છે.

### વ્યયનું સ્વરૂપ

**अपि च व्ययोपि न सतो व्ययोप्यवस्था व्ययः सतस्तस्य।**
**प्रध्वंसाभावः स च परिणामित्वात् सतोप्यवश्यं स्यात्।।२०२।।**

**અર્થ :–** તથા વ્યય પણ પદાર્થનો થતો નથી, પરંતુ તે જ પરિણમનશીલ દ્રવ્યની અવસ્થાનો વ્યય થાય છે. એને જ *પ્રધ્વંસાભાવ કહે છે. આ પ્રધ્વંસાભાવ પરિણમનશીલ દ્રવ્યનો અવશ્ય થાય છે.

### ધ્રૌવ્યનું સ્વરૂપ

**ध्रोव्यं सतः कथंचित् पर्यायार्थाच्च केवलं न सतः।**
**उत्पादव्ययवदिदं तच्चैकांशं न सर्वदेशं स्यात्।।२०३।।**

**અર્થ :–** ધ્રૌવ્ય પણ કથંચિત્ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પદાર્થને હોય છે. પર્યાયદૃષ્ટિ સિવાય કેવળ પદાર્થને ધ્રૌવ્ય નથી હોતું પરંતુ ઉત્પાદ અને વ્યયની જેમ તે પણ એક અંશ સ્વરૂપ છે, સર્વાંશ રૂપ નથી.

**ભાવાર્થ :–** જેમ ઉત્પાદ અને વ્યય દ્રવ્યદૃષ્ટિથી નથી થતા તે જ પ્રમાણે ધ્રૌવ્ય પણ દ્રવ્યદૃષ્ટિથી નથી હોતું, પરંતુ તે પણ પર્યાયદૃષ્ટિએ હોય છે. તેથી તેને પણ વસ્તુના

---

* નૈયાયિકોએ જે પ્રમાણે તુચ્છાભાવને સ્વતંત્ર પદાર્થ માન્યો છે તે પ્રમાણે જૈન સિદ્ધાંત અભાવને સ્વતંત્ર-તુચ્છારૂપ માનતો નથી. જૈન મતમાં વર્તમાન સમય સંબંધી પર્યાયનો વર્તમાન સમયથી પહેલાંના અભાવને પ્રાગભાવ કહે છે તથા તેના જ વર્તમાન સમયથી પછીના અભાવને પ્રધ્વંસાભાવ કહે છે. દ્રવ્યની એક પર્યાયના સજાતીય અન્ય પર્યાયમાં અભાવને અન્યોન્યાભાવ કહે છે અને તેના જ વિજાતીય પર્યાયમાં અભાવને અત્યંતાભાવ કહે છે. આ ચારેય પ્રકારના અભાવ પર્યાય રૂપ છે અર્થાત્ અભાવ બીજી પર્યાય છે, તુચ્છાભાવ નથી.

એક અંશરૂપ કહેવામાં આવ્યું છે. જો ત્રણેને દ્રવ્યદૃષ્ટિથી જ માનવામાં આવે તો વસ્તુ સર્વથા અનિત્ય અને સર્વથા નિત્ય ઠરશે.

### ધ્રૌવ્યનું જ સ્વરૂપાન્તર

**तद्भावाव्ययमिति वा ध्रौव्यं तत्रापि सम्यगयमर्थः।**
**यः पूर्वं परिणामो भवति स पश्चात् स एव परिणामः।।२०४।।**

**અર્થ :–** ધ્રૌવ્યનું લક્ષણ 'तद्भावाव्ययम्' એમ પણ કહેવામાં આવ્યું છે, તેનો પણ એ જ ઉત્તમ અર્થ છે કે વસ્તુના ભાવનો નાશ થતો નથી અર્થાત્ જે વસ્તુના પહેલાં પરિણામ છે, તે જ પરિણામ પછી પણ થાય છે.

### દૃષ્ટાંત

**पुष्पस्य यथा गन्धः परिणामः परिणमँश्च गन्धगुणः।**
**नापरिणामी गन्धो न च निर्गन्धाद्धि गन्धवत्पुष्पम्।।२०५।।**

**અર્થ :–** જેમ પુષ્પના ગંધ પરિણામ છે અને ગંધ ગુણ પરિણામી છે, તે પણ ક્ષણે ક્ષણે પરિણમન કરે છે, તે અપરિણામી નથી. પરંતુ એમ નથી કે પહેલાં પુષ્પ ગંધ રહિત હોય છે અને પછી ગંધ સહિત થયું હોય.

**ભાવાર્થ :–** ગંધ ગુણ પરિણમનશીલ હોવા છતાં પણ તે પુષ્પમાં સદા રહ્યા કરે છે. તેનો કદી પુષ્પમાં અભાવ નથી. બસ આનું જ નામ ધ્રૌવ્ય છે. જે ગંધ પરિણામ પહેલાં હતા, તે જ પછી રહે છે.

### નિત્ય અને અનિત્યનો વિચાર

**तत्रानित्यनिदानं ध्वंसोत्पादद्वयं सतस्तस्य।**
**नित्यनिदानं ध्रुवमिति तत्त्रयमप्यंशभेदः स्यात्।।२०६।।**

અર્થ :– તે ત્રણેમાં ઉત્પાદ અને વ્યય એ બે તો તે પરિણામી દ્રવ્યમાં અનિત્યતાના કારણ છે અને ધ્રુવ (ધ્રૌવ્ય) નિત્યતાનું કારણ છે, આ ત્રણેય એક એક અંશરૂપે ભિન્ન છે.

આશંકા

**न च सर्वथा हि नित्यं किञ्चित्सत्त्वं गुणो न कश्चिदिति।**
**तस्मादतिरिक्तौ द्वौ परिणतिमात्रौ व्ययोत्पादौ।।२०७।।**

**અર્થ :–** કોઈએ એવી આશંકા ન કરવી કે દ્રવ્યમાં સત્ત્વ તો સર્વથા નિત્ય છે, બાકીના કોઈ ગુણ નિત્ય નથી અને તેનાથી સર્વથા ભિન્ન પરિણતિ માત્ર ઉત્પાદ, વ્યય બંને છે. કેમ કે–

ઉત્તર

**सर्वं विप्रतिपन्नं भवति तथा सति गुणो न परिणामः।**
**नापि द्रव्यं न सदिति पृथक्त्वदेशानुषङ्गत्वात्।।२०८।।**

**અર્થ :–** ઉપર કરેલી આશંકા પ્રમાણે માનવાથી બધું વિવાદપાત્ર બની જશે. પ્રદેશભેદ માનવાથી નહિ ગુણની સિદ્ધિ થાય, નહિ પર્યાયની સિદ્ધિ થાય, નહિ દ્રવ્યની કે નહિ સત્‌ની યે સિદ્ધિ થાય. કેમકે ભિન્ન ભિન્ન સ્વીકારવાથી એક પણ (કાંઈ પણ) સિદ્ધ થતું નથી.

બીજો દોષ

**अपि चैतद् दुषणमि यन्नित्यं तद्धि नित्यमेव तथा।**
**यदनित्यं तदनित्यं नैकस्यानेकधर्मत्वम्।।२०९।।**

**અર્થ :–** ઉત્પાદ, વ્યયને સર્વથા ભિન્ન પર્યાયમાત્ર માનવાથી અને દ્રવ્યને તેનાથી ભિન્ન સર્વથા નિત્ય માનવાથી એ પણ દોષ આવે છે કે જે નિત્ય છે તે સદા નિત્ય જ રહેશે અને જે અનિત્ય છે તે સદા અનિત્ય જ રહેશે. કેમકે એકના અનેક ધર્મ થઈ શકતા નથી.

**ભાવાર્થ :–** દ્રવ્યને અનેક ધર્માત્મક માનવાથી તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્યની વ્યવસ્થા બની જાય છે અને સર્વથા ભિન્નતામાં વસ્તુને એક ધર્માત્મક સ્વીકારવાથી બધી વ્યવસ્થા ભાંગી પડે છે.

ત્રીજો દોષ

**अपि चैकमिदं द्रव्यं गुणोयमेवेति पर्ययोऽयं स्यात्।**
**इति काल्पनिको भेदो न स्याद्रव्यान्तरत्ववन्नियमात्।।२१०।।**

**અર્થ :–** ભિન્નતામાં આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે એવો કાલ્પનિક ભેદ જે થાય છે તે પણ નીકળી જશે, કેમકે ભિન્નતામાં દ્રવ્યાન્તરની (અન્ય દ્રવ્યની) જેમ બધા ભિન્ન ભિન્ન દ્રવ્ય કહેવાશે.

શંકાકાર

**ननु भवतु वस्तु नित्यं गुणाश्च नित्याभवन्तु वार्धिरिव।**
**भावाः कल्लोलादिवदुत्पन्नध्वंसिनो भवन्त्विति चेत्।।२११।।**

**અર્થ :–** દ્રવ્ય અને ગુણ સમુદ્રની જેમ નિત્ય છે અને પર્યાયો તરંગોની જેમ ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે એમ માનવામાં શો દોષ છે ?

ઉત્તર

**तन्न यतो दृष्टान्तः प्रकृतार्थस्यैव बाधको भवति।**
**अपि तदनुक्तस्यास्य प्रकृतविपक्षस्य साधकत्वाच्च।।२१२।।**

**અર્થ :–** શંકાકારની આ શંકા બરાબર નથી કેમકે જે દૃષ્ટાંત સમુદ્ર અને તરંગોનું તેણે આપ્યું છે તે તેના પ્રકૃત અર્થનું બાધક થઈ જાય છે અને તેના અભિપ્રાયથી વિરુદ્ધ (વિપક્ષ) અર્થનું સાધક થઈ જાય છે. કેવી રીતે ? તે નીચે કહેવામાં આવે છે :–

**अर्थान्तरं हि न सतः परिणामेभ्यो गुणस्य कस्यापि।**
**एकत्वाज्जलधेरिव कलितस्य तरङ्गमालाभ्यः।।२१३।।**

**અર્થ :–** જેમ તરંગમાળાઓથી ખચિત સમુદ્ર એક જ છે, એમ નથી કે તરંગો સમુદ્રથી ભિન્ન છે અને સમુદ્ર તેનાથી ભિન્ન છે પરંતુ તરંગોથી ડોલાયમાન થનારો સમુદ્ર અભિન્ન છે, તેવી જ રીતે સત્ (દ્રવ્ય)થી ભિન્ન ગુણ અને પર્યાયો અન્ય પદાર્થ નથી.

સ્પષ્ટ અર્થ

**किन्तु य एव समुद्रस्तरङ्गमाला भवन्ति ता एव।**
**यस्मात्स्वयं स जलधिस्तरङ्गरूपेण परिणमति।।२१४।।**

**અર્થ :–** પણ એમ છે કે જે સમુદ્ર છે તે જ તરંગમાળાઓ છે કેમકે સ્વયં તે સમુદ્ર જ તરંગ રૂપ પરિણામ ધારણ કરે છે.

દૃષ્ટાંત

**तस्मात्स्वयमुत्पादः सदिति ध्रौव्यं व्ययोपि वा सदिति।**
**न सतोऽतिरिक्त एव हि व्युत्पादो वा व्ययोपि वा ध्रौव्यम्।।२१५।।**

**અર્થ :–** તેથી (અથવા આ જ પ્રમાણે) સ્વયં સત્ જ ઉત્પાદ છે, સ્વયં સત્ જ વ્યય છે અને તે જ સ્વયં ધ્રૌવ્ય છે. સત્થી ભિન્ન ન કોઈ ઉત્પાદ છે, ન વ્યય છે અને ન ધ્રૌવ્ય છે.

અથવા

**यदि वा शुद्धत्वनयान्नाप्युत्पादो व्ययोपि न ध्रौव्यम्।**
**गुणश्च पर्यय इति वा न स्याच्च केवलं सदिति।।२१६।।**

**અર્થ :–** અથવા વિકલ્પ નિરપેક્ષ–શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી ન કોઈ ઉત્પાદ છે, ન વ્યય છે, ન ધ્રૌવ્ય છે, ન ગુણ છે અને ન પર્યાય છે. કેવળ સત્ માત્ર જ વસ્તુ છે.

સારાંશ

**अयमर्थो यदि भेदः स्यादुन्मज्जति तदा हि तत् त्रितयम्।**
**अपि तत् त्रितयं निमज्जति यदा निमज्जति स मूलतो भेदः।।२१७।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો એ જ સારાંશ છે કે જો ભેદબુદ્ધિ રાખવામાં આવે તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રણેય સત્‌ના અંશ રૂપે પ્રગટ થઈ જાય છે અને જો મૂળથી ભેદબુદ્ધિ જ દૂર કરી દેવામાં આવે તો ત્રણેય સન્માત્ર વસ્તુમાં લીન થઈ જાય છે.

**ભાવાર્થ :–** ભેદ વિકલ્પ સાપેક્ષ–અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી તે જ સત્ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ પરિણમન કરે છે અને ભેદ વિકલ્પ નિરપેક્ષ–શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી તે જ સત્ કેવળ સન્માત્ર જ પ્રતીતમાં આવે છે.

શંકાકાર

**ननु चोत्पादध्वंसौ द्वावप्यंशात्मकौ भवेतां हि।**
**ध्रौव्यं त्रिकालविषयं तत्कथमंशात्मकं भवेदिति चेत्।।२१८।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે ઉત્પાદ અને ધ્વંસ (વ્યય) આ બંનેય અંશાત્મક અંશ સ્વરૂપ ભલે હો, પરંતુ ધ્રૌવ્ય તો સદા રહે છે, તે કેવી રીતે અંશ રૂપ હોઈ શકે ?

ઉત્તર

**नैवं यतस्त्रयोंशाः स्वयं सदेवेति वस्तुतो न सतः।**
**नैवार्थान्तरवदिदं प्रत्येकमनेकमिह सदिति।।२१९।।**

**અર્થ :–** ઉપર કરવામાં આવેલી શંકા બરાબર નથી કેમકે આ ત્રણેય અંશ સ્વયં સત્ સ્વરૂપ છે. વાસ્તવમાં સત્‌ના નથી અને ન પદાર્થાન્તરની પેઠે અંશ રૂપ છે, પરંતુ સ્વયં સત્ જ પ્રત્યેક અંશ રૂપ છે.

**ભાવાર્થ :–** ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રણેય સત્‌ના એવા અંશ નથી જેવા વૃક્ષના ફળ, પુષ્પ, પાંદડા વગેરે હોય છે, પરંતુ સ્વયં સત્ જ ઉત્પાદાદિ સ્વરૂપ છે.

ઉદાહરણ

**तत्रैतदुदाहरणं यद्युत्पादेन लक्ष्यमाणं सत्।**
**उत्पादेन परिणतं केवलमुत्पादमात्रमिह वस्तु।।२२०।।**

**અર્થ :–** આ વિષયમાં આ ઉદાહરણ છે કે જો સત્‌ને ઉત્પાદનું લક્ષ્ય બનાવવામાં આવે અર્થાત્ તે ઉત્પાદરૂપ પરિણામ ધારણ કરે છે તો તે કેવળ ઉત્પાદ માત્ર છે.

અથવા

**यदि वा व्ययेन नियतं केवलमिह सदिति लक्ष्यमाणं स्यात्।**
**व्यय परिणतं च सदिति व्ययमात्रं किल कथं हि तन्न स्यात्।।२२१।।**

**અર્થ :–** અથવા જો તે સત્‌ને કેવળ વ્યયનું લક્ષ્ય બનાવવામાં આવે અર્થાત્ તે વ્યય પરિણામને ધારણ કરે છે તો તે સત્ કેવળ વ્યય માત્ર જ છે.

અથવા

**ध्रौव्येण परिणतं सद्यदि वा ध्रौव्येण लक्ष्यमाणं स्यात्।**
**उत्पादव्ययवदिदं स्यादिति तद् ध्रौव्यमात्रं सत्।।२२२।।**

**અર્થ :–** જો સત્ ધ્રૌવ્ય પરિણામને ધારણ કરે છે અથવા તે ધ્રૌવ્યનું લક્ષ્ય બનાવવામાં આવે છે તો ઉત્પાદ, વ્યય સમાન તે સત્ ધ્રૌવ્ય માત્ર છે.

**ભાવાર્થ :–** ઉપર્યુક્ત ત્રણે શ્લોકોમાં આ વાતનો નિષેધ કરવામાં આવ્યો છે કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સત્‌થી ભિન્ન છે અથવા સત્‌ના એક એક ભાગથી થતા અંશ છે. સાથે જ એ બતાવવામાં આવ્યું છે કે ત્રણેય સત્ સ્વરૂપ છે અને ત્રણેય એકસાથે હોય છે. પરંતુ જેની વિવક્ષા કરવામાં આવે અથવા જેનું લક્ષ્ય બનાવવામાં આવે તે જ સ્વરૂપ સત્ છે. સત્ જ સ્વયં ઉત્પાદ સ્વરૂપ છે, સત્ જ વ્યય સ્વરૂપ છે અને સત્ જ ધ્રૌવ્ય સ્વરૂપ છે.

દૃષ્ટાંત

**संदृष्टिर्मृद्रव्यं सता घटेनेह लक्ष्यमाणं सत्।**
**केवलमिह घटमात्रमसता पिण्डेन पिण्डमात्रं स्यात्।।२२३।।**

**અર્થ :–** દૃષ્ટાંત માટે માટી દ્રવ્ય છે. જે *વખતે તે માટી સત્ સ્વરૂપ ઘટનું લક્ષ્ય થાય છે તે વખતે તે કેવળ ઘટમાત્ર છે અને જે વખતે તે અસત્ સ્વરૂપ પિંડનું લક્ષ્ય થાય છે ત્યારે (તે) પિંડ માત્ર છે.

**यदि वा तु लक्ष्यमाणं केवलमिह मृच्च मृत्तिकात्वेन।**
**एवं चैकस्य सतो व्युत्पादादित्रयश्च तत्रांशाः।।२२४।।**

* અહીં 'જે વખતે' નો આશય કેવળ વિવક્ષાનો છે. જેવી વિવક્ષા હોય છે તે જ સ્વરૂપે માટીને માનવામાં આવે છે. વાસ્તવમાં ત્રણેનો સમયભેદ નથી.

**અર્થ :–** જો તે માટીને કેવળ માટીપણાનું જ લક્ષ્ય બનાવવામાં આવે તો તે કેવળ માટી માત્ર છે. આ રીતે એક જ સત્ (દ્રવ્ય) ના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એવા ત્રણ અંશ હોય છે.

**न पुनः सतो हि सर्गः केनचिदंशैकभागमात्रेण।**
**संहारो वा ध्रौव्यं वृक्षे फल पुष्प पत्रवन्न स्यात्।।२२५।।**

**અર્થ :–** એમ નથી કે સત્ (દ્રવ્ય)ના જ કોઈ એક ભાગથી ઉત્પાદ થતો હોય અને તેના જ કોઈ એક ભાગથી વ્યય થતો હોય અને તેના જ એક ભાગથી ધ્રૌવ્ય રહેતું હોય. જેમ વૃક્ષના એક ભાગમાં ફળ છે, એક ભાગમાં પુષ્પ છે અને તેના એક ભાગમાં પાંદડા છે એવું નથી પરંતુ એમ છે કે સત્ જ ઉત્પાદ રૂપ છે, સત્ જ વ્યય રૂપ છે અને સત્ જ ધ્રૌવ્ય સ્વરૂપ છે.

શંકાકાર

**ननु चोत्पादादित्रयमंशानामथ किमंशिनो वा स्यात्।**
**अपि किं सदंशमात्रं किमथांशमसदस्ति पृथगिति चेत्।।२२६।।**

**અર્થ :–** શું ઉત્પાદાદિ ત્રણેય અંશોના હોય છે ? અથવા અંશીના હોય છે ? અથવા સત્‌ના અંશમાત્ર છે ? અથવા અસત્ અંશ રૂપ ભિન્ન ભિન્ન છે ?

ઉત્તર

**तन्न यतोऽनेकान्तो वलवानिह खलु न सर्वथैकान्तः।**
**सर्वं स्यादविरुद्धं तत्पूर्वं तद्विना विरुद्धं स्यात्।।२२७।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા યોગ્ય નથી. કેમકે અહીં (જૈન દર્શનમાં) નિયમથી અનેકાન્ત જ બળવાન છે. સર્વથા એકાંત નહિ. જો ઉપર કરવામાં આવેલા પ્રશ્ન અનેકાન્ત દૃષ્ટિથી

કરવામાં આવ્યા હોય તો બધું કથન અવિરુદ્ધ છે. કોઈ દૃષ્ટિથી કાંઈ પણ કહેવામાં આવે, તેમાં વિરોધ આવી શકતો નથી અને અનેકાન્ત છોડીને કેવળ એકાંત રૂપે જ ઉપર્યુક્ત પ્રશ્ન કરવામાં આવ્યા હોય તો અવશ્ય જ એકબીજાના વિરોધી છે. તેથી અનેકાન્ત પૂર્વક બધું કથન અવિરુદ્ધ છે અને તે જ કથન તેના વિના વિરુદ્ધ છે.

**ભાવાર્થ :–** જૈન દર્શન પ્રમાણ નયાત્મક છે. કોઈ પણ પદાર્થનું કોઈ પણ રૂપે વિવેચન કરવામાં આવે તો પણ નયદૃષ્ટિથી બધું સંગત બની જાય છે. તે જ કથન અપેક્ષા દૃષ્ટિ છોડીને કરવામાં આવે તો અસંગત બની જાય છે. અહીં કોઈ એવી આશંકા ન કરી લે કે કોઈ વખતે કોઈ વાત કોઈ રૂપે કહેવાથી અને કોઈ વાર કોઈ બીજી રીતે કહેવાથી જૈન દર્શન કોઈ વાતનો નિર્ણય કરતું નથી પરંતુ સંશયાત્મક રહે છે. આમ કહેનારાઓએ જરા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવો જોઈએ. જૈનદર્શન સંશયાત્મક નથી પરંતુ વસ્તુનું યથાર્થ કથન કરે છે. વસ્તુ એક ધર્માત્મક નથી પરંતુ અનેક ધર્માત્મક છે. તેથી તે અનેકરૂપે જ કહેવામાં આવે છે. વસ્તુનું એક રૂપે કથન કરવું તે તેના સ્વરૂપને બગાડવા જેવું છે. સંશય બંને પ્રકારમાં સમાન જ્ઞાન થવાથી થાય છે. અહીં બંને પ્રકારમાં સમાન જ્ઞાન નથી. જો કે એક જ પદાર્થને અનેક ધર્મો દ્વારા કહેવામાં આવે છે પરંતુ જે દૃષ્ટિથી જે ધર્મનું કથન કરવામાં આવે છે તે દૃષ્ટિથી તે સદા તેવો જ છે. તે દૃષ્ટિથી તે સદા એક ધર્માત્મક જ છે. દૃષ્ટાંત માટે પુસ્તક જ લઈ લ્યો. પુસ્તક ભાવરૂપ પણ છે અને અભાવરૂપ પણ છે. પોતાના સ્વરૂપની અપેક્ષાએ તો તે ભાવરૂપ છે અને પર પદાર્થોની અપેક્ષાએ તે અભાવરૂપ છે. એમ નથી કે કોઈ વાર પોતાના સ્વરૂપની અપેક્ષાએ પણ તે અભાવરૂપ કહેવાય. અથવા પર પદાર્થોની અપેક્ષાએ પણ કોઈ વાર ભાવરૂપ કહેવામાં આવે. તેથી નય સમુદાય–પ્રમાણથી તો વસ્તુ ભાવરૂપ પણ છે, અભાવરૂપ પણ છે. પરંતુ નયદૃષ્ટિથી જે રૂપે ભાવરૂપ છે તે રૂપે સદા ભાવરૂપ જ છે અને જે દૃષ્ટિથી અભાવરૂપ છે તેનાથી સદા અભાવરૂપ જ છે. તેથી સ્યાદ્વાદને એવા તર્કશાસ્ત્રીઓ જ સંશયાત્મક કહી શકે કે જેઓ ન તો સંશયનું ય સ્વરૂપ સમજ્યા છે અને ન સ્યાદ્વાદનું ય સ્વરૂપ સમજ્યા છે. એ જ રીતે જે [૧] લોકો 'नैकस्मिन्नसंभवात्' અર્થાત્ એક પદાર્થમાં બે વિરોધી ધર્મ રહી શકતા નથી એમ કહીને સ્યાદ્વાદ સ્વરૂપ જૈન દર્શનને અસત્યાત્મક ઠરાવે છે તેઓ પણ પદાર્થના યથાર્થ બોધથી યોજનો દૂર છે. ઠીક છે, શું તેઓ અમને

૧ – શંકરાચાર્યમતના અનુયાયીઓ

એ વાત સમજાવશે કે પુસ્તકને પુસ્તક જ શા માટે કહે છે ? પુસ્તકને ખડિયો કેમ નથી કહેતા ? કલમ કેમ નથી કહેતા ? બાજોઠ કેમ નથી કહેતા ? દીવો કેમ નથી કહેતા ? જો તેઓ આ પ્રશ્નના ઉત્તરમાં એમ કહે કે પુસ્તકમાં પુસ્તકપણાનો જ ધર્મ રહે છે, તેથી તે પુસ્તક જ કહેવાય છે. તેમાં ખડિયાપણાનો ધર્મ નથી, કલમપણાનો ધર્મ નથી, બાજોઠપણાનો ધર્મ નથી, દીવાપણાનો ધર્મ નથી, તેથી તે પુસ્તક ખડિયો, કલમ, બાજોઠ કે દીવો કહેવાતું નથી અર્થાત્ પુસ્તકમાં પુસ્તકપણાના ધર્મ સિવાય બીજા જેટલા કોઈ તેનાથી ભિન્ન પદાર્થ છે, તે બધાનો પુસ્તકમાં અભાવ છે. એ જ પ્રમાણે દરેક પદાર્થમાં પોતાના સ્વરૂપ સિવાય બાકીના બધા પદાર્થોના સ્વરૂપનો અભાવ રહે છે. જો અન્ય પદાર્થોના સ્વરૂપનો પણ સદ્ભાવ હોય તો એક પદાર્થમાં બધા પદાર્થોની સંકરતાનો (મિશ્રપણાનો) દોષ આવે છે અને જો પદાર્થમાં સ્વ-સ્વરૂપનો પણ અભાવ હોય તો પદાર્થના અભાવનો જ પ્રસંગ આવે છે. તેથી સ્વ-સ્વરૂપની અપેક્ષાએ ભાવ અને પર-સ્વરૂપની અપેક્ષાએ અભાવ એવા બે ધર્મ દરેક પદાર્થમાં રહે છે. બસ આ જ ઉત્તરથી બે વિરોધી ધર્મોનો એક પદાર્થમાં અભાવ બતાવનાર તર્કશાસ્ત્રી સ્વયં સમજી ગયા હશે કે એક પદાર્થમાં ભાવ–ધર્મ અને અભાવ–ધર્મ બંનેય રહે છે. એનો સ્વીકાર કર્યા વિના તો પદાર્થનું સ્વરૂપ જ નથી બનતું. તેથી અનેકાન્તપૂર્વક બધું કથન અવિરુદ્ધ અને તેના વિના વિરુદ્ધ છે. અહીં આ શંકા કરવી પણ વ્યર્થ છે કે ભાવ અને અભાવ બંને વિરોધી છે તો પછી એક પદાર્થમાં બંને કેવી રીતે રહી શકે ? એનો ઉત્તર ઉપર કહેવાય પણ ગયો છે. બીજું જેને વિરોધ [૧] કહેવામાં આવે છે તે વાસ્તવમાં વિરોધ જ નથી. પદાર્થનું સ્વરૂપ જ એવું છે. 'स्वभावोऽतर्कगोचरः' અર્થાત્ કોઈના સ્વભાવમાં

---

૧ – વિરોધ ત્રણ પ્રકારના છે :– ૧) સહાનવસ્થાન, ૨) પ્રતિબંધ્ય પ્રતિબંધક, ૩) વધ્ય ઘાતક. આ ત્રણેમાંથી ભાવાભાવમાં એક પણ નથી વિશેષ જ્ઞાન માટે આ કારિકા જુઓ :–

**कथञ्चित्ते सदेवेष्टं कथञ्चिदसदेव तत्।**
**तथोभयमवाच्यं च नययोगान्न सर्वथा।।१।।**

**तत्र सत्त्वं वस्तुधर्मः तदनुपगमे वस्तुनो वस्तुत्वायोगात् खरविषाणादिवत्। तथा कथञ्चिदसत्वं वस्तुधर्मः। स्वरूपादिभिरिव पररूपादिभिरपि वस्तुनोऽसत्त्वानिष्टौ प्रतिनियतस्वरूपाभावाद्वस्तुप्रतिनियमविरोधात्। एतेन कमार्पितोभयत्वादीनां वस्तुधर्मत्वं प्रतिपादितम्।**

**अष्टसहस्त्री।**

તર્ક કામ કરતો નથી. અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે. ત્યાં અગ્નિ ઉષ્ણ કેમ છે ? એ પ્રશ્ન નિરર્થક છે, પ્રત્યક્ષ બાધિત છે.

ઉપર કરવામાં આવેલી શંકાનો સ્પષ્ટ ઉત્તર

**केवलमंशानामिह नाप्युत्पादो व्ययोपि न ध्रौव्यम्।**
**नाप्यंशिनस्त्रयं स्यात् किमुतांशेनांऽशिनो हि तत् त्रितयम्।।२२८।।**

**અર્થ :–** કેવળ અંશોના જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય થતા નથી અને ન કેવળ અંશીના ય ત્રણે હોય છે. પરંતુ અંશીના અંશ રૂપે ઉત્પાદાદિક ત્રણે હોય છે.

શંકાકાર

**ननु चोप्तादध्वंसौ स्यातामन्वर्थतोऽथ वाङ्मात्रात्।**
**दृष्टविरुद्धत्वादिह ध्रुवत्वमपि चैकस्य कथमिति चेत्।।२२९।।**

**અર્થ :–** એક પદાર્થના ઉત્પાદ અને વ્યય તો ભલે હો પરંતુ તે જ પદાર્થનું ધ્રૌવ્ય પણ હોય છે એ વાત વચન માત્ર છે અને પ્રત્યક્ષ બાધિત છે. એક જ પદાર્થના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેય કેવી રીતે હોઈ શકે ?

**सत्यं भवति विरुद्धं क्षणभेदो यदि भवेत्त्रयाणां हि।**
**अथवा स्वयं सदेव हि नश्यत्वुत्पद्यते स्वयं सदिति।।२३०।।**

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કથન તો જ યોગ્ય ગણાય અથવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણેનો એક પદાર્થમાં તો જ વિરોધ આવી શકે કે જો આ ત્રણેના સમય જુદા હોય અથવા જો સ્વયં સત્ જ નષ્ટ થતું હોય અને સત્ જ ઉત્પન્ન થતું હોય તો જ આ ત્રણેમાં વિરોધ આવી શકે.

**क्वापि कुतश्चित् किञ्चित् कस्यापि कथञ्चनापि तन्न स्यात्।**
**तत्साधकप्रमाणाभावादिह सोप्यदृष्टान्तात्।।२३१।।**

**અર્થ :–** પરંતુ આવું ક્યાંય, કોઈ કારણે, કોઈને, કોઈ રીતે, કાંઈ પણ થતું નથી. ઉત્પાદ ભિન્ન સમયમાં થતો હોય, વ્યય ભિન્ન સમયમાં થતો હોય અને ધ્રૌવ્ય ભિન્ન સમયમાં થતું હોય, આ રીતે ત્રણેયના સમય જુદા હોય એવું સિદ્ધ કરનાર ન તો કોઈ પ્રમાણ છે અને ન કોઈ તેનું સાધક દૃષ્ટાંત પણ છે.

શંકાકાર

**ननु च स्वावसरे किल सर्गः सर्गैकलक्षणत्वात् स्यात्।**
**संहारः स्वावसरे स्यादिति संहारलक्षणत्वाद्वा।।२३२।।**
**ध्रौव्यं चात्मावसरे भवति ध्रौव्यैकलक्षणात्तस्य।**
**एवं लक्षणभेदः स्याद्बीजाङ्कुरपादपत्त्ववत्तिति चेत्।।२३३।।**

**અર્થ :–** ઉત્પાદ પોતાના સમયમાં થાય છે કેમકે ઉત્પન્ન થવું તે જ તેનું એક લક્ષણ છે. વ્યય પોતાના સમયમાં થાય છે, કેમકે સંહાર થવો તે જ તેનું લક્ષણ છે. એ જ પ્રમાણે ધ્રૌવ્ય પણ પોતાના સમયમાં થાય છે, કેમકે ધ્રુવ રહેવું તે જ તેનું સ્વરૂપ છે. જેવી રીતે બીજ, અંકુર અને વૃક્ષના ભિન્ન ભિન્ન લક્ષણ છે તેવી જ રીતે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યના પણ ભિન્ન ભિન્ન લક્ષણ છે.

**ભાવાર્થ :–** ભિન્ન ભિન્ન લક્ષણ હોવાથી ત્રણેના ભિન્ન ભિન્ન સમય છે ?

ઉત્તર

**तन्न यतः क्षणभेदो न स्यादेकसमयमात्रं तत्।**
**उत्पादादित्रयमपि हेतोः संदृष्टितोपि सिद्धत्वात्।।२३४।।**

**અર્થ :–** લક્ષણ ભેદ હોવાથી ત્રણેને જુદા જુદા સમયમાં માનવા તે બરાબર નથી. કેમ કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ત્રણેનો સમય ભેદ નથી. ત્રણે એક જ સમયમાં હોય છે. આ વાત હેતુ અને દૃષ્ટાંતથી સારી રીતે સિદ્ધ છે. એનો જ ખુલાસો નીચે કરવામાં આવે છે –

**अथ तद्यथा हि बीजं बीजावसरे सदेव नासदिति।**
**तत्र व्ययो न सत्त्वाद् व्ययश्च तस्मात्सदङ्कुरावसरे।।२३५।।**

**અર્થ :–** બીજ પોતાની પર્યાયના સમયમાં છે. બીજ પર્યાયના સમયે બીજનો અભાવ કહી શકાતો નથી. બીજ પર્યાયના સમયે બીજ પર્યાયનો વ્યય પણ કહી શકાતો નથી પરંતુ અંકુર પર્યાયના ઉત્પાદ–સમયે બીજ પર્યાયનો વ્યય કહી શકાય છે.

**बीजावस्थायामपि न स्यादङ्कुरभवोस्ति वाऽसदिति।**
**तस्मादुत्पादः स्यात्स्वावसरे चाङ्कुरस्य नान्यत्र।।२३६।।**

**અર્થ :–** જે સમય બીજ પર્યાયનો છે, તે અંકુરની ઉત્પત્તિનો કહી શકાતો નથી. બીજ પર્યાયના સમયે અંકુરના ઉત્પાદનો અભાવ જ છે. તેથી અંકુરનો ઉત્પાદ પણ પોતાના જ સમયમાં થશે, અન્ય સમયમાં નહિ.

**यदि वा बीजाङ्कुरयोरविशेषात् पादपत्वमिति वाच्यम्।**
**नष्टोत्पन्नं न तदिति नष्टोत्पन्नं च पर्ययाभ्यां हि।।२३७।।**

**અર્થ :–** અથવા બીજ અને અંકુર એ બંનેને સામાન્ય રીતે જો વૃક્ષ કહેવામાં આવે તો વૃક્ષ ન તો ઉત્પન્ન થયું અને ન તો નષ્ટ થયું પરંતુ બીજ પર્યાયથી નષ્ટ થયું છે અને અંકુર પર્યાયથી ઉત્પન્ન થયું છે.

સારાંશ

**आयातं न्यायबलादेतद्यत्रितयमेककालं स्यात्।**
**उत्पन्नमङ्कुरेण च नष्टं बीजेन पादपत्वं तत्।।२३८।।**

**અર્થ :–** આ વાત ન્યાયબળથી સિદ્ધ થઈ ગઈ કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણેનો એક જ * સમય છે. વૃક્ષનો અંકુર રૂપે જે સમયે ઉત્પાદ થયો છે, તે જ સમય તેનો બીજ રૂપે વ્યય થયો છે અને વૃક્ષપણું બંને અવસ્થાઓમાં મોજુદ છે.

**ભાવાર્થ :–** ઉપરના ત્રણે શ્લોકોનો સારાંશ આમ છે – જે બીજ પર્યાયનો સમય છે તે તેના વ્યયનો સમય નથી, કેમકે તેનો જ સદ્ભાવ અને તેનો જ અભાવ બંને એક જ સમયમાં હોઈ શકે નહિ. પંરતુ જે અંકુરના ઉત્પાદનો સમય છે તે જ બીજ પર્યાયના નાશનો સમય છે એમ પણ નથી કે બીજ પર્યાય અને અંકુરનો ઉત્પાદ એ બંનેની વચ્ચે બીજ પર્યાયનો નાશ થતો હોય. આમ માનવાથી પર્યાય રહિત દ્રવ્ય ઠરશે, કેમકે બીજનો તો નાશ થઈ ગયો, અને હજી અંકુર ઉત્પન્ન થયો નથી. તે વખતે કઈ પર્યાય માનવી ? કોઈ નહિ. તો અવશ્ય જ પર્યાય રહિત દ્રવ્ય ઠરશે. પર્યાયના અભાવમાં પર્યાયવાનનો અભાવ સ્વયં સિદ્ધ છે. તેથી જે વખતે અંકુરનો ઉત્પાદ થાય છે તે જ વખતે બીજ પર્યાયનો નાશ થાય છે. બીજા શબ્દોમાં આમ પણ કહી શકાય છે કે જે બીજ પર્યાયનો નાશ છે તે જ અંકુરનો ઉત્પાદ છે. એનો એ અર્થ નથી કે નાશ અને ઉત્પાદ બંનેનો એક જ અર્થ છે. જો બંનેનો એક જ અર્થ હોય તો જેનો નાશ છે તેનો જ ઉત્પાદ કહેવો જોઈએ. પરંતુ એમ નથી. નાશ તો બીજનો થાય છે અને ઉત્પાદ

---

* घटमौलि सुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम्।
शोकप्रमोदमाध्यस्थं जनो याति सहेतुकम्। - अष्टसहस्त्री।

અર્થાત્ એક પુરુષને સોનાના ઘડાની આવશ્યકતા હતી, બીજાને ઘડાના ટૂકડાની આવશ્યકતા હતી, ત્રીજાને સોનાની જ આવશ્યકતા હતી. ત્રણે એક શેઠને ત્યાં પહોંચ્યા શેઠને ત્યાં એક સોનાનો ઘડો પડયો હતો. પરંતુ જે વખતે આ ત્રણેય પહોંચ્યા તે જ વખતે તે ઘડો ઉપરથી પડીને ફૂટી ગયો. ઘડો ફૂટતાં જ ત્રણેના એક જ સમયમાં ત્રણ પ્રકારના પરિણામ થઈ ગયા. ઘડાના અર્થીને શોક, ટૂકડાના અર્થીને હર્ષ અને સામાન્ય સુવર્ણના અર્થીને મધ્યસ્થતા. આ જ રીતે ઉત્પાદાદિ ત્રણે એક જ ક્ષણમાં હોય છે.

અંકુરનો થાય છે પરંતુ નાશ અને ઉત્પાદ બંનેના ફળસ્વરૂપ પર્યાય એક જ છે. એમ પણ નથી કે જે બીજ પર્યાયનો સમય છે તે જ અંકુરના ઉત્પાદનો સમય છે. આમ માનવાથી એક જ સમયમાં બે પર્યાયોની સત્તા માનવી પડશે અને એક સમયમાં બે પર્યાયોનું હોવું પ્રમાણ બાધિત છે. તેથી બીજ પર્યાયના સમયમાં અંકુરનો ઉત્પાદ હોતો નથી. પરંતુ જે બીજ પર્યાયના નાશનો સમય છે તે જ અંકુરના ઉત્પાદનો સમય છે અને બીજ નાશ તથા અંકુરનો ઉત્પાદ, બંનેય અવસ્થાઓમાં વૃક્ષપણાનો સદ્‌ભાવ છે. વૃક્ષનો જે સમયે બીજ પર્યાયથી નાશ થયો છે, તે જ વખતે તેનો અંકુર પર્યાયથી ઉત્પાદ થયો છે. વૃક્ષનો સદ્‌ભાવ બંનેય અવસ્થાઓમાં છે. તેથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રણેનો એક જ સમય છે, ભિન્ન સમય નથી.

ફરીથી સ્પષ્ટીકરણ

**अपि चाङ्कुरसृष्टेरिह य एव समयः स बीजनाशस्य।**
**उभयोरप्यात्मत्वात् स एव लाकश्च पादपत्वस्य।।२३९।।**

**અર્થ :–** જે અંકુરની ઉત્પત્તિનો સમય છે, તે જ સમય બીજના નાશનો છે અને અંકુરનો ઉત્પાદ તથા બીજનો નાશ બંનેય વૃક્ષસ્વરૂપ છે. તેથી જે સમય બીજના નાશ અને અંકુરના ઉત્પાદનો છે તે જ સમય વૃક્ષના ધ્રૌવ્યનો છે.

સારાંશ

**तस्मादनवद्यमिदं प्रकृतं सत्त्वस्य चैकसमये स्यात्।**
**उत्पादादित्रयमपि पर्यायार्थान्न सर्वथापि सतः।।२४०।।**

**અર્થ :–** તેથી આ વાત સર્વથા નિર્દોષ સિદ્ધ થઈ ગઈ કે સત્ (પદાર્થ) ને એક સમયમાં જ ઉત્પાદાદિ ત્રણે હોય છે. તે પણ પદાર્થને પર્યાય દૃષ્ટિથી હોય છે, પર્યાય નિરપેક્ષ પદાર્થને હોતા નથી.

વિરોધની સંભાવના

**भवति विरुद्धं हि तदा यदा सतः केवलस्य तत्त्रितयम्।**
**पर्ययनिरपेक्षत्वात् क्षणभेदोपि च तदैव सम्भवति।।२४१।।**

**અર્થ :–** જે વખતે ઉત્પાદાદિ ત્રણે પર્યાયનિરપેક્ષ કેવળ પદાર્થના જ માનવામાં આવશે તે વખતે અવશ્ય જ ત્રણેનો એકસાથે વિરોધ થશે અને તે જ સમયે તેમના સમયભેદની સંભાવના પણ છે.

અથવા

**यदि वा भवति विरुद्धं तदा यदाप्येकपर्ययस्य पुनः।**
**अस्त्युत्पादो यस्य व्ययोपि तस्यैव तस्य वै ध्रौव्यम्।।२४२।।**

**અર્થ :–** અથવા ત્યારે પણ વિરોધ થાય કે જ્યારે જે એક પર્યાયનો ઉત્પાદ હોય, તેનો જ વ્યય પણ માનવામાં આવે અને તે જ એક પર્યાયનું ધ્રૌવ્ય પણ માનવામાં આવે.

ઉત્પાદાદિકનું અવિરુદ્ધ સ્વરૂપ

**प्रकृतं सतो विनाशः केनचिदन्येन पर्ययेण पुनः।**
**केनचिदन्येन पुनः स्यादुत्पादो ध्रुवं तदन्येन।।२४३।।**

**અર્થ :–** મૂળમાં આમ છે કે કોઈ અન્ય પર્યાયથી સત્‌નો વિનાશ થાય છે તથા કોઈ અન્ય પર્યાયથી તેનો ઉત્પાદ થાય છે અને કોઈ અન્ય પર્યાયથી જ તેને ધ્રૌવ્ય હોય છે.

દૃષ્ટાંત

**संदृष्टिः पादपवत् स्वयमुत्पन्नः सदङ्कुरेण यथा।**
**नष्टो बीजेन पुनर्ध्रुवमित्युभयत्र पादपत्वेन।।२४४।।**

**અર્થ :-** વૃક્ષનું દૃષ્ટાંત સ્પષ્ટ છે. જેવી રીતે વૃક્ષ સ્વરૂપ અંકુરથી સ્વયં ઉત્પન્ન થાય છે, બીજ રૂપે નષ્ટ થાય છે અને તે વૃક્ષપણાથી બંને જગ્યાએ ધ્રુવ છે.

**न हि बीजेन विनष्टः स्यादुत्पन्नश्च तेन बीजेन।**
**ध्रौव्यं बीजेन पुनः स्यादित्यध्यक्षपक्षबाध्यत्वात्।।२४५।।**

**અર્થ :–** એમ નથી કે વૃક્ષ બીજ રૂપે જ નષ્ટ થતું હોય, તે જ બીજ રૂપે તે ઉત્પન્ન થતું હોય તે જ બીજરૂપે તે ધ્રુવ પણ રહેતું હોય, કેમકે આ વાત પ્રત્યક્ષ બાધિત છે.

સત્ જ ઉત્પાદ વ્યય સ્વરૂપ છે

**उत्पादव्यययोरपि भवति यदात्मा स्वयं सदेवेति।**
**तस्मादेतद् द्वयमपि वस्तु सदेवेति नान्यदस्ति सतः।।२४६।।**

**અર્થ :–** ઉત્પાદ અને વ્યય બંનેનો આત્મા (જીવભૂત) સ્વયં સત્ જ છે – તેથી આ બંનેય સત્ વસ્તુ સ્વરૂપ છે, સત્‌થી ભિન્ન આ બંને કોઈ સ્વતંત્ર વસ્તુ નથી.

ઉત્પાદાદિક પર્યાયદૃષ્ટિથી જ છે

**पर्यायादेशत्वादस्त्युत्पादो व्ययोऽस्ति च ध्रौव्यम्।**
**द्रव्यार्थादेशत्वान्नाप्युत्पादो व्ययोऽपि न ध्रौव्यम्।।२४७।।**

**અર્થ :–** પર્યાયાર્થિક નયથી ઉત્પાદ પણ છે, વ્યય પણ છે અને ધ્રૌવ્ય પણ છે.

દ્રવ્યાર્થિક નયથી ન ઉત્પાદ છે, ન વ્યય છે અને ન ધ્રૌવ્ય છે.

શંકાકાર

**ननु चोत्पादेन सता कृतमसतैकेन वा व्ययेनाऽथ।**
**यदि व ध्रोव्येण पुनर्यदवश्यं तत्त्रयेण कथमिति चेत्।।२४८।।**

**અર્થ :–** કાં તો સત્ રૂપ ઉત્પાદ સ્વરૂપ જ વસ્તુ માનો, અથવા અસત્ રૂપ વ્યય સ્વરૂપ જ વસ્તુ માનો અથવા ધ્રૌવ્ય સ્વરૂપ જ વસ્તુ માનો. તેને ત્રણ સ્વરૂપ કેવી રીતે માનો છો ?

ઉત્તર

**तन्न यदविनाभावः प्रादुर्भावध्रुवव्ययानां हि।**
**यस्मादेकेन विना न स्यादितरद्द्वयं तु तन्नियमात्।।२४९।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા બરાબર નથી. કેમકે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણેનો નિયમથી અવિનાભાવ છે કેમકે એક વિના બીજા બંને પણ રહી શકતા નથી.

**अपि च द्वाभ्यां ताभ्यामन्यतमाभ्यां विना न चान्यतरत्।**
**एकं वा तदवश्यं तत्त्रयमिह वस्तु संसिध्यै।।२५०।।**

**અર્થ :–** અથવા કોઈ પણ બે વિના એક પણ રહી શકતું નથી તેથી એ આવશ્યક છે કે વસ્તુની સારી રીતે સિદ્ધિ થાય તે માટે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ત્રણે એકસાથે હોય.

એનો જ ખુલાસો

**अथ तद्यथा विनाशः प्रादुर्भावं विना न भावीति।**
**नियतमभावस्य पुनर्भावेन पुरस्सरत्वाच्च।।२५१।।**

**અર્થ :–** ત્રણેને પરસ્પર અવિનાભાવ છે. એ જ વાત સ્પષ્ટ કરવામાં આવે છે

કે વિનાશ (વ્યય) ઉત્પાદ વિના હોઈ શકતો નથી. કેમકે કોઈ પર્યાયનો અભાવ નિયમથી ભાવપૂર્વક જ હોય છે.

**उत्पादोपि न भावी व्ययं विना वा तथा प्रतीतत्वात्।**
**प्रत्यग्रजन्मनः किल भावस्याभावतः कृतार्थत्वात्।।२५२।।**

**અર્થ :–** ઉત્પાદ પણ વ્યય વિના હોઈ શકતો નથી કેમકે એવી પ્રતીતિ છે કે નવીન ઉત્પન્ન થનાર ભાવ અભાવથી જ કૃતાર્થ થાય છે.

**ભાવાર્થ :–** કોઈ પર્યાયનો નાશ થયા પછી જ બીજી પર્યાય થઈ શકે છે. પદાર્થ તો કોઈને કોઈ અવસ્થામાં સદા રહે જ છે. તેથી એ આવશ્યક છે કે પહેલી અવસ્થાનો નાશ થતાં જ કોઈ નવી અવસ્થા હોય.

**उत्पादध्वंसौ वा द्वावपि न स्तो विनापि तद् ध्रौव्यम्।**
**भावस्याऽभावस्य च वस्तुत्वे सति तदाश्रयत्वाद्वा।।२५३।।**

**અર્થ :–** અથવા ધ્રૌવ્ય વિના, ઉત્પાદ, વ્યય પણ થઈ શકતા નથી કેમકે વસ્તુની સત્તા હોતાં જ તેના આશ્રયે ભાવ અને અભાવ (ઉત્પાદ અને વ્યય) રહી શકે છે.

**अपि च ध्रौव्यं न स्यादुत्पादव्ययद्वयं विना नियमात्।**
**यदिह विशेषाभावे सामान्यस्य च सतोप्यभावत्वात्।।२५४।।**

**અર્થ :–** અથવા ઉત્પાદ અને વ્યય બંને વિના ધ્રૌવ્ય પણ નિયમથી રહી શકતું નથી કેમકે વિશેષના અભાવમાં સામાન્ય સત્‌નો પણ અભાવ જ છે.

**ભાવાર્થ :–** વસ્તુ * સામાન્ય વિશેષાત્મક છે, સામાન્ય+ વિના વિશેષ હોઈ શકે નહિ અને વિશેષ વિના સામાન્ય પણ હોઈ શકે નહિ. ઉત્પાદ, વ્યય વિશેષ છે, ધ્રૌવ્ય

---

* सामान्यं विशेषात्मा तदर्थोविषयः।

\+ निर्विशेषं हि सामान्यं भवेच्छशविषाणवत्।
निस्सामान्यं विशेषश्च भवेच्छशविषाणवत्।।

સામાન્ય છે. તેથી ઉત્પાદ, વ્યય વિશેષ વિના ધ્રૌવ્ય સામાન્ય બની શકતું નથી અને એ જ પ્રમાણે ધ્રૌવ્ય સામાન્ય વિના ઉત્પાદ, વ્યય વિશેષ પણ બની શકતા નથી.

સારાંશ

**एवं चोत्पाददित्रयस्य साधीयसी व्यवस्थेह।**
**नैवान्यथाऽन्यनिह्नववदतः स्वस्यापि घातकत्वाच्च।।२५५।।**

**અર્થ :–** આ રીતે વસ્તુમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની વ્યવસ્થા ઘટાવવી જોઈએ. બીજી કોઈ રીતે તેમની વ્યવસ્થા ઘટાવી શકાતી નથી. કેમકે બીજાનો વિઘાત કરવાથી પોતાનો જ વિઘાત થઈ જાય છે.

**ભાવાર્થ :–** ઉપર કહેલી વ્યવસ્થા જ સાચી વ્યવસ્થા છે અને ત્રણેને એકસાથે માનવાથી જ આ વ્યવસ્થા બની શકે છે. ત્રણેમાંથી કોઈ એકનો અથવા બેનો અભાવ માનવાથી બાકીના બે અથવા એક પણ ટકી શકતા નથી.

કેવળ ઉત્પાદ માનવામાં દોષ

**अथ तद्यथा हि सर्गं केवलमेकं हि मृगयमाणस्य।**
**असदुत्पादो वा स्यादुत्पादो वा न कारणभावात्।।२५६।।**

**અર્થ :–** જે કેવળ એક ઉત્પાદને જ માને છે તેના મતમાં અસત્‌નો ઉત્પાદ થવા માંડશે અથવા કારણનો અભાવ થવાથી ઉત્પાદ જ નહિ થાય.

કેવળ વ્યય માનવામાં દોષ

**अप्यथ लोकयतः किल संहारं सर्गपक्षनिरपेक्षम्।**
**भवति निरन्वयनाशः सतो न नाशोऽथवाप्यहेतुत्वात्।।२५७।।**

**અર્થ :–** ઉત્પાદ પક્ષ નિરપેક્ષ કેવળ વ્યયને જ જે માને છે તેના મતમાં સત્‌નો નિરન્વય સર્વથા નાશ થઈ જશે અથવા કારણ વિના તેનો નાશ પણ થઈ શકતો નથી.

કેવળ ધ્રૌવ્ય માનવામાં દોષ

**अथ च ध्रौव्यं केवलमेकं किल पक्षमध्यवसतश्च।**
**द्रव्यमपरिणामि स्यात्तदपरिणामाच्च नापि तद् ध्रौव्यम्।।२५८।।**

**અર્થ :–** એવી જ રીતે જે ઉત્પાદ, વ્યય નિરપેક્ષ કેવળ ધ્રૌવ્ય પક્ષનો જ સ્વીકાર કરે છે, તેમના મતમાં દ્રવ્ય અપરિણામી ઠરશે અને દ્રવ્ય અપરિણામી રહેવાથી તેને ધ્રૌવ્ય પણ બની શકશે નહિ.

ધ્રૌવ્ય નિરપેક્ષ ઉત્પાદ વ્યય માનવામાં દોષ

**अथ च ध्रौव्योपेक्षितमुत्पादादिद्वयं प्रमाणयतः।**
**सर्वं क्षणिकमिवैतत् सद्भावे वा व्ययो न सर्गश्च।।२५९।।**

**અર્થ :–** ધ્રૌવ્ય નિરપેક્ષ કેવળ ઉત્પાદ અને વ્યય આ બેને જ જે પ્રમાણભૂત માને છે તેના મતમાં બધું ક્ષણિક જેવું થઈ જશે અથવા સત્ પદાર્થનાં અભાવમાં ન તો વ્યય પણ બની શકે છે અને ન તો ઉત્પાદ પણ બની શકે છે.

સારાંશ

**एतद्दोषभयादिह प्रकृतं चास्तिक्यमिच्छता पुंसा।**
**उत्पादादीनामयमविनाभावोऽवगन्तव्यः।।२६०।।**

**અર્થ :–** ઉપર કહેલા દોષોના ભયથી આસ્તિક્ય ઇચ્છનાર પુરુષે મૂળમાં ઉત્પાદાદિ ત્રણેનો ય અવિનાભાવ માનવો જોઈએ.

**ભાવાર્થ :–** ત્રણે એકસાથે પરસ્પર સાપેક્ષ છે. એ જ નિર્દોષ સિદ્ધ છે.

નવી પ્રતિજ્ઞા

**उक्तं गुणपर्ययवद्द्रव्यं यत्तद्व्ययादियुक्तं सत्।**
**अथ वस्तुस्थितिरिह किल वाच्याऽनेकान्तबोधशुद्ध्यर्थम्।।२६१।।**

**અર્થ :–** દ્રવ્ય, ગુણ, પર્યાયનો સમૂહ છે અને તે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યવાળું છે એ વાત તો કહેવાય ગઈ. હવે અનેકાન્તનો (સ્યાદ્વાદનો) બોધ થાય તે માટે વસ્તુનો વિચાર કરે છે :–

અનેકાન્ત ચતુષ્ટય

**स्यादस्ति च नास्तीति च नित्यमनित्यं त्वनेकमेकं च।**
**तदतच्चेति चतुष्टययुग्मैरिव गुम्फितं वस्तु।।२६२।।**

**અર્થ :–** સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ નિત્ય, સ્યાત્ અનિત્ય, સ્યાત્ એક, સ્યાત્ અનેક, સ્યાત્ તત્, સ્યાત્ અતત્; આ રીતે આ ચાર યુગલોની જેમ વસ્તુ અનેક ધર્મોથી ગુંથાયેલી છે.

ચતુષ્ટય હોવામાં કારણ

**अथ तद्यथा यदस्ति हि तदेव नास्तीति तच्चतुष्कं च।**
**द्रव्येण क्षेत्रेण च कालेन तथाथवाऽपि भावेन।।२६३।।**

**અર્થ :–** તેનું જ સ્પષ્ટીકરણ કરે છે કે જે કથંચિત્ (કોઈ સ્વરૂપે) છે તે જ કથંચિત્ નથી. એ જ પ્રમાણે જે કથંચિત્ નિત્ય છે તે જ કથંચિત્ અનિત્ય પણ છે. જે કથંચિત્

એક છે તે જ કથંચિત્ અનેક પણ છે. જે કથંચિત્ તે જ છે તે કથંચિત્ તે નથી પણ. આ રીતે આ ચારેય કથંચિત્ વાદ (સ્યાદ્વાદ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી હોય છે.

### દ્રવ્યની અપેક્ષાથી કથન

**एका हि महासत्ता सत्ता वा स्यादवान्तराख्या च।**
**न पृथक्प्रदेशवत्वं स्वरूपभेदोपि नानयोरेव।।२६४।।**

**અર્થ :–** એક તો મહાસત્તા છે, બીજી અવાન્તરસત્તા છે. * આ બંને સત્તાઓના વસ્તુથી ભિન્ન પ્રદેશ નથી અર્થાત્ સત્તા સ્વતંત્ર પદાર્થ નથી તથા બંનેમાં સ્વરૂપભેદ પણ નથી. બંનેનું એક જ સ્વરૂપ છે. કેવળ અપેક્ષા–કથન ભેદ છે.

### મહાસત્તાનું સ્વરૂપ

**किन्तु सदित्यभिधानं यत्स्यात्सर्वार्थसार्थसंस्पर्शि।**
**सामान्यग्राहकत्वात् प्रोक्ता सन्मात्रतो महासत्ता।।२६५।।**

**અર્થ :–** પરંતુ જે સત્ સર્વ પદાર્થોના સમૂહને સ્પર્શ કરે છે તે જ મહાસત્તા નામથી ઓળખાય છે. તે સામાન્યનું ગ્રહણ કરે છે અને તેની જ અપેક્ષાએ વસ્તુ સત્ માત્ર છે. અર્થ નામ ગુણનું પણ છે. માટે એક વસ્તુમાં અનંત ગુણ છે. તે બધાને જે સ્પર્શ કરે છે તે સત્ મહાસત્તાના નામે પણ ઓળખાય છે.

**ભાવાર્થ :–** દરેક પદાર્થનો અસ્તિત્વ ગુણ જુદો જુદો છે, તે જ અસ્તિત્વ ગુણને 'સત્' એ નામથી પણ કહેવાય છે કેમકે એનાથી જ વસ્તુમાં સત્તા કાયમ રહે છે, તે સત્ ગુણ સમાન રીતે સર્વ વસ્તુઓમાં એકસરખો છે. એકસરખો હોવાથી જ તેને એક

* આ બંને સત્તાઓનું સ્વરૂપ સ્પષ્ટપણે પહેલાં પણ કહેવાય ગયું છે અને ઉત્તરાર્ધના પ્રારંભમાં પણ કહેવામાં આવ્યું છે.

પણ કહી દે છે અને એનું જ નામ મહાસત્તા કહેવાય છે. વાસ્તવમાં 'મહાસત્તા' નામક કોઈ એક પદાર્થ નથી. કેવળ સમાનતાની અપેક્ષાથી તેને એકત્વ સંજ્ઞા મળી છે.

### અવાન્તર સત્તાનું સ્વરૂપ

**अपिऽचावान्तरसचा सद्रव्यं सत् गुणश्च पर्यायः ।**
**सच्चोत्पादध्वंसः सदिति ध्रौव्यं किलेति विस्तार।।२६६।।**

**અર્થ :–** અવાન્તરસત્તા દરેકની જુદી જુદી છે. તે ભિન્ન ભિન્ન રીતે જ કહેવામાં આવે છે. જેમકે - સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય, સત્ ઉત્પાદ, સત્ ધ્વંસ, સત્ ધ્રૌવ્ય આ રીતે બીજા પણ લગાડી લેવા જોઈએ.

**ભાવાર્થ :–** સર્વ સ્થળે વ્યાપીને રહેનારી સત્તાને મહાસત્તા કહે છે અને તે મહાસત્તાની અપેક્ષાએ જે થોડી જગ્યામાં રહે છે તેને અવાન્તર સત્તા કહે છે. મહાસત્તા સામાન્ય રીતે સર્વ દ્રવ્યગુણોમાં રહે છે તેથી તેની અપેક્ષાએ પર્યાયોમાં ભેદ નથી પરંતુ બધું એક કહેવાય છે. પરંતુ અવાન્તરસત્તા સર્વ પદાર્થોમાં ભેદ કરે છે. જેમ –મહાસત્તાની અપેક્ષાએ દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ બધું સત્ રૂપ કહેવાય છે, તેવી જ રીતે અવાન્તરસત્તાની અપેક્ષાએ ભિન્ન ભિન્ન કહેવાય છે. અવાન્તરસત્તાની અપેક્ષાએ દ્રવ્યનું સત્ જુદું છે, ગુણનું જુદું છે અને પર્યાયોનું જુદું છે દ્રવ્યમાં પણ ઘડિયાળનું સત્ જુદું છે, ટેબલનું સત્ જુદું છે અને ખુરશીનું સત્ જુદું છે, ગુણોમાં પણ જ્ઞાનનું જુદું છે, દર્શનનું જુદું છે અને સુખનું જુદું છે. પર્યાયોમાં પણ વર્તમાન પર્યાયનું જુદું છે, ભૂત પર્યાયનું જુદું છે અને ભવિષ્યની પર્યાયનું જુદું છે. આ રીતે અવાન્તરસત્તાના અનેક ભેદ થાય છે.

### અસ્તિ નાસ્તિ કથન

**अयमर्थो वस्तु यदा सदिति महासत्तयावधार्येत।**
**स्यात्तदवान्तरसत्तारूपेणाभाव एव न तु मूलात्।।२६७।।**

**અર્થ :–** દ્રવ્યની અપેક્ષાએ સ્યાત્ અસ્તિ અને સ્યાત્ નાસ્તિનો અર્થ એ છે કે વસ્તુ

જે સમયે મહાસત્તાની અપેક્ષાએ કથંચિત્ છે, તે સમયે અવાન્તર સત્તાની અપેક્ષાએ કથંચિત્ નથી. વસ્તુમાં અવાન્તરસત્તાની અપેક્ષાએ જ અભાવ આવે છે. વાસ્તવમાં તે અભાવાત્મક નથી.

**अपि चाऽवान्तरसत्तारूपेण यदावधार्यते वस्तु।**
**अपरेण महासत्तारूपेणाभाव एव भवति तदा।।२६८।।**

**અર્થ :–** એ જ પ્રમાણે જે સમયે અવાન્તર સત્તાની અપેક્ષાએ વસ્તુનું કથન કરવામાં આવે છે, તે સમયે તેની અપેક્ષાએ તો તે કથંચિત્ છે. પરંતુ પ્રતિપક્ષી મહાસત્તાની અપેક્ષાએ કથંચિત્ નથી પણ.

**ભાવાર્થ :–** વાસ્તવમાં વસ્તુ તો જેવી છે, તે તેવી જ છે. તેમાંથી ન તો કાંઈ કદી જાય છે અને ન તેમાં કાંઈ કદી આવે છે. કેવળ કથન શૈલીથી તેમાં ભેદ થઈ જાય છે. જે સમયે વસ્તુને મહાસત્તાની દ્રષ્ટિએ જોઈએ છીએ, તે સમયે તે સત્ રૂપ જ દેખાય છે. તે સમયે તે દ્રવ્ય કહી શકાતી નથી, ગુણ પણ કહી શકાતી નથી. અને પર્યાય પણ કહી શકાતી નથી. તેથી તે સમયે એમ કહી શકાય છે કે વસ્તુ સત્ રૂપે તો છે પરંતુ તે દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ રૂપ નથી. એ જ પ્રમાણે જે સમયે અવાન્તરસત્તાની દ્રષ્ટિએ વસ્તુને જોવામાં આવે છે તે સમયે તે દ્રવ્ય અથવા પર્યાય આદિ વિશેષ સત્ રૂપે તો છે, પરંતુ સામાન્ય સત્ રૂપે નથી. આ રીતે વસ્તુમાં કથંચિત્ અસ્તિત્વ અને કથંચિત્ નાસ્તિત્વ સારી રીતે ઘટે છે. વસ્તુમાં નાસ્તિત્વ કેવળ અપેક્ષા દ્રષ્ટિથી જ આવે છે. વાસ્તવમાં વસ્તુ અભાવ સ્વરૂપ નથી.

દૃષ્ટાંત

**दृष्टान्तः स्पष्टोऽयं यथा पटो द्रव्यमस्ति नास्तीति।**
**पटशुक्लत्वादीनामन्यतमस्याविवक्षितत्वाच्च।।२६९।।**

**અર્થ :–** કથંચિત્ અસ્તિત્વ અને કથંચિત્ નાસ્તિત્વનું દૃષ્ટાંત પણ સ્પષ્ટ જ છે કે જેવી રીતે પટ (વસ્ત્ર) દ્રવ્ય પટની અપેક્ષાએ તો છે પરંતુ તે જ પટ દ્રવ્ય પટના શુક્લાદિ ગુણોની અવિવક્ષાની અપેક્ષાએ નથી.

**ભાવાર્થ :–** શુક્લાદિ ગુણોનો સમૂહ જ પટ કહેવાય છે. જે સમયે પટને મુખ્યપણે કહે છે તે સમયે તેના ગુણ નહિ જેવા ગણવામાં આવે છે અને જે સમયે શુક્લાદિ ગુણોને મુખ્યપણે કહે છે, તે સમયે પટ પણ નહિ જેવું માનવામાં આવે છે. કથનની અપેક્ષાથી જ વસ્તુમાં મુખ્ય અને ગૌણની વ્યવસ્થા થાય છે તથા તે જ વ્યવસ્થાથી વસ્તુમાં કથંચિત્ અસ્તિવાદ અને કથંચિત્ નાસ્તિવાદ આવે છે. આનું જ નામ સ્યાદ્વાદ છે.

ક્ષેત્રની અપેક્ષાએ અસ્તિ નાસ્તિ કથન

**क्षेत्रं द्विधावधानात् सामान्यमथ च विशेषमात्रं स्यात्।**
**तत्र प्रदेशमात्रं प्रथमं प्रथमेतरं तदंशमयम्।।२७०।।**

**અર્થ :–** વસ્તુનું ક્ષેત્ર પણ બે પ્રકારે કહેવામાં આવે છે. એક સામાન્ય, બીજું વિશેષ. વસ્તુના જેટલા પ્રદેશો છે તે પ્રદેશોના સમુદાયાત્મક દેશને તો સામાન્ય ક્ષેત્ર કહે છે અને તેના અંશોને વિશેષ ક્ષેત્ર કહે છે.

**अथ केवलं प्रदेशात् प्रदेशमात्रं यदेष्यते वस्तु।**
**अस्ति स्वक्षेत्रतया तदंशमात्राऽविवक्षितत्वान्न।।२७१।।**

**અર્થ :–** જે સમયે કેવળ પ્રદેશોના સમુદાયની અપેક્ષાએ દેશરૂપ વસ્તુ કહેવામાં આવે છે તે સમયે તે દેશરૂપ સ્વક્ષેત્રની અપેક્ષાથી જ છે પરંતુ તે દેશના અંશોની વિવક્ષા ન હોવાથી અંશોની અપેક્ષાએ નથી.

**अथ केवलं तदंशात्तावन्मात्राद्यदेष्यते वस्तु।**
**अस्त्यंशविवक्षितया नास्ति च देशाविवक्षितत्वाच्च।।२७२।।**

**અર્થ :–** અથવા જે સમયે કેવળ દેશના અંશોની અપેક્ષાએ વસ્તુનું કથન કરવામાં આવે છે તે સમયે તે અંશોની અપેક્ષાએ જ છે, પરંતુ દેશની વિવક્ષા ન હોવાથી દેશની અપેક્ષાએ નથી.

દૃષ્ટાંત

**संदृष्टिः पटदेशः क्षेत्रस्थानीय एव नास्त्यस्ति।**
**शुक्लादितन्तुमात्रादन्यतरस्याविवक्षितत्त्वाद्वा।।२७३।।**

**અર્થ :–** ક્ષેત્રને માટે દૃષ્ટાંત પટરૂપ દેશ છે. તે શુક્લાદિ સ્વભાવ – તંતુ સમુદાયની અપેક્ષાએ તથા ભિન્ન ભિન્ન અંશોની અપેક્ષાએ કથંચિત્ અસ્તિ નાસ્તિરૂપ છે. જે સમયે જેની વિવક્ષા (કહેવાની ઇચ્છા) કરવામાં આવે છે તે તો તે સમયે મુખ્ય હોવાથી અસ્તિરૂપ છે અન બીજું અવિવક્ષિત હોવાથી તે સમયે ગૌણ છે તેથી તે નાસ્તિરૂપ છે. આ રીતે ક્ષેત્રની અપેક્ષાએ કથંચિત્ અસ્તિત્વ અને નાસ્તિત્વ સમજવું જોઈએ.

કાળની અપેક્ષાએ અસ્તિનાસ્તિ કથન

**कालो वर्तनमिति वा परिणमनं वस्तुनः स्वभावेन।**
**सोपि पूर्ववदद्वयमिह सामान्य विशेषरूपत्वा।।२७४।।**

**અર્થ :–** કાળ નામ વર્તનનું છે. અથવા વસ્તુનું સ્વભાવરૂપે *પરિણમન થવું તે છે. તે કાળ પણ પહેલાંની જેમ સામાન્ય અને વિશેષરૂપે બે પ્રકારે છે.

કાળનું સામાન્ય અને વિશેષરૂપ

**सामान्य विधिरूप प्रतिषेधात्मा भवति विशेषश्च।**
**उभयोरन्यतरस्यावमग्नोन्मग्नत्वादस्ति नास्तीति।।२७५।।**

**અર્થ :–** સામાન્ય વિધિરૂપ છે, વિશેષ પ્રતિષેધ રૂપ છે. તે બંનેમાંથી કોઈ એક વિવક્ષિત અને અવિવક્ષિત થવાથી અસ્તિત્વ અને નાસ્તિત્વ આવે છે.

---

* आत्मना वर्तमानानां द्रव्याणां निजपर्ययैः।
वर्तनाकरणात्कालो भजते हेतुकर्तृताम्।।१।।

### વિધિ અને પ્રતિષેધનું સ્વરૂપ

**तत्र निरंशो विधिरिति स यथा स्वयं सदेवेति।**
**तदिह विभज्य विभागैः प्रतिषेधश्चांशकल्पनं तस्य।।२७६।।**

**અર્થ :–** અંશ કલ્પના રહિત –નિરંશ પરિણમનને વિધિ કહે છે. જેમ – સ્વયં સત્‌નું પરિણમન. સત્ સામાન્યમાં અંશ કલ્પના નથી પરંતુ તેનું સામાન્ય પરિણમન છે અને તે જ સત્‌ની ભિન્ન ભિન્ન વિભાજિત – અંશ – કલ્પનાને પ્રતિષેધ કહે છે.

**ભાવાર્થ :–** સામાન્ય પરિણમનની અપેક્ષાએ વસ્તુમાં કોઈ પ્રકારનો ભેદ હોતો નથી પરંતુ વિશેષ વિશેષ પરિણમનની અપેક્ષાએ તે જ એક નિરંશરૂપ વસ્તુ અનેક ભેદવાળી થઈ જાય છે અને વસ્તુમાં વર્તતા અંશરૂપ ભેદ જ પ્રતિષેધ રૂપ છે.

### ઉદાહરણ

**तदुदाहरणं सम्प्रति परिणमनं सत्तयावधार्येत।**
**अस्ति विवक्षितत्त्वादिह नास्त्यंशस्याऽविवक्षया तदिह।।२७७।।**

**અર્થ :–** તેનું ઉદાહરણ આ રીતે છે કે જે સમયે વસ્તુમાં ભેદ વિવક્ષા રહિત સત્તા

---

एकैकवृत्या प्रत्येकमणवस्तस्य निःक्रियाः।
ळोकाकाशप्रदेशेषु रत्नराशिरिवस्थिताः।।२।।
व्यावहारिककालस्य परिणामस्तथा क्रिया।
परत्वं चाऽपरत्वञ्च लिङ्गान्याहुर्महषयः।।३।। तत्त्वार्थसार

**અર્થ :–** પોતાની પર્યાયો દ્વારા પરિણમન કરનાર સર્વ દ્રવ્યોમાં કાળ ઉદાસીન કારણ છે તેથી તેને દ્રવ્યોના પરિવર્તનમાં હેતુરૂપ કર્તા કહેવામાં આવ્યો છે. કાળ દ્રવ્યના બે ભેદ છે. એક નિશ્ચય, બીજો વ્યવહાર. નિશ્ચય યથાર્થ કાળ છે. તે અસંખ્યાત છે અને એક એક કાળ દ્રવ્યલોકના પ્રત્યેક દેશમાં રત્નોની રાશિની જેમ નિષ્ક્રિયરૂપે સ્થિત છે. વ્યવહાર કાળ કાલ્પનિક છે અને પરિણામ, ક્રિયા, પરત્વ, અપરત્વ, આદિ તેના ચિહ્ન છે.

સામાન્યના પરિણમનની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે તે સામાન્યરૂપ સ્વકાળની અપેક્ષાએ તો છે, પરંતુ અંશોની વિવક્ષા ન હોવાથી વિશેષરૂપ – પર કાળની અપેક્ષાએ તે નથી.

દૃષ્ટાંત

**संदृष्टिः पटपरिणतिमात्रं कालायतस्वकालतया।**
**अस्ति च तावन्मात्रान्नास्ति पटस्तन्तुशुक्लरूपतया।।२७८।।**

**અર્થ :–** દૃષ્ટાંત માટે વસ્ત્ર છે. સામાન્ય પરિણમન ધારણ કરનારું વસ્ત્ર, સામાન્ય સ્વકાળની અપેક્ષાએ તો છે પરંતુ તે જ વસ્ત્ર તંતુ અને શુક્લ રૂપ વિશેષ પરિણમનની (પર કાળની) અપેક્ષાએ નથી.

ભાવની અપેક્ષાએ અસ્તિનાસ્તિનું કથન

**भावः परिणामः किल स चैव तत्त्वस्वरूपनिष्पत्तिः।**
**अथवा शक्तिसमूहो यदि वा सर्वस्वसारः स्यात्।।२७९।।**

**અર્થ :–** ભાવ નામ પરિણામનું છે અને તે તે જ તત્ત્વના સ્વરૂપની પ્રાપ્તિ છે અથવા શક્તિઓના સમૂહનું નામ પણ ભાવ છે અથવા વસ્તુના સારનું નામ જ ભાવ છે.

**स विभक्तो द्विविधः स्यात्सामान्यात्मा विशेषरूपश्च।**
**तत्र विवक्ष्यो मुख्यः स्यात्स्वभावोऽथ गुणो हि परभावः।।२८०।।**

**અર્થ :–** તે ભાવ પણ સામાન્યાત્મક અને વિશેષાત્મક એવા બે ભેદવાળો છે. તે બંનેમાંથી જે ભાવની વિવક્ષા થાય છે. તે મુખ્ય થઈ જાય છે અને જે અવિવક્ષિત ભાવ છે તે ગૌણ થઈ જાય છે.

ભાવનું સામાન્ય અને વિશેષ રૂપ

**सामान्यं विधिरेव हि शुद्धः प्रतिषेधकश्च निरपेक्षः।**
**प्रतिषेधो हि विशेषः प्रतिषेध्यः सांशकश्च सापेक्षः।।२८१।।**

**અર્થ :–** સામાન્ય વિધિરૂપ જ છે. તે શુદ્ધ છે, પ્રતિષેધક છે અને નિરપેક્ષ છે. વિશેષ પ્રતિષેધ રૂપ છે, પ્રતિષેધ્ય છે, અંશ સહિત છે અને સાપેક્ષ છે.

એનો જ સ્પષ્ટ અર્થ

**अयमर्थो वस्तुतया सत्सामान्यं निरंशकं यावत्।**
**भक्तं तदिह विकल्पैर्द्रव्याद्यैरुच्यते विशेषश्च।।२८२।।**

**અર્થ :–** ઉપરના શ્લોકનો સ્પષ્ટ અર્થ એ છે કે સત્ (પદાર્થ) જ્યાં સુધી પોતાના વસ્તુત્વમાં સામાન્ય રીતે સ્થિર છે અને જ્યાં સુધી તેમાં ભેદ કલ્પના કરવામાં આવતી નથી ત્યાં સુધી તો તે સત્ શુદ્ધ અખંડ છે અને જ્યારે તે દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ ભેદોમાં વિભાજિત કરવામાં આવે છે, ત્યારે તે જ સત્ વિશેષ –ખંડ રૂપ કહેવાય છે.

**ભાવાર્થ :–** વસ્તુમાં જ્યાં સુધી ભેદ બુદ્ધિ થતી નથી ત્યાં સુધી તે શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શુદ્ધ છે અને તે જ અવસ્થામાં તે નિરપેક્ષ છે. પરંતુ જ્યારે તેમાં અશુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ભેદ કલ્પના કરવામાં આવે છે, ત્યારે તે વસ્તુ પરસ્પર સાપેક્ષ થઈ જાય છે અને તે જ અવસ્થામાં તે પ્રતિષેધ્ય પણ છે. જે સતત અન્વય રૂપે રહે છે તેને વિધિ કહે છે અને જે વ્યતિરેક રૂપે રહે તેને પ્રતિષેધ્ય કહે છે. વસ્તુ સામાન્ય અવસ્થામાં જ સતત અન્વય રૂપે રહી શકે છે પરંતુ ભેદ વિવક્ષામાં તે વ્યતિરેક રૂપ ધારણ કરે છે. તેથી સત્ સામાન્યને વિધિ રૂપ અને સત્ વિશેષને પ્રતિષેધ રૂપે કહેવામાં આવ્યું છે. વસ્તુની વિશેષ અવસ્થામાં જ પ્રતિષેધની કલ્પના કરવામાં આવે છે.

સારાંશ

**तस्मादिदमनवद्यं सर्वं सामान्यतो यदाप्यस्ति।**
**शेषविशेषविवक्षाभावादिह तदैव तन्नास्ति।।२८३।।**

**અર્થ :–** તેથી આ વાત નિર્દોષ રીતે સિદ્ધ થઈ ગઈ કે બધા પદાર્થોની જે સમયે સામાન્યપણે વિવક્ષા કરવામાં આવે છે તે સમયે તેઓ સામાન્યપણે તો છે પરંતુ શેષ–વિશેષ વિવક્ષાનો અભાવ હોવાથી તેઓ નથી પણ ખરા.

અથવા

**यदि वा सर्वमिदं यद्विवक्षितत्वाद्विशेपतोऽस्ति यदा।**
**अविवक्षितसामान्यात्तदैव तन्नास्ति नययोगात्।।२८४।।**

**અર્થ :–** અથવા સર્વ પદાર્થ જે સમયે વિશેષપણે વિવક્ષિત થાય છે તે સમયે તે તેની અપેક્ષાએ (વિશેષની અપેક્ષાએ) તો છે, પરંતુ તે સમયે સામાન્ય વિવક્ષાનો તેમનામાં અભાવ હોવાથી સામાન્ય દૃષ્ટિથી તેઓ નથી પણ.

સ્વભાવ અને પરભાવનું કથન

**तत्र विवक्ष्योभावः केवलमस्ति स्वभावमात्रतया।**
**अविवक्षितषरभावाभावतया नास्ति सममेव।।२८५।।**

**અર્થ :–** વસ્તુના સામાન્ય અને વિશેષ ભાવોમાં જે ભાવ વિવક્ષિત થાય છે, તે જ કેવળ વસ્તુનો સ્વ–ભાવ માનવામાં આવે છે અને તે જ સ્વભાવની અપેક્ષાએ વસ્તુમાં અસ્તિત્વ આવે છે. પરંતુ જે ભાવ અવિવક્ષિત રહે છે, તે જ પર–ભાવ કહેવાય છે. જે સમયે સ્વભાવની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે પરભાવની વિવક્ષા ન હોવાથી તેનો વસ્તુમાં અભાવ માનવામાં આવે છે તેથી પરભાવની અપેક્ષાએ વસ્તુમાં નાસ્તિત્વ આવે છે. અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને એક કાળમાં જ વસ્તુમાં ઘટે છે.

સર્વત્ર રહેનારો નિયમ

**सर्वत्र क्रम एष द्रव्ये क्षेत्रे तथाऽथ काले च।**
**अनुलोमप्रतिलोमैरस्तीति विवक्षितो मुख्यः।।२८६।।**

**અર્થ :–** સર્વત્ર આજ (ઉપર કહેલો) ક્રમ લગાડી દેવો જોઈએ અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ, ચારેય સ્થળે અનુકૂળતા અને પ્રતિકૂળતા પ્રમાણે વિવક્ષિત ભાવ છે. તે જ મુખ્ય ગણવામાં આવે છે. અહીં 'च' પદથી ભાવનું ગ્રહણ કરવામાં આવે છે.

દૃષ્ટાંત

**संदृष्टि पटभावः पटसारो वा पटस्य निष्पत्तिः।**
**अस्त्यात्मना च तदितरघटादिभावाऽविवक्षया नास्ति।।२८७।।**

**અર્થ :–** પટનો ભાવ, પટનો સાર, પટના સ્વરૂપની પ્રાપ્તિ આ ત્રણેય વાત એક અર્થવાળી છે. પટનો ભાવ પોતાના સ્વરૂપની અપેક્ષાએ છે પરંતુ તેના બીજા ઘટ આદિ ભાવોની વિવક્ષા ન હોવાથી તે નથી. કેમકે વિવક્ષિત ભાવ સિવાયના બાકીના બધા ભાવ અવિવક્ષિત છે.

બાકીનાં પાંચ ભંગ લગાવી લેવાનો સંકેત

**अपि चैवं प्रक्रियया नेतव्याः पञ्चशेषभङ्गाश्च।**
**वर्णवदुक्तद्वयमिह पटवच्छेषास्तु तद्योगात्।।२८८।।**

**અર્થ :–** આ જ પ્રક્રિયા પ્રમાણે બાકીના પાંચ ભંગ પણ વસ્તુમાં ઘટાવી લેવા જોઈએ. 'સ્યાત્ અસ્તિ' અને 'સ્યાત્ નાસ્તિ' આ બે ભંગ વર્ણની જેમ કહેવામાં આવ્યા છે. બાકીના ભંગ પટની જેમ તે જ બે ભંગોના યોગથી ઘટાવી લેવા જોઈએ.

**ભાવાર્થ :–** જેમ પકાર અને ટકાર આ બે અક્ષરોના જોડાણથી પટ શબ્દ બની

જાય છે એ જ પ્રમાણે બીજા પણ અક્ષરોના જોડાણથી વાક્ય તથા પદ બની જાય છે. તેવી જ રીતે 'સ્યાત્ અસ્તિ' અને 'સ્યાત્ નાસ્તિ' આ બે ભંગોના યોગથી બાકીના પાંચ ભંગ પણ બની જાય છે. વસ્તુમાં સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાથી અસ્તિત્વ અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાથી નાસ્તિત્વ અથવા વિવક્ષિત ભાવની અપેક્ષાથી અસ્તિત્વ અને અવિવક્ષિત ભાવની અપેક્ષાથી નાસ્તિત્વ, એવા બે ભંગ તો ઉપર સ્પષ્ટપણે કહેવાઈ જ ગયા છે. તે બંને તો સ્વરૂપ અને પરરૂપની અપેક્ષાથી સ્વતંત્ર કહેવામાં આવ્યા છે. જો આ જ બંનેને સ્વરૂપ અને પરરૂપની અપેક્ષાથી એકીસાથે ક્રમથી કહેવામાં આવે તો ત્રીજો ભંગ 'સ્યાત્ અસ્તિ નાસ્તિ' થઈ જાય છે. પરંતુ જો આ જ બંનેને સ્વરૂપ, પરરૂપની વિવક્ષા રાખીને ક્રમ વિના એકસાથે જ કહેવામાં આવે તો 'સ્યાત્ અસ્તિ નાસ્તિ' નો મળેલો ચોથો 'અવક્તવ્ય' ભંગ થઈ જાય છે. ત્રીજા ભંગમાં તો એકીસાથે કહેવા છતાં પણ ક્રમ રાખવામાં આવ્યો હતો. તેથી વચન દ્વારા ક્રમથી 'સ્યાત્ અસ્તિ નાસ્તિ' કહેવાય છે. પરંતુ જો એકીસાથે કહેતાં ક્રમ ન રાખીએ બંનેનું એકસાથે જ કથન કરવામાં આવે તો તે કથન વચનમાં આવી શકતું નથી, કેમ કે વચન દ્વારા એકી સાથે એક જ વાત કહી શકાય છે, બે નહિ તેથી બંનેનો મળેલો ચોથો 'અવક્તવ્ય' ભંગ કહેવાય છે અને જો સ્વરૂપ, પરરૂપ બંનેને એકસાથે કહેતાં તે 'અવક્તવ્ય' ભંગમાં, ફરી સ્વભાવની મુખ્ય વિવક્ષા કરવામાં આવે તો પાંચમો 'સ્યાત્ અસ્તિ અવક્તવ્ય' ભંગ થઈ જાય છે. અને તે જ અવક્તવ્યમાં જો સ્વભાવને ગૌણ અને પરભાવને મુખ્યપણે વિવક્ષિત કરવામાં આવે તો છઠ્ઠો 'સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય' ભંગ થઈ જાય છે. એ જ પ્રમાણે તે અવક્તવ્યમાં સ્વભાવ અને પરભાવ બંનેની ક્રમપૂર્વક એકી સાથે જ મુખ્ય વિવક્ષા રાખવામાં આવે તો સાતમો 'સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય' ભંગ થઈ જાય છે.*

---

* જો અહીં કોઈ એમ શંકા કરે કે જેવી રીતે અસ્તિ નાસ્તિને એકી સાથે ક્રમપૂર્વક કહેતાં ત્રીજો અને અક્રમે કહેતાં ચોથો ભંગ થઈ જાય છે તેવી જ રીતે અવ્યક્તવ્યની સાથે પણ એકી સાથે અસ્તિ નાસ્તિને ક્રમથી કહેતાં સાતમો અને અક્રમથી કહેતાં આઠમો ભંગ કેમ ન થઈ શકે ? એનો ઉત્તર એ જ છે કે એમ કરવાથી આઠમો ભંગ 'અવક્તવ્ય - અવક્તવ્ય' થશે અને તે અવક્તવ્ય સામાન્યમાં ગર્ભિત હોવાથી અવક્તવ્ય માત્ર રહે છે. તેથી કુલ સાત જ ભંગ થઈ શકે છે. અધિક થઈ શકતા નથી. કેમ કે વચન દ્વારા કથન શૈલી સાત જ પ્રકારે થઈ શકે છે કેમ કે વસ્તુ ધર્મના સાત ભેદ હોવાથી સંશય પણ સાત જ થઈ શકે છે અને તેમને દૂર કરવાની જિજ્ઞાસા પણ સાત જ પ્રકારે થઈ શકે છે. એ

આ સાતેય ભંગ સ્વભાવ, પરભાવની મુખ્યતા અને ગૌણતાથી થતા સ્યાત્ અસ્તિ, અને સ્યાત્ નાસ્તિ; આ જ બંનેના વિશેષ છે તેથી ગ્રંથકારે આ બેનું જ સ્વરૂપ બતાવીને બાકીના ભંગો કાઢી લેવાનો સંકેત કરી દીધો છે.

શંકાકાર

**ननु चान्यतरेण कृतं किमथ प्रायः प्रयासभारेण।**
**अपि गौरवप्रसंगादनुपादेयाच्च वाग्विलसितत्वात्।।२८९।।**

**अस्तीति च वक्तव्यं यदि वा नास्तीति तत्त्वसंसिद्ध्यै।**
**नोपादानं पृथगिह युक्तं तदनर्थकादिति चेत्।।२९०।।**

**અર્થ :–** અસ્તિ નાસ્તિ બંનેમાંથી એક જ કહેવું જોઈએ તેનાથી જ કામ ચાલી શકશે, વ્યર્થ પ્રયાસનું શું પ્રયોજન છે ? એ ઉપરાંત બંને કહેવાથી ઊલટું ગૌરવ થાય છે તથા વચનોનું અધિકપણું થવાથી તેમાં ગ્રાહ્યતા પણ રહેતી નથી. તેથી તત્ત્વની સારી રીતે સિદ્ધિ કરવા માટે કાં તો કેવળ 'અસ્તિ' જ કહેવું યોગ્ય છે અથવા કેવળ 'નાસ્તિ' કહેવું જ યોગ્ય છે. બંનેનું અલગ અલગ ગ્રહણ કરવું યુક્તિ સંગત નથી. બંનેનું ગ્રહણ વ્યર્થ જ ઠરે છે.

ઉત્તર

**तन्न यतः सर्वं स्वं तदुभयभावाध्यवसितमेवेति।**
**अन्यतरस्य विलोपे तदितरभावस्य निह्नवापत्तेः।।२९१।।**

---

જ પ્રમાણે પહેલા, બીજા અને ચોથા ભંગના પરસ્પર બબ્બે, ત્રણ ત્રણના સંયોગથી અને ત્રીજા, પાંચમાં તથા છઠ્ઠા, સાતમા ભંગના પરસ્પર બબ્બે, ત્રણ ત્રણ, ચાર ચારના સંયોગથી જે ભંગ થાય છે તે બધા આ જ સાતમાં ગર્ભિત છે.

'प्रश्नवशादेकत्रवस्तुन्यविरोधेन विधिप्रतिषेधकल्पना सप्तभङ्गी' – अष्ट सहस्त्री
આ સપ્તભંગીનું લક્ષણ છે.

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા બરાબર નથી કેમકે સર્વ પદાર્થ 'અસ્તિ નાસ્તિ' સ્વરૂપ બંને ભાવો સહિત છે. જો આ બંને ભાવોમાંથી કોઈ એકનો પણ લોપ કરી દેવામાં આવે તો બાકીનો ભાવ પણ લુપ્ત થઈ જશે.

**स यथा केवलमन्वयमात्रं वस्तु प्रतीयमानोपि।**
**व्यतिरेकाभावे किल कथमन्वयसाधकश्च स्यात्।।२९२।।**

**અર્થ :–** જો કેવળ 'અસ્તિ' રૂપ વસ્તુને માનવામાં આવે તો તે સદા અન્વય માત્ર જ પ્રતીતમાં આવશે, તે વ્યતિરેક રૂપ નહિ રહે અને વ્યતિરેક ભાવનો સ્વીકાર કર્યા વિના તે અન્વયની સાધક પણ નહિ રહે.

**ભાવાર્થ :–** વસ્તુમાં એક અનુગત પ્રતીતિ હોય છે અને બીજી વ્યાવૃત્ત પ્રતીતિ હોય છે. જે વસ્તુમાં સદા એકસરખો જ ભાવ બતાવ્યા કરે તેને અનુગત પ્રતીતિ અથવા અન્વય ભાવ કહે છે અને જે વસ્તુમાં અવસ્થા ભેદ પ્રગટ કરે તેને વ્યાવૃત્ત પ્રતીતિ અથવા વ્યતિરેક કહે છે. વસ્તુનું પૂર્ણ સ્વરૂપ બંને* ભાવો મળીને જ થાય છે. તેથી બંને પરસ્પર સાપેક્ષ છે. જો આ બંનેમાંથી એકને પણ ન માનવામાં આવે તો બીજો ભાવ પણ ટકી શકતો નથી. પછી એવી હાલતમાં વસ્તુ પણ પોતાની સત્તા રાખી શકતી નથી. તેથી અસ્તિ નાસ્તિરૂપ, અન્વય અને વ્યતિરેક બંનેય વસ્તુમાં એકસાથે માનવા

---

*सामान्यविशेषाकारोल्लेख्यनुवृत्तप्रत्ययगोचरश्चाखिलो बाह्याध्यात्मिक प्रमेयोऽर्थः, न केवलमतो हेतो अनुवृत्त व्यावृत्तप्रत्ययगोचरत्वात् स तदात्मा, अपि तु पूर्वोत्तराकारपरिहारावाप्ति स्थिति-लक्षणपरिणामेनाऽथक्रियोपपत्तेश्च। सामान्यविशेषयोर्बुद्धिभेदस्य प्रतीतिसिद्धत्वात् रुपरसोदस्तुल्य-कालस्याऽभिन्नाश्रयवर्तिनोप्यतएवभेदप्रसिद्धेः। एकेन्द्रियाध्यवसेयत्वाज्जातिव्यक्तयोरभेदे वातातपादावप्यभेद प्रसंगः। सामान्य प्रतिभासो ह्यनुगताकारो विशेषप्रतिभासस्तु व्यावृत्ताकारोऽनुभूयते। प्रमेयकमलमार्तण्ड।

અર્થાત્ પદાર્થ પૂર્વાકારને છોડે છે, ઉત્તરાકારને ગ્રહે છે અને સ્વ–સ્વરૂપની સ્થિતિ ટકાવી રાખે છે. આ જ ત્રિતયાત્મક પરિણામથી પદાર્થમાં સામાન્ય વિશેષાત્મક અર્થક્રિયા થાય છે. સામાન્ય, વિશેષની પ્રતીતિ પણ પદાર્થમાં થાય છે. રૂપ, રસાદિક જો કે અભિન્નકાળ તથા અભિન્ન ક્ષેત્રવર્તી છે તો પણ તેમની ભિન્ન ભિન્ન પ્રતીતિ થાય જ છે. એકેન્દ્રિયાદિ જીવોમાં જાતિ અને વ્યક્તિમાં સર્વથા અભેદ જ માની લેવામાં આવે તો વાત, આતપ (પવન, તડકો) આદિમાં પણ અભેદનો પ્રસંગ આવશે. સામાન્યનો પ્રતિભાસ અનુગત રૂપે થાય છે. જેમકે જાતિનો. વિશેષનો પ્રતિભાસ વ્યાવૃત્ત રૂપે થાય છે જેમકે વ્યક્તિનો.

તે યોગ્ય છે.

શંકાકાર

ननु का नो हानिः स्यादस्तु व्यतिरेक एव तद्वदपि।
किन्त्वन्वयो यथाऽस्ति व्यतिरेकोप्यस्ति चिदचिदिव।।२९३।।
यदि वा स्यान्मतं ते व्यतिरेके नान्वयः कदाप्यस्ति।
न तथा पक्षच्युतिरिह व्यतिरेकोप्यन्वये यतो न स्यात्।।२९४।।

तस्मादिदमनवद्यं केवलमयमन्वयो यथास्ति तथा।
व्यतिरेकोस्त्यविशेषादेकोकत्या चैकशः समानतया।।२९५।।

दृष्टान्तोप्यस्ति घटो यथा तथा स्वस्वरूपतोस्ति पटः।
न घटः पटेऽथ न पटो घटेति भवतोऽथ घटपटाविह हि।।२९६।।

न पटाभावो हि घटो न पटाभावे घटस्य निष्पतिः।
न घटाभावो हि पटः पटसर्गो वा घटव्ययादिति चेत्।।२९७।।

तत्किं व्यतिरेकस्यभावेन विनाऽन्वयोपि नास्तीति।
अस्त्यन्वयः स्वरूपादिति वक्तुं शक्यते यतस्त्विति चेत्।।२९८।।

**અર્થ :–** શંકાકાર કહે છે કે જો વ્યતિરેકના અભાવમાં અન્વય ન બની શકે તો વ્યતિરેકને પણ તેની પેઠે માનો. એમાં અમને શું નુકસાન છે ? પરંતુ એટલું અવશ્ય માનવું જોઈએ કે અન્વય સ્વતંત્ર છે અને વ્યતિરેક સ્વતંત્ર છે. તે બંને જેવા જીવ અને અજીવ સ્વતંત્ર છે તેવા જ સ્વતંત્ર છે. જો કદાચ તમારો એવો સિદ્ધાંત હોય કે વ્યતિરેકમાં અન્વય કદી રહેતો નથી તો પણ અમારા પક્ષનું ખંડન થતું નથી કેમકે જેવી રીતે વ્યતિરેકમાં અન્વય રહેતો નથી, તેવી જ રીતે અન્વયમાં વ્યતિરેક પણ રહેતો નથી. તેથી આ વાત નિર્દોષ સિદ્ધ છે કે જેમ કેવળ અન્વય છે, તેવી જ રીતે વ્યતિરેક પણ છે. સામાન્ય દૃષ્ટિથી બંનેય સમાન છે. જેમ અન્વય કહેવાય છે તેમ જ વ્યતિરેક પણ

કહેવાય છે. આ વિષયમાં દૃષ્ટાંત પણ ઘટ, પટનું લઈ લ્યો. જેવી રીતે ઘટ પોતાના સ્વરૂપ સાથે જુદો છે, તેવી જ રીતે પોતાના સ્વરૂપ સહિત પટ પણ જુદું છે. પટમાં ઘટ રહેતો નથી અને ઘટમાં પટ રહેતું નથી પરંતુ ઘટ અને પટ બંને જુદા જુદા છે. જેમ પટનો અભાવ તે ઘટ નથી અને ન તો પટના અભાવમાં ઘટની ઉત્પત્તિ થાય છે, તેવી જ રીતે પટ પણ ઘટનો અભાવ નથી અને ન તો ઘટના અભાવમાં પટની ઉત્પત્તિ થાય છે. આવી સ્થિતિમાં આપનું (ગ્રંથકારનું) એમ કહેવું કે વ્યતિરેકના અભાવમાં અન્વય પણ હોતો નથી, તે બરાબર નથી. કેમકે ઘટ પટની જેમ અમે એમ કહી શકીએ છીએ કે અન્વય પોતાના સ્વરૂપથી જુદો છે અને વ્યતિરેક પણ પોતાના સ્વરૂપથી જુદો છે, એવી અવસ્થામાં વ્યતિરેક વિના પણ અન્વય હોઈ શકે છે ?

**ભાવાર્થ :–** ઉપર કરેલા કથન પ્રમાણે શંકાકાર અન્વયને સ્વતંત્ર માને છે અને વ્યતિરેકને સ્વતંત્ર માને છે. તે વસ્તુને સાપેક્ષ, ઉભય ધર્માત્મક માનતો નથી.

ઉત્તર

**तन्न यतः सदिति स्यादद्वैतं द्वैतभावभागपि च।**
**तत्र विधौ विधिमात्रं तदिह निषेधे निषेधेमात्रं स्यात्।।२९९।।**

**અર્થ :–** શંકાકારની ઉપર્યુક્ત શંકા બરાબર નથી. કેમકે સત્ (દ્રવ્ય) કથંચિત્ અદ્વૈત પણ છે અને કથંચિત્ દ્વૈત પણ છે. તે બંનેમાં વિધિની વિવક્ષા કરતાં તે સત્ વિધિમાત્ર છે, અને તે જ સત્ નિષેધની વિવક્ષા કરતાં નિષેધમાત્ર છે.

**ભાવાર્થ :–** પદાર્થ સામાન્ય વિશેષાત્મક અથવા વિધિ નિષેધાત્મક છે, જે સમયે જે ભાવની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે તે પદાર્થ તે જ ભાવ સ્વરૂપ છે.

વસ્તુમાં અન્વય અને વ્યતિરેક સ્વતંત્ર નથી

**न हि किञ्चिद्विधिरूपं किञ्चित्तच्छेषतो निषेधांशम्।**
**आस्तां साधनमस्मिन्नाम द्वैतं न निर्विशेषत्वात्।।३००।।**

**અર્થ :–** એમ નથી કે દ્રવ્યનો કેટલોક ભાગ તો વિધિરૂપ છે અને કેટલોક ભાગ નિષેધરૂપ છે, તેમાં દ્વૈત–હેતુ પણ થઈ શકતું નથી કેમકે દ્રવ્ય કેવળ વિશેષાત્મક જ નથી.

**ભાવાર્થ :–** શંકાકારે અન્વય અને વ્યતિરેક અથવા વિધિ અને નિષેધને સ્વતંત્ર બતાવ્યા હતા. આ શ્લોક દ્વારા તેનું જ ખંડન કરવામાં આવ્યું છે. જો વિધિ અને નિષેધને વસ્તુમાં સ્વતંત્ર જ માનવામાં આવે તો અવશ્ય તે બંનેમાં વિરોધ આવશે. 'नैकस्मिन्नसंभवात्' અર્થાત્ એક પદાર્થમાં બે વિરોધી ધર્મ રહી શકતા નથી. આ દોષ વસ્તુમાં ત્યારે જ આવે કે જ્યારે તેમાં બંને ધર્મોને સ્વતંત્ર માનવામાં આવે. પરસ્પર સાપેક્ષતામાં બંનેય ધર્મ અવિરુદ્ધ છે. તેથી જે વિધિ નિષેધને સ્વતંત્ર કહે છે, તે ઉપર્યુક્ત દોષથી પોતાને જુદા કરી શકતા નથી અને તેઓ સ્યાદ્વાદના પરિજ્ઞાનથી સર્વથા અપરિચિત છે.

### વિધિ, નિષેધમાં સર્વથા નામ ભેદ પણ નથી

**न पुनर्द्रव्यान्तरवत्संज्ञा भेदोप्यबाधितो भवति।**
**तत्र विधौ विधिमात्राच्छेषविशेषादिलक्षणाभावात्।।३०१।।**

**અર્થ :–** વિધિ અને નિષેધમાં ભિન્ન ભિન્ન દ્રવ્યોની જેમ સંજ્ઞા ભેદ નથી. તેમાં બાધા આવે છે, કેમકે જો વિધિ કહે છે તો વસ્તુ વિધિમાત્ર રહેશે, બાકીના વિશેષ લક્ષણનો તેમાં અભાવ રહેશે માટે અન્ય દ્રવ્યની જેમ સંજ્ઞા ભેદ નથી પરંતુ સાપેક્ષ ભેદ છે. વસ્તુ એક જ છે.

**अपि च निषिद्धत्वे सति न हि वस्तुत्वं विधेरभावात्।**
**उभयात्मकं * यदि खलु प्रकृतं न कथं प्रमीयेत्।।३०२।।**

**અર્થ :–** એમ પણ નથી કે દ્રવ્યાન્તર (ઘટ, પટ)ની જેમ વિધિ, નિષેધ બંનેય સર્વથા ભિન્ન છે. સર્વથા નામ ભેદ પણ એમાં બાધિત જ છે, કેમ કે સર્વથા વિધિનું કથન કરવાથી વસ્તુ સર્વથા વિધિમાત્ર જ થઈ જાય છે, બાકીના વિશેષ લક્ષણોનો તેમાં અભાવ

* અહીં કોઈ એક અક્ષર છૂટી જવાથી છંદનો ભંગ થઈ ગયો છે.

જ થઈ જાય છે. તેવી જ રીતે સર્વથા નિષેધનું કથન કરવાથી તેમાં વિધિનો અભાવ થઈ જાય છે. આ બંનેના સર્વથા ભેદમાં વસ્તુનું વસ્તુપણું જ ચાલ્યું જાય છે. જો વસ્તુને ઉભયાત્મક માનવામાં આવે તો પ્રકૃતની સિદ્ધિ થઈ જાય છે.

સારાંશ

**तस्माद्विधिरूपं वा निर्दिष्टं सन्निषेधरूपं वा।**
**संहत्यान्यतरत्वादन्यतरे सन्निरूप्यते तदिह।।३०३।।**

**અર્થ :–** જ્યારે આ વાત સિદ્ધ થઈ ગઈ કે પદાર્થ વિધિ નિષેધાત્મક છે, ત્યારે તે કોઈ વાર વિધિરૂપ કહેવાય છે અને કોઈ વાર નિષેધરૂપ કહેવાય છે.

દૃષ્ટાંત

**दृष्टान्तोऽत्र पटत्वं यावन्निर्दिष्टमेव तन्तुतया।**
**तावन्न पटो नियमाद् दृश्यन्ते तन्तवस्तथाऽध्यक्षात्।।३०४।।**

**यदि पुनरेव पटत्वं तदिह तथा दृश्यते न तन्तुतया।**
**अपि संगृह्य समन्तात् पटोयमिति दृश्यते सद्भिः।।३०५।।**

**અર્થ :–** દૃષ્ટાંત માટે પટ છે. જે સમયે પટને તંતુની દૃષ્ટિએ જોવામાં આવે છે તે સમયે તે પટ પ્રતીતમાં આવતું નથી, પરંતુ તંતુ જ દૃષ્ટિગત થાય છે, જો તે જ પટને પટ બુદ્ધિથી જોવામાં આવે તો તે પટ જ પ્રતીતમાં આવે છે, તે સમયે તે તંતુરૂપ દેખાતું નથી.

**इत्यादिकाश्च बहवो विद्यन्ते पाक्षिका हि दृष्टान्ताः।**
**तेषामुभयाङ्गत्वान्नहि कोपि कदा विपक्षः स्यात्।।३०६।।**

**અર્થ :–** પટની જેમ બીજા પણ અનેક એવા દૃષ્ટાંત છે જે અમારા પક્ષને પુષ્ટ કરે છે, તે બધા દૃષ્ટાંત ઉભયપણું સિદ્ધ કરે છે, તેથી તેમનામાંથી કોઈ પણ દૃષ્ટાંત કદી અમારો (જૈન દર્શનનો) વિપક્ષ બની શકતો નથી.

ઉપર્યુક્ત કથનનો સ્પષ્ટ અર્થ

**अयमर्थो विधिरेव हि युक्तिवशात्स्यात्स्वयं निषेधात्मा।**
**अपि च निषेधस्तद्वद्विधिरूपः स्यात्स्वयं हि युक्तिवशात्।।३०७।।**

**અર્થ :–** ઉપર કરેલા કથનનો સ્પષ્ટ અર્થ એ છે કે વિધિ જ યુક્તિ વિશે સ્વયં નિષેધરૂપ થઈ જાય છે અને જે નિષેધ છે, તે પણ યુક્તિ વિશે સ્વયં વિધિરૂપ થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે સમયે પદાર્થની સામાન્યપણે વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે તે સમગ્ર પદાર્થ સામાન્યરૂપ જ પ્રતીતમાં આવે છે, એમ નથી કે તે સમયે પદાર્થનો કોઈ અંશ વિશેષરૂપે પણ પ્રતીતિમાં આવતો હોય. એવી જ રીતે વિશેષ વિવક્ષાના સમયે સમગ્ર પદાર્થ વિશેષરૂપ જ પ્રતીતમાં આવે છે. જે દાર્શનિકો સામાન્ય અને વિશેષને પદાર્થના જુદા જુદા અંશ માને છે તેમનું આ કથન ખંડન થઈ જાય છે. કેમકે પદાર્થ એક સમયમાં બે રૂપે વિવક્ષિત થઈ શકતો નથી અને જે સમયે જે રૂપે વિવક્ષિત થાય છે, તે સમયે તે જ રૂપે પ્રતીતમાં આવે છે. સ્યાદ્વાદનું જે કાંઈ સ્વરૂપ છે તે બધું વિવક્ષાધીન છે. તેથી જે નયદૃષ્ટિને સમજતા નથી તે સ્યાદ્વાદ સુધી પહોંચી શકતા નથી.

જૈન–સ્યાદ્વાદીનું સ્વરૂપ

**इति विन्दन्निह तत्त्वं जैनः स्यात्कोऽपि तत्त्ववेदीति।**
**अर्थास्त्याद्वादी तदपरथा नाम सिंहमाणवकः।।३०८।।**

**અર્થ :–** ઉપર કહેલી રીત પ્રમાણે જે કોઈ તત્ત્વના જ્ઞાતા તત્ત્વને જાણે છે, તે જ જૈન છે અને તે જ વાસ્તવિક સ્યાદ્વાદી છે. જો ઉપર કહેલી રીતે તત્ત્વનું સ્વરૂપ

જાણતા નથી તો તે સ્યાદ્વાદી નથી પરંતુ તેનું નામ સિંહ માણવક છે. કોઈ બાળકને જો સિંહ કહી દેવામાં આવે તો તેને સિંહ માણવક કહે છે. બાળક વાસ્તવમાં સિંહ નથી.

શંકાકાર

**ननु सदिति स्थायी यथा सदिति तथा सर्वकालसमयेषु।**
**तत्र विवक्षितसमये तत्स्यादथवा न तदिदमिति चेत्।।३०९।।**

**અર્થ :–** સત્ ધ્રુવ રૂપે રહે છે તેથી તે સર્વ કાળના બધા સમયોમાં રહે છે, તો પછી આપ (જૈન) એમ કેમ કહો છો કે તે સત્ વિવક્ષિત સમયમાં જ છે, અવિવક્ષિત સમયમાં તે નથી ?

ઉત્તર

**सत्यं तत्रोत्तरमिति सन्मात्रापेक्षया तदेवेदम्।**
**न तदेवेदं नियमात् सदवस्थापेक्षया पुनः सदिति।।३१०।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે બરાબર છે. તમારી શંકાનો ઉત્તર એ છે કે સત્તા માત્રની અપેક્ષાએ તો સત્ તે જ છે, અને સત્‌ની અવસ્થાઓની અપેક્ષાએ સત્ તે નથી.

શંકાકાર

**ननु तदतदोर्द्वयोरिह नित्यानित्यत्बयोर्द्वयोरेव।**
**को भेदो भवति मिथो लक्षण लक्ष्यैकभेदभिन्नत्वात्।।३११।।**

**અર્થ :–** તત્ અને અતત્ આ બંનેમાં તથા નિત્ય અને અનિત્ય આ બંનેમાં પરસ્પર શું ભેદ છે ? કેમકે બંનેનું એક જ લક્ષણ છે અને એક જ લક્ષ્ય છે.

**ભાવાર્થ :–** તત્‌નો અર્થ છે – તે, અને અતત્‌નો અર્થ છે –તે નહિ. જે તત્ અને

અતત્‌નો અર્થ છે તે જ નિત્ય અને અનિત્યનો અર્થ છે તો પછી બંનેના કહેવાની શી જરૂર છે ?

ઉત્તર

**नैवं यतो विशेषः समयात्परिणमति वा न नित्यादौ।**
**तदतद्भावाविचारे परिणामो विसदृशोऽथ सदृशो वा।।३१२।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા બરાબર નથી કેમકે નિત્ય અનિત્યમાં અને તદ્‌ભાવ અને અતદ્‌ભાવમાં અવશ્ય ભેદ છે. ભેદ પણ એ છે કે નિત્ય, અનિત્ય પક્ષમાં તો વસ્તુના સમયે સમયે થતા પરિણમનનો જ વિચાર હોય છે. ત્યાં 'સમાન પરિણામ છે અથવા અસમાન છે,' એનો વિચાર નથી હોતો પરંતુ તદ્‌ભાવ, અતદ્‌ભાવ પક્ષમાં એ વિચાર હોય છે કે જે વસ્તુમાં પરિણમન થઈ રહ્યું છે, તે સદ્દશ અથવા વિસદ્દશ છે.

શંકાકાર

**ननु सन्नित्यमानित्यं कथंचिदेतावतैव तत्सिद्धिः।।**
**तत्किं तदतद्भावाभावविचारेण गौरवादिति चेत्।।३१३।।**

**અર્થ :–** સત્ કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે એટલું જ કહેવાથી વસ્તુની સિદ્ધિ થઈ જાય છે, તો પછી તત્, અતત્‌ના અને ભાવ, અભાવના વિચારથી શું પ્રયોજન ? એનાથી ઊલટું ગૌરવ જ થાય છે.

ઉત્તર

**नैवं तदतद्भावाभावविचारस्य निह्नवे दोषात्।**
**नित्यानित्यात्मनि सति सत्यपि न स्यात् क्रियाफलं तत्त्वम्।।३१४।।**

**અર્થ :–** ઉપર કરવામાં આવેલી શંકા બરાબર નથી કેમકે તત્ અતત્‌નો અને ભાવ, અભાવનો વિચાર જો ન કરવામાં આવે તો વસ્તુ સદોષ ઠરે છે. તત્, અતત્

વિના વસ્તુને નિત્ય અને અનિત્ય સ્વરૂપ માનવા છતાં પણ તેમાં ક્રિયા અને ફળ બની શકતા નથી.

સર્વથા નિત્ય પક્ષમાં દોષ

**अयमर्थो यदि नित्यं सर्वं सत् सर्वथेति किल पक्षः।**
**न तथा कारणकार्यें कारकसिद्धिस्तु विक्रियाभावात्।।३१५।।**

**અર્થ :–** સ્પષ્ટ અર્થ આ છે કે 'સર્વ સત્ નિત્ય જ છે' જો સર્વથા એવો જ પક્ષ માની લેવામાં આવે તો કારણ અને કાર્ય બંનેય બની શકતા નથી. વિક્રિયાનો અભાવ હોવાથી કાર્ય–સિદ્ધિ જ નથી થતી.

સર્વથા અનિત્ય પક્ષમાં દોષ

**यदि वा सदनित्यं स्यात्सर्बस्वं सर्वथेति किल पक्षः।**
**न तथा क्षणिकत्वादिह क्रियाफलं कारकाणि तत्त्वं च।।३१६।।**

**અર્થ :–** અથવા સત્‌ને જો સર્વથા અનિત્ય જ માની લેવામાં આવે તો તે ક્ષણિક ઠરશે. અને ક્ષણિક હોવાથી તેમાં ન તો ક્રિયાનું ફળ હોઈ શકે અને ન કારણપણું આવી શકે.

કેવળ નિત્યાનિત્યાત્મક પક્ષમાં દોષ

**अपि नित्यानित्यात्मनि सत्यपि सति वा न साध्यसंसिद्धिः।**
**तदतद्भावाभावैर्विना न यस्माद्विशेषनिष्पत्तिः।।३१७।।**

**અર્થ :–** જો તત્, અતત્‌ના ભાવ, અભાવનો વિચાર ન કરતાં કેવળ નિત્યાનિત્યાત્મક જ પદાર્થને માની લેવામાં આવે તો પણ સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે તત્

અતત્‌નો વિચાર કર્યા વિના પદાર્થમાં વિશેષ બુદ્ધિ જ થઈ શકતી નથી.

**अथ तद्यथा यथा सत्परिणममानं यदुक्तमस्तु तथा।**
**भवति समीहितसिद्धिर्विना न तदतद्विवक्षया हि यथा।।३१८।।**

**અર્થ :–** જો સત્ (પદાર્થ) ને પરિણમન કરવા છતાં પણ નિત્ય અનિત્ય સ્વરૂપ જ માનવામાં આવે અને તેમાં તત્ અતત્‌ની વિવક્ષા ન કરવામાં આવે તો ઇચ્છિત અર્થની સિદ્ધિ થઈ શકતી નથી. તે જ નીચે બતાવે છે. –

**अपि षरिणममानं सन्नतदेतत् सर्वथाऽन्यदेवेति।**
**इति पूर्वपक्षः किलविना तदेवेति दुर्निवारः स्यात्।।३१९।।**

**अपि परिणतं यथा सद्दिपशिखा सर्वथा तदेव यथा।**
**इति पूर्वपक्षः किल दुर्वारः स्याद्विना न तदिति नयात्।।३२०।।**

**અર્થ :–** 'પરિણમન કરતું સત્ તે જ નથી કે જે પહેલાં હતું પરંતુ તેનાથી સર્વથા ભિન્ન જ છે' આ પ્રમાણે કરવામાં આવેલો પૂર્વ પક્ષ (આશંકા) તત્ પક્ષનો સ્વીકાર કર્યા વિના દૂર કરી શકાતો નથી. એવી જ રીતે તે પરિણમનશીલ સત્‌માં બીજો પૂર્વપક્ષ એવો પણ હોઈ શકે છે કે 'આ દીપ–શિખા સર્વથા તે જ છે જે પહેલાં હતી' એનું સમાધાન પણ અતત્ પક્ષનો સ્વીકાર કર્યા વિના હોઈ શકે નહિ.

**ભાવાર્થ :–** તત્ અને અતત્‌માં આ વિચાર કરવામાં આવે છે કે આ વસ્તુ કોઈ દૃષ્ટિએ તે જ છે અને કોઈ દૃષ્ટિએ તે નથી, પરંતુ બીજી છે. પરંતુ નિત્ય, અનિત્યમાં એ વિચાર નથી હોતો. ત્યાં તો કેવળ નિત્ય અનિત્યરૂપે પરિણમવાનો જ વિચાર છે, તે જ છે કે બીજું છે, એનો કંઈ વિચાર હોતો નથી. જો વસ્તુમાં તત્ અતત્ પક્ષ માનવામાં ન આવે, કેવળ નિત્ય અનિત્ય પક્ષને જ માનવામાં આવે તો અવશ્ય તેમાં ઉપર કરવામાં આવેલી આશંકાઓ આવી શકે છે. તેનું સમાધાન તત્ અને અતત્ પક્ષનો સ્વીકાર કર્યા વિના થઈ શકતું નથી.

સારાંશ

**तस्मादवसेयं सन्नित्यानित्यत्ववत्तदतद्वत्।**
**यस्मादेकेन विना न समीहितसिद्धिरध्यक्षात्।।३२१।।**

**અર્થ :–** તેથી આ વાત નિશ્ચિત સમજવી જોઈએ કે નિત્ય અનિત્ય પક્ષની જેમ તત્ અતત્ પક્ષ પણ વસ્તુમાં માનવો યોગ્ય છે, કેમકે જેવી રીતે નિત્ય અનિત્ય પક્ષનો સ્વીકાર કર્યા વિના ઇચ્છિત અર્થની સિદ્ધિ થતી નથી, તેવી જ રીતે તત્ અતત્ પક્ષનો સ્વીકાર કર્યા વિના પણ ઇચ્છિત અર્થની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી બંનેનું માનવું જ પરમ આવશ્યક છે.

શંકાકાર

**ननु भवति सर्वथैव हि परिणामो विसदृशोऽथ सदृशो वा।**
**ईहितसिद्धिस्तु सतः परिणामित्त्वाद्यथाकथञ्चिद्वै।।३२२।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે પરિણામ ચાહે સર્વથા સમાન હોય અથવા ચાહે સર્વથા અસમાન હોય પણ તમારા ઇચ્છિત અર્થની સિદ્ધિ તો પદાર્થને પરિણામી માનવાથી જ કથંચિત્ બની જ શકશે ?

**ભાવાર્થ :–** પદાર્થને કેવળ પરિણામી જ માનવો જોઈએ. તેમાં સદ્દશ અથવા અસદ્દશના વિચારની કોઈ આવશ્યકતા નથી.

ઉત્તર

**तन्न यतः परिणामः सन्नपि सदृशैकपक्षतो न तथा।**
**न समर्थश्चार्थकृते नित्यैकान्तादिपक्षवत् सदृशात्।।३२३।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા બરાબર નથી કેમકે સત્માં બે પ્રકારનું જ પરિણમન થશે.

સદ્દશરૂપ અથવા વિસદ્દશરૂપ. જો સત્‌માં સદ્દશરૂપ જ પરિણમન માનવામાં આવે તો પણ ઇષ્ટ અર્થની સિદ્ધિ થતી નથી. જેમ નિત્ય એકાંત પક્ષમાં દોષ આવે છે તેમ સદ્દશ પરિણામમાં પણ દોષ આવે છે. તેનાથી પણ અભીષ્ટની સિદ્ધિ થતી નથી.

**नापीष्टः संसिद्ध्यै परिणामो विसदृशैकपक्षात्मो।**
**क्षणिकैकान्तवदसतः प्रादुर्भावात् सतो विनाशाद्वा।।३२४।।**

**અર્થ :–** જો વિસદ્દશરૂપ એક પક્ષાત્મક જ પરિણમન માનવામાં આવે તો પણ અભીષ્ટની સિદ્ધિ થતી નથી. કેવળ વિસદ્દશ પક્ષ માનવામાં ક્ષણિક એકાંતની જેમ અસત્‌ની ઉત્પત્તિ અને સત્‌નો વિનાશ થવા લાગશે.

**एतेन निरस्तोऽभूत क्लीवत्वादात्मनोऽपराद्धतया।**
**तदतद्भावाभावापह्नववादी विबोध्यते त्वधुना।।३२५।।**

**અર્થ :–** સદ્દશ, અસદ્દશ, પક્ષમાં નિત્ય એકાંત અને અનિત્ય એકાંત સમાન દોષ આવવાથી તત્ અતત્ પક્ષનો લોપ કરનાર શંકાકાર ખંડિત થઈ ગયો. કેમકે તે આત્માપરાધી હોવાથી સ્વયં શક્તિહીન થઈ ગયો. ઠીક, હવે અમે (ગ્રંથકાર) તેને સમજાવીએ છીએ.

તત્ અતત્ ભાવનું સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા

**तदतद्‌भावनिबद्धो यः परिणामः सतः स्वभावतया।**
**तद्दर्शनमधुना किल दृष्टान्तपुरस्सरं वक्ष्ये।।३२६।।**

**અર્થ :–** તદ્‌ભાવ અને અતદ્‌ભાવના નિમિત્તે જે વસ્તુનું સ્વભાવરૂપ પરિણમન થાય છે, તેનું સ્વરૂપ હવે દ્દષ્ટાંતપૂર્વક કહેવામાં આવે છે.

સદૃશ પરિણમનનું ઉદાહરણ

**जीवस्य यथा ज्ञानं परिणामः परिणमँस्तदेवेति।**
**सद्दशस्योदाहृतिरिति जातेरनतिक्रमत्वतो वाच्या।।३२७।।**

**અર્થ :–** જેમ જીવના જ્ઞાન, પરિણામ, પરિણમન કરતા થકા સદા તે જ (જ્ઞાનરૂપ જ) રહે છે. જ્ઞાનના પરિણમનમાં જ્ઞાનત્વ જાતિ (જ્ઞાન ગુણ) નું કદી ઉલ્લંઘન થતું નથી. આ જ સદૃશ પરિણમનનું ઉદાહરણ છે.

અસદૃશ પરિણમનનું ઉદાહરણ

**यदि वा तदिह ज्ञानं परिणामः परिणमन्न तदिति यतः।**
**स्वावसरे यत्सत्त्वं तदसत्त्वं परत्र नययोगात्।।३२८।।**

**અર્થ :–** અથવા તે જ જીવના જ્ઞાન પરિણામ પરિણમતા થકા તે નથી પણ રહેતા, કેમકે તેના એક સમયમાં જે સત્ત્વ છે, તે નયદૃષ્ટિથી બીજા સમયમાં નથી.

આ વિષયમાં પણ દૃષ્ટાંત

**अत्रापि च संदृष्टिः सन्ति न परिणामतोपि कालांशाः।**
**जातेरनतिक्रमतः सद्दशत्वनिबन्धना एव।।३२९।।**

અર્થ :– અહીં બીજું એ પણ દૃષ્ટાંત છે કે જો કે કાળના અંશ પરિણમનશીલ છે તો પણ સ્વજાતિનું ઉલ્લંઘન ન થવાથી તેઓ પદાર્થમાં સદૃશ બુદ્ધિના જ ઉત્પાદક છે.

**अपि नययोगाद्विसद्दशसाधनसिद्ध्यैय त एव कालांशाः।**
**समयः समयः समयः सोपीति बहुप्रतीतित्वात्।।३३०।।**

**અર્થ :–** અથવા નયદૃષ્ટિથી તે જ કાળના અંશ વિસદૃશ બુદ્ધિના ઉત્પાદક થઈ જાય છે. કેમકે તેમનામાં એક સમય, બે સમય, ત્રણ સમય, ચાર સમય આદિ અનેકરૂપે ભિન્ન ભિન્ન પ્રતીતિ થાય છે. તે જ ક્ષણભેદ–પ્રતીતિ પદાર્થ ભેદનું કારણ છે.

## અભિન્ન પ્રતીતિમાં હેતુ

**अतदिदमिहप्रतीतौ क्रियाफलं कारकाणि हेतुरिति।**
**तदिदं स्यादिह संविदि हि हेतुस्तत्त्वं चेन्मिथः प्रेम।।३३१।।**

**અર્થ :–** 'અતત્' અર્થાત્ આ તે નથી એ પ્રતીતિમાં ક્રિયા, ફળ, કારણ આ બધા હેતુ છે. 'તત્' અર્થાત્ આ તે જ છે આ પ્રતીતિમાં પરસ્પર પ્રેમભાવ (ઐક્યભાવ) વાળું તત્ત્વ જ નિયમથી હેતુ છે.

**ભાવાર્થ :–** કોઈ વસ્તુમાં અથવા કોઈ ગુણમાં પૂર્વ પર્યાય કારણરૂપ થાય છે અને ઉત્તર પર્યાય કાર્યરૂપ થાય છે. તથા તે વસ્તુની અથવા ગુણની પર્યાયનું પલટવું તે ક્રિયા કહેવાય છે. જો ભેદ બુદ્ધિથી વિચાર કરવામાં આવે તો તો ત્રણે વાત જુદી જુદી છે. ક્રિયા ભિન્ન પદાર્થ છે, કારણરૂપ પર્યાય ભિન્ન પદાર્થ છે તથા કાર્ય-ફળરૂપ પર્યાય ભિન્ન પદાર્થ છે કેમકે પૂર્વ પર્યાય અને ઉત્તર પર્યાયનો સમય જુદો જુદો છે. પરંતુ દ્રવ્યદૃષ્ટિથી – અભેદ બુદ્ધિથી જો વિચાર કરવામાં આવે તો દ્રવ્ય અથવા ગુણ – અભિન્ન-રૂપ જ પ્રતીતિમાં આવે છે. કેમકે પર્યાય વસ્તુથી જુદી નથી અથવા સર્વ પર્યાયોનો સમૂહ જ વસ્તુ છે. તેથી અભિન્ન અવસ્થામાં ક્રિયા, કારણ, ફળ બધું એકરૂપ જ પ્રતીત થાય છે.

## આનું જ સ્પષ્ટીકરણ

**अयमर्थः सदसद्वत्तदतदपि च विधिनिषेधरूपं स्यात्।**
**न पुनर्निरपेक्षतया तद्द्वयमपि तत्त्वमुभयतया।।३३२।।**

**અર્થ :–** તાત્પર્ય એ છે કે સત્ અને અસત્ની જેમ તત્ અને અતત્ પણ વિધિ,

નિષેધરૂપ છે. પરંતુ નિરપેક્ષ દૃષ્ટિથી તે એવા નથી, કેમકે એકબીજાની સાપેક્ષતામાં બંને રૂપ જ વસ્તુ છે.

**ભાવાર્થ :–** જેવી રીતે સત્‌ની વિવક્ષામાં વિવક્ષિત પદાર્થ વિધિરૂપ હોય છે અને અવિવક્ષિત અસત્ –નિષેધરૂપ હોય છે. તેવી જ રીતે તત્ અતત્ વિવક્ષામાં પણ ક્રમથી વિવક્ષિત પદાર્થ વિધિરૂપ અને અવિવક્ષિત પદાર્થ નિષેધરૂપ બને છે. આટલું વિશેષ છે કે વિધિ, નિષેધની અપેક્ષા રાખે છે અને નિષેધ વિધિની અપેક્ષા રાખે છે. સર્વથા સ્વતંત્ર માનવાથી પદાર્થની વ્યવસ્થા જ બનતી નથી, કારણકે પદાર્થનું સ્વરૂપ કથંચિત્ વિધિ નિષેધાત્મક ઉભયરૂપ છે.

વિશેષ

**रूपनिदर्शनमेतत्तदिति यदा केवलं विधिर्मुख्यः।**
**अतदिति गुणो पृथक्त्वात्तन्मात्रं निरवशेषतया।।३३३।।**

**अतदिति विधिर्विवक्ष्यो मुख्यः स्यात् केवलं यदादेशात्।**
**तदिति स्वतो गुणत्वादविवक्षितमित्यतन्मात्रम्।।३३४।।**

**અર્થ :–** વિધિ નિષેધની પરસ્પર સાપેક્ષતામાં આટલી વિશેષતા છે કે જે સમયે કેવળ વિધિને મુખ્યપણે કહેવામાં આવે છે. તે સમયે અતત્ અર્થાત્ નિષેધ કથન ગૌણ થઈ જાય છે, કેમકે તે વિધિથી ભિન્ન છે. વિધિની વિવક્ષામાં વસ્તુ કેવળ વિધિરૂપ જ પ્રતીતિમાં આવે છે. તેવી જ રીતે જ્યારે 'અતત્' એ વિધિ કથન વિવક્ષિત થાય છે ત્યારે આદેશાનુસાર કેવળ તે જ મુખ્ય થઈ જાય છે, તે સમયે તત્ કથન અવિવક્ષિત હોવાથી ગૌણ થઈ જાય છે, 'અતત્ વિવક્ષામાં' વસ્તુ તન્માત્ર જાણવામાં આવતી નથી પરંતુ 'અતન્માત્ર' જ જાણવામાં આવે છે. આ જ વિધિ નિષેધનું સ્વરૂપ નિદર્શન છે.

**ભાવાર્થ :–** ભેદ વિવક્ષામાં વસ્તુ ભિન્ન ભિન્ન રૂપે પ્રતીતમાં આવે છે. અભેદ વિવક્ષામાં એકરૂપ પ્રતીતમાં આવે છે અને પ્રમાણ વિવક્ષામાં એકરૂપે અર્થાત્ ઉભયાત્મક પ્રતીતરૂપ થાય છે.

**शेषविशेषाख्यानं ज्ञातव्यं चोक्तवक्ष्यमाणतया।**
**सूत्रे पदानुवृत्तिर्ग्राह्या सूत्रान्तरादिति न्यायात्।।३३५।।**

**અર્થ :–** આ વિષયમાં વિશેષ કથન પહેલાં થઈ ગયું છે તથા આગળ પણ કહેવામાં આવ્યું છે. ત્યાંથી જાણી લેવું જોઈએ. એવો ન્યાય પણ પ્રસિદ્ધ છે કે કોઈ વાત કોઈ સૂત્રમાં જો ન હોય તો તે બીજા સૂત્રમાંથી લઈ લેવામાં આવે છે. જેમકે વ્યાકરણાદિમાં પૂર્વસૂત્રથી પદોની અનુવૃત્તિ કરી લેવામાં આવે છે.

શંકાકાર

**ननु किं नित्यमनित्यं किमथोभयमनुभयञ्च तत्त्वं स्यात्।**
**व्यस्तं किमथ समस्तं क्रमतः किमथाक्रमादेतत्।।३३६।।**

**અર્થ :–** શું વસ્તુ નિત્ય છે અથવા અનિત્ય છે ? શું ઉભયરૂપ છે અથવા અનુભય (બંને રૂપ નહિ) રૂપ છે ? શું જુદી જુદી છે અથવા એકરૂપ છે ? શું ક્રમપૂર્વક છે અથવા અક્રમપૂર્વક છે ?

ઉત્તર

**सत्त्वं स्वपरनिहत्यै सर्वं किल सर्वथेति षदपूर्वं।**
**स्वपरोपकृतिनिमित्तं सर्वं स्यात्स्यात्पदाङ्कितं तु पदम्।।३३७।।**

**અર્થ :–** જો વસ્તુની આગળ સર્વથા પદ જોડી દેવામાં આવે તો તે સ્વપર બંનેનો ઘાત કરે છે. જો તેની પહેલાં સ્યાત્ પદ જોડવામાં આવે તો તે જ સ્વપર બંનેનો ઉપકાર કરે છે.

**ભાવાર્થ :–** વસ્તુ અનંત ધર્માત્મક છે તેથી વિવક્ષાવશ તેમાં એક ધર્મ મુખ્ય અને બીજા ગૌણ થઈ જાય છે. આ ગૌણ અને મુખ્યની વિવક્ષામાં જ પદાર્થ કોઈ વાર કોઈ રૂપે અને કોઈ વાર કોઈ રૂપે કહી શકાય છે. પરંતુ મુખ્ય ગૌણની વિવક્ષા છોડી દઈને

સર્વથા એકાંત રૂપ જ પદાર્થને માનવાથી કોઈ પદાર્થની સિદ્ધિ થતી નથી, તેથી પદાર્થ કથંચિત્ દ્રવ્યદૃષ્ટિથી નિત્યરૂપ પણ છે, કથંચિત્ પર્યાયદૃષ્ટિથી અનિત્યરૂપ પણ છે, કથંચિત્ પ્રમાણ દૃષ્ટિથી ઉભયરૂપ પણ છે, કથંચિત્ નયદૃષ્ટિથી અનુભયરૂપ પણ છે. અથવા વચન અગોચર હોવાથી પણ અનુભયરૂપ છે, કથંચિત્ ભેદ વિવક્ષાથી વ્યસ્તરૂપ પણ છે, કથંચિત્ અભેદ વિવક્ષાથી સમસ્તરૂપ પણ છે. કથંચિત્ વચન વિવક્ષાથી ક્રમરૂપ પણ છે અને કથંચિત્ વચનની અવિવક્ષાથી અક્રમરૂપ પણ છે. આ રીતે વસ્તુની સાથે સ્યાત્ પદ લગાડી દેવાથી બધી વાત બની શકે છે. વિવક્ષા અનુસાર કાંઈ પણ કહી શકાય છે પરંતુ સ્યાત્ પદને વસ્તુથી ખસેડીને તેની સાથે સર્વથા પદ લગાડી દેવાથી પદાર્થ જ સ્વરૂપ પ્રાપ્તિ કરી શકતો નથી. સારાંશ એ છે કે અનેકાન્ત દૃષ્ટિથી બધું બરાબર છે, એકાંત દૃષ્ટિથી એક પણ વસ્તુ બરાબર નથી.

તેનો જ ખુલાસો

**अथ तद्यथा यथा सत्स्वतोस्ति सिद्धं तथा च परिणामि।**
**इति नित्यमथानित्यं सच्चैकं द्विस्स्वभावतया।।३३८।।**

**અર્થ :–** જેમ પદાર્થ સ્વયંસિદ્ધ છે, તેવી જ રીતે તેનું પરિણમન પણ સ્વતઃસિદ્ધ છે અર્થાત્ પરિણમનશીલ જ પદાર્થ અનાદિનિધન છે. તે સદા રહે છે અર્થાત્ તે પોતાનું સ્વરૂપ કદી છોડતો નથી એ દૃષ્ટિએ તે નિત્ય પણ છે અને પ્રતિક્ષણ તે બદલતો પણ રહે છે અર્થાત્ એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં આવ્યા કરે છે. આ દૃષ્ટિથી અનિત્ય પણ છે. આ રીતે એક જ પદાર્થ બે સ્વભાવવાળો છે.

નિત્યદૃષ્ટિ

**अयमर्थो वस्तु यदा केवलमिह दश्यते न परिणामः।**
**नित्यं तदव्ययादिह सर्वं स्यादन्वयर्थानययोगात्।।३३९।।**

**અર્થ :–** જે સમયે નિરંતર એકરૂપે ચાલ્યા આવતા પદાર્થ ઉપર દૃષ્ટિ મૂકવામાં

આવે છે અને તેના પરિણામ ઉપર દૃષ્ટિ મૂકવામાં આવતી નથી તે સમયે પદાર્થ નિત્ય પ્રતીતમાં આવે છે. કેમકે તેનો કદી નાશ થતો નથી.

અનિત્ય દૃષ્ટિ

**अपि च यदा परिणामः केवलमिह दश्यते न किल वस्तु।**
**अभिनवभावानभिनवभावाभावादनित्यमंशनयात्।।३४०।।**

**અર્થ :–** તથા જે સમયે પદાર્થ ઉપર દૃષ્ટિ રાખવામાં આવતી નથી, કેવળ તેના પરિણામ ઉપર જ દૃષ્ટિ રાખવામાં આવે છે તે સમયે વસ્તુમાં નવીન ભાવની પ્રાપ્તિ અને પુરાણા ભાવની અપ્રાપ્તિ થવાથી વસ્તુ અનિત્યરૂપ પ્રતીત થાય છે. અહીં કેવળ વસ્તુના પરિણામ અંશનું ગ્રહણ કરવામાં આવ્યું છે, ઉપર તેના દ્રવ્ય અંશનું ગ્રહણ કરવામાં આવ્યું છે. વસ્તુનાં એક દેશનું જે ગ્રહણ કરે છે તે જ નય છે. અહીં શંકાકાર ૧૮ શ્લોકો દ્વારા સત્ અને પરિણામના વિષયમાં પોતાની જુદી જુદી કલ્પનાઓ દ્વારા શંકા કરે છે.

**ननु चैकं सदिति यथा तथा च परिणाम एव तद् द्वैतम्।**
**वक्तुं क्षममन्यतरं क्रमतो हि समं न तदिति कुतः।।३४१।।**

**અર્થ :–** જેવી રીતે એક સત્ છે તેવી જ રીતે એક પરિણામ પણ છે, આ બંનેમાં સ્વતંત્રપણે દ્વૈત ભાવ છે. તો પછી એવું ક્યું કારણ છે કે તે બંનેમાંથી એકનું ક્રમથી જ કથન કરવું જોઈએ, બંનેનું કથન સમાનપણે એકસાથે કેમ ન કરવામાં આવે ?

**ભાવાર્થ :–** જો સત્ અને પરિણામ બંનેય સમાન છે તો પછી તેમનું ક્રમથી કેમ કથન થાય છે, સ્વતંત્ર રીતે એકસાથે કેમ નહિ ?

શું સત્ અને પરિણામ વર્ણોની ધ્વનિ સમાન છે

**अथ किं कखादि वर्णाः सन्ति यथा युगदेव तुल्य तया।**
**वक्ष्यन्ते क्रमतस्ते क्रमवर्तित्वाद्ध्वनेरिति न्यायात्।।३४२।।**

**અર્થ :–** સત્ અને પરિણામ શું ક, ખ આદિ વર્ણોની જેમ બંને સરખા છે. જેમ ક, ખ આદિ બધા વર્ણ એકસરખા છે પરંતુ તે ક્રમપૂર્વક બોલાય છે, કેમકે ધ્વનિ ઉચ્ચારણ ક્રમથી જ થાય છે અર્થાત્ એકસાથે બે વર્ણોનું ઉઇચ્ચારણ થઈ શકતું નથી. શું આ ન્યાય પ્રમાણે સત્ અને પરિણામ પણ સમાનતા રાખે છે અને તે ક્રમથી બોલાય છે ?

શું વિંધ્ય હિમાચલ સમાન છે

**अथ किं खरतर दृष्टया विन्ध्य हिमाचलयुगं यथास्ति तथा।**
**भवतु विवक्ष्यो मुख्यो विवक्तुरिच्छावशाद्‌गुणोऽन्यतरः।।३४३।।**

**અર્થ :–** અથવા જેમ વિંધ્ય પર્વત અને હિમાલય પર્વત બંનેય સ્વતંત્ર છે પરંતુ બંનેમાં વક્તાની ઇચ્છાથી જે તીક્ષ્ણ દૃષ્ટિથી વિવક્ષિત થાય છે તેને મુખ્ય સમજવામાં આવે છે અને બીજાને અવિવક્ષિત ગૌણ સમજવામાં આવે છે, શું સત્ અને પરિણામ પણ આ રીતે સ્વતંત્ર છે અને તે બંનેમાં જે વિવક્ષિત થાય છે તે મુખ્ય ગણાય છે તથા બીજો ગૌણ ગણાય છે ?

શું સિંહ અને સાધુ વિશેષણોની જેમ છે

**अथ चैकः कोऽपि यथा सिंहः साधुर्विवक्षितो द्वेधा।**
**सत्परिणामोऽपि तथा भवति विशेषणविशेष्यवत् किमिति।।३४४।।**

**અર્થ :–** અથવા જેવી રીતે કોઈ પુરુષ શૂરવીરતા, પરાક્રમ આદિ ગુણો ધારણ કરવાથી કોઈ વાર સિંહ કહેવાય છે અને સજ્જનતા, નમ્રતા આદિ ગુણો ધારણ કરવાથી કોઈ વાર સાધુ કહેવાય છે. એક જ પુરુષ વિવક્ષા અનુસાર બે વિશેષણોવાળો થઈ જાય છે અથવા તે બંનેમાં વિવક્ષિત વિશેષણની કોટિમાં આવી જાય છે અને અવિવક્ષિત વિશેષ્યની કોટિમાં ચાલ્યું જાય છે. શું તે જ પ્રમાણે સત્ અને પરિણામ પણ વિવક્ષાનુસાર કહેલા કોઈ પદાર્થના વિશેષણ છે ? અર્થાત્ શું એનું પણ કોઈ બીજું વિશેષ્ય છે ?

શું બે નામ અને ગાયના ડાબા જમણા શિંગડા સમાન છે ?

**अथ किमनेकार्थत्वादेकं नामद्वयाङ्कितं किञ्चित्।**
**अग्निर्वैश्वानर इव सव्येतरगोविषाणवत् किमथ।।३४५।।**

**અર્થ :–** અથવા જેવી રીતે એક જ પદાર્થ અનેક નામોની અપેક્ષા રાખવાથી અગ્નિ–વૈશ્વાનરની જેમ બે નામથી કહેવાય છે અર્થાત્ અગ્નિ, વૈશ્વાનર આદિ ભેદોથી એક જ અગ્નિના બે નામ (અનેક) થઈ જાય છે, તેવી જ રીતે શું સત્ અને પરિણામ એક જ પદાર્થના બે નામ છે ? અથવા જેવી રીતે ગાયના જમણા અને ડાબા (એકસાથે) બે શિંગડા હોય છે. તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ કોઈ વસ્તુના એક જ કાળે હોવાવાળા બે ધર્મ છે ?

શું કાચી અને પાકી માટી સમાન છે ?

**अथ किं कालविशेषादेकः पूर्वं ततोऽपरः पश्चात्।**
**आमानामविशिष्टं पृथिवीत्वं तद्यथा तथा किमिति।।३४६।।**

**અર્થ :–** અથવા જેમ કાચી માટી (કાચો ઘડો) પહેલાં હોય છે પછી અગ્નિમાં મૂકવાથી તે પાકી જાય છે, તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ જુદા જુદા કાળમાં આગળ પાછળ હોવાવાળા છે ? અર્થાત્ શું આ બંનેમાંથી કોઈ એક પહેલાં હોય છે અને બીજું પછી ?

શું બે શોક્યની જેમ છે ?

**अथ किं कालक्रमतोप्युत्पन्नं वर्तमानमिव चास्ति।**
**भवति सपत्नीद्वयमिह यथा मिथः प्रत्यनीकतया।।३४७।।**

**અર્થ :–** અથવા જેવી રીતે કોઈ પુરુષની આગળ પાછળ પરણેલી બે સ્ત્રીઓ એક

કાળે પરસ્પર વિરુદ્ધ રૂપે રહે છે. તેવી જ રીતે શું સત્ અને પરિણામ કાળક્રમે આગળ પાછળ ઉત્પન્ન થવા છતાં પણ એક કાળમાં –વર્તમાનકાળમાં પરસ્પર વિરુદ્ધ રૂપે રહે છે ? અર્થાત્ ભિન્ન કાળમાં ઉત્પન્ન થવા છતાં પણ બન્ને એક કાળે સમાન અધિકારી બનીને પરસ્પર વિરુદ્ધતા ધારણ કરે છે ?

શું નાના મોટા ભાઈઓ તથા મલ્લોની જેમ છે ?

**अथ किं ज्येष्ठकनिष्ठभ्रातृद्वयमिव मिथः सपक्षतया।**
**किमथोपसुन्दसुन्दमल्लन्यायात्किलेतरेतरस्मात्।।३४८।।**

**અર્થ :–** અથવા જેમ નાના મોટા ભાઈ પરસ્પર પ્રેમથી રહે છે, તેવી જ રીતે શું સત્ અને પરિણામ આગળ પાછળ ઉત્પન્ન થવા છતાં વર્તમાનકાળમાં પરસ્પર અવિરુદ્ધપણે રહે છે ? અથવા જેવી રીતે * ઉપસુંદ અને સુંદ નામના બે મલ્લ પરસ્પર એકબીજાથી જય પરાજય પામતા થકા અંતે મરી ગયા તેમ શું સત્ અને પરિણામ પણ પરસ્પર શત્રુતા રાખીને અંતે નષ્ટ થઈ જાય છે ?

શું પરત્વ અપરત્વ તથા પૂર્વાપર દિશાઓની સમાન છે ?

**केवलमुपचारादिह भवति परत्वापरत्ववत्किमथ।**
**पूर्वापरदिग्द्वैतं यथा तथा द्वैतमिदमपेक्षतया।।३४९।।**

**અર્થ :–** અથવા જેવી રીતે બે નાના મોટા પુરુષોમાં પર અને અપર એવો વ્યવહાર

* હિતોપદેશમાં એવી કથા પ્રિસિદ્ધ છે કે સુંદ, ઉપસુંદ નામના બે મલ્લોએ મહાદેવની આરાધના કરી. મહાદેવ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા. બંનેએ તેમની પાસે તેમની સ્ત્રી પાર્વતીનું વરદાન માંગ્યું. મહાદેવે ગુસ્સે ભરાઈને તેમને તે (પાર્વતી) આપી દીધી. પછી બંનેય પાર્વતી માટે લડવા લાગ્યા. મહાદેવે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને તેમને કહ્યું કે જે યુદ્ધમાં તમારામાંથી વિજય મેળવશે, પાર્વતી તેની બનશે. બંનેએ આ વાત સ્વીકારી. અને ક્ષત્રિય પુત્ર હોવાથી બંનેય લડવા લાગ્યા. બંને સમાન બળવાન હતા તેથી લડતાં લડતાં બેય મરી ગયા.

કેવળ ઉપચારથી થાય છે, તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ ઉપચારથી કહેવાય છે ? અથવા જેવી રીતે પૂર્વ દિશા, પશ્ચિમ દિશા આદિ વ્યવહાર થાય છે, તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ કેવળ અપેક્ષા માત્રથી જ કહેવાય છે ?

**ભાવાર્થ :–** મોટાની અપેક્ષાએ નાનો, નાનાની અપેક્ષાએ મોટો, આ કેવળ આપેક્ષિક વ્યવહાર છે. જો નાના મોટાપણું વાસ્તવિક હોય તો નાનો નાનો રહેવો જોઈએ અને મોટો મોટો જ રહેવો જોઈએ, પરંતુ એમ નથી. જે નાનો છે તે પણ પોતાથી નાનાની અપેક્ષાએ મોટો કહેવાય છે અથવા જે મોટો કહેવાય છે તે પણ પોતાથી મોટાની અપેક્ષાએ નાનો કહેવાય છે. તેથી વાસ્તવમાં નાનાપણું કે મોટાપણું કોઈ વસ્તુ નથી, કેવળ વ્યવહાર–કાળકૃત અપેક્ષાથી થનારો વ્યવહાર છે, એ જ પ્રમાણે ક્ષેત્રકૃત પરાપર (નાના મોટાનો) વ્યવહાર થાય છે. જેમકે – આ નજીક છે, આ દૂર છે ઇત્યાદિ. આ નજીક અને દૂરનો વ્યવહાર પણ કેવળ પરસ્પરની અપેક્ષાએ હોય છે. વાસ્તવમાં નજદીકપણું અને દૂરપણું કોઈ વસ્તુભૂત નથી. પરત્વ અપરત્વની જેમ દિશાઓ પણ કાલ્પનિક છે. સૂર્યોદયની અપેક્ષાએ પૂર્વ દિશા અને સૂર્યાસ્તની અપેક્ષાએ પશ્ચિમ દિશાનો વ્યવહાર થાય છે. એવી જ રીતે સૂર્યને જમણા હાથ તરફ રાખીને ઊભા રહેવાથી સામે ઉત્તર અને પીઠ પાછળ દક્ષિણનો વ્યવહાર થાય છે તથા ઉપર ઊર્ધ્વ અને નીચે અધો દિશાનો વ્યવહાર થાય છે. આ વ્યવહાર કેવળ આકાશમાં કરવામાં આવે છે. કેમકે સૂર્યોદય તરફના આકાશને જ પૂર્વ દિશા કહેવાય છે. તે તરફના આકાશ સિવાય પૂર્વ દિશા બીજો કોઈ પદાર્થ નથી. તેથી દિશા કોઈ પદાર્થ નથી. * કેવળ કાલ્પનિક વ્યવહાર છે. + તેવી જ રીતે સત્ અને પરિણામ પણ શું કાલ્પનિક છે ?

શું કારક દ્વૈતની પેઠે છે ?

**किमथाधाराधेयन्यायादिह कारकादि द्वैतमिव।**
**स यथा घटे जलं स्यान्न स्यादिह जले घटः कश्चित्।।३५०।।**

* दिशोप्याकाशेन्तर्भावः आदित्योदयाद्यपेक्षया आकाशप्रदेशपंक्तिषु इतः इदमिति व्यवहारोपत्तेः। सर्वार्थसिद्धि -

+ નૈયાયિક દાર્શનિકો દ્રવ્યોના નવ ભેદ કરે છે અને તે જ નવભેદોમાં દિશાને પણ એક દ્રવ્ય માને છે. તેમનું આ પ્રમાણે માનવું ઉપરના કથનથી ખંડિત થઈ જાય છે.

**અર્થ :–** અથવા એમ કહેવામાં આવે કે ઘડામાં જળ છે તો આ કથન બે કારકો પ્રગટ કરે છે. 'ઘડામાં' આ વાક્ય અધિકરણ કારકરૂપ છે અને 'જળ છે' આ વાક્ય કર્તા કારકરૂપ છે. કેમકે ઘડો જળનો આધાર છે. અને જળ સ્વતંત્ર છે. તેથી કર્તા કારક છે. બીજા વાક્યોમાં એમ પણ કહી શકાય છે કે સાતમી વિભક્તિના અંતવાળું પદ અધિકરણ કારક હોય છે અને પ્રથમ વિભક્તિના અંતવાળું પદ કર્તા કારક હોય છે. અધિકરણ આધારરૂપ હોય છે અને તેમાં રહેનાર આધેય હોય છે. એવું વિપરીત હોતું નથી કે આધેય તો આધાર થઈ જાય અને આધાર આધેય થઈ જાય. કેમકે ઘટમાં જળ રહે છે પરંતુ જળમાં ઘટ નથી રહેતો. જેમ ઘટ અને જળમાં આધાર આધેય ભાવરૂપ બે કારક છે, શું તેવી જ રીતે સત્ અને પરિણામ છે ? અર્થાત્ તેમનામાં પણ જળ સમાન એક આધેયરૂપ અને બીજું ઘડાની જેમ આધારરૂપ છે ?

શું બીજ અંકુરની જેમ છે ?

**अथ किं बीजाङ्कुरवत्कारणकार्यद्वयं यथास्ति तथा।**
**स यथा योनीभूतं तन्नैकं योनिजं तदन्यतरम्।।३५१।।**

**અર્થ :–** અથવા જેમ બીજ અને અંકુરમાં કાર્યકારણભાવ છે. બીજ અંકુરની ઉત્પત્તિનું સ્થાન – યોનિ છે અને અંકુર તેનાથી ઉત્પન્ન – યોનિજ છે, તેવી જ રીતે સત્ અને પરિણામમાં પણ શું કાર્યકારણભાવ છે ?

શું કનકોપલ સમાન છે ?

**अथ किं कनकोपलवत् किञ्चित्स्वं किञ्जिदस्वमेव यतः।**
**ग्राह्यं स्वं सारतया तदितरमस्वं तु हेयमसारतया।।३५२।।**

**અર્થ :–** અથવા જેમ એક કનક પાષાણ નામનો પત્થર થાય છે. તેમાં થોડો સોનાનો અંશ રહે છે અને થોડો પાષાણનો અંશ રહે છે. તે બંનેમાં સ્વર્ણનો અંશ સારભૂત હોવાથી ગ્રહણ કરવા યોગ્ય હોય છે અને બીજો પાષાણનો અંશ અસારભૂત હોવાથી

છોડવા યોગ્ય હોય છે. તેવી જ રીતે શું સત્ અને પરિણામમાં પણ એક ગ્રહણ કરવા યોગ્ય છે અને બીજું છોડવા યોગ્ય છે ?

શું વાચ્ય વાચકની જેમ છે ?

**अथ किं वागर्थद्वयमिव सम्पृक्तं सदर्थसंसिद्ध्यै।**
**पानकवत्तन्नियमादर्थाभिव्यञ्चकं द्वैतात्।।३५३।।**

**અર્થ :–** અથવા જેમ શબ્દ અને અર્થ બંને મળીને જ પાનકની જેમ પદાર્થના સાધક છે તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ મળીને પદાર્થના સૂચક છે ?

**ભાવાર્થ :–** ઘડિયાળ શબ્દ કહેવાથી તે ગોળ પદાર્થનું જ્ઞાન થાય છે કે જે સમય બતાવે છે તેથી ઘડિયાળ શબ્દ તે ગોળ ઘડિયાળરૂપ અર્થનો વાચક છે તથા તે ગોળ પદાર્થ તે શબ્દનું વાચ્ય છે. એવી જ રીતે જેટલા કોઈ શબ્દો છે તે પદાર્થોના સંકેતરૂપ છે. આને જ વાચ્ય વાચક સંબંધ કહે છે. વાચ્ય વાચક સંબંધ હોવાથી જ પાનકની જેમ પદાર્થનો બોધ થાય છે. લવીંગ, એલચી, સૂંઠ, કાળા મરી આ મળેલી વસ્તુઓમાંથી જે સ્વાદિષ્ટ રસવિશેષ તૈયાર થાય છે તેને જ પાનક કહે છે. જેમ પાનકની પેઠે વાચ્ય વાચકનો સંબધ હોવાથી વાચક પોતાના સાંકેતિક વાચ્યનો બોધ કરાવે છે તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ પદાર્થના બોધક છે ? અર્થાત્ જેવી રીતે વાચ્યથી વાચક ભિન્ન છે તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ પદાર્થથી ભિન્ન છે ?

શું નગારા અને દાંડી સમાન છે ?

**अथ किमवश्यतया तद्वक्तव्यं स्यादनन्यथासिद्धेः।**
**भेरी दन्डवदुभयो संयोगादिव विवक्षितः सिद्धयेत्।।३५४।।**

**અર્થ :–** અથવા જેમ નગારા અને દાંડીના સંયોગથી જ શબ્દ થાય છે. કેવળ નગારાથી પણ શબ્દ થઈ શકતો નથી અને ન કેવળ દાંડીથીયે થઈ શકે છે. પરંતુ બંનેના સંયોગથી જ થાય છે. તેથી બંનેનું હોવું આવશ્યક છે. તેવી જ રીતે શું સત્ અને પરિણામના

સંયોગથી પદાર્થની સિદ્ધિ થાય છે ? શું તેથી જ બંનેનું કહેવું આવશ્યક છે ? અર્થાત્ જેવી રીતે નગારું અને દાંડી બંનેય ભિન્ન ભિન્ન પદાર્થ છે પરંતુ બંનેના મેળથી વાદ્ય થાય છે તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ ભિન્ન ભિન્ન છે તથા તેમના મેળથી પદાર્થની સિદ્ધિ થાય છે ?

### શું અપૂર્ણ ન્યાય સમાન છે ?

**अथ किमुदासीनतया वक्तव्यं वा यथारुचित्वान्न।**
**यदपूर्णन्यायादप्यन्यतरेणेह साध्यसंसिद्धेः।।३५५।।**

**અર્થ :–** અથવા જેમ અપૂર્ણ ન્યાયથી એકનું મુખ્યપણે ગ્રહણ થાય છે અને બીજાનું ગૌણપણે ગ્રહણ થાય છે. ગૌણપણે ગ્રહણ થનારનું વિવેચન રુચિપૂર્વક થતું નથી પરંતુ ઉદાસીનતાથી થાય છે. તેવી જ રીતે શું સત્ અને પરિણામ છે ? અથવા જેમ અપૂર્ણ ન્યાયથી પોકારવામાં આવેલા બે નામોમાંથી કોઈ એકથી જ સાધ્યની સિદ્ધિ થઈ જાય છે તેવી જ રીતે શું સત્ અને પરિણામમાંથી કોઈ એકથી જ સાધ્યની (પદાર્થની) સિદ્ધિ થાય છે ?

### શું મિત્રોની સમાન છે ?

**अथ किमुपादानतया स्वार्थं सृजति कश्चिदन्यतमः।**
**अपरः सहकारितया प्रकृतं पुष्णाति मित्रवत्तदिति।।३५६।।**

**અર્થ :–** અથવા જેમ એક પુરુષ કોઈ કામ સ્વયં કરે છે, તેનો મિત્ર તેને તેના કાર્યમાં સહાય કરે છે. મિત્રની સહાયથી તે પુરુષ પોતાના કાર્યમાં સફળતા પામે છે. તેવી જ રીતે શું સત્ અને પરિણામમાં એક ઉપાદાન થઈને કાર્ય કરે છે અને બીજો તેનો સહાયક બનીને પદાર્થની સિદ્ધિ કરાવે છે ?

શું આદેશ સમાન છે ?

**शत्रुवदादेशः स्यात्तद्वत्तद्द्वतमेव किमिति यथा।**
**एकं विनाश्य मूलादन्यतमः स्वयमुदेति निरपेक्षः।।३५७।।**

**અર્થ :–** અથવા જેમ શત્રુની જેમ આદેશ હોય છે કે જે પહેલાને સર્વથા ખસેડીને તેના સ્થાને સ્વયં પોતે આવી જાય છે. * તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ છે ? સત્ ને સર્વથા નષ્ટ કરી કોઈ વાર સ્વયં પરિણામ થાય છે અને પરિણામને સર્વથા નષ્ટ કરી કોઈ વાર સ્વયં સત્ પ્રગટ થાય છે ?

અથવા શું બે નેતરા સમાન છે ?

**अथ किं वैमुख्यतया विसन्धिरूपं तदर्थकृते।**
**वामेतरकरवर्त्तितरज्जूयुग्मं यथास्वमिदमिति चेत्।।३५८।।**

**અર્થ :–** અથવા જેમ દહીં વલોવતી વખતે ડાબા અને જમણા હાથમાં રહેલા બે નેતરાં પરસ્પર વિમુખપણે એકબીજાને મળ્યા વિના કાર્ય કરે છે તેવી જ રીતે શું સત્ અને પરિણામ પણ પરસ્પર વિમુખ રહીને જ પદાર્થની સિદ્ધિ કરાવે છે ?

હવે આચાર્ય પ્રત્યેક શંકાનો ઉત્તર આપે છે.

**नैवमदृष्टान्तत्त्वात् स्वेतरपक्षोभयस्य घातित्वात्।**
**नाचरते मन्दोपि च स्वस्य विनाशाय कश्चिदेव यतः।।३५९।।**

**અર્થ :–** શંકાકારે ઉપરના શ્લોકો દ્વારા જે જે શંકા કરી છે તથા જે જે દૃષ્ટાંત

* જેમ વ્યાકરણમાં બતાવવામાં આવે છે કે 'છ' ને તુક્ હોય તો જો તુક્ આદેશરૂપે હોય તો તે 'છ'ના સ્થાને હોય અને જો આગમ રૂપે હોય તો 'છ' ની પાસે હોય. તેથી આદેશ શત્રુ સમાન અને આગમ મિત્ર સમાન હોય છે.

આપ્યા છે તે દૃષ્ટાંત નથી પણ દૃષ્ટાંતભાસ છે. કેમકે તે દૃષ્ટાંતોથી એક પક્ષની પણ સિદ્ધિ થતી નથી. ન તો તે દૃષ્ટાંતોથી શંકાકારનો ય અભિપ્રાય સિદ્ધ થાય છે. અને ન જૈન સિદ્ધાંત પણ સિદ્ધ થાય છે. તેથી બંને પક્ષના ઘાતક હોવાથી તે દૃષ્ટાંત દૃષ્ટાંતની કોટિમાં જ આવી શકતા નથી. કોઈ મંદ બુદ્ધિવાળો પુરુષ પણ એવું કાર્ય નથી કરતો કે જેનાથી સ્વયં તેનો જ ઘાત થતો હોય.

સત્ પરિણામના વિષયમાં વર્ણ પંક્તિનું દૃષ્ટાંત બરાબર નથી

**तत्र मिथस्सापेक्षधर्मद्वयदेशितप्रमाणस्य।**
**माभूदभाव इति न हि दृष्टान्तो वर्णपंक्तिरित्यत्र।।३६०।।**

**અર્થ :–** સત્ અને પરિણામ આ પરસ્પર સાપેક્ષ બંને ધર્મોનો વિષય કરનાર પ્રમાણ હોય છે. તે પ્રમાણનો અભાવ ન થાય તેથી આ વિષયમાં વર્ણ પંક્તિનું દૃષ્ટાંત બરાબર નથી.

**ભાવાર્થ :–** વર્ણની પંક્તિ સ્વતંત્ર છે. ક, ખ, ગ, ઘ આદિ વર્ણ પરસ્પર એકબીજાની અપેક્ષા રાખીને સિદ્ધ નથી પરંતુ પૃથક્ પૃથક્ સિદ્ધ છે. પરંતુ સત્ અને પરિણામ પરસ્પર સાપેક્ષ છે તેથી વર્ણ પંક્તિનું દૃષ્ટાંત આ વિષયમાં વિષમ થાય છે. આ જ પરસ્પર સાપેક્ષ બંને ધર્મોનું પ્રમાણ નિરૂપણ કરે છે. પ્રમાણનો અભાવ થઈ શકતો નથી કારણકે વસ્તુનું સ્વરૂપ જ ઉભય ધર્માત્મક છે. તેનો જ વિષય કરનાર પ્રમાણ છે તેથી પ્રમાણ વ્યવસ્થા અનિવાર્ય છે.

પ્રમાણના અભાવમાં નય પણ ટકતા નથી

**अपि च प्रमाणाभावे न हि नयपक्षः क्षमः स्वरक्षायै।**
**वाक्यविवक्षाभावे पदपक्षः कारकोपि नार्थकृते।।३६१।।**

**અર્થ :–** પહેલાં તો પ્રમાણનો અભાવ કોઈ દૃષ્ટાંતથી સિદ્ધ જ થતો નથી. બીજું પ્રમાણના અભાવમાં નયપક્ષ પણ પોતાનું રક્ષણ કરવામાં સમર્થ રહી શકતો નથી તથા

વચનની વિવક્ષા વિના પદ, પક્ષ અને કારકથી પણ કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.

**ભાવાર્થ :–** જો 'ઘીનો ઘડો લાવો' આ વાક્યની વિવક્ષા રાખવામાં ન આવે તો અને કેવળ ઘીનો, ઘડો, આ ભિન્ન ભિન્ન પદોનો કોઈ સંબંધ રાખ્યા વિના સ્વતંત્ર પ્રયોગ કરવામાં આવે તો આ પદોથી તથા છઠ્ઠી અને બીજી વિભક્તિથી કાંઈ જ પ્રયોજન સિદ્ધ થતું નથી. તે નિરર્થક જ છે. આ જ પ્રમાણે જો પરસ્પર સાપેક્ષ ઉભય ધર્મનો વિષય કરનાર પ્રમાણને માનવામાં ન આવે તો પદાર્થના એક અંશનો વિષય કરનાર નય પણ ટકી શકતો નથી. કેમકે બધા ધર્મોનો વિષય કરનાર જ્ઞાન હોય ત્યારે જ એક–એક ધર્મનો વિષય કરનાર જ્ઞાન બરાબર હોય શકે છે, અન્યથા નહિ. અર્થાત્ કર્તા, કર્મ, ક્રિયા આ ત્રણેનો સંબંધ ધ્યાનમાં રાખીને વાક્ય બોલવામાં આવે છે અને ત્યારે જ પ્રયોજન સિદ્ધ થાય છે. જો કેવળ કર્તા અથવા કેવળ કર્મ અથવા કેવળ ક્રિયાપદનું ઉચ્ચારણ કરવામાં આવે તો કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.

આશંકા

**संस्कारस्य वशादिह पदेषु वाक्यप्रतीतिरिति चेद्वै।**
**वाच्यं प्रमाणमात्रं न नया ह्युक्तस्य दुर्निवारत्वात्।।३६२।।**

**अथ चैवं सति नियमाद् दुर्वारं दुषणद्वयं भवति।**
**नयपक्षच्युतिरिति वा क्रमवर्तित्वाद्ध्वनेरहेतुत्वम्।।३६३।।**

**અર્થ :–** ઉપર એમ કહેવામાં આવ્યું છે કે પ્રમાણનો સ્વીકાર કર્યા વિના નય પક્ષ પણ ટકી શકતા નથી. જેમ વાક્ય વિવક્ષા વિના પદ પક્ષ પણ કાર્યકારી થતાં નથી (અર્થ ઉપજાવી શકતા નથી). એના ઉત્તરમાં જો આમ આશંકા ઉઠાવવામાં આવે કે સંસ્કારવશે પદોમાં જ વાક્યની પ્રતીતિ માની લેવામાં આવે તો અર્થાત્ નયોમાં જ પ્રમાણની કલ્પના કરી લેવામાં આવે તો ? ત્યાં ઉત્તરમાં કહેવામાં આવે છે કે જો નયોમાં જ પ્રમાણની પ્રતીતિનો સ્વીકાર કરી લેવામાં આવે તો પ્રમાણમાત્ર જ કહેવું જોઈએ તો પછી નય સિદ્ધ થતા નથી. તે જ દૂષણ – નયપક્ષનો અભાવ થવાનું બને છે અથવા પદોમાં વાક્ય વિવક્ષા સમાન નયોમાં જ પ્રમાણપક્ષનો સ્વીકાર કરવાથી બે દોષ આવે

છે. (૧) નયપક્ષનો અભાવ થઈ જશે, કેમકે નયોના સ્થાને તો તેમને પ્રમાણરૂપ માનવામાં આવ્યા છે. ક્રમે થનારી જે ધ્વનિ છે તેને શબ્દના બોધમાં કારણપણું નહિ રહે. (૨) કેમકે જો પદોમાં જ વાક્યની પ્રતીતિ થઈ જાય તો એક પદથી જ અથવા એક અક્ષરથી જ આખા વાક્યનો બોધ થઈ જશે. એવી દશામાં ધ્વનિ અર્થની પ્રતીતિ થવામાં કારણરૂપ બનશે નહિ.

વિંધ્ય હિમાચલ પણ દૃષ્ટાંતાભાસ છે

**विन्ध्यहिमाचलयुग्मं दृष्टान्तो नेष्टसाधनायालम्।**
**तदनेकत्वे नियमादिच्छानर्थक्यताऽविवक्षश्च।।३६४।।**

**અર્થ :–** વિંધ્યાચલ અને હિમાચલ બંનેય સ્વતંત્ર સિદ્ધ છે તેથી એકમાં મુખ્ય વિવક્ષા, બીજામાં ગૌણ – અવિવક્ષા થઈ શકતી નથી. બીજી વાત એ છે કે જ્યારે બંનેય સ્વતંત્ર સિદ્ધ છે તો એકમાં મુખ્ય અને બીજામાં ગૌણ વિવક્ષાની ઇચ્છા થવી જ નિરર્થક છે તેથી વિંધ્યાચલ અને હિમાચલ પર્વતોનું દૃષ્ટાંત પણ ઇષ્ટ પદાર્થને સિદ્ધ કરવા માટે સમર્થ નથી.

**ભાવાર્થ :–** વિંધ્યાચલ અને હિમાચલ બંનેય જ્યાં સ્વતંત્ર છે ત્યાં એકમાં પ્રધાનતા અને બીજામાં અપ્રધાનતા કેવી રીતે આવી શકે ? કેમકે મુખ્ય ગૌણ વિવક્ષાનું કારણ અભિન્ન પદાર્થમાં દૃષ્ટિભેદ છે તથા જ્યાં એક ધર્મ બીજા ધર્મની અપેક્ષા રાખતો હોય અથવા અપેક્ષા વિના તે પણ સિદ્ધ ન થઈ શકતો હોય, ત્યાં વિવક્ષિત ધર્મ મુખ્ય અને અવિવક્ષિત ધર્મ ગૌણ થાય છે. વિંધ્ય હિમાચલમાં કોઈ કોઈની અપેક્ષા રાખતું નથી અને અપેક્ષા વિના કોઈની અસિદ્ધિ પણ થતી નથી. જો વિંધ્યાચલ વિના હિમાચલ ન હોઈ શકે અથવા હિમાચલ વિના વિંધ્યાચલ ન હોઈ શકે તો તો પરસ્પર અપેક્ષા માનવામાં આવે અને ઇચ્છાનુસાર એકને વિવક્ષિત અને બીજાને અવિવક્ષિત બનાવવામાં આવે, પરતું એમ નથી. બંનેય સર્વથા સ્વતંત્ર છે તેથી એકબીજાની અપેક્ષા વિના સિદ્ધ ન થનાર સત્ અને પરિણામના વિષયમાં ઉક્ત બંને પર્વતોનું દૃષ્ટાંત યોગ્ય નથી.

## સિંહ સાધુ પણ દૃષ્ટાંતાભાસ છે

**नालमसौ दृष्टान्तः सिंहः साधुर्यथेह कोपि नरः।**
**दोषादपि स्वरूपासिद्धत्वात्किल यथा जलं सुरभि।।३६५।।**

**नासिद्धं हि स्वरूपासिद्धत्वं तस्य साध्यशून्यत्वात्।**
**केवलमिहरूढिवशादुपेक्ष्य धर्मद्वयं यथेच्छत्वात्।।३६६।।**

**અર્થ :–** જેમ કોઈ પુરુષને સિંહ અને સાધુ એવા વિશેષણ આપવામાં આવે તેવી જ રીતે સત્ અને પરિણામ પણ પદાર્થના વિશેષણ છે એમ કહેવું પણ સાચું નથી. કેમકે અહીં સત્, પરિણામાત્મક પદાર્થ સાધ્ય છે. તે સાધ્યની સિદ્ધિ આ દૃષ્ટાંતથી થતી નથી તેથી સિંહ, સાધુનું દૃષ્ટાંત દૃષ્ટાંતાભાસ છે. આ દૃષ્ટાંતમાં સ્વરૂપાસિદ્ધ દોષ આવે છે. અહીં સ્વરૂપાસિદ્ધ દોષ અસિદ્ધ નથી પરંતુ સાધ્ય શૂન્ય હોવાથી સુઘટિત જ છે. જેમ – કોઈ પુરુષના ઇચ્છાનુસાર સિંહ અને સાધુ એવા બે નામ રાખવામાં આવે છે, તેમનામાં સિંહપણું અને સાધુપણું એવા ધર્મોની તુલના દ્રવ્યમાં થઈ શકતી નથી. કેમકે પુરુષ ભિન્ન છે તેના બે વિશેષણ છે પરંતુ દ્રવ્ય ભિન્ન હોય અને સત્ પરિણામ તેના વિશેષણ હોય એવું નથી, સત્ પરિણામરૂપ જ દ્રવ્ય છે. સિંહપણું અને સાધુપણું આ બંને ધર્મોની કલ્પના પુરુષમાં કરી દેવામાં આવે છે પરંતુ સત્ પરિણામ કાલ્પનિક નથી પરંતુ વાસ્તવિક છે. તેથી આ દૃષ્ટાંત ઉભય ધર્માત્મક સાધ્યથી શૂન્ય છે. જેમ નૈયાયિકોના મત પ્રમાણે * જળમાં સુગંધ સ્વરૂપથી જ અસિદ્ધ છે. એવી જ રીતે આ દૃષ્ટાંતમાં સાધ્ય સ્વરૂપથી જ અસિદ્ધ છે.

**ભાવાર્થ :–** સ્વરૂપાસિદ્ધ દોષમાં ક્યાંક હેતુનું સ્વરૂપ અસિદ્ધ હોય છે ક્યાંક સાધ્યનું સ્વરૂપ અસિદ્ધ હોય છે. ઉપર્યુક્ત દૃષ્ટાંતથી આશ્રયાસિદ્ધ દોષ પણ આવે છે, કેમકે સત્ પરિણામનો કોઈ આશ્રય નથી.

---

* – નૈયાયિક મત જળમાં ગંધ માનતો નથી, તેથી તેના જ મત પ્રમાણે 'जलं सुरभि' દૃષ્ટાંત આપીને અહીં ખંડન કરવામાં આવ્યું છે.

અગ્નિ વૈશ્વાનર પણ દૃષ્ટાંતાભાસ છે

अग्निर्वैश्वानर इव नामद्वैतं च नेष्टसिद्धयर्थम्।
साध्यविरुद्धत्वादिह संदृष्टेरथ च साध्यशून्यत्वात्।।३६७।।

नामद्वयं किमर्थादुपेक्ष्य धर्मद्वयं च किमपेक्ष्य।
प्रथमे धर्मभावेप्यलं विचारेण धर्मिणोऽभावात्।।३६८।।

प्रथमेतरपक्षेऽपि च भिन्नमभिन्नं किमन्वयात्तदिति।
भिन्नं चेदविशेषादुक्तवदसतो हि किं विचारतया।।३६९।।

अथ चेद्युतसिद्धत्वात्तन्निष्पत्तिर्द्वयोः पृथक्त्वेपि।
सर्वस्य सर्वयोगात् सर्वः सर्वोपि दुर्निवारः स्यात्।।३७०।।

चेदन्बयादभिन्नं धर्मद्वैतं किलेति नयपक्षः।
रूपपटादिवदिति किं किमथ क्षारद्रव्यवच्चेति।।३७१।।

क्षारद्रव्यवदिदं चेदनुपादेयं मिथोनपेक्षत्वात्।
वर्णततेरविशेषन्यायान्न नयाः प्रमाणं वा।।३७२।।

रूपपटादिवदिति चेत्सत्यं प्रकृतस्य सानुकूलत्वात्।
एकं नामद्वयाङ्कमिति पक्षस्य स्वयं विपक्षत्वात्।।३७३।।

**અર્થ :–** અગ્નિ અને વૈશ્વાનરની જેમ સત્ અને પરિણામ એ બે નામ જ માનવામાં આવે તો પણ ઇષ્ટ સિદ્ધિ થતી નથી. કેમકે તે સાધ્યથી વિરુદ્ધ પડે છે. દૃષ્ટાંત પણ સાધ્ય શૂન્ય છે અર્થાત્ આપણું સાધ્ય – પરસ્પર સાપેક્ષ ઉભય ધર્માત્મક પદાર્થરૂપ છે. તે ઉભય ધર્માત્મક પદાર્થરૂપ સાધ્યની સિદ્ધિ બે નામથી થતી નથી તથા અગ્નિ અને વૈશ્વાનર આ બે નામ ભિન્ન રહીને એક અગ્નિના વાચક છે તેથી આ દૃષ્ટાંત પણ સાધ્ય રહિત છે. જો નામદ્વયનું દૃષ્ટાંત સાધ્ય વિરુદ્ધ ન હોય તો અમે પૂછીએ છીએ કે નામ બે ધર્મોની ઉપેક્ષા કરે છે કે અપેક્ષા રાખે છે ? જો પહેલો પક્ષ સ્વીકારવામાં

આવે અર્થાત્ બે નામ બે ધર્મોની અપેક્ષા નથી રાખતા કેવળ એક પદાર્થના બે નામ છે તો ધર્મોનો અભાવ જ થઈ જાય છે, ધર્મોના અભાવમાં ધર્મી પણ ટકી શકતો નથી અને પછી તો વિચાર કરવો જ નકામો છે. જો બીજો પક્ષ સ્વીકારવામાં આવે અર્થાત્ બે નામ બે ધર્મોની ઉપેક્ષા કરતા નથી પરંતુ અપેક્ષા રાખે છે તો તે બંને ધર્મ દ્રવ્યથી ભિન્ન છે અથવા અભિન્ન છે ? જો દ્રવ્યથી ભિન્ન છે તો પણ તેઓ નહિ બરાબર છે તો પછી કાંઈ વિશેષતા ન થઈ. જો ધર્મ દ્રવ્યથી સર્વથા જુદા હોય તો તે તેના કહી શકાતા નથી તેથી તેમનો વિચાર કરવો જ નકામો છે. જો એમ કહેવામાં આવે કે બંને ધર્મ દ્રવ્યથી જો કે જુદા છે કેમકે તે યુતસિદ્ધ છે. + તો પણ તે ધર્મોનો દ્રવ્યની સાથે સંબંધ માની લેવાથી કોઈ દોષ આવતો નથી એમ કહેવું પણ બરાબર નથી. જો ભિન્ન પદાર્થોનો આ પ્રમાણે સંબંધ માની લેવામાં આવે તો બધા પદાર્થોનો બધા પદાર્થો સાથે સંબંધ થઈ જશે અને એ સ્થિતિમાં બધા પદાર્થ મિશ્રિત થઈ જશે અર્થાત્ જેમ સર્વથા ભિન્ન ધર્મોનો એક દ્રવ્ય સાથે સંબંધ માનવામાં આવે છે તેમ તેમનો દરેક દ્રવ્યની સાથે સંબંધ હોઈ શકે છે, કેમકે જો તે ધર્મો દ્રવ્યથી સર્વથા જુદા જ છે તો જેમ તેમનો એક દ્રવ્ય સાથે સંબંધ થઈ શકે છે તેમ સર્વ દ્રવ્યો સાથે થઈ શકે છે. પછી બધા દ્રવ્ય પરસ્પર મળી જશે. દ્રવ્યોમાં પરસ્પર ભેદ જ નહિ થઈ શકે. તેથી દ્રવ્યથી ધર્મોને જુદા માનવા બરાબર નથી. જો એમ કહેવામાં આવે કે બંને ધર્મ દ્રવ્યથી અભિન્ન છે તો પ્રશ્ન થાય છે કે તે વસ્ત્ર અને વસ્ત્રમાં રહેનાર રંગની જેમ અભિન્ન છે અથવા લોટમાં મળેલી ખારાશની જેમ અભિન્ન છે ? જો કહેવામાં આવે કે ખારા દ્રવ્યની જેમ તે ધર્મો દ્રવ્ય સાથે અભિન્ન છે તો તે પણ બરાબર નથી કેમકે ખારી રોટલીમાં જે ખારાશ છે તે મીઠાની છે, રોટલીની નથી. રોટલીથી ખારાશ જુદી જ છે. આની જેમ ધર્મદ્વય પણ દ્રવ્યથી જુદા પડશે. જુદા હોવાથી તેમનામાં પરસ્પર એકબીજાની અપેક્ષા પણ નહિ રહે.X પરંતુ સત્ અને પરિણામ પરસ્પર સાપેક્ષ છે તેથી ક્ષાર દ્રવ્ય સમાન

+ જે એકબીજાના આશ્રિત ન હોતાં સ્વતંત્ર હોય તેમને યુતસિદ્ધ કહે છે. જેમ કે બાજોઠ ઉપર મૂકેલું પુસ્તક. યુતસિદ્ધ બે ભિન્ન ભિન્ન પદાર્થોનો સંબંધ છે. સત્ પરિણામ ભિન્ન ભિન્ન નથી, એક દ્રવ્યાત્મક છે.

X લોટ અને મીઠામાં જો કે સ્વાદની અપેક્ષાએ પરસ્પર અપેક્ષા છે પરંતુ એવી અપેક્ષા નથી કે લોટ વિના મીઠાની સિદ્ધિ ન થાય અથવા મીઠા વિના લોટની સિદ્ધિ ન થાય. પરંતુ સત્ અને પરિણામમાં તેવી જ અપેક્ષા અભીષ્ટ છે. સત્ વિના પરિણામ ટકતા નથી અને પરિણામ વિના સત્ ટકતું નથી. બંનેની એકબીજાની અપેક્ષામાં જ સિદ્ધિ છે.

તેમની અભિન્નતા ઉપાદેય (ગ્રાહ્ય) નથી. ક્ષાર દ્રવ્ય સમાન જે અભિન્નતા છે તે તેવી જ છે કે જેવી ક, ખ, ગ, ઘ આદિ વર્ણોની પંક્તિ સર્વથા સ્વતંત્ર હોય છે.[X] આ જાતની સ્વતંત્રતા માનવાથી ન તો નય સિદ્ધ થાય છે અને ન પ્રમાણ સિદ્ધ થાય છે. પરસ્પરની અપેક્ષા વિના એક પણ સિદ્ધ થઈ શકતું નથી. તેથી ક્ષાર દ્રવ્ય સમાન ન માનતાં રંગ અને પટ સમાન તે ધર્મોની અભિન્નતા જો માનવામાં આવે તો તે મૂળ વસ્તુને અનુકૂળ જ છે અર્થાત્ જેમ વસ્ત્ર અને તેનો રંગ અભિન્ન છે, વસ્ત્રની અપેક્ષા લીધા વિના રંગની સિદ્ધિ નથી અને તેના રંગની અપેક્ષા લીધા વિના વસ્ત્રની સિદ્ધિ નથી. તેવી જ રીતે જો પરસ્પર સાપેક્ષ સત્ અને પરિણામની અભિન્નતા પણ માનવામાં આવે તો તો આપણું કથન જ (જૈન સિદ્ધાંત) સિદ્ધ થાય છે, તો પછી શંકાકારનું એમ કહેવું કે એક પદાર્થના જ સત્ અને પરિણામ એ બે નામ છે અને તેને માટે અગ્નિ અને વૈશ્વાનરનું દૃષ્ટાંત આપવું તે નિરર્થક જ નહિ પરંતુ તેના પક્ષનું સ્વયં વિઘાતક છે. તાત્પર્ય એ છે કે અગ્નિ અને વૈશ્વાનર આ બંને અગ્નિના જ પર્યાયવાચી છે પરંતુ સત્ અને પરિણામ આ બંને પર્યાયવાચી નથી પરંતુ નય અને વિવક્ષાભેદથી છે.

ડાબા જમણા ગાયના શિંગડાનું દૃષ્ટાંત પણ દૃષ્ટાંતાભાસ છે.

**अपि चाकिञ्चित्कर इव सव्येतरगोविषाणदृष्टान्तः ।**
**सुरभि गगनारविन्दमिवाश्रयासिद्धदृष्टान्तात् ।।३७४ ।।**

**અર્થ :–** જેમ ગાયને ડાબું જમણું એમ બે શિંગડા એકસાથે ઉત્પન્ન થાય છે તેવી જ રીતે સત્ અને પરિણામ પણ એકસાથે થનાર વસ્તુના ધર્મ છે એમ કહેવું પણ બરાબર નથી. સત્ અને પરિણામના વિષયમાં ગાયના શિંગડાનું દૃષ્ટાંત અકિંચિત્કર છે અર્થાત્ આ દૃષ્ટાંતથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. કેમકે આ દૃષ્ટાંતમાં આશ્રયાસિદ્ધ દોષ આવે છે. જ્યાં હેતુનો આશ્રય જ અસિદ્ધ હોય ત્યાં આશ્રયાસિદ્ધ દોષ આવે છે. જેમ – 'गगनारविन्दं सुरभि अरविन्दत्वात् सरोजारविन्दवत्' અર્થાત્ જો કોઈ પુરુષ એવું અનુમાન

X ભિન્ન ભિન્ન રાખેલા બધા વર્ણ (ક, ખ વગેરે) સ્વતંત્ર છે. એવી અવસ્થામાં તેમનાથી કોઈ કાર્યની પણ સિદ્ધિ થઈ શકતી નથી.

કરે કે આકાશનું કમળ સુગંધી છે કેમકે તે કમળ છે. જે જે કમળ હોય છે તે તે સુગંધી હોય છે જેમકે તળાવનું કમળ. તળાવમાં કમળ હોય છે તે સુગંધી જ હોય છે. એવી જ રીતે જે આકાશમાં કમળ છે તે પણ કમળ છે તેથી તે પણ સુગંધી છે. અહીં આકાશનું કમળ આ + પક્ષ છે. સુગંધવાળું છે એ સાધ્યX છે કેમકે તે કમળ છે, આ હેતુ * છે.

આ અનુમાન નથી પણ અનુમાનાભાસ છે. કેમકે હેતુનો આશ્રય જ અસિદ્ધ છે. આકાશમાં કમળની જો સંભાવના હોય તો તો ત્યાં સુગંધ પણ રહી શકે છે પરંતુ આકાશમાં તો કમળનું હોવું જ અસંભવ છે તો પછી તેની સુગંધ હોય તે તો નિતાન્ત અસંભવ છે. જ્યાં કમળરૂપ હેતુ જ આકાશમાં રહેતો નથી ત્યાં સુગંધરૂપ સાધ્ય પણ ત્યાં કેવી રીતે રહી શકે ? તેથી જેમ અહીં આશ્રય ન હોવાથી આશ્રયાસિદ્ધ દોષ આવે છે તેવી જ રીતે ગાયના જમણા અને ડાબા શિંગડાના દૃષ્ટાંતમાં પણ આશ્રયાસિદ્ધ દોષ આવે છે કેમકે શિંગડાનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. શિંગડા આશ્રય વિના રહી શકતા નથી અથવા જેમ બંને શિંગડાનો આશ્રય ગાય છે તેવી જ રીતે જો સત્ અને પરિણામના આશ્રયભૂત કોઈ પદાર્થ હોય, તો તો બંનેની એક કાળે સત્તા માની શકાય છે, પરંતુ સત્ પરિણામથી ભિન્ન તેમનો આશ્રય જ અસિદ્ધ છે કેમ કે સત્ પરિણામ સિવાય પદાર્થનું સ્વરૂપ જ કાંઈ નથી. સત્ પરિણામ ઉભયધર્માત્મક જ પદાર્થ છે. તેથી ગાયના શિંગડાનું દૃષ્ટાંત બરાબર નથી.=

**ભાવાર્થ :–** બીજી વાત આ દૃષ્ટાંતની વિરુદ્ધમાં એ પણ છે કે જેમ ગાયના શિંગડા કોઈ વિશેષ કાળે ઉત્પન્ન થાય છે તેવી રીતે સત્ પરિણામ કોઈ વિશેષકાળે ઉત્પન્ન નથી થતા. ન તો સત્ પરિણામથી ભિન્ન એમનો કોઈ આધાર છે અને ન એમની કોઈ કાળ વિશેષમાં ઉત્પત્તિ થાય છે.

---

+ જે આધારે સાધ્યને સિદ્ધ કરવામાં આવે તે આધારને પક્ષ કહે છે. તેનું બીજું નામ આશ્રય પણ છે.

X જે સિદ્ધ કરવામાં આવે તેને સાધ્ય કહે છે.

* જેના દ્વારા સાધ્ય સિદ્ધ કરવામાં આવે તેને હેતુ કહે છે

= અહીં અનુમાન વાક્ય આ છે – एकपदार्थोपादानकारणकौ सत् परिणामौ, समकालाविर्भावकौ, एक, पदार्थोपादानकारणत्वात् सव्येतरगोविषाणवत्। જેમ ગાયના શિંગડાનું ઉપાદાનકારણ ગાય છે તેથી બંને શિંગડાની એકસાથે ઉત્પત્તિ થાય છે તેવી જ રીતે સત્ પરિણામનું પણ એક

સ્પષ્ટીકરણ

**न यतः पृथगिति किञ्चित् सत्परिणामातिरिक्तमिह वस्तु।**
**दीपप्रकाशयोरिह गुम्फितमिव तद्द्वयोरैक्यात्।।३७५।।**

**અર્થ :–** ગાયના શિંગડાનું દૃષ્ટાંત એટલા માટે બરાબર નથી કે તેમાં શિંગડાનો આશ્રય જે ગાય નામનો પદાર્થ તે જુદો પડે છે (રહે છે) પરંતુ સત્ પરિણામથી જુદી (કોઈ) વસ્તુ રહેતી જ નથી. કેમકે સત્ પરિણામસ્વરૂપ જ પદાર્થ છે. તે ઉભયાત્મક ભાવથી જુદી વસ્તુ કોઈ જુદો પદાર્થ નથી. તે બંનેનો ઐક્યભાવ જ વસ્તુ છે. તે દીપક અને પ્રકાશ સમાન છે. દીપકથી પ્રકાશ ભિન્ન નથી અને પ્રકાશથી દીપક ભિન્ન નથી.

કાચી પાકી પૃથ્વી (ઘડો) પણ દૃષ્ટાંતાભાસ છે

**आमानामविशिष्टं पृथिवीत्वं नेह भवति दृष्टान्तः।**
**क्रमवर्त्तित्वादुभयोः श्चेतरपक्षद्वयस्य घातित्वात्।।३७६।।**

**परपक्षवधस्तावत् क्रमवर्तित्वाच्च स्वतः प्रतिज्ञायाः।**
**असमर्थसाधनत्वात् स्वयमपि वा बाधकः स्वपक्षस्य।।३७७।।**

**तत्साध्यमनित्यं वा यदि वा नित्यं निसर्गतो वस्तु।**
**स्यादिह पृथिवीत्वतया नित्यमनित्यं ह्यपक्वपक्वतया।।३७८।।**

**અર્થ :–** કાચી પાકી માટી પણ સત્ પરિણામના વિષયમાં દૃષ્ટાંત થઈ શકતી નથી, કેમકે કાચી માટી (કાચો ઘડો) પહેલાં હોય છે, પાકી માટી (પાકો ઘડો) પાછળથી થાય છે. બંને ક્રમપૂર્વક હોય છે, તેથી દૃષ્ટાંત ઉભયપક્ષ (જૈન સિદ્ધાંત અને શંકાકાર)

---

પદાર્થ ઉપાદાન કારણ છે તેથી તે પણ એક કાળે ઉત્પન્ન થાય છે. આ અનુમાન બરાબર નથી. અહીં આશ્રયાસિદ્ધ દોષ આવે છે.

નો ઘાતક છે. અર્થાત્ આ દૃષ્ટાંતથી એકેય તરફની સિદ્ધિ થતી નથી. જૈન સિદ્ધાંતની તો આ રીતે નથી થતી કે તે કાચા પાકા ઘડા સમાન સત્ પરિણામને આગળ પાછળ માનતા નથી અને આ દૃષ્ટાંતથી તમે ક્રમવર્તીપણું સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા જ કરી ચૂક્યા છો. પરંતુ તમારો આ હેતુ કે ક્રમથી સત્ પરિણામ થાય છે, અસમર્થ છે, કેમકે સત્ પરિણામને છોડીને રહી શકતું નથી અને પરિણામ સત્‌ને છોડીને રહી શકતા નથી તથા આ દૃષ્ટાંતથી શંકાકારનો પક્ષ પણ સિદ્ધ થતો નથી. શંકાકાર એક સમયમાં વસ્તુને સ્વભાવથી નિત્ય જ સિદ્ધ કરે છે અથવા અનિત્ય જ સિદ્ધ કરે છે, પરંતુ એક સમયમાં એક સિદ્ધ કરવું બાધિત છે, કેમકે બંને ધર્મ એક સમયમાં વસ્તુમાં સિદ્ધ થાય છે. જે સમયે માટીપણાના ધર્મની અપેક્ષાએ માટીમાં નિત્યતા સિદ્ધ છે તે જ સમયે કાચા પાકાપણાની અપેક્ષાએ તેમાં અનિત્યતા પણ સિદ્ધ છે. બંનેય ધર્મ પરસ્પર સાપેક્ષ છે, તેથી બંને એકસાથે જ રહી શકે છે, બીજી રીતે એકની પણ સિદ્ધિ થઈ શકતી નથી.

શોક્યનું જોડું પણ દૃષ્ટાંતાભાસ છે

**अपि च सपत्नीयुग्मं स्यादिति हास्यास्पदोपमा दृष्टिः।**
**इह यदसिद्धविरुद्धानैकान्तिकदोषदुष्टत्वात्।।३७९।।**

**माता मे वन्ध्या स्यादित्यादिवदपि विरुद्धवाक्यत्वात्।**
**कृतकत्वादिति हेतोः क्षणिकैकान्तात्कृतं कृतं विचारतया।।३८०।।**

**અર્થ :–** બે શોક્યનું દૃષ્ટાંત તો હાસ્ય ઉત્પન્ન કરે છે. આ દૃષ્ટાંત તો બધા દોષોથી દૂષિત છે. આ દૃષ્ટાંતથી અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાન્તિક આદિ બધા દોષ આવે છે. જેમ કે કોઈ એમ કહે કે મારી માતા વંધ્યા છે તો તે કથન સર્વથા વિરુદ્ધ છે, તેવી જ રીતે સત્ પરિણામને બે શોક્યોની સમાન ક્રમથી ઉત્પન્ન માનીને એક કાળમાં પરસ્પર વિરુદ્ધ રીતે તેમની સત્તાનું કથન કરવું તે પણ વિરુદ્ધ છે. કેમકે સત્ પરિણામ ન તો કોઈ વિશેષ કાળે ક્રમથી ઉત્પન્ન થાય છે અને ન તેઓ એક સ્થાનમાં વિરુદ્ધ રીતે રહે છે. પરંતુ અનાદિ અનંત તેમનો પરસ્પર સાપેક્ષ પ્રવાહ યુગપત્ ચાલ્યા કરે છે. તેથી શોક્યોના યુગલનું દૃષ્ટાંત વિરુદ્ધ જ છે. તથા જેમ કૃતકત્વ હેતુથી ઘડા અને

રામપાત્રની જેમ પદાર્થોમાં ભિન્નતા સિદ્ધ કરવી તે અનૈકાન્તિક છે કેમકે વસ્ત્ર અને તંતુઓમાં કૃતક હોવા છતાં પણ અભિન્નતા પ્રાપ્ત થાય છે. તેથી કૃતકત્વ હેતુ અનૈકાન્તિક હેત્વાભાસ દોષથી દૂષિત છે. આ જ રીતે સત્ પરિણામના વિષયમાં બે શોક્યોનું દૃષ્ટાંત પણ અનૈકાન્તિક દોષથી દૂષિત છે. કેમકે શોક્ય ક્યાંક પરસ્પર વિરુદ્ધ થઈને રહે છે અને ક્યાંક પરસ્પર એકબીજાની સહાયતા ચાહતી પ્રેમપૂર્વક અવિરુદ્ધ પણ રહે છે. એવો નિયમ નથી કે બે શોક્ય પરસ્પર વિરુદ્ધ રીતે જ રહે. તેથી આ દૃષ્ટાંત અનૈકાન્તિક દોષથી દૂષિત છે અથવા શોક્યના યુગલમાં ક્યાંક વિરોધપણું પ્રાપ્ત થાય છે અને ક્યાંક નથી પણ પ્રાપ્ત થતું. તેથી અનૈકાન્તિક છે અને જેમ બૌદ્ધનો આ સિદ્ધાંત કે સર્વ પદાર્થો અનિત્ય છે કેમકે તે સર્વથા ક્ષણિક છે, સર્વથા અસિદ્ધ છે.* અસિદ્ધતાનો હેતુ પણ એ જ છે કે જે ક્ષણિક એકાંત હેતુ આપવામાં આવે છે તે સિદ્ધ થતો નથી, કેમકે પદાર્થોમાં નિત્યતા પણ પ્રતીત થાય છે. જો નિત્યતા પદાર્થોમાં ન હોય તો આ તે જ પુરુષ છે જેને મેં બે વર્ષ પહેલાં જોયો હતો, એવું પ્રત્યભિજ્ઞાન ન થવું જોઈએ પરંતુ આવું યથાર્થ પ્રત્યભિજ્ઞાન થાય છે તથા જો નિત્યતા પદાર્થોમાં ન માનવામાં આવે તો સ્મરણપૂર્વક જે લોકમાં લેવડદેવડનો વ્યવહાર થાય છે તે પણ ન થઈ શકે પરંતુ તે પણ યથાર્થ થાય છે. ઇત્યાદિ અનેક હેતુઓથી સર્વથા ક્ષણિકતા પદાર્થોમાં સિદ્ધ થતી નથી તેવી જ રીતે બે શોક્યોનું દૃષ્ટાંત પણ સર્વથા અસિદ્ધ છે કેમકે બે શોક્યો બે પદાર્થ છે. અહીં સત્ પરિણામ ઉભયાત્મક એક જ પદાર્થ છે. બીજું શોક્યનું જોડું વિરોધી બનીને આગળ પાછળ ક્રમથી રહે છે. સત્ પરિણામ એક કાળમાં અવિરુદ્ધ રહે છે તેથી આ દૃષ્ટાંત હાસ્યકારક છે, એના ઉપર અધિક વિચાર કરવો જ નકામો છે.

### નાના મોટા ભાઈનું દૃષ્ટાંત પણ દૃષ્ટાંતાભાસ છે

**तद्वज्ज्येष्ठकनिष्ठभ्रातृद्वैतं विरुद्धदृष्टान्तः ।**
**[X]सति चाऽधर्मिणि तत्त्वे तथाऽऽश्रयासिद्धदोषत्वात् ।।३८१।।**

---

* – અહીં સમજાવવાની દૃષ્ટિ રાખીને નિરૂપણ કરવામાં આવ્યું છે તેથી હેતુવાદ અને અનુમાન વાક્યનો પ્રયોગ કરવામાં આવ્યો નથી.

X 'धर्मिणि चासति तत्त्वे,' એવો સંશોધિત પુસ્તકમાં પાઠ છે.

**अपि कोपि परायत्तः सोपि परः सर्वथा परायत्तात्।**
**सोपि परायत्तः स्यादित्यनवस्था प्रसङ्गदोषश्च।।३८२।।**

**અર્થ :–** નાના મોટા ભાઈનું દૃષ્ટાંત પણ બરાબર નથી, કેમકે તે સાધ્યથી વિરુદ્ધ જાય છે. આપણું સાધ્ય ઉભય ધર્માત્મક પદાર્થ છે. પરંતુ દૃષ્ટાંત ત્રીજા પદાર્થની સત્તા સિદ્ધ કરે છે. નાના મોટા ભાઈ માતા પિતા વિના હોઈ શકે નહિ, માતા પિતા હોય ત્યારે જ તે કોઈ કાળ વિશેષમાં ક્રમપૂર્વક ઉત્પન્ન થાય છે,। પરંતુ આ વાત સત્ પરિણામમાં નથી. ન તો સત્ પરિણામનો તે બંનેથી જુદો કોઈ આશ્રય છે અને ન તેમની કાળ વિશેષમાં ક્રમપૂર્વક ઉત્પત્તિ છે, તેથી ધર્મીનો અભાવ હોવાથી આશ્રયાસિદ્ધ દોષ આવે છે. બીજી વાત એ પણ છે કે આ દૃષ્ટાંતથી અનવસ્થા દોષ પણ આવે છે કેમકે ભાઈ તેમના માતાપિતાને પરાધીન હોય છે. આવો પરાધીનતાનો સિદ્ધાંત માનવામાં જે કોઈ પણ પર હશે તેને પરાધીન જ માનવા પડશે, જેમ પુત્ર પિતાને અધીન છે, પિતા પોતાના પિતાને અધીન છે, તે પોતાના પિતાને અધીન છે, એ પ્રમાણે સત્ અને પરિણામને પરાધીન માનવાથી અનવસ્થા દોષ આવે છે. + કેમકે પરાધીનતારૂપી શ્રૃંખલાનો ક્યાંય અંત આવતો નથી.

કારકદ્વય પણ દૃષ્ટાંતાભાસ છે

**नार्थक्रियासमर्थो दृष्टान्तः कारकादिवद्धि यतः।**
**सव्यभिचारित्वादिह सपक्षवृत्तिर्विपक्षवृत्तिश्च।।३८३।।**
**वृक्षे शाखा हि यथा स्यादेकात्मनि तथैव नानात्वे।**
**स्थाल्यां दधीतिहेतोर्व्यभिचारीकारकः कथं न स्यात्।।३८४।।**
**अपि सव्यभिचारित्वे यथाकथञ्चित्सपक्षदक्षश्चेत्।**
**न यतः परपक्षरिपुर्यथा तथारिः स्वयं स्वपक्षस्य।।३८५।।**

+ 'अप्रामाणिकानन्त पदार्थकल्पनयाऽविश्रांतिरनवस्था,' અર્થાત્ કોઈ પ્રમાણ વિના અનંત પદાર્થોની કલ્પના કરતાં ચાલ્યા જવું એનું જ નામ અનવસ્થા છે. જ્યાં પ્રમાણભૂત છે ત્યાં આ દોષ ગણવામાં આવતો નથી. જેમ –પિતા પુત્ર, બીજ વૃક્ષ આદિ કાર્યકારણભાવમાં.

**साध्यं देशांशाद्वा सत्परिणामद्वयस्य सांशत्वम्।**
**तत्स्वाम्येकविलोपे कस्यांशा अंशमात्रएवांशः।।३८६।।**

**અર્થ :–** આધાર આધેય ન્યાયથી જે બે કારકોનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે પણ બરાબર નથી. તે વ્યભિચારી છે તે સપક્ષ વિપક્ષ બંનેમાં જ રહે છે. સાધ્યના અનુકૂળ દૃષ્ટાંતને સપક્ષ કહે છે અને પ્રતિકૂળ દૃષ્ટાંતને વિપક્ષ કહે છે. જે દૃષ્ટાંત સાધ્યનો સપક્ષ હોય તથા વિપક્ષ પણ હોય તે વ્યભિચાર દોષવાળું દૃષ્ટાંત કહેવાય છે. સત્ પરિણામના વિષયમાં બે કારકોનું દૃષ્ટાંત પણ આવું જ છે. કેમકે જેમ આધાર આધેય બે કારક 'वृक्षेशाखा' (વૃક્ષમાં શાખા) અહીં અભિન્ન–એકાત્મક પદાર્થમાં હોય છે, તેમ 'स्थाल्यां दधि' (થાળીમાં દહીં) અહીં ભિન્ન–અનેક પદાર્થોમાં પણ હોય છે. અર્થાત્ 'वृक्षेशाखा' અહીં જે આધાર આધેય છે તે અભિન્ન પદાર્થમાં છે તેથી સપક્ષ છે. પરંતુ 'स्थाल्यां दधि' અહીં જે આધાર આધેય છે તે ભિન્ન બે પદાર્થોમાં છે તેથી તે વિપક્ષ છે. તેથી બે કારકોનું દૃષ્ટાંત વ્યભિચારી છે. જો કોઈ એમ કહે કે આ દૃષ્ટાંત વ્યભિચારી ભલે હોય, પરંતુ એનાથી આપણા પક્ષની સિદ્ધિ પણ કોઈ પ્રકારે તો થઈ જ જાય છે. આમ કહેવું પણ બરાબર નથી, કેમકે વ્યભિચારી દૃષ્ટાંત જેવી રીતે બીજા પક્ષનો દુશ્મન છે તેવી જ રીતે પોતપોતાના પક્ષનો પણ સ્વયં શત્રુ છે અર્થાત્ વ્યભિચારી દૃષ્ટાંત જેવી રીતે સપક્ષમાં રહીને સાધ્યની સિદ્ધિ કરાવે છે તેવી રીતે વિપક્ષમાં રહીને તે સાધ્ય વિરુદ્ધ પણ થઈ જાય છે. તેથી આ દૃષ્ટાંત દૃષ્ટાંતાભાસ છે. અહીં સત્ અને પરિણામમાં દેશના અંશ હોવાથી અંશપણું સિદ્ધ કરવામાં આવે છે અને તેમનો આધાર તેમનાથી ભિન્ન પદાર્થ સિદ્ધ કરવામાં આવે છે. (આ શંકાકારનો મત છે.) જો તે બંનેનો કોઈ સ્વામી આધારભૂત પદાર્થ હોય તો તો આધાર આધેયભાવ તેમનામાં બને, પરંતુ સત્ પરિણામથી જુદો તેમનો કોઈ સ્વામી નથી તો પછી આ બંને કોના અંશ કહેવાશે ? તે બંને તો અંશ સ્વરૂપ જ મનાયા છે. તેથી કારકદ્વયનું દૃષ્ટાંત બરાબર નથી.

બીજાંકુર પણ દૃષ્ટાંતાભાસ છે

**नाप्युपयोगी क्वचिदपि बीजाङ्कुरवदिहेति दृष्टान्तः।**
**स्वावसरे स्वावसरे पूर्वापरभावभावित्वात्।।३८७।।**

**बीजावसरे नाङ्कुर इव बीजं नाङ्कुरक्षणे हि यथा।**
**न तथा सत्परिणामद्वैतस्य तदेककालत्वात्।।३८८।।**

**અર્થ :–** બીજ અને અંકુરનું દ્રષ્ટાંત પણ સત્ પરિણામના વિષયમાં ઉપયોગી થતું નથી, કેમકે બીજ પોતાના સમયમાં હોય છે, અંકુર પોતાના સમયમાં હોય છે. બંનેય પૂર્વાપર ભાવવાળા છે અર્થાત્ આગળપાછળ થનારા છે. જેમ બીજના સમયમાં અંકુર હોતો નથી અને અંકુરના સમયમાં બીજ હોતું નથી, તેવી રીતે સત્ અને પરિણામમાં પૂર્વાપરભાવ હોતો નથી, તે બંનેનો એક જ કાળ છે, તે જ સ્પષ્ટ કરે છે. :–

**सदभावे परिणामो भवति न सत्ताक आश्रयाभावात्।**
**दीपाभावे हि यथा तत्क्षणमिव दृश्यते प्रकाशो न।।३८९।।**

**અર્થ :–** જેમ દીપકનો અભાવ હોતાં તે જ સમયે પ્રકાશનો પણ અભાવ થઈ જાય છે, કારણ–દીપક પ્રકાશનો આશ્રય છે, દીપક વિના પ્રકાશ કોના આશ્રયે ટકે ? તેવી જ રીતે સત્‌ના અભાવમાં પરિણામ પણ પોતાની સત્તા રાખી શકતા નથી, કારણકે પરિણામનો આશ્રય સત્ છે, આશ્રય વિના આશ્રયી કેવી રીતે રહી શકે ? અર્થાત્ રહી શકતા નથી.

**ભાવાર્થ :–** પરિણામ પર્યાયનું નામ છે. પર્યાય કોઈ દ્રવ્ય અથવા ગુણમાં જ થઈ શકે છે, જે સત્ (ભાવાત્મક) જ નથી તેમાં પર્યાયનું હોવું એ જ રીતે અસંભવ છે જેમ ગધેડાને શિંગડાનું હોવું અસંભવ છે. તેથી સત્ અને પરિણામ બંનેનો એક જ કાળ છે.

**परिणामाभावेपि च सदिति नालम्बते हि सत्तान्ताम्।**
**स यथा प्रकाशनाशे प्रदीपनाशोप्यवश्यमध्यक्षात्।३९०।।**

**અર્થ :–** જેમ પ્રકાશનો નાશ થતાં દીપકનો નાશ પણ પ્રત્યક્ષ દેખાય છે, અર્થાત્ જ્યાં પ્રકાશ રહેતો નથી ત્યાં દીપક પણ રહેતો નથી. તેવી જ રીતે પરિણામના અભાવમાં સત્ પણ પોતાની સત્તાનું અવલંબન કરી શકતું નથી.

**ભાવાર્થ :–** દીપક અને પ્રકાશનો સહભાવી અવિનાભાવ છે. જ્યાં સુધી દીપક રહે છે ત્યાં સુધી તેનો પ્રકાશ પણ રહે છે. અને જ્યાં સુધી પ્રકાશ રહે છે ત્યાં સુધી દીપક પણ રહે છે. એવું બની શકે નહિ કે પ્રકાશ ન રહે અને દીપક રહી જાય, પ્રકાશના અભાવમાં દીપક જેવો કોઈ પદાર્થ ટકતો નથી. દીપક, તેલ, બત્તી અને કોડિયાનું નામ નથી પરંતુ પ્રકાશમાન જ્યોતિનું નામ છે, દીપ અને પ્રકાશની જેમ જ સત્ પરિણામને સમજવા જોઈએ. સત્ સામાન્ય છે, પરિણામ વિશેષ છે. ન તો સામાન્ય વિના વિશેષ હોઈ શકે છે અને ન વિશેષ વિના સામાન્ય હોઈ શકે છે.* તેથી સામાન્ય વિશેષાત્મક સત્ પરિણામ બંને સમકાળભાવી છે અને કથંચિત્ અભિન્ન છે.

### ક્ષણભેદ માનવામાં દોષ

**अपि च क्षणभेदः किल भवतु यदीहेष्टसिद्धिरनायासात्।**
**सापि न यतस्तथा सति सतो विनाशोऽसतश्चसर्गःस्यात्।।३९१।।**

**અર્થ :–** જો અનાયાસ ઇષ્ટ પદાર્થની સિદ્ધિ થઈ જાય તો સત્ અને પરિણામ બંનેનો ક્ષણભેદ – કાળભેદ પણ માની લેવામાં આવે. પરંતુ કાળભેદ માનવાથી ઇષ્ટ સિદ્ધિ તો દૂર રહો ઊલટી હાનિ થાય છે. બંનેનો કાળભેદ માનવાથી સત્‌નો વિનાશ અને અસત્‌ની ઉત્પત્તિ થવા માંડશે. કેમકે જો બંનેનો કાળભેદ માનવામાં આવશે તો જે છે તે સર્વથા નાશ પામશે અને જે ઉત્પન્ન થશે તે સર્વથા નવીન જ હશે. પરંતુ એમ થતું નથી. સત્‌નો વિનાશ અને અસત્‌ની ઉત્પત્તિ માનવાથી જે દોષ આવે છે તેમનું પહેલાં (૧૦મા શ્લોકમાં) વિવેચન થઈ ગયું છે.

### કનકોપલ પણ દૃષ્ટાંતાભાસ છે

**कनकोपलवदिहैषः क्षमते न परीक्षितः क्षणं स्थातुम्।**
**गुणगुणिभावाभावाद्यतः स्वयमसिद्धदोषात्मा।।३९२।।**

---

*निर्विशेषं हि सामान्यं भवेच्छशविषाणवत्।

**हेयादेयविचारो भवति हि कनकोपलद्वयोरेव।**
**तदनेकद्रव्यत्वान्न स्यात्साध्ये तदेकद्रव्यत्वात्।।३९३।।**

**અર્થ :–** સત્ પરિણામના વિષયમાં કનકોપલનું દ્રષ્ટાંત પણ બરાબર નથી. આ દ્રષ્ટાંત પરીક્ષા કરતાં ક્ષણમાત્ર પણ ટકી શકતું નથી. સોનું અને પત્થર આ બે મિશ્ર દ્રવ્યોનું નામ જ કનકોપલ છે. તેથી કનકોપલ બે દ્રવ્યોના સમુદાયનું નામ છે. કનકોપલમાં ગુણગુણીભાવ નથી માટે આ દ્રષ્ટાંત અસિદ્ધ છે. કેમકે જેમ સત્ પરિણામમાં કથંચિત્ ગુણગુણીભાવ છે એવી રીતે આ દ્રષ્ટાંતમાં નથી. બે દ્રવ્યોનો સમુદાય હોવાથી જ કનકોપલમાં કોઈ અંશનું ગ્રહણ કરવાનો અને કોઈ અંશને છોડવાનો વિચાર થઈ શકે છે. પરંતુ સત્ પરિમામમાં આ રીતે હેય ઉપાદેય કરવાનો વિચાર થઈ શકતો નથી, કેમકે બંને એક દ્રવ્યરૂપ છે. જ્યાં બે અથવા અનેક દ્રવ્ય હોય છે ત્યાં જ એક દ્રવ્યનું ગ્રહણ અને એકનો ત્યાગ થઈ શકે છે પરંતુ જ્યાં કેવળ એક જ દ્રવ્ય છે ત્યાં આમ બનવું અસંભવ જ છે. તેથી કનકોપલનું દ્રષ્ટાંત સર્વથા વિષમ છે.

વાચ્ય વાચક પણ દ્રષ્ટાંતાભાસ છે

**वागर्थद्वयमिति वा दृष्टान्तो न स्वसाधनायालम्।**
**घट इति वर्णद्वैतात् कम्बुग्रीवादिमानिहास्त्यपरः।।३९४।।**

**यदि वा निस्सारतया वागेवार्थः समस्यते सिद्धयै।**
**न तथापीष्टसिद्धिः शब्दवदर्थस्याप्यनित्यत्वात्।।३९५।।**

**અર્થ :–** વચન અને પદાર્થ અર્થાત્ વાચ્યવાચક દ્વૈતનું દ્રષ્ટાંત પણ પોતાની સિદ્ધિ કરાવવામાં સમર્થ નથી. કેમકે ઘટ–ઘકાર અને ટકાર આ બે વર્ણોથી કંબુગ્રીવાદિવાળો ઘટ પદાર્થ બીજો જ છે. જે કંબુ (શંખ) જેવા ગળાવાળા ઘટમાં જળ રાખવામાં આવે છે તે ઘટ પદાર્થ તે ઘ–ટ વર્ણોથી સર્વથા જુદો જ છે. કેવળ ઘટ શબ્દનું ઉચ્ચારણ કરવાથી તે ઘટ પદાર્થનો બોધ થઈ જાય છે એટલો જ માત્ર ઘટ શબ્દનો ઘટ પદાર્થની સાથે વાચ્યવાચક સંબંધ છે. પરંતુ સત્ પરિણામ આ રીતે ભિન્ન નથી. જો वागर्थ, શબ્દનો

વચન અને પદાર્થ, એ અર્થ કરવામાં ન આવે અને બીજો એટલે કે વચનરૂપ અર્થ એવો કરવામાં આવે તો એવો અર્થ કરવો પહેલાં તો નિઃસાર જ છે પરંતુ સિદ્ધિ માટે જો તે માનવામાં પણ આવે તો પણ તેનાથી અભીષ્ટ સિદ્ધિ થતી નથી, કેમકે બીજા અર્થનો એ જ આશય નીકળ્યો કે શબ્દ સમાન સત્ પરિણામ છે, પરંતુ એમ માનવાથી શબ્દ સમાન સત્ પરિણામાત્મક પદાર્થ પણ અનિત્ય સિદ્ધ થશે અને એવી અનિત્યતા પદાર્થમાં અભીષ્ટ નથી તેથી ઉક્ત દૃષ્ટાંત પણ બરાબર નથી.

નગારું અને દાંડી પણ દૃષ્ટાંતાભાસ છે

**स्यादविचारितरम्या भेरीदण्डवदिहेति संदृष्टिः।**
**पक्षाधर्मत्वेपि च व्याप्यासिद्धत्वदोषदुष्टत्वात्।।३९६।।**

**युतसिद्धत्वं स्यादिति सत्यपरिणामद्वयस्य यदि पक्षः।**
**एकस्यापि न सिद्धिर्यदि वा सर्वोपि सर्वधर्मः स्यात्।।३९७।।**

**અર્થ :–** નગારા અને દાંડીનું જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે પણ સત્ પરિણામના વિષયમાં અવિચારિત રમ્ય છે અર્થાત્ જ્યાં સુધી તેના વિષયમાં વિચાર કરવામાં આવતો નથી ત્યાં સુધી તે સારું લાગે છે. વિચાર કરતાં નિઃસાર પ્રતીત થાય છે. તેનું જ અનુમાન આ રીતે છે – 'सत्परिणामौ कार्यकारिणौ संयुक्तत्वात् भेरीदण्डवत्' અર્થાત્ શંકાકારનો પક્ષ છે કે સત્ પરિણામ મળીને કાર્ય કરે છે કેમકે તે સંયુક્ત છે. જેમ નગારું દાંડી સહિત હોય ત્યારે કાર્યકારી થાય છે. શંકાકારનું આ અનુમાન બરાબર નથી. કેમકે અહીં જે 'સંયુક્તપણા' નો હેતુ આપવામાં આવ્યો છે તે સત્ પરિણામરૂપ પક્ષમાં રહેતો નથી. તેથી હેતુ વ્યાપ્યાસિદ્ધ+ દોષથી દૂષિત છે. અર્થાત્ સત્ પરિણામ ભેરી દંડની જેમ મળીને કાર્યકારી નથી, પરંતુ કથંચિત્ ભિન્નતા અથવા તાદાત્મ્યરૂપે કાર્યકારી છે. જો સત્ પરિણામને યુતસિદ્ધ– ભિન્ન ભિન્ન સ્વતંત્ર માનવામાં આવે તો બંનેમાંથી એક પણ સિદ્ધ નહિ થઈ શકે. કેમકે બંનેય પરસ્પર એકબીજાની અપેક્ષામાં આત્મલાભ–

+ પક્ષમાં હેતુની અસિદ્ધતાને વ્યાપ્ય સિદ્ધ દોષ કહે છે અથવા સાધ્યની સાથે હેતુ જ્યાં વ્યાપીને ન રહેતો હોય ત્યાં વ્યાપ્યાસિદ્ધ દોષ આવે છે. અહીં સત્ પરિણામમાં ન તો સંયુક્તત્ત્વ હેતુ રહે છે અને ન તો કાર્યકારિત્વની સાથે સંયુક્તત્વની વ્યાપ્તિ છે.

સ્વરૂપ સંપાદન કરે છે. જો તેમને સ્વતંત્ર માનીને એકનો બીજો ધર્મ માનવામાં આવે તો એવી અવસ્થામાં બધા બધાના ધર્મ થઈ જશે. કારણકે જો સ્વતંત્ર રહેવા છતાં પણ એક એકબીજાનો ધર્મ માનવામાં આવે તો ધર્મ ધર્મીનો કાંઈ નિયમ નહિ રહે. દરેક દરેકનો ધર્મ બની જાય એમાં કોણ બાધક થવાનું ?

**ભાવાર્થ :–** સત્ પરિણામ ન તો ભેરી દંડની જેમ સ્વતંત્ર છે અને ન સંયોગી પણ છે. પરંતુ પરસ્પર સાપેક્ષ તાદાત્મ્ય સંબંધી છે તેથી ભેરી દંડનું દૃષ્ટાંત સર્વથા અસિદ્ધ છે.

અપૂર્ણ ન્યાય પણ દૃષ્ટાંતાભાસ છે

**इह यदपूर्णन्यायादस्ति परीक्षाक्षमो न दृष्टान्तः।**
**अविशेषत्वापत्तौ द्वैताभावस्य दुर्निवारत्वात्।।३९८।।**

**अपि चान्यतरेण विना यथेष्टसिद्धिस्तथा तदितरेण।**
**भवतु विनापि च सिद्धिः स्यादेवं कारणाद्यभावश्च।।३९९।।**

**અર્થ :–** અહીં અપૂર્ણ ન્યાયથી એકનું મુખ્યતાથી અને બીજાનું ઉદાસીનતાથી ગ્રહણ કરવારૂપ દૃષ્ટાંત પણ પરીક્ષા કરવા યોગ્ય નથી. કેમકે અપૂર્ણ ન્યાયથી જેનું મુખ્યતાથી ગ્રહણ કરવામાં આવશે તે જ પ્રધાન ઠરશે, બીજું જે ઉદાસીનતાથી કહેવામાં આવશે તે નહિ જેવું સામાન્ય ઠરશે, એવી હાલતમાં દ્વૈતનો અભાવ દુર્નિવાર જ બનશે, અર્થાત્ જ્યારે બીજું ઉદાસીન નહિ જેવું છે તો એક જ સમજવું જોઈએ, તેથી એકની જ સિદ્ધિ થશે. પરંતુ સત્ પરિણામ બે છે. માટે અપૂર્ણ ન્યાયનું દૃષ્ટાંત તેમના વિષયમાં બરાબર નથી. જો એમ કહેવામાં આવે કે જો કે બંનેય સમાન છે તો પણ એકને મુખ્યપણે કહેવામાં આવે છે તો આમ કહેવું પણ વિરુદ્ધ જ ઠરે છે. જો બંને સમાન હોવા છતાં પણ એક વિના બીજાની સિદ્ધિ થઈ જાય છે તો બીજાની પણ સિદ્ધિ પહેલાં વિના થઈ જશે અર્થાત્ બંનેય નિરપેક્ષ અથવા એક વ્યર્થ સિદ્ધ થશે. એવી અવસ્થામાં કાર્યકારણ ભાવ પણ બની શકશે નહિ. કેમકે કાર્યકારણભાવ તો એકબીજાની આધીનતામાં જ બને છે. તેથી અપૂર્ણ ન્યાયનું દૃષ્ટાંત સર્વ પ્રકારે વિરુદ્ધ જ બને છે.

## મિત્ર દ્વૈત પણ દૃષ્ટાંતાભાસ છે

**मित्रद्वैतवदित्यपि दृष्टान्तः स्वप्नसन्निभो हि यतः।**
**स्याद्गौरवप्रसंगाद्धेतोरपि हेतु हेतुरनवस्था।।४००।।**

**तदुदाहरणं कश्चित्स्वार्थं सृजतीति मूलहेतुतया।**
**अपरः सहकारितया तमनु तदन्योपि दुर्निवारः स्यात्।।४०१।।**

**कार्यम्प्रति नियतत्वाद्धेतुद्वैतं न ततोऽतिरिक्तं चेत्।**
**तन्न यतस्तन्नियमग्राहकमिव न प्रमाणमिह।।४०२।।**

**અર્થ :–** એક પોતાનું કાર્ય સિદ્ધ કરે છે અને તેનો બીજો (મિત્ર) તેના કાર્યમાં સહાયક થાય છે. આ મિત્રદ્વયનું દૃષ્ટાંત પણ સ્વપ્ન સમાન છે. જેમ સ્વપ્નમાં મેળવેલ પદાર્થથી કાર્યસિદ્ધિ થતી નથી. તેમ આ દૃષ્ટાંતથી પણ કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી, કેમકે આ દૃષ્ટાંતથી હેતુનો હેતુ, તેનો પણ પાછો હેતુ, તે હેતુનો પણ હેતુ માનવો પડશે. આમ માનવાથી અનવસ્થા દોષ આવશે અને ગૌરવનો પ્રસંગ પણ આવશે. તેનું દૃષ્ટાંત આ રીતે છે કે જેમ કોઈ પુરુષ મુખ્યતાથી પોતાનું કાર્ય સિદ્ધ કરે છે અને બીજો તેનો મિત્ર તેના તે કાર્યમાં સહાયક થઈ જાય છે, જેમ બીજો પહેલાની સહાય કરે છે તેવી જ રીતે બીજાની સહાયતા માટે ત્રીજા સહાયકની આવશ્યકતા છે, તેના માટે ચોથાની, તેના માટે પાંચમાની, આ રીતે ઉત્તરોત્તર સહાયકોની યોજના અવશ્ય જ અનિવાર્ય (પ્રાપ્ત) થશે.* જો એમ કહેવામાં આવે કે એક કાર્ય માટે બે કારણોની જ આવશ્યકતા છે. (૧) ઉપાદાન કારણ (૨) નિમિત્ત કારણ. અથવા એક કાર્યમાં બે જ સહાયક મિત્ર આવશ્યક હોય છે. તેમનાથી જુદા કારણોની આવશ્યકતા જ નથી હોતી તેથી આમ કહેવું અયોગ્ય છે, કેમકે એક કાર્યમાં બે જ કારણ હોય છે, તેમનાથી અધિક હોતા જ નથી, આ નિયમનું વિધાયક કોઈ પ્રમાણ નથી. X તેથી સત્ પરિણામના વિષયમાં

---

* અપ્રામાણિક અનંત પદાર્થોની કલ્પનાનો અંત ન હોવો, તેનું નામ જ અનવસ્થા છે. આ દોષ છે.

X ઉપાદાન–પ્રેરક–ઉદાસીન આદિ કારણ એક કાર્યમાં આવશ્યક હોય છે. સંભવ છે કે એક કાર્યમાં અનેક મિત્રોની સહાય આવશ્યક હોય.

મિત્રદ્વયનું દૃષ્ટાંત પણ કાંઈ કાર્યકારી નથી.

શત્રુ દ્વૈત પણ દૃષ્ટાંતાભાસ છે

**एवं मिथो विपक्षद्वैतवदित्यपि न साधु दृष्टान्तः।**
**अनवस्थादोषत्वाद्यथाऽरिरस्यापरारिरपि यस्मात्।।४०३।।**

**कार्यम्प्रति नियतत्वाच्छत्रुद्वैते न ततोऽतिरिक्तं चेत्।**
**तन्न यतस्तन्नियमाग्राहकमिव न प्रमाणमि।।४०४।।**

**અર્થ :–** જેમ મિત્ર દ્વૈતનું દૃષ્ટાંત બરાબર નથી, તેવી જ રીતે શત્રુ દ્વૈતનું દૃષ્ટાંત પણ બરાબર નથી. કેમકે જેવી મિત્ર દ્વૈતના દૃષ્ટાતમાં અનવસ્થા દોષ આવે છે, તેવી જ રીતે શત્રુ દ્વૈતના દૃષ્ટાંતમાં પણ અનવસ્થા દોષ આવે છે. જેમ એક પુરુષનો બીજો શત્રુ છે, તેવી રીતે બીજાનો ત્રીજો અને ત્રીજાનો ચોથો શત્રુ પણ હશે. આ શત્રુમાળાનો પણ ક્યાંય અંત દેખાતો નથી. જો એમ કહેવામાં આવે કે એક કાર્ય માં બે શત્રુ જ નિયત છે, બેથી અધિક હોતા નથી તો એમ કહેવું પણ અયોગ્ય છે, કેમકે એક કાર્યમાં બે જ શત્રુ હોય છે, તે શત્રુઓના શત્રુ નથી હોતા એવો નિયમ કરવામાં કોઈ પ્રમાણ નથી. તેથી બે શત્રુઓનું દૃષ્ટાંત પણ સત્ પરિણામના વિષયમાં વિરુદ્ધ જ છે.

**ભાવાર્થ :–** સત્ પરિણામ બે શત્રુઓની જેમ પરસ્પર વિરુદ્ધરૂપે નથી રહેતા પરંતુ પરસ્પર સાપેક્ષ રૂપે જ રહે છે. પરસ્પર સાપેક્ષ રહેવા છતાં પણ બે મિત્રોની જેમ એક મુખ્ય સાધક અને બીજો સહાયક સાધક પણ તેમનામાં નથી પરંતુ બંને મળીને જ સમાનરૂપે સ્વકાર્ય સાધક એક પદાર્થ સિદ્ધિ સાધક છે. તેથી એમના વિષયમાં શત્રુ મિત્ર બંનેયના દૃષ્ટાંત વિરુદ્ધ છે.

રજ્જુ યુગ્મ પણ દૃષ્ટાંતાભાસ છે

**वामेतरकरवर्त्तिरज्जूयुग्मं न चेह दृष्टान्तः।**
**बाधितविषयत्वाद्वा दोषात्कालात्ययापदिष्टत्वात्।।४०५।।**

**तद्वाक्यमुपादानकारणसदृशं हि कायमेकत्वात्।**
**अस्त्यनतिगोरसत्वं दधिदुग्धावस्थयोर्यथाध्यक्षात्।४०६।।**

**અર્થ :–** દહીં વલોવતી વખતે ડાબા જમણા હાથમાં રહેનારી દોરીઓ (નેતરા)નું દૃષ્ટાંત પણ બરાબર નથી. કેમકે આ દૃષ્ટાંત દ્વારા બંનેને વિમુખ રહીને કાર્યકારી બતાવવામાં આવ્યા છે. પરંતુ પરસ્પરની વિમુખતામાં કાર્યની સિદ્ધિ થતી નથી, ઊલટી હાનિ થાય છે. તેથી આ દૃષ્ટાંતમાં પ્રત્યક્ષ પ્રમાણથી બાધા આવે છે. માટે આ દૃષ્ટાંત કાળાત્યયાપદૃષ્ટિ દોષથી વિશિષ્ટ છે અર્થાત્ બાધિત છે, કેમ બાધિત છે ? એનું વિવેચન આ રીતે છે – જ્યાં એક કાર્ય થાય છે ત્યાં ઉપાદાન કારણ સમાન જ કાર્ય થાય છે. આમ પ્રત્યક્ષ પણ જોવામાં આવે છે કે જેમ ગાયના દૂધમાં ગોરસપણું છે તેમ તેના દહીંમાં પણ ગોરસપણું અવશ્ય છે.

**ભાવાર્થ :–** ડાબા જમણા હાથમાં રહેનારી દોરીઓ પરસ્પર એકબીજાથી વિમુખ રહીને એક કાર્ય – દહીં વલોવવા રૂપ કાર્ય થાય છે. આવું દૃષ્ટાંત જ પ્રત્યક્ષ બાધિત છે, કેમકે દહીં વલોવતી વખતે એક હાથની રસ્સીને સંકોચવી (ઢીલી મૂકવી) અને બીજા હાથની રસ્સીને ફેલાવવી (ખેંચવી) આ એક જ કાર્ય છે, બે નહિ. તેમનો સમય પણ એક છે, જે વખતે જમણો હાથ ખેંચાય છે તે જ સમયે ડાબો હાથ ઢીલો થાય છે તથા બંને હાથની દોરી પરસ્પર વિરુદ્ધ પણ નથી. જે સમયે જમણો હાથ ખેંચાય છે તે સમયે ડાબો હાથ સંકુચિત નથી થતો પણ તેની સહાય કરવા માટે તે તરફ જ વધે છે. જો તે ત્યાં જઈને સહાયક ન થતો હોય તો જમણો હાથ લંબાવી શકાય જ નહિ, તેથી પરસ્પર વિરુદ્ધ નહિ પરંતુ અનુકૂળ જ બંને હાથની દોરી છે. સૌથી મોટી વાત તો એ છે કે જેને બે દોરી નામથી કહેવામાં આવે છે તે બે નથી પણ એક જ છે. એક જ દોરી કોઈ વાર જમણા હાથ તરફ અને કોઈ વાર ડાબા હાથ તરફ જાય છે, તેથી બે રસ્સીઓનું દૃષ્ટાંત સર્વથા બાધિત છે અથવા એનો બીજો આશય આ રીતે છે કે જો શંકાકાર આવું અનુમાન કરે કે 'सत्परिणामी विसन्धिरूपी कार्यकारित्वात् वामेतरकरवर्त्तित रज्जूयुग्मवत्'। અર્થાત્ સત્ પરિણામ પરસ્પર વિમુખ બનીને કાર્ય કરે છે. જેમકે ડાબા જમણા હાથની બે દોરીઓ. તો તેનું આ અનુમાન પ્રત્યક્ષ બાધિત છે. કેમકે સત્ પરિણામ પરસ્પર સાપેક્ષ તાદાત્મ્ય સ્વરૂપ છે. જ્યાં એક પદાર્થમાં કાર્યકારિત્વ હોય છે ત્યાં કારણ સદૃશ જ હોય છે, જ્યાં અનેક પદાર્થોમાં કાર્યકારિત્વ હોય છે ત્યાં જ વિમુખતાની

સંભાવના રહે છે.

### સુંદ ઉપસુંદ પણ દૃષ્ટાંતાભાસ છે

**सुन्दोपसुन्दमल्लद्वैं दृष्टान्ततः प्रतिज्ञातम्।**
**तदसदसत्वापत्तेरितरेतरनियतदोषत्वात्।।४०७।।**

**सत्युपसुदन्दे सुन्दो भवति च सुन्दे किलोपसुन्दोपि।**
**एकस्यापि न सिद्धिः क्रियाफलं वा तदात्ममुखदोषात्।।४०८।।**

**અર્થ :–** સુંદ અને ઉપસુંદ આ બે મલ્લોનું જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે પણ બરાબર નથી, કેમકે આ દૃષ્ટાંતથી અન્યોન્યાશ્રય દોષ ઉપરાંત પદાર્થના અભાવનો પ્રસંગ આવે છે. જેમ–જ્યાં ઉપસુંદ છે ત્યાં તેનો પ્રતિપક્ષી સુંદ સિદ્ધ થાય છે અને જ્યાં સુંદ છે ત્યાં તેનો પ્રતિપક્ષી ઉપસુંદ સિદ્ધ થાય છે. આ બંનેય એકબીજાના આશ્રિત સિદ્ધ થાય છે. આનું જ નામ અન્યોન્યાશ્રય દોષ છે.[X] અંતે બંનેમાંથી એકની પણ સિદ્ધિ થઈ શકતી નથી અર્થાત્ બંનેય મરી જાય છે. તેથી તેમનાથી કાંઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. આ દોષ શંકાકારે પોતાના મોઢે જ કહી દીધો છે.

**ભાવાર્થ :–** સુંદ, ઉપસુંદ મલ્લો સમાન સત્ પરિણામને જો માનવામાં આવે તો તેમની અસિદ્ધિ અને તેમનો અભાવ સિદ્ધ થશે.

### જો તેમને અનાદિસિદ્ધ માનવામાં આવે તો

**अथ चेदनादिसिद्धं कृतकत्वापह्नवात्तदेवेह।**
**तदपि न तद्द्वैतं किल त्यक्तदोषास्पदं यदत्रैतत्।।४०९।।**

X જ્યાં બે પદાર્થોમાં એકની સિદ્ધિ બીજા ઉપર અવલંબે છે ત્યાં અન્યોન્યાશ્રય દોષ આવે છે. જેમ વૈદિક ઈશ્વર પાસે ઉપકરણ – સામગ્રી હોય તો તે સૃષ્ટિ રચે અને જ્યારે સૃષ્ટિ રચે ત્યારે તેની પાસે ઉપકરણ – સામગ્રી હોય. આ બંનેમાં એકબીજાને આધીન હોવાથી એક પણ સિદ્ધ થતું નથી.

**અર્થ :–** જો એમ કહેવામાં આવે કે સત્ પરિણામ બંને અનાદિસિદ્ધ છે. તે કોઈના કરેલા નથી. તેમનામાં સદા આ તે જ છે એવી નિત્યતાની પ્રતીતિ પણ થયા કરે છે તો આમ કહેવું પણ નિર્દોષ સિદ્ધ થતું નથી. કારણકે આ પ્રકારની નિત્યતામાં પરિણામ બની શકતા નથી. પરિણામની સિદ્ધિ ત્યાં જ થઈ શકે કે જ્યાં કથંચિત્ અનિત્યતા હોય. સર્વથા નિત્યમાં પરિણામ બની શકતા નથી. તેથી ઉપર્યુક્ત રીતે માનવા છતાં પણ સત્ પરિણામના દ્વૈતમાં નિર્દોષતા સિદ્ધ થતી નથી.

**ભાવાર્થ :–** અનાદિસિદ્ધ માનવાથી શંકાકારે સત્ પરિણામમાંથી અન્યોન્યાશ્રય દોષ દૂર કરવાની ઇચ્છા રાખી હતી, પરંતુ તેની આવી અનાદિ સિદ્ધતામાં દ્વૈતભાવ જ હટી જાય છે. તેથી કથંચિત્ (પર્યાયની અપેક્ષાએ) અનિત્યતા સહિત જ પદાર્થ અનાદિસિદ્ધ છે.

ઉપર્યુક્ત દૃષ્ટાંત પ્રશંસનીય નથી

**दृष्टांताभासा इति निक्षिप्ताः स्वेष्टसाध्यशून्यत्वात्।**
**लक्ष्योन्मुखेषव इव दृष्टान्तास्त्वथ यथा प्रशस्यन्ते।।४१०।।**

**અર્થ :–** ઉપર જે દૃષ્ટાંત આપવામાં આવ્યા છે તે બધા દૃષ્ટાંતાભાસ+ છે. તેમનાથી તેમના સાધ્યની સિદ્ધિ થતી નથી. જે દૃષ્ટાંત લક્ષ્ય સન્મુખ બાણની જેમ સ્વસાધ્યની સિદ્ધિ કરાવે છે તે જ દૃષ્ટાંત પ્રશંસનીય કહેવાય છે.

સત્ પરિણામ કથંચિત્ ભિન્ન અભિન્ન છે

**सत्परिणामाद्वैतं स्यादविभिन्नप्रदेशवत्त्वाद्वै।**
**सत्परिणामद्वैतं स्यादपि दीपप्रकाशयोरेव।।४११।।**

+ સાધ્યની સિદ્ધિ કરાવનારને દૃષ્ટાંત કહે છે, પરંતુ જે સાધ્યની સિદ્ધિ તો ન કરાવે, પરંતુ દૃષ્ટાંત જેવા દેખાતા હોય તેને દૃષ્ટાંતાભાસ કહે છે.

**અર્થ :–** સત્ પરિણામના ભિન્ન પ્રદેશ નથી પરંતુ અભિન્ન છે તેથી તે બંનેમાં દ્વૈતભાવ નથી અર્થાત્ બંને એક જ અદ્વૈત છે. તથા કથંચિત્ સત્ અને પરિણામમાં દ્વૈત પણ છે, અર્થાત્ કથંચિત્ સત્ ભિન્ન છે અને પરિણામ ભિન્ન છે. સત્ પરિણામમાં કથંચિત્ ભિન્નતા અને કથંચિત્ અભિન્નતા એવી જ છે કે જેવી દીપક અને પ્રકાશમાં હોય છે. દીપકથી પ્રકાશ કથંચિત્ ભિન્ન પણ છે અને કથંચિત્ અભિન્ન પણ છે.

અને વળી

**अथवा जलकल्लोलवदद्वैतं द्वैतमपि च तद्द्वैतम्।**
**उन्मज्जच्च निमज्जन्नाप्युन्मज्जन्निमज्जदेवेति।।४१२।।**

**અર્થ :–** અથવા સત્ પરિણામમાં જળ અને તેના તરંગો સમાન કથંચિત્ ભિન્નતા અને અભિન્નતા છે. જળમાં એક મોજું ઊછળે છે, બીજું શાંત થાય છે, પછી ત્રીજું ઊછળે છે, ચોથું શાંત થાય છે. આ તરંગોના પ્રવાહથી તો એમ લાગે છે કે જળથી તરંગો ભિન્ન છે. પરંતુ વાસ્તવિક દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો ન કોઈ તરંગ ઊછળે છે અને ન કોઈ શાંત થાય છે. કેવળ જળ જ જળ જણાય છે. વિચાર કરતાં તરંગો પણ જળમય જ જણાવા લાગે છે. એ જ પ્રમાણે સત્‌થી પરિણામ કથંચિત્ ભિન્ન પણ જણાય છે, કેમકે જે એક સમયમાં પરિણામ છે, તે બીજા સમયમાં નથી. જે બીજા સમયમાં છે તે ત્રીજામાં નથી. જો દ્રવ્યદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તે પ્રતિક્ષણ થનારા પરિણામો – અવસ્થાઓનો સમૂહ જ દ્રવ્ય છે. અનાદિ–અનંતકાળના પરિણામ સમૂહને છોડીને સત્ બીજો કોઈ પર્યાય નથી, તેથી સત્‌થી પરિણામ ભિન્ન પણ નથી.

**ભાવાર્થ :–** વિવક્ષાધીન બંનેની સિદ્ધિ થાય છે.

અને બીજું

**घटमृत्तिकयोरिव वा द्वैतं तदद्वैतवतदद्वैतम्।**
**नित्यं मृणमात्रतया यदनित्यं घटत्वमात्रतया।।४१३।।**

**અર્થ :–** અથવા સત્ પરિણામમાં ઘટ અને માટી સમાન દ્વૈતભાવ અને અદ્વૈતભાવ

છે. માટી રૂપે તો તે પદાર્થમાં નિત્યતા આવે છે અને ઘટ રૂપ પર્યાયની અપેક્ષાએ તેમાં અનિત્યતા આવે છે. તેવી જ રીતે દ્રવ્યદૃષ્ટિથી સત્ કહેવાય છે અને પર્યાયદૃષ્ટિથી પરિણામ કહેવાય છે.

તેનો જ ખુલાસો

**अयमर्थः सन्नित्यं तदभिज्ञप्तेर्यथा तदेवेदम्।**
**न तदेवेदं नियमादिति प्रतीतेश्च सन्न नित्यं स्यात्।।४१४।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનું તાત્પર્ય આ છે કે સત્ કથંચિત્ નિત્ય પણ છે અને કથંચિત્ અનિત્ય પણ છે. કોઈ મનુષ્યને ૧૦ વર્ષ પહેલાં જોયા પછી ફરીવાર જ્યારે તેને જોઈએ છીએ ત્યારે તેનું તે જ સ્વરૂપ જોવા મળે છે કે જે ૧૦ વર્ષ પહેલાં આપણે જોયું હતું, તેથી આપણે એકદમ કહી દઈએ છીએ કે આ તે જ મનુષ્ય છે જેને આપણે પહેલાં જોયો હતો, આ પ્રત્યભિજ્ઞાનરૂપ પ્રતીતિથી તો સત્ નિત્ય સિદ્ધ થાય છે અને તે મનુષ્યની ૧૦ વર્ષ પહેલાં જે અવસ્થા હતી ૧૦ વર્ષ પછી રહેતી નથી. ૧૦ વર્ષ પછી એક પ્રકારે તે મનુષ્ય જ બદલાઈ જાય છે. પછી તેનામાં એવી પ્રતીતિ થવા માંડે છે કે આ તેવો નથી, આ પ્રતીતિથી સત્ અનિત્ય સિદ્ધ થાય છે.

વળી

**अप्युभयं युक्तिवशादेकं सच्चैककालभेकोक्तेः।**
**अप्यनुभयं सदेतंन्नयप्रमाणादिवादशून्यत्वात्।४१५।।**

**અર્થ :–** યુક્તિવશ–વિવક્ષાવશ સત્ ઉભય બે રૂપ પણ છે અને એકની વિવક્ષા કરવાથી એક કાળમાં એક જ કહેવાય છે તેથી તે એક છે, અર્થાત્ વિવક્ષાવશ સત્ કથંચિત્ એકરૂપ છે અને કથંચિત્ ઉભયરૂપ છે તથા તે જ સત્ અનુભયરૂપ પણ જણાવા લાગે છે અને જ્યારે તે નય પ્રમાણાદિ વાદથી રહિત હોય છે અર્થાત્ વિકલ્પાતીત અવસ્થામાં તે સત્ ન એક છે ન બે છે, પરંતુ અનુભયરૂપ પ્રતીત થાય છે.

બીજું પણ

**व्यस्तं सन्नपयोगान्नित्यं नित्यत्वमात्रतस्तस्य।**
**अपि च समस्तं प्रमाणसापेक्षतो विवक्षायाः।।४१६।।**

**અર્થ :–** નયની વિવક્ષા કરવાથી સત્ પૃથક્ પૃથક્ છે. નિત્યત્વની વિવક્ષા કરતાં તે નિત્યમાત્ર જ છે અને પ્રમાણની વિવક્ષા કરતાં તે જ સત્ સમસ્ત (અભિન્ન–નિત્યાનિત્ય) છે.

બંને પ્રકારે – અવિરુદ્ધ છે

**न विरुद्धं क्रमवर्ति च सदिति तथाऽनादितोपि षरिणामि।**
**अक्रमवर्ति सदित्यपि न विरुद्धं सदैकरूपत्वात्।।४१७।।**

**અર્થ :–** સત્ કર્મવર્તી–ક્રમથી પરિવર્તનશીલ છે, એ વાત પણ વિરુદ્ધ નથી. કેમકે તે અનાદિકાળથી પરિણમન કરતું આવ્યું છે તથા તે સત્ અક્રમવર્તી છે, આ વાત પણ વિરુદ્ધ નથી કેમકે પરિવર્તનશીલ હોવા છતાં પણ તે સદા એકરૂપ જ રહે છે.

**ભાવાર્થ :–** દ્રવ્ય અનંત ગુણોનો સમૂહ છે, તે સર્વ ગુણોના કાર્ય પણ ભિન્ન છે. તેમાં એક દ્રવ્યત્વ ગુણ પણ છે તે ગુણનું કાર્ય એ છે કે દ્રવ્ય સદા પરિણમન કરતું રહે, કદી પણ પરિણામરહિત ન હોય. દ્રવ્યત્વ ગુણના નિમિત્તે દ્રવ્ય સદા પરિણમન કર્યા કરે છે, પરંતુ પરિણમન કરવા છતાં પણ એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપ કદી થઈ શકતું નથી અર્થાત્ જીવ દ્રવ્ય પુદ્ગલરૂપ અથવા પુદ્ગલ દ્રવ્ય જીવરૂપ કદી થઈ શકતું નથી. આમ કેમ નથી થતું ? એનો ઉત્તર એ છે કે તે જ ગુણોમાં એક અગુરુલઘુ નામનો પણ ગુણ છે તેનું કાર્ય એ છે કે કોઈ પણ દ્રવ્ય પરિણમન પોતાના સ્વરૂપમાં જ કરે, એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપ કદી ન થાય, એક ગુણ પણ બીજા ગુણ રૂપ ન થાય, તથા એક દ્રવ્યના અનંત ગુણ જુદા જુદા વિખરાઈ ન જાય પરંતુ તાદાત્મ્યરૂપે ટકી રહે. આ રીતે દ્રવ્ય ક્રમવર્તી–અક્રમવર્તી, નિત્ય–અનિત્ય, ભિન્ન-અભિન્ન, એક–અનેક, ઉભય–અનુભય, પૃથક્–અપૃથક્ આદિ અનેક ધર્મોવાળું વિવક્ષાથી સિદ્ધ છે.

શંકાકાર

**ननु किमिह जगदशरणं विरुद्धधर्मद्वयाधिरोपत्वात्।**
**स्वयमपि संशयदोलान्दोलित इव चलितप्रतीतिः स्यात्।।४१८।।**

**इह कश्चिज्जिज्ञासुर्नित्यं सदिति प्रतीयमानोपि।**
**सदनित्यमिति विपक्षे सति शल्ये स्यात्कथं हि निःशल्यः।।४१९।।**

**इच्छन्नपि सदनित्यं भवति न निश्चितमना जनः कश्चित्।**
**जीवदवस्थत्वादिह सन्नित्यं तद्विरोधिनोऽध्यक्षात्।।४२०।।**
**तत एव दुरधिगम्यो न श्रेयान् श्रेयसे ह्यनेकातः।**
**अप्यात्ममुखदोषात् सव्यभिचारो यतो चिरादिति चेत्।।४२१।।**

**અર્થ :–** શું એક દ્રવ્યમાં બે વિરોધી કર્મ રહી શકે છે ? જો ઉપરના કથનાનુસાર રહી શકે તો તો આ જગતમાં કોઈ પણ શરણ નહિ રહે. સર્વત્ર વિરુદ્ધ ધર્મ ઉપસ્થિત રહેશે. આવી વિરુદ્ધતામાં કોઈ પણ પદાર્થોને સમજવાની ઇચ્છા રાખનાર –જિજ્ઞાસુ કાંઈ નિશ્ચય કરી શકશે નહિ. પણ તે સ્વયં સંશયરૂપી ઝૂલામાં ઝૂલ્યા કરશે, કારણકે તે જે વખતે સત્–વસ્તુને નિત્ય સમજશે તે જ સમયે તેને નિત્યતાની વિરોધી અનિત્યતા પણ તેમાં જણાશે, આવી સ્થિતિમાં તે ન તો વસ્તુમાં નિત્યતા સ્થિર કરી શકશે અને ન તો અનિત્યતા પણ સ્થિર કરી શકશે પરંતુ સદા સશલ્ય–સંશયવાન બની રહેશે. તેવી જ રીતે જો તે એમ સમજશે કે વસ્તુ અનિત્ય જ હોય છે તો પણ તે નિશ્ચિત વિચારવાન નિઃસંશય નહિ બની શકે, કેમકે તે જ સમયે અનિત્યનું વિરોધી નિત્યરૂપ – સદા વસ્તુનું નિજ રૂપ પણ વસ્તુમાં તેને પ્રત્યક્ષ દેખાવા માંડશે. આ વાતોથી જાણી શકાય છે કે અનેકાન્ત–સ્યાદ્વાદ બહુ જ અઘરું છે અર્થાત્ બધા જ એનો પાર પામી શકતા નથી માટે એ સારું નથી, કેમકે જલદીથી એનાથી કલ્યાણ થતું નથી. બીજી વાત એ પણ છે કે આ અનેકાન્ત પોતે જ દોષવાન બની જાય છે, કેમકે એ જે કાંઈ કહે છે તે જ સમયે તેનો નિષેધ–વ્યભિચાર ઊભો થઈ જાય છે, તેથી એ અનેકાન્ત બરાબર નથી ?

ઉત્તર

**तन्न यतस्तदभावे बलवानस्तीह सर्वथैकान्तः।**
**सोपि च सदनित्यं वा सन्नित्यं वा न साधनायालम्।।४२२।।**

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કહેવું બરાબર નથી કેમકે જો અનેકાન્તનો અભાવ માની લેવામાં આવે તો તે વખતે એકાન્ત જ સર્વથા બળવાન સિદ્ધ થશે, તે કાં તો સત્‌ને સર્વથા નિત્ય જ કહેશે અથવા સર્વથા તેને અનિત્ય જ કહેશે પરંતુ સર્વથા એકાન્ત રૂપે પદાર્થમાં ન તો નિત્યતા સિદ્ધ થાય છે કે ન અનિત્યતા સિદ્ધ થાય છે. તેથી એકાંત પક્ષથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. આ જ વાત નિત્ય અનિત્ય પક્ષો દ્વારા નીચે બતાવે છે :–

**सन्नित्यं सर्वस्मादिति पक्षे विक्रिया कुतो न्यायात्।**
**तदभावेपि न तत्त्वं क्रियाफलं कारकाणि यावदिति।।४२३।।**

**परिणामः सदवस्थाकर्मत्वाद्विक्रियेति निर्देशः।**
**तदभावे सदभावो नासिद्धः सुप्रसिद्धदृष्टान्तात्।।४२४।।**

**અર્થ :–** સર્વથા સત્ નિત્ય જ છે. એવો પક્ષ સ્વીકારતાં પદાર્થમાં વિક્રિયા (પરિણમન) ક્યા ન્યાયથી થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. જો પદાર્થમાં વિક્રિયા જ ન માનવામાં આવે તો તેના અભાવમાં પદાર્થ જ સિદ્ધ થતો નથી, ન ક્રિયા પણ સિદ્ધ થાય છે, ન તેનું ફળ સિદ્ધ થાય છે અને ન તેના કારણો સિદ્ધ થાય છે કેમકે સત્ પદાર્થની અવસ્થાઓનું નામ જ પરિણામ છે અને તેને જ વિક્રિયા નામ આપવામાં આવે છે. તે પરિણામનો – પ્રતિક્ષણ થનારી અવસ્થાઓનો અભાવ માનવાથી સત્‌નો જ અભાવ થઈ જાય છે આ વાત અસિદ્ધ નથી, પરંતુ સુપ્રસિદ્ધ દૃષ્ટાંતથી સિદ્ધ છે.

દૃષ્ટાંત

**अथ तद्यथा पटस्य क्रिया प्रसिद्धेति तन्तुसंयोगः।**
**भवति पटाभावः किल तदभावे यथा तदनन्यात्।४२५।।**

**અર્થ :–** એ જગત પ્રસિદ્ધ છે કે અનેક તંતુઓનો સંયોગ જ પટની ક્રિયા છે. જો તે તંતુઓના સંયોગરૂપ પટક્રિયા માનવામાં ન આવે તો પટ જ કાંઈ રહેતું નથી. કેમકે તંતુઓના સંયોગથી જુદો પટ નામનો કોઈ પદાર્થ નથી.

**ભાવાર્થ :–** તંતુઓના સંયોગરૂપ ક્રિયા માનાવાથી જ પટની સત્તા અને તેનાથી શીત નિવારણ આદિ કાર્ય સિદ્ધ થાય છે. જો તંતુ સંયોગરૂપ ક્રિયા માનવામાં ન આવે તો ભિન્ન ભિન્ન તંતુઓથી ન તો પટાત્મક કાર્ય જ સિદ્ધ થાય છે અને ન તે સ્વતંત્ર તંતુઓથી શીત નિવારણાદિ કાર્ય સિદ્ધ થાય છે. તેથી પટની તંતુ સંયોગરૂપ ક્રિયા અવશ્ય માનવી પડે છે.

વિક્રિયાના અભાવમાં બીજા પણ દોષ

**अपि साधनं क्रिया स्यादपवर्गस्तत्फलं प्रमाणत्वात्।**
**तत्कर्ता ना कारकमेतत् सर्वं न विक्रियाभावात्।४२६।।**

**અર્થ :–** જો વિક્રિયા (પરિણમન) માનવામાં આવે તો તો મોક્ષપ્રાપ્તિનું જે સાધન–ઉપાય કરવામાં આવે છે તે તો ક્રિયા બને છે અને તેનું ફળ મોક્ષ પણ પ્રમાણ સિદ્ધ છે તથા તેનો કરનાર–કર્તા પુરુષાર્થી પુરુષ હોય છે. જો પદાર્થમાં વિક્રિયા જ ન માનવામાં આવે તો આમાંથી એક પણ કારક સિદ્ધ થાય નહિ.

**ભાવાર્થ :–** પદાર્થોમાં વિક્રિયા માાનવાથી જ આ જીવની મોક્ષ પ્રાપ્તિ અને તેના સાધનભૂત તપ આદિ ઉત્તમ કાર્ય સિદ્ધ થાય છે. તે સિવાય કાંઈ પણ બની શકતું નથી.

શંકાકાર

**ननु का नो हानिः स्याद्भवतु तथा कारकाद्यभावश्च।**
**अर्थात् सन्नित्यं किल न ह्यौषधमातुरे तमनुवर्ति।।४२७।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે ગ્રંથકારે વિક્રિયાના અભાવમાં જે કારકાદિનું ન બનવું વગેરે દોષ બતાવ્યા છે તે ભલે હો, અર્થાત્ કારકાદિ ભલે સિદ્ધ ન થાય, એમ માનવાથી પણ અમને કોઈ નુકસાન નથી. અમે તો પદાર્થને સર્વથા નિત્ય જ માનીશું. નિત્ય માનવાથી તેમાં મોક્ષ પ્રાપ્તિ વગેરે કાંઈ પણ સિદ્ધ ન થાય એની અમને દરકાર નથી, કેમકે ઔષધ રોગીનો રોગ દૂર કરવા માટે અપાય છે. એ (ઔષધ) રોગીને સારું લાગશે કે ખરાબ લાગશે એ કાંઈ આવશ્યક નથી ?

**ભાવાર્થ :–** ઔષધ આપતી વખતે એ વિચાર કરવામાં આવતો નથી કે રોગી એને અનુકૂળ સમજશે કે નહિ. તેના માનવા ન માનવા ઉપર ઔષધ આપવાનું આધારિત નથી. તેવી જ રીતે અહીં વસ્તુનો વિચાર આવશ્યક છે. તેમાં ભલે કોઈ દોષ પણ આવતો હોય અથવા કોઈનો અભાવ થઈ જતો હોય તો તેનાથી શંકાકારને કાંઈ નુકસાન નથી.

ઉત્તર

**सत्यं सर्वमनीषितमेतत्तदभाववादिना तावत्।**
**यत्सत्तत्क्षणिकादिति यावन्नोदेति जलददृष्टान्तः।।४२८।।**

**અર્થ :–** ગ્રંથકાર કહે છે કે પદાર્થને સર્વથા નિત્ય માનવા આદિ શંકાકારના વિચાર ત્યાં સુધી જ ટકી શકે છે જ્યાં સુધી તેની સામે મેઘનું દૃષ્ટાંત આવ્યું નથી જે સમયે તેની સામે આ અનુમાન મૂકવામાં આવે છે કે જે સત્ છે તે ક્ષણિક પણ છે[X] જેમકે

X सर्वं क्षणिकं सत्त्वात्, જે સત્ છે તે બધું ક્ષણિક જ છે. આ વ્યતિરેક અનુમાનથી બૌદ્ધ પણ પદાર્થોમાં ક્ષણિકતા સિદ્ધ કરે છે. પરંતુ તે એકાંતરૂપે સિદ્ધ કરે છે, આ વાત પ્રત્યક્ષ બાધિત છે. કેમકે પદાર્થોમાં આ તે જ છે, એવી પણ પ્રતીતિ થાય છે.

પાણી આપનાર વાદળા, તે જ સમયે તેના નિત્યતાના વિચાર ભાગી જાય છે અર્થાત્ જે વાદળા હમણાં જ આવતા દેખાય છે તે જ વાદળાં તરત જ નષ્ટ થતાં પણ દેખાય છે. આવી અવસ્થામાં કોણ સાહસ કરી શકે કે તે પદાર્થને સર્વથા નિત્ય કહે ?

સત્‌ને સર્વથા અનિત્ય માનવાથી દોષ

**अयमप्यात्मरिपुः स्यात्सदनित्यं सर्वथेति किल पक्षः।**
**प्रागेव सतो नाशादपि प्रमाणं क्व तत्फलं यस्मात्।।४२९।।**

**અર્થ :–** સત્ – પદાર્થ સર્વથા અનિત્ય છે એવો પક્ષ પણ તેમનો (સત્‌ને અનિત્ય માનનારાઓનો) સ્વયં શત્રુ છે. કેમકે જો સત્ અનિત્ય હોય તો પહેલાં જ તેનો નાશ થઈ જશે પછી પ્રમાણ અને તેનું ફળ કેવી રીતે બની શકે ? અર્થાત્ બની શકતું નથી.

બીજા પણ દોષ

**अपि यत्सत्तदिति वचो भवति च निग्रहकृते स्वतस्तस्य।**
**यस्मात्सदिति कुतः स्यात्सिद्धं तच्छून्यवादिनामिह हि।।४३०।।**

**અર્થ :–** જે દાર્શનિક (બૌદ્ધાદિ) પદાર્થને સર્વથા અનિત્ય માને છે તેમના મતમાં તેમનું વચન જ સ્વયં તેમનું ખંડન કરે છે. કેમકે જે પદાર્થને સર્વથા વિનાશી માનનારા– શૂન્યવાદી છે તેઓ ‘જે સત્ છે તે અનિત્ય છે’ એવું વાક્ય જ કહી શકતા નથી. તેના ન કહેવાનું કારણ પણ એ જ છે કે જ્યારે તેઓ વચન બોલે છે તે વખતે સત્ તો નષ્ટ જ થઈ જાય છે અથવા સર્વથા અનિત્ય પક્ષવાળાઓનાં મતમાં પૂરું વાક્ય જ બોલી શકાતું નથી, કેમકે જ્યાં સુધી તેઓ ‘જે સત્ છે’ આ વાક્યનું ‘સત્’ પદ બોલશે ત્યાં સુધી ‘જે’ નષ્ટ થઈ જશે. જ્યારે ‘છે’ પદ બોલશે ત્યારે ‘સત્’ પદ પણ નષ્ટ થઈ જશે. જ્યારે ઉત્તરાર્ધ ‘તે અનિત્ય છે’ બોલશે ત્યાં સુધીમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધના પહેલાનાં વર્ણ પણ નષ્ટ થઈ જશે. તેથી શૂન્યવાદીઓના મતમાં પદાર્થની સિદ્ધિ તો દૂર રહો, તેનું પ્રતિવાદક વચન પણ બનતું નથી.

**अपि च सदमन्यमानः कथमिव तदभावसाधनायालम्।**
**वन्ध्यासुतं हिनस्मीत्यध्यवसायादिवद्व्यलीकत्वात्।।४३१।।**

**અર્થ :–** જો સત્‌નો અભાવ સ્વીકાર કરતાં જ કોઈ પ્રકારે પદાર્થમાં નિત્યપણાનો અભાવ સિદ્ધ કરવામાં આવે તો એ સિદ્ધ કરવું એટલું જ જૂઠું છે જેટલું કોઈનું એમ કહેવું કે 'હું વંધ્યા સ્ત્રીના પુત્રને મારું છું,' જૂઠ છે.

**ભાવાર્થ :–** જ્યાં વંધ્યા સ્ત્રીને પુત્ર જ હોતો નથી તો પછી મારવો કોને ? તેવી જ રીતે જ્યાં સત્‌નો અભાવ જ સર્વથા અનિત્યવાદીઓએ સ્વીકારી લીધો છે તો તેઓ નિત્યતાનો અભાવ કોનામાં સિદ્ધ કરશે ?

**अपि यत्सत्तन्नित्यं तत्साधनमिह यथा तदेवेदम्।**
**तदभिज्ञानसमक्षात् क्षणिकैकान्तस्य वाधकं च स्यात्।।४३२।।**

**અર્થ :–** બીજી વાત એ પણ છે કે લોકમાં એવી શ્રદ્ધા પણ હોય છે કે જે ક્ષણિક એકાન્તની સર્વથા બાધક છે. તે શ્રદ્ધા આ રીતે છે – જે સત્ છે તે નિત્ય છે, જેમ– આ તે જ વસ્તુ છે જેને પહેલાં અમે જોઈ હતી એવું પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાનની પ્રતીતિ યથાર્થ છે કેમકે તેનાથી લોક યથાર્થ બોધ અને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરે છે. પ્રત્યભિજ્ઞાનની યથાર્થતાથી પદાર્થ પણ નિત્ય સિદ્ધ થઈ જાય છે. કથંચિત્ નિત્યતા વિના પદાર્થમાં પ્રત્યભિજ્ઞાનની પ્રતીતિ થતી જ નથી. તેથી આ પ્રતીતિ જ ક્ષણિક એકાંતની બાધક છે.

સર્વથા નિત્ય માનવામાં દોષ

**क्षणिकैकान्तवदित्यपि नित्यैकान्तेन न तत्त्वसिद्धिः स्यात्।**
**तस्मान्न्यायागतमिति नित्यानित्यात्मकं स्वतस्तत्त्वम्।।४३३।।**

**અર્થ :–** જેમ ક્ષણિક એકાન્તથી પદાર્થની સિદ્ધિ થતી નથી તેવી જ રીતે નિત્ય એકાન્તથી પણ પદાર્થની સિદ્ધિ થતી નથી. તેથી આ વાત ન્યાયથી સિદ્ધ છે કે પદાર્થ કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય પણ છે, ઉભયાત્મક છે.

**ભાવાર્થ :–** જેમ સર્વથા ક્ષણિક અસિદ્ધ છે તેમ સર્વથા નિત્ય પણ અસિદ્ધ છે કેમકે પ્રત્યભિજ્ઞાન જેમ સર્વથા અનિત્યમાં થઈ શકતું નથી તેવી જ રીતે તે સર્વથા નિત્યમાં પણ થઈ શકતું નથી. એનું કારણ પણ આ છે કે પ્રત્યભિજ્ઞાનમાં પૂર્વ અને વર્તમાન એવી બે પ્રકારની પ્રતીતિ થાય છે. સર્વથા નિત્યમાં તેવી જ પ્રતીતિ થઈ શકતી નથી તેથી પદાર્થ નિત્યાનિત્યાત્મક જ યુક્તિ, અનુભવ, આગમથી સુસિદ્ધ છે.

શંકાકાર

**ननु चैकं सदिति स्यात्किमनेकं स्यादथोभयं चैतत्।**
**अनुभयमिति किं तत्त्वं शेषं पूर्ववदथान्यथा किमिति।।४३४।।**

**અર્થ :–** શું સત્ એક છે અથવા અનેક છે અથવા ઉભય છે કે અનુભય છે અથવા બાકીના એક એક ભંગરૂપ છે. અથવા બીજો જ પ્રકાર છે ?

ઉત્તર

**सत्यं सदेकमिति वा सदनेकं चोभयं च नययोगात्।**
**न च सर्वथा सदेकं सदनेकं वा सदप्रमाणत्त्वात्।।४३५।।**

**અર્થ :–** બરાબર છે, સત્ નય દ્રષ્ટિથી એક પણ છે, અનેક પણ છે, ઉભય પણ છે અને અનુભય પણ છે.[X] પરંતુ આ વાત નયવિવક્ષાથી જ બને છે. નયવિવક્ષાની અપેક્ષા છોડીને સર્વથા સત્ને એક કહેવાનું પણ બરાબર નથી, અનેક કહેવું પણ બરાબર નથી,* અને ઉભય કહેવું પણ ઠીક નથી, અનુભય કહેવું પણ ઠીક નથી, કેમકે સર્વથા એકાંતરૂપે એક અનેક સત્ અપ્રમાણ જ છે.

---

X च શબ્દથી અનુભયાદિનું ગ્રહણ કરવામાં આવે છે.

* અહીં 'वा' શબ્દથી ઉભયાદિનું ગ્રહણ કરી લેવું જોઈએ.

સત્ કથંચિત્ એક છે

**अथ तद्यथा सदेकं स्यादविभिन्नप्रदेशवत्वाद्वा।**
**गुणपर्यायांशैरपि निरंशदेशादखण्ड सामान्यात्।।४३६।।**

**અર્થ :–** ગુણ પર્યાયરૂપ અંશોના પ્રદેશો અભિન્ન હોવાથી સત્ એક છે અથવા અખંડ સામાન્યની અપેક્ષાએ નિરંશ–અંશ રહિત દેશ હોવાથી સત્ એક છે.

**ભાવાર્થ :–** દ્રવ્યમાં ગુણ પર્યાયો એવી રીતે છે કે જે રીતે જળમાં કલ્લોલો હોય છે. જેમ જળથી કલ્લોલોની સત્તા ભિન્ન નથી તેવી જ રીતે દ્રવ્યથી ગુણ પર્યાયોની સત્તા પણ ભિન્ન નથી. કેવળ વિવક્ષાથી દ્રવ્ય ગુણ પર્યાયોની કલ્પના કરવામાં આવે છે, શુદ્ધ દ્રષ્ટિથી જે દ્રવ્ય છે તે જ ગુણ પર્યાય છે, જે ગુણ છે તે જ દ્રવ્ય પર્યાય છે અથવા જે પર્યાય છે તે જ દ્રવ્ય ગુણ છે તેથી જ્યારે ત્રણે એક જ છે તો પછી ન તો તેમની ભિન્ન સત્તા છે અને ન તેમના ભિન્ન પ્રદેશ છે. તથા શુદ્ધ દ્રષ્ટિથી ન તેમાં અંશ કલ્પનાય છે પરંતુ નિરંશ–અખંડ દેશાત્મક એક જ સત્ છે.

તથા

**द्रव्येण क्षेत्रेण च कालेनाषीह चाथ भावेन।**
**सदखण्डं नियमादिति यथाधुना वक्ष्यते हि तल्लक्ष्म।।४३७।।**

**અર્થ :–** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભાવની અપેક્ષાએ નિયમથી સત્ અખંડ છે, હવે આ ચારેયની અપેક્ષાએ સત્માં અખંડતા ક્રમપૂર્વક સિદ્ધ કરવામાં આવે છે.

દ્રવ્ય–વિચાર

**गुणपर्ययवद्रव्यं तद्गुणपर्ययवपुः सदेकं स्यात्।**
**न हि किञ्चिद्गुणरूपं पर्ययरूपं च किञ्चिदंशाशै।।४३८।।**

**અર્થ :–** ગુણ પર્યાયવાળું દ્રવ્ય છે અર્થાત્ ગુણ પર્યાય જ દ્રવ્યનું શરીર છે, ગુણ પર્યાય સ્વરૂપ જ દ્રવ્ય છે તેથી સત્ એક છે. એમ નથી કે તેના કેટલાક અંશ તો ગુણરૂપ હોય અને કેટલાક પર્યાયરૂપ હોય.

દૃષ્ટાંત

**रूपादितन्तुमानिह यथा पटः स्यात्स्वयं हि तद्द्वैतम्।**
**नहि किञ्चिद्रूपमयं तन्तुमयं स्यात्तदंशगर्भांशैः।।४३९।।**

**અર્થ :–** રૂપાદિ વિશિષ્ટ તંતુવાળું પટ કહેવાય છે. આ કથનની અપેક્ષાએ તે સ્વયં દ્વૈતભાવ ધારણ કરે છે. પરંતુ એમ નથી કે પટમાં કેટલાક અંશ તો રૂપમય છે અને કેટલાક તંતુમય છે. પરંતુ રૂપ, તંતુ, પટ ત્રણે એક જ પદાર્થ છે. કેવળ વિવક્ષાથી તેમાં દ્વૈતભાવ છે.

**न पुनर्गोरसवदिदं नानासत्त्वैकसत्त्वसामान्यम्।**
**सम्मिलितावस्थायामपि धृतरूपं च जलमयं किञ्चित्।।४४०।।**

**અર્થ :–** સત્‌માં જે એકત્વ છે, તે ગોરસ સમાન અનેક સત્તાઓના સંમેલનથી એક સામાન્ય સત્ય રૂપ નથી. જેમ – ગોરસ (દૂધ આદિ)ની મળેલી અવસ્થામાં કેટલોક ઘીનો ભાગ છે અને કેટલોક પાણીનો ભાગ છે પરંતુ સંમેલન હોવાના કારણે તેમને એક જ ગોરસ તરીકે કહેવાય છે, તેવી રીતે સત્‌માં એકત્વ નથી.

**ભાવાર્થ :–** જેમ ગોરસમાં કેટલાક પદાર્થોની જુદી જુદી સત્તા છે પરંતુ મેળાપના કારણે એક ગોરસની જ સત્તા કહેવાય છે. તેવી જ રીતે સત્ એક કહેવાતું નથી પરંતુ એક સત્તા હોવાથી તે એક કહેવાય છે.

**अपि यदशक्यविवेचनमिह न स्याद्वा प्रयोजकं यस्मात्।**
**क्वचिदश्मनि तद्भावान्माभूत्कनकोपलद्वयाद्वैतम्।।४४१।।**

**અર્થ :–** અથવા એમ પણ કહી શકાતું નથી કે જો કે સત્‌માં ભિન્ન ભિન્ન સત્તાઓ છે પરંતુ તેમનું ભિન્ન ભિન્ન વિવેચન કરી શકાતું નથી, તેથી સત્‌ને એક અથવા એક સત્તાવાળું કહી દેવામાં આવે છે. જેમકે સ્વર્ણપાષાણામાં સ્વર્ણ અને પાષાણ બે પદાર્થ છે પરંતુ તેમનું ભિન્ન ભિન્ન વિવેચન અશક્ય છે તેથી તેનું એક જ પથ્થરના નામે કથન થાય છે. આમ કહેવાથી જેમ કનકોપલ – સ્વર્ણપાષાણમાં દ્વૈતભાવ છે તેમ સત્‌માં પણ દ્વૈતભાવ સિદ્ધ થશે, પરંતુ સ્વર્ણપાષાણમાં જેમ ભિન્ન ભિન્ન બે પદાર્થ છે તેમ સત્‌માં નથી. સત્‌ વાસ્તવમાં એક સત્તાવાળું એક જ છે.

સારાંશ

**तस्मादेकत्वं प्रति प्रयोजकं स्यादखण्डवस्तुत्वम्।**
**प्रकृतं यथा सदेकं द्रव्येणाखण्डितं मतं तावत्।।४४२।।**

**અર્થ :–** તેથી એકત્વ સિદ્ધ કરવા માટે ન તો ભિન્ન ભિન્ન અનેક સત્તાઓનું સંમેલન પ્રયોજક છે અને ન અશક્ય વિવેચન પણ એકત્વનું પ્રયોજક છે પણ અખંડ વસ્તુત્વ જ તેનું પ્રયોજક છે. અર્થાત્‌ જે અખંડ પ્રદેશી – એક સત્તાત્મક પદાર્થ છે તે જ એક છે. પ્રકૃતમાં દ્રવ્યની અપેક્ષાએ પણ આવું જ અખંડ પ્રદેશી એકત્વ સત્‌માં માનવામાં આવ્યું છે.

શંકાકાર

**ननु यदि सदेव तत्त्वं स्वयं गुणः पर्ययः स्वयं सदिति।**
**शेषः स्यादन्यतरस्तदितरलोपस्य दुर्निवारत्वात्।।४४३।।**

**न च भवति तथावश्यम्भावात्तत्समुदयस्य निर्देशात्।**
**तस्मादनवद्यमिदं छायादर्शवदनेकहेतुः स्यात्।।४४४।।**

**અર્થ :–** જો સ્વયં સત્‌ જ દ્રવ્ય છે, સ્વયં જ ગુણ છે, સ્વયં જ પર્યાય છે તો એક

શેષ રહેવું જોઈએ અર્થાત્ જો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે એક જ છે તો ત્રણમાંથી કોઈ એક કહી શકાય અને બાકીના બેનો લોપ થવો અવશ્યંભાવી છે, પરંતુ તેમ થતું નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય, ત્રણેનું કથન જ આવશ્યક જણાય છે તેથી આ વાત જ નિર્દોષ સિદ્ધ થાય છે કે સત્ છાયા અને દર્પણની જેમ અનેક કારણજન્ય છે ?

**ભાવાર્થ :–** જો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે એક જ વસ્તુ હોય તો તો એક શેષ રહેવું જોઈએ, બેનો લોપ થઈ જવો જોઈએ. જો ત્રણેય ત્રણ વસ્તુ હોય તો તે અવશ્ય સત્‌ને અનેક હેતુવાળું સિદ્ધ કરે છે અને અનેક હેતુવાળું હોવાથી સત્‌માં અનેકત્વ પણ સિદ્ધ થશે ?

ઉત્તર

**सत्यं सदनेकं स्यादपि तद्धेतुश्च यथा प्रतीतत्वात्।**
**न च भवति यथेच्छं तच्छायादर्शवदसिद्धदृष्टान्तात्।।४४५।।**

**અર્થ :–** બરાબર છે, કથંચિત્ સત્ અનેક પણ છે તથા યથાયોગ્ય અનેક હેતુક પણ છે. પરંતુ તેમાં અનેક હેતુતા છાયા અને દર્પણની જેમ ઇચ્છાનુસાર નથી પરંતુ પ્રતીતિ અનુસાર છે. સત્‌ના વિષયમાં છાયા અને દર્પણનું દૃષ્ટાંત અસિદ્ધ છે. કેમ અસિદ્ધ છે ? તેનો જ ઉત્તર નીચે આપવામાં આવે છે.

**प्रतिबिम्बः किल छाया वदनादर्शादिसन्निकर्षाद्वै।**
**आदर्शस्य सा स्यादिति पक्षे सदसदिव वाऽन्वयाभावः।।४४६।।**

**यदि वा सा वदनस्य स्यादिति पक्षोऽसमीक्ष्यकारित्वात्।**
**व्यतिरेकाभावः किल भवति तदास्यस्य सतोप्यच्छायत्वात्।।४४७।।**

**અર્થ :–** નિયમથી પ્રતિબિંબનું નામ જ છાયા છે. તે મુખ અને દર્પણના સંબંધથી થાય છે. જો તે છાયાને કેવળ દપર્ણની જ કહેવામાં આવે તો એવો પક્ષ માનવાથી સત્ અસત્ સમાન ઠરશે. અથવા અન્વય નહિ બને. અર્થાત્ જો છાયાને દપર્ણની જ કહેવામાં આવે તો જ્યાં જ્યાં દર્પણ હોય ત્યાં ત્યાં છાયા હોવી જોઈએ પરંતુ એમ

જોવામાં આવતું નથી, છાયા વિના પણ દર્પણ જોવામાં આવે છે. પરંતુ દ્રવ્ય ગુણ પર્યાયમાં તેવો અન્વયાભાવ નથી. કથંચિત્ ત્રણે સહભાવી છે અને કથંચિત્ એક છે. જો તે છાયા મુખની કહેવામાં આવે તો એ પક્ષ પણ વગર વિચાર્યે કહેલો જ જણાય છે, કેમકે મુખની છાયા માનવાથી વ્યતિરેક બનતો નથી. જો મુખની જ છાયા માનવામાં આવે છે તો જ્યાં જ્યાં છાયા નથી ત્યાં ત્યાં મુખ પણ ન હોવું જોઈએ, પરંતુ આ વાત અસિદ્ધ છે, જ્યાં મુખ દેખવામાં આવે છે ત્યાં છાયા દેખવામાં નથી પણ આવતી. પરંતુ દ્રવ્ય ગુણ પર્યાયમાં એવો વ્યતિરેકનો દોષ નથી. જ્યાં દ્રવ્ય નથી ત્યાં ગુણ પર્યાય પણ નથી અને જ્યાં ગુણ પર્યાય નથી ત્યાં દ્રવ્ય પણ નથી. ત્રણેમાં રૂપ, રસ, ગંધ સ્પર્શની જેમ અભિન્નતા છે. તેથી સત્‌ના વિષયમાં છાયા અને દર્પણનું દૃષ્ટાંત બરાબર નથી.

## સારાંશ

**एतेन निरस्तोभून्नानासत्त्वैकसत्त्ववादीति।**
**प्रत्येकमनेकम्प्रति सद्रव्यं सन्गुणो यथेत्यादि।।४४८।।**

**અર્થ :–** કોઈ દર્શનકાર (નૈયાયિકાદિ) એમ માને છે કે દ્રવ્યની સત્તા ભિન્ન છે, ગુણની ભિન્ન છે, કર્મની ભિન્ન છે અને તે બધી ભિન્ન ભિન્ન સત્તાવાળા પદાર્થોમાં એક મહાસત્તા રહે છે. આ રીતે જુદી જુદી સત્તાઓ ઉપર એક સત્તા માનનારનું ઉપર્યુક્ત ખંડન કરવામાં આવ્યું છે.

**ભાવાર્થ :–** નૈયાયિક ૧૬ પદાર્થ માને છે. વૈશેષિક ૭ પદાર્થ માને છે. તે સાત પદાર્થ આ પ્રમાણે છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય, અભાવ. ઉપર કહેલા બંનેય મત આ સાત પદાર્થોને ભિન્ન ભિન્ન માને છે. પરંતુ વાસ્તવમાં આ સાતેય જુદા જુદા નથી પરંતુ સાતેય મળીને એક જ પદાર્થ છે. કેમકે ગુણોનો સમૂહ જ દ્રવ્ય છે. ગુણ દ્રવ્યથી જુદો પદાર્થ નથી. ગુણોમાં બે પ્રકારના ગુણ છે. (૧) ભાવાત્મક (૨) ક્રિયાત્મક. ક્રિયાત્મક ગુણનું નામ જ કર્મ છે. તે જ ગુણોમાં દ્રવ્યની સત્તા ટકાવનાર અસ્તિત્વ નામનો ગુણ છે, તેને જ સામાન્ય નામથી કહેવાય છે. વિશેષ ગુણોને જ વિશેષ નામથી કહેવામાં આવે છે. વિવક્ષાવશ દ્રવ્ય ગુણોમાં કથંચિત્ ભિન્નતા પણ લાવવામાં આવે છે. તે વખતે તેમાં જે તાદાત્મ્ય સંબંધ માનવામાં આવે છે તેનું જ નામ નૈયાયિકોએ સમવાય રાખ્યું

છે. વિવક્ષાવશ જે એક પદાર્થમાં બીજા પદાર્થોના અભાવરૂપ નાસ્તિત્વ ધર્મ રહે છે, તેને જ તેમણે સ્વતંત્ર અભાવ પદાર્થ માની લીધો છે. આ રીતે એક પદાર્થની અનેક અવસ્થાઓને જ ઉક્ત દર્શનકારોએ ભિન્ન ભિન્ન પદાર્થ માન્યા છે. પરંતુ એમનું એ પ્રમાણે માનવું ઉપર્યુક્ત રીતે સર્વથા બાધિત છે.

## ક્ષેત્ર–વિચાર

**क्षेत्रं प्रदेश इति वा सदधिष्ठानं च भूर्निवासश्च।**
**तदपि स्वयं सदेव स्यादपि यावन्न सत्प्रदेशस्थम्।४४९।।**

**અર્થ :–** ક્ષેત્ર કહો, પ્રદેશ કહો, સત્‌નો આધાર કહો, સત્‌ની પૃથ્વી કહો, સત્‌નો નિવાસ કહો, એ બધું પર્યાયવાચી છે. પરંતુ એ સર્વ સ્વયં સત્ સ્વરૂપ જ છે. એમ નથી કે સત્ કોઈ બીજો પદાર્થ છે અને ક્ષેત્ર બીજું છે, અને તે ક્ષેત્રમાં સત્ રહે છે. પરંતુ સત્ અને તેના પ્રદેશ બંને એક જ વાત છે. સત્‌નું ક્ષેત્ર સ્વયં સત્‌નું સ્વરૂપ જ છે.

**ભાવાર્થ :–** જે આકાશના પ્રદેશોમાં સત્–પદાર્થ રહેલો છે તેમને સત્‌નું ક્ષેત્ર કહેતા નથી, તે ક્ષેત્રમાં તો બીજા પણ અનેક દ્રવ્યો છે. પરંતુ જે પોતાના પ્રદેશોમાં સત્ પોતાના સ્વરૂપથી વ્યાપ્ત છે તે જ સત્‌ના પ્રદેશ કહેવાય છે. અર્થાત્ જેટલા નિજ દ્રવ્યના પ્રદેશોમાં સત્ વહેંચાયેલું છે તે જ તે દ્રવ્યનું ક્ષેત્ર છે.

## પ્રદેશ ભેદ

**अथ ते त्रिधा प्रदेशाः क्वचिन्निरंशैकदेशमात्रं सत्।**
**क्वचिदपि च पुनरसंख्यदेशमयं पुनरनन्तदेशवपुः।।४५०।।**

**અર્થ :–** તે પ્રદેશ ત્રણ પ્રકારે છે –કોઈ સત્ તો નિરંશ એટલે કે જેનો બીજો ખંડ ન થઈ શકે એવા એક દેશમાત્ર છે, કોઈ સત્ અસંખ્યપ્રદેશવાળું છે અને કોઈ અનંતપ્રદેશી પણ છે.

**ભાવાર્થ :–** એક પરમાણુ અથવા એક કાળદ્રવ્ય એક પ્રદેશી છે. અહીં પ્રદેશનું તાત્પર્ય પરમાણુ અને કાળ દ્રવ્યના આધારભૂત આકાશનું નથીX પરંતુ પરમાણુ અને કાળદ્રવ્યના પ્રદેશનું છે બંનેય દ્રવ્ય એકપ્રદેશી છે. ધર્મદ્રવ્ય, અધર્મ દ્રવ્ય, એક જીવદ્રવ્ય એ અસંખ્ય પ્રદેશી છે.* આકાશ અનંતપ્રદેશી છે.

આશંકા અને ઉત્તર

**ननु च द्वयणुकादि यथा स्यादपि संख्यातदेशि सत्त्विति चेत्।**
**न यतः शुद्धादेशैरूपचारस्याविवक्षिततत्वाद्वा।।४५१।।**

**અર્થ :–** જેમ એક પ્રદેશ, અસંખ્ય પ્રદેશ અને અનંત પ્રદેશવાળા દ્રવ્ય બતાવવામાં આવ્યાં છે. તેવી જ રીતે સંખ્યાત પ્રદેશી દ્રવ્ય પણ બતાવવું જોઈએ. અને આવાં દ્રવ્ય દ્વયણુક, ત્ર્યણુક, ચતુરણુક, + શતાણુક, લક્ષાણુક આદિ પુદ્‌ગલ સ્કંધ હોઈ શકે છે. તેમને શા માટે છોડી દેવામાં આવ્યા ? પરંતુ ઉપર્યુક્ત આશંકા બરાબર નથી, કેમકે અહીં શુદ્ધનયની અપેક્ષાથી શુદ્ધ દ્રવ્યોનું કથન છે, ઉપચરિત દ્રવ્યોનું કથન નથી.

**ભાવાર્થ :–** સંખ્યાત પ્રદેશી કોઈ દ્રવ્ય નથી. પરંતુ કેટલાક પુદ્‌ગલ દ્રવ્યોના મેળથી થનારા સ્કંધો છે. તે અહીં વિવક્ષિત નથી. પરમાણુ અને કાળ દ્રવ્યને સંખ્યાત પ્રદેશી કહેવામાં આવ્યા નથી પરંતુ નિરંશ – એક પ્રદેશ માત્ર કહેવામાં આવ્યા છે.

---

X **जावदियं आयाशं अविभागी पुग्गलाणुवट्ठद्धं तं**
**खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं। द्रव्यसंग्रह।**
અહીં પ્રદેશનું માપ બતાવવા માટે તેનું ઉપચરિત લક્ષણ કરવામાં આવ્યું છે. પરંતુ ઉપર વસ્તુ-પ્રદેશ લેવામાં આવેલ છે.

* અસંખ્યાત પ્રદેશી પુદ્‌ગલ સ્કંધ પણ હોય છે. પરંતુ તેનું અહીં ગ્રહણ નથી, કેમકે તેના પ્રદેશ ઉપચરિત છે. અહીં શુદ્ધોનું જ ગ્રહણ છે.

\+ બે અણુઓનો મળેલો સ્કંધ દ્વયણુક અને ત્રણનો મળેલો ત્ર્યણુક કહેવાય છે. એવી જ રીતે સો અણુઓનો મળેલો સ્કંધ શતાણુક કહેવાય છે. પરંતુ નૈયાયિક દાર્શનિક ત્રણ દ્વયણુકોના મળેલા એક ત્ર્યણુકને માને છે. ચાર દ્વયણુકોનો મળેલો ચતુરણુક માને છે. દ્વયણુકને તો તેઓ પણ બે પરમાણુઓનો સ્કંધ કહે છે.

બીજો પ્રકાર

**अयमर्थः सद्द्वेधा यथैकदेशीत्यनेकदेशीति।**
**एकमनेकं च स्यात्प्रत्येकं तन्नयद्वयान्न्यायात्।।४५२।। =**

**અર્થ :–** તાત્પર્ય એ છે કે સત્‌ના બે ભેદ છે. (૧) એકદેશી (૨) અનેકદેશી. આ બંનેમાં પ્રત્યેક જ બે નયોની વિવક્ષાથી એક અને અનેકરૂપ છે.

**ભાવાર્થ :–** આ શ્લોક દ્વારા પ્રદેશોના ભેદ ત્રણના સ્થાને બે જ બતાવ્યા છે અને અસંખ્યાત તથા અનંત પ્રદેશ – અનેકમાં ગર્ભિત કરવામાં આવ્યા છે. જે એકપ્રદેશી છે તે દ્રવ્ય પણ નય સામાન્યની અપેક્ષાથી એક પ્રકારનું અને નય વિશેષની અપેક્ષાથી અનેક પ્રકારનું છે. એવી જ રીતે અનેક પ્રદેશી દ્રવ્ય પણ સમજવું જોઈએ.

**अथ यस्य यदा यावद्यदेकदेशे यथास्थितं सदिति।**
**तत्तावत्तस्य तदा तथा समुदितं च सर्वदेशेषु।।४५३।।**

**અર્થ :–** જે વખતે જે દ્રવ્યના એક દેશમાં જેવી રીતે સત્ રહે છે તેવી રીતે તે દ્રવ્યના સર્વ દેશોમાં તે સમયે સત્ સમુદિત રહે છે.

**ભાવાર્થ :–** દ્રવ્યના એક પ્રદેશમાં જે સત્ છે તે જ તેના સર્વ પ્રદેશોમાં છે. અહીં તિર્યક્ અંશ કલ્પના દ્વારા વસ્તુમાં ક્ષેત્રનો વિચાર કર્યો છે. જેમ – કોઈ વસ્તુ એક આંગળ પહોળી, બે આંગળ લાંબી અને તેટલી જ જાડી છે. જો એવી વસ્તુમાં તિર્યક્ અંશ કલ્પના કરવામાં આવે તો તે વસ્તુ પ્રદેશોના વિભાગની અપેક્ષાએ તેટલી જ લાંબી, પહોળી, જાડી સમજવામાં આવશે અને તેના પ્રદેશ તેટલા જ ક્ષેત્રમાં સમજવામાં આવશે. યાદ રહે કે આ ક્ષેત્ર તે દ્રવ્યના આધારભૂત આકાશરૂપ નથી પરંતુ તે જ વસ્તુના પ્રદેશરૂપ છે તથા તે એક આંગળ પહોળા, બે આંગળ લાંબા, જાડા પ્રદેશ અખંડ – એક સત્તાવાળા છે તેથી તે બધા પ્રદેશોમાં એક જ સત્ છે અથવા તે બધા પ્રદેશ એક સત્ એક દ્રવ્યના નામથી કહેવાય છે.

= 'तन्न तद्द्वयान्नायात्' એવો મૂળ પુસ્તકમાં પાઠ છે તે અશુદ્ધ જણાય છે.

**इत्यनवद्यमिदं स्याल्लक्षणमुद्देशि तस्य तत्र यथा।**
**क्षेत्रेणाखण्डित्वात् सदेकमित्यत्र नयविभागोऽयम्।।४५४।।**

**અર્થ :–** આ રીતે તે સત્‌નું આ નિર્દોષ લક્ષણ ક્ષેત્રની અપેક્ષાએ કહેવામાં આવ્યું. એક સત્‌ના બધા જ પ્રદેશ અખંડ છે તેથી તે બધા એક જ સત્ કહેવાય છે આ જ એકત્વ વિવક્ષામાં નય વિભાગ છે.

**न पुनश्चैकापवरकसञ्चरितानेकदीपवत्सदिति।**
**हि यथा दीपसमृद्धौ प्रकाशवृद्धिस्तथा न सद्वृद्धिः।।४५५।।**

**અર્થ :–** જેવી રીતે કોઈ મકાનની અંદર એક દીવો, પછી બીજો દીવો, પછી ત્રીજો દીવો, પછી ચોથો એ જ ક્રમે દીપક લાવવામાં આવે તો જેટલી જેટલી દીપકોની સંખ્યા વધતી જશે તેટલી તેટલી જ પ્રકાશની વૃદ્ધિ પણ થતી જશે. તે પ્રમાણે સત્ નથી. સત્‌ની વૃદ્ધિ અનેક દીવાઓના પ્રકાશ સમાન હોતી નથી.

તથા

**अपि तत्र दीपशमनेकस्मिंश्चित्तत्प्रकाशहानिः स्यात्।**
**न तथा स्यादविवक्षितदेशे तद्धानिरेकरूपत्वात्।।४५६।।**

**અર્થ :–** એમ પણ નથી કે જેમ મકાનમાં રાખેલા અનેક દીવાઓમાંથી કોઈ એક દીવો બુઝાવી નાખવાથી તે મકાનમાં થોડોક પ્રકાશ ઓછો થઈ જાય છે, તેમ સત્ પણ ઘટી જાય છે, પરંતુ અવિવક્ષિત દેશમાં સત્‌ની હાનિ થતી નથી, તે સદા એકરૂપ જ રહે છે.

**ભાવાર્થ :–** ઉપર્યુક્ત બંને શ્લોકોમાં સત્‌ના વિષયમાં અનેક દીપકોનું દૃષ્ટાંત વિષમ

X જો કે એક દીવો પણ અનેક પરમાણુઓનો સમૂહ હોવાથી અનેક દ્રવ્યોનો સમૂહ છે તો પણ સ્થૂળ દૃષ્ટિથી તેને દૃષ્ટાંતાંશમાં એક જ સમજવો જોઈએ. તેથી તેના પ્રકાશની મંદતા અને અધિકતાની ઉપેક્ષા જ કરવામાં આવે છે. જે દૃષ્ટિએ દૃષ્ટાંતનો પ્રયોગ કરવામાં આવે છે તે જ દૃષ્ટિએ તેનો તેટલો જ અંશ સર્વત્ર લેવો યોગ્ય છે.

છે. કેમકે અનેક દીવા અનેક દ્રવ્ય છે. અનેક દ્રવ્યોનું દૃષ્ટાંત એક દ્રવ્ય માટે કેવી રીતે યોગ્ય હોઈ શકે ? ભિન્ન ભિન્ન દીપકોનો ભિન્ન ભિન્ન જ પ્રકાશ હોય છે, સર્વ દીપકોનો સમૂહ જ ઘણા પ્રકાશનો હેતુ છે. તેથી કોઈ દીવો લાવવાથી પ્રકાશની વૃદ્ધિ થવી અને કોઈ દીવો ત્યાંથી ખસેડી લેવાથી પ્રકાશની હાનિ થવી આવશ્યક છે પરંતુ એક સત્‌ના વિષયમાં અનેક દ્રવ્યોનું દૃષ્ટાંત બરાબર નથી. હા, જો એક જ દીવાનું દૃષ્ટાંત તેના વિષયમાં આપવામાં આવે તો સમ છે. જેમ એક દીવો કોઈ મોટા ઓરડામાં રાખવામાં આવે તો તેનો પ્રકાશ તે વિશાળ ઓરડામાં ફેલાઈ જાય છે, જો તેને નાની કોટડીમાં રાખવામાં આવે તો તેનો પ્રકાશ તેમાં જ રહી જાય છે, જો તેને ઘડામાં રાખીએ તો તેનો તે વિશાળ ઓરડામાં ફેલાનારો પ્રકાશ તે જ ઘડામાં આવી જાય છે. અહીં વિચારવાની વાત આટલી જ છે કે જે સમયે દીવો વિશાળ ઓરડામાં આપણે મૂક્યો છે, તે સમયે દીવાના પ્રદેશો કાંઈ વધી ગયા નથી અને જે સમયે તે કોટડી અને ઘડાની અંદર તેને મૂક્યો છે ત્યારે તેના પ્રદેશ ક્રમપૂર્વક ઘટી ગયા નથી, પરંતુ તે જેટલા છે તેટલા જ છે. દીવાના જેટલા કોઈ પ્રકાશ પરમાણુ તે બધા તેટલા જ છે. નાના મોટા ઓરડામાં અને ઘડામાં દીવો મૂકવાથી તે જરા પણ ઘટ્યા વધ્યા નથી, ફક્ત આવરક (પ્રકાશને રોકનાર પ્રદેશ – ઓરડો, કોટડી, ઘડો વગેરે) ના ભેદથી તે સંકુચિત અને વિસ્તૃત થઈ ગયા છે. જો તેમણે નાનું ક્ષેત્ર મેળવ્યું તો તેટલામાં જ તે સંકોચાઈને સમાય ગયા છે. જો તેમણે મોટું ક્ષેત્ર મેળવ્યું છે તો ત્યાં તે ફેલાઈને સમાય ગયા છે x આ જ દૃષ્ટાંત સ્પષ્ટ કરવા માટે બીજા દૃષ્ટાંતનો ઉલ્લેખ કરી દેવો પણ આવશ્યક છે. જેમ – એક મણ રૂ પીંજવાથી તે એક મોટા લાંબા પહોળા કોઠામાં સમાય શકે, પરંતુ તે જ રૂ જ્યારે યંત્રમાં દબાઈને ગાંસડીના રૂપમાં આવી જાય તો બહુ જ નાના સ્થાનમાં (બે ફૂટ લાંબા, પહોળા, મોટા સ્થાનથી પણ ઘણું કરીને ઓછા ક્ષેત્રમાં) સમાય જાય છે. અહીં વિચાર કરવાનું આ જ સ્થળ છે કે રૂના પ્રદેશો પીંજતી વખતે શું ક્યાંયથી આવીને વધી જાય છે ? અથવા ગાંસડી બાંધતી વખતે તેના કેટલાક પ્રદેશ ક્યાંય ચાલ્યા જાય છે ? વાસ્તવિક દૃષ્ટિથી આ બંનેમાથી એક પણ વાત નથી. કેમકે બંનેય અવસ્થાઓમાં રૂનું વજન કરતાં એક જ મણ રહે છે.* જો તેના કેટલાક અંશ ક્યાંક ચાલ્યા જતા

* રૂ પીંજતી વખતે જે તેમાંથી કેટલીક ધૂળ (કાંકરી) નીકળી જવાથી રૂ ઘટી જાય છે તેટલો અંશ દૃષ્ટાંતાંશ કહેવાય નહિ. જો તેને પણ લેવો હોય તો ધૂળના પ્રમાણમાં બીજું રૂ ઉમેરીને પછી તેને દૃષ્ટાંત બનાવવું.

હોત તો અવશ્ય તેના વજનમાં ઘટ થવી જોઈએ અથવા વૃદ્ધિ થતાં તેના વજનમાં વૃદ્ધિ થવી જોઈએ, પરંતુ રૂમાં ઘટવધ જરા પણ થતી નથી આ વાત માનવી જ પડે છે કે રૂના અથવા દીવાના પ્રદેશ જેટલા છે તે તેટલા જ સદા રહે છે. ફક્ત નિમિત્ત કારણથી તેમનામાં સંકોચ અને વિસ્તાર થાય છે. બસ સ્થૂળતાથી આ જ દૃષ્ટાંતોની તુલના દૃષ્ટાંત સત્ રાખે છે. સત્ જેટલા પ્રદેશોમાં વિભાજિત છે તે સદા તેટલા જ પ્રદેશોમાં રહે છે. તેના પ્રદેશોમાં અથવા તેમાં કદી અધિકતા કે હીનતા થઈ શકતી નથી. ફક્ત બીજા દ્રવ્યના નિમિત્તે તેમનામાં અથવા તેમાં સંકોચ અને વિસ્તાર થઈ શકે છે. જો પદાર્થમાં ન્યૂનાધિકતા થવા લાગે તો સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ પણ સ્વયં સિદ્ધ થાય. પછી પદાર્થોમાં કાર્યકારણભાવનો અભાવ થવાથી સંકર, વ્યતિકર, અનવસ્થા, શૂન્યતા આદિ અનેક દોષ પણ સ્વયં ઉપસ્થિત થઈ જાય કે જે કોઈ પણ પદાર્થને આ વિશ્વમાં ટકવા ન દે.

### સર્વથા અભિન્નતા પણ પ્રયોજક નથી

**नात्र प्रयोजकं स्यान्नियतनिजाभोगदेशमात्रत्वम्।**
**तदनन्यथात्वसिद्धो सदनेकं क्षेत्रतः कथं स्याद्वा।।४५७।।**

**અર્થ :–** અહીં એ પણ પ્રયોજન નથી કે સત્ જેટલા દેશમાં (અહીં દેશનું તાત્પર્ય આકાશની અપેક્ષાએ છે) રહે છે તેનું નિયમિત તેટલું જ ક્ષેત્ર કહેવામાં આવે, જો એમ જ કહેવામાં આવે અને સત્‌માં અન્યથાપણું ન માનવામાં આવે તો ક્ષેત્રની અપેક્ષાએ સત્ અનેક કેવી રીતે સિદ્ધ થાય ?

### આશંકા અને તેનો ઉત્તર

**सदनेकं देशानामुपसंहारात्प्रसर्पणादिति चेत्।**
**न यतो नित्यविभूनां व्योमादीनां न तद्धि तदयोगात्।।४५८।।**
**अपि परमाणोरिह वा कालाणोरेकदेशमात्रत्वात्।**
**कथमिव सदनेकं स्यादुपसंहारप्रसर्पणाभावात्।।४५९।।**

**અર્થ :–** સત્‌ના પ્રદેશોનો સંકોચ વિસ્તાર થાય છે તેથી સત્ અનેક છે એવી આશંકા બરાબર નથી. જો સત્‌ના પ્રદેશોનો સંકોચ વિસ્તાર થવાથી જ તેને અનેક કહેવામાંઆવે તો આકાશ આદિ નિત્ય–વિભુ (સર્વ વ્યાપક) પદાર્થોમાં અનેકપણું નહિ ઘટી શકે કેમકે આકાશ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્યના પ્રદેશોનો સંકોચ વિસ્તાર જ થતો નથી તથા પરમાણુ અને કાલાણુ આ બે દ્રવ્ય એક એક પ્રદેશમાત્ર છે. એમાં સંકોચ વિસ્તાર થઈ જ શકતો નથી, તો પછી એમનામાં અનેકત્વ કેવી રીતે સિદ્ધ થશે ?

**ભાવાર્થ :–** સંકોચ વિસ્તારથી જ સત્‌માં અનેકપણું માનવું યોગ્ય નથી.

શંકાકાર

**ननु च सदेकं देशैरिव संख्यां खण्डयितुमशक्यत्वात्।**
**अपि सदनेकं देशैरिव संख्यानेकतो नयादिति चेत्।।४६०।।**

**અર્થ :–** પ્રદેશોની જેમ સત્‌ની સંખ્યાનો ખંડ કરી શકાતો નથી તેથી તો સત્ એક છે અને પ્રદેશોની જેમ સત્ અનેક સંખ્યાવાળું છે. આ નયથી તે અનેક છે ?

**ભાવાર્થ :–** સત્ સદા અખંડ રહે છે તેથી તો તે એક છે પરંતુ અખંડ રહેવા છતાં પણ તેના પ્રદેશોની સંખ્યા અનેક છે તેથી તે અનેક પણ કહેવાય છે ?

ઉત્તર

**न यतोऽशक्यविवेचनमेकक्षेत्रावगाहिनां चास्ति।**
**एकत्वमनेकत्वं न हि तेषां तथापि तदयोगात्।।४६१।।**

**અર્થ :–** સત્‌માં ઉપર્યુક્ત રીતે એકત્વ અનેકત્વ લાવવું બરાબર નથી, કેમકે ખંડ તો એક ક્ષેત્રાવગાહી અનેક પદાર્થોનો પણ થતો નથી અર્થાત્ આકાશ, ધર્મ, અધર્મ, કાળ આ દ્રવ્યોમાં પણ ક્ષેત્રભેદ નથી. એમના ક્ષેત્રનો ભેદ કરવો પણ અશક્ય જ છે. જો કે આ પદાર્થોમાં ક્ષેત્રભેદની અપેક્ષાએ અનેકત્વ નથી તોપણ આ રીતે તેમનામાં એકત્વ અથવા અનેકત્વ ઘટતું નથી.

**ભાવાર્થ :–** લોકાકાશમાં સર્વત્ર ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય અને આકાશદ્રવ્યના પ્રદેશ અનાદિકાળથી મળેલા છે અને અનંતકાળ સુધી સદા મળેલા જ રહેશે. તેમનો કદી ક્ષેત્રભેદ થઈ શકતો નથી. પંરતુ વાસ્તવમાં તે ચારેય દ્રવ્ય જુદા જુદા છે. જો શંકાકારના આધારે પ્રદેશોનો ખંડ ન થવાની અપેક્ષાએ જ સત્‌માં એકત્વ આવતું હોય તો ધર્માદિ ચારે દ્રવ્યોમાં એકતા જ સિદ્ધ થશે.

શંકાકાર

**ननु ते यथा प्रदेशाः सन्ति मिथो गुम्फितैकसूत्रत्वात्।**
**न तथा सदनेकत्वादेकक्षेत्रावगाहिनः सन्तिः।।४६२।। +**

**અર્થ :–** જેમ એક દ્રવ્યના પ્રદેશ સૂત્રમાં ગૂંથાયેલા હોય છે તેમ એક ક્ષેત્રાવગાહી અનેક દ્રવ્યોના નથી હોતા ?

**ભાવાર્થ :–** શંકાકાર ફરીવાર પોતાની શંકા પુષ્ટ કરે છે કે જેમ એક દ્રવ્યના પ્રદેશ અખંડ હોય છે તેમ અનેક દ્રવ્યોના એક ક્ષેત્રમાં રહેવા છતાં પણ અખંડ પ્રદેશ નથી હોતા, તેથી તેણે જે પ્રદેશોની અખંડતાથી સત્‌માં એકત્વ બતાવ્યું હતું તે બરાબર જ છે ?

ઉત્તર

**सत्यं तत्र निदानं किमिति तदन्वेषणीयमेव स्यात्।**
**तेनाखण्डितमिव सत् स्यादेकमनेकदेशवत्त्वेपि।।४६३।।**

**અર્થ :–** ઠીક છે, એક પદાર્થના પ્રદેશ જેમ અખંડ હોય છે તેમ એક ક્ષેત્રાવગાહી – અનેક પદાર્થોના નથી હોતા એનું જ કારણ ગોતવું જોઈએ કે જેથી અનેક પ્રદેશવાળું હોવા છતાં પણ સત્ એક – અખંડ લાગે.

**ભાવાર્થ :–** આચાર્યને શંકાકારનો ઉપર્યુક્ત ઉત્તર કથંચિત્ ઠીક લાગ્યો છે તેથી

+ મૂળ પુસ્તકમાં 'सदेकत्वात्' પાઠ છે.

તેમણે અખંડતાના કારણ ઉપર વિચાર કરવા માટે તેને પ્રશ્ન કર્યો છે. હવે તેઓ એ જાણવા ઇચ્છે છે કે શંકાકાર પદાર્થમાં કઈ રીતે અખંડતા માને છે.

શંકાકાર

**ननु तत्र निदानमिदं परिणममाने यदेकदेशेस्य।**
**वेणोरिव पर्वसु किल परिणमनं सर्वदेशेषु।।४६४।।**

**અર્થ :–** એક પદાર્થમાં અખંડતાનું આ નિદાન–સૂચક છે કે તેના એક ભાગમાં પરિણમન થતાં સર્વ દેશમાં પરિણમન થાય છે. જેમ કોઈ વાંસને એક ભાગથી ફેરવવામાં આવતા તેની બધી ગાંઠોમાં અર્થાત્ આખા વાંસમાં પરિણમન (હલન) થાય છે ?

**ભાવાર્થ :–** વાંસનું દૃષ્ટાંત આપવાથી પ્રસિદ્ધ છે કે શંકાકાર અનેક સત્તાવાળા પદાર્થોને પણ એક જ સમજે છે.

ઉત્તર

**तन्न यतस्तद्ग्राहकमिव प्रमाणं त नास्त्यदृष्टान्तात्।**
**केवलमन्वयमात्रादपि वा व्यतिरेकिणश्च तदसिद्धेः।।४६५।।**

**અર્થ :–** એક દેશમાં પરિણમન થવાથી સર્વ દેશોમાં પરિણમન થવું એક વસ્તુની અખંડતામાં નિદાન થઈ શકતું નથી. કારણકે આ વાતને સિદ્ધ કરનાર ન તો કોઈ પ્રમાણ છે અને ન કોઈ તેનું સાધક દૃષ્ટાંત છે. જો ઉપર્યુક્ત કથન (એક દેશમાં પરિણમન થવાથી સર્વ દેશમાં પરિણમન થાય છે) માં અન્વય વ્યતિરેક બંને ઘટતા હોય તો તો તેની સિદ્ધિ થઈ શકે છે, નહિ તો ફક્ત અન્વય માત્રથી અથવા વ્યતિરેક માત્રથી ઉક્ત કથનની સિદ્ધિ થઈ શકતી નથી. અહીં સદૃશ પરિણમનની અપેક્ષાએ અન્વય કથંચિત્ બને પણ છે પરંતુ વ્યતિરેક સર્વથા જ બનતું નથી.

શંકાકાર

**ननु चैकस्मिन् देशे कस्मिंश्चित्त्वन्यतरेपि हेतुवशात्।**
**परिणमति परिणमन्ति हि देशाः सर्वे सदेकतस्त्विति चेत्।।४६६।।**

**અર્થ :–** કારણવશ કોઈ અન્યતર એક દેશમાં પરિણમન થતાં સર્વ દેશોમાં પરિણમન થાય જ છે, કેમકે તે બધા પ્રદેશોની એક જ સત્તા છે.

**ભાવાર્થ :–** શંકાકારે આ અન્વય વચન કહ્યું છે.

ઉત્તર

**न यतः सव्यभिचारः पक्षोनैकान्तिकत्व दोषत्वात्।**
**परिणमति समयदेशे तद्देशाः परिणमन्ति चेति यथा।।४६७।।**

**અર્થ :–** ઉપર જે અન્વય બતાવવામાં આવેલ છે તે બરાબર નથી કેમકે તેવો અન્વય પક્ષ અનૈકાન્તિક દોષ આવવાથી વ્યભિચારી (દોષવાળો) છે. તે દોષ આ રીતે આવે છે કે અનેક સત્તાવાળા–મળેલા પદાર્થોમાં કોઈ સાંકેતિક દેશમાં પરિણમન થતાં બધા દેશોમાં બધા પદાર્થોમાં પરિણમન થાય છે.

**ભાવાર્થ :–** શંકાકારે એક દેશનું પરિણમન થવામાં એક સત્તાનો હેતુ બતાવ્યો હતો પરંતુ તેમાં દોષ આવે છે. કેમકે અનેક સત્તાવાળા પદાર્થોમાં થનારું સદ્દશ પરિણમન પણ એક પરિણમનના નામથી ઓળખાય છે. સૂક્ષ્મ દ્દષ્ટિથી વિચાર કરવામાં આવે તો પ્રત્યેક પદાર્થનું પરિણમન જુદું જુદું થાય છે, પરંતુ સ્થૂળતાથી સમાન પરિણમન એક જ પરિણમન કહી દેવામાં આવે છે. એક કહેવાનું કારણ પણ અનેક પદાર્થોનો ઘનિષ્ટ સંબંધ છે. જેમ વાંસમાં જે પરિણમન થાય છે તેમાં પ્રત્યેક પરમાણુનું પરિણમન જુદું જુદું છે. પરંતુ સમુદાયની અપેક્ષાથી આખા વાંસના પરિણમનને એક જ પરિણમન કહેવામાં આવે છે. શંકાકાર વસ્તુના એક દેશના પરિણમનથી તેના સર્વ દેશમાં પરિણમન માને છે પરંતુ આવો પક્ષ યુક્તિ સંગત નથી તેથી આચાર્યે બતાવી દીધેલ છે.

શંકાકાર

**व्यतिरेके वाक्यमिदं यदपरिणमति सदेकदेशे हि।**
**क्वचिदपि न परिणमन्ति हि तद्देशाः सर्वतः सदेकत्वात्।।४६८।।**

**અર્થ :–** વ્યતિરેક પક્ષમાં આ વાક્ય છે – કોઈ વસ્તુના એક દેશનું પરિણમન ન થતાં તેના સર્વ દેશોમાં પણ પરિણમન થતું નથી. કેમકે તે બધા દેશોની એક જ સત્તા છે.

**ભાવાર્થ :–** શંકાકારે ઉપર અન્વય વાક્ય કહ્યું હતું તેમાં ગ્રંથકારે અનૈકાન્તિક દોષ બતાવ્યો હતો. હવે આ શ્લોક દ્વારા તેણે વ્યતિરેક વાક્ય કહ્યું છે.

ઉત્તર

**तन्न यतः सति सति वै व्यतिरेकाभाव एव भवति यथा।**
**तद्देशसमयभावैरखण्डितत्त्वात्सतः स्वतः सिद्धात्।।४६९।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે શંકાકારે જે વ્યતિરેક વાક્ય કહ્યું છે તે બનતું જ નથી કેમકે પદાર્થ સદાત્મક છે અર્થાત્ તેનું સત્ લક્ષણ છે અને જેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય થયા કરે તેને સત્ કહે છે. જ્યારે પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મક – સત્ રૂપ છે ત્યારે તેમાં વ્યતિરેક સર્વથા જ બનતો નથી. કેમકે તે દેશમાં પ્રતિક્ષણ અખંડ રીતે પરિણમન થયા કરે છે અને તે પદાર્થનું સ્વતઃ સિદ્ધ પરિણમન છે.

**ભાવાર્થ :–** એવો કોઈ સમય નથી જે સમયે પદાર્થમાં પરિણમન ન થતું હોય. જો એવો સમય કોઈવાર માનવામાં આવે તો તે સમયે તે પદાર્થનો જ અભાવ સિદ્ધ થશે. કેમકે તે સમયે તેમાં સત્તા લક્ષણ જ ઘટિત નહિ થાય. તેથી શંકાકારનું આ કથન કે 'જ્યાં એક દેશમાં પરિણમન નથી હોતું ત્યાં સર્વ દેશમાં પણ નથી હોતું' સર્વથા નિર્મૂળ છે.

વાંસનું દૃષ્ટાંત આપીને એક દેશના પરિણમનથી સર્વ દેશોના પરિણમન દ્વારા

શંકાકારે જે અખંડ પ્રદેશિતા વસ્તુમાં સિદ્ધ કરી હતી તે આ અન્વય વ્યતિરેક ન બનવાથી સિદ્ધ થઈ શકી નહિ તેથી એક સત્તા જ એક વસ્તુની અખંડ પ્રદેશિતાની નિયામક છે.

**एवं ये केऽपि दूरादपनेतव्या हि लक्षणाभासाः।**
**यदकिञ्चित्कारित्वादत्रानधिकारिणोऽनुक्ताः।।४७०।।**

**અર્થ :–** આ જ પ્રમાણે બીજા પણ જે લક્ષણાભાસ છે તેમને પણ દૂરથી જ છોડી દેવા જોઈએ. કેમકે તેનાથી કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. એવા અકિંચિત્કર લક્ષણાભાસોનો અહીં અમે ઉલ્લેખ પણ કરતા નથી. તેમનો પ્રયોગ કરવો તે અધિકાર બહારની વાત છે.

કાળ–વિચાર

**कालः समयो यदि वा तद्देशे वर्त्तनाकृतिश्चार्थात्।**
**तेनाप्यखण्डितत्वाद्भवति सदेकं तदेकनययोगात्।।४७१।।**

**અર્થ :–** કાળ, સમય અથવા તે દેશ (વસ્તુ)માં વર્તનારૂપ આકારનું થવું; આ ત્રણેય વાતો એક છે. તે કાળથી પણ વસ્તુ અખંડિત છે. વસ્તુમાં આ અખંડતા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ લાવવામાં આવે છે.

**ભાવાર્થ :–** અહીં કાળથી તાત્પર્ય કાળ દ્રવ્યનું નથી પરંતુ દ્રવ્યમાત્રથી છે અથવા પ્રત્યેક વસ્તુના કાળથી છે. જે કાળ દ્રવ્ય છે તે તો દરેક વસ્તુના પરિણમનમાં ઉદાસીન કારણ છે પરંતુ દરેક દ્રવ્યના પરિણમનનાં ઉપાદાન કારણ સ્વયં તે દ્રવ્ય જ છે. તે જ પરિણમનશીલ દ્રવ્યનો અહીં સ્વ–કાળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, પ્રત્યેક વસ્તુનું પ્રતિક્ષણ પરિણમન થયા કરે છે. આવા અનાદિકાળથી અનંતકાળ સુધી થનારા પરિણમનોના સમુદાયનું નામ જ દ્રવ્ય છે. વસ્તુની એક સમયની અવસ્થા તે વસ્તુથી અભિન્ન છે. તે પ્રત્યેક સમયમાં થનારી અવસ્થા જ તે વસ્તુનો કાળ છે. તે કાળની અપેક્ષાએ પણ વસ્તુ અખંડ અને એક છે.

આનું જ સ્પષ્ટ કથન

**अयमर्थः सन्मालामिह संस्थाप्य प्रवाहरूपेण।**
**क्रमतो व्यस्तसमस्तैरितस्ततो वा विचारयन्तु बुधाः।।४७२।।**

**तत्रैकावसरस्थं यद्यावद्याद्दगस्ति सत्सर्वम्।**
**सर्वावसरसमुदितं तत्तावत्ताद्दगस्ति सत्सर्वम्।।४७३।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો સ્પષ્ટ અર્થ આ છે કે એક પદાર્થ અનાદિકાળથી અનંતકાળ સુધી (સદા) નવી નવી પર્યાયો ધારણ કર્યા કરે છે. તેથી પદાર્થ તે સમસ્ત અવસ્થાઓનો સમૂહ જ છે. તે પર્યાય સમૂહરૂપ પદાર્થમાળા ઉપર બુદ્ધિમાન પુરુષ વિચાર કરે તો તેઓ આ વાત સમજી લેશે કે પ્રવાહરૂપે થનારી ક્રમથી ભિન્ન ભિન્ન અથવા સમસ્ત પર્યાયો પદાર્થરૂપ જ છે અથવા પદાર્થ જ પ્રવાહપૂર્વક થનારી તે પર્યાયો સ્વરૂપ છે. કોઈ પણ રૂપે પદાર્થની ઉપર વિચાર કરવામાં આવે તો એ જ વાત સિદ્ધ થાય છે કે પદાર્થ એક સમયમાં થનારી અવસ્થારૂપ જેવો છે તેવો જ બધા સમયોમાં થનારી અવસ્થાઓ સ્વરૂપ પણ તે જ છે અથવા તે જેટલો એક સમયમાં થનારી અવસ્થારૂપ છે, તેટલો જ તે બધા સમયોમાં થનારી અવસ્થાઓ રૂપ છે.

*** न पुनः कालसमृद्धौ यथा शरीरादिवृद्धिरिति वृद्धौ।**
**अपि तद्धानौ हानिर्न तथा वृद्धिर्न हानिरेव सतः।।४७४।।**

**અર્થ :–** એમ નથી કે જેમ કાળની વૃદ્ધિ થતાં શરીરાદિની વૃદ્ધિ થાય છે અને કાળની હાનિ થતાં શરીરાદિની હાનિ થાય છે, તેવી રીતે સત્‌ની પણ હાનિ વૃદ્ધિ થતી હોય. શરીરાદિની હાનિ વૃદ્ધિ સમાન ન તો પદાર્થની વૃદ્ધિ થાય છે અને ન હાનિ થાય છે.

**ભાવાર્થ :–** જેમ નાની ઉમરનું બાળક નાના શરીરવાળું હોય છે પરંતુ મોટી

* 'न पुनः' ના સ્થાને 'च पुनः ' પાઠ સંશોધિત પુસ્તકમાં છે તે જ ઠીક જણાય છે. નહિતર ત્રણ નકારમાં એક વ્યર્થ જ લાગે છે.

ઉમરનું થતાં તે જ બાળક હૃષ્ટપુષ્ટ – લાંબા પહોળા શરીરવાળો યુવાન–પુરુષ થાય છે. વૃક્ષ, વનસ્પતિઓમાં પણ એ જ વાત જોવામાં આવે છે. કાળ પ્રમાણે તે પણ અંકુર અવસ્થાથી વધીને ઊંચા વૃક્ષ અને લત્તાઓ રૂપ થઈ જાય છે, તે પ્રમાણે એક પદાર્થની હાનિ વૃદ્ધિ થતી નથી. તેના વિષયમાં શરીરાદિનું દૃષ્ટાંત વિષમ છે. શરીરાદિ પુદ્‌ગલ દ્રવ્યની સ્થૂળ પર્યાય છે અને તે અનેક દ્રવ્યોનો સમૂહ છે. અનેક પરમાણુઓના મેળથી બનેલો સ્કંધ જ જીવ શરીર છે. તે પરમાણુઓની ન્યૂનતામાં તે ન્યૂન, અને તેમની અધિકતામાં તે અધિક થઈ જાય છે, પરંતુ એક દ્રવ્યમાં આવી ન્યૂનતા, અધિકતા થઈ શકતી નથી. તે જેવડું છે તેવડું જ રહે છે. પુદ્‌ગલ દ્રવ્યમાં એક પરમાણુ પણ જેવડો છે તે સદા તેવડો જ બની રહેશે. તેમાં ન્યૂનાધિકતા કદી કાંઈ નહિ થાય. તેમાં પરિણમન કોઈ પણ પ્રકારનું થયા કરો.x

શંકાકાર

**+ ननु भवित पूर्वपूर्वभावध्वंसान्नु हानिरेव सतः।**
**स्यादपि तदुत्तरोत्तरभावोत्पादेन वृद्धिरेव सतः।।४७५।।**

**અર્થ :–** જ્યારે પદાર્થમાં પહેલાં પહેલાં ભાવોનો નાશ થતો જાય છે તો અવશ્ય જ પદાર્થની હાનિ થાય છે અને જ્યારે ઉત્તરોત્તર – નવીન ભાવોનો તેમાં ઉત્પાદ થતો રહે છે તો અવશ્ય તેની વૃદ્ધિ થાય છે ?

ઉત્તર

**नैवं सतो विनाशादसतः सर्गादसिद्धसिद्धान्तात्।**
**सदनन्यथाऽथ वा चेत्सदनित्यं कालतः कथं तस्य।।४७६।।**

---

x જેમ ક્ષેત્રની અપેક્ષાએ વસ્તુમાં વિષ્કંભક્રમથી વિચાર થાય છે તેમ કાળની અપેક્ષાએ તેમાં વિચાર થતો નથી. ક્ષેત્રની અપેક્ષાએ તો તેના પ્રદેશોનો વિચાર થાય છે. વસ્તુનો એક પ્રદેશ તેના સર્વ દેશમાં રહેતો નથી. પરંતુ કાળની અપેક્ષાએ એક ગુણાંશ તે વસ્તુના સર્વ દેશમાં રહે છે. પ્રત્યેક સમયે એક ગુણની જે અવસ્થા થાય છે તેને જ ગુણાંશ કહે છે.

\+ મૂળ પુસ્તકમાં હાનિના સ્થાને વૃદ્ધિ અને વૃદ્ધિના સ્થાને હાનિ પાઠ છે તે બરાબર નથી.

**અર્થ :–** ઉપર્યુક્ત કથન બરાબર નથી. જો પદાર્થની હાનિ અને વૃદ્ધિ થવા લાગે તો સત્ પદાર્થનો વિનાશ અને અસત્નો ઉત્પાદ પણ સ્વયં સિદ્ધ થશે અને એવો સિદ્ધાંત સર્વથા અસિદ્ધ છે અથવા જો પદાર્થને સર્વથા એક રૂપે જ માની લેવામાં આવે, તેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ન માનવામાં આવે તો એમ માનનારના મતમાં કાળની અપેક્ષાએ સત્ અનિત્ય કેવી રીતે સિદ્ધ થશે ? અર્થાત્ પરિણમન સ્વીકાર્યા વિના પદાર્થમાં અનિત્યતા પણ કાળની અપેક્ષાએ આવી શકતી નથી.

**नासिद्धमनित्यत्वं सतस्ततः कालतोऽप्यनित्यस्य।**
**परिणामित्त्वान्नियतं सिद्धं तज्जलधरादिदृष्टान्तात्।।૪૭૭।।**

**અર્થ :–** પદાર્થ કથંચિત્ અનિત્ય છે એ વાત અસિદ્ધ પણ નથી. કાળની અપેક્ષાએ તે સદા પરિણમન કર્યા જ કરે છે, તેથી તેમાં કથંચિત્ અનિત્યતા સ્વયંસિદ્ધ છે. આ વિષયમાં મેઘ–વીજળી આદિ અનેક દૃષ્ટાંત પ્રત્યક્ષ સિદ્ધ છે.

સારાંશ

**तस्मादनवद्यमिदं परिणममानं पुनः पुनः सदपि।**
**स्यादेकं कालादपि निजप्रमाणादखण्डितत्त्वाद्वा।।૪૭૮।।**

**અર્થ :–** ઉપરના કથનથી આ વાત નિર્દોષ રીતે સિદ્ધ થાય છે કે સત્ વારંવાર પરિણમન કરતું હોવા છતાં પણ કાળની અપેક્ષાએ તે એક છે. કેમકે તેનું જેટલું પ્રમાણ (પરિમાણ) છે, તેનાથી તે સદા અખંડ રહે છે.

**ભાવાર્થ :–** ફરી ફરી પરિણમનની અપેક્ષાએ તો સત્માં અનેકપણું આવે છે તથા તેમાં અખંડ નિજરૂપની અપેક્ષાએ એકત્વ આવે છે. તેથી કાળની અપેક્ષાએ સત્ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય અથવા કથંચિત્ એક અને કથંચિત્ અનેક સિદ્ધ થઈ ગયું.

ભાવ–વિચાર

**भावः परिणाममयः शक्तिविशेषोऽथवा स्वभावः स्यात्।**
**प्रकृतिः स्वरूपमात्रं लक्षणमिह गुणश्च धर्मश्च।।४७९।।**

**અર્થ :–** ભાવ, પરિણામ, શક્તિ, વિશેષ, સ્વભાવ, પ્રકૃતિ, સ્વરૂપ, લક્ષણ, ગુણ, ધર્મ આ બધા ભાવના જ પર્યાયવાચક છે.

**तेनाखण्डतया स्यादेकं सच्चैकदेशनययोगात्।**
**तल्लक्षणमिदमधुना विधीयते सावधानतया।।४८०।।**

**અર્થ :–** તે ભાવથી સત્ અખંડ છે. તેથી એકદેશ નયથી (ગુણોની અખંડતાના કારણે) તે કથંચિત્ એક છે. ભાવની અપેક્ષાએ સત્ એક છે. આ વિષયનું લક્ષણ (સ્વરૂપ) સાવધાનીથી આ સમયે કહેવામાં આવે છે :–

**सर्वं सदिति यथा स्यादिह संस्थाप्य गुणपंक्तिरूपेण।**
**पश्यन्तु भावासादिह निःशेषं सन्नशेषमिह किञ्चित्।।४८१।।**

**અર્થ :–** સંપૂર્ણ સત્‌ને ગુણોની પંક્તિરૂપે જો સ્થાપિત કરવામાં આવે તો તે સંપૂર્ણ સત્‌ને આપ ભાવરૂપ જ દેખશો, ભાવો (ગુણો) સિવાય સત્‌માં બીજું કાંઈ પણ આપને જણાશે નહિ.

**ભાવાર્થ :–** સત્ ગુણના સમુદાયરૂપ છે. તેથી તેને જો ગુણોની દૃષ્ટિએ જોવામાં આવે તો તે ગુણ–ભાવ રૂપ જ જણાશે. તે વખતે ગુણો સિવાય તેનું ભિન્ન રૂપ કાંઈ પણ લાગશે નહિ. જેમ થડ, ડાળી, ઝૂમખાં, પાંદડા, ફળ, ફૂલ આદિ વૃક્ષના અવયવોને અવયવરૂપે જોવામાં આવે તો પછી સમગ્ર વૃક્ષ અવયવ સ્વરૂપ જ જણાય છે. અવયવોથી ભિન્ન વૃક્ષ કોઈ વસ્તુ ઠરતી નથી. કેમકે અવયવોનો સમૂહ જ વૃક્ષ છે. તેવી જ રીતે એક દ્રવ્યના – દ્રવ્યત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ, અસ્તિત્વ, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, રૂપ, રસ, ગંધ, અમૂર્તિત્વ આદિ ગુણોને ગુણરૂપે જોવામાં આવે તો પછી

તેનાથી ભિન્ન દ્રવ્ય કોઈ પદાર્થ બાકી રહી જતો નથી. કેમકે ગુણોનો સમૂહ જ દ્રવ્ય છે, તેથી ભાવની વિવક્ષામાં પદાર્થ ભાવમય જ છે.

**एकं तत्रान्यतरं भावं समपेक्ष्य यावदिह सदिति।**
**सर्वानपि भावानिह व्यस्तसमस्तानपेक्ष्य सत्तावत्।।४८२।।**

**અર્થ :–** તે સંપૂર્ણ ભાવો (ગુણો)માંથી જ્યારે કોઈ એક ભાવની વિવક્ષા કરવામાં આવે છે તો આખું સત્ તે જ રૂપે (તન્મય) પ્રતીત થાય છે. આ જ પ્રમાણે ભિન્ન ભિન્ન ભાવોની અથવા સમસ્ત ભાવોની વિવક્ષા કરવાથી સત્ પણ તેટલું જ પ્રતીત થાય છે.

**न पुनर्द्वयणुकादिरिति स्कन्धः पुद्गलमयोऽस्त्यणूनां हि।**
**लघुरपि भवति लघुत्वे सति च महत्वे महानिहास्ति यथा।४८३।।**

**અર્થ :–** જેમ પુદ્‌ગલમય દ્વિ અણુકાદિ સ્કંધ પરમાણુઓ ઓછા થવાથી નાનો અને તેમના વધવાથી મોટો થઈ જાય છે, તેમ સત્‌માં નાનાપણું, મોટાપણું થતું નથી. અર્થાત્ તેમાં ન તો કોઈ ગુણ ક્યાંય ચાલ્યો જાય છે અને ન કોઈ ક્યાંયથી આવી જાય છે. તે જેવડો છે તેવડો જ સદાય રહે છે.

સ્પષ્ટ વિવેચન

**अयमर्थो वस्तु यदा लक्ष्येत विवक्षितैकभावेन।**
**तन्मात्रं सदिति स्यात्सन्मात्रः स च विवक्षितो भावः।।४८४।।**
**यदि पुनरन्यतरेण हि भावेन विवक्षितं सदेव स्यात्।**
**तन्मात्रं सदिति स्यात्सन्मात्रः स च विवक्षितो भावः।।४८५।।**

**અર્થ :–** જે વખતે  જે વિવક્ષિતભાવથી વસ્તુ કહેવામાં આવે છે, તે સમયે તે તે જ ભાવમય પ્રતીતિમાં આવે છે અને તે વિવક્ષિતભાવ પણ સત્સ્વરૂપ પ્રતીત થાય

છે, જો કોઈ બીજા ભાવથી વસ્તુની વિવક્ષા કરવામાં આવે છે તો તે તે જ ભાવમય પ્રતીત થાય છે અને તે વિવક્ષિત ભાવ પણ તે જ રૂપે (સત્સ્વરૂપ) પ્રતીત થાય છે.

**ભાવાર્થ :–** જે સમયે જે ભાવની વિવક્ષા કરવામાં આવે છે તે સમયે આખી વસ્તુ તે જ ભાવરૂપ પ્રતીત થાય છે બાકીના બધા ગુણ તેમાં જ અંતર્લીન થઈ જાય છે. એનું કારણ પણ તેમનો તાદાત્મ્યભાવ છે.

**अत्रापि च संदृष्टिः कनकः पीतादिमानिहास्ति यथा।**
**पीतेन पीतमात्रौ भवति गुरुत्वादिना च तन्मात्रः।।४८६।।**

**न च किञ्चित्पीतत्वं किंचित्स्निग्धत्वमस्ति गुरुता च।**
**तेषामिह समवायादस्ति सुवर्णस्त्रिसत्त्वसत्ताकः।।४८७।।**

**इदमत्र तु तात्पर्यं यत्पीतत्वं गुणः सुवर्णस्य।**
**अन्तर्लीनगुरुत्वादि वक्ष्यते तद्गुरुत्वेन।।४८८।।**

**અર્થ :–** વસ્તુની જે ભાવથી વિવક્ષા કરવામાં આવે છે તે જ ભાવમય તે જણાય છે. આ વિષયમાં સુવર્ણ (સોના) નું દૃષ્ટાંત પણ છે. સુવર્ણમાં પીળાપણું, ભારેપણું, ચમકદારપણું આદિ અનેક ગુણ છે. જે સમયે તેની પીત ગુણથી વિવક્ષા કરવામાં આવે છે તે વખતે તે પીળું જ જણાય છે તથા જે સમયે તે સુવર્ણની ગુરુત્વ ગુણથી વિવક્ષા કરવામાં આવે છે તે સમયે તે ગુરુ રૂપ જ જણાય છે. એમ નથી કે તે સોનામાં થોડીક પીળાશ છે, થોડી સ્નિગ્ધતા છે અને થોડીક ગુરુતા છે અને તે બધાના સમવાયથી ત્રણ સત્તાવાળું એક સોનું કહેવાય છે. * અહીં આટલું જ તાત્પર્ય છે કે જે સોનાનો પીત

* ન્યાયદર્શન ગુણ ગુણીનો સર્વથા ભેદ માને છે. સોનામાં જે પીળાશ, ગુરુતા આદિ ગુણ છે તેમને તે સોનાથી સર્વથા જુદા જ માને છે અને પ્રત્યેક ગુણની ભિન્ન ભિન્ન સત્તા પણ માને છે. પરંતુ તેનું એ પ્રમાણે માનવું સર્વથા બાધિત છે. જો પ્રત્યેક ગુણની ભિન્ન ભિન્ન સત્તા હોય તો ગુણને દ્રવ્ય કહેવું જોઈએ. કારણકે જેમ દ્રવ્ય ભિન્ન સત્તાવાળું સ્વતંત્ર છે તેમ ગુણ પણ ભિન્ન સત્તાવાળો સ્વતંત્ર હોવો જોઈએ. જો બંનેય સ્વતંત્ર હોય તો એક ગુણ અને બીજો ગુણી એવો વ્યવહાર કેવી રીતે થઈ શકે ? બીજી વાત એ પણ છે કે જો ગુણ દ્રવ્યથી સર્વથા જુદા હોય તો તેઓ જેવી

ગુણ છે, તેમાં ગુરુત્વ આદિ ગુણો અંતર્ભૂત છે તેથી સોનું કેવળ ગુરુત્વ ગુણ દ્વારા પણ ઓળખાવાય છે.

**ભાવાર્થ :–** સોનાના પીતત્વ, ગુરુત્વ, સ્નિગ્ધત્વ આદિ બધા ગુણોમાં તાદાત્મ્ય છે. તે બધા અભિન્ન છે, તેથી વિવક્ષિત ગુણ પ્રધાન થઈ જાય છે અને બાકીના બધા તેમાં જ અંતર્લીન થઈ જાય છે. સોનું તે સમયે વિવક્ષિત ગુણ રૂપ જ બધી બાજુથી પ્રતીતમાં આવે છે.

**ज्ञानत्वं जीवगुणस्तदिह विवक्षावशात्सुखत्वं स्यात्।**
**अन्तर्लीनत्वादिह तदेकसत्त्वं तदात्मकत्वाच्च।।४८९।।**

**અર્થ :–** જીવનો જે જ્ઞાન ગુણ છે, તે જ વિવક્ષાવશ સુખરૂપ થઈ જાય છે કેમકે સુખ ગુણ જ્ઞાન ગુણમાં અંતર્લીન (અંદર છૂપાયેલો) રહે છે. તેથી વિવક્ષા કરતાં જ્ઞાન સુખરૂપ જ પ્રતીત થાય છે. જે સમયે જીવની સુખ ગુણથી વિવિક્ષા કરવામાં આવે છે, તે સમયે તે સુખ સ્વરૂપ જ પ્રતીત થાય છે. તે સમયે જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ સર્વ ગુણોની સુખ સ્વરૂપ જ એક સત્તા પ્રતીતિમાં આવે છે.

શંકાકાર

**ननु निर्गुणा गुणा इति सूत्रे सूक्तं प्रमाणतो वृद्धैः।**
**तत्किं ज्ञानं गुण इति विवक्षितं स्यात्सुखत्वेन।।४९०।।**

**અર્થ :–** સૂત્રકાર –પૂર્વ મહર્ષિઓએ ગુણોનું લક્ષણ બતાવતાં તેમને નિર્ગુણ બતાવ્યા છે, એવું સૂત્ર પણ છે – 'द्रव्याश्रया निर्गुणा गुणाः' અને આ વાત સપ્રમાણ સિદ્ધ કરવામાં આવી છે. તો પછી કઈ રીતે જીવનો જ્ઞાન ગુણ સુખરૂપે વિવક્ષિત કરી શકાય ?

રીતે સમવાય સંબંધથી એક દ્રવ્યની સાથે રહે છે તેવી રીતે કોઈ બીજા દ્રવ્યની સાથે પણ રહી શકે, તો પછી અમુક ગુણ અમુક દ્રવ્યનો જ છે અથવા અમુક ગુણ અમુક દ્રવ્યમાં જ રહે છે, એવી પ્રતીતિનો સર્વથા લોપ થઈ જશે. આ દોષો ઉપરાંત બીજા પણ અનેક દોષ ગુણ ગુણીને સર્વથા જુદા માનવામાં આવે છે.

**ભાવાર્થ :–** જો એક ગુણમાં બીજો ગુણ રહેતો જ નથી એવો સિદ્ધાંત છે તો જ્ઞાનમાં સુખની અંતર્લીનતા અથવા સુખમાં જ્ઞાનની અંતર્લીનતા અહીં કેમ બતાવી છે ?

ઉત્તર

**सत्यं लक्षणभेदात्गुणभेदो निर्विलक्षणः स स्यात्।**
**तेषां तदेकसत्त्वादखण्डितत्वं प्रमाणतोऽध्यक्षात्।।४९१।।**

**અર્થ :–** બરાબર છે, પરંતુ વાત એમ છે કે ગુણોમાં જે ભેદ છે તે તેમના લક્ષણોના ભેદથી છે. તે એવો ભેદ નથી કે ગુણોને સર્વથા જુદા જુદા સિદ્ધ કરતો હોય. તે બધા ગુણોની એક જ સત્તા છે તેથી પ્રત્યક્ષ પ્રમાણથી તેમનામાં અખંડતા–અભેદ સિદ્ધ છે.

**ભાવાર્થ :–** જે પૂર્વ મહર્ષિઓએ 'द्रव्याश्रया निर्गुणा गुणाः' આ સૂત્ર દ્વારા બતાવ્યું છે, તેનો અને આ કથનનો એક જ આશય છે. શંકાકારને જે તે બંનેમાં વિરુદ્ધતા જણાય છે તેનું કારણ તેની અણસમજણ છે. તે અપેક્ષા સમજ્યો નથી. અપેક્ષા સમજતાં જે વાતોમાં વિરોધ જણાય છે તેમાં જ અવિરોધની પ્રતીતિ થવા લાગે છે. સૂત્રકારોએ ગુણોમાં લક્ષણ ભેદથી ભેદ બતાવ્યો છે. લક્ષણની અપેક્ષાએ બધા ગુણ પરસ્પર ભેદ રાખે છે. જે જ્ઞાન છે તે દર્શન નથી, જે દર્શન છે તે ચારિત્ર નથી, જે ચારિત્ર છે તે વીર્ય નથી, જે વીર્ય છે તે સુખ નથી, કેમકે બધા ગુણોના ભિન્ન ભિન્ન કાર્ય પ્રતીતિમાં આવે છે. તેથી લક્ષણ ભેદથી બધા ગુણ ભિન્ન છે. એક ગુણ બીજા ગુણમાં રહી શકતો નથી. જ્ઞાનનું લક્ષણ વસ્તુને જાણવું તે છે. સુખનું લક્ષણ આનંદ છે. જાણવું આનંદ થઈ શકતું નથી. આનંદ બીજી બાબત છે, જાણવું બીજી બાબત છે. એવો ભેદ જોવામાં પણ આવે છે કે જે સમયે કોઈ વિદ્વાન કોઈ ગ્રંથ સમજવા માંડે છે ત્યારે તેને ગ્રંથ સમજવાથી આનંદ થાય છે. * તેથી આ વાત સિદ્ધ થાય છે કે જ્ઞાન બીજું છે, સુખ બીજું છે.

* કોઈ ગ્રંથ સમજતાં જે આનંદ આવે છે તે સાચું સુખ કહી શકાતું નથી. કેમકે તેમાં રાગભાવ છે. તેને સુખ ગુણની વૈભાવિક પરિણતિ કહેવામાં કોઈ હાનિ દેખાતી નથી. આ જ્ઞાન અને સુખના ભેદનું સાધક બહુ સ્થૂળ દૃષ્ટાંત છે. સાચું દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિના સ્વાનુભવ અને સુખનું છે. જે સમયે આત્મા નિજનો અનુભવ કરે છે તે જ સમયે તેને અલૌકિક આનંદ આવે છે. તે જ આનંદ સાચું સુખ છે. પરંતુ તે અનુભવજ્ઞાનથી જુદો છે.

એ જ પ્રમાણે ચારિત્ર, વીર્ય આદિ બધા ગુણોના ભિન્ન ભિન્ન કાર્ય હોવાથી બધા ભિન્ન છે. તેથી 'निर्गुणा गुणाः' આ સૂત્રનો આશય ગુણોમાં સારી રીતે ઘટે જ છે. સાથો સાથ બીજી દૃષ્ટિએ વિચારતાં તે બધા ગુણ એકરૂપ જ પ્રતીત થાય છે. કેમકે બધા ગુણોની એક જ સત્તા છે. જેમની એક સત્તા છે તે કોઈ રીતે ભિન્ન કહી શકાતા નથી. જો સત્તાના અભેદમાં પણ ભેદ માનવામાં આવે તો કોઈ વસ્તુમાં અભિન્નતા અને સ્વતંત્રતા આવી જ શકતી નથી. જ્ઞાન, દર્શન, સુખ આદિ અભિન્ન છે એવી પ્રતીતિ પણ થાય છે, જે સમયે જીવને જ્ઞાની કહેવામાં આવે છે તે સમયે વિચાર કરતાં આખો જીવ જ્ઞાનમય જ પ્રતીત થાય છે. દૃષ્ટા કહેતાં તે દર્શનમય જ પ્રતીત થાય છે. સુખી કહેતાં તે સુખમય જ પ્રતીત થાય છે. એમ નથી કે જ્ઞાની કહેતાં જીવમાં કેટલાક અંશ તો જ્ઞાનમય પ્રતીત થતા હોય, કેટલાક દર્શનમય થતા હોય અને કેટલાક અંશ સુખમય પ્રતીત થતા હોય. પરંતુ સર્વાંશ જ્ઞાનમય જ પ્રતીત થાય છે. સુખી કહેતાં સર્વાંશ રૂપે જીવ સુખમય જ પ્રતીત થાય છે. જો એમ ન માનવામાં આવે તો જ્ઞાની કહેવાથી સંપૂર્ણ જીવનો બોધ ન થવો જોઈએ અથવા દૃષ્ટા અને સુખી કહેવાથી પણ સંપૂર્ણ જીવનો બોધ ન થવો જોઈએ. પરંતુ તેના એક અંશનો જ બોધ થવો જોઈએ. પણ એવો બોધ થતો નથી. તેથી કોઈ વસ્તુ ઉપર વિચાર કરવાથી તે વસ્તુ અભિન્ન ગુણમય એક રસમય જ પ્રતીત થાય છે. આવી પ્રતીતિથી ગુણોમાં અખંડતા, અભિન્નતા પણ સુઘટિત જ છે. ગુણોની અભિન્નતામાં વિવક્ષિત ગુણની અંતર્ગત બીજા બધા ગુણોનું હોવું પણ સ્વયં સિદ્ધ છે.

## સારાંશ

**तस्मादनवद्यमिदं भावेनाखण्डितं सदेकं स्यात्।**
**तदपि विवक्षावशतः स्यादिति सर्वं न सर्वथेति भयात्।।४९२।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી આ વાત નિર્દોષ રીતે સિદ્ધ થઈ ગઈ કે ભાવની અપેક્ષાએ સત્ અખંડિત એક છે. આટલું વિશેષ સમજવું જોઈએ કે તે સત્‌ની એકતા વિવક્ષાને આધીન છે. સર્વથા એકતા તેમાં અસિદ્ધ જ છે, કેમકે વસ્તુમાં એકતા અને અનેકતા કોઈ નયવિશેષથી સિદ્ધ થાય છે.

**एवं भवति सदेकं भवति न तदपि च निरंकुशं किन्तु।**
**सदनेकं स्यादिति किल सप्रतिपक्षं यथा प्रमाणाद्वा।।४९३।।**

**અર્થ :–** સત્ એક છે પરંતુ તે સર્વથા એક નથી. તેનો પ્રતિપક્ષ પણ પ્રમાણસિદ્ધ છે તેથી તે નિશ્ચયથી અનેક પણ છે.

**अपि च स्यात्सदनेकं तद्रव्याद्यैरखण्डितत्त्वेपि।**
**व्यतिरेकेण विना यन्नान्वयपक्षः स्वपक्षरक्षार्थम्।।४९४।।**

**અર્થ :–** જો કે સત્ દ્રવ્ય, ગુણ, પર્યાયોથી અખંડ છે તોપણ તે અનેક છે કેમકે વ્યતિરેક પક્ષનો સ્વીકાર કર્યા વિના અન્વય પક્ષ પણ પોતાની રક્ષા કરી શકતો નથી.

**ભાવાર્થ :–** કથંચિત્ ભેદ પક્ષનો સ્વીકાર કર્યા વિના અભેદ પક્ષ પણ સિદ્ધ થતો નથી. ઉભયાત્મક જ વસ્તુનું સ્વરૂપ છે. હવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારેયથી વસ્તુમાં ભેદ સિદ્ધ કરવામાં આવે છે.

દ્રવ્ય વિચાર

**अस्ति गुणस्तल्लक्षणयोगादिह पर्ययस्तथा च स्यात्।**
**तदनेकत्वे नियमात्सदनेकं द्रव्यतः कथं न स्यात्।।४९५।।**

**અર્થ :–** ગુણોનું લક્ષણ ભિન્ન છે, પર્યાયનું લક્ષણ[X] ભિન્ન છે. ગુણ, પર્યાયોની અનેકતામાં દ્રવ્યની અપેક્ષાએ સત્ અનેક કેમ નથી ? અર્થાત્ ભેદવિવક્ષાથી સત્ કથંચિત્ અનેક પણ છે.

---

X 'अन्वयिनो गुणाः व्यतिरेकिणः पर्यायाः' અર્થાત્ ગુણ સહભાવી હોય છે, પર્યાય ક્રમભાવી હોય છે. બંનેમાં આ જ લક્ષણ ભેદ છે.

क्षेत्र विचार

**यत्सत्तदेकदेशे तद्देशे न तद्द्वितीयेषु।**
**अपि तद्द्वितीयदेशे सदनेकं क्षेत्रतश्च को नेच्छेत्।।४९६।।**

**અર્થ :–** જે સત્ એક દેશમાં છે તે તે જ દેશમાં છે. તે બીજા દેશોમાં નથી અને જે બીજા દેશમાં છે તે તેમાં જ છે, તે અન્યમાં નથી. તેથી ક્ષેત્રની અપેક્ષાથી સત્ અનેક છે, આ વાત કોણ નહિ ચાહે ?

કાળ વિચાર

**यत्सत्तदेककाले तत्तत्काले न तदितरत्र पुनः।**
**अपि सत्तदितरकाले सदनेकं कालतोऽपि तदवश्यम्।।४९७।।**

**અર્થ :–** જે સત્ એક કાળમાં છે, તે તે જ કાળમાં છે, તે બીજા કાળમાં નથી અને જે સત્ બીજા કાળમાં છે તે પહેલામાં અથવા ત્રીજા આદિ કાળોમાં નથી તેથી કાળની અપેક્ષાએ પણ સત્ અનેક અવશ્ય છે.

ભાવ વિચાર

**तन्मात्रत्वादेको भावो यः स न तदन्यभावः स्यात्।**
**भवति च तदन्यभावः सदनेकं भावतो भवेन्नियतम्।।४९८।।**

**અર્થ :–** જે એક ભાવ છે તે પોતાના સ્વરૂપથી તે જ પ્રકારે છે તે અન્ય ભાવરૂપ થઈ શકતો નથી અને જે અન્ય ભાવ છે તે અન્ય રૂપ જ છે ને બીજા ભાવરૂપ થઈ શકતો નથી, તેથી ભાવની અપેક્ષાએ પણ નિયમથી સત્ અનેક છે.

**शेषो विधिरुक्तत्वादत्र न निर्दिष्ट एव दृष्टान्तः।**
**अपि गौरवप्रसङ्गाद्यदि वा पुनरुक्तदोषभयात्।।४९९।।**

**અર્થ :–** બાકીની વિધિ (સત્, નિત્ય, અનિત્ય, ભિન્ન આદિ રૂપ) પહેલાં જ કહી દીધી છે તેથી તે કહેવામાં આવતી નથી. ગૌરવના પ્રસંગથી અથવા પુનરુક્ત દોષના ભયથી તે વિષયમાં દૃષ્ટાંત પણ કહેવામાં આવતું નથી.

સારાંશ

**तस्माद्यदिह सदेकं सदनेकं स्यात्तदेव युक्तिवशात्।**
**अन्यतरस्य विलोपे शेषविलोपस्य दुर्निवारत्वात्।।५००।।**

**અર્થ :–** તેથી જે સત્ એક છે તે જ યુક્તિવશે અનેક પણ સિદ્ધ થાય છે. જો એક અને અનેક આ બંનેમાંથી કોઈ એકનો લોપ કરી દેવામાં આવે તો બીજાનો લોપ પણ દુર્નિવાર–અવશ્યંભાવી છે અર્થાત્ એકબીજાની અપેક્ષા રાખે છે. બંનેની સિદ્ધિમાં બંને સાપેક્ષતા જ કારણ છે. એકની અસિદ્ધિમાં બીજાની અસિદ્ધિ સ્વયંસિદ્ધ છે.

સર્વથા એક માનવામાં દોષ

**अपि सर्वथा सदेकं स्यादिति पक्षो न साधनायालम्।**
**इह तदवयवाभावे नियमात्सदवयविनोप्यभावत्वात्।।५०१।।**

**અર્થ :–** સત્ સર્વથા એક છે, આ પક્ષ પણ વસ્તુની સિદ્ધિ કરાવવામાં સમર્થ નથી. વસ્તુના અવયવોના અભાવમાં વસ્તુરૂપ અવયવી પણ નિયમથી સિદ્ધ થતું નથી.

સર્વથા અનેક માનવામાં દોષ

**अपि सदनेकं स्यादिति पक्षः कुशलो न सर्वथेति यतः।**
**एकमनेकं स्यादिति नानेकं स्यादनेमेकैकात्।।५०२।।**

**અર્થ :–** સત્ સર્વથા અનેક છે આ પક્ષ પણ સર્વથા ઠીક નથી. કેમકે એક એક મળીને જ અનેક કહેવાય છે. અનેક જ અનેક કહેવાતું નથી પણ એક એક સંખ્યાના સરવાળાથી જ અનેક સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** ઉપરના શ્લોકો દ્વારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સત્‌માં અનેકત્વ સિદ્ધ કરવામાં આવ્યું છે. તેના પહેલાનાં શ્લોકો દ્વારા સત્‌માં એકત્વ–અખંડતા સિદ્ધ કરવામાં આવેલ છે. અખંડતાના વિષયમાં ઉપર સ્પષ્ટ વિવેચન કરવામાં આવ્યું છે. અહીં સંક્ષેપમાં ભેદપક્ષ–અનેકત્વ બતાવવું અયોગ્ય નહિ ગણાય. વસ્તુમાં લક્ષણ ભેદથી દ્રવ્ય જુદું, ગુણ જુદા અને પર્યાય જુદી પ્રતીતિમાં આવે છે. તેથી દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ અનેક છે. વસ્તુ જેટલા પ્રદેશોમાં વિષ્કંભ ક્રમથી વિસ્તૃત છે, તે પ્રદેશોમાં જે પ્રદેશ જે ક્ષેત્રમાં છે તે ત્યાં જ છે અને બીજા, બીજા ક્ષેત્રોમાં જ્યાંના ત્યાં છે. વસ્તુનો એક પ્રદેશ બીજા પ્રદેશ ઉપર જતો નથી. જો એક પ્રદેશ બીજા પ્રદેશ ઉપર ચાલ્યો જાય તો વસ્તુ એક પ્રદેશ માત્ર ઠરે. તેથી પ્રદેશ ભેદથી વસ્તુ ક્ષેત્રની અપેક્ષાએ અનેક છે તથા જે વસ્તુની એક સમયની અવસ્થા છે તે બીજા સમયની કહી શકાતી નથી, જે બીજા સમયની અવસ્થા છે તે તે જ સમયની કહેવાશે, તે તેનાથી ભિન્ન સમયની નહિ કહેવાય. તેથી વસ્તુ કાળની અપેક્ષાએ અનેક છે અને જે વસ્તુનો એક ગુણ છે તે બીજો કહી શકાતો નથી. જે પુદ્‌ગલનો રૂપ ગુણ છે તે ગંધ અથવા રસ કહી શકાતો નથી. જેટલા ગુણ છે તે બધા લક્ષણ ભેદથી ભિન્ન છે. તેથી ભાવની અપેક્ષાએ વસ્તુ અનેક છે. આ રીતે અપેક્ષા ભેદથી વસ્તુ કથંચિત્ એક અને કથંચિત્ અનેક છે. જે વિદ્વાન એક–અનેક, ભેદ–અભેદ, નિત્ય–અનિત્ય આદિ ધર્મોને પરસ્પર વિરોધી દર્શાવતાં તેમાં સંશય, વિરોધ, વૈયધિકરણ, સંકર, વ્યતિકર આદિ દોષ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે, તેમનો આવો અસંભવ પ્રયત્ન સૂર્યમાં અંધકાર સિદ્ધ કરવા સમાન પ્રત્યક્ષ બાધિત છે. તેમણે વસ્તુ સ્વરૂપ ઉપર દૃષ્ટિ મૂકીને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

### પ્રમાણનયનું સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા

**उक्तं सदिति यथा स्यादेकमनेकं सुसिद्धदृष्टान्तात्।**
**अधुना तद्वाङ्मात्रं प्रमाणनयलक्षणं वक्ष्ये।।५०३।।**

**અર્થ :–** સત્ પદાર્થ કથંચિત્ એક છે, કથંચિત્ તે અનેક છે, એ વાત સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ કરી દેવામાં આવી છે. હવે વચન માત્ર પ્રમાણ નયનું લક્ષણ કહેવામાં આવે છે.

નયોનું સ્વરૂપ

**इत्युक्तलक्षणेऽस्मिन् विरुद्धधर्मद्वयात्मके तत्त्वे।**
**तत्राप्यन्यतरस्य स्यादिह धर्मस्य वाचकश्च नयः।।५०४।।**

**અર્થ :–** પદાર્થ વિરુદ્ધ બે ધર્મ સ્વરૂપ છે, એવું તેનું લક્ષણ ઉપર કહેવાય ગયું છે. તે બંને વિરોધી ધર્મોમાંથી કોઈ એક ધર્મનું કથન કરનાર નય કહેવાય છે.

**ભાવાર્થ :–** પદાર્થ ઉભય ધર્માત્મક છે અને તે ઉભય ધર્માત્મક પદાર્થને વિષય કરનાર તથા કહેનાર પ્રમાણ છે. તે ધર્મોમાંથી એક ધર્મને કહેનાર નય છે અર્થાત્ વિવક્ષિત અંશનો પ્રતિપાદક નય છે.

નયોના ભેદ

**द्रव्यनयो भावनयः स्यादिति भेदाद्द्विधा च सोऽपि यथा।**
**पौद्गलिकः किल शब्दो द्रव्यं भावश्च चिदिति जीवगुणः।।५०५।।**

**અર્થ :–** તે નય પણ દ્રવ્યનય અને ભાવનયના ભેદથી બે પ્રકારે છે x પૌદ્ગલિક શબ્દ દ્રવ્યનય કહેવાય છે તથા જીવનો ચેતના ગુણ ભાવનય કહેવાય છે.

**ભાવાર્થ :–** કોઈ અપેક્ષાએ જે વચન બોલવામાં આવે છે તેને શબ્દનય કહે છે.

---

* શબ્દ ભાષા વર્ગણાથી બને છે તેથી પૌદ્ગલિક હોય જ છે. તેને પૌદ્ગલિક વિશેષણ આપવું સ્થૂળ દૃષ્ટિથી નિરર્થક જ જણાય છે, પરંતુ તે નિરર્થક નથી. શબ્દના બે ભેદ છે. (૧) દ્રવ્ય શબ્દ (૨) ભાવ શબ્દ. દ્રવ્ય શબ્દ પૌદ્ગલિક છે. ભાવ શબ્દ જ્ઞાનાત્મક છે. આ ભેદ બતાવવા માટે જ શબ્દને અહીં પૌદ્ગલિક વિશેષણ આપ્યું છે. જે વચન બોલાય છે તે બધા પૌદ્ગલિક જ છે.

જેમ કોઈએ ઘીની અપેક્ષા રાખીને આ વચન કહ્યું કે ઘીનો ઘડો લાવો. આ વાક્ય અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાથી કહેવામાં આવ્યું છે. તેથી આ વાક્ય પણ નય કહેવાય છે. અર્થાત્ પદાર્થના એક અંશનું પ્રતિપાદક વાક્ય દ્રવ્યનય કહેવાય છે અને પદાર્થના એક અંશને વિષય કરનાર જ્ઞાન ભાવનય કહેવાય છે.

અથવા

**यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोऽस्ति सोप्यपरमार्थः।**
**न यतो ज्ञानं गुण इति शुद्धं ज्ञेयं च किन्तु तद्योगात्।।५०६।।**

**અર્થ :–** અથવા જ્ઞાન વિકલ્પનું નામ જ નય છે અર્થાત્ વિકલ્પાત્મક જ્ઞાનને નય કહે છે – અને જેટલો વિકલ્પ છે તે બધું અપરમાર્થ–અયથાર્થ છે. કેમકે શુદ્ધ જ્ઞાન ગુણ નય કહેવાતો નથી અને ન શુદ્ધ જ્ઞેય પણ નય કહેવાય છે પરંતુ જ્ઞાન અને જ્ઞેય, આ બંનેના યોગ–સંબંધથી જ નય કહેવાય છે. તેથી તે અયથાર્થ છે.

સ્પષ્ટ વિવેચન

**ज्ञानविकल्पो नय इति तत्रेयं प्रक्रियापि संयोज्या।**
**ज्ञानं ज्ञानं न नयो नयोपि न ज्ञानमिह विकल्पत्वात्।।५०७।।**

**અર્થ :–** જ્ઞાન વિકલ્પ નય છે. આ વિષયમાં આ પ્રક્રિયા (શૈલી) લગાવવી જોઈએ કે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ છે, જ્ઞાન નયરૂપ નથી. જે નય છે તે જ્ઞાનરૂપ નથી, કેમકે નય વિકલ્પ સ્વરૂપ છે.

**ભાવાર્થ :–** શુદ્ધ જ્ઞાન નયરૂપ નથી પરંતુ વિકલ્પાત્મક જ્ઞાન નય છે.

**उन्मज्जति नयपक्षो भवति विकल्पो विवक्षितो हि यदा।**
**न विवक्षितो विकल्पः स्वयं निमज्जति तदा हि नयपक्षः।।५०८।।**

**અર્થ :–** જે સમયે વિકલ્પ વિવક્ષિત થાય છે તે સમયે નયપક્ષ પણ પ્રગટ થાય છે. જે સમયે વિકલ્પ વિવક્ષિત થતો નથી તે સમયે નયપક્ષ પણ સ્વયં છુપાઈ જાય છે અર્થાત્ જ્યાં પદાર્થ કોઈ અપેક્ષા વિશેષથી વિવક્ષિત થાય છે ત્યાં જ નયપક્ષ સ્વકાર્યદક્ષ થાય છે.

દૃષ્ટાંત

**संदृष्टिः स्पष्टेयं स्थादुपचाराद्यथा घटज्ञानम्।**
**ज्ञानं ज्ञानं न घटो घटोऽपि न ज्ञानमस्ति स इति घटः।।५०९।।**

**અર્થ :–** આ દૃષ્ટાંત સ્પષ્ટ જ છે કે જેમ ઉપચારથી ઘટનો વિષય કરનાર જ્ઞાનને ઘટજ્ઞાન કહેવાય છે. વાસ્તવમાં જ્ઞાન ઘટરૂપ થઈ જતું નથી અને ન ઘટ પણ જ્ઞાનરૂપ થઈ જાય છે. જ્ઞાન જ્ઞાન જ રહે છે તથા ઘટ ઘટ જ રહે છે.

**ભાવાર્થ :–** જ્ઞાનનો સ્વભાવ જાણવું છે. દરેક વસ્તુ તેનું જ્ઞેય બને છે. તો પછી ઘટનો વિષય કરનાર જ્ઞાનને ઘટજ્ઞાન શા માટે કહેવામાં આવે છે ? ઉત્તર –ઉપચારથી. ઉપચારનું કારણ પણ વિકલ્પ છે. જો કે ઘટથી જ્ઞાન સર્વથા ભિન્ન છે તોપણ જ્ઞાનમાં ઘટ, આ વિકલ્પ અવશ્ય પડ્યો છે. તેથી જ તે જ્ઞાનને ઘટજ્ઞાન કહી દેવામાં આવે છે.

તાત્પર્ય

**इदमत्र तु तात्पर्यं हेयः सर्वो नयो विकल्पात्मा।**
**बलवानिव दुर्वारः प्रवर्त्तते किल तथापि बलात्।।५१०।।**

**અર્થ :–** નયના વિષયમાં આ જ તાત્પર્ય છે કે જેટલા વિકલ્પાત્મક નય છે તે બધા હેય (છોડવા યોગ્ય) છે. અહીં શંકા થઈ શકે છે કે જો બધા વિકલ્પાત્મક નય છોડવા યોગ્ય છે તો પછી તે શા માટે કહેવામાં આવે છે ? ઉત્તર –જો કે એ વાત બરાબર છે તો પણ તેનું કહેવું આવશ્યક જણાય છે. તેથી તે બળવાનની જેમ બળપૂર્વક પ્રવર્તન કરે જ છે અર્થાત્ તેનો પ્રયોગ કરવો જ પડે છે. તે જો કે ત્યાજ્ય છે તો પણ

તે દુર્વાર છે.

**ભાવાર્થ :–** વિકલ્પાત્મક નય આખા પદાર્થનું સ્વરૂપ કહી શકતો નથી. એનું કારણ પણ એ છે કે તે પદાર્થને અંશરૂપે ગ્રહણ કરે છે તેથી ઉપાદેય નથી. તો તેના કથન વિના પદાર્થની વ્યવસ્થા જાણી શકાતી નથી, તેથી તેનું કથન પણ આવશ્યક જ છે.

નય માત્ર વિકલ્પાત્મક છે

**अथ तद्यथा यथा सत्सन्मात्रं मन्यमान इह कश्चित्।**
**न विकल्पमतिक्रामति सदिति विकल्पस्य दुर्निवारत्वात्।५११।।**

**અર્થ :–** જેટલા કોઈ નય છે તે બધા વિકલ્પાત્મક છે એ જ વાત અહીં સ્પષ્ટ કરે છે. જેમ કોઈ પુરુષ સત્માં કોઈ વિકલ્પ ન સમજ્યો હોય કેવળ તેને તે સન્માત્રસત્-સ્વરૂપ જ સમજ્યો હોય તો અહીં પણ તેના જ્ઞાનને વિકલ્પાતીત કહી શકાતું નથી, કેમકે સત્ એ વિકલ્પ તેના જ્ઞાનમાં આવી ગયો જ છે, તે દુર્નિવાર છે અર્થાત્ સત્ એવા વિકલ્પને તો કોઈ તેના જ્ઞાનથી દૂર કરી શકતું નથી.

**ભાવાર્થ :–** બધા વિકલ્પોની જાળ ભેદી જ્ઞાનોને છોડી ફક્ત જે પદાર્થને સન્માત્ર જ સમજ્યો છે તેનું જ્ઞાન પણ વિકલ્પાત્મક જ છે કેમકે તેના જ્ઞાનમાં સત્ એ વિકલ્પ આવી ગયો છે. સત્ પણ પદાર્થનો એક અંશ જ છે.

**स्थूलं वा सूक्ष्मं वा बाह्यान्तर्जल्पमात्रवर्णमयम्।**
**ज्ञानं तन्मयमिति वा नयकल्पो वाग्विलासत्वात्।।५१२।।**

**અર્થ :–** સ્થૂળ અથવા સૂક્ષ્મ જે બાહ્ય જલ્પ (સ્પષ્ટ બોલવું) અને અંતર્જલ્પ (મનમાં જ બોલવું) છે તે બધું વર્ણમય છે અને તે નયરૂપ છે, કેમકે તે વચન વિલાસરૂપ છે. જેટલું કોઈ વચનાત્મક કથન છે તે બધું નયાત્મક છે તથા તે વચનોનો જે બોધ–જ્ઞાન છે તે પણ નયરૂપ જ છે. કેમકે વચનો સમાન તેણે પણ વસ્તુના વિવક્ષિત અંશને જ વિષય બનાવ્યો છે.

**ભાવાર્થ :–** વાચક અને વાચ્યબોધ બંનેય નયાત્મક છે.

અથવા

**अवलोक्य वस्तुधर्मं प्रतिनियतं प्रतिविशिष्टमेकैकम्।**
**संज्ञाकरणं यदि वा तद्वागुपचर्यते च नयः।।५१३।।**

**અર્થ :–** એક એક પ્રતિનિયત વસ્તુધર્મને વસ્તુથી વિશિષ્ટ જોઈને તે ધર્મ વિશિષ્ટ વસ્તુની તે જ નામથી સંજ્ઞા આપવી તે પણ નય છે. એવું જ્ઞાન પણ નયાત્મક છે અને વચન પણ નયાત્મક જ ઉપચાર છે.

દૃષ્ટાંત

**अथ तद्यथा यथाग्नेरौष्ण्यं धर्मं समक्षतोऽपेक्ष्य।**
**उष्णोऽग्निरिति वागिह तज्ज्ञानं वा नयोपचारः स्यात्।।५१४।।**

**અર્થ :–** જેમ અગ્નિનો ઉષ્ણ ધર્મ સામે જોઈને કોઈએ કહ્યું કે 'અગ્નિ ઉષ્ણ છે' આ વચન નયરૂપ છે અને તે વચનના વાચ્યરૂપ જ્ઞાન પણ નયાત્મક છે.

**ભાવાર્થ :–** અગ્નિમાં દીપન, પાચન, પ્રકાશન, બાળવું, ઉષ્ણતા આદિ અનેક ગુણ છે, પરંતુ કોઈ વિવક્ષિત ધર્મથી જ્યારે તેનું કથન થાય છે ત્યારે તે અગ્નિ માત્ર તેટલી જ માનવામાં આવે છે. એ જ પ્રમાણે જીવને જ્ઞાની કહેતાં તેમાં અનેક ગુણ રહેતા હોવા છતાં પણ તે જ્ઞાનમય જ મનાય છે. તેથી આ બધું કથન તથા એવું જ્ઞાન નયરૂપ જ છે.

**इह किल छिदानिदानं स्यादिह परशुः स्वतंत्र एव यथा।**
**न तथा नयः स्वतन्त्रो धर्मविशिष्टं करोति वस्तुवलात्।।५१५।।**

**અર્થ :–** જેમ છેદન ક્રિયાનું કારણ એવી ફરસી છેદનક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે તેવી રીતે નય સ્વતંત્ર રીતે વસ્તુને કોઈ ધર્મથી વિશિષ્ટ સમજતો ય નથી અને કહેતો ય નથી.

**ભાવાર્થ :–** ફરસી ચલાવવામાં એ જરૂરી નથી કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને જ છેદન ક્રિયા કરે, પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શકતો નથી. કોઈ વિશેષ અપેક્ષા વિના નય પ્રયોગ થઈ શકતો નથી. નય પ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે. તેથી છેદન ક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી, પરંતુ વિવક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે. જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે. તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ.

નય ભેદ

**एकः सर्वोऽपि नयो भवति विकल्पाविशेषतोऽपि नयात्।**
**अपि च द्विविधः स यथा स्वविषयभेदे विकल्पद्वैविध्यात्।।५१६।।**

**અર્થ :–** વિકલ્પાત્મક જ્ઞાનને જ નય કહે છે. ગમે તે નય હોય, તે વિકલ્પાત્મક જ હશે તેથી વિકલ્પની સામાન્યતા હોવાથી બધા નય એક છે. બધા નયોની એકતાનો વિકલ્પ સામાન્ય જ હેતુ છે. વિષય ભેદની અપેક્ષા હોતાં તે નય બે પ્રકારે પણ છે. વિષય ભેદથી વિકલ્પ ભેદ–વિકલ્પનું બે પણું હોવું પણ આવશ્યક છે અને વિકલ્પ દ્વૈવિધ્યમાં નય દ્વૈવિધ્યનું હોવું પણ આવશ્યક છે. હવે નયના બે ભેદોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

**एको द्रव्यार्थिक इति पर्यायार्थिक इति द्वितीयः स्यात्।**
**सर्वेषां च नयानां मूलमिदं नयद्वयं यावत्।।५१७।।**

**અર્થ :–** એક દ્રવ્યાર્થિકનય છે, બીજો પર્યાયાર્થિકનય છે. બધા નયોના મૂળભૂત આ બે જ નય છે.

દ્રવ્યાર્થિક નય

**द्रव्यं सन्मुख्यतया केवलमर्थः प्रयोजनं यस्य।**
**भवति द्रव्यार्थिक इति नयः स्वधात्वर्थसंज्ञकश्चैकः।।५१८।।**

**અર્થ :–** કેવળ દ્રવ્ય જ મુખ્યપણે જે નયનું પ્રયોજન–વિષય છે તે નય દ્રવ્યાર્થિક નય કહેવાય છે અને તે જ પોતાની ધાતુના અર્થ અનુસાર યથાર્થ નામનો ધારક છે તથા તે એક છે.

**ભાવાર્થ :–** પર્યાયને ગૌણ રાખીને મુખ્યપણે જ્યાં દ્રવ્યનું કથન થાય છે અથવા તેનું જ્ઞાન કરવામાં આવે છે, તે દ્રવ્યાર્થિક નય કહેવાય છે અને તે એક છે કેમકે તેમાં ભેદ વિવક્ષા નથી.

### પર્યાયાર્થિક નય

**अंशाः पर्याया इति तन्मध्ये यो विवक्षितोंऽशः सः।**
**अर्थो यस्येति मतः पर्यायार्थिकनयस्त्वनेकश्च।।५१९।।**

**અર્થ :–** અંશોનું નામ જ પર્યાય છે તે અંશોમાંથી જે વિવક્ષિત અંશ છે તે અંશ જે નયનો વિષય છે, તે જ પર્યાયાર્થિક નય કહેવાય છે. આવા પર્યાયાર્થિક નય અનેક છે.

**ભાવાર્થ :–** વસ્તુની પ્રતિક્ષણ નવી નવી પર્યાયો થયા કરે છે, તે બધા વસ્તુના જ અંશ છે, જે સમયે કોઈ અવસ્થારૂપે વસ્તુનું કથન થાય છે તે સમયે તે કથન અથવા તે જ્ઞાન પર્યાયાર્થિક નય કહેવાય છે. પર્યાયો અનેક છે, તેથી તેને વિષય કરનાર જ્ઞાન પણ અનેક છે તથા તેનું પ્રતિપાદન કરનાર વચન પણ અનેક છે.

### નયોનું વિશદ સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા

**अधुना रूपदर्शनं संदृष्टिपुरस्सरं द्वयोर्वक्ष्ये।**
**श्रुतपूर्वमिव सर्वं भवति च यद्वाऽनुभूतपूर्वं तत्।।५२०।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે તેઓ હવે તે બંને નયોનું સ્વરૂપ દૃષ્ટાંતપૂર્વક કહેશે. દૃષ્ટાંતપૂર્વક સાંભળનારાઓને તે વિષય પહેલાં સાંભળ્યો હોય તેવો થઈ જાય છે અથવા પહેલાં અનુભવ્યો હોય તેવો થઈ જાય છે.

પર્યાયાર્થિક નયવિચાર

**पर्यायार्थिकनय इति यदि वा व्यवहार एव नामेति।**
**एकार्थो यस्मादिह सर्वोप्युपचारमात्रः स्यात्।।५२१।।**

**અર્થ :–** પર્યાયાર્થિકનય કહો અથવા વ્યવહારનય કહો બંનેનો એક જ અર્થ છે, બધું ઉપચાર માત્ર છે.

**ભાવાર્થ :–** વ્યવહારનય પદાર્થના યથાર્થ રૂપને કહેતો નથી, તે વ્યવહાર અર્થે પદાર્થમાં ભેદ કરે છે. વાસ્તવિક દૃષ્ટિથી પદાર્થ તેવો નથી, તેથી વ્યવહારનય ઉપચરિત કથન કરે છે. પર્યાયાર્થિક નય પણ વ્યવહારનયનું જ બીજું નામ છે, કેમકે પર્યાયાર્થિકનય વસ્તુના કોઈ વિવક્ષિત અંશનો જ વિષય કરે છે. તેથી તે પણ વસ્તુમાં ભેદ સિદ્ધ કરે છે. માટે બંને નયોનો એક જ અર્થ છે એ વાત સુસિદ્ધ છે.

વ્યવહારનયનું સ્વરૂપ

**व्यवहारणं व्यवहारः स्यादिति शब्दार्थतो न परमार्थः।**
**स यथा गुणगुणिनोरिह सदभेदे भेदकरणं स्यात्।।५२२।।**

**અર્થ :–** કોઈ વસ્તુમાં ભેદ કરવાનું નામ જ વ્યવહાર છે. વ્યવહારનય શબ્દાર્થ – વાક્ય વિવક્ષાના આધારે છે અથવા શબ્દ અને અર્થ બંનેયથી અપરમાર્થ છે. વાસ્તવમાં આ નય વસ્તુના યથાર્થરૂપને કહેતો નથી તેથી એ પરમાર્થભૂત નથી. જેમ – જો કે સત્ અભિન્ન–અખંડ છે તો પણ તેમાં 'આ ગુણ છે' 'આ ગુણી છે,' એ પ્રમાણે ગુણ-ગુણીનો ભેદ કરવો તે જ આ નયનો વિષય છે.

**साधारण गुण इति वा यदि वाऽसाधारणः सतस्तस्य।**
**भवति विवक्ष्यो हि यदा व्यवहारनयस्तदा श्रेयान्।।५२३।।**

**અર્થ :–** પદાર્થનો સામાન્ય ગુણ હોય અથવા વિશેષ ગુણ હોય, જે જે સમયે વિવક્ષિત

થાય છે તે જ સમયે તેને વ્યવહારનયનો યથાર્થ વિષય સમજવો જોઈએ અર્થાત્ વિવક્ષિત ગુણ જ ગુણ-ગુણીમાં ભેદ સિદ્ધ કરે છે, તે વ્યવહારનયનો વિષય છે. અહીં આ શંકા કરી શકાય છે કે જો વ્યવહારનય વસ્તુમાં ભેદ સિદ્ધ કરે છે તથા તેના યથાર્થ સ્વરૂપનો પ્રતિપાદક નથી તો પછી તેનું વિવેચન જ શા માટે કરવામાં આવે છે અર્થાત્ તેનાથી જ્યારે કોઈ ઉપયોગી ફળની સિદ્ધિ જ થતી નથી તો તેનું માનવું જ નિષ્ફળ છે ? આ શંકાના ઉત્તરમાં વ્યવહારનયનું ફળ નીચેના શ્લોક વડે કહેવામાં આવે છે :–

**फलमास्तिक्यमतिः स्यादनन्तधर्मैकधर्मिणस्तस्य।**
**गुणसद्भावे नियमाद् द्रव्यास्तित्वस्य सुप्रतीतत्वात्।५२४।।**

**અર્થ :–** વ્યવહારનયનું ફળ પદાર્થોમાં આસ્તિક્ય બુદ્ધિ થવી તે છે. વ્યવહારનયથી વસ્તુ અનંત ગુણોનો સમૂહ છે, એ વાત માનવામાં આવે છે. કેમકે ગુણોની વિવક્ષામાં ગુણોનો સદ્ભાવ સિદ્ધ થાય છે અને ગુણોના સદ્ભાવમાં ગુણી–દ્રવ્યનો સદ્ભાવ સ્વયંસિદ્ધ અનુભવમાં આવે છે. નય તો જ્ઞાનનો વિકલ્પ છે જે અભિન્ન વસ્તુ હોવા છતાં પણ વિવક્ષાથી ભેદરૂપ કરે છે પરંતુ ચારિત્રરૂપ વ્યવહાર ઉપચાર નથી તે વાસ્તવિક છે. અણુવ્રત, મહાવ્રત, શ્રાવકધર્મ, મુનિધર્મ આ વ્યવહાર મોક્ષસાધક છે. આચાર્ય કુંદકુંદસ્વામીએ, 'दाणं पूजा मुकखो सावयधम्मो' આદિ રૂપે વ્યવહારધર્મને ધર્મ ગણાવ્યો છે.

**ભાવાર્થ :–** વ્યવહારનય વિના પદાર્થનું જ્ઞાન થતું જ નથી. દૃષ્ટાંત તરીકે જીવ દ્રવ્ય જ લઈ લ્યો. વ્યવહારનયથી કોઈવાર જીવના જ્ઞાન ગુણની વિવક્ષા થાય છે, કોઈ વાર દર્શન ગુણની, કોઈ વાર ચારિત્રની, કોઈ વાર સુખની, કોઈ વાર વીર્યની, કોઈ વાર સમ્યક્ત્વની, કોઈ વાર અસ્તિત્વની, કોઈ વાર વસ્તુત્વની, કોઈ વાર દ્રવ્યત્વની ઇત્યાદિ સર્વ ગુણોની ક્રમપૂર્વક વિવક્ષા કરવાથી એ વાત ધ્યાનમાં આવી જાય છે કે જીવ દ્રવ્ય અનંત ગુણોનો પુંજ છે. સાથો સાથ એ વાતનું પણ પરિજ્ઞાન (વ્યવહારનયથી) થઈ જાય છે કે જ્ઞાન, દર્શન, સુખ, ચારિત્ર, સમ્યક્ત્વ આ જીવના વિશેષ ગુણો છે. કેમકે આ ગુણો જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં પ્રાપ્ત થતા નથી અને અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ આદિ સામાન્ય ગુણો છે કેમકે આ ગુણો જીવ દ્રવ્ય સિવાયના બીજા બધા દ્રવ્યોમાં પણ પ્રાપ્ત થાય છે. તથા રૂપ, રસ, ગંધ, સ્પર્શ આ પુદ્ગલ સિવાય અન્ય કોઈ દ્રવ્યમાં પ્રાપ્ત થતા નથી. તેથી તે પુદ્ગલના વિશેષ ગુણો છે. આ રીતે વસ્તુમાં અનંત ગુણોના

પરિજ્ઞાન સાથે જ તેના સામાન્ય વિશેષ ગુણોનું પરિજ્ઞાનપણું વ્યવહારનયથી થાય છે. ગુણ ગુણી અને સામાન્ય વિશેષ ગુણોનું પરિજ્ઞાન થતાં જ પદાર્થમાં આસ્તિક્ય ભાવ થાય છે. તેથી વ્યવહારનયને માન્યા વિના કામ ચાલી શકતું નથી. કેમકે પદાર્થનું સ્વરૂપ સમજાવ્યા વિના આવી શકતું નથી અને જે કાંઈ સમજાવવામાં આવશે તે અંશરૂપે કહેવામાં આવશે અને આને જ પદાર્થમાં ભેદબુદ્ધિ કહે છે. અભિન્ન, અખંડ પદાર્થમાં ભેદબુદ્ધિને ઉપચરિત કહેવામાં આવેલ છે. પરંતુ વ્યવહારનય નિશ્ચયનયની અપેક્ષા રાખવાથી યથાર્થ છે, નિરપેક્ષ મિથ્યા છે.

વ્યવહારનયના ભેદ

**व्यवहारनयो द्वेधा सद्भूतस्त्वथ भवेदसद्भूतः।**
**सद्भूतस्तद्गुण इति व्यवहारस्तत्वप्रवृत्तिमात्रत्वात्।।५२५।।**

**અર્થ :–** વ્યવહારનયના બે ભેદ છે. (૧) સદ્‌ભુત વ્યવહારનય, (૨) અસદ્‌ભુત વ્યવહારનય. સદ્‌ભુત તે વસ્તુના ગુણોનું નામ છે અને વ્યવહાર તેમની પ્રવૃત્તિનું નામ છે.

**ભાવાર્થ :–** કોઈ દ્રવ્યના ગુણ તે જ દ્રવ્યમાં વિવક્ષિત કરવાનું નામ જ સદ્‌ભુત વ્યવહારનય છે. આ નય તે જ વસ્તુના ગુણોનું વિવેચન કરે છે તેથી યથાર્થ છે. આ નયમાં અયથાર્થપણું કેવળ એટલું છે કે એ અખંડ વસ્તુમાંથી ગુણ-ગુણીનો ભેદ કરે છે.

સદ્‌ભુત વ્યવહારનયની પ્રવૃત્તિનો હેતુ

**अत्र निदानं च यथा सदसाधारणगुणो विवक्ष्यः स्यात्।**
**अविवक्षितोऽथ वापि च सत्साधारणगुणो न चान्य तरात्।।५२६।।**

**અર્થ :–** સદ્‌ભુત વ્યવહારનયની પ્રવૃત્તિનો હેતુ આ છે કે પદાર્થના અસાધારણ ગુણ જ આ નય દ્વારા વિવક્ષિત કરવામાં આવે છે અથવા પદાર્થના સાધારણ ગુણ આ નય દ્વારા વિવક્ષિત કરવામાં આવતા નથી. એમ નથી કે આ નય દ્વારા કોઈ વાર કોઈ અને કોઈ વાર કોઈ ગુણ વિવક્ષિત અને અવિવક્ષિત કરવામાં આવે.

**ભાવાર્થ :–** સદ્‌ભુત વ્યવહારનય વસ્તુના સામાન્ય ગુણોને ગૌણ રાખીને તેના વિશેષ ગુણોનું જ વિવેચન કરે છે.

આ નયથી થનારું ફળ

**अस्यावगमे फलमिति तदितर वस्तुनि निषेधबुद्धिः स्यात्।**
**इतर विभिन्नो नय इति भेदाभिव्यञ्जको न नयः।।५२७।।**

**અર્થ :–** સદ્‌ભુત વ્યવહારને સમજવાથી એક પદાર્થથી બીજા પદાર્થમાં નિષેધબુદ્ધિ થઈ જાય છે અર્થાત્ એક પદાર્થથી બીજો પદાર્થ જુદો જ પ્રતીત થવા લાગે છે. આ સદ્‌ભુત વ્યવહારનય એક પદાર્થની બીજા પદાર્થથી ભિન્ન પ્રતીતિ કરાવે છે. એક જ પદાર્થમાં ભિન્નતાનું સૂચક નથી.

**ભાવાર્થ :–** સદ્‌ભુત વ્યવહારનય વસ્તુના વિશેષ ગુણોનું વિવેચન કરે છે. તેથી તે વસ્તુ પોતાના વિશેષ ગુણો દ્વારા બીજી વસ્તુથી ભિન્ન જ પ્રતીત થવા લાગે છે. જેમ જીવનો જ્ઞાન ગુણ આ નય દ્વારા વિવક્ષિત થતાં તે જીવને બીજા પુદ્‌ગલ વગેરે દ્રવ્યોથી ભિન્ન સિદ્ધ કરી દે છે એમ નથી કે જીવને તેના ગુણોથી જ જુદો સિદ્ધ કરતો હોય.

બસ આ જ આ નયનું ફળ છે.

**अस्तमितसर्वसङ्करदोषं क्षतसर्वशून्यदोषं वा।**
**अणुरिव वस्तुसमस्तं ज्ञानं भवतीत्यनन्यशरणमिदम्।।५२८।।**

**અર્થ :–** સદ્‌ભુત વ્યવહારનયથી વસ્તુનું યથાર્થ પરિજ્ઞાન થતાં તે સર્વ પ્રકારના સંકર + દોષોથી રહિત –સૌથી જુદી, સર્વ પ્રકારના શૂન્યતા–અભાવ આદિ દોષોથી રહિત, બધી જ વસ્તુ પરમાણુ સમાન (અખંડ) પ્રતીત થાય છે. એવી અવસ્થામાં તે

+ सर्वेषां युगपत्प्राप्तिः सङ्करः येन रूपेण सत्त्वं तेन रूपेणाऽसत्वस्यपि प्रसंगः। येनरूपेण चाऽसत्यं तेन रूपेण सत्त्वस्यापि प्रसंगः इतिसङ्करः। सप्तभंगी तरंगिणी
અર્થાત્ પરસ્પર પદાર્થોનું મળવું તેનું જ નામ સંકર છે.

તેનું શરણ તે જ દેખાય છે.

**ભાવાર્થ :–** આ નય દ્વારા જ્યારે વસ્તુ તેના વિશેષ ગુણોથી ભિન્ન સિદ્ધ થઈ જાય છે, ત્યારે તેમાં સંકર દોષ આવી શકતો નથી. તથા ગુણોનું પરિજ્ઞાન થતાં તેમાં શૂન્યતા અભાવ આદિ દોષ પણ આવી શકતા નથી, કેમકે તેના ગુણોની સત્તા અને તેની નિત્યતાનું પરિજ્ઞાન ઉક્ત બંને દોષોનું વિરોધી છે તથા જ્યારે વસ્તુના (સામાન્ય પણ) ગુણ તેમાં જ દેખાય છે, તેનાથી બહાર દેખાતા નથી ત્યારે વસ્તુ પરમાણુ સમાન તેના ગુણોથી અખંડ પ્રતીતમાં આવે છે. આટલો બોધ થતાં જ વસ્તુ અનન્યશરણ પ્રતીત થાય છે.

અસદ્ભુત વ્યવહારનયનું લક્ષણ

**अपि चाऽसद्भूतादि व्यवहारान्तो नयश्च भवति यथा।**
**अन्य द्रव्यस्य गुणाः सञ्जायन्ते बलात्तदन्यत्र X।।५२९।।**

**અર્થ :–** બીજા દ્રવ્યના ગુણોનું બળપૂર્વક બીજા દ્રવ્યમાં આરોપણ કરવામાં આવે, એને જ અસદ્ભુત વ્યવહારનય કહે છે.

દૃષ્ટાંત

**स यथा वर्णादिमतो मूर्तद्रव्यस्य कर्म किल मूर्तम्।**
**तत्संयोगत्वादिह मूर्ताः क्रोधादयोऽपि जीव भवाः।।५३०।।**

**અર્થ :–** વર્ણાદિવાળા મૂર્તદ્રવ્યથી 'કર્મ' બને છે તેથી તે પણ મૂર્ત જ છે. તે કર્મોના સંબંધથી ક્રોધાદિક ભાવ બને છે તેથી તે પણ મૂર્ત છે. તેમને જીવના કહેવા એ જ અસદ્ભુત વ્યવહારનયનો વિષય છે.

**ભાવાર્થ :–** રૂપ, રસ, ગંધ, સ્પર્શનું નામ જ મૂર્તિ છે. આ મૂર્તિ પુદ્‌ગલમાં જ પ્રાપ્ત થાય છે તેથી પુદ્‌ગલ જ વાસ્તવમાં મૂર્ત છે. તે જ પુદ્‌ગલનો ભેદ એક કાર્માણ વર્ગણા

X સંશોધિત પુસ્તકમાં 'सञ्जायन्ते' ના સ્થાને 'संयोज्यन्ते' પાઠ છે તે વિશેષ સારો જણાય છે

પણ છે. તે વર્ગણાથી મોહનીય આદિ કર્મ બને છે. તે કર્મોના સંબંધથી જ આત્માના ક્રોધાદિક વૈભાવિક ભાવ બને છે. તેથી તે પણ મૂર્ત છે. તે ક્રોધાદિને આત્માના ભાવ બતાવનાર જ અસદ્ભુત વ્યવહારનય છે. +

અસદ્ભુત વ્યવહારનયની પ્રવૃત્તિમાં હેતુ

**कारणमन्तर्लीना द्रव्यस्य विभावभावशक्तिः स्यात्।**
**सा भवति सहजसिद्धा केवलमिह जीवपुद्गलयोः।।५३१।।**

**અર્થ :–** અસદ્ભુત વ્યવહારનયની પ્રવૃત્તિ કેમ થાય છે ? એનું કારણ દ્રવ્યમાં રહેનારી વૈભાવિક શક્તિ છે. તે સ્વાભાવિકી શક્તિ છે તથા કેવળ જીવ અને પુદ્ગલમાં જ તે પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યોમાં એક વૈભાવિક નામનો ગુણ છે. એ ઉક્ત બંને દ્રવ્યોનો સ્વાભાવિક ગુણ છે. તે ગુણનું પર–કર્મના નિમિત્તે વૈભાવિક પરિણમન થાય છે. પર નિમિત્ત વિના તેનું સ્વાભાવિક પરિણમન થાય છે. x તે જ વૈભાવિક શક્તિના વિભાવ પરિણમનથી અસદ્ભુત વ્યવહારનયના વિષયભૂત જીવના ક્રોધાદિક ભાવ બને છે.

એનું ફળ

**फलभागन्तुकभावादुपाधिमात्रं विहाय यावदिह।**
**शेषस्तच्छुद्धगुणः स्यादिति मत्वा सुदृष्टिरिह कश्चित्।।५३२।।**

+ આત્માના ચારિત્ર ગુણની વૈભાવિક પરિણતિનું નામ જ ક્રોધાદિ છે. તે ક્રોધાદિભાવ પુદ્ગલના નથી પરંતુ આત્માના જ છે પરંતુ પુદ્ગલના નિમિત્તે થાય છે તેથી તે શુદ્ધાત્માના કહી શકાતા નથી. સ્વામી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી – આચાર્યે દ્રવ્ય સંગ્રહમાં જીવનું કર્તૃત્વ બતાવતાં ક્રોધાદિકોને ચેતન કર્મ કહ્યાં છે અને તેમને અશુદ્ધ નિશ્ચયનયના વિષય બતાવ્યા છે. શુદ્ધ દ્રવ્યનું નિરૂપણ કરનાર પંચાધ્યાયીકારે તે જ ક્રોધાદિકોને જીવનના નિજગુણ માન્યા નથી તેથી તેમને જીવના પક્ષમાં અસદ્ભુત વ્યવહારનયના વિષય તરીકે બતાવ્યા છે.

x પંચાધ્યાયીના બીજા ભાગમાં બંધ પ્રકરણમાં આ શક્તિનું વિશદ વિવેચન કરવામાં આવ્યું છે.

**અર્થ :–** જીવમાં ક્રોધાદિક ઉપાધિ છે. તે આગંતુક ભાવો કર્મોથી થયેલા છે. ઉપાધિ દૂર કરી દેવાથી જીવ શુદ્ધ ગુણોવાળો જણાય છે અર્થાત્ જીવના ગુણોમાંથી પરનિમિત્તે થનારી ઉપાધિને ખસેડી લેવાથી શેષ તેના ચારિત્ર આદિ શુદ્ધ ગુણ પ્રતીત થવા માંડે છે. આમ સમજીને જીવનું સ્વરૂપ ઓળખીને કોઈ (મિથ્યાદૃષ્ટિ અથવા વિચલિતવૃત્તિવાળો જીવ પણ) સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. બસ આ જ આ નયનું ફળ છે.

દૃષ્ટાંત

**अत्रापि च संदृष्टिः परगुणयोगाच्च पाण्डुरः कनकः।**
**हित्वा पर गुणयोगं स एव शुद्धोऽनुभूयते कैश्चित्।।५३३।।**

**અર્થ :–** આ વિષયમાં દૃષ્ટાંત પણ સ્પષ્ટ જ છે કે સોનું બીજા પદાર્થના ગુણના સંબંધથી કાંઈક સફેદાઈવાળું લાગે છે, પર ગુણ વિના તે જ સોનું કોઈને શુદ્ધ (તેજસ્વી પીળું) અનુભવમાં આવે છે.

સદ્ભુત, અસદ્ભુત નયોના ભેદ

**सद्भूतव्यवहारोऽनुपचरितोस्ति च तथोपचरितश्च।**
**अपि चाऽसद्भूतः सोनुपचरितोस्ति च तथोपचरितश्च।।५३४।।**

**અર્થ :–** સદ્ભુત વ્યવહારનય અનુપચરિત પણ હોય છે અને ઉપચરિત પણ હોય છે. તથા અસદ્ભુત વ્યવહારનય પણ અનુપચરિત અને ઉપચરિત હોય છે.

અનુપચરિત સદ્ભુત વ્યવહારનયનું સ્વરૂપ

**स्यादादिमो यथान्तर्लीना या शक्तिरस्ति यस्य सतः।**
**तत्तत्सामान्यतया निरूप्यते चेद्विशेषनिरपेक्षम्।।५३५।।**

**અર્થ :–** જે પદાર્થની અંદર જે શક્તિ છે, તે વિશેષની અપેક્ષા રહિત સામાન્ય રીતે તેની જ વર્ણવવામાં આવે છે. આ જ અનુપચરિત સદ્‌ભુત વ્યવહારનયનું સ્વરૂપ છે.

દૃષ્ટાંત

**इदमत्रोदाहरणं ज्ञानं जीवोपजीवि जीवगुणः।**
**ज्ञेयालम्बनकाले न तथा ज्ञेयोपजीवी स्यात्।।५३६।।**

**અર્થ :–** અનુપચરિત–સદ્‌ભુત વ્યવહારનયના વિષયમાં આ ઉદાહરણ છે કે જ્ઞાન જીવનો 'અનુજીવી' ગુણ છે. તે જ્ઞેયના અવલંબન કાળમાં તેમનો 'ઉપજીવી' ગુણ થતો નથી.

**ભાવાર્થ :–** કોઈ પણ પદાર્થને જાણતી વખતે જ્ઞાન સદા જીવનો અનુજીવી ગુણ રહેશે. આ જ અનુપચરિત –સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે.

તેનો જ ખુલાસો

**घटसद्भावे हि यथा घटनिरपेक्षं चिदेव जीवगुणः।**
**अस्ति घटाभावेपि च घटनिरपेक्षं चिदेव जीवगुणः।।५३७।।**

**અર્થ :–** જેમ જ્ઞાન ઘટના સદ્‌ભાવ (ઘટનો વિષય કરવાના સમય)માં ઘટ નિરપેક્ષ જીવનો ગુણ છે. તેમ જ ઘટના અભાવમાં પણ તે ઘટ નિરપેક્ષ જીવનો જ ગુણ છે.

**ભાવાર્થ :–** જે સમયે જ્ઞાનમાં ઘટ વિષય બન્યો છે તે સમયે પણ તે ઘટાકાર જ્ઞાન જ્ઞાન જ છે. ઘટાકાર થવાથી (ઘટને વિષય બનાવવાથી) તે જ્ઞાન ઘટરૂપ અથવા ઘટનો ગુણ થઈ જતો નથી. ઘટાકાર થવું કેવળ જ્ઞાનનું જ સ્વરૂપ છે. જેમ દર્પણમાં કોઈ પદાર્થનું પ્રતિબિંબ પડવાથી તે દર્પણ પદાર્થના આકારે થઈ જાય છે. દર્પણનું પદાર્થના આકારે થવું દર્પણની જ પર્યાય છે. દર્પણ તે પ્રતિબિંબમૂલક પદાર્થરૂપ થઈ જતું નથી, તથા જે દર્પણ પદાર્થાકાર થવા છતાં પણ તે પોતાના સ્વરૂપમાં છે તેમ પદાર્થાકાર ન થવા છતાં પણ તે પોતાના સ્વરૂપમાં છે એમ નથી કે પદાર્થાકાર થતી વખતે પદાર્થના

કોઈ પણ ગુણ દર્પણમાં આવી જતા હોય અથવા દર્પણના કોઈ ગુણ પદાર્થમાં ચાલ્યા જતા હોય. તેવી જ રીતે જ્ઞાન પણ જેવી રીતે પદાર્થાકાર થવાના સમયે જીવનો ચૈતન્ય ગુણ છે તેમ પદાર્થાકાર ન થતા પણ જીવનો ચૈતન્ય ગુણ છે બંને અવસ્થાઓમાં તે જીવનો જ ગુણ છે.

**एतेन निरस्तं यन्मतमेतत्सति घटे घटज्ञानम्।**
**अस्ति घटे न ज्ञानं न घटज्ञानं प्रमाणशून्यत्वाम्।।५३८।।**

**અર્થ :–** જે સિદ્ધાંત એમ માને છે કે ઘડો હોય તો જ ઘડાનું જ્ઞાન થઈ શકે છે, ઘડો ન હોય તો ઘડાનું જ્ઞાન પણ થઈ શકતું નથી. તે સિદ્ધાંત ઉપર્યુક્ત કથનથી ખંડિત થઈ ગયો કેમકે આવો સિદ્ધાંત માનવામાં કોઈ પ્રમાણ નથી.

**ભાવાર્થ :–** બૌદ્ધ સિદ્ધાંત છે કે પદાર્થજ્ઞાનમાં પદાર્થ જ કારણ છે. પદાર્થ વિના તેનું જ્ઞાન થઈ શકતું નથી. સાથોસાથ જ્ઞાનમાત્ર પણ થઈ શકતું નથી. કેમકે જે કોઈ જ્ઞાન થશે તે પદાર્થથી જ ઉત્પન્ન થશે અર્થાત્ પદાર્થની હયાતીથી જ થશે. પદાર્થ જ્ઞાનમાં કારણ હોવાનું તે એટલા માટે બતાવે છે કે જો પદાર્થના જ્ઞાનમાં પદાર્થ કારણ ન હોય તો જે સમયે ઘટનું જ્ઞાન કરવામાં આવે છે તે સમયે જ્ઞાનમાં ઘટ જ વિષય કેમ બને છે, પટાદિ અન્ય પદાર્થ કેમ બનતા નથી ? તેમના મત પ્રમાણે તો ઘટજ્ઞાનમાં ઘટ કારણ છે તેથી ઘટ જ વિષય બને છે, ઘટ જ્ઞાનમાં અન્ય પદાર્થ વિષય બની શકતા નથી. પદાર્થને જ્ઞાનમાં કારણ ન માનનારાઓના મતમાં (જૈન સિદ્ધાંતમાં) એ વ્યવસ્થા બની શકશે નહિ. એવો બૌદ્ધ સિદ્ધાંત છે પરંતુ તે સિદ્ધાંત ઉપરના શ્લોક દ્વારા ખંડિત થઈ ગયો કારણ કે પદાર્થ ન હોવા છતાં પણ પદાર્થનું જ્ઞાન થાય છે. પદાર્થને જ્ઞાનમાં કારણ માનવાથી અનેક દોષ આવે છે. જેમ કોઈ પુરુષ ચાદર ઓઢીને અને મસ્તક ખુલ્લું રાખીને સૂતો છે. થોડે દૂરથી બીજો મનુષ્ય સુનારના કાળા વાળ જોઈને તેમને મચ્છર સમજી લે છે એવો ભ્રમ થતો ઘણું કરીને જોવામાં આવે છે. જો પદાર્થજ્ઞાનમાં પદાર્થ જ કારણ હોય તો વાળમાં મચ્છરોનું જ્ઞાન બિલકુલ ન થવું જોઈએ. ત્યાં જે વાળ નામનો પદાર્થ છે તેનું જ જ્ઞાન થવું જોઈએ. પરંતુ અહીં ઊલટી જ વાત છે. જે મચ્છર નામનો પદાર્થ નથી તેનું તો જ્ઞાન થઈ રહ્યું છે અને જે વાળ નામનો પદાર્થ ઉપસ્થિત છે તેનું જ્ઞાન થતું નથી. બંને રીતે અન્વય વ્યભિચાર, વ્યતિરેક વ્યભિચારનું

દૂષણ આવે છે, તેથી પદાર્થજ્ઞાનમાં પદાર્થ આવશ્યક કારણ નથી. જેમ દીપક પદાર્થોનો પ્રકાશક છે પરંતુ દીપક પદાર્થોથી ઉત્પન્ન નથી. દીપકના દૃષ્ટાંતથી પણ આ વાત સિદ્ધ થતી નથી કે જે જેનાથી ઉત્પન્ન થાય છે તે જ તેનો પ્રકાશક છે. બૌદ્ધની આ યુક્તિ પણ બરાબર નથી કે ઘટજ્ઞાનમાં ઘટ જ વિષય કેમ બને છે. પટાદિ કેમ નહિ ? કેમકે મચ્છર વિષય ન બનવા છતાં પણ મચ્છરનું જ્ઞાન થઈ જાય છે અથવા વાળનો વિષય બનવા છતાં પણ વાળનું જ્ઞાન થતું નથી. જૈન સિદ્ધાંત તો ઘટજ્ઞાનમાં ઘટ જ વિષય બને છે, પટજ્ઞાનમાં પટ જ વિષય બને છે, આ અવસ્થામાં યોગ્યતાને કારણ બતાવે છે. 'યોગ્યતા' નામ તેના આવરણના ક્ષયોપશમનું છે.X જે જાતનો ક્ષયોપશમ હોય છે તે જ જાતનો બોધ થાય છે. જો કે એક સમયમાં ઘટપટાદિ ઘણા પદાર્થોના જ્ઞાન વિષયક આચરણનો ક્ષયોપશમ થઈ જાય છે, તોપણ ઉપયોગની પ્રધાનતાથી ઉપયુક્ત વિષયનું જ જ્ઞાન થાય છે. યોગ્યતાને કારણ માનવાથી જ પદાર્થ વ્યવસ્થા બને છે, અન્યથા નહિ. બૌદ્ધ સિદ્ધાંતના આધારે પદાર્થ વ્યવસ્થા માનવાથી ઉપર્યુક્ત દોષો સિવાય બીજા પણ અનેક દોષ આવે છે. આ વિષયમાં વિશદ જ્ઞાનની ઇચ્છા રાખનારાઓએ પ્રમેયકમલમાર્તંડનું અવલોકન કરવું જોઈએ.

એનું ફળ

**फलमास्तिक्यनिदानं सद्रव्ये वास्तवप्रतीतिः स्यात्।**
**भवति क्षणिकादिमते परमोपेक्षा यतो विनायासात्।।५३९।।**

**અર્થ :–** પદાર્થમાં યથાર્થ પ્રતીતિ થવી તે જ આસ્તિક્ય બુદ્ધિનું કારણ છે, આવી યથાર્થ પ્રતીતિ અનુપચરિત સદ્ભુત વ્યવહારનયથી થાય છે. સાથે જ ક્ષણિકાદિ સિદ્ધાંતને માનનારાઓ (બૌદ્ધાદિ)માં કોઈ પ્રયત્ન વિના જ પરમ ઉપેક્ષા (ઉદાસીનતા) થઈ જાય છે, એ જ આ નયનું ફળ છે.

**ભાવાર્થ :–** ઘટજ્ઞાન અવસ્થામાં પણ જ્ઞાનને જીવનો જ ગુણ સમજવો એ

---

X स्वावरणक्षयोपशमलक्षणयोग्यतया हि प्रतिनियतमर्थं व्यवस्थापयति।
- परीक्षामुख।

અર્થાત્ ભિન્ન ભિન્ન આવરણ ક્ષયોપશમ લક્ષણ યોગ્યતા દ્વારા જ્ઞાન તે યોગ્યતાની અંદર આવેલા (પ્રતિનિયત) પદાર્થનો જ બોધ કરે છે.

અનુપચરિત – સદ્‌ભુત નય છે અને એ જ પદાર્થની યથાર્થ પ્રતીતિનું બીજ છે.

ઉપચરિત – સદ્‌ભુત વ્યવહારનયનું સ્વરૂપ

**उपचरितः सद्भूतो व्यवहारः स्यान्नयो यथा नाम।**
**अविरुद्धं हेतुवशात्परतोऽप्युपचर्यते यथा स्वगुणः।।५४०।।**

**અર્થ :–** અવિરુદ્ધતાપૂર્વક કોઈ હેતુથી તે વસ્તુનો તેમાં જ પરની અપેક્ષાથી પણ જ્યાં ઉપચાર કરવામાં આવે છે ત્યાં ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનય પ્રવર્તે છે.

**ભાવાર્થ :–** અહીં તે જ વસ્તુનો ગુણ (વિશેષ ગુણ) તેમાં જ વિવક્ષિત કરવામાં આવે છે, એટલો અંશ તો સદ્‌ભુતનું સ્વરૂપ છે. ગુણીથી ગુણનો ભેદ કરવામાં આવ્યો છે, એટલો અંશ વ્યવહારનું સ્વરૂપ છે તથા તે ગુણનો તે વસ્તુમાં પરથી ઉપચાર કરવામાં આવે છે, એટલો ઉપચરિત અંશ છે. તેથી એવા જ્ઞાનવાળો – ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનય કહેવાય છે અથવા એવો ઉપચરિત – પ્રયોગ પણ તે જ નયનો વિષય છે.

દૃષ્ટાંત

**अर्थ विकल्पो ज्ञानं प्रमाणमिति लक्ष्यतेधुनापि यथा।**
**अर्थः स्वपरनिकायो भवति विकल्पस्तु चित्तदाकारम्।।५४१।।**

**અર્થ :–** જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે કે અર્થ વિકલ્પ જ્ઞાનરૂપ પ્રમાણ હોય છે, અહીં અર્થ નામ જ્ઞાન અને પર પદાર્થોનું છે. વિકલ્પ નામ જ્ઞાનનું તે આકાર રૂપ થવું તે છે. અર્થાત્ સ્વ પર જ્ઞાન થવું તે જ પ્રમાણ છે.

**ભાવાર્થ :–** જ્ઞાન પોતાના સ્વરૂપને જાણતું થકું જ પર પદાર્થોને જાણે છે, એ જ તેની પ્રમાણતાનો હેતુ છે. સ્વપર પદાર્થોનો નિશ્ચયાત્મક બોધ જ પ્રમાણ કહેવાય છે અને આ જ્ઞાનની વિકલ્પાત્મક અવસ્થા છે. અહીં જ્ઞાનનું સ્વરૂપ તેના વિષયભૂત પદાર્થોના ઉપચારથી સિદ્ધ કરવામાં આવે છે, પરંતુ વિકલ્પરૂપ જ્ઞાનને જીવનો જ ગુણ બતાવવામાં

આવ્યો છે. તેથી આ ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે.

**असदपि लक्षणमेतत्सन्मात्रत्वे सुनिर्विकल्पत्वात्।**
**तदपि न विनावलम्बान्निर्विषयं शक्यते वक्तुम्।।५४२।।**

**અર્થ :–** જ્ઞાન જો કે નિર્વિકલ્પ હોવાથી સન્માત્ર છે તેથી ઉપર્યુક્ત વિકલ્પ સ્વરૂપ લક્ષણ તેમાં આવતું નથી, તો પણ તે અવલંબન વિના નિર્વિષય કહી શકાતું નથી.

**तस्मादयनन्यशरणं सदपि ज्ञानं स्वरूपसिद्धत्वात्।**
**उपचरितं हेतुवशात् तदिह ज्ञानं तदन्यशरणमिव।।५४३।।**

**અર્થ :–** તેથી જ્ઞાન પોતાના સ્વરૂપથી સ્વયંસિદ્ધ છે તેથી તે અનન્યશરણ (તેનું તે જ અવલંબન) છે તો પણ હેતુવશ તે જ્ઞાન અન્યશરણ સમાન ઉપચરિત થાય છે.

એમ થવામાં હેતુ

**हेतुः स्वरूपसिद्धिं विना न परसिद्धिरप्रमाणत्वात्।**
**तदपि च शक्तिविशेषादद्रव्यविशेषे यथा प्रमाणं स्यात्।।५४४।।**

**અર્થ :–** આમ થવામાં કારણ પણ આ છે કે સ્વરૂપ સિદ્ધિ વિના પરથી સિદ્ધિ અપ્રમાણ જ છે અર્થાત્ જ્ઞાન સ્વરૂપથી સિદ્ધ છે તો જ તે પરથી પણ સિદ્ધ મનાય છે. જ્ઞાન સ્વરૂપથી સિદ્ધ છે આ વિષયમાં પણ એ જ કહી શકાય છે કે તે દ્રવ્ય વિશેષ (જીવ દ્રવ્ય)નો ગુણવિશેષ છે. આ વાત પ્રમાણપૂર્વક સિદ્ધ છે.

**ભાવાર્થ :––** अर्थ विकल्पो ज्ञानं प्रमाणम, અર્થાત્ સ્વ–પર પદાર્થનો બોધ જ પ્રમાણ છે એમ ઉપર કહેવામાં આવ્યું છે. આ કથનથી જ્ઞાનમાં પ્રમાણતા પરથી લાવવામાં આવી છે. પરંતુ પરથી પ્રમાણતા જ્ઞાનમાં ત્યારે જ આવી શકે કે જ્યારે તે પોતાના સ્વરૂપથી સિદ્ધ હોય. આ જ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે કે જ્ઞાન પોતાના સ્વરૂપથી સ્વયંસિદ્ધ છે. કારણકે તે જીવ દ્રવ્યનો વિશેષ ગુણ છે. સ્વયંસિદ્ધ થઈને જ

તે પરથી ઉપચરિત કહેવામાં આવે છે.

એનું ફળ

**अर्थो ज्ञेयज्ञायकसङ्करदोषभ्रमक्षयो यदि वा।**
**अविनाभावात् साध्यं सामान्यं साधको विशेषः स्यात्।।५४५।।**

**અર્થ :–** ઉપચરિત–સદ્ભુત વ્યવહારનયનું આ ફળ છે કે જ્ઞેય અને જ્ઞાયકમાં અર્થાત્ જ્ઞાન અને પદાર્થમાં સંકર દોષ ઉત્પન્ન ન થાય તથા કોઇ પ્રકારનો ભ્રમ પણ એમાં ઉત્પન્ન ન થાય. જો પહેલાં જ્ઞેય અને જ્ઞાયકમાં સંકર દોષ અથવા બંનેમાં ભ્રમ થયો હોય તો આ નયને જાણતાં તે દોષ તથા તે ભ્રમ દૂર થઈ જાય છે. અહીં અવિનાભાવ હોવાથી સામાન્ય સાધ્ય છે તથા વિશેષ તેનું સાધક છે. અર્થાત્ જ્ઞાન સાધ્ય છે અને ઘટજ્ઞાન પટજ્ઞાનાદિ તેના સાધક છે. બંનેનો અવિનાભવ છે. કારણકે પદાર્થ પ્રમેય છે તેથી તે કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય જ છે અને જ્ઞાન પણ જ્ઞેયનું અવલંબન કરે જ છે. તે પણ નિર્વિષય નથી હોતું.

**ભાવાર્થ :–** પદાર્થનું સ્વરૂપ ન સમજનારા કોઈ જ્ઞાનને ઘટપટાદિ પદાર્થોનો ધર્મ બતાવે છે, કોઈ કોઈ જ્ઞેયના ધર્મ જ્ઞાયકમાં બતાવે છે. અથવા વિષય–વિષયીના સંબંધમાં કોઈને ભ્રમ થઈ રહ્યો છે તે બધાનું અજ્ઞાન દૂર કરવું તે જ આ નયનું ફળ છે. આ નય દ્વારા આ જ વાત બતાવવામાં આવી છે કે વિકલ્પપણું જ્ઞાનનું સાધક છે અર્થાત્ ઘટજ્ઞાન, પટજ્ઞાન, પુસ્તકજ્ઞાન, રત્નજ્ઞાન ઇત્યાદિ જ્ઞાનના વિશેષણ સાધક છે. સામાન્ય જ્ઞાન સાધ્ય છે. ઉપર્યુક્ત વિશેષણોથી સામાન્ય જ્ઞાનની જ સિદ્ધિ થાય છે. જ્ઞાનમાં ઘટાદિ ધર્મપણું સિદ્ધ થતું નથી. આવું યથાર્થ પરિજ્ઞાન હોવાથી જ્ઞેય જ્ઞાયકમાં સંકરતાનો બોધ કદી થઈ શકતો નથી.

અનુપચરિત – અસદ્ભુત વ્યવહારનયનું દૃષ્ટાંત

**अपि वाऽसद्भूतो योऽनुपचरिताख्यो नयः स भवति यथा।**
**क्रोधाद्या जीवस्य हि विवक्षिताशचेदबुद्धिभवाः।।५४६।।**

**અર્થ :–** અબુદ્ધિપૂર્વક થનારા ક્રોધાદિક ભાવોમાં જીવના ભાવોની વિવક્ષા કરવી એ અનુપચરિત અસદ્ભુત વ્યવહારનય કહેવાય છે.

**ભાવાર્થ :–** બીજા દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યમાં વિવક્ષિત કરવામાં આવે એને જ અસદ્ભુત વ્યવહારનય કહે છે. ક્રોધાદિક ભાવ કર્મોના સંબંધથી થાય છે તેથી તે જીવના કહી શકાતા નથી. એ વાત અસદ્ભુત વ્યવહારનયના દૃષ્ટાંતમાં સ્પષ્ટ કરી દેવામાં આવી છે. તે જ ભાવોને જીવના ભાવ કહેવા અથવા જાણવા એ અસદ્ભુત નય છે. પરંતુ ક્રોધાદિક ભાવ બે પ્રકારના હોય છે. (૧) બુદ્ધિપૂર્વક (૨) અબુદ્ધિપૂર્વક. બુદ્ધિપૂર્વક ભાવ તેમને કહે છે કે જે ભાવ સ્થૂળપણે ઉદયમાં આવી રહ્યા હોય તથા જેમના વિષયમાં આપણે અનુભવ પણ કરી રહ્યા હોઈએ કે તે ક્રોધાદિક ભાવ છે. એ ક્રોધાદિક છે એમ સમજવા છતાં પણ તેમને જીવના બતાવવા અથવા જાણવા તે ઉપચરિત નય છે, પરંતુ જ્યાં ક્રોધાદિક ભાવ સૂક્ષ્મતાથી ઉદયમાં આવી રહ્યા હોય, જેમના વિષયમાં એ નિર્ણય કરી શકાતો નથી કે ક્રોધાદિ ભાવ છે કે નહિ એવા ભાવોને – અબુદ્ધિપૂર્વક ક્રોધાદિ ભાવોને જીવના કહેવા તે અનુપચરિત – અસદ્ભુત વ્યવહારનય છે. અહીં વૈભાવિક ભાવોને (પરભાવોને) જીવના કહેવા એટલો અંશ તો અસદ્ભુતનો છે. ગુણ-ગુણીનો વિકલ્પ વ્યવહાર અંશ છે. અબુદ્ધિપૂર્વક ક્રોધાદિકોને જીવના કહેવા એટલો અંશ અનુપચરિતનો છે.

એનું કારણ

**कारणमिह यस्य सतो या शक्तिः स्याद्विभावभावमयी।**
**उपयोगदशाविष्टा सा शक्तिः स्यात्तदाप्यनन्यमयी।।५४७।।**

**અર્થ :–** જે પદાર્થની જે શક્તિ વૈભાવિક ભાવમય થઈ રહી છે અને ઉપયોગ દશા (કાર્યકારિણી) વિશિષ્ટ છે. તોપણ તે શક્તિ અન્યની કહી શકાતી નથી. એ જ અનુપચરિત અસદ્ભુત વ્યવહારનયની પ્રવૃત્તિમાં કારણ છે.

**ભાવાર્થ :–** જો એક શક્તિ બીજી શક્તિરૂપે પરિણમી જાય તો તો એક પદાર્થના ગુણ બીજા પદાર્થમાં ચાલ્યા જવાથી સંકર અને અભાવ દોષ ઉત્પન્ન થાય છે તથા એવું જ્ઞાન અને કથન પણ મિથ્યાનય છે. જીવના ક્રોધાદિક ભાવ તેના ચારિત્ર ગુણના

જ પર નિમિત્તથી થનારા વિકાર છે. ચારિત્ર ગુણ ગમે એટલો વિકાર અવસ્થામાં પરિણમી જાય તો પણ તે સદા જીવનો જ રહેશે. તેથી ત્યાં અસદ્ભુત વ્યવહારનય પ્રવૃત્ત થાય છે, અર્થાત્ કોઈ વસ્તુનો ગુણ અન્ય રૂપે ન પરિણમે તે જ આ નયની પ્રવૃત્તિનો હેતુ છે.

આ નયનું ફળ

**फलमागन्तुकभावाः स्वपरनिमित्ता भवन्तियावन्तः।**
**क्षणिकत्वान्नादेया इति बुद्धिः स्यादनात्मधर्मत्वात्।।५४८।।**

**અર્થ :–** પોતાના અને પરના નિમિત્તે થનારા જેટલા કોઈ આગંતુક ભાવ–વૈભાવિકભાવ છે, તે બધા આત્માના ધર્મ નથી. તેથી તે ક્ષણિક છે. ક્ષણિક હોવાથી અથવા આત્મિક ધર્મ ન હોવાથી તે ગ્રહણ કરવા યોગ્ય નથી એવી બુદ્ધિ થવી તે જ આ નયનું ફળ છે.

**ભાવાર્થ :–** અનુપચરિત – અસદ્ભુત વ્યવહારનય વૈભાવિકભાવમાં પ્રવૃત્ત થાય છે. તેનું ફળ એ નીકળે છે કે એ ભાવ પરના નિમિત્તે થાય છે. તેથી અગ્રાહ્ય છે

ઉપચરિત – અસદ્ભુત વ્યવહારનય

**उपचरितोऽसद्भूतो व्यवहाराख्यो नयः स भवति यथा।**
**क्रोधाद्याः औदयिकाश्चितश्चेद्बुद्धिजा विवक्ष्याः स्युः।।५४९।।**

**અર્થ :–** ઔદયિક ક્રોધાદિક ભાવ જો બુદ્ધિપૂર્વક હોય, તો તેમના જીવના સમજવા અથવા કહેવા તે ઉપચરિત–અસદ્ભુત વ્યવહારનય છે.

**ભાવાર્થ :–** બુદ્ધિપૂર્વક ક્રોધાદિ ભાવ તેમને કહે છે કે જેમના વિષયમાં એ જાણવામાં આવે કે આ ક્રોધાદિ ભાવ છે. જેમ કોઈ પુરુષ ક્રોધ કરે છે અથવા લોભ કરે છે અને જાણે પણ છે કે તે ક્રોધ કરી રહ્યો છે અથવા લોભ કરી રહ્યો છે, છતાં પણ તે પોતાના તે ક્રોધ ભાવને અથવા લોભ ભાવને પોતાનો સમજે અથવા કહે તો તેનું તે સમજવું અથવા કહેવું તે ઉપચરિત – અસદ્ભુત વ્યવહારનયનો વિષય છે. અથવા તે નય છે.

ક્રોધાદિક ભાવ કેવળ જીવના નથી. તેમને જીવના કહેવા એટલો અંશ તો અસદ્ભુતનો છે કે જે પહેલાં જ કહેવાય ગયુ છે. ક્રોધાદિકોને ક્રોધાદિ સમજીને પણ તેમને જીવના બતાવવા એટલો અંશ ઉપચરિત છે. બુદ્ધિપૂર્વક ક્રોધાદિકભાવ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય, તેનાથી ઉપર નહિ.

એનું કારણ

**वीजं विभावभावाः स्वपरोभयहेतवस्तथा नियमात्।**
**सत्यपि शक्तिविशेषे न परनिमित्ताद्विना भवन्ति यतः।।५५०।।**

**અર્થઃ–** જેટલા કોઈ વિભાવભાવ છે તે નિયમથી પોતાના અને પરના નિમિત્તે થાય છે. જો કે તે શક્તિ વિશેષ છે અર્થાત્ કોઈ દ્રવ્યના નિજગુણ છે તોપણ તે પરના નિમિત્ત વિના થતા નથી.

**ભાવાર્થ :–** આત્માના ગુણોનું પુદ્ગલકર્મના નિમિત્તે વૈભાવિકરૂપ થવું તે જ ઉપચરિત–અસદ્ભુત વ્યવહારનયનું કારણ છે.

આ નયનું ફળ

**तत्फलमविनाभावात्साध्यं तदबुद्धिपूर्वका भावाः।**
**तत्सत्तामात्रं प्रति साधनमिह बुद्धिपूर्वका भावाः।।५५१।।**

**અર્થ :–** અબુદ્ધિપૂર્વક ભાવો વિના બુદ્ધિપૂર્વક ભાવ થઈ જ નથી શકતા. તેથી બુદ્ધિપૂર્વક ભાવોને અબુદ્ધિપૂર્વક ભાવો સાથે અવિનાભાવ છે. અવિનાભાવ હોવાથી અબુદ્ધિપૂર્વક ભાવ સાધ્ય છે અને તેમની સત્તા સિદ્ધ કરવા માટે સાધન બુદ્ધિપૂર્વક ભાવ છે. એ જ આનું ફળ છે.

**ભાવાર્થ :–** બુદ્ધિપૂર્વક ભાવોથી અબુદ્ધિપૂર્વક ભાવોનું પરિજ્ઞાન કરવું તે જ અનુપચરિત – અસદ્ભુત વ્યવહારનયનું ફળ છે.

શંકાકાર

**ननु चासद्भूतादिर्भवति स यत्रेत्यतद्‌गुणारोपः।**
**दृष्टान्तादपि च यथा जीवो वर्णादिमानिहास्त्विति चेत्।।५५२।।**

**અર્થ :–** જ્યાં એક વસ્તુના ગુણ બીજી વસ્તુમાં આરોપિત કરવામાં આવે છે ત્યાં અસદ્‌ભુત વ્યવહારનય પ્રવર્તે છે. દૃષ્ટાંત – જેમ જીવને વર્ણાદિવાળો કહેવો. આમ માનવામાં શું નુકસાન છે ?

**ભાવાર્થ :–** ગ્રંથકારે ઉપર અનુપચરિત અને ઉપચરિત બંનેય પ્રકારના અસદ્‌ભુત વ્યવહારનય તદ્‌ગુણારોપી બતાવ્યા છે અર્થાત્ તે જ વસ્તુના ગુણ તેમાં જ આરોપિત કરવાની વિવક્ષાને અસદ્‌ભુતનય કહેલ છે. કેમકે ક્રોધાદિક ભાવ પણ જીવના જ છે અને તેમને જીવમાં જ વિવક્ષિત કરવામાં આવ્યા છે. શંકાકારનું કહેવું છે કે સદ્‌ભુતનયને તો તદ્‌ગુણારોપી કહેવા જોઈએ અને અસદ્‌ભુત નયને અતદ્‌ગુણારોપી કહેવા જોઈએ. આ વિષયમાં તે દૃષ્ટાંત આપે છે કે જેમ વર્ણાદિ પુદ્‌ગલના ગુણ છે તેમને જીવના કહેવા એ જ અસદ્‌ભુતનયનો વિષય છે ?

ઉત્તર

**तन्न यतो न नयास्ते किन्तु नयाभाससंज्ञकाः सन्ति।**
**स्वयमप्यतद्गुणत्वादव्यवहाराऽविशेषतो न्यायात्।।५५३।।**

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કહેવું બરાબર નથી. કારણ જે તદ્‌ગુણારોપી નથી પણ એક વસ્તુના ગુણ બીજી વસ્તુમાં આરોપિત કરે છે તે નય નથી પરંતુ નયાભાસ છે. તે વ્યવહારને યોગ્ય નથી.

**ભાવાર્થ :–** મિથ્યાનયને નયાભાસ કહે છે. જે નય અતદ્‌ગુણારોપી છે તે નયાભાસ છે.

તથા

**तदभिज्ञानं चैतद्येतद्‌गुणलक्षणा नयाः प्रोक्ताः ।**
**तन्मिथ्यावादत्वाद्ध्वस्तास्तद्वादिनोपि मिथ्याख्याः ।।५५४ ।।**

**અર્થ :–** જે ઉપર કહેવામાં આવ્યું છે તેનો ખુલાસો આ રીતે છે કે જેટલા અતદ્‌ગુણ લક્ષણ નય કહેવામાં આવ્યા છે તે બધા મિથ્યાવાદ રૂપ છે માટે તે ખંડિત કરવામાં આવ્યા છે. તે નયોના માનનાર પણ મિથ્યાવાદી છે.

તે મિથ્યા આવી રીતે છે

**तद्वादोऽथ यथा स्याज्जीवो वर्णादिमानिहास्तीति ।**
**इत्युक्ते न गुणः स्यात्प्रत्युत दोषस्तदेकबुद्धित्वात् ।।५५५ ।।**

**અર્થ :–** તે મિથ્યાવાદ આ પ્રમાણે છે કે જો કોઈ એમ કહે કે જીવ રૂપ, રસ, ગંધ, સ્પર્શવાળો છે તો એમ કહેવાથી કોઈ ગુણ–લાભ થતો નથી પરંતુ ઊલટું દોષ થાય છે. દોષ એ થાય છે કે જીવ અને રૂપ, રસાદિમાં એકત્વબુદ્ધિ થવા માંડે છે અને એવી બુદ્ધિ થવી તે જ મિથ્યા છે.

શંકાકાર

**ननु किल वस्तुविचारे भवतुगुणो वाथ दोष एव यतः ।**
**न्यायबलादायातो दुर्वारः स्यान्नयप्रवाहश्च ।।५५६ ।।**

**અર્થ :–** વસ્તુના વિચાર સમયે ગુણ થાય કે દોષ થાય અર્થાત્ જે વસ્તુ જે રૂપમાં છે તે જ રૂપે તે સિદ્ધ થશે, ભલે પછી તેની યથાર્થ સિદ્ધિમાં દોષ આવે કે ગુણ. નયોનો પ્રવાહ ન્યાયબળથી પ્રાપ્ત થયો છે તેથી તે દૂર કરી શકાતો નથી ?

**ભાવાર્થ :–** જીવને વર્ણાદિવાળો કહેવો એ પણ એક નય છે. આ નયની સિદ્ધિમાં

જીવ અને વર્ણાદિમાં એકતા ભલે પ્રતીત થતી હોય, પરંતુ તેની સિદ્ધિ આવશ્યક છે.

ઉત્તર

**सत्यं दुर्वारः स्यान्नयप्रवाहो यथा प्रमाणाद्वा।**
**दुर्वारश्च तथा स्यात्सम्यङ्‌मिथ्येति नयविशेषोपि।।५५७।।**

અર્થ :– એ વાત બરાબર છે કે નયપ્રવાહ અનિવાર્ય છે પરંતુ સાથોસાથ એ પણ અનિવાર્ય છે કે તે પ્રમાણાધીન હોય, તથા કોઈ નય સમીચીન (યથાર્થ) હોય છે, કોઈ મિથ્યા હોય છે, આ નયોની વિશેષતા પણ અનિવાર્ય છે.

તથા

**अर्थ विकल्पो ज्ञानं भवति तदेकं विकल्पमात्रत्वात्।**
**अस्ति च सम्यग्ज्ञानं मिथ्याज्ञानं विशेषविषयत्वात्।।५५८।।**

**અર્થ :–** જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે અર્થાત્ જ્ઞાન સ્વ–પર પદાર્થને વિષય કરે છે તેથી જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે, કેમકે અર્થ વિકલ્પપણું બધા જ્ઞાનોમાં પરંતુ વિશેષ વિષયોની અપેક્ષાએ જ જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. (૧) સમ્યગ્જ્ઞાન (૨) મિથ્યાજ્ઞાન

બંને જ્ઞાનોનું સ્વરૂપ

**तत्रापि यथावस्तु ज्ञानं सम्यग्विशेषहेतुः स्यात्।**
**अथ चेदयथावस्तु ज्ञानं मिथ्याविशेषहेतुः स्यात्।।५५९।।**

**અર્થ :–** તે બંને જ્ઞાનોમાં સમ્યગ્જ્ઞાનનું કારણ વસ્તુનું યથાર્થ જ્ઞાન છે તથા મિથ્યાજ્ઞાનનું કારણ વસ્તુનું અયથાર્થ જ્ઞાન છે.

**ભાવાર્થ :–** જે વસ્તુ જ્ઞાનમાં વિષય થઈ છે તે વસ્તુ જેવી છે તેવું જ તેનું જ્ઞાન થવું, તેને સમ્યગ્જ્ઞાન કહે છે. જેમ – કોઈના જ્ઞાનમાં ચાંદી વિષય બની હોય તો તે ચાંદીને ચાંદી જ સમજે તો તેનું તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે અને જો ચાંદીને તે જ્ઞાન છીપ સમજે તો તે મિથ્યાજ્ઞાન છે. જે જ્ઞાનમાં વસ્તુ તો કાંઈક બીજી જ આવી હોય અને જ્ઞાન બીજી જ વસ્તુનું થાય તેને મિથ્યાજ્ઞાન કહે છે. આ રીતે વિષયના ભેદથી જ્ઞાનના પણ સમ્યક્ અને મિથ્યા એવા બે ભેદ થઈ જાય છે.

નયના પણ બે ભેદ છે.

**ज्ञानं यथा तथासौ नयोस्ति सर्वो विकल्पमात्रत्वात्।**
**तत्रापि नयः सम्यक् तदितरथा स्यान्नयाभासः।।५६०।।**

**અર્થ :–** જે પ્રમાણે જ્ઞાન છે તે જ પ્રમાણે નય પણ છે અર્થાત્ જેમ સામાન્ય જ્ઞાન એક છે તેમ બધા નય પણ વિકલ્પમાત્ર હોવાથી (વિકલ્પાત્મક જ્ઞાનને જ નય કહે છે) સામાન્યરૂપે એક છે અને વિશેષની અપેક્ષાએ જ્ઞાનની જેમ નય પણ સમ્યક્નય અને મિથ્યાનય એવા બે ભેદવાળા છે. જે સમ્યક્નય છે તેમને નય કહે છે જે મિથ્યાનય છે તેમને નયાભાસ કહે છે.

બંનેનું સ્વરૂપ

**तद्गुणसंविज्ञानः सोदाहरणः सहेतुरथ फलवान्।**
**यो हि नयः स नयः स्याद्विपरीतो नयो नयाभासः।।५६१।।**

**અર્થ :–** જે તદ્ગુણ સંવિજ્ઞાન હોય, અર્થાત્ ગુણ ગુણીનાં ભેદપૂર્વક કોઈ વસ્તુના વિશેષ ગુણોને તેમાં જ બતાવતા હોય, ઉદાહરણ સહિત હોય, હેતુપૂર્વક હોય, ફળ સહિત હોય, તે જ નય, નય કહેવાય છે. ઉપર્યુક્ત વાતોથી જે વિપરીત હોય, તે નય નયાભાસ કહેવાય છે.

**फलवत्वेन नयानां भाव्यमवश्यं प्रमाणवद्धि यतः।**
**स्यादवयविप्रमाणं स्युस्तदवयवा नयास्तदंशत्वात्।।५६२।।**

**અર્થ :–** જેમ પ્રમાણ ફળ સહિત હોય છે તેવી રીતે નયો પણ ફળ સહિત હોય એ પરમ આવશ્યક છે. કારણ અવયવી પ્રમાણ કહેવાય છે, તેના જ અવયવ નય કહેવાય છે. નય પ્રમાણના જ અંશ રૂપ છે.

**ભાવાર્થ :–** નયોની ઉત્પત્તિમાં પ્રમાણ મૂળ કારણ છે. પ્રમાણથી જે પદાર્થ કહેવામાં આવે છે તેનો એક અંશ લઈને અર્થાત્ પર્યાય વિશેષ દ્વારા જે પદાર્થનું વિવેચન કરવામાં આવે છે તેને જ નય કહે છે. અથવા આખા પદાર્થને પ્રમાણ વિષય કરે છે અને તેના એક દેશને નય વિષય કરે છે. આ રીતે અંશ અંશીરૂપ હોવાથી પ્રમાણની જેમ નય પણ ફળ વિશિષ્ટ જ હોય છે.

## સારાંશ

**तस्मादनुपादेयो व्यवहारोऽतद्गुणे तदारोपः।**
**इष्ट फलाभावादिह न नयो वर्णादिमान् यथा जीवः।।५६३।।**

**અર્થ :–** જે વસ્તુમાં જે ગુણ નથી, બીજી વસ્તુના ગુણ તેમાં આરોપિત –વિવક્ષિત કરવામાં આવે છે; જ્યાં આવો વ્યવહાર કરવામાં આવે છે, તે વ્યવહાર ગ્રાહ્ય નથી. કેમકે આવા વ્યવહારથી ઇષ્ટફળની પ્રાપ્તિ થતી નથી. તેથી જીવને વર્ણાદિવાળો કહેવો, એ નય નથી પરંતુ નયાભાસ છે.

**ભાવાર્થ :–** શંકાકારે ઉપર કહ્યું હતું કે જીવને વર્ણાદિવાળો કહેવો એને અસદ્ભુત વ્યવહારનય કહેવો જોઈએ. ગ્રંથકાર કહે છે કે એ નય નથી પરંતુ નયાભાસ છે. કેમકે જીવના વર્ણાદિ ગુણ નથી છતાં પણ તેમને જીવના કહેવાથી જીવ અને પુદ્ગલમાં એકત્વ બુદ્ધિ થવા લાગશે. આ જ ઇષ્ટ ફળની હાનિ છે.

શંકાકાર

**ननु च एवं सति नियमादुक्तासद्भूतलक्षणो न नयः।**
**भवति नयाभासः किल क्रोधादीनामतद्गुणारोपात्।।५६४।।**

**અર્થ :–** જો એક વસ્તુના ગુણ બીજી વસ્તુમાં આરોપિત કરવાનું નામ નયાભાસ છે તો એમ માનવાથી જે ઉપર અસદ્ભુત વ્યવહારનય કહેવામાં આવ્યો છે તેને પણ નય ન કહેવો જોઈએ પરંતુ નયાભાસ કહેવો જોઈએ. કારણ ક્રોધાદિક જીવના ગુણ નથી છતાં પણ તેમને જીવના કહેવામાં આવ્યા છે. એ પણ અતદ્ગુણારોપ જ છે, તેથી ગ્રંથકારે કહેલો પણ અસદ્ભુત વ્યવહારનય નયાભાસ જ છે ?

ઉત્તર

**नैवं यतो यथा ते क्रोधाद्या जीवसंभवा भावाः।**
**न तथा पुद्गलवपुषः सन्ति त वर्णादयो हि जीवस्य।।५६५।।**

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કથન બરાબર નથી. કેમકે જેમ ક્રોધાદિક ભાવ જીવથી ઉત્પન્ન છે અથવા જીવના છે તેમ પુદ્ગલમય વર્ણાદિક જીવના ભાવ નથી.

**ભાવાર્થ :–** પુદ્ગલ કર્મના નિમિત્તે આત્માના ચારિત્ર ગુણનો જે વિકાર છે તેને જ ક્રોધ, માન, માયા, લોભાદિના નામથી કહેવામાં આવે છે. તેથી ક્રોધાદિક આત્માના વૈભાવિકભાવ છે. માટે જીવમાં તેમનો આરોપ કરવો એ તદ્ગુણારોપ કહી શકાતો નથી, પરંતુ અતદ્ગુણારોપ જ છે. તે ભાવ શુદ્ધાત્માના નથી પરંતુ પરના નિમિત્તે થાય છે, તેથી તેમને અસદ્ભુત નયનો વિષય કહેવામાં આવે છે. ચાહે સદ્ભુત હોય અથવા અસદ્ભુત હોય, તદ્ગુણારોપી જ નય છે, અન્યથા તે નયાભાસ છે. રૂપ, રસ, ગંધાદિક પુદ્ગલના જ ગુણ છે, તે જીવના કોઈ રીતે કહી શકાતા નથી. રૂપ, રસાદિને જીવના ભાવ કહેવા, એ અતદ્ગુણારોપ છે તેથી એ નયાભાસ છે.

કેટલાક નયાભાસોનો ઉલ્લેખ

**अथ सन्ति नयाभासा यथोपचाराख्यहेतुदृष्टान्ताः।**
**अत्रोच्यन्ते केचिद्धयतया वा नयादिशुद्धयर्थम्।।५६६।।**

**અર્થ :–** ઉપચાર નામવાળા (ઉપચારપૂર્વક) હેતુ દૃષ્ટાંતોને જ નયાભાસ કહે છે. અહીં કેટલાંક નયાભાસોનો ઉલ્લેખ કરવામાં આવે છે. તે એટલા માટે કે તે નયાભાસોને સમજીને તેમને છોડી દેવામાં આવે અથવા તે નયાભાસોને દેખવાથી શુદ્ધનયોનું પરિજ્ઞાન થઈ જાય.

લોક વ્યવહાર

**अस्ति व्यवहारः किल लोकानामयमलब्धबुद्धित्वात्।**
**योऽयं मनुजादिवपुर्भवति स जीवस्ततोप्यनन्यत्वात्।।५६७।।**

**અર્થ :–** બુદ્ધિનો અભાવ હોવાથી લોકોમાં આ વ્યવહાર થાય છે કે જે આ મનુષ્યાદિનું શરીર છે તે જીવ છે કેમકે તે જીવથી અભિન્ન છે.

આ વ્યવહાર મિથ્યા છે.

**सोऽयं व्यवहारः स्यादव्यवहारो यथापसिद्धान्तात्।**
**अप्यपसिद्धान्तत्वं नासिद्धं स्यादनेकधर्मित्वात्।।५६८।।**

**અર્થ :–** શરીરમાં જીવનો વ્યવહાર જે લોકમાં થાય છે તે વ્યવહાર અયોગ્ય વ્યવહાર છે અથવા વ્યવહારને અયોગ્ય વ્યવહાર છે. કારણકે તે સિદ્ધાંત વિરુદ્ધ છે. સિદ્ધાંત વિરુદ્ધતા આ વ્યવહારમાં અસિદ્ધ નથી. પરંતુ શરીર અને જીવ ભિન્ન ભિન્ન ધર્મી હોવાથી પ્રસિદ્ધ જ છે.

**ભાવાર્થ :–** શરીર પુદ્‌ગલ દ્રવ્ય ભિન્ન પદાર્થ છે, અને જીવ દ્રવ્ય ભિન્ન પદાર્થ છે, છતાં પણ જેઓ શરીરમાં જીવનો વ્યવહાર કરે છે તેઓ અવશ્ય સિદ્ધાંત વિરુદ્ધ કહે છે.

**नाशङ्कयं कारणमिदमेकक्षेत्रावगाहिमात्रं यत्।**
**सर्वद्रव्येषु यतस्तथावगाहाद्भवेदतिव्याप्तिः।।५६९।।**

**અર્થ :–** શરીર અને જીવ બંનેનું એક ક્ષેત્રમાં અવગાહન (સ્થિતિ) છે એ જ કારણે લોકમાં તેવો વ્યવહાર થાય છે એવી આશંકા પણ ન કરવી જોઈએ, કેમકે એક ક્ષેત્રમાં તો બધા દ્રવ્યોનું અવગાહન થઈ રહ્યું છે. જો એક ક્ષેત્રમાં અવગાહન થવું તે જ એકતાનું કારણ હોય તો બધા પદાર્થોમાં અતિવ્યાપ્તિ દોષ ઉત્પન્ન થશે.

**ભાવાર્થ :–** ધર્મ, અધર્મ, આકાશ, કાળ, જીવ, પુદ્‌ગલ આ છયે દ્રવ્ય એક ક્ષેત્રમાં રહે છે પરંતુ છયેના લક્ષણ જુદા જુદા છે. જો એક ક્ષેત્રાવગાહ જ એકતાનું કારણ હોય તો છયેમાં અતિવ્યાપ્તિ દોષ આવશે અથવા તેમનામાં અનેકતા નહિ રહે.

**अपि भवति बन्ध्यबन्धकभावो यदि वानयोर्न शङ्कयमिति।**
**तदनेकत्वे नियमात्तद्बन्धस्य स्वतोप्यसिद्धत्वात्।।५७०।।**

**અર્થ :–** કદાચ એમ કહેવામાં આવે કે જીવ અને શરીરમાં પરસ્પર બંધ્યબંધકભાવ છે તેથી તેવો વ્યવહાર થાય છે, એવી આશંકા પણ ન કરવી જોઈએ કેમકે બંધ નિયમથી અનેક પદાર્થોમાં થાય છે. એક પદાર્થમાં પોતાની જાતે જ બંધનું થવું અસિદ્ધ જ છે.

**ભાવાર્થ :–** પુદ્‌ગલને બાંધનાર આત્મા છે, આત્માથી બંધાનાર પુદ્‌ગલ છે. તેથી પુદ્‌ગલ શરીર બંધ્ય છે, આત્મા તેનો બંધક છે. આવો બંધ્યબંધક સંબંધ હોવાથી શરીરમાં જીવનો વ્યવહાર કરવામાં આવે છે એવી આશંકા પણ નિર્મૂળ છે, કેમકે બંધ ત્યારે બની શકે જ્યારે બે પદાર્થ પ્રસિદ્ધ હોય અર્થાત્ બંધ્યબંધક ભાવમાં તો દ્વૈત જ પ્રતીત થાય છે.

**अथ चेदवश्यमेतन्निमित्तनैमित्तिकत्वमस्ति मिथः।**
**न यतः स्वयं स्वतो वा परिणममानस्य किं निमित्ततया।।५७१।।**

**અર્થ :–** કદાચ મનુષ્યાદિ શરીરમાં જીવત્વ બુદ્ધિનું કારણ શરીર અને જીવનો નિમિત્તનૈમિત્તિક સંબંધ હોય એમ પણ કહી શકાતું નથી, કારણ કે જે પોતાની જાતે

પરિણમનશીલ છે તેને નિમિત્તપણાથી શું પ્રયોજન ? અર્થાત્ જીવ સ્વરૂપમાં નિમિત્ત કારણ કાંઈ કરી શકતું નથી.

**ભાવાર્થ :–** જીવ અને શરીરમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ શરીરમાં નિમિત્તતા અને જીવમાં નૈમિત્તિકતાનો જ સૂચક હશે. તે સંબંધ બંનેમાં એકત્વ બુદ્ધિનો જનક કહી શકાતો નથી, કેમકે જીવ પોતાના સ્વરૂપથી જ પરિણમન કરે છે. નિમિત્ત કારણના નિમિત્તે તેમાં પરરૂપતા આવતી નથી. તેથી મનુષ્યાદિ શરીરમાં જીવ વ્યવહાર કરવો તે નયાભાસ છે.

બીજો નયાભાસ

**अपरोऽपि नयाभासो भवति यथा मूर्तस्य तस्य सतः।**
**कर्त्ताभोक्ता जीवः स्यादपि नोकर्मकर्मकृतेः।।५७२।।**

**અર્થ :–** આહાર વર્ગણા, ભાષા વર્ગણા, તૈજસ વર્ગણા, મનોવર્ગણા. આ ચાર વર્ગણાઓ જ્યારે આત્મા સાથે સંબંધ કરે છે ત્યારે તે નોકર્મના નામથી ઓળખાય છે અને કાર્માણ વર્ગણા જ્યારે આત્માની સાથે સંબંધરૂપ થઈને કર્મરૂપ–જ્ઞાનાવરણાદિ રૂપ પરિણમે છે ત્યારે તે કર્મના નામથી ઓળખાય છે. આ કર્મ અને નોકર્મ પુદ્‌ગલની પર્યાયો છે, તેથી તે મૂર્ત છે. તે મૂર્ત કર્મ નોકર્મનો જીવ કર્તા તથા ભોક્તા છે એમ કહેવું એ બીજો નયાભાસ છે.

**ભાવાર્થ :–** જીવ અમૂર્ત સ્વરૂપવાળો છે, તે પોતાના જ્ઞાનાદિ ભાવોનો જ કર્તા ભોક્તા થઈ શકે છે, તેને જ્ઞાનાદિ ભાવોનો કર્તા ભોક્તા કહેવો તે પણ વ્યવહાર જ છે. પરંતુ જે તેને મૂર્ત પદાર્થોનો કર્તા ભોક્તા વ્યવહારનયથી બતાવે છે તે વિષયમાં આચાર્ય કહે છે કે તે નય નથી પરંતુ નયાભાસ છે.

નયાભાસ આ રીતે છે

**नाभासत्त्वमसिद्धं स्यादपसिद्धान्ततो नयस्यास्य।**
**सदनेकत्वे सति किल गुणसंक्रातिः कुतः प्रमाणाद्वा।।५७३।।**

**गुणसंक्रांतिमृते यदि कर्त्ता स्यात्कर्मणश्च भोक्तात्मा।**
**सर्वस्य सर्वसंकरदोषः स्यात् सर्वशून्यदोषश्च।।૫૭૪।।**

**અર્થ :–** મૂર્ત કર્મોનો જીવને કર્તા ભોક્તા બતાવનાર વ્યવહારનય નયાભાસ છે આ વાત અસિદ્ધ નથી કારણ એવો વ્યવહારનય સિદ્ધાંત વિરુદ્ધ છે. સિદ્ધાંત વિરુદ્ધતાનું પણ કારણ એ છે કે જ્યારે કર્મ અને જીવ બંને ભિન્ન ભિન્ન પદાર્થ છે ત્યારે તેમનામાં ગુણ સંક્રમણ ક્યા પ્રમાણથી થશે ? અર્થાત્ નહિ થાય. તથા ગુણોનું પરિવર્તન થયા વિના જીવ, કર્મનો કર્તા ભોક્તા થઈ શકતો નથી. જો ગુણોનું સંક્રમણ થયા વિના જ જીવ કર્મનો કર્તા ભોક્તા થઈ જાય તો સર્વ પદાર્થોમાં સર્વ સંકર દોષ ઉત્પન્ન થશે તથા સર્વ શૂન્યદોષ પણ ઉત્પન્ન થશે.

**ભાવાર્થ :–** જો જીવના ગુણ પુદ્‌ગલમાં ચાલ્યા જાય તો જ જીવ પુદ્‌ગલનો કર્તા-ભોક્તા થઈ શકે છે. કપડા વણનારના થોડા અથવા બધા ગુણ તે કપડામાં આવે તો જ તે વણકર તે કપડાનો કર્તા કહી શકાય છે. નહિતર કપડામાં તેનું કર્તાપણું શું આવ્યું ? કાંઈ પણ નહિ, ફક્ત નિમિત્તપણું છે. જો ગુણોનું સંક્રમણ થયા વિના જ જીવમાં પુદ્‌ગલનું કર્તાપણું માનવામાં આવે તો બધા પદાર્થો એકબીજાના કર્તા થઈ શકે છે. એવી હાલતમાં ધર્માદિ દ્રવ્યોનું પણ જીવમાં કર્તાપણું સિદ્ધ થશે.

### ભ્રમનું કારણ

**अस्त्यत्र भ्रमहेतुर्जीवस्याशुद्धपरणतिं प्राप्य।**
**कर्मत्वं परिणमते स्वयमपि मूर्तिमद्यतो द्रव्यम्।।૫૭૫।।**

**અર્થ :–** જીવ કર્મોનો કર્તા છે, આ ભ્રમનું કારણ પણ એ છે કે જીવની અશુદ્ધ પરિણતિના નિમિત્તે પુદ્‌ગલ-દ્રવ્ય –કાર્માણ વર્ગણા સ્વયં (ઉપાદાન) કર્મરૂપ પરિણમી જાય છે.

**ભાવાર્થ :–** જીવના રાગદ્વેષ ભાવોના નિમિત્તે કાર્માણ વર્ગણા કર્મ પર્યાયને ધારણ કરે છે. તેથી તેમાં જીવના કર્તાપણાનો ભ્રમ થાય છે.

સ્પષ્ટીકરણ

**इदमत्र समाधानं कर्त्ता यः कोपि सः स्वभावस्य।**
**परभावस्य न कर्त्ता भोक्ता वा तन्निमित्तमात्रेऽपि।।५७६।।**

**અર્થ :–** તે ભ્રમનું સમાધાન એ છે કે જે કોઈ પણ કર્તા થશે તે પોતાના સ્વભાવનો જ કર્તા થશે. તેનું નિમિત્ત કારણ માત્ર થવા છતાં પણ કોઈ પરભાવનો કર્તા અથવા ભોક્તા થઈ શકતો નથી.

દૃષ્ટાંત

**भवति स यथा कुलालः कर्त्ता भोक्ता यथात्मभावस्य।**
**न तथा परभावस्य च कर्त्ता भोक्ता कदापि कलशस्य।।५७७।।**

**અર્થ :–** કુંભાર સદા પોતાના સ્વભાવનો જ કર્તા ભોક્તા થાય છે. તે પરભાવ–ઘડાનો કર્તા ભોક્તા કદી થતો નથી. અર્થાત્ ઘડો બનાવવામાં તે ફક્ત નિમિત્ત કારણ છે. નિમિત્ત માત્ર હોવાથી તે તેનો કર્તા ભોક્તા કહી શકાતો નથી.

તેનો જ ઉલ્લેખ

**तदभिज्ञानं च यथा भवति घटो मृत्तिकास्वभावेन।**
**अपि मृण्मयो घटः स्यान्न स्यादिह घटः कुलालमयः।।५७८।।**

**અર્થ :–** કુંભાર ઘડાનો કર્તા કેમ નથી. આ વિષયમાં આ દૃષ્ટાંત પ્રત્યક્ષ છે કે ઘડો માટીના સ્વભાવવાળો હોય છે અથવા તે માટી સ્વરૂપ જ હોય છે, પરંતુ ઘડો કદી કુંભારના સ્વભાવવાળો અથવા કુંભાર સ્વરૂપ હોતો નથી.

**ભાવાર્થ :–** જ્યારે ઘડામાં કુંભારનો એક પણ ગુણ પ્રાપ્ત થતો નથી ત્યારે કુંભારે ઘડાનું શું કર્યું ? અર્થાત્ કાંઈ કર્યું નથી. કેવળ તે તેનું નિમિત્ત માત્ર છે.

લોક વ્યવહાર મિથ્યા છે.

**अथ चेद्घटकर्त्तासौ घटकारो जनपदोक्तिलेशोऽयम्।**
**दुर्वारो भवतु तदा का नो हानिर्यदा नयाभासः।।५७९।।**

**અર્થ :–** જો એમ કહેવામાં આવે કે લોકમાં આ વ્યવહાર થાય છે કે કુંભાર ઘડો બનાવે છે; તે કેવી રીતે ? આચાર્ય કહે છે કે તે વ્યવહાર થવા દ્યો. તેનાથી અમને કાંઈ નુકસાન નથી પરંતુ તેને નયાભાસ સમજો અર્થાત્ તેને નયાભાસ સમજીને યોગ્ય વ્યવહાર કરો. એથી અમારા કથનમાં કોઈ બાધા આવતી નથી. પરંતુ જો તેને નય સમજનાર લોક વ્યવહાર છે તો તે મિથ્યા છે.

ત્રીજો નયાભાસ

**अपरे बहिरात्मानो मिथ्यावादं वदन्ति दुर्मतयः।**
**यदबद्धेपि परस्मिन् कर्त्ता भोक्ता परोपि भवति यथा।।५८०।।**

**અર્થ :–** બીજા પણ મિથ્યાબુદ્ધિ ધારણ કરનારા મિથ્યાદૃષ્ટિ પુરુષો મિથ્યા વાતો કહે છે. જેમ – જે પર પદાર્થ સર્વથા દૂર છે, જીવની સાથે જે બંધાયેલા પણ નથી, તેનો પણ જીવ કર્તા ભોક્તા થાય છે, એમ તેઓ કહે છે.

**सद्वेद्योदयभावान् गृहधनधान्यं कलत्रपुत्राँश्च।**
**स्वयमिह करोति जीवो भुनक्ति वा स एव जीवश्च।।५८१।।**

**અર્થ :–** શાતા વેદનીય કર્મના ઉદયથી થનારા જે ઘર, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર આદિ સજીવ, નિર્જીવ પદાર્થ (સ્થાવર, જંગમ સંપત્તિ) છે તેમનો જીવ જ સ્વયં કર્તા છે અને તે જ જીવ તેમનો ભોક્તા છે.

શંકાકાર

**ननु सति गृह वनितादौ भवति सुखं प्राणिनामिहाध्यक्षात्।**
**असति च तत्र न तदिदं तत्तत्कर्त्ता स एव तद्भोक्ता।।५८२।।**

**અર્થ :–** આ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે કે ઘર, સ્ત્રી આદિ હોવાથી જ જીવોને સુખ થાય છે. તેમના અભાવમાં તેમને સુખ પણ નથી થતું. તેથી જીવ જ તેમનો કર્તા છે અને તે જ તેમનો ભોક્તા છે ? અર્થાત્ આ જીવ પોતાની સુખ સામગ્રીનો સ્વયં સંગ્રહ કરે છે અને સ્વયં તેને ભોગવે છે.

ઉત્તર

**सत्यं वैषयिकमिदं परमिह तदपि न परत्र सापेक्षम्।**
**सति बहिरर्थेपि यतः किल केषाञ्चिदसुखादि हेतुत्वात्।।५८३।।**

**અર્થ :–** એ વાત સાચી છે કે ઘર, સ્ત્રી આદિના સંયોગથી આ સંસારી જીવ સુખ સમજવા માંડે છે પરંતુ તેનું આ સુખ કેવળ વૈષયિક – વિષયજન્ય છે. વાસ્તવિક સુખ નથી. તે પણ ઘર, સ્ત્રી આદિ પદાર્થોની અપેક્ષા રાખતું નથી. કારણકે ઘર, સ્ત્રી આદિ બાહ્ય પદાર્થો હોવા છતાં પણ કેટલાક મનુષ્યોને સુખને બદલે દુઃખ થાય છે તેમને માટે તે જ સામગ્રી દુઃખનું કારણ થાય છે.

સારાંશ

**इदमत्र तात्पर्यं भवतु स कर्त्ताथ वा च मा भवतु।**
**भोक्ता स्वस्य परस्य च यथा कथञ्चिच्चिदात्मको जीवः।।५८४।।**

**અર્થ :–** અહીં સારાંશ એટલો જ છે કે જીવ પોતાનો અને પરનો કથંચિત્ કર્તા હો અથવા ભોક્તા હો અથવા ન હો પરંતુ તે ચિદાત્મક–ચૈતન્ય સ્વરૂપ છે.

**ભાવાર્થ :–** જીવ સદા પોતાના ભાવોનો જ કર્તા ભોક્તા છે, પરનો નહિ.

ચોથો નયાભાસ

**अयमपि च नयाभासो भवति मिथो बोध्याबोधसम्बन्धः ।**
**ज्ञानं ज्ञेयगतं वा ज्ञानगतं ज्ञेयमेतदेव यथा ।।५८५।।**

**અર્થ :–** પરસ્પર જ્ઞાન અને જ્ઞેયનો જે બોધ્ય બોધરૂપ સંબંધ છે, તેના કારણે જ્ઞાનને જ્ઞેયગત–જ્ઞેયનો ધર્મ માનવો અથવા જ્ઞેયને જ્ઞાનગત માનવા એ પણ નયાભાસ છે.

**ભાવાર્થ :–** જ્ઞાનનો સ્વભાવ છે કે તે દરેક પદાર્થને જાણે પરંતુ કોઈ પણ પદાર્થને જાણતું થકું તે સદા પોતાના જ સ્વરૂપમાં સ્થિર રહે છે, તે પદાર્થમાં ચાલ્યું જતું નથી અને ન તો તેનો ધર્મ થઈ જાય છે તથા ન પદાર્થનો કોઈ અંશ જ્ઞાનમાં આવે છે. જે કોઈ આનાથી વિરુદ્ધ માને છે તે નયાભાસ મિથ્યાજ્ઞાનથી ગ્રસિત છે.

દૃષ્ટાંત

**चक्षू रूपं पश्यति रूपगतं तन्न चक्षुरेव यथा ।**
**ज्ञानं ज्ञेयमवैति च ज्ञेयगतं वा न भवति तज्ज्ञानम् ।।५८६।।**

**અર્થ :–** જેમ આંખ રૂપને જુએ છે પરંતુ તે રૂપમાં ચાલી જતી નથી અથવા તે રૂપનો ધર્મ થઈ જતી નથી તેવી જ રીતે જ્ઞાન જ્ઞેય પદાર્થને જાણે છે પરંતુ તે જ્ઞાન જ્ઞેયમાં જતું નથી અથવા તેનો ધર્મ થઈ જતું નથી.

**इत्यादिकाश्च बहवः सन्ति यथालक्षणा नयाभासाः ।**
**तेषामयमुद्देशो भवति विलक्ष्यो नयान्नयाभासः ।।५८७।।**

**અર્થ :–** કેટલાક નયાભાસોનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ સિવાય બીજા પણ ઘણા નયાભાસ છે કે જે તેવા જ લક્ષણોવાળા છે. તે બધા નયાભાસોનો આ ઉદ્દેશ–

આશય નયથી વિરુદ્ધ છે. તેથી તે નયાભાસ કહેવાય છે.

**ભાવાર્થ :–** નયોનું જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેનાથી નયાભાસોનું સ્વરૂપ વિરુદ્ધ છે. તેથી જે સમીચીન નય છે તેને નય કહે છે અને મિથ્યાત્વને નયાભાસ કહે છે.

શંકાકાર

**ननु सर्वतो नयास्ते किं नामनोथ वा कियन्तश्च।**
**कथमिव मिथ्यार्थास्ते कथमिव ते सन्ति सम्यगुपदेश्या:।।५८८।।**

**અર્થ :–** બધા નયોનું શું શું નામ છે અને તે બધા નયો કેટલા છે ? તથા તે કેવી રીતે મિથ્યા અર્થનો વિષય કરનાર બની જાય છે અને કેવી રીતે યથાર્થ પદાર્થનો વિષય કરનાર બને છે ? અર્થાત્ કેવી રીતે તે સમીચીન કહેવાય છે અને કેવી રીતે તે વિરુદ્ધ કહેવાય છે ?

ઉત્તર (નયવાદના ભેદ)

**सत्यं यावदनन्ता: सन्ति गुणा वस्तुतो विशेषाख्या:।**
**तावन्तो नयवादा वचोविलासा विकल्पाढया:।।५८९।।**

**अपि निरपेक्षा मिथ्यास्त एव सापेक्षका नया: सम्यक्।**
**अविनाभावत्वे सति सामान्यविशेषायोश्च सापेक्षात्।।५९०।।**

**અર્થ :–** વાસ્તવમાં જેટલા કોઈ વસ્તુના અનંત વિશેષ ગુણ છે એટલા જ નયવાદ છે તથા જેટલી કોઈ વચન વિવક્ષા છે તે બધી નયવાદ છે. કારણ વિશેષ ગુણોનું પરિજ્ઞાન અને વચન વિકલ્પ બંનેય વિકલ્પાત્મક છે. વિકલ્પજ્ઞાનને જ નય કહે છે તથા જે નિરપેક્ષનય છે તે જ મિથ્યાનય છે, જે બીજા નયની અપેક્ષા રાખે છે તે નય યથાર્થનય છે, કેમકે સામાન્ય વિશેષાત્મક જ પદાર્થ છે. તેથી સામાન્ય વિશેષ બંનેમાં પરસ્પર અવિનાભાવ હોવાથી સાપેક્ષતા છે.

**ભાવાર્થ :–** વસ્તુમાં જેટલા કોઈ ગુણ છે તે બધા જ્યારે વિવક્ષિત કરવામાં આવે છે ત્યારે તે નય કહેવાય છે. તેથી જ્ઞાનની અપેક્ષાએ અનંત નય છે, કેમકે જેટલું કાંઈ ભેદરૂપ વિજ્ઞાન છે તે સર્વ નયવાદ છે. વચન તો નયવાદ સુસિદ્ધ જ છે. અહીં વિશેષ ગુણોનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે કે શુદ્ધ પદાર્થના નિરૂપણમાં તદ્ગુણને જ નય કહેવામાં આવેલ છે. તદ્ગુણ વિશેષ જ હોઈ શકે છે તથા નિરપેક્ષનયને મિથ્યા એટલા માટે કહેવામાં આવેલ છે કે નય, પદાર્થના વિવક્ષિત અંશનું જ વિવેચન કરે છે, નિરપેક્ષ અવસ્થામાં તે વિવેચન એકાંત રૂપ બને છે પરંતુ પદાર્થનું જેટલું વિવેચન કરવામાં આવ્યું છે એટલો જ તે નથી. તેના બીજા પણ અનંત ધર્મ છે. તેથી તે એકાંત વિવેચન અથવા જ્ઞાન મિથ્યા છે. જો અન્ય ધર્મની અપેક્ષા રાખીને કોઈ નયનો પ્રયોગ કરવામાં આવે છે તો તે સમીચીન પ્રયોગ છે, કેમકે તે સાપેક્ષનય વસ્તુના એક અંશને તો કહે છે પરંતુ પદાર્થને તે અંશરૂપ જ સમજતો નથી. તેથી સાપેક્ષનય સમ્યક્નય છે, નિરપેક્ષનય મિથ્યાનય છે.

**सापेक्षत्वं नियमादविनाभावस्त्वनन्यथासिद्धः ।**
**अविनाभावोपि यथा येन विना जायते न तत्सिद्धिः ।।५९१ ।।**

**અર્થ :–** સામાન્ય વિશેષમાં પરસ્પર સાપેક્ષતા એટલા માટે છે કે તેમનામાં નિયમથી અવિનાભાવ છે. તેમનો અવિનાભાવ અન્યથા સિદ્ધ નથી અર્થાત્ બીજી રીતે બની શકતો નથી. અવિનાભાવ તેને કહે છે કે જેના વિના જેની સિદ્ધિ ન હોય.

**ભાવાર્થ :–** સામાન્ય વિના વિશેષ સિદ્ધ થતું નથી અને વિશેષ વિના સામાન્ય સિદ્ધ થતું નથી. માટે આ બંનેમાં અવિનાભાવ છે. પરસ્પર અવિનાભાવ હોવાના કારણે જ બંનેમાં સાપેક્ષતા છે.

નયોના નામ

**अस्त्युक्तो यस्य सतो यन्नामा यो गुणो विशेषात्मा ।**
**तत्पर्यायविशिष्टास्तन्नाभानो नया यथाम्नायात् ।।५९२ ।।**

**અર્થ :–** જે દ્રવ્યનો જે નામવાળો વિશેષ ગુણ કહેવામાં આવે છે, તે ગુણની પર્યાયોને વિષય કરનાર અથવા તે ગુણને વિષય કરનાર નય પણ આગમ અનુસાર તે જ નામથી કહેવાય છે. એ જ પ્રમાણે જેટલા કોઈ ગુણ વિવક્ષિત કરવામાં આવે છે તે જે જે નામવાળા છે તેમનું પ્રતિપાદન કરનારા અથવા જાણનારા નય પણ તે જ નામોથી કહેવાય છે.

દૃષ્ટાંત

**अस्तित्वं नाम गुणः स्यादिति साधारणः सतस्तस्य।**
**तत्पर्यायश्च नयः समासतोऽस्तित्वनय इति वा।।५९३।।**

**અર્થ :–** દ્રવ્યનો એક સામાન્ય ગુણ અસ્તિત્વ નામવાળો છે, તે અસ્તિત્વને વિષય કરનાર નય પણ સંક્ષેપથી અસ્તિત્વનય કહેવાય છે.

**कर्तृत्वं जीवगुणोस्त्वथ वैभाविकोऽथवा भावः।**
**तत्पर्यायविशिष्टः कर्तृत्वनयो यथा नाम।।५९४।।**

**અર્થ :–** જીવનો કર્તૃત્વ ગુણ છે અથવા તેનો તે વૈભાવિક ભાવ છે, તે કર્તૃત્વ પર્યાયને વિષય કરનાર નય પણ કર્તૃત્વનય કહેવાય છે.

**ભાવાર્થ :–** કર્તૃત્વ ગુણને વિષય કરનાર નય પણ કર્તૃત્વનય કહેવાય છે અને ક્રોધ કર્તૃત્વ, માન કર્તૃત્વ, જ્ઞાન કર્તૃત્વ આદિ પર્યાયોને વિષય કરનાર નય પણ તે જ નામથી કહેવાય છે.

**अनया परिपाट्या किल नयचक्रं यावदस्ति बोद्धव्यम्।**
**एकैकं धर्मं प्रति नयोपि चैकैक एव भवति यतः।।५९५।।**

**અર્થ :–** જેટલું નયચક્ર છે તે સર્વ આ જ પરપાટી (શૈલી)થી જાણી લેવું જોઈએ, કેમકે એક એક ધર્મ પ્રતિ નય પણ એક એક છે. તેથી વસ્તુમાં જેટલા ધર્મ છે તેમાં નય પણ તેટલા અને તે જ નામોવાળા છે.

**सोदाहरणो यावान्नयो विशेषणविशेष्यरूपः स्यात्।**
**व्यवहारापरनामा पर्यायार्थो नयो न द्रव्यार्थः।।५९६।।**

**અર્થ :–** જેટલા કોઈ ઉદાહરણ સહિત નય છે અને વિશેષણ વિશેષ્યરૂપ નય છે. તે બધા પર્યાયાર્થિકનય છે, તેનું જ બીજું નામ વ્યવહારનય છે. ઉદાહરણપૂર્વક વિશેષણ વિશેષ્યને વિષય કરનાર નય દ્રવ્યાર્થિકનય નથી.

**ભાવાર્થ :–** જે કાંઈ ભેદ વિવક્ષાથી કહેવામાં આવે છે તે બધો વ્યવહાર અથવા પર્યાયનય છે.

પ્રશ્ન

**ननु चोक्तलक्षण इति यदि न द्रव्यार्थिको नयो नियमात्।**
**कोऽसौ द्रव्यार्थिक इति पृष्टास्तच्चिह्नमाहुराचार्याः।।५९७।।**

**અર્થ :–** જો ઉપર્યુક્ત લક્ષણવાળો દ્રવ્યાર્થિકનય નથી તો પછી દ્રવ્યાર્થિકનય ક્યો છે ? આ રીતે કોઈએ આચાર્યને પ્રશ્ન કર્યો. પ્રશ્નાનુસાર હવે આચાર્ય દ્રવ્યાર્થિકનયનું લક્ષણ કહે છે.

દ્રવ્યાર્થિકનયનું સ્વરૂપ

**व्यवहारः प्रतिषेधस्तस्य प्रतिषेधकश्च परमार्थः।**
**व्यवहारप्रतिषेधः स एव निश्चयनयस्य वाच्यः स्यात्।।५९८।।**

**અર્થ :–** વ્યવહાર પ્રતિષેધ્ય છે અર્થાત્ નિષેધ કરવા યોગ્ય છે, તેનો નિષેધ કરનાર નિશ્ચય છે. તેથી વ્યવહારનો નિષેધ જ નિશ્ચયનયનું વાચ્ય–અર્થ છે.

**ભાવાર્થ :–** જે કાંઈ પણ વ્યવહારનયથી કહેવામાં આવે છે તે બધું હેય–છોડવા યોગ્ય છે. કારણકે જે કાંઈ વ્યવહારનય કહે છે તે પદાર્થનું 'સ્વરૂપ' નથી. 'પદાર્થ'

અભિન્ન–અખંડ–અવક્તવ્યરૂપ છે. વ્યવહારનય તેનો ભેદ બતાવે છે. પદાર્થ અનંત ગુણાત્મક છે, વ્યવહારનય તેને કોઈ વિવક્ષિત ગુણથી વિવેચિત કરે છે. પદાર્થ સામાન્ય વિશેષાત્મક છે, વ્યવહારનય તેને અંશરૂપે ગ્રહણ કરે છે. તેથી જે કાંઈ પણ વ્યવહારનયનો વિષય છે તે બધો નિષેધ કરવા યોગ્ય છે. તે નિષેધ જ નિશ્ચયનયનો વિષય છે. જેમ– વ્યવહારનય ગુણ-ગુણીમાં ભેદ બતાવે છે. નિશ્ચયનય કહે છે કે 'એમ નથી.' વ્યવહાર-નયમાં જે કાંઈ વિષય બને છે તેનો નિષેધ કરવો તે જ નિશ્ચયનયનો વાચ્યાર્થ છે.

દૃષ્ટાંત

**व्यवहारः स यथा स्यात्सद्रव्यं ज्ञानवाँश्च जीवो वा।**
**नेत्येतावन्मात्रो भवति स निश्चयनयो नयाधिपतिः।।५९९।।**

**અર્થ :–** વ્યવહારનય વિવેચન કરે છે અથવા જાણે છે કે દ્રવ્ય સત્‌રૂપ છે, નિશ્ચયનય બતાવે છે કે ના. વ્યવહારનય બતાવે છે કે જીવ જ્ઞાનવાન છે, નિશ્ચયનય કહે છે કે ના. આ રીતે નહિ – નિષેધને વિષય કરનાર જ નિશ્ચયનય છે અને તે જ બધા નયોનો શિરોમણિ છે.

**ભાવાર્થ :–** વ્યવહારનયે દ્રવ્યને સત્‌સ્વરૂપ બતાવ્યું છે પરંતુ નિશ્ચયનય એનો નિષેધ કરે છે કે ના અર્થાત્ પદાર્થ એવો નથી. કારણ – સત્ નામ અસ્તિત્વ ગુણનું છે. પદાર્થ કેવળ અસ્તિત્વ ગુણ સ્વરૂપ તો નથી પરંતુ અનંત ગુણાત્મક છે તેથી પદાર્થને સત્ આત્મક કહેવો બરાબર નથી. તેથી નિશ્ચયનય તેનો નિષેધ કરે છે. એ જ પ્રમાણે જીવને જ્ઞાનવાળો કહેવો એ પણ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનય એનો નિષેધ કરે છે કે ના, અર્થાત્ જીવ એવો નથી. કેમકે જીવ અનંત ગુણોનો અખંડ પિંડ છે, તેથી તે અનંત ગુણ અભિન્ન પ્રદેશી છે. અભિન્નતામાં ગુણ-ગુણીનો ભેદ કરવો તે જ મિથ્યા છે તેથી નિશ્ચયનય તેનો નિષેધ કરે છે. નિશ્ચયનય વ્યવહારની જેમ કોઈ પદાર્થનું વિવેચન કરતો નથી પરંતુ જે કાંઈ વ્યવહારનયથી કહેવામાં આવે છે અથવા ભેદરૂપ જાણવામાં આવે છે તેનો નિષેધ કરે છે. જો તે પણ કોઈ વિષયનું વિવેચન કરે તો તે પણ મિથ્યા ઠરે. કારણ – જેટલું કાંઈ વિવેચન છે તે બધું અંશરૂપ છે, તેથી તે મિથ્યા છે, માટે નિશ્ચયનય કાંઈ ન કહેતાં કેવળ નિષેધ કરે છે. શંકા થઈ શકે કે જો નિશ્ચયનય કેવળ નિષેધ

જ ઠરે છે તો પછી તેણે કહ્યું શું ? એનો વિષય શું સમજવો ? ઉત્તર :– નહિ–નિષેધ જ એનો વિષય છે. આ નિષેધથી એ જ ધ્વનિ નીકળે છે કે પદાર્થ અવક્તવ્ય સ્વરૂપ છે. પરંતુ તેની અવક્તવ્યતાનું પ્રતિપાદન કરવું એ પણ વક્તવ્ય જ છે. તેથી પ્રતિપાદન માત્રનો નિષેધ કરવો તે જ તેની અવક્તવ્યતાનું સૂચક છે. તેથી જ નિશ્ચયનય નયાધિપતિ છે.

શંકાકાર

**ननु चोक्तं लक्षणमिह नयोस्ति सर्वोपि किल विकल्पात्मा।**
**तदिह विकल्पाभावात् कथमस्य नयत्वमिदमिति चेत्।।६००।।**

**અર્થ :–** આ વાત પહેલાં કહેવાય ગઈ છે કે બધા નય વિકલ્પાત્મક જ હોય છે. નયનું લક્ષણ જ વિકલ્પ છે અને આ દ્રવ્યાર્થિક નય–નિશ્ચયનયમાં વિકલ્પ તો કાંઈ આવતો જ નથી. કેમકે ઉક્ત નય કેવળ નિષેધાત્મક છે. તેથી વિકલ્પનો અભાવ હોવાથી આ નયને નયપણું જ કેવી રીતે આવશે ? અર્થાત્ આ નયમાં નયનું લક્ષણ જ આવતું નથી.

દ્રવ્યાર્થિકનય પણ વિકલ્પાત્મક છે

**तन्न यतोस्ति नयत्वं नेति यथा लक्षितस्य पक्षत्वात्।**
**पक्षग्राही च नयः पक्षस्य विकल्पमात्रत्वात्।।६०१।।**

**અર્થ :–** ઉપર કરેલી શંકા બરાબર નથી. કેમકે દ્રવ્યાર્થિકનયમાં પણ નહિ (નિષેધાત્મક) એ પક્ષ આવે જ છે. આ વાત પહેલાં જ કહેવાય ગઈ છે કે દ્રવ્યાર્થિકનયનું વાચ્ય 'નહિ' છે અર્થાત્ નિષેધ છે. આ નિષેધ જ તેનો એક પક્ષ છે અને પક્ષનો ગ્રાહક જ નય હોય છે તથા પક્ષ જ વિકલ્પાત્મક હોય છે.

**ભાવાર્થ :–** નયનું લક્ષણ વિકલ્પ બતાવવામાં આવ્યું છે. દ્રવ્યાર્થિકનયમાં નિષેધરૂપ વિકલ્પ આવે જ છે અથવા કોઈ એક પક્ષનું ગ્રહણ કરનાર જ્ઞાનને અથવા તેના વાચક વચનને પણ નય કહે છે. દ્રવ્યાર્થિક–નિશ્ચયનયમાં નિષેધરૂપ પક્ષનું જ ગ્રહણ થાય છે.

જેમ વ્યવહારનય કોઈ ધર્મનું પ્રતિપાદન કરવાથી વિકલ્પાત્મક છે તેવી જ રીતે વ્યવહાર-નયના વિષયભૂત પદાર્થના નિષેધ કરવા રૂપ ભાવનું પ્રતિપાદન કરવાથી નિશ્ચયનય પણ વિકલ્પાત્મક જ છે. તેથી નયનું લક્ષણ નિશ્ચયનયમાં સુઘટિત જ છે.

તથા

**प्रतिषेध्यो विधिरूपो भवति विकल्पः स्वयं विकल्पत्वात्।**
**प्रतिषेधको विकल्पो भवति तथा सः स्वयं निषेधात्मा।।६०२।।**

**અર્થ :–** જેમ પ્રતિષેધ્ય વિધિ રૂપ છે અને સ્વયં વિકલ્પરૂપ હોવાથી વિકલ્પાત્મક છે તેવી જ રીતે પ્રતિષેધક પણ નિષેધાત્મક વિકલ્પ રૂપ છે.

**ભાવાર્થ :–** જેમ પ્રતિષેધ્યમાં વિધિ રૂપ પક્ષ હોવાથી તે વિકલ્પાત્મક છે તેવી જ રીતે પ્રતિષેધકમાં નિષેધ રૂપ પક્ષ હોવાથી તે પણ વિકલ્પાત્મક છે.

દૃષ્ટાંત

**तल्लक्षणमपि च यथा स्वादुपयोगो विकल्प एवेति।**
**अर्थानुपयोगः किल वाचक इह निर्विकल्पस्य।।६०३।।**

**अर्थाकृतिपरिणमनं ज्ञानस्य स्यात् किलोपयोग इति।**
**नार्थाकृतिपरिणमनं तस्य स्यादनुपयोग एव यथा।।६०४।।**

**नेति निषेधात्मा यो नानुपयोगः सबोधपक्षत्वात्।**
**अर्थाकारेण विना नेतिनिषेधावबोधशून्यत्वात्।।६०५।।**

**અર્થ :–** પ્રતિષેધક પણ વિકલ્પાત્મક છે આ વાતને જ આ શ્લોકો દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે. પદાર્થનો ઉપયોગ જ વિકલ્પ કહેવાય છે તથા પદાર્થના અનુપયોગને નિર્વિકલ્પ કહેવામાં આવે છે. તથા જ્ઞાનનું પદાર્થાકાર પરિણમન થવું તે જ ઉપયોગ

કહેવાય છે. તેનું અર્થાકાર પરિણમન ન થવું તે જ અનુપયોગ કહેવાય છે. જ્યારે ઉપયોગ અનુપયોગની આવી વ્યવસ્થા છે ત્યારે દ્રવ્યાર્થિકનયમાં 'ન' એવા આકારવાળો જે નિષેધાત્મક બોધ છે તે પણ નિષેધ જ્ઞાન રૂપ પક્ષથી વિશિષ્ટ હોવાથી અનુપયોગ કહી શકાતો નથી. પરંતુ ઉપયોગ જ છે કેમકે ઉપયોગ તેને જ કહે છે કે જે જ્ઞાનમાં પદાર્થાકાર પરિણમન હોય. અહીં પણ અર્થાકાર પરિણમન વિના 'ન' આકારક નિષેધાત્મક જ્ઞાન હોઈ શકતું નથી. પરંતુ દ્રવ્યાર્થિકનયમાં નિષેધ રૂપ બોધ થાય છે, તેથી નિષેધાકાર પરિણમન હોવાથી દ્રવ્યાર્થિકનય પણ ઉપયોગાત્મક છે અને ઉપયોગને જ વિકલ્પ કહે છે.

**ભાવાર્થ :–** કોઈ પદાર્થને જ્ઞાન વિષય બનાવે તેનું જ નામ ઉપયોગ છે. આ જ ઉપયોગ વિકલ્પાત્મક બોધ કહેવાય છે. જેમ વ્યવહારનયના વિષયભૂત પદાર્થોને જાણવાથી તે નય ઉપયોગાત્મક હોવાથી વિકલ્પાત્મક છે, તેવી જ રીતે નયના વિષયભૂત પદાર્થોનો નિષેધ કરવા રૂપ પદાર્થને વિષય કરવાથી દ્રવ્યાર્થિકનય પણ ઉપયોગાત્મક હોવાથી વિકલ્પાત્મક છે. વ્યવહારનયમાં વિધિ વિષય થયો છે. અહીં નિષેધ વિષય થયો છે. વિષય બોધથી વ્યવહારની જેમ તે પણ ખાલી નથી. તેથી દ્રવ્યાર્થિકનયમાં નયનું લક્ષણ સુઘટિત જ છે.

દૃષ્ટાંત

**जीवो ज्ञानगुणः स्यादर्थालोकं विना नयो नासौ।**
**नेति निषेधात्मत्वादर्थालोकं विना नयो नासौ।।६०६।।**

**અર્થ :–** જેમ જીવ જ્ઞાન ગુણવાળો છે, આ નય (વ્યવહાર) અર્થાલોક વિના અર્થાત્ પદાર્થનો વિષય કર્યા વિના થતો નથી તેવી જ રીતે 'એમ નથી' આ નય (નિશ્ચય) પણ નિષેધનો વિષય કરવાથી અર્થાલોક વિના થતો નથી. બંનેય વિકલ્પ બોધ સહિત છે.

સ્પષ્ટીકરણ

**स यथा शक्तिविशेषं समीक्ष्य पक्षश्चिदात्मको जीवः।**
**न तथेत्यपि पक्षः स्यादभिन्नदेशादिकं समीक्ष्य पुनः।।६०७।।**

**અર્થ :–** જીવની વિશેષ શક્તિ જોઈને (વિચારીને) એમ કહેવું અથવા સમજવું કે જીવ ચિદાત્મક છે જેમ આ પક્ષ છે, તેવી જ રીતે જીવને અભિન્નપ્રદેશી સમજીને એમ કહેવું અથવા સમજવું કે તેમ નથી, આ પણ પક્ષ છે. પક્ષનું ગ્રહણ બંનેમાં સમાન છે, કેમકે :–

**अर्थालोकविकल्पः स्यादुभयत्राविशेषतोपि यतः।**
**न तथेत्यस्य नयत्वं स्यादिह पक्षस्य लक्षकत्वाच्च।।६०८।।**

**અર્થ :–** અર્થનો પ્રકાશ – પદાર્થને વિષય કરવા રૂપ વિકલ્પ બંનેય જગ્યાએ સમાન છે. તેથી 'એમ નથી' એવા આકારવાળા નિષેધનો વિષય કરવાથી દ્રવ્યાર્થિકનયમાં નયપણું છે જ, કારણ તેણે એક નિષેધ પક્ષનું અવલંબન કર્યું છે.

**एकाङ्गग्रहणादिति पक्षस्य स्यादिहांशधर्मत्वम्।**
**न तथेति द्रव्यार्थिकनयोस्ति मूलं यथा नयत्वस्य।।६०९।।**

**અર્થ :–** પક્ષ તેને જ કહે છે કે જે એક અંગનું ગ્રહણ કરે છે. તેથી 'તેમ નથી' આ પક્ષમાં પણ અંશ ધર્મપણું છે જ. માટે 'તેમ નથી' ને વિષય બનાવનાર દ્રવ્યાર્થિકનય એક અંશને વિષય કરવાથી પક્ષાત્મક છે.

**एकाङ्गत्वमसिद्धं न नेति निश्चयनयस्य तस्य पुनः।**
**वस्तुनि शक्तिविशेषो यथा तथा तदविशेषशक्तित्वात्।६१०।।**

**અર્થ :–** 'નહિ,' આ નિષેધને વિષય કરનાર નિશ્ચયનયમાં એકાંગપણું અસિદ્ધ નથી, પરંતુ સિદ્ધ જ છે. જેમ વસ્તુમાં વિશેષ શક્તિ હોય છે, તેવી જ રીતે તેમાં સામાન્ય શક્તિ પણ હોય છે.

**ભાવાર્થ :–** પદાર્થ સામાન્ય વિશેષાત્મક છે. તે જ પ્રમાણનો વિષય છે તથા સામાન્યાંશ દ્રવ્યાર્થિક નયનો વિષય છે, વિશેષાંશ પર્યાયાર્થિકનયનો વિષય છે. તેથી વિશેષના નિષેધરૂપ સામાન્યાંશને વિષય કરનાર નિશ્ચયનય–દ્રવ્યાર્થિકનયમાં એકાંગપણું

સિદ્ધ જ છે.

શંકાકાર

**ननु च व्यवहारनयः सोदाहरणो यथा तथायमपि।**
**भवतु तदा को दोषो ज्ञानविकल्पाविशेषतो न्यायात्।।६११।।**

**स यथा व्यवहारनयः सदनेकं स्याच्चिदात्मको जीवः।**
**तदितरनयः स्वपक्षं वदतु सदेकं चिदात्मवत्विति चेत्।।६१२।।**

**અર્થ :–** જેમ વ્યવહારનય ઉદાહરણ સહિત હોય છે, તેમ નિશ્ચયનય પણ ઉદાહરણ સહિત માનવામાં આવે તો શો દોષ આવે છે ? કેમકે જેવો જ્ઞાન વિકલ્પ ઉદાહરણ રહિત જ્ઞાનમાં છે તેવો જ જ્ઞાન વિકલ્પ ઉદાહરણ સહિત જ્ઞાન વિકલ્પમાં છે. આ ન્યાયે નિશ્ચયનયને ઉદાહરણ સહિત જ માનવો બરાબર છે. ઉદાહરણ સહિત નિશ્ચયનય કહેવાથી વ્યવહારનયથી તે કેવી રીતે જુદો પડશે ? તે આ રીતે પડશે. જેમ વ્યવહારનય સત્‌ને અનેક બતાવે છે, જીવને ચિદાત્મક બતાવે છે. નિશ્ચયનય કેવળ પોતાના પક્ષનું જ વિવેચન કરશે, જેમકે સત્ એક છે, જીવ ચિત્ જ છે. આમ કહેવાથી નિશ્ચયનય ઉદાહરણ સહિત પણ થઈ જાય છે તથા વ્યવહારનયથી ભિન્ન પણ થઈ જાય છે ?

ઉત્તર

**न यतः सङ्करदोषो भवति तथा सर्वशून्यदोषश्च।**
**स यथा लक्षणभेदाल्लक्ष्यविभागोस्त्यनन्यथासिद्धः।।६१३।।**

**અર્થ :–** શંકાકારની ઉપર કહેલી શંકા બરાબર નથી. આવી શંકામાં સંકર દોષ અને સર્વ શૂન્ય દોષ આવે છે. કેમકે લક્ષણના ભેદથી લક્ષ્યનો ભેદ અવશ્યંભાવી છે.

**ભાવાર્થ :–** સત્‌ને એક કહેતાં પણ સત્ લક્ષ્ય અને તેનું 'એક' લક્ષણ સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે જીવને ચિત્‌સ્વરૂપ કહેતાં પણ જીવ લક્ષ્ય અને તેનું ચિત્ લક્ષણ સિદ્ધ થાય છે. આવો લક્ષ્ય લક્ષણ રૂપ ભેદ વ્યવહારનયનો જ વિષય થઈ શકે છે, નિશ્ચયનયનો

નહિ. જો નિશ્ચયનો પણ ભેદ વિષય માનવામાં આવે તો સંકરતા અને સર્વશૂન્યતા પણ સ્વયં સિદ્ધ છે.

**लक्षणमेकस्य सतो यथाकथञ्चिद्यथा द्विधाकरणम्।**
**व्यवहारस्य तथा स्यात्तदितरथा निश्चयस्य पुनः।।६१४।।**

**અર્થ :–** વ્યવહારનયનું લક્ષણ એ છે કે એક જ સત્‌નો કોઈ પણ પ્રકારે દ્વિધાભાવ કરવો અર્થાત્ સત્‌માં ભેદ બતાવવો તે વ્યવહારનયનું લક્ષણ છે. બરાબર એનાથી ઊલટું નિશ્ચયનયનું લક્ષણ છે. અર્થાત્ સત્‌માં અભેદ બતાવવો તે નિશ્ચયનયનું લક્ષણ છે.

નિશ્ચયનયને સોદાહરણ માનવામાં દોષ

**अथ चेत्सदेकमिति वा चिदेव जीवोथ निश्चय वदति।**
**व्यवहारान्तर्भावो भवति सदेकस्य तद्द्विधापत्तेः।।६१५।।**

**અર્થ :–** જો શંકાકારના કથનાનુસાર સત્‌ને એક માનવામાં આવે અથવા ચિત્ જ જીવ માનવામાં આવે અને એને નિશ્ચયનયનું ઉદાહરણ કહેવામાં આવે તો વ્યવહારનયથી નિશ્ચયનયમાં કાંઈ પણ ભેદ નહિ રહે, કેમકે એ બંનેય ઉદાહરણ વ્યવહારનયમાં જ ગર્ભિત થઈ જાય છે. સત્‌ને એક કહેવાથી પણ સત્‌માં ભેદ જ સિદ્ધ થાય છે. અથવા જીવને ચિત્‌સ્વરૂપ કહેવાથી પણ જીવમાં ભેદ જ સિદ્ધ થાય છે. કેવી રીતે ? તે નીચે કહે છે :–

**एवं सदुदाहरणे सल्लक्ष्यं लक्षणं तदेकमिति।**
**लक्षणलक्ष्यविभागो भवति व्यवहारतः स नान्यत्र।।६१६।।**

**अथवा चिदेव जीवो यदुदाह्रियतेप्यभेदबुद्धिमता।**
**उक्तवदत्रापि तथा व्यवहारनयो न परमार्थः।।६१७।।**

**અર્થ :–** શંકાકારે નિશ્ચયનયનું ઉદાહરણ એ બતાવ્યું છે કે સત્ એક છે, એમાં આચાર્ય દોષ બતાવે છે – સત્ એક છે, એમાં સત્ તો લક્ષ્ય ઠરે છે અને તેનું એક એ લક્ષણ ઠરે છે. આ જાતનો લક્ષણલક્ષ્યનો ભેદ વ્યવહારનયમાં જ હોય છે, નિશ્ચયનયમાં નથી હોતો. જેમ સત્ અને એકમાં લક્ષણલક્ષ્યનો ભેદ હોય છે તેમ જીવ અને ચિત્માં પણ હોય છે. જીવ લક્ષ્ય અને ચિત્ તેનું લક્ષણ સિદ્ધ થાય છે. શંકાકારે જો કે આ ઉદાહરણો અભેદબુદ્ધિથી બતાવ્યા છે પરંતુ વિચાર કરતાં ઉદાહરણ માત્ર જ ભેદજનક હોય છે. તેથી એ વ્યવહારનયનો જ વિષય છે, નિશ્ચયનયનો નહિ. કેમકે જેટલો કોઈ ભેદ વ્યવહાર છે, તે બધો વ્યવહાર જ છે.

**एवं सुसिद्धसंकरदोषे सति सर्वशून्यदोषः स्यात्।**
**निरपेक्षस्य नयत्वाभावात्तल्लक्षणाद्यभावात्।।६१८।।**

**અર્થ :–** આ રીતે બંનેય નયોમાં સંકરપણું આવે છે. સંકરપણું આવવાથી સર્વશૂન્ય દોષ આવે છે, જે નિરપેક્ષ છે તેમાં નયપણું જ આવતું નથી. કેમકે નિરપેક્ષતા નયનું લક્ષણ જ નથી.

**ભાવાર્થ :–** નિશ્ચયનયને પણ સોદાહરણ માનવાથી વ્યવહારથી તેમાં કાંઈ ભેદ નહિ રહે. બંને એક રૂપમાં આવી જશે. એવી અવસ્થામાં પ્રમાણ પણ આત્મલાભ કરી શકશે નહિ, તેથી નિશ્ચયનયને ઉદાહરણ સહિત માનવો એ બરાબર નથી.

શંકાકાર

**ननु केवलं सदेव हि यदि वा जीवो विशेष निरपेक्षः।**
**भवति च तदुदाहरणं भेदाभावात्तदा हि को दोषः।।६१९।।**

**अपि च एवं प्रतिनियतं व्यवहारस्यावकाश एव यथा।**
**सदनेकं च सदेकं जीवश्चिद्रव्यमात्मवानिति चेत्।।६२०।।**

**અર્થ :–** જો સત્‌ને એક કહેવાથી અને જીવને ચિત્‌રૂપ કહેવાથી પણ વ્યવહારનયનો

જ વિષય આવી જાય છે તો નિશ્ચયનયનું ઉદાહરણ કેવળ સત્ જ કહેવું જોઈએ અથવા જીવ જ કહેવો જોઈએ. સત્નું એકત્વ વિશેષ અને જીવનું ચિત્ વિશેષ ન કહેવું જોઈએ. સત્માત્ર કહેવાથી અથવા જીવમાત્ર કહેવાથી પછી કોઈ દોષ નહિ રહે. સત્માત્ર અને જીવમાત્ર કહેવાથી ભેદબુદ્ધિ પણ રહેતી નથી. વ્યવહારનયનો અવકાશ તો ભેદમાં જ પ્રતિનિયત છે. જેમ એમ કહેવું કે સત્ એક છે, સત્ અનેક છે, જીવ ચિદ્દ્રવ્ય છે, જીવ આત્મવાન્ છે, આ ભેદજ્ઞાન જ વ્યવહારનયનું લક્ષણ છે. નિશ્ચનયમાં કેવળ સત્ અથવા કેવળ જીવ જ ઉદાહરણ માની લેવા જોઈએ ?

ઉત્તર

**न यतः सदिति विकल्पो जीवः काल्पनिक इति विकल्पश्च।**
**तत्तद्धर्मविशिष्टस्तद्वानुपचर्यते स यथा।।६२१।।**

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કથન પણ યોગ્ય નથી કારણ કે સત્ એ વિકલ્પ અને જીવ એ વિકલ્પ બંનેય કાલ્પનિક છે, ભિન્ન ભિન્ન ધર્મોથી વિશિષ્ટ હોવાથી તે ધર્મવાળા ઉપચારથી કહેવાય છે અર્થાત્ જે ધર્મની વિવક્ષા કરવામાં આવે છે તે જ ધર્મથી વિશિષ્ટ વસ્તુ કહેવાય છે. તે ધર્મનો ઉપચાર આ રીતે થાય છે :–

**जीवः प्राणादिमतः संज्ञाकरणं यदेतदेवेति।**
**जीवनगुणसापेक्षो जीवः प्राणादिमानिहास्त्यर्थात्।।६२२।।**

**અર્થ :–** જે પ્રાણોને ધારણ કરે છે તેને જ જીવ એ નામથી કહેવામાં આવે છે અથવા જે જીવન ગુણની અપેક્ષા રાખે છે તેને જ જીવ કહે છે. તેથી જીવ માત્ર કહેવાથી પણ પ્રાણ વિશિષ્ટ અને જીવત્વ ગુણ વિશિષ્ટનો જ બોધ થાય છે. એ જ પ્રમાણે :–

**यदि वा सदिति सत्सतः स्यात्संज्ञा सत्तागुणस्य सापेक्षात्।**
**लब्धं तदनुक्तमपि सद्भावात् सदिति वा गुणो द्रव्यम्।।६२३।।**

**અર્થ :–** અથવા સત્ એ નામ સત્તા ગુણની અપેક્ષા રાખનાર (અસ્તિત્વ ગુણ વિશિષ્ટ) સત્ પદાર્થનું છે. તેથી સત્ એટલું કહેવાથી જ કહ્યા વિના પણ અસ્તિત્વ ગુણ અથવા અસ્તિત્વ ગુણ વિશિષ્ટ દ્રવ્યનો બોધ થાય છે.

**ભાવાર્થ :–** જો કે સત્‌માં આ વિકલ્પ ઉઠાવવામાં આવ્યો નથી કે તે દ્રવ્ય છે અથવા ગુણ છે તો પણ તે વિકલ્પ કહ્યા વિના પણ સત્ કહેવાથી જ (વિકલ્પ) ઉત્પન્ન થઈ જાય છે અને જેટલું વિકલ્પાત્મક – ભેદવિજ્ઞાન છે તે બધો વ્યવહારનયનો વિષય છે.

**यदि च विशेषणशून्यं विशेष्यमात्रं सुनिश्चयस्यार्थः ।**
**द्रव्यं गुणो न पर्यय इति वा व्यवहारलोपदोषः स्यात् ।।६२४ ।।**

**અર્થ :–** જો વિશેષણ રહિત વિશેષ્ય જ કેવળ નિશ્ચયનયનો વિષય માનવામાં આવે તો દ્રવ્ય અને ગુણની જ સિદ્ધિ થશે, પર્યાયની સિદ્ધિ નહિ થાય અથવા વ્યવહારનો જ લોપ થઈ જશે. આ એક મોટો દોષ છે.

સારાંશ

**तस्मादवसेयमिदं यावदुदाहरणपूर्वको रूपः ।**
**तावान् व्यवहारनयस्तस्य निषेधात्मकस्तु परमार्थः ।।६२५ ।।**

**અર્થ :–** તેથી આ નિશ્ચય કરવો જોઈએ કે જેટલું કાંઈ ઉદાહરણપૂર્વક કથન છે તેટલો બધો વ્યવહારનય છે. તે વ્યવહારનો નિષેધક જ નિશ્ચયનય છે.

શંકાકાર

**ननु च व्यवहारनयो भवति च निश्चयनयो विकल्पात्मा ।**
**कथमाद्यः प्रतिषेध्योऽस्त्यन्यः प्रतिषेधकश्च कथमिति चेत् ।।६२६ ।।**

**અર્થ :–** વ્યવહારનય પણ વિકલ્પાત્મક છે અને નિશ્ચયનય પણ વિકલ્પાત્મક છે.

તો પછી વ્યવહારનય શા માટે નિષેધ કરવા યોગ્ય છે ? તથા નિશ્ચયનય શા માટે તેનો નિષેધ કરનાર છે ?

**ભાવાર્થ :–** જ્યારે બંનેય નય વિકલ્પાત્મક છે તો એક નિષેધ્ય અને બીજો તેમાં નિષેધ કેવી રીતે ?

ઉત્તર

**न यतो विकल्पमात्रमर्थाकृतिपरिणतं यथा वस्तु।**
**प्रतिषेध्यस्य न हेतुश्चेदयथार्थस्तु हेतुरिह तस्य।।६२७।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકા બરાબર નથી કેમકે દરેક વસ્તુમાં તે વસ્તુને અનુરૂપ અર્થાકાર પરિણમન કરનાર જ્ઞાનને જ વિકલ્પ કહે છે. તે વિકલ્પ પ્રતિષેધ્યનો હેતુ નથી પરંતુ તેનું કારણ અયથાર્થતા છે.

**ભાવાર્થ :–** વ્યવહારનયના નિષેધનું કારણ વિકલ્પાત્મક બોધ નથી. વિકલ્પાત્મક બોધ તો નિશ્ચયનયમાં પણ છે પરંતુ તેનો અયથાર્થ બોધ છે અર્થાત્ વ્યવહારનય મિથ્યા છે, તેથી તે નિષેધ કરવા યોગ્ય છે. આ જ વાતને નીચે સ્પષ્ટ કરે છે :–

**व्यवहारः किल मिथ्या स्वयमपि मिथ्योपदेशकश्च यतः।**
**प्रतिषेध्यस्तस्मादिह मिथ्यादृष्टिस्तदर्थदृष्टिश्च।।६२८।।**

**અર્થ :–** વ્યવહારનય મિથ્યા છે કેમકે તે સ્વયં જ મિથ્યા ઉપદેશ દે છે. તેથી તે નિષેધ કરવા યોગ્ય છે અને તે વ્યવહારનયના વિષય ઉપર દૃષ્ટિ કરનાર–શ્રદ્ધાન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.

નિશ્ચયનય યથાર્થ છે

**स्वयमपि भूतार्थत्वाद्भवति स निश्चयनयो हि सम्यक्त्वम्।**
**अविकल्पवदतिवागिव स्वादनुभवैकगम्यवाच्यार्थः।।६२९।।**

**यदि वा सम्यग्दृष्टिस्तद्दृष्टिः कार्यकारी स्यात्।**
**तस्मात् स उपादेयोनोपादेय स्तदन्यनयवादः।।६३०।।**

**અર્થ :–** નિશ્ચયનય યથાર્થ વિષયનું પ્રતિપાદન કરનાર છે તેથી તે સમ્યક્ રૂપ છે. જો કે નિશ્ચયનય પણ વિકલ્પાત્મક છે, તો પણ તે વિકલ્પરહિત જેવો જણાય છે. જો કે તે 'ન' એવા આકારવાળા વચનથી કહેવાય છે તો પણ તે વચન અગોચર જેવો જ લાગે છે. નિશ્ચયનયનું વાચ્ય શું છે એ વાત અનુભવગમ્ય જ છે અર્થાત્ નિશ્ચયનયના વિષયનો બોધ અનુભવથી જ જણાય છે, વચનથી તે કહી શકાતો નથી. કેમકે જે કાંઈ વચનથી કહેવામાં આવશે તે સર્વ ભેદરૂપ હોવાથી વ્યવહારનયનો જ વિષય થઈ જાય છે. તેથી વચનથી તો તે 'ન' – નિષેધરૂપ જ વક્તવ્ય છે અથવા તે નિશ્ચયનયના વિષયનું શ્રદ્ધાન કરનાર સમ્યગ્દૃષ્ટિ છે અને તે જ કાર્યકારી છે. તેથી નિશ્ચયનય જ ઉપાદેય–ગ્રાહ્ય છે. અન્ય જેટલો પણ નયવાદ છે તે બધો અગ્રાહ્ય–ત્યાજ્ય છે.

શંકાકાર

**ननु च व्यवहारनयो भवति स सर्वोपि कथमभूतार्थः।**
**गुणपर्ययवद्द्रव्यं यथोपदेशात्तथानुभूतेश्च।।६३१।।**
**अथ किमभूतार्थत्वं द्रव्याभावोऽथ वा गुणाभावः।**
**उभयाभावो वा किल तद्योगस्याप्यभावसादिति चेत्।।६३२।।**

**અર્થ :–** બધો જ વ્યવહારનય કેવી રીતે મિથ્યા હોઈ શકે ? કેમ કે ગુણપર્યયવદ્ દ્રવ્યમ્,– 'ગુણ પર્યાયવાળું દ્રવ્ય હોય છે', એવો ઉપદેશ (સર્વજ્ઞ અને મહર્ષિઓનો) પણ છે તથા અનુભવથી પણ એ જ વાત સિદ્ધ થાય છે. અમે પૂછીએ છીએ કે આમાં શું અભૂતાર્થપણું છે ? દ્રવ્યનો અભાવ છે, ગુણનો અભાવ છે કે બંનેનો અભાવ છે ? અથવા તે બંનેના યોગ (મેળ) નો અભાવ છે ? કોનો અભાવ છે કે જેથી 'ગુણપર્યયવદ્ દ્રવ્યમ્' આ કથન અભૂતાર્થ સમજવામાં આવે ? જો કોઈનો અભાવ ન હોય તો પછી વ્યવહારનય મિથ્યા શા માટે ?

ઉત્તર

**सत्यं न गुणाभावो द्रव्याभावो न उभयाभावः।**
**न हि तद्योगाभावो व्यवहारः स्यात्तथाप्यभूतार्थः।।६३३।।**

**અર્થ :–** બરાબર છે, ન ગુણનો અભાવ છે, ન દ્રવ્યનો અભાવ છે, ન બંનેનો અભાવ છે અને ન તે બંનેના યોગનો અભાવ છે, તો પણ વ્યવહારનય મિથ્યા જ છે. કેમ મિથ્યા છે ? તે જ સ્પષ્ટ કરે છે :–

**इदमत्र निदानं किल गुणद्रव्यं यदुक्तमिह सूत्रे।**
**अस्ति गुणोस्ति द्रव्यं तद्योगात्तदिह लब्धमित्यर्थात्।।६३४।।**

**तदसन्न गुणोस्ति यतो न द्रव्यं नोभयं न तद्योगः।**
**केवलमद्वैतं सद्भवतु गुणो वा तदेव सद्रव्यम्।।६३५।।**

**અર્થ :–** વ્યવહારનય મિથ્યા છે, એમાં આ કારણ છે કે જે સૂત્રમાં 'गुणवद् द्रव्यम्' કહેવામાં આવ્યું છે, તેનો એ અર્થ નીકળે છે કે એક કોઈ ગુણ એવો પદાર્થ છે અને એક દ્રવ્ય પદાર્થ છે. તે બંનેના યોગથી દ્રવ્ય સિદ્ધ થાય છે. પરંતુ આવું કથન જ મિથ્યા છે. કેમકે ન કોઈ ગુણ છે, ન દ્રવ્ય છે, ન બંને છે અને ન તેમનો યોગ પણ છે. પરંતુ કેવળ અદ્વૈત સત્ છે, તે જ સત્‌ને ગુણ કહો અથવા તે જ સત્‌ને દ્રવ્ય કહો, ગમે તે કહો.

વ્યવહારનય મિથ્યા છે

**तस्मान्न्यायागत इति व्यवहारः स्यान्नयोप्यभूतार्थः।**
**केवलमनुभवितारस्तस्य च मिथ्यादृशो हतास्तेपि।।६३६।।**

**અર્થ :–** તેથી આ વાત ન્યાયથી પ્રાપ્ત થઈ ગઈ કે વ્યવહારનય અભૂતાર્થ છે.

જેઓ કેવળ તે જ વ્યવહારનયનો અનુભવ કર્યા કરે છે તે નષ્ટ થઈ ગયા છે અર્થાત્ સદ્‌વિચારથી રહિત છે તથા તે મિથ્યાદૃષ્ટિ છે.

શંકાકાર

**ननु चैवं चेन्नियमादादरणीयो नयो हि परमार्थः।**
**किमकिञ्चित्कारित्वाद् व्यवहारेण तथाविधेन यतः।।६३७।।**

**અર્થ :–** જો વ્યવહારનય મિથ્યા જ હોય તો કેવળ નિશ્ચયનય જ આદરણીય હોવો જોઈએ. વ્યવહારનય મિથ્યા છે તેથી કાંઈ પણ કરવામાં આસમર્થ છે. તો પછી તેને સર્વથા કહેવો જ ન જોઈએ ?

**ઉત્તર :–** વસ્તુના વિચાર અર્થે વ્યવહારનય પણ આવશ્યક છે.

**नैवं यतो बलादिह विप्रतिपत्तौ च संशयापत्तौ।**
**वस्तुविचारे यदि वा प्रमाणमभुयावलम्बि तज्ज्ञानम्।।६३८।।**

**અર્થ :–** ઉપરની શંકા બરાબર નથી કારણ કે કોઈ વિષયમાં વિવાદ થતાં અથવા કોઈ વિષયમાં શંકા થતાં અથવા વસ્તુનો વિચાર કરવામાં વ્યવહારનયનું અવલંબન બળપૂર્વક (અવશ્ય જ) લેવું પડે છે. જે જ્ઞાન નિશ્ચયનય અને વ્યવહારનય બંનેનું અવલંબન લે છે તે જ જ્ઞાનને પ્રમાણજ્ઞાન માનવામાં આવે છે.

**ભાવાર્થ :–** વ્યવહારનયનું અવલંબન લીધા વિના કેવળ નિશ્ચયનયથી જ્ઞાનમાં પ્રમાણતા જ આવી શકતી નથી. વ્યવહારનયનું અવલંબન લીધા વિના પદાર્થનો વિચાર જ થઈ શકતો નથી. છતાં પણ આ શંકા કરી શકાય છે કે જો વ્યવહારનય મિથ્યા છે તો તેના દ્વારા કરવામાં આવતો વસ્તુનો વિચાર પણ મિથ્યા જ હશે ? જો કે કોઈ અંશે આ શંકા બરાબર લાગે, પરંતુ વાત એમ છે કે વ્યવહાર વિના વસ્તુનો વિચાર થઈ શકતો નથી. વિવેચન કરર્યા વિના એ કેવી રીતે જાણી શકાય કે વસ્તુ અનંત ગુણાત્મક છે, પરિણામી છે, તેથી વ્યવહાર દ્વારા વસ્તુને જાણીને તેની યથાર્થતાનો બોધ થઈ જાય છે. બીજા શબ્દોમાં આમ કહેવું જોઈએ કે આ આત્માએ વ્યવહારપૂર્વક જ

નિશ્ચયનય પર આરૂઢ થવું જોઈએ. વિવેચન વસ્તુની યથાર્થતા નથી પરંતુ વિવેચન દ્વારા જ યથાર્થતાનો બોધ થાય છે. તેથી વ્યવહારનય પણ આદરણીય છે.

**तस्मादाश्रयणीयः केषाञ्चित् स नयः प्रसङ्गत्वात्।**
**अपि सविकल्पानामिव न श्रेयो निर्विकल्पबोधवताम्।।६३९।।**

**અર્થ :–** તેથી પ્રસંગવશ કોઈ કોઈને વ્યવહારનય પણ આશ્રય કરવા યોગ્ય છે. તે સવિકલ્પ જ્ઞાનવાળાઓને જ આશ્રય કરવા યોગ્ય છે. સવિકલ્પ જ્ઞાનવાળાઓની જેમ નિર્વિકલ્પ જ્ઞાનવાળાઓને તે નય હિતકારી નથી.

**ભાવાર્થ :–** સવિકલ્પ જ્ઞાન દ્વારા જે નિર્વિકલ્પ જ્ઞાન પામી ગયા છે, તેમને પછી વ્યવહારનયનું શરણ લેવું પડતું નથી. નિશ્ચયનયની પ્રાપ્તિ માટે જ વ્યવહારનો આશ્રય લેવો આવશ્યક છે.

શંકાકાર

**ननु च समीहितसिद्धिः किल चैकस्मान्नयात्कथं न स्यात्।**
**विप्रतिपत्तिनिरासो वस्तुविचारश्च निश्चयादिति चेत्।।६४०।।**

**અર્થ :–** પોતાના ઇષ્ટની સિદ્ધિ એક જ નય (નિશ્ચય)થી કેમ થતી નથી, વિવાદનો પરિહાર અને વસ્તુનો વિચાર પણ નિશ્ચયથી જ થઈ જશે માટે કેવળ નિશ્ચયનયને જ માનો ?

ઉત્તર

**नैवं यतोस्ति भेदोऽनिर्वचनीयो नयः स परमार्थः।**
**तस्मात्तीर्थस्थितये श्रेयान् कश्चित् स वावदूकोऽपि।।६४१।।**

**અર્થ :–** ઉપર જે શંકા કરવામાં આવી છે તે બરાબર નથી કેમકે બંને નયોમાં

ભેદ છે. નિશ્ચયનય અનિર્વચનીય છે, તેના દ્વારા પદાર્થનું વિવેચન કરી શકાતું નથી તેથી ધર્મ અથવા દર્શનની સ્થિતિ માટે અર્થાત્ વસ્તુ સ્વભાવને જાણવા માટે કોઈ બોલનાર પણ નય–વ્યવહારનય હિતકારી છે.

શંકાકાર

**ननु निश्चयस्य वाच्यं किमिति यदालम्ब्य वर्त्तते ज्ञानम्।**
**सर्वविशेषाभावेऽत्यन्तामावस्य वै प्रतीतत्वात्।।६४२।।**

**અર્થ :–** નિશ્ચયનયનું વાચ્ય (વિષય) શું છે કે જેને અવલંબીને જ્ઞાન રહે છે ? સંપૂર્ણ વિશેષના અભાવમાં નિશ્ચયનય વડે અત્યંતાભાવ જ પ્રતીતિમાં આવે છે.

**ભાવાર્થ :–** જો નિશ્ચયનય કોઈ વિશેષનું અવલંબન કરતો નથી તો પછી તેનો કાંઈ પણ વિષય નથી, તે કેવળ અભાવાત્મક જ છે.

ઉત્તર

**इदमत्र समाधानं व्यवहारस्य च नयस्य यद्वाच्यम्।**
**सर्वविकल्पाभावे तदेव निश्चयनयस्य यद्वाच्यम्।।६४३।।**

**અર્થ :–** ઉપરની શંકાનું અહીં આ સમાધાન કરવામાં આવે છે કે જે કાંઈ વ્યવહારનયનું વાચ્ય છે, તેમાંથી સર્વ વિકલ્પો દૂર કરતાં જે વાચ્ય રહે છે તે જ નિશ્ચયનયનું વાચ્ય છે.

દૃષ્ટાંત

**अस्त्यत्र च संदृष्टिस्तृणाग्निरिति वा यदोष्ण एवाग्निः।**
**सर्वविकल्पाभावे तत्संस्पर्शादिनाप्यशीतत्वम्।।६४४।।**

**અર્થ :–** નિશ્ચયનયના વાચ્યના વિષયમાં અહીં અગ્નિનું દૃષ્ટાંત આપવામાં આવે છે – અગ્નિ જો ઘાસની અગ્નિ હોય, તો પણ તે અગ્નિ છે, જો તે છાણાની અગ્નિ હોય તો પણ તે ઉષ્ણ અગ્નિ જ છે, જો તે કોયલાની અગ્નિ હોય તો પણ ઉષ્ણ અગ્નિ જ છે. તેથી તે અગ્નિમાંથી ઘાસ, કોલસા આદિ વિકલ્પ દૂર કરી દેવામાં આવે તો પણ તે સ્પર્શાદિથી ઉષ્ણ જ જણાશે.

**ભાવાર્થ :–** ઘાસની અગ્નિ કહેવી એ જ વાસ્તવમાં મિથ્યા છે, જે સમયે ઘાસ અગ્નિરૂપ પરિણમ્યું છે તે સમયે તે ઘાસ નથી પરંતુ અગ્નિ છે. જે સમયે તે અગ્નિરૂપ પરિણમ્યું નથી તે સમયે તે ઘાસ છે, અગ્નિ નથી. તેથી ઘાસ આદિનો વિકલ્પ દૂર કરી દેવો એ જ યોગ્ય છે. પરંતુ અગ્નિરૂપ સિદ્ધ કરવા માટે પહેલાં ઘાસ આદિનો વ્યવહાર હોવો પણ આવશ્યક છે. બરાબર એ જ દૃષ્ટાંત નિશ્ચયનયમાં ઘટે છે. જે વ્યવહારનયનો વિષય છે તે વિકલ્પાત્મક છે, તેમાંથી વિકલ્પોને દૂર કરી જે વાચ્ય રહે છે તે જ નિશ્ચયનયનો વિષય છે. નિશ્ચયનય ગુણ, દ્રવ્ય, પર્યાયરૂપ ભેદોને મિથ્યા સમજે છે. ગુણાત્મક અખંડ પિંડ જ નિશ્ચયનયનો વિષય છે. તે અનિર્વચનીય છે, તેથી વ્યવહારનયના વિષયને નિષેધ દ્વારા કહેવામાં આવે છે. નિષેધ કહેવાથી તેનું અભાવાત્મક વાચ્ય ન સમજવું જોઈએ, પરંતુ શુદ્ધ દ્રવ્ય સમજવું જોઈએ.

શંકાકાર

**ननु चैवं परसमयः कथं स निश्चयनयावलंबी स्यात्।**
**अविशेषादपि स यथा व्यवहारनयावलंबी यः।।६४५।।**

**અર્થ :–** જે વ્યવહારનયનું અવલંબન કરે છે, તે જેમ સામાન્ય રીતે મિથ્યાદૃષ્ટિ છે તેવી જ રીતે નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય ? અર્થાત્ વ્યવહારનયનું અવલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવેલ છે તે બરાબર છે, પરંતુ નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ જ કહેવામાં આવેલ છે તે કેવી રીતે ?

ઉત્તર

**सत्यं किन्तु विशेषो भवति स सूक्ष्मो गुरुपदेश्यत्वात्।**
**अपि निश्चयनयपक्षादपरः स्वात्मानुभूतिमहिमा स्यात्।।६४६।।**

**અર્થ :–** બરાબર છે, પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. તે સૂક્ષ્મ છે, તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે. મહાન ગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શકતું નથી. તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે કે જે નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે.

**उभयं णयं विभणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**
**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो।।१।।**
**इत्युक्तसूत्रादपि सविकल्पत्वात्तथानुभूतेश्च।**
**सर्वोपि नयो यावान् परसमयः स च नयावलंबी।।६४७।।**

**અર્થ :–** નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો છે. તે વિષયમાં ઉક્ત ગાથા પણ પ્રમાણ છે. તેનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે તેમને સમ્યગ્દૃષ્ટિ જાણે તો છે પરંતુ કોઈ પણ નયના પક્ષને ગ્રહતો નથી, તે નયપક્ષથી રહિત છે, આ ગાથારૂપ સૂત્રથી એ વાત સિદ્ધ થઈ ગઈ કે સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન કરતા નથી. બીજી વાત એ છે કે નિશ્ચનયનયને પણ આચાર્યે સવિકલ્પ બતાવ્યો છે અને જેટલું સવિકલ્પ જ્ઞાન છે તેને અભૂતાર્થ કહ્યું છે જેમકે પહેલાં કહેવામાં આવ્યું છે :– 'यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थः ' તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી પણ નિશ્ચયનય મિથ્યા સિદ્ધ થાય છે તથા અનુભવમાં પણ એ જ વાત આવે છે કે જેટલા કોઈ નય છે તે બધા પરસમય–મિથ્યા છે તથા તે નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.

સ્વાત્માનુભૂતિનું સ્વરૂપ

**स यथा सति सविकल्पे भवति स निश्चयनयो निषेधात्मा।**
**न विकल्पो न निषेधो भवति चिदात्मानुभूतिमात्रं च।।६४८।।**

**અર્થ :–** તે સ્વાનુભૂતિનો મહિમા આ રીતે છે કે સવિકલ્પ હોવાથી નિશ્ચયનય તે વિકલ્પનો નિષેધ કરે છે. પરંતુ જ્યાં ન તો વિકલ્પ છે અને ન નિષેધ છે ત્યાં ચિદાત્મા-નુભૂતિ માત્ર છે.

દૃષ્ટાંત

**दृष्टान्तोऽपि च महिषध्यानाविष्टो यथा हि कोपि नरः।**
**महिषोयमहं तस्योपासक इति नयावलम्बी स्यात्।।६४९।।**

**चिरमचिरं वा यावत् स एव दैवात् स्वयं हि महिषात्मा।**
**महिषस्यैकस्य यथा भवनात् महिषानुभूतिमात्रं स्यात्।।६५०।।**

**અર્થ :–** સ્વાત્માનુભૂતિના વિષયમાં દૃષ્ટાંત પણ છે. જેમ – કોઈ પુરુષ મહિષના ધ્યાનમાં આરૂઢ છે. ધ્યાન કરતાં તે એમ સમજે છે કે આ મહિષ (પાડો) છે અને હું તેની ઉપાસના (સેવા–ધ્યાન) કરનાર છું. આ જાતના વિકલ્પ સહિત જ્યાં સુધી તેને (આવું) જ્ઞાન છે ત્યાં સુધી તે નયનું અવલંબન કરે છે. ઘણો કાળ અથવા જલ્દી જ ધ્યાન કરતાં કરતાં જ્યારે તે દૈવવશ + સ્વયં પાડારૂપ બની જાય છે ત્યારે તે કેવળ એક મહિષનો જ અનુભવ કરે છે, તે જ મહિષાનુભૂતિ છે.

**ભાવાર્થ :–** મહિષનું ધ્યાન કરનાર જ્યાં સુધી એ વિકલ્પ કરે છે કે આ મહિષ છે, હું તેનો ઉપાસક છું. ત્યાં સુધી તો તે વિકલ્પાત્મક નયને આધીન છે, પરંતુ ધ્યાન કરતાં કરતાં જે વખતે તેના જ્ઞાનમાંથી આ ઉપર્યુક્ત વિકલ્પ દૂર થઈ જાય છે અને

---

\+ દૈવવશનો આશય એ નથી કે તે વાસ્તવમાં મહિષની પર્યાય ધારણ કરી લે છે, પરંતુ એમ છે કે પુણ્યોદયવશ જો ધ્યાનની એકાગ્રતા થઈ જાય તો –

પોતાને કેવળ મહિષરૂપ અનુભવ કરવા લાગે છે તે જ સમયે તેને મહિષાનુભૂતિ થાય છે. આ જાતની અનુભૂતિમાં પછી ઉપાસ્ય અને ઉપાસકનો ભેદ રહેતો નથી. આત્મા જેને પહેલાં ધ્યેય બનાવીને સ્વયં ધ્યાતા બને છે, અનુભૂતિના સમયે ધ્યાતા ધ્યેયનો વિકલ્પ રહેતો નથી પરંતુ ધ્યાતા સ્વયં ધ્યેયરૂપ થઈને તન્મય થઈ જાય છે તેથી સ્વાનુભૂતિનો અપાર મહિમા છે.

દૃષ્ટાંત

**स्वात्मध्यानाविष्टस्तथेह कश्चिन्नरोऽपि किल यावत्।**
**अयमहमात्मा स्वयमिति स्यामनुभविताहमस्य नयपक्षः।।६५१।।**
**चिरमचिरं वा दैवात् स एव यदि निर्विकल्पश्च स्यात्।**
**स्वयमात्मेत्यनुभवनात् स्यादियमात्मानुभूतिरिह तावत्।।६५२।।**

**અર્થ :–** તેવી જ રીતે જો કોઈ પુરુષ પોતાના આત્માના ધ્યાનમાં આરૂઢ છે, ધ્યાન કરતાં તે વિકલ્પ ઉઠાવે છે કે હું આ આત્મા છું અને હું જ સ્વયં તેનો અનુભવ કરું છું. જ્યાં સુધી તેને આવું વિકલ્પાત્મક જ્ઞાન છે ત્યાં સુધી તેને નયપક્ષ છે. ઘણા કાળ સુધી અથવા જલ્દી જ દૈવવશ તે જ આત્મા જો નિર્વિકલ્પ થઈ જાય, અર્થાત્ 'હું ઉપાસક છું અને હું જ સ્વયં ઉપાસ્ય છું.' આ ઉપાસ્ય ઉપાસકનો વિકલ્પ દૂર કરીને સ્વયં આત્મા નિજ આત્મામાં તન્મય થઈ જાય તો તે સમયે આત્મા સ્વાત્માનો અનુભવ કરવા માંડે છે. જે સ્વાત્માનુભવન છે, તે જ સ્વાત્માનુભૂતિ કહેવાય છે.

**ભાવાર્થ :–** કવિવર દૌલતરામજીએ છ ઢાળામાં આ જ આશય લીધો છે. તેઓ કહે કે 'जहँ ध्यान ध्येयको न विकल्प वचभेद न जहाँ' – આદિ અર્થાત્ જે આત્માનુભૂતિમાં ધ્યાન શું છે, ધ્યાતા કોણ છે, ધ્યેય ક્યું છે આ વિકલ્પ જ ઉઠતો નથી અને જેમાં વચનનો ય વિકલ્પ હોતો નથી. નિશ્ચયનયમાં પણ વિકલ્પ છે તેથી સમ્યગ્દૃષ્ટિ–સ્વાત્માનુભૂતિ નિમગ્ન તેને પણ છોડી દે છે, તેથી 'णयपक्ख परिहीणो' અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ બંને નયપક્ષોથી રહિત છે એમ કહેવામાં આવ્યું છે. જ્યાં વિકલ્પાતીત, વચનાતીત આત્માની નિર્વિકલ્પ અવસ્થા છે તે જ સ્વાત્માનુભૂતિ વિજ્ઞાન છે. તે નિશ્ચયનયથી પણ બહુ ઉપર છે, બહુ સૂક્ષ્મ છે, તે અલૌકિક આનંદમાં નિમગ્ન મહાત્માઓ દ્વારા જ તેનું કાંઈક વિવેચન થઈ

શકે છે, તે આનંદથી વંચિત પુરુષ તેનું યથાર્થ સ્વરૂપ કહી શકતા નથી. જેણે સાકર ચાખી છે તે જ કાંઈક તેનો સ્વાદ કેટલાક શબ્દોમાં કહી શકે છે. જેણે સાકર વિશે માત્ર સાંભળ્યું છે તે બિચારો તેનો સ્વાદ કેવી રીતે બતાવી શકે ? તેથી સ્વાત્માનુભૂતિને ગુરુપદેશ્ય કહેવામાં આવેલ છે.

સારાંશ

**तस्माद् व्यवहार इव प्रकृत्तो नात्मानुभूतिहेतुः स्यात्।**
**अयमहमस्य स्वामी सदवश्येम्भाविनो विकल्पत्वात्।।६५३।।**

**અર્થ :–** તેથી વ્યવહારનયની જેમ નિશ્ચયનય પણ આત્માનુભૂતિનું કારણ નથી. કેમકે તેમાં પણ આ આત્મા છે, હું એનો સ્વામી છું, એવો સત્ પદાર્થમાં અવશ્યંભાવી વિકલ્પ ઉઠે જ છે.

શંકાકાર

**ननु केवलमिह निश्चयनयपक्षो यदि विवक्षितो भवति।**
**व्यवहारान्निरपेक्षो भवति तदात्मानुभूतिहेतुः सः।।६५४।।**

**અર્થ :–** જો અહીં વ્યવહારનયથી નિરપેક્ષ કેવળ નિશ્ચયનયનો પક્ષ જ કહેવામાં આવે તો તે આત્માનુભૂતિનું કારણ થશે ?

ઉત્તર

**नैवमसंभवदोषाद्यतो न कश्चिन्नयो हि निरपेक्षः।**
**सति च विधौ प्रतिषेधः प्रतिषेधे सति विधेः प्रसिद्धत्वात्।।६५५।।**

**અર્થ :–** ઉપર જે શંકા કરવામાં આવી છે તે બરાબર નથી. કારણ તેમ માનવામાં અસંભવ દોષ આવે છે. કોઈ પણ નય નિરપેક્ષ હોતો નથી, હોઈ શકતો નથી. કેમકે

વિધિ હોતાં પ્રતિષેધનું હોવું પણ અવશ્યંભાવી છે અને પ્રતિષેધ હોતાં વિધિનું હોવું પણ પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ :–** નય વસ્તુના એક અંશને વિષય બનાવે છે તેથી તે એક – વિવક્ષિત અંશનું વિવેચન કરતો થકો બીજા અંશની અપેક્ષા અવશ્ય રાખે છે. અન્યથા નિરપેક્ષ અવસ્થામાં તેને નય જ કહી શકાતો નથી. વિધિની વિવક્ષામાં પ્રતિષેધની સાપેક્ષતા અને પ્રતિષેધની વિવક્ષામાં વિધિની સાપેક્ષતાનું હોવું આવશ્યક છે. તેથી વ્યવહાર અને નિશ્ચયનયમાં પરસ્પર સાપેક્ષતા જ છે.

શંકાકાર

**ननु च व्यवहारनयो भवति यथाऽनेक एव सांशत्वात्।**
**अपि निश्चयोनयः किल तद्वदनेकोऽथ चैकैकस्त्विति चेत्।।६५६।।**

**અર્થ :–** જેમ અનેક અંશ સહિત હોવાથી વ્યવહારનય અનેક જ છે, તેમ વ્યવહારનયની જેમ નિશ્ચયનય પણ એક એક ભેગા કરીને નિયમથી અનેક છે એમ માનીએ તો ?

ઉત્તર

**नैवं यतोस्त्यनेको नैकः प्रथमोप्यनन्तधर्मत्वात्।**
**न तथेति लक्षणत्वादस्त्येको निश्चयो हि नानेकः।।६५७।।**

**અર્થ :–** ઉપરનું કથન બરાબર નથી, કારણ વ્યવહારનય તો અનંત ધર્માત્મક હોવાથી અનેક છે, તે એક નથી. પરંતુ નિશ્ચયનય અનેક નથી, કેમકે તેનું લક્ષણ 'તેમ નથી' છે અર્થાત્ જે કાંઈ વ્યવહારનય કહે છે તેનો નિષેધ કરવો કે (પદાર્થ) તેવો નથી, એ જ નિશ્ચયનયનું લક્ષણ છે. તેથી ગમે તેટલા ધર્મોનું વિવેચન ભલે કરવામાં આવે, બધાનો નિષેધ કરવો એટલું માત્ર જ નિશ્ચયનયનું એક કાર્ય છે. માટે તે એક જ છે.

દૃષ્ટાંત

**संदृष्टिः कनकत्वं ताम्रोपाधेर्निवृत्तितो यादृक्।**
**अपरं तदपरिमिह वा रुकमोपाधेर्निवृत्तितस्तादृक्।।६५८।।**

**અર્થ :–** નિશ્ચયનય શા માટે એક છે આ વિષયમાં સુવર્ણનું દૃષ્ટાંત પણ છે. સુવર્ણ તાંબાની ઉપાધિ વિનાનું જેવું છે, તેવું જ તે ચાંદીની ઉપાધિ વિનાનું પણ છે અથવા બીજી બીજી અનેક ઉપાધિ વિનાનું પણ તેવું જ સુવર્ણ છે, અર્થાત્ સુવર્ણમાં જે તાંબુ, પિત્તળ, ચાંદી, કાલિમા આદિ ઉપાધિઓ છે તે અનેક છે પરંતુ તેમનો અભાવ થવો તે અનેક નથી. કોઈ પણ ઉપાધિનો અભાવ કેમ ન હોય તે એક રૂપ જ રહેશે. દરેક ઉપાધિથી નિવૃત્ત થતાં સુવર્ણ સદા સુવર્ણ જ રહેશે.

નિશ્ચયનયને એક કહેનારા સાચા નથી.

**एतेन हतास्ते ये स्वात्मप्रज्ञापराधत्तः केचित्।**
**अप्येकनिश्चयनयमनेकमिति सेवयन्ति यथा।।६५९।।**

**અર્થ :–** આ કથનથી તે પુરુષોનું કથન ખંડિત કરવામાં આવ્યું છે કે જેઓ પોતાના જ્ઞાનના દોષથી એક નિશ્ચયનયને અનેક સમજે છે. કોઈ કોઈ અજ્ઞાની નિશ્ચયનયના આ પ્રમાણે ભેદ કહે છે.

**शुद्धद्रव्यार्थिक इति स्यादेकः शुद्धनिश्चयो नाम।**
**अपरोऽशुद्धद्रव्यार्थिक इति तदशुद्धनिश्चयो नाम।।६६०।।**

**અર્થ :–** એક શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે, તેનું જ નામ શુદ્ધ નિશ્ચયનય છે. બીજો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે તેનું નામ અશુદ્ધ નિશ્ચયનય છે. આવી રીતે નિશ્ચયનયના બે ભેદ છે.

**इत्यादिकाश्च बहवो भेदा निश्चयनयस्य यस्य मते।**
**स हि मिथ्यादृष्टित्वात् सर्वज्ञाज्ञापमानको नियमात्।।६६१।।**

**અર્થ :–** નિશ્ચયનયના બીજા પણ ઘણા ભેદ જેમના મતમાં છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તેથી તે નિયમથી સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અર્થાત્ નિશ્ચયનયના શુદ્ધ અશુદ્ધ આદિ ભેદ કાંઈ જ નથી એવો જૈન સિદ્ધાંત છે, 'તે કેવળ નિષેધાત્મક એક છે' જે તેના ભેદ કરે છે તે સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. માટે તે મિથ્યાદ્રષ્ટિ છે. X

**इदमत्र तु तात्पर्यमधिगन्तव्यं चिदादि यद्वस्तु।**
**व्यवहारनिश्चयाभ्यामविरुद्धं यथात्मशुद्धयर्थम्।।६६२।।**

**અર્થ :–** અહીં આટલું જ તાત્પર્ય છે કે જીવાદિક જે પદાર્થ છે તે આત્મશુદ્ધિ માટે ત્યારે જ યોગ્ય બની શકે કે જ્યારે તે વ્યવહાર અને નિશ્ચયનય દ્વારા અવિરુદ્ધપણે જાણવામાં આવે.

---

X પંચાધ્યાયીકારનું નિરૂપણ સ્વસમયની અપેક્ષાથી છે તેથી બીજાઓએ જે શુદ્ધ દ્રવ્યાર્થિક, અશુદ્ધ દ્રવ્યાર્થિક વગેરે ભેદ કર્યા છે તેમને આમણે વ્યવહારનયમાં જ ગર્ભિત કર્યા છે. આલાપ પદ્ધતિકારે ક્રોધાદિ ભાવોને અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી આત્માના ભાવ બતાવ્યા છે તથા આત્માના દર્શન, જ્ઞાનાદિ ગુણ છે એ ભેદ સાપેક્ષ કલ્પના પણ ઉક્ત ગ્રંથકારે અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી બતાવી છે અથવા શ્રીમાન્ નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ દ્રવ્ય સંગ્રહમાં રાગાદિ ભાવોનો કર્તા અશુદ્ધ નિશ્ચયનયથી જીવને કહ્યો છે. પંચાધ્યાયીકારે ક્રોધાદિ ભાવોને અનુપચરિત–અસદ્ભુત વ્યવહારનય તથા ઉપચરિત–અસદ્ભુત વ્યવહારનયથી વર્ણવ્યા છે. તથા જીવના જ્ઞાન, દર્શનાદિ ગુણ છે એ કથન સદ્ભુત વ્યવહારનયથી કર્યું છે. આ આવડો મોટો ભેદ ફક્ત અપેક્ષાનો ભેદ છે. પંચાધ્યાયીકારે સ્વસમનયની અપેક્ષાથી નિરૂપણ કર્યું છે. સ્વસમયની અપેક્ષાથી જીવના ક્રોધાદિ ભાવ કહેવા તે વાસ્તવમાં મિથ્યા છે. સૂક્ષ્મ દ્રષ્ટિથી વિચારનારાઓને બધાના કથન એક જ લાગે છે. કેમકે બધાના કથન અપેક્ષા ભેદથી છે, નય વિભાગ જ અપેક્ષા ઉપર આધારિત છે, જે કથન એક દ્રષ્ટિથી મિથ્યા જણાય છે તે જ (કથન) બીજી દ્રષ્ટિથી સાચું લાગે છે. તેથી નય વિભાગને સમજ્યા વિના જૈનધર્મની યથાર્થતાનો બોધ થઈ જ શકતો નથી. શુદ્ધ નિશ્ચયનયથી દ્રવ્ય અખંડ અને અભિન્ન રૂપે એકરૂપ અવક્તવ્ય છે.

**अपि निश्चयस्य नियतं हेतुः सामान्यमात्रमिह वस्तु।**
**फलमात्मसिद्धिः स्यात् कर्मकलङ्कावमुक्तबोधात्मा।।६६३।।**

**અર્થ :–** નિશ્ચયનયનું કારણ નિયમથી સામાન્ય માત્ર વસ્તુ છે ફળ આત્માની સિદ્ધિ છે. નિશ્ચયનયથી વસ્તુને જાણતાં કર્મકલંક રહિત જ્ઞાનમય આત્મા થઈ જાય છે.

પ્રમાણનું સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા

**उक्तो व्यवहारनयस्तदनु नयो निश्चयः पृथक् पृथक्।**
**युगपद्द्वयं च मिलितं प्रमाणमिति लक्षणं वक्ष्ये।।६६४।।**

**અર્થ :–** વ્યવહારનયનું સ્વરૂપ કહેવામાં આવ્યું, ત્યારપછી નિશ્ચયનયનું પણ સ્વરૂપ કહેવામાં આવ્યું. બંનેય નય ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે. જ્યારે એકસાથે બંને નય મળી જાય છે ત્યારે જ તે પ્રમાણનું સ્વરૂપ કહેવાય છે. તે જ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે.

પ્રમાણનું સ્વરૂપ

**विधिपूर्वः प्रतिषेधः प्रतिषेधपुरस्सरो विधिस्त्वनयोः।**
**मैत्री प्रमाणमिति वा स्वपराकारावगाहि यज्ज्ञानम्।।६६५।।**

**અર્થ :–** વિધિપૂર્વક પ્રતિષેધ હોય છે. પ્રતિષેધપૂર્વક વિધિ હોય છે. વિધિ અને પ્રતિષેધ આ બંનેની જે મૈત્રી છે તે જ પ્રમાણ કહેવાય છે અથવા સ્વપરને જાણનાર જે જ્ઞાન છે તે જ પ્રમાણ કહેવાય છે.

સ્પષ્ટીકરણ

**अयमर्थोर्थविकल्पो ज्ञानं किल लक्षणं स्वतस्तस्य।**
**एक विकल्पो नयसादुभयविकल्पः प्रमाणमिति बोधः।।६६६।।**

**અર્થ :–** ઉપર જે કહેવામાં આવ્યું છે તેનું સ્પષ્ટીકરણ આ રીતે છે. અર્થાકાર–પદાર્થકાર પરિણમનનું નામ જ અર્થ વિકલ્પ છે, એ જ જ્ઞાનનું લક્ષણ છે. તે જ્ઞાન જ્યારે એક વિકલ્પ હોય છે અર્થાત્ એક અંશનો વિષય કરે છે ત્યારે તે નયાધીન–નયાત્મક જ્ઞાન કહેવાય છે અને તે જ જ્ઞાન જ્યારે ઉભય વિકલ્પ હોય છે અર્થાત્ પદાર્થના બંને અંશોનો વિષય કરે છે ત્યારે તે પ્રમાણરૂપ જ્ઞાન કહેવાય છે.

**ભાવાર્થ :–** પદાર્થમાં સામાન્ય અને વિશેષ એવી બે પ્રકારની પ્રતીતિ થાય છે. 'આ તે જ છે' એવી અન્વયરૂપ પ્રતીતિને સામાન્ય પ્રતીતિ કહે છે તથા વિશેષ વિશેષ પર્યાયાત્મક પ્રતીતિને વિશેષ પ્રતીતિ કહે છે. પદાર્થમાં સામાન્ય વિશેષ પ્રતીતિ ત્યારે જ થઈ શકે કે જ્યારે તે સામાન્ય વિશેષાત્મક હોય. તેથી સિદ્ધ થાય છે કે પદાર્થ ઉભયાત્મક છે. (सामान्य विशेषात्मा तदर्थो विषयः।) એવું સૂત્ર પણ છે અર્થાત્ પદાર્થના સામાન્ય અંશને વિષય કરનાર દ્રવ્યાર્થિકનય છે. તેના વિશેષ અંશને વિષય કરનાર પર્યાયાર્થિકનય છે. બંને અંશોને યુગપત્ (એકસાથે) વિષય કરનાર પ્રમાણજ્ઞાન છે. ઉભયાત્મક પદાર્થ જ પ્રમાણનો વિષય છે.

શંકાકાર

**ननु चास्त्येकविकल्पोप्यविरुद्धोभयविकल्प एवास्ति।**
**कथमिव तदेकसमये विरुद्धभावद्वयोर्विकल्पः स्यात्।६६७।।**
**अथ चेदस्ति विकल्पो क्रमेण युगपद्वा बलाद्वाच्यः।**
**अथ चेत् क्रमेण नय इति भवति न नियमात्प्रमाणमिति दोषः।।६६८।।**
**युगपच्चेदथ न मिथो विरोधिनोर्यौगपद्यं स्यात्।**
**दृष्टविरुद्धत्वादपि प्रकाशतमसोर्द्वयोरिति चेत्।।६६९।।**

**અર્થ :–** એક વિકલ્પ પણ અવિરુદ્ધ ઉભય (બે) વિકલ્પવાળો હોય શકે છે અર્થાત્ અવિરોધી કેટલાક ધર્મ એકસાથે રહી શકે છે. પરંતુ એક સમયમાં વિરુદ્ધ બે ભાવોનો વિકલ્પ કેવી રીતે હોઈ શકે ? જો એકસાથે વિરુદ્ધ બે વિકલ્પો હોઈ શકે તો તે ક્રમપૂર્વક હોય છે કે એક સાથે તે બંનેનો હઠપૂર્વક પ્રયોગ કરવામાં આવે છે ? જો એમ કહેવામાં

આવે કે વિરોધી બે ધર્મ ક્રમપૂર્વક હોઈ શકે છે. તો તે ક્રમપૂર્વક હોવાવાળા ધર્મ નય જ કહેવાશે, તે નિયમથી પ્રમાણ કહી શકાશે નહિ. આ એક મોટો દોષ ઉપસ્થિત થશે. જો એમ કહેવામાં આવે કે બંને ધર્મ એકસાથે હોઈ શકે છે તો એ વાત બને નહિ કારણ કે બે વિરોધી ધર્મ એકસાથે રહી શકતા નથી. બે વિરોધી ધર્મ એકસાથે રહે આ વિષયમાં પ્રત્યક્ષ પ્રમાણથી વિરોધ આવે છે. જેમકે પ્રકાશ અને અંધકાર બંનેય વિરોધી છે. શું કોઈએ તેમને એકસાથે રહેતા જોયા છે ?

વિરોધી ધર્મ પણ એકસાથે રહી શકે છે.

**न यतो युक्तिविशेषाद्युगपद्वृत्तिर्विरोधानामस्ति।**
**सदसदनेकेषामिह भावाभावध्रुवाध्रुवाणाञ्च।।६७०।।**

**અર્થ :–** ઉપર કરવામાં આવેલી શંકા બરાબર નથી, કારણકે યુક્તિ વિશેષથી વિરોધી ધર્મોનું પણ એકસાથે વર્તવું (રહેવું) બની શકે છે. સત્-અસત્, ભાવ-અભાવ, નિત્ય-અનિત્ય, ભેદ-અભેદ, એક-અનેક આદિ અનેક ધર્મોની એક પદાર્થમાં એકસાથે વૃત્તિ રહે છે.

**ભાવાર્થ :–** જો કે સ્થૂળ દૃષ્ટિથી સત્ અસત્ આદિ ધર્મ વિરોધી જણાય છે પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી સાપેક્ષ વિચાર કરતાં જે વિરોધી ધર્મ છે તે પણ અવિરોધી જણાય છે અથવા જો તે વિરોધી પણ બની રહે તો પણ પદાર્થનો એ સ્વભાવ છે કે તે પરસ્પર વિરુદ્ધ ધર્મોને પણ એક સમયમાં ધારણ કરે. એનું કારણ દ્રવ્ય અને પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિથી પદાર્થ સદા સત્ રૂપ છે, ભાવરૂપ છે, નિત્ય છે, અભિન્ન છે, એક છે, પરંતુ તે જ પદાર્થ પર્યાયદૃષ્ટિથી અસત્ છે, અભાવરૂપ છે, અનિત્ય છે, ભિન્ન છે, અનેક છે. અન્ય ગ્રંથમાં કહ્યું પણ છે – समुदेति विलयमृच्छति भावो नियमेन पर्ययनयेन, नोदेति नो विनश्यति द्रव्यनयालिङ्गितो नित्यम्। અર્થાત્ પદાર્થ પર્યાયદૃષ્ટિથી ઉત્પન્ન પણ થાય છે તથા નષ્ટ પણ થાય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિથી ન ઉત્પન્ન થાય છે અને ન નષ્ટ થાય છે. સ્વામી સમન્ત ભદ્રાચાર્યે પણ કહ્યું છે. – 'सत्सामान्यात्तु सर्वैक्यं पृथग्द्रव्यादिभेदतः। भेदाभेद विवक्षायामसाधारण हेतुवत्'। અર્થાત્ જેવી રીતે અસાધારણ હેતુ, પક્ષ, ધર્માદિ ભેદોની અપેક્ષાથી અનેક છે અને હેતુ સામાન્યની અપેક્ષાથી તે જ હેતુ એક છે તેવી જ રીતે

પદાર્થ પણ દ્રવ્યભેદની અપેક્ષાથી ભિન્ન છે – અનેક છે. પરંતુ તે જ પદાર્થ સત્ સામાન્યની અપેક્ષાથી અભિન્ન –એક છે. તેથી પદાર્થ કથંચિત્ ભેદાભેદ વિવક્ષાથી એક અનેક, ભિન્ન અભિન્ન – આદિ ધર્મવાળો એક જ સમયમાં ઠરે છે. અપેક્ષાદ્રષ્ટિ વિના તે જ બે ધર્મોમાં વિરોધ દેખાય છે, અપેક્ષાદ્રષ્ટિનું પરિજ્ઞાન કરવાથી તેમાં જ અવિરોધ દેખાવા લાગે છે.

**अयमर्थो जीवादौ प्रकृतपरामर्शपूर्वकं ज्ञानम्।**
**यदि वा सदभिज्ञानं यथा हि सोयं बलादद्वयामर्शि।।६७१।।**

**અર્થ :–** ઉપર જે કાંઈ કહેવામાં આવ્યું છે તેનો એ અર્થ છે કે જીવાદિ પદાર્થોમાં વ્યવહાર અને નિશ્ચયના વિચારપૂર્વક જે જ્ઞાન છે તે જ પ્રમાણજ્ઞાન છે અથવા પદાર્થમાં જે પ્રત્યભિજ્ઞાન છે તે પ્રમાણજ્ઞાન છે. જેમકે – આ તે જ છે, આ પ્રકારનું જ્ઞાન એક વસ્તુની સામાન્ય વિશેષ બંને અવસ્થાઓનું એક સમયમાં ગ્રહણ કરે છે.

દ્રષ્ટાંત

**सोयं जीवविशेषो यः सामान्येन सदिति वस्तुमयः।**
**संस्कारस्य वशादिह सामान्यविशेषजं भवेज्ज्ञानम्।।६७२।।**

**અર્થ :–** તે જ આ જીવવિશેષ છે જે સામાન્યપણે સન્માત્ર–વસ્તુરૂપ હતો. તે સત્ પદાર્થમાં સંસ્કારના વશે સામાન્ય વિશેષાત્મક જ્ઞાન થઈ જાય છે.

**ભાવાર્થ :–** સામાન્યદ્રષ્ટિથી વસ્તુ સત્ માત્ર પ્રતીત થાય છે. વિશેષ દ્રષ્ટિથી તે જ વિશેષ પદાર્થરૂપ પ્રતીત થાય છે. જે સમયે સત્ માત્ર અને જીવ રૂપ વિશેષનો બોધ એકસાથે થાય છે તે જ સામાન્ય વિશેષને વિષય કરનાર પ્રમાણજ્ઞાન છે.

**अस्त्युपयोगि ज्ञानं सामान्यविशेषयोः समं सम्यक्।**
**Xआदर्शस्थानीयात् तस्य प्रतिबिम्बमात्रतोऽन्यस्य।।६७३।।**

X આ શ્લોકનો અર્ધ ભાગ છાપેલી પ્રતમાં નથી પરંતુ લખેલી પ્રતમાંથી લેવામાં આવ્યો છે.

**અર્થ :–** એકસાથે સામાન્ય વિશેષનું ઉપયોગાત્મક જ્ઞાન સારી રીતે થઈ શકે છે. જેમ દર્પણથી તેમાં પડનારું પ્રતિબિંબ જો કે (કથંચિત્) ભિન્ન છે તોપણ તે પ્રતિબિંબનું અને દર્પણનું એકસાથે જ્ઞાન થાય છે.

**ભાવાર્થ :–** જે અનેક પ્રકારનું વિચિત્ર જ્ઞાન થાય છે તે પણ અનેકોનું યુગપત્ જ થાય છે તેથી યુગપત્ સામાન્ય વિશેષનું ઉપયોગી જ્ઞાન થાય છે એ બધાને સંમત છે.

શંકાકાર

**ननु चैवं नययुग्मं व्यस्तं नय एव न प्रमाणं स्यात्।**
**तदिह समस्तं योगात् प्रमाणमिति केवलं न नयः।।६७४।।**

**અર્થ :–** બંનેય નય જો ભિન્ન પ્રયુક્ત કરવામાં આવે તો તો તે નય જ છે, પ્રમાણ નથી અને તે જ બંને નય જ્યારે ભેગા કરીને એકસાથે પ્રયોગમાં લાવવામાં આવે ત્યારે તે કેવળ પ્રમાણ કહેવાય છે, નય કહેવાતી નથી ?

**ભાવાર્થ :–** કાં તો નયની સિદ્ધિ થશે અથવા પ્રમાણની સિદ્ધિ થશે. નય અને પ્રમાણ બંનેની સિદ્ધિ થઈ શકતી નથી ?

પ્રમાણ નયોથી ભિન્ન છે

**तन्न यतो नययोगादतिरिक्तरसान्तरं प्रमाणमिदम्।**
**लक्षणविषयोदाहृतिहेतुफलाख्यादिभेदभिन्नत्वात्।।६७५।।**

**અર્થ :–** ઉપર જે શંકા કરવામાં આવી છે તે બરાબર નથી, કેમકે નયોના યોગથી પ્રમાણ ભિન્ન જ વસ્તુ છે. પ્રમાણનું લક્ષણ, વિષય, ઉદાહરણ, હેતુ, ફળ, નામ, ભેદ આદિ સ્વરૂપ નયોથી જુદું જ છે. તેને જ નીચે સ્પષ્ટ કરે છે.

**तत्रोक्तं लक्षणमिह सर्वस्वग्राहकं प्रमाणमिति।**
**विषयो वस्तुसमस्तं निरंशदेशादिभूरुदाहरणम्।।६७६।।**

**અર્થ :–** પ્રમાણનું લક્ષણ સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ કરવું તે. પ્રમાણનો વિષય છે સમસ્ત વસ્તુ નિરંશ દેશાદિ. પૃથ્વી તેનું ઉદાહરણ છે.

તથા

**हेतुस्तत्त्वबुभुत्सोः संदिग्धस्याथवा च बालस्य।**
**सार्थमनेकं द्रव्यं हस्तामलकवदवेतुकामस्य।।६७७।।**

**અર્થ :–** તત્ત્વને જાણવાની ઇચ્છા રાખનાર જે કોઈ સંદિગ્ધ પુરુષ અથવા મૂર્ખ પુરુષ છે તેની એકસાથે અનેક દ્રવ્યોને હાથમાં રાખેલા આમળા સમાન જાણવાની ઇચ્છાનું હોવું તે જ પ્રમાણનું કારણ છે.

તથા

**फलमस्यानुभवः स्यात्समक्षमिव सर्ववस्तुजातस्य।**
**आख्या प्रमाणमिति किल भेदः प्रत्यक्षमथ परोक्षं च।।६७८।।**

**અર્થ :–** સંપૂર્ણ વસ્તુ માત્રનો પ્રત્યક્ષની જેમ અનુભવ થવો તે જ પ્રમાણનું ફળ છે. પ્રમાણનું નામ પ્રમાણ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ તેના બે ભેદ છે.

**ભાવાર્થ :–** ઉપર્યુક્ત કથનથી પ્રમાણ અને નયમાં અંતર સિદ્ધ થઈ ગયું. પ્રમાણ વસ્તુના સર્વ ધર્મોને વિષય કરે છે. નય વસ્તુના એક દેશને વિષય કરે છે. આ જ વાત સર્વાર્થસિદ્ધિકારે કહી છે કે 'सकलादेशः प्रमाणाधीनम् विकलादेशो नयाधीनम्' આ જ રીતે પ્રમાણનું લક્ષણ જુદું છે. એક ગુણ દ્વારા સમસ્ત વસ્તુના કથનને પ્રમાણ કહે છે, પ્રમાણથી જાણેલા પદાર્થના પરિણામ વિશેષના કથનને નય કહે છે. પ્રમાણનું ફળ સમસ્ત વસ્તુ બોધ છે. નયનું ફળ વસ્તુનો એક દેશ બોધ છે. શબ્દ ભેદ પણ છે. પ્રમાણ અને નય એ બે નામ પણ જુદા જુદા છે. પ્રમાણના પ્રત્યક્ષ પરોક્ષ આદિ ભેદ છે. નયના દ્રવ્ય, પર્યાય આદિ ભેદ છે. તેથી પ્રમાણ અને નય બંનેનુંય સ્વરૂપ જુદું જુદું છે. તેમનામાંથી કોઈ એકનો લોપ કરવો તે સર્વ લોપના પ્રસંગનું કારણ છે. નયના અભાવમાં પ્રમાણ વ્યવસ્થા બની શકતી નથી અને પ્રમાણના અભાવમાં નય વ્યવસ્થા પણ બની શકતી નથી.

પ્રમાણ નયમાં વિષય ભેદથી ભેદ છે

**ज्ञानविशेषो नय इति ज्ञानविशेषः प्रमाणमिति नियमात्।**
**उभयोरन्तर्भेदो विषयविशेषान्न वस्तुतो भेदः।।६७९।।**

**અર્થ :–** નય પણ જ્ઞાનવિશેષ છે અને પ્રમાણ પણ જ્ઞાનવિશેષ છે. બંનેમાં વિષયની વિશેષતાની અપેક્ષાએ જ ભેદ છે. વાસ્તવમાં જ્ઞાનની અપેક્ષાથી બંનેમાં કાંઈ પણ ભેદ નથી.

**ભાવાર્થ :–** નય અને પ્રમાણ બંનેય જ્ઞાનાત્મક છે. પરંતુ બંનેનો વિષય જુદો જુદો છે તેથી તેમનામાં ભેદ છે. હવે વિષયભેદને જ પ્રગટ કરવામાં આવે છે :–

**स यथा विषयविशेषो द्रव्यैकांशो नयस्य योन्यतमः।**
**सोप्यपरस्तदपर इह निखिलं विषयः प्रमाणजातस्य।।६८०।।**

**અર્થ :–** પ્રમાણ અને નયમાં વિષયભેદ આ રીતે છે – દ્રવ્યના અનંત ગુણોમાંથી કોઈ એક વિવક્ષિત અંશ નયનો વિષય છે. તે અંશ તથા બીજા પણ બધા અંશો અર્થાત્ અનંત ગુણાત્મક આખી યે વસ્તુ પ્રમાણનો વિષય છે.

આશંકા અને પરિહાર

**यदनेकनयसमूहे संग्रहकरणादनेकधर्मत्वम्।**
**तत्सदपि न सदिव यतस्तदनेकत्वं विरुद्धधर्ममयम्।।६८१।।**

**यदनेकांशग्राहकमिव प्रमाणं न प्रत्यनीकतया।**
**प्रत्युत मैत्रीभावादिति नयभेदाददः प्रभिन्नं स्यात्।।६८२।।**

**અર્થ :–** કોઈ એવી આશંકા કરે છે કે જો વસ્તુના એક અંશને વિષય કરનાર નય છે તો અનેક નયોનો સમૂહ થતાં તેનાથી જ અનેક ધર્મપણું પ્રમાણમાં આવી જશે

અર્થાત્ પ્રમાણને સ્વતંત્ર કોઈ જ્ઞાનવિશેષ માનવામાં ન આવે પરંતુ અનેક નયોના સમૂહને જ પ્રમાણ કહેવામાં આવે તો શી હાનિ છે ? આચાર્ય ઉત્તર આપે છે કે આ આશંકા કોઈ રીતે બરાબર લાગવા છતાં પણ બરાબર નથી, કેમકે અનેક નયોના સંગ્રહથી જે અનેક ધર્મોનો સંગ્રહ થશે તે વિરુદ્ધ હશે. કારણકે બધા નય એકબીજાથી પ્રતિપક્ષ ધર્મોનું વિવેચન કરે છે. પ્રમાણ જે અનેક અંશોનું ગ્રહણ કરે છે તે આ વિરુદ્ધ રીતે ગ્રહણ કરતું નથી. પરંતુ પરસ્પર મૈત્રીભાવપૂર્વક જ તે ધર્મોનું ગ્રહણ કરે છે. તેથી નય ભેદથી પ્રમાણ ભિન્ન જ છે.

**ભાવાર્થ :–** પ્રત્યેક નય એક એક ધર્મનું વિરુદ્ધ રીતે ગ્રહણ કરે છે. પરંતુ પ્રમાણ વસ્તુના સર્વ અંશોનું અવિરુદ્ધપણે ગ્રહણ કરે છે. એનું કારણ એ છે કે બધા અંશોનો વિષય કરનાર એક જ જ્ઞાન છે, ભિન્ન ભિન્ન જ્ઞાન જ પ્રત્યેક અંશનું વિવક્ષા પ્રમાણે ગ્રહણ કરી શકે છે. જેમકે એક જ્ઞાન રૂપને જ જાણે છે, બીજું રસને જાણે છે, ત્રીજું ગંધને જાણે છે, ચોથું સ્પર્શને જાણે છે. આ ચારેય જ્ઞાન પરસ્પર વિરુદ્ધ છે કેમકે વિરુદ્ધ વિષયોને જાણે છે, પરંતુ રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ ચારેના સમુદાયાત્મક જે એક જ્ઞાન હશે તે અવિરુદ્ધ જ હશે. આ જ દૃષ્ટાંત પ્રમાણનયમાં સારી રીતે ઘટાવી લેવું જોઈએ. તથા પદાર્થનો નિત્ય અંશ તેના અનિત્ય અંશનો વિરોધી છે, તેવી જ રીતે અનિત્ય અંશ તેના નિત્ય અંશનો વિરોધી છે, પરંતુ બંને મળીને જ પદાર્થના સ્વરૂપના સાધક છે. એનું કારણ એ જ છે કે પ્રત્યેક પક્ષનું સ્વતંત્ર જ્ઞાન બીજા પક્ષનું વિરોધી છે પરંતુ ઉભય પક્ષનું સમુદાયાત્મક જ્ઞાન પરસ્પર વિરુદ્ધ હોવા છતાં પણ અવિરુદ્ધ છે.

શંકાકાર

**ननु युगपदुच्यमानं नययुग्मं तद्यथास्ति नास्तीति।**
**एको भङ्गः कथमयमेकांशग्राहको नयो नान्यत्।।६८३।।**

**अपि चास्ति न चास्तीति सममेकोक्त्या प्रमाणनाशः स्यात्।**
**अथ च क्रमेण यदि वा स्वस्य रिपुः स्वयमहो स्वनाशाय।।६८४।।**

**अथवाऽवक्तव्यमयो वक्तुमशक्यात्समं स चेद्भङ्गः।**
**पूर्वापरबाधायाः कुतः प्रमाणात्प्रमाणमिह सिद्ध्येत्।।६८५।।**

**इदमपि वक्तुमयुक्तं वक्ता नय एव न प्रमाणमिह।**
**मूलविनाशाय यतोऽवक्तरि किल चेदवाच्यतादोषः।।६८६।।**

**અર્થ :–** 'स्यात् अस्ति नास्ति' આ એકસાથે કહેલું નયયુગ્મ એક ભંગ કહેવાય છે. આ ભંગ એક અંશનું ગ્રહણ કરનાર નય કેવી રીતે કહી શકાય છે, એમાં 'अस्ति नास्ति' એવા બે અંશ આવી ગયા છે તેથી એને પ્રમાણ કહેવામાં કેમ નથી આવતું ? બીજી વાત એ પણ છે કે 'अस्ति नास्ति' એ એકસાથે કહેવાય છે તો પછી પ્રમાણનો નાશ જ થઈ જશે. કારણકે અસ્તિ નાસ્તિને એકસાથે કહેનાર એક ભંગ જ છે તેનાથી જ કામ ચાલશે. પછી પ્રમાણનો લોપ જ સમજવો જોઈએ અથવા જો એમ કહેવામાં આવે કે અસ્તિ નાસ્તિ ક્રમપૂર્વક હોય છે તો એમ કહેવું એ પોતાના નાશ માટે સ્વયં પોતાનો શત્રુ છે. કારણકે ક્રમથી થનારો ભંગ જુદો જ છે અથવા જો એમ કહેવામાં આવે કે અસ્તિ નાસ્તિ એકસાથે કહી શકાતા નથી, તેથી તે અવક્તવ્યમય ભંગ છે તો એમ માનવામાં પૂર્વાપર બાધા આવે છે. ક્યા પ્રમાણથી સિદ્ધિ થઈ શકે છે ? અર્થાત્ જો એકસાથે કથન કરવું અવક્તવ્ય છે તો પ્રમાણની સિદ્ધિ કરનાર કોઈ પ્રમાણ નહિ રહે કેમકે પ્રમાણ તો અવક્તવ્ય થઈ જશે. જો એમ કહેવામાં આવે કે બોલનાર નય જ હોય છે પ્રમાણ નહિ, તો એવું કથન પણ મૂળનો ઘાત કરનારું છે કેમકે પ્રમાણને અવક્તા (ન બોલનાર) માની લેવાથી અવાચ્યપણાનો દોષ આવે છે ?

ઉત્તર

**नैवं यतः प्रमाणं भंगध्वंसादभंगबोधवपुः।**
**भंगात्मको नय इति यावानिह तदंशधर्मत्वात्।।६८७।।**

**અર્થ :–** ઉપર કરવામાં આવેલી શંકા યોગ્ય નથી. કેમકે પ્રમાણ ભંગજ્ઞાનમય નથી પરંતુ અભંગજ્ઞાનમય છે. ભંગજ્ઞાનમય નય હોય છે. કારણ જેટલા કોઈ નયવિભાગ છે તે બધા વસ્તુના અંશધર્મને વિષય કરે છે તેથી :–

**+स यथास्ति च नास्तीति च क्रमेण युगपच्च वानयोर्भंगः।**
**अपि वाऽवक्तव्यमिदं नयो विकल्पानातिक्रमादेव।।६८८।।**

**અર્થ :–** 'स्यात् अस्ति, स्यान्नास्ति' એમનો ક્રમે થનાર અથવા યુગપત્ થનાર ભંગ, ભંગ જ છે, અથવા અવક્તવ્યરૂપ પણ ભંગ જ છે. આ બધા ભંગોમાં વિકલ્પનું ઉલ્લંઘન નથી તેથી આ બધા ભંગ નયરૂપ છે.

**ભાવાર્થ :–** 'स्यादस्ति, स्यान्नास्ति' આ બંને ક્રમપૂર્વક ભિન્ન ભિન્ન કહેવામાં આવે તો પહેલો અને બીજો ભંગ થાય છે. જો આ બંનેનો ક્રમપૂર્વક એકસાથે પ્રયોગ કરવામાં આવે તો બીજો ભંગ 'स्यादस्ति नास्ति' થાય છે. જો આ બંનેનો અક્રમે એકસાથે પ્રયોગ કરવામાં આવે તો 'अवक्तव्य' નો ચોથો ભંગ થાય છે. તેથી આ બધા નયના જ ભેદ છે અને તે બધા અંશાત્મક છે. પ્રમાણરૂપ–અનેક ધર્માત્મક કહી શકાતા નથી. આજ વાત ફરીથી સ્પષ્ટ કરવામાં આવે છે –

**तत्रास्ति च नास्ति समं भंगस्यास्यैकधर्मता नियमात्।**
**न पुनः प्रमाणमिव किल विरुद्धधर्मद्वयाधिरूढत्वम्।।६८९।।**

**અર્થ :–** તે ભંગોમાં 'स्यादस्ति नास्ति' આ એકસાથે બોલાયેલો ભંગ નિયમથી એક ધર્મવાળો છે. તેને પ્રમાણની સમાન કહી શકાતો નથી કેમકે પ્રમાણ એક જ સમયે બે વિરુદ્ધ ધર્મોનું મૈત્રીભાવથી પ્રતિપાદન કરે છે. તેવી રીતે આ ભંગ વિરુદ્ધ બે ધર્મોનું પ્રતિપાદન કરતો નથી પરંતુ પહેલા બીજા ભંગની મળેલી ત્રીજી જ અવસ્થાનું પ્રતિપાદન કરે છે તેથી તે જ્ઞાન પણ અંશરૂપ જ છે.

**अयमर्थश्चार्थवशादथ च विवक्षावशात्तदंशत्वम्।**
**युगपदिदं कथ्यमानं क्रमाज्ज्ञेयं तथापि तत्स यथा।।६९०।।**

---

+ મૂળ પુસ્તકમાં 'समयोस्ति' એવો પાઠ છે, તેનો અર્થ આત્મા છે એવો થાય છે પરંતુ તે અર્થ અહીં પૂર્વાપર સંબંધ ન હોવાથી બરાબર લાગતો નથી. તેથી સંશોધિત પુસ્તકનો ઉપર્યુક્ત 'स यथास्ति' પાઠ લખવામાં આવ્યો છે.

**અર્થ :–** ઉપર કહેલા કથનનો આ આશય છે કે પ્રયોજનવશ અથવા વિવક્ષાવશ યુગપત્ ક્રમથી કહેલો જે ભંગ છે તે અંશરૂપ છે તેથી તે નય જ છે.

**अस्ति स्वरूपसिद्धेर्नास्ति च पररूपसिद्धयभावाच्च।**
**अपरस्योभयरूपादितस्ततः कथितमस्ति नास्तीति।।६९१।।**

**અર્થ :–** વસ્તુમાં નિજરૂપની અપેક્ષાએ અસ્તિત્વ છે, આ પ્રથમ ભંગ છે. તેમાં પરરૂપની અપેક્ષાથી નાસ્તિત્વ છે. આ બીજો ભંગ છે. તથા સ્વરૂપની અપેક્ષાથી અસ્તિત્વ, પરરૂપની અપેક્ષાથી નાસ્તિત્વ એવો ત્રીજો ભંગ ઉભયરૂપની અપેક્ષાથી અસ્તિ–નાસ્તિત્વરૂપકહેવામાં આવ્યો છે. અર્થાત્ (૧) 'स्यादस्ति' (૨) 'स्यान्नास्ति' (૩) 'स्यादस्ति नास्ति।' આ ત્રણ ભંગ સ્વરૂપ, પરરૂપ, સ્વરૂપ પરરૂપની અપેક્ષાથી ક્રમપૂર્વક જાણવા જોઈએ. પ્રમાણનું સ્વરૂપ આ ભંગોથી જુદું જ છે :–

**उक्तं प्रमाणदर्शनमस्ति स योयं हि नास्तिमानर्थः।**
**भवतीदमुदाहरणं न कथञ्चिद्वै प्रमाणतोऽन्यत्र।।६९२।।**

**અર્થ :–** પ્રમાણનું જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે નયોથી જુદું જ છે. તે આ રીતે છે – જે પદાર્થ અસ્તિરૂપ છે તે જ પદાર્થ નાસ્તિરૂપ છે. ત્રીજા ભંગમાં સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ ક્રમપૂર્વક કહેવામાં આવે છે. પ્રમાણમાં બંને ધર્મોનું પ્રતિપાદન સમકાળે (એક જ કાળમાં) પ્રત્યભિજ્ઞાનરૂપે કહેવામાં આવે છે. જે અસ્તિરૂપ છે તે જ નાસ્તિરૂપ છે. આ ઉદાહરણ પ્રમાણ સિવાય બીજા કોઈ પણ પ્રકારે મળી શકતું નથી અર્થાત્ નયો દ્વારા આવું વિવેચન કરી શકાતું નથી. નયોથી યુગપત્ આવું વિવેચન કેમ થઈ શકતું નથી ? તે જ સ્પષ્ટ કરે છે –

**तदभिज्ञानं हि यथा वक्तुमशक्यात् समं नयस्य यतः।**
**अपि तुर्यो नयभंगस्तत्त्वावक्तव्यतां श्रितस्तस्मात्।।६९३।।**

**અર્થ :–** તેનું કારણ એ છે કે નય એકસાથે બે ધર્મોનું પ્રતિપાદન કરવામાં અસમર્થ

છે. તેથી એકસાથે બે ધર્મો કહેવાની વિવક્ષામાં 'अवक्तव्य' નામનો ચોથો ભંગ થાય છે. આ ભંગ પણ એક અંશાત્મક છે. જે કહી ન શકાય તેને અવક્તવ્ય કહે છે. એક સમયમાં એક જ ધર્મનું વિવેચન થઈ શકે છે, બેનું નહિ.

પરંતુ

**न पुनर्वक्तुमशक्यं युगपद्धर्मद्वयं प्रमाणस्य।**
**क्रमवर्ती केवलमिह नयः प्रमाणं न तद्वदिह यस्मात्।।६९४।।**

**અર્થ :–** પરંતુ પ્રમાણના વિષયભૂત બે ધર્મ એકસાથે કહી શકાતા નથી એમ નથી પરંતુ એકસાથે બંને ધર્મ કહેવાય છે. ક્રમવર્તી કેવળ નય છે, નયની જેમ પ્રમાણ ક્રમવર્તી નથી, અર્થાત્ પ્રમાણ ચોથા ભંગવાળા નયની જેમ અવક્તવ્ય પણ નથી અને ત્રીજા ભંગવાળા નયની જેમ તે ક્રમપૂર્વક પણ બે ધર્મોનું પ્રતિપાદન કરતું નથી, પરંતુ બંને ધર્મોનું સમકાળે જ પ્રતિપાદન કરે છે. તેથી નય યુગ્મથી પ્રમાણ ભિન્ન જ છે.

**यत्किल पुनः प्रमाणं वक्तुमलं वस्तुजातमिह यावत्।**
**सदसदनेकैकमथो नित्यानित्यादिकं च युगपदिति।।६९५।।**

**અર્થ :–** તે પ્રમાણ નિશ્ચયથી વસ્તુમાત્રનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે અથવા સત્ અસત્, એક અનેક, નિત્ય અનિત્ય ઇત્યાદિ અનેક ધર્મોનું યુગપત્ પ્રતિપાદન કરવામાં પ્રમાણ જ સમર્થ છે.

પ્રમાણના ભેદ

**अथ तद्द्विधा प्रमाणं ज्ञानं प्रत्यक्षमथ परोक्षञ्च।**
**असहायं प्रत्यक्षं भवति परोक्षं सहायसापेक्षम्।६९६।।**

**અર્થ :–** પ્રમાણરૂપ જ્ઞાનના બે ભેદ છે : (૧) પ્રત્યક્ષ, (૨) પરોક્ષ, જે જ્ઞાન કોઈની

મદદની અપેક્ષા રાખતું નથી તે પ્રત્યક્ષ છે અને જે જ્ઞાન બીજાની સહાયની અપેક્ષા રાખે છે તે પરોક્ષ છે.

**ભાવાર્થ :–** જે જ્ઞાન ઇન્દ્રિય, મન, પ્રકાશ આદિની મદદ વિના માત્ર આત્માથી થાય છે તે પ્રત્યક્ષ છે અને જે જ્ઞાન ઇન્દ્રિયોની મદદથી થાય છે તે પરોક્ષ છે.

પ્રત્યક્ષના ભેદ

**प्रत्यक्षं द्विविधं तत्सकलप्रत्यक्षमक्षयं ज्ञानम्।**
**क्षायोपशमिकमपरं देशप्रत्यक्षमक्षयं क्षयि च।।६९७।।**

**અર્થ :–** પ્રત્યક્ષ બે પ્રકારનું છે : (૧) સકળ પ્રત્યક્ષ, (૨) વિકળ પ્રત્યક્ષ. જે અક્ષય અવિનાશી જ્ઞાન છે તે સકળ પ્રત્યક્ષ છે. બીજું વિકળ પ્રત્યક્ષ અર્થાત્ દેશ પ્રત્યક્ષ કર્મોના ક્ષયોપશમથી થાય છે, દેશ પ્રત્યક્ષ કર્મોના ક્ષયથી થતું નથી તથા એ વિનાશી પણ છે તથા અવિનાશી પણ છે. વિપુલમતિ મનઃપર્યય કેવળજ્ઞાન પહેલાં છૂટતું નથી.

સકળ પ્રત્યક્ષનું સ્વરૂપ

**अयमर्थो यज्ज्ञानं समस्तकर्मक्षयोद्भवं साक्षात्।**
**प्रत्यक्षं क्षायिकमिदमक्षातीतं सुखं तदक्षयिकम्।।६९८।।**

**અર્થ :–** સ્પષ્ટ અર્થ એ છે કે જે જ્ઞાન સમસ્ત કર્મોના ક્ષયથી પ્રગટ થાય છે તથા જે સાક્ષાત્–આત્મામાત્ર સાપેક્ષ હોય છે તે સકળ પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. તે પ્રત્યક્ષ જ્ઞાન ક્ષાયિક છે, તે ઇન્દ્રિયોથી રહિત છે, આત્મિક સુખ સ્વરૂપ છે તથા અવિનશ્વર છે.

**ભાવાર્થ :–** આવરણ અને ઇન્દ્રિયો સહિત જે જ્ઞાન હોય છે તે પૂર્ણ હોતું નથી કારણ જેટલા અંશે તે જ્ઞાનની સાથે આવરણ લાગેલ છે તેટલા અંશે તે જ્ઞાન છુપાયેલું જ રહેશે. જેમકે આપણું જ્ઞાન આવરણ વિશિષ્ટ છે તેથી તે અલ્પ છે. એ જ રીતે ઇન્દ્રિયો સહિત જ્ઞાન પણ પૂર્ણ થઈ શકતું નથી. કેમકે ઇન્દ્રિય અને મનથી જે જ્ઞાન થાય છે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાસહિત હોય છે, સાથો સાથ તે ક્રમથી

થાય છે, તેથી જે ઇન્દ્રિયોથી રહિત તથા આવરણથી રહિત જ્ઞાન છે તે જ પૂર્ણ જ્ઞાન છે. તે જ્ઞાન પછી કદી નષ્ટ પણ થઈ શકતું નથી અને તે જ પરિપૂર્ણ જ્ઞાન–કેવળજ્ઞાનની સાથે અનંત, અક્ષાતીત, આત્મિક સુખ ગુણ પણ પ્રગટ થઈ જાય છે.

## દેશ પ્રત્યક્ષનું સ્વરૂપ

**देशप्रत्यक्षमिहाप्यवधिमनःपर्ययं च यज्ज्ञानम्।**
**देशं नोइन्द्रियमन उत्थात् प्रत्यक्षमितरनिरपेक्षात्।।६९९।।**

**અર્થ :–** અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન આ બે જ્ઞાન દેશ પ્રત્યક્ષ કહેવાય છે. દેશ પ્રત્યક્ષ એમને કેમ કહે છે ? દેશ તો એટલા માટે કહે છે કે એ મનથી ઉત્પન્ન થાય છે. પ્રત્યક્ષ એટલા માટે કહેવાય છે કે એ બીજી ઇન્દ્રિયોની સહાયથી નિરપેક્ષ છે.

**ભાવાર્થ :–** અવધિ અને મનઃપર્યય આ બે જ્ઞાન સ્પર્શનાદિ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતા નથી, કેવળ મનથી X ઉત્પન્ન થાય છે તેથી તે એ દેશ પ્રત્યક્ષ કહેવાય છે. વ્યક્તિનું બાહ્ય રૂપ અને વચન જોઈને ઋજુમતિ તેના મનની વાત પ્રત્યક્ષ કરે છે.

## પરોક્ષનું સ્વરૂપ

**आभिनिबोधिकबोधो विषयविषयिसन्निकर्षजस्तस्मात्।**
**भवति परोक्षं नियमादपि च मतिपुरस्सरं श्रुतं ज्ञानम्।।७००।।**

**અર્થ :–** આભિનિબોધિક જ્ઞાન અર્થાત્ મતિજ્ઞાન પદાર્થ અને ઇન્દ્રિયોના સન્નિકર્ષથી

---

X ગોમ્મટ સારના 'इन्दिय णोइन्दिय जोगादिं पक्खित्तु उजुमदो होदितणिखेक्खिय विउलमदी ओहिं वा होदि णियमेण' આ ગાથા અનુસાર ઋજુમતિ મનઃપર્યય ઇન્દ્રિય, નો ઇન્દ્રિયની સહાયતાથી થાય છે પરંતુ વિપુલમતિ મનઃપર્યય અને અવધિજ્ઞાન બંનેય ઇન્દ્રિય મનની સહાયતાથી થતા નથી. ઋજુમતિ ઇહા મતિજ્ઞાનપૂર્વક (પરંપરાએ) થાય છે. તેથી તેમાં ઇન્દ્રિય અને મનની સાપેક્ષતા માનવામાં આવી છે, પંચાધ્યાયીકારે અવધિ અને મનઃપર્યય બંનેયમાં મનની સાપેક્ષતા બતાવી છે. આ બધી સાપેક્ષતા બાહ્ય અપેક્ષાથી છે. સાક્ષાત્ તો આત્મમાત્ર સાપેક્ષ જ બંને છે. તો પણ વિચારવા યોગ્ય છે.

થાય છે. તેથી તે નિયમથી પરોક્ષ છે અને મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે તે પણ પરોક્ષ છે.

**ભાવાર્થ :–** સ્થૂળ વર્તમાન યોગ્ય ક્ષેત્રમાં રહેલા પદાર્થને અભિમુખ કહે છે અને જે વિષય જે ઇન્દ્રયનો નિયત છે તેને નિયમિત કહે છે. ઇન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થાય છે તે સ્થૂળ પદાર્થનું થાય છે, સૂક્ષ્મ પરમાણુ આદિનું થતું નથી. સાથે જ યોગ્ય દેશમાં (જેટલું નિકટપણું અથવા દૂરપણું આવશ્યક છે) સામે રહેલ પદાર્થનું જ્ઞાન થાય છે અને રૂપ એ ચક્ષુનો નિયત વિષય છે એવી જ રીતે પાંચેય ઇન્દ્રિયોના વિષય નિયત છે. એમના સિવાય જે મન દ્વારા બોધ થાય છે, તે બધું મતિજ્ઞાન કહેવાય છે. અભિમુખ નિયમિત જ્ઞાનને જ આભિનિબોધિક બોધ કહેવામાં આવેલ છે. આ નામ ઇન્દ્રિયોની મુખ્યતાથી કહેવામાં આવ્યું છે. મતિજ્ઞાન પરોક્ષ છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે તથા મનની અપેક્ષા મુખ્યપણે રાખે છે તેથી તે પણ પરોક્ષ છે, એટલો વિશેષ છે કે જે મતિજ્ઞાનને વિષય અને વિષયીના સન્નિકર્ષ સંબંધથી ઉત્પન્ન થયેલું બતાવવામાં આવ્યું છે. તેનો આશય એ છે કે સ્પર્શન, રસના, ઘ્રાણ અને શ્રોત્ર આ ચાર ઇન્દ્રિયો તો પદાર્થનો સંબંધ કરીને જાણે છે પરંતુ ચક્ષુ અને મન આ બે ઇન્દ્રિયો પદાર્થને દૂરથી જ જાણે છે. ન તો એમની પાસે પદાર્થ આવે છે અને ન એ પદાર્થની પાસે પહોંચે છે. મનથી હજારો કોશમાં ફેલાયેલા પદાર્થોનું જ્ઞાન થાય છે તેથી તે તો પદાર્થનો સંબંધ કર્યા વિના જ જાણે છે એ નક્કી છે. આંખ પણ જો પદાર્થના સંબંધથી જાણતી હોત તો આંખમાં આંજેલ આંજણનું જ્ઞાન સ્પષ્ટ થાત, પરંતુ આંખથી અતિ નિકટનો પદાર્થ જોઈ શકાતો નથી. પુસ્તકને જો આંખની અત્યંત નજદીક રાખવામાં આવે તો આંખ તેને દેખતી નથી. બીજી વાત એ પણ છે કે આંખ ઉઘાડતાં જ સામેના વૃક્ષ, ચંદ્ર આદિ સર્વને તે એકસાથે જ જોઈ લે છે, જો તે પદાર્થોનો સંબંધ કરીને જ તેમને જાણતી હોત તો જેમ સ્પર્શન ઇન્દ્રિય જેમ જેમ સ્પર્શ કરે છે તેમ તેમ જ ક્રમપૂર્વક જાણે છે તેવી જ રીતે આંખ પણ પહેલાં પાસેના પદાર્થોને જાણત અને પછી ક્રમવર્તી પદાર્થોને ક્રમથી જાણત. એકસાથે સર્વનું જ્ઞાન સંબંધ માનવાથી કદાપિ બની શકતું નથી. ત્રીજી વાત એ છે કે જો પદાર્થોના સંબંધથી જ આંખ પદાર્થોને જાણતી હોત તો એક ખૂબ જાડા કાચની અંદર રાખેલા પદાર્થોને આંખ ન જોઈ શકત, પરંતુ ગમે તેટલો જાડો કાચ હોય તો પણ તેની અંદરના પદાર્થોને આંખ જાણી લે છે. જો એના વિપક્ષમાં એમ કહેવામાં આવે કે શબ્દ જેવી રીતે ભીંતનો પ્રતિબંધ હોવા છતાં પણ (ભીંતની) બીજી

બાજુએ રહેલ મનુષ્યના કાનમાં ચાલ્યો જાય છે તેવી જ રીતે આંખ પણ કાચની અંદર પોતાના કિરણો ફેંકે છે. પરંતુ સૂક્ષ્મ વિચાર કરતાં આ વિપક્ષનું કથન ખંડિત થઈ જાય છે. શબ્દ ખુલ્લી જગ્યા મેળવ્યા વિના બહાર જતો જ નથી. મકાનની અંદર રહીને આપણે ભીંતનો પ્રતિબંધ સમજીએ છીએ પરંતુ તેમાં શબ્દને બહાર નીકળવાના ઘણા માર્ગ ખુલ્લા રહે છે. જેમ–કમાડોની તિરાડો, બારી બારણા વચ્ચેની સળ, ઝરૂખા વગેરે. જો સર્વથા બંધપ્રદેશ હોય તો શબ્દ પણ બહાર જતો નથી. પાણીમાં ડૂબી જતાં જો બહારથી કોઈ માણસ ગમે એટલા જોરથી ચીસો પાડે પરંતુ પાણીમાં ડૂબેલો મનુષ્ય તેનો અવાજ સાંભળતો નથી એ અનુભવેલી વાત છે. જો શબ્દ પ્રતિબંધ હોવા છતાં પણ બહાર ચાલ્યો જાય તો ભીંતની અંદર ધીમે ધીમે વાત કરવાથી દીવાલની બીજી બાજુએ કેમ સંભળાતી નથી ? એનું કારણ એ જ છે કે તે શબ્દ વર્ગણા ત્યાં જ દીવાલ સાથે અથડાઈને અટકી જાય છે. તેથી આંખ પદાર્થ સાથે સંબંધ કરતી નથી પરંતુ દૂરથી જ તેને જાણે છે. મન પણ એવું જ છે. આ બંનેની સાથે સંબંધનો અર્થ યોગ્ય દેશ પ્રાપ્ત કરવો જોઈએ. X

## ચારેય જ્ઞાન પરોક્ષ છે

**छद्मस्थावस्थायामावरणेन्द्रियसहायसापेक्षम्।**
**यावज्ज्ञानचतुष्टयमर्थात् सर्वं परोक्षमिववाच्यम्।७०१।।**

**અર્થ :–** છદ્મસ્થ–અલ્પજ્ઞ અવસ્થામાં જેટલા કોઈ જ્ઞાન છે – મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચારેય આવરણ અને ઇન્દ્રિયોની મદદની અપેક્ષા રાખે છે. તેથી આ ચારેય જ્ઞાનોને પરોક્ષ સમાન જ કહેવા જોઈએ. અર્થાત્ મતિ, શ્રુતને તો પરોક્ષ કહેવામાં આવ્યા જ છે પરંતુ અવધિ, મનઃપર્યય પણ ઇન્દ્રિય આવરણની અપેક્ષા રાખે છે તેથી તે પણ પરોક્ષ તુલ્ય જ છે.

X નૈયાયિક અને વૈશેષિક દર્શનવાળા આંખને પ્રાપ્યકારી અર્થાત્ પદાર્થોની પાસે જનાર બતાવે છે. પરંતુ તેમની એવી માન્યતા ઉપર્યુક્ત યુક્તિઓથી સર્વથા બાધિત છે. આંખને પ્રાપ્યકારી માનવામાં બીજા પણ અનેક દોષ આવે છે. જેમનું વર્ણન પ્રમેયકમલમાર્તંડમાં કરવામાં આવ્યું છે.

**अवधिमनःपर्ययविद्द्वैतं प्रत्यक्षमेकदेशत्वात्।**
**केवलमिदमुपचारादथ च विवक्षावशान्न चान्वर्थात्।।७०२।।**

**અર્થ :–** અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન આ બે જ્ઞાન એકદેશ પ્રત્યક્ષ કહેવામાં આવ્યા છે, પરંતુ એમાં આ પ્રત્યક્ષપણું વિવક્ષાવશ કેવળ ઉપચારથી જ ઘટે છે. વાસ્તવમાં એ પ્રત્યક્ષ નથી.

**तत्रोपचारहेतुर्यथा मतिज्ञानमक्षजं नियमात्।**
**अथ तत्पूर्वं श्रुतमपि न तथावधिचित्तपर्ययं ज्ञानम्।।७०३।।**

**અર્થ :–** ઉપચારનું કારણ પણ એ છે કે જેમ મતિજ્ઞાન નિયમથી ઇન્દ્રિયજન્ય જ્ઞાન છે અને તે મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિયજન્ય છે તેમ અવધિ અને મનઃપર્યય જ્ઞાન ઇન્દ્રિયજન્ય નથી તેથી અવધિ અને મનઃપર્યય ઉપચારથી પ્રત્યક્ષ કહેવાય છે.

**यत्स्यादवग्रहेहावायानतिधारणापरायत्तम्।**
**आद्यं ज्ञानं द्वयमिह यथा तथा नैव चान्तिमं द्वैतम्।।७०४।।**

**અર્થ :–** અવગ્રહ, ઇહા, અવાય અને ધારણાને આધીન જેમ શરૂઆતના બે જ્ઞાન હોય છે તેમ પાછળના બે હોતા નથી.

**दूरस्थानर्थानिह समक्षमिव वेत्ति हेलया यस्मात्।**
**केवलमेव मनःसावधिमनः पर्ययद्वयं ज्ञानम्।।७०५।।**

**અર્થ :–** અવધિજ્ઞાન અને મનઃપર્યય જ્ઞાન કેવળ મનની સહાયથી દૂરવર્તી પદાર્થોને કૌતુકની જેમ પ્રત્યક્ષ જાણી લે છે.

મતિ શ્રુત પણ પ્રત્યક્ષ સમાન પ્રત્યક્ષ છે

**अपि किंवाभिनिबोधिकबोधद्वैतं तदादिमं यावत्।**
**स्वात्मानुभूतिसमये प्रत्यक्षं तत्समक्षमिव नान्यत्।।७०६।।**

**અર્થ :–** વિશેષ વાત એ છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ શરૂઆતના બે જ્ઞાન પણ સ્વાત્માનુભૂતિના સમયે પ્રત્યક્ષજ્ઞાનની જેમ પ્રત્યક્ષ થઈ જાય છે, બીજા સમયે નહિ.

**ભાવાર્થ :–** કેવળ સ્વાત્માનુભવના સમયે જે જ્ઞાન થાય છે તે જો કે મતિજ્ઞાન છે તો પણ તે તેવું જ પ્રત્યક્ષ છે કે જેવું આત્મમાત્ર સાપેક્ષજ્ઞાન પ્રત્યક્ષ હોય છે. પરંતુ –

**तदिह द्वैतमिदं चित्स्पर्शादीन्द्रियविषयपरिग्रहणे।**
**व्योमाद्यवगमकाले भवति परोक्षं न समक्षमिह नियमात्।।७०७।।**

**અર્થ :–** તે જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન જ્યારે સ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોનું (માનસિક) જ્ઞાન કરવા લાગે છે ત્યારે તે નિયમથી પરોક્ષ છે, પ્રત્યક્ષ નથી કેમકે આકાશ, ધર્મ, અધર્મ, કાળ આ અમૂર્તિક દ્રવ્યોને તે જાણી શકતા નથી.

શંકાકાર

**ननु चाद्ये हि परोक्षे कथमिव सूत्रे कृतः समुद्देशः।**
**अपि तल्लक्षणयोगात् परोक्षमिव सम्भवत्येतत्।।७०८।।**

**અર્થ :–** 'आद्ये परोक्षम्' આ સૂત્રમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનને પરોક્ષ બતાવવામાં આવ્યા છે તથા પરોક્ષનું લક્ષણ પણ બંનેમાં સુઘટિત થાય છે તેથી આ બંને જ્ઞાન પરોક્ષ છે. તો પછી તેમને સ્વાનુભૂતિના સમયે પ્રત્યક્ષ શા માટે કહેવામાં આવે છે ?

**ભાવાર્થ :–** આગમ પ્રમાણથી પણ બંને જ્ઞાન પરોક્ષ છે તથા ઇન્દ્રિય અને મનની સહાયતાથી ઉત્પન્ન થવાના કારણે પણ મતિ, શ્રુત પરોક્ષ છે તો પછી ગ્રંથકાર સ્વાનુભૂતિના કાળમાં નિરપેક્ષ જ્ઞાન સમાન તેમને પ્રત્યક્ષ કેવી રીતે કહે છે ?

ઉત્તર

**सत्यं वस्तुविचारः स्यादतिशयवर्जितोऽविसंवादात्।**
**साधारणरूपतया भवति परोक्षं तथा प्रतिज्ञायाः।।७०९।।**

**इह सम्यग्दृष्टेः किल मिथ्यात्वोदयविनाशजा शक्तिः।**
**चाकिदनिर्वचनीया स्वात्मप्रत्यक्षमेतदस्ति यया।।७१०।।**

**અર્થ :–** બરાબર છે, પરંતુ વસ્તુનો વિચાર અતિશય રહિત હોય છે, તેમાં કોઈ વિસંવાદ રહેતો નથી. જો કે એ વાત બરાબર છે અને એવી જ સૂત્રકારની પ્રતિજ્ઞા છે કે સાધારણરૂપે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પરોક્ષ છે, પરંતુ સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ કર્મોદયનો નાશ થવાથી કોઈ એવી અનિર્વચનીય શક્તિ પ્રગટ થઈ જાય છે કે જેના દ્વારા નિયમથી સ્વાત્મા પ્રત્યક્ષ થવા લાગે છે.

**ભાવાર્થ :–** જો કે સામાન્ય રીતે મતિ શ્રુત પરોક્ષ છે. તોપણ દર્શન મોહનીયનો નાશ, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી સમ્યગ્દષ્ટિને સ્વાત્માનુભવરૂપ મતિજ્ઞાન વિશેષ ઉત્પન્ન થઈ જાય છે, તે જ પ્રત્યક્ષ છે, પરંતુ સ્વાત્માનુભવ સિવાય બીજા પદાર્થોના ગ્રહણકાળે ઉક્ત જ્ઞાન પરોક્ષ જ છે. એનું કારણ :–

**तदभिज्ञानं हि यथा शुद्धस्वात्मानुभूतिसमयेस्मिन्।**
**स्पर्शनरसनघ्राणं चक्षुः श्रोत्रं च नोपयोगि मतम्।।७११।।**

**અર્થ :–** એનું કારણ એ છે કે આ શુદ્ધ સ્વાત્માનુભવના સમયે સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચે ઇન્દ્રિયો ઉપયોગાત્મક માનવામાં આવી નથી અર્થાત્ શુદ્ધાત્માનુભવના સમયમાં ઇન્દ્રિયજન્ય જ્ઞાન હોતું નથી. પરંતુ —

**केवलमुपयोगि मनस्तत्र च भवतीह तन्मनो द्वेधा।**
**द्रव्यमनो भावमनो नोइन्द्रियनाम किल स्वार्थात्।।७१२।।**

**અર્થ :–** કેવળ મન જ તે સમયે ઉપયુક્ત થાય છે. તે મન બે પ્રકારના છે. (૧) દ્રવ્યમન (૨) ભાવમન. મનનું જ તેના અર્થ પ્રમાણે બીજું નામ નોઇન્દ્રિય છે.

**ભાવાર્થ :–** જેવી રીતે ઇન્દ્રિયો બહાર રહેલી છે અને નિયત વિષયને જાણે છે તેવી રીતે મન બહાર રહેલું નથી તથા નિયત વિષયને પણ જાણતું નથી. તેથી તે ઇષત્ (કાંઇક) ઇન્દ્રિય હોવાથી નોઇન્દ્રિય કહેવાય છે.

દ્રવ્યમન

**द्रव्यमनो हत्कमले घनाङ्गुलासंख्यभागमात्रं यत्।**
**अचिदपि च भावमनसः स्वार्थग्रहणे सहायतामेति।।७१३।।**

**અર્થ :–** દ્રવ્યમન હૃદયકમળમાં હોય છે, તે ઘનાંગુલના અસંખ્યાત માત્ર ભાગ પ્રમાણ હોય છે. જો કે તે અચેતન–જડ છે તોપણ ભાવમન જે સમયે પદાર્થોને વિષય કરે છે તે સમયે દ્રવ્યમન તેની સહાય કરે છે.

**ભાવાર્થ :–** પુદ્ગલની જે પાંચ વર્ગણાઓ સાથે જીવને સંબંધ છે તેમાં એક મનોવર્ગણા પણ છે. તે જ મનોવર્ગણામાંથી હૃદયસ્થાનમાં કમળ જેવું દ્રવ્યમન બને છે. તે જ દ્રવ્યમનમાં આત્માનું હેયોપાદેયરૂપ વિશેષ જ્ઞાન–ભાવમન ઉત્પન્ન થાય છે. જેવી રીતે રૂપનું જ્ઞાન આત્મા ચક્ષુ દ્વારા જ કરે છે તેવી જ રીતે આત્માના વિચારોની ઉત્પત્તિનું સ્થાન દ્રવ્યમન છે.

ભાવમન

**भावमनः परिणामो भवति तदात्मोपयोगमात्रं वा।**
**लब्ध्युपयोगविशिष्टं स्वावरणस्यच्च क्षयाक्रमाच्च स्यात्।।७१४।।**

**અર્થ :–** ભાવમન આત્માના જ્ઞાનાત્મક પરિણામ વિશેષ છે. તે પોતાના પ્રતિપક્ષી આવરણ કર્મનો ક્ષય થવાથી લબ્ધિ અને ઉપયોગ સહિત ક્રમપૂર્વક હોય છે.

**ભાવાર્થ :–** કર્મોના ક્ષયોપશમથી જે આત્મામાં વિશુદ્ધિ – નિર્મળતા થાય છે તેને લબ્ધિ કહે છે તથા પદાર્થોની સન્મુખ થઈને તેમને જાણવા તેને ઉપયોગ કહે છે. લબ્ધિરૂપ

જ્ઞાન વિના ઉપયોગાત્મક જ્ઞાન થઈ શકતું નથી, પરંતુ લબ્ધિ હોવા છતાં ઉપયોગાત્મક જ્ઞાન થાય કે ન થાય, નિયમ નથી. મનથી જે થાય છે તે યુગપત્ થતું નથી. પરંતુ ક્રમપૂર્વક થાય છે.

**स्पर्शनरसघ्राणं चक्षुः श्रोत्रं च पञ्चकं यावत्।**
**मूर्तग्राहकमेकं मूर्त्तामूर्त्तस्य वेदकं च मनः।।७१५।।**

**અર્થ :–** સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ જે પાંચેય ઇન્દ્રિયો છે તે બધી એક મૂર્ત પદાર્થનું જ્ઞાન કરે છે. પરંતુ મન મૂર્ત અને અમૂર્ત બંનેને જાણે છે. એટલું વિશેષ છે કે મૂર્ત સંબંધિત અમૂર્તને જ મન જાણે છે.

**तस्मादिदमनवद्यं स्वात्मग्रहणे किलोपयोगि मनः।**
**किन्तु विशिष्टदशायां भवतीह मनः स्वयं ज्ञानम्।।७१६।।**

**અર્થ :–** તેથી આ વાત નિર્દોષપણે સિદ્ધ થઈ ગઈ કે સ્વાત્માનું ગ્રહણ (જ્ઞાન) કરવામાં નિયમથી મન જ ઉપયોગી છે પરંતુ એટલું વિશેષ છે કે તે મન વિશેષ અવસ્થામાં અર્થાત્ અમૂર્ત પદાર્થનું જ્ઞાન કરતી વખતે સ્વયં પણ અમૂર્ત જ્ઞાનરૂપ થઈ જાય છે.

**ભાવાર્થ :–** પહેલાં કહેવામાં આવ્યું છે કે સ્વાત્માનુભૂતિ જો કે મતિજ્ઞાન સ્વરૂપ છે અથવા તત્પૂર્વક શ્રુતજ્ઞાન સ્વરૂપ પણ છે. તો પણ તે નિરપેક્ષ જ્ઞાન સમાન પ્રત્યક્ષ જ્ઞાનરૂપ છે. આ જ વાત અહીં સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે જો કે મતિશ્રુત પરોક્ષ હોય છે તો પણ તે ઇન્દ્રિય અને મનથી થાય છે, મન અમૂર્તને પણ જાણે છે. જે સમયે તે કેવળ અમૂર્ત પદાર્થને જ જાણી રહ્યું હોય અર્થાત્ કેવળ સ્વાત્માનું જ જ્ઞાન કરી રહ્યું હોય છે તે સમયે તે મનરૂપ જ્ઞાન પણ અમૂર્ત જ છે. તેથી તે અતીન્દ્રિય પ્રત્યક્ષ છે. ઇન્દ્રિયો મૂર્ત પદાર્થોને જ જાણે છે, તેથી સ્વાત્મ પ્રત્યક્ષમાં તેમનો ઉપયોગ જ નથી. આ જ વાત ફરીથી સ્પષ્ટ કરે છે :–

**नासिद्धमेतदुक्तं तदिन्द्रियानिन्द्रियोद्भवं सूत्रात्।**
**स्यान्मतिज्ञाने यत्तत्पूर्वं किल भवेच्छ्रुतज्ञानम्।।७१७।।**

**अयमर्थो भावमनो ज्ञानविशिष्टं स्वयं हि सदमूर्तम्।**
**तेनात्मदर्शनमिह प्रत्यक्षमतीन्द्रियं कथं न स्यात्।।७१८।।**

**અર્થ :–** આ વાત અસિદ્ધ પણ નથી. સૂત્ર દ્વારા એ કહેવામાં આવી ગયું છે કે મતિજ્ઞાન અને તે મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન બંનેય ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થાય છે. એટલું વિશેષ છે કે જ્યારે ભાવમન વિશેષ (અમૂર્ત) જ્ઞાન વિશિષ્ટ થાય છે ત્યારે તે સ્વયં અમૂર્ત સ્વરૂપ થઈ જાય છે. તે અમૂર્ત – મનરૂપ જ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય છે. તેથી તે પ્રત્યક્ષ અતીન્દ્રિય કેમ ન હોય ? અર્થાત્ કેવળ સ્વાત્માને જાણનારું જે માનસિક જ્ઞાન છે તે અવશ્ય અતીન્દ્રિય પ્રત્યક્ષ છે.

**अपि चात्मसंसिद्ध्यै नियतं हेतू मतिश्रुती ज्ञाने।**
**प्रान्त्यद्वयं विना स्यान्मोक्षो न स्यादते मतिद्वैतम्।।७१९।।**

**અર્થ :–** તથા આત્માની સારી રીતે સિદ્ધિ કરવા માટે મતિ શ્રુત આ બે જ જ્ઞાન નિશ્ચય કારણ છે. એનું કારણ એ છે કે અવધિ અને મનઃપર્યયજ્ઞાન વિના તો મોક્ષ થઈ જાય છે પરંતુ મતિ શ્રુત વિના કદાપિ થતો નથી.

**ભાવાર્થ :–** એવો નિયમ નથી કે બધા જ્ઞાન થયા પછી જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. કોઈ જીવને અવધિ મનઃપર્યય નથી પણ થતાં તો પણ તેને કેવળજ્ઞાન થઈ જાય છે. પરંતુ મતિશ્રુત તો પ્રાણીમાત્રને નિયમથી હોય છે તેથી સુમતિ અને સુશ્રુત આ બે જ આત્માની પ્રાપ્તિમાં મૂળ કારણ છે. માટે મિથ્યાત્વનો અનુદય હોય ત્યારે વિશેષ મતિજ્ઞાન દ્વારા સ્વાત્માનો સાક્ષાત્કાર થઈ જ જાય છે.

શંકાકાર

**ननु जैनानामेतन्मतं मतेष्वेव नापरेषां हि।**
**विप्रतिपत्तौ बहवः प्रमाणमिदमन्यथा वदन्ति यतः।।७२०।।**

**અર્થ :–** બધાય મતોમાંથી જૈનીઓના મતમાં જ પ્રમાણની આવી વ્યવસ્થા છે,

બીજાઓમાં આવી વ્યવસ્થા નથી. આ વિષય વિવાદગ્રસ્ત છે, કેમકે ઘણાખરા મત (દર્શનવાળા) પ્રમાણનું સ્વરૂપ બીજી જ રીતે કહે છે.

**ભાવાર્થ :–** જૈનીઓના ઉપર્યુક્ત કથનાનુસાર જ્ઞાનને જ પ્રમાણ માનીને તેના પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે ભેદ કર્યા છે. પરંતુ બીજા દર્શનવાળા આમ માનતા નથી.

કોઈ વેદને જ પ્રમાણ માને છે

**वेदाः प्रमाणमिति किल वदन्ति वेदान्तिनो विदाभासाः।**
**यस्मादपौरुषेयाः सन्ति यथा व्योम ते स्वतः सिद्धाः।।७२१।।**

**અર્થ :–** જ્ઞાનાભાસી (મિથ્યાજ્ઞાન) વેદાંત મતવાળા કહે છે કે વેદ જ પ્રમાણ છે અને તે પુરુષના બનાવેલા નથી, પરંતુ આકાશ સમાન સ્વતઃ સિદ્ધ છે. અર્થાત્ જેમ આકાશ અનાદિ નિધન સ્વયં સિદ્ધ છે, કોઈએ તેને બનાવ્યું નથી તેવી જ રીતે વેદ પણ અનાદિ નિધન સ્વયં સિદ્ધ છે.

કોઈ પ્રમાકરણને પ્રમાણ માને છે.

**अपरे प्रमानिदानं प्रमाणमिच्छन्ति पण्डितम्मन्याः।**
**समयन्तिसम्यगनुभवसाधनमिह यत्प्रमाणमिति केचित्।।७२२।।**

**અર્થ :–** બીજા મતવાળા (નૈયાયિક) પોતાની જાતને પંડિત માનતા થકા પ્રમાણનું સ્વરૂપ આવું કહે છે કે જે પ્રમાનું કારણ હોય તે પ્રમાણ છે અર્થાત્ પ્રમા નામ પ્રમાણના ફળનું છે. તે ફળનું જે સાધકતમ કારણ છે તે જ પ્રમાણ છે એમ નૈયાયિકો કહે છે. બીજા કોઈ એમ પણ કહે છે કે જે સમ્યગ્જ્ઞાનમાં કારણ થતું હોય તે જ પ્રમાણ છે. આવું પ્રમાણનું સ્વરૂપ માનનારાઓમાં વૈશેષિક, બૌદ્ધ આદિ કેટલાક મતવાળા આવી જાય છે કે જેઓ આલોક (પ્રકાશ), પદાર્થ, સન્નિકર્ષ આદિને પ્રમાણ માને છે.

**इत्यादि वादिवृन्दैः प्रमाणमालक्ष्यते यथारुचि तत्।**
**आप्ताभिमानदग्धैरलब्धमानैरतीन्द्रियं वस्तु।।७२३।।**

**અર્થ :–** જેમણે અતીન્દ્રિય વસ્તુનું સ્વરૂપ ઓળખ્યું નથી, જે નકામા જ પોતાની જાતને આપ્તપણાના અભિમાનથી બાળી રહ્યા છે એવા અનેકવાદીઓ પ્રમાણનું સ્વરૂપ પોતાની ઇચ્છા પ્રમાણે કહે છે.

વેદાંતવાદીઓના માનેલા પ્રમાણોમાં દૂષણ

**प्रकृतमलक्षणमेतल्लक्षणदोषैरधिष्ठितं यस्मात्।**
**स्यादविचारितरम्यं विचार्यमाणं खपुष्पवत्सर्वम्।।७२४।।**

**અર્થ :–** જે પ્રમાણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બધા દૂષિત છે. કારણકે જે પ્રમાણનું લક્ષણ હોવું જોઈએ તે લક્ષણ તેમનામાં આવતું જ નથી અને જે કોઈ લક્ષણ તેમણે બતાવ્યું છે તે દોષોથી વિશિષ્ટ (સહિત) છે તથા અવિચારિતરમ્ય છે. તે બધા પ્રમાણોના લક્ષણો ઉપર વિચાર કરવામાં આવે તો તે આકાશના પુષ્પો સમાન માલૂમ પડે છે અર્થાત્ અસિદ્ધ ઠરે છે. કેમ ? તે આગળ કહેવામાં આવ્યું છે. —

જ્ઞાન જ પ્રમાણ છે

**अर्थाद्यथा कथञ्चिज्ज्ञानादन्यत्र न प्रमाणत्वम्।**
**करणादि विना ज्ञानादचेतनं कः प्रमाणयति।।७२५।।**

**અર્થ :–** અર્થાત્ કોઈ પણ પ્રકારે જ્ઞાન સિવાય બીજા કોઈ જડ પદાર્થમાં પ્રમાણતા આવી શકતી નથી. જ્ઞાન વિના અચેતન કરણ, સન્નિકર્ષ, ઇન્દ્રિય આદિને પ્રમાણ કોણ સમજશે ? અર્થાત્ પ્રમાણનું ફળ પ્રમા–અજ્ઞાનની નિવૃત્તિરૂપ છે, તેનું કારણ પણ અજ્ઞાનની નિવૃત્તિરૂપ હોવું આવશ્યક છે. તેથી પ્રમાણ પણ અજ્ઞાન નિવૃત્તિ જ્ઞાનસ્વરૂપ હોવું જોઈએ. જડ પદાર્થ પ્રમેય છે તે પ્રમાણ થઈ શકતા નથી. પોતે પોતાને જે જાણે તે જ પરનો

જ્ઞાતા થઈ શકે છે. જે સ્વયં અજ્ઞાનરૂપ છે તે સ્વ–પર કોઈને જણાવી શકતો નથી. તેથી કરણ આદિ જડ છે તે પ્રમાણ થઈ શકતા નથી, પરંતુ જ્ઞાન જ પ્રમાણ છે.

**तत्रान्तर्लीनत्वाज्ज्ञानसनांथं प्रमाणमिदमिति चेत्।**
**ज्ञानं प्रमाणमिति यत्प्रकृतं न कथं प्रतीयेत।।७२६।।**

**અર્થ :–** જો એમ કહેવામાં આવે કે કરણ આદિ બાહ્ય કારણ છે તેમાં અંદર જાણનાર જ્ઞાન જ છે. તેથી જ્ઞાન સહિત કરણ આદિ પ્રમાણ છે. તો એમ કહેવાથી તે જ વાત સિદ્ધ થઈ કે જે મૂળમાં અમે (જૈન) કહીએ છીએ અર્થાત્ જ્ઞાન જ પ્રમાણ છે. આ જ વાત સિદ્ધ થઈ ગઈ.

**ભાવાર્થ :–** પ્રમાણમાં સહાયક સામગ્રી પ્રકાશ, યોગ્ય દેશ, ઇન્દ્રિયનો વ્યાપાર, કારકની સફળતા, પદાર્થનું સાન્નિધ્ય, સન્નિકર્ષ આદિ ગમે તેટલી હોય પરંતુ પદાર્થનું જ્ઞાન કરનાર પ્રમાણ જ્ઞાન જ બને છે. તેના વિના બધી કારણ સામગ્રી નકામી છે.

શંકાકાર

**ननु फलमूतं ज्ञानं तस्य तु करणं भवेत्प्रमाणमिति।**
**ज्ञानस्य कृतार्थत्वात् फलवत्त्वमसिद्धमिदमिति चेत्।।७२७।।**

**અર્થ :–** જ્ઞાનને પ્રમાણનું ફળ માનવું જોઈએ, તેના કારણને પ્રમાણ માનવું જોઈએ. જો જ્ઞાનને જ પ્રમાણ માની લેવામાં આવે તો જ્ઞાનનું પ્રયોજન તો આવી ગયું. પછી ફળ શું રહ્યું ? પછી ફળ અસિદ્ધ જ રહેશે.

**ભાવાર્થ :–** શંકાકારનો એવો અભિપ્રાય છે કે પ્રમાણ અને પ્રમાણનું ફળ બંને જુદા જુદા હોવા જોઈએ અને પ્રમાણ ફળસહિત જ હોવું જોઈએ. આવી અવસ્થામાં જ્ઞાનને પ્રમાણનું ફળ અને તે જ્ઞાનના કારણ (કરણ–જડ) ને પ્રમાણ માનવું તે જ બરાબર છે. જો એમ ન માનવામાં આવે અને જ્ઞાનને જ પ્રમાણ માનવામાં આવે તો પછી પ્રમાણનું ફળ શું ઠરશે ? તેનો અભાવ જ થઈ જશે ?

ઉત્તર

**नैवं यतः प्रमाणं फलं च फलवच्च तत्स्वयं ज्ञानम्।**
**दृष्टिर्यथा प्रदीपः स्वयं प्रकाश्यः प्रकाशकश्च स्यात्।।७२८।।**

**અર્થ :–** ઉપર કરવામાં આવેલી શંકા બરાબર નથી કેમકે પ્રમાણ, તેનું ફળ, તેનું કારણ સ્વયં જ્ઞાન જ છે. જેમ દીપક સ્વયં પોતાને પણ પ્રકાશે છે અને બીજાને પણ પ્રકાશે છે અથવા દીપક સ્વયં પ્રકાશ્ય (જેને પ્રકાશવામાં આવે છે તે) પણ છે અને તે જ પ્રકાશક છે.

**ભાવાર્થ :–** દીપકના દ્રષ્ટાંતની જેમ પ્રમાણ પણ જ્ઞાન જ છે, પ્રમાણનું કારણ પણ જ્ઞાન જ છે અને પ્રમાણનું ફળ પણ જ્ઞાન જ છે. જ્ઞાનથી ભિન્ન ન કોઈ પ્રમાણ છે અને ન તો તેનું ફળ છે. અહીં આ શંકા અત્યારે ખડી થાય જ છે કે બંનેને જ્ઞાનરૂપ માનવાથી બંને એક જ થઈ જશે અથવા ફળ વિનાનું પ્રમાણ અને પ્રમાણ વિનાનું ફળ થઈ જશે પરંતુ વિચાર કરતાં એ શંકા પણ નિર્મૂળ ઠરે છે. જૈન સિદ્ધાંતમાં પ્રમાણ અને પ્રમાણનું ફળ સર્વથા ભિન્ન નથી. પરંતુ કથંચિત્ ભિન્ન છે. કથંચિત્ ભેદમાં જ્ઞાનની પૂર્વ પર્યાય પ્રમાણરૂપ બને છે અને તેની ઉત્તર પર્યાય ફળરૂપ રહે છે. કેમકે પ્રમાણનું ફળ અજ્ઞાનની નિવૃત્તિમાં માનવામાં આવ્યું છે તથા હેયોપાદેય અને ઉપેક્ષા પણ પ્રમાણનું ફળ છે. જે પ્રમાણરૂપ જ્ઞાન છે તે જ જ્ઞાન અજ્ઞાનથી નિવૃત્ત થાય છે અને તેમાં જ હેયોપાદેય તથા ઉપેક્ષારૂપ બુદ્ધિ થાય છે. તેથી જ્ઞાન જ પ્રમાણ અને જ્ઞાન જ ફળ સિદ્ધ થઈ ગયા. સાથે જ પ્રમાણ અને પ્રમાણનું ફળ બંને એક થઈ જશે અથવા ફળ વિનાનું પ્રમાણ થઈ જશે એ શંકાનો પરિહાર પણ થઈ ગયો.

**उक्तं कदाचिदिन्द्रियमथ च तदर्थेन सन्निकर्षयुतम्।**
**भवति कदाचिज्ज्ञानं त्रिविधं करणं प्रमायाश्च।।७२९।।**
**पूर्वपूर्वं करणं तत्र फलं चोत्तरोत्तरं ज्ञेयम्।**
**न्यायात्सिद्धमिदं चित्फलं च फलवच्च तत्स्वयं ज्ञानम्।७३०।।**

**અર્થ :–** કોઈ વાર ઇન્દ્રિયોને પ્રમાણ કહેવામાં આવે છે, કોઈ વાર ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષને પ્રમાણ કહેવામાં આવે છે, કોઈ વાર જ્ઞાનને જ પ્રમાણ કહેવાય છે. આ રીતે ત્રણ પ્રકારે પ્રમા (પ્રમાણના ફળ) નું કરણ અર્થાત્ પ્રમાણનું પરમ સાધક કારણ કહેવામાં આવ્યું છે. એ ત્રણેય આત્માની અવસ્થા છે. પહેલી ઇન્દ્રિય રૂપ અવસ્થા પણ આત્માની અવસ્થા છે, સન્નિકર્ષ વિશિષ્ટ અવસ્થા પણ આત્માની અવસ્થા છે તથા જ્ઞાનાવસ્થા પણ આત્માની અવસ્થાઓ છે અર્થાત્ ત્રણેય જ્ઞાનરૂપ છે. આ ત્રણેયમાં પ્રથમ પ્રથમનું કરણ બને છે અને પછી પછીનું કરણ બને છે. તેથી આ વાત ન્યાયથી સિદ્ધ થઈ ગઈ કે જ્ઞાન જ ફળ છે અને જ્ઞાન જ પ્રમાણ છે.

**तत्रापि यदा करणं ज्ञानं फलसिद्धिरस्ति नाम तदा।**
**अविनाभावेन चितो हानोपादानबुद्धिसिद्धित्वात्।।७३१।।**

**અર્થ :–** તેમાં પણ જે સમયે જ્ઞાનમાં કરણ બને છે તે સમયે અવિનાભાવપણે આત્માની હાનોપાદાનરૂપ બુદ્ધિ તેનું ફળ બને છે અર્થાત્ પૂર્વનું જ્ઞાન કરણ અને પછીનું જ્ઞાન ફળ બને છે. અને આ વાત અસિદ્ધ પણ નથી.

**नाप्येतदप्रसिद्धं साधनसाध्यद्वयोः सदृष्टान्तात्।**
**न विना ज्ञानात्त्यागो भुजगादेर्वा स्त्रगाद्युपादानम्।७३२।।**

**અર્થ :–** સાધન પણ જ્ઞાન બને છે અને સાધ્ય પણ જ્ઞાન બને છે એ વાત અસિદ્ધ નથી પરંતુ દૃષ્ટાંતથી સુસિદ્ધ છે. આ વાત પ્રસિદ્ધ છે કે જ્ઞાન વિના સર્પ આદિનો ત્યાગ અને માળા આદિ ઇષ્ટ પદાર્થોનું ગ્રહણ થતું નથી.

**ભાવાર્થ :–** પ્રમાણનું સ્વરૂપ આ પ્રમાણે છે — 'हिताहित प्राप्ति परिहार समर्थं हि प्रमाणं ततो ज्ञानमेव तत्।' હિત નામ સુખ અને સુખના કારણોનું છે, અહિત નામ દુઃખ અને દુઃખોનાં કારણોનું છે. જે હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર કરાવવામાં સમર્થ હોય તે જ પ્રમાણ હોય છે. એવું પ્રમાણ જ્ઞાન જ હોઈ શકે છે કેમકે સુખ અને સુખના કારણોનું પરિજ્ઞાન તથા દુઃખ અને દુઃખના કારણોનું પરિજ્ઞાન જ્ઞાન સિવાય જડ પદાર્થોથી થઈ શકતું નથી. જ્ઞાનમાં જ એ સામર્થ્ય છે કે તે સર્પાદિ અનિષ્ટ પદાર્થોમાં ત્યાગરૂપ

બુદ્ધિ અને પુષ્પમાળામાં ગ્રહણરૂપ બુદ્ધિ કરાવે માટે પ્રમાણ જ્ઞાન જ હોઈ શકે છે તથા ફળ પણ જ્ઞાનરૂપ જ હોય છે એ વાત પ્રાયઃ સર્વસિદ્ધ છે. કારણ પ્રમાણનું ફળ અજ્ઞાનની નિવૃત્તિરૂપ હોય છે. એવું ફળ જ્ઞાન જ હોઈ શકે છે, જડ નહિ.

**उक्तं प्रमाणलक्षणमिह यदनार्हतं कुवादिभिः स्वैरम्।**
**तल्लक्षणदोषत्वात्तत्सर्वं लक्षणाभासम्।।७३३।।**

**અર્થ :–** જે કાંઈ પ્રમાણનું લક્ષણ કુવાદીઓએ કહ્યું છે તે આર્હત (જૈન) લક્ષણ નથી પરંતુ તેમણે સ્વેચ્છાપૂર્વક કહ્યું છે, તેમાં લક્ષણના દોષ આવે છે. તેથી તે લક્ષણ નથી પરંતુ લક્ષણાભાસ છે.

**ભાવાર્થ :–** અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ આ ત્રણ લક્ષણના દોષ છે. જે લક્ષણ પોતાના લક્ષ્યના એક ભાગમાં રહે તેને અવ્યાપ્તિ દોષ કહે છે. જે લક્ષણ પોતાના લક્ષ્ય ઉપરાંત અલક્ષ્યમાં પણ રહે તેને અતિવ્યાપ્તિ દોષ કહે છે. જે લક્ષણ પોતાના લક્ષ્યમાં સર્વથા ન રહે તેને અસંભવ દોષ કહે છે. આ ત્રણ દોષોથી રહિત લક્ષણ જ લક્ષણ કહેવાય છે અન્યથા તે લક્ષણાભાસ છે. પ્રમાણનું જે લક્ષણ અન્ય મતવાળાઓએ કહ્યું છે, તે આ દોષોથી રહિત નથી. એ જ વાત નીચે કહેવામાં આવે છે –

**स यथा चेत्प्रमाणं लक्ष्यं तल्लक्षण प्रमाकरणम्।**
**अव्याप्तिको हि दोषः सदेश्वरे चापि तदयोगात्।।७३४।।**

**અર્થ :–** જો પ્રમાણ લક્ષ્ય હોય અને પ્રમાકરણ તેનું લક્ષણ હોય તો અવ્યાપ્તિ દોષ આવે છે, કેમકે ઈશ્વરમાં તે લક્ષણનો સદા અભાવ રહે છે.

**ભાવાર્થ :–** નૈયાયિક ઈશ્વરને પ્રમાણ તો માને છે. તેઓ કહે છે 'तन्मे प्रमाणं शिव इति' અર્થાત્ તે ઈશ્વર મને પ્રમાણ છે પરંતુ તેઓ તે ઈશ્વરને પ્રમાનું કરણ માનતા નથી. પરંતુ તેનું તેને અધિકરણ માને છે, તેમના મત પ્રમાણે ઈશ્વર પ્રમાણ છે, તો પણ તેમાં પ્રમાણ કરણરૂપ પ્રમાણનું લક્ષણ રહેતું નથી. તેથી લક્ષ્યના એકદેશ–ઈશ્વરમાં પ્રમાણનું લક્ષણ ન રહેવાથી અવ્યાપ્તિ દોષ રહ્યો છે.

તથા

**योगिज्ञानेपि तथा न स्यात्तल्लक्षणं प्रमाकरणम्।**
**परमाण्वादिषु नियमान्न स्यात्तत्सन्निकर्षश्च।।७३५।।**

**અર્થ :–** એ જ પ્રમાણે જેઓ પ્રમાકરણને પ્રમાણનું લક્ષણ કહે છે તેમના મત પ્રમાણે યોગીઓના જ્ઞાનમાં પણ ઉક્ત લક્ષણ આવતું નથી, કેમકે તેમણે યોગીઓના જ્ઞાનને દિવ્ય જ્ઞાન માન્યું છે તે સૂક્ષ્મ અને અમૂર્ત પદાર્થોને પણ પ્રત્યક્ષ કરે છે એમ તેઓ સ્વીકારે છે પરંતુ પરમાણુ આદિ પદાર્થોમાં ઇન્દ્રિય સન્નિકર્ષ નિયમથી થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** ઇન્દ્રિય સન્નિકર્ષ અથવા ઇન્દ્રિય વ્યાપારને જ તેઓ પ્રમાકરણ કહે છે. આ સન્નિકર્ષ અને વ્યાપાર સ્થૂળ, મૂર્ત પદાર્થોની સાથે જ થઈ શકે છે. સૂક્ષ્મ પરમાણુ તથા અમૂર્ત ધર્મ અધર્મ અને દૂરવર્તી પદાર્થોની સાથે તે થઈ શકતા નથી, તેથી સન્નિકર્ષ અથવા ઇન્દ્રિય વ્યાપાર – પ્રમાકરણને પ્રમાણ માનવાથી યોગીજનો સૂક્ષ્મ આદિ પદાર્થોને પ્રત્યક્ષ કરી શકે નહિ. પરંતુ યોગીઓ તેમ કરે છે એમ તેઓ માને છે. તેથી યોગીજનોમાં તેમના મત પ્રમાણે જ પ્રમાકરણ લક્ષણ રહેતું નથી. જો તેઓ પોતે જ યોગીઓને પ્રમાનું કરણ માનતા નથી તો તેમના મત પ્રમાણે જ પ્રમાણનું લક્ષણ અવ્યાપ્તિ દોષથી દૂષિત થઈ ગયું. કેમકે તેમણે યોગીઓના જ્ઞાનને પ્રમાણ માન્યું છે.

વેદ પણ પ્રમાણ નથી

**वेदाः प्रमाणमत्र तु हेतुः केवलमपौरुषेयत्वम्।**
**आगमगोचरताया हेतोरन्याश्रितादहेतुत्वम्।।७३६।।**

**અર્થ :–** વેદને પ્રમાણ માનનારા વેદાંતી તો કેવળ અપૌરુષેય હેતુ દ્વારા તેમાં પ્રમાણતા લાવે છે. બીજો તેમનો હેતુ આગમ છે, આગમ પ્રમાણરૂપ હેતુ અન્યોન્યાશ્રય દોષ આવવાથી અહેતુ થઈ જાય છે.

**ભાવાર્થ :–** વેદને અપૌરુષેય માનનારા તેના અનાદિપણા માટે પ્રવાહનિત્યતાનો હેતુ આપે છે તે પ્રવાહનિત્યતા શું દરેક શબ્દમાં છે કે વિશેષ આનુપૂર્વીરૂપ જે શબ્દ

વેદમાં લખાયેલા છે તેમાં છે ? જો પૂર્વપક્ષનો સ્વીકાર કરવામાં આવે તો તો જેટલા કોઈ શબ્દો છે તે બધા વૈદિક બની જશે. તો પછી વેદને જ શા માટે અપૌરુષેય (પુરુષ દ્વારા નહીં રચાયેલા) કહેવામાં આવે છે ? જો ઉત્તર પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો પ્રશ્ન થાય છે કે તે વિશેષ આનુપૂર્વીરૂપ શબ્દોના અર્થને કોઈ સમજ્યું છે કે નહિ ? જો કહો કે ના, તો પછી જ્ઞાન વિના તે વેદવાક્યોમાં પ્રમાણતા આવી શકતી નથી. જો વેદના અર્થ કોઈ સમજ્યા છે એમ કહો તો તે વેદવાક્યોના અર્થ સમજાવનાર વ્યાખ્યાતા સર્વજ્ઞ છે કે અલ્પજ્ઞ ? જો કહો કે સર્વજ્ઞ છે તો વેદની જેમ અતીન્દ્રિય પદાર્થોના જાણનારા સર્વજ્ઞના વચનો પણ પ્રમાણરૂપ કેમ ન માનવા ? આવી અવસ્થામાં વેદમાં સર્વજ્ઞ પુરુષકૃત જ પ્રમાણતા આવે છે. તેથી તેમનું અપૌરુષેયત્વ પ્રમાણસૂચક સિદ્ધ થતું નથી. જો વેદના વ્યાખ્યાતા અલ્પજ્ઞ છે એમ કહો તો તે વેદના અઘરા અઘરા વાક્યોનો ઉલટો અર્થ પણ તેઓ કરી શકે. કેમકે વાક્ય પોતે તો એમ કહેતા નથી કે અમારો અમુક અર્થ છે, અમુક નથી, પરંતુ પુરુષ દ્વારા તેમના અર્થનો બોધ કરવામાં આવે છે. જો તે પુરુષ અજ્ઞ અને રાગાદિ દોષોથી વિશિષ્ટ હોય તો તેઓ જરૂર કાંઈનું કાંઈ નિરૂપણ કરી શકે. કદાચ એમ કહો કે તેના વ્યાખ્યાતા અલ્પજ્ઞ હોય તો પણ વેદોના અર્થની વ્યાખ્યાન પરંપરા યોગ્ય રીતે ચાલી આવવાથી તોઓ તેમનું યથાર્થ નિરૂપણ કરી શકે છે એમ કહેવું પણ સાચું નથી કેમકે સાચી પરંપરા ચાલી આવવા છતાં પણ અતીન્દ્રિય પદાર્થોમાં અલ્પજ્ઞોની સંશયરહિત પ્રવૃત્તિ (વ્યાખ્યાનમાં) થઈ શકતી નથી. બીજી વાત એ છે કે જો વેદનો અર્થ અનાદિ પરંપરાથી બરાબર ચાલ્યો આવે છે તો મીમાંસક આદિ ભાવના, વિધિ, નિયોગરૂપ ભિન્ન ભિન્ન અર્થ પ્રતિપત્તિને શા માટે પ્રમાણ માને છે ? તેથી વેદને અનાદિ પરંપરાગત – અપૌરુષેય માનવા તે પ્રમાણસિદ્ધ નથી. વેદને અનાદિ માનવામાં એમ પણ કહેવામાં આવે છે કે જેવી રીતે વર્તમાનકાળમાં કોઈ વેદોની રચના કરનાર નથી તેમ ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ કોઈ હોઈ શકે નહિ, પરંતુ આ કાંઈ યુક્તિ નથી, વિપક્ષમાં એમ પણ કહી શકાય કે જેમ વર્તમાનમાં શ્રુતિના બનાવનાર કોઈ નથી તેમ ભૂત ભવિષ્યકાળમાં પણ કોઈ હોઈ શકે નહિ, અથવા જેમ વર્તમાનકાળમાં વેદોના કોઈ જાણનાર નથી તેમ ભૂત ભવિષ્યકાળમાં પણ કોઈ તેના જાણનાર હોઈ શકે નહિ. એવી જ રીતે એમ કહેવું કે વર્તમાન અધ્યયનની જેમ વેદનું અધ્યયન વેદાધ્યયનપૂર્વક હોય છે તે પણ મિથ્યા જ છે. કારણ વિપક્ષમાં પણ કહી શકાય છે કે ભારતાદિનું અધ્યયન ભારતાધ્યયનપૂર્વક છે. વર્તમાન અધ્યયનની જેમ.

તેથી ઉપર્યુક્ત કથનથી પણ વેદમાં અનાદિપણું સિદ્ધ થતું નથી. જો એમ કહેવામાં આવે કે વેદના કર્તાનું સ્મરણ થતું નથી તેથી તેના કર્તાનો અભાવ કહેવામાં આવે છે તો આમ કહેવું પણ બાધિત છે કેમ કે આવી ઘણી પુરાણી વસ્તુઓ છે જેમના કર્તાનું સ્મરણ હોતું નથી તો શું તેઓને પણ અપૌરુષેય માનવી ? જો કહો કે ના. તો પછી વેદને જ તેવા શા માટે માનવા ? તથા વેદના કર્તાનું સ્મરણ થતું નથી એવું બધા વેદના અનુયાયીઓ માનતા પણ નથી. ત્રિપિટકમાં વેદના કર્તાનું કેટલાક લોકો સ્મરણ કરે જ છે. તેથી વેદ પુરુષકૃત નથી એ વાત કોઈ રીતે બનતી નથી. થોડા સમય માટે જો વેદને અપૌરુષેય પણ માની લેવામાં આવે તો પણ તેમાં સર્વજ્ઞનો અભાવ હોવાથી પ્રમાણતા આવતી નથી. સર્વજ્ઞ વક્તા માનવાથી 'धर्मे चौदनेव प्रमाणम्.' અર્થાત્ ધર્મના વિષયમાં વેદ જ પ્રમાણ છે એ વાત બની શકશે નહિ કેમકે સર્વજ્ઞનું વચન પણ પ્રમાણ માનવું પડશે તથા સર્વજ્ઞને તેના વક્તા માનવાથી તે વેદમાં પૂર્વાપર વિરોધ રહી શકતો નથી પરંતુ તેમાં પૂર્વાપર વિરોધ છે. હિંસાનો નિષેધ કરવા છતાં પણ તે ક્યાંક હિંસાનું વિધાન કરે છે તથા એક જ વેદનો એક અંશ એક વેદાનુયાયી માનતા નથી તે તેને અપ્રમાણ સમજીને તેના જ બીજા અંશને તે પ્રમાણ માને છે. જેને તે પ્રમાણ માને છે તે ને જ ત્રીજા વેદાનુયાયી અપ્રમાણ માને છે. જો તેનું પ્રતિપાદન સર્વજ્ઞ વક્તાએ કર્યું હોત તો આ પ્રમાણે પૂર્વાપર વિરોધ સર્વથા થઈ શકે નહિ તેથી વેદમાં પ્રમાણતા કોઈ રીતે આવતી નથી.

વેદના વિષયમાં એમ કહેવું કે તેના કર્તાનું સ્મરણ થતું નથી, તેથી તે અનાદિ અપૌરુષેય છે, આ કથનનના વિષયમાં પહેલી વાત તો એ છે કે નિત્ય વસ્તુના વિષયમાં આમ કહેવું તે જ વ્યર્થ છે, જે નિત્ય વસ્તુ હોય છે તેમાં ન તો તેના કર્તાનું સ્મરણેય હોય છે અને ન અસ્મરણ (સ્મરણ ન હોવું તે) પણ હોય છે. પરંતુ તે અકર્તૃક હોય છે. જો એમ કહેવામાં આવે કે વેદના સંપ્રદાય (વેદનો વર્ણક્રમ, પાઠક્રમ, ઉદાત્તાદિ ક્રમ) નો વિચ્છેદ નથી તેથી એમ કહેવામાં આવે છે કે તેના કર્તાનું સ્મરણ થતું નથી તો એ કથન પણ બરાબર નથી. ઘણા એવા વચનો છે કે જેમનું વિશેષ પ્રયોજન ન હોવાના કારણે તેમના કર્તાનું સ્મરણ રહ્યું નથી, સાથો સાથ તે સતતપણે ચાલ્યા આવ્યા છે. જેમકે – 'बटे बटे वैश्रवणः' પ્રત્યેક વૃક્ષમાં યક્ષ (કુબેર) રહે છે. તથા 'चत्वरे चत्वरे ईश्वरः। पर्वते पर्वते रामः सर्वत्र मधुसूदनः। सा ते भवतु सुप्रीता देवी गिरिनिवासिनी, विद्यारंभं करिष्यामि सिद्धिर्भवतु मे सदा।' અર્થાત્ ઘરે ઘરે ઈશ્વર છે, પર્વતે પર્વતે રામ

છે, સર્વત્ર કૃષ્ણ છે, તારા ઉપર પાર્વતી દેવી પ્રસન્ન થાવ, હું વિદ્યારંભ કરીશ, મને સદા સિદ્ધિ મળો, ઇત્યાદિ અનેક વચનો અવિચ્છિન્ન છે, પરંતુ તેમને વેદના જાણનારાઓએ પણ અપૌરુષેય માન્યા નથી. બીજી વાત એ છે કે વેદના કર્તાનો અભાવ કઈ રીતે કહી શકાય છે ? પૌરાણિકો બ્રહ્માને વેદના કર્તા બતાવે છે. તેઓ કહે છે કે 'वक्रेभ्यो वेदास्तस्य विनिसूताः' અર્થાત્ બ્રહ્માના મુખોમાંથી વેદ નીકળ્યા છે. 'यो वेदाश्च प्रह्णिोति,' ઇત્યાદિ વેદના વચનો જ વેદના કર્તાને સિદ્ધ કરે છે. સૌથી મોટી વાત એ છે કે તેમાં ઋષિઓના નામ પણ આપ્યા છે. તેથી કાં તો વેદવાદી તે ઋષિઓને અનાદિનિધન ન માને અથવા વેદોને અનાદિ ન માને. બેમાંથી એક વાત જ બની શકે છે, બંને નહિ. આ કથનથી એ વાત સારી રીતે સિદ્ધ છે કે વેદોની પ્રમાણતાની પોષક એક પણ સાચી યુક્તિ નથી. આ સર્વ વાતો ઉપરાંત જો વેદે કહેલા અર્થો ઉપર દૃષ્ટિ મૂકવામાં આવે તો તે બધા એવા જ અસંબદ્ધ જણાય છે કે જેવા દશદાડિમાદિ વચનો અસંબદ્ધ હોય છે. વેદોનો અર્થ પૂર્વાપર વિરુદ્ધ અને ગૂંચવાડાભર્યો છે. વેદોની અપ્રમાણતાનું વિશેષ નિદર્શન કરવા માટે પ્રમેય કમળમાર્તંડ અને અષ્ટ સહસ્ત્રી નામના ગ્રંથ જોવા જોઈએ.

**एवमनेकविधं स्यादिह मिथ्यामतकदम्बकं यावत्।**
**अनुपादेयमसारं वृद्धैः स्याद्वादवेदिभिः समयात्।।७३७।।**

**અર્થ :–** આ રીતે અનેક પ્રકારના જેટલા કોઈ પ્રચલિત મિથ્યા મતોનો સમૂહ છે તે સર્વ અસાર છે, તેથી તે શાસ્ત્રાનુસાર સ્યાદ્વાદવેદી – વૃદ્ધ પુરુષોએ ગ્રહણ કરવા યોગ્ય નથી.

નિક્ષેપોનું કથન કરવાની પ્રતિજ્ઞા

**उक्तं प्रमाणलक्षणमनुभवगम्यं यथागमज्ञानात्।**
**अधुना निक्षेपपदं संक्षेपाल्लक्ष्यते यथालक्ष्म।।७३८।।**

**અર્થ :–** આગમના જ્ઞાન પ્રમાણે અનુભવમાં આવવા યોગ્ય પ્રમાણનું લક્ષણ કહેવામાં

આવ્યું. હવે સંક્ષેપમાં નિક્ષેપોનું સ્વરૂપ તેમના લક્ષણ પ્રમાણે કરવામાં આવે છે.

શંકાકાર

**ननु निक्षेपो न नयो न च प्रमाणं न चांशकं तस्य।**
**पृथगुद्देश्यत्वादपि पृथगिव लक्ष्यं स्वलक्षणादिति चेत्।।७३९।।**

**અર્થ :–** નિક્ષેપ ન નય છે, ન પ્રમાણ છે કે ન તેનો અંશ છે. નય પ્રમાણથી નિક્ષેપનો ઉદ્દેશ્ય જ જુદો છે. ઉદ્દેશ્ય જુદો હોવાથી તેનું લક્ષણ જ જુદું છે. તેથી લક્ષ્ય પણ સ્વતંત્ર હોવું જોઈએ ? અર્થાત્ જો નિક્ષેપ નય અને પ્રમાણથી જુદી વસ્તુ હોય તો તેમની જેમ આનો પણ સ્વતંત્ર જ ઉલ્લેખ કરવો જોઈએ ?

નિક્ષેપનું સ્વરૂપ (ઉત્તર)

**सत्यं गुणसापेक्षो सविपक्षः स च नयः स्वपक्षपतिः।**
**य इह गुणाक्षेपः स्यादुपचरितः केवलं स निक्षेपः।।७४०।।**

**અર્થ :–** નય તો ગૌણ અને મુખ્યની અપેક્ષા રાખે છે તેથી તે વિપક્ષ સહિત છે. નય સદા પોતાના (વિવક્ષિત) પક્ષનો સ્વામી છે અર્થાત્ તે વિવક્ષિત પક્ષ ઉપર આરૂઢ રહે છે અને બીજા પ્રતિપક્ષ નયની અપેક્ષા પણ રાખે છે, નિક્ષેપમાં આ વાત નથી. અહીં તો ગૌણ પદાર્થમાં મુખ્યનો આક્ષેપ કરવામાં આવે છે. તેથી નિક્ષેપ કેવળ ઉપચરિત છે.

**ભાવાર્થ :–** નય અને નિક્ષેપનું સ્વરૂપ કહેવાથી જ શંકાકારની શંકાનો પરિત્યાગ થઈ જાય છે. આમાં સૌથી મોટો તફાવત તો એ છે કે નય તો જ્ઞાનના વિકલ્પરૂપ છે અને નિક્ષેપ પદાર્થોમાં વ્યવહાર માટે કરવામાં આવેલા સંકેતોનું નામ છે. તે સંકેત ક્યાંક તદ્ગુણ હોય છે અને ક્યાંક અતદ્ગુણ હોય છે. નય અને નિક્ષેપમાં વિષય અને વિષયીનો સંબંધ છે. નય વિષય કરનાર જ્ઞાન છે અને નિક્ષેપ તેના વિષયભૂત પદાર્થ છે. તેથી નયોના કથનથી જ નિક્ષેપોનું વિવેચન સ્વયં થઈ જાય છે, માટે એમના સ્વતંત્ર ઉલ્લેખની જરૂર નથી. છતાં પણ આ શંકા થઈ શકે કે જો નિક્ષેપ નયનો જ વિષય

હોય તો પછી ચાર નિક્ષેપોનું સ્વતંત્ર વિવેચન સૂત્રો દ્વારા ગ્રંથકારોએ કેમ કર્યું છે ? એના જવાબમાં આટલું કહેવું જ બસ છે કે કેવળ સમજાવવાના હેતુથી નિક્ષેપોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, નહિતર તો તેઓ વિષયભૂત પદાર્થોમાં જ ગર્ભિત છે. બીજું ભિન્ન ભિન્ન વ્યવહાર ચલાવવાનું જ નિક્ષેપોનું પ્રયોજન છે તેથી તે પ્રયોજન સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારોએ તેમનું નિરૂપણ કર્યું છે.

આ શ્લોકમાં 'गुणाक्षेपः' પદ આવ્યું છે તેનો અર્થ ચારે નિક્ષેપોમાં આ રીતે ઘટે છે — નામ ગૌણ પદાર્થમાં અર્થાત્ અતદ્‌ગુણ પદાર્થમાં કેવળ વ્યવહારને માટે કરેલો આક્ષેપ. સ્થાપનામાં – અતદ્‌ગુણ પદાર્થમાં કરેલો ગુણોનો આક્ષેપ. દ્રવ્યમાં – ભાવિ અથવા ભૂત તદ્‌ગુણમાં વર્તમાનવત્ કરેલો ગુણોનો આક્ષેપ. ભાવમાં – વર્તમાન તદ્‌ગુણમાં કરેલો વર્તમાન ગુણોનો આક્ષેપ. આ રીતે ગૌણમાં આક્ષેપ અથવા ગુણોનો આક્ષેપ જ નિક્ષેપ છે.

નામ, સ્થાપના, દ્રવ્ય આ ત્રણ નિક્ષેપ દ્રવ્યાર્થિક નયના વિષય છે. ભાવનિક્ષેપ પર્યાયાર્થિક નયનો વિષય છે. વિશેષ ભેદોની અપેક્ષાએ નામ નિક્ષેપ સમભિરૂઢ નયનો વિષય છે, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપ નૈગમનયનો વિષય છે. ભાવનિક્ષેપ ઋજુસૂત્ર તથા એવંભૂત નયનો વિષય છે.

**निक्षेपः स चतुर्धा नाम ततः स्थापना ततो द्रव्यम्।**
**भावस्तल्लक्षणमिह भवति यथा लक्ष्यतेऽधुना चार्थात्।।७४१।।**

**અર્થ :–** નિક્ષેપ ચાર પ્રકારના છે – (૧) નામ નિક્ષેપ, (૨) સ્થાપના નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ (૪) ભાવ નિક્ષેપ.

હવે આ ચારેનાં લક્ષણ કહેવામાં આવે છે

**वस्तुन्यतद्गुणे खलु संज्ञाकरणं जिनो यथा नाम।**
**सोऽयं तत्समरूपेतद्बुद्धिः स्थापनां यथा प्रतिमा।।७४२।।**

**અર્થ :–** કોઈ વસ્તુમાં તેના નામ પ્રમાણે ગુણ તો ન હોય, ફક્ત વ્યવહાર ચલાવવા

માટે તેનું નામ પાડવું તે નામ નિક્ષેપ છે. જેમ કોઈ પુરુષમાં કર્મોને જીતવાનો ગુણ બિલકુલ નથી, તે મિથ્યાદૃષ્ટિ છે, તેને બોલાવવા માટે 'જિન' એવું નામ પાડવામાં આવે છે. કોઈ સમાન આકારવાળા અથવા આસમાન આકારવાળા પદાર્થમાં ગુણ તો ન હોય, પરંતુ તેમાં ગુણોની બુદ્ધિ રાખવી અને તેને 'આ તે જ છે' એવો વ્યવહાર કરવો એ સ્થાપના નિક્ષેપ છે. જેમકે – પ્રતિમા, જેમ પાર્શ્વનાથની પ્રતિમાને મંદિરમાં આપણે પૂજીએ છીએ. જો કે પ્રતિમા પુરુષાકાર છે પરંતુ છે પાષાણની. તે પાષાણની પ્રતિમામાં તે પાર્શ્વનાથ ભગવાનના જીવની કે જે અનંત ગુણધારી અર્હંત્ છે (હતા) તેમની સ્થાપના કરવી અને વ્યવહાર કરવો કે આ પ્રતિમા જ પાર્શ્વનાથ છે તે સ્થાપના નિક્ષેપ છે.

**ભાવાર્થ :–** ઉપર્યુક્ત ઉદાહરણ તદાકાર સ્થાપનાનું છે. ચાવલ આદિમાં જે પહેલાં અરિહંતની સ્થાપના કરવામાં આવતી હતી તે અતદાકાર સ્થાપના છે અથવા શતરંજના મોહરામાં જે ઘોડા, હાથી, પ્યાદા આદિની સ્થાપના કરવામાં આવે છે તે અતદાકાર સ્થાપના છે.

જો કે નામ અને સ્થાપના બંનેય અતદ્ગુણ (ગુણ રહિત) છે તો પણ બંનેમાં તફાવત છે. જો કોઈનું નામ 'જિન' રાખ્યું હોય તો તેને માણસો ફક્ત તે નામથી બોલાવશે. 'જિન'ની જે પૂજ્યતા હોય છે, તે પૂજ્યતા ત્યાં નથી. પરંતુ સ્થાપનામાં જેની સ્થાપના કરવામાં આવે છે, તેનો જેવો આદર સત્કાર અથવા પૂજ્યતા અને ગુણ સ્તવન થાય છે તેવી જ તેની સ્થાપનામાં કરવામાં આવે છે. જેવી જિન (અરિહંત) ની પૂજ્યતા મૂળ જિનમાં છે તેવી જ તેમની સ્થાપિત મૂર્તિમાં પણ છે. બસ આ જ અંતર છે.

**ऋजुनयनिरपेक्षतया, सापेक्षं भाविनैगमादिनयैः ।**
**छद्मस्थो जिन जीवो जिन इव मान्यो यथात्र तद्रव्यम् ।।७४३।।**

**અર્થ :–** ઋજુસૂત્ર નયની અપેક્ષા ન રાખનાર પરંતુ ભાવિ નૈગમ આદિ નયોની અપેક્ષા રાખનાર દ્રવ્ય નિક્ષેપ છે. જેમ કે– છદ્મસ્થ જિનના જીવને સાક્ષાત્ જિન સમાન સમજવો તે.

**ભાવાર્થ :–** દ્રવ્ય નિક્ષેપ તદ્ગુણ હોય છે પરંતુ પદાર્થમાં જે ગુણ ભવિષ્યમાં પ્રગટવાના છે અથવા પહેલાં પ્રગટી ગયા છે તે ગુણોવાળો તેને વર્તમાનમાં કહેવો એ

જ દ્રવ્ય નિક્ષેપ છે. જેમકે મહાવીર સ્વામી સર્વજ્ઞ થયા પછી જિન કહેવાયા હતા, પરંતુ તેમને અલ્પજ્ઞ અવસ્થામાં જ જિન કહેવા, એ ભાવિ દ્રવ્યનિક્ષેપ છે તથા મહાવીર સ્વામીને મોક્ષ પામ્યાને આજે ૨૫૧૩ વર્ષ વીતી ગયા પરંતુ દિવાળીના દિવસે એમ કહેવું કે મહાવીર સ્વામી આજે જ મોક્ષ પામ્યા છે તે ભૂત દ્રવ્યનિક્ષેપ છે. દ્રવ્ય નિક્ષેપ વર્તમાન ગુણોની અપેક્ષા રાખતો નથી, તેથી તે ઋજુસૂત્રનયનો વિષય નથી. પરંતુ ભૂત અને ભાવિ નૈગમનયનો વિષય છે.

**तत्पर्यायो भावो यथा जिनः समवशरणसंस्थितिकः।**
**घातिचतुष्टयरहितो ज्ञानचतुष्टययुतो हि, दिव्यवपुः।।७४४।।**

**અર્થ :–** વર્તમાનમાં જે પદાર્થ 'જે પર્યાય' સહિત હોય તેને તે જ પર્યાયવાળો કહેવો તે ભાવનિક્ષેપ છે. જેમકે સમવસરણમાં બિરાજમાન, ચાર ઘાતી કર્મોથી રહિત, અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય, આ અનંત ચતુષ્ટયથી વિશિષ્ટ, પરમ ઔદારિક શરીરવાળા અરિહંત–જિનને જિન કહેવા તે.

**ભાવાર્થ :–** ભાવનિક્ષેપ, વર્તમાન તદ્ગુણવાળા પદાર્થનું વર્તમાનમાં જ નિરૂપણ કરે છે તેથી ઋજુસૂત્રનય અને એવંભૂતનયનો વિષય છે. જો તે શબ્દની વાચ્ય માત્ર પર્યાયનું નિરૂપણ કરે તો તો તે એવંભૂતનયનો વિષય છે અને જો તે પદાર્થની બધી અર્થપર્યાયોનું વર્તમાનમાં નિરૂપણ કરે તો તે ઋજુસૂત્રનયનો વિષય છે. * દ્રવ્ય નિક્ષેપ અને ભાવનિક્ષેપ બંનેય તદ્ગુણ છે તો પણ તેમનામાં કાળ ભેદ છે.

---

* કેટલાક લોકો પાસેથી એવી પણ શંકા સાંભળવા મળે છે કે ભાવનિક્ષેપ, ઋજુસૂત્રનય અને એવંભૂતનય, આ ત્રણેમાં શું અંતર છે, કેમકે ત્રણેય વર્તમાન પદાર્થનું નિરૂપણ કરે છે. એવા માણસોની શંકાનો પરિહાર ઉપરના કથનથી સારી રીતે થઈ જાય છે. અમે લખી ગયા છીએ કે નિક્ષેપ અને નયોમાં તો વિષય અને વિષયીનો તફાવત છે. ઋજુસૂત્ર અર્થનય છે, એવંભૂત શબ્દનય છે અર્થાત્ ઋજુસૂત્રનય પદાર્થની વર્તમાન સમસ્ત અર્થપર્યાયોનું ગ્રહણ કરે છે અને એવંભૂત બોલેલા શબ્દની વાચ્યમાત્ર વર્તમાન ક્રિયાનું ગ્રહણ કરે છે. તેથી બંનેમાં મહાન અંતર છે, પરંતુ ભાવનિક્ષેપ જ્ઞાનાત્મક નથી. પરંતુ પદાર્થની વર્તમાન પર્યાય છે.

**दिङ्मात्रमय कथिंत व्यासादपि तच्चतुष्टयं यावत्।**
**प्रत्येकमुदाहरणं ज्ञेयं जीवादिकेषु चार्थेषु।७४५।।**

**અર્થ :–** અહીં ચારે નિક્ષેપોનું સંક્ષિપ્ત સ્વરૂપ કહેવામાં આવ્યું છે. એનું વિસ્તારથી કથન અને પ્રત્યેકનું ઉદાહરણ જીવાદિ પદાર્થોમાં સારી રીતે ઘટાવવું જોઈએ. બીજા ગ્રંથમાં પણ ઉદાહરણ સહિત ચારે નિક્ષેપોનો ઉલ્લેખ આ રીતે છે —

**णाम जिणा जिण णामा ठवणजिणा जिणिंदपडिमाए।**
**दव्वजिणा जिणजीवा भावजिणा समवसरणत्था।।१।।**

**અર્થ :–** (કોઈનું) જિન નામ રાખવું તે નામ જિન કહેવાય છે. જિનેન્દ્રની પ્રતિમા તે સ્થાપના જિન કહેવાય છે. જિનનો જીવ તે દ્રવ્યજિન કહેવાય છે અને સમવસરણમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવાન ભાવ જિન કહેવાય છે.

પ્રતિજ્ઞા

**उक्तं गुरूपदेशान्नयनिक्षेपप्रमाणमिति तावत्।**
**द्रव्यगुणपर्ययाणामुपरि यथासंभवं दधाम्यधुना।।७४६।।**

**અર્થ :–** ગુરુ (પૂર્વાચાર્ય) ના ઉપદેશથી નય, નિક્ષેપ અને પ્રમાણનું સ્વરૂપ મેં કહ્યું. હવે તેમને દ્રવ્ય, ગુણ, પર્યાયો ઉપર હું (ગ્રંથકાર) યથાયોગ્ય રીતે ઘટાવું છું.

**ભાવાર્થ :–** હવે ગ્રંથકાર નય પ્રમાણને નિક્ષેપો ઉપર ઘટાવે છે. પહેલાં તેઓ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયોના વિષય બતાવશે.

દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયોનો વિષય

**तत्त्वमनिर्वचनीयं शुद्धद्रव्यार्थिकस्य भवति मतम्।**
**गुणपर्ययवद्द्रव्यं पर्यायार्थिकनयस्य पक्षोऽयम्।।७४७।।**

**અર્થ :–** તત્ત્વ અનિર્વચનીય છે અર્થાત્ વચન અગોચર છે. આ શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો પક્ષ છે. તથા તત્ત્વ (દ્રવ્ય) ગુણ, પર્યાયવાળું છે આ પર્યાયાર્થિકનયનો પક્ષ છે.

**ભાવાર્થ :–** તત્ત્વમાં અભેદબુદ્ધિ થવી તે દ્રવ્યાર્થિકનય અને તેમાં ભેદબુદ્ધિ થવી તે પર્યાયાર્થિકનય છે.

પ્રમાણનો વિષય

**यदिदमनिर्वचनीयं गुणपर्ययवत्तदेव नास्त्यन्यत्।**
**गुणपर्ययवद्यदिदं तदेव तत्त्वं तथा प्रमाणमिति।।७४८।।**

**અર્થ :–** જે તત્ત્વ અનિર્વચનીય છે તે જ ગુણ પર્યાયવાળું છે અન્ય નહિ તથા જે તત્ત્વ ગુણ પર્યાયવાળું છે, તે જ તત્ત્વ છે, એ જ પ્રમાણનો વિષય છે.

**ભાવાર્થ :–** વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે. વસ્તુનો સામાન્ય અંશ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. તેનો વિશેષ અંશ પર્યાયાર્થિકનયનો વિષય છે તથા સામાન્ય વિશેષાત્મક–ઉભયાત્મક વસ્તુ પ્રમાણનો વિષય છે. પ્રમાણ એક જ સમયમાં અવિરુદ્ધપણે બંને ધર્મોનો વિષય કરે છે.

ભેદ અભેદ પક્ષ

**यद्द्रव्यं तन्न गुणो योपिगुणस्तन्न द्रव्यमिति चार्थात्।**
**पर्पायोपि यथा स्याद् ऋजसूत्रनयपक्षः स्वपक्षमात्रत्वात्।।७४९।।**

**यदिदं द्रव्यं गुणो योपि गुणो द्रव्यमेतदेकार्थात्।**
**तदुभयपक्षे दक्षो विवक्षितः प्रमाणपक्षोऽयम्।।७५०।।**

**અર્થ :–** જે દ્રવ્ય છે, તે ગુણ નથી, જે ગુણ છે તે દ્રવ્ય નથી તથા જે દ્રવ્ય ગુણ છે તે પર્યાય નથી. આ ઋજુસૂત્રનય (પર્યાયાર્થિકનય) નો પક્ષ છે કેમકે ભેદ પક્ષ જ પર્યાયાર્થિકનયનો પક્ષ છે તથા જે દ્રવ્ય છે તે જ ગુણ છે, જે ગુણ છે તે જ દ્રવ્ય છે. ગુણ દ્રવ્ય બંનેનો એક જ અર્થ છે. આ અભેદ પક્ષ દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે તથા ભેદ

અને અભેદ આ બંને પક્ષોમાં સમર્થ વિવક્ષિત પ્રમાણ પક્ષ છે.

**पृथगादानमशिष्टं निक्षेपो नयविशेष इव यस्मात्।**
**तदुदाहरणं नियमादस्ति नयानां निरूपणावसरे।७५१।।**

**અર્થ :–** નય અને પ્રમાણની જેમ નિક્ષેપોનું સ્વતંત્ર નિરૂપણ કરવું વ્યર્થ છે કેમકે નિક્ષેપોનું ઉદાહરણ નયોના વિવેચનમાં નિયમથી કરવામાં આવ્યું છે.

એક અનેક પક્ષ

**अस्ति द्रव्यं गुणोऽथवा पर्यायस्तत्त्रयं मिथोऽनेकम्।**
**व्यवहारैकविशिष्टो नयः स वाऽनेकसंज्ञकोन्यायात्।।७५२।।**

**અર્થ :–** દ્રવ્ય અથવા ગુણ અથવા પર્યાય, આ ત્રણેય અનેક છે. વ્યવહાર વિશિષ્ટ એ જ નય અનેક સંજ્ઞાવાળો કહેવાય છે અર્થાત્ વ્યવહાર નામ પર્યાયનું છે. પર્યાય વિશિષ્ટ અનેક અનેક પર્યાયાર્થિકનય કહેવાય છે.

**एकं सदिति द्रव्यं गुणोऽथवा पर्ययोऽथबा नाम्ना।**
**इतरद्वयमन्यतरं लब्धमनुक्तं स एकनयपक्षः।।७५३।।**

**અર્થ :–** દ્રવ્ય અથવા ગુણ પર્યાય એ ત્રણેય એક નામથી સત્ કહેવાય છે અર્થાત્ ત્રણેય અભિન્ન એક સત્‌રૂપ છે. એક કહેવાથી બાકીના બેનું કહ્યા વિના જ ગ્રહણ થઈ જાય છે. આ જ એક નયનો પક્ષ છે અર્થાત્ એક પર્યાયાર્થિકનયનો પક્ષ છે.

**न द्रव्यं नापि गुणो न च पर्यायो निरंशदेशत्वात्।**
**व्यक्तं न विकल्पादपि शुद्धद्रव्यार्थिकस्य मतमेतत्।७५४।।**

**અર્થ :–** ન દ્રવ્ય છે, ન ગુણ છે, ન પર્યાય છે અને ન વિકલ્પ ગુણ દ્વારા પણ

પ્રગટ છે પરંતુ નિરંશ દેશાત્મક (તત્ત્વ) છે. આ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે.

**द्रव्यगुणपर्ययाख्यैर्यदनेकं सद्विभिद्यते हेतोः ।**
**तदमेद्यमनंशत्वादेकं सदिति प्रमाणमतमेतत् ।।७५५।।**

**અર્થ :–** કારણવશ જે સત્ દ્રવ્ય ગુણ પર્યાયો દ્વારા અનેકરૂપ ભિન્ન કરવામાં આવે છે તે જ સત્ અંશરહિત હોવાથી અભિન્ન એક છે. આ એક અનેકાત્મક ઉભયરૂપ પ્રમાણપક્ષ છે.

અસ્તિ નાસ્તિ પક્ષ

**अपि चास्ति सामान्यमात्रादथवा विशेषमात्रत्वात् ।**
**अविवक्षितो विपक्षो यावदनन्यः स तावदस्तिनयः ।।७५६।।**

**અર્થ :–** વસ્તુ સામાન્યમાત્રથી છે અથવા વિશેષમાત્રથી છે. જ્યાં સુધી વિપક્ષનય અવિવક્ષિત (ગૌણ) રહે છે ત્યાં સુધી અનન્યરૂપે એક અસ્તિનય જ પ્રધાન રહે છે.

**नास्ति च तदिह विशेषैः सामान्यस्यविवक्षितायां वा ।**
**सामान्यैरितरस्य च गौणत्वे सति भवति नास्ति नयः ।।७५७।।**

**અર્થ :–** વસ્તુ સામાન્યની વિવક્ષામાં વિશેષરૂપે નથી અથવા વિશેષની વિવક્ષામાં સામાન્યરૂપે નથી. અહીં નાસ્તિનય જ પ્રધાન રહે છે.

**द्रव्यार्थिकनयपक्षादस्ति न तत्त्वं स्वरूपतोऽपि ततः ।**
**न च नास्ति परस्वरूपात् सर्वविकल्पातिगं यतो वस्तु ।।७५८।।**

**અર્થ :–** દ્રવ્યાર્થિકનયની અપેક્ષાથી વસ્તુ સ્વરૂપથી પણ અસ્તિરૂપ નથી અને પરરૂપથી નાસ્તિરૂપ પણ નથી કેમકે સર્વ વિકલ્પોથી રહિત જ વસ્તુનું સ્વરૂપ છે.

**यदिदं नास्ति स्वरूपभावादस्ति स्वरूपसद्भावात्।**
**तद्वाच्यात्ययरचितं वाच्यं सर्वं प्रमाणपक्षस्य।।७५९।।**

**અર્થ :–** જે વસ્તુ સ્વરૂપાભાવથી નાસ્તિરૂપ છે અને જે સ્વરૂપ સદ્ભાવથી અસ્તિરૂપ છે તે જ વસ્તુ વિકલ્પાતીત (અવક્તવ્ય) છે. આ બધો પ્રમાણ પક્ષ છે અર્થાત્ પર્યાયાર્થિક નયથી અસ્તિરૂપ અને દ્રવ્યાર્થિકનયથી વિકલ્પાતીત તથા પ્રમાણથી ઉભયાત્મક વસ્તુ છે.

નિત્ય અનિત્ય પક્ષ

**उत्पद्यते विनश्यति सदिति यथास्वं प्रतिक्षणं यावत्।**
**व्यवहार विशिष्टोड्यं नियतमनित्यो नयः प्रसिद्धः स्यात्।।७६०।।**

**અર્થ :–** સત્-પદાર્થ પોતાની જાતે પ્રતિક્ષણ ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. આ પ્રસિદ્ધ વ્યવહાર વિશિષ્ટ અનિત્યનય અર્થાત્ અનિત્ય વ્યવહાર (પર્યાયાર્થિક) નય છે.

**नोत्पद्यते न नश्यति ध्रुवमिति सत्स्यादनन्यथावृत्तेः।**
**व्यवहारन्तर्भूतो नयः स नित्योऽप्यनन्यशरणः स्यात्।।७६१।।**

**અર્થ :–** સત્ ન તો ઉત્પન્ન થાય છે અને ન નષ્ટ પણ થાય છે પરંતુ અન્યથાભાવ ન હોવાથી તે નિત્ય છે. આ અનન્ય શરણ (સ્વપક્ષ નિયત) નિત્ય વ્યવહારનય છે.

**न विनश्यति वस्तु यथा वस्तु तथा नैव जायते नियमात्।**
**स्थितिमेति न केवलमिह भवति स निश्चयनयस्य पक्षश्च।।७६२।।**

**અર્થ :–** જેમ વસ્તુ નાશ પામતી નથી તેવી રીતે તે નિયમથી ઉત્પન્ન પણ થતી નથી તથા ધ્રુવ પણ નથી. આ કેવળ નિશ્ચયનયનો પક્ષ છે.

**ભાવાર્થ :–** ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રણેય એક સમયમાં થનારી સત્‌ની પર્યાયો છે. તેથી આ પર્યાયોને પર્યાયાર્થિકનય વિષય કરે છે, પરંતુ નિશ્ચયનય સર્વ વિકલ્પોથી રહિત વસ્તુને વિષય કરે છે.

**यदिदं नास्ति विशेषैः सामान्यस्याविवक्षया तदिदम्।**
**उन्मज्जत्सामान्यैरस्ति तदेतत्प्रमाणमविशेषात्।।७६३।।**

**અર્થ :–** જે વસ્તુ સામાન્યની અવિવક્ષામાં વિશેષોથી નથી તે જ વસ્તુ સામાન્યની વિવક્ષાથી છે. એ જ સામાન્ય રીતે પ્રમાણ પક્ષ છે.

**ભાવાર્થ :–** વિશેષ નામ પર્યાયનું છે. પર્યાયો અનિત્ય હોય છે તેથી વિશેષની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે, સામાન્યની અપેક્ષાએ તે નિત્ય પણ છે. પ્રમાણની અપેક્ષાએ તે નિત્યાનિત્યાત્મક છે.

ભાવ અભાવ પક્ષ

**अभिनवभाव परिणतेर्योऽयं वस्तुन्यपूर्वसमयोयः।**
**इति यो वदति स कश्चित् पर्यायार्थिकनयेष्वभावनयः।।७६४।।**

**અર્થ :–** નવીન પરિણામ ધારણ કરવાથી વસ્તુમાં નવીન જ ભાવ થાય છે, એમ જે કોઈ કહે છે તે પર્યાયાર્થિકનયોમાં અભાવનય છે.

**परिणममानेऽपि तथा भूतैर्भावैर्विनश्यमानेऽपि।**
**नायमपूर्वो भावः पर्यायार्थिकविशिष्टभावनयः।।७६५।।**

**અર્થ :–** વસ્તુનું પરિણમન થવા છતાં પણ તથા તેના પૂર્વના ભાવોનો વિનાશ થવા છતાં પણ વસ્તુમાં નવીન ભાવ થતો નથી પરંતુ જેવોને તેવો જ રહે છે, તે પર્યાયાર્થિક ભાવનય છે.

**शुद्धद्रव्यादेशादभिनवभावो न सर्वतो वस्तुनि।**
**नाप्यनभिनवश्च यतः स्यादभूतपूर्वो न भूतपूर्वो वा।।७६६।।**

**અર્થ :–** શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી વસ્તુમાં સર્વથા નવીનભાવ પણ થતો નથી તથા પ્રાચીનભાવ પણ રહેતો નથી, કેમકે વસ્તુ ન તો અભૂતપૂર્વ છે અને ન તો ભૂતપૂર્વ અર્થાત્ શુદ્ધ દ્રવ્યાર્થિકદ્રષ્ટિથી વસ્તુ ન નવીન છે અને ન પુરાણી છે પરંતુ જેવી છે તેવી જ છે.

**अभिनवभावैर्यदिदं परिणममानं प्रतिक्षणं यावत्।**
**असदुत्पन्नं न हि तत्सन्नष्टं वा न प्रमाणमतमेतत्।।७६७।।**

**અર્થ :–** જે સત્ પ્રતિક્ષણ નવા નવા ભાવો રૂપે પરિણમે છે તે ન તો અસત્ ઉત્પન્ન થાય છે અને ન સત્ વિનાશ પણ પામે છે, આ જ પ્રમાણપક્ષ છે.

**इत्यादि यथासम्भवमुक्तमिवानुक्तमपि च नयचक्रम्।**
**योज्यं यथागमादिह प्रत्येकमनेकभावयुतम्।।७६८।।**

**અર્થ :–** ઇત્યાદિ અનેક ધર્મોને ધારણ કરનાર બીજા પણ નય સમૂહ જે અહીં કહેવામાં આવ્યા નથી, તેને પણ કહ્યા સમાન જ સમજવા જોઈએ તથા દરેક નયને આગમ અનુસાર યથાયોગ્ય (જ્યાં જેવી અપેક્ષા હોય તેમ) ઘટાવવા જોઈએ.

પૂર્વાર્ધ સમાપ્ત

ૐ

# પંચાધ્યાયી (ઉત્તરાર્ધ)

## બીજો અધ્યાય

(સુબોધિની હિન્દી ભાષાટીકાનો ગુજરાતી અનુવાદ)

સામાન્ય સદ્‌ગુણ દ્રવ્ય પર્યાય વ્યયાત્પાદન ધ્રૌવ્ય કી,
વ્યવહાર નિશ્ચયનય કથન કી અનેકાંત પ્રમાણ કી.
અતિ વિશદ વ્યાખ્યા હો ચુકી પૂર્વાર્દ્ધ મેં અબ ધ્યાન સે,
સમ્યક્‌ત્વ કી વ્યાખ્યા પઢો ભવ હરો સમ્યગ્જ્ઞાન સે.

**सिद्धं विशेषवद्वस्तु सत्सामान्यं स्वतो यथा।**
**नासिद्धो धातुसंज्ञोऽपि कश्चिम् पीतः सितोऽपरः।।१।।**

**અર્થ :–** જેમ વસ્તુનો સામાન્ય ધર્મ સ્વયંસિદ્ધ છે તેમ વસ્તુનો વિશેષ ધર્મ પણ સ્વતઃસિદ્ધ છે. જેમાં સામાન્ય ધર્મ પ્રાપ્ત થાય છે તેમાં જ વિશેષ ધર્મ પણ પ્રાપ્ત થાય છે. આ વાત અસિદ્ધ નથી. જેમ કોઈ વસ્તુને 'ધાતુ' સંજ્ઞા આપવામાં આવે છે એ તો સામાન્ય છે, ચાંદી પણ ધાતુ કહેવાય છે, સોનુ પણ ધાતુ કહેવાય છે તેથી ધાતુ શબ્દ તો સામાન્ય છે, પરંતુ કોઈ ધાતુ પીળી છે અને કોઈ સફેદ છે. આ પીળા અને સફેદનું જે કથન છે તે વિશેષની અપેક્ષાથી છે.

**ભાવાર્થ :–** (સંસારમાં) જગતમાં જેટલા પદાર્થો છે તે બધામાં સામાન્ય ધર્મ પણ પ્રાપ્ત થાય છે અને વિશેષ ધર્મ પણ પ્રાપ્ત થાય છે. વસ્તુને કેવળ સામાન્ય ધર્મવાળી માનવી અથવા કેવળ વિશેષ ધર્મવાળી માનવી એ મિથ્યાત્વ છે. જો સામાન્ય તથા વિશેષ બંને રૂપવાળું ય વસ્તુનું સ્વરૂપ માનવામાં આવે પરંતુ નિરપેક્ષ માનવામાં આવે, તો તે પણ મિથ્યા જ છે. તેથી પરસ્પર એકબીજાની અપેક્ષા સહિત સામાન્ય વિશેષાત્મક ઉભય સ્વરૂપ જ વસ્તુ છે. આ જ વાતને પ્રમાણનો વિષય બતાવતાં સ્વામી માણિક્યનંદિ

આચાર્યે પણ કહ્યું છે કે 'सामान्यविशेषात्मा तदर्थो विषयः।' એનો આશય એ છે કે દ્રવ્ય પર્યાય સ્વરૂપ ઉભયાત્મક (સામાન્ય વિશેષાત્મક) જ વસ્તુ પ્રમાણનો વિષય છે. કેવળ દ્રવ્યરૂપ અથવા કેવળ પર્યાયરૂપ નયનો વિષય છે અને તે નય વસ્તુના એક દેશને વિષય કરે છે. પ્રમાણ આખી વસ્તુને વિષય કરે છે, તેથી વસ્તુનું પૂર્ણરૂપ દ્રવ્ય પર્યાયાત્મક છે. આ જ કારણે દ્રવ્યદૃષ્ટિથી વસ્તુ સદા રહે છે તેનો કદી નાશ થતો નથી પરંતુ પર્યાયદૃષ્ટિથી વસ્તુનો નાશ થઈ જાય છે, કેમકે પર્યાયો સદા એકસરખી રહેતી નથી, ઉત્તરોત્તર બદલ્યા કરે છે. દ્રવ્ય પર્યાયની અપેક્ષાથી જ વસ્તુ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે.

## સામાન્ય વિશેષમાં અંતર

**बहुव्यापकमेवैतत् सामान्यं सद्दशत्वतः।**
**अस्त्यल्पव्यापको यस्तु विशेषः सद्दशेतरः।।२।।**

**અર્થ :–** સામાન્ય ઘણી વસ્તુઓમાં રહે છે. કેમકે અનેક વસ્તુઓમાં રહેનાર સમાન ધર્મને જ સામાન્ય કહે છે. વિશેષ ઘણી વસ્તુઓમાં રહેતું નથી, પરંતુ ખાસ ખાસ વસ્તુઓમાં જુદું જુદું રહે છે, જે ઘણા ભાગમાં રહે તેને વ્યાપક કહે છે અને જે થોડા ભાગમાં રહે તેને વ્યાપ્ય કહે છે. સામાન્ય વ્યાપક છે અને વિશેષ વ્યાપ્ય છે. અસ્તિત્વ ગુણ એક દ્રવ્યના બધા અનંત ગુણોમાં રહે છે કારણ કે બધા ગુણ ભાવાત્મક છે પરંતુ જ્ઞાન, દર્શન આદિ ગુણ જુદા જુદા છે તેથી એક દ્રવ્યમાં અસ્તિત્વ ગુણ સામાન્ય છે. અને અન્ય ગુણ વિશેષ છે માટે એક દ્રવ્યમાં વ્યાપ્ય વ્યાપક ભાવ છે.

**ભાવાર્થ :–** સામાન્ય બે પ્રકારના છે. એક તિર્યંક્ સામાન્ય, બીજું ઊર્ધ્વતા સામાન્ય. વસ્તુઓના સમાન પરિણામને (આકારને) જ તિર્યંક્ સામાન્ય કહે છે. જેવી રીતે કાળી, પીળી, લીલી, સફેદ, કાબરચિતરી, ખંડી, મુંડી આદિ બધી જાતની ગાયોમાં બધીનું એક સરખું જ ગાયરૂપ પરિણમન થાય છે. તેથી બધીને ગાય કહે છે. વાસ્તવમાં જોવામાં આવે તો કાળી ગાયનું પરિણમન કાળી ગાયમાં જ છે. પીળીનું પીળીમાં જ છે. એવી જ રીતે બધી ગાયોનું પરિણમન જુદું જુદું છે. પરંતુ જુદું જુદું, હોવા છતાં પણ સમાન છે તેથી તે સમાનતાના કારણે બધીઓને ગાય શબ્દથી બોલાવીએ છીએ. આનું જ

નામ ગાયત્વ સામાન્ય છે. સમાન પરિણામ સિવાય ગાયત્વ જાતિ બીજી કાંઈ વસ્તુ નથી.

પૂર્વ અને ઉત્તર પર્યાયમાં રહેનાર દ્રવ્યને ઊર્ધ્વતા સામાન્ય કહે છે. જેમકે એક માટીનો ઘડો ફોડી નાખવાથી તેના બે ટુકડા થઈ જાય છે. પછી નાના નાના અનેક ટુકડા થઈ જાય છે. તે ટુકડાઓની ધૂળ થઈ જાય છે. એવી જ રીતે બીજી પણ કેટલીય અવસ્થાઓ થઈ જાય છે. પરંતુ માટી બધી અવસ્થાઓમાં રહે છે.

આ શ્લોકમાં 'सदशत्वतः' એવો જે સામાન્યની વ્યાપકતામાં હેતુ આપ્યો છે. તે નૈયાયિક દર્શનમાં માનેલી સામાન્ય જાતિનું નિરાકરણ કરે છે, નેયાયિકોએ સામાન્ય જાતિને એક સ્વતંત્ર પદાર્થ માન્યો છે. તેને નિત્ય અને વ્યાપક પણ માન્યો છે. તેઓ સામાન્ય બે પ્રકારે માને છે, એક મહાસત્તા, બીજી અવાન્તર (અંતર્ગત) સત્તા. મહાસત્તા દ્રવ્ય, ગુણ, કર્મ ત્રણેમાં રહે છે. અવાન્તર સત્તાઓ ઘણી છે. આખી દુનિયાના બધા ઘડામાં એક જ ઘટત્વની જાતિ છે અને તે નિત્ય છે. એવો તેમનો સિદ્ધાંત છે. પરંતુ આ સિદ્ધાંત યોગ્ય નથી. જો બધા ઘડાઓમાં એક જ ઘટત્વ જાતિ માનવામાં આવે તો તે દોરડાની જેમ એકસરખી રીતે સર્વત્ર ફેલાશે, એવી સ્થિતિમાં જ્યાં ઘટ નથી ત્યાં પણ તે મળશે અને તેના સંબંધથી ઘટથી ભિન્ન પદાર્થ પણ ઘટ કહેવાશે. એ જ પ્રમાણે તેને નિત્ય માનવામાં ઘટનો કદી નાશ ન થવો જોઈએ. એવી જ રીતે બીજા પણ અનેક દોષ આવે છે તેથી વસ્તુના સદૃશ પરિણમન સિવાય તેનાથી ભિન્ન સામાન્ય નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી.

પ્રગટતા વિનાના સામાન્યથી કાંઈ પ્રયોજન સરતું નથી. ગાયમાંથી દૂધ દોહવામાં આવે છે. ગાયત્વમાંથી કોઈ દૂધ દોહી શકતું નથી. આ જ વાત શ્રી વિદ્યાનંદિ સ્વામીએ અષ્ટસહસ્ત્રમાં લખી છે કે 'न खलु सर्वात्मना सामान्य वाच्यं तत्प्रतिपत्तेरर्थक्रियां प्रत्यनुपयोगात् न हि गोतां वाहदोहादौ उपयुज्यते' તેથી સ્વતંત્ર ગોત્વ જાતિ નામની કોઈ ચીજ નથી. કેવળ સમાન ધર્મને જ સામાન્ય સમજવું જોઈએ.

એવી જ રીતે વિશેષ પણ બે પ્રકારે છે, એક પર્યાય બીજું વ્યતિરેક. એક દ્રવ્યમાં ક્રમપૂર્વક થનાર પરિણામોને પર્યાય કહે છે. જેવી રીતે આત્મામાં કોઈ વાર હર્ષ થાય છે, કોઈ વાર વિવાદ થાય છે, કોઈ વાર દુઃખ થાય છે, કોઈ વાર સુખ થાય છે.

એક પદાર્થની અપેક્ષાએ બીજા પદાર્થમાં જે વિલક્ષણ પરિણામ થાય છે તેને વ્યતિરેક

કહે છે. જેવી રીતે ગાયથી ભેંસના પરિણામ ભિન્ન હોય છે. પુસ્તકથી બાજોઠ (પુસ્તક મૂકવાનું સાધન) ના પરિણામ ભિન્ન હોય છે, તેથી ગાયથી ભેંસ જુદી છે અને પુસ્તકથી બાજોઠ જુદો છે.

જેમ X સામાન્ય સ્વતંત્ર નથી તેવી જ રીતે વિશેષ પણ વસ્તુના પરિણમન વિશેષ સિવાય બીજી કોઈ વસ્તુ નથી. જેઓ સર્વથા વિશેષને દ્રવ્યથી ભિન્ન જ માને છે તેઓ પણ યુક્તિ અને અનુભવથી રહિત છે.

## વિશેષ દ્રવ્યોનું સ્વરૂપ

**जीवाजीवविशेषोऽस्ति द्रव्याणां शब्दतोऽर्थतः।**
**चेतनालक्षणो जीवः स्यादजीवोऽप्यचेतनः।।३।।**

**અર્થ :–** દ્રવ્યના મૂળ બે ભેદ છે : જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય. આ બંને ભેદ શબ્દની અપેક્ષાએ પણ છે અને અર્થની અપેક્ષાએ પણ છે. જીવ અને અજીવ આ બે વાચકરૂપ શબ્દ છે. તેમના વાચ્ય પણ બે પ્રકારે છે. એક જીવ બીજું અજીવ. આ રીતે શબ્દની અપેક્ષાએ બે ભેદ છે. અર્થની અપેક્ષાએ પણ બે ભેદ છે. જેમાં જ્ઞાન, દર્શનાદિ ગુણ ન હોય તે અજીવ દ્રવ્ય છે.

**ભાવાર્થ :–** 'जित्तियमित्ता सद्दा तित्तियमिताण होंति परमत्था' જેટલા શબ્દો હોય છે, તેટલા જ તેમના વાચ્યરૂપ અર્થ પણ હોય છે. જીવ અને અજીવ આ બે શબ્દો છે તેથી જીવ અને અજીવ રૂપ દ્રવ્ય એમના અર્થ છે. સામાન્યપણે બે જ દ્રવ્ય છે, એક જીવ અને બીજું અજીવ. પરંતુ વિશેષપણે અજીવના જ પાંચ ભેદ છે – પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આ રીતે કુલ છ દ્રવ્યો છે. એમાં જીવ દ્રવ્ય તો જ્ઞાનદર્શનવાળું છે બાકીના દ્રવ્યો જ્ઞાનદર્શનરહિત (જડ) છે. તેથી જીવ સિવાયના બધાને અજીવમાં ગ્રહણ કરવામાં આવે છે.

---

X સામાન્ય અને વિશેષનું વિશેષ કથન 'અષ્ટ સહસ્ત્રી' માં '.सत्सामान्यात्तु सर्वैक्य पुथग्द्रव्यादि भेदतः। भेदाभेदविवक्षायामसाधारण हेतुवत्' આ કારિકાની વ્યાખ્યા વિસ્તારથી કર્યું છે.

જીવ અજીવની સિદ્ધિ

**नासिद्धं सिद्धदृष्टांताच्चेतनाऽचेतनद्वयम्।**
**जीवद्वपुर्घटादिभ्यो विशिष्टं कथमन्यथा।।४।।**

**અર્થ :–** જીવ અને અજીવ અથવા ચેતન અને અચેતન આ બે પદાર્થો છે એ વાત અસિદ્ધ નથી. પ્રસિદ્ધ દૃષ્ટાંતથી જીવ અને અજીવ બંનેની સિદ્ધિ થઈ જાય છે. જો જીવ અને અજીવ બંનેને જુદા જુદા ન માનતા એકરૂપ જ માની લેવામાં આવે તો જીવના શરીરમાં અને ઘર, વસ્ત્ર આદિ જડ પદાર્થોમાં પ્રત્યક્ષ અંતર દેખાય છે. તે દેખાવું ન જોઈએ. આ પ્રત્યક્ષ ભેદથી જ જીવ અને અજીવની ભિન્ન ભિન્ન સિદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ :–** જો કે આત્મા અનંત ગુણાત્મક અમૂર્ત પદાર્થ છે તેથી તેનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. તોપણ અનાદિકાળથી મૂર્તકર્મોનો સંબંધ હોવાથી સંસારી આત્મા શરીરમાં અનુમાન પ્રમાણ અને સ્વાનુભવથી જાણી શકાય છે. પ્રત્યેક સંસારી જીવ જેવું શરીર પ્રાપ્ત કરે છે તે જ પ્રમાણે રહે છે. જે શરીરમાં આત્મા છે તે જ શરીર જીવિત શરીર કહેવાય છે. જીવિત શરીરમાં જે જે ક્રિયાઓ થાય છે તે જ ક્રિયાઓ આત્માની સિદ્ધિમાં પ્રમાણ છે. કોઈ બાબત વિશે પ્રશ્ન કરતાં બરાબર જવાબ મળવાથી તથા સમજણપૂર્વક કામ કરવાથી ચતુરાઈપૂર્વક બોલવાથી વગેરે બધી વાતોથી સારી રીતે સિદ્ધ થાય છે કે શરીર વિશિષ્ટ આત્મા જુદો પદાર્થ છે અને ઘટપટાદિ પદાર્થો જુદા છે.

જીવની સિદ્ધિમાં અનુમાન

**अस्ति जीवः सुखादीनां संवेदनसमक्षतः।**
**यो नैवं स न जीवोऽस्ति सुप्रसिद्धो यथा घटः।।५।।**

**અર્થ :–** જીવ એક સ્વતંત્ર પદાર્થ છે. આ વિષયમાં સુખાદિનું સ્વસંવેદન જ્ઞાન જ પ્રમાણ છે. જે સુખાદિનો અનુભવ કરતો નથી તે જીવ પણ નથી, જેમ કે એક ઘડો.

**ભાવાર્થ :–** હું સુખી છું અથવા હું દુઃખી છું, આ રીતે આત્મામાં માનસિક સ્વસંવેદન

(જ્ઞાન) પ્રત્યક્ષ થાય છે. સુખદુઃખનો અનુભવ જ આત્માને જડથી ભિન્ન સિદ્ધ કરે છે. ઘટ, વસ્ત્ર, આદિક જડ પદાર્થોમાં સુખદુઃખની પ્રતીતિ નથી તેથી તે જીવ પણ નથી. આ વ્યતિરેક વ્યાપ્તિથી સુખદુઃખાદિનો અનુભવ કરનાર જીવ પદાર્થ સિદ્ધ થાય છે.

**इति हेतुसनाथेन प्रत्यक्षेणावधारितः।**
**साध्यो जीवस्स्वसिद्ध्यर्थमजीवश्च ततोऽन्यथा।।६।।**

**અર્થ :–** 'जीवः अस्ति स्वसंवेदनप्रत्यक्षत्वात्' પૂર્વોક્ત શ્લોક અનુસાર આ અનુમાનથી જીવની સિદ્ધિ થાય છે. ઉપરના અનુમાન વાક્યમાં સ્વસંવેદન હેતુ પ્રત્યક્ષરૂપ છે. જીવનું અસ્તિત્વ (સત્તા) સાધ્ય છે. જેમાં પૂર્વોક્ત સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ હેતુ નથી. તે જીવથી ભિન્ન અજીવ પદાર્થ છે.

મૂર્ત અને અમૂર્ત દ્રવ્યનું વિવેચન

**मूर्तामूर्तविशेषश्च द्रव्याणां स्यान्निसर्गतः।**
**मूर्तं स्यादिन्द्रियग्राह्यं तदग्राह्यममूर्तिमत्।।७।।**

**અર્થ :–** છ એ દ્રવ્યોમાં કેટલાક દ્રવ્યો તો મૂર્ત છે અને કેટલાક અમૂર્ત છે. દ્રવ્યોમાં આ મૂર્ત અને અમૂર્તનો ભેદ સ્વભાવથી જ છે, કોઈ નિમિત્તે કરેલો નથી. જે ઇન્દ્રિયોથી જણાય તેને મૂર્ત કહે છે અને જે ઇન્દ્રિયોને ગોચર ન હોય તેને અમૂર્ત કહે છે.

**ભાવાર્થ :–** દ્રવ્યોમાં મૂર્ત અને અમૂર્ત વ્યવસ્થા સ્વાભાવિક છે. જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પ્રાપ્ત થાય તેને જ મૂર્ત કહે છે. તેથી બીજી રીતે મૂર્તનું લક્ષણ એમ બતાવ્યું છે કે જે ઇન્દ્રિયોથી જાણી શકાય તે જ મૂર્ત છે. મૂર્ત દ્રવ્યના ઉપર્યુક્ત બંને લક્ષણ અવિરુદ્ધ છે. વાસ્તવમાં તે જ ઇન્દ્રિયથી જાણી શકાય છે કે જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પ્રાપ્ત થાય છે. કેમકે ઇન્દ્રિયોના જ વિષય રૂપ, રસ, ગંધ, સ્પર્શ બને છે. ચક્ષુનો વિષય રૂપ છે, રસનાનો વિષય રસ છે, નાકનો વિષય ગંધ છે, સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે. કર્ણેન્દ્રિયનો વિષય શબ્દ પણ રૂપ, રસ, ગંધ, સ્પર્શાત્મક જ છે. તેથી વિષય વિષયીની અપેક્ષાથી જ મૂર્તનું લક્ષણ ઇન્દ્રિય વિષય કહેવામાં આવ્યું છે. જે ઇન્દ્રિય

ગોચર છે તે તો તે મૂર્ત અવશ્ય છે પરંતુ જે ઇન્દ્રિયગોચર નથી, તે પણ મૂર્ત છે જેમકે પુદ્‌ગલનું એક પરમાણુ. ઇન્દ્રિય ગોચર હોવામાં સ્થૂળતા કારણ છે. પરમાણુ સૂક્ષ્મ છે તેથી તે ઇન્દ્રિય ગોચર નથી. પરંતુ તે જ પરમાણુ સ્થૂળ સ્કંધમાં મળી જવાથી સ્થૂળરૂપે પરિણમીને ઇન્દ્રિય ગોચર થવા માંડે છે. હા, સ્પર્શનાદિ પ્રત્યક્ષ પરમાણુ અવસ્થામાં પણ હોઈ શકે છે. તેથી ઇન્દ્રિયગોચરપણું મૂર્તમાત્રમાં વ્યાપક છે, જે ઇન્દ્રિયગોચર નથી, તે અમૂર્ત છે.

મૂર્તની જેમ અમૂર્ત પણ યથાર્થ છે

**न पुनर्वास्तवं मूर्तममूर्तं स्यादवास्तवम्।**
**सर्वशून्यादिदोषाणां सन्निपातात्तथा सति।।८।।**

**અર્થ :–** મૂર્ત પદાર્થ જ વાસ્તવિક છે, અમૂર્ત પદાર્થ વાસ્તવિક નથી એવી વાત પણ નથી. કેમકે એમ માનવાથી સર્વ પદાર્થોની શૂન્યતાનો પ્રસંગ આવી જશે.

**ભાવાર્થ :–** કેટલાય જીવો જે પ્રત્યક્ષ હોય તેવા પદાર્થોને જ માને છે, પરોક્ષ પદાર્થોને માનતા નથી. પરંતુ પરોક્ષ પદાર્થોનો સ્વીકાર કર્યા વિના પદાર્થોની વ્યવસ્થા જ બની શકતી નથી. પરોક્ષ પદાર્થોની સત્તા અનુમાન અને આગમથી માનવામાં આવે છે. અવિનાભાવી હેતુથી અનુમાન પ્રમાણ માનવામાં આવે છે અને સ્વાનુભવ, અખંડ યુક્તિ અને અબાધકપણાથી આગમ પ્રમાણ માનવામાં આવે છે.

મૂર્તનું લક્ષણ

**स्पर्शो रसश्च गन्धश्च वर्णोऽमी मूर्तिसंज्ञकाः।**
**तद्योगान्मूर्तिमद्रव्यं तदयोगादमूर्तिमत्।।९।।**

**અર્થ :–** સ્પર્શ, ગંધ, રસ, વર્ણનું નામ જ મૂર્તિ છે. જેમાં મૂર્તિ હોય તે જ મૂર્ત દ્રવ્ય કહેવાય છે અને જેમાં રૂપ, રસ, ગંધ, વર્ણરૂપ મૂર્તિ ન હોય તે જ અમૂર્ત દ્રવ્ય કહેવાય છે.

**ભાવાર્થ :–** પુદ્‌ગલમાં રૂપ, રસ, ગંધ, વર્ણરૂપ મૂર્તિ હોય છે તેથી તે મૂર્ત કહેવાય છે. બાકીના દ્રવ્યોમાં ઉપર્યુક્ત મૂર્તિ હોતી નથી તેથી તે અમૂર્ત છે.

મૂર્ત જ ઇન્દ્રિય પ્રત્યક્ષ થાય છે

**नासंभवं भवेदेतत् प्रत्यक्षानुभवाद्यथा।**
**सन्निकर्षोऽस्ति वर्णाद्यैरिन्द्रयाणां न चेतरैः।।१०।।**

**અર્થ :–** ઇન્દ્રિયોનો X રૂપાદિકની સાથે જ સંબંધ થાય છે અને બીજા પદાર્થોની સાથે થતો નથી એ વાત અસંભવિત નથી, પરંતુ પ્રત્યક્ષ અને અનુભવથી સિદ્ધ છે.

અમૂર્ત પદાર્થ છે એમાં શું પ્રમાણ છે ?

**नन्वमूर्तार्थसद्भावे किं प्रमाणं वदाद्य नः।**
**यद्विनापीन्द्रियार्थाणां सन्निकर्षात् ख पुष्पवत्।।११।।**

**અર્થ :–** અહીં શંકાકાર કહે છે કે અમૂર્ત પદાર્થ પણ છે એમાં પ્રમાણ શું છે ? કેમકે જેટલા પદાર્થો છે તે બધાનો ઇન્દ્રિયોની સાથે સંબંધ હોય છે. અમૂર્ત પદાર્થનો ઇન્દ્રિયોની સાથે સંબંધ હોતો નથી. તેથી તેનું માનવું (અમૂર્ત પદાર્થ છે એમ માનવું) તે આકાશના ફૂલોને માનવા જેવું જ છે.

**ભાવાર્થ :–** જેમ આકાશના ફૂલ વાસ્તવમાં કોઈ પદાર્થ નથી તેથી તે ઇન્દ્રિય પ્રત્યક્ષ પણ થતા નથી. એવી જ રીતે અમૂર્ત પદાર્થ પણ કોઈ વાસ્તવિક પદાર્થ નથી. જો અમૂર્ત પદાર્થ વાસ્તવમાં હોત તો ઘટ, વસ્ત્ર આદિ પદાર્થોની જેમ તે પણ ઇન્દ્રિય પ્રત્યક્ષ થાત.

અહીં શંકાકારનો આશય એ જ છે કે જે પદાર્થો ઇન્દ્રિય પ્રત્યક્ષ હોય તે જ વાસ્તવમાં હોય છે, તેમનાથી જુદા કોઈ પદાર્થો નથી.

---

X મૂર્તિમાન પદાર્થ

શંકાકારને ઉત્તર

**नैवं यतः सुखादीनां संवेदनसमक्षतः ।**
**नासिद्धं वास्तवं तत्र किंत्वसिद्धं रसादिमत् ।।१२।।**

**અર્થ :–** અમૂર્ત પદાર્થની સત્તામાં કોઈ પ્રમાણ નથી એવું શંકાકારનું કથન બરાબર નથી. કેમકે સુખદુઃખાદિનું સ્વસંવેદન થવાથી આત્મા સારી રીતે સિદ્ધ છે. સુખદુઃખાદિને પ્રત્યક્ષ કરનાર આત્મા અસિદ્ધ નથી પરંતુ તેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ માનવા તે અસિદ્ધ છે.

વાસ્તવમાં ઇન્દ્રિયજ્ઞાન મલિન જ્ઞાન છે અને તેથી યથાર્થદ્રષ્ટિથી તે પરોક્ષ છે. તેનો વિષય પણ બહુ ઓછો અને સ્થૂળ છે. સૂક્ષ્મ પદાર્થોનું સ્પષ્ટ જ્ઞાન અતીન્દ્રિય પ્રત્યક્ષથી જ થાય છે. તેથી જેમને ઇન્દ્રિયથી જાણી શકાય છે તે જ પદાર્થો સાચા છે, બાકી કાંઈ નથી, એમ માનવું તે કોઈ રીતે યુક્તિ યુક્ત નથી.x

આત્મા રસાદિથી ભિન્ન છે

**तद्यथा तद्रसज्ञानं स्वयं तन्न रसादिमत् ।**
**यस्माज्ज्ञानं सुखंदुःखं यथा स्यान्न तथा रसः ।।१३।।**

**અર્થ :–** ઉપરના શ્લોકમાં રસાદિને આત્માથી ભિન્ન જ બતાવ્યા છે. તે જ વાતની અહીં સ્પષ્ટતા કરે છે. આત્મામાં જે રસનું જ્ઞાન થાય છે તે જ્ઞાન જ છે. રસનું જ્ઞાન થવાથી જ્ઞાન રસવાળું થઈ જતું નથી કેમકે રસ પુદ્‌ગલનો ગુણ છે તે જીવમાં કેવી રીતે આવી શકે ? જો રસ પણ આત્મામાં હોય તો જેમ જ્ઞાન, સુખ, દુઃખનો અનુભવ થવાથી આત્મા જ્ઞાની, સુખી, દુઃખી બની જાય છે તેમ રસમય પણ થઈ જાત પરંતુ એમ નથી.

x જે લોકો ઇન્દ્રિય પ્રત્યક્ષને જ માને છે તેમને પરલોકવાસી થયેલા પિતા, પિતામહ આદિની પણ સિદ્ધિ થઈ શકતી નથી. પિતા આદિની અસિદ્ધિમાં જન્યજનક સંબંધ પણ બનતો નથી.

સુખદુઃખાદિ જ્ઞાનથી ભિન્ન નથી

**नासिद्धं सुखदुःखादि ज्ञानानर्थान्तरं यतः।**
**चेतनत्वात् सुखंदुःखं ज्ञानादन्यत्र न क्वचित्।।१४।।**

**અર્થ :–** સુખદુઃખ આદિ જે ભાવ છે તે જ્ઞાનથી અભિન્ન છે અર્થાત્ જ્ઞાન સ્વરૂપ જ છે, કેમકે ચેતન ભાવોમાં જ સુખદુઃખનો અનુભવ થાય છે. જ્ઞાન સિવાય બીજે ક્યાંય સુખદુઃખાદિનો અનુભવ થઈ શકતો નથી.

સુખાદિક અજીવમાં નથી

**न पुनः स्वैरसञ्चारि सुखं दुःखं चिदात्मनि।**
**अचिदात्मन्यपि व्याप्तं वर्णादौ तदसम्भवात्।।१५।।**

**અર્થ :–** એવું નથી કે સુખદુઃખના ભાવ જીવ અને અજીવ બંનેમાં સ્વતંત્રપણે વ્યાપીને રહે. પરંતુ એ ભાવ જીવના જ છે. વર્ણાદિમાં આ ભાવોનું હોવું અસંભવિત છે.

**ભાવાર્થ :–** દ્રવ્યોમાં બે પ્રકારના ગુણ હોય છે. સામાન્ય અને વિશેષ. સામાન્ય ગુણ સમાનપણે બધા દ્રવ્યોમાં પ્રાપ્ત થાય છે પરંતુ વિશેષ ગુણોમાં એ વાત નથી. તે જે દ્રવ્યના હોય છે તેમાં જ અસામાન્યપણે રહે છે, બીજા (દ્રવ્ય)માં કદાપિ પ્રાપ્ત થતા નથી. સુખદુઃખાદિ જીવ દ્રવ્યના જ અસાધારણ, વૈભાવિક તથા સ્વાભાવિક ભાવ છે. તેથી તે જીવ દ્રવ્ય સિવાય અન્ય પુદ્‌ગલ આદિમાં પ્રાપ્ત થઈ શકતા નથી.

સારાંશ

**ततः सिद्धं चिदात्मादि स्यादमूर्तं तदर्थवत्।**
**प्रसाधितसुखादीनामन्यथाऽनुपपत्तितः।।१६।।**

**અર્થ :–** તેથી એ વાત સિદ્ધ થઈ ગઈ કે આત્મા આદિ અમૂર્ત પદાર્થ પણ વાસ્તવિક

છે. એમને ન માનવાથી સ્વાનુભવસિદ્ધ સુખદુઃખ આદિની પ્રાપ્તિ થઈ શકતી નથી.

શંકાકાર

**नन्वसिद्धं सुखादीनां मूर्तिमत्वादमूर्तिमत्।**
**तद्यथा यद्रसज्ञानं तद्रसो रसवद्यतः।।१७।।**

**तन्मूर्तत्वे कुतस्त्यं स्यादमूर्तं कारणाद्विना।**
**यत्साधनाविनाभूतं साध्यं न्यायानतिक्रमात्।।१८।।**

**અર્થ :–** સુખદુઃખ આદિ મૂર્ત છે તેથી તેમને અમૂર્ત માનવા એ અસિદ્ધ છે. જેમકે રસનું જ્ઞાન થાય છે તે રસસ્વરૂપ જ છે કેમકે તે જ્ઞાન રસવાળું છે, એવી જ રીતે સુખાદિમાં મૂર્તપણું સિદ્ધ થઈ જતાં વિના કારણે તેમનામાં અમૂર્તપણું કેવી રીતે આવી શકે ? અવિનાભાવી સાધનથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. એવો ન્યાયનો સિદ્ધાંત છે.

**ભાવાર્થ :–** શંકાકારનો અભિપ્રાય છે કે જે પદાર્થનું જ્ઞાન થાય છે તે જ્ઞાન તે જ રૂપે થઈ જાય છે. જે સમયે જ્ઞાન રૂપ, રસ, ગંધ, સ્પર્શને જાણી રહ્યું છે તે સમયે જ્ઞાન રૂપ, રસ, ગંધ, સ્પર્શાત્મક જ છે.

ઉત્તર

**नैवं यतो रसाद्यर्थं ज्ञानं तन्न रसः स्वयम्।**
**अर्थाज्ज्ञानममूर्तं स्यान्मूर्तं मूर्तोपचारतः।।१९।।**

**અર્થ :–** ઉપર જે શંકા ઉઠાવવામાં આવી છે તે બરાબર નથી, કેમકે જે રસાદિ પદાર્થોનું જ્ઞાન થાય છે તે સ્વયં રસરૂપ થઈ જતું નથી અર્થાત્ જ્ઞાન જ્ઞાન જ રહે છે અને તે અમૂર્ત જ છે. જો તે જ્ઞાનને મૂર્ત કહેવામાં આવે તો તે વખતે તેને કેવળ ઉપચાર માત્ર જ સમજવું જોઈએ.

**ભાવાર્થ :–** જો જે પદાર્થનું જ્ઞાન થાય તે સ્વયં તે જ રૂપે થઈ જાય તો દેવ અથવા

મનુષ્ય જે સમયે નારકીઓના સ્વરૂપનું જ્ઞાન કરે છે તો શું તે સમયે તેઓ નારકીરૂપ થઈ જાય છે ? તેથી જ્ઞાન પરપદાર્થને જાણે છે પરંતુ તે પદાર્થરૂપ સ્વયં થઈ જતું નથી. જે ક્ષયોપશમ જ્ઞાન છે તે પણ વાસ્તવિક દૃષ્ટિએ અમૂર્ત જ છે. કેમકે આત્માનો ગુણ છે. જ્ઞાન મૂર્ત પદાર્થોને જાણે છે તેથી તેને મૂર્ત માનવું એ કેવળ મૂર્તનો ઉપચાર છે. જ્ઞાનમાં કોઈ મૂર્તપણું આવતું નથી.

જ્ઞાનને મૂર્ત માનવામાં દોષ

**न पुनः सर्वथा मूर्तं ज्ञानं वर्णादिमद्यतः।**
**स्वसंवेद्याद्य भावः स्यात्तज्जडत्वानुषङ्गत।।२०।।**

**અર્થ :–** જ્ઞાન ઉપચારમાત્રથી તો મૂર્ત છે પરંતુ વાસ્તવમાં મૂર્ત નથી. તે વર્ણાદિને જાણે છે. તેથી તેમાં ઉપચાર છે. જો વાસ્તવમાં જ્ઞાન મૂર્ત થઈ જાય તો પુદ્‌ગલની જેમ જ્ઞાનમાં જડપણું પણ આવી જશે. અને એવી સ્થિતિમાં સ્વસંવેદન આદિનો અભાવ જ થઈ જશે.

**ભાવાર્થ :–** જ્યાં મુખ્ય પદાર્થ ન હોય પરંતુ કાંઈક પ્રયોજન અથવા નિમિત્ત હોય ત્યાં તે મુખ્યનો ઉપચાર કરવામાં આવે છે. જેમ લોકો બિલાડીને સિંહ કહી દે છે. બિલાડી જો કે સિંહ નથી તોપણ ક્રૂરતા, આકાર આદિ નિમિત્તોને કારણે બિલાડીમાં સિંહનો ઉપચાર કરી લેવામાં આવે છે. તેવી જ રીતે વર્ણાદિના આકારે જ્ઞાન થઈ જાય છે તેથી તે જ્ઞાનને ઉપચારથી મૂર્ત કહી દે છે, વાસ્તવમાં જ્ઞાન મૂર્ત નથી અન્યથા તે જડ થઈ જશે.

નિશ્ચિત સિદ્ધાંત

**तस्माद्वर्णादिशून्यात्मा जीवाद्यर्थोस्त्यमूर्तिमान्।**
**स्वीकर्तव्यः प्रमाणाद्वा स्वानुभूतेर्यथागमात्।।२१।।**

**અર્થ :–** તેથી વર્ણાદિકથી રહિત જીવાદિ પદાર્થ અમૂર્ત છે એમ ઉપર્યુક્ત પ્રમાણથી

સ્વીકાર કરવો જોઈએ અથવા સ્વાનુભવથી સ્વીકાર કરવો જોઈએ. આગમ પણ આ જ વાત બતાવે છે કે વર્ણાદિ પુદ્‌ગલના ગુણ છે અને બાકીના જીવાદિ પાંચ દ્રવ્યો અમૂર્ત છે.

### લોક અને અલોકનો ભેદ

**लोकालोकविशेषोऽस्ति द्रव्याणां लक्षणाद्यथा।**
**षड्द्रव्यात्मा स लोकोऽस्ति स्यादलोकस्ततोऽन्यथा।।२२।।**

**અર્થ :–** દ્રવ્યોના લક્ષણની અપેક્ષાએ જ લોક અને અલોકનો વિભાગ થાય છે. જ્યાં છ દ્રવ્ય પ્રાપ્ત થાય અથવા જે છ દ્રવ્ય સ્વરૂપ હોય તેને લોક કહે છે અને જ્યાં છ દ્રવ્ય પ્રાપ્ત ન થાય તેને અલોક કહે છે.

**ભાવાર્થ :–** લોક શબ્દનો એ જ અર્થ છે કે 'लोक्यन्ते षट् पदार्था यत्र असौ लोकः' અર્થાત્ જ્યાં છ પદાર્થ પ્રાપ્ત થાય અથવા દેખવામાં આવે તેને લોક કહે છે. જ્યાં છ પદાર્થ નથી પરંતુ કેવળ આકાશ જ હોય તેને અલોક કહે છે. તાત્પર્ય એ છે કે બધા દ્રવ્યોનો આશ્રય આકાશ દ્રવ્ય છે. જે આકાશમાં અન્ય પાંચ દ્રવ્ય છે તેને લોકાકાશ કહે છે અને જ્યાં કેવળ આકાશ જ છે તેને અલોકાકાશ કહે છે. એક આકાશના જ ઉપાધિ ભેદથી (નિમિત્ત ભેદથી) બે ભેદ થઈ ગયા છે.

### અલોકનું સ્વરૂપ

**सोऽप्यलोको न शून्योऽस्ति षट्भिर्द्रव्यैरशेषतः।**
**व्योयममात्रावशेषत्वाद्व्योमात्मा केवलं भवेत्।।२३।।**

**અર્થ :–** જે અલોક છે તે પણ છ દ્રવ્યોથી સર્વથા શૂન્ય નથી. અલોકમાં પણ છ દ્રવ્યોમાંથી એક આકાશ દ્રવ્ય રહે છે. તેથી અલોક કેવળ આકાશ સ્વરૂપ જ છે.

**ભાવાર્થ :–** અલોક પણ દ્રવ્ય શૂન્ય નથી પરંતુ આકાશ દ્રવ્યાત્મક છે.

પદાર્થોમાં વિશેષતા

**क्रिया भावविशेषोस्ति तेषामन्वर्थतो यत:।**
**भावक्रियाद्वयोपेता: केचिद्भावगता: परे।।२४।।**

**અર્થ :–** તે છ દ્રવ્યોમાં બે ભેદ છે કેટલાક દ્રવ્ય તો ભાવાત્મક જ છે અને કેટલાક ભાવાત્મક પણ છે તથા ક્રિયાત્મક પણ છે.

**ભાવાર્થ :–** જે પદાર્થ સદા એકસરખા રહે છે, જેમાં હલન–ચલન ક્રિયા થતી નથી તે પદાર્થ તો ભાવરૂપ છે અને જે પદાર્થ કોઈ વાર સ્થિર પણ રહે છે અને કોઈ વાર ક્રિયા પણ કરે છે તે ભાવ સ્વરૂપ પણ છે અને ક્રિયા સ્વરૂપ પણ છે. તાત્પર્ય એ છે કે જે પદાર્થોમાં ક્રિયાવતી શક્તિ છે તેમાં ક્રિયા થાય છે, જે પદાર્થોમાં ક્રિયાવતી શક્તિ નથી તેમાં હલન–ચલનરૂપ ક્રિયા થતી નથી. તે ફક્ત ભાવવતી શક્તિવાળા કહેવાય છે.

કોઈ મહાશય એમ ન સમજે કે જે પદાર્થોમાં ક્રિયાવતી શક્તિ નથી, કેવળ ભાવવતી શક્તિ છે તે અપરિણામી છે. પરિણમન તો સદા બધા પદાર્થોમાં થાય છે. પરંતુ પરિણમન બે પ્રકારનું હોય છે. જેમાં વસ્તુના પ્રદેશો સ્થાનથી સ્થાનાંતર થાય તેને તો ક્રિયારૂપ પરિણમન કહે છે અને જેમાં પ્રદેશોનું હલન–ચલન તો ન હોય પરંતુ એક અવસ્થાથી બીજી અવસ્થા થઈ જાય તેને ભાવ–પરિણામ કહે છે. ઉદાહરણ તરીકે આપણી કલમ લ્યો. કલમનું તૂટી જવું તે તેનું ક્રિયારૂપ પરિણમન છે અને કોઈ પ્રકારની બાધારહિત મૂકેલી નવી કલમ જૂની થઈ જાય તે તેનું ભાવ–પરિણમન છે. નિષ્ક્રિય ભાવોમાં આ જ પ્રકારનું પરિણમન થાય છે.

ભાવવતી અને ક્રિયાવતી શક્તિવાળા પદાર્થોના નામ

**भाववन्तौ क्रियावन्तौ द्वावेतौ जीवपुद्गलौ।**
**तौ च शेषचतुष्कं च षडेते भावसंस्कृता:।।२५।।**

**અર્થ :–** જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્ય ભાવવાળા પણ છે અને ક્રિયાવાળા પણ છે. તથા જીવ, પુદ્ગલ અને બાકીના ચારે દ્રવ્ય ભાવસહિત છે.

**ભાવાર્થ :–** જીવ અને પુદ્‌ગલમાં તો ક્રિયા અને ભાવ બંને શક્તિઓ છે. પરંતુ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્ય ફક્ત ભાવશક્તિવાળા જ છે. આ ચારેમાં ક્રિયા નથી હોતી. આ ચારેય નિષ્ક્રિય છે.

ક્રિયા અને ભાવનું લક્ષણ

**तत्र क्रिया प्रदेशानां परिस्पंदश्चलात्मकः।**
**भावस्तत्परिणामोस्ति धारावाह्येकवस्तुनि।।२६।।**

**અર્થ :–** પ્રદેશોના હલન–ચલનને ક્રિયા કહે છે અને પરિણામને ભાવ કહે છે કે જે પ્રત્યેક વસ્તુમાં ધારાવહીપણે થયા કરે છે.

**ભાવાર્થ :–** પ્રદેશોનું એક સ્થાનથી બીજા સ્થાનમાં જવું આવવું તે ક્રિયા કહેવાય છે. અને વસ્તુમાં જે નિષ્ક્રિયભાવ છે તેને ભાવ કહે છે. એનો ખુલાસો ચોવીસમા શ્લોકમાં કરી ગયા છીએ.

પરિણમન સદા થાય છે

**नासंभवमिदं यस्मादर्थाः परिणामिनोऽनिशं।**
**तत्र केचित् कदाचिद्वा प्रदेशचलनात्मकाः।।२७।।**

**અર્થ :–** એ વાત અસિદ્ધ નથી કે પદાર્થો ક્ષણે ક્ષણે પરિણમન કરતા રહે છે. તે જ પરિણમનમાં કોઈ કોઈ વાર કોઈ કોઈ પદાર્થોના પ્રદેશો પણ હલન ચલન કરે છે.

**ભાવાર્થ :–** બધા પદાર્થો નિરંતર એક અવસ્થા છોડી બીજી અવસ્થારૂપે તો થયા જ કરે છે. પરંતુ કોઈ વાર જીવ અને પુદ્‌ગલમાં તેમના પ્રદેશોની હલન ચલનરૂપ ક્રિયા પણ થાય છે.

ગ્રંથકારની પ્રતિજ્ઞા

**तद्यथाचाधिचिद्द्रव्यदेशनाऽरभ्यते मया।**
**युक्तयागमानुभूतिभ्यः पूर्वाचार्यानतिक्रमात्।।२८।।**

**અર્થ :–** ગ્રંથકાર કહે છે કે હવે અમે ચેતન દ્રવ્યના વિષયમાં જ વ્યાખ્યાન કરીશું. જે કાંઈ અમે કહીશું તેને અમારી પોતાની કલ્પના ન સમજવી જોઈએ, પરંતુ યુક્તિ, આગમ, અનુભવ અને પૂર્વાચાર્યોના કથન અનુકૂળ જ અમે કહીશું. એમનાથી વિરુદ્ધ નહિ.

**ભાવાર્થ :–** પદાર્થની સિદ્ધિ જુદા જુદા પ્રકારે થાય છે. કોઈ પદાર્થ યુક્તિથી સિદ્ધ થાય છે, કોઈ અનુભવથી સિદ્ધ થાય છે અને કોઈ આગમથી સિદ્ધ થાય છે. ગ્રંથકાર કહે છે કે જે અમે ચેતન પદાર્થ (જીવ)નું સ્વરૂપ કહીશું, તેમાં યુક્તિપ્રમાણ પણ હશે, આગમપ્રમાણ પણ હશે અને અનુભવપ્રમાણ પણ હશે. સાથોસાથ પૂર્વે થયેલા મહર્ષિઓના કથન સાથે અવિરુદ્ધપણું પણ રહેશે. તેથી જ્યારે અમારા કથનમાં યુક્તિ, આગમ, અનુભવ અને પૂર્વાચાર્યોના કથન સાથે અવિરુદ્ધપણું હોય ત્યારે તે કથન કોઈ રીતે અગ્રાહ્ય થઈ શકતું નથી. આ કથનથી આચાર્યે ઉત્સૂત્રતા અને અયુક્ત કથનનો પરિહાર કર્યો છે.

## સાત તત્ત્વોમાં જીવની મુખ્યતા

**प्रागुद्देश्यः स जीवोऽस्ति ततोऽजीवस्ततः क्रमात्।**
**आस्रवाद्या यतस्तेषां जीवोधिष्ठानमन्वयात्।।२९।।**

**અર્થ :–** પહેલાં જીવતત્ત્વનું નિરૂપણ કરવામાં આવે છે. પછી અજીવતત્ત્વનું કરવામાં આવશે. ત્યાર પછી ક્રમપૂર્વક આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષનું કથન કરવામાં આવશે. જીવનું નિરૂપણ સૌપ્રથમ રાખવાનું કારણ પણ એ જ છે કે બધા તત્ત્વોનો આધાર મુખ્યપણે જીવ જ બને છે. સાતે તત્ત્વોમાં જીવનો જ સંબંધ ચાલ્યો આવે છે.

**ભાવાર્થ :–** વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો સાતેય તત્ત્વ જીવ દ્રવ્યની જ અવસ્થાવિશેષ છે. તેથી સાતે તત્ત્વોમાં જીવ તત્ત્વ જ મુખ્યતા રાખે છે તેથી સૌથી પ્રથમ તેનું જ કથન કરવામાં આવે છે.

## જીવનું નિરૂપણ

**अस्ति जीवः स्वतस्सिद्धोऽनाद्यनन्तोऽप्यमूर्तिमान्।**
**ज्ञानाद्यनन्तधर्माधिरुढत्वाद्द्रव्यमव्ययम्।।३०।।**

**અર્થ :–** જીવ દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે. એની આદિ નથી એવી જ રીતે અંત પણ નથી. આ જીવ અમૂર્ત છે, જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ અનંત ધર્માત્મક છે તેથી એ નાશરહિત દ્રવ્ય છે.

**ભાવાર્થ :–** ચાર્વાક અથવા અન્ય કોઈ નાસ્તિક કહે છે કે જીવ કોઈ સ્વતંત્ર દ્રવ્ય નથી. પરંતુ પંચભૂત મળીને બને છે. એનું ખંડન કરવા માટે આચાર્યે સ્વતઃસિદ્ધ પદ આપ્યું છે. આ દ્રવ્ય કોઈથી કરાયેલું નથી. પરંતુ પોતાની મેળે સિદ્ધ છે. તેથી તેની ન આદિ છે ન અંત છે, પુદ્‌ગલ દ્રવ્યની જેમ એની રૂપાદિક મૂર્તિ પણ નથી. આ દ્રવ્ય જ્ઞાનાદિ અનંત ગુણ સ્વરૂપ છે. ગુણ નિત્ય હોય છે. તેથી જીવ દ્રવ્ય પણ નિત્ય છે. એનો કદી પણ નાશ થતો નથી. કેવળ અવસ્થા ભેદ થયા કરે છે.

### ફરીથી જીવનું જ નિરૂપણ

**साधारणगुणोपेतोऽप्यसाधारणधर्मभाक् ।**
**विश्वरूपोऽप्यविश्वस्थः सर्वोपेक्षोऽपि सर्ववित् ।।३१।।**

**અર્થ :–** આ જીવ સાધારણ ગુણસહિત છે અને અસાધારણ ગુણસહિત પણ છે. વિશ્વરૂપ છે પણ વિશ્વમાં સ્થિત નથી. બધાની ઉપેક્ષા કરે છે તો પણ સર્વને જાણે છે.

**ભાવાર્થ :–** અહીં આચાર્યે સાહિત્યની છટા દેખાડીને જીવનું સ્વરૂપ વર્ણવ્યું છે. વિરોધાલંકારમાં પહેલાં એક વાત બતાવે છે પછી તેનાથી વિપરીત જ કથન કરે છે. પરંતુ વાસ્તવમાં તે વિપરીત હોતું નથી માત્ર વિપરીત જેવું દેખાય છે. જેમકે અહીં જ જીવનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે તે સાધારણ ધર્મવાળો છે તોપણ અસાધારણ ધર્મવાળો છે. જે સાધારણ ધર્મવાળો હોય તે અસાધારણ ધર્મવાળો કેવી રીતે હોઈ શકે ? એમ વિરોધ જેવું લાગે છે પરંતુ તે વિરોધ નથી. કેવળ અલંકારની ઝલક છે. અહીં સાહિત્યની ન મુખ્યતા છે અને ન આવશ્યકતા છે તેથી તેને છોડીને શ્લોકનો આશય લખવામાં આવે છે.

પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણ હોય છે અથવા એમ કહેવું જોઈએ કે તે દ્રવ્ય અનંત ગુણસ્વરૂપ જ છે. તે ગુણોમાં કેટલાક સાધારણ ગુણ હોય છે અને કેટલાક વિશેષ ગુણો હોય છે. જે સમાન રીતે બધા દ્રવ્યોમાં પ્રાપ્ત થાય તેમને સાધારણ ગુણ કહે

છે. એમનું જ બીજું નામ સામાન્ય ગુણ પણ છે અને જે ખાસ ખાસ વસ્તુમાં જ પ્રાપ્ત થાય તેમને વિશેષ ગુણ કહે છે. જીવદ્રવ્યમાં સામાન્ય ગુણ પણ છે અને વિશેષ ગુણ પણ છે. અસ્તિત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ આદિ સામાન્ય ગુણો છે. આ ગુણ સમાનપણે બધા દ્રવ્યોમાં પ્રાપ્ત થાય છે અને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ જીવના વિશેષ ગુણ છે, એ જીવ સિવાય બીજે ક્યાંય પ્રાપ્ત થતા નથી તેથી જીવમાં સાધારણ ગુણ અને વિશેષ ગુણ બંને છે. લોક અસંખ્યપ્રદેશી છે અને જીવ પણ લોક જેવડો અસંખ્યાત પ્રદેશી છે. તેથી આ જીવ વિશ્વરૂપ છે અર્થાત્ લોકસ્વરૂપ છે તો પણ આખા લોકમાં સ્થિત નથી પરંતુ લોકના અસંખ્યાતમા ભાગ જેટલા સ્થાનમાં છે અથવા જ્ઞાનની અપેક્ષાએ વિશ્વરૂપ છે, પરંતુ વિશ્વથી જુદો છે. આ જીવ સર્વ પદાર્થથી ઉપેક્ષિત છે અર્થાત્ કોઈ પદાર્થ સાથે તેનો સંબંધ નથી તોપણ આ જીવ સર્વ પદાર્થોને જાણે છે.

### ફરીથી જીવનું સ્વરૂપ

**असंख्यातप्रदेशोऽपि स्यादखण्डप्रदेशवान्।**
**सर्वद्रव्यातिरिक्तोपि तन्मध्ये संस्थितोपि च।।३२।।**

**અર્થ :–** આ જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે તો પણ અખંડ દ્રવ્ય છે અર્થાત્ એના બધા પ્રદેશો અભિન્ન છે અને સર્વ દ્રવ્યોથી એ ભિન્ન છે તો પણ તેમની વચ્ચે સ્થિત છે.

### ફરીથી જીવનું સ્વરૂપ

**अथ शुद्धनयादेशाच्छुद्धश्चैकविधोपि यः।**
**स्याद्द्विधा सोपि पर्यायान्मुक्तामुक्तप्रभेदतः।।३३।।**

**અર્થ :–** શુદ્ધનયની અપેક્ષાએ આ જીવદ્રવ્ય શુદ્ધસ્વરૂપ છે, એકરૂપ છે, તેમાં ભેદકલ્પના નથી તોપણ પર્યાયદ્રષ્ટિથી આ જીવ બે પ્રકારે છે. એક મુક્ત જીવ, બીજો અમુક્ત જીવ.

**ભાવાર્થ :–** વસ્તુના સ્વાભાવિક ભાવનું ગ્રહણ કરે તેને નિશ્ચયનય કહે છે અને

વ્યવહારનય વસ્તુની અશુદ્ધ અવસ્થાનું ગ્રહણ કરે છે. જે ભાવ પર નિમિત્તથી થાય છે. તેમનું ગ્રહણ કરનાર જ વ્યવહારનય છે. નિશ્ચયનયથી જીવમાં કોઈ પ્રકારનો ભેદ નથી. તેથી ઉક્તનયથી જીવ સદા શુદ્ધસ્વરૂપ છે તથા એકરૂપ છે પરંતુ કર્મજનિત અવસ્થાના ભેદથી તે જ જીવના બે ભેદ છે. એક સંસારી, બીજો મુક્ત. જે કર્મોપાધિ સહિત આત્મા છે તે સંસારી આત્મા છે અને જે તે કર્મોપાધિથી રહિત છે તે જ મુક્ત અથવા સિદ્ધ આત્મા કહેવાય છે. આ બે ભેદ કર્મોપાધિથી થયા છે અને કર્મોપાધિ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ નથી. તેથી જીવમાં દ્રવ્યદૃષ્ટિથી ભેદ નથી. પરંતુ પર્યાયદૃષ્ટિથી ભેદ છે.

## સંસારી જીવનું સ્વરૂપ

**बद्धो यथा स संसारी स्यादलब्धस्वरूपवान्।**
**मूर्छितोऽनादितोऽष्टाभिर्ज्ञानाद्यावृत्तिकर्मभिः।।३४।।**

**અર્થ :–** જે આત્મા કર્મોથી બંધાયેલો છે તે જ સંસારી છે. સંસારી આત્મા પોતાના યથાર્થ સ્વરૂપથી રહિત છે અને અનાદિકાળથી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોથી મૂર્ચ્છિત થઈ રહ્યો છે.

**ભાવાર્થ :–** આત્માનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ વીર્ય આદિ અનંત ગુણાત્મક છે. જ્ઞાનાવરણીય આદિ કર્મોએ તે ગુણોને ઢાંકી દીધા છે. આ જ આઠ કર્મોમાં જે મોહનીયકર્મ છે તેણે તેમને વિપરીત સ્વાદવાળા બનાવી દીધા છે. તેથી સંસારી આત્મા અસલી સ્વભાવનું 'અનુમાન' કરતો નથી. જ્યારે આ દોષ અને આવરણ મળ આત્મામાંથી ખસી જાય છે ત્યારે તે જ આત્મા નિજ શુદ્ધરૂપ અનુભવ કરવા માંડે છે.

## જીવ કર્મનો સંબંધ અનાદિથી છે

**यथानादिः स जीवात्मा यथानादिश्च पुद्गलः।**
**द्वयोर्बन्धोप्यनादिः स्यात् सम्बन्धो जीवकर्मणोः।।३५।।**

**અર્થ :–** આ જીવાત્મા પણ અનાદિ છે અને પુદ્ગલ પણ અનાદિ છે. તેથી બંનેના

સંબંધરૂપ બંધ પણ અનાદિ છે.

**ભાવાર્થ :–** જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે. જો એમનો સંબંધ સાદિ અર્થાત્ કોઈ કાળવિશેષથી થયેલો માનવામાં આવે તો અનેક દોષ આવે છે. આ જ વાત ગ્રંથકાર સ્વયં આગળ બતાવે છે.

**द्वयोरनादिसम्बन्धः कनकोपलसन्निभः ।**
**अन्यथा दोषएव स्यादितरेतरसंश्रयः ।।३६।।**

**અર્થ :–** જીવ અને કર્મ બંનેનો સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. જેવો કનકપાષાણનો સંબંધ અનાદિકાળનો છે, તેવો જ આ સંબંધ છે. જો જીવ પુદ્‌ગલનો સંબંધ અનાદિનો માનવામાં ન આવે તો અન્યોન્યાશ્રય દોષ આવે છે.

**ભાવાર્થ :–** એક પથ્થર એવો હોય છે જેમાં સોનું મળેલું રહે છે, તેને જ કનકપાષાણ કહે છે. કનકપાષાણ ખાણમાંથી મળેલું જ નીકળે છે. જેમ સોનાનો અને પથ્થરનો સદાયનો સંબંધ છે તેવી જ રીતે જીવ અને કર્મનો પણ સદાનો સંબંધ છે. જો જીવ કર્મનો સંબંધ અનાદિનો ન માનવામાં આવે તો અન્યોન્યાશ્રય દોષ આવે છે.*

અન્યોન્યાશ્રય દોષ

**तद्यथा यदि निष्कर्मा जीवः प्रागेव तादृशः ।**
**बन्धाभावेऽथ शुद्धेऽपि बन्धश्चैन्निर्वृत्तिः कथम ।।३७।।**

**અર્થ :–** જો જીવ પહેલાં કર્મરહિત અર્થાત્ શુદ્ધ માનવામાં આવે તો બંધ થઈ શકતો નથી અને જો શુદ્ધ હોવા છતાં પણ તેને બંધ માની લેવામાં આવે તો પછી મોક્ષ કેવી રીતે થઈ શકે ?

**ભાવાર્થ :–** આત્માનો કર્મની સાથે જે બંધ થાય છે તે અશુદ્ધ અવસ્થામાં થાય

* બે પદાર્થોમાં પરસ્પર એકબીજાની અપેક્ષા રહેવાથી અન્યોન્યાશ્રય દોષ આવે છે. આ દોષની સત્તામાં એક પદાર્થની પણ સિદ્ધિ થઈ શકતી નથી.

છે. જો કર્મબંધ પહેલાં આત્માને શુદ્ધ માનવામાં આવે તો બંધ થઈ શકે નહિ. કેમકે બંધ અશુદ્ધ પરિણામોથી જ થાય છે. તેથી બંધ થવામાં તો અશુદ્ધતાની આવશ્યકતા પડે છે અને અશુદ્ધતામાં બંધની આવશ્યકતા પડે છે. પૂર્વબંધ વિના શુદ્ધ આત્મામાં અશુદ્ધતા આવી શકતી નથી. જો બંધ વિના શુદ્ધ આત્મામાં પણ અશુદ્ધતા આવવા માંડે તો જે આત્મા મુક્ત થઈ ગયા છે અર્થાત્ સિદ્ધ છે તે પણ પાછા અશુદ્ધ થઈ જશે અને અશુદ્ધ થતાં બંધ પણ કર્યા કરશે. તો પછી સંસારી અને મુક્ત જીવમાં કોઈ અંતર નહિ રહે. તેથી બંધરૂપ કાર્ય માટે અશુદ્ધતારૂપ કારણની આવશ્યકતા છે અને અશુદ્ધતારૂપ કાર્ય માટે પૂર્વબંધરૂપ કારણની આવશ્યકતા છે. પૂર્વકર્મ બંધાયા વિના અશુદ્ધતા કોઈ રીતે આવી શકે નહિ. તેથી અશુદ્ધતામાં બંધની અને બંધમાં અશુદ્ધતાની અપેક્ષા આવતી હોવાથી એક પણ સિદ્ધ થતું નથી. બસ આનું જ નામ અન્યોન્યાશ્રય દોષ છે. જો જીવ અને કર્મોનો સંબંધ અનાદિ માનવામાં આવે તો આ દોષ સર્વથા આવતો નથી.

બીજી વાત એ છે કે સાદિ સંબંધ માનવાથી પહેલાં તો શુદ્ધ આત્મામાં બંધ થઈ શકે નહિ કેમકે કારણ વિના કાર્ય થતું જ નથી. થોડા સમય માટે એમ પણ માની લેવામાં આવે કે રાગદ્વેષરૂપ કારણ વિના શુદ્ધ આત્મા પણ બંધ કરે છે તો પછી કારણ વિના થનારો તે બંધ કેવી રીતે છૂટી શકે ? જો રાગદ્વેષરૂપ કારણોથી બંધ માનવામાં આવે તો તે કારણો દૂર થતાં બંધરૂપ કાર્ય પણ ખસી જાય છે, પરંતુ કારણ વિના થતો બંધ દૂર થઈ શકે કે ન થઈ શકે એવી દશામાં એનો કોઈ નિયમ નથી. તેથી મોક્ષ થવાનો પણ કોઈ નિશ્ચય નથી. આ રીતે સાદિ બંધ માનવામાં બીજા પણ અનેક દોષ આવે છે.

## પુદ્ગલને શુદ્ધ માનવામાં દોષ

**अथ चेत्पुद्गलः शुद्धः सर्वतः प्रागनादितः ।**
**हेतोर्विना यथा ज्ञानं तथा क्रोधादिरात्मनः ।।३८ ।।**

**અર્થ :–** જો કોઈ એમ કહે કે પુદ્ગલ અનાદિથી સદા શુદ્ધ જ રહે છે. એમ કહેનારના મતમાં આત્માની સાથે કર્મોનો સંબંધ પણ નહિ બને. પછી તો કારણ વિના જેમ આત્માનું

જ્ઞાન સ્વાભાવિક ગુણ છે તેવી જ રીતે ક્રોધાદિ પણ આત્માના સ્વાભાવિક ગુણ જ ઠરશે.

**ભાવાર્થ :–** પુદ્ગલની કર્મરૂપ અશુદ્ધ પર્યાયના નિમિત્તે જ આત્મામાં ક્રોધાદિ થાય છે એમ માનવાથી તો ક્રોધાદિ આત્માના સ્વભાવ નહિ ઠરે પરંતુ પુદ્ગલને શુદ્ધ માનવાથી આત્મામાં વિકાર કરનાર પછી કોઈ પદાર્થ નહિ ઠરે. એવી સ્થિતિમાં ક્રોધાદિનો હેતુ આત્મા જ થશે અને ક્રોધ, માન, માયા, લોભ આદિ આત્માના સ્વભાવ ગણાશે. એ વાત પ્રમાણ વિરુદ્ધ છે.

**एवं बन्धस्य नित्यत्वं हेतोः सद्भवतोऽथवा।**
**द्रव्याभावो गुणाभावे क्रोधादीनामदर्शनात्।।३९।।**

**અર્થ :–** જો પુદ્ગલને અનાદિથી શુદ્ધ માનવામાં આવે અને શુદ્ધ અવસ્થામાં પણ તેનો આત્મા સાથે બંધ માનવામાં આવે તો તે બંધ સદા રહેશે, કેમકે શુદ્ધ પુદ્ગલરૂપ હેતુના સદ્ભાવને કોણ દૂર કરી શકે ? પુદ્ગલની શુદ્ધતા સ્વાભાવિક છે તે સદા પણ રહી શકે અને કારણની હયાતીમાં કાર્ય પણ રહેશે જ.

જો બંધ જ માનવામાં ન આવે તો 'જ્ઞાનની જેમ ક્રોધાદિ પણ આત્માના જ ગુણ ઠરે,' જે પહેલા શ્લોકમાં તે જ દોષ ફરીથી પણ આવે છે અને ક્રોધાદિને આત્માનો ગુણ માનવામાં બીજો દોષ એ આવે છે કે જે જે આત્માઓમાં ક્રોધાદિનો અભાવ થઈ ગયો છે તે તે આત્માઓનો પણ અભાવ થઈ જશે. કેમકે જ્યારે ક્રોધાદિને ગુણ માની લેવામાં આવ્યા છે તો ગુણના અભાવમાં ગુણીનો અભાવ થવો સ્વતઃસિદ્ધ છે અને આ વાત જોવામાં પણ આવે છે કે કોઈ કોઈ શાંત આત્માઓમાં ક્રોધાદિ બહુ ઓછા હોય છે. યોગીઓમાં અતિમંદ હોય છે અને બારમા ગુણસ્થાનમાં તો તેનો સર્વથા અભાવ છે. તેથી અશુદ્ધ પુદ્ગલનો અશુદ્ધ આત્મા સાથે બંધ માનવો તે જ ન્યાયસંગત છે.

## સારાંશ

**तत्सिद्धः सिद्धसम्बन्धो जीवकर्मोभयोर्मिथः।**
**सादिसिद्धेरसिद्धत्वात् असत्संदृष्टितश्च तत्।।४०।।**

**અર્થ :–** તેથી જીવ અને કર્મનો સંબંધ પ્રસિદ્ધ છે અને તે અનાદિકાળથી બંધરૂપ છે એ વાત સિદ્ધ થઈ ગઈ, શંકાકારે પહેલાં જીવ કર્મનો સંબંધ સાદિ (કોઈ સમય વિશેષથી) સિદ્ધ કર્યો હતો તે સિદ્ધ થઈ શક્યો નહિ. સાદિ સંબંધ માનવાથી ઇતરેતર (અન્યોન્યાશ્રય) આદિ અનેક દોષ આવે છે તથા કોઈ દૃષ્ટાંત પણ બરાબર મળતું નથી.

**ભાવાર્થ :–** કનકપાષાણ આદિ દૃષ્ટાંતોથી જીવ કર્મનો અનાદિ સંબંધ જ સિદ્ધ થાય છે. અહીં એ શંકા થઈ શકે છે કે બે પદાર્થોનો સંબંધ સદાયનો કેવી રીતે હોય ? તે તો કોઈ ખાસ સમયે, જ્યારે બે પદાર્થ મળે ત્યારે જ થઈ શકે ? આ શંકાનો જવાબ એ છે કે સંબંધ બે પ્રકારનો હોય છે. કોઈ પદાર્થોનો તો સાદિ સંબંધ હોય છે. જેમકે મકાન બનાવતી વખતે ઇંટોનો સંબંધ સાદિ છે અને કોઈ પદાર્થોનો અનાદિ સંબંધ હોય છે. જેમકે કનકપાષાણનો અથવા માટીમાં મળેલી અનેક ચીજોનો અથવા બીજ અને વૃક્ષનો અથવા જગતવ્યાપી મહાસ્કંધનો અથવા સુમેરુ પર્વતનો. એ જ પ્રમાણે જીવ અને કર્મનો સંબંધ પણ અનાદિ છે.

## જીવની અશુદ્ધતાનું કારણ

**जीवस्याशुद्धरागादिभावानां कर्म कारणम्।**
**कर्मणस्तस्य रागादिभावाः प्रत्युपकारिवत्।।४१।।**

**અર્થ :–** જીવના અશુદ્ધ રાગાદિ ભાવોનું કારણ કર્મ છે, તે કર્મના કારણે જીવને રાગાદિ ભાવ છે. આ પરસ્પર કાર્યકારણપણું એવું જ છે કે જેમ કોઈ મનુષ્ય કોઈ બીજા મનુષ્યનો ઉપકાર કરે તો તે ઉપકૃત મનુષ્ય પણ તેનો બદલો ચૂકવવા માટે ઉપકારીનો પ્રતિ ઉપકાર કરે છે.

**ભાવાર્થ :–** આ સંસારી આત્મા અનાદિકાળથી કર્મોનો બંધ કરી રહ્યો છે, તે કર્મબંધમાં કારણ આત્માના રાગદ્વેષના ભાવ છે. રાગદ્વેષના નિમિત્તે જ સંસારમાં ભરેલી કાર્માણ વર્ગણાઓ અથવા વિસ્રસા ઉપચયોને ખેંચીને x આ આત્મા પોતાના સંબંધી બનાવી લે છે. જેમ અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો પોતાની આસપાસ ભરેલા પાણીને

x કર્મને ખેંચવામાં યોગ કારણ છે અને આવેલા કર્મોના સ્થિતિ અનુભાગ બંધમાં કષાય કારણ છે.

ખેંચીને પોતામાં ચૂસી લે છે તેમ. આ અશુદ્ધ જીવાત્મા જે પુદ્‌ગલ વર્ગણાઓને ખેંચે છે તે જ વર્ગણાઓ આત્માની સાથે એક ક્ષેત્રાવગાહરૂપ (એકમેક થઈને) બંધાઈ જાય છે. બંધ સમયથી તે જ વર્ગણાઓની કર્મરૂપ પર્યાય થઈ જાય છે. પછી કાળાંતરે તે જ બાંધેલા કર્મોના નિમિત્તે ચારિત્રના વિભાવભાવ – રાગદ્વેષ થાય છે. વળી તે રાગદ્વેષ ભાવોથી નવા કર્મ બંધાય છે. તે કર્મોના નિમિત્તે ફરી પાછા રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. આ રીતે પહેલાં કર્મોથી રાગદ્વેષ અને રાગદ્વેષથી નવા કર્મો થયા કરે છે. આ જ પરસ્પરમાં કાર્યકારણભાવ અનાદિથી ચાલ્યો આવે છે.

આ જ વાત નીચેના શ્લોકો દ્વારા પુષ્ટ કરે છે

**पूर्वकर्मोदयाद्भावो भावात्प्रत्यग्रसंचयः।**
**तस्य पाकात्पुनर्भावो भावात्बन्धः पुनस्ततः।।४२।।**
**एवं सन्तानतोऽनादिः सम्बन्धो जीवकर्मणोः।**
**संसारः स च दुर्मोच्यो विना सम्यग्दृगादिना।।४३।।**

**અર્થ :–** પહેલાં કર્મના ઉદયથી રાગદ્વેષ–ભાવ ઉત્પન્ન થાય છે, તે જ રાગદ્વેષ ભાવોથી નવીન કર્મોનો સંચય થાય છે, તે આવેલા કર્મોના પાક (ઉદય)થી ફરી રાગદ્વેષ ભાવ થાય છે, તે ભાવોથી ફરી નવીન કર્મોનો બંધ થાય છે. આ રીતે પ્રવાહની અપેક્ષાએ જીવ અને કર્મનો સંબંધ અનાદિથી ચાલ્યો આવ્યો છે. આ જ સંબંધનું નામ સંસાર છે અર્થાત્ જીવની રાગદ્વેષરૂપ અશુદ્ધ અવસ્થાનું જ નામ સંસાર છે. આ સંસાર સમ્યગ્દર્શનાદિ ભાવો વિના છૂટી શકતો નથી.x

x આનો અભિપ્રાય એમ છે કે જ્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી ત્યાં સુધી મિથ્યાત્વ કર્મ આત્માના સ્વાભાવિક ભાવોને ઢાંકી રાખે છે અથવા એમ કહેવું જોઈએ કે મિથ્યાત્વ તે ભાવોને વિપરીત રૂપે પરિણમાવી દે છે. તે ભાવો વિપરીત હોવાથી ફરી નવા કર્મો આવે છે અને તે કર્મોના ઉદયથી ફરી રાગદ્વેષરૂપ વિપરીત ભાવો થાય છે પરંતુ જ્યારે તે મિથ્યાત્વ નષ્ટ થઈને સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય છે ત્યારે તે ભાવ વિપરીત થતા નથી પરંતુ પોતાના સ્વભાવમાં જ ટકી રહે છે. તેથી ફરી તેનાથી નવા કર્મોનું આવવું પણ બંધ થઈ જાય છે અને સંચિત કરેલા કર્મો પણ ધીરે ધીરે નષ્ટ થઈ જાય છે. આ રીતે સમ્યગ્દર્શન આદિ ભાવોથી જ સંસાર છૂટે છે.

**ભાવાર્થ :–** 'संसरणं संसारः' પરિભ્રમણનું નામ સંસાર છે. ચારે ગતિઓમાં જીવ ઉત્પન્ન થયા કરે છે એને જ સંસાર કહે છે. આ પરિભ્રમણનું કારણ કર્મ છે. જેવો કર્મનો ઉદય હોય છે તે અનુસાર ગતિ, આયુષ્ય, શરીર આદિ અવસ્થાઓ મળી જાય છે. તે કર્મનું પણ કારણ આત્માના રાગદ્વેષ ભાવ છે, તેથી સંસારના કારણોને જ આચાર્યે સંસાર કહ્યો છે. જ્યારે સંસારના કારણો દૂર કરવામાં આવે ત્યારે જ આ સંસાર છૂટી શકે છે. સંસારના કારણ મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ છે. આ પાંચેયના પ્રતિપક્ષી ભાવ પણ પાંચ છે. મિથ્યાદર્શનનો પ્રતિપક્ષી સમ્યગ્દર્શન છે. એવી જ રીતે અવિરતિનો વિરતિ ભાવ, પ્રમાદનો અપ્રમત્તભાવ, કષાયનો અકષાય ભાવ અને યોગનો અયોગ ભાવ પ્રતિપક્ષી છે. જ્યારે આ સમ્યગ્દર્શનાદિ ભાવ આત્મામાં પ્રગટ થઈ જાય છે પછી આ જીવનો સંસાર પણ છૂટી જાય છે.

**न केवलं प्रदेशानां बन्धः सम्बन्धमात्रतः।**
**सोपि भावैरशुद्धैः स्यात्सापेक्षस्तदद्वयोरिति।।४४।।**

**અર્થ :–** આત્મા અને કર્મનો જે બંધ થાય છે તે કેવળ બંનેના સંબંધમાત્રથી જ થઈ જતો નથી પરંતુ આત્માના અશુદ્ધ ભાવોથી થાય છે અને તે પરસ્પર બંનેની અપેક્ષા પણ રાખે છે.

**ભાવાર્થ :–** બંધ બે પ્રકારનો હોય છે. એક તો બે વસ્તુઓનો મેળ થઈ જવા માત્રથી જ થાય છે. જેમકે સૂકી ઇંટોને પરસ્પર ભેગી કરવાથી થાય છે. સૂકી ઇંટોનો સંબંધ અવશ્ય છે, પરંતુ ઘનિષ્ટ સંબંધ નથી. બીજો ઇંટોનો જ એવો સંબંધ છે કે જે ચૂનો લગાડવાથી તે બંધી ઇંટો એકરૂપ થઈ જાય છે. જો કે આ સ્થૂળ દ્રષ્ટાંત છે તો પણ એક દેશે ઘનિષ્ટ સંબંધમાં ઘટે જ છે. બીજું દ્રષ્ટાંત જળ અને દૂધનું પણ છે. એવી જ રીતે જીવ અને કર્મનો સંબંધ છે. આ સંબંધ જીવ અને કર્મના પ્રદેશો એકરૂપ થઈ જવાથી થાય છે. આ સંબંધમાં કારણ આત્માના અશુદ્ધ ભાવ જ છે. કર્મ સંબંધ અને અશુદ્ધ ભાવ – આ બંનેમાં પરસ્પર અપેક્ષા છે અર્થાત્ એકબીજામાં પરસ્પર કાર્યકારણભાવ છે

બંધનું મૂળ કારણ

**अयस्कान्तोपलाकृष्ट सूचीवत्तद्द्वयोः पृथकः ।**
**अस्ति शक्तिर्विभावाख्या मिथो बन्धाधिकारिणी ।।४५।।**

**અર્થ :–** જેમ ચુંબકના પથ્થરમાં સોયને ખેંચવાની શક્તિ છે તેવી જ રીતે જીવ અને પુદ્‌ગલ બંનેમાં વૈભાવિક નામની શક્તિ છે કે જે બંનેમાં પરસ્પર બંધનું કારણ છે.

**ભાવાર્થ :–** જેમ ચુંબકના પથ્થરમાં સોયને ખેંચવાની શક્તિ છે તેવી જ રીતે લોઢામાં ખેંચાઈ જવાની શક્તિ છે. જો બંનેમાં ખેંચવા અને ખેંચાઈ જવાની શક્તિ માનવામાં ન આવે તો ચુંબક પથ્થર સિવાય પિત્તળ, ચાંદી આદિથી લાકડું, પથ્થર વગેરે પણ ખેંચાવા જોઈએ. તેથી માનવું પડે છે કે બંનેમાં ક્રમપૂર્વક ખેંચવા અને ખેંચાવાની શક્તિ છે. તેવી જ રીતે જીવમાં કર્મ બાંધવાની શક્તિ છે અને કર્મમાં જીવની સાથે બંધાવાની શક્તિ છે. જીવ અને કર્મ બંનેમાં ક્રમપૂર્વક બાંધવા અને બંધાવાની શક્તિ છે. તેથી બંનેનો આત્મક્ષેત્રમાં બંધ થઈ જાય છે. આત્મામાં જ બાંધવાની શક્તિ છે. તેથી આત્મામાં જ કર્મ આવીને બંધાઈ જાય છે. જીવ અને પુદ્‌ગલ જ પોતાની શુદ્ધ અવસ્થા છોડી બંધરૂપ અશુદ્ધ અવસ્થામાં કેમ આવે છે ? ધર્મ, અધર્મ આદિ દ્રવ્ય કેમ અશુદ્ધ નથી થતા ? એનું એ જ કારણ છે કે વૈભાવિક નામનો ગુણ આ બે (જીવ, પુદ્‌ગલ) દ્રવ્યોમાં જ પ્રાપ્ત થાય છે તેથી આ બેમાં જ વિકાર થાય છે, બાકીના દ્રવ્યોમાં થતો નથી.

બંધ ત્રણ પ્રકારનો હોય છે

**अर्थतस्त्रिविधो बन्धो भावद्रव्योभयात्मकः ।**
**प्रत्येकं तद्द्वयं यावतृत्तीयो द्वन्द्वजः क्रमात् ।।४६।।**

**અર્થ :–** વાસ્તવમાં બંધ ત્રણ પ્રકારનો છે. ભાવબંધ, દ્રવ્યબંધ અને ઉભયબંધ. તેમાં ભાવબંધ અને દ્રવ્યબંધ તો જુદા જુદા સ્વતંત્ર છે પરંતુ ત્રીજો જે ઉભયબંધ છે તે જીવ અને પુદ્‌ગલ બંનેના મેળથી થાય છે.

**ભાવાર્થ :–** બંધનું લક્ષણ છે કે 'अनेक पदार्थानामेकत्वबुद्धिजनकसम्बन्धविशेषो बन्धः'

અર્થાત્ અનેક પદાર્થોમાં એકત્વબુદ્ધિ ઉત્પન્ન કરનાર સંબંધનું નામ બંધ છે. અહીં બંધ ત્રણ પ્રકારનો બતાવવામાં આવ્યો છે. તેમાં ઉભયબંધ તો જીવાત્મા અને પુદ્‌ગલકર્મ આ બંનેનો સંબંધ થવાથી થાય છે. બાકીના જે બે પ્રકારના બંધ છે તે બેથી થયેલા નથી પરંતુ જુદા જુદા સ્વતંત્ર છે, ભાવબંધ તો આત્માનો જ વૈભાવિક (અશુદ્ધિ) ભાવ છે અને દ્રવ્યબંધ પુદ્‌ગલનો એવો સ્કંધ છે કે જેમાં બંધની થવાની શક્તિ છે. આ બંને પ્રકારના જુદા જુદા બંધોમાં પણ એકત્વબુદ્ધિ ઉત્પન્ન કરનાર એવું બંધનું લક્ષણ રહે જ છે. કેમકે રાગમય જે ભાવબંધ છે તે પણ વાસ્તવમાં જીવ અને પુદ્‌ગલનો જ વિકાર છે. આ રાગપર્યાય જીવ અને પુદ્‌ગલ બંનેના યોગથી થયેલી છે. આત્માનો અંશ છે એ અપેક્ષાએ રાગપર્યાય જીવની કહેવામાં આવે છે અને પુદ્‌ગલના અંશની અપેક્ષાએ તે જ પર્યાય પુદ્‌ગલની કહેવાય છે. રાગપર્યાય બંનેની છે એનો અર્થ એ નથી કે જીવ પુદ્‌ગલમય બની જાય છે અથવા પુદ્‌ગલ જીવરૂપ થઈ જાય છે પરંતુ બંનેના અંશોના મેળથી રાગ પર્યાય થાય છે. જે દ્રવ્યબંધ છે તે પણ અનેક પરમાણુઓનો સમુદાય છે તથા ઉભયબંધમાં તો બંધનું લક્ષણ સ્પષ્ટ જ છે.

ઉપર વર્ણવેલા ત્રણે પ્રકારના બંધોનું સ્વરૂપ ગ્રંથકાર પોતે આગળના શ્લોકો દ્વારા પ્રગટ કરે છે :–

ભાવબંધ અને દ્રવ્યબંધનું સ્વરૂપ

**रागात्मा भावबन्धः स जीवबन्ध इति स्मृतः।**
**द्रव्यं पौद्‌गलिकः पिण्डो बन्धस्तच्छक्तिरेव वा।।४७।।**

**અર્થ :–** જે આત્માના રાગદ્વેષરૂપ પરિણામ છે તે જ ભાવબંધ કહેવાય છે. તેને જ જીવબંધ પણ કહે છે. 'દ્રવ્યબંધ' આ પદમાં પડેલો જે દ્રવ્ય શબ્દ છે તેનો અર્થ તો પુદ્‌ગલપિંડ છે. તે પુદ્‌ગલપિડંમાં જે આત્માની સાથે બંધ થવાની શક્તિ છે તે જ બંધ શબ્દનો અર્થ છે.

**ભાવાર્થ :–** આત્માના રાગદ્વેષરૂપ જે પરિણામ છે તે તો ભાવબંધ છે અને સંસારમાં ભરેલી પુદ્‌ગલ વર્ગણાઓ કે જેનામાં આત્માની સાથે બંધાઈ જવાની શક્તિ છે તે દ્રવ્યબંધ કહેવાય છે. બધા પુદ્‌ગલોમાં આત્માની સાથે બંધાવાની શક્તિ નથી. પુદ્‌ગલના ત્રેવીસ

ભેદ બતાવવામાં આવ્યા છે. તેમાં પાંચ વર્ગણાઓ એવી છે કે જેની સાથે જીવનો સંબંધ છે, બીજા પુદ્‌ગલો સાથે નથી. તે વર્ગણાઓ આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને કાર્માણવર્ગણા આ નામોથી પ્રસિદ્ધ છે. આ જ પાંચ વર્ગણાઓ આત્માની સાથે બંધાવાની શક્તિ ધરાવે છે. રાગદ્વેષ શું વસ્તુ છે તે ગ્રંથકાર પોતે આગળ લખશે.

ઉભય બંધ

**इतरेतरबन्धश्च देशानां तद्द्वयोमिर्थः।**
**बन्ध्यबन्धकभावः स्याद्भावबन्धनिमित्ततः।।४८।।**

**અર્થ :–** ભાવબંધના નિમિત્તે પુદ્‌ગલ-કર્મ અને જીવના પ્રદેશોનો જે પરસ્પર બંધ્ય-બંધક ભાવ અર્થાત્ એકરૂપ મળી જવું તે જ ઉભયબંધ કહેવાય છે.

**ભાવાર્થ :–** જે બાંધનાર છે તે બંધક કહેવાય છે અને જે બંધાનાર છે તે બંધ્ય કહેવાય છે. જ્યારે બાંધનાર આત્મા અને બંધાનાર કર્મ બંને મળી જાય છે ત્યારે બંધ્યબંધક ભાવ કહેવાય છે. એનું જ નામ ઉભયબંધ છે. આત્માના પ્રદેશ અને કર્મના પ્રદેશ બંને એકક્ષેત્રાવગાહી અર્થાત્ એકરૂપે મળી જાય છે, તેને જ ઉભયબંધ કહે છે. આ બંધ પણ રાગદ્વેષરૂપ ભાવબંધના નિમિત્તે જ થાય છે.

જીવ અને કર્મની સત્તા

**नाप्यसिद्ध स्वतस्सिद्धेरस्तित्वं जीवकर्मणोः।**
**स्वानुभवगर्भयुक्तेर्वा समक्षोपलब्धितः।।४९।।**

**અર્થ :–** જીવ અને કર્મની સત્તા પણ અસિદ્ધ નથી પરંતુ સ્વતઃસિદ્ધ છે. જીવ પણ સ્વતઃસિદ્ધ છે અને કર્મ પણ સ્વતઃસિદ્ધ છે અથવા જીવ અને કર્મની સત્તામાં અનેક યુક્તિઓ છે કે જે આપણા અનુભવમાં આવે છે અથવા જીવ અને કર્મની સત્તામાં પ્રત્યક્ષ પ્રમાણ પણ છે.

**ભાવાર્થ :–** ઉપરના શ્લોક દ્વારા જીવ–કર્મનો મળેલો ઉભયબંધ બતાવ્યો છે તેના

વિષયમાં જો કોઈ શંકા કરે કે ઉભયબંધ કઈ રીતે થઈ શકે ? આ શંકાના ઉત્તરમાં આચાર્ય કહે છે કે જીવ અને કર્મ બંનેય અનેક અનુભવપૂર્ણ યુક્તિઓથી સિદ્ધ છે. બંનેની સત્તા સ્વયંસિદ્ધ છે. બંનેય પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ છે.

### બંનેની સિદ્ધિમાં પ્રત્યક્ષ પ્રમાણ

**अहम्प्रत्ययवेद्यत्वाज्जीवस्यास्तित्वमन्वयात्।**
**एको दरिद्र एको हि श्रीमानिति च कर्मणः।।५०।।**

**અર્થ :–** આ શરીરની અંદર 'હું છું, હું છું,' એવું જે એક પ્રકારનું જ્ઞાન થયા કરે છે તે જ્ઞાનથી જાણવામાં આવે છે કે આ શરીરની અંદર જીવરૂપ એક વસ્તુ સ્વતંત્ર છે અથવા હું–હું આ બોધ વડે જ જીવાત્માનું માનસિક પ્રત્યક્ષપણું સ્વયં થાય છે. એ જ પ્રમાણે કોઈ દરિદ્ર છે, કોઈ ધનાઢ્ય છે, કોઈ આંધળા છે, કોઈ મૂંગા છે આદિ અનેક પ્રકારના જીવો જોવાથી કર્મનો બોધ થાય છે.

**ભાવાર્થ :–** જો આત્મા શરીરથી ભિન્ન સ્વતઃસિદ્ધ–સ્વતંત્ર પદાર્થ ન હોત તો શરીરથી ભિન્ન 'હું–હું' એવી અંતર્મુખાકાર પ્રતીતિ કદી થાત નહિ. જો કર્મ ન હોત તો જીવોમાં 'કોઈ સુખી કોઈ દુઃખી' આદિ ભેદ કદી મળત નહિ.

### જીવ કર્મનો સંબંધ

**यथास्तित्वं स्वतःसिद्धं संयोगोपि तथानयोः।**
**कर्तृभोक्त्रादिभावानामन्यथानुपपत्तितः।।५१।।**

**અર્થ :–** જેમ જીવ અને કર્મનું અસ્તિત્વ (સત્તા) સ્વતઃસિદ્ધ છે તેવી જ રીતે આ બંનેનો સંયોગ પણ સ્વતઃસિદ્ધ છે. જો જીવ કર્મનો સંબંધ માનવામાં ન આવે તો જીવમાં કર્તાપણું તથા ભોક્તાપણું આવી શકે નહિ.

**ભાવાર્થ :–** જીવ અને કર્મનું કાર્ય આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ તેથી જીવ અને

કર્મના સંબંધમાં આપણને કોઈ શંકા રહેતી નથી. જો જીવ અને કર્મનો અનાદિકાળનો ઘનિષ્ટ સંબંધ ન હોત તો જીવ કર્મનો કર્તા અને કર્તવ્ય પ્રમાણે ફળનો ભોક્તા કદી પણ સિદ્ધ ન થાત.

શંકાકાર

**ननु मूर्तिमता मूर्तो बध्यते द्वयणुकादिवत्।**
**मूर्तिमत्कर्मणा बन्धो नामूर्तस्य स्फुटं चितः।।५२।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે મૂર્તિમાન પદાર્થ સાથે મૂર્તિક પદાર્થ જ બંધાઈ શકે છે, જેમકે દ્વયણુક દ્વયણુક બે પરમાણુઓના સમૂહને કહે છે. બંનેય પરમાણુ મૂર્ત છે તેથી તે બંને મળીને દ્વયણુક કહેવાય છે. પરંતુ મૂર્તિક કર્મ સાથે અમૂર્ત આત્માનો બંધ કદી થઈ શકતો નથી.

ઉત્તર

**नैव यतः स्वतः सिद्धः स्वभावोऽतर्कगोचरः।**
**तस्मादर्हति नाक्षेपं चेत्परीक्षां च सोर्हति।।५३।।**

**અર્થ :–** કર્મનો જીવાત્માની સાથે બંધ થઈ શકતો નથી એવી શંકા કરવી તે બરાબર નથી. કેમકે જીવ–કર્મનો બંધ અનાદિથી સ્વયંસિદ્ધ છે. આ એક સ્વાભાવિક વાત છે અને કોઈનો કોઈપણ પ્રકારનો સ્વભાવ હોય તેમાં કોઈ જાતની શંકા થઈ શકતી નથી. જીવ–કર્મનો બંધ અનાદિકાળથી થઈ રહ્યો છે એ અશુદ્ધ જીવાત્માનો સ્વભાવ જ છે અને કર્મનો પણ એ સ્વભાવ છે કે તે અશુદ્ધ જીવાત્મા સાથે સંયુક્ત થઈ જાય છે તથા જીવની અશુદ્ધતા અનાદિકાળથી છે તેથી આ સ્વાભાવિક વિષયમાં આક્ષેપ કરવો નકામો છે. જો કોઈ આ વાતની (જીવ–કર્મનો બંધ કેવી રીતે થયો તેની) પરીક્ષા જ કરવા ઇચ્છે તો તે અનાદિકાલીન બંધરૂપ સ્વભાવની પરીક્ષા પણ થઈ શકે છે.

સ્વભાવનું ઉદાહરણ

**अग्नेरौष्ण्यं यथा लक्ष्म न केनाप्यर्जितं हि तत्।**
**एवंविधः स्वभावाद्वा न चेत्स्पर्शेन स्पृश्यताम्।।५४।।**

**અર્થ :–** જેમ અગ્નિનું લક્ષણ ઉષ્ણતા છે. તે કોઈએ ક્યાંયથી લાવીને મૂક્યું નથી. આ જાતનો અગ્નિનો સ્વભાવ જ છે કે તે ગરમ રહે છે. જો કોઈ એવી શંકા કરે કે અગ્નિ ગરમ કેમ છે ? તો એનો જવાબ એ જ હોઈ શકે કે અગ્નિનો સ્વભાવ જ એવો છે. 'એવો સ્વભાવ શા માટે છે ?' જો એવો તર્ક કરવામાં આવે તો એમ જ કહેવું પડે કે માનતા ન હો તો અડીને જોઈ લ્યો, અડવાથી હાથ બળવા માંડે છે તેથી અગ્નિ ગરમ છે. આ નિશ્ચિત અગ્નિનો સ્વભાવ જ છે.

દૃષ્ટાંત

**तथानादिः स्वतो बन्धो जीवपुद्गलकर्मणोः।**
**कुतः केन कृतः कुत्र प्रश्नोऽयं व्योमपुष्पवत्।।५५।।**

**અર્થ :–** જેમ અગ્નિમાં સ્વયંસિદ્ધ ઉષ્ણતા છે, તેવી જ રીતે જીવ અને પુદ્ગલ કર્મનો પણ અનાદિથી સ્વયંસિદ્ધ બંધ થઈ રહ્યો છે. જેમ અગ્નિના ઉષ્ણપણામાં કોઈ જાતની શંકા થઈ શકતી નથી તેવી જ રીતે જીવ અને કર્મના બંધમાં પણ કોઈ જાતની શંકા થઈ શકતી નથી. તો પછી આ બંધ ક્યાંથી થયો ? કોણે કર્યો ? ક્યાં કર્યો ? આદિ પ્રશ્ન આકાશના ફૂલની પેઠે સર્વથા નિષ્ફળ છે. જેમ આકાશને ફૂલ હોતા નથી તેમ આ પ્રશ્ન પણ ટકતો નથી.

**चेद् विभुत्सास्तिचित्ते ते स्यात्तथा वान्यथेति वा।**
**स्वानुभूतिसनाथेन प्रत्यक्षेण विमृश्यताम्।।५६।।**

**અર્થ :–** કર્મોનો જીવની સાથે બંધ છે કે નહિ ? છે તો કઈ જાતનો છે ? ઇત્યાદિ

જાણવાની જો તમારા હૃદયમાં આકાંક્ષા હોય તો સ્વાનુભૂતિ પ્રત્યક્ષથી વિચારી લ્યો.

**ભાવાર્થ :–** જે સમયે આત્મામાં સ્વાનુભવ થવા માંડશે, તે સમયે આ બાબતોનું આપોઆપ પૂરેપૂરું જ્ઞાન થઈ જશે.

અમૂર્ત આત્માનો મૂર્ત પુદ્‌ગલની સાથે કેવી રીતે સંબંધ થાય છે એનું જ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

**अस्त्यमूर्तं मतिज्ञानं श्रुतज्ञानं च वस्तुतः।**
**मद्यादिना समूर्तेन स्यात्तत्पाकानुसारि तत्।।५७।।**

**અર્થ :–** વાસ્તવમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંનેય જ્ઞાન અમૂર્ત છે પરંતુ મૂર્ત મદ્યાદિ પદાર્થોના યોગથી તે જ્ઞાનોનું પરિણમન બદલાઈ જાય છે.

**ભાવાર્થ :–** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંનેય આત્માના જ્ઞાન ગુણની પર્યાયરૂપ છે આત્મા અમૂર્ત છે તેથી એ બંને પણ અમૂર્ત જ છે પરંતુ જ્યારે કોઈ મનુષ્ય દારૂ, ભાંગ વગેરે માદક પદાર્થો પી લે છે ત્યારે તે મનુષ્યનો જ્ઞાન ગુણ નાશ પામે છે. દારૂ પીનાર મનુષ્ય બેહોશ થઈ જાય છે. આ બેહોશી તે મૂર્ત મદિરાના નિમિત્તે થાય છે. આ કથનથી આત્માનો મૂર્તકર્મ સાથે કઈ રીતે બંધ થાય છે, એ પ્રશ્નનું સારી રીતે નિરાકરણ થઈ જાય છે.

તેનો જ સ્પષ્ટાર્થ

**नासिद्धं तत्तथायोगात् यथा दृष्टोपलब्धितः।**
**विना मद्यादिना यस्मात् तद्विशिष्टं न तद्द्वयम्।।५८।।**

**અર્થ :–** મદિરાના નિમિત્તે જ્ઞાન મંદ થઈ જાય છે આ વાત અસિદ્ધ નથી પરંતુ પ્રત્યક્ષ સિદ્ધ છે. કેમ કે મદિરા આદિ વિના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન મૂર્છિત થતા નથી.

**ભાવાર્થ :–** મદિરા વિના જ્ઞાન નિર્મળ રહે છે અને મદ્ય પીવાથી મૂર્છિત થઈ જાય છે તેથી અમૂર્ત જ્ઞાન ઉપર મદિરાની પૂરેપૂરી અસર થાય છે.

વાસ્તવમાં જ્ઞાન અમૂર્ત છે

**अपि चोपचारता मूर्तं तूक्तं ज्ञानद्वयं हि यत्।**
**न तत्तत्त्वाद्यथा ज्ञानं वस्तुसीम्नोऽनतिक्रमात्।।५९।।**

**અર્થ :–** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કથંચિત્ મૂર્ત પણ છે. પરંતુ ઉક્ત બંને જ્ઞાનોમાં મૂર્તપણું ઉપચારથી છે. વાસ્તવમાં નથી. તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાન અમૂર્ત જ છે અને અમૂર્ત જ્ઞાન મૂર્ત કદી થઈ શકતું નથી. કેમકે વસ્તુની મર્યાદાનું ઉલ્લંઘન કદી થઈ શકતું નથી. જે મૂર્ત છે તે સદા મૂર્ત જ રહે છે અને જે અમૂર્ત છે તે સદા અમૂર્ત જ રહે છે. તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આત્માના ગુણ છે તે વાસ્તવમાં અમૂર્ત જ છે; કેવળ ઉપચારથી મૂર્ત કહેવાય છે.

જ્ઞાન મૂર્ત પણ છે

**नासिद्धश्चोपचारोयं मूर्तं यत्तत्त्वतोपि च।**
**वैचित्र्याद्वस्तुशक्तीनां स्वतः स्वस्यापराधतः।।६०।।**

**અર્થ :–** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનને વાસ્તવમાં અમૂર્ત કહેવામાં આવ્યા છે. તે ઉપચારને કાંઈ ન ગણીને અથવા અસિદ્ધ માનીને જે કોઈ ઉક્ત જ્ઞાનોને સર્વથા અમૂર્ત જ સમજતા હોય તેમને કહેવામાં આવે છે કે જે ઉપચારથી ઉક્ત જ્ઞાનોને મૂર્ત કહેવામાં આવેલ છે, તે ઉપચાર પણ અસિદ્ધ નથી પરંતુ સિદ્ધ જ છે. બીજી રીતે એમ પણ કહી શકાય છે કે વાસ્તવમાં પણ ઉક્ત જ્ઞાન મૂર્ત છે. અહીં કોઈ શંકા કરે કે વાસ્તવમાં અમૂર્ત પદાર્થ મૂર્ત કેવી રીતે થયો ? તેને આચાર્ય ઉત્તર આપે છે કે વસ્તુઓની શક્તિઓ વિચિત્ર છે. કોઈ શક્તિનું એક પ્રકારનું પરિણમન થાય છે અને કોઈનું બીજું જ. આત્માનો જ્ઞાન ગુણ અમૂર્ત છે તે મૂર્ત કેવી રીતે થઈ ગયો અને વસ્તુ શક્તિનું આવું વિપરીત પરિણમન કેમ થયું ? એમાં કોઈ દોષ નથી, સ્વયં આત્માએ પોતાનો અપરાધ કર્યો છે જેથી તેને મૂર્ત બનવું પડ્યું.

**ભાવાર્થ :–** 'मुख्याभावे सति प्रयोजने निमित्ते चोपचारः प्रवर्तते' જ્યાં મૂળ પદાર્થ ન

હોય પરંતુ કોઈ પ્રકારનું પ્રયોજન તેનાથી સિદ્ધ થતું હોય અથવા તે કોઈ કાર્યમાં નિમિત્ત થતું હોય તો એવા સ્થળે ઉપચારથી તેની સત્તાનો સ્વીકાર કરવામાં આવે છે. જેમ કે કોઈ બાળકમાં તેજસ્વીપણું જોઈને તેને અગ્નિ કહી દેવામાં આવે છે. વાસ્તવમાં તે અગ્નિ નથી કેમકે તેનામાં ઉષ્ણતા આદિ ગુણ નથી તો પણ તેજસ્વીપણાના ગુણના કારણે તેને અગ્નિ કહે છે. તેથી તે અગ્નિનો ઉપચાર બાળકમાં સર્વથા વ્યર્થ નથી પરંતુ કોઈ પ્રયોજનવશ કરવામાં આવ્યો છે. એવી જ રીતે ક્યાંક નિમિત્તવશ ઉપચાર થાય છે. જ્ઞાનમાં જે મૂર્તપણાનો ઉપચાર કરવામાં આવ્યો છે તે કર્મના નિમિત્તથી છે. બીજું કર્મનો આત્માની સાથે અનાદિકાળથી અતિ ઘનિષ્ટ સંબંધ હોવાથી આત્માનો વિપાક જ એવો થવા લાગ્યો છે તેથી કહેવું પડે છે કે આત્મા મૂર્ત છે. મૂર્તપણામાં એક હેતુ એ પણ છે કે આત્માએ પોતાનો નિજ સ્વભાવ છોડી દીધો છે.

### જીવનું પરિણમન

**अप्यस्त्यनादिसिद्धस्य सतः स्वाभाविकी क्रिया।**
**वैभाविकी क्रिया चास्ति पारिणामिकशक्तितः।।६१।।**

**અર્થ :–** અનાદિસિદ્ધ સત્તાવાળા આ જીવાત્માને બે પ્રકારની ક્રિયા થાય છે. એક સ્વાભાવિકી ક્રિયા અને બીજી વૈભાવિકી ક્રિયા. આ બંને પ્રકારની ક્રિયા શક્તિઓ પરિણમનશીલ હોવાથી થાય છે.

**ભાવાર્થ :–** બધી શક્તિઓ પરિણમનશીલ છે. એક અવસ્થા છોડીને બીજી અવસ્થા ધારણ કર્યા કરે છે. પરિણમનના કારણે જ જીવાત્મામાં સ્વભાવ પરિણમન અને વિભાવ પરિણમન – બંને પ્રકારનું પરિણમન થાય છે.

### વૈભાવિકી શક્તિ આત્માનો ગુણ છે

**न परं स्यात्परायत्ता सतो वैभाविकी क्रिया।**
**यस्मातस्तोऽसती शक्तिः कर्तुमन्यैर्न शक्यते।।६२।।**

**અર્થ :–** જો કોઈ વૈભાવિક શક્તિને પરાધીન જ સમજે તો તેને આચાર્ય કહે છે કે વૈભાવિક શક્તિ આત્માનો જ નિજ ગુણ છે કેમકે જેમાં જે ગુણ ન હોય તે બીજા દ્વારા આવી શકતો નથી.

**ભાવાર્થ :–** આત્મામાં અન્ય ગુણોની જેમ એક વૈભાવિક ગુણ પણ છે તે જ વૈભાવિક ગુણનું વિભાવ પરિણમન અને સ્વભાવ પરિણમન થાય છે. જો વૈભાવિક ગુણ આત્માનો નિજ ગુણ ન હોત તો આત્મામાં વિભાવ–સ્વભાવરૂપ પરિણમન પણ થઈ શકત નહિ.

શંકાકાર

**ननु वैभाविकभावाख्या क्रिया चेत्पारिणामिकी।**
**स्वाभाविक्याः क्रियायाश्च कः शेषो हि विशेषभाक्।।६३।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જો વૈભાવિક નામની શક્તિ જ પરિણમનશીલ હોય તો તેનું જ વિભાવ અને સ્વભાવ પરિણમન થશે. તો પછી સ્વભાવની શક્તિમાં કઈ વિશેષતા બાકી રહેશે ?

ફરીથી શંકાકાર

**अपि चार्थ परिच्छेदिज्ञानं स्वं लक्षणं चित्तः।**
**ज्ञेयाकारक्रिया चास्य कुतो वैभाविकी क्रिया।।६४।।**

**અર્થ :–** શંકાકારનું કહેવું છે કે પદાર્થને જાણનાર જે જ્ઞાન છે તે આ જીવાત્માનું નિજ લક્ષણ છે. તે જ્ઞાનમાં જે જ્ઞેયના આકારે ક્રિયા થાય છે તે ક્રિયા વૈભાવિકી કેવી રીતે કહી શકાય ?

**ભાવાર્થ :–** આ શ્લોક વડે શંકાકારે વૈભાવિક શક્તિને નકામી સમજીને ઉડાવી જ દીધી છે. તે કહે છે કે વૈભાવિક તેને જ કહે છે કે જે પર નિમિત્તથી થાય. જ્ઞાન પણ જ્ઞેય પદાર્થના નિમિત્તે તે જ્ઞેયનો આકાર ધારણ કરે છે, પરંતુ જ્ઞેયાકારને ધારણ કરનાર જ્ઞાન વૈભાવિક કોઈ રીતે કહી શકાતું નથી.

આ જ શંકા નીચેના શ્લોકથી સ્પષ્ટ કરે છે

**तस्माद्यथा घटाकृत्या घटज्ञानं न तद्घटः।**
**मद्याकृत्या तथा ज्ञानं ज्ञानं ज्ञानं न तन्मयम्।।६५।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જે સમયે જ્ઞેયના નિમિત્તે જ્ઞાન જ્ઞેયાકાર થઈ જાય છે, તે સમયે જ્ઞાન જ્ઞાન જ રહે છે. તે જ્ઞેય થઈ જતું નથી. દૃષ્ટાંત તરીકે ઘટજ્ઞાન લઈ લ્યો. જે સમયે ઘટાકાર થાય છે તે સમયે ઘટજ્ઞાન પણ જ્ઞાન જ છે, તે ઘટજ્ઞાન ઘટ બની જતું નથી. એવી જ રીતે મદિરાના નિમિત્તે જે જ્ઞાન મદ્ય આકારે અર્થાત્ મલિન તથા મૂર્છિત થઈ જાય છે, તે પણ જ્ઞાન જ છે, જ્ઞાન મદિરામય (વિકારી) કદી થઈ શકતું નથી.

**ભાવાર્થ :–** શંકાકારની દૃષ્ટિએ વૈભાવિક પરિણમન કોઈ ચીજ નથી. તે કહે છે કે જે સમયે મદિરાના નિમિત્તે જ્ઞાન મલિનતારૂપે આવે છે તે સમયે પણ તે જ્ઞાન જ છે, ભલેને તે ગમે તે રૂપમાં હોય. શંકાકારે જ્ઞેયના નિમિત્તથી બદલનાર જ્ઞાનમાં કાંઈ પણ તફાવત માન્યો નથી તેથી તેના કથન પ્રમાણે સ્વાભાવિક શક્તિ જ માનવી જોઈએ. વૈભાવિક શક્તિની કોઈ આવશ્યકતા નથી.

ઉત્તર

**नैवं यतो विशेषोऽस्ति बद्धाबद्धावबोधयोः।**
**मोहकर्मावृतो बद्धः स्यादबद्धस्तदत्ययात्।।६६।।**

**અર્થ :–** જે પહેલા શંકાકાર તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે મદિરાના નિમિત્તે બદલાયેલું જ્ઞાન પણ જ્ઞાન જ છે અને જ્ઞેયાકાર થનારું પણ જ્ઞાન જ છે, જ્ઞાનપણું બંનેમાં સમાન છે. તેના ઉત્તરમાં આચાર્ય કહે છે કે એમ વાત નથી કારણ કે કોઈ અન્ય નિમિત્ત વિના (કેવળ જ્ઞેયના નિમિત્તે) જ્ઞેયાકાર થનાર જ્ઞાનમાં અને મદિરાના નિમિત્તે બદલનાર જ્ઞાનમાં ઘણો તફાવત છે. મદિરાના નિમિત્તે જે જ્ઞાન થયું છે. તે જ્ઞાન મલિન છે, તે જ્ઞાનમાં યથાર્થતા નથી. યથાર્થતા તે જ જ્ઞાનમાં છે કે જે વસ્તુનું

યથાર્થપણે ગ્રહણ કરે છે. જે જ્ઞાન કેવળ જ્ઞેયના નિમિત્તે જ્ઞેયાકાર થાય છે તે વસ્તુનું યથાર્થ ગ્રહણ કરે છે તેથી બંને જ્ઞાનમાં મોટું અંતર છે.

એવી જ રીતે જીવોનું જ્ઞાન બે પ્રકારનું છે, એક બદ્ધજ્ઞાન, બીજું અબદ્ધજ્ઞાન. જે જ્ઞાન મોહનીયકર્મથી ઢંકાયેલું છે અર્થાત્ જેની સાથે મોહનીયકર્મ લાગેલું છે, તેને તો બદ્ધ અર્થાત્ બંધાયેલું જ્ઞાન કહે છે અને જે જ્ઞાન મોહનીયકર્મથી રહિત થઈ ગયું છે તે જ્ઞાન અબદ્ધ કહેવાય છે. બદ્ધ અને અબદ્ધ જ્ઞાનમાં મોટું અંતર છે.

તે જ તફાવત નીચે બતાવે છે

**मोहकर्मावृतं ज्ञानं प्रत्यर्थं परिणामि यत्।**
**इष्टानिष्टार्थसंयोगात् स्वयं रज्यद्द्विषद्यथा।।६७।।**

**અર્થ :–** મોહનીયકર્મથી જે જ્ઞાન ઢંકાઈ રહ્યું છે તે જે–જે પદાર્થને જાણે છે તે તે પદાર્થમાં ઇષ્ટ અને અનિષ્ટ બુદ્ધિ હોવાથી સ્વયં રાગદ્વેષ કરે છે.

**ભાવાર્થ :–** જો કે પ્રત્યેક પદાર્થને ક્રમે ક્રમે જાણવા એવી યોગ્યતા જ્ઞાનમાં જ્ઞાનાવરણીયના નિમિત્તે હોય છે, પરંતુ ઇષ્ટરૂપ કે અનિષ્ટરૂપ જેવા પદાર્થો મળે છે, તે પદાર્થોમાં રાગદ્વેષરૂપ બુદ્ધિ થવી એ વાત જ્ઞાનમાં મોહનીયકર્મના નિમિત્તે આવે છે.

અબદ્ધ જ્ઞાનનું સ્વરૂપ

**तत्र ज्ञानमबद्धं स्यान्मोहकर्मातिगं यथा।**
**क्षायिकं शुद्धमेवैतल्लोकालोकावभासकम्।।६८।।**

**અર્થ :–** જે જ્ઞાન સાથે મોહનીયકર્મનો સંબંધ રહ્યો નથી તે અબદ્ધજ્ઞાન કહેવાય છે. એવું જ્ઞાન પરમ શુદ્ધ ક્ષાયિકજ્ઞાન છે. તે જ જ્ઞાન લોકાલોકને જાણે છે.

**ભાવાર્થ :–** ચાર ઘાતીકર્મોનો નાશ કરનાર તેરમા ગુણસ્થાનવર્તી અરિહંત પરમાત્માનું જે જગતનો પ્રકાશ કરનાર કેવળજ્ઞાન છે, તે જ અબદ્ધજ્ઞાન છે.

ક્ષાયિકજ્ઞાન અબદ્ધ કેમ છે તે બતાવે છે

**ना सिद्धं सिद्धदृष्टान्तात् एतद्दृष्टोपलब्धितः।**
**शीतोष्णानुभवः स्वस्मिन् न स्यात्तज्ज्ञे परात्मनि।।६९।।**

**અર્થ :–** ક્ષાયિકજ્ઞાન અબદ્ધ છે. તેમાં ઇષ્ટ અનિષ્ટરૂપ બુદ્ધિ થતી નથી એ વાત અસિદ્ધ નથી પરંતુ પ્રત્યક્ષ સિદ્ધ છે. આપણે ઠંડી અને ગરમીનો અનુભવ કરીએ છીએ અર્થાત્ આપણને ઠંડી પણ લાગે છે અને ગરમી પણ લાગે છે. પરંતુ બીજો મનુષ્ય કે જે આપણને થતા ઠંડા ગરમપણાને પૂરેપૂરા જાણે છે, તે ઠંડી કે ગરમીનો અનુભવ કરતો નથી.

**ભાવાર્થ :–** આપણે કોઈ કષ્ટ ભોગવતા હોઈએ તો બીજો મનુષ્ય એમ તો જાણે છે કે આપણે કષ્ટ ભોગવી રહ્યા છીએ, પરંતુ તેને કષ્ટ થતું નથી. કષ્ટ થવું અને કષ્ટનું જ્ઞાન થવું, એ બંનેમાં ઘણું અંતર છે. સિદ્ધોનું જ્ઞાન સાંસારિક પદાર્થને તથા નરકાદિ ગતિઓને જાણે છે પરંતુ તે પદાર્થોમાં કોઈ જાતની રુચિ અથવા અરુચિનું ઉત્પાદક થઈ શકતું નથી. કેમકે રુચિ અથવા અરુચિનું થવું મોહનીયના નિમિત્તે છે. ત્યાં મોહનીયનો સર્વથા અભાવ થઈ ગયો છે તેથી સારી રીતે સિદ્ધ થાય છે કે મોહનીયકર્મ સાથે સંબંધ રાખનારું જ્ઞાન છે તે જ બદ્ધ છે અને તેનાથી રહિત અબદ્ધ છે.

નિષ્કર્ષ

**ततः सिद्धः सुदृष्टान्तो मूर्तं ज्ञानद्वयं यथा।**
**अस्त्यमूर्तोऽपि जीवात्मा बद्धः स्यान्मूर्तकर्मभिः।।७०।।**

**અર્થ :–** તેથી આટલા કથનથી તથા મદિરાના જ્વલંત ઉદાહરણથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ કે જેમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અમૂર્ત હોવા છતાં પણ મૂર્ત થઈ જાય છે, તેવી જ રીતે અમૂર્ત જીવાત્મા પણ મૂર્તિમાન કર્મો સાથે બંધાઈ જાય છે. અર્થાત્ મૂર્તકર્મોના નિમિત્તે અમૂર્ત આત્મા પણ કથંચિત્ મૂર્ત થઈ જાય છે.

પ્રશ્ન

**ननु बद्धत्वं किं नाम किमशुद्धत्वमर्थतः।**
**वावदूकोऽथ संदिग्धो बोध्यः कश्चिदिति क्रमात्।।७१।।**

**અર્થ :–** ઉપર કહેવામાં આવ્યું છે કે જીવ કર્મોથી બંધાયેલો છે. અહીં એ બતાવો કે બંધન શું વસ્તુ છે ? તથા અશુદ્ધતા પણ વાસ્તવમાં કઈ વસ્તુ છે ? કોઈ પણ અધિક બોલકાને આ વિષયમાં સંદેહ હોય, તેનો સંદેહ દૂર કરી, તેને યથાર્થ બોધ કરાવી દ્યો.

બંધનું સ્વરૂપ

**अर्थाद्वैभाविकी शक्तिर्या सा चेदुपयोगिनी।**
**तद्गुणाकारसंक्रान्तिर्बन्धः स्यादन्यहेतुकः।।७२।।**

**અર્થ :–** આત્મામાં અન્ય ગુણોની જેમ એક વૈભાવિક નામની શક્તિ પણ છે તે શક્તિ જ્યારે ઉપયોગરૂપ અવસ્થામાં આવે છે ત્યારે આત્માના ગુણોની સંક્રાન્તિ (ચ્યૂતતા) થાય છે. ગુણોનું પોતાના સ્વરૂપથી ચ્યૂત થવું તે જ બંધ કહેવાય છે અને તે બંધ બીજાના કારણે થાય છે.

**ભાવાર્થ :–** રાગદ્વેષના નિમિત્તે વૈભાવિક શક્તિનું પરિણમન વિભાવરૂપ થાય છે. જે વૈભાવિક શક્તિનું વિભાવરૂપ પરિણમન છે તે જ પરિણમન વૈભાવિક શક્તિની ઉપયોગરૂપ અવસ્થા છે. તે જ અવસ્થામાં આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. તે જ બંધનું યથાર્થ સ્વરૂપ છે. એ જ વાત નીચે સ્પષ્ટ કરવામાં આવે છે. —

**तत्र बन्धे न हेतुः स्याच्छक्तिर्वैभाविकी परम्।**
**नोपयोगोऽपि तत्किन्तु परायत्तं प्रयोजकम्।।७३।।**

**અર્થ :–** આત્માના ગુણોની ભ્રષ્ટતારૂપ બંધમાં કેવળ વૈભાવિકી શક્તિ જ કારણ નથી અથવા તેનો કેવળ ઉપયોગ પણ કારણ નથી પરંતુ પરાધીનતા જ પ્રયોજક છે.

**ભાવાર્થ :–** જો બંધનું કારણ વૈભાવિક શક્તિ જ હોય તો શક્તિ નિત્ય છે – સદા આત્મામાં રહે છે તેથી આત્મામાં સદા બંધ જ થયા કરશે, આત્મા કદી મુક્ત નહિ થાય અથવા મુક્ત આત્મા પણ બંધ કરવા લાગશે. તેથી કેવળ શક્તિ જ બંધનું કારણ નથી તથા કેવળ ઉપયોગ પણ નથી. ઉપયોગ નામ શક્તિના પરિણમનનું છે. તે ઉપયોગ શક્તિની સ્વભાવ અવસ્થામાં પણ હોય છે અને વિભાવ અવસ્થામાં પણ હોય છે, જો શક્તિનો શુદ્ધ ઉપયોગ પણ બંધનું કારણ હોય તો પણ તે જ દોષ આવે છે કે જે ઉપર કહેવાય ગયો છે. તેથી પુદ્‌ગલના નિમિત્તે જે વૈભાવિક શક્તિનો વિભાવરૂપ ઉપયોગ છે તે જ બંધનું કારણ છે. આ કથનથી બંધ–કારણમાં પુદ્‌ગલની પણ મુખ્યતા લેવામાં આવી છે. આ જ વાતને વિશેષપણે સ્પષ્ટ કરે છે.

**अस्ति वैभाविकी शक्तिस्तत्तद्रव्योपजीविनी।**
**सा चेद्वन्धस्य हेतुः स्यादर्थान्मुक्तेरसंभवः।।७४।।**

**અર્થ :–** જીવ અને પુદ્‌ગલનો વૈભાવિક અનુજીવી ગુણ છે. જો તે જ બંધનું કારણ હોય તો જીવની મુક્તિ કદી થઈ શકે જ નહિ.

**ભાવાર્થ :–** જે ગુણ ભાવરૂપ હોય છે તેમને જ અનુજીવી ગુણ કહે છે. જ્ઞાન, સુખ, દર્શન, વીર્ય, અસ્તિત્વ વગેરે ગુણો અનુજીવી ગુણો છે. એ ગુણો પોતાની હયાતી ધરાવે છે. આજ જાતનો ગુણ વૈભાવિક પણ છે. જે ગુણ ભાવરૂપ ન હોય, કેવળ કર્મોના નિમિત્તે થયેલી અવસ્થાનો અભાવ થઈ જવાથી પ્રગટ થયા હોય, તેમને પ્રતિજીવી ગુણ કહે છે. જેમકે ગોત્રકર્મના નિમિત્તે આત્મા ઊંચ–નીચ કહેવાતો હતો. ગોત્રકર્મ દૂર થઈ જવાથી હવે ઊંચ-નીચ કહેવાતો નથી. એનું જ નામ અગુરુલઘુ છે. વાસ્તવમાં આ અગુરુલઘુ x ગુણ નથી પરંતુ ગુરુ અને લઘુપણાના અભાવને જ અગુરુલઘુ કહેવામાં આવેલ છે. આ પણ આત્માનો અભાવાત્મક ધર્મ છે. વૈભાવિક આત્માનો સત્‌રૂપ ગુણ છે તેથી તે બંધનો હેતુ થઈ શકતો નથી.

---

x એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થઈ જાય એવુ જેનું કાર્ય છે અને જેમાં ષટ્‌ગુણહાનિ વૃદ્ધિ થયા કરે છે તે અગુરુલઘુ અનુજીવી ગુણ બીજો જ છે.

ઉપયોગ પણ બંધનું કારણ નથી

**उपयोगः स्यादभिव्यक्तिः शक्तेः स्वार्थाधिकारणी।**
**सैव बन्धस्य हेतुश्चेत् सर्वो बन्धः समस्यताम्।।७५।।**

**અર્થ :–** શક્તિની સ્વરૂપાત્મક વ્યક્તતાનું નામ પણ ઉપયોગ છે જો તે જ ઉપયોગ બંધનો હેતુ હોય તો બધા બંધ વિશિષ્ટ થઈ જશે.

**ભાવાર્થ :–** વૈભાવિક શક્તિનું પોતાના સ્વરૂપ સહિતનું પ્રગટપણું શુદ્ધ અવસ્થામાં થાય છે તે ઉક્ત શક્તિનું સ્વભાવ પરિણમન કહેવાય છે. આ સ્વભાવ પરિણમન બંધનું કારણ નથી પરંતુ બીજું જ છે. તે જ બતાવે છે.

**तस्मात्तद्धेतुसामग्री सान्निध्ये तद्गुणाकृतिः।**
**स्वाकारस्य परायत्ता तया बद्धोऽपराधवान्।।७६।।**

**અર્થ :–** તેથી બંધની કારણ સામગ્રી મળતા આ સ્વયં અપરાધી આત્મા પરતંત્ર થતો થકો બંધાઈ જાય છે. તે જ સમયે આત્માના નિજગુણોનું સ્વરૂપ પોતાની અવસ્થા છોડીને વિભાવ (વિકાર) અવસ્થામાં આવી જાય છે.

આત્માની પરાધીનતા પણ અસિદ્ધ નથી

**नासिद्धं तत्परायत्तं सिद्धसंदृष्टितो यथा।**
**शीतमुष्णमिवात्मानं कुर्वन्नात्माप्यनात्मवित्।।७७।।**

**અર્થ :–** સંસારી આત્મા કર્મોને આધીન છે. એ વાત પણ અસિદ્ધ નથી. પ્રસિદ્ધ દૃષ્ટાંથી એ વાત સિદ્ધ છે. જે સમયે આ આત્મા ઠંડી કે ગરમીનો અનુભવ કરવા માંડે છે તે સમયે આ મૂર્ખ આત્મા પોતાની જાતને જ ઠંડી અથવા ગરમ સમજવા માંડે છે. આ મૂર્ખાઈ એની કર્મોની પરતંત્રતાથી જ થાય છે.

ઠંડુ અને ગરમ શું છે ?

**तद्यथा मूर्तद्रव्यस्य शीतश्चोष्णो गुणोऽखिलः।**
**आत्मनश्चाप्यमूर्तस्य शीतोष्णानुभवः क्वचित्।।७८।।**

**અર્થ :–** શીત અને ઉષ્ણ બંને મૂર્તદ્રવ્ય (પુદ્‌ગલ) ના X ગુણ છે. આ ગુણોનો * ક્યાંક ક્યાંક અમૂર્ત આત્મામાં પણ અનુભવ થાય છે.

શંકાકાર

**ननु वैभाविकी शक्तिस्तथा स्यादन्ययोगतः।**
**परयोगाद्विना किं न स्याद्वास्ति तथन्यथा।।७९।।**

**અર્થ :–** શું વૈભાવિક શક્તિનું વિભાવરૂપ પરિણમન બીજાના નિમિત્તે જ થાય છે ? બીજાના નિમિત્ત વિના નથી જ થતું ? અથવા વૈભાવિક શક્તિ વાસ્તવમાં છે કે નથી ?

ઉત્તર

**सत्यं नित्या तथा शक्तिः शक्तित्वाच्छुद्धशक्तिवत्।**
**अथान्यथा सतो नाशः शक्तिनां नाशतः क्रमात्।।८०।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે વૈભાવિક શક્તિ વાસ્તવમાં છે અને તે નિત્ય છે કેમકે જે જે શક્તિઓ હોય છે તે બધી નિત્ય જ હોય છે. જેમ આત્માની શુદ્ધ શક્તિઓ જ્ઞાન, દર્શનાદિ નિત્ય છે તેવી જ રીતે આ પણ નિત્ય છે. જો આ વૈભાવિક શક્તિને નિત્ય ન માનવામાં આવે તો સત્ પદાર્થનો જ નાશ થઈ જશે. કેમકે શક્તિઓ (ગુણો)

X સ્પર્શ ગુણની પર્યાય

* સંસારી આત્મામાં

નો સમૂહ, તે જ પદાર્થ છે. જો શક્તિઓનો જ ક્રમે ક્રમે નાશ થવા માંડે તો પદાર્થ પણ અવશ્ય નષ્ટ થઈ જાય. અંગના નાશથી અંગીનો નાશ અવશ્યંભાવી છે. તેથી વૈભાવિક શક્તિ આત્માનો નિત્ય ગુણ છે.

અશુદ્ધતામાં હેતુ

**किन्तु तस्यास्तथाभावः शुद्धादन्योन्यहेतुकः।**
**तन्निमित्ताद्विना शुद्धो भावः स्यात्केवलं स्वतः।।८१।।**

**અર્થ :–** પરંતુ તે વૈભાવિક શક્તિની શુદ્ધ અવસ્થાથી જે અશુદ્ધ અવસ્થા થાય છે તે બીજાના નિમિત્તે થાય છે. તે નિમિત્ત જ્યારે આત્માથી દૂર જાય છે ત્યારે તે શક્તિની શુદ્ધ અવસ્થા થઈ જાય છે.

દ્રષ્ટાંત

**नासिद्धोऽसौ हि सिद्धान्तः सिद्धः संदृष्टितो यथा।**
**वह्नियोगाज्जलंचोष्णं शीतं तत्तदयोगतः।।८२।।**

**અર્થ :–** બીજાના નિમિત્તે વૈભાવિક શક્તિનું વિભાવ પરિણમન થાય છે. નિમિત્ત વિના તે જ શક્તિનું સ્વભાવ પરિણમન થઈ જાય છે. આ સિદ્ધાંત અસિદ્ધ નથી. આ વાત તો દ્રષ્ટાંત દ્વારા સારી રીતે સિદ્ધ થાય છે. જેમ અગ્નિના નિમિત્તે પાણી ગરમ થઈ જાય છે અને અગ્નિ દૂર થતાં તે જ પાણી પોતાની સ્વાભાવિક શીત અવસ્થામાં આવી જાય છે.

ફરીથી શંકાકાર

**ननु चैवं चैका शक्तिस्तद्भावो द्विविधो भवेत्।**
**एकः स्वाभाविको भावो भावो वैभाविकोऽपरः।।८३।।**

चेदवश्यं हि द्वे शक्ति सतः स्तः का क्षतिः सताम्।
स्वाभाविकी स्वभावैः स्वै स्वैर्विभावैर्विभावजा।।८४।।
सद्भावेथाप्यसद्भावे कर्मणां पुद्गलात्मनाम्।
अस्तु स्वभाविकी शक्तिः शुद्धैर्भावैर्विराजिता।।८५।।
अस्तु वैभाविकी शक्ति संयोगात्पारिणामिकी।
कर्मणामुदयाभावे न स्यात्सा पारिणामिकी।।८६।।
दण्डयोगाद्यथा चक्रं बम्भ्रमत्यात्मनात्मनि।
दण्डयोगाद्विना चक्रं चित्रं वा व्यवतिष्ठते।।८७।।

**અર્થ :–** શંકાકાર કહે છે કે ઉપરના કથનથી આ વાત સિદ્ધ થાય છે કે એક વૈભાવિકી નામની શક્તિ છે, તે જ એક શક્તિની બે પ્રકારની અવસ્થાઓ થાય છે. એક સ્વાભાવિક અવસ્થા, બીજી વૈભાવિક અવસ્થા. જો એમ જ છે અર્થાત્ પદાર્થમાં સ્વભાવ–વિભાવ બંને પ્રકારના પરિણમન થાય છે તો પછી પદાર્થમાં બે શક્તિઓ જ શા માટે ન માનવી ? એમાં પદાર્થોને ક્યું નુકસાન થાય છે ? એક શક્તિ માનીને તેની બે અવસ્થાઓ માનવાની અપેક્ષાએ બે સ્વતંત્ર શક્તિઓ માની લેવી એ જ સારું છે. આત્માના સ્વાભાવિક ભાવોથી થતી સ્વાભાવિક શક્તિ અને આત્માના વૈભાવિક ભાવોથી થતી વૈભાવિક શક્તિ. આ રીતે બંને સિદ્ધ થાય છે.

આત્મામાં કર્મનો સંબંધ ભલે હોય કે ન હોય, આત્માના શુદ્ધભાવોમાં પરિણમન કરનારી સ્વાભાવિક શક્તિ સદા રહે છે. તે શક્તિ તે જ આત્માના અંશોમાં કામ કરે છે, જે શુદ્ધ છે તથા કર્મોનો જ્યાં સુધી આત્મા સાથે સંબંધ રહેશે ત્યાં સુધી વૈભાવિક શક્તિનું પરિણમન થયા કરશે. જ્યારે કર્મોનો ઉદય નહિ રહે અર્થાત્ જ્યારે કર્મ શાંત થઈ જશે તે સમયે તે વૈભાવિક શક્તિનું પરિમણન પણ નહિ હોય, તે સમયે તે નિષ્ક્રિય જ પડી રહેશે. દૃષ્ટાંત – કુંભારના ચાકડાને જ્યાં સુધી દંડુકાનું નિમિત્તિ મળે છે ત્યાં સુધી તે ચાકડો પોતાની મેળે ઘૂમ્યા કરે છે, પરંતુ જ્યારે તેની સાથે દંડુકાનો સંબંધ નથી રહેતો ત્યારે તે ચાકડો ભીંતમાં દોરલા ચિત્રની જેમ પોતાને ઠેકાણે જ સ્થિર રહે છે.

**ભાવાર્થ :–** શંકાકારનો અભિપ્રાય એટલો જ છે કે આત્મામાં એક સ્વાભાવિક શક્તિ અને એક વૈભાવિક શક્તિ એવી બે શક્તિઓ સ્વતંત્ર માનો. આ બંને શક્તિઓ

નિત્ય છે. પરંતુ આત્માના સ્વાભાવિક ગુણોમાં સ્વાભાવિક શક્તિનું પરિણમન થયા કરે છે. કર્મોના નિમિત્તે જ્યારે આત્માના ગુણોનું વૈભાવિક સ્વરૂપ થઈ જાય છે ત્યારે વૈભાવિક શક્તિનું પરિણમન થયા કરે છે. પરંતુ કર્મો દૂર થતાં અથવા તેનો અનુદય થતાં વૈભાવિક શક્તિનું પરિણમન થતું નથી.

શંકાકાર બે શક્તિઓ માનીને તેમને નિત્ય માને છે તો પણ તે તેમનામાં પરિણમન સદા નથી માનતો. તેના સિદ્ધાંત પ્રમાણે હવે બે શંકાઓ થઈ. એક તો એક શક્તિની જગ્યાએ બે શક્તિઓ માનવી. બીજું શક્તિઓને નિત્ય માનવા છતાં પણ તેમનામાં સદા પરિણમન ન માનવું. આ જ બે શંકાઓનો પરિહાર નીચે કરવામાં આવે છે. –

ઉત્તર

**नैवं यतोस्ति परिणामि शक्तिजातं सतोऽखिलम्।**
**कथं वैभाविकी शक्तिर्न स्याद्वै पारिणामिकी।।८८।।**

**અર્થ :–** શંકાકારનું કથન કે વૈભાવિક શક્તિ–કર્મોદય વિના ચિત્રની જેમ કુટસ્થ – પરિણમન શૂન્ય રહી જાય છે, તે સર્વથા યુક્તિ–આગમ શૂન્ય છે. કેમકે જેટલી કોઈ શક્તિઓ છે તે બધી પરિણમનશીલ છે. પદાર્થમાં એવી કોઈ પણ શક્તિ નથી કે જે ક્ષણે ક્ષણે પોતાની અવસ્થા બદલતી ન હોય. તો પછી વૈભાવિકી શક્તિ પરિણમનશીલ કેમ ન હોય ? જો તે પરિણમનશીલ છે તો 'કર્મોના અનુદયમાં તે ચિત્રની જેમ પરિણામ રહિત થઈ જાય છે' એવી જે શંકાકારની દલીલ છે તે તદ્દન નકામી છે.

અને એમ પણ નથી કે કોઈ શક્તિ પરિણમનવાળી છે અને કોઈ નથી, બધી શક્તિઓ પરિણમનશીલ છે, એ જ વાત નીચે બતાવે છે.

શક્તિને પરિણામ રહિત માનવામાં કોઈ પ્રમાણ નથી

**परिणामात्मिका काचिच्छक्तिश्चाऽपारिणामिकी।**
**तद्ग्राहकप्रमाणस्याऽभावात्संदृष्टयभावतः।।८९।।**

**અર્થ :–** દ્રવ્યમાં જેટલી શક્તિઓ છે તે બધી ક્ષણે ક્ષણે પરિણમ્યા કરે છે. કોઈ શક્તિને પરિણમનશીલ માનવામાં આવે અને કોઈને ન માનવામાં આવે અથવા તો થોડા સમય માટે પરિણમનશીલ માનવામાં આવે, એમાં કોઈ પ્રમાણ નથી અને ન તો કોઈ દૃષ્ટાંત છે.

**ભાવાર્થ :–** વસ્તુમાં બે પ્રકારની પર્યાયો થાય છે. એક વ્યંજનપર્યાય, બીજી અર્થપર્યાય. પ્રદેશત્વ ગુણના વિકારને વ્યંજનપર્યાય કહે છે અર્થાત્ સમગ્ર વસ્તુના અવસ્થાભેદને (આકારને) વ્યંજનપર્યાય કહે છે તથા તે દ્રવ્યમાં રહેતા અનંત ગુણોની પર્યાયને અર્થપર્યાય કહે છે. ઉક્ત બંને પ્રકારની પર્યાયો વસ્તુમાં સમયે સમયે થયા કરે છે.

ફલિતાર્થ

**तस्माद्वैभाविकी शक्तिः स्वयं स्वाभाविकी भवेत्।**
**परिणामात्मिका भावैरभावे कृत्स्नकर्मणाम्।।९०।।**

**અર્થ :–** જ્યારે ઉપરોક્ત કથન પ્રમાણે બધી શક્તિઓનું પરિણમન થાય છે ત્યારે વૈભાવિક શક્તિનું પણ પ્રતિક્ષણ પરિણમન સિદ્ધ થઈ ગયું. તેથી ફલિતાર્થ એ થયો કે વૈભાવિકી શક્તિ જ અવસ્થાભેદે સ્વભાવ અને વિભાવમાં આવ્યા કરે છે. જ્યાં સુધી કર્મોનો સંબંધ રહે છે ત્યાં સુધી તો તે વૈભાવિકી શક્તિનું વિભાવરૂપ પરિણમન થાય છે અને જ્યારે બધા કર્મોનો અભાવ થાય છે ત્યારે આત્મા પોતાના સ્વાભાવિક શુદ્ધ ભાવોનો અધિકારી થઈ જાય છે તે સમયે તે વૈભાવિકી શક્તિનું પરિણમન સ્વભાવરૂપ થાય છે. આ રીતે કેવળ એક વૈભાવિક શક્તિના જ સ્વાભાવિક અને વૈભાવિક એવા બે અવસ્થાભેદ છે.

નિષ્કર્ષ

**ततः सिद्धं सतोऽवश्यं न्यायाच्छक्तिद्वयं यतः।**
**सदवस्थाभेदतो द्वैतं न द्वैतं युगपत्तयोः।।९१।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ જાય છે કે પદાર્થમાં અવસ્થાના ભેદથી બે શક્તિઓ છે. આ દ્વૈત અવસ્થા ભેદથી જ છે. સ્વાભાવિક અને વૈભાવિક આ બે શક્તિઓની અપેક્ષાએ યુગપત્ દ્વૈત નથી.

**ભાવાર્થ :–** વસ્તુમાં એક સમયમાં એક જ પર્યાય હોય છે. આ નિયમથી વૈભાવિક શક્તિની ક્રમે થતી બંને અવસ્થાઓ વસ્તુમાં રહે છે. પરંતુ કોઈ કહે કે સ્વાભાવિક અને વૈભાવિક બંને એકી સાથે રહે (છે), એ વાત કદી બની શકતી નથી. કેમકે જો એકી સાથે એક કાળે બંને રહેતી હોય તો તે બંને ગુણ કહેવાય, પર્યાયો ન કહેવાય. પર્યાય તો એક સમયમાં એક જ હોય છે. તેથી અવસ્થાભેદે ક્રમપૂર્વક જ સ્વાભાવિક અને વૈભાવિક બંને અવસ્થાઓ પ્રાપ્ત થાય છે, એક કાળે નહિ.

બંનેને એક સમયે માનવામાં દોષ

**योगपद्ये महान दोषस्तदद्वैतस्य नयादपि।**
**कार्यकारणयोर्नाशो नाशः स्याद्बन्धमोक्षयोः।।९२।।**

**અર્થ :–** જો કે વૈભાવિક શક્તિ એક જ છે અને તેની બે અવસ્થાઓ ક્રમપૂર્વક થાય છે એ સિદ્ધાંત છે. તો પણ અવસ્થાભેદે જે દ્વૈત છે અર્થાત્ પર્યાયની અપેક્ષાએ જે સ્વાભાવિક અને વૈભાવિક બે ભેદ છે એ ભેદોનો એકસાથે જ કોઈ સ્વીકાર કરે તો પણ બરાબર નથી. આમ માનવાથી અનેક દોષ આવે છે. એક તો એમાં કાર્યકારણ-ભાવ રહેશે નહિ કેમકે વૈભાવિક અવસ્થાપૂર્વક જ સ્વાભાવિક અવસ્થા હોય છે, જેમ સંસારપૂર્વક જ મોક્ષ હોય છે તેમ. તેથી સંસાર મોક્ષપ્રાપ્તિમાં કારણ છે. એવી જ રીતે વૈભાવિક અવસ્થા વિના સ્વાભાવિક અવસ્થા પણ હોઈ શકતી નથી. એકસાથે માનવામાં આ કાર્યકારણભાવ બનશે નહિ. બીજું બંધ અને મોક્ષની પણ વ્યવસ્થા બનશે નહિ, કેમકે વૈભાવિક અવસ્થા પહેલાં માનવાથી જ બંધપૂર્વક મોક્ષનું હોવું સિદ્ધ થાય છે. પરંતુ એકસાથે બંને અવસ્થાઓની સત્તાનો સ્વીકાર કરવાથી બંધ અને મોક્ષ એકસાથે જ પ્રાપ્ત થશે અથવા બંધની સત્તા હોવા છતાં મોક્ષ કદી હોઈ શકે નહિ, તેથી આ આત્માનો કદી પણ મોક્ષ થશે નહિ. આ જ વાત નીચે પણ દેખાડે છે —

**नैकशक्ते र्द्विधाभावो यौगपद्यानुषङ्गतः।**
**सति तत्र विभावस्य नित्यत्वं स्यादबाधितम्।।९३।।**

**અર્થ :–** જો કે એક શક્તિ (વૈભાવિક)ના જ બે ભેદ હોય છે અર્થાત્ એક જ શક્તિ બે રૂપ ધારણ કરે છે. પરંતુ એકસાથે જ એક શક્તિના બે ભેદ હોઈ શકતા નથી. જો બંને ભેદ બરાબર એકસાથે જ થવા માંડે તો વૈભાવિક અવસ્થા પણ નિયમથી સદા બની રહેશે અને વૈભાવિક અવસ્થાની નિત્યતામાં આત્માનો મોક્ષ–પ્રયાસ વ્યર્થ જશે. તેથી એક ગુણની વૈભાવિક અને સ્વાભાવિક અવસ્થાઓ ક્રમપૂર્વક જ થાય છે. એકકાળે થતી નથી.

શંકાકાર

**ननु चानादितः सिद्धं वस्तुजातमहेतुकम्।**
**तथा जातं परं नाम स्वतः सिद्धमहेतुकम्।।९४।।**
**तदवश्यमवश्यं स्यादन्यथा सर्वसङ्करः।**
**सर्वशून्यादिदोषश्च दुर्वारो निग्रहास्पदम्।।९५।।**
**ततः सिद्धं यथा वस्तु यत्किंच्चिज्जड़ात्मकम्।**
**तत्सर्वं स्वस्वरूपाद्यैः स्यादनन्यगतिः स्वतः।।९६।।**
**अयमर्थः कोऽपि कस्यापि देशमात्रं हि नाश्नुते।**
**द्रव्यतः क्षेत्रतः कालाद्भावात् सीम्नोऽनतिक्रमात्।।९७।।**
**व्याप्यव्यापकभावस्य स्यादभावेऽपि मूर्तिमत्।**
**द्रव्यं हेतुर्विभावस्य तत्किं तत्रापि नापरम्।।९८।।**
**वैभाविकस्य भावस्य हेतुः स्यात्सन्निकर्षतः।**
**तत्रस्थोऽप्यपरो हेतु र्न स्यात्किंवा वतेति चेत्।।९९।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે બધા પદાર્થ અનાદિ સિદ્ધ છે. પદાર્થોને ઉત્પન્ન કરનાર

કોઈ કારણ નથી, તે બધા પોતાથી જ અનાદિસિદ્ધ છે. તેવી જ રીતે તેમના નામ પણ અનાદિસિદ્ધ છે. જો કે એક વસ્તુનું પહેલાં કાંઈક નામ અને પાછળથી બીજું નામ ભલે થઈ જાય પરંતુ વાચ્ય સંબંધ તો સદાય રહે છે તેથી જેવી રીતે પદાર્થ અનાદિથી છે તેવી જ રીતે તેમના વાચક નામ પણ અનાદિથી છે. આ પદાર્થો અને તેમના સંકેતોનું અનાદિપણું અવશ્યમેવ સ્વીકારવું પડે છે. જો આમ ન કરવામાં આવે તો 'સર્વસંકર' અને 'શૂન્યતા' આદિ અનેક દોષ આવે છે કે જે પદાર્થોના નાશના કારણ છે. તેથી આ વાત સારી રીતે સિદ્ધ છે કે જે કોઈપણ ચેતન કે જડ વસ્તુ છે તે બધી પોતપોતાના સ્વરૂપસહિત છે. તેના સ્વરૂપનું પરિવર્તન (ફેરફાર) કદી થઈ શકતું નથી. ઉપર્યુક્ત કથનનો સારાંશ એ નીકળ્યો કે કોઈપણ પદાર્થ કોઈ બીજા પદાર્થનું એક અંશમાત્ર પણ બગાડી શકતું નથી. બધા પદાર્થો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી પોતપોતાના સ્વરૂપમાં જ સ્થિત છે, જો આ ચારેમાંથી કોઈ એકની અપેક્ષાએ પણ પદાર્થ બીજા રૂપે થાય તો તે પોતાની મર્યાદાથી બહાર થઈ જાય. કોઈપણ પદાર્થ ભલે હોય, પણ તે પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કદી કોઈ પણ અંશે કરી શકતો નથી. જો એવો જ નિયમ હોય તો પછી ક્યા કારણે જીવ અને પુદ્‌ગલમાં વ્યાપ્ય વ્યાપક ભાવનો સંબંધ ન હોવા છતાં પણ મૂર્તિમાન પુદ્‌ગલ દ્રવ્ય જીવના વૈભાવિક ભાવોમાં કારણ થઈ જાય છે. જો કોઈપણ પ્રકારના સંબંધ વિના પણ પુદ્‌ગલકર્મ જીવના વૈભાવિક ભાવમાં કારણ થઈ જાય છે તો તે જ સ્થળે રહેતા ધર્માદિક બીજા દ્રવ્યોને પણ જીવના વિકારનું કારણ શા માટે ન માનવું ? એના જવાબમાં જો એમ કહેવામાં આવે કે સન્નિકર્ષ–સંબંધ વિશેષ હોવાથી પુદ્‌ગલદ્રવ્ય જ જીવના વિભાવનું કારણ થાય છે, ધર્માદિક દ્રવ્યો થતા નથી તોપણ એ દોષ આવે છે કે તે જ સ્થાનમાં રહેનારા સન્નિકર્ષ–સંબંધ વિશિષ્ટ વિસ્રસોપચયરૂપ પુદ્‌ગલ પિંડ જીવના વિકારનું કારણ કેમ નથી થતા ?

ઉત્તર

**सत्यं बद्धमबद्धं स्याच्चिदद्रव्यं चाथ मूर्तिमत्।**
**स्वीयसम्बन्धिभिर्बद्धमबद्धं परबन्धिभि: ।।१००।।**
**बद्धाबद्धत्वयोरस्ति विशेष: पारमार्थिक: ।**
**तयोर्जात्यन्तरत्वेपि हेतुमद्धेतुशक्तित: ।।१०१।।**

**અર્થ :–** આપે જે શંકા ઉઠાવી છે તે ઠીક છે પરંતુ વાત એમ છે કે બધા જીવો પુદ્ગલથી 'બદ્ધ' તથા 'અબદ્ધ' નથી હોતા પરંતુ કોઈ બદ્ધ હોય છે અને કોઈ અબદ્ધ હોય છે. સંસારી જીવ પુદ્ગલકર્મોથી બંધાયેલા છે, મુક્ત નથી. એવી જ રીતે પુદ્ગલ દ્રવ્યમાં પણ જ્ઞાનાવરણીય આદિ કર્મપરિણત પુદ્ગલદ્રવ્ય જ જીવ સાથે બંધાયેલા છે, અન્ય (પાંચ પ્રકારની વર્ગણાઓ સિવાય) પુદ્ગલ નહિ. વળી જે બંધ યોગ્ય જીવ અને પુદ્ગલદ્રવ્ય છે, તેમાં પણ બધા જીવો સંસારની બધી કર્મવર્ગણાઓ વડે એકસાથે બંધાઈ જતા નથી, અને ન તો બધી કર્મવર્ગણાઓ પણ પ્રત્યેક જીવ સાથે પ્રતિ સમય બંધાઈ જાય છે. પરંતુ જે સમયે, જે જીવને, જેવો કષાય થાય છે તેને જ યોગ્ય કર્મોથી જીવ બંધાઈ જાય છે, અન્ય પ્રકારના કષાયથી બંધાવા યોગ્ય કર્મો સાથે બંધાતો નથી. તેથી કોઈ પુદ્ગલદ્રવ્ય જીવમાં વિકાર કરે છે, કોઈ નથી કરતું. એમ પણ નથી કે સાંખ્યમતની જેમ પુરુષ (જીવાત્મા) ને સર્વથા શુદ્ધ માનવો અને બંધને કેવળ પ્રકૃતિ (કર્મ)નો જ ધર્મ માનવો તથા બદ્ધ જીવ અને મુક્ત જીવમાં વાસ્તવમાં કાંઈ અંતર જ ન માનવું, તેમજ એમ પણ નથી કે કોઈ દ્રવ્યમાં બીજા દ્રવ્યના નિમિત્તે વિકાર સર્વથા થઈ શકતો નથી. નિમિત્તનૈમિત્તિક સંબંધ જ ઉડી જાય છે અને આમ માનવાથી પદાર્થોનો નિમિત્તનૈમિત્તિક સંબંધના અભાવમાં કોઈ કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી બદ્ધ જીવ અને મુક્ત જીવમાં વાસ્તવિક ભેદ છે તથા જીવ અને પુદ્ગલમાં વિજાતીયપણું હોવા છતાં પણ પરસ્પર આ જાતનો નિમિત્ત નૈમિત્તિકભાવ છે કે જેથી સંસારી જીવોના કષાયનું નિમિત્ત પામીને પુદ્ગલકર્મ જીવ સાથે બંધાઈ જાય છે અને તે બંધાયેલા કર્મોના પરિપાકના સમયે જીવોમાં કષાયાદિરૂપ વિકાર ઉત્પન્ન થઈ જાય છે.

## બદ્ધ અને મુક્તનું સ્વરૂપ

**बद्धः स्याद्बद्धयोर्भावः स्यादबद्धोऽप्यबद्धयोः।**
**सानुकूलतया बन्धो न बन्धः प्रतिकूलयोः।।१०२।।**

**અર્થ :–** બંધાયેલા બે પદાર્થોની અવસ્થાવિશેષને 'બદ્ધ' કહે છે. એવી જ રીતે નહિ બંધાયેલા બે પદાર્થોની અવસ્થાને 'અબદ્ધ' કહે છે. જ્યાં અનુકૂળતા હોય છે ત્યાં જ બંધ થાય છે. પ્રતિકૂળ પદાર્થોનો બંધ થતો નથી.

**ભાવાર્થ :–** જ્યાં અનુકૂળ–યોગ્ય સામગ્રી એકઠી થઈ જાય છે ત્યાં જ બંધ થાય છે, જ્યાં યોગ્ય સામગ્રી મળતી નથી ત્યાં બંધની યોગ્યતા પણ નથી.

બંધના ભેદ

**अर्थतस्त्रिविधो बन्धो वाच्यं तल्लक्षणं त्रयम्।**
**प्रत्येकं तद्द्वयं यावत्तृतीयस्तूच्यतेऽधुना।।१०३।।**

**અર્થ :–** વાસ્તવમાં બંધ ત્રણ પ્રકારના હોય છે. તેથી તે ત્રણેના જુદા જુદા ત્રણ લક્ષણ પણ છે. ત્રણે પ્રકારના બંધોમાં બે બંધોનું સ્વરૂપ તો એક એક સ્વતંત્ર છે. પરંતુ ત્રીજા બંધનું સ્વરૂપ કે જે બેના મળવાથી થાય છે તે કહેવામાં આવે છે.

**ભાવાર્થ :–** પહેલાં કહેવાય ગયું છે કે ભાવબંધ, દ્રવ્યબંધ અને ઉભયબંધ. આ રીતે બંધના ત્રણ ભેદ છે. તેમાં ભાવબંધ અને દ્રવ્યબંધમાં તો સ્થૂળપણે એક એક જ પદાર્થ હોય છે, કેમકે રાગદ્વેષાદિ ભાવ જ ભાવબંધ કહેવાય છે. આ ભાવોમાં આત્માની જ મુખ્યતા રહે છે. કર્મના નિમિત્તે આત્માના ચારિત્ર ગુણના વિકારને રાગદ્વેષ કહે છે. દ્રવ્યબંધમાં કેવળ પુદ્ગલ જ આવે છે. તેથી આ બંને બંધ તો પ્રત્યેક સ્વતંત્ર છે પરંતુ ત્રીજો બંધ જે ઉભયબંધ છે તે આત્મા અને પુદ્ગલ આ બે દ્રવ્યોના સંબંધથી થાય છે. તેથી તેનું જ સ્વરૂપ કહેવામાં આવે છે.

**जीवकर्मोभयोर्बन्धः स्यान्मिथः साभिलाषुकः।**
**जीव कर्मनिबद्धो हि जीवबद्धं हि कर्म तत्।।१०४।।**

**અર્થ :–** પરસ્પર એકબીજાની અપેક્ષાસહિત જે જીવ અને કર્મ બંનેનો સંબંધ છે તે જ ઉભયબંધ કહેવાય છે. જીવ તો કર્મોથી બંધાયેલો છે અને કર્મ જીવથી બંધાયેલા છે.

બંધના કારણ ઉપર વિચાર

**तद्गुणाकारसंक्रान्ति र्भावो वैभाविकश्चितः।**
**तन्निमित्तं च तत्कर्म तथा सामर्थ्यकारणम्।।१०५।।**

**અર્થ :–** જીવના ગુણોનું પોતાના સ્વરૂપથી બદલાઈને બીજા રૂપે થઈ જવું, એનું જ નામ વૈભાવિક ભાવ છે. એ જ જીવનો ભાવકર્મનો બંધ કરવામાં કારણ છે અને વૈભાવિક ભાવના નિમિત્તથી થનારું તે જ કર્મ તે જ વૈભાવિક ભાવને ઉત્પન્ન કરવાના સામર્થ્યનું કારણ છે.

**ભાવાર્થ :–** કર્મોના નિમિત્તે થનારી રાગદ્વેષરૂપ આત્માની અવસ્થાનું નામ જ વૈભાવિક છે. તે જ અશુદ્ધભાવ પુદ્ગલોને કર્મરૂપ બનાવવામાં કારણ છે અને તે કર્મ પણ તે વૈભાવિક ભાવની ઉત્પત્તિનું કારણ છે તેથી આ બંનેમાં પરસ્પર કારણપણું છે. આ જ વાત નીચે સ્પષ્ટ કરે છે —

**अर्थोयं यस्य कार्यं तत् कर्मणस्तस्य कारणम्।**
**एको भावश्च कर्मैकं बन्धोयं द्वन्द्वज स्मृतः।।१०६।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો આ જ આશય છે કે જે કર્મનું આ વૈભાવિકભાવ કાર્ય છે, તે જ કર્મનું કારણ પણ છે. તેથી એક તો ભાવ અને એક કર્મ આ બંનેથી જ ઉભયબંધ થાય છે.

**ભાવાર્થ :–** અહીં શંકા ઉપસ્થિત થઈ શકે છે કે એક જ કર્મનું વૈભાવિક ભાવ કાર્ય છે અને તે જ એક કર્મનું કારણ પણ છે. તેનું જ કાર્ય અને તેનું જ કારણ આ વાત નહિ બનવા યોગ્ય લાગે છે. પરંતુ સજાતીયપણું ધ્યાનમાં રાખવાથી આ શંકા સર્વથા ટળી જાય છે. વૈભાવિકભાવને જે કર્મે ઉત્પન્ન કર્યો છે તે જ કર્મનું કારણ વૈભાવિકભાવ નથી પરંતુ નવીન કર્મનું તે કારણ છે અર્થાત્ વૈભાવિકભાવથી નવા કર્મ બંધાય છે અને તે કર્મોથી નવા નવા ભાવ ઉત્પન્ન થાય છે. સજાતીયપણાની અપેક્ષાએ જ 'તે જ કર્મનું કારણ, તેનું જ કાર્ય' એમ કહેવામાં આવ્યું છે.

જો કોઈ બીજો સજાતીય કર્મને પણ કર્મત્વ ધર્મની અપેક્ષાએ એક જ કર્મ સમજીને શંકા ઉત્પન્ન કરે કે કર્મ જ સ્વયં કાર્ય અને કર્મ જ સ્વયં કારણ કેવી રીતે હોઈ શકે ? આ શંકાનો ઉત્તર પણ એક જ પદાર્થમાં કાર્યકારણભાવ બતાવનાર દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે —

**तथाऽऽदर्शे यथा चक्षुः स्वरूपं संदधत्पुनः।**
**स्वाकाराकारसंक्रान्तं कार्यं हेतुः स्वयं च तत्।।१०७।।**

**અર્થ :–** જેમ દર્પણમાં મોઢું જોવાથી આંખનું પ્રતિબિંબ દર્પણમાં પડે છે. તે પોતાના પ્રતિબિંબમાં કારણ સ્વયં આંખ છે, પ્રતિબિંબ કાર્ય છે. પરંતુ તે જ આંખનો આકાર ધારણ કરનાર આંખનું પ્રતિબિંબ પોતાને દેખાડવામાં કારણ પણ છે.

**ભાવાર્થ :–** જ્યારે આંખથી દર્પણ જોઈએ છીએ ત્યારે આંખનો આકાર દર્પણમાં પડે છે તેથી તો તે આકાર આંખનું કાર્ય થયું, કેમકે તે આંખથી ઉત્પન્ન થયું છે. પરંતુ તે જ આકાર જ્યારે આંખથી જોઈએ છીએ ત્યારે પોતાને દેખાડવામાં તે આકાર કારણ પણ થાય છે, તેથી એક જ પદાર્થમાં કાર્યકારણભાવ પણ ઉપર્યુક્ત દૃષ્ટાંત દ્વારા સારી રીતે ઘટે છે.

**अपि चाचेतनं मूर्तं पौद्गलं कर्म तद्यथा।**
***... .............. ............. ..............।।१०८।।**
**जीवभावविकारस्य हेतुः स्याद् द्रव्य कर्म तत्।**
**तद्धेतुस्तद्विकारश्च यथा प्रत्युपकारकः।।१०९।।**

**અર્થ :–** અચેતન, પૌદ્‌ગલિક, મૂર્ત દ્રવ્યકર્મ તો જીવના ભાવોના વિકારનું કારણ છે અને તે દ્રવ્યકર્મનું કારણ તે વૈભાવિકભાવ છે. આ પરસ્પર કારણપણું આ જ રીતે છે કે જાણે એકબીજાના ઉપકારનો પરસ્પર બદલો જ ચૂકવતા હોય.

આ બંનેમાં કારણપણું કેમ થયું ?

**चिद्विकाराकृतिस्तस्य भावो वैभाविकः स्मृतः।**
**तन्निमित्तात्पृथऽभूतोप्यर्थः स्यात्तन्निमित्तकः।।११०।।**

---

* મૂળ પુસ્તકમાં પણ આ શ્લોકનું બીજું ચરણ મળ્યું નથી.

**અર્થ :–** જીવની શુદ્ધ અવસ્થાથી બગડીને જે વિકાર અવસ્થા થાય છે તે જ જીવનો વૈભાવિક ભાવ છે, તે જ વૈભાવિક ભાવના નિમિત્તે જીવથી સર્વથા ભિન્ન પુદ્‌ગલદ્રવ્ય પણ તે વૈભાવિક ભાવનું નિમિત્ત કારણ થાય છે.

**ભાવાર્થ :–** જો કે પુદ્‌ગલ કાર્માણ દ્રવ્યજીવથી સર્વથા ભિન્ન જડ પદાર્થ છે, પરંતુ જીવના અશુદ્ધભાવોથી ખેંચાઈને તે કર્મરૂપ થઈ જાય છે. પછી તે જ જડકર્મ ચેતનના ભાવો બગાડવામાં કારણ થાય છે. આમાં પરસ્પરનું નિમિત્તપણું જ કારણ છે.

આમ થવામાં પણ ઉભયબંધ જ કારણ છે

**तद्धि नोभयबन्धाद्वै बहिर्बद्धाश्चिरादपि।**
**न हेतवो भवन्त्येकक्षेत्रस्याप्यबद्धवत्।।१११।।**

**અર્થ :–** તે કર્મ ચેતન–ભાવોને બગાડવામાં કારણ થઈ જાય છે એમાં પણ ઉભયબંધ જ કારણ છે. કેમકે જ્યાં સુધી તે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે નથી પરિણમતું ત્યાં સુધી તે આત્માના ભાવોને વિકારી બનાવવામાં કારણ થઈ શકતું નથી. જો કર્મરૂપ અવસ્થા ધારણ કર્યા વિના જ પુદ્‌ગલદ્રવ્ય જીવના વિકાર ભાવોનું કારણ થઈ જાય તો જીવની સાથે જ તે જ ક્ષેત્ર લાંબા સમયથી લાગી રહેલા વિસ્રસોપચય પણ કારણ થઈ જાય. પરંતુ વિસ્રસોપચય વિકારમાં કારણ થતા નથી. પરંતુ કર્મ જ કારણ છે અને કર્મ અવસ્થા પુદ્‌ગલની ત્યારે જ થાય કે જ્યારે તે ઉભયબંધરૂપે પરિણમી જાય.

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ પરમાણુ (કાર્માણ વર્ગણા) કર્મરૂપે પરિણમ્યા તો ન હોય પરંતુ આત્માની આસપાસ જ કર્મરૂપે પરિણમવાને સન્મુખ હોય, તેમને વિસ્રસોપચય કહે છે. આ પુદ્‌ગલ પરમાણુઓની બંધરૂપ અવસ્થા નથી. જે સમયે આત્મા ત્રણ યોગ અને રાગદ્વેષાદિ કષાયભાવો ધારણ કરે છે તે જ સમયે વિશ્વમાં ભરેલી અન્ય કાર્માણ વર્ગણાઓ અથવા આ વિસ્રસોપચય નામ ધારણ કરનાર પરમાણુઓ તરત જ આત્માની સાથે બંધાઈ જાય છે. બંધાતા જ તેમને કર્મ સંજ્ઞા મળે છે. તેના પહેલાં કાર્માણ (કર્મ થવાને યોગ્ય) એવી સંજ્ઞા છે. આ વિસ્રસોપચય આત્મા સાથે બંધાયેલા કર્મો કરતાં પણ અનંતગુણા છે. કેમકે પહેલાં તો આત્માની સાથે બંધાયેલા કર્મ પરમાણુ જ અનંતાનંત છે. તે કર્મરૂપ પરમાણુઓમાંથી પ્રત્યેક પરમાણુ સાથે અનંતાનંત સૂક્ષ્મ પરમાણુ

(વિસ્રસોપચય) લાગેલાં છે.

અશુદ્ધતા

**तद्बद्धत्वाविनाभूतं स्यादशुद्धत्त्वमक्रमात्।**
**तल्लक्षणं यथाद्वैतं स्यादद्वैतात्स्वतोन्यतः।।११२।।**

**અર્થ :–** આત્મા બંધનની અવિનાભાવી અશુદ્ધતા પણ તે જ સમયે આવી જાય છે. તે અશુદ્ધતાનું એ જ લક્ષણ છે કે સ્વયં અદ્વૈત આત્મા અન્ય પદાર્થના નિમિત્તે દ્વૈત થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે સમયે આત્મા કર્મોથી બંધાય છે તે જ સમયે અશુદ્ધ પણ છે. અશુદ્ધ વિના બંધન થઈ જ શકતું નથી. એ જ પ્રમાણે બંધન વિના અશુદ્ધતા પણ આવી શકતી નથી. તેથી બંધન અને અશુદ્ધપણું એ બંને અવિનાભાવી છે. એક વિના બીજું ન હોય એનું જ નામ અવિનાભાવ છે. જો કે આત્મા સ્વયં અદ્વૈત અર્થાત્ અમિલિત – એક છે. તો પણ અશુદ્ધતા ધારણ કરવાથી (પર પદાર્થના નિમિત્તે) તે જ આત્મા દ્વૈત અર્થાત્ બે રૂપ ધારણ કરનાર (દોરંગી) બનેલો છે.

આત્મામાં દ્વિરૂપપણું કેવી જાતનું છે

**तत्राद्वैतेपि यद्द्वैतं तद्द्विधाप्यौपचारिकम्।**
**तत्राद्यं स्वांशसंकल्पश्चेत्सोपाधि द्वितीयकम्।।११३।।**

**અર્થ :–** આત્મા અશુદ્ધ અવસ્થામાં દ્વિરૂપતા ધારણ કરે છે અર્થાત્ તેમાં બે પ્રકારના અંશોનો મેળ થઈ જાય છે. આ બંનેય પ્રકારનો મેળ ઔપચારિક (ઉપચારથી) છે. તે બંને અંશોમાં એક અંશ તો સ્વયં આત્માનો જ છે અને બીજો ઉપાધિથી થનારો અર્થાત્ પર પદાર્થનો છે.

**ભાવાર્થ :–** આત્મા અને કર્મ, આ બંનેના સ્વરૂપનું જ્યારે વિકાર રૂપ પરિણમન થાય છે, ત્યારે બંનેય પોતાનું સ્વરૂપ છોડી દે છે, તેનું જ નામ અશુદ્ધતા છે. આ અશુદ્ધતા

વ્યવહાર દૃષ્ટિથી છે. વાસ્તવિક દૃષ્ટિએ આત્મા અમૂર્ત છે. અશુદ્ધતા કર્મ અને આત્માનો ભાવ, એ બંનેના મેળથી થાય છે તેથી અશુદ્ધતામાં બે ભાગ હોય છે. તે બંને ભાગોનો જો વિચાર કરીએ તો એક ભાગ તો આત્માનો છે. કેમકે અશુદ્ધતા આત્માના જ ગુણની વિકાર અવસ્થા છે પરંતુ બીજો ભાગ કર્મનો છે. તેથી રાગદ્વેષાદિ વૈભાવિક અવસ્થાઓ જીવાત્મા અને પુદ્‌ગલ કર્મ, એ બંનેની છે.

શંકાકાર

**ननु चैकं सत्सामान्यात् द्वैतं स्यात्सद्विशेषतः।**
**तद्विशेषेपि सोपाधि निरुपाधि कुतोर्थतः।।११४।।**
**अपिचाभिज्ञानमत्रास्ति ज्ञानं यद्रसरूपयोः।**
**न रूपं न रसो ज्ञानं ज्ञानमात्रमथार्थतः।।११५।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે દરેક પદાર્થની બે અવસ્થાઓ હોય છે. એક સામાન્ય અવસ્થા, બીજી વિશેષ અવસ્થા. સામાન્યપણે પદાર્થ એક જ છે અને વિશેષપણે બે પ્રકાર છે. આવો વિશેષ ખુલાસો હોવા છતાં પણ સોપાધિ અને નિરુપાધિ એવા ભેદ શાના ? અને એવો અનુભવ પણ થાય છે કે જે જ્ઞાન રસ, રૂપને જાણે છે, તે જ્ઞાન ક્યાંય રસ કે રૂપ રૂપે સ્વયં થઈ જતું નથી. વાસ્તવમાં જ્ઞાન જ્ઞાન જ છે અને રૂપ, રસ પુદ્‌ગલ જ છે.

**ભાવાર્થ :–** શંકાકારનો અભિપ્રાય એવો છે કે સામાન્ય અને વિશેષાત્મક ઉભયરૂપ પદાર્થ છે. સામાન્યદૃષ્ટિથી એક છે અને વિશેષ દૃષ્ટિથી તેમાં દ્વિરૂપતા છે અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી પદાર્થ સદા એક છે અને પર્યાયની અપેક્ષાએ તે જ પદાર્થ અનેકરૂપ છે. જો આવો સિદ્ધાંત હોય તો પછી અશુદ્ધ–આત્મામાં જે દ્વિરૂપતા છે તે પર નિમિત્તથી શા માટે માનવી ? ઉપર જે એમ કહેવામાં આવ્યું છે કે એક અંશ આત્માનો છે અને બીજો પુદ્‌ગલનો છે એમ કહેવું નકામું છે. અશુદ્ધ આત્માની જે દ્વિરૂપતા છે તે આત્માની જ વિશેષ અવસ્થા છે. તેથી આત્મામાં સોપાધિ અને નિરુપાધિ, એવા બે ભેદ કરવા યોગ્ય નથી. આપણે જાણીએ પણ છીએ કે રૂપ, રસાદિને જાણનાર જ્ઞાન તે રૂપાદિ પદાર્થોથી સર્વથા જુદું છે. જાણવાથી જ્ઞાનમાં કોઈ જાતની અશુદ્ધતા આવતી નથી.

શંકાકારનો અભિપ્રાય એમ છે કે અશુદ્ધતા કોઈ ચીજ નથી ?

ઉત્તર

**नैवं यतो विशेषोस्ति सद्विशेषेपि वस्तुतः।**
**अन्वयच्यतिरेकाभ्यां द्वाभ्यां बै सिद्धसाधनात्।।११६।।**

**અર્થ :–** શંકાકારનું આ કથન કે જ્ઞાનમાં અજ્ઞાનતા આવતી જ નથી અથવા અશુદ્ધતા કોઈ ચીજ જ નથી, સર્વથા મિથ્યા છે. કારણ કે પદાર્થના સામાન્ય અને વિશેષ આ બે ભેદ હોવા છતાં પણ કાંઈક બીજી પણ વિશેષતા છે. તે વિશેષતા અન્વય, વ્યતિરેક દ્વારા સિદ્ધ થાય છે. કેવી રીતે ? તે નીચે બતાવે છે –

**तत्रान्वयो यथा ज्ञानमज्ञानं परहेतुतः।**
**अर्थाच्छीतमशीतं स्याद्वह्नियोगाद्धि वारिवत्।।११७।।**

**અર્થ :–** 'यत्सत्त्वे यत्सत्त्वमन्वयः' જેના હોવાથી જે હોય એનું જ નામ અન્વય છે. પરપદાર્થના નિમિત્તપણાથી જ્ઞાન અજ્ઞાન થઈ જાય છે – આ અન્વય અહીં બરાબર ઘટે છે. જેમ ઠંડું જળ અગ્નિના સંબંધથી ગરમ થઈ જાય છે.

આ વાત અસિદ્ધ પણ નથી

**नासिद्धोसौ हि दृष्टान्तो ज्ञानस्याज्ञानतः सतः।**
**अस्त्यवस्थान्तरं तस्य यथाजातप्रमात्त्वतः।।११८।।**

**અર્થ :–** આ દૃષ્ટાંત અસિદ્ધ પણ નથી. જે સમયે જ્ઞાન અજ્ઞાનરૂપ થાય છે તે સમયે પદાર્થની યથાર્થ પ્રમિતિ પણ થઈ શકતી નથી, પરંતુ અવસ્થાંતર જ થઈ જાય છે.

વ્યતિરેક

**व्यतिरेकोस्त्यात्मविज्ञानं यथास्वं परहेतुतः।**
**मिथ्यावस्थाविशिष्टं स्याद्यनैवं शुद्धमेव तत्।।११९।।**

**અર્થ :–** જેમ જ્ઞાનમાં અન્વય ઘટે છે તેવી જ રીતે વ્યતિરેક પણ ઘટે છે. જેના ન હોવાથી જે ન હોય, તેને વ્યતિરેક કહે છે. જેમ આત્માનું જ્ઞાન બીજાના નિમિત્તે મિથ્યા–અવસ્થા સહિત થઈ જાય છે. તેવી જ રીતે તે પર હેતુ વિના શુદ્ધ જ છે. અર્થાત્ કર્મના નિમિત્તે જ્ઞાન અજ્ઞાનરૂપ અને કર્મના અભાવમાં જ્ઞાન શુદ્ધ જ્ઞાનરૂપ રહે છે. આનું જ નામ અન્વય વ્યતિરેક છે.

**ભાવાર્થ :–** આ અન્વય વ્યતિરેકથી આત્મામાં અશુદ્ધતા પર નિમિત્તથી થાય છે. એ વાત સારી રીતે બતાવવામાં આવી છે. જે વાત અન્વય વ્યતિરેકથી સિદ્ધ થાય છે તે અવશ્યંભાવી અથવા નિયમિતરૂપે સિદ્ધ થયેલી માનવામાં આવે છે. તેથી આત્માની અશુદ્ધતા અવશ્ય માનવી પડે છે.

શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ

**तद्यथा क्षायिकं ज्ञानं सार्थं सर्वार्थगोचरम्।**
**शुद्धं स्वजातिमात्रत्वात् अबद्धं निरुपाधितः।।१२०।।**

**અર્થ :–** સર્વ પદાર્થોને પ્રત્યક્ષ કરનાર જે ક્ષાયિકજ્ઞાન (કેવળજ્ઞાન) છે, તે શુદ્ધ જ્ઞાન છે. કેમકે તેમાં પર નિમિત્તપણું નથી. તે કેવળ સ્વસ્વરૂપમાત્ર જ છે. તે જ જ્ઞાન અબદ્ધ પણ છે. કેમકે તેમાં કોઈ પર પદાર્થરૂપ ઉપાધિનો સંબંધ નથી.

અશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ

**क्षायोपशमिकं ज्ञानमक्षयात्कर्मणां सताम्।**
**आत्मजातेश्च्युतेरेतद्बद्धं चाशुद्धमक्रमात्।।१२१।।**

**અર્થ :–** સર્વ ઘાતીકર્મોનો ઉદયાભાવી ક્ષય થવાથી અને તે જ સર્વ ઘાતીકર્મોનો સત્તામાં ઉપશમ હોવાથી તથા દેશઘાતી કર્મોનો ઉદય હોવાથી ક્ષાયોપશમિક કહેવાય છે. આ ક્ષાયોપશમિક જ્ઞાન કર્મસહિત છે. કેમકે સત્તામાંના કર્મનો હજી ક્ષય થયો નથી. તેથી આ જ્ઞાન પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ છે માટે બદ્ધ કહેવાય છે તથા અશુદ્ધ પણ છે.

**ભાવાર્થ :–** જે કર્મ ફળ આપ્યા વિના ખરી જાય તમને ઉદયાભાવી ક્ષય કહે છે તથા જે કર્મ સત્તામાં પડ્યા છે, તે ઉદયમાં ન આવે અને દેશઘાતી કર્મોનો ઉદય હોય આ અવસ્થાનું નામ ક્ષાયોપશમિકભાવ છે.

શુદ્ધતા અને અશુદ્ધતા બંનેય બરાબર છે

**नस्याच्छुद्धं तथाऽशुद्धं ज्ञानं चेदिति सर्वतः।**
**न बन्धो न फलं तस्य बन्धहेतोरसंभवात्।।१२२।।**

**અર્થ :–** જો કોઈ એમ કહે કે જ્ઞાન ન તો શુદ્ધ છે અને ન તો અશુદ્ધ છે, જેવું છે તેવું જ છે. તો તેના ઉત્તરમાં એમ જ કહી શકાય કે આત્મામાં બંધ પણ નથી અને તેનું ફળ પણ નથી. કેમકે બંધનું કારણ જ કોઈ નથી.

**ભાવાર્થ :–** બંધનું કારણ અશુદ્ધતા છે, આ વાત પહેલાં સારી રીતે કહેવાય ગઈ છે. જો અશુદ્ધતા ન માનવામાં આવે તો બંધ પણ ન ઠરે અને બંધના અભાવમાં બંધનું ફળ પણ બને નહિ.

**अथ चेद्बन्धस्तदा बन्धो बन्धो नाऽबन्ध एव यः।**
**न शेषश्चिद्विशेषाणां निर्विशेषादबन्धभाक्।।१२३।।**

**અર્થ :–** જો અશુદ્ધતા વિના જ બંધ થઈ જાય તો પછી બંધ જ રહેશે. બંધ–અબંધ અવસ્થામાં કદી થઈ શકતો નથી. આવી હાલતમાં કોઈ પણ જીવ સંપૂર્ણપણે મુક્ત થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** જો બંધનું કારણ અશુદ્ધતા માનવામાં આવે તો તો આ વાત બને નહિ કે બંધ જ સદા રહેશે, અબંધ થઈ જ નહિ શકે. કેમકે કારણના સદ્ભાવમાં જ

કાર્ય રહે છે. કારણ ન રહેતાં કાર્ય પણ રહી શકતું નથી. જ્યાં સુધી અશુદ્ધતા છે, ત્યાં સુધી બંધ રહેશે. અશુદ્ધતાના અભાવમાં બંધનો પણ અભાવ અવશ્યંભાવી છે. તેથી અશુદ્ધતા માનવી જ જોઈએ.

જો ઉપરના શ્લોક દ્વારા જ અશુદ્ધતાની સિદ્ધિ થઈ ગઈ એમ કહેવામાં આવે તો આ શ્લોકનો બીજો અર્થ શુદ્ધતા–સાધક પણ થઈ જાય છે. તે આ રીતે છે કે જો અશુદ્ધતા જ માનવામાં આવે, શુદ્ધતા માનવામાં ન આવે, તો સદા બંધ જ રહેશે, અબંધ કદી થશે જ નહિ. એવી સ્થિતિમાં બધા આત્મા બંધાયેલા જ રહેશે. મુક્ત કોઈ પણ કદી પણ નહિ થાય. તેથી શુદ્ધતા પણ માનવી જ પડે છે.

**સારાંશ :–** શુદ્ધતા અને અશુદ્ધતા બંનેય બરાબર છે. પહેલાં આત્મા અશુદ્ધ હોય છે. પછી તપ આદિ કારણો વડે કર્મોની નિર્જરા કરતાં શુદ્ધ થઈ જાય છે. આ જ વાત નીચેના શ્લોકથી બતાવે છે. —

**माभूद्वा सर्वतो बन्धः स्यादबन्धप्रसिद्धितः ।**
**नाबन्धः सर्वतः श्रेयान् बन्धकार्योपलब्धितः ।।१२४ ।।**

**અર્થ :–** ન તો સર્વ આત્માઓને સદા બંધ જ રહે છે, કેમકે અબંધની પણ પ્રસિદ્ધિ છે અર્થાત્ મુક્ત જીવ પણ પ્રસિદ્ધ છે તથા ન સર્વથા અબંધ જ માનવો યોગ્ય છે કેમકે બંધરૂપ કાર્ય અથવા બંધનું કાર્ય પણ જોવામાં આવે છે. અર્થાત્ સંસારી આત્મામાં કર્મોનો બંધ છે અને મુક્ત આત્મામાં કર્મોનો અભાવ હોવાથી બંધ નથી.

અબદ્ધનું દૃષ્ટાંત

**अस्तिचित्सार्थसर्वार्थसाक्षात्कार्यविकारभूक् ।**
**अक्षयि क्षायिकं साक्षादबद्धं बन्धव्यत्ययात् ।।१२५ ।।**

**અર્થ :–** સર્વ પદાર્થને સાક્ષાત્ (પ્રત્યક્ષ). સદા અવિનશ્વર, એવું જે ક્ષાયિકજ્ઞાન – કેવળજ્ઞાન છે તે નિર્વિકાર છે, શુદ્ધ છે તથા બંધનો નાશ થવાથી અબદ્ધ અર્થાત્ મુક્ત છે.

બદ્ધનું દૃષ્ટાંત

**बद्धः सर्वोपि संसारकार्यत्वे वैपरीत्यतः।**
**सिद्धं सोपाधि तद्धेतोरन्यथानुपपत्तितः।।१२६।।**

**અર્થ :–** સંસારી જીવોનું જ્ઞાન બદ્ધ છે કેમકે તેના કાર્યમાં વિપરીતતા આવે છે. તેથી જ્ઞાન ઉપાધિસહિત પણ હોય છે એ વાત સારી રીતે સિદ્ધ થાય છે. ઉપાધિ પદથી અહીં કર્મોપાધિનું ગ્રહણ કરવું જોઈએ. જો સંસારીઓના જ્ઞાનને સોપાધિ ન માનવામાં આવે તો તેમાં વિપરીતતારૂપ હેતુ બની શકતો નથી. સંસારી જીવોના જ્ઞાનમાં અલ્પજ્ઞતા પણ છે.

ફલિતાર્થ

**सिद्धमेतावता ज्ञानं सोपाधि निरुपाधि च।**
**तत्राशुद्धं हि सोपाधि शुद्धं तन्निरुपाधि यत्।।१२७।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થાય છે કે જ્ઞાન બે પ્રકારનું છે. એક તો ઉપાધિસહિત છે અને બીજું ઉપાધિરહિત છે. કર્મોપાધિ સહિત જ્ઞાન અશુદ્ધ છે. કર્મોપાધિથી રહિત શુદ્ધ છે.

શંકાકાર

**ननु कस्को विशेषोस्ति बद्धाबद्धत्वयोर्द्वयोः।**
**अस्त्यनर्थान्तरं यस्मादर्थादैक्योपलब्धितः।।१२८।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે બદ્ધતા અને અબદ્ધતામાં શી વિશેષતા છે ? કેમકે અમે બંને અવસ્થાઓમાં કોઈ પણ ભેદ જોતા નથી અર્થાત્ બંને અવસ્થાઓ એક જ છે.

ઉત્તર

**नैवं यतो विशेषोस्ति हेतुमद्धेतुभावतः।**
**कार्यकारणभेदाद्वा द्वयोस्तल्लक्षणं यथा।।१२९।।**

**અર્થ :–** બદ્ધતા અને અબદ્ધતાને એક જ માનવી તે સર્વથા મિથ્યા છે. આ બંનેમાં હેતુ અને હેતુમાન અથવા કાર્યકારણના ભેદથી વિશેષતા છે.

**ભાવાર્થ :–** મુક્ત અવસ્થા પહેલાં બદ્ધ અવસ્થા હોય છે તેથી બદ્ધતા અને અબદ્ધતા બંનેમાં કાર્યકારણનો ભેદ છે. હવે તે બંનેના લક્ષણ કહેવામાં આવે છે. અહીં કાર્યકારણનો અર્થ પહેલાની અને પછીની અવસ્થા છે.

બંધનું લક્ષણ

**बन्धः परगुणाकारा क्रिया स्यात्पारिणामिकी।**
**तस्यां सत्यामशुद्धत्वं तद्द्वयोः स्वगुणच्युतिः।।१३०।।**

**અર્થ :–** જીવ અને પુદ્‌ગલના ગુણોનું પરગુણાકાર પરિણમન થવું તેનું જ નામ બંધ છે. જે સમયે જીવ અને પુદ્‌ગલમાં પરગુણાકાર પરિણમન થાય છે તે જ સમયે તેમનામાં અશુદ્ધતા આવે છે, અશુદ્ધતામાં તે બંનેના ગુણોની ચ્યુતિ થઈ જાય છે. અર્થાત્ બંનેય પોતાપોતાનું સ્વરૂપ છોડીને વિકારી અવસ્થા ધારણ કરી લે છે.

**ભાવાર્થ :–** જે બંધનું સ્વરૂપ અહીં કહેવામાં આવ્યું છે તે કર્મોના રસ આપવાના સમયે થાય છે. જે સમયે કર્મોનો વિપાકકાળ આવે છે તે સમયે આત્માનો ચારિત્ર ગુણ પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે અને કર્મ પોતાના સ્વરૂપથી x ભ્રષ્ટ થઈ જાય છે. બંનેની મળેલી રાગદ્વેષાત્મક ત્રીજી જ અવસ્થા તે સમયે થઈ જાય છે. રાગદ્વેષ અવસ્થા ન કેવળ આત્માની છે અને ન કેવળ કર્મોની છે, પરંતુ બંનેની છે. જેમ ચૂનો અને

x પુદ્‌ગલમાં અશુદ્ધતા પુદ્‌ગલથી પણ આવે છે અને્ જીવના નિમિત્તે પણ આવે છે પરંતુ જીવમાં અશુદ્ધતા પુદ્‌ગલના નિમિત્તે જ આવે છે. પુદ્‌ગલના સ્વતંત્ર બંધમાં સ્નિગ્ધતા અને રૂક્ષતા કારણ છે તેનાથી જ પુદ્‌ગલમાં પરગુણાકારતા આવે છે.

હળદર ભેગા ઘસવાથી ચૂનો પોતાનું સ્વરૂપ છોડી દે છે, અને હળદર પોતાનું સ્વરૂપ છોડી દે છે. બંનેની ત્રીજી લાલ અવસ્થા થઈ જાય છે. આ સ્થૂળ દૃષ્ટાંત છે. એમાંથી એમ ન સમજવું કે જીવ પુદ્‌ગલસ્વરૂપ થઈ જાય છે અથવા પુદ્‌ગલ જીવસ્વરૂપ થઈ જાય છે. એમ બનવું તો અસંભવ જ છે અને ન ઉપરના કથનનો એવો આશય પણ છે. ઉપરના કથનનો આશય એ જ છે કે રાગદ્વેષ જીવ અને પુદ્‌ગલ બંનેની વૈભાવિક અવસ્થા છે. જે સમયે રાગદ્વેષને જીવનો વૈભાવિકભાવ કહેવામાં આવે છે તે સમયે ઉક્ત કથનમાં જીવાંશ જ વિવક્ષિત હોય છે અર્થાત્ જીવના અંશોની અપેક્ષાથી રાગદ્વેષને જીવનો જ ભાવ કહી દેવામાં આવે છે. એ જ પ્રમાણે પુદ્‌ગલના અંશોની અપેક્ષાએ રાગદ્વેષને કર્મોના પણ કહેવામાં આવે છે અને તેથી તેનો સિદ્ધોમાં નિષેધ બતાવવામાં આવે છે. જો રાગદ્વેષ ભાવ જીવનો જ હોત તો સિદ્ધોમાં પણ તેનું હોવું અનિવાર્ય હોત. જો એમ કહેવામાં આવે કે પુદ્‌ગલના નિમિત્તે જીવને રાગદ્વેષ ભાવ છે તો અહીં નિમિત્ત કારણનો જ વિચાર કરી લેવો જોઈએ. નિમિત્તપણું બે પ્રકારે હોય છે. એક તો મૂળ પદાર્થમાં પોતાના ગુણદોષ ન લાવતાં કેવળ સહાયકરૂપે હોય છે. જેમકે – પાટલી અને વેલણના નિમિત્તે લોટની રોટલી બનવી. રોટલી થવામાં પાટલી વેલણનું નિમિત્ત અવશ્ય છે, પરંતુ પાટલી વેલણના ગુણ રોટલીમાં આવતા નથી, કેવળ તેમના નિમિત્તે લોટમાં એક આકારમાંથી બીજો આકાર થઈ જાય છે. બીજું નિમિત્તપણું પોતાથી ઉપકૃત પદાર્થમાં પોતાની બાહ્ય સહાયતા આપવાથી બને છે. જેમ – લોટમાં મીઠું. મીઠાના નિમિત્તે રોટલીનો સ્વાદ જ બદલાઈ જાય છે. રાગદ્વેષમાં પહેલાં પ્રકારનું નિમિત્તપણું તો કહી શકાતું નથી. કેમકે તે તો ગુણચ્યૂતિમાં કારણ જ થતું નથી, તેથી બીજું જ માનવું પડશે. બીજા પ્રકારના નિમિત્તપણાનો સ્વીકાર કરવાથી ઉક્ત કથનમાં વિરોધ પણ આવતો નથી. રાગદ્વેષમાં લોટ અને મીઠાનું દૃષ્ટાંત કેવળ ઘનિષ્ટ સંબંધમાં જ ઘટાવવું જોઈએ. વિપરીત સ્વાદ માટે કડવી તૂંબડી અને દૂધનું દૃષ્ટાંત યોગ્ય છે, કડવી તૂંબડીના અંશ મળવાથી જ દૂધ વિપરીત સ્વાદવાળું બને છે.

અશુદ્ધતા બંધનું કાર્ય પણ છે અને કારણ પણ છે

**बन्धहेतुरशुद्धत्वं हेतुमच्चेति निर्णयः।**
**यस्माद्बन्धं विना न स्यादशुद्धत्वं कदाचन।।१३१।।**

**અર્થ :–** બંધનું કારણ અશુદ્ધતા છે અને બંધનું કાર્ય પણ છે કેમકે બંધ વિના અશુદ્ધતા કદી થતી નથી.

આ શ્લોકમાં બંધનું કારણપણું જ મુખ્યપણે બતાવ્યું છે. નીચેના શ્લોક દ્વારા બંધનું કાર્ય બતાવે છે —

**कार्यरूपः स बन्धोस्ति कर्मणां पाकसंभवात्।**
**हेतुरूपमशुद्धत्वं तन्नयाकर्षणत्वतः।।१३२।।**

**અર્થ :–** બંધ કાર્યરૂપ પણ છે. કેમકે કર્મોનો વિપાક થવાથી થાય છે. અશુદ્ધતા તેનું કારણ છે. અશુદ્ધતા દ્વારા જ નવા નવા કર્મ ખેંચાઈને આવે છે અને પછી બંધને પ્રાપ્ત થાય છે.

જીવ શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે

**जीवः शुद्धनयादेशादस्ति शुद्धोपि तत्त्वतः।**
**नासिद्धश्चाप्यशुद्धोपि बद्धाबद्धनयादिह।।१३३।।**

**અર્થ :–** શુદ્ધનય (નિશ્ચયનય)થી જીવ વાસ્તવમાં શુદ્ધ છે પરંતુ વ્યવહારનયથી જીવ અશુદ્ધ પણ છે. વ્યવહારમાં આ જીવ કર્મોથી બંધાયેલો પણ છે અને મુક્ત પણ થાય છે. તેથી તેની અશુદ્ધતા પણ અસિદ્ધ નથી.

નિશ્ચયનય અને વ્યવહારનયમાં ભેદ

**एकः शुद्धनयः सर्वो निर्द्वन्द्वो निर्विकल्पकः।**
**व्यवहारनयोऽनेकः सद्वन्द्वः सविकल्पकः।।१३४।।**

**અર્થ :–** આખોય શુદ્ધનય એક છે, તે નિર્દ્વન્દ્વ છે, તેમાં કોઈ પ્રકારનો ભેદ નથી. તે નિર્વિકલ્પ છે અર્થાત્ એ શુદ્ધનય ન તો કોઈ બીજા પદાર્થ સાથે મળેલો છે અને ન એમાં કોઈ પ્રકારની ભેદકલ્પના છે તેથી એનું સ્વરૂપ વચનાતીત છે. કેમકે વચનો

દ્વારા જેટલું સ્વરૂપ કહેવામાં આવે તે બધું ખંડરૂપ હોય છે, તેથી તે કથન શુદ્ધનયથી છૂટી જાય છે. પરંતુ વ્યવહારનય શુદ્ધનયથી પ્રતિકૂળ છે. તે અનેક છે, તેમાં બીજા પદાર્થોનું મિશ્રણ છે, તેના અનેક ભેદ છે, તે સવિકલ્પ છે, આ નય દ્વારા વસ્તુનું અસલી સ્વરૂપ કહી શકાતું નથી, આ નય વસ્તુને ખંડરૂપે પ્રતિપાદિત કરે છે.

શુદ્ધ અને વ્યવહારથી જીવનું સ્વરૂપ

**वाच्यः शुद्धनयस्यास्य शुद्धो जीवश्चिदात्मकः ।**
**शुद्धादन्यत्र जीवाद्याः पदार्थास्ते नव स्मृताः ।।१३५।।**

**અર્થ :–** શુદ્ધનયની અપેક્ષાએ જીવ સદા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, આ નયથી જીવ સદા એક અને અખંડ દ્રવ્ય છે પરંતુ વ્યવહારનયથી જીવ અનેક સ્વરૂપ છે. વ્યવહારનયની અપેક્ષાથી જ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ આ નવ પદાર્થ કહેવાય છે.

**ભાવાર્થ :–** આ નવ પદાર્થ પણ જીવની જ અશુદ્ધ અવસ્થાના ભેદ છે. અશુદ્ધ જીવ જ નવ અવસ્થાઓ ધારણ કરે છે. તેથી વ્યવહારનયથી નવ પદાર્થ કહેવામાં આવ્યા છે. મોક્ષ શુદ્ધ છે પરંતુ તે પણ વ્યવહારથી જ કહેવામાં આવે છે.

શંકાકાર

**ननु शुद्धनयः साक्षादस्तिसम्यक्त्वगोचरः ।**
**एको वाच्यः किमन्येन व्यवहारयेन चेत् ।।१३६।।**

**અર્થ :–** સમ્યકત્વગોચર એક શુદ્ધ નય જ છે. તેથી તેનું જ કથન કરવું જોઈએ. બાકી વ્યવહારનયથી શું લાભ છે ?

**ભાવાર્થ :–** વ્યવહારનય મિથ્યા છે. તેથી તેને માનવાની કોઈ જરૂર નથી. સમ્યગ્દર્શનનો વિષય સાક્ષાત્ શુદ્ધનય જ છે. તેથી તેને જ માનવો જોઈએ ?

ઉત્તર

**सत्यं शुद्धनयः श्रेयान् न श्रेयानितरो नयः।**
**अपि न्यायबलादस्ति नयः श्रेयानिवेतरः।।१३७।।**

**અર્થ :–** એ વાત બરાબર છે કે શુદ્ધનય ઉત્તમ છે, તેનાથી જ વાસ્તવિક વસ્તુનું જ્ઞાન થાય છે અને એ પણ બરાબર છે કે વ્યવહારનય વાસ્તવિક નથી. પરંતુ શુદ્ધનયની જેમ અશુદ્ધનય પણ ન્યાયના બળથી માનવો જ પડે છે.

**ભાવાર્થ :–** શુદ્ધ અને અશુદ્ધ આ બંનેય પ્રતિપક્ષી છે તેથી શુદ્ધ કહેવાથી જ અશુદ્ધનું ગ્રહણ થઈ જાય છે. માટે વ્યવહારનય ભલે શુદ્ધ સ્વરૂપ ન બતાવી શકે તો પણ ન્યાયદૃષ્ટિથી માનવો જ પડે છે. બીજી વાત એ પણ છે કે વ્યવહારનયનો સ્વીકાર કર્યા વિના નિશ્ચય પણ બનતો નથી. એ જ વાત નીચે બતાવે છે —

**तद्यथानादिसन्तानबन्धपर्याय मात्रतः।**
**एको विवक्षितो जीवः स्मृत नव पदा अमी।।१३८।।**

**અર્થ :–** એક જ જીવ અનાદિ સંતાનરૂપે પ્રાપ્ત બંધપર્યાયની અપેક્ષાએ જ્યારે કહેવામાં આવે છે ત્યારે તે જ જીવ નવ પદાર્થ રૂપે સ્મરવામાં આવે છે.

**ભાવાર્થ :–** વ્યવહારનયથી જ જીવને અનાદિકાળથી બંધ થઈ રહ્યો છે અને તે જ બંધની અપેક્ષાએ આ એક જીવની જ નવ અવસ્થાઓ થઈ જાય છે. તે અવસ્થાવિશેષના નામ જ નવ પદાર્થ છે. એને જ ફરીથી નીચે બતાવે છે —

**किञ्च पर्यायधर्मणो नवामी पद संज्ञकाः।**
**उपरक्तिरुपाधिः स्यान्नात्र पर्यायमात्रता।।१३९।।**

**અર્થ :–** અથવા આ નવ પદાર્થ જીવની પર્યાયો છે. એટલું વિશેષ છે કે આ કેવળ જીવની પર્યાયો જ નથી પરંતુ આ પર્યાયોમાં ઉપરાગ (કર્મમળ) રૂપ ઉપાધિ લાગેલી

છે. ઉપરાગ ઉપાધિસહિત પર્યાયોને જ નવ પદાર્થ કહે છે.

### ઉપરાગોપાધિ અસિદ્ધ નથી

**नात्रासिद्धमुपाधित्वं सोपरक्तेस्तथा स्वतः।**
**यतो नव पदव्याप्तमव्याप्तं पर्ययेषु तत्।।१४०।।**

**અર્થ :–** સંસારી જીવને ઉપરાગરૂપ ઉપાધિ અસિદ્ધ નથી પરંતુ સ્વતઃસિદ્ધ છે. આ ઉપાધિનો સંબંધ આ નવ પદાર્થો (અશુદ્ધ જીવની પર્યાયો)માં જ છે. જીવની બધી પર્યાયોમાં નથી. કેમકે જીવની શુદ્ધપર્યાયમાં એનો બિલકુલ સંબંધ નથી.

### ઉપાધિ માનવી આવશ્યક છે

**सोपरक्तेरुपाधित्वान्नादरश्चेद्विधीयते।**
**क्व पदानि नवामूनि जीवः शुद्धोनुभूयते।।१४१।।**

**અર્થ :–** વ્યવહારદ્રષ્ટિથી જીવ ઉપરાગ–ઉપાધિવાળો છે. જો ઉપાધિ હોવાના કારણે તેનો અનાદર કરવામાં આવે અર્થાત્ તેને માનવામાં ન આવે, તો એ જીવની નવ અવસ્થાઓ પણ બની શકતી નથી. સદા શુદ્ધ જીવનો જ અનુભવ થવો જોઈએ અથવા નવ પદાર્થો સિદ્ધ ન થતાં શુદ્ધ જીવનો પણ અનુભવ થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે અશુદ્ધતા કારણ છે અર્થાત્ પૂર્વાવસ્થા છે. જો અશુદ્ધતાનો સ્વીકાર કરવામાં ન આવે તો શુદ્ધતા પણ બની શકે નહિ. તેથી વ્યવહારનયને માનવાથી જ નિશ્ચયમાર્ગનો બોધ થાય છે. જેમણે વ્યવહારને સર્વથા કંઈ જ નથી એમ માન્યું છે, તેઓ વાસ્તવમાં નિશ્ચય સુધી પણ પહોંચી શક્યા નથી. વ્યવહાર અને નિશ્ચયનયના વિષયમાં પહેલા અધ્યાયમાં આ જ ગ્રંથમાં ઘણો ખુલાસો કરવામાં આવ્યો છે. સંક્ષેપમાં સ્વરૂપ આવું છે કે વ્યવહારનયનો જે વિષય છે તેમાંથી જો બધી વિકલ્પજાળને દૂર કરવામાં આવે તો જે બાકી રહે તે જ નિશ્ચયનયનો વિષય થઈ જાય છે.

જેમ ઘાસની અગ્નિ, લાકડાની અગ્નિ, કોલસાની અગ્નિ, પાંદડાની અગ્નિ, આ અગ્નિના ભેદો વ્યવહારનયનો વિષય છે. આમાંથી બધા ભેદો દૂર કરી શુદ્ધ અગ્નિ સ્વરૂપ લેવામાં આવે તો તે નિશ્ચયનયનો વિષય બની જાય છે. તેથી વ્યવહારને સર્વથા મિથ્યા સમજવો તે અત્યંત ભૂલ છે. હા, અંતે નિશ્ચય જ ઉપાદેય અવશ્ય છે.

શંકાકાર

**ननुपरक्तिरस्तीति किंवा नास्तीति तत्त्वतः।**
**उभयं नोभयं किंवा तत्क्रमेणाक्रमेण किम्।।१४२।।**
**अस्तीति चेतदा तस्यां सत्यां कथमनादरः।**
**नास्तीति चेदसत्त्वेस्याः सिद्धो नानादारो नयात्।।१४३।।**
**सत्यामुपरक्तौ तस्यां नादेयानि पदानि वै।**
**शुद्धादन्यत्र सर्वत्र नयस्यानधिकारतः।।१४४।।**
**असत्यामुपरक्तौ वा नैवामूनि पदानि च।**
**हेतुशून्याविनाभूतकार्यशून्यस्य दर्शनात्।।१४५।।**
**उभयं चेत्क्रमेणेह सिद्धं न्यायाद्विवक्षितम्।**
**शुद्धमात्रमुपादेयं हेयं शुद्धेतरं तदा।।१४६।।**
**यौगपद्येपि तद्द्वैतं न समीहितसिद्धये।**
**केवलं शुद्धमादेयं नादेयं तत्परं यतः।।१४७।।**
**नैकस्यैकपदे स्तो द्वे क्रिये वा कर्मणी ततः।**
**यौगपद्यमसिद्धं स्याद् द्वैताद्वैतस्य का कथा।।१४८।।**
**ततोऽनन्यगतेर्न्यायाच्छुद्धः सम्यक्त्वगोचरः।**
**तद्वाचकश्च यः कोपि वाच्यः शुद्धनयोपि सः।।१४९।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે નિશ્ચયનયથી (વાસ્તવમાં) ઉપરાગ આ જીવાત્મામાં છે કે નહિ ? અથવા ઉપરાગ અને અનુપરાગ (શુદ્ધતા) બંને છે ? અથવા શું બંનેય

નથી ? બંને છે તો ક્રમપૂર્વક છે કે એકસાથે ? જો વાસ્તવમાં ઉપરાગ હોય તો પછી તેમાં અનાદર (અગ્રાહ્યપણું) શા માટે કરવામાં આવે છે ? જો વાસ્તવમાં વ્યવહારનયના વિષયભૂત ઉપરાગ કોઈ વસ્તુ ન હોય તો, તો તેમાં અનાદર પણ સિદ્ધ થતો નથી. કેમકે અનાદર તેનો જ કરવામાં આવે છે કે જે કાંઈક ચીજ હોય. જો નિશ્ચયનયથી ઉપરાગ કોઈ ચીજ જ ન હોય તો અનાદર કોનો ? બીજી વાત એ છે કે જો ઉપરાગ માની લેવામાં આવે તો પણ નવ પદાર્થોમાં ગ્રાહ્યપણું આવતું નથી કેમકે શુદ્ધ પદાર્થ સિવાય બીજી જગ્યાએ નયનો અધિકાર જ નથી ? (શંકાકારની આ શંકા કેવળ શુદ્ધનયને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવી છે) જો ઉપરાગ ન માનવામાં આવે તો તો જીવના આ નવ સ્થાન કોઈ પ્રકારે બની શકતા નથી કેમકે જેનું કારણ જ ન હોય તેનું કાર્ય પણ હોઈ શકતું નથી.

જો શુદ્ધતા અને અશુદ્ધતા (ઉપરાગ) બંનેને માનવામાં આવે, પરંતુ ક્રમથી માનવામાં આવે તોપણ ન્યાયથી શુદ્ધમાત્ર જ ઉપાદેય (ગ્રાહ્ય) સિદ્ધ થશે અને શુદ્ધથી ભિન્ન અશુદ્ધ ત્યાજ્ય બનશે ?

જો શુદ્ધતા અને ઉપરાગજન્ય અશુદ્ધતા, આ બંનેને એકસાથે જ માનવામાં આવે તો પણ બંનેથી આપણું ઇષ્ટ સિદ્ધ નહિ થાય. તે સમયે પણ શુદ્ધ જ ગ્રાહ્ય થશે અને અશુદ્ધ અગ્રાહ્ય થશે ? એક વાત એ પણ છે કે એક પદાર્થ ને એક સ્થાનમાં બે ક્રિયા અથવા બે કર્મ રહી પણ શકતા નથી. તેથી જીવમાં એકસાથે શુદ્ધતા અને અશુદ્ધતા બની શકતી નથી એટલે 'બંનેમાંથી શુદ્ધ જ ગ્રાહ્ય થશે' ઇત્યાદિ દ્વૈતાદ્વૈતની કથા તો પછી રહે છે.

તેથી અનન્યગતિ ન્યાયથી અર્થાત્ બીજી ગતિ ન હોવાથી અથવા ભટકાઈ — અથડાઈને પાછા હતા ત્યાં જ આવી જવાથી એક શુદ્ધ પદાર્થ જ માનવો જોઈએ. તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. તે જ પદાર્થનું કથન કરનાર જો કોઈ નય હોય તો તે કેવળ શુદ્ધનય (નિશ્ચયનય) છે ?

**ભાવાર્થ :—** ઉપર્યુક્ત કથનથી શંકાકારનો અભિપ્રાય કેવળ શુદ્ધનયને માનીને શુદ્ધ જીવનું ગ્રહણ કરવાનો છે. તેની દૃષ્ટિમાં વ્યવહારનય સર્વથા મિથ્યા છે. તેથી તેની દૃષ્ટિમાં નવ પદાર્થ અર્થાત્ જીવની અશુદ્ધતા પણ કોઈ વસ્તુ નથી. આચાર્ય એનું ખંડન નીચે કરે છે —

ઉત્તર

**नैवं त्वनन्यथासिद्धेः शुद्धाशुद्धत्वयोर्द्वयोः ।**
**विरोधेप्यविरोधः स्यान्मिथः सापेक्षतः सतः ।।१५०।।**

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કથન બરાબર નથી, કેમકે શુદ્ધતા અને અશુદ્ધતા આ બંનેમાંથી કોઈ એકને ન માનવામાં આવે અથવા આ બંનેના કાર્યકારણભાવને ન માનવામાં આવે તો કામ ચાલી શકતું નથી. એ બંનેય આ જ એક રીતે સિદ્ધ થાય છે અર્થાત્ બંનેય આવશ્યક છે. બંનેને માનવામાં અશુદ્ધતાના પક્ષમાં જે શંકાકારે વિરોધ બતાવ્યો છે તે પણ અવિરોધ જ છે. પદાર્થ પરસ્પરની અપેક્ષાસહિત છે. તેથી વિરોધ રહેતો નથી. અપેક્ષાકૃત ભેદથી બંનેય બરાબર છે.

**नासिद्धानन्यथासिद्धिस्तद्द्वयोरेकवस्तुतः ।**
**यद्विशेषेपि सामान्यमेकमात्रं प्रतीयते ।।१५१।।**

**અર્થ :–** શુદ્ધતા અને અશુદ્ધતા આ બંનેય આવશ્યક છે આ વાત પણ અસિદ્ધ નથી કેમકે બંનેય એક જ વસ્તુમાં રહે છે. ઉક્ત બંને ભેદ જીવની અવસ્થા વિશેષ જ છે. આ ભેદોની અપેક્ષાએ જીવ અનેક હોવા છતાં પણ સામાન્યપણે કેવળ એક જ જણાય છે.

આનો જ ખુલાસો

**तद्यथा नव तत्त्वानि केवलं जीवपुद्गलौ।**
**स्वद्रव्याद्यैरनन्यत्वाद्वस्तुतः कर्तृकर्मणोः ।।१५२।।**

**અર્થ :–** વાસ્તવમાં વિચાર કરવામાં આવે તો આ નવ પદાર્થ પણ (અશુદ્ધ અવસ્થા) કેવળ જીવ અને પુદ્ગલ બે દ્રવ્યરૂપ જ રહે છે અને કર્તા અને કર્મ એ વાસ્તવમાં પોતાના દ્રવ્યાદિથી અભિન્ન હોય છે.

**ભાવાર્થ :–** પહેલાં શંકાકારે એમ કહ્યું હતું કે એક વસ્તુ જ કર્તા કર્મ કેવી રીતે હોઈ શકે ? એનો જ આ ઉત્તર છે કે જીવ કર્તા અને પુદ્‌ગલ કર્મ છે. કર્તૃત્વ જીવ સાથે અભિન્ન છે અને કર્મત્વ પુદ્‌ગલ સાથે અભિન્ન છે તથા આ બંનેના મેળથી જ નવ પદાર્થ થાય છે તેથી બંનેની મળેલી એક અવસ્થામાં કર્તા, કર્મને રહેવામાં કાંઈ વિરોધ આવતો નથી.

**ताभ्यामन्यत्र नैतेषां किञ्चिद्द्रव्यान्तरं पृथक्।**
**न प्रत्येकं विशुद्धस्य जीवस्य पुद्‌गलस्य च।।१५३।।**

**અર્થ :–** જીવ અને પુદ્‌ગલ આ બંને દ્રવ્યો સિવાય નવ પદાર્થ બીજા કોઈ જુદા દ્રવ્ય નથી અર્થાત્ નવ પદાર્થ જીવ, પુદ્‌ગલની અવસ્થાવિશેષ છે. એમાં બીજા કોઈ દ્રવ્યનો મેળ નથી અને એમ પણ નથી કે આ નવ પદાર્થ કેવળ શુદ્ધ જીવના જ છે અથવા કેવળ પુદ્‌ગલના જ છે. પરંતુ બંનેના યોગ્યથી થયા છે. એ જ વાત નીચે બતાવે છે.

જીવ અને પુદ્‌ગલ આ બેના જ નવ પદાર્થ છે

**किन्तु सम्बन्धयोरेव तदद्वयोरितरेतम्।**
**नैमित्तिकनिमित्ताभ्यां भावा नव पदा अमी।।१५४।।**

**અર્થ :–** નૈમિત્તિક જીવ અને નિમિત્ત કારણ પુદ્‌ગલ. આ બંનેના જ પરસ્પર સંબંધથી આ નવ પદાર્થ થઈ ગયા છે.

જીવની જ નવ અવસ્થાઓ છે

**अर्थान्नवपदीभूय जीवश्चैको विराजते।**
**तदात्वेपि परं शुद्धस्तद्विशिष्टदशामृते।।१५५।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો સારાંશ એ જ નીકળે છે કે આ જીવ જ નવ પદાર્થરૂપ

થઈને ટકેલો છે. જો કે પહેલાં શ્લોકો દ્વારા જીવ અને પુદ્ગલ બંનેયની અવસ્થા નવ પદાર્થરૂપ બતાવી છે. પરંતુ અહીં નવ પદાર્થોને જીવના જ અવસ્થા ભેદ કહ્યા છે. એનો અભિપ્રાય એ છે કે અહીં નિમિત્તકારણનું કથન કર્યું નથી. પુદ્ગલના નિમિત્તથી જીવના આ નવ ભેદ થાય છે. અર્થાત્ અવસ્થા તો એ જીવની છે પરંતુ પુદ્ગલ નિમિત્ત કારણ છે. તેથી અહીં નિમિત્તકારણને અવિવક્ષિત રાખીને 'જીવ જ નવ પદાર્થરૂપ છે' એમ કહ્યું છે.

જો કે આ અવસ્થાઓમાં આ જીવ અશુદ્ધ છે તો પણ આ અવસ્થાઓથી રહિત વિચાર કરવાથી કેવળ શુદ્ધ જીવનો જ પ્રતિભાસ થાય જ છે.

**ભાવાર્થ :–** અશુદ્ધતામાં પણ શુદ્ધ જીવનો પ્રતિભાસ થાય છે.

**नासंभवं भवेदेतत् तद्विधेरूपलब्धितः ।**
**सोपरक्तेरभूतार्थात् सिद्ध न्यायाददर्शनम् । ।१५६ । ।**

**અર્થ :–** અશુદ્ધતાની અંદર શુદ્ધ જીવનો પ્રતિભાસ થાય છે એ વાત અસિદ્ધ નથી પણ અનેક પ્રકારે સિદ્ધ છે. પરંતુ અયથાર્થ ઉપાધિનો સંબંધ થઈ જવાથી તે શુદ્ધતાનું દર્શન થતું નથી.

**ભાવાર્થ :–** પુદ્ગલના નિમિત્તે જે આત્મામાં અશુદ્ધતા–મલિનતા આવી ગઈ છે તેનાથી આ આત્માનું શુદ્ધરૂપ ઢંકાઈ ગયું છે, તો પણ ઉપાધિરહિત અવસ્થાનું ધ્યાન કરવાથી અશુદ્ધતાની અંદર પણ શુદ્ધાત્માનું અવલોકન થાય જ છે.

દૃષ્ટાંત

**सन्त्यनेकेत्र दृष्टान्ता हेमपद्मजलाऽनलाः ।**
**आदर्शस्फटिकाश्मानौ बोधवारिधिसैन्धवाः । ।१५७ । ।**

**અર્થ :–** અશુદ્ધતામાં શુદ્ધતાનું જ્ઞાન થાય છે આ વિષયમાં અનેક ઉદાહરણ છે. તેમાંથી કેટલાક દૃષ્ટાંત તો આ છે. સોનું, કમળ, જળ, અગ્નિ, દર્પણ, સ્ફટિક પથ્થર, જ્ઞાન, સમુદ્ર અને મીઠું.

સોનાનું દૃષ્ટાંત

**एकं हेम यथानेकवर्णं स्यात्परयोगतः ।**
**तमसन्तमिवोपेक्ष्य पश्य तद्धेम केवलम् ।।१५८ ।।**

**અર્થ :–** જો કે સોનું બીજા પદાર્થોના નિમિત્તે અનેક રૂપો ધારણ કરે છે. જેમકે કોઈ વાર ચાંદીમાં ભેળવી દેવામાં આવે તો બીજું જ રૂપ ધારણ કરે છે, કોઈ વાર પિત્તળમાં ભેળવી દેવામાં આવે તો બીજું જ રૂપ ધારણ કરે છે, એવી જ રીતે ત્રાંબુ, લોઢું, એલ્યુમિનિયમ, રેડિયમ વગેરે પદાર્થોના સંબંધથી અનેક પ્રકારનું દેખાય છે, તો પણ તે પદાર્થોને નહિવત્ ગણીને તેમની ઉપેક્ષા કરી દઈએ તો કેવળ સોનાનું સ્વરૂપ જ નજરે પડશે.

**ભાવાર્થ :–** બીજા પદાર્થોના મેળથી અનેક રૂપે પરિણમનારા સોનામાં પણ અન્ય પદાર્થોનું ધ્યાન છોડીને કેવળ સોનાનું સ્વરૂપ ચિંતવવાથી પિત્તળ આદિથી ભિન્ન પીતાદિ ગુણ વિશિષ્ટ સોનામાત્રનો જ પ્રતિભાસ થાય છે.

શંકા

**न चाशंक्यं सतस्तस्य स्यादुपेक्षा कथं जवात् ।**
**सिद्धं कुतः प्रमाणाद्वा तत्सत्त्वं न कुतोपि वा ।।१५९ ।।**

**અર્થ :–** કેવળ સોનાનું ગ્રહણ કરવામાં બીજા મળેલા પદાર્થોની તરત જ કેવી રીતે ઉપેક્ષા કરી શકાય ? અથવા તે સોનામાં બીજા પદાર્થની સત્તા છે કે નહિ ? છે તો ક્યા પ્રમાણથી છે ? અથવા કોઈ પણ પ્રમાણથી નથી ? આ જાતની શંકા કરવી બરાબર નથી. કેમ બરાબર નથી તે નીચે બતાવે છે —

પરિહાર

**नानादेयं हि तद्धेम सोपरक्तेरूपाधिवत् ।**
**तत्त्यागे सर्वशून्यादिदोषाणां सन्निपाततः ।।१६० ।।**

**અર્થ :–** સોનાની સાથે બીજા પદાર્થનો ભેગ થઈ ગયો છે. મિશ્રણ થવાથી સોનું અગ્રાહ્ય નથી. જો ઉપાધિ વિશિષ્ટ સોનાનું ગ્રહણ કરવામાં ન આવે તો સર્વશૂન્યતા વગેરે અનેક દોષો આવશે. કેમકે અશુદ્ધતાનો સ્વીકાર કર્યા વિના શુદ્ધતા પણ ટકતી નથી.

**न परीक्षाक्षमं चैतच्छुद्धं शुद्धं यदा तदा।**
**शुद्धस्यानुपलब्धौ स्याल्लब्धिहेतोरदर्शनम्।।१६१।।**

**અર્થ :–** એમ કહેવું પણ પરીક્ષા યોગ્ય નથી કે જે સમયે સોનું શુદ્ધ છે તે સમયે તે શુદ્ધ જ છે. એમ માનવાથી શુદ્ધ સોનાનો પ્રતિભાસ પણ નહિ થઈ શકે. કેમકે શુદ્ધતામાં કારણ અશુદ્ધતા છે. અશુદ્ધતામાં જ શુદ્ધતાનો પ્રતિભાસ થાય છે. અશુદ્ધતાનો લોપ થવાથી શુદ્ધતાનો પણ લોપ થઈ જશે.

**यदा तद्वर्णमालायां दृश्यते हेम केवलम्।**
**न दृश्यते परोपाधिः स्वेष्टं दृष्टेन हेम तम्।।१६२।।**

**અર્થ :–** જે સમયે અનેક રૂપવાળા તે મળેલા સોનામાં કેવળ સોનાને આપણે જોઈએ છીએ ત્યારે બીજા પદાર્થોની ઉપાધિનો પ્રતિભાસ કરતા નથી. તે સમયે તો પોતાનું ઇષ્ટ જે સોનું છે, તેને જ પ્રત્યક્ષ કરીએ છીએ.

**ભાવાર્થ :–** મળેલા સોનામાંથી સોનાનું સ્વરૂપ વિચારતાં કેવળ સોનાનું જ સ્વરૂપ ઝળકી ઉઠે છે. તે સમયે સોનાની સાથે જે બીજા પદાર્થો મળેલા છે તે ન હોય તેમ રહી જાય છે.

ફલિતાર્થ

**ततः सिद्धं यथा हेम परयोगाद्विना पृथक्।**
**सिद्धं तद्वर्णमालायामन्ययोगेपि वस्तुतः।।१६३।।**
**प्रक्रियेयं हि संयोज्या सर्वदृष्टान्तभूमिषु।**
**साध्यार्थस्याविरोधेन साधनालंकरिष्णुषु।।१६४।।**

**અર્થ :–** ત્રાંબુ, પિત્તળ, ચાંદી આદિમાં મળેલું સોનું પણ વાસ્તવિક દૃષ્ટિથી વિચારતાં બીજા પદાર્થોના મેળ વિનાનું શુદ્ધ જ જણાય છે અર્થાત્ અનેક પદાર્થો તેમાં ભળેલા હોવા છતાં પણ સોનાનું સ્વરૂપ ભિન્ન જ પ્રતીતિમાં આવી જાય છે. તેવી જ રીતે પુદ્ગલના નિમિત્તે નવ અવસ્થાઓમાં આવેલો જીવ પણ (તેનું સ્વરૂપ વિચારતાં) શુદ્ધ જ પ્રતીતિમાં આવે છે.

જેવી રીતે સોનાનું દૃષ્ટાંત ઘટાવવામાં આવ્યું છે તેવી જ રીતે બધા દૃષ્ટાંતો ઘટાવવા જોઈએ. તે દૃષ્ટાંત જ સાધ્યાર્થની સાથે અવિરોધપણે સાધન બતાવવા માટે ભૂષણ સ્વરૂપ છે અર્થાત્ સાધ્ય સાધનના યોગ્ય પરિજ્ઞાન માટે આ બધા દૃષ્ટાંત અતિ ઉપયોગી છે.

કમળનું દૃષ્ટાંત

**तोयमग्नं यथा पद्मपद्ममत्र तथा न तत्।**
**तदस्पृश्यस्वभावत्वादर्थतो नास्ति पत्रतः।।१६५।।**

**અર્થ :–** જો કે કમળ જળમાં મગ્ન છે તો પણ તે જળમાં નથી, વાસ્તવિક દૃષ્ટિથી જળમાં કમળ નથી. કેમકે તેનો જળથી ભિન્ન રહેવાનો સ્વભાવ છે.

**ભાવાર્થ :–** તેવી જ રીતે જીવાત્માનો સ્વભાવ પણ વાસ્તવમાં પુદ્ગલથી ભિન્ન છે જેમ જળમાં ડૂબેલું હોવા છતાં પણ કમળ જળથી ભિન્ન છે.

જળનું દૃષ્ટાંત

**सकर्दमं यथा बारि बारि पश्य न कर्दमम्।**
**दृश्यते तदवस्थायां शुद्धं बारि विपङ्कवत्।।१६६।।**

**અર્થ :–** જે જળ કીચડમાં મળેલું છે, તે જળમાં પણ જો તમે જળનું સ્વરૂપ જુઓ અને કીચડને ન જુઓ તો તમને મળેલી અવસ્થામાં પણ કીચડથી ભિન્ન શુદ્ધ જળની જ પ્રતીતિ થશે. એવી જ રીતે જીવાત્મા પણ પુદ્ગલથી ભિન્ન પ્રતીત થાય છે.

અગ્નિનું દૃષ્ટાંત

**अग्निर्यथा तृणाग्निः स्यादुपचारात्तृंण दहत्।**
**नाग्निस्तृणं तृणं नाग्निरग्निस्तृणं तृणम्।।१६७।।**

**અર્થ :–** જે વખતે અગ્નિ તણખલાને બાળી રહી છે તે વખતે તે અગ્નિને તણખલાના નિમિત્તે – ઉપચારથી તણખલાની અગ્નિ કહેવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં તણખલાની અગ્નિ શું વસ્તુ છે ? અગ્નિ જ અગ્નિ છે. અગ્નિ તણખલું નથી અને ન તણખલું અગ્નિ છે. અગ્નિ અગ્નિ જ છે અને તણખલું તણખલું જ છે.

દર્પણનું દૃષ્ટાંત

**प्रतिबिम्बं यथादर्शे सन्निकर्षात्कलापिनः।**
**तदात्वे तदवस्थायामपि तत्र कुतः शिखी।।१६८।।**

**અર્થ :–** જેમ દર્પણમાં મોરના સંબંધથી પ્રતિબિંબ (છાયા) પડે છે. પરંતુ વાસ્તવમાં છાયા પડતાં પણ ત્યાં મોર નથી. કેવળ દર્પણ જ છે. તેવી જ રીતે પુદ્‌ગલના નિમિત્તે જીવાત્મા અશુદ્ધ જણાય છે, વાસ્તવમાં તે શુદ્ધ નિરાળો જ છે.

સ્ફટિકનું દૃષ્ટાંત

**जपापुष्पोपयोगेन विकारः स्फटिकाश्मनि।**
**अर्थात्सोपि विकारश्चाऽवास्तवस्तत्र वस्तुतः।।१६९।।**

**અર્થ :–** જ્યાં પુષ્પ લાલરંગનું હોય છે તે ફૂલને સ્ફટિક પથ્થરની પાછળ મૂકવાથી સ્ફટિક પથ્થરમાં વિકાર થઈ જાય છે અર્થાત્ તે સ્ફટિક પણ લાલ લાગે છે. પરંતુ યથાર્થપણે જોવામાં આવે તો સ્ફટિકમાં કોઈ પ્રકારની લાલાશ આદિ વિકાર નથી.

**ભાવાર્થ :–** એ જ પ્રમાણે આત્મા પણ પુદ્‌ગલના નિમિત્તે નવ પ્રકારે દેખાય છે. પરંતુ યથાર્થમાં તે એવો નથી.

જ્ઞાનનું દૃષ્ટાંત

**ज्ञान स्वयं घटज्ञानं परिच्छिन्दद्यथा घटम्।**
**नार्थाज्ज्ञानं घटोयं स्याज्ज्ञानं ज्ञानं घटो घटः।।१७०।।**

**અર્થ :–** જે વખતે જ્ઞાન ઘટને જાણે છે તે વખતે તે સ્વયં ઘટજ્ઞાન કહેવાય છે. પરંતુ વાસ્તવમાં જ્ઞાન ઘટરૂપ થઈ જતું નથી. પરંતુ જ્ઞાન જ્ઞાન જ રહે છે અને ઘટ, ઘટ જ રહે છે.

**ભાવાર્થ :–** જ્ઞાનનો એવો સ્વભાવ છે કે તે જે પદાર્થને જાણે છે, તે જ પદાર્થના આકારે થઈ જાય છે. આમ હોવા છતાં પણ તે જ્ઞાન પદાર્થરૂપ પરિણમતું નથી, વાસ્તવમાં તે તો જ્ઞાન જ છે. એવી જ રીતે જીવાત્મા પણ વાસ્તવમાં રાગદ્વેષાદિ વિકારમય નથી.

સમુદ્રનું દૃષ્ટાંત

**वारिधिः सोत्तरङ्गोऽपि वायुना प्रेरितो यथा।**
**नार्थादैक्यं तदात्वेपि पारावार समीरयोः।।१७१।।**

**અર્થ :–** વાયુના નિમિત્તે પ્રેરિત થયેલો સમુદ્ર ઊંચા ઊંચા તરંગો ધારણ કરે છે. પરંતુ એમ હોવા છતાં પણ સમુદ્ર અને વાયુમાં અભિન્નપણું નથી.

**ભાવાર્થ :–** એવી જ રીતે આત્મા પણ પુદ્‌ગલના નિમિત્તે નવ અવસ્થાઓ ધારણ કરે છે, વાસ્તવમાં તે પુદ્‌ગલથી અભિન્ન નથી.

મીઠાનું દૃષ્ટાંત

**सर्वतः सैन्धवं खिल्यमर्थादेकरसं स्वयम्।**
**चित्रोपदंशकेषूच्चैर्यन्नानेकरसं यतः।।१७२।।**

**અર્થ :–** વાસ્તવમાં મીઠાની કણી એક રસસ્વરૂપ છે, તેનો સ્વાદ તો ખારાશરૂપ જ હોય છે. પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારના વ્યંજનોમાં (શાકભાજીમાં) મળવાથી ભિન્ન ભિન્ન પ્રકારનો સ્વાદ આવે છે. પરંતુ મીઠું તો મીઠું જ રહે છે. તે કોઈ પણ વસ્તુમાં ભલે ભેળવવામાં આવે, પરંતુ મીઠાનો સ્વાદ બદલાતો નથી.

**ભાવાર્થ :–** એવી જ રીતે પુદ્‌ગલના સંબંધથી આત્માની અનેક અવસ્થાઓ જણાવા છતાં પણ વાસ્તવમાં આત્મા શુદ્ધસ્વરૂપ એક રસમાં જ પ્રતીતરૂપ થાય છે.

ફલિતાર્થ

**इति दृष्टान्तसनाथेन स्वेष्टं दृष्टेन सिद्धिमत्।**
**यत्पदानि नवामूनि वाच्यान्यर्थादवश्यतः।।१७३।।**

**અર્થ :–** આ રીતે અનેક દૃષ્ટાંતોથી પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા અમારું ઇષ્ટ સિદ્ધ થઈ ગયું. તે ઇષ્ટ એ જ છે કે આ આત્માની નવ અવસ્થાઓ (નવ પદાર્થ)નું કથન અવશ્ય કરવું જોઈએ.

**ભાવાર્થ :–** અનેક લોકોનો આ વિષયમાં વિવાદ હતો કે નવ પદાર્થ કહેવા જોઈએ કે શુદ્ધ આત્માનું જ સદા ગ્રહણ કરવું જોઈએ. આ વિષયમાં ઉપર્યુક્ત દૃષ્ટાંતો દ્વારા આચાર્યે નવ પદાર્થોની આવશ્યકતા પણ બતાવી દીધી છે. નવ પદાર્થનો સ્વીકાર કર્યા વિના શુદ્ધ આત્માની પણ પ્રતીતિ થતી નથી. તેથી નવ પદાર્થ પણ કહેવા યોગ્ય છે.

એકાન્ત કથન અને તેનો પરિહાર

**कैश्चित्तु कल्प्यते मोहाद्वक्तव्यानि पदानि न।**
**हेयानीति यतस्तेभ्यः शुद्धमन्यत्र सर्वतः।।१७४।।**
**तदसत् सर्वतस्त्यागः स्यादसिद्धः प्रमाणतः।**
**तथा तेभ्योऽतिरिक्तस्य, शुद्धस्यानुपलब्धितः।।१७५।।**

**અર્થ :–** મોહનીય કર્મની તીવ્રતાથી ભૂલેલા કોઈ તો કહે છે કે આ નવ પદાર્થોનું કથન ન કરવું જોઈએ કેમકે એ સર્વથા ત્યાજ્ય છે. આ નવે પદાર્થોથી આત્માનું શુદ્ધ

નિજરૂપ સર્વથા ભિન્ન જ છે.

આચાર્ય કહે છે કે આમ કહેવું સર્વથા અયોગ્ય છે. આ નવ પદાર્થોનું સર્વથા જ કથન કરવામાં ન આવે અથવા એ સર્વથા ત્યાગવા યોગ્ય છે. આ વાત કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થતી નથી અને તે નવ પદાર્થોને છોડી દેતાં શુદ્ધ આત્માની પણ પ્રતીતિ થઈ શકતી નથી.

**ભાવાર્થ :–** અશુદ્ધતા માનવાથી જ શુદ્ધતાની ઉપલબ્ધિ થાય છે, બીજી રીતે નહિ, કેમકે એ બંને શબ્દ સાપેક્ષ છે. તેથી વ્યવહારનયથી આ નવ પદાર્થ પણ બરાબર છે અને નિશ્ચયનયથી શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.

નવ પદાર્થ ન માનવામાં બીજા પણ દોષ

**नावश्यं वाच्यता सिद्धयेत्सर्वतो हेयवस्तुनि।**
**नान्धकारेऽप्रविष्टस्य प्रकाशानुभवो मनाक्।।१७६।।**

**અર્થ :–** આ નવ પદાર્થોને નિંદ્ય તથા ત્યાગવા યોગ્ય બતાવ્યા છે અને શુદ્ધાત્માને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય બતાવ્યો છે. જો એમને સર્વથા છોડી દેવામાં આવે તો એમાં ત્યાગ કરવાનો ઉપદેશ કેવી રીતે સિદ્ધ થઈ શકે ? અને શુદ્ધ આત્માના ગ્રહણનો ઉપદેશ પણ કેવી રીતે બની શકે ? જે મનુષ્ય અંધકારને સારી રીતે ઓળખે છે તે જ તો પ્રકાશનો અનુભવ કરે છે. જેણે કદી અંધકારમાં પ્રવેશ જ કર્યો નથી, તે પ્રકાશનો અનુભવ પણ શું કરશે ?

આશંકા

**नावाच्यता पदार्थानां स्यादकिञ्चित्करत्वतः।**
**सार्थानीति यतोऽवश्यं वक्तव्यानि नवार्थतः।।१७७।।**

**અર્થ :–** જો કોઈ કહે કે આ નવ પદાર્થ અકિંચિત્કર છે (કાંઈ પ્રયોજનભૂત નથી) તેથી એમનું કથન કરવાની કોઈ આવશ્યકતા નથી ? આમ કહેવું બરાબર નથી કેમકે આ નવ પદાર્થોનું કથન અવશ્ય સાર્થક છે (કાંઈક પ્રયોજન રાખે છે) તેથી નવ પદાર્થ અવશ્ય જ કહેવા યોગ્ય છે.

નવ પદાર્થોનું કથન કરવાનું પ્રયોજન

**न स्यात्तेभ्योऽतिरिक्तस्य सिद्धिः शुद्धस्य सर्वतः।**
**साधनाभावतस्तस्य तद्यथानुपलब्धितः।।१७८।।**

**અર્થ :–** જો નવ પદાર્થોને ન માનવામાં આવે તો તેમનાથી ભિન્ન શુદ્ધ જીવનો પણ કદી અનુભવ થઈ શકતો નથી અર્થાત્ શુદ્ધ જીવ પણ અશુદ્ધતાનો સ્વીકાર કર્યા વિના સિદ્ધ થતો નથી. કેમકે કારણ સામગ્રીના અભાવમાં કાર્યની પ્રાપ્તિ કદી થઈ શકતી નથી. અશુદ્ધતાપૂર્વક જ શુદ્ધતાની ઉપલબ્ધિ થાય છે.

શંકાકાર

**ननु चार्थान्तरं तेभ्यः शुद्धं सम्यक्त्वगोचरम्।**
**अस्ति जीवस्य स्वं रूपं नित्योद्योतं निरामयम्।।१७९।।**
**न पश्यति जगद्यावन्मिथ्यान्धतमसा ततम्।**
**अस्तिमिथ्यान्धकारं चेत् पश्यतिदं जगज्जवात्।।१८०।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે તે નવ પદાર્થોથી જીવનું નિજ રૂપ ભિન્ન જ છે, તે શુદ્ધ છે, નિત્ય પ્રકાશમાન છે, નિરોગ છે અને તે જ શુદ્ધરૂપ સમ્યક્ત્વગોચર છે. પરંતુ જગત જ્યાં સુધી મિથ્યાત્વરૂપી અંધકારથી વ્યાપ્ત (અંધ) થઈ રહ્યું છે ત્યાં સુધી તે શુદ્ધરૂપને જોઈ શકતું નથી. જ્યારે આ જગતનો મિથ્યાંધકાર નાશ પામે છે ત્યારે જ આ જગત અતિ શીઘ્રપણે તે શુદ્ધ જીવાત્માને જોવા લાગે છે ?

ઉત્તર

**नैवं विरुद्धधर्मत्वाच्छुद्धाशुद्धत्वयोर्द्वयोः।**
**नैकस्यैकपदे द्वेस्तः शुद्धाशुद्धे क्रियेर्थतः।।१८१।।**

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કથન બરાબર નથી કારણ કે શુદ્ધતા અને અશુદ્ધતા એ બંનેય વિરોધી ધર્મ છે અને વિરોધી પદાર્થ એક સ્થાનમાં રહી શકતા નથી. તેથી શુદ્ધતા અને અશુદ્ધતા આ બંને એક સ્થાનમાં કેવી રીતે રહી શકે ? કેમ રહી શકતા નથી ? આ જ વાતની નીચે સ્પષ્ટતા કરે છે —

**अथ सत्यां हि शुद्धायां क्रियायामर्थतश्चितः।**
**स्यादशुद्धा कथं वा चेदस्ति नित्या कथं न सा।।१८२।।**

**અર્થ :–** જો વાસ્તવમાં જીવમાં શુદ્ધતા જ માનવામાં આવે તો અશુદ્ધતા કેવી રીતે થઈ શકે ? જો થઈ શકે તો પછી તે નિત્ય કેમ ન હોય ?

**अथ सत्यामशुद्धायां बन्धाभावो विरुद्धभाक्।**
**नित्यायामथ तस्यां हि सत्यां मुक्तेरसंभवः।।१८३।।**

**અર્થ :–** જો જીવમાં અશુદ્ધતા જ માનવામાં આવે તો બંધનો અભાવ કદી થઈ શકે નહિ, જો તે અશુદ્ધતા નિત્ય હોય તો આ જીવાત્માની મુક્તિ જ અસંભવિત બની જાય.

**ભાવાર્થ :–** આચાર્યે સર્વથા શુદ્ધ તથા સર્વથા અશુદ્ધ પક્ષમાં દોષ બતાવીને કથંચિત્ બંનેનોય સ્વીકાર કર્યો છે. આથી શંકાકારનું જીવને સર્વથા શુદ્ધ માનવું અસત્ય ઠરે છે.

ફલિતાર્થ

**ततः सिद्धं यदा येन भावेनात्मा समन्वितः।**
**तदाऽनन्यगतिस्तेन भावेनात्माऽस्ति तन्मयः।।१८४।।**

**અર્થ :–** ઉપર કહેલાં ત્રણે શ્લોકોમાંથી એ પરિણામ કાઢવું જોઈએ કે જે સમયે આત્મા જે ભાવસહિત છે તે સમયે તે તે જ ભાવમાં તલ્લીન થઈ રહ્યો છે. તે સમયે તેની બીજી કોઈ ગતિ નથી.

એનો જ ખુલાસો

**तस्माच्छुभः शुभेनैवः स्यादशुभोऽशुभेन यः।**
**शुद्धः शुद्धेनभावेन तदात्वे तन्मयत्वतः।।१८५।।**

**અર્થ :–** જે સમયે આત્મા શુભભાવ ધારણ કરે છે તે સમયે આત્મા શુભ છે, જે સમયે અશુભભાવ ધારણ કરે છે, તે સમયે આત્મા અશુભ છે, જે સમયે શુદ્ધભાવ ધારણ કરે છે, તે સમયે તે જ આત્મા શુદ્ધ છે. આમ થવાનું કારણ પણ તે જ છે કે જે સમયે આ આત્મા જેવા ભાવ ધારણ કરે છે તે સમયે તે જ ભાવોમાં તન્મય (તલ્લીન) થઈ જાય છે.

સારાંશ

**ततोऽनर्थान्तरं तेभ्यः किंचिच्छुद्धमनीदृशम्।**
**शुद्धं नव पदान्येव तद्विकाराद्यते परम्।।१८६।।**

**અર્થ :–** તેથી અશુદ્ધતાથી વિલક્ષણ જે શુદ્ધ જીવ છે તે તે નવ પદાર્થોથી કથંચિત્ અભિન્ન છે, સર્વથા ભિન્ન કહેવું મિથ્યા છે એમ પણ કહી શકાય છે કે વિકાર દૂર થઈ જતાં તે નવ પદાર્થ જ શુદ્ધસ્વરૂપ છે.

**ભાવાર્થ :–** જીવની જ નવરૂપ વિકારાવસ્થા છે તેથી તે વિકાર અવસ્થા દૂર કરતાં જ તે જ જીવ શુદ્ધ થઈ જાય છે.

પહેલાં શંકાકારે શુદ્ધ જીવને નવ પદાર્થોથી સર્વથા ભિન્ન બતાવ્યો હતો, પરંતુ આ કથનથી કથંચિત્ અભિન્નતા સિદ્ધ કરવામાં આવી છે.

સૂત્રનો આશય

**अतस्तत्त्वार्थश्रद्धानं सूत्रे सद्दर्शनं मतम्।**
**तत्तत्त्वं नव जीवाद्या यथोद्देश्याः क्रमादपि।।१८७।।**

**અર્થ :–** શ્રીમદ્ ભગવાન ઉમા સ્વામીએ 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' આ સૂત્ર દ્વારા તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે, તે જ સૂત્રનો આશય ઉપર્યુક્ત કથનથી સિદ્ધ થાય છે. હવે તે જ જીવાદિક નવ તત્ત્વો (પદાર્થો) ક્રમથી બતાવે છે.

**तदुद्देश्यो यथा जीधः स्याजीवस्तथास्त्रवः।**
**बन्धः स्यात्संवरश्चापि निर्जरा मोक्ष इत्यपि।।१८८।।**
**सप्तैते पुण्यपापाभ्यां पदार्थास्ते नव स्मृताः।**
**सन्ति सद्दर्शनस्योच्चैर्विषया भूतार्थमाश्रिताः।।१८९।।**

**અર્થ :–** તે નવ પદાર્થ આ રીતે છે – જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા મોક્ષ. આ રીતે સાત તત્ત્વ અને પુણ્ય તથા પાપ. આ નવ પદાર્થ સમ્યગ્દર્શનના વિષયભૂત છે અર્થાત્ એમનું જ શ્રદ્ધાન કરનાર સમ્યગ્દ્રષ્ટિ છે અને આ પદાર્થ વાસ્તવિક છે.

આચાર્યની પ્રતિજ્ઞા

**तत्राधिजीवमाख्यानं विदधाति यथाधुना।**
**कविः पूर्वापरायत्तपर्यालोचविचक्षणः।।१९०।।**

**અર્થ :–** પૂર્વાપર વિચાર કરવામાં અતિ ચતુર કવિવર હવે જીવના વિષયમાં વ્યાખ્યાન કરે છે.

**ભાવાર્થ :–** આચાર્યે આ શ્લોક દ્વારા કેટલીયે વાતો સિદ્ધ કરી દીધી છે. પ્રતિજ્ઞા તો એ વાતની છે કે હવે તેઓ જીવનું નિરૂપણ સૌથી પહેલાં કરશે. તેમણે પોતાને કવિ કહ્યા છે, તેથી જણાય છે કે તેઓ કવિતા કરવામાં પણ ધુરંધર હતા, વાસ્તવમાં આટલા ગહન તત્ત્વો પદ્યો દ્વારા પ્રગટ કરવા અને તે પણ અતિ સ્પષ્ટતાથી. આ વાત તેમના મહા કવિ હોવામાં પૂર્ણ પ્રમાણ છે. સાથોસાથ તેમણે પોતાને પૂર્વાપર વિચારક કહ્યા છે. આથી તેમણે પોતાના ગ્રંથમાં નિર્દોષતા સિદ્ધ કરી છે. તે બે પ્રકારે છે :– એક તો પોતાના જ ગ્રંથમાં પૂર્વાપર ક્યાંય વિરોધ ન થઈ જાય, અથવા કથન ક્રમ

પદ્ધતિથી બહાર તો નથી રહેતું ને, આ દોષ તેમણે દૂર કર્યો છે. બીજું પૂર્વાચાર્યોના કથનનું પૂર્વાપર અવલોકન કરીને જ આ ગ્રંથ બનાવ્યો છે. આ વાત પણ તેમણે પ્રગટ કરી છે. આ વાતોથી આચાર્યે પોતાની નિજ કલ્પના, ગ્રંથની અસંબદ્ધતા અને સાહિત્ય દોષ આદિ બધી વાતો દૂર કરી દીધી છે.

## જીવનું નિરૂપણ

**जीवसिद्धिः सती साध्या सिद्धा साधीयसी पुरा।**
**तत्सिद्धलक्षणं वक्ष्ये साक्षात्तल्लब्धिसिद्धये।।१९१।।**

**અર્થ :–** પહેલાં જીવની સિદ્ધિ કરી ગયા છે, તેથી પ્રસિદ્ધ છે તેને જ ફરીથી સાધ્ય બનાવે છે અર્થાત્ સિદ્ધ કરે છે. જીવના યથાર્થ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય તેથી તેનું પ્રસિદ્ધ લક્ષણ કહે છે.

## હવે જીવનું સ્વરૂપ બતાવે છે

**स्वरूपं चेतना जन्तोः सा सामान्यात्सदेकधा।**
**सद्विशेषादपि द्वेधा क्रमात्सा नाऽक्रमादिह।।१९२।।**

**અર્થ :–** જીવનું સ્વરૂપ ચેતના છે. તે ચેતના સામાન્યપણે એક પ્રકારની છે કેમકે સામાન્ય રીતે સત્તા એક જ પ્રકારની છે તથા સત્ વિશેષની અપેક્ષાથી તે ચેતના બે પ્રકારે છે. પરંતુ તેના બંને ભેદ ક્રમથી હોય છે, એકસાથે હોતા નથી.

**ભાવાર્થ :–** જીવ જ્ઞાનદર્શનમય છે. સામાન્યપણે આ જ એક લક્ષણ જીવમાત્રમાં ઘટે છે. શુદ્ધ અશુદ્ધ વિશેષ ભેદ કરવાથી લક્ષણ પણ બે પ્રકારના થઈ જાય છે. એટલું વિશેષ છે કે એક સમયમાં એક જ સ્વરૂપ ઘટે છે.

તે જ ભેદો બતાવે છે

**एका स्याच्चेतना शुद्धा स्यादशुद्धा परा ततः।**
**शुद्धा स्यादात्मनस्तत्त्वमस्त्यशुद्धाऽऽत्मकर्मजा।।१९३।।**

**અર્થ :–** એક શુદ્ધ ચેતના અને બીજી અશુદ્ધ ચેતના છે. શુદ્ધ ચેતના આત્માનું નિજરૂપ છે અને અશુદ્ધ ચેતના આત્મા અને કર્મના નિમિત્તે થાય છે.

ચેતનાના ભેદ

**एकधा चेतना शुद्धा शुद्धस्यैकविधत्त्वतः।**
**शुद्धाशुद्धोपलब्धित्त्वाज्ज्ञानत्त्वाज्ज्ञानचेतना।।१९४।।**

**અર્થ :–** શુદ્ધ ચેતના એક પ્રકારની છે કેમકે શુદ્ધ એક પ્રકાર જ છે. શુદ્ધ ચેતનામાં શુદ્ધતાની ઉપલબ્ધિ હોય છે તેથી તે શુદ્ધ છે અને તે શુદ્ધોપલબ્ધિ જ્ઞાનરૂપ છે તેથી તેને જ્ઞાનચેતના કહે છે.

**ભાવાર્થ :–** આત્મામાં જે ભેદ થાય છે તે કર્મોના નિમિત્તે થાય છે. આત્માનું નિજરૂપ એક પ્રકારનું છે, તેમાં ભેદ નથી, તેથી કહેવામાં આવ્યું છે કે શુદ્ધનો એક જ પ્રકાર હોય છે. જે ચેતના જીવના અસલી સ્વરૂપસહિત છે તેનું જ નામ શુદ્ધચેતના છે અને તે ચેતના જ્ઞાનરૂપ છે તેથી જ્ઞાનચેતના કહે છે.

અશુદ્ધ ચેતના

**अशुद्धा चेतनाद्वेधा तद्यथा कर्मचेतना।**
**चेतनत्वात्फलस्यास्य स्यात्कर्मफलचेतना।।१९५।।**

**અર્થ :–** અશુદ્ધ ચેતના બે પ્રકારે છે. એક કર્મચેતના, બીજી કર્મફળ ચેતના. કર્મફળ ચેતનામાં ફળ ભોગવવાની મુખ્યતા છે.

**ભાવાર્થ :–** ચેતનાના ત્રણ ભેદ કહેવામાં આવ્યા છે. ૧. જ્ઞાનચેતના, ૨. કર્મચેતના,

૩ કર્મફળચેતના. જ્ઞાનચેતના સમ્યગ્દષ્ટિને જ હોય છે. કેમકે ત્યાં શુદ્ધ–આત્મિક ભાવોની પ્રધાનતા છે. બાકીની બંને ચેતનાઓ મિથ્યાદૃષ્ટિને હોય છે. આટલું વિશેષ છે કે કર્મચેતના સંજ્ઞી મિથ્યાદૃષ્ટિને હોય છે અને કર્મફળચેતના અસંજ્ઞીને હોય છે. કર્મ ચેતનામાં જ્ઞાનપૂર્વક ક્રિયાઓ દ્વારા બંધ કરવાની પ્રધાનતા છે અને કર્મફળચેતનામાં કર્મબંધ કરવાની પ્રધાનતા નથી, પરંતુ કર્મનું ફળ ભોગવવાની પ્રધાનતા છે.

## જ્ઞાનચેતનાની વ્યુત્પત્તિ

**अत्रात्मा ज्ञानशब्देन वाच्यस्तन्मात्रतः स्वयम्।**
**स चेत्यतेऽनया शुद्धः शुद्धा सा ज्ञानचेतना।।१९६।।**

**અર્થ :–** અહીં જ્ઞાન શબ્દથી આત્મા સમજવો જોઈએ. કેમકે આત્મા જ્ઞાનરૂપ જ સ્વયં છે. જેના દ્વારા તે આત્મા શુદ્ધ જાણવામાં આવે તેનું નામ જ્ઞાનચેતના છે.

**ભાવાર્થ :–** જે સમયે શુદ્ધાત્માનો અનુભવ થાય છે તે જ સમયે ચેતના (જ્ઞાન) જ્ઞાન ચેતના કહેવાય છે. તે સમયે બાહ્ય ઉપાધિની મુખ્યતા રહેતી નથી. જે સમયે બાહ્ય ઉપાધિની મુખ્યતા હોય છે તે સમયે આત્માનો ગુણ (ચેતના) અશુદ્ધતા ધારણ કરે છે અને તેના અભાવમાં જ્ઞાન માત્ર જ રહી જાય છે. તેથી તેને શુદ્ધચેતના અથવા જ્ઞાનચેતના કહે છે.

## તેનો જ ખુલાસો

**अर्थाज्ज्ञानं गुणः सम्यक् प्राप्तावस्थान्तरं यदा।**
**आत्मोपलब्धिरूपं स्यादुच्यते ज्ञानचेतना।।१९७।।**

**અર્થ :–** અર્થાત્ જે સમયે આત્માનો જ્ઞાન ગુણ સમ્યક્ અવસ્થા પામે છે, કેવળ શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે જ સમયે તેને જ્ઞાનચેતના કહે છે.

જ્ઞાનચેતનાનો સ્વામી

**सा ज्ञानचेतना नूनमस्ति सम्यग्दृगात्मनः।**
**न स्यान्मिथ्यादृशः क्वापि तदात्वे तदसम्भवात्।।१९८।।**

**અર્થ :–** તે જ્ઞાનચેતના નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. મિથ્યાદ્રષ્ટિને ક્યાંય પણ હોઈ શકતી નથી. કેમકે મિથ્યાદર્શન હોય ત્યારે તેનું હોવું અસંભવ જ છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શન થતાં જ મતિજ્ઞાનાવરણીય કર્મનો વિશેષ ક્ષયોપશમ થાય છે. તેનું જ નામ જ્ઞાનચેતના છે. મિથ્યાદર્શનની સત્તા હોય ત્યારે તેનું હોવું સર્વથા અસંભવ છે.

મિથ્યાદર્શનનું માહાત્મ્ય

**अस्ति चैकादशाङ्गनां ज्ञानं मिथ्यादृशोपि यत्।**
**नात्मोपलब्धिरस्यास्ति मिथ्याकर्मोदयात्परम्।।१९९।।**

**અર્થ :–** મિથ્યાદ્રષ્ટિને અગિયાર અંગ સુધીનું જ્ઞાન થઈ જાય છે. પરંતુ તેને આત્માનો શુદ્ધ અનુભવ થતો નથી. આ કેવળ મિથ્યાદર્શનના ઉદયનું જ માહાત્મ્ય છે.

**ભાવાર્થ :–** દ્રવ્યલિંગ ધારણ કરનાર મુનિ જો કે અગિયાર અંગ સુધી ભણી જાય છે, પરંતુ મિથ્યાત્વપટલનો ઉદય થવાથી તેઓ શુદ્ધાત્માનો સ્વાદ લઈ શકતા નથી. આશ્ચર્ય એ છે કે તેમના ભણાવેલા શિષ્યો કે જેમનું મિથ્યાત્વકર્મ દૂર થઈ ગયું છે, તેઓ પણ શુદ્ધાત્માનો આનંદ લઈ લે છે, પરંતુ તેઓ લઈ શકતા નથી.

શંકાકાર

**ननूपलब्धिशब्देन ज्ञानं प्रत्यक्षमर्थतः।**
**तत् किं ज्ञानावृतेः स्वीयकर्मणोन्यत्र तत्क्षतिः।।२००।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે આત્માની ઉપલબ્ધિ સમ્યગ્દ્રષ્ટિને થાય છે, અહીં

'ઉપલબ્ધિ' શબ્દનો અર્થ 'પ્રત્યક્ષજ્ઞાન' લેવામાં આવે છે અર્થાત્ આત્મા પ્રત્યક્ષ થાય છે. આવો અર્થ થયો તો શું આત્મીય જ્ઞાનાવરણકર્મનો ત્યાં ક્ષય થઈ જાય છે ?

ઉત્તર

**सत्यं स्वावरणस्योच्चैर्मूलं हेतुर्यथोदयः।**
**कर्मान्तरोदयापेक्षो नासिद्धः कार्यकृद्यथा।।२०१।।**

**અર્થ :–** તમારું કહેવું બરાબર છે. આત્માની પ્રત્યક્ષ ન થવામાં મૂળ કારણ આત્મીય જ્ઞાનાવરણકર્મનો ઉદય જ છે. પરંતુ સાથોસાથ બીજા કર્મનો ઉદય પણ તે પ્રત્યક્ષને રોકી રહ્યો છે. એક ગુણનો ઘાત કરવા માટે કર્માન્તર (બીજા કર્મ)ના ઉદયની અપેક્ષા અસિદ્ધ નથી પરંતુ કાર્યકારી જ છે.

વિશેષ ખુલાસો

**अस्ति मत्यादि यज्ज्ञानं ज्ञानावृत्युदयक्षतेः।**
**तथा वीर्यान्तरायस्य कर्मणोऽनुदयादपि।।२०२।।**

**અર્થ :–** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ જેટલા કોઈ જ્ઞાન છે, તે બધા પોત પોતાના જ્ઞાનાવરણીયકર્મના ઉદયનો ક્ષય થવાથી થાય છે. સાથે વીર્યાન્તરાયકર્મનો અનુદય પણ આવશ્યક છે.

**ભાવાર્થ :–** દરેક શક્તિને કામ કરવામાં બળની આવશ્યકતા છે. તેથી જ્ઞાન પણ જેમ પોતાનું કામ કરવા માટે પોતાના આવરણનો નાશ ચાહે છે, તેવી જ રીતે બળ પ્રાપ્તિ માટે વીર્યાન્તરાયકર્મનો પણ નાશ ચાહે છે.

આત્મોપલબ્ધિમાં હેતુ

**मत्याद्यावरणस्योच्चैः कर्मणोऽनुदयाद्यथा।**
**दङ्मोहस्योदयाभावादात्मशुद्धोपलब्धिः स्यात्।।२०३।।**

**અર્થ :–** જેમ આત્મોપલબ્ધિ (આત્મ પ્રત્યક્ષ) મતિ જ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાયકર્મના અનુદયથી થાય છે, તેવી જ રીતે દર્શનમોહનીયકર્મના પણ અનુદયથી થાય છે.

**ભાવાર્થ :–** જેમ પ્રત્યક્ષ જ્ઞાનને જ્ઞાનાવરણકર્મ રોકે છે, તેવી જ રીતે શુદ્ધતાને દર્શનમોહનીયકર્મ રોકે છે. તેથી શુદ્ધ–ઉપલબ્ધિ માટે જ્ઞાનાવરણ, વીર્યાન્તરાય અને દર્શનમોહનીય, આ ત્રણે કર્મોના અભાવની આવશ્યકતા છે. આ ત્રણેનો અનુદય થયા વિના શુદ્ધાત્માનો અનુભવ કદી થઈ શકતો નથી.

**किञ्चोपलब्धिशब्दोपि स्यादनेकार्थवाचकः।**
**शुद्धोपलब्धिरित्युक्ता स्यादशुद्धत्वहानये।।२०४।।**

**અર્થ :–** ઉપલબ્ધિ શબ્દ પણ અનેકાર્થવાચક છે. અહીં ઉપલબ્ધિ શબ્દનું પ્રયોજન શુદ્ધોપલબ્ધિથી છે અને તે અશુદ્ધતા દૂર કરવા માટે છે.

અશુદ્ધોપલબ્ધિના સ્વામી

**अस्त्यशुद्धोपलब्धिश्च तथा मिथ्यादृशां परम्।**
**सुदृशां गौणरूपेण स्यान्न स्याद्वा कदाचन।।२०५।।**

**અર્થ :–** અશુદ્ધોપલબ્ધિ કેવળ મિથ્યાદૃષ્ટિઓને જ હોય છે, સમ્યગ્દૃષ્ટિઓને હોતી નથી, જો કદાચ હોય તો પણ ગૌણ રૂપે હોય છે.

આ જ વાતને સ્પષ્ટ કરે છે

**तद्यथा सुखदुःखादिरूपेणात्माऽस्ति तन्मयः।**
**तदात्वेऽहं सुखी दुःखी मन्यते सर्वतो जगत्।।२०६।।**
**यद्वा क्रुद्धोयमित्यादि हिनस्म्येनं हठाद्द्विषम्।**
**न हिनस्मि वयस्यं स्वं सिद्धं चेतत् सुखादिवत्।।२०७।।**

**અર્થ :–** આ આત્મા સુખદુઃખ આદિ વિકારો થતાં સ્વયં તન્મય થઈ જાય છે. સાંસારિક સુખ મળતાં સમજે છે કે હું સુખી છું દુઃખ થતાં સમજે છે કે હું દુઃખી છું. આ રીતે બધી બાબતોમાં એની એવી જ બુદ્ધિ થઈ રહી છે. કોઈ કોઈ વાર એવા ભાવ પણ કરે છે કે એ ક્રોધી છે, હું આ શત્રુને અવશ્ય મારી નાખીશ તથા મારા મિત્રને કદી નહિ મારું. આ વાતોથી એ વાત સિદ્ધ થાય છે કે આ જગત્ સુખદુઃખાદિનું વેદન કરે છે.

ઉપલબ્ધિ પ્રત્યક્ષાત્મક છે

**बुद्धिमानत्र संवेद्यो यः स्वयं स्यात्सवेदकः।**
**स्मृतिव्यतिरिक्तं ज्ञानमुपलब्धिरियं यतः।।२०८।।**

**અર્થ :–** અહીં સ્વયં જાણનારને બુદ્ધિમાન પુરુષ જ સમજવો જોઈએ. તે જ સમજી શકે છે કે આ સુખ દુઃખની જે આત્મામાં ઉપલબ્ધિ થાય છે તે સ્મૃતિજ્ઞાન નથી, પરંતુ તેનાથી ભિન્ન જ છે.

ઉપલબ્ધિનો અનુભવ થાય છે

**नोपलब्धिरसिद्धास्य स्वादुसंवेदनात्स्वयम्।**
**अन्यादेशस्य संस्कारमन्तरेण सुदर्शनात्।।२०९।।**

**અર્થ :–** આત્મામાં સુખદુઃખનો અનુભવ થાય છે તેથી એની ઉપલબ્ધિ અસિદ્ધ નથી પરંતુ સિદ્ધ જ છે. કેમકે આ આત્મા કોઈના કહેલા સંસ્કાર વિના સ્વયં જ કોઈ વાર સુખનો અને કોઈ વાર દુઃખનો અનુભવ કરે છે એ સારી રીતે પ્રતીતિમાં આવે છે.

અતિવ્યાપ્તિ દોષ નથી

**नातिव्याप्तिरभिज्ञाने ज्ञाने वा सर्ववेदिनः।**
**तयोः संवेदनाभावात् केवलं ज्ञानमात्रतः।।२१०।।**

**અર્થ :–** આ સુખદુઃખના સ્વાદના સંવેદનની જેમ પ્રત્યભિજ્ઞાન અથવા કેવળજ્ઞાન પણ હોય, એમ નથી. પ્રત્યભિજ્ઞાન અને કેવળજ્ઞાન બંનેય વસ્તુનું જ્ઞાનમાત્ર તો કરે છે. પરંતુ વસ્તુના સ્વાદનો અનુભવ કરતા નથી. તેથી આ ઉપલબ્ધિ ઉક્ત બંને જ્ઞાનોથી ભિન્ન પ્રકારની જ છે. અહીં અભિજ્ઞાનનો અર્થ મતિશ્રુતજ્ઞાન પણ થઈ શકે છે.

**ભાવાર્થ :–** વસ્તુનો સ્વયં અનુભવ કરવામાં અને બીજાને તેનું જ્ઞાન થવામાં પ્રત્યક્ષ જ અંતર છે. શાસ્ત્રના જાણનારા, નારકીઓના દુઃખનું ફક્ત જ્ઞાન ધરાવે છે પરંતુ નારકી તે દુઃખનો સ્વયં અનુભવ કરે છે. એવી જ રીતે કેવળજ્ઞાની (સર્વજ્ઞ) પણ વસ્તુનું જ્ઞાન માત્ર કરે છે, તેનો સ્વાદ લેતા નથી.

કારણ કે

*** व्याप्यव्यापकभावः स्यादात्मनि नातदात्मनि।**
**व्याप्यव्यापकताभावः स्वतः सर्वत्र वस्तुषु।।२११।।**

**અર્થ :–** જેનો જેની સાથે વ્યાપ્યવ્યાપકભાવ હોય છે, તેનો જ તેની સાથે અનુભવ ઘટે છે. વ્યાપ્યવ્યાપકભાવ પોતાના સુખદુઃખનો પોતાની સાથે છે, બીજાની સાથે નહિ. કેમકે વ્યાપ્યવ્યાપકપણું સર્વત્ર વસ્તુઓમાં ભિન્ન ભિન્ન રહ્યા કરે છે.

**ભાવાર્થ :–** દરેક આત્માના ગુણનો સંબંધ દરેક આત્માની સાથે જુદો છે. તેથી એક આત્માના સુખદુઃખનો અનુભવ બીજો આત્મા કદી કરી શકતો નથી. હા, તેનું તેને જ્ઞાન થઈ શકે છે. કોઈ વાત જાણવામાં અને સ્વયં તેનો સ્વાદ લેવામાં મોટું અંતર છે.

અશુદ્ધોપલબ્ધિ બંધનું કારણ છે

**उपलब्धिरशुद्धासौ परिणाक्रियामयी।**
**अथादौदयिकी नित्यं तस्माद्बन्धफला स्मृता।।२१२।।**

* અલ્પ દેશવૃત્તિ પદાર્થ વ્યાપ્ય કહેવાય છે. અધિક દેશવૃત્તિ વ્યાપક કહેવાય છે. પરંતુ એ પણ સ્થૂળ કથન છે, આ એક સંબંધવિશેષ છે. જેમ વૃક્ષ અને બીજનો હોય છે.

**અર્થ :–** આ જે સુખદુઃખાદિની ઉપલબ્ધિ થાય છે તે અશુદ્ધ ઉપલબ્ધિ છે તથા ક્રિયારૂપ પરિણામસહિત છે અર્થાત્ તે ઉપલબ્ધિ કર્મોના ઉદયથી થાય છે, તેથી તેનાથી બંધનું હોવું એ જ તેનું ફળ બતાવ્યું છે.

અશુદ્ધોપલબ્ધિ જ્ઞાનચેતના નથી

**अस्त्यशुद्धोपलब्धिः सा ज्ञानाभासाच्चिदन्वयात्।**
**न ज्ञानचेतना किन्तु कर्म तत्फलचेतना।।२१३।।**

**અર્થ :–** તે ઉપલબ્ધિ, અશુદ્ધ–ઉપલબ્ધિ કહેવાય છે. તે ઉપલબ્ધિમાં યથાર્થ જ્ઞાન હોતું નથી, પરંતુ મિથ્યા સ્વાદવાળા સંવેદનરૂપ જ્ઞાનનો આભાસ હોય છે. તેથી તેને જ્ઞાનચેતના કહી શકાતી નથી. પરંતુ અશુદ્ધ જ્ઞાનના સંસ્કારસહિત જ્ઞાનપૂર્વક કર્મબંધ કરવાની અને કર્મફળ ભોગવવાની પ્રધાનતા હોવાથી તેને કર્મચેતના તથા કર્મફળચેતના કહે છે.

**ભાવાર્થ :–** જ્ઞાનચેતનામાં આત્મીય ગુણનો અનુભવ થાય છે. તેથી તે બંધનું કારણ નથી અને તે જ શુદ્ધોપલબ્ધિ છે. અશુદ્ધોપલબ્ધિમાં કર્મજનિત ઉપાધિઓની તન્મયતા છે. તેમના જ સ્વાદનું સંવેદન હોય છે. ત્યાં જ્ઞાનપૂર્વક કર્મબંધ કરવાની અથવા અજ્ઞાન અવસ્થામાં કર્મફળ ભોગવવાની પ્રધાનતા છે. તેથી તેને કર્મચેતના અથવા કર્મફળચેતના કહે છે. આ બંને જ કર્મબંધની મુખ્યતા રાખે છે. હવે આ જ બંને ચેતનાઓના સ્વામીનું કથન કરે છે.

**इयं संसारिजीवानां सर्वेषामविशेषतः।**
**अस्ति साधारणीवृत्तिर्न स्यात् सम्यक्त्वकारणम्।।२१४।।**

**અર્થ :–** આ કર્મચેતના અથવા કર્મફળચેતના સામાન્યપણે બધા સંસારી જીવોને હોય છે, એ સમ્યક્ત્વપૂર્વક હોતી નથી, પરંતુ સાધારણ રીતે દરેક સંસારી જીવાત્મામાં હોય છે.

**न स्यादात्मोपलब्धिर्वा सम्यग्दर्शनलक्षणम्।**
**शुद्धा चेदस्ति सम्यक्त्वं न चेच्छुद्धा न सा सुद्दक्।।२१५।।**

**અર્થ :–** એવો પણ નિયમ નથી કે આત્મોપલબ્ધિ માત્ર સમ્યગ્દર્શનસહિત હોય છે. જો તે ઉપલબ્ધિ શુદ્ધ હોય તો સમ્યગ્દર્શન સમજવું જોઈએ. જો તે ઉપલબ્ધિ અશુદ્ધ હોય તો સમ્યગ્દર્શન પણ ન સમજવું જોઈએ.

**ભાવાર્થ :–** આત્મોપલબ્ધિ શુદ્ધ પણ હોય છે તથા અશુદ્ધ પણ હોય છે. શુદ્ધોપ-લબ્ધિની સાથે સમ્યગ્દર્શનની વ્યાપ્તિ છે, અશુદ્ધોપલબ્ધિની સાથે નથી. આ કથનથી એ વાતની પણ સિદ્ધિ થઈ જાય છે કે બધી ઉપલબ્ધિઓ સમ્યક્ત્વ સહિત હોતી નથી.

શંકાકાર

**ननु चेयमशुद्धैव स्यादशुद्धा कथंचन।**
**अथ बन्धफला नित्यं किमबन्धफला क्वचित्।।२१६।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે પૂર્વોક્ત આત્મોપલબ્ધિ અશુદ્ધ જ છે ? અથવા કોઈ સમયે અશુદ્ધ છે ? તે શું સદા બંધ કરે છે ? અથવા કોઈ વાર બંધનું કારણ નથી પણ થતી ?

ઉત્તર

**सत्यं शुद्धास्ति सम्यक्त्वे सैवाशुद्धास्ति तद्विना।**
**असत्यबन्धफला तत्र सैव बन्धफलाऽन्यथा।।२१७।।**

**અર્થ :–** હા, બરાબર છે. સાંભળો ! જો તે ઉપલબ્ધિ સમ્યગ્દર્શનસહિત હોય તો તે શુદ્ધ છે અને સમ્યગ્દર્શન વિના તે જ અશુદ્ધ છે. સમ્યગ્દર્શનસહિત તે બંધનું કારણ નથી અને સમ્યગ્દર્શનના અભાવમાં બંધનું કારણ છે.

ફરીથી શંકાકાર

**ननुसद्दर्शनं शुद्धं स्यादशुद्धा मृषा रुचिः।**
**तत्कथं विषयश्चैकः शुद्धाशुद्धविशेषभाक्।।२१८।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે સમ્યગ્દર્શન તો શુદ્ધ છે અને મિથ્યાદર્શન અશુદ્ધ છે અને બંનેનો વિષય એક જ છે. આવી દશામાં એક શુદ્ધ અને બીજું અશુદ્ધ કેવી રીતે હોય શકે ?

તેની જ બીજી શંકા

**यद्वा नवसु तत्त्वेषु चास्ति सम्यदृगात्मनः।**
**आत्मोपलब्धिमात्रं वै साचेच्छुद्धा कुतो नव।।२१९।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિને નવ તત્ત્વો (નવ પદાર્થો)ના વિષયમાં આત્મોપલબ્ધિ હોય છે. જો તે આત્મોપલબ્ધિ શુદ્ધ છે, તો નવ પદાર્થો ક્યાંથી હોઈ શકે ?

**ભાવાર્થ :–** શંકાકારનો આશય એવો છે કે સમ્યગ્દૃષ્ટિ નવ તત્ત્વોનો અનુભવ કરે છે. જો તે અનુભવ શુદ્ધ હોય તો નવ તત્ત્વ કેવી રીતે હોઈ શકે ? કેમકે નવ તત્ત્વ તો કર્મોના નિમિત્તે થાય છે, શુદ્ધ નથી ? તેથી કાં તો તે ઉપલબ્ધિ શુદ્ધ નથી અથવા તે શુદ્ધ હોય તો નવ તત્ત્વ રહેતાં નથી ?

ઉત્તર

**नैवं यतः स्वतः शाश्वतः स्वादुभेदोस्ति वस्तुनि।**
**तत्राभिव्यंजकद्वेधाभावसद्भावतः पृथक्।।२२०।।**

**અર્થ :–** શંકાકારની ઉપર્યુક્ત બંને શંકા બરાબર નથી કેમકે વસ્તુ એક હોવા છતાં પણ તેમાં કોઈ બતાવનાર અભિવ્યંજક (સૂચક)નો દ્વિધાભાવ હોવાથી ભિન્ન ભિન્ન નિરંતર સ્વાદભેદ થઈ જાય છે.

**ભાવાર્થ :–** જેવો સૂચક હોય છે તેવી જ વસ્તુની પ્રતીતિ થવા લાગે છે, સૂચક બે પ્રકારે છે. તેથી વસ્તુ એક હોવા છતાં પણ તેમાં બે પ્રકારે જ સ્વાદભેદ થઈ જાય છે.

એ જ વાતનું સ્પષ્ટીકરણ

**शुद्धं सामान्यमात्रत्वादशुद्धं तद्विशेषतः ।**
**वस्तु सामान्यरूपेण स्वदते स्वादु सद्विदाम् ।।२२१ ।।**

**અર્થ :–** સામાન્યમાત્ર વિષય હોવાથી શુદ્ધતા સમજવામાં આવે છે અને વસ્તુની વિશેષતામાં અશુદ્ધતા સમજવામાં આવે છે. સત્ વસ્તુનો બોધ કરનાર સમ્યગ્દૃષ્ટિઓને વસ્તુનો સામાન્યરૂપે સ્વાદ આવે છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દૃષ્ટિ પુરુષ વસ્તુનુ સ્વરૂપ જેવું છે તેવું જ સામાન્ય રીતે જાણે છે પરંતુ મિથ્યાદૃષ્ટિ પુરુષ કર્મોદયથી તે જ વસ્તુનો વિશેષપણે (સ્વરૂપ વિહીન અને રાગરંજિત) સ્વાદ લે છે. તેથી એક વસ્તુ હોવા છતાં પણ શુદ્ધ અને અશુદ્ધ આ બે ભેદ થઈ જાય છે.

મિથ્યાદૃષ્ટિનો વસ્તુ સ્વાદ

**स्वदते न परेषां तद्यद्विशेषेप्यनीदृशम् ।**
**तेषामलब्धबुद्धित्वाद् दृष्टेर्दृङ्मोहदोषतः ।।२२२ ।।**

**અર્થ :–** વસ્તુની વિશેષતામાં પણ જેવો સમ્યગ્દૃષ્ટિ સ્વાદ લે છે તેવો મિથ્યાદૃષ્ટિઓને કદી આવતો નથી. તેઓ બીજી જાતનો જ વસ્તુનો વિશેષ સ્વાદ લે છે અને તેમાં પણ દર્શનમોહનીયકર્મના દોષથી થતું તેમનું અજ્ઞાન જ કારણ છે.

**ભાવાર્થ :–** મિથ્યાદૃષ્ટિ મિથ્યાદર્શનના ઉદયથી વસ્તુનું વિપરીત – વિશેષ જ ગ્રહણ કરે છે.

અને બીજું

**यद्वा विशेषरूपेण स्वदते तत्कुदृष्टिनाम्।**
**अर्थात् सा चेतना नूनं कर्मकार्येऽथ कर्मणि।।२२३।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિઓને વસ્તુનો વિલક્ષણ પ્રકારે જ સ્વાદ આવે છે અર્થાત્ તેમની ચેતના (બોધ) નિશ્ચયથી કર્મફળમાં અથવા કર્મમાં જ લાગેલી રહે છે.

**ભાવાર્થ :–** તેમને જ્ઞાનચેતના કે જે બંધનો હેતુ નથી તે કદી હોતી નથી.

મિથ્યાદૃષ્ટિઓના સ્વાદનું દૃષ્ટાંત

**दृष्टान्तः सैन्धवं खिल्यं व्यञ्जनेषु विमिश्रितम्।**
**व्यञ्जनं क्षारमज्ञानां स्वदते तद्विमोहिनाम्।।२२४।।**

**અર્થ :–** દૃષ્ટાંત–મીઠાની કણી જે ભોજન સામગ્રીમાં નાખવામાં આવે છે તે ભોજન જો અજ્ઞાની લે છે તો તે સમજે છે કે ભોજન જ ખારું છે.

**ભાવાર્થ :–** લોટમાં મીઠું નાખવાથી અજ્ઞાની સમજે છે કે આ ખારાશ લોટની જ છે તેને તે મીઠાની સમજતો નથી. એવી જ રીતે મિથ્યાદૃષ્ટિ જીવ વસ્તુની યથાર્થતા જાણતો નથી.

સમ્યગ્દૃષ્ટિઓના સ્વાદનું દૃષ્ટાંત

**क्षारं खिल्यं तदेवैकं मिश्रितं व्यञ्जनेषु वा।**
**न मिश्रितं तदेवैकं स्वदते ज्ञानवेदिनाम्।।२२५।।**

**અર્થ :–** ભલે મીઠું ભોજનમાં નાખ્યું હોય કે ન નાખ્યું હોય, પણ જ્ઞાની પુરુષ ખારાશને મીઠાની જ સમજે છે.

**ભાવાર્થ :–** લોટમાં મીઠું ભળવાથી જે ખારાશનો સ્વાદ આવે છે તેને જ્ઞાની જીવ

લોટની સમજતા નથી પરંતુ મીઠાની જ સમજે છે. એવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ વસ્તુની યથાર્થતા સારી રીતે જાણે છે. તેથી આ વાત બરાબર સિદ્ધ થઈ ગઈ કે વસ્તુ એક હોવા છતાં પણ સ્વાદભેદ હોય છે અને તેમાં વ્યંજક મિથ્યાદર્શનનો 'ઉદય' 'અનુદય' જ છે.

સારાંશ

**इति सिद्धं कुदृष्टिनामेकैवाज्ञानचेतना।**
**सर्वभावैस्तदज्ञानजातैस्तैरनतिक्रमात्।।२२६।।**

**અર્થ :–** તેથી આ વાત સિદ્ધ થઈ ગઈ કે મિથ્યાદૃષ્ટિઓને એક જ અજ્ઞાન ચેતના છે કેમકે અજ્ઞાનથી થતા બધા ભાવોનો તેમનામાં સમાવેશ (સત્તા) છે.

બીજો સારાંશ

**सिद्धमेतावता यावच्छुद्धोपलब्धिरात्मनः।**
**सम्यक्त्वं तावदेवास्ति तावती ज्ञानचेतना।।२२७।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી આ વાત પણ સિદ્ધ થઈ ગઈ કે જ્યાં સુધી આત્માની શુદ્ધ ઉપલબ્ધિ છે ત્યાં સુધી સમ્યક્ત્વ છે અને ત્યાં સુધી જ જ્ઞાનચેતના પણ છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શનના અભાવમાં ન શુદ્ધોપલબ્ધિ છે અને ન જ્ઞાનચેતના પણ છે. સમ્યગ્દર્શન થતાં જ બંને હોઈ શકે છે.

જ્ઞાની અને અજ્ઞાની

**एकः सम्यग्दृगात्माऽसौ केवलं ज्ञानवानिह।**
**ततो मिथ्यादृशः सर्वे नित्यमज्ञानिनो मताः।।२२८।।**

**અર્થ :–** આ સંસારમાં ફક્ત એક જ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનવાન (સમ્યગ્જ્ઞાની) છે. બાકી

બધા મિથ્યાદૃષ્ટિ જીવ સદા અજ્ઞાની (મિથ્યાજ્ઞાની) કહેવામાં આવે છે.

જ્ઞાની અને અજ્ઞાનીનું ક્રિયાફળ

**क्रिया साधारणी वृत्तिर्ज्ञानिनोऽज्ञानिनस्तथा।**
**अज्ञानिनः क्रिया, बन्धहेतुर्न ज्ञानिनः क्वचित्।।२२९।।**

**અર્થ :–** જ્ઞાની અને અજ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ) બંનેની ક્રિયા જો કે સમાન છે, તોપણ અજ્ઞાનીની ક્રિયા બંધનું કારણ છે. પરંતુ જ્ઞાનીની ક્રિયા ક્યાંય પણ બંધનું કારણ નથી.

જ્ઞાનીની ક્રિયાનું બીજું પણ વિશેષ ફળ

**आस्तां न बन्धहेतुः स्याज्ज्ञानिनां कर्मजा क्रिया।**
**चित्रं यत्पूर्वबद्धानां निर्जरायै च कर्मणाम्।।२३०।।**

**અર્થ :–** જ્ઞાનીઓને કર્મથી થતી ક્રિયા બંધનો હેતુ નથી. એ તો છે જ પરંતુ આશ્ચર્ય તો એ વાતનું છે કે તે ક્રિયા ફક્ત પૂર્વે બંધાયેલા કર્મોની નિર્જરાનું કારણ છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની ક્રિયામાં પણ ઘણું મોટું અંતર છે. મિથ્યાદૃષ્ટિની ક્રિયા તો બંધનું કારણ છે અને સમ્યગ્દૃષ્ટિની ક્રિયા, બંધનું કારણ તો દૂર રહો ઊલટું પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરાનું કારણ છે.

આમ થવામાં હેતુ

**यस्माज्ज्ञानमयाभावा ज्ञानिनां ज्ञाननिर्वृताः।**
**अज्ञानमयभावानां नावकाशः सुदृष्टिसु।।२३१।।**

**અર્થ :–** સમ્યક્ જ્ઞાનીઓને જ્ઞાનથી થતા જ્ઞાનસ્વરૂપ ભાવ જ સદા હોય છે તથા સમ્યગ્દૃષ્ટિઓમાં અજ્ઞાનથી થતા અજ્ઞાનમય ભાવોનું સ્થાન નથી.

**ભાવાર્થ :–** બંધનું કારણ અજ્ઞાનમય ભાવ છે. તે સમ્યગ્દૃષ્ટિઓને હોતા નથી,

તેથી સમ્યગ્દૃષ્ટિની ક્રિયા બંધનો હેતુ નથી પરંતુ શુદ્ધ જ્ઞાનની માત્રા હોવાથી નિર્જરાનો હેતુ છે.

જ્ઞાનીનું ચિહ્ન

**वैराग्यं परमोपेक्षाज्ञानं स्वानुभवः स्वयम्।**
**तद्द्वयं ज्ञानिनो लक्ष्म जीवन्मुक्तः स एव च।।२३२।।**

**અર્થ :–** સમ્યગ્જ્ઞાની વૈરાગ્ય અને પરમ ઉદાસીનતારૂપ જ્ઞાનનો અનુભવ સ્વયં કરે છે, તે બે જ શુદ્ધ સમ્યગ્જ્ઞાનીના છે અને તે જ જ્ઞાની નિયમથી જીવન્મુક્ત છે.

જ્ઞાનીનું સ્વરૂપ

**ज्ञानी ज्ञानैकपात्रत्वात् पश्यत्यात्मानमात्मवित्।**
**बद्धस्पृष्टादिभावानामस्वरूपादनास्पदम्।।२३३।।**

**અર્થ :–** જ્ઞાની, જ્ઞાનનું જ અદ્વિતીય પાત્ર છે. તે જ આત્માને જાણનાર છે, તેથી પોતાના આત્માને દેખે છે. તે જ જ્ઞાની, કર્મોથી બંધાવાનું તથા અન્ય પદાર્થોથી ભળવાનું સ્થાન નથી. કેમકે કર્મોથી બંધાવું અને મળવું આદિ ભાવ તેનું સ્વરૂપ નથી.

બીજું પણ

**ततःस्वादु यथाध्यक्षं स्वमासादयति स्फुटम्।**
**अविशिष्टमसंयुक्तं नियतं स्वमनन्यकम्।।२३४।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિ પુરુષ જેવી પોતાની જાતને પ્રત્યક્ષ જુએ છે, તેવી જ જાતનો સ્વાદ પણ લે છે અર્થાત્ તેવો જ અનુભવ કરે છે. તે પોતાને સદા સૌથી જુદો, સંબંધ વિનાનો અને વિલક્ષણ સમજે છે.

સમ્યક્ જ્ઞાનીનું સ્વાત્માવલોકન

**अथाबद्धमथास्पृष्टं शुद्धं सिद्धपदोपमम्।**
**शुद्धस्फटिकसंकासं निःसंगं व्योमवत् सदा।।२३५।।**

**इन्द्रियोपेक्षितानन्तज्ञानदृग्वीर्यमूर्तिकम्।**
**अक्षातीतसुखानन्तस्वाभाविकगुणान्वितम्।।२३६।।**

**पश्यन्निति निजात्मानं ज्ञान ज्ञानैकमूर्तिमान्।**
**प्रसंगादपरं चैच्छेदर्थात्सार्थं कृतार्थवत्।।२३७।।**

**અર્થ :–** જ્ઞાની સદા પોતાના આત્માને આ પ્રમાણે જુએ છે કે આત્મા કર્મોથી બંધાયો નથી, તે કોઈની સાથે મળેલો નથી, શુદ્ધ છે, સિદ્ધોની ઉપમા ધારણ કરે છે, શુદ્ધ સ્ફટિક સમાન છે, સદા આકાશની જેમ પરિગ્રહરહિત છે, અતીન્દ્રિય – અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્યની મૂર્તિ છે અને અતીન્દ્રિય સુખ આદિ અનંત સ્વાભાવિક ગુણોવાળો છે. આ રીતે જ્ઞાનની જ અદ્વિતીય મૂર્તિ – તે જ્ઞાની પોતાને જુએ છે, પ્રસંગવશ બીજા પદાર્થની ભલે ઇચ્છા કરે, પરંતુ વાસ્તવમાં તે સમસ્ત પદાર્થોથી કૃતકૃત્ય જેવો થઈ ગયો છે. બીજા સાંસારિક પદાર્થોના વિષયમાં પણ તે આ પ્રમાણે ચિંતવન કરે છે —

સમ્યગ્જ્ઞાનીના વિચાર

**ऐहिकं यत्सुखं नाम सर्वं वैषयिकं स्मृतम्।**
**न तत्सुखं सुखाभासं किन्तु दुःखमसंशयम्।।२३८।।**

**અર્થ :–** સમ્યગ્દ્રષ્ટિ વિચાર કરે છે કે જે સાંસારિક (આ લોક સંબંધી) સુખ છે તે બધું પંચેન્દ્રિય સંબંધી વિષયોથી થયેલું છે. વાસ્તવમાં તે સુખ નથી. પરંતુ સુખનો આભાસમાત્ર છે, નિશ્ચયથી તે દુઃખ જ છે.

**तस्माद्धेयं सुखाभासं दु:खं दु:खफलं यत:।**
**हेयं तत्कर्म यद्धतुस्तस्यानिष्टस्य सर्वत:।।२३९।।**

**અર્થ :–** તેથી તે સુખાભાસ છોડવા યોગ્ય છે, તે સ્વયં દુઃખ સ્વરૂપ છે અને દુઃખરૂપ ફળનું આપનાર છે. તે સદા અનિષ્ટ કરનાર વૈષયિક સુખનું કારણ કર્મ છે, તેથી તે કર્મનો જ નાશ કરવો જોઈએ.

**तत्सर्वं सर्वत: कर्म पौद्‌गलिकं तदष्टधा।**
**वैपरीत्यात्फलं तस्य सर्वं दु:खं विपच्यत:।।२४०।।**

**અર્થ :–** તે બધું પૌદ્‌ગલિક કર્મ સર્વદા આઠ પ્રકારનું છે. તે જ કર્મનો વિપરીત વિપાકx હોવાથી બધું ફળ દુઃખરૂપ જ હોય છે.

**चतुर्गतिभवावर्ते नित्यं कर्मैकहेतुके।**
**न पदस्थो जन: कश्चित् किन्तु कर्मपदस्थित:।।२४१।।**

**અર્થ :–** સદા કર્મના જ નિમિત્તથી થતા આ ચર્તુગતિ સંસારરૂપ ચક્રમાં ઘૂમતો એવો કોઈ પણ જીવ સ્વસ્વરૂપમાં સ્થિત નથી, પરંતુ કર્મ સ્વરૂપમાં સ્થિત છે અર્થાત્ કર્માધીન છે.

**स्वस्वरूपाच्च्युतो जीव: स्यादलब्धस्वरूपवान्।**
**नानादु:खसमाकीर्णे संसारे पर्यटन्निति।।२४२।।**

**અર્થ :–** આ જીવ અનેક દુઃખોથી ભરેલા સંસારમાં પરિભ્રમણ કરતો થકો પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો છે. તેણે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી.

---

x કર્મમાત્ર આત્માના ગુણોનું વિઘાતક છે. તેથી બધાનો વિપાક વિપરીત જ છે.

શંકાકાર

**ननु किञ्चिच्छुभं कर्म किंच्चित्कर्माशुभं ततः।**
**क्वचित्सुखं स्वचिद्दुःखं तत्किं दुःखं परं नृणाम।।२४३।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે કોઈ કર્મ શુભ હોય છે અને કોઈ કર્મ અશુભ હોય છે. તેથી ક્યાંક સુખ અને ક્યાંક દુઃખ હોવું જોઈએ. મનુષ્યોને કેવળ દુઃખ જ છે એમ શા માટે કહો છો ?

ઉત્તર

**नैवं यतः सुखं नैतत् तत्सुखं यत्र नाऽसुखम्।**
**स धर्मो यत्र नाधर्मस्तच्छुभं यत्र नाऽशुभम्।।२४४।।**

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કથન બરાબર નથી. કારણ કે જેને તે સુખ માને છે તે સુખ નથી, વાસ્તવમાં સુખ તે જ છે જ્યાં કદી થોડુંકે ય દુઃખ નથી, તે જ ધર્મ છે જ્યાં અધર્મનો લેશ નથી અને તે જ શુભ છે જ્યાં અશુભ નથી.

સાંસારિક સુખનું સ્વરૂપ

**इदमस्ति पराधीनं सुखं बाधापुरस्सरम्।**
**व्युच्छिन्नं बन्धहेतुश्च विषमं दुःखमर्थतः।।२४५।।**

**અર્થ :–** આ ઇન્દ્રિયોથી થનારું સુખ પરાધીન છે, કર્મને આધીન છે, બાધાસહિત છે, એમાં અનેક વિઘ્ન આવે છે, વચ્ચે વચ્ચે એમાં દુઃખ આવી જાય છે, આ સુખ બંધનું કારણ છે તથા વિષમ છે. વાસ્તવમાં ઇન્દ્રિયોથી થનારું સુખ દુઃખરૂપ જ છે. આજ વાત બીજા ગ્રંથકારો પણ કહે છે.

ગ્રંથાંતર

***सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं।**
**जं इंदिएहि लद्धं तं सुक्खं दुःखमेव तहा।।१।।**

**અર્થ :–** જે સુખ ઇન્દ્રિયોથી મળે છે તે પોતાને અને પરને બાધા પહોંચાડે છે, હંમેશા ટકતું પણ નથી, વચ્ચે વચ્ચે નષ્ટ પણ થઈ જાય છે, બંધનું કારણ છે અને વિષમ છે તેથી તે દુઃખ જ છે.

કર્મની વિચિત્રતા

**भावर्थश्चात्र सर्वेषां कर्मणामुदयः क्षणात्।**
**वज्राघात इवात्मानं दुर्वारो निष्पिनष्टि वै।।२४६।।**

**અર્થ :–** ઉપર્યુક્ત સારાંશ એ છે કે સર્વ કર્મોનો ઉદય એક ક્ષણમાત્રમાં વજ્રથી થનારા આઘાત (ચોટ)ની જેમ આત્માને પીસી નાખે છે. આ કર્મ ઘણી કઠિનતાથી દૂર કરી શકાય છે.

**व्याकुलः सर्वदेशेषु जीवः कर्मोदयाद्ध्रुवम्।**
**वह्नियोगाद्यथा वारि तप्तं स्पर्शोपलब्धितः।।२४७।।**

**અર્થ :–** જેમ અગ્નિનો સ્પર્શ થવાથી જળ તપે છે (ખળભળે છે) તેવી જ રીતે આ જીવ પણ કર્મોના ઉદયથી બધા પ્રદેશોમાં નિયમથી વ્યાકુળ થઈ રહ્યો છે.

**साताऽसातोदयादुःखमास्तां स्थूलोपलक्षणात्।**
**सर्वकर्मोदयाघात इवाघातश्चिदात्मनः।।२४८।।**

* આ ગાથા પંચાધ્યાયીમાં જ ક્ષેપકરૂપે આપવામાં આવી છે.

**અર્થ :–** શાતા વેદનીય અને અશાતા વેદનીયના ઉદયથી દુઃખ થાય છે આ કથન તો સ્થૂળ અપેક્ષાએ છે. વાસ્તવમાં સર્વ કર્મોનો જ ઉદય જીવાત્માનો વજ્રની ચોટ જેવો આઘાત પહોંચાડી રહ્યો છે.

સમ્યગ્દૃષ્ટિ પણ એનાથી બચ્યા નથી

**आस्तां घातः प्रदेशेषु संदृष्टैरूपलब्धितः।**
**वातव्याधेर्यथाध्यक्षं पीडयन्ते ननु सन्धयः।।२४९।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિના પ્રદેશોમાં પણ તે કર્મોનો આઘાત થઈ રહ્યો છે. જેમ વાયુ રોગથી ઘૂંટણ, કમર આદિના સાંધા દુઃખે છે તેવી જ રીતે કર્મનો આઘાત પણ દુઃખ પહોંચાડી રહ્યો છે.

કોઈ કર્મ સુખદાયક નથી

**न हि कर्मोदयः कश्चित् जन्तोर्यः स्यात्सुखावहः।**
**सर्वस्य कर्मणस्तत्र वैलक्षण्यात् स्वरूपतः।।२५०।।**

**અર્થ :–** કોઈ પણ એવો કર્મોદય નથી કે જે આ જીવને સુખ પહોંચાડતો હોય. જીવના વિષયમાં તો બધા કર્મોનું સ્વરૂપ વિલક્ષણ જ છે અર્થાત્ ત્યાં તો બધા કર્મ જડતા જ કરે છે. ગમે તેવું શુભ અથવા અશુભ કર્મ કેમ ન હોય, જીવને માટે તો બધા દુઃખદાયક છે.

**तस्य मन्दोदयात् केचित् जीवाः समनस्काः क्वचित्।**
**तद्वेगमसहमाना रमन्ते विषयेषु च।।२५१।।**

**અર્થ :–** તે કર્મનો મંદ ઉદય થવાથી કોઈ ક્યાંક સંજ્ઞી જીવ તે કર્મનો વેગ સહન કરી શકતા નથી અને વિષયોમાં રમવા લાગી જાય છે.

**केचित्तीव्रोदयाः सन्तो मन्दाक्षाः खल्वसंज्ञिनः।**
**केवलं दुःखवेगार्ता रन्तुं नार्थानपि क्षमाः।२५२।।**

**અર્થ :–** કોઈ કોઈ મંદ (ઓછી) ઇન્દ્રિયો ધારણ કરનારા અસંજ્ઞી જીવ તે કર્મના તીવ્ર ઉદયથી સતાવવામાં આવતા થકા કેવળ દુઃખના વેગથી પીડિત થયા કરે છે. તેઓ પદાર્થોમાં રમવા માટે પણ સમર્થ નથી.

સાંસારિક સુખ પણ દુઃખ જ છે

**यदुखं लौकिकी रूढस्तत्र रूढिस्तत्र का कथा।**
**यत्सुखं लौकिकी रूढिनिर्णीतेस्तत्सुखं दुःखमर्थतः।।२५३।।**

**અર્થ :–** લોકમાં જેની દુઃખની નામથી પ્રસિદ્ધિ છે, તે તો દુઃખ છે જ. એ વાત તો નક્કી થઈ જ ગયેલી છે. તે વિષયમાં તો કહેવાનું જ શું હોય ? પરંતુ લોકમાં જે સુખના નામથી પ્રસિદ્ધ છે, તે પણ વાસ્તવમાં દુઃખ જ છે.

તે દુઃખ પણ સદા રહેનારું છે

**कादाचित्कं न तद्दुःखं प्रत्युताच्छिन्नधारया।**
**सन्निकर्षेषु तेषूच्चैस्तृष्णातङ्कस्य दर्शनात्।।२५४।।**

**અર્થ :–** તે દુઃખ પણ કોઈ કોઈ વાર થનારું નથી. પરંતુ તે નિરંતર રહે છે. તે ઇન્દ્રિયસંબંધી વિષયોમાં આ જીવની તીવ્ર લાલસારૂપી રોગ લાગેલો છે, તેથી જ તેને તે દુઃખ સદા ટકી રહે છે.

**इन्द्रियार्थेषु लुब्धानामन्तर्दाहः सुदारुणः।**
**तमन्तरा यतस्तेपां विषयेषु रतिः कुतः।।२५५।।**

**અર્થ :–** ઇન્દ્રિય સંબંધી વિષયોમાં જે લોલુપી થઈ રહ્યા છે, તે પુરુષોના અંતરમાં

સદા અત્યંત કઠિન દાહ (અગ્નિ સમાન) થઈ રહ્યો છે. કેમકે અંતર્દાહ વિના તેમની વિષયોમાં લીનતા જ કેવી રીતે થઈ શકે ?

**ભાવાર્થ :–** વિષયનું સેવન કરનારાઓના હૃદયમાં સદા તીવ્ર દાહ (બળતર) ઉત્પન્ન થયા કરે છે, તેના જ પ્રતિકાર માટે તેઓ વિષય સેવન કરે છે. પરંતુ તેનાથી ફરીથી અગ્નિમાં લાકડા નાખીએ તેમ દાહ ઉત્પન્ન થયા કરે છે. તેથી જ કહેવામાં આવે છે કે વિષયનું સેવન કરનાર પુરુષને જરા પણ સુખ નથી, તે સદા આ જ પ્રમાણે દુઃખનું ભાજન બની રહે છે.

**दृश्यते रतिरेतेषां सुहितानामिवेक्षणात्।**
**तृष्णाबीजं जलौकानां दुष्टशोणितकर्षणात्।।२५६।।**

**અર્થ :–** ઇન્દ્રિયના વિષયનું સેવન કરનારની વિષય-રતિ જોવામાં પણ આવે છે. તેઓ તે જ પદાર્થોની પ્રાપ્તિથી સુહિત થયાનું માનવા લાગે છે. જેમ ખરાબ લોહી પીવામાં જ કછોઈ (પાણીમાં થતું એક પ્રાણી) પોતાનું હિત સમજે છે અને તેના પ્રત્યે જ પ્રેમ રાખે છે. તેવી જ રીતે ઇન્દ્રિયના અર્થોનું સેવન કરનારાઓની દશા સમજવી જોઈએ. આ તેમની પ્રેમતૃષ્ણાનું બીજ છે અર્થાત્ તે રીતથી તૃષ્ણાની વૃદ્ધિ જ થતી જાય છે.

દેવેન્દ્ર, નરેન્દ્રોને પણ સુખ નથી

**शक्रचक्रधरादीनां केवलं पुण्यशालिनाम्।**
**तृष्णाबीजं रतिस्तेषां सुखावाप्तिः कुतस्तनी।।२५७।।**

**અર્થ :–** કેવળ પુણ્યને ધારણ કરનારા જે ઇન્દ્ર અને ચક્રવર્તી આદિ મહાન પુરુષ છે તેમને પણ તૃષ્ણાના બીજભૂત વિષય–લાલસા છે, તેથી તેમને પણ સુખની પ્રાપ્તિ ક્યાં છે ?

**ભાવાર્થ :–** સંસારમાં સર્વોપરિ પુણ્યશાળી ઇન્દ્ર અને ચક્રવર્તી આદિ છે તેઓ પણ આ વિષયની રતિથી દુઃખી છે તેથી તેઓ પણ સાચા સુખનો સ્વાદ લઈ શકતા નથી.

ગ્રંથાંતર

***जेसिं विसये सुरदि तेसिं दु:खं च जाण साहावं।**
**जदि तं णत्थि सहावं बावारो णत्थि विसयत्थं।।२५८।।**

**અર્થ :–** જે પુરુષોને વિષયોમાં તીવ્ર લાલસા છે, તેમને સ્વાભાવિકપણે દુઃખી સમજવા જોઈએ. કેમકે તે દુઃખ સ્વભાવ વિના, વિષય સેવનમાં તેમનો વ્યાપાર જ (ઉદ્યમ જ) હોઈ શકે નહિ.

**ભાવાર્થ :–** પહેલાં પીડા ઉત્પન્ન થાય છે, તેનો જ પ્રતિકાર વિષય સેવન છે. પરંતુ વિષય સેવન સ્વયં પીડાનો ઉત્પાદક છે. તેથી વિષય સેવન કરનારને દુઃખની ધારા સદા પ્રગટ રહે છે.

સારાંશ

**सर्वं तात्पर्यमत्रैतद्दु:खं यत्सुखसंज्ञकम्।**
**दु:खस्यानात्मधर्मत्वान्नाभिलाषः सुदृष्टिनाम्।।२५८।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો સમગ્ર સારાંશ એ નીકળ્યો કે સંસારમાં જેની સુખ સંજ્ઞા છે તે દુઃખ જ છે અને દુઃખ આત્માનો ધર્મ નથી. તેથી સમ્યગ્દ્રષ્ટિ પુરુષને વિષયોમાં અભિલાષા હોતી નથી.

સમ્યગ્દ્રષ્ટિની વિરાગતા

**वैषयिक सुखे न स्याद्रागभावः सुदृष्टिनाम्।**
**रागस्याज्ञानभावत्वात् अस्ति मिथ्यादृशः स्फुटम्।।२५९।।**

---

૧. આ ક્ષેપક ગાથા છે.

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિઓને વિષયજન્ય સુખમાં રાગભાવ નથી કેમકે રાગ અજ્ઞાનભાવ છે અને અજ્ઞાનમય ભાવ સમ્યગ્દૃષ્ટિને હોતા નથી, આ વાત પહેલાં જ કહેવાય ગઈ છે તેથી તે રાગભાવ મિથ્યાદૃષ્ટિને જ નિયમથી હોય છે.

સમ્યગ્દૃષ્ટિને અભિલાષા નથી

**सम्यग्दृष्टेस्तु सम्यक्त्वं स्यादवस्थान्तरं चितः।**
**सामान्यजनवत्तस्मान्नाभिलाषोऽस्य कर्मणि।।२६०।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિના આત્મામાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થઈ ગયો છે, તેથી તેને આત્મા જુદી જ અવસ્થારૂપ થઈ ગયો છે. તેથી સામાન્ય મનુષ્યની જેમ સમ્યગ્દૃષ્ટિને ક્રિયાઓમાં અભિલાષા હોતી નથી.

સાંસારિક ભોગોમાં સમ્યગ્દૃષ્ટિને ઉપેક્ષા છે

**उपेक्षा सर्वभोगेषु सदृष्टेर्दृष्टरोगवत्।**
**अवश्यं तदवस्थायास्तथाभावो निसर्गजः।।२६१।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિને પ્રત્યક્ષ જોયેલા રોગની જેમ બધાય ભોગોમાં ઉપેક્ષા (વૈરાગ્ય) થઈ ગઈ છે તે અવસ્થામાં આમ થવું અવશ્યંભાવી અને સ્વાભાવિક છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શન ગુણથી થતા સ્વાનુભૂતિરૂપ સાચા સુખાસ્વાદની સામે સમ્યગ્દૃષ્ટિને વિષયસુખમાં રોગની જેમ ઉપેક્ષા થવી સ્વાભાવિક જ છે.

હેતુવાદ

**अस्तु रूढिर्यथा ज्ञानी हेयं ज्ञात्वाऽथ मुञ्चति।**
**अत्रास्त्यावस्थिकः कश्चित् परिणामः सहेतुकः।।२६२।।**

**અર્થ :–** જ્ઞાની પુરુષ સાંસારિક પદાર્થોને હેય (ત્યાજ્ય) સમજીને છોડી દે છે. આ

વાત પ્રસિદ્ધ તો છે પરંતુ આ વિષયમાં અવસ્થાજન્ય કોઈ પરિણામ હેતુ પણ છે તેને જ બતાવે છે.

અનુમાન

**सिद्धमस्ताभिलाषत्वं कस्यचित्सर्वतश्चितः ।**
**देशतोप्यस्मदादीनां रागभावस्य दर्शनात् ।।२६३ ।।**

**અર્થ :–** જો આપણામાં પણ એકદેશ (કોઈ અંશે) રાગભાવનો ત્યાગ દેખાય છે તો કોઈ જીવાત્માને સર્વથા ત્યાગ પણ સિદ્ધ થાય છે.

સમ્યગ્દૃષ્ટિની અભિલાષાઓ શાંત થઈ ગઈ છે

**तद्यथा न मदीयं स्यादन्यदीयमिदं ततः ।**
**पर प्रकरणे कश्चित्तृप्यन्नपि न तृप्यति ।।२६४ ।।**

**અર્થ :–** આપણને પણ એકદેશ રૂપે અભિલાષાઓ હોતી નથી, એ જ વાત બતાવે છે –

આપણે આપણા સંબંધીઓ પ્રત્યે પ્રેમ રાખીએ છીએ, બીજાઓ પ્રત્યે રાખતા નથી. જ્યારે આપણે એ જાણી લઈએ છીએ કે આ આપણી વસ્તુ નથી, આ તો બીજાની છે તો ઝટ બીજાઓની વસ્તુઓના વિષયમાં સંતોષ ધારણ કરી લઈએ છીએ. પછી ત્યાં અભિલાષા થતી નથી, પરંતુ પોતાની વસ્તુઓમાં સંતોષ થતો નથી ત્યાં તો અભિલાષા રહ્યા જ કરે છે. આથી સિદ્ધ થાય છે કે બીજા પદાર્થોના વિષયમાં આપણી પણ અભિલાષાઓ શાંત છે.

**ભાવાર્થ :–** જેમ આપણે આપણી વસ્તુને આપણી સમજીને પ્રેમ કરીએ છીએ, તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ પોતાની (વસ્તુ)ને પણ પોતાની સમજતા નથી. કેમકે વાસ્તવમાં જેને આપણે આપણી વસ્તુ માની બેઠા છીએ તે પણ બીજાની જ છે. તેથી તેની અભિલાષા તે પોતાની માનેલી વસ્તુમાં પણ (જેમકે આપણને થાય છે) થતી નથી. તેથી જ કહેવામાં આવે છે કે તેની સર્વ અભિલાષાઓ શાંત થઈ ગઈ છે.

દૃષ્ટાંત

**यथा कश्चित्परायत्तः कुर्वाणोऽनुचितां क्रियाम्।**
**कर्ता तस्याः क्रियायाश्च न स्यादस्ताभिलाषवान्।२६५।।**

**અર્થ :–** જેમ કોઈ પરાધીન પુરુષ પરાધીનતાને કારણે કોઈ અનુચિત કાર્ય કરે છે તોપણ તેનો કર્તા તેને ગણવામાં આવતો નથી. કેમકે તેણે પોતાની અભિલાષાથી તે કાર્ય કર્યુ નથી. પરંતુ બીજાની પ્રેરણાથી કર્યું છે.

**ભાવાર્થ :–** એવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ કોઈ કાર્ય (વિષયને લગતું) કરે પણ છે પરંતુ તેની અંતરંગ અભિલાષા તે કાર્યમાં હોતી નથી. કર્મના (ચારિત્રમોહનીય) તીવ્રોદયથી જ તે અનુચિત કાર્યમાં પ્રવૃત્ત થાય છે, મિથ્યાદૃષ્ટિ તે જ કાર્યમાં રતિપૂર્વક જોડાય છે તેથી તે પાપબંધનો ભાગીદાર થાય છે. તેમાં પણ કારણ મિથ્યાત્વ પટલથી થતા તેના અજ્ઞાનમય ભાવ (મૂર્ચ્છિત–પરિણામ) જ છે.

શંકાકાર

**स्वदते ननु सद्दृष्टिरिन्द्रियार्थकदम्बकम्।**
**तत्रेष्टं रोचत्ते तस्मै कथमस्ताभिलाषवान्।।२६६।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પણ ઇન્દ્રિયજન્ય વિષયોનું સેવન કરે છે. ત્યાં જે તેને ઇષ્ટ જણાય છે તેની જ તે રુચિ પણ કરે છે. તો પછી તેની અભિલાષાઓ શાંત થઈ ગઈ છે, એમ કઈ રીતે કહી શકીએ ?

ઉત્તર

**सत्यमेतादृशो यावज्जघन्यं पदमाश्रितः।**
**चारित्रावरणं कर्म जघन्यपदकारणम्।।२६७।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે એ વાત બરાબર છે કે જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જઘન્ય શ્રેણી (નીચલા દરજ્જા) માં છે, ત્યાં સુધી તે પદાર્થોમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ કરે છે તથા તેમના પ્રત્યે રુચિ પણ કરે છે. તે જઘન્ય શ્રેણીનું કારણ પણ ચારિત્રમોહનીયકર્મ છે.

**ભાવાર્થ :–** અંતરાત્માના ત્રણ ભેદ શાસ્ત્રકારોએ બતાવ્યા છે. જે મહાવ્રતધારી મુનિ છે તે તો ઉત્કૃષ્ટ અંતરાત્મા છે, દેશવ્રતધારી પંચમ ગુણસ્થાનવર્તી જે શ્રાવક છે તે મધ્યમ અંતરાત્મા છે અને જે વ્રતવિહીન (અવ્રતી) કેવળ સમ્યગ્દર્શનના ધારક સમ્યગ્દૃષ્ટિ છે તે જઘન્ય અંતરાત્મા છે.

આ જઘન્યતામાં કારણ ચારિત્રમોહનીયકર્મનો પ્રબળ ઉદય છે. તેની જ પ્રબળતાથી પ્રેરિત થઈને તેઓ વિષયોમાં રુચિ કરે છે અને ત્રસ, સ્થાવર, હિંસાના પણ ત્યાગી નથી. એટલું જરૂર છે કે તેઓ વિષયોની નિઃસારતા બરાબર સમજેલા છે તેથી તેમાં તેમની મિથ્યાદૃષ્ટિઓની જેમ ગાઢતા અને હિતરૂપ બુદ્ધિ નથી હોતી. પરંતુ બધું જ્ઞાન હોવા છતાં પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ પુરુષ ત્યાગ કરી શકતા નથી. તેમની ત્યાગરૂપ બુદ્ધિ તો ત્યારે જ થઈ શકે છે કે જ્યારે ચારિત્રમોહનીયનો ઉદય કાંઈક મંદ હોય અને તે મંદતા પણ ત્યારે જ આવી શકે કે જ્યારે અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉપશમ થઈને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોય. અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉપશમ થયા વિના નિયમથી ત્યાગ કહી શકાતો નથી. જ્યાં નિયમથી ત્યાગ છે તેનું જ નામ દેશવ્રત છે. તેથી પંચમ ગુણસ્થાનવર્તીને જ એકદેશત્યાગી કહી શકીએ છીએ.

સમ્યગ્દૃષ્ટિ પુરુષ બધા પદાર્થોમાં આસક્ત રહેવા છતાં પણ એક સમ્યદગ્દર્શન ગુણના કારણે જ સદા સ્તુત્ય અને નિર્મળ છે. તેનું જ બાહ્યરૂપ–જિનોક્ત પદાર્થોમાં તેનો અટલ વિશ્વાસ છે. x

---

x અવિરત સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ ગોમ્મટસારમાં પણ આ રીતે છે :–

**णो इंदियेसु विरदो णो जीवे थावरे तसे वापि।**
**जो सद्दहदि जिणुतं सम्माइट्ठी अविरदो सो।।३।।**

**અર્થ :–** જે ઇન્દ્રિયોના વિષયોથી પણ વિરક્ત નથી અને સ્થાવર અથવા ત્રસ જીવોની હિંસાથી પણ વિરક્ત નથી પરંતુ જિનેન્દ્ર ભગવાનના કહેલા પદાર્થોમાં શ્રદ્ધા કરે છે તે જ અવિરત (ચોથા ગુણસ્થાનવર્તી) સમ્યગ્દૃષ્ટિ છે.

ચારિત્ર મોહનીય જ રતિનું કારણ છે

**तदर्थेषु रतो जीवश्चारित्रावरणोदयात्।**
**तद्विना सर्वतः शुद्धो वीतरागोस्त्यतीन्द्रियः।।२६८।।**

**અર્થ :–** ઇષ્ટ પદાર્થોમાં આ જીવ ચારિત્ર મોહનીયના ઉદયથી જ રત થાય છે, તે ચારિત્ર મોહનીય વિના સર્વદા શુદ્ધ છે, વીતરાગ છે અને અતીન્દ્રિય છે.

**ભાવાર્થ :–** ચારિત્ર મોહનીય દૂર થયા પહેલાં જ પદાર્થોમાં રાગભાવ છે, ઇન્દ્રિયજન્ય પદાર્થોની લાલસા છે અને તેનાથી થતી મલિનતા પણ છે. સમ્યગ્દષ્ટિ આ જ ચારિત્ર મોહનીયથી બાધ્ય થઈને વિષયોમાં ફસાઈ જાય છે.

ભોગોમાં પ્રવૃત્તિનું કારણ ચારિત્ર મોહનીય છે

**दङ्मोहस्य क्षतेस्तस्य नूनं भोगाननिच्छितः।**
**हेतुसद्भावतोऽवश्यमुपभोगक्रिया बलात्।।२६९।।**

**અર્થ :–** સમ્યગ્દષ્ટિને દર્શન મોહનીયકર્મનો નાશ થવાથી ભોગોની ઇચ્છા નિયમથી હોતી નથી. તે ભોગોને ચાહતો નથી પરંતુ હેતુની સત્તાથી અવશ્ય જ પ્રેરિત થઈને તેને ઉપભોગ ક્રિયા કરવી પડે છે. હેતુ, તે જ ચારિત્રમોહનીય છે.

છતાં પણ સમ્યગ્દષ્ટિ વીતરાગી છે

**नासिद्धं तद्विरागत्वं क्रियामात्रस्य दर्शनात्।**
**जगतोनिच्छितोप्यस्ति दारिद्र्यं मरणादि च।।२७०।।**

**અર્થ :–** જો કે સમ્યગ્દષ્ટિ ઉપભોગ ક્રિયા કરે છે અર્થાત્ ભોગ, ઉપભોગનું સેવન કરે છે, તો પણ તે વીતરાગ છે. કેમકે તેને ભોગોપભોગની ક્રિયા માત્ર દેખવામાં આવે છે. (તેની) ચાહના નથી, અને ચાહના ન હોવા છતાં પણ તેને આમ કરવું પડે છે.

સંસારમાં કોઈ ઇચ્છતું નથી કે મને ગરીબાઈ મળે અથવા મારું મૃત્યુ થઈ જાય. આમ ન ઇચ્છવા છતાં પણ પાપના ઉદયથી ગરીબાઈ આવે જ છે અને આયુષ્યનો ક્ષય થવાથી મૃત્યુ થાય જ છે. તેવી જ રીતે ચારિત્રમોહનીયના ઉદયથી સમ્યગ્દૃષ્ટિને સાંસારિક વાસનાઓની ઇચ્છા ન હોવા છતાં પણ તેમને રાગબુદ્ધિ કરવી પડે છે. X

દૃષ્ટાંત

**व्यापीडितो जनः कश्चित्कुर्वाणो रुक्प्रतिक्रियाम्।**
**तदात्वे रुक्पदं नेच्छेत् का कथा रुक्पुनर्भवे।।२७१।।**

**અર્થ :–** જે મનુષ્યને રોગ સતાવતો હોય તે રોગનો પ્રતિકાર કરે છે. રોગનો પ્રતિકાર કરવા છતાં પણ તે રોગી રહેવા ઇચ્છતો નથી તો શું તે કદી એવી ઇચ્છા કરશે કે મને ફરીથી રોગ થાય ?

**ભાવાર્થ :–** જે મનુષ્યને દર્દ થઈ ગયું હોય તે, દર્દનો ઇલાજ કરે છે. ઇલાજ કરવાથી તેનું દર્દ ચાલ્યું જાય છે, તો શું દર્દ ચાલ્યું જતાં તે કોઈ વાર એવી ઇચ્છા કરશે કે મને ફરીથી દર્દ થાય ? કદી નહિ.

---

X આચાર્યકલ્પ આશાધરજીએ પણ સાગારધર્મામૃતમાં કહ્યું છે. –

**भूरेखादिसदृक्कषायवशगो यो विश्ववदश्वाज्ञया,**
**हेयं वैषयिकं सुखं निजमुपादेयं त्विति श्रद्धत्।**
**चौरो मारयितुं धृतस्तलवरेणैवात्मनिम्दादिमान।**
**शर्माक्ष भजते रूजत्यपि परं नो त्तप्यते सोप्यधैः।।१।।**

અર્થ :– જેમ કોટવાળ દ્વારા પકડાયેલો ચોર જાણે છે કે મોઢું કાળું રંગવું, ગધેડા ઉપર બેસવું આદિ નિંદ્ય કામ છે તો પણ કોટવાળની આજ્ઞા પ્રમાણે તેને બધા કામ કરવા પડે છે તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ પુરુષ જાણે છે કે ત્રસ, સ્થાવર જીવોને દુઃખ પહોંચાડવું, ઇન્દ્રિયોના વિષયોનું સુખ ભોગવવું વગેરે નિંદ્ય અને અયોગ્ય કાર્ય છે તો પણ અપ્રત્યાખ્યાનાવરણાદિ ચારિત્રમોહનીયકર્મના ઉદયથી તેને આ બધા કામ કરવા પડે છે. દ્રવ્યહિંસા અને ભાવહિંસા પણ કરવી પડે છે. પરંતુ સમ્યગ્દર્શન પ્રગટ થઈ જવાથી તે પાપથી અત્યંત કલેશિત થતો નથી.

દૃષ્ટાંત

**कर्मणा पीडितो ज्ञानी कुर्वाणः कर्मजाः क्रियाम्।**
**नेच्छेत् कर्मपदं किञ्चित् साभिलाषः कुतो नयात्।२७२।।**

**અર્થ :–** એવી જ રીતે સમ્યગ્જ્ઞાની પણ ચારિત્રમોહનીયકર્મથી પીડિત થઈને તે કર્મના ઉદયથી થતી ક્રિયા કરે છે. પરંતુ તે ક્રિયા કરવા છતાં પણ તે સ્થાનને (ક્રિયાને) પસંદ કરતો નથી. તો પછી તેને અભિલાષા છે, એમ ક્યા નયથી કહી શકાય ?

અનિચ્છાપૂર્વક પણ ક્રિયા છે

**नासिद्धोऽनिच्छितस्तस्य कर्म तस्याऽमयात्मनः।**
**वेदनायाः प्रतीकारो न स्याद्रोगादिहेतुकः।।२७३।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિને ઇચ્છા વિના પણ ક્રિયા હોય છે. આ વાત અસિદ્ધ નથી. જે રોગી છે તે વેદનાનો પ્રતિકાર કરે છે, પરંતુ તે તેના પ્રતિકારનું કરવું રોગાદિક થવાનું કારણ નથી.

**ભાવાર્થ :–** જેમ રોગ દૂર કરવાનો ઉદ્યમ રોગનું કારણ કદી થઈ શકે નહિ તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિની ઇચ્છા વિના થનારી ક્રિયા અભિલાષા ઉત્પન્ન કરી શકતી નથી.

સમ્યગ્દૃષ્ટિ ભોગવનાર નથી

**सम्यग्दृष्टिरसौ भोगान् सेवमानोप्यसेवकः।**
**नीरागस्य न रागाय कर्माऽकामकृतं यतः।।२७४।।**

**અર્થ :–** એ સમ્યગ્દૃષ્ટિ ભોગોનું સેવન પણ કરે છે, તો પણ તેમનો સેવક ગણાતો નથી કેમકે રાગવિહીન પુરુષનું ઇચ્છા વિના કરેલું કર્મ તેના રાગનું કારણ કહી શકાતું નથી.

સમ્યગ્દ્રષ્ટિની ચેતના

**अस्ति तस्यापि सद्दृष्टेः कस्यचित्कर्मचेतना।**
**अयि कर्मफले सा स्यादर्थतो ज्ञानचेतना।।२७५।।**

**અર્થ :–** કોઈ કોઈ સમ્યગ્દ્રષ્ટિને કર્મ ચેતના અને કર્મફળચેતના પણ હોય છે. પરંતુ વાસ્તવમાં તે જ્ઞાનચેતના જ છે (?) x

જ્ઞાન ચેતના શા માટે છે ?

**चेतनायाः फलं बन्धस्तत्फले वाऽथ कर्मणि।**
**रागाभावान्न बन्धोऽस्य तस्मात्सा ज्ञानचेतना।।२७६।।**

**અર્થ :–** ભલે કર્મચેતના હોય અથવા કર્મફળચેતના હોય, બંનેનું ય ફળ બંધ છે અર્થાત્ બંનેય ચેતના બંધ કરનારી છે. સમ્યગ્દ્રષ્ટિને રાગનો (અજ્ઞાન ભાવનો) અભાવ થઈ ગઈ ગયો છે, તેથી તેને બંધ નથી થતો, તેથી વાસ્તવમાં તેને જ્ઞાનચેતના જ છે.

**ભાવાર્થ :–** કોઈ એમ શંકા કરી શકે છે કે બંધ તો દસમા ગુણસ્થાન સુધી થાય છે કેમકે ત્યાં પણ સૂક્ષ્મ લોભનો ઉદય છે તો પછી સમ્યગ્દ્રષ્ટિને રાગના અભાવથી બંધનો અભાવ કેમ કહેવામાં આવે છે ?

**ઉત્તર :–** જો કે સમ્યગ્દ્રષ્ટિને રાગ હોવાથી બંધ થાય છે. પરંતુ જે મોહવાળા અજ્ઞાન પરિણમોથી મિથ્યાદ્રષ્ટિને બંધ થાય છે તેવો સમ્યગ્દ્રષ્ટિને થતો નથી. સમ્યગ્દ્રષ્ટિનો રાગ, મિથ્યાત્વ મિશ્રિત નથી તેથી તેને તેનો અભાવ કહેવામાં આવ્યો છે.

---

x સમ્યગ્દ્રષ્ટિને પહેલાં જ્ઞાનચેતના જ કહી છે પરંતુ અહીં તેને કર્મચેતના અને કર્મફળચેતના પણ બતાવી છે. આગળ કર્મ અને કર્મફળ ચેતના સમ્યગ્દ્રષ્ટિને બતાવી છે. એમ લાગે છે કે તેમને ચારિત્રમોહનીયની અપેક્ષાએ આ બે ચેતનાઓ કહી છે. વાસ્તવમાં તો તેને આકાંક્ષા ન હોવાથી જ્ઞાનચેતના જ છે. સમ્યગ્દ્રષ્ટિને મુખ્યપણે તો જ્ઞાન ચેતના જ કહી છે અને બાકીની બંને ચેતનાઓનો અધિકારી મિથ્યાદ્રષ્ટિને ગણવામાં આવ્યો છે.

ગ્રાહ્ય અને અગ્રાહ્ય

**अस्ति ज्ञानं यथा सौख्यमैन्द्रियं चाप्यतीन्द्रियम्।**
**आद्यं द्वयमनादेयं समादेयं परं द्वयम्।।२७७।।**

**અર્થ :–** જેમ ઇન્દ્રિયજન્ય સુખ અને અતીન્દ્રિય સુખ હોય છે તેવી જ રીતે ઇન્દ્રિય-જન્ય જ્ઞાન અને અતીન્દ્રિય જ્ઞાન પણ હોય છે. આ બંનેય પ્રકારોમાં પહેલા બે અર્થાત્ ઇન્દ્રિયજન્ય સુખ અને જ્ઞાન ગ્રહણ કરવા યોગ્ય નથી અને પાછળના બે અર્થાત્ અતીન્દ્રિય સુખ અને જ્ઞાન સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય છે. ઇન્દ્રિયજન્ય સુખના વિષયમાં તો પહેલાં કહી ગયા છીએ. હવે ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં દોષ બતાવે છે —

ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન

**नूनं यत्परतो ज्ञानं प्रत्यर्थं परिणामि यत्।**
**व्याकुलं मोहसंपृक्तमर्थादु:खमनर्थवत्।।२७८।।**

**અર્થ :–** જે જ્ઞાન પર (ઇન્દ્રિય અને મન)ની સહાયથી થાય છે તે એકેક પદાર્થમાં ક્રમપૂર્વક પરિણમન કરે છે. તેથી તે નિશ્ચયથી વ્યાકુળ છે, મોહમિશ્રિત છે, દુઃખ સ્વરૂપ છે અને અનર્થ કરનાર છે.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયજન્ય જ્ઞાન દ્વારા પદાર્થનું ગ્રહણ પૂર્ણ રીતે થતું નથી. પરંતુ એક એક પદાર્થનું તે પણ સ્થૂળપણે પદાર્થના એક દેશાંશનું થાય છે. બાકીના અંશ અને અન્ય પદાર્થોને જાણવા માટે તે સદા વ્યાકુળ (ચંચળ) રહે છે. સાથે જ તે મોહનીય કર્મ સાથે મળેલું છે. તેથી પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણી શકતું નથી તેથી તે અનર્થકારી છે. વાસ્તવમાં તે દુઃખ દેનારું જ છે. તેથી દુઃખ સ્વરૂપ જ છે. તે જ્ઞાનથી આત્મા સંતુષ્ટ (સુખી) થતો નથી.

દુઃખરૂપ શા માટે છે ?

**सिद्धं दु:खत्वमस्योच्चैर्व्याकुलत्वोपलब्धित:।**
**ज्ञातशेषार्थसद्भावे तद्बुभुत्सादिदर्शनात्।।२७९।।**

**અર્થ :–** જે પદાર્થ જ્ઞાનનો વિષય થતો નથી અથવા એક જ પદાર્થનો જે અંશ જણાતો નથી તે બધાને જાણવા માટે તે જ્ઞાન ઉત્કંઠાવાળું અને અધીર રહે છે તેથી તે વ્યાકુળતાપૂર્ણ છે. વ્યાકુળતા હોવાથી જ તે જ્ઞાન (ઇન્દ્રિયજન્ય) દુઃખરૂપ છે.

**आस्तां शेषार्थजिज्ञासोरज्ञानाद् व्याकुलं मनः ।**
**उपयोगि सदर्थेषु ज्ञानं वाप्यसुखावहम् ।।२८० ।।**

**અર્થ :–** બાકીના પદાર્થોને જાણવાની ઇચ્છા રાખનારું મન (ઇન્દ્રિયો પણ) અજ્ઞાનને કારણે વ્યાકુળ છે, એ તો છે જ, પરંતુ જે યથાર્થ પદાર્થોમાં તે લાગેલું છે તેમના વિષયમાં પણ તે દુઃખ આપનારું જ છે. કેવી રીતે ? તે જ બતાવે છે —

**प्रमत्तं मोहयुक्तत्वान्निकृष्टं हेतुगौरवात् ।**
**व्युच्छिन्नं क्रमवर्तित्वात् कृच्छ्रं चेहाद्युपक्रमात् ।।२८१ ।।**

**અર્થ :–** ઇન્દ્રિય અને મનથી થનારું જ્ઞાન મોહસહિત છે તેથી પ્રમાદી છે, હેતુ વગેરે વિના થતું નથી તેથી હેતુ ગૌરવવાળું હોવાથી (અનેક સહાયકો મેળવ્યા પછી થતું હોવાથી) નિકૃષ્ટ છે, ક્રમે ક્રમે થાય છે તેથી વચ્ચે વચ્ચે અટકી જાય છે અને પહેલાં દર્શન થાય છે, પછી અવગ્રહ થાય છે, પછી ઇહા, પછી અવાય, પછી ધારણા; આ રીતે ઘણા જ્ઞાન પછી પૂરું જ્ઞાન થઈ શકે છે તેથી તે કષ્ટસાધ્ય છે.

બીજા પણ દોષ

**परोक्षं तत्परायत्तादाक्ष्यमक्षसमुद्भवात् ।**
**सदोषं संशयादीनां दोषाणां तत्र संभवात् ।।२८२ ।।**

**અર્થ :–** તે પરાધીન હોય છે, તેથી પરોક્ષ છે. ઇન્દ્રિયોથી થાય છે, તેથી ઇન્દ્રિયજન્ય (એકદેશ) જ્ઞાન કહેવાય છે. વળી એમાં સંશય, વિપર્યયાદિ અનેક દોષ આવે છે, તેથી તે જ્ઞાન સદોષ છે.

બીજા પણ દોષ

**विरुद्धं बन्धहेतुत्वाद्बन्धकार्याच्च कर्मजम्।**
**अश्रेयोऽनात्मधर्मत्वात् कालुष्यादशुचिः स्वतः।।२८३।।**

**અર્થ :–** ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન બંધનું કારણ છે, તેથી તે વિરુદ્ધ છે, તે બંધનું કાર્ય પણ છે, તેથી તે જ્ઞાન આત્મીય કહેવાતું નથી, પરંતુ કર્મથી થાય છે. તે આત્માનો ધર્મ નથી, તેથી આત્માને હાનિકારક છે અને તે મલિન છે, તેથી તે સ્વયં અપવિત્ર છે.

બીજા પણ દોષ

**मूर्छितं यदपस्मारवेगवद्वर्धमानतः।**
**क्षणं वा हीयमानत्वात् क्षणं यावददर्शनात्।।२८४।।**

**અર્થ :–** તે જ્ઞાન વાઈના રોગની જેમ કોઈ વાર વધી જાય છે અને કોઈ વાર ઘટી જાય છે, કોઈ વાર દેખાય છે, કોઈ વાર દેખાતું નથી, તેથી તે મૂર્છિત છે.

બીજા દોષ

**अत्राणं प्रत्यनीकस्य क्षणं शान्तस्य कर्मणः।**
**जीवदवस्थातोऽवश्यमेष्यतः स्वरसंस्थिते।।२८५।।**

**અર્થ :–** જે કર્મ આત્માના શત્રુ છે અને જે ક્ષણવાર પૂરતા શાંત પણ થઈ જાય છે પરંતુ પોતાની સત્તા ટકાવવા માટે અવશ્યમેવ પોતાનો રસ આપે છે, એવા કર્મની જીવિત અવસ્થાથી તે જ્ઞાન પોતાનું રક્ષણ કરી શકતું નથી.

ઇન્દ્રિયથી થયેલા જ્ઞાનનું અજાણપણું

**दिङ्मात्रं षट्सु द्रव्येषु मूर्तस्यैवोपलम्भकात्।**
**तत्र सूक्ष्मेषु नैव स्यादस्ति स्थूलेषु केषुचित्।।२८६।।**

**અર્થ :–** આ ઇન્દ્રિયજન્ય જ્ઞાન છ દ્રવ્યોમાંથી કેવળ મૂર્ત (પુદ્‌ગલ) દ્રવ્યને જ થોડુંક જાણે છે. તે પુદ્‌ગલદ્રવ્યમાં પણ સૂક્ષ્મ પદાર્થોને તો જાણતું જ નથી પરંતુ સ્થૂળને જાણે છે, તે પણ બધાને નહિ પરંતુ કોઈ કોઈ પદાર્થોને જ જાણે છે.

**सत्सु प्राह्येषु तत्रापि नाग्राह्येषु कदाचन।**
**तत्रापि विद्यमानेषु नातीतानागतेषु च।।२८७।।**

**અર્થ :–** તે કોઈ કોઈ સ્થૂળ પદાર્થોમાં પણ જે ગ્રાહ્ય છે અર્થાત્ ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે તેમને જ જાણે છે, જે અગ્રાહ્ય છે તેમને જાણતું નથી. ગ્રાહ્ય પદાર્થોમાં પણ જે સામે હાજર હોય તેને જ જાણે છે, જે થઈ ગયું અથવા જે થવાનું છે તેમને તે જાણતું નથી.

**तत्रापि सन्निधानत्वे सन्निकर्षेषु सत्सु च।**
**तत्राप्यवग्रहेहादौ ज्ञानस्यास्तिक्यदर्शनात्।।२८८।।**

**અર્થ :–** જે સામે હાજર પદાર્થ છે તેમાં પણ જે પદાર્થોનું ઇન્દ્રિયોની સાથે સંનિધાન (અત્યંત નિકટતા) અને સંનિકર્ષ છે, તેમનું જ જ્ઞાન થાય છે, તેમાં પણ અવગ્રહ, ઈહા આદિ થતાં જ જ્ઞાન થાય છે, અન્યથા નહિ.

**समस्तेषु न व्यस्तेषु हेतुभूतेषु सत्स्वपि।**
**कदाचिज्जायते ज्ञानमुपर्युपरि शुद्धितः।।२८९।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કારણો મળવા છતાં પણ સમસ્ત પદાર્થોનું જ્ઞાન થતું નથી. પરંતુ ભિન્ન ભિન્ન પદાર્થોનું જ્ઞાન થાય છે, તે પણ ત્યારે થાય છે કે જ્યારે ઉપર ઉપર કાંઈક શુદ્ધિ વધતી જાય. તે પણ સદા થતું નથી પરંતુ કોઈ કોઈ વાર થાય છે.

જ્ઞાનોમાં શુદ્ધિનો વિચાર

**तद्यथा मतिज्ञानस्य श्रुतज्ञानस्य वा सतः।**
**आलापाः सन्त्यसंख्यातास्तत्रानन्ताश्च शक्तयः।।२९०।।**

**અર્થ :–** ઉપર ઉપર જ્ઞાનમાં શુદ્ધિ કેવી રીતે થાય છે ? એ જ વાત બતાવે છે. મતિજ્ઞાન અથવા શ્રુતજ્ઞાનના અસંખ્યાત ભેદ છે અને તે ભેદોમાં પણ અનંત શક્તિઓ ભરેલી છે.

આટલા ભેદોનું કારણ

**तेषामावरणान्युच्चैरालापाच्छक्तितोथवा।**
**प्रत्येकं सन्ति तावन्ति सन्तानस्यानतिक्रमात्।।२९१।।**

**અર્થ :–** જેટલા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ભેદ છે તેટલા જ તેમનું આવરણ કરનારા કર્મોના ભેદ છે તે આવરણ કરનારા કર્મોનો પ્રવાહ બરાબર ચાલુ રહે છે.

**ભાવાર્થ :–** જ્ઞાનને ઢાંકનાર કર્મની અપેક્ષાથી જ જ્ઞાનના ભેદ થાય છે. જેટલા ભેદ તે ઢાંકનાર કર્મના છે, તેટલા જ ભેદ જ્ઞાનમાં થઈ જાય છે. આવરણ કરનાર કર્મના અસંખ્યાત ભેદ છે. આ ભેદ સ્કંધની અપેક્ષાથી છે. પરંતુ પ્રત્યેક પરમાણુમાં જ્ઞાનને રોકવાની શક્તિ છે. તેથી પ્રત્યેક પરમાણુની શક્તિની અપેક્ષાએ તે કર્મના પણ અનંત ભેદ છે. એવી જ રીતે જ્ઞાનના પણ અસંખ્યાત અને અનંત ભેદ છે. જેવું જેવું આવરણ ખસતું જાય છે તેવું તેવું જ જ્ઞાન પ્રગટ થતું જાય છે. એ જ વાત નીચે બતાવે છે.

**तत्रालापस्य यस्योच्चैर्यावदंशस्य कर्मणः।**
**क्षायोपशमिकं नाम स्यादवस्थान्तरं स्वतः।।२९२।।**
**अपि वीर्यान्तरायस्य लब्धिरित्यभिधीयते।**
**तदैवास्ति स आलापस्तावदंशश्च शक्तितः।।२९३।।**

**અર્થ :–** જે આલાપ (ભેદ-પટલ)નાં જેટલા કર્મના અંશનો ક્ષયોપશમ થઈ જાય છે, તેટલી જ જ્ઞાનની અવસ્થા બીજી થઈ જાય છે અર્થાત્ તેટલું જ જ્ઞાન પ્રગટરૂપે આવે છે. જેવી રીતે જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ થાય છે તે જ પ્રમાણે વીર્યાન્તરાયકર્મનો પણ ક્ષયોપશમ થવો આવશ્યક છે. ઉક્ત બંને કર્મોનો ક્ષયોપશમ થવાથી જે જ્ઞાનમાં વિશુદ્ધિ થાય છે તે જ એક આલાપ (જ્ઞાન–ભેદ) કહેવાય છે અને શક્તિની અપેક્ષાએ

પણ તેટલા જ અંશ (જ્ઞાન વિશુદ્ધિ) કહેવાય છે.

**ભાવાર્થ :–** એવી જ રીતે જેટલો જેટલો જ્ઞાનાવરણ અને વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ થતો જાય છે. તેટલો તેટલો જ જ્ઞાન અંશ પ્રગટ થતો જાય છે. આવરણ ક્રમથી ખસે છે તેથી જ વિશેષ જ્ઞાન પણ ક્રમપૂર્વક જ થાય છે. તે જ ક્રમે ખસતાં આવરણ અને ક્રમે થતાં જ્ઞાન ભિન્ન ભિન્ન કહેવાય છે. એનું જ નામ આલાપ છે. આ જ્ઞાન લબ્ધિરૂપ છે. હવે ઉપયોગાત્મક જ્ઞાન બતાવે છે.

ઉપયોગાત્મક જ્ઞાન

**उपयोगविवक्षायां हेतुरस्यास्ति तद्यथा।**
**अस्ति पञ्चेन्द्रियं कर्म कर्मस्यान्मानसं तथा।।२९४।।**

**અર્થ :–** જેટલું જેટલું આવરણ ખસતું જાય છે તેટલું જ્ઞાન પ્રગટ થાય છે એ ઉપર કહી ગયા છીએ પરંતુ એટલું થવા છતાં પણ વસ્તુનું જ્ઞાન થતું નથી. આત્માના પરિણામ જે તરફ ઉન્મુખ–ઋજુ થાય છે, તેનું જ જ્ઞાન થાય છે. તેનું જ નામ ઉપયોગ છે. આ જ ઉપયોગની વિવક્ષામાં પંચેન્દ્રિય નામકર્મ અને માનસકર્મ, આ બંને હેતુ છે.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયાવરણકર્મ અને નોઇન્દ્રિયાવરણકર્મનો ક્ષયોપશમ ઉપયોગાત્મક જ્ઞાન થવામાં કારણ છે.

પંચેન્દ્રિય અને માનસકર્મનો ઉદય થવો જોઈએ

**दैवात्तद्बन्धमायाति कथञ्चित्कस्यचित्क्वचित्।**
**अस्ति तस्योदयस्तावन्न स्यात्संक्रमणादि चेत्।।२९५।।**

**અર્થ :–** ઉપર્યુક્ત બંને પ્રકારનું કર્મ (પંચેન્દ્રિય, માનસ) દૈવયોગે ક્યાંક કોઈકને કોઈ રીતે બંધાય છે અને બંધ થવા છતાં પણ તેનો ઉદય ત્યારે જ થાય છે કે જ્યારે સંક્રમણાદિ ન થાય.

**ભાવાર્થ :–** કર્મ બંધાયા પછી પણ એવો નિયમ નથી કે તેનો ઉદય થાય જ કારણ

કે કર્મોમાં ફેરફાર પણ થયા કરે છે. કોઈ કર્મ ભિન્ન ભિન્ન ભાવો પ્રમાણે બદલાયા પણ કરે છે. એક કર્મ બીજા રૂપે થઈ જાય છે. જેમકે અનંતાનુબંધી કષાય દ્વિતીયોપશમ સમ્યક્ત્વવાળાને બદલાઈને અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન, આમાંથી કોઈને કોઈ રૂપે થઈ જાય છે. પછી જે તેનો ઉદય થશે તે તે જ ત્રણમાંથી કોઈ રૂપે થશે, અનંતાનુબંધી રૂપે થતો નથી. એ જ પ્રમાણે અહીં બતાવે છે કે જે જીવને પંચેન્દ્રિયકર્મ અને માનસકર્મ બંધાઈ પણ જાય, તો પણ તેઓ પોતાના રૂપે ત્યારે જ ઉદયમાન થાય છે કે જ્યારે તેમનામાં કોઈ જાતનું પરિવર્તન ન થયું હોય. પરિવર્તનનું નામ જ સંક્રમણ છે. સંક્રમણના પણ અનેક ભેદ છે. કોઈ પૂર્ણ પ્રકૃતિનું પરિવર્તન કરે છે કોઈ કેટલાક અંશોનું. એના જ અનુસારે તેના ઉદ્વેલન, સંક્રમણ, અધઃપ્રવૃત્ત વિધ્યાત્ આદિ નામ પણ છે. જો તેનું સ્પષ્ટીકરણ જાણવું હોય તો ગોમ્મટસાર કર્મકાંડ જુઓ.

પર્યાપ્ત નામકર્મનો પણ ઉદય થવો જોઈએ

**अथ तस्योदये हेतुरस्ति हेत्वन्तरं यथा।**
**पर्याप्तं कर्म नामेति स्यादवश्यं सहोदयात्।।२९६।।**

**અર્થ :–** આગળ તે પંચેન્દ્રિય અને માનસકર્મના ઉદયમાં બીજું કારણ પણ બતાવે છે. ઉપર્યુક્ત બંને કર્મોની સાથે પર્યાપ્ત નામકર્મનો પણ ઉદય થવો અતિ આવશ્યક છે. પર્યાપ્તિઓ થયા વિના શરીરાદિ પૂરા પણ થઈ શકતા નથી, વચ્ચે જ મૃત્યુ થઈ જાય છે. તેથી પર્યાપ્ત કર્મનો ઉદય પણ અવશ્ય થવો જોઈએ.

ઇન્દ્રિય અને મનની રચના

**सति तत्रोदये सिद्धाः स्वतो नोकर्मवर्गणाः।**
**मनो देहेन्द्रियाकारं जायते तन्निमित्ततः।।२९७।।**

**અર્થ :–** પર્યાપ્ત કર્મનો ઉદય થતાં નોકર્મ વર્ગણાઓ પણ આવવા માંડે છે આ વાત સ્વતઃસિદ્ધ છે. તે નોકર્મ વર્ગણાઓના નિમિત્તથી મન અને શરીરમાં ઇન્દ્રિયોનો

આકાર બને છે.

ઉપયોગમાં દ્રવ્યેન્દ્રિયો પણ કારણ છે

**तेषां परिसमाप्तिश्चेज्जायते दैवयोगतः।**
**लब्धेः स्वार्थोपयोगेषु बाह्यं हेतुर्जडेन्द्रियम्।।२९८।।**

**અર્થ :–** તે ઇન્દ્રિયાદિકોની રચનાની સમાપ્તિ પણ દૈવયોગે થઈ જાય. પછી ક્યાંક કર્મોનો ક્ષયોપશમ થવાથી સ્વપર પદાર્થનો ઉપયોગ થાય. તેમાં પણ બાહ્ય હેતુ દ્રવ્યેન્દ્રિયો છે, જે જડ છે.

ઉપયોગમાં અન્ય કારણો

**अस्ति तत्रापि हेतुर्वा प्रकाशो रविदीपयोः।**
**अन्यदेशस्थसंस्कारः पारं पर्यावलोकनम्।।२९९।।**

**અર્થ :–** આટલું બધું હોવા છતાં પણ જો સૂર્ય અને દીપકનો પ્રકાશ ન હોય તો પણ ઉપયોગાત્મક જ્ઞાન થઈ શકતું નથી. તેથી પ્રકાશનું હોવું આવશ્યક છે અને વળી પહેલાં કોઈ ઠેકાણે કરેલા જ્ઞાનના સંસ્કાર પણ કારણ છે. પછી પણ પરંપરાથી અવલોકન (પ્રત્યક્ષ) થાય છે.

હેતુ ઓછા હોય તો જ્ઞાન પણ થઈ શકતું નથી

**एतेषु हेतुभूतेषु सत्सु सद्भावसंभवात्।**
**रूपेणैकेन हीनेषु ज्ञानं नार्थोपयोगि तत्।।३००।।**

**અર્થ :–** આ ઉપર વર્ણવેલા પંચેન્દ્રિયકર્મ, માનસકર્મ, પર્યાપ્તકર્મ, ઇન્દ્રિયાદિની રચના, સૂર્યાદિનો પ્રકાશ, અન્ય સ્થળના સંસ્કાર વગેરે બધા હેતુઓ હોય ત્યારે જ વસ્તુનું

બરાબર જ્ઞાન (પ્રત્યક્ષ) થવું સંભવે છે. જો આ કારણોમાંથી કોઈ પણ ઓછું હોય તો પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી.

**अस्ति तत्र विशषोऽयं विना बाह्येन हेतुना।**
**ज्ञानं नार्थोपयोगीति लब्धिज्ञानस्य दर्शनात्।।३०१।।**

**અર્થ :–** અહીં આટલું વિશેષ સમજી લેવું જોઈએ કે ક્ષયોપશમ (લબ્ધિ) જ્ઞાન થયા પછી પણ બાહ્ય કારણ મળ્યા વિના પદાર્થોનું જ્ઞાન (ઉપયોગ રૂપ) થઈ શકતું નથી.

ક્ષયોપશમનું સ્વરૂપ

**देशतः सर्वतो घातिस्पर्धकानामिहोदयात्।**
**क्षायोपशमिकावस्था न चेज्ज्ञानं न लब्धिमत्।।३०२।।**

**અર્થ :–** દેશઘાતી સ્પર્ધકોનો ઉદય થતાં અને સર્વઘાતી સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય થતાં ક્ષયોપશમ થાય છે. આવી ક્ષયોપશમ–અવસ્થા જો ન હોય તો તે લબ્ધિરૂપ જ્ઞાન પણ થઈ શકતું નથી.

**ભાવાર્થ :–** સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક આદિમાં ક્ષયોપશમનું સ્પષ્ટ લક્ષણ આ પ્રમાણે છે – 'सर्वघातिस्पर्धकानामुदयक्षयात् तेषामेव सदुपशमात् देशघातिस्पर्धकानामुदयात् क्षायोपशमिकं जायते' જે કર્મ આત્માના ગુણોને સંપૂર્ણપણે રોકે તેમને સર્વઘાતી કહે છે અને જે ગુણોનો એકદેશ ઘાત કરે તેમને દેશઘાતી કહે છે. જ્યાં સર્વઘાતી સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય (જે કર્મ ઉદયમાં આવીને ફળ આપ્યા વિના ખરી જાય તેને ઉદયભાવી ક્ષય કહે છે) થઈ જાય છે તથા તે જ સર્વઘાતી સ્પર્ધકોનો સત્તામાં ઉપશમ થાય છે અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદય થાય છે ત્યાં ક્ષયોપશમ કહેવાય છે. એવી દશામાં જે આત્મવિશુદ્ધિ થાય છે તેનું જ નામ લબ્ધિ છે. તેનો જ સંક્ષેપ ઉપર્યુક્ત શ્લોકમાં કહેવામાં આવ્યો છે.

પ્રકૃત અર્થ

**ततः प्रकृतार्थमेवैतद्दिङ्मात्रं ज्ञानमैन्द्रियम्।**
**तदर्थार्थस्य सर्वस्य देशमात्रस्य दर्शनात्।।३०३।।**

**અર્થ :–** ઉપર કહેલી બધી વાતોનું આ પ્રકરણમાં એ જ પ્રયોજન છે કે ઇન્દ્રિયજન્ય દિઙ્માત્ર (થોડુંક જ) હોય છે. આખા પદાર્થના એકદેશમાત્રનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા થાય છે.

તે જ્ઞાન ખંડિત છે

**खण्डितं खण्डशस्तेषामेकैकार्थस्य कर्षणात्।**
**प्रत्येकं नियतार्थस्य व्यस्तमात्रे सति क्रमात्।।३०४।।**

**અર્થ :–** તે બધા પદાર્થોમાંથી એક એક પદાર્થના અંશમાત્રને જાણે છે તેથી તે ઇન્દ્રિયજન્ય જ્ઞાન ખંડિત–અધૂરું પણ છે તથા તે ભિન્ન ભિન્ન હોય છે, કોઈ નિયમિત વસ્તુને ભિન્ન ભિન્ન અવસ્થામાં ક્રમપૂર્વક જાણે છે.

તે જ્ઞાન દુઃખ વિશિષ્ટ છે

**आस्तामित्यादि दोषाणां सन्निपातास्पदं पदम्।**
**एन्द्रियं ज्ञानमप्यस्ति प्रदेशचलनात्मकम्।।३०५।।**
**निष्क्रियस्यात्मनः काचिद्यावदौदयिकी क्रिया।**
**अपि देशपरिस्पन्दो नोदयोपाधिना विना।।३०६।।**

**અર્થ :–** ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં ઉપર્યુક્ત અનેક દોષોનો સમાવેશ થાય છે જ, સાથે તે આત્મપ્રદેશોના કંપનસહિત છે અને આ ક્રિયાવિહીન આત્માની જ્યાં સુધી કોઈ ઔદયિકી (કર્મોના ઉદયથી થનારી) ક્રિયા રહે છે ત્યાં સુધી આત્મપ્રદેશોનું હલનચલન

થાય છે. કર્મોના ઉદય વિના હલનચલન થઈ શકતું નથી. X

**ભાવાર્થ :–** ઇન્દ્રિયજન્ય જ્ઞાન કર્મોદય–ઉપાધિ સહિત છે અને કર્મોદય–ઉપાધિ દુઃખરૂપ છે તથા કર્મબંધનું કારણ છે તેથી એ જ્ઞાન દુઃખકારક જ છે.

કર્મોદય–ઉપાધિ દુઃખરૂપ છે

**नासिद्धमुदयोपाधे र्दुःखत्वं कर्मणः फलात्।**
**कर्मणो यत्फलं दुःखं प्रसिद्धं परमागमात्।।३०७।।**

**અર્થ :–** ઉદયોપાધિ દુઃખરૂપ છે, આ વાત અસિદ્ધ નથી. કેમકે તે કર્મોના જ ફળ સ્વરૂપ છે. જે કર્મોનું ફળ હોય છે તે દુઃખરૂપ હોય જ છે, એ વાત પરમાગમમાં પ્રસિદ્ધ છે.

આત્મા મહાદુઃખી છે

**बुद्धिपूर्वकदुःखेषु दृष्टान्ताः सन्ति केचन।**
**नाबुद्धिपूर्वके दुःखे ज्ञानमात्रैकगोचरे।।३०८।।**

**અર્થ :–** દુઃખ બે પ્રકારનું હોય છે – એક બુદ્ધિપૂર્વક, બીજું અબુદ્ધિપૂર્વક. જે દુઃખ પ્રત્યક્ષ જ દેખાય છે તે દુઃખ બુદ્ધિપૂર્વક કહેવાય છે. આવા દુઃખના અનેક દૃષ્ટાંતો છે. જેમ કે ગૂમડાની તકલીફ થવી, કોઈનું કોઈને મારવું, બિમારી થવી વગેરે. પરંતુ અબુદ્ધિપૂર્વક દુઃખ જ્ઞાનમાત્રથી જ ગમ્ય છે. તેના દૃષ્ટાંત પણ મળતા નથી.

**ભાવાર્થ :–** અબુદ્ધિપૂર્વક દુઃખ એવું દુઃખ નથી કે જેવું પ્રત્યક્ષમાં દેખાય છે. તે એક પ્રકારનો અંદર ઊંડો આઘાત છે, જેનું વિવેચન પણ કરી શકાતું નથી. જેમ કોઈ રોગીને બેહોશ બનાવવાની દવા સુંઘાડીને તકલીફ પહોંચાડવામાં આવે તેના જેવું તે છે. બેભાન થયેલા રોગીને તકલીફ તો જરૂર છે, પરંતુ તેનું જ્ઞાન તેને પોતાને પણ નથી. તેથી આ અબુદ્ધિપૂર્વક દુઃખના દૃષ્ટાંત બધા સંસારી જીવ હોવા છતાં પણ તેની

X ચૌદમા ગુણસ્થાનના અંતે મોક્ષસ્થાનમાં જતાં કર્મરહિત શુદ્ધાત્મામાં પણ ચલનાત્મક ક્રિયા હોય છે.

વ્યક્તતાનો અભાવ હોવાથી તેના દૃષ્ટાંતનો અભાવ જ છે એમ કહ્યું છે. બંને પ્રકારના દુઃખો વિશે આચાર્ય નીચે વર્ણન કરે છે –

### બુદ્ધિપૂર્વક દુઃખ

**अस्त्यात्मनो महादु:खं गाढं बद्धस्य कर्मभिः ।**
**मन:पूर्वं कदाचिद्वै शश्वत्सर्वप्रदेशजम् ।।३०९।।**

**અર્થ :–** કર્મોથી ગાઢ રીતે બંધાયેલા આ આત્માના સર્વ પ્રદેશોમાં થતું મનપૂર્વક દુઃખ કોઈ વાર હોય છે પરંતુ કર્મોની પરતંત્રતાથી આ આત્માને મહાદુઃખ સંસાર અવસ્થામાં સદાય રહ્યા કરે છે.

### બુદ્ધિપૂર્વક દુઃખને સિદ્ધ કરવાની આવશ્યકતા નથી

**अस्ति स्वस्यानुमेयत्वाद् बुद्धिजं दु:खमात्मनः ।**
**सिद्धत्वात्साधनेनालं वर्जनीयो वृथा श्रमः ।।३१०।।**

**અર્થ :–** આત્માને જે દુઃખ બુદ્ધિપૂર્વક થાય છે તેનું તો પોતાની મેળે જ અનુમાન કરી શકાય છે તેથી તે સિદ્ધ જ છે, તેને સિદ્ધ કરવા માટે હેતુ બતાવવાની આવશ્યકતા નથી કેમકે જે વાત સુસિદ્ધ છે તેમાં પરિશ્રમ કરવાની કોઈ આવશ્યકતા નથી.

### અબુદ્ધિપૂર્વક દુઃખ જ સાધ્ય છે

**साध्यं तन्निहितं दु:खं नाम यावदबुद्धिजम् ।**
**कार्यानुमानतो हेतुर्वाच्यो वा परमागमात् ।।३११।।**

**અર્થ :–** જે છૂપું–અબુદ્ધિપૂર્વક દુઃખ છે તે જ સિદ્ધ કરવા યોગ્ય છે. તેની સિદ્ધિ બે જ પ્રકારે થઈ શકે છે. કાં તો કાર્યને જોઈને કારણ કહેવું જોઈએ અથવા પરમાગમથી

તેની સિદ્ધિ માનવી જોઈએ.

**ભાવાર્થ :–** કોઈ અપ્રત્યક્ષ વસ્તુને જાણવા માટે બે જ ઉપાય છે. કાં તો તેનું કાર્ય જોઈને તેનું અનુમાન કરવું અથવા આગમ પ્રમાણથી તેને માનવું.

અનુમાનમાં દૃષ્ટાંત

**अस्ति कार्यानुमानाद्वै कारणानुमितिः क्वचित्।**
**दर्शनान्नदपुरस्य देवो वृष्टो यथोपरि।।३१२।।**

**અર્થ :–** ક્યાંક કાર્ય જોઈને કારણનું અનુમાન થઈ જાય છે. જેમ કોઈ નાળા (નાની નદી) માં વધેલા પ્રવાહને જોઈને એવું અનુમાન કરી લેવામાં આવે છે કે ઉપરવાસમાં મેઘ વર્ષા થઈ છે. વાદળાં વરસ્યા વિના નદીમાં પ્રવાહ ચાલી શકે નહિ. એ જ પ્રમાણે કાર્ય દ્વારા એના કારણનું અનુમાન કરી લેવામાં આવે છે.

અબુદ્ધિપૂર્વક દુઃખસિદ્ધિનું અનુમાન

**अस्त्यात्मनो गुणः सौख्यं स्वतः सिद्धमनश्वरम्।**
**घातिकर्माभिघातत्वादसद्वाऽदृश्यतां गतम्।।३१३।।**
**सुखस्यादर्शनं कार्यलिङ्गं लिङ्गमिवात्र तत्।**
**कारणं तद्विपक्षस्य दुःखस्यानुमितिः सतः।।३१४।।**

**અર્થ :–** આત્માનો સુખ ગુણ સ્વાભાવિક છે તે સ્વતઃસિદ્ધ છે અને નિત્ય છે પરંતુ ઘાતિયા કર્મના ઘાતથી નષ્ટ જેવો થઈ ગયો છે અર્થાત્ અદૃશ્ય થઈ ગયો છે. તે જ સુખનું અદર્શન (અભાવ) કાર્યરૂપ હેતુ છે. તે હેતુ સુખના વિપક્ષી દુઃખનું (કે જે આત્મામાં મોજૂદ છે) અનુમાન કરાવે છે.

**ભાવાર્થ :–** આત્મામાં કર્મોના નિમિત્તે સુખ ગુણનો અભાવ દેખાય છે, તે સુખ ગુણના અભાવથી જ અનુમાન કરી લેવામાં આવે છે કે આત્મામાં દુઃખ છે. કેમકે સુખનું

વિપક્ષી દુઃખ છે. જો સુખ નથી તો દુઃખ છે એમ અનુમાન કરી શકાય છે. જો આત્મામાં દુઃખ ન હોત તો આત્મિક સુખ પ્રગટ થઈ ગયું હોત. તે દેખાતું નથી. માટે દુઃખનો સદ્‌ભાવ સિદ્ધ થાય છે. બસ આ જ કાર્યકારણભાવ છે. સુખનું અદર્શન કાર્ય છે તેનાથી દુઃખરૂપ કારણનો બોધ થાય છે.

તેનું જ સ્પષ્ટ કથન

**सर्वसंसारिजीवानामास्ति दुःखमबुद्धिजम्।**
**हेतोर्नैसर्गिकस्यात्र सुखस्याभावदर्शनात्।।३१५।।**

**અર્થ :–** બધા સંસારી જીવોને અબુદ્ધિપૂર્વક દુઃખ છે કારણ કે સુખના અદર્શનરૂપ સ્વાભાવિક હેતુ દેખાય છે.

હેતુની સિદ્ધિ

**नासौ हेतुरसिद्धोस्ति सिद्धसंदृष्टि दर्शनात्।**
**व्याप्तेः सद्भावतो नूनमन्यथानुपपत्तितः।।३१६।।**

**અર્થ :–** આ ઉપર્યુક્ત હેતુ અસિદ્ધ નથી. આ વિષયમાં ઘણા પ્રસિદ્ધ દૃષ્ટાંતો મોજૂદ છે. સુખનો જ્યાં અભાવ છે ત્યાં દુઃખ અવશ્ય છે એવો ફલિતાર્થ કાઢવામાં વ્યતિરેક વ્યાપ્તિનો સદ્‌ભાવ છે. જ્યાં દુઃખ નથી ત્યાં સુખનું અદર્શન પણ નથી. જેમ કે અનંત ચતુષ્ટયના ધારક અર્હત્–સર્વજ્ઞ. અરિહંતદેવને દુઃખ નથી તેથી અનંતસુખની ઉત્પત્તિ તેમને થઈ ગઈ છે. જો આવો કાર્ય–કારણભાવ માનવામાં ન આવે તો વ્યાપ્તિ પણ બની શકતી નથી.

વ્યાપ્તિમાં દૃષ્ટાંત

**व्याप्तिर्यथा विचेष्टस्य मूर्छितस्येव कस्यचित्।**
**अदृश्यमपि मद्यादिपानमस्त्यत्र कारणम्।।३१७।।**

**અર્થ :–** વ્યાપ્તિ આવી રીતે છે – જેમ કોઈ મૂર્છિતની પેઠે ચેષ્ટારહિત મનુષ્યને જોઈને એવું અનુમાન કરી લેવામાં આવે છે કે આણે મદિરાપાન કર્યું છે. જો કે મદિરાપાન પ્રત્યક્ષ નથી તો પણ તેનું કાર્ય બેહોશપણું જોઈને તે મદિરાપાનનું – કારણનું અનુમાન કરી લેવામાં આવે છે. તેવી જ રીતે અહીં જાણવું.

વ્યાપ્તિનું ફળ

**अस्ति संसारिजीवस्य नूनं दुःखमबुद्धिजम्।**
**सुखस्यादर्शनं स्वस्य सर्वतः कथमन्यथा।।३१८।।**

**અર્થ :–** સંસારી જીવને નિશ્ચયથી અબુદ્ધિપૂર્વક દુઃખ છે. જો દુઃખ ન હોય તો તેને (આત્મિક) સુખનું સર્વથા અદર્શન કેવી રીતે થઈ જાય ?

**ततोनुमीयते दुःखमस्ति नूनमबुद्धिजम्।**
**अवश्यं कर्मबद्धस्य नैरन्तर्योदयादितः।।३१९।।**

**અર્થ :–** આ કર્મથી બંધાયેલા આત્માને નિરંતર કર્મોના ઉદય, ઉદીરણા આદિ થવાથી નિશ્ચયથી અબુદ્ધિપૂર્વક દુઃખ છે એમ અનુમાન થાય છે.

અબુદ્ધિપૂર્વક દુઃખ અવાચ્ય નથી

**नाऽवाच्यता यथोक्तस्य दुःखजातस्य साधनं।**
**अर्थादबुद्धिमात्रस्य हेतोरौदयिकत्वतः।।३२०।।**

**અર્થ :–** ઉપર જે અબુદ્ધિપૂર્વક થતા દુઃખ સમૂહનું કથન કર્યું છે, તેની સિદ્ધિ કરવામાં અવાચ્યપણું નથી અર્થાત્ એમ નથી કે તે કોઈ રીતે કહી જ ન શકાય. અબુદ્ધિપૂર્વક દુઃખનું કારણ કર્મોનો ઉદય થવો તે જ છે. કર્મોનો ઉદય જ બતાવે છે કે આ આત્મામાં દુઃખ છે.

શંકાકાર

तद्यथा कश्चिदत्राह नास्ति बद्धस्य तत्सुखम्।
यत्सुखं स्वात्मनस्तत्तत्त्वं मूर्छितं कर्मभिर्बलात्।।३२१।।
अस्त्यनिष्टार्थसंयोगाच्छारीरं दुःखमात्मनः।
ऐन्द्रियं बुद्धिजं नाम प्रसिद्धं जगति स्फुटम्।।३२२।।
मनोदेएन्द्रियादिभ्यः पृथग् दुःखं न बुद्धिजम्।
यद्ग्राहकप्रभाणस्य शून्यत्वाद् व्योमपुष्पवत्।।३२३।।
साध्ये वाऽबुद्धिजे दुःखे साधनं तत्सुखक्षतिः।
हेत्वाभासः स व्याप्यत्वासिद्धौ व्याप्तेरसंभवात्।।३२४।।

**અર્થ :–** કોઈ શંકાકાર કહે છે કે જે સુખ આત્મિક તત્ત્વ છે તે સુખ કર્મથી બંધાયેલા આત્મામાં નથી. કર્મોએ બળપૂર્વક તેને મૂર્છિત કર્યો છે અને અનિષ્ટ પદાર્થોનો સંયોગ થવાથી આત્માને શારીરિક દુઃખ થાય છે તથા ઇન્દ્રિયજન્ય દુઃખ પણ થાય છે. બસ શારીરિક અને ઇન્દ્રિયજન્ય આ જ બુદ્ધિપૂર્વકના દુઃખ જગતમાં પ્રસિદ્ધ છે. મન, દેહ, ઇન્દ્રિય વગેરેથી ભિન્ન બીજું કોઈ બુદ્ધિપૂર્વક દુઃખ નથી. આ વિષયમાં કોઈ પ્રમાણ નથી કે બીજું પણ દુઃખ છે. જેમ આકાશને પુષ્પ નથી તેમ જ અન્ય દુઃખ નથી. આપે જે અબુદ્ધિપૂર્વક દુઃખ સિદ્ધ કરવા માટે સુખના અભાવનો હેતુ આપ્યો છે, તે યથાર્થ હેતુ નથી. પરંતુ હેત્વાભાસ છે. (હેત્વાભાસ જૂઠા હેતુને કહે છે કે જે સાધ્યને સિદ્ધ કરી શકે નહિ.) અહીં વ્યાપ્યત્વાસિદ્ધ નામનો હેત્વાભાસ છે. કેમકે સુખાભાવની અબુદ્ધિપૂર્વક દુઃખની સાથે વ્યાપ્તિ નથી. સાધ્ય સાધનમાં વ્યાપ્યવ્યાપક રહે છે. જે હેતુમાં સાધ્યની વ્યાપ્તિ (વ્યાપવું) ન હોય તેનું જ નામ વ્યાપ્યત્વાસિદ્ધ છે. આવો હેતુ સાધ્યને સિદ્ધ કરી શકતો નથી ?

ઉત્તર

नैवं यत्तद्विपक्षस्य व्याप्तिर्दुःखस्य साधने।
कर्मणस्तद्विपक्षत्वं सिद्धं न्यायात्कुतोन्यथा।।३२५।।

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કથન બરાબર નથી. કેમકે દુ:ખ સિદ્ધ કરવામાં સુખના વિપક્ષની વ્યાપ્તિ છે. જે સુખનું વિપક્ષી છે તે જ દુ:ખનું સાધક છે અને સુખનો વિપક્ષ કર્મ છે. આ વાત ન્યાયથી સારી રીતે સિદ્ધ છે.

**विरुद्धधर्मयोरेव वैपक्ष्यं नाऽविरुद्धयोः।**
**शीतोष्णधर्मयोर्वैरं न तत्क्षारद्रवत्वयोः।।३२६।।**

**અર્થ :–** જેમના ધર્મ વિરુદ્ધ છે તેમને જ વિપક્ષપણું હોય છે, જે અવિરુદ્ધ ધર્મવાળા છે તેમનામાં વિપક્ષપણું હોતું નથી. ઠંડા અને ગરમ સ્વભાવવાળા (જળ અને અગ્નિ)ને જ વેર છે. ખારાશ અને પ્રવાહીપણાની વચ્ચે પરસ્પર કોઈ વેર નથી. (કેમકે સમુદ્રમાં બંને ચીજો મોજૂદ છે.)

સુખ કઈ વસ્તુ છે

**निराकुलं सुखं जीवशक्तिर्द्रव्योपजीविनी।**
**तद्विरुद्धाकुलत्वं वै शक्तिस्तद्घातिकर्मणः।।३२७।।**

**અર્થ :–** આકુળતારહિત જીવની એક શક્તિનું નામ સુખ છે, તે સુખ નામની શક્તિ દ્રવ્યોપજીવી છે. તેની વિરોધી આકુળતા છે અને તે આકુળતા ઘાતિયા કર્મોની શક્તિ છે.

**ભાવાર્થ :–** કોઈ કોઈ એમ પણ સમજી બેઠા છે કે સુખ બીજી કોઈ વસ્તુ નથી, ઘાતીકર્મોનો અભાવ થવાથી જે નિરાકુળતા ઉત્પન્ન થાય છે તે જ સુખ છે પરંતુ એમ નથી. નિરાકુળતા તો આકુળતાના અભાવને કહે છે. અભાવ કોઈ વસ્તુ નથી પરંતુ સુખ ગુણ આત્માની એક ભાવરૂપ શક્તિ છે. જેવી જ્ઞાન શક્તિ, દર્શન શક્તિ આદિ શક્તિઓ છે તેવી જ એક શક્તિ છે. ભાવરૂપ શક્તિનું નામ જ દ્રવ્યોપજીવી શક્તિ છે અને અભાવરૂપ ધર્મને પ્રતિજીવી ગુણ કહે છે સુખ પ્રગટ થતાં આકુળતા રહેતી નથી. પરંતુ આકુળતાનું ન થવું તે જ સુખ ગુણ નથી. તે એક સ્વતંત્ર ગુણ છે. તે ગુણનું ઘાતક કોઈ ખાસ કર્મ નથી. પરંતુ ચારેય ઘાતીકર્મ મળીને તેનો ઘાત કરે છે. તેથી તેરમા ગુણસ્થાનના પ્રારંભમાં અથવા બારમા ગુણસ્થાનના અંતમાં જ્યાં ઘાતીકર્મોનો

સર્વથા નાશ થઈ જાય છે ત્યાં જ સુખ ગુણ અનંત ચતુષ્ટયના ધારક શ્રી અરિહંતદેવને પ્રગટ થઈ જાય છે. આ કથનથી એ વાત પણ સિદ્ધ થઈ જાય છે કે જે જે ગુણસ્થાનોમાં તે ઘાતીકર્મોનો જેટલો જેટલો ક્ષય થતો જાય છે તે તે ગુણસ્થાનોમાં તેટલો તેટલો જ સુખ ગુણનો અંશ પ્રગટ થતો જાય છે. તેથી ચોથા ગુણસ્થાનમાં પણ કિંચિત્ માત્ર તે દિવ્ય–અલૌકિક–પરમ સ્વાદિષ્ટ અનુપમ સુખની ઝલક મળી જાય છે.

ઘાતીકર્મની શક્તિ

**असिद्धा न तथा शक्तिः कर्मणः फलदर्शनात्।**
**अन्यथाऽऽत्मतया शक्तेर्बाधकं कर्म तत्कथम्।।३२८।।**

**અર્થ :–** સુખ ગુણના અભાવમાં થનારી જે આકુળતા છે તે ઘાતિકર્મોની શક્તિ છે, એ વાત અસિદ્ધ નથી. કેમકે કર્મોનું ફળ દેખાય છે. જો તે કર્મ–શક્તિ ન હોય તો આત્માની શક્તિનું બાધક કર્મ કેવી રીતે હોય ?

સારાંશ

**नयात्सिद्धं ततो दुःखं सर्वदेशप्रकम्पवत्।**
**आत्मनः कर्मबद्धस्य यावत्कर्मरसोदयात्।।३२९।।**

**અર્થ :–** તેથી આ વાત ન્યાયથી સિદ્ધ થઈ ગઈ કે કર્મથી બંધાયેલા આત્માને જ્યાં સુધી કર્મોનો ઉદય થઈ રહ્યો છે ત્યાં સુધી તેના સર્વ પ્રદેશોમાં કંપ ઉત્પન્ન કરનાર દુઃખ છે.

દષ્ટાંત

**देशतोस्त्यत्र दृष्टान्तो वारिधिर्वायुना हतः।**
**व्याकुलोऽव्याकुलः स्वस्थः स्वाधिकारप्रमत्तवान्।।३३०।।**

**અર્થ :–** અહીં એક દૃષ્ટાંત પણ છે – વાયુથી પ્રેરિત સમુદ્ર વ્યાકુળ થાય છે જ્યારે વાયુ રહિત સ્વાધિકારી સમુદ્ર છે ત્યારે વ્યાકુળતા રહિત છે, સ્વસ્થ છે.

અહીં 'स्वाधिकारप्रमत्तवान्' એ સમુદ્રનું વિશેષણ ત્રણ પ્રકારે યોજી શકાય તેમ છે. જે સમયે સમુદ્ર સ્વાધિકારમાં પ્રમાદી રહે છે ત્યારે તે વ્યાકુળ છે એમ પણ અર્થ થઈ શકે છે. બીજો એવો પણ અર્થ થઈ શકે છે કે સ્વાધિકાર અવસ્થામાં તે અવ્યાકુળ છે અને પ્રમત્ત અવસ્થામાં વ્યાકુળ છે. ત્રીજો – સ્વાધિકારમાં જ જે સમયે લીન છે ત્યારે તે અવ્યાકુળ છે. તાત્પર્ય બધી રીતે સ્પષ્ટ છે.

શંકાકાર

**न च वाच्यं सुखं शश्वद्विद्यमानमिवास्ति तत्।**
**बद्धस्याथाप्यबद्धस्य हेतोस्तच्छक्तिमात्रतः।।३३१।।**

**અર્થ :–** જો કોઈ એમ કહે કે સુખ સદા વિદ્યમાન જ રહે છે. ભલે આત્મા કર્મથી બંધાયેલો હોય કે ન બંધાયો હોય. કેમકે સુખ આત્માની શક્તિનું નામ છે. શક્તિ નિત્ય રહેનાર પદાર્થ છે, તેથી સુખ મોજૂદ જ છે એમ સમજવું જોઈએ ?

શંકાકારનું આ કથન બરાબર નથી એમાં અનેક દોષ આવે છે, તે નીચે બતાવવામાં આવે છે. –

ઉત્તર

**अत्र दोषावतारस्य युक्तिः प्रागेव दर्शिता।**
**यथा स्वस्थस्य जीवस्य व्याकुलत्वं कुतोर्थतः।।३३२।।**

**અર્થ :–** જો સુખ ગુણને સદા વિદ્યમાન જ માનવામાં આવે તો અવશ્ય દોષ આવે છે. જે દોષ આવે છે તેમની યુક્તિ પહેલાં જ કહી દેવામાં આવી છે. જે સ્વસ્થ જીવ છે તેને વાસ્તવમાં વ્યાકુળતા ક્યાંથી આવી શકે ? અને સંસારી જીવને વ્યાકુળતા છે, તેથી જણાય છે કે તેને સુખનો અભાવ છે.

તેની બીજી શંકા

**न चैकतः सुखव्यक्तिरेकतो दुःखमस्ति तत्।**
**एकस्यैकपदे सिद्धमित्यनेकान्तवादिनाम्।।३३३।।**

**અર્થ :–** અનેકાન્તવાદી (જૈન) એક પદાર્થમાં એક જ સ્થાનમાં બે ધર્મ માની લે છે, તેથી એક આત્મામાં જ સુખવ્યક્તિ અને તેમાં જ દુઃખવ્યક્તિ માની લેવી જોઈએ અર્થાત્ એક જ આત્મામાં એક સમયમાં સુખ અને દુઃખ બંને માનવા જોઈએ. આમ માનવાથી જૈનીઓનો અનેકાન્તવાદ પણ ઘટી શકે છે ? તો આમ કહેવું તે પણ અસમજણ છે.

ઉત્તર
અનેકાન્તનું સ્વરૂપ

**अनेकान्तः प्रमाणं स्यादर्थादेकत्र वस्तुनि।**
**गुण पर्याययोर्द्वैताद् गुणमुख्यव्यवस्थया।।३३४।।**

**અર્થ :–** એક વસ્તુમાં હોવાવાળું અનેકાન્ત પ્રમાણ અવશ્ય છે, પરંતુ બધે નહિ. જ્યાં ગુણ, પર્યાયના કથનમાં એકને મુખ્ય કરવામાં આવે છે અને બીજાને તે સમયે ગૌણ કરવામાં આવે છે, ત્યાં જ અનેકાન્ત પ્રમાણ છે અને ત્યાં જ દ્વૈત ઘટે છે.

**अभिव्यक्तिस्तु पर्यायरूपा स्यात्सुखदुःखयोः।**
**तदात्वे तन्न तद्द्वैतं द्वैतं चेद्द्रव्यतः क्वचित्।।३३५।।**

**અર્થ :–** પરંતુ સુખદુઃખની પ્રગટતા તો પર્યાય સ્વરૂપ છે. એવી અવસ્થામાં દ્વૈત ઘટી શકતું નથી. દ્વૈત જો ક્યાંય હોય તો તે દ્રવ્યની અપેક્ષાએ જ હોય.

**ભાવાર્થ :–** ઉપર બે પ્રકારની શંકા ઉઠાવવામાં આવી છે. તેમાં પહેલાં તો એ હતી કે સુખ સદા રહે છે ? એનો એમ ઉત્તર આપવામાં આવ્યો કે જો સુખ સદાય રહેતું હોય તો જીવ વ્યાકુળ કેમ થાય છે ? સુખ ગુણની પ્રગટતામાં વ્યાકુળતા રહી

શકતી નથી. તેથી સુખ સદા પ્રગટ રહેતું નથી.

બીજી શંકા આ પ્રકારની હતી – એક આત્મામાં સુખ અને દુઃખ થોડું થોડું બંનેય સાથે માનો ? અને આ જ અનેકાન્ત છે ? એનો ઉત્તર એમ છે કે એક પદાર્થમાં બે ધર્મ એકસાથે અવશ્ય રહે છે. પરંતુ તે જ રહે છે કે જેમાં એકના કથનમાં મુખ્યતા અને બીજાના કથનમાં ગૌણતા રહેતી હોય અને આ વાત ત્યાં જ બની શકે કે જ્યાં એક જ દ્રવ્યમાં ગુણ અને પર્યાયોનું કથન કરવામાં આવતું હોય. સુખ દુઃખ બંને એકસાથે કદી રહી શકતા નથી. કેમકે એમની પ્રગટતા પર્યાયની અપેક્ષાએ છે. એક સમયમાં એક જ પર્યાય હોઈ શકે છે, બે નહિ. એ બંનેય એક (સુખ) ગુણની પર્યાયો છે. દુઃખ વૈભાવિક પર્યાય છે અને સુખ સ્વાભાવિક છે. સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયો ક્રમે જ થાય છે. તેથી એક સમયમાં સુખ અને દુઃખ બતાવવું બરાબર નથી.

## સારાંશ

**बहु प्रलपनेनालं साध्यं सिद्धं प्रमाणतः।**
**सिद्धं जैनागमाच्चापि स्वतः सिद्धो यथागमः।।३३६।।**

**અર્થ :–** હવે અધિક કહેવાથી શું પ્રયોજન છે ? અમારું સાધ્ય 'કર્મબદ્ધ આત્મા દુઃખી છે' અનુમાન પ્રમાણથી સિદ્ધ થઈ ગયું અને જૈનાગમથી પણ આત્મામાં દુઃખની સત્તા સિદ્ધ થઈ ગઈ, તથા આગમમાં અન્ય પ્રમાણોની આવશ્યકતા નથી. આગમ સ્વયં પ્રમાણરૂપ છે.

## આગમ કથન

**एतत्सर्वज्ञवचनमाज्ञामात्रं तदागमः।**
**यावत्कर्मफलं दुःखं पच्यमानं रसोन्मुखम्।।३३७।।**

**અર્થ :–** સર્વજ્ઞદેવના વચનોને આજ્ઞારૂપ સમજવા જોઈએ. બસ તેનું જ નામ આગમ છે. સર્વજ્ઞના આ વચન છે કે પાકેલા કર્મોનું ઉદય અવસ્થાને પ્રાપ્ત જે ફળ છે તે જ

દુઃખ છે અર્થાત્ જેટલું કોઈ કર્મફળ છે તે બધું દુઃખ છે.

દૃષ્ટાંત

**अभिज्ञानं यदत्रैतज्जीवाः कार्मणकायकाः।**
**आ एकाक्षादापञ्चाक्षा अप्यन्ये दुःखिनो मताः।।३३८।।**

**અર્થ :–** જેટલા કોઈ એકેન્દ્રિયને લઈને પંચેન્દ્રિય સુધી જીવ છે તે બધા કાર્મણ શરીરવાળા છે અર્થાત્ બધા કર્મવાળા છે. તેથી બધાને દુઃખી માનવામાં આવ્યા છે અને બીજા પણ જે (વિગ્રહ ગતિમાં રહેનારા) કર્મથી બંધાયેલા છે તે બધાને દુઃખી ગણવામાં આવ્યા છે.

દુઃખનું કારણ

**तत्राभिव्यञ्जको भावो वाच्यं दुःखमनीहितम्।**
**घातिकर्मोदयाघाताज्जीवदेशवधात्मकम्।।३३९।।**

**અર્થ :–** ઘાતીકર્મોના ઉદયના આઘાતથી આત્માના પ્રદેશોનો ઘાત કરનાર જે કર્મ છે તે જ દુઃખનું સૂચક છે અર્થાત્ ઘાતીકર્મનો ઉદય જ દુઃખદાયક છે.

**अन्यथा न गतिः साध्वी दोषाणां सन्निपाततः।**
**संज्ञिनां दुःखमेवैकं दुःखं नाऽसंज्ञिनामिति।।३४०।।**

**અર્થ :–** જો કર્મોને દુઃખનું કારણ ન માનવામાં આવે તો દુઃખના કારણોનો બીજો કોઈ ઉપાય જ નથી કેમકે કર્મોને દુઃખનું કારણ ન માનવાથી અનેક દોષ આવે છે, જો કેવળ સંજ્ઞી જીવોને જ દુઃખ હોય છે, અસંજ્ઞી જીવોને નહિ, એમ કહેવામાં આવે તો ?

વળી

**महच्चेत्संज्ञिनां दु:खं स्वल्पं चाऽसंज्ञिनां न वा।**
**यतो नीचपदादुच्चै: पदं श्रेयस्तथा मतम्।।३४१।।**

**અર્થ :–** અથવા એમ કહેવામાં આવે કે ઘણું ભારે દુઃખ સંજ્ઞી જીવોને જ થાય છે અને અસંજ્ઞીઓને થોડું થાય છે, તો પણ એ બધું કથન બરાબર નથી. કેમકે નીચા સ્થાન કરતાં ઊંચુ સ્થાન સદા સારું માનવામાં આવ્યું છે.

**ભાવાર્થ :–** સંજ્ઞી અને અસંજ્ઞી જીવોમાં સંજ્ઞી જીવોનો દરજ્જો અનેક ગણો ઊંચો છે તેથી એક પ્રકારે જોતાં નીચે જ દુઃખ અધિક હોવું જોઈએ અને પ્રત્યક્ષ પણ જોવામાં આવે છે કે એકેન્દ્રિય જીવોમાં જ્ઞાનની કેટલી હીનતા છે ? તેમને પોતાના અસ્તિત્વની ખબર પણ રહેતી નથી. શું તેમને અજ્ઞાનથી થતું દુઃખ ઓછું છે ? તે જ તેમને અનંતકાળ સુધી ભ્રમણ કરાવનાર કર્મ બંધનું કારણ છે.

જો એમ કહેવામાં આવે

**न च वाच्यं शरीरं च स्पर्शनादीन्द्रियाणि च।**
**सन्ति सूक्ष्मेषु जीवेषु तत्फलं दु:खमङ्गिनाम्।।३४२।।**

**અર્થ :–** જો એમ કહેવામાં આવે કે એકેન્દ્રિયાદિ સૂક્ષ્મ જીવોને પણ શરીર અને સ્પર્શનાદિ ઇન્દ્રિયો છે. તેથી તેમને પણ શારીરિક અને ઇન્દ્રિયજન્ય દુઃખ જ ભોગવવું પડે છે ? તો એમ કહેવું ઉચિત પણ નથી. કેમકે —

દોષાપત્તિ

**अव्याप्ति: कार्मणावस्थावस्थितेषु तथा सति।**
**देहेन्द्रियादिनोकर्मशून्यस्य तस्य दर्शनात्।।३४३।।**

**અર્થ :–** જો શારીરિક અને ઇન્દ્રિયજન્યને જ દુઃખ માનવામાં આવે અને બીજું કોઈ દુઃખ (કર્મજન્ય) માનવામાં ન આવે તો જે જીવ વિગ્રહગતિમાં છે, જ્યાં કેવળ કાર્માણ અવસ્થા છે; શરીર, ઇન્દ્રિયાદિ (ના કારણે) નોકર્મ નથી, ત્યાં દુઃખ છે કે નથી ?

**ભાવાર્થ :–** વિગ્રહગતિમાં સંસારાવસ્થા હોવાથી દુઃખ તો છે પરંતુ શરીર, ઇન્દ્રિયાદિ નથી. જેઓ કેવળ શારીરિક અને એન્દ્રિયિક (માનસિક) દુઃખને જ માને છે તેમના કથનમાં અવ્યાપ્તિ દોષ બતાવવામાં આવ્યો છે.

જો એમ કહેવામાં આવે

**अस्ति चेत्कार्मणो देहस्तत्र कर्मकदम्बकः।**
**दुःखं तद्धेतुरित्यस्तु सिद्धं दुःखमनीहितम्।।३४४।।**

**અર્થ :–** જો એમ કહેવામાં આવે કે વિગ્રહગતિમાં પણ કર્મના સમૂહરૂપ કાર્માણ શરીર છે, તેથી શરીરજન્ય દુઃખ ત્યાં પણ છે ? તો આ કથનથી કર્મજન્ય દુઃખ જ સિદ્ધ થયું, તેથી કર્મ જ દુઃખ દેનાર છે એ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ.

વાસ્તિવક સુખ ક્યાં છે

**अपि सिद्धं सुखं नाम यदनाकुललक्षणम्।**
**सिद्धत्वादपि नोकर्मविप्रमुक्तौ चिदात्मनः।।३४५।।**

**અર્થ :–** તથા આ વાત પણ સિદ્ધ થઈ ગઈ કે સુખ તે જ છે કે જે અનાકુળતા લક્ષણવાળું હોય અને તે નિરાકુળ સુખ આ જીવાત્માને કર્મ અને નોકર્મના છૂટવાથી (સિદ્ધાવસ્થામાં) થાય છે. (અહીં નોકર્મ શબ્દથી કર્મ અને નોકર્મ બંનેનું ગ્રહણ છે.)

શંકાકાર

**ननु देहेन्द्रियाभावः प्रसिद्धः परमात्मनि।**
**तदभावे सुखं ज्ञानं सिद्धिमुन्नीयत कथम्।।३४६।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે પરમાત્મામાં શરીર અને ઇન્દ્રિયોનો અભાવ છે, આ વાત પ્રસિદ્ધ છે. પરંતુ શરીર અને ઇન્દ્રિયો વિના સુખ અને જ્ઞાન કેવી રીતે સિદ્ધ (પ્રાપ્ત) થઈ શકે ?

**ભાવાર્થ :–** શંકાકારનો અભિપ્રાય શારીરિક અને ઐન્દ્રિયિક સુખ અને જ્ઞાન બાબત છે. તેની દૃષ્ટિ અનુસાર શરીર અને ઇન્દ્રિયો વિના સુખ અને જ્ઞાન હોતા જ નથી.

ઉત્તર

**न यद्यतः प्रमाणं स्यात् साधने ज्ञानसौख्ययोः।**
**अत्यक्षस्याशरीरस्य हेतोः सिद्धस्य साधनम्।।३४७।।**

**અર્થ :–** શંકાકારનું ઉપરનું કથન બરાબર નથી કેમકે જ્ઞાન અને સુખની સિદ્ધિ કરવામાં ઇન્દ્રિય અને શરીર પ્રમાણ નથી પરંતુ પ્રસિદ્ધ અતીન્દ્રિય અને અશરીર હેતુ જ તેમની સિદ્ધિમાં સાધન છે.

સિદ્ધિનો પ્રયોગ

**अस्ति शुद्धं सुखं ज्ञानं सर्वतः कस्यचिद्यथा।**
**देशतोप्यस्मदादीनां स्वादुमात्रं बत द्वयो।।३४८।।**

**અર્થ :–** શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ સુખ (આત્મિક)નો થોડોક સ્વાદ આપણામાંથી પણ કોઈ કોઈને મળે છે. એથી જાણી શકાય છે કે કોઈને શુદ્ધ જ્ઞાન અને સુખ પૂરેપૂરું હોય શકે છે.

જ્ઞાન અને આનંદ આત્માના ગુણ છે

**ज्ञानानन्दौ चितो धर्मौ नित्यौ द्रव्योपजीविनौ।**
**देहेन्द्रियाद्यभावेऽपि नाभावस्तद्द्वयोरिति।।३४९।।**

**અર્થ :–** જ્ઞાન અને આનંદ (સુખ) એ બંનેય આત્માના ધર્મ છે, તે નિત્ય છે અને દ્રવ્યોપજીવી (ભાવાત્મક) ગુણ છે, તેથી શરીર અને ઇન્દ્રિયોના અભાવમાં પણ તેમનો અભાવ થઈ શકતો નથી (ઉલટી વૃદ્ધિ થાય છે).

ગુણપણાની સિદ્ધિ

**सिद्धं धर्मत्वमानन्दज्ञानयोर्गुणलक्षणात्।**
**यतस्तत्राप्यवस्थायां किञ्चिद्देहेन्द्रियं विना।।३५०।।**

**અર્થ :–** જ્ઞાન અને આનંદ આત્માના ધર્મ છે. આ વાત સિદ્ધ છે કેમકે ગુણનું લક્ષણ એમાં મોજૂદ છે તથા શરીર અને ઇન્દ્રિયો વિના પણ એ પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** ગુણનું લક્ષણ આ જ છે કે 'अनुवर्तिनो गुणाः' જે સદા સાથે રહે તે ગુણ છે. જ્ઞાન અને આનંદ બંનેય શરીર, ઇન્દ્રિય રહિત અવસ્થામાં પણ આત્માની સાથે રહે છે, તેથી એ આત્માના જ ધર્મ છે.

જ્ઞાનાદિનું ઉપાદાન આત્મા જ છે

**मतिज्ञानादिवेलायामात्मोपादानकारणम्।**
**देहेन्द्रियास्तदर्थाश्च बाह्यं हेतुरहेतुवत्।।३५१।।**

**અર્થ :–** મતિજ્ઞાન આદિ થવાના સમયે જે શરીર, ઇન્દ્રિયો અને તેમના વિષયભૂત–પદાર્થો કારણ છે તે કેવળ બાહ્ય હેતુ છે, તેથી અહેતુ જેવા જ છે. જ્ઞાનાદિમાં અંતરંગ–ઉપાદાન હેતુ તો આત્મા જ છે, તેથી આત્માના જ જ્ઞાન, સુખ ધર્મ છે.

આત્મા સ્વયં જ્ઞાનાદિ સ્વરૂપ છે

**संसारे वा विमुक्तौ वा जीवो ज्ञानादिलक्षणः।**
**स्वयमात्मा भवत्येष ज्ञानं वा सौख्यमेव वा।।३५२।।**

**અર્થ :–** આત્મા ચાહે સંસારમાં હોય કે મુક્તિમાં હોય, ક્યાંય પણ કેમ ન હોય તે સદા જ્ઞાન, સુખ, દર્શન, વીર્ય આદિ લક્ષણોવાળો છે. સ્વયં આત્મા જ જ્ઞાનરૂપ થઈ જાય છે અને પોતે જ સુખમય થઈ જાય છે.

સ્પર્શનાદિ કેવળ નિમિત્તમાત્ર છે

**स्पर्शादीन् प्राप्य जीवश्च स्वयं ज्ञानं सुखं च तत्।**
**अर्थाः स्पर्शादयस्तत्र किं करिष्यन्ति ते जडाः।।३५३।।**

**અર્થ :–** સ્પર્શાદિ વિષયોને પ્રાપ્ત થઈને આ જીવ જ સ્વયં જ્ઞાન અને સુખમય થઈ જાય છે. તે જ્ઞાન અને સુખના વિષયમાં આ સ્પર્શાદિ પદાર્થ – જડ બિચારા શું કરી શકે ?

જડ પદાર્થ જ્ઞાનના ઉત્પાદક નથી

**अर्थाः स्पर्शादयः स्वैरं ज्ञानमुत्पादयन्ति चेत्।**
**घटादौ ज्ञानशून्ये च तत्किं नोत्पादयन्ति ते।।३५४।।**

**અર્થ :–** જો સ્પર્શાદિક અચેતન પદાર્થ જ સ્વયં જ્ઞાનને ઉત્પન્ન કરતા હોય તો જ્ઞાનશૂન્ય ઘટાદિ પદાર્થોમાં કેમ ઉત્પન્ન કરતા નથી ? અર્થાત્ આત્મામાં જ જ્ઞાન કેમ થાય છે ? x

**अथ चेत्चेतने द्रव्ये ज्ञानस्योत्पादकाः क्वचित्।**
**चेतनत्वात् स्वयं तस्य किं तत्रोत्पादयन्ति वा।।३५५।।**

x બૌદ્ધ સિદ્ધાંત જ્ઞાનની ઉત્પત્તિમાં પદાર્થને જ કારણ માને છે, તેનું જ ખંડન આ શ્લોક દ્વારા કરવામાં આવ્યું છે. કોઈ કોઈ તો જડ પદાર્થોને જ જ્ઞાનના ઉત્પાદક માને છે. તેમનું પણ ખંડન સમજવું જોઈએ.

**અર્થ :–** જો એમ કહેવામાં આવે કે સ્પર્શાદિ જ્ઞાનને ઉત્પન્ન કરે છે, પરંતુ ચેતન-દ્રવ્યમાં જ ઉત્પન્ન કરે છે. તો ચેતનદ્રવ્ય તો સ્વયં જ્ઞાનરૂપ છે, ત્યાં તેમણે શું ઉત્પન્ન કર્યું ?

સારાંશ

**ततः सिद्धं शरीरस्य पंचाक्षाणां तदर्थसात्।**
**असत्यकिंचित्करत्वं तच्चितो ज्ञानं सुखम्प्रति।।३५६।।**

**અર્થ :–** તેથી આ વાત સિદ્ધ થઈ ગઈ કે શરીર અને પાંચેય ઇન્દ્રિયો આત્માના જ્ઞાન અને સુખમાં સર્વથા અકિંચિત્કર છે અર્થાત્ કાંઈ કરી શકતા નથી.

ફરીથી શંકાકાર

**ननु देहेन्द्रियार्थेषु सत्सु ज्ञानं सुखं नृणाम्।**
**असत्सु न सुखं ज्ञानं तदकिंचित्करं कथम्।।३५७।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે મનુષ્યોને શરીર, ઇન્દ્રિયો અને પદાર્થ હોય ત્યારે જ જ્ઞાન અને સુખ થાય છે. શરીરાદિ વિના જ્ઞાન અને સુખ થતાં નથી. તો પછી શરીર, ઇન્દ્રિય અને પદાર્થ જ્ઞાન અને સુખમાં અકિંચિત્કર (કાંઈ પણ ન કરનાર) કેમ છે ?

ઉત્તર

**नैवं यतोन्वयापेक्षे व्यंजके हेतुरदर्शनात्।**
**कार्याभिव्यंजकः कोपि साधनं न विनान्वयम्।।३५८।।**

**અર્થ :–** શંકાકારે જે ઉપર કહ્યું છે તે બરાબર નથી કેમ કે શરીરાદિકને જે જ્ઞાનાદિ

પ્રત્યે હેતુ બતાવવામાં આવે છે તે અન્વયની અપેક્ષા રાખનાર વ્યંજકની અપેક્ષાથી છે. કાર્યને બતાવનાર કોઈ પણ સાધન અન્વય વિના હોઈ શકે નહિ.

**ભાવાર્થ :–** શરીરાદિ જ્ઞાન સુખને બતાવે છે તેથી તે જ્ઞાન અને સુખના વ્યંજક હેતુ છે. પરંતુ તે ત્યારે જ બતાવી શકે કે જ્યારે મૂળમાં આત્માનો અન્વય (સંબંધ) હોય. આત્મા વિના તે શરીરાદિક જ્ઞાન અને સુખને ક્યાંય ઘટપટમાં તો પ્રગટાવે ? તેથી શરીરાદિક આત્મામાં જ જ્ઞાન અને સુખ બતાવી શકે છે કેમકે જ્ઞાન, સુખ આત્માના જ ગુણ છે. જેમ દીપક પદાર્થોનો વ્યંજક છે પરંતુ તે પદાર્થોને ત્યારે જ બતાવી શકે કે જ્યારે પદાર્થ મોજૂદ હોય. પદાર્થોની હાજરી વિના કોઈ પણ દીપક પદાર્થોને બતાવી શકતો નથી. તેથી કાર્યને બતાવનાર કોઈ પણ વ્યંજક સાધન મૂળ (પદાર્થ) વિના કાંઈ કરી શકતું નથી.

દૃષ્ટાંત

**दृष्टान्तोऽगुरुगन्धस्य व्यंजकः पावको भवेत्।**
**न स्याद्विनाऽगुरुद्रव्यं गन्धस्तत्पावकस्य सः।।३५९।।**

**અર્થ :–** દૃષ્ટાંત માટે અગ્નિ છે – અગ્નિ અગર વગેરે સુગંધી પદાર્થોનો વ્યંજક છે (જણાવનાર છે.) પરંતુ તે સુગંધ, અગર વગેરે દ્રવ્ય વિના અગ્નિની થઈ શકતી નથી. અગર દ્રવ્ય હોય ત્યારે જ અગ્નિ તેની સુગંધને પ્રગટ કરે છે.

દૃષ્ટાંત

**तथा देहेन्द्रियं चार्थाः सन्त्यभिव्यंजकाः क्वचित्।**
**ज्ञानस्य तथा सौख्यस्य न स्वयं चित्सुखात्मकाः।।३६०।।**

**અર્થ :–** એવી જ રીતે (આત્માની હયાતીમાં જ) દેહ, ઇન્દ્રિય અને પદાર્થ ક્યાંક જ્ઞાન અને સુખના વ્યંજક (પ્રગટ કરનાર) છે. પરંતુ દેહાદિક સ્વયં જ્ઞાન, સુખ સ્વરૂપ નથી. એવો તો એક આત્મા જ છે.

ઉપાદાનના અભાવમાં વ્યંજક કાંઈ કરી શકતું નથી

**नाप्युपादानशून्येपि स्यादभिव्यंजिकात्सुखम्।**
**ज्ञानं वा तत्र सर्वत्र हेतुशून्यानुषङ्गतः।।३६१।।**

**અર્થ :–** ઉપાદાનની શૂન્યતામાં વ્યંજકમાત્રથી સુખ અથવા જ્ઞાન થઈ શકતા નથી. જો ઉપાદાન વિના પણ સુખ અથવા જ્ઞાન થઈ જાય તો સર્વત્ર હેતુશૂન્યતાનો પ્રસંગ આવી પડશે અર્થાત્ તો પછી હેતુ વિના પણ કાર્ય થવા માંડશે. દીપક વિના શું પદાર્થોનું પ્રકાશન થઈ શકે ? તેથી ઉપાદાન કારણ–આત્મા હોય ત્યારે જ જ્ઞાન, સુખ થઈ શકે છે.

નિષ્કર્ષ

**ततः सिद्धं गुणो ज्ञानं सौख्यं जीवस्य वा पुनः।**
**संसारे वा प्रमुक्तौ वा गुणानामनतिक्रमात्।।३६२।।**

**અર્થ :–** તેથી આ વાત સિદ્ધ થઈ કે જ્ઞાન અને સુખ જીવના જ ગુણ છે. ચાહે તે જીવ સંસારમાં હોય, ચાહે મુક્તિમાં હોય, ગુણોનું ઉલ્લંઘન ક્યાંય થતું નથી.

જ્ઞાન સુખની પૂર્ણતા મુક્તિમાં છે

**किंच साधारणं ज्ञानं सुखं संसारपर्यये।**
**तन्निरावरणं मुक्तौ ज्ञानं वा सुखमात्मनः।।३६३।।**

**અર્થ :–** સંસાર પર્યાયમાં આત્માને સાધારણ જ્ઞાન અને સુખ હોય છે અને મુક્ત થતાં તે જ આત્માને નિરાવરણ જ્ઞાન અને સુખ હોય છે.

કર્મનો નાશ થવાથી ગુણ નિર્મળ થાય છે

**कर्मणां विप्रमुक्तौ तु नूनं नात्मगुणक्षतिः।**
**प्रत्युतातीव नैर्मल्यं पङ्कापाये जलादिवत्।।३६४।।**

**અર્થ :–** કર્મોનો નાશ થતાં નિશ્ચયથી આત્માના ગુણોની ક્ષતિ (હાનિ) નથી, ઊલટી નિર્મળતા આવે છે. જેમ કીચડ દૂર થતાં જળ આદિમાં નિર્મળતા આવી જાય છે તેમ. (કર્મને આત્મામાં કીચડ જેવા ગણવા જોઈએ)

કર્મનો નાશ થવાથી વિકાર પણ દૂર થઈ જાય છે

**अस्ति कर्ममलापाये विकारक्षतिरात्मनः।**
**विकारः कर्मजो भावः कादाचित्कः सपर्ययः।।३६५।।**

**અર્થ :–** કર્મ રૂપી મળનો નાશ થતાં આત્મામાં થતા વિકારનો નાશ થઈ જાય છે. કેમકે વિકાર કર્મથી થતું પરિણામ છે. તે સદા રહેતો નથી. કદાચિત હોય છે તેથી તે ગુણ નથી, પર્યાય છે.

ગુણનો નાશ કદી થતો નથી

**नष्टे चाशुद्धपर्याये मा भूद्भ्रान्तिर्गुणव्यवे।**
**ज्ञानानन्दत्वमस्योच्चैर्नित्यत्वात्परमात्मनि।।३६६।।**

**અર્થ :–** આત્માની અશુદ્ધપર્યાયનો નાશ થતાં તેના નાશનો ભ્રમ ન કરવો જોઈએ. કેમકે જ્ઞાન અને સુખ આ આત્માના નિત્ય ગુણ છે. તે પરમાત્મામાં પૂર્ણપણે રહે છે.

દૃષ્ટાંત

**दृषदादिमलापाये यथा पावकयोगतः।**
**पीतत्वादिमगुणाभावो न स्यात्कार्तस्वरोस्ति चेत्।।३६७।।**

**અર્થ :–** જો વાસ્તવમાં સોનું હોય તો અગ્નિના નિમિત્તે પાષાણ (કીટ-કાલિમા) આદિ મળ દૂર થતાં સોનાના પીતત્વાદિ ગુણોનો નાશ કદી થતો નથી.

**ભાવાર્થ :–** સોનાનો પીળો ગુણ નિત્ય છે, તેનો નાશ કદી થતો નથી, પરંતુ તે સોનામાં જે મળ છે તે તેનો પોતાનો ગુણ નથી તેથી તેને અગ્નિ દ્વારા દૂર કરવામાં આવે છે. એવી જ રીતે આત્માના જ્ઞાન, સુખ ગુણ છે તે નિત્ય છે, પરંતુ કર્મમળ તેનો પોતાનો ગુણ નથી, તેનો નાશ થઈ જાય છે.

નૈયાયિક મત પ્રમાણે મોક્ષનું સ્વરૂપ

**एकविंशति दु:खानां मोक्षो निर्मोक्षलक्षण:।**
**इत्येके तदसज्जीवगुणानां शून्यसाधनात्।।३६८।।**

**અર્થ :–** 'एकविंशति दुःखध्वंसो मोक्षः' આ ગૌતમના સૂત્ર અનુસાર નૈયાયિકો કહે છે કે જ્ઞાન, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ પ્રયત્ન આદિ એકવીસ દુઃખોનો નાશ થવો તે જ મોક્ષ છે. તેમનું આમ કહેવું બરાબર નથી, કેમકે આવા કથનથી જીવના ગુણોની શૂન્યતા સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** નૈયાયિક દર્શનવાળા મુક્ત આત્માને જ્ઞાન, સુખાદિ રહિત જડવત્ માને છે, આવો એમનો સિદ્ધાંત સર્વથા મિથ્યા છે. મોક્ષ સુખનું સ્થાન છે કે આત્માની જ્ઞાનાદિક નિજ સંપત્તિનો અભાવ થવાથી મહાદુઃખનું સ્થાન છે ? જો મોક્ષમાં સુખ ગુણનો જ નાશ થઈ જતો હોય તો પછી એવા મોક્ષનો પ્રયત્ન શા માટે કરવામાં આવે છે ? એનાથી તો સંસાર જ સારો કે જ્યાં દુઃખ ભલે હોય પરંતુ પોતાના ગુણનો નાશ તો થતો નથી ? તેથી નૈયાયિક સિદ્ધાંત સર્વથા મિથ્યા છે. શું ક્યાંય આત્માના ગુણોનો પણ નાશ થાય છે ? તે વાસ્તવમાં નૈયાયિક (ન્યાયને જાણનાર) જ નથી. કેમકે તે પોતે પોતાના દર્શનમાં આ વાત માને છે કે 'સમવાય સંબંધ ગુણગુણીમાં હોય છે અને તે નિત્ય હોય છે' જો તે નિત્ય હોય તો મોક્ષમાં ગુણનો નાશ કેવો ? શું નૈયાયિક દર્શન આવા સ્થળે સ્વાગમબાધિત નથી થતું ? માટે મોક્ષનું લક્ષણ જૈનસિદ્ધાંતાનુસાર 'કર્મોના સર્વથા નાશથી આત્મિક ગુણોનું પ્રગટ થવું તે જ મોક્ષ છે' એ જ બરાબર છે.

નિજ ગુણનો વિકાસ દુઃખનું કારણ નથી

**न स्यान्निजगुणव्यक्तिरात्मनो दुःखसाधनम्।**
**सुखस्य मूलतो नाशादतिदुःखानुषङ्गतः।।३६९।।**

**અર્થ :–** આત્મામાં નિજ ગુણોનું પ્રગટ થવું તે દુઃખનું સાધન કદી હોય શકે નહિ. જ્યાં સુખનો જડમૂળથી નાશ માનવામાં આવે છે ત્યાં અતિ દુઃખનો પ્રસંગ અવશ્ય હોવાનો.

**ભાવાર્થ :–** સુખ અને દુઃખ બંને પ્રતિપક્ષી છે. એક સમયમાં સુખ અને દુઃખમાંથી એક કોઈ આત્મામાં અવશ્ય હશે. જો મોક્ષમાં સુખનો નાશ થઈ જતો હોય તો દુઃખનો સદ્ભાવ અવશ્યંભાવી છે. એવી સ્થિતિમાં નૈયાયિકોએ માનેલ મોક્ષ દુઃખોત્પાદક જ હશે.

સારાંશ

**निश्चितं ज्ञानस्वरूपस्य सुखरूपस्य वा पुनः।**
**देहेन्द्रियैर्विनापि स्तो ज्ञानानन्दौ परमात्मनः।।३७०।।**

**અર્થ :–** જ્ઞાનસ્વરૂપ અને સુખસ્વરૂપ પરમાત્મા છે. તેને શરીર અને ઇન્દ્રિયો વિના પણ જ્ઞાન અન સુખ છે. એ વાત નિશ્ચિત થઈ ગઈ છે અથવા પરમાત્માને નિશ્ચયથી જ્ઞાન અને સુખ બંને છે.

સમ્યગ્દ્રષ્ટિનું સ્વરૂપ

**इत्येवं ज्ञानतत्त्वोसौ सम्यग्दृष्टिर्निजात्मदृक्।**
**वैषयिके सुखे ज्ञाने रागद्वेषौ परित्यजेत्।।३७१।।**

**અર્થ :–** આ પ્રમાણે વસ્તુ સ્વરૂપને જાણનાર આ સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્માના સ્વરૂપને દેખતો થકો વિષયોથી થતા સુખ અન જ્ઞાનમાં રાગદ્વેષ કરતો નથી.

**ભાવાર્થ :–** તે વૈષયિક સુખ અને જ્ઞાનથી ઉદાસીન થઈ જાય છે.

પ્રશ્ન

**ननूल्लेखः किमेतावान् अस्ति किंवा परोप्यतः।**
**लक्ष्यते येन सद्दृष्टिर्लक्षणेनाञ्चितः पुमान्।।३७२।।**

**અર્થ :–** શું સમ્યગ્દષ્ટિના વિષયમાં આટલું જ કથન છે કે બીજું પણ છે ? એવું કોઈ લક્ષણ છે કે જેથી સમ્યગ્દષ્ટિને ઓળખી શકાય ?

ઉત્તર

**अपराण्यपि लक्ष्माणि सन्ति सम्यग्दृगात्मनः।**
**सम्यक्त्वेनाविनाभूतैर्यै संलक्ष्यते सुदृक्।।३७३।।**

**અર્થ :–** સમ્યગ્દષ્ટિના બીજા પણ ઘણા લક્ષણ છે કે જે સમ્યગ્દર્શનના અવિનાભાવી છે. તેમનાથી જ સમ્યગ્દષ્ટિ ઓળખાય છે. (જે લક્ષણ સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ તે સમ્યગ્દર્શનના અવિનાભાવી છે.)

સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ

**उक्तमाक्ष्यं सुखं ज्ञानमनादेयं दृगात्मनः।**
**नादेयं कर्म सर्वं च तद्वद दृष्टोपलब्धितः।।३७४।।**

**અર્થ :–** ઉપર જેટલું કાંઈ ઇન્દ્રિયજન્ય સુખ અને જ્ઞાન બતાવવામાં આવ્યું છે તે બધું સમ્યગ્દષ્ટિને હેય (ત્યાજ્ય) છે તથા તેવી જ રીતે સર્વ કર્મ પણ ત્યાજ્ય છે. એ વાત પ્રત્યક્ષ છે.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ

**सम्यक्त्वं वस्तुतः सूक्ष्मं केवलज्ञानगोचरम्।**
**गोचरं स्वावधिस्वान्तपर्ययज्ञानयोर्द्वयोः।।३७५।।**

**અર્થ :–** સમ્યગ્દર્શન વાસ્તવમાં આત્માનો અતિસૂક્ષ્મ ગુણ છે. તે કેવળજ્ઞાનનો વિષય છે તથા પરમાવધિ, સર્વાવધિ અને મનઃપર્યય જ્ઞાનનો પણ વિષય છે અર્થાત્ આ ત્રણે જ્ઞાનોથી જાણી શકાય છે.

પરંતુ

**न गोचरं मतिज्ञानश्रुतज्ञानद्वयोर्मनाक् ।**
**नापि देशावधेस्तत्र विषयोऽनुपलब्धितः ।।३७६।।**

**અર્થ :–** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો તે કિંચિત્ પણ વિષય નથી અને ન દેશાવધિનો ય વિષય છે. એના દ્વારા તેનો બોધ થતો નથી.

સમ્યક્ત્વમાં વિપરીતતા

**अस्त्यात्मनो गुणः कश्चित् सम्यक्त्वं निर्विकल्पकम् ।**
**तद्दृङ्मोहोदयान्मिथ्यास्वादुरूपमनादितः ।।३७७।।**

**અર્થ :–** આત્માનો એક વિલક્ષણ નિર્વિકલ્પગુણ સમ્યક્ત્વ છે. તે સમ્યગ્દર્શન દર્શનમોહનીય કર્મના ઉદયથી અનાદિકાળથી મિથ્યા સ્વાદરૂપ થઈ રહ્યો છે.

**ભાવાર્થ :–** જે મૂર્ચ્છિત કરે તેને જ મોહનીય કહે છે. જેમ કડવી તૂંબડીમાં નાખેલું મીઠું દૂધ તે તૂંબડીના નિમિત્તે કડવું થઈ જાય છે, તેવી જ રીતે દર્શન મોહનીયના નિમિત્તે તે સમ્યક્ત્વ પણ પોતાનું સ્વરૂપ છોડીને વિપરીત સ્વાદવાળું (મિથ્યાત્વ) થઈ જાય છે. તેની આવી અવસ્થા અનાદિકાળથી થઈ રહી છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય

**दैवात्कालादिसंलब्धौ प्रत्यासन्ने भवार्णवे ।**
**भव्यभावविपाकाद्वा जीवः सम्यक्त्वमश्नुते ।।३७८।।**

**અર્થ :–** દૈવયોગે (વિશેષ પુણ્યોદયે) કાળાદિ લબ્ધિઓની પ્રાપ્તિ થતાં તથા સંસાર સમુદ્ર (નો કિનારો) નિકટ રહેતાં અને ભવ્યભાવનો વિપાક થવાથી આ જીવ સમ્યકત્વ પામે છે.

**ભાવાર્થ :–** **खयुवसम विसोही देसणवाउग्ग करण लद्धोए।**
**चत्तारिवि सामण्णाकरए पुण होदि समम्त्ते।।**

ગોમ્મટસારની આ ગાથા પ્રમાણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કારણભૂત પાંચ લબ્ધિઓ બતાવવામાં આવી છે. ક્ષાયોપશમિક લબ્ધિ, કર્મોનો ક્ષયોપશમ થતાં થાય છે. કર્મોનો ક્ષયોપશમ થતાં આત્મામાં જે વિશુદ્ધતા થાય છે, તેનું જ નામ વિશુદ્ધિલબ્ધિ છે. કોઈ મુનિ આદિના ઉપદેશની પ્રાપ્તિને દેશનાલબ્ધિ કહે છે. કર્મોની સ્થિતિ ઘટીને અંતઃ ક્રોડા ક્રોડી માત્ર રહી જાય એનું જ નામ પ્રાયોગિક લબ્ધિ છે. આત્માના પરિણામોમાં જે કર્મોની સ્થિતિખંડન અને અનુભાગખંડનની શક્તિ ઉત્પન્ન થવી તેનું જ નામ કરણલબ્ધિ છે. કરણલબ્ધિ ત્રણ પ્રકારની છે. અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ.

અધઃકરણના અસંખ્યાત લોકપ્રમાણ પરિણામ હોય છે. એક સમયમાં રહેનારા અથવા ભિન્ન સમયમાં રહેનારા જીવોના પરિણામોમાં સમાનતા પણ હોય શકે છે અથવા અસમાનતા પણ હોય શકે છે. પરંતુ અપૂર્વકરણમાં એક સમયમાં રહેનારા જીવોમાં તો સમાનતા અને અસમાનતા હોય શકે છે પરંતુ ભિન્ન ભિન્ન સમયોમાં રહેનારા જીવોમાં સમાનતા હોતી નથી. પરંતુ નવા નવા જ પરિણામો હોય છે. આ કરણના પરિણામ અધઃકરણથી અસંખ્યાત લોક ગુણા છે. અનિવૃત્તિકરણમાં એક સમયમાં એક જ પરિણામ હોય છે. તે સમયમાં જેટલા કોઈ જીવ હોય તે બધાના એક જ પરિણામ હોય છે. બીજા સમયે બધાના બીજા જ પરિણામ હશે. આ કરણના પરિણામ તેના કાળના સમયો બરાબર હોય છે. આ પાંચેય લબ્ધિઓ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કારણ છે. પરંતુ એટલું વિશેષ છે કે પહેલી ચાર હોતા સમ્યગ્દર્શન હોય જ એ નિયમ નથી, પરંતુ કરણલબ્ધિ તો ત્યારે જ થાય છે કે જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અંતર્મુહૂર્ત કાળ બાકી રહી જાય છે અર્થાત્ કરણલબ્ધિ થતાં અંતર્મુહૂર્ત પછી અવશ્યમેવ સમ્યગ્દર્શન થાય છે. બીજી પણ કાળલબ્ધિ આદિ સામગ્રી સમ્યકત્વની પ્રાપ્તિમાં કારણ છે. આ બધું થયા પછી જ સમ્યકત્વ પ્રગટ થાય છે.

અહીં શ્લોકના ત્રીજા ચરણમાં પડેલા 'भव्यभावविपाकाद्वा' આ વાક્યનો આશય એ

છે કે જે સમયે આત્મામાં મિથ્યાત્વકર્મનો ઉદય રહે છે તે સમયે તે ભવ્યત્વગુણનું અપક્વ પરિણમન (અશુદ્ધ અવસ્થા) રહે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિના સમયે તે ગુણનું પક્વ પરિણમન થઈ જાય છે અર્થાત્ તે પોતાના પરિણામમાં આવી જાય છે. એ જ આશયથી ઉમાસ્વામી આચાર્યવર્યે 'औपशमिकादिभव्यत्वानाञ्च' આ સૂત્ર દ્વારા મુક્તાવસ્થામાં ભવ્યત્વભાવનો નાશ બતાવી દીધો છે. વાસ્તવમાં ભવ્યત્વભાવ પારિણામિક ગુણ છે તેનો નાશ થઈ શકતો નથી. પરંતુ તેનો આશય એ જ છે કે ભવ્યભાવનું જે મિથ્યાત્વ અવસ્થામાં અપક્વ પરિણમન થઈ રહ્યું હતું તેનો નાશ થઈ જાય છે અર્થાત્ તે ભવ્યત્વ ગુણની મલિન પર્યાયનો નાશ થઈ જાય છે. તેની નિર્મળ પર્યાય સિદ્ધોમાં સદા રહે છે. પર્યાય નાશની અપેક્ષાથી જ ઉક્ત સૂત્ર કહેવામાં આવે છે.

**प्रयत्नमन्तरेणापि दृङ्मोहोपशमो भवेत्।**
**अन्तर्मुहूर्तमात्रं च गुणश्रेण्यनतिक्रमात्।।३७९।।**

**અર્થ :–** પછી અંતર્મુહૂર્તમાં જ કોઈ પ્રયત્ન વિના દર્શનમોહનીયનો ઉપશમ થઈ જાય છે. તે અવસ્થામાં પણ ગુણ શ્રેણીના ક્રમનું ઉલ્લંઘન થતું નથી.

**अस्त्युपशमसम्यक्त्वं दृङ्मोहोपशमाद्यथा।**
**पुंसोवस्थान्तराकारं नाकारं चिद्विकल्पके।।३८०।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. તે મિથ્યાત્વ અવસ્થાથી આત્માની બીજી અવસ્થા વિશેષ છે. સમ્યગ્દર્શન આત્માનો નિર્વિકલ્પ ગુણ છે તેનું જ સ્પષ્ટ કથન નીચે કરવામાં આવે છે —

**सामान्याद्वा विशेषाद्वा सम्यक्त्वं निर्विकल्पकम्।**
**सत्तारूपं च परिणामि प्रदेशेषु परं चित्तः।।३८१।।**

**અર્થ :–** સામાન્યપણે અથવા વિશેષપણે સમ્યક્ત્વ નિર્વિકલ્પ છે, સત્તારૂપ છે અને આત્માના પ્રદેશોમાં પરિણમન કરનાર છે.

ઉલ્લેખ

**तत्रोल्लेखस्तमोनाशे तमोऽरेरिव रश्मिभिः।**
**दिशः प्रसत्तिमासेदुः सर्वतो विमलाशयाः।।३८२।।**

**અર્થ :–** સમ્યકત્વ આત્મામાં કઈ રીતે નિર્મળતા ઉત્પન્ન કરે છે. એ વિષયમાં સૂર્યનો ઉલ્લેખ છે કે જેમ સૂર્યના કિરણોથી અંધકારનો નાશ થતાં સર્વત્ર દિશાઓ નિર્મળતા ધારણ કરતી થકી પ્રસન્નતા પામે છે.

તેવી જ રીતે

**दृङ्मोहोपशमे सम्यग्दृष्टेरुल्लेख एव सः।**
**शुद्धत्वं सर्वदेशेषु त्रिधा बन्धापहारि यत्।।३८३।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મનો ઉપશમ થતાં સમ્યગ્દૃષ્ટિનો પણ તે જ ઉલ્લેખ છે અર્થાત્ તેનો આત્મા નિર્મળતા ધારણ કરતો થકો પ્રસન્નતા પામી જાય છે. તે આત્માના સર્વ પ્રદેશોમાં શુદ્ધતા થઈ જાય છે અને તે સમ્યકત્વ ત્રણ પ્રકારે (ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ) થતાં બંધનો નાશ કરે છે.

બીજો ઉલ્લેખૉ

**यथा वा मद्यधूत्तरपाकस्यास्तंगतस्य वै।**
**उल्लेखो मूर्च्छितो जन्तुरुल्लाघः स्यादमूर्च्छितः।।३८४।।**

**અર્થ :–** જેમ કોઈ મનુષ્ય દારૂ કે ધતૂરો પી લે છે તો તેને મૂર્છા આવી જાય છે, પરંતુ થોડા સમય પછી નશો ઉતરી જાય છે ત્યારે તે મૂર્છિત મનુષ્ય મૂર્છારહિત નિરોગી બની જાય છે.

તેવી જ રીતે

**दृङ्मोहस्योदयान्मूर्छा वैचित्यं वा तथा भ्रमः।**
**प्रशान्ते त्वस्य मूर्छाया नाशाज्जीवो निरामयः।।३८५।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મના ઉદયથી જીવને મૂર્છા રહ્યા કરે છે તથા તેનું ચિત્ત ઠેકાણે રહેતું નથી અને દરેક પદાર્થમાં ભ્રમ રહે છે, પરંતુ તે મોહનીય શાંત થતાં મૂર્છાનો નાશ થવાથી આ જીવ નિરોગી થઈ જાય છે.

સમ્યગ્દર્શનના લક્ષણો ઉપર વિચાર

**श्रद्धानादि गुणा बाह्यं लक्ष्म सम्यग्दृगात्मनः।**
**न सम्यक्त्वं तदेवेति सन्ति ज्ञानस्य पर्ययाः।।३८६।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિના જે શ્રદ્ધાન આદિ ગુણ બતાવ્યા છે તે બધા બાહ્ય લક્ષણ છે કેમ કે શ્રદ્ધાનાદિક સમ્યકત્વરૂપ નથી પરંતુ તે બધી જ્ઞાનની પર્યાયો છે.

**ભાવાર્થ :–** 'तत्त्वार्थश्रद्धान् सम्यग्दर्शनम्' આ સૂત્રમાં સમ્યગ્દર્શનનું લક્ષણ જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન બતાવ્યું છે. પરંતુ વાસ્તવમાં જ્ઞાન પણ તે જ છે કે જેવું હોય તેવું જાણવું અને સમ્યકત્વ પણ એ જ છે કે જેવું હોય તેવું માનવું. તેથી ઉપર્યુક્ત લક્ષણ જ્ઞાનરૂપ જ બને છે. એવી જ રીતે સમંતભદ્રસ્વામીએ જે 'श्रद्धानं परमार्थानामाप्तागमतपोभृताम्। त्रिमूढापोढमष्टाङ्ग सम्यग्दर्शनम्।।' આ શ્લોક દ્વારા દેવ, શાસ્ત્ર, ગુરુનું યથાર્થ શ્રદ્ધાન કરવું તેને સમ્યકત્વ કહ્યું છે, તે પણ જ્ઞાનની જ પર્યાય છે. તેથી આ બધા બાહ્ય લક્ષણ છે.

અને વળી

**अपि चित्सानुभूतिस्तु ज्ञानं ज्ञानस्य पर्ययात्।**
**अर्थात् ज्ञानं न सम्यक्त्वमस्ति चेद्बाह्यलक्षणम्।।३८७।।**

**અર્થ :–** વળી સમયસારના કર્તાએ આત્માનુભવને સમ્યકત્વનું લક્ષણ કહ્યું છે. તે લક્ષણ જ્ઞાનરૂપ જ બને છે કેમકે આત્માનો અનુભવ (પ્રત્યક્ષ) જ્ઞાનની જ પર્યાય વિશેષ છે. તેથી જ્ઞાનરૂપ હોવાથી એ પણ સમ્યકત્વનું લક્ષણ થઈ શકતું નથી. જો માનવામાં આવે તો કેવળી એને બાહ્ય લક્ષણ જ કહી શકે છે. X

સમ્યકત્વની દુર્લક્ષ્યતામાં દૃષ્ટાંત

**यथोल्लाघो हि दुर्लक्ष्यो लक्ष्यते स्थूललक्षणैः।**
**वा मनःकायचेष्टानामुत्साहादिगुणात्मकैः।।३८८।।**

**અર્થ :–** જેમ કોઈ રોગીની નિરોગતા જાણવી બહુ અઘરી છે પરંતુ મન અને શરીરની ચેષ્ટાઓના ઉત્સાહાદિ સ્થૂળ લક્ષણોથી તેની નિરોગતાનું જ્ઞાન કરી લેવામાં આવે છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન એક નિર્વિકલ્પ સૂક્ષ્મ ગુણ છે, તો પણ ઉપર્યુક્ત બાહ્ય લક્ષણોથી તેનું જ્ઞાન કરી લેવામાં આવે છે.

શંકાકાર

**नन्वात्मानुभवः साक्षात् सम्यक्त्वं वस्तुतः स्वयम्।**
**सर्वतः सर्वकालेऽस्य मिथ्यादृष्टेरसंभवात्।।३८९।।**

X નોટ : અહીં એ કહેવું જરૂરી છે કે સમ્યગ્દર્શનના ઉપર્યુક્ત લક્ષણ ભિન્ન ભિન્ન આચાર્યો દ્વારા ભિન્ન ભિન્ન રીતે કહેવામાં આવ્યા છે. આ વિષયમાં કોઈ કોઈ મહાશય શંકા લાવશે કે આચાર્યોના કથનમાં આ વિરોધ કેવો ? કોનું લક્ષણ સાચું માનવું અને કોનું અશુદ્ધ સમજવુ ? તથા પંચાધ્યાયીકારે બધાના લક્ષણોને જ્ઞાનની જ પર્યાય બતાવી દીધી છે તો પછી સમ્યકત્વનું સ્વરૂપ કેવી રીતે જાણી શકાય ? આવી શંકા કરનાર સજ્જનો આગળનું કથન વાંચતા જશે એટલે તેમને પોતાની જાતે જ ખબર પડી જશે કે ન તો કોઈ આચાર્યનું કથન મિથ્યા છે અને ન કોઈના કથનમાં પરસ્પર વિરોધ છે તથા વાસ્તવમાં ભિન્નતા પણ નથી, આ જે આપણને વિરોધ જેવું દેખાય છે તે કેવળ કથનાશૈલી છે. અપેક્ષાનું ધ્યાન રાખવામાં આવે તો બધા કથન અવિરોધી બની જાય છે. જેટલા કોઈ ભિન્ન ભિન્ન કથન છે તે અપેક્ષાકૃત ભેદસહિત છે. તે અપેક્ષા કઈ છે અને સમ્યકત્વ કેવી રીતે જાણી શકાય છે, આ બધી વાતોનું વિવેચન સ્વયં આગળ જતાં સ્પષ્ટ થઈ જશે.

**અર્થ :–** શંકાકાર કહે છે કે વાસ્તવમાં આત્માનુભવ જ સાક્ષાત્ સમ્યક્ત્વ છે કેમકે આત્માનુભવ મિથ્યાદૃષ્ટિને કદી ક્યાંય પણ થઈ શકતો નથી. મિથ્યાદૃષ્ટિને આત્માનુભવનું થવું અસંભવ છે. તેથી આત્માનુભવ જ સ્વયં સમ્યક્ત્વ છે ?

ઉત્તર

**नैवं यतोऽनभिज्ञोसि सत्सामान्यविशेषयोः ।**
**अप्यनाकारसाकारलिंगयोस्तद्यथोच्यते ।।३९० ।।**

**અર્થ :–** શંકાકારને આચાર્ય કહે છે કે તમારું કહેવું બરાબર નથી. તમે સામાન્ય અને વિશેષનો કાંઈ ભેદ જ સમજતા નથી અને ન અનાકાર, સાકારનું ય તમને જ્ઞાન છે. તેથી તમે સાંભળો, અમે કહીએ છીએ.

જ્ઞાનનું લક્ષણ

**आकारोर्थविकल्पः स्यादर्थः स्वपरगोचरः ।**
**सोपयोगो विकल्पो वा ज्ञानस्यैतद्धि लक्षणम् ।।३९१ ।।**

**અર્થ :–** અર્થ વિકલ્પને આકાર કહે છે. સ્વપર પદાર્થનું નામ અર્થ છે. ઉપયોગ અવસ્થાનું નામ વિકલ્પ છે. આ જ્ઞાનનું લક્ષણ છે.

**ભાવાર્થ :–** આત્મા અને બીજા પદાર્થોનું ઉપયોગાત્મક ભેદવિજ્ઞાન થવું, તે જ આકાર કહેવાય છે. આ જ આકાર જ્ઞાનનું લક્ષણ છે. પદાર્થોના ભેદાભેદ સહિત નિશ્ચયાત્મક જ્ઞાનને જ આકાર કહે છે અર્થાત્ પદાર્થોને જાણવા તે જ આકાર કહેવાય છે. આ જ્ઞાનનું જ સ્વરૂપ છે.

અનાકારતા

**नाकारः स्यादनाकारो वस्तुतो निर्विकल्पता ।**
**शेषानन्तगुणानां तल्लक्षणं ज्ञानमन्तरा ।।३९२ ।।**

**અર્થ :–** આકારનું સ્વરૂપ ઉપર કહી ગયા છીએ. તે આકારનું ન થવું તે જ અનાકાર કહેવાય છે. વાસ્તવમાં તેનું જ નામ નિર્વિકલ્પપણું છે. તે નિર્વિકલ્પતા અથવા અનાકારતા જ્ઞાન સિવાયના બાકીના બધા અનંત ગુણોનું લક્ષણ છે.

**ભાવાર્થ :–** જેના દ્વારા પદાર્થનો વિચાર થઈ શકે, સ્વરૂપનું વિજ્ઞાન થઈ શકે, તે વિકલ્પાત્મક કહેવાય છે. એવું જ્ઞાન જ છે બાકીના બધા ગુણો ન તો કથનમાં આવી શકે છે અને ન સ્પષ્ટતાથી તેમનું સ્વરૂપ પણ કહી શકાય છે. તેથી તે નિર્વિકલ્પ છે. જ્ઞાન સ્વપરના સ્વરૂપનો નિશ્ચય કરે છે, તેથી તે વિકલ્પાત્મક છે અને બાકીના ગુણો એનાથી ઊલટા છે, નિર્વિકલ્પ છે.

શંકાકાર

**नन्वस्ति वास्तवं सर्वं सत्सामान्यं विशेषवत्।**
**तत्किं किञ्चिदनाकारं किञ्चित्साकारमेव तत्।।३९३।।**

**અર્થ :–** સત્ સામાન્ય અને સત્ વિશેષ બંનેય વાસ્તવિક છે તો પછી કોઈ અનાકાર અને કોઈ સાકાર છે. એમ શા માટે ?

ઉત્તર

**सत्यं सामान्यवज्ज्ञानमर्थाच्चास्ति विशेषवत्।**
**यत्सामान्यमनाकारं साकारं यद्विशेषभाक्।।३९४।।**

**અર્થ :–** એ વાત બરાબર છે કે જ્ઞાન બંનેય પ્રકારનું હોય છે. સામાન્ય પ્રકારે અને વિશેષ પ્રકારે. તે બંનેમાં જે સામાન્ય છે તે અનાકાર છે અને જે વિશેષ છે તે સાકાર છે.

**ભાવાર્થ :–** સૌથી પહેલાં ઇન્દ્રિય અને પદાર્થનો સંયોગ થતાં જે વસ્તુનો સત્તા માત્ર બોધ થાય છે તેનું જ નામ દર્શન છે. તેમાં વસ્તુનો નિર્ણય થઈ શકતો નથી. દર્શન જ્ઞાનની પહેલાં હોય છે, તેની પછી જ વસ્તુનું જ્ઞાન થાય છે કે આ અમુક વસ્તુ છે

એનું જ નામ અવગ્રહાત્મક જ્ઞાન છે. પછી ઉત્તરોત્તર વિશેષ બોધ થાય છે તેને ક્રમપૂર્વક ઇહા, અવાય, ધારણા કહે છે. જેવી રીતે દર્પણનો સ્વભાવ છે કે તેની અંદર પ્રતિબિંબ પડવાથી તે દર્પણ પદાર્થાકારે થઈ જાય છે તેવી જ રીતે જ્ઞાનનો સ્વભાવ છે કે તે પણ જે પદાર્થનો વિષય કરે છે તે જ પદાર્થના આકારે થઈ જાય છે. પદાર્થાકાર થતાં જ તે વસ્તુનો બોધ કહેવાય છે. તેથી જ્ઞાન સાકાર છે. અને દર્શન નિરાકાર છે. બીજી વાત એ પણ છે કે જ્ઞાનમાં વસ્તુના વિશેષણવિશેષ્ય સંબંધનો નિર્ણય થાય છે તેથી તે સાકાર છે અને બીજા ગુણ નિરાકાર છે તથા જ્ઞાન પોતાના સ્વરૂપનું પણ જ્ઞાન કરાવે છે, તેથી સાકાર છે. બીજા ગુણો પોતાનું પણ સ્વરૂપ પ્રગટ કરી શકતા નથી, તેથી નિરાકાર છે.

અહીં દર્શન (આ દર્શન સમ્યગ્દર્શનથી સર્વથા ભિન્ન છે) નું એક દૃષ્ટાંત માત્ર આપ્યું છે. વાસ્તવમાં જ્ઞાન સિવાયના બધા ગુણો અનાકાર છે.

### જ્ઞાન સિવાય બધા ગુણો નિરાકાર છે

**ज्ञानाद्विना गुणाः सर्वे प्रोक्ताः सल्लक्षणाङ्किताः ।**
**सामान्याद्वा विशेषाद्वा सत्यं नाकारमात्रकाः ।।३९५।।**

**અર્થ :–** જ્ઞાન સિવાયના બાકીના બધા ગુણ સત્ માત્ર છે. ભલે તે સામાન્ય ગુણ હોય કે વિશેષ ગુણ હોય, બધા આકારરહિત છે અર્થાત્ નિર્વિકલ્પક છે.

**ભાવાર્થ :–** જ્ઞાન સિવાયના બધા ગુણ પોતાની સત્તામાત્ર રાખે છે. જ્ઞાન જ એક એવો ગુણ છે કે જે પોતાની સત્તાથી પોતાનો અને બીજાનો બોધ કરાવે છે. તેથી એ જ સાકાર છે.

### અનાકારતાનું ફળ

**ततो वक्तुमशक्यत्वात् निर्विकल्पस्य वस्तुनः ।**
**तदुल्लेखं समालेख्य ज्ञानद्वारा निरूप्यते ।।३९६।।**

**અર્થ :–** તેથી જે નિર્વિકલ્પ વસ્તુ છે, તેનું કથન જ થઈ શકતું નથી, તે વચનથી અગોચર છે. તેથી તેનો ઉલ્લેખ જ્ઞાન દ્વારા કરવામાં આવે છે.

જ્ઞાનનું સ્વરૂપ

**स्वापूर्वार्थद्वयोरेव ग्राहकं ज्ञानमेकशः।**
**नात्र ज्ञानमपूर्वार्थो ज्ञानं ज्ञानं परः परः।।३९७।।**

**અર્થ :–** સ્વ અને અનિશ્ચિત પદાર્થ, બંનેના ય સ્વરૂપનું ગ્રાહક જ્ઞાન છે, તે બંનેનો ય એક સમયમાં નિશ્ચય કરાવે છે, પરંતુ અનિશ્ચિત પદાર્થનો નિશ્ચય કરાવતી વખતે જ્ઞાન સ્વયં તે પદાર્થ રૂપ થઈ જતું નથી. જ્ઞાન જ્ઞાન જ રહે છે અને પદાર્થ પર જ રહે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે દીપક પોતાનું સ્વરૂપ પણ પોતે દેખાડે છે અને સાથે જ બીજા ઘટપટાદિ પદાર્થોને પણ દેખાડે છે. તેવી જ રીતે જ્ઞાન પણ પોતાના સ્વરૂપનો બોધ કરાવે છે અને સાથોસાથ પરપદાર્થોનો પણ બોધ કરાવે છે. પરંતુ પરપદાર્થોનો બોધ કરાવતી વખતે તે જ્ઞાન સ્વયં પરપદાર્થ રૂપે થતું નથી. તે પર પદાર્થાકારે હોવા છતાં પણ પોતાના જ સ્વરૂપમાં છે. પદાર્થાકાર થવું તે જ્ઞાનનું નિજ સ્વરૂપ છે.

સ્વાર્થ, પરાર્થમાં ભેદ

**स्वार्थो वै ज्ञानमात्रस्य ज्ञानमेकं गुणश्चितः।**
**परार्थस्वार्थसम्बन्धी गुणाः शेषे सुखादयः।।३९८।।**

**અર્થ :–** જ્ઞાન સ્વાર્થ પરાર્થ બંનેનો નિશ્ચય કરાવે છે. અહીં જ્ઞાનનો સ્વાર્થ તો શું છે ? અને પરાર્થ શું છે ? એ જ બતાવે છે – પોતાના સ્વરૂપે જે પદાર્થ છે તે જ સ્વાર્થ છે. પોતાના સ્વરૂપ પદાર્થ જ્ઞાનનું જ્ઞાન જ છે. આત્માનો જ્ઞાનરૂપ જે ગુણ છે તે જ જ્ઞાન ગુણ, જ્ઞાનનો સ્વાર્થ છે. બાકી બધું પરાર્થ છે. પર સ્વરૂપ જે પદાર્થ છે તે પરાર્થ છે. પર સ્વરૂપ પદાર્થ જ્ઞાનથી પર જ હોય. પરંતુ પરાર્થ પણ સ્વાર્થ – જ્ઞાન સાથે સંબંધ રાખે છે. તેથી આત્મામાં જેટલા કોઈ સુખાદિક અનંત ગુણ છે તે

બધા જ્ઞાનના પરાર્થ છે, પરંતુ તે બધા જ્ઞાન સાથે સંબંધ અવશ્ય રાખે છે.

**ભાવાર્થ :–** જ્ઞાન પોતાના સ્વરૂપનું નિશ્ચાયક છે અને બીજા જેટલા આત્મિક ગુણ છે તેમનું પણ નિશ્ચાયક છે. તેથી જ્ઞાન સ્વાર્થ અને પરાર્થ બંનેનું નિશ્ચાયક છે. એટલું વિશેષ છે કે જ્ઞાન ઘટપટાદિ પર પદાર્થોનું પણ નિશ્ચાયક છે. પરંતુ તે ઘટપટાદિથી સર્વથા ભિન્ન છે જ્યારે સુખાદિ ગુણોથી સર્વથા ભિન્ન નથી. સુખાદિકની સાથે જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ છે તો પણ જ્ઞાન ગુણ ભિન્ન છે અને અન્ય અનંત ગુણ ભિન્ન છે.

ગુણ બધા જુદા જુદા છે

**तद्यथा सुखदु:खादिभावो जीवगुणः स्वयं।**
**ज्ञानं तद्वेदकं नूनं नार्थाज्ज्ञानं सुखादिमत्।।३९९।।**

**અર્થ :–** સુખદુઃખાદિભાવ જીવના જ ગુણ છે, જ્ઞાન તે બધાને જાણે છે પરંતુ તે સુખાદિરૂપ સ્વયં નથી. દુઃખ ગુણની વિભાવપર્યાય છે.

**ભાવાર્થ :–** અનંત ગુણોનું તાદાત્મ્ય હોવા છતાં પણ ભિન્ન ભિન્ન કાર્યોની અપેક્ષાએ બધા ગુણ ભિન્ન ભિન્ન છે. પરંતુ બીજા ગુણોથી જ્ઞાન ગુણ વિશેષ છે. બીજા ગુણ નિર્વિકલ્પ (સ્વ-પરના અવેદક) છે અને જ્ઞાન ગુણ સવિકલ્પ (સ્વ-પરને જાણનાર) છે.

સમ્યગ્દર્શન વચનથી અગોચર છે

**सम्यक्त्वं वस्तुतः सूक्ष्ममस्ति वाचामगोचरम्।**
**तस्माद्वक्तुं च श्रोतुं च नाधिकारी विधिक्रमात्।।४००।।**

**અર્થ :–** સમ્યગ્દર્શન વાસ્તવમાં આત્માનો સૂક્ષ્મ ગુણ છે, તે વચનોથી ગોચર નથી અર્થાત્ વચનો દ્વારા આપણે તેનું કથન કરી શકતા નથી. તેથી તેને કહેવા કે સાંભળવા માટે વિધિક્રમે કોઈ અધિકારી હોય શકે નહિ.

તો પછી સમ્યકત્વ કેવી રીતે જણાય ?

**प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः।**
**स्वानुभूत्येकहेतुश्च तस्मात्तत्परमं पदम्।।४०१।।**

**અર્થ :–** બસ આત્માનો એક જ્ઞાન ગુણ જ પ્રસિદ્ધ છે કે જે દરેક પદાર્થની સિદ્ધિ કરાવે છે. સમ્યગ્દર્શનને જાણવા માટે સ્વાનુભૂતિ જ એક હેતુ છે તેથી તે જ સર્વોત્કૃષ્ટ વસ્તુ છે.

સ્વાનુભૂતિનું સ્વરૂપ

**तत्राप्यात्मानुभूतिः सा विशिष्टं ज्ञानमात्मनः।**
**सम्यक्त्वेनाविनाभूतमन्वयाद्व्यतिरेकतः।।४०२।।**

**અર્થ :–** તે આત્માનુભૂતિ આત્માનું જ્ઞાનવિશેષ છે અને તે જ્ઞાનવિશેષ સમ્યગ્દર્શનની સાથે અન્વય અને વ્યતિરેક બંને રીતે અવિનાભાવ રાખે છે.

**ભાવાર્થ :–** જે જેના હોવાથી હોય તેને અન્વય કહે છે અને જે જેના ન હોવાથી ન હોય તેને વ્યતિરેક કહે છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ આત્મામાં શુદ્ધ અનુભવ (સ્વાનુભૂતિ) થાય છે, સમ્યગ્દર્શન વિના શુદ્ધ અનુભવ થતો નથી. તેથી સ્વાનુભૂતિનો (શુદ્ધનો) સમ્યગ્દર્શનની સાથે સર્વથા અવિનાભાવ (સહભાવ) છે.

સમ્યકત્વને કહેવાને યોગ્યતા

**ततोऽस्ति योग्यता वक्तुं व्याप्तेः सद्भावस्तयोः।**
**सम्यक्त्वं स्वानुभूतिः स्यात्साचेच्छुद्धनयात्मिका।।४०३।।**

**અર્થ :–** સમ્યકત્વ અને સ્વાનુભૂતિની જો સાથોસાથ વ્યાપ્તિ હોય (સહભાવીપણું) તો પછી સમ્યગ્દર્શન પણ રૂપાંતરથી કહેવા યોગ્ય બની જાય છે. એમ કહી શકાય છે કે સ્વાનુભૂતિ પણ સમ્યકત્વ છે, પરંતુ તે સ્વાનુભૂતિ શુદ્ધનય સ્વરૂપ હોય તો.

**ભાવાર્થ :–** જ્યારે આત્મામાં શુદ્ધ સ્વાનુભૂતિ થઈ જાય છે ત્યારે તેના દ્વારા તેના અવિનાભાવી સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું જ્ઞાન થઈ જાય છે. તેથી શુદ્ધ સ્વાનુભૂતિને જ સમ્યકત્વ કહી દેવામાં આવ્યું છે.

વ્યાપ્તિ ભેદ

**किञ्चास्ति विषमव्याप्तिः सम्यक्त्वानुभवद्वयोः ।**
**नोपयोगे समव्याप्तिरस्ति लब्धिविधौ तु सा ।।४०४।।**

**અર્થ :–** વિશેષ એટલું છે કે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ આ બંનેમાં વિષમવ્યાપ્તિ છે કેમકે ઉપયોગાવસ્થામાં સમવ્યાપ્તિ હોય શકતી નથી. પરંતુ લબ્ધિરૂપ જ્ઞાનની સાથે તો સમ્યકત્વની સમવ્યાપ્તિ છે.

**ભાવાર્થ :–** જે વ્યાપ્તિ બંને તરફથી હોય છે તેને સમવ્યાપ્તિ કહે છે. જેમકે જ્યાં જ્યાં અચેતનપણું છે ત્યાં ત્યાં જડપણું છે અને જ્યાં જ્યાં જડપણું છે ત્યાં ત્યાં અચેતનપણું છે, તથા જે વ્યાપ્તિ એક તરફથી જ સંબંધ રાખે છે તે વિષમવ્યાપ્તિ કહેવાય છે. જેમ– જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે અને જ્યાં જ્યાં અગ્નિ હોય છે ત્યાં ત્યાં ધુમાડો હોય પણ છે, નથી પણ હોતો. સળગતા કોલસામાં અગ્નિ તો છે પરંતુ ધુમાડો નથી તેથી ધુમાડાની વ્યાપ્તિ તો અગ્નિની સાથે છે અર્થાત્ ધુમાડો તો અગ્નિ વિના રહેતો નથી. પરંતુ અગ્નિની ધુમાડાની સાથે વ્યાપ્તિ નથી. એવી વ્યાપ્તિ એકતરફી વ્યાપ્તિ (વિષમ) કહેવાય છે.

અહીં પ્રકરણમાં સ્વાનુભૂતિની બે અવસ્થાઓ છે. એક તો ક્ષયોપશમ જ્ઞાન (લબ્ધિ) રૂપ અવસ્થા, બીજી ઉપયોગાત્મક જ્ઞાનરૂપ અવસ્થા. ઉપયોગાત્મક જ્ઞાન કોઈ કોઈ વાર હોય છે. પ્રત્યેક સમયે ઉપયોગ હોતો નથી પરંતુ ક્ષયોપશમરૂપ જ્ઞાન સદા રહે છે. તેથી ક્ષયોપશમરૂપ સ્વાનુભવની તો સમ્યકત્વની સાતે સમવ્યાપ્તિ છે. સમ્યકત્વ હોતા ક્ષયોપશમરૂપ સ્વાનુભવ હોય છે અને ક્ષયોપશમરૂપ સ્વાનુભવ હોતાં સમ્યકત્વ હોય છે. સમ્યકત્વ હોતાં ઉપયોગાત્મક સ્વાનુભવ થઈ પણ જાય અને ન પણ હોય, નિયમ નથી. હા, ઉપયોગાત્મક સ્વાનુભવ હોતાં અવશ્ય જ સમ્યગ્દર્શનની પ્રગટતા હોય છે. તેથી આ વિષમવ્યાપ્તિ છે.

તેનો જ ખુલાસો

**तद्यया स्वानुभूतौ वा तत्काले वा तदात्मनि।**
**अस्त्यवश्यं हि सम्यक्त्वं यस्मात्सां न विनापि तत्।।४०५।।**

**અર્થ :–** જે આત્મામાં જે કાળે સ્વાનુભૂતિ છે, તે આત્મામાં તે સમયે અવશ્ય જ સમ્યકત્વ છે કેમકે સમ્યકત્વ વિના સ્વાનુભૂતિ થઈ શકતી નથી.

**यदि वा सति सम्यक्त्वे स स्याद्वा नोपयोगवान्।**
**शुद्धस्यानुभवस्तत्र लब्धिरूपोस्ति वस्तुतः।।४०६।।**

**અર્થ :–** અથવા સમ્યગ્દર્શન હોતાં શુદ્ધાત્માનો ઉપયોગાત્મક અનુભવ હોય પણ અને ન પણ હોય, પરંતુ સમ્યકત્વ હોતાં સ્વાનુભવઆવરણકર્મ (મતિજ્ઞાનાવરણ)ના ક્ષયોપશમરૂપ (લબ્ધિ) જ્ઞાન અવશ્ય હોય છે.

લબ્ધિરૂપ જ્ઞાનનું કારણ

**हेतुस्तत्रापि सम्यक्त्वोत्पत्तिकालेस्त्यवश्यतः।**
**तज्ज्ञानावरणस्योच्चैरस्त्यवस्थान्तरं स्वतः।।४०७।।**

**અર્થ :–** સમ્યકત્વ થતાં લબ્ધિરૂપ સ્વાનુભૂતિ અવશ્ય થઈ જાય છે. આમ થવામાં કારણ પણ એ જ છે કે જે સમયે સમ્યકત્વની ઉત્પત્તિ થાય છે, તે જ સમયે સ્વાનુભૂત્યાવરણ-કર્મ (મતિજ્ઞાનાવરણ વિશેષ)ની અવસ્થા બદલાઈ જાય છે અર્થાત્ ક્ષયોપશમ થઈ જાય છે.

છદ્મસ્થને ઉપયોગ સદા રહેતો નથી પરંતુ લબ્ધિ રહે છે

**यस्माज्ज्ञानमनित्यं स्याच्छद्मस्थस्योपयोगवत्।**
**नित्यं ज्ञानमछद्मस्थे छद्मस्थस्य च लब्धिमत्।।४०८।।**

**અર્થ :–** છદ્મસ્થ (અલ્પજ્ઞ) પુરુષનો ઉપયોગ એકસરખો રહેતો નથી, કોઈ વાર અમુક પદાર્થોના વિષયમાં હોય છે અને કોઈવાર બીજા પદાર્થના વિષયમાં હોય છે તથા કોઈ વાર નિદ્રાદિ અવસ્થાઓમાં ઉપયોગરહિત જ્ઞાન પણ રહે છે. તેથી છદ્મસ્થોનું ઉપયોગાત્મક જ્ઞાન અનિત્ય હોય છે. પરંતુ સર્વજ્ઞનું ઉપયોગાત્મક જ્ઞાન સદા નિત્ય રહે છે. છદ્મસ્થોને ક્ષયોપશમ (લબ્ધિ)રૂપ જ્ઞાન નિત્ય રહે છે.

સારાંશ

**नित्यं सामान्यमात्रत्वात् सम्यक्त्वं निर्विशेषतः।**
**तत्सिद्धा विषमप्याप्तिः सम्यक्त्वानुभवद्वयोः।।४०९।।**

**અર્થ :–** સમ્યગ્દર્શન પણ સામાન્ય રીતે નિત્ય જ છે તેથી સમ્યકત્વ અને અનુભવ બંનેમાં વિષમવ્યાપ્તિ છે.

**ભાવાર્થ :–** સમ્યકત્વ નિત્ય છે એનો આશય એ જ છે કે ઉપયોગની જેમ તે સતત બદલાતું નથી તથા લબ્ધિરૂપ અનુભવ પણ નિત્ય છે તેથી સમ્યકત્વ અને લબ્ધિરૂપ અનુભવની તો સમવ્યાપ્તિ છે. પરંતુ સમ્યકત્વ અને ઉપયોગાત્મક અનુભવની વિષમવ્યાપ્તિ જ છે કેમકે ઉપયોગાત્મક જ્ઞાન સદા રહેતું નથી.

પ્રતિજ્ઞા

**अपि सन्ति गुणाः सम्यक् श्रद्धानादि विकल्पकाः।**
**उद्देशो लक्षणं तेषां तत्परीक्षाधुनोच्यते।।४१०।।**

**અર્થ :–** સ્વાનુભૂતિની સાથે સાથે રહેનારા સમ્યક્ શ્રદ્ધાન આદિ બીજા પણ ઘણા ગુણ છે. ગ્રંથકાર કહે છે કે હવે તેમનો ઉદ્દેશ્ય, લક્ષણ, પરીક્ષા બતાવે છે.

ઉદ્દેશ્ય

**तत्रोद्देशो यथा नाम श्रद्धारुचिप्रतीतयः।**
**चरणं च यथाम्नायमर्थातत्त्वार्थगोचरम्।।४११।।**

**અર્થ :–** આમ્નાય (શાસ્ત્ર–પદ્ધતિ) અનુસાર અર્થાત્ જીવાદિ તત્ત્વોના વિષયમાં શ્રદ્ધા કરવી, રુચિ કરવી, પ્રતીતિ કરવી, આચરણ કરવું, આ બધું કથન ઉદ્દેશ્ય કહેવાય છે

લક્ષણ

**तत्त्वार्थाभिमुखी बुद्धिः श्रद्धा सात्मयं रुचिस्तथा।**
**प्रतीतिस्तु तथेति स्यात्स्वीकारश्चरणं क्रिया।।४१२।।**

**અર્થ :–** તત્ત્વાર્થ (જીવાદિ તત્ત્વ) ની સન્મુખ બુદ્ધિ થવી અર્થાત્ તત્ત્વાર્થ જાણવા માટે બુદ્ધિ ઉદ્યત થાય તે શ્રદ્ધા કહેવાય છે અને તત્ત્વાર્થમાં આત્મિકભાવ થાય તે રુચિ કહેવાય છે. 'તે તેમજ છે' એવો સ્વીકાર કરવો તે પ્રતીતિ કહેવાય છે અને તેને અનુકૂળ ક્રિયા કરવી તે ચરણ – આચરણ કહેવાય છે.

**ભાવાર્થ :–** શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ અને આચરણ (ચારિત્ર) આ ચારેય ક્રમથી થાય છે. 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' આ સૂત્રમાં જે શ્રદ્ધાનનું લક્ષણ છે, તે આ શ્લોકમાં કહેલી શ્રદ્ધાથી ભિન્ન છે. પરંતુ વાસ્તવમાં અપેક્ષાકૃત જ ભેદ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન અને પ્રતીતિ, બંને એક જ વાત છે. પ્રતીતિમાં તત્ત્વાર્થનો સ્વીકાર છે અને શ્રદ્ધાન પણ એનું જ નામ છે કે વસ્તુને જાણીને તેનો તે જ રૂપે સ્વીકાર કરવો. શ્રદ્ધા શ્રદ્ધાનની પૂર્વપર્યાય છે. એ જ અપેક્ષાકૃત ભેદ છે.

શ્રદ્ધા આદિ કહેવાનું પ્રયોજન

**अर्थादाद्यत्रिकं ज्ञानं ज्ञानस्यैवात्र पर्ययात्।**
**चरणं वाक्कायचेतोभिर्व्यापारः शुभकर्मसु।।४१३।।**

**અર્થ :–** શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ આ ત્રણેય જ્ઞાનસ્વરૂપ છે કેમકે ત્રણેય જ્ઞાનની પર્યાય છે તથા આચરણ–ચારિત્ર મન, વચન, કાયાનો શુભ કાર્યોમાં થતો વ્યાપાર છે.

શ્રદ્ધાદિક સમ્યગ્દર્શન વિના પણ હોય શકે છે

**व्यस्ताश्चैते समस्ता वा सद्दृष्टेर्लक्षणं न वा।**
**सपक्षे वा विपक्षे वा सन्ति यद्वा न सन्ति वा।।४१४।।**

**અર્થ :–** શ્રદ્ધા, રુચિ આદિ ચારેય સમ્યગ્દ્રષ્ટિના લક્ષણ હોય પણ શકે અને ન પણ હોય શકે. જો એ સમ્યગ્દ્રષ્ટિના લક્ષણ હોય તો ભિન્ન ભિન્ન અવસ્થામાં પણ હોય શકે છે અને સમુદાય અવસ્થામાં પણ હોઈ શકે છે. ભલે એ સમ્યગ્દ્રષ્ટિના સપક્ષમાં હોય કે વિપક્ષમાં હોય અર્થાત્ સમ્યગ્દર્શન સાથે સાથે હોય અથવા મિથ્યાદર્શનની સાથે સાથે હોય, કાંઈ નિયમ નથી અથવા શ્રદ્ધાદિ સમ્યગ્દ્રષ્ટિને હોય અથવા ન પણ હોય, એવો પણ કોઈ નિયમ નથી.

**ભાવાર્થ :–** શ્રદ્ધાદિક સમ્યગ્દ્રષ્ટિને પણ હોય શકે છે અને મિથ્યાદ્રષ્ટિને પણ હોય શકે છે. ભિન્ન ભિન્ન પણ હોય શકે છે અને સમસ્ત પણ હોય શકે છે. સમ્યગ્દર્શન થતાં થઈ પણ જાય અને ન પણ થાય, એવો કોઈ પણ નિયમ નથી. સમ્યગ્દર્શનની સાથે શ્રદ્ધા સમ્યગ્દર્શનનું લક્ષણ અને પર્યાય છે, મિથ્યાદર્શનની શ્રદ્ધા વિપરીત શ્રદ્ધા છે.

સમ્યગ્દર્શન વિના શ્રદ્ધાદિક ગુણ નથી

**स्वानुभूतिं सनाथाश्चेत् सन्ति श्रद्धादयो गुणाः।**
**स्वानुभूतिं विनाऽऽभासा नार्थाच्छ्रद्धादयो गुणाः।।४१५।।**

**અર્થ :–** જો શ્રદ્ધાદિક ગુણ અને સ્વાનુભૂતિની સાથે હોય તો તે ગુણ (સમ્યગ્દર્શનના લક્ષણ) સમજવામાં આવે છે અને સ્વાનુભૂતિ વિના ગુણાભાસ સમજવામાં આવે છે અર્થાત્ સ્વાનુભૂતિના અભાવમાં શ્રદ્ધાદિ ગુણ ગણવામાં આવતા નથી.

સારાંશ

**तत्स्याच्छ्रद्धादयः सर्वे सम्यक्त्वं स्वानुभूतिमत्।**
**न सम्यक्त्वं तदाभासा मिथ्याश्रद्धादिवत् स्वतः।।४१६।।**

**અર્થ :–** તેથી ઉપરના કથનનનો એ જ સારાંશ છે કે શ્રદ્ધા આદિ ચારેય જો સ્વાનુભૂતિની સાથે હોય તો તે જ શ્રદ્ધા આદિ સમ્યગ્દર્શન માનવામાં આવે છે અને જો શ્રદ્ધા આદિ મિથ્યારૂપ હોય – મિથ્યા શ્રદ્ધા આદિ હોય તો સમ્યકત્વ માનવામાં આવતા નથી. પરંતુ શ્રદ્ધાભાસ અને રુચ્યાભાસ માનવામાં આવે છે.

**ભાવાર્થ :–** સ્વાનુભૂતિ સમ્યકત્વનો અવિનાભાવી ગુણ છે. જેમ અવિનાભાવી હોવાથી સ્વાનુભૂતિને જ સમ્યગ્દર્શન કહે છે તેવી જ રીતે સ્વાનુભૂતિની સાથે જો શ્રદ્ધા આદિ હોય તો તેમને પણ સમ્યગ્દર્શન કહેવું જોઈએ. પરંતુ જો શ્રદ્ધા આદિ મિથ્યાત્વની સાથે હોય તો તેમને સમ્યગ્દર્શન કહેવું ન જોઈએ. પરંતુ શ્રદ્ધાભાસ, રુચ્યાભાસ અને સમ્યકત્વાભાસ સમજવા જોઈએ.

### સામાન્ય શ્રદ્ધાદિ પણ સમ્યકત્વના ગુણ નથી

**सम्यङ् मिथ्याविशेषाभ्यां विना श्रद्धादिमात्रकाः।**
**सपक्षवद्विपक्षेपि वृत्तित्वाद् व्यभिचारिणः।।४१७।।**

**અર્થ :–** જો શ્રદ્ધા આદિ ન તો સમ્યક્ વિશેષણ રાખતા હોય અને ન મિથ્યા વિશેષણ પણ રાખતા હોય તો તેઓ સપક્ષની જેમ વિપક્ષમાં પણ રહી શકે છે. તેથી વ્યભિચારી છે.

**ભાવાર્થ :–** સામાન્ય શ્રદ્ધા આદિને ન તો સમ્યગ્દર્શનસહિત કહી શકીએ અને ન મિથ્યાદર્શનસહિત પણ કહી શકીએ છીએ. આવી સંદિગ્ધ અવસ્થામાં તે સમ્યક્ કે મિથ્યા વિશેષણરહિત સામાન્ય શ્રદ્ધા આદિ પણ સદોષ છે.

### આનું જ સ્પષ્ટીકરણ

**अर्थाच्छ्रद्धादयः सम्यग्दृष्टिः श्रद्धादयो यतः।**
**मिथ्या श्रद्धादयो मिथ्या नार्थाच्छ्रद्धादयो यतः।।४१८।।**

**અર્થ :–** અર્થાત્ શ્રદ્ધા આદિ એ સમ્યક્ (યથાર્થ) હોય તો તે શ્રદ્ધાદિ કહેવાય છે. પરંતું જો શ્રદ્ધાદિ મિથ્યા (અયથાર્થ) હોય તો તે શ્રદ્ધાદિ કહેવાતા નથી. પરંતુ મિથ્યા

માનવામાં આવે છે.

**ભાવાર્થ :–** શ્રદ્ધાદિ કહેવાથી સમ્યક્ શ્રદ્ધા આદિનો જ બોધ થાય છે. જો સમ્યક્ ન હોય તો તેમને શ્રદ્ધાદિક ન કહેતાં મિથ્યા શ્રદ્ધાદિ કહેવા જોઈએ.

શંકાકાર

**ननु तत्त्वरुचिः श्रद्धा श्रद्धामात्रैकलक्षणात्।**
**सम्यङ् मिथ्याविशेषाभ्यां सा द्विधा तत्कुतोर्थतः।।४१९।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે તત્ત્વરુચિનું નામ જ શ્રદ્ધા છે કેમકે શ્રદ્ધાનું લક્ષણ શ્રદ્ધામાત્ર જ છે. તો પછી તે શ્રદ્ધા સમ્યક્શ્રદ્ધા અને મિથ્યાશ્રદ્ધા એવા બે ભેદવાળી વાસ્તવમાં કેવી રીતે થઈ જાય ?

ઉત્તર

**नैवं यतः समव्याप्तिः श्रद्धा स्वानुभवद्वयोः।**
**नूनं नानुपलब्धेर्थे श्रद्धा खरविषाणवत्।।४२०।।**

**અર્થ :–** શંકાકારનું ઉક્ત કથન બરાબર નથી. કેમકે શ્રદ્ધા અને સ્વાનુભૂતિ, આ બંનેમાં સમવ્યાપ્તિ છે અર્થાત્ બંનેય સાથે થાય છે, તેથી અનુપલબ્ધ પદાર્થમાં ગધેડાના શિંગડાની જેમ શ્રદ્ધા નિશ્ચયથી હોય શકે નહિ.

**विना स्वार्थानुभूतिं तु या श्रद्धा श्रुतमात्रतः।**
**तत्त्वार्थानुगताप्यर्थाच्छ्रद्धा नानुपलब्धितः।।४२१।।**

**અર્થ :–** સ્વપદાર્થના અનુભવ વિના જે શ્રદ્ધા કેવળ શ્રવણથી અથવા શાસ્ત્રજ્ઞાનથી જ છે તે તત્ત્વાર્થને અનુકૂળ હોવા છતાં પણ પદાર્થની ઉપલબ્ધિ ન હોવાથી શ્રદ્ધા કહેવાતી નથી.

**ભાવાર્થ :–** સ્વ અર્થની અનુભૂતિ વિના થયેલી શ્રદ્ધા વાસ્તવમાં શ્રદ્ધા નથી અને ન તેને સમ્યગ્દર્શન પણ કહી શકીએ છીએ કેમકે તેમાં આત્મતત્ત્વ વિષય બનતો નથી.

**लब्धिः स्यादविशेषाद्वा सदसतोरुन्मत्तवत्।**
**नोपलब्धिरिहार्थात्सा तच्छेषानुपलब्धिवत्।।४२२।।**

**અર્થ :-** ઉન્મત્ત પુરુષની જેમ સત્ પદાર્થ અને અસત્ પદાર્થ (યથાર્થ અને અયથાર્થ)માં સામાન્ય રીતે થયેલી લબ્ધિ વાસ્તવમાં ઉપલબ્ધિ (પ્રાપ્તિ) નથી. પરંતુ અનુપલબ્ધિની જેમ (સાચા પદાર્થનો વિષય ન કરવાથી) તે પણ અનુપલબ્ધિ જ છે.

નિષ્કર્ષ

**ततोऽस्ति यौगिकी रूढिः श्रद्धा सम्यक्त्वलक्षणम्।**
**अर्थादप्यविरुद्धं स्यात्सूक्तं स्वात्मानुभूतिवत्।।४२३।।**

**અર્થ :–** તેથી યૌગિક રીતે પણ શ્રદ્ધા સમ્યકત્વનું લક્ષણ છે અને રૂઢિથી પણ સમ્યકત્વનું લક્ષણ છે. પહેલાનું એ કથન કે જે સ્વાનુભૂતિ સહિત છે તે જ શ્રદ્ધા કહેવાય છે, તે સર્વથા સાચું અને અવિરોધી છે.

સમ્યગ્દ્રષ્ટિના બીજા પણ ગુણો

**गुणाश्चान्ये प्रसिद्धा ये सद्दृष्टेः प्रशमादयः।**
**बहिर्दृष्टया यथास्वं ते सन्ति सम्यक्त्वलक्षणाः।।४२४।।**

**અર્થ :–** બીજા પણ પ્રશમાદિ જે સમ્યગ્દ્રષ્ટિના પ્રસિદ્ધ ગુણ છે, તે બધા બાહ્યદ્રષ્ટિથી જ સમ્યકત્વના લક્ષણ છે. જો તે સમ્યગ્દર્શનનના અવિનાભાવી હોય તો લક્ષણ છે, અન્યથા નહિ.

સમ્યગ્દષ્ટિનાં ગુણોના નામ

**तत्राद्यः प्रशमो नाम संवेगश्च गुणक्रमात्।**
**अनुकम्पा तथास्तिक्यं वक्ष्ये तल्लक्षणं यथा।।४२५।।**

**અર્થ :–** સમ્યગ્દષ્ટિનો પહેલો ગુણ પ્રશમ છે, બીજો ગુણ સંવેગ છે, ત્રીજો અનુકંપા છે અને ચોથો આસ્તિક્ય છે. આ ચારેના ક્રમપૂર્વક લક્ષણ કહે છે.

પ્રશમનું લક્ષણ

**प्रशमो विषयेषूच्चैर्भावक्रोधादिकेषु च।**
**लोकासंख्यातमात्रेषु स्वरूपाच्छिथिलं मनः।।४२६।।**

**અર્થ :–** પંચેન્દ્રિય સંબંધી વિષયોમાં અને અસંખ્યાત લોકપ્રમાણ ક્રોધાદિક ભાવોમાં સ્વભાવથી જ મનની શિથિલતા થવી તે પ્રશમ (શાંતિ) કહેવાય છે.

**ભાવાર્થ :–** વિષય, ક્રોધાદિકમાં મનની પ્રવૃત્તિ ન થવી તે જ પ્રશમ છે

પ્રશમનું બીજું લક્ષણ

**सद्यः कृताऽपराधेषु यद्वा जीवेषु जातुचित्।**
**तद्वाधादि विकाराय न बुद्धिः प्रशमो मतः।।४२७।।**

**અર્થ :–** જે જીવોએ પોતાના પ્રત્યે કોઈ નવો અપરાધ કર્યો હોય તે જીવો પ્રત્યે કદી પણ મારવા આદિ વિકારની બુદ્ધિ ન થવી તે પણ પ્રશમ છે.

**ભાવાર્થ :–** અપરાધી જીવો પ્રત્યે ક્ષમાભાવ રાખવો તે પણ પ્રશમ છે.

પ્રશમ થવાનું કારણ

**हेतुस्तत्रोदयाभावः स्यादनन्तानुबन्धिनाम्।**
**अपि शेषकषायाणां नूनं मन्दोदयोंशतः।।४२८।।**

**અર્થ :–** અપરાધી જીવો ઉપર પણ ક્ષમાભાવ રાખવાની બુદ્ધિ કેમ થાય છે ? એનું કારણ અનંતાનુબંધી કષાયનો અનુભવ ન થવો અને અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો કાંઈક મંદોદય થવો તે જ છે.

વળી

**आरम्भादि क्रिया तस्य दैवाद्वा स्यादकामतः।**
**अन्तः शुद्धेः प्रसिद्धत्वान्न हेतुः प्रशमक्षतेः।।४२९।।**

**અર્થ :–** દૈવયોગે (ચારિત્રમોહનીયના ઉદયથી) જો સમ્યગ્દ્રષ્ટિ ઇચ્છા વિના આરંભાદિ ક્રિયા પણ કરે તો પણ અંતરંગમાં શુદ્ધતા હોવાથી તે ક્રિયા તેને પ્રશમ ગુણના નાશનું કારણ થઈ શકતી નથી.

પ્રશમ અને પ્રશમાભાસ

**सम्यक्त्वेनाविनाभूत प्रशमः परमो गुणो।**
**अन्यत्र प्रशमं मन्योऽप्याभासः स्यात्तदत्ययात्।।४३०।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનની સાથે જો પ્રશમ હોય તો તેને ઉત્કૃષ્ટ ગુણ ગણવામાં આવે છે. જો સમ્યગ્દર્શન વિના જ પ્રશમ હોય તો તે પ્રશમ નથી, પરંતુ પ્રશમાભાસ છે અને પ્રશમ માનવા માત્ર છે. સમ્યગ્દર્શનના અભાવમાં પ્રશમ ગુણ કદી કહેવાતો નથી.

સંવેગનું લક્ષણ

**संवेगः परमोत्साहो धर्मे धर्मफले चितः।**
**सधर्मेष्वनुरागो वा प्रीतिर्वा परमेष्ठिषु।।४३१।।**

**અર્થ :–** આત્માના ધર્મ અને ધર્મના ફળમાં પૂરો ઉત્સાહ થવો તે સંવેગ કહેવાય

છે અથવા સમાન ધર્મીઓમાં અનુરાગ કરવો અથવા પાંચે ય પરમેષ્ઠીઓમાં પ્રેમ કરવો તે પણ સંવેગ કહેવાય છે.

### ધર્મ અને ધર્મનું ફળ

**धर्मः सम्यक्त्वमात्रात्मा शुद्धस्यानुभवोऽथवा।**
**तत्फलं सुखमत्यक्षक्षयं क्षायिकं च यत्।।४३२।।**

**અર્થ :–** સમ્યકત્વ સ્વરૂપ – આત્મા જ ધર્મ કહેવાય છે અથવા શુદ્ધાત્માનો અનુભવ થયો તે જ ધર્મ અને અતીન્દ્રિય, અવિનાશી, ક્ષાયિક સુખ જ ધર્મનું ફળ કહેવાય છે.

### સમાનધર્મીઓમાં અનુરાગ

**इतरत्र पुनः रागस्तद् गुणेष्वनुरागतः।**
**नातद्गुणेऽनुरागोपि तत्फलस्याप्यलिप्सया।।४३३।।**

**અર્થ :–** સમાન ધર્મીઓમાં જે પ્રેમ બતાવવામાં આવ્યો છે તે કેવળ તેમના ગુણોમાં અનુરાગબુદ્ધિથી થવો જોઈએ. જેમનામાં ગુણ નથી, તેમનામાં ફળની ઇચ્છા રાખવા છતાં પણ અનુરાગ ન થવો જોઈએ.

### અનુરાગનો શબ્દાર્થ

**अत्रानुरागशब्देन नाभिलाषो निरुच्यते।**
**किन्तु शेषमधर्माद्वा निवृत्तिस्तत्फलादपि।।४३४।।**

**અર્થ :–** અહીં અનુરાગ શબ્દનો અર્થ અભિલાષા ન કરવો જોઈએ પરંતુ બીજો જ અર્થ લેવો જોઈએ અર્થાત્ અનુરાગ શબ્દ અર્થ ગુણ પ્રેમ છે અથવા અધર્મ અને અધર્મના ફળથી નિવૃત્તિ થવી એ પણ અનુરાગ શબ્દનો અર્થ છે.

વળી બીજું

**अथानुरागशब्दस्य विधिर्वाच्यो यदार्थतः।**
**प्राप्तिः स्यादुपलब्धिर्वा शब्दाश्चैकार्थवाचकाः।।४३५।।**

**અર્થ :–** જે સમયે અનુરાગ શબ્દનો વિધિરૂપ અર્થ કરવો હોય ત્યારે પ્રાપ્તિ, ઉપલબ્ધિ આ બધા શબ્દ એક જ અર્થના વાચક બને છે.

**ભાવાર્થ :–** વિધિરૂપ અર્થ કરતાં અનુરાગનો અર્થ ગુણોની પ્રાપ્તિ અને ગુણોની ઉપલબ્ધિ એમ સમજવું

આશંકા

**न चाऽशङ्कयं निषिद्धः स्यादभिलाषो भोगेष्वलम्।**
**शुद्धोपलब्धिमात्रेपि हि यो भोगाभिलाषवान्।।४३६।।**

**અર્થ :–** આવી આશંકા ન કરવી જોઈએ કે અભિલાષાનો નિષેધ કેવળ ભોગોના વિષયમાં જ કહેવામાં આવ્યો છે. શુદ્ધોપલબ્ધિ થવા છતાં પણ જે ભોગોમાં અભિલાષા રાખતો હોય તેની અભિલાષાનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.

અભિલાષા માત્ર નિષિદ્ધ છે

**अर्थात्सर्वोभिलाषः स्यादज्ञानं दृग्विपर्ययात्।**
**न्यायादलब्धतत्त्वार्थो लब्धुंकामो न लब्धिमान्।।४३७।।**

**અર્થ :–** બધી અભિલાષાઓ અજ્ઞાનરૂપ છે કારણકે બધી મિથ્યાત્વથી થાય છે. ન્યાયથી આ વાત સિદ્ધ છે કે જેણે તત્વાર્થને જાણેલ નથી તેને (પદાર્થને) ચાહવાની ઇચ્છા હોવા છતાં પણ પદાર્થ મળતો નથી.

વળી

**मिथ्या सर्वोभिलाष स्यान्मिथ्याकर्मोदयात्परम्।**
**स्वार्थसार्थक्रियासिद्धौ नालं प्रत्यक्षतो यतः।।४३८।।**

**અર્થ :–** સર્વ અભિલાષાઓ મિથ્યા છે. કેમકે બધી મિથ્યાત્વ કર્મના ઉદયથી થનારી છે તથા કોઈ પણ અભિલાષા પોતાની ઇષ્ટ ક્રિયાની સિદ્ધિ કરાવવામાં સમર્થ નથી કેમકે એ વાત પ્રત્યક્ષ છે.

અભિલાષામાં અભીષ્ટની સિદ્ધિનો અભાવ

**क्वचित्तस्यापि सद्भावे नेष्टसिद्धिरहेतुतः।**
**अभिलाषस्याप्यसद्भावे स्वेष्टसिद्धिञ्च हेतुतः।।४३९।।**

**અર્થ :–** ક્યાંય પણ અભિલાષા હોવા છતાં પણ વિના કારણે ઇષ્ટ સિદ્ધિ થતી નથી અને ક્યાય પણ અભિલાષા ન હોવા છતાં પણ કારણ મળતાં પોતાના અભીષ્ટની સિદ્ધિ થઈ જાય છે.

દૃષ્ટાંત

**यशः श्रीसुतमित्रादि सर्वं कामयते जगत्।**
**नास्य लाभोऽभिलाषेपि विना पुण्योदयात्सतः।।४४०।।**

**અર્થ :–** યશ, લક્ષ્મી, પુત્ર, મિત્ર આદિને આખું વિશ્વ ચાહે છે પરંતુ તેની અભિલાષા હોવા છતાં પણ પુણ્યોદય વિના કોઈ વસ્તુ મળી શકતી નથી.

અને વળી

**जरामृत्युदरिद्रादि न हि कामयते जगत्।**
**तत्संयोगो बलादस्ति सततस्तत्राऽशुभोदयात्।।४४१।।**

**અર્થ :–** વૃદ્ધાવસ્થા, મૃત્યુ, દરિદ્રતા આદિ કોઈ પણ મનુષ્ય ઇચ્છતો નથી, પરંતુ ઇચ્છ્યા વિના પણ અશુભ કર્મના ઉદયથી વૃદ્ધાવસ્થા આદિનો સંયોગ અવશ્ય થઈ જ જાય છે.

વિધિ અને નિષેધ

**संवेगो विधिरूपः स्यान्निषेधश्च निषेधनात्।**
**स्याद्विवक्षावशाद्द्वैतं नार्थादर्थान्तरं तयोः।।४४२।।**

**અર્થ :–** સંવેગ ક્યાંક વિધિરૂપ પણ હોય છે અને નિષેધ કરવાથી નિષેધરૂપ હોય છે. જેથી વિવક્ષા (વક્તાને કહેવાની ઇચ્છા) હોય છે, તેવો જ વિધિ અથવા નિષેધરૂપ અર્થ લઈ લેવામાં આવે છે. વિધિ અને નિષેધ બંનેમાં ભેદ નથી, બંનેનું પ્રયોજન એક જ છે.

સંવેગનું લક્ષણ

**त्यागः सर्वाभिलाषस्य निर्वेदो लक्षणात्तथा।**
**स संवेगोथवा धर्मः साभिलाषो न धर्मवान्।।४४३।।**

**અર્થ :–** સર્વ અભિલાષાઓનો ત્યાગ કરવો અથવા વૈરાગ્ય (સંસારથી) ધારણ કરવો તે સંવેગ છે અને તેનું જ નામ ધર્મ છે કેમકે જેને અભિલાષા વર્તે છે તે કદી ધર્મધારક થઈ શકતો નથી.

પરંતુ

**नापि धर्मः क्रियामात्रं मिथ्यादृष्टेरिहार्थतः।**
**नित्यं रागादिसद्भावात् प्रत्युताऽधर्म एव सः।।४४४।।**

**અર્થ :–** માત્ર ક્રિયાને ધર્મ કહેતા નથી. મિથ્યાદૃષ્ટિ પુરુષને સદા રાગાદિભાવોનો સદ્ભાવ હોવાથી તેની ક્રિયાને વાસ્તવમાં અધર્મ જ કહેવો જોઈએ.

રાગી અને વૈરાગી

**नित्यं रागी कुदृष्टिः स्यान्न, स्यात्क्वचिदरागवान्।**
**अस्तरागोऽस्ति सदृष्टिर्नित्यं वा स्यान्न रागवान्।।४४५।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિ પુરુષ સદા રાગી છે, તે ક્યાંય પણ રાગરહિત હોતો નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિનો રાગ નષ્ટ થઈ જાય છે. તે રાગી નથી પરંતુ વૈરાગી છે.

અનુકંપાનું લક્ષણ

**अनुकम्पा क्रिया ज्ञेया सर्वसत्त्वेष्वनुग्रहः।**
**मैत्रीभावोऽथ माध्यस्थं नैःशल्यं वैरवर्जनात्।।४४६।।**

**અર્થ :–** સર્વ પ્રાણીઓ પ્રતિ ઉપકાર બુદ્ધિ રાખવી તે અનુકંપા (દયા) કહેવાય છે અથવા સર્વ જીવો ઉપર મૈત્રીભાવ રાખવો તે પણ અનુકંપા છે અથવા દ્વેષબુદ્ધિ છોડીને મધ્યમવૃત્તિ ધારણ કરવી તે પણ અનુકંપા છે અથવા શત્રુપણું છોડી દેવાથી સર્વ જીવો પ્રત્યે શલ્યરહિત (નિષ્કષાય) થઈ જવું તે પણ અનુકંપા છે.

અનુકંપા થવાનું કારણ

**दृङ्मोहानुदयस्तत्र हेतुर्वाच्योऽस्ति केवलम्।**
**मिथ्याज्ञानं विना न स्याद्वैरभावः क्वचिद्यतः।।४४७।।**

**અર્થ :–** સર્વ જીવો તરફ દયારૂપ પરિણામ થવામાં કારણ કેવળ દર્શનમોહનીય કર્મના ઉદયનું ન થવું તે જ છે. કેમકે મિથ્યાજ્ઞાન સિવાય ક્યાંય પણ વૈરભાવ થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** જ્ઞાન, દર્શનનું અવિનાભાવી છે. જેવું દર્શન હોય છે, તેવું જ જ્ઞાન થઈ જાય છે. દર્શનમાં સમ્યક્ વિશેષણ લાગવાથી જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન થઈ જાય છે અને દર્શનમાં મિથ્યા વિશેષણ લાગવાથી જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન થઈ જાય છે. દર્શન-મોહનીય, સમ્યગ્દર્શનનને નષ્ટ કરી મિથ્યાદર્શન બનાવી દે છે. તે સમયે જ્ઞાન પણ ઊલટા જ વિષય કરવા લાગે છે. જે સમયે આત્મામાં મિથ્યાજ્ઞાન હોય છે, તે જ સમયે જીવોમાં વૈરભાવ થવા લાગે છે. આવો વૈરભાવ મિથ્યાદૃષ્ટિમાં જ પ્રાપ્ત થાય છે.

મિથ્યાજ્ઞાન

**मिथ्या यत्परतः स्वस्य स्वस्माद्वा परजन्मिनाम्।**
**इच्छेत्तत्सुखदुःखादि मृत्युर्वा जीवितं मनाक्।।४४८।।**

**અર્થ :–** બીજા જીવોમાં સુખદુઃખાદિ અથવા જીવન, મરણ જોઈને તેમનાથી પોતામાં તે વાતોની ઇચ્છા કરવી અથવા પોતામાં આ બાબતો બનતી જોઈને, પોતાથી બીજા જીવો માટે ઇચ્છા કરવી, એ બધું મિથ્યા છે.

**ભાવાર્થ :–** આ શ્લોકનો એવો પણ આશય છે કે જ્યારે બીજાઓ દ્વારા પોતામાં અને પોતાથી બીજાઓમાં સુખદુઃખાદિ થવાની ઇચ્છા કરે છે ત્યારે પોતામાં દુઃખાદિ થતાં તે થવામાં પરને કારણ સમજે છે તેથી તેમના પ્રત્યે વૈરભાવ કરવા લાગે છે. આ જ કારણે શત્રુ, મિત્રની કલ્પના પણ અન્ય જીવોમાં કરવા લાગે છે. પરંતુ આ તેનું અજ્ઞાન છે. સંસારમાં કોઈ કોઈના શત્રુ મિત્ર નથી. જો વાસ્તવમાં કોઈ જીવનો શત્રુ હોય તો તે કર્મ છે અને મિત્ર હોય તો તે ધર્મ છે. બીજું બધું કલ્પનામાત્ર છે.

મિથ્યાદૃષ્ટિના વિચાર

**अस्ति यस्यैतदज्ञानं मिथ्यादृष्टिः स शल्यवान्।**
**अज्ञानाद्धन्तुकामोपि क्षमो हन्तुं न चाऽपरम्।।४४९।।**

**અર્થ :–** જે પુરુષને ઉપર કહેલું અજ્ઞાન છે, તે જ મિથ્યાદ્રષ્ટિ છે અને તે જ શલ્યવાળો છે. તે અજ્ઞાનથી બીજાને મારવા ઇચ્છે છે, પરંતુ તે તેને મારવામાં સમર્થ નથી.

અનુકંપાના ભેદ

**समता सर्वभूतेषु यानुकम्पा परत्र सा।**
**अर्थतः स्वानुकम्पा स्याच्छल्यवच्छल्य वर्जनात्।।४५०।।**

**અર્થ :–** અનુકંપા બે પ્રકારની છે. એક પર અનુકંપા, બીજી સ્વ અનુકંપા. સર્વ જીવો પ્રતિ સમતાભાવ ધારણ કરવો તે પર અનુકંપા કહેવાય છે અને કાંટાની પેઠે ભોંકાનાર શલ્યનો ત્યાગ કરવો તે સ્વ અનુકંપા કહેવાય છે. વાસ્તવમાં સ્વ અનુકંપા જ મુખ્ય છે. પર અનુકંપા પણ સ્વ અનુકંપા છે.

પ્રધાનતામાં કારણ

**रागाद्यशुद्धभावानां सद्भावे बन्ध एव हि।**
**न बन्धस्तदसद्भावे तद्विधेया कृपाऽऽत्मनि।।४५१।।**

**અર્થ :–** રાગાદિ અશુદ્ધભાવો હોય ત્યારે નિશ્ચયથી બંધ જ થાય છે અને તે ન હોય ત્યારે બંધ થતો નથી. તેથી (જેથી વૈરભાવનું કારણ એવો બંધ જ ન થાય) આવી કૃપા આત્મા ઉપર અવશ્ય કરવી જોઈએ.

આસ્તિક્યનું લક્ષણ

**आस्तिक्यं तत्त्वसद्भावे स्वतः सिद्धै विनिश्चितिः।**
**धर्मे हेतौ च धर्मस्य फले चाऽऽत्मादि धर्मवत्।।४५२।।**

**અર્થ :–** સ્વતઃસિદ્ધ (પોતાની મેળે જ સિદ્ધ) તત્ત્વોના સદ્‌ભાવમાં, ધર્મમાં, ધર્મના

કારણમાં, ધર્મના ફળમાં, નિશ્ચય બુદ્ધિ–વિશ્વાસ બુદ્ધિ રાખવી, એનું જ નામ આસ્તિક્ય છે. જેવી રીતે આત્મા આદિ પદાર્થોના ધર્મ છે તેવી જ રીતે તેમનામાં યથાર્થ વિશ્વાસ રાખવો તે જ આસ્તિક્ય છે.

જીવમાં આસ્તિક્ય

**अस्त्यात्मा जीवसंज्ञो यः स्वतः सिद्धोप्यमूर्तिमान्।**
**चेतनः स्यादजीवस्तु यावानप्यस्त्यचेतनः।।४५३।।**

**અર્થ :–** જેને જીવ સંજ્ઞા છે તે જ આત્મા છે, આત્મા સ્વતઃસિદ્ધ છે, અમૂર્ત છે અને ચેતન છે તથા જેટલા કોઈ અજીવ છે તે બધા અચેતન છે.

આત્મા જ કર્તા, ભોક્તા અને મોક્ષનો અધિકારી છે

**अस्त्यात्माऽनादितो बद्धः कर्मभिः कार्मणात्मकैः।**
**कर्ता भोक्ता च तेषां हि तत्क्षयान्मोक्षभाग्भवेत्।।४५४।।**

**અર્થ :–** કાર્માણ વર્ગણાથી બનેલા કર્મોથી આ આત્મા અનાદિકાળથી બંધાયેલો છે અને તે જ કર્મોનો કર્તા છે તથા તેમનો જ ભોક્તા છે અને તે જ કર્મોનો ક્ષય થવાથી મોક્ષનો અધિકારી થઈ જાય છે.

**अस्ति पुण्यं च पापं च तद्धेतुस्तत्फलं च वै।**
**आस्त्रवाद्यास्तथा सन्ति तस्य संसारिणोऽनिशम्।।४५५।।**

**અર્થ :–** તે સંસારી જીવને તે કર્મોના નિમિત્તે નિરંતર પુણ્ય અને પાપ તથા તેમનું ફળ થયા કરે છે. તેવી જ રીતે આસ્રવ, બંધ પણ થાય છે.

**अस्त्येवं पर्ययादेशाद्बन्धो मोक्षश्च तत्फलम्।**
**अथ शुद्धनयादेशाच्छुद्धः सर्वोपि सर्वदा।।४५६।।**

**અર્થ :–** આ આત્મા પર્યાયદૃષ્ટિથી બંધાયો છે અને તે જ પર્યાયદૃષ્ટિથી મુક્ત પણ થાય છે તથા તેમના ફળોનો ભોક્તા પણ છે પરંતુ શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિથી બધા આત્માઓ સદા શુદ્ધ છે અર્થાત્ ન બંધ છે અને ન મોક્ષ છે.

જીવનું સ્વરૂપ

**तत्रायं जीवसंज्ञो यः स्वसंवेद्यश्चिदात्मकः।**
**सोहमन्ये तु रागाद्या हेयाः पौद्‌गलिका अमी।।४५७।।**

**અર્થ :–** જે આ જીવ નામધારક આત્મા છે તે સ્વસંવેદ્ય (પોતાને પોતાથી જ જાણનારો) છે, જ્ઞાનવાન છે અને તે જ 'સોહં' છે અર્થાત્ તે જ જ્ઞાનધારક જીવાત્મામાં 'તે હું છું' એવી બુદ્ધિ થાય છે. બાકીના જેટલા કોઈ રાગાદિ પુદ્‌ગલ છે તે બધા ત્યાગવા યોગ્ય છે.

સારાંશ

**इत्याद्यनादि जीवादि वस्तुजातं यतोऽखिलम्।**
**निश्चयव्यवहाराभ्यां आस्तिक्यं तत्तथामतिः।।४५८।।**

**અર્થ :–** આ રીતે અનાદિકાળથી ચાલ્યો આવતો જેટલો જીવાદિ વસ્તુઓનો સમૂહ છે તે સર્વ નિશ્ચય અને વ્યવહારથી ભિન્ન ભિન્ન સ્વરૂપ સહિત છે. જેવા તે છે તેવી જ બુદ્ધિ તેમાં રાખવી તેનું જ નામ આસ્તિક્ય છે.

સમ્યક્ અને મિથ્યા આસ્તિક્ય

**सम्यक्त्वेनाविनाभूतस्वानुभूत्यैकलक्षणम्।**
**आस्तिक्यं नाम सम्यक्त्वं मिथ्यास्तिक्यं ततोऽन्यथा।।४५९।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનની અવિનાભાવી સ્વાનુભૂતિની સાથે થનારું જે આસ્તિક્ય છે તે જ સમ્ય આસ્તિક્ય છે અથવા સમ્યકત્વ છે. તેનાથી વિપરીત (સ્વાનુભૂતિના અભાવમાં થનારું) જે આસ્તિક્ય છે તે મિથ્યા આસ્તિક્ય છે અથવા મિથ્યાત્વ છે.

શંકાકાર

**ननु वै केवलज्ञानमेकं प्रत्यक्षमर्थतः।**
**न प्रत्यक्षं कदाचित्तच्छेषज्ञानचतुष्टयम्।।४६०।।**
**यदि वा देशतोऽध्यक्षमाक्ष्यं स्वात्मसुखादिवत्।**
**स्वसंवेदनप्रत्यक्षमास्तिक्यं तत्कुतोर्थतः।।४६१।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે વાસ્તવમાં એક કેવળજ્ઞાન જ પ્રત્યક્ષ છે બાકીના ચારેય જ્ઞાન પ્રત્યક્ષ નથી. તે સદા પરોક્ષ જ રહે છે ? અથવા ઇન્દ્રિયજન્ય જ્ઞાન પણ જો એકદેશ પ્રત્યક્ષ છે, જેમ કે સુખનું માનસિક પ્રત્યક્ષ (વેદન) થાય છે, તો વાસ્તવમાં આસ્તિક્ય સ્વસંવેદન પ્રત્યક્ષ કેવી રીતે થાય ?

ઉત્તર

**सत्यमाद्यद्वयं ज्ञानं परोक्षं परसंविदि।**
**प्रत्यक्षं स्वानुभूतौ तु दृङ्मोहोपशमादितः।।४६२।।**

**અર્થ :–** આ વાત બરાબર છે કે પહેલાં બંને જ્ઞાન (મતિ–શ્રુત) પરોક્ષ છે. પરંતુ તે પર પદાર્થનું જ્ઞાન કરવામાં જ પરોક્ષ છે, સ્વાત્માનુભવ કરવામાં તે પણ પ્રત્યક્ષ છે. કેમકે સ્વાત્માનુભવ દર્શનમોહનીયકર્મના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમથી થાય છે. દર્શનમોહનીયકર્મ જ સ્વાનુભૂતિને પ્રત્યક્ષ થવામાં બાધક છે અને તેનો અભાવ જ સાધક છે.

સ્વાનુભવરૂપ આસ્તિક્ય પરમગુણ છે

**स्वात्मानुभूतिमात्रं स्यादास्तिक्यं परमो गुणः।**
**भवेन्मा वा परद्रव्ये ज्ञानमात्रं परत्वतः।।४६३।।**

**અર્થ :–** સ્વાત્માનુભવ સ્વરૂપ જે આસ્તિક્ય છે તે જ પરમગુણ છે. તે આસ્તિક્ય પરદ્રવ્યમાં હોય કે ન હોય. પરપદાર્થ પર છે, તેથી તેનું પ્રત્યક્ષ ન થતા કેવળ જ્ઞાનમાત્ર જ થાય છે.

**अपि तत्र परोक्षत्वे जीवादौ पर वस्तुनि।**
**गाढं प्रतीतिरस्याऽस्ति यथा सम्यग्दृगात्मनः।।४६४।।**

**અર્થ :–** જો કે સ્વાનુભવ – આસ્તિક્યવાળા પુરુષને જીવાદિ પર પદાર્થને પરોક્ષ છે. તો પણ તેને તે પદાથોમાં ગાઢ પ્રતીતિ છે. જેમ સમ્યગ્દષ્ટિને પોતાના આત્મામાં ગાઢ પ્રતીતિ છે, તેવી જ રીતે અન્ય પરોક્ષ પદાર્થોમાં પણ ગાઢ પ્રતીતિ છે.

પરંતુ

**न तथास्ति प्रतीतिर्वा चास्ति मिथ्यादृशः स्फुटम्।**
**दृङ्मोहस्योदयात्तत्र भ्रान्तेर्दृङ्मोहतोऽनिशम्।।४६५।।**

**અર્થ :–** પરંતુ તેવી પ્રતીતિ મિથ્યાદષ્ટિને કદી થતી નથી. કેમકે તેને દર્શનમોહનીયનો ઉદય છે. દર્શનમોહનીયના નિમિત્તે નિરંતર મિથ્યાદષ્ટિને પદાર્થોમાં ભ્રમબુદ્ધિ રહ્યા કરે છે.

નિષ્કર્ષ

**ततः सिद्धमिदं सम्यक् युक्ति स्वानुभवागमात्।**
**सम्यक्त्वेनाऽविनाभूतमस्त्तयास्तिक्यं गुणो महान्।।४६६।।**

**અર્થ :–** માટે આ વાત–યુક્તિ, સ્વાનુભવ અને આગમથી સારી રીતે સિદ્ધ થઈ ગઈ કે સમ્યગ્દર્શનની સાથે રહેવાવાળું જે આસ્તિક્ય છે તે જ મહાન ગુણ છે.

બીજા ગ્રંથોમાં સમ્યકત્વના આઠ ગુણ પણ બતાવ્યા છે. તે નીચે લખવામાં આવે છે —

અન્ય ગ્રંથ

**X संवेगो णिव्वेओ णिंदणगरूहा य उवसमो भत्ती।**
**वच्छल्लं अणुकंपा अट्ठगुणा हुंति सम्मत्ते।।४६७।।**

**અર્થ :–** ઉપર કહેલા ગાથા–સૂત્રમાં પણ પ્રશમ, સંવેગાદિ ચારેય આવી ગયા છે. આ બધા પંચાધ્યાયીમાં કહેલા પ્રશમાદિક ચારેથી ભિન્ન નથી. પરંતુ કોઈ લક્ષણરૂપે કહ્યા છે અને કોઈ ઉપલક્ષણ (લક્ષણનું લક્ષણ) રૂપે કહ્યા છે અર્થાત્ અન્ય ગ્રંથમાં અને આ કથનમાં કોઈ ભેદ નથી. બંનેય એક જ વાત કહે છે.

ઉપલક્ષણનું લક્ષણ

**अस्त्युपलक्षणं यत्तल्लक्षणस्यापि लक्षणम्।**
**तत्तथाऽस्यादिलक्ष्यस्य लक्षणं चोत्तरस्य तत्।।४६८।।**

**અર્થ :–** લક્ષણના લક્ષણને ઉપલક્ષણ કહે છે અર્થાત્ કોઈ વસ્તુનું એક લક્ષણ કહેવામાં આવે પછી તે લક્ષણનું લક્ષણ કહેવામાં આવે, તેનું જ નામ (જે બીજી વાર કહેવામાં આવ્યું છે) ઉપલક્ષણ છે. જે પહેલાં લક્ષ્ય (જેનું લક્ષણ બતાવવામાં આવે છે તેને લક્ષ્ય કહે છે) નું લક્ષણ છે તે જ આગળવાળાનું ઉપલક્ષણ છે.

અહીં

**यथा सम्यक्त्वभावस्य संवेगो लक्षणं गुणः।**
**स चोऽपलक्ष्यते भक्तिवात्सल्येनाऽथवार्हताम्।।४६९।।**

---

X આ ગાથા પંચાધ્યાયીમાં ક્ષેપકરૂપે આવી છે.

**અર્થ :–** જેમ સંવેગ ગુણ સમ્યગ્દર્શનનું લક્ષણ છે, તે જ સંવેગ ગુણ અરિહંતોની ભક્તિ અથવા વાત્સલ્યનું ઉપલક્ષણ થઈ જાય છે.

ભક્તિ અને વાત્સલ્યનું સ્વરૂપ

**तत्र भक्तिरनौद्धत्यं वाग्वपुश्चेतसां शमात्।**
**वात्सल्यं तद्गुणोत्कर्षहेतवे सोद्यतं मनः।।४७०।।**

**અર્થ :–** મન, વચન, કાયાની શાંતિથી ઉદ્ધતાનું ન હોવું તે જ ભક્તિ છે અર્થાત્ કોઈના પ્રત્યે મન, વચન કે કાયાથી કોઈ પ્રકારની ઉદ્ધતતા પ્રગટ ન કરવી તે જ તેની ભક્તિ છે અને કોઈના ગુણોત્કર્ષની પ્રાપ્તિ માટે મનમાં ઉલ્લાસ થવો તે જ તેના તરફનું વાત્સલ્ય કહેવાય છે.

**भक्तिर्वा नाम वात्सल्यं न स्यात्संवेगमन्तरा**
**स संवेगो दृशो लक्ष्म द्वावेतावुपलक्षणम्।।४७१।।**

**અર્થ :–** ભક્તિ અથવા વાત્સલ્ય સંવેગ વિના હોઈ શકે નહિ. તે સંવેગ સમ્યગ્દર્શનનું લક્ષણ છે અને આ બંને (ભક્તિ, વાત્સલ્ય) ઉપલક્ષણ છે.

પ્રશમ

**दृङ् मोहस्योदयाभावात् प्रसिद्धः प्रशमो गुणः।**
**तत्राभिव्यञ्जकं बाह्यान्निन्दनं चापि गर्हणम्।।४७२।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મના ઉદયનો અભાવ થવાથી પ્રશમ ગુણ પ્રગટે છે એ પ્રસિદ્ધ છે તે જ પ્રશમ ગુણનું બાહ્ય–વ્યંજક (બતાવનાર) નિંદન છે અને તેનું જ ગર્હણ છે અર્થાત્ નિંદા અને ગર્હણાથી પ્રશમ ગુણ જાણી શકાય છે

નિંદન

**निन्दनं तत्र दुर्वार रागादौ दुष्टकर्मणि।**
**पश्चात्तापकरो बन्धो नाऽपेक्ष्यो नाप्युपेक्षितः।।४७३।।**

**અર્થ :–** કઠિતાથી દૂર કરવા યોગ્ય જે રાગાદિ દુષ્ટકર્મ છે તેમના વિષયમાં એવો વિચાર કરવો કે એ થતાં પરિણામે આતાપ કરનાર બંધ થાય છે. તે ન તો અપેક્ષા કરવા જેવા છે અને ન ઉપેક્ષા કરવા જેવા છે અર્થાત્ રાગાદિને બંધનું કારણ સમજીને તેમના વિષયમાં રાગબુદ્ધિ છોડી તેમને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એનું જ નામ નિંદન છે.

ગર્હણ

**गर्हणं तत्परित्यागः पञ्चगुर्वात्मसाक्षिकः।**
**निष्प्रमादतया नूनं शक्तितः कर्महानये।।४७४।।**

**અર્થ :–** પંચ ગુરુઓની સાક્ષીથી કર્મોનો નાશ કરવા માટે શક્તિપૂર્વક પ્રમાદરહિત થઈને તે રાગનો ત્યાગ કરવો તે ગર્હણ કહેવાય છે.

**अर्थादेतद्द्वयं सूक्तं सम्यक्त्वस्योपलक्षणम्।**
**प्रशमस्य कषायाणामनुद्रेकाऽविशेषतः।।४७५।।**

**અર્થ :–** કષાયોનો ઉદય ન થવાથી પ્રગટનાર પ્રશમ ગુણ–લક્ષણનું ધારક જે સમ્યક્ત્વ છે તેના આ બંને ઉપલક્ષણ છે. આ બંને (નિન્દા–ગર્હા) નું સ્વરૂપ ઉપર સારી રીતે કહેવાય ગયું છે.

ગ્રંથકારની લઘુતા

**शेषमुक्तं यथाम्नायात् ज्ञातव्यं परमागमात्।**
**आगमाब्धेः परं पारं मादृग्गन्तुं क्षमं कथम्।।४७६।।**

**અર્થ :–** બાકીનું જે કથન છે, તે નિર્દિષ્ટ પદ્ધતિ અનુસાર અર્થાત્ પરંપરાથી આવેલા પરમાગમ (શાસ્ત્ર) થી જાણવું જોઈએ. આગમરૂપી સમુદ્રનો અંત બહુ દૂર છે. તેથી તેનો પાર પામવા અમારા જેવા કેવી રીતે સમર્થ થાય ?

શંકાકાર

**ननु तद्दर्शनस्यैतल्लक्ष्यस्य स्यादशेषतः।**
**किमथास्त्यपरं किञ्चिल्लक्षणं तद्वदाद्य नः।।४७७।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે સમ્યગ્દર્શનનું પૂરેપૂરું લક્ષણ આટલું જ છે કે બીજું પણ કોઈ લક્ષણ છે ? જો હોય તો આજ અમને કહો.

ઉત્તર

**सम्यग्दर्शनमष्टाङ्गमस्ति सिद्धं जगत्त्रये।**
**लक्षणं च गुणश्चाङ्गं शब्दाश्चैकार्थवादकाः।।४७८।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનના આઠ અંગ બધે પ્રસિદ્ધ છે તથા લક્ષણ, ગુણ, અંગ, આ બધા શબ્દ એક અર્થના જ વાચક છે.

આઠે અંગોના નામ

**निःशङ्कितं यथा नाम निष्कांक्षितमतः परम्।**
**विचिकित्सावर्जं चापि तथा दृष्टेरमूढता।।४७९।।**
**उपवृंहणनामा च सुस्थितीकरणं तथा।**
**वात्सल्यं च यथाम्नायाद् गुणोऽप्यस्ति प्रभावना।।४८०।।**

**અર્થ :–** નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃહણ, સ્થિતિકરણ,

વાત્સલ્ય અને પ્રભાવના આ આઠ અંગ ક્રમથી પરંપરાગત છે.

નિઃશંકિત ગુણનું લક્ષણ

**शङ्का भीः साध्वसं भीति भयमेकाभिधा अमी।**
**तस्य निष्क्रान्तितो जातो भावो निःशङ्कितोऽर्थतः।।४८१।।**

**અર્થ :–** શંકા, ભી, સાધ્વસ, ભીતિ, ભય આ બધા શબ્દ એક અર્થના વાચક છે. તે શંકા અથવા ભયરહિત જે આત્માના પરિણામ છે તે જ વાસ્તવમાં નિઃશંકિતભાવ કહેવાય છે.

નિઃશંકિતભાવ

**अर्थवशादत्र सूत्रे शङ्का न स्यान्मनीषिणाम्।**
**सूक्ष्मान्तरितदूरार्थाः स्युस्तदास्तिक्यगोचराः।।४८२।।**

**અર્થ :–** જૈન સિદ્ધાંતમાં (કોઈ સૂત્રમાં) પ્રયોજનવશ બુદ્ધિમાનોએ શંકા ન કરવી જોઈએ. જે પદાર્થ સૂક્ષ્મ છે, અંતરવાળા છે અર્થાત્ જે વચ્ચે અનેક અવરોધો હોવાથી દૃષ્ટિગમ્ય નથી અને જે કાળની અપેક્ષાએ બહુ દૂર છે. તે બધા નિઃશંકપણે આસ્તિક્ય ગોચર (દૃઢ–બુદ્ધિગત) થવા જોઈએ.

**ભાવાર્થ :–** જે જે પદાર્થ આપણી સામે નથી, તે પદાર્થોમાં આપણી અલ્પજ્ઞતાના કારણે આપણે શંકા કરવા માંડીએ છીએ અને તેથી સર્વજ્ઞ કથિત–આગમમાં અશ્રદ્ધા કરી બેસીએ છીએ. પરંતુ આમ કરવું તે અત્યંત ભૂલ છે. આમ કરવાથી આપણે પોતે આપણી જાતને ઠગીએ છીએ તથા બીજાને હાનિ પહોંચાડીએ છીએ. આ શું અજ્ઞાન નથી કે જે પદાર્થ આપણને દૃષ્ટિગત થતા નથી અથવા જે આપણી બુદ્ધિથી બહાર છે, તે છે જ નહિ એમ માની લેવું ? જો આપણે વિશેષ બુદ્ધિમાન હોઈએ તો આપણે નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, નહિતર આજ્ઞા પ્રમાણ જ ગ્રહણ કરવું જોઈએ. જેમકે –

**सूक्ष्मं जिनोदतं तत्त्वं हेतुभिर्नैव हन्यते।**
**आज्ञा सिद्धं च तद्ग्राह्यं नान्यथावादिनो जिनाः।।४८२।।**

**અર્થ :–** જિનેન્દ્ર ભગવાને કહેલા પદાર્થો સૂક્ષ્મ છે તે તત્ત્વનું હેતુઓ દ્વારા ખંડન થઈ શકતું નથી. તેથી આજ્ઞા પ્રમાણે જ તેનું ગ્રહણ કરવું જોઈએ. જિનેન્દ્રદેવ (સર્વજ્ઞ વીતરાગી) અન્યથાવાદી નથી. ઉપરના કથન પ્રમાણે દૃઢ પ્રતીતિ કરવી તે જ સમ્યગ્દર્શનનું ચિહ્ન છે.

સૂક્ષ્મ પદાર્થ

**तत्र धर्मादयः सूक्ष्माः कालाणवोऽणवः।**
**अस्ति सूक्ष्मत्त्वमेतेषां लिङ्गस्याक्षैरदर्शनात्।।४८३।।**

**અર્થ :–** ધર્મ, દ્રવ્ય આદિ પદાર્થ સૂક્ષ્મ છે, કાલાણુ પણ સૂક્ષ્મ છે અને પુદ્ગલ પરમાણુ પણ સૂક્ષ્મ છે. એનો હેતુ (બતાવનાર કોઈ ચિહ્ન) ઇન્દ્રિયોથી ગમ્ય નથી. તેથી એ સૂક્ષ્મ છે.

અંતરિત અને દૂરવર્તી અર્થ

**अन्तरिता यथा द्वीपसरिन्नाथनगाधिपाः।**
**दूरार्था भाविनोतीता रामरावणचक्रिणः।।४८४।।**

**અર્થ :–** દ્વીપ, સમુદ્ર, પર્વત આદિ પદાર્થો અંતરિત છે કેમકે એમની વચ્ચે ઘણી ચીજો આવી ગઈ છે. તેથી એ દેખાતા નથી તથા રામ, રાવણ, ચક્રવર્તી (બળદેવ, વાસુદેવ) જે થઈ ગયા છે અને જે થવાના છે તે દૂરવર્તી પદાર્થ કહેવાય છે.

મિથ્યાદૃષ્ટિ સદા સંદિગ્ધ જ રહે છે

**न स्यान्मिथ्यादृशो ज्ञानमेतेषां क्वाप्यसंशयम्।**
**संशयस्यादिहेतोर्वै दृङ्मोहस्योदयात्सतः।।४८५।।**

**અર્થ :–** આ સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી પદાર્થોનું સંશયરહિત જ્ઞાન મિથ્યાદૃષ્ટિને કદી થઈ શકતું નથી. કેમકે સંશયનું મૂળ કારણ દર્શનમોહનીયનો ઉદય છે અને તે તેને મોજૂદ છે.

આશંકા

**न चाशङ्कयं परोक्षास्ते सद्दृष्टेर्गोचराः कुतः।**
**तैः सह सन्निकर्षस्य साक्षकस्याप्यसंभवात्।।४८६।।**

**અર્થ :–** તે પરોક્ષ પદાર્થ સમ્યગ્દૃષ્ટિના વિષય કેવી રીતે થઈ શકે ? કેમકે તેમની સાથે ઇન્દ્રિયોનો સંબંધ જ અશક્ય છે, એવી આશંકા ન કરવી જોઈએ.

કેમ કે

**अस्ति तत्रापि सम्यक्त्वमाहात्म्यं दृश्यते महत्।**
**यदस्य जगतो ज्ञानमस्त्यास्तिक्यपुरस्सरम्।।४८७।।**

**અર્થ :–** પરોક્ષ પદાર્થોનું જ્ઞાન કરવામાં પણ સમ્યગ્દર્શનનું ઘણું મોટું માહાત્મ્ય છે. સમ્યગ્દૃષ્ટિને આ જગતનું જ્ઞાન આસ્તિક્ય–બુદ્ધિપૂર્વક થઈ જાય છે.

સ્વભાવ

**नासंभवमिदं यस्मात् स्वभावोऽतर्कगोचरः।**
**अतिवागतिशयः सर्वो योगिनां योगशक्तिवत्।।४८८।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિ આસ્તિક્ય બુદ્ધિપૂર્વક આખા જગતનું જ્ઞાન કરી લે છે એ વાત અસંભવ નથી. કેમકે સમ્યગ્દર્શનનો સ્વભાવ જ એવો છે. સ્વભાવમાં તર્ક થઈ શકતો નથી. યોગીઓની યોગશક્તિની જેમ આ બધો અતિશય વચન અગોચર છે.

**ભાવાર્થ :–** જેમ અગ્નિની ઉષ્ણતામાં તર્ક કરવો કે 'અગ્નિ ગરમ કેમ છે' તે વ્યર્થ છે, કેમકે અગ્નિનો સ્વભાવ જ એવો છે. કોઈના સ્વભાવમાં તર્ક વિતર્ક શું કરી શકાય? એ એક સ્વાભાવિક વાત છે. એવી જ રીતે સમ્યગ્દર્શનનો સ્વભાવ જ એવો છે કે તેની બુદ્ધિમાં યથાર્થ પદાર્થ, આસ્તિક્યપૂર્વક જ સ્થાન મેળવી લે છે. જેમ યોગીઓની યોગશક્તિનો બીજાઓને પત્તો મળતો નથી કે તેનું કેટલું માહાત્મ્ય છે, તેવી જ રીતે સમ્યગ્દર્શનનું માહાત્મ્ય પણ મિથ્યાદૃષ્ટિને સમજવામાં આવી શકતું નથી.

સમ્યગ્દૃષ્ટિનો અનુભવ

**अस्ति चात्मपरिच्छेदि ज्ञानं सम्यग्दृगात्मनः।**
**स्वसंवेदनप्रत्यक्षं शुद्धं सिद्धास्पदोपमम्।।४८९।।**

**અર્થ :–** આત્માનો અનુભવ કરાવનાર જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને છે. સમ્યગ્દૃષ્ટિનું સ્વસંવેદન પ્રત્યક્ષ શુદ્ધ છે અને સિદ્ધોની ઉપમાવાળું છે.

અનુભવની યોગ્યતા

**यत्रानुभूयमानेपि सर्वैराबालमात्मनि।**
**मिथ्याकर्मविपाकाद्वै नानुभूतिः शरीरिणाम्।।४९०।।**

**અર્થ :–** બાળકથી માંડીને બધાને તે શુદ્ધાત્માનો અનુભવ થઈ શકે છે. પરંતુ મિથ્યાકર્મના ઉદયથી જીવોને અનુભવ થતો નથી.

**ભાવાર્થ :–** શુદ્ધાત્માનું વેદન કરવાની શક્તિ બધા આત્માઓમાં અનુભવ થવા યોગ્ય છે. પરંતુ મિથ્યાત્વના ઉદયથી જીવોમાં તેનો અનુભવ થતો નથી. કેમકે મિથ્યાત્વનો ઉદય તેનો બાધક છે.

શક્તિની અપેક્ષાએ ભેદ નથી

**सम्यग्दृष्टेः कुदृष्टेश्च स्वादुभेदोस्ति वस्तुनि।**
**न तत्र वास्तवो भेदो वस्तुसीम्नोऽनतिक्रमात्।।४९१।।**

**અર્થ :–** સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિને વસ્તુમાં સ્વાદભેદ હોય છે. પરંતુ બંનેમાં વાસ્તવિક ભેદ કાંઈ નથી. કેમકે બંનેના આત્મા સમાન છે. વસ્તુ સીમાનું ઉલ્લંઘન કદી થતું નથી.

**ભાવાર્થ :–** સમ્યગ્દ્રષ્ટિ વસ્તુનું સ્વરૂપ જાણે છે. પરંતુ મિથ્યાદ્રષ્ટિ તે વસ્તુને જાણીને મિથ્યાદર્શનના ઉદયથી તેમાં ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ રાખે છે. એટલું જ નહિ પરંતુ મિથ્યાત્વવશે વસ્તુનું ઊલટું જ જ્ઞાન કરે છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિના વસ્તુના સ્વાદમાં ભેદ છે. પરંતુ વાસ્તવમાં તે બંનેમાં કાંઈ ભેદ નથી. બંનેના આત્મા સમાન છે અને બંનેય અનંત ગુણો ધારણ કરે છે. ફક્ત પર–નિમિત્તથી ભેદ થઈ ગયો છે.

**अत्र तात्पर्यमेवैतत्तत्त्वैकत्वेपि यो भ्रमः।**
**शङ्कायाः सोऽपराधोऽस्ति सातु मिथ्योपजीविनी।।४९२।।**

**અર્થ :–** અહીં તાત્પર્ય એટલું જ છે કે તત્ત્વ (સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ) બંનેના આત્માઓનું સમાન હોવા છતાં તથા વિષયભૂત પદાર્થ પણ એક હોવા છતાં જે મિથ્યાદ્રષ્ટિને ભ્રમ થાય છે તે શંકાનો અપરાધ છે અને તે શંકા મિથ્યાત્વથી થાય છે.

શંકાકાર

**ननु शङ्काकृतो दोषो यो मिथ्यानुभवो नृणाम्।**
**सा शङ्कापि कुतो न्यायादस्ति मिथ्योपजीविनी।।४९३।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જે મનુષ્યોને મિથ્યા અનુભવ થાય છે તે શંકાથી

થતો દોષ છે. તે શંકા પણ ક્યા ન્યાયે મિથ્યાત્વથી થાય છે ?

ઉત્તર

**अत्रोत्तरं कुदृष्टिर्यः स सप्तभिर्भयैर्युतः।**
**नापि स्पृष्टः सुद्दष्टिर्यः स सप्तभिर्भयैर्मनाक्।।४९४।।**

**અર્થ :–** ઉપર્યુક્ત શંકાનો ઉત્તર એ છે કે જે મિથ્યાદ્રષ્ટિ છે તેને જ સાત પ્રકારના ભય રહ્યા કરે છે. જે સમ્યગ્દ્રષ્ટિ છે તેને કોઈ પણ ભય જરાપણ સ્પર્શી શકતો નથી.

**ભાવાર્થ :–** મિથ્યાદ્રષ્ટિને જ ભય રહ્યા કરે છે તેથી તેને જ ભયના નિમિત્તે શંકા ઉત્પન્ન થાય છે તેથી મિથ્યાત્વથી જ શંકા થાય છે એ વાત સિદ્ધ થઈ.

ભય ક્યારે થાય છે

**परत्रात्मानुभूतेर्वै विना भीतिः कुतस्तनी।**
**भीतिः पर्यायमूढानां नात्मतत्त्वैकचेतसाम्।।४९५।।**

**અર્થ :–** પર પદાર્થોમાં આત્માનો અનુભવ થવાથી ભય થાય છે. પર પદાર્થોમાં પોતાપણું માન્યા વિના ભય કોઈ રીતે થઈ શકે નહિ. તેથી જે વૈભાવિક પર્યાયમાં જ મૂઢ થઈ રહ્યા છે તેમને જ ભય લાગે છે. જેમણે આત્મતત્ત્વનું સારી રીતે જ્ઞાન કરી લીધું છે. તેમને કદી ભય લાગતો નથી.

**ભાવાર્થ :–** કર્મના નિમિત્તે થતી શરીરાદિ પર્યાયોને જ જેમણે આત્મતત્ત્વ માની લીધું છે તેમને જ મરવા, જીવવા આદિના અનેક ભય થાય છે પરંતુ જે આત્મતત્ત્વની યથાર્થતા જાણે છે તેમને પર–શરીરાદિમાં બાધા થવા છતાં પણ તેનાથી ભય થતો નથી.

**ततो भीत्यानुमेयोस्ति मिथ्याभावो जिनागमात्।**
**सा च भीतिरवश्यं स्याद्धेतुः स्वानुभवक्षतेः।।४९६।।**

**અર્થઃ–** તેથી ભય થવાથી જ મિથ્યાભાવનું અનુમાન કરવામાં આવે છે. તે ભય આત્માનુભવના ક્ષયનું કારણ છે. આ વાત જિનાગમથી પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ :–** સ્વાત્માનુભવનો નાશ થયા વિના ભય થતો નથી. તેથી ભયથી સ્વાત્માનુભૂતિના નાશનું અનુમાન કરી લેવામાં આવે છે. જેમને સ્વાનુભવ છે, તેમને ભય લાગતો નથી.

નિષ્કર્ષ

**अस्ति सिद्धं परायत्तो भीतः स्वानुभवच्युतः।**
**स्वस्थस्य स्वाधिकारित्वान्नूनं भीतेरसंभवात्।।૪૯૭।।**

**અર્થ :–** તેથી આ વાત સિદ્ધ થઈ કે જે ભયસહિત છે અને પરાધીન છે, તે આત્માનુભવથી પતીત છે, પરંતુ જે સ્વસ્થ છે તે આત્માનુભવશીલ છે, તેને ભય થવો અસંભવિત જ છે.

**ભાવાર્થ :–** આ કથનથી એમ ન સમજી લેવું જોઈએ કે સમ્યગ્દૃષ્ટિને ભય લાગતો જ નથી. શું સમ્યગ્દૃષ્ટિ સિંહથી નહિ ડરે ? શું સર્પથી નહિ ડરે ? અવશ્ય ડરશે. પરંતુ જે ભયોને કારણે મિથ્યાદૃષ્ટિ સદા વ્યાકુળ રહે છે, તેનાથી સમ્યગ્દૃષ્ટિ સર્વથા રહિત છે. તે ભયોના નામ આગળ આવશે.

શંકાકાર

**ननु सन्ति चतस्त्रोपि संज्ञास्तस्यास्य कस्यचित्।**
**अर्वाक् च तत्परिच्छेदस्थानादस्तित्वसंभवात्।।૪૯૮।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે કોઈ કોઈ સમ્યગ્દૃષ્ટિને પણ ચારે (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ) ય સંજ્ઞાઓ હોય છે. જ્યાં તે સંજ્ઞાઓનો ક્ષય બતાવ્યો છે તેના પહેલાં પહેલાં તેમનું અસ્તિત્વ હોવું સંભવે જ છે ?

ફરીથી શંકાકાર

**तत्कथं नाम निर्भीकः सर्वतो दृष्टिवानपि।**
**अप्यनिष्टार्थसंयोगादस्त्यध्यक्षं प्रयत्नवान्।।४९९।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જો સમ્યગ્દૃષ્ટિને ચારેય સંજ્ઞા હોય છે તો પછી તે સમ્યગ્દર્શનનનો ધારક હોવા છતાં પણ સર્વદા નિર્ભીક કેવી રીતે કહી શકાય ? અને અનિષ્ટ પદાર્થોનો સંયોગ થતાં તે તેમનાથી બચવાનો પ્રયત્ન પણ કરે છે. એ વાત પ્રત્યક્ષ જોઈએ જ છીએ ?

ઉત્તર

**सत्यं भीकोपि निर्भीकस्तस्त्वामित्वाद्यभावतः।**
**रूपि द्रव्यं यथा चक्षुः पश्यदपि न पश्यति।।५००।।**

**અર્થ :–** એ વાત બરાબર છે કે સમ્યગ્દૃષ્ટિને ચારેય સંજ્ઞાઓ છે અને તે ભયભીત પણ છે. પરંતુ તે પોતાને તે સંજ્ઞાઓનો સ્વામી માનતો નથી, પરંતુ તેમને કર્મજન્ય ઉપાધિ સમજે છે. જેમ દ્રવ્યચક્ષુ (દ્રવ્યેન્દ્રિય) રૂપી દ્રવ્યને દેખવાં છતાં પણ વાસ્તવમાં દેખતી નથી.

**ભાવાર્થ :–** જેમ મિથ્યદૃષ્ટિ ચારે સંજ્ઞાઓમાં તલ્લીન થઈને પોતાને તેનો સ્વામી માને છે અર્થાત્ આહારાદિને પોતાના જ માને છે. તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. પરંતુ તેમને કર્મનું ફળ માને છે. લોકમાં દ્રવ્યચક્ષુ પુદ્‌ગલને જોનાર દેખાય છે. પરંતુ વાસ્તવમાં જોનારી ભાવેન્દ્રિય છે.

કર્મનો પ્રકોપ

**सन्ति संसारिजीवानां कर्मांशाश्चोदयागताः।**
**मुह्यन् रज्यन् द्विषँस्तत्र तत्फलेनोषयुज्यते।।५०१।।**

**અર્થ :–** સંસારી જીવોને કર્મ–પરમાણુ ઉદયમાં આવ્યા કરે છે. તેમના ફળમાં આ જીવ મોહ કરે છે, રાગ કરે છે, દ્વેષ કરે છે અને તલ્લીન થઈ જાય છે.

**एतेन हेतुना ज्ञानी निःशङ्को न्यायदर्शनात्।**
**देशतोप्यत्र मूर्च्छायाः शङ्काहेतोरसंभवात्।।५०२।।**

**અર્થ :–** આ જ કારણે સમ્યગ્જ્ઞાની નિઃશંક છે. આ વાત ન્યાયથી સિદ્ધ છે. સમ્યગ્જ્ઞાનીમાં એકદેશ પણ મૂર્છા (મમતા–પોતાપણું) નથી તેથી શંકાનું કારણ જ ત્યાં અસંભવ છે.

**स्वात्मसंचेतनं तस्य कीदृगस्तींति चिन्त्यते।**
**येन कर्मापि कुर्वाणः कर्मणा नोपयुज्यते।।५०३।।**

**અર્થ :–** તે સમ્યગ્જ્ઞાનીની સ્વાત્મચેતના (સ્વાત્મ વિચાર– જ્ઞાનચેતના) કેવી વિચિત્ર છે, તેનો જ હવે વિચાર કરવામાં આવે છે. તે જ ચેતનાને કારણે તે કર્મ (કાર્ય) કરે છે તો પણ તેમાં તલ્લીન થતો નથી.

સાત ભયોના નામ

**तत्र भीतिरिहामुत्र लोके वै वेदनाभयम्।**
**चतुर्थी भीतिरत्राणं स्यादगुप्तिस्तु पञ्चमी।।५०४।।**
**भीतिः स्याद्वा तथा मृत्युर्भीतिराकस्मिकं ततः।**
**क्रमादुद्देशिताश्चेति सप्तैताः भीतयः स्मृताः।।५०५।।**

**અર્થ :–** પહેલો –આ લોકનો ભય, બીજો –પરલોકનો ભય, ત્રીજો –વેદના ભય, ચોથો –અરક્ષા ભય, પાંચમો –અગુપ્તિ ભય, છઠ્ઠો –મરણભય અને સાતમો –અકસ્માતનો ભય. આ ક્રમથી સાત ભયો બતાવવામાં આવ્યા છે.

આ લોકનો ભય

**तत्रेह लोकतो भीतिः क्रन्दितं चात्र जन्मनि।**
**इष्टार्थस्य व्ययो माभून्माभून्मेऽनिष्टसंगमः।।५०६।।**

**અર્થ :–** તે સાત ભયોમાં 'મારા ઇષ્ટ પદાર્થનો નાશ ન થાવ અને મને અનિષ્ટ પદાર્થનો સમાગમ પણ ન થાવ, એમ આ જન્મમાં વિલાપ કરવો.' એ આ લોકસંબંધી પહેલો ભય છે.

અને વળી

**स्थास्यतीदं धनं नो वा दैवान्माभूद्दरिद्रता।**
**इत्याद्याधिश्चिन्ता दग्धुं ज्वलिते वाऽदृगात्मनः।।५०७।।**

**અર્થ :–** આ ધન ટકશે કે નહિ, દૈવયોગે દરિદ્રતા કદી ન હો, ઇત્યાદિ માનસિક ચિંતા મિથ્યાદૃષ્ટિને જલાવવા માટે સદા સળગતી જ રહે છે.

નિષ્કર્ષ

**अर्थादज्ञानिनो भीतिर्भीतिर्न ज्ञानिनः क्वचित्।**
**यतोऽस्ति हेतुतः शेषाद्विशेषश्चानयोर्महान्।।५०८।।**

**અર્થ :–** અર્થાત્ અજ્ઞાની પુરુષને જ ભય લાગે છે. જ્ઞાની પુરુષને જરાપણ ભય લાગતો નથી. પરિણામે એ વાત સિદ્ધ છે કે જ્ઞાની અને અજ્ઞાનીમાં ઘણો મોટો તફાવત છે. એનું કારણ તે જ મોહનીયકર્મ છે.

અજ્ઞાનીના વિચાર

**अज्ञानी कर्मनोकर्मभावकर्मात्कं च यत्।**
**मनुते सर्वमेवैतन्मोहादद्वैतवादवत्।।५०९।।**

**અર્થ :–** અજ્ઞાની જીવ, દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મ બધાને મોહથી અદ્વૈતવાદની જેમ અર્થાત્ આત્માથી અભિન્ન જ સમજે છે.

અને વળી

**विश्वाद्भिन्नोपि विश्वं स्वं कुर्वन्नात्मानमात्महा।**
**भूत्वा विश्वमयो लोके भयं नोज्झति जातुचित्।।५१०।।**

**અર્થ :–** આત્માનો નાશ કરનાર, અજ્ઞાની જીવ જો કે જગતથી ભિન્ન છે, તો પણ જગતને પોતાનું જ બનાવે છે અને વિશ્વમય બનીને લોકમાં કદી પણ ભય છોડતો નથી, તે સદા ભયભીત જ રહ્યા કરે છે.

સારાંશ

**तात्पर्यं सर्वतोऽनित्ये कर्मणः पाकसंभवात्।**
**नित्यबुद्धया शरीरादौ भ्रान्तो भीतिमुपैति सः।।५११।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો સારાંશ એટલો જ છે કે અજ્ઞાની જીવ કર્મના ઉદયવશે સર્વથા અનિત્ય શરીર આદિ પદાર્થોમાં નિત્યબુદ્ધિ રાખીને ભ્રમ કરતો થકો ભય પામવા લાગે છે.

જ્ઞાનીનો વિચાર

**सम्यग्दृष्टि सदैकत्वं स्वं समासादयन्निव।**
**यावत्कर्मातिरिक्तत्त्वाच्छुद्धमत्येति चिन्मयम्।।५१२।।**

**અર્થ :–** સમ્યગ્દષ્ટિ જીવ સદા પોતાને એકલો જ સમજે છે અને જેટલો કોઈ કર્મનો વિકાર છે, તેનાથી પોતાના આત્માને ભિન્ન, શુદ્ધ અને ચૈતન્ય સ્વરૂપ સમજે છે.

વળી

**शरीरं सुखदु:खादि पुत्रपौत्रादिकं तथा।**
**अनित्यं कर्मकार्यत्वादस्वरूपमवैति यः।।५१३।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિ સમજે છે કે શરીર, સુખ, દુઃખ આદિક પદાર્થ અને પુત્ર પૌત્ર આદિક પદાર્થ અનિત્ય છે, એ બધા કર્મના નિમિત્તે થયેલા છે અને તેથી તે આત્મસ્વરૂપ નથી.

અને

**लोकोऽयं मे हि चिल्लोको नूनं नित्योस्ति सोऽर्थतः।**
**नाऽपरोऽलौकिको लोकस्ततो भीतिः कुतोऽस्ति मे।।५१४।।**

**અર્થ :–** તે સમજે છે કે લોક આ છે ? મારો તો નિશ્ચયથી આત્મા જ લોક છે અને તે મારો આત્મા – લોક વાસ્તવમાં નિત્ય છે. તથા મારો બીજો કોઈ અલૌકિક લોક નથી. તેથી મને કોનાથી ભય હોઈ શકે ?

નિષ્કર્ષ

**स्वात्मसंचेतनादेवं ज्ञानी ज्ञानैकतानतः।**
**इह लोकभयान्मुक्तो मुक्तस्तत्कर्मबन्धनात्।।५१५।।**

**અર્થ :–** જ્ઞાનમાં જ તલ્લીન હોવાથી જ્ઞાનચેતના દ્વારા જ સમ્યગ્જ્ઞાની આ લોકસંબંધી ભયથી રહિત છે અને તેથી તે કર્મબંધથી પણ રહિત છે.

પરલોકનો ભય

**परलोकः परत्रात्मा भाविजन्मान्तरांशभाक्।**
**ततः कम्प इव त्रासो भीतिः परलोकतोऽस्ति सा।।५१६।।**

**અર્થ :–** આગામી જન્મને પ્રાપ્ત થનાર – પરભવસંબંધી આત્માનું નામ જ પરલોક છે. તે પરલોકથી કંપાવી નાખે એવું દુઃખ થાય છે અને તે જ પરલોકભય કહેવાય છે.

પરલોકનો ભય

**भद्रं चेज्जन्म स्वर्लोके माभून्मे जन्म दुर्गतौ।**
**इत्याद्याकुलितं चेतः साध्वसं पारलौकिकम्।।५१७।।**

**અર્થ :–** જો સ્વર્ગલોકમાં જન્મ થાય તો સારું, ખરાબ ગતિમાં મારો જન્મ ન થાવ. ઇત્યાદિ પ્રકારે જે મનની વ્યાકુળતા છે તેનું જ નામ પારલૌકિક ભય છે

પરલોક ભયનો સ્વામી

**मिथ्यादृष्टेस्तदेवास्ति मिथ्याभावैक कारणात्।**
**तद्विपक्षस्य सद्दृष्टेर्नास्ति तत्तत्रदव्यत्ययात्।।५१८।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિને મિથ્યાભાવોથી પરલોક સંબંધી ભય થયા કરે છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિને એવો ભય થતો નથી કેમકે તેને મિથ્યાત્વ કર્મનો ઉદય નથી. કારણના અભાવમાં કાર્ય પણ હોય શકે નહિ.

મિથ્યાદૃષ્ટિ

**बहिर्दृष्टिरनात्मज्ञो मिथ्यामात्रैकभूमिकः।**
**स्वं समासादयत्यज्ञः कर्म कर्मफलात्मकम्।।५१९।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિ પોતાના આત્માને ઓળખતો નથી. કેમકે મિથ્યાત્વ જ તેનું એક ક્ષેત્ર છે. તે મૂર્ખ, કર્મ અને કર્મના ફળ સ્વરૂપ જ પોતાને સમજે છે.

**ततो नित्यं भयाक्रान्तो वर्तते भ्रान्तिमानिव।**
**मनुते मृगतृष्णायामम्भोमारं जनः कुधीः।।५२०।।**

**અર્થ :–** તેથી તે સદા ભયભીત રહે છે, સદા ભ્રાંત જેવો રહે છે અને તે કુબુદ્ધિ મિથ્યાદ્રષ્ટિ જીવ મૃગજળમાં જ જળ સમજે છે.

સમ્યગ્દ્રષ્ટિ

**अन्तरात्मा तु निर्भीकः पदं निर्भयमाश्रितः।**
**भीतिहेतोरिहावश्यं भ्रान्तेरत्राप्यसंभवात्।।५२१।।**

**અર્થ :–** અંતરાત્મા (સમ્યગ્દ્રષ્ટિ) તો સદા નિર્ભય રહે છે. કેમકે તે નિર્ભય સ્થાન (આત્મતત્ત્વ) ઉપર પહોંચી ગયો છે. તેથી ભયનું કારણ –ભ્રાંતિ પણ તેને અસંભવ છે અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિને ભ્રમબુદ્ધિ પણ થતી નથી.

મિથ્યાદ્રષ્ટિ

**मिथ्या भ्रान्तिर्यदन्यत्र दर्शनं चान्यवस्तुनः।**
**यथा रज्जौ तमोहेतोः सर्पाध्यासाद्रवत्यधीः।।५२२।।**

**અર્થ :–** જે મિથ્યાભ્રમ થાય છે અને જે અયથાર્થ (અન્ય વસ્તુનું) શ્રદ્ધાન થાય છે તે મિથ્યાદ્રષ્ટિને જ થાય છે. જેવી રીતે અંધકારના કારણે દોરડીમાં સાપનો નિશ્ચય થવાથી ડર લાગે છે તેવી જ રીતે મિથ્યાદ્રષ્ટિ સદા મોહાન્ધકારને કારણે ડર્યા જ કરે છે.

સમ્યગ્દ્રષ્ટિ

**स्वसंवेदनप्रत्यक्षं ज्योतिर्यो वेत्त्यनन्यसात्।**
**स बिभेति कुतो न्यायादन्यथाऽभवनादिह।।५२३।।**

**અર્થ :–** જે સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ જ્યોતિને પોતાનાથી અભિન્ન સમજે છે, તે (સમ્યગ્દષ્ટિ) ક્યા ન્યાયથી ડરશે ? તેને નિશ્ચય છે કે કાંઈ અન્યથા થઈ શકતું નથી અર્થાત્ તે આત્માને સદા અવિનશ્વર સમજે છે તેથી કોઈથી ડરતો નથી.

વેદના–ભય

**वेदनाऽऽगन्तुका बाधा मलानां कोपतस्तनो।**
**भीतिः प्रागेव कम्पः स्यान्मोहाद्वा परिदेवनम्।।५२४।।**

**અર્થ :–** શરીરનાં વાત, પિત્ત, કફ આ ત્રણે મળોનો કોપ થવાથી જે બાધા આવે છે, તેનું જ નામ વેદના છે. તે આવનારી વેદનાથી પહેલાં જ ધ્રૂજારી છૂટવા માંડે છે. તે જ વેદનાભય છે અથવા મોહબુદ્ધિથી વિલાપ થવો તે પણ વેદનાભય છે.

**उल्लाघोहं भविष्यामि माभून्मे वेदना क्वचित्।**
**मूर्च्छैव वेदना भीतिश्चिन्तनं वा मुहुर्मुहुः।।५२५।।**

**અર્થ :–** હું નિરોગી બની જાઉં, મને કદી પણ વેદના ન હો, આમ વારંવાર ચિંતવન કરવું, તે જ વેદનાભય છે અથવા મૂર્છા (મોહબુદ્ધિ) જ વેદના ભય છે.

વેદના ભયનો સ્વામી

**अस्ति नूनं कुदृष्टेः सा दृष्टिदोषैकहेतुतः।**
**नीरोगस्यात्मनोऽज्ञानान्न स्यात्सा ज्ञानिनः क्वचित्।।५२६।।**

**અર્થ :–** તે વેદના ભય મિથ્યાદર્શનના કારણે નિયમથી મિથ્યાદૃષ્ટિને જ હોય છે. અજ્ઞાનથી થતો તે વેદના ભય સદા નિરોગી જ્ઞાનીને કદી હોતો નથી.

સમ્યગ્દૃષ્ટિનો વિચાર

**पुद्‌गलाद्भिन्नचिद्धात्म्नो मे व्याधिः कुतो भयम्।**
**व्याधिः सर्वा शरीरस्य नाऽमूर्तस्येति चिन्तनम्।।५२७।।**

**અર્થ :–** જ્ઞાનમય–આત્મા જ મારું સ્થાન છે અને તે પુદ્‌ગલથી સર્વથા ભિન્ન છે, તેથી મને કોઈ વ્યાધિ (રોગ) હોય શકે નહિ. તો પછી મને ભય શેનો ? જેટલા રોગો છે તે બધા શરીરને જ થાય છે, અમૂર્ત આત્માને એક પણ રોગ થઈ શકતો નથી. આમ સમ્યગ્દૃષ્ટિ સદા ચિંતવન કરતા હોય છે.

અને

**यथा प्रज्वलितो वह्निः कुटीरं दहति स्फुटम्।**
**न दहति तदाकारमाकाशमिति दर्शनात्।।५२८।।**

**અર્થ :–** જેમ પ્રચંડ વેગે જલતી અગ્નિ મકાનને બાળી નાખે છે પરંતુ મકાનના આકારે રહેલું જે આકાશ છે, તેને બાળી શકતી નથી. આ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે.

**ભાવાર્થ :–** જેમ આકાશ અમૂર્ત પદાર્થ છે તે કોઈ રીતે બળી શકતું નથી. તેવી જ રીતે આત્મા પણ અમૂર્ત પદાર્થ છે, તેનો પણ નાશ થઈ શકતો નથી. આ સમ્યગ્દૃષ્ટિનો વિચાર છે.

ઉપરાંત

**रूपस्पर्शनादीन्द्रियार्थेषु प्रत्युत्पन्नेषु भाविषु।**
**नादरो यस्य सोस्त्यर्थान्निर्भीको वेदनाभयात्।।५२९।।**

**અર્થ :–** વર્તમાનમાં પ્રાપ્ત જે સ્પર્શનાદિ ઇન્દ્રિયોના વિષય છે અથવા જે આગામી મળવાના છે, તેમાં જેને આદર નથી, તે જ (સમ્યગ્દૃષ્ટિ) વાસ્તવમાં વેદના–ભયથી નીડર છે.

**व्याधिस्थानेषु तेषूच्चैर्नासिद्धोऽनादरो मनाक्।**
**बाधाहेतोः स्वतस्तेषामामयस्याविशेषतः।।५३०।।**

**અર્થ :–** ઇન્દ્રિયોના વિષય, વ્યાધિઓના મુખ્ય સ્થાન છે. કેમકે તે બાધાના કારણ છે તેથી તેમનામાં રોગથી કોઈ વિશેષતા નથી અર્થાત્ આત્માને દુઃખ આપનાર રોગ ઇન્દ્રિયોના વિષય છે.

અત્રાણ (અરક્ષા) ભય

**अत्राणं क्षणिकैकान्ते पक्षे चित्तक्षणादिवत्।**
**नाशात्प्रागंशनाशस्य त्रातुमक्षमताऽऽत्मनः।।५३१।।**

**અર્થ :–** સર્વથા ક્ષણિક માનનાર બૌદ્ધદર્શન છે. તે ચિત્તનો ક્ષણમાત્રમાં નાશ માને છે. ચિત્ત પદનો અર્થ આત્મા સમજવો જોઈએ. જેમ તે આત્માને ક્ષણમાં નાશવંત માને છે તેમ અન્ય અન્ય બધા પદાર્થોને પણ ક્ષણમાં વિનાશ પામનાર માને છે. સાથે ચિત્તસંતતિ માને છે. આત્મા નાશવંત છે. પરંતુ તેની પરંપરા બરાબર ચાલ્યા કરે છે. આવો બૌદ્ધ સિદ્ધાંત છે. પરંતુ જૈન સિદ્ધાંત સર્વથા આમ માનતો નથી. તે પર્યાયની અપેક્ષાએ આત્મા તથા બીજા પદાર્થોનો નાશ માને છે. પરંતુ દ્રવ્યની અપેક્ષાએ બધાને નિત્ય માને છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ આનાથી ઊલટું જ માને છે. જે સમયે મનુષ્ય પર્યાયનો નાશ તો થયો નથી પરંતુ ધીરે ધીરે આયુષ્ય ઘટી રહ્યું છે એવી હાલતમાં તે (મિથ્યાદૃષ્ટિ) તેનું રક્ષણ તો કરી શકતો નથી. પરંતુ નાશનો ભય તેને સતત રહ્યા કરે છે. તેનું જ નામ અત્રાણ ભય (અરક્ષા–ભય) છે.

મિથ્યાદૃષ્ટિનો વિચાર

**भीतिः प्रागंशनाशात्स्यादंशिनाशभ्रमोन्वयात्।**
**मिथ्यामात्रैकहेतुत्वान्नूनं मिथ्यादृशोऽस्ति सा।।५३२।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિ સમજે છે કે ધીમે ધીમે આત્માની પર્યાયોનો નાશ થવાથી સંભવ છે કે કોઈ વાર આખા આત્માનો જ નાશ થઈ જાય. કારણ કે સંતાનના નાશથી સંતાન ઉત્પન્ન કરનારના નાશનો પણ ડર છે. આ જાતનો ભય મિથ્યાદૃષ્ટિને પહેલેથી રહ્યા કરે છે, એમાં કારણ કેવળ મિથ્યાત્વકર્મનો ઉદય જ છે. આવો ભય નિયમથી મિથ્યાદૃષ્ટિને જ હોય છે, સમ્યગ્દૃષ્ટિને કદી હોતો નથી.

**ભાવાર્થ :–** સમ્યગ્દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ સારી રીતે સમજી લીધું છે, એટલું જ નહિ પરંતુ સ્વાત્મસંવેદનથી ઉપજતા સુખનો સ્વાદ પણ તેમણે લઈ લીધો છે તેથી તેને 'આત્મા પણ કદીક નષ્ટ થઈ જશે' એવી મિથ્યા ભ્રાંતિ કદી થઈ શકતી નથી.

**शरणं पर्ययस्यास्तंगतस्यापि सदन्वयात्।**
**तमनिच्छन्निवाज्ञः स त्रस्तोस्त्यत्राणसाध्वसात्।।५३३।।**

**અર્થ :–** વાસ્તવમાં પર્યાયનો નાશ થવા છતાં પણ આત્મસત્તાની સાંકળ કાયમ રહેવાની છે અને તે આત્મસત્તા જ શરણ છે પરંતુ મૂર્ખ–મિથ્યાદૃષ્ટિ આ વાત ન માનતો થકો અત્રાણ ભય (આત્માનું રક્ષણ કેમ થાય એવા ભય) થી સદા દુઃખી રહે છે.

સમ્યગ્દૃષ્ટિ

**सदृष्टिस्तु चिदंशैः स्वैः क्षणं नष्टे चिदात्मनि।**
**पश्यन्नष्टमिवात्मानं निर्भयोऽत्राणभीतितः।।५३४।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિ તો પોતાને પર્યાયની અપેક્ષાએ નષ્ટ થતો માનવા છતાં પણ અત્રાણ ભયથી સદા નીડર રહે છે. તે આત્માને નાશ પામતો હોય એમ દેખે છે તો પણ તે નીડર છે.

સિદ્ધાંત કથન

**द्रव्यतः क्षेत्रतश्चापि कालादपि च भावतः।**
**नाऽत्राणमंशतोप्यत्र कुतस्तद्धि महात्मनः।।५३५।।**

**અર્થ :–** આ આત્માનો અથવા આ સંસારમાં કોઈ પણ પદાર્થનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અંશમાત્ર પણ નાશ થતો નથી તો પછી મહાન પદાર્થ આત્મા–મહાત્માનો નાશ કેવી રીતે થઈ શકે ?

અગુપ્તિ ભય

**दृङ्मोहस्योदयाद्बुद्धिः यस्य चैकान्तवादिनी।**
**तस्यैवागुप्ति भीतिः स्यान्नूनं वान्यस्य जातुचित्।।५३६।।**

**અર્થ :–** દર્શનમોહનીયના ઉદયથી જેની બુદ્ધિ એકાંત તરફ ઝૂકી છે તેને જ અગુપ્તિ–ભય થાય છે. જેને દર્શનમોહનીયનો ઉદય નથી તેને કદી પણ એવી બુદ્ધિ થતી નથી.

મિથ્યાદૃષ્ટિ

**असज्जन्म सतोनाशं मन्यमान्स्य देहिनः।**
**कोऽवकाशस्ततो मुक्तिमिच्छतोऽगुप्तिसाध्वसात्।।५३७।।**

**અર્થ :–** જે પ્રાણી અસત્ પદાર્થની ઉત્પત્તિ માને છે અને સત્ પદાર્થનો નાશ માને છે છતાં પણ અગુપ્તિ–ભયથી છૂટવા ઇચ્છે છે, તો આવું માનનાર અગુપ્તિભયથી ક્યાંથી છૂટી શકે ?

સમ્યગ્દૃષ્ટિ

**सम्यदृष्टिस्तु स्वरूपं गुप्तं वै वस्तुनो विदन्।**
**निर्भयोऽगुप्तितो भीतेः भीतिहेतोरसंभवात्।।५३८।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિ તો વસ્તુના સ્વરૂપને નિશ્ચયપણે રક્ષિત જ માને છે. ભયનું

કારણ એવું દર્શનમોહનીય તેને નથી, તેથી તે અગુપ્તિ–ભયથી નિર્ભય રહે છે.

મૃત્યુભય

**मृत्युः प्राणात्ययः प्राणाः कायवागिन्द्रियं मनः।**
**निःश्वासोच्छ्‌वासमायुश्च दशैते वाक्यविस्तरात्।।५३९।।**

**અર્થ :–** પ્રાણોનો નાશ થવો તે જ મૃત્યુ છે. કાય, વચન, પાંચ ઇન્દ્રિય, મન, શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્ય, આ દશ પ્રાણ છે. આ દશ પ્રાણ વિસ્તારરૂપ છે. જો એમને સંક્ષેપમાં કહેવામાં આવે તો બળ (કાયા, વચન, મન) ઇન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્ય, એ ચાર પ્રાણ છે.

**तद्भीतिर्जीवितं भूयान्मा भून्मे मरणं क्वचित्।**
**कदा लेभे न वा दैवात् इत्याधिः स्वे तनुव्यये।।५४०।।**

**અર્થ :–** મૃત્યુનો ભય આ રીતે રહ્યા કરે છે કે હું જીવતો રહું, હું કદી ન મરું અથવા દૈવયોગે કદી મરી ન જાઉં, ઇત્યાદિ પીડા પોતાના શરીરનો નાશ થવાના ભયથી થયા કરે છે.

મૃત્યુ ભયનો સ્વામી

**नून तद्भीः कुदृष्टिनां नित्यं तत्त्वमनिच्छताम्।**
**अन्तस्तत्त्वैकवृत्तीनां तद्भीतिर्ज्ञानिनां कुतः।।५४१।।**

**અર્થ :–** નિશ્ચયથી મૃત્યુભય તત્ત્વને ન ઓળખનાર મિથ્યાદ્રષ્ટઓને જ સદા રહ્યા કરે છે. જેમણે પોતાની વૃત્તિઓ આત્માના સ્વરૂપમાં જ લગાવી છે એવા સમ્યગ્જ્ઞાનીઓને મૃત્યુનો ભય ક્યાંથી થઈ શકે ?

સમ્યગ્દૃષ્ટિને મૃત્યુનો ભય કેમ નથી ?

**जीवस्य चेतना प्राणाः नूनं सात्मोपजीविनी।**
**नार्थान्मृत्युरतस्तद्भीः कुतः स्यादिति पश्यतः।।५४२।।**

**અર્થ :–** ચેતના જ જીવના પ્રાણ છે. તે ચેતના નિશ્ચયથી આત્મોપજીવી (આત્માનો અનુજીવી ગુણ) છે. આમ દેખનાર મૃત્યુ થવાનું જ માનતા નથી. તો પછી તેને મૃત્યુનો ભય ક્યાંથી થઈ શકે ?

આકસ્મિક ભય

**अकस्माज्जातमित्युच्चैराकस्मिकभयं स्मृतम्।**
**तद्यथा विद्युदादीनां पातात्पातोऽसुधारिणाम्।।५४३।।**

**અર્થ :–** જે ભય અકસ્માત (અચાનક) થઈ જાય છે તેને આકસ્મિક ભય કહે છે. તે વીજળી આદિ પડવાથી પ્રાણીઓનો નાશ થવો આદિ રૂપે થાય છે.

**भीतिर्भूयाद्यथा सौस्थ्यं माभूद्दौस्थ्यं कदापि मे।**
**इत्येवं मानसी चिन्ता पर्याकुलित चेतसा।।५४४।।**

**અર્થ :–** આકસ્મિક ભય આ રીતે થાય છે કે હું સદા સ્વસ્થ રહ્યા કરું, મને કદી અસ્વસ્થતા ન હો. આ પ્રમાણે આકુળ ચિત્તવાળો માનસિક ચિંતાથી પીડાયા કરે છે.

એનો સ્વામી

**अर्थादाकस्मिकभ्रान्तिरस्ति मिथ्यात्वशालिनः।**
**कुतो मोक्षोऽस्य तद्भीतेर्निर्भीकैकपदच्युतेः।।५४५।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિને જ આકસ્મિક ભય થાય છે કેમકે તે નિર્ભીક સ્થાનથી ભ્રષ્ટ થયો છે અને સદા ભયભીત રહે છે. તો પછી તેનો તે ભયથી છૂટકારો ક્યાંથી થાય ?

**निर्भीकैकपदो जीवो स्यादनन्तोप्यनादिसात्।**
**नास्ति चाकस्मिकं तत्र कुतस्तद्भीस्तमिच्छतः।।५४६।।**

**અર્થ :–** જીવ સદા નિર્ભીક સ્થાનવાળો છે, અનંત છે અને અનાદિ પણ છે. તે નિર્ભીક સ્થાનને ઇચ્છનાર જીવને આકસ્મિક ભય કદી થતો નથી. કેમકે અનાદિ અનંત જીવમાં આકસ્મિક ઘટના હોઈ જ શું શકે ?

નિઃકાંક્ષિત અંગ

**कांक्षा भोगाभिलाषः स्यात्कृतेऽमुष्य क्रियासु वा।**
**कर्मणि तत्फले सात्म्यमन्यदृष्टिप्रशंसनम्।।५४७।।**

**અર્થ :–** જે કામ કરવામાં આવે છે તેનાથી પરલોક માટે ભોગોની ઇચ્છા કરવી એનું જ નામ કાંક્ષા છે અથવા કર્મ અને કર્મના ફળમાં આત્મીય ભાવ રાખવો અથવા મિથ્યાદૃષ્ટિઓની પ્રશંસા કરવી, તે બધું કાંક્ષા કહેવાય છે.

કાંક્ષાના ચિહ્ન

**हृषीकारुचितेषूच्चैरुद्वेगो विषयेषु यः।**
**स स्याद्भोगाभिलाषस्य लिंगं स्वेष्टार्थरञ्जनात्।।५४८।।**

**અર્થ :–** જે ઇન્દ્રિયોને ગમતા વિષયો ન હોય તેમાં બહુ દુઃખ પ્રગટ કરવું, એ જ ભોગોની અભિલાષાનું ચિહ્ન છે, કેમકે ઇન્દ્રિયોને અણગમતા વિષયોમાં દુઃખ પ્રગટ કરવાથી પોતાના અભીષ્ટ પદાર્થોમાં રાગ અવશ્ય થશે.

રાગદ્વેષ બંને સાપેક્ષ છે

**तद्यथा न रतिः पक्षे विपक्षेप्यरतिं विना।**
**नारतिर्वा स्वपक्षेपि तद्विपक्षे रतिं विना।।५४९।।**

**અર્થ :–** વિપક્ષમાં દ્વેષ થયા વિના સ્વ–પક્ષમાં રાગ થતો નથી અને વિપક્ષમાં રાગ થયા વિના સ્વપક્ષમાં દ્વેષ થતો નથી.

**ભાવાર્થ :–** રાગ અને દ્વેષ, બંનેય સાપેક્ષ છે. જો એક વસ્તુમાં રાગ હશે તો બીજીમાં દ્વેષ અવશ્ય થશે અથવા બીજીમાં જો રાગ હશે તો પહેલીમાં દ્વેષ અવશ્ય થશે. રાગદ્વેષ બંનેય સહભાવી છે. એવી જ રીતે ઇન્દ્રિયોના કોઈ વિષયમાં દ્વેષ કરવાથી કોઈમાં રાગ અવશ્ય થશે.

સહયોગિતાનું દ્રષ્ટાંત

**शीतद्वेषी यथा कश्चित् उष्णस्पर्शं समीहते।**
**नेच्छेदनुष्णसंस्पर्शमुष्णस्पर्शाभिलाषुकः।।५५०।।**

**અર્થ :–** જેમ કોઈ ઠંડીનો દ્વેષ કરે છે તો તે ઉષ્ણસ્પર્શને ચાહે છે, જે ઉષ્ણસ્પર્શની અભિલાષા રાખે છે તે શીતસ્પર્શને ચાહતો નથી.

કાંક્ષાનો સ્વામી

**यस्यास्ति कांक्षितो भावो नूनं मिथ्यादृगस्ति सः।**
**यस्य नास्ति स सद्दृष्टिर्युक्तिस्वानुभवागमात्।।५५१।।**

**અર્થ :–** જેને કાંક્ષિત (ભોગાભિલાષાનો) ભાવ છે તે નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે. જેને તે ભાવ નથી તે સમ્યગ્દ્રષ્ટિ છે. આ વાત સ્વાનુભવ, યુક્તિ અને આગમ એ ત્રણેથી સિદ્ધ છે.

મિથ્યાદૃષ્ટિની ભાવના

**आस्तामिष्टार्थसंयोगोऽमुत्रभोगाभिलाषतः ।**
**स्वार्थसार्थैकसंसिद्धिर्न स्यान्नामैहिकात्परम् । ।५५२ । ।**

**અર્થ :–** પરલોકમાં ભોગોની અભિલાષાથી ઇષ્ટ પદાર્થોનો સંયોગ મળે એ ભાવના તો મિથ્યાદૃષ્ટિને રહ્યા જ કરે છે. પરંતુ તે એ પણ સમજે છે કે પોતાના બધા અભીષ્ટોની સિદ્ધિ આ લોક સિવાય ક્યાંય નથી અર્થાત્ જે કાંઈ સુખ સામગ્રી છે તે આ જ (સાંસારિક) છે, આનાથી વધારે બીજે ક્યાંય નથી.

**निःसारं प्रस्फुरत्येष मिथ्याकर्मैकपाकतः ।**
**जन्तोरुन्मत्तवच्चापि वार्धेर्वातोत्तरङ्गवत् । ।५५३ । ।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિને આવી આવી (જે કંઈ છે તે આ જ સંસારમાં છે) નિઃસાર ભાવનાઓ મિથ્યાકર્મના ઉદયથી આવ્યા કરે છે તે કોઈ ઉન્મત્ત (પાગલ) મનુષ્યને થાય તેવી જ હોય છે. વાયુથી હિલોળાતો સમુદ્ર જેમ તરંગોથી ઉછળે છે તેમ મિથ્યાત્વના ઉદયથી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનભાવોથી ઉછળવા માંડે છે.

શંકાકાર

**ननु कार्यमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते ।**
**भोगाकांक्षा विना ज्ञानी तत्कथं व्रतमाचरेत् । ।५५४ । ।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે કોઈ કાર્યના લક્ષ્ય વિના બુદ્ધિ વિનાનો પુરુષ પણ કોઈ કામમાં જોડાતો નથી વિશેષ જ્ઞાની–સમ્યગ્જ્ઞાની ભોગોની ચાહ વિના કેવી રીતે વ્રતો ધારણ કરે છે ?

ફરીથી શંકાકાર

**नासिद्धं बन्धमात्रत्वं क्रियायाः फलमद्वयम्।**
**शुभमात्रं शुभायाः स्यादशुभायाश्चाशुभावहम्।।५५५।।**
**न चाऽऽशङ्कयं क्रियाप्येषा स्यादबन्धफला क्वचित्।**
**दर्शनातिशयाद्धेतोः सरागेपि विरागवत्।।५५६।।**
**यतः सिद्धं प्रमाणाद्वै नूनं बन्धफला क्रिया।**
**अर्वाक् क्षीणकषायेभ्योऽवश्यं तद्धेतुसंभवात्।।५५७।।**
**सरागे वीतरागे वा नूनमौदयिकी क्रिया।**
**अस्ति बन्धफलाऽवश्यं मोहस्यान्यतमोदयात्।।५५८।।**
**न च वाच्यं स्यादात्मदृष्टिः प्रज्ञापराधतः।**
**अपि बन्धफलां कुर्यात्तामबन्धफलां विदन्।।५५९।।**
**यतः प्रज्ञाविनाभूतमस्ति सम्यग्विशेषणम्।**
**तस्याश्चाऽभावतो नूनं कुतस्त्या दिव्यता दृशः।।५६०।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જેટલી ક્રિયાઓ કરવામાં આવે છે તે બધાનું ફળ એક બંધ થવો તે જ છે. આ વાત સારી રીતે સિદ્ધ છે. જો તે શુભક્રિયા હોય તો તેનું ફળ શુભરૂપ થશે અને જો તે અશુભ હોય તો તેનુ ફળ પણ અશુભ જ થશે. પરંતુ ગમે તે ક્રિયા હોય તો પણ તે બંધ અવશ્ય કરશે. એવી આશંકા ન કરવી જોઈએ કે આ ક્રિયા કોઈ પણ બંધ નહિ કરે. જેમ વીતરાગી પુરુષની ક્રિયા બંધરૂપ ફળ ઉત્પન્ન નથી કરતી તેવી જ રીતે સમ્યગ્દર્શનના અતિશયના કારણે સરાગીની ક્રિયા પણ બંધનું ફળ નહિ આપે ? એવી આશંકા ન કરવી જોઈએ. કેમકે આ વાત પ્રમાણસિદ્ધ છે કે બધી ક્રિયાઓ બંધરૂપ ફળ ઉત્પન્ન કરે છે. ક્ષીણકષાય (બારમા ગુણસ્થાન)થી પહેલાં પહેલાં અવશ્ય જ બંધનું કારણ સંભવે છે. ચાહે સરાગી હોય કે ચાહે વીતરાગી (ક્ષીણકષાયથી પહેલાં) હોય, બંનેમાં ઔદયિકી (ઉદયભાવથી થતી) ક્રિયા હોય છે અને તે ક્રિયા અવશ્ય જ બંધરૂપ ફળ ઉત્પન્ન કરે છે. કેમકે મોહનીયની પ્રકૃતિઓમાંથી કોઈ

એકનો ઉદય મોજૂદ છે માટે બુદ્ધિના દોષથી કોઈને સ્વાનુભૂતિવાળા ન કહો અને બંધ ઉત્પન્ન કરનાર ક્રિયાના કર્તાની ક્રિયાને અબંધ ફળવાળી ક્રિયા તરીકે ન વર્ણવો. કેમકે બુદ્ધિનું અવિનાભાવી વિશેષણ સમ્યક્ છે. તે સમ્યક્ વિશેષણવાળી બુદ્ધિ (સમ્યગ્જ્ઞાન) નો અભાવ થવાથી દર્શનને દિવ્યતા–ઉત્કૃષ્ટતા (સમ્યગ્દર્શનપણું) ક્યાંથી મળશે ?

ઉત્તર

**नैवं यतः सुसिद्धं प्रागस्ति चानिच्छतः क्रिया।**
**शुभायाश्चाऽशुभायाश्च कोऽवशेषो विशेषभाक्।।५६१।।**

**અર્થ :–** શંકાકારની ઉપરની શંકા વ્યર્થ છે, કેમકે પહેલાં એ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ છે કે ઇચ્છા વિના પણ ક્રિયા થાય છે, તો પછી શુભક્રિયા અને અશુભક્રિયાની કઈ વિશેષતા બાકી રહી ગઈ ?

**ભાવાર્થ :–** જે મનુષ્યને કોઈ વસ્તુની ઇચ્છા નથી તેને પણ ક્રિયા હોય છે તો એવી ક્રિયા શુભ–અશુભ ક્રિયા નહિ કહેવાય. કેમકે જે શુભ પરિણામોથી કરવામાં આવે તે શુભક્રિયા કહેવાય છે અને જે અશુભ પરિણામોથી કરવામાં આવે તે અશુભક્રિયા કહેવાય છે. જ્યાં ક્રિયા કરવાની ઇચ્છા જ નથી ત્યાં શુભ અથવા અશુભ પરિણામ જ બની શકતા નથી.

શંકાકાર

**नन्वविष्टार्थसंयोगरूपा साऽनिच्छतः क्रिया।**
**विशिष्टेष्टार्थसंयोगरूपा साऽनिच्छतः कथम्।।५६२।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જે ક્રિયા અનિષ્ટ પદાર્થોનો સંયોગ કરાવે છે તે તો ન ઇચ્છનારને ય થઈ જાય છે. પરંતુ વિશેષ વિશેષ ઇષ્ટ પદાર્થોનો સંયોગ કરાવનારી જે ક્રિયા છે તે ન ઇચ્છનાર પુરુષને કેવી રીતે થઈ શકે ?

ફરીથી શંકાકાર

**सत्क्रिया व्रतरूपा स्यादर्थान्नानिच्छतः स्फुटम्।**
**तस्याऽस्वतन्त्रसिद्धत्वात् सिद्धं कर्तृत्वमर्थसात्।।५६३।।**

**અર્થ :–** વ્રતરૂપ જે શ્રેષ્ઠ ક્રિયા છે તે વ્રતની ઇચ્છા ન રાખનારને કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. વ્રતરૂપ ક્રિયા ઇચ્છા અનુસાર જ કરવામાં આવે છે. તે સ્વતંત્ર નથી. તેથી વ્રત કરનાર વ્રતરૂપ ક્રિયાનો કર્તા છે એ વાત સિદ્ધ થઈ.

**ભાવાર્થ :–** શ્રેષ્ઠ ક્રિયાઓ ઇચ્છા કર્યા વિના થઈ શકતી નથી એવો શંકાકારનો અભિપ્રાય છે.

ઉત્તર

**नैवं यतोस्त्यनिष्टार्थः सर्वः कर्मोदयात्मकः।**
**तस्मान्नाकांक्षते ज्ञानी यावत् कर्म च तत्फलम्।।५६४।।**

**અર્થ :–** ઉપરનું કથન બરાબર નથી. કેમકે જે કાંઈ કર્મના ઉદય–સ્વરૂપ છે તે બધું અનિષ્ટ–અર્થ છે. તેથી જેટલા કર્મ અને તેના ફળ છે તેને જ્ઞાની પુરુષ ઇચ્છતા નથી.

દૃષ્ટિદોષ

**यत्पुनः कश्चिदिष्टार्थोऽनिष्टार्थः कश्चिदर्थसात्।**
**तत्सर्वं दृष्टिदोषत्वात् पीतशंखावलोकवत्।।५६५।।**

**અર્થ :–** અને જે પ્રયોજનવશે કોઈ પદાર્થને ઇષ્ટ માની લેવામાં આવે છે અથવા કોઈ પદાર્થને અનિષ્ટ માની લેવામાં આવે છે તે બધી માન્યતા દૃષ્ટિ (દર્શન) દોષથી છે. જેમ દૃષ્ટિ (નેત્ર) દોષથી સફેદ શંખ પણ પીળો જ દેખાય છે તેવી જ રીતે મોહબુદ્ધિથી કર્મોદય પ્રાપ્ત પદાર્થોમાં આ મોહી જીવ ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ કરે છે વાસ્તવમાં કર્મોદયથી

થયેલું બધું અનિષ્ટ જ છે.

સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ

**दृङ्मोहस्यात्यये दृष्टिः साक्षात् सूक्ष्मार्थदर्शिनी।**
**तस्याऽनिष्टेऽस्त्यनिष्टार्थबुद्धिः कर्मफलात्मके।।५६६।।**

**અર્થ :–** દર્શનમોહનીય કર્મનો નાશ થતાં સાક્ષાત્ સૂક્ષ્મ પદાર્થોને જોનારી દૃષ્ટિ (દર્શન) ઉઘડી જાય છે. પછી સમ્યગ્દષ્ટિને કર્મના ફળ સ્વરૂપ અનિષ્ટ પદાર્થોમાં અનિષ્ટ પદાર્થરૂપ જ બુદ્ધિ રહે છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દષ્ટિના કર્મના ઉદયમાત્રને જ અનિષ્ટ સમજે છે. કર્મોદયથી પ્રાપ્ત બધા પદાર્થો તેની દૃષ્ટિમાં અનિષ્ટરૂપ જ ભાસે છે.

કર્મ અને કર્મનું ફળ અનિષ્ટ કેમ છે ?

**न चाऽसिद्धमनिष्टत्वं कर्मणस्तत्फलस्य च।**
**सर्वतो दुःखहेतुत्वाद्युक्तिस्वानुभवागमात्।।५६७।।**

**અર્થ :–** કર્મ અને કર્મનું ફળ અનિષ્ટ છે, એ વાત અસિદ્ધ નથી કેમકે જે કાંઈ કર્મ અને કર્મનું ફળ છે તે બધું સર્વદા દુઃખનું જ કારણ છે. આ વાત યુક્તિ, સ્વાનુભવ અને આગમથી પ્રસિદ્ધ છે.

બધી ક્રિયાઓ અનિષ્ટ જ છે

**अनिष्टफलवत्त्वात्स्यादनिष्टार्था व्रतक्रिया।**
**दुष्टकार्यानुरूपस्य हेतुर्दुष्टोपदेशवत्।।५६८।।**

**અર્થ :–** જેટલી કોઈ વ્રતક્રિયા અનિષ્ટ ફળ આપનાર છે તે બધી અનિષ્ટાર્થ છે

કેમકે અનિષ્ટ ફળ આપે છે. જેમ દુષ્ટ પુરુષનો ઉપદેશ દુષ્ટ કાર્ય ઉત્પન્ન કરે છે તેવી જ રીતે આ પણ દુષ્ટ–કાર્ય ઉત્પન્ન કરે છે.

વ્રતક્રિયા સ્વતંત્ર નથી

**अथाऽसिद्धं स्वतंत्रत्वं क्रियायाः कर्मणः फलात्।**
**ऋते कर्मोदयाद्धेतोस्तस्याश्चाऽसंभवो यतः।।५६९।।**

**અર્થ :–** ક્રિયા સ્વતંત્ર હોય છે, તે વાસ્તવમાં બરાબર નથી. ક્રિયા કર્મના ફળથી થાય છે અથવા કર્મનું ફળ છે તેથી ક્રિયાને સ્વતંત્ર કહેવી તે અસિદ્ધ છે કેમકે કર્મોદયરૂપ હેતુ વિના ક્રિયાનું હોવું જ અસંભવિત છે.

ક્રિયા ઔદયિકી છે

**यावदक्षीणमोहस्य क्षीणमोहस्य चाऽऽत्मनः।**
**यावत्यस्ति क्रिया नाम तावत्यौदयिकी स्मृता।।५७०।।**

**અર્થ :–** જે આત્માનો મોહ નષ્ટ થઈ ગયો છે અથવા જેનો મોહ નષ્ટ થયો નથી તે બંનેની જેટલી કોઈ ક્રિયા છે તે બધી ઔદયિકી અર્થાત્ કર્મના ઉદયથી થાય છે.

**पौरुषो न यथाकामं पुंसः कर्मोदितं प्रति।**
**न परं पौरुषापेक्षो दैवापक्षो हि पौरुषः।।५७१।।**

**અર્થ :–** પુરુષનો પુરુષાર્થ કર્મોદય પ્રતિ પૂરેપૂરો થઈ શકતો નથી અને પુરુષાર્થ કેવળ પુરુષાર્થથી પણ થતો નથી પરંતુ દૈવ (કર્મ)થી થાય છે.

**ભાવાર્થ :–** પુરુષાર્થ કર્મથી થાય છે તેથી ક્રિયા ઔદયિકી છે અર્થાત્ જો કર્મોદય તીવ્ર હોય તો પુરુષાર્થ નિષ્ફળ જાય છે.

નિષ્કર્ષ

**सिद्धो निष्कांक्षितो ज्ञानी कुर्वाणोप्युदितां क्रियाम्।**
**निष्कामतः कृतं कर्म न रागाय विरागिणाम्।।५७२।।**

**અર્થ :–** એ વાત સિદ્ધ થઈ કે સમ્યગ્જ્ઞાની ઉદયરૂપ ક્રિયા કરવા છતાં પણ નિઃકાંક્ષિત છે અર્થાત્ આકાંક્ષારહિત છે. વિરાગીઓએ ઇચ્છા વિના કરેલું કર્મ રાગનું કારણ થતું નથી.

આશંકા

**नाशंक्यं चास्ति निःकांक्षः सामान्योपि जनः क्वचित्।**
**हेतोः कुतश्चिदन्यत्र दर्शनातिशयादपि।।५७३।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનના અતિશયરૂપ હેતુ સિવાય બીજે ક્યાંય સામાન્ય જન પણ આકાંક્ષારહિત થઈ જાય છે ? એવી આશંકા ન કરવી જોઈએ.

કારણ કે

**यतो निष्कांक्षता नास्ति न्यायात् सद्दर्शनं विना।**
**नानिच्छास्त्यक्षजे सौख्ये तदत्यक्षमनिच्छतः।।५७४।।**

**અર્થ :–** કારણ કે સમ્યગ્દર્શન વિના નિષ્કાંક્ષતા થઈ જ શકતી નથી એ ન્યાયસિદ્ધ છે કેમકે જે અતીન્દ્રિય સુખ ઇચ્છતો નથી, તેને ઇન્દ્રિયજન્ય સુખમાં ઇચ્છા હોય છે.

મિથ્યાદૃષ્ટિ

**तदत्यक्षसुखं मोहान्मिथ्यादृष्टिः स नेच्छति।**
**दृङ्मोहस्य तथा पाकः शक्तेः सद्भावतोऽनिशम्।।५७५।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિ મોહનીય કર્મના ઉદયથી તે અતીન્દ્રિય સુખને ઇચ્છતો નથી. કેમકે શક્તિનો સદ્‌ભાવ હોવાથી દર્શન મોહનીયનો નિરંતર ઉદય જ તેવો થયા કરે છે.

**उक्तो निष्कांक्षितो भावो गुणः सद्दर्शनस्य वै।**
**सस्तु का न क्षतिः प्राक्चेत्परीक्षा क्षमता मता।।५७६।।**

**અર્થ :–** નિષ્કાંક્ષિત ભાવ કહેવાય ગયો. આ સમ્યગ્દૃષ્ટિનો જ ગુણ છે, એમ કહેવામાં અમારી કોઈ હાનિ નથી એ પરીક્ષાસિદ્ધ વાત છે.

**ભાવાર્થ :–** પરીક્ષક સ્વયં નિશ્ચય કરી શકે છે કે સમ્યગ્દર્શન વિના નિષ્કાંક્ષિત ભાવ હોઈ શકે નહિ. તેથી એ સમ્યગ્દૃષ્ટિનો જ ગુણ છે.

## નિર્વિચિકિત્સા

**अथ निर्विचिकित्साख्यो गुणः संलक्ष्यते स यः।**
**सद्दर्शनगुणस्योच्चैर्गुणो युक्तिवशादपि।।५७७।।**

**અર્થ :–** હવે નિર્વિચિકિત્સા નામનો ગુણ કહેવામાં આવે છે કે જે યુક્તિ દ્વારા પણ સમ્યગ્દૃષ્ટિનો જ એક ઉન્નત ગુણ માનવામાં આવ્યો છે.

## વિચિકિત્સા

**आत्मन्यात्मगुणोत्कर्षबुद्धया स्वात्मप्रशंसनात्।**
**परत्राप्यकर्षेषु बुद्धिर्विचिकित्सा स्मृता।।५७८।।**

**અર્થ :–** પોતામાં અધિક ગુણ સમજીને પોતાની પ્રશંસા કરવી અને બીજાની હીનતા સિદ્ધ કરવાની બુદ્ધિ રાખવી, તેને વિચિકિત્સા માનવામાં આવે છે.

નિર્વિચિકિત્સા

**निष्क्रान्तो विचिकित्सायाः प्रोक्तो निर्विचिकित्सकः।**
**गुणः सद्दर्शनस्योच्चैर्वक्ष्ये तल्लक्षणं यथा।।५७९।।**

**અર્થ :–** ઉપર કહેલી વિચિકિત્સા રહિતનો જે ભાવ છે તેને જ નિર્વિચિકિત્સા ગુણ કહેવામાં આવ્યો છે. તે સમ્યગ્દૃષ્ટિનો ઉન્નત ગુણ છે. તેનું લક્ષણ કહેવામાં આવે છે.

**दुर्दैवाद्दुःखिते पुंसि तीव्राऽसाताघृणास्पदे।**
**यन्नादयापरं चेतः स्मृतो निर्विचिकित्सकः।।५८०।।**

**અર્થ :–** જે પુરુષ ખરાબ કર્મના ઉદયથી દુઃખી થઈ રહ્યો છે અને તીવ્ર અશાતા વેદનીયનું નિંદ્યસ્થાન બની રહ્યો છે એવા પુરુષ પ્રત્યે ચિત્તમાં નિર્દયવૃત્તિ ન થવી તે જ નિર્વિચિકિત્સા ગુણ કહેવાય છે.

વિચાર–પરંપરા

**नैतत्तन्मनस्यज्ञानमस्म्यहं सम्पदां पदम्।**
**नासावस्मत्समो दीनो वराको विपदां पदम्।।५८१।।**

**અર્થ :–** એવી જાતનું મનમાં અજ્ઞાન ન થવું જોઈએ કે હું સંપત્તિઓનું ઘર છું અને આ દીન બિચારો વિપત્તિઓનું ઘર છે. એ મારા જેવો હોય શકે નહિ.

**प्रत्युतः ज्ञानमेवैतत्तत्र कर्मविपाकजाः।**
**प्राणिनः सदृशाः सर्वे त्रसस्थावरयोनयः।।५८२।।**

**અર્થ :–** ઉપર કહેલું અજ્ઞાન ન થતાં આવું જ્ઞાન થવું જોઈએ કે કર્મના ઉદયથી બધા ત્રસ, સ્થાવર યોનિઓના જીવો સમાન છે.

દૃષ્ટાંત

**यथा द्वावर्भकौ जातौ शूद्रिकायास्तथोदरात्।**
**शूद्रावभ्रान्तिस्तौ द्वौ कृतो भेदो भ्रमात्मना।।५८३।।**

**અર્થ :–** જેમ શુદ્ર સ્ત્રીના ગર્ભથી બે બાળક ઉત્પન્ન થયાં. વાસ્તવમાં તે બંનેય નિર્ભ્રમપણે શુદ્ર છે. પરંતુ ભ્રમિત આત્મા તે બંનેમાં ભેદ માનવા લાગે છે.

**ભાવાર્થ :–** આવી કથા પ્રસિદ્ધ છે કે શુદ્રાણીને બે બાળક થયા હતા. તેમણે ભિન્ન ભિન્ન કામ કરવા માંડ્યું હતું એકે ઊંચ વર્ણનું કામ શરૂ કર્યું હતું અને બીજાએ શુદ્રનું જ કામ શરૂ કર્યું હતું. ઘણા માણસો ભ્રમથી તેમને ભિન્ન ભિન્ન સમજવા લાગ્યા હતા. પરંતુ વાસ્તવમાં તે બંને એક જ માતાથી ઉત્પન્ન થયા હતા. એવી જ રીતે કર્મકૃત ભેદથી જીવોમાં કેટલાક ભ્રમથી ભેદ ગણવા માંડે છે. પરંતુ વાસ્તવમાં બધા આત્મા સમાન છે.

**जले जम्बालवज्जीवे यावत्कर्माशुचिस्फुटम्।**
**अहंता चाऽविशेषाद्वा नूनं कर्ममलीमसः।।५८४।।**

**અર્થ :–** જળમાં કીચડની જેમ આ જીવમાં જ્યાં સુધી અપવિત્ર કર્મનો સંબંધ છે ત્યાં સુધી આ કર્મ –મલિન આત્માને સામાન્યપણે અહંબુદ્ધિ લાગેલી છે અર્થાત્ બીજા પદાર્થોમાં એણે પોતાપણું માની રાખ્યું છે.

નિષ્કર્ષ

**अस्ति सद्दर्शनस्यासौ गुणो निर्विचिकित्सकः।**
**यतोऽवश्यं स तत्रास्ति तस्मादन्यत्र न क्वचित्।।५८५।।**

**અર્થ :–** આ નિર્વિચિકિત્સા–ગુણ સમ્યગ્દૃષ્ટિનો જ ગુણ છે. કેમકે સમ્યગ્દૃષ્ટિમાં તે અવશ્ય છે. સમ્યગ્દૃષ્ટિ સિવાય બીજે ક્યાંય તે મળતો નથી,

**कर्मपर्यायमात्रेषु रागिणः स कुतो गुणः।**
**सद्विशेषेऽपि, सम्मोहादद्वयोरैक्योपलब्धितः।।५८६।।**

**અર્થ :–** જડ અને ચૈતન્યમાં પરસ્પર વિશેષતા હોવા છતાં પણ મોહથી બંનેને એક સમજનાર–કર્મની પર્યાયમાત્રમાં જે રાગી બની રહ્યો છે, તેને તે નિર્વિચિકિત્સા ગુણ ક્યાંથી હોય શકે ?

**इत्युक्तो युक्तिपूर्वोसौ गुणः सद्दर्शनस्य यः।**
**नाविवक्षो हि दोषाय विवक्षो न गुणाप्तये।।५८७।।**

**અર્થ :–** આ પ્રમાણે યુક્તિપૂર્વક નિર્વિચિકિત્સા ગુણ સમ્યગ્દૃષ્ટિને હોય છે એમ કહેવામાં આવ્યું છે. જો આ ગુણ ન કહેવામાં આવે તો કોઈ દોષ આવતો નથી અને કહેવાથી કોઈ વિશેષ લાભ નથી.

**ભાવાર્થ :–** આ એક સામાન્ય કથન છે. નિર્વિચિકિત્સા ગુણ કહેવા કે ન કહેવાથી કોઈ ગુણ દોષ થતો નથી. આનો આશય આ જ છે કે સમ્યગ્દર્શનની સાથે આ ગુણ હોય છે.

### અમૂઢ દૃષ્ટિ

**अस्ति चामूढदृष्टिः सा सम्यग्दर्शनशालिनी।**
**ययालंकृतवपुष्येतद्भाति सद्दर्शनं नरि।।५८८।।**

**અર્થ :–** અમૂઢદૃષ્ટિ ગુણ પણ સમ્યગ્દર્શનસહિત જ હોય છે. અમૂઢદૃષ્ટિ ગુણથી વિભૂષિત આત્મામાં આ સમ્યગ્દર્શન શોભાયમાન થાય છે.

### અમૂઢદ્દષ્ટિનું લક્ષણ

**अतत्त्वे तत्त्वश्रद्धानं मूढदृष्टिः स्वलक्षणात्।**
**नास्ति सा यस्य जीवस्य विख्यातः सोस्त्यमूढदृक्।।५८९।।**

**અર્થ :–** અતત્ત્વમાં તત્ત્વશ્રદ્ધાન કરવું તે મૂઢદ્દષ્ટિ કહેવાય છે. મૂઢ એવી જે દ્દષ્ટિ તે મૂઢદ્દષ્ટિ, એવો મૂઢદ્દષ્ટિ શબ્દથી જ સ્પષ્ટાર્થ છે. જે જીવને આવી મૂઢદ્દષ્ટિ નથી તે અમૂઢદ્દષ્ટિ પ્રસિદ્ધ છે.

**अस्त्यसद्धेतुदृष्टान्तैर्मिथ्याऽर्थः साधितोऽपरैः।**
**नाप्यलं तत्र मोहाय दृङ्मोहस्योदयक्षतेः।।५९०।।**

**અર્થ :–** બીજા મતવાળાઓએ મિથ્યા હેતુ અને દ્દષ્ટાંતો દ્વારા મિથ્યા (વિપરીત) પદાર્થ સિદ્ધ કર્યા છે, તે મિથ્યા પદાર્થ, મોહનીય કર્મનો ક્ષય થવાથી સમ્યગ્દ્દષ્ટિમાં મોહ (વિપરીતતા) ઉત્પન્ન કરવાને સમર્થ નથી.

**सूक्ष्मान्तरितदूरार्थे दर्शितेऽपि कुदृष्टिभिः।**
**नाल्पश्रुतः स मुह्येत किं पुनश्चेद्बहुश्रुतः।।५९१।।**

**અર્થ :–** સૂક્ષ્મ, અંતરિત તથા દૂરવર્તી પદાર્થોને મિથ્યાદ્દષ્ટિ પુરુષ જો વિપરીતપણે દેખાડવા માંડે તો જે થોડા શાસ્ત્રોનો જાણકાર છે તે પણ મોહિત થતો નથી. જો તે ઘણા શાસ્ત્રોનો અભ્યાસી હોય તો પછી શી વાત છે ? અર્થાત્ બહુશ્રુત કોઈ રીતે ભ્રમમાં પડી શકતો નથી.

**अर्थाभासेऽपि तत्रोच्चैः सम्यग्दृष्टेर्न मूढ़ता।**
**सूक्ष्मान्तरितोपात्तमिथ्यार्थस्य कुतो भ्रमः।।५९२।।**

**અર્થ :–** જ્યાં ક્યાંય અર્થાભાસ પણ હોય ત્યાં પણ સમ્યગ્દ્દષ્ટિ મૂઢ થતો નથી. તો પછી સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી મિથ્યા બતાવાવામાં આવેલા પદાર્થોમાં સમ્યગ્દ્દષ્ટિને

કેવી રીતે ભ્રમ થઈ શકે ?

સમ્યગ્દ્રષ્ટિનો વિચાર

**तद्यथा लौकिकीरूढ़िरस्ति नानाविकल्पसात्।**
**निःसारैराश्रिता पुम्भिरथाऽनिष्टफलप्रदा।।५९३।।**

**અર્થ :–** લૌકિક રૂઢિ ભિન્ન ભિન્ન વિકલ્પો દ્વારા થાય છે અર્થાત્ અનેક મિથ્યા વિચારોથી કરવામાં આવે છે. નિઃસાર પુરુષો તે કર્યા કરે છે. લોક રૂઢિ સદા અનિષ્ટ ફળ જ આપે છે

**अफलाऽनिष्टफला हेतुशून्या योगापहारिणी।**
**दुस्त्याज्या लौकिकी रूढिः कैश्चिद्दुष्कर्मपाकतः।।५९४।।**

**અર્થ :–** લોકમાં પ્રચલિત રૂઢિ નિષ્ફળ છે અથવા અનિષ્ટ ફળવાળી છે, હેતુશૂન્ય છે અને યોગનો નાશ કરનારી છે. ખોટા કર્મના ઉદયથી કોઈ કોઈ પુરુષ આ લોકરૂઢિ છોડી પણ શકતા નથી.

દેવમૂઢતા

**अदेवे देवबुद्धिः स्यादधर्मे धर्मधीरिह।**
**अगुरौ गुरुबुद्धिर्या ख्याता देवादिमूढता।।५९५।।**

**અર્થ :–** અદેવમાં દેવબુદ્ધિ થવી, અધર્મમાં ધર્મબુદ્ધિ થવી અને અગુરુમાં ગુરુબુદ્ધિ થવી તેને જ દેવાદિ મૂઢતા કહેવામાં આવી છે.

લોકમૂઢતા

**कुदेवाराधनं कुर्यादैहिकश्रेयसे कुधीः।**
**मृषालोकोपचारत्वादश्रेया लोकमूढ़ता।।५९६।।**

**અર્થ :–** મિથ્યાદૃષ્ટિ સાંસારિક સુખ માટે કુદેવોનું આરાધન–પૂજન કરે છે. આમ કરવું તે મિથ્યા લોકાચાર છે, આનું જ નામ લોકમૂઢતા છે. લોકમૂઢતા અત્યંત અહિત કરનારી છે.

**अस्ति श्रद्धानमेकेषी लोकमूढवशादिह।**
**धनधान्यप्रदा नूनं सम्यगाराधिताऽम्बिका।।५९७।।**

**અર્થ :–** લોકમૂઢતા વશ કોઈ કોઈ પુરુષોને એવું શ્રદ્ધાન હોય છે કે સારી રીતે આરાધવામાં આવેલી અંબિકાદેવી નિશ્ચયથી ધન, ધાન્ય, સંપત્તિઓ આપે છે.

**अपरेऽपि यथाकामं देवमिच्छन्ति दुर्धियः।**
**सदोषानपि निर्दोषानिव प्रज्ञाऽपराधतः।।५९८।।**

**અર્થ :–** બીજા પણ ઘણા મિથ્યાબુદ્ધિવાળા પુરુષો ઇચ્છાનુસાર દેવોને માને છે. તેઓ બુદ્ધિના દોષથી (અજ્ઞાનતા)થી દોષસહિતને પણ નિર્દોષ પેઠે માને છે.

**नोक्तस्तेषां समुद्देशः प्रसङ्गादपि सङ्गतः।**
**लब्धवर्णो न कुर्याद्वै निःसारं ग्रन्थविस्तरम्।।५९९।।**

**અર્થ :–** તે મિથ્યા વિચારોવાળાઓનું અધિક વર્ણન પ્રસંગ હોવા છતાં પણ વિસ્તારભયથી કર્યું નથી. કેમકે જેને ઘણા શબ્દો મળે તે પણ વ્યર્થ ગ્રંથ વિસ્તાર નહિ કરે અર્થાત્ કુદેવનું સ્વરૂપ કહેવાની કોઈ આવશ્યકતા નથી.

અધર્મ

**अधर्मस्तु कुदेवानां यावानाराधनोद्यमः।**
**तैः प्रणीतेषु धर्मेषु चेष्टावाक्कायचेतसाम्।।६००।।**

**અર્થ :–** કુદેવોની આરાધના કરવાનો જે કાંઈ ઉદ્યમ છે તથા તેમના દ્વારા કહેવામાં આવેલા ધર્મોમાં મન, વચન, કાયાનો જે વ્યાપાર છે તે બધો અધર્મ કહેવાય છે.

## કુગુરુ અને સુગુરુ

**कुगुरुः कुत्सिताचारः सशल्यः सपरिग्रहः।**
**सम्यक्त्वेन व्रतेनापि युक्तः स्यात्सद्‌गुरुर्यतः।।६०१।।**

**અર્થ :–** જેનું આચરણ નિંદ્ય (મલિન) છે, જેને માયા, મિથ્યાત્વ અને નિદાન, એ શલ્ય લાગેલા છે અને જે પરિગ્રહસહિત છે, તે કુગુરુ છે તથા જે સમ્યગ્દર્શન અને વ્રત સહિત છે, તે સદ્‌ગુરુ છે.

**अत्रोद्देशोऽपि श्रेयान् सर्वतोतीव विस्तरात्।**
**आदेयो विधिरत्रोक्तो नादेयोनुक्त एव सः।।६०२।।**

**અર્થ :–** કુધર્મ અને કુગુરુના વિષયમાં પણ અધિક લખવું લાભદાયક નથી. કેમકે એમનું પૂરું સ્વરૂપ લખવાથી અત્યંત ગ્રંથ વિસ્તાર થવાનો ભય છે તેથી આ ગ્રંથમાં જે વિધિ કહેવામાં આવી છે તે જ ગ્રહણ કરવા યોગ્ય છે અને જે અહીં કહેવામાં આવ્યું નથી તે ત્યાગવા યોગ્ય સમજવું જોઈએ.

**ભાવાર્થ :–** જે વિધિ ઉપાદેય છે, તેનું જ અહીં વર્ણન કરવામાં આવ્યું છે અને જે ઉપાદેય નથી તેનું અહીં વર્ણન પણ કરવામાં આવ્યું નથી.

## સાચા દેવનું સ્વરૂપ

**दोषो रागादि सद्भावः स्यादावरणकर्म तत्।**
**तयोरभावोऽस्ति निःशेषो यत्रासौ देव उच्यते।।६०३।।**

**અર્થ :–** રાગાદિ વિકારભાવ અને જ્ઞાનાવરણાદિકર્મ દોષ કહેવાય છે. જે આત્મામાં તેનો સંપૂર્ણપણે અભાવ થઈ ગયો છે, તે જ દેવ કહેવાય છે.

અનંત ચતુષ્ટય

**अस्त्यत्र केवलं ज्ञानं क्षायिकं दर्शनं सुखम्।**
**वीर्यं चेति सुविख्यातं स्यादनन्तचतुष्टयम्।।६०४।।**

**અર્થ :–** તે દેવમાં કેવળજ્ઞાન, ક્ષાયિક દર્શન, ક્ષાયિક સુખ અને ક્ષાયિક વીર્ય, એ પ્રસિદ્ધ અનંત ચતુષ્ટય પ્રગટ થઈ જાય છે.

દેવના ભેદ

**एको देवः स सामान्याद् द्विधावस्था विशेषतः।**
**संख्येया नाम सन्दर्भाद् गुणेभ्यः स्यादनन्तधा।।६०५।।**

**અર્થ :–** સામાન્યપણે દેવ એક પ્રકારે છે, અવસ્થાવિશેષથી તેના બે પ્રકાર છે, વિશેષ રચના (કથન)ની અપેક્ષાએ સંખ્યાત પ્રકાર છે અને ગુણોની અપેક્ષાએ અનંત પ્રકાર છે.

અરિહંત અને સિદ્ધ

**एको यथा सद्द्रव्यार्थात्सिद्धेः शुद्धात्मलब्धितः।**
**अर्हन्निति च सिद्धश्च पर्यायार्थद्द्विधा मतः।।६०६।।**

**અર્થ :–** સત્ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દેવ એક જ પ્રકારે છે કેમકે શુદ્ધાત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) એ એક જ પ્રકાર છે. પર્યાયાર્થિકનયથી અરિહંત અને સિદ્ધ એવા બે ભેદ દેવના છે.

दिव्यौदारिक देहस्थोधौतघातिचतुष्टयः ।
ज्ञानदृग्वीर्यसौख्याढ्यः सोऽर्हन् धर्मोपदेशकः ।।६०७ ।।
मूर्तिमद्देहनिर्मुक्तो मुक्तो लोकाग्रसंस्थितः ।
ज्ञानाद्यष्टगुणोपेतो निष्कर्मा सिद्धसंज्ञकः ।।६०८ ।।
अर्हन्निति जगत्पूज्यो जिनः कर्मारिशातनात् ।
महादेवोधिदेवत्त्वाच्छङ्करोपि सुखावहात् ।।६०९ ।।
विष्णुर्ज्ञानेन सर्वार्थविस्तृत्त्वात्कथञ्चन ।
ब्रह्म ब्रह्मरूपत्वाद्धरिर्दुःस्वापनोदनात् ।।६१० ।।
इत्याद्यनेकनामापि नानेकोऽस्ति स्वलक्षणात् ।
यतोऽनन्तगुणात्मैकद्रव्यं स्यात्सिद्धसाधनात् ।।६११ ।।
चतुर्विंशतिरित्यादि यावदन्तमनन्तता ।
तद्बहुत्वं न दोषाय देवत्त्वैकविधत्त्वतः ।।६१२ ।।

**અર્થ :–** જે દિવ્ય–ઔદારિક શરીરમાં સ્થિત છે, ઘાતીકર્મ ચતુષ્ટયને જેમણે ધોઈ નાખેલ છે, જે જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખથી પરિપૂર્ણ અને ધર્મનો ઉપદેશ આપનાર છે, તે અરિહંતદેવ છે. જે મૂર્તિમાન શરીરથી મુક્ત થઈ ગયા છે, સર્વ કર્મોથી છૂટી ગયા છે , લોકના અગ્રભાગે (સિદ્ધાલયમાં) સ્થિત છે, જ્ઞાનાદિ આઠ ગુણસહિત છે અને કર્મમળકલંકથી રહિત છે તે સિદ્ધદેવ છે.

તે દેવ જગત પૂજ્ય છે તેથી અર્હત્ કહેવાય છે, કર્મરૂપી શત્રુને જીતનાર છે તેથી જિન કહેવાય છે, સર્વ દેવોના સ્વામી છે તેથી મહાદેવ કહેવાય છે, સુખ આપે છે તેથી શંકર કહેવાય છે, જ્ઞાન દ્વારા સર્વ પદાર્થોમાં ફેલાયેલા છે તેથી કથંચિત્ વિષ્ણુ (વ્યાપક) કહેવાય છે, આત્માને ઓળખે છે, તેથી બ્રહ્મા કહેવાય છે અને દુઃખ દૂર કરે છે તેથી હરિ કહેવાય છે. ઇત્યાદિ પ્રકારે તે દેવ અનેક નામવાળા છે તો પણ પોતાના દેવત્વ લક્ષણની અપેક્ષાએ તે એક જ છે, અનેક નથી. કેમકે અનંત ગુણાત્મક એક જ (સમાન) આત્મદ્રવ્ય પ્રસિદ્ધ છે.

બીજા પણ ચોવીસ તીર્થંકર આદિ અનેક ભેદ છે તથા ગુણોની અપેક્ષાએ અનંત

ભેદ છે. આ બધા ભેદ કોઈ પ્રકારે દોષના ઉત્પાદક નથી કેમકે બધા દેવના ભેદોમાં દેવત્વ ગુણ એક પ્રકારે જ છે.

દૃષ્ટાંત

**प्रदीपानामनेकत्वं प्रदीपत्वहानये।**
**यतोऽत्रैकविधत्वं स्यान्न स्यान्नानाप्रकारता।।६१३।।**

**અર્થ :–** જેમ દીપકોની અનેક સંખ્યા પણ દીપત્વબુદ્ધિને દૂર કરી શકતી નથી, તેવી જ રીતે દેવોની અનેક સંખ્યા પણ દેવત્વબુદ્ધિને દૂર કરી શકતી નથી. કેમકે બધા દીપકોમાં અને બધા દેવોમાં દીપત્વ ગુણ અને દેવત્વગુણ એક જેવો છે. વાસ્તવમાં અનેક પ્રકારતા નથી અર્થાત્ વાસ્તવમાં ભેદ નથી.

**न चाशंक्यं यथासंख्यं नामतोऽस्यास्त्यनंतधा।**
**न्यायादेकं गुणं चैकं प्रत्येकं नाम चैककम्।।६१४।।**

**અર્થ :–** તેના ક્રમપૂર્વક અનંત નામ છે એવી પણ આશંકા ન કરવી જોઈએ. કેમકે વાસ્તવમાં એક ગુણની અપેક્ષાએ એક નામ કહેવામાં આવે છે.

**नयतः सर्वतो मुख्यसंख्या तस्यैव संभवात्।**
**अधिकस्य ततो वाच्यं व्यवहारस्य दर्शनात्।।६१५।।**

**અર્થ :–** સૌથી અધિક સંખ્યા ગુણની અપેક્ષાએ જ હોય શકે છે. પરંતુ આ સર્વ કથન નયની અપેક્ષાએ છે. તેથી જેવો જેવો અધિક વ્યવહાર દેખાતો જાય, તે જ પ્રમાણે નામ લેવા જોઈએ.

**वृद्धैः प्रोक्तमतःसूत्रे तत्त्वं वागतिशायि यत्।**
**द्वादशाङ्गाङ्गबाह्यं वा श्रुतं स्थूलार्थगोचरम्।।६१६।।**

**અર્થ :–** તેથી વૃદ્ધ (જ્ઞાનવૃદ્ધ–આચાર્ય) પુરુષોએ સૂત્ર દ્વારા તત્ત્વને વચનથી અગોચર કહ્યું છે. જે બાર અંગ અથવા અંગબાહ્યનું શ્રુતજ્ઞાન છે, તે ફક્ત સ્થૂળ પદાર્થનો વિષય કરે છે.

સિદ્ધોના આઠ ગુણ

**कृत्स्नकर्मक्षयाज्ज्ञानं क्षायिकं दर्शनं पुनः।**
**अत्यक्षं सुखमात्मोत्थं वीर्यं चेति चतुष्टयम्।।६१७।।**
**सम्यक्त्वं चैव सूक्ष्मत्वमव्याबाधगुणः स्वतः।**
**अस्त्यगुरुलघुत्वं च सिद्धेचाष्टगुणाः स्मृताः।।६१८।।**

**અર્થ :–** સર્વ કર્મોનો ક્ષય થવાથી ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિકદર્શન, અતીન્દ્રિયસુખ, આત્માથી ઉત્પન્ન વીર્ય, આ રીતે આ ચતુષ્ટય અને સમ્યકત્વ, સૂક્ષ્મત્વ, અવ્યાબાધ ગુણ તથા અગુરુલઘુત્વ, આ આઠ ગુણ સિદ્ધ ભગવાનના છે.

**इत्याद्यनन्तधर्माढयो कर्माष्टकविवर्जितः।**
**मुक्तोऽष्टादशभिर्दोषैर्देवः सेव्यो न चेतरः।।६१९।।**

**અર્થ :–** ઇત્યાદિ અનંત ધર્મો ધારણ કરનાર આઠે કર્મોથી રહિત, અઢાર દોષોથી રહિત, દેવ પૂજવા યોગ્ય છે. જેમાં ઉપર્યુક્ત ગુણ હોતા નથી, તે પૂજવા યોગ્ય નથી.

**अर्थाद्गुरुः स एवास्ति श्रेयो मार्गोपदेशकः।**
**आप्तश्चैव स्वतः साक्षान्नेता मोक्षस्य वर्त्मनः।।६२०।।**

**અર્થ :–** અર્થાત્ તે જ દેવ સાચા ગુરુ છે, તે જ મોક્ષમાર્ગના ઉપદેશક છે, તે જ આપ્ત છે અને તે જ મોક્ષમાર્ગના સાચા નેતા (પ્રાપ્ત કરાવનાર) છે.

## ગુરુનું સ્વરૂપ

**तेभ्योऽर्वागपि छद्मस्थरूपास्तद्रूपधारिणः।**
**गुरवः स्युर्गुरोर्न्यायान्नान्योऽवस्था विशेषभाक्।।६२१।।**

**અર્થ :–** તે ગુરુઓથી નીચેની અવસ્થાવાળા જે અલ્પજ્ઞ છે. પરંતુ તે જ વેશસહિત છે; તે પણ ગુરુ છે. ગુરુનું લક્ષણ તેમનામાં પણ તેવું જ છે, બીજા કોઈ અવસ્થાવિશેષવાળા નથી.

**अस्त्यवस्थाविशेषोऽत्र युक्तिस्वानुभवागमात्।**
**शेषः संसारिजीवेभ्यस्तेषामेवातिशायनात्।।६२२।।**

**અર્થ :–** ગુરુઓમાં સંસારી જીવો કરતાં કોઈ વિશેષ અવસ્થા હોય છે એ વાત યુક્તિ, અનુભવ અને આગમથી પ્રસિદ્ધ છે, તેમનામાં સંસારીઓ કરતાં વિશેષ અતિશય છે.

**भावि नैगमनयायत्तो भूष्णुस्तद्वानिवेष्यते।**
**अवश्यं भावतो व्याप्तेः सद्भावात् सिद्धसाधनम्।।६२३।।**

**અર્થ :–** ભાવિ નૈગમનયની અપેક્ષાએ જે થવાનું છે તે થયા બરાબર જ માનવામાં આવે છે. ભાવ (ગુણ)ની વ્યાપ્તિનો સદ્ભાવ હોવાથી એ વાત સિદ્ધ થઈ જાય છે અર્થાત્ જે ગુણ અરિહંતમાં છે તે જ ગુણ એકદેશે (અંશરૂપે) છદ્મસ્થ ગુરુઓમાં પણ મોજૂદ છે.

**अस्ति सद्दर्शनं तेषु मिथ्याकर्मोपशान्तितः।**
**चारित्रं देशतः सम्यक् चारित्रावरणक्षतेः।।६२४।।**

**અર્થ :–** તે છદ્મસ્થ ગુરુઓમાં પણ મિથ્યાત્વકર્મનો ઉપશમ થવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થઈ ગયો છે અને ચારિત્રમોહનીયકર્મનો (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલન કષાયોના) ક્ષય થવાથી એકદેશ સમ્યક્ચારિત્ર પણ પ્રગટ થઈ ગયું છે.

**ततः सिद्धं निसर्गाद्वै शुद्धत्वं हेतुदर्शनात्।**
**मोहकर्मोदयाभावात्तत्कार्यस्याप्यसंभवात्।।६२५।।**

**અર્થ :–** તેથી સ્વભાવથી જ તે ગુરુઓમાં શુદ્ધતા પ્રાપ્ત થઈ છે એ વાત હેતુ દ્વારા સિદ્ધ થઈ ગઈ કેમ કે મોહનીયકર્મના ઉદયનો અભાવ હોવાથી તેનું કાર્ય પણ અસંભવ છે.

**ભાવાર્થ :–** મલિનતા કરનાર મોહનીયનો ઉદય છે. જો મોહનીયનો ઉદય ન હોય તો તેનાથી થતી મલિનતા પણ હોય શકે નહિ.

**तच्छुद्धत्वं सुविख्यातं निर्जराहेतुरञ्जसा।**
**निदानं संवरस्यापि क्रमान्निर्वाणभागपि।।६२६।।**

**અર્થ :–** તે શુદ્ધતા નિર્જરાનું સમર્થ કારણ છે. આ વાત સુપ્રસિદ્ધ છે તથા સંવરનું પણ કારણ છે અને ક્રમથી મોક્ષ પ્રાપ્ત કરાવનાર પણ છે.

શુદ્ધતા જ નિર્જરા, સંવર અને મોક્ષ છે

**यद्वा स्वयं तदेवार्थान्निर्जरादित्रयं यतः।**
**शुद्धभावाविनाभावि द्रव्यनामापि तत्त्रयम्।।६२७।।**

**અર્થ :–** અથવા તે શુદ્ધતા જ સ્વયં નિર્જરા, સંવર અને મોક્ષ છે કેમકે શુદ્ધભાવોનું અવિનાભાવી જે આત્મદ્રવ્ય છે તે જ નિર્જરા, સંવર અને મોક્ષ છે.

**ભાવાર્થ :–** આત્મિક શુદ્ધ ભાવોનું નામ નિર્જરાદિત્રય છે. તેથી નિશ્ચયનયથી શુદ્ધ આત્મા જ નિર્જરાદિત્રય છે.

**निर्जरादिनिदानं यः शुद्धो भावश्चिदात्मनः।**
**परमार्हः स एवास्ति तद्वानात्मा परं गुरुः।।६२८।।**

**અર્થ :–** જે નિર્જરાદિકનું કારણ આત્માનો શુદ્ધભાવ છે તે જ પરમ પૂજ્ય છે અને તે શુદ્ધભાવને ધારણ કરનાર આત્મા જ પરમ ગુરુ છે.

ગુરુપણામાં હેતુ

**न्यायाद्गुरुत्वहेतुः स्यात् केवलं दोषसंक्षयः।**
**निर्दोषो जगतः साक्षी नेता मार्गस्य नेतरः।।६२९।।**

**અર્થ :–** ન્યાયની રીતે ગુરુત્વ (ગુરુપણા)નું કારણ કેવળ દોષોનો સારી રીતે ક્ષય કરવો તે જ છે. નિર્દોષ જ જગતના જાણનાર (સર્વજ્ઞ) છે અને તે જ માર્ગ (મોક્ષમાર્ગ)ના નેતા અર્થાત્ પ્રાપ્ત કરાવનાર છે. જે નિર્દોષ નથી તે ન સર્વજ્ઞ હોય શકે અને ન મોક્ષને પ્રાપ્ત કરનાર તથા પ્રાપ્ત કરાવનાર પણ હોય શકે.

અલ્પજ્ઞતા ગુરુપણાના નાશનું કારણ નથી

**नालं छद्मस्थताप्येषा गुरुत्वक्षतये मुनेः।**
**रागाद्यशुद्धभावानांद्द हेतुर्मोहैककर्म तत्।।६३०।।**

**અર્થ :–** આ મુનિ (ગુરુ)ની અલ્પજ્ઞતા પણ ગુરુપણું દૂર કરવા માટે સમર્થ નથી કેમકે ગુરુતા દૂર કરનાર રાગાદિક અશુદ્ધભાવ છે અને તેમનો એકમાત્ર હેતુ મોહનીયકર્મ છે.

**ભાવાર્થ :–** નિર્મળ ચારિત્રની અપેક્ષાએ જ ગુરુતા આવે છે. જ્ઞાનની હીનતા ગુરુતાની ઘાતક નથી, પરંતુ મોહનીયકર્મ છે.

શંકાકાર

**नन्वावृत्तिद्वयं कर्म वीर्यविध्वंसि कर्म च।**
**अस्ति तत्राप्यवश्यं वै कुतः शुद्धत्वमत्र चेत्।।६३१।।**

**અર્થ :–** શંકાકાર કહે છે કે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વીર્યનો નાશ કરનાર અંતરાયકર્મ હજી છદ્મસ્થ ગુરુઓમાં મોજૂદ છે, તેથી તેમનામાં શુદ્ધતા ક્યાંથી આવી ?

ઉત્તર

**सत्यं किन्तु विशेषोऽस्ति प्रोक्तकर्मत्रयस्य च।**
**मोहकर्माविनाभूतं बन्धसत्त्वोदयक्षयम्।।६३२।।**

**અર્થ :–** એ વાત બરાબર છે કે હજી જ્ઞાનાવરણ આદિ ત્રણ ઘાતીકર્મ છદ્મસ્થ ગુરુઓમાં મોજૂદ છે. પરંતુ એટલી વિશેષતા છે કે જ્ઞાનાવરણ આદિ કહેલા ત્રણે કર્મોના બંધ, સત્તા, ઉદય અને ક્ષયનો મોહનીયકર્મની સાથે અવિનાભાવ છે.

ખુલાસો

**तद्यथा बध्यमानेऽस्मिंस्तद्बन्धो मोहबन्धसात्।**
**तत्सत्त्वे सत्त्वमेतस्य पाके पाकः क्षये क्षयः।।६३३।।**

**અર્થ :–** મોહનીયકર્મનો બંધ થતાં જ તેને આધીન જ્ઞાનાવરણ આદિ બંધ યોગ્ય પ્રકૃતિઓનો બંધ થાય છે, મોહનીયકર્મની સત્તા રહે ત્યારે જ્ઞાનાવરણાદિ કર્મોની સત્તા રહે છે, મોહનીયકર્મનો પાક થતાં જ જ્ઞાનાવરણાદિ પાકે છે અને મોહનીયકર્મનો ક્ષય થતાં જ જ્ઞાનાવરણાદિ નષ્ટ થઈ જાય છે.

આશંકા

**नोह्यं छद्मस्थावस्थायामर्वागेवास्तु तत्क्षयः।**
**अंशान्मोहक्षयस्यांशात्सर्वतः सर्वतः क्षयः।।६३४।।**

**અર્થ :–** છદ્મસ્થ અવસ્થામાં, મોહનીયકર્મનો જ્ઞાનાવરણાદિથી પહેલાં જ ક્ષય થઈ

જાય છે, એવી આશંકા પણ ન કરવી જોઈએ. કેમકે અંશરૂપે મોહનીયનો ક્ષય થવાથી જ્ઞાનાવરણાદિનો અંશરૂપે ક્ષય થઈ જાય છે અને મોહનીયનો સર્વથા ક્ષય થવાથી જ્ઞાનાવરણાદિનો પણ સર્વથા ક્ષય થઈ જાય છે.

**नासिद्धं निर्जरातत्त्वं सद्दृष्टेः कृत्स्नकर्मणाम्।**
**आदृङ्मोहोदयाभावात्तच्चासंख्यगुणं क्रमात्।।६३५।।**

**અર્થ :–** સમ્યગ્દ્રષ્ટિને સર્વ કર્મોની નિર્જરા થવી અસિદ્ધ નથી પરંતુ દર્શનમોહનીયકર્મના ઉદયનો અભાવ હોવાથી તે ક્રમપૂર્વક અસંખ્યાત અસંખ્યાત ગુણી થતી જાય છે.

નિષ્કર્ષ

**ततः कर्मत्रयं प्रोक्तमस्ति यद्यपि साम्प्रतम्।**
**रागद्वेषविमोहानामभावात् गुरुता मता।।६३६।।**

**અર્થ :–** તેથી છદ્મસ્થ ગુરુઓમાં જો કે હજી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મ મોજૂદ છે તો પણ રાગ, દ્વેષ, મોહનો અભાવ હોવાથી ગુરુપણું માનવામાં આવે જ છે.

ગુરુ–ભેદ

**यथास्त्येकः स सामान्यात्तद्विशेषात् त्रिधा गुरुः।**
**एकोप्यग्निर्यथा तार्णः पार्णो दार्व्यस्त्रिधोच्यते।।६३७।।**

**અર્થ :–** સામાન્ય રીતે એક જ ગુરુ છે અને વિશેષપણે ત્રણ પ્રકારે ગુરુ છે. જેમ કે અગ્નિ જો કે સામાન્ય રીતે એક જ છે તો પણ તણખલાની અગ્નિ, પાંદડાની અગ્નિ અને લાકડાની અગ્નિ, આ રીતે એક જ અગ્નિના ત્રણ ભેદ થઈ જાય છે.

ત્રણ પ્રકારના ગુરુઓના નામ

**आचार्यः स्यादुपाध्यायः साधुश्चेति त्रिधा मतः।**
**स्युर्विशिष्टपदारूढास्त्रयोपि मुनिकुञ्जराः।।६३८।।**

**અર્થ :–** આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ (મુનિ) આ રીતે ત્રણ ભેદ છે. આ ત્રણેય મુનિવર વિશેષ વિશેષ પદો પર નિયુક્ત છે અર્થાત્ વિશેષ વિશેષ પદ અનુસાર જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સંજ્ઞા છે.

મુનિપણું ત્રણેમાં સમાન છે

**एको हेतुः क्रियाप्येका वेपश्चैको बहिः समः।**
**तपो द्वादशधा चैकं व्रतं चैकं च पञ्चधा।।६३९।।**
**त्रयोदशविधं चापि चारित्रं समतैकधा।**
**मूलोत्तरगुणाश्चैके संयमोप्येकधा मतः।।६४०।।**
**परीषहोपसर्गाणां सहनं च समं स्मृतम्।**
**आहारादिविधिश्चैकश्चर्यास्थानासनादयः।।६४१।।**
**मार्गो मोक्षस्य सद्दृष्टिर्ज्ञानं चारित्रमात्मनः।**
**रत्नत्रयं समं तेषामपि चान्तर्बहिस्स्थितम्।।६४२।।**
**ध्याता ध्यानं च ध्येयं च ज्ञाता ज्ञानं च ज्ञेयसात्।**
**चतुर्धाऽऽराधना चापि तुल्या क्रोधादिजिष्णुता।६४३।।**
**किंवाऽत्र बहुनोक्तेन तद्विशेषोऽवशिष्यते।**
**विशेषाच्छेदनिःशेषो न्यायादस्त्यविशेषभाक्।।६४४।।**

**અર્થ :–** આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ ત્રણેનું સમાન કારણ છે અર્થાત્ ત્રણેય પરિગ્રહરહિત થઈને અને ત્રણ કષાયને જીતીને મુનિ થયા છે. ક્રિયા (આચરણ) પણ ત્રણેની સમાન છે, બાહ્ય વેશ પણ (નિર્ગ્રંથ–નગ્ન) સમાન છે, બાર પ્રકારના તપ પણ

બધાને સમાન છે, પાંચ પ્રકારના મહાવ્રત પણ સમાન છે, તેર પ્રકારનું ચારિત્ર પણ સમાન છે, સમતા પણ સમાન છે, અઠ્ઠાવીસ મૂળ ગુણ અને ચોરાસીલાખ ઉત્તર ગુણ પણ સમાન જ છે, ચારિત્ર પણ સમાન છે, પરીષહ અને ઉપસર્ગોને સહન કરવાનું પણ સમાન છે, બધાની આહારાદિની વિધિ પણ સમાન છે, ચર્યા વિધિ પણ સમાન છે, સ્થાન, આસન આદિ પણ સમાન છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્મિક ગુણ તથા રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે તે પણ અંતરમાં અને બહારમાં સમાન જ છે. બીજી પણ ધ્યાતા, ધ્યાન, ધ્યેય, જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય, ચાર આરાધનાઓ (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ) ક્રોધાદિ કષાયોનું જીતવું વગેરે બધી બાબતો એકસરખી છે. આ વિષયમાં અધિક શું કહેવું ? એટલું જ કહેવું બસ છે કે તે જ વિશેષ રહે છે કે જે વિશેષતાથી દૂર થઈ ગયું છે અર્થાત્ ન્યાયાનુસાર ત્રણેમાં સર્વથા સમાનતા છે, કાંઈ વિશેષતા નથી. હવે ત્રણેનું ભિન્ન ભિન્ન સ્વરૂપ કહે છે.

## આચાર્યનું સ્વરૂપ

**आचार्योऽनादितो रूढ़ेर्योगापि निरुच्यते।**
**पञ्चाचारं परेभ्य: स आचरयति संयमी।।६४५।।**

**અર્થ :–** આચાર્ય સંજ્ઞા અનાદિકાળથી નિશ્ચિત છે. પંચ પરમેષ્ઠીની સત્તા અનાદિકાળની છે. યૌગિક દૃષ્ટિથી (વ્યુત્પત્તિ અપેક્ષાએ) પણ આચાર્ય તેને કહે છે કે જે બીજા (મુનિઓ) ને પાંચ પ્રકારના આચાર ગ્રહણ કરાવે અર્થાત્ જે દીક્ષા આપે તે જ આચાર્ય છે.

વળી

**अपि छिन्ने व्रते साधो: पुन: सन्धानमिच्छत:।**
**तत्समावेशदानेन प्रायश्चितं प्रयच्छति।।६४६।।**

**અર્થ :–** અને જે કોઈ સાધુને વ્રતભંગ થઈ જાય અને વ્રતભંગ થતાં તે સાધુ ફરી તેને પ્રાપ્ત કરવા ઇચ્છે તો આચાર્ય તે વ્રત ફરીથી ધારણ કરાવી તે સાધુને પ્રાયશ્ચિત આપે છે અર્થાત્ દીક્ષા આપવા ઉપરાંત પ્રાયશ્ચિત આપવું તે પણ આચાર્યોનું કર્તવ્ય છે.

આદેશ અને ઉપદેશમાં ભેદ

**आदेशोपदेशेभ्यः स्याद्विशेषः स भेदभाक्।**
**आददे गुरुणा दत्तं नोपदेशेष्वयं विधिः।।६४७।।**

**અર્થ :–** આદેશ અને ઉપદેશમાં આ જ વિશેષ તફાવત છે કે ઉપદેશમાં જે વાત કહેવામાં આવે છે તે આજ્ઞારૂપ ગ્રહણ કરવાની હોતી નથી. માનવું કે ન માનવું તે શિષ્યની ઇચ્છા ઉપર આધાર રાખે છે. પરંતુ આદેશમાં એમ વાત નથી, ત્યાં તો જે વાત ગુરુએ કહી હોય તે આજ્ઞારૂપે માનવી જ પડે છે. 'ગુરુએ આપેલા વ્રતનું હું ગ્રહણ કરું છું' એ આદેશ લેનારની પ્રતિજ્ઞા છે.

**ભાવાર્થ :–** આચાર્યને આદેશ (આજ્ઞા) આપવાનો અધિકાર છે. તેઓ જે વાત આદેશ-રૂપે કહે તે આજ્ઞા પ્રધાનપણે માનવી જ પડે. પરંતુ ઉપદેશમાં આજ્ઞા પ્રધાન હોતી નથી.

ગૃહસ્થાચાર્ય પણ આદેશ આપવાના અધિકારી છે

**न निषिद्धस्तदादेशो गृहिणां व्रतधारिणाम्।**
**दीक्षाचार्येण दीक्षेव दीयमानास्ति तत्क्रिया।।६४८।।**

**અર્થ :–** વ્રત ધારણ કરનાર જે ગૃહસ્થ છે તેમને પણ આદેશ નિષિદ્ધ નથી. જેમ દીક્ષાચાર્ય દીક્ષા આપે છે તેવી જ રીતે ગૃહસ્થ પણ આદેશ ક્રિયા કરે છે.

**ભાવાર્થ :–** આચાર્યની જેમ વ્રતી ગૃહસ્થાચાર્ય પણ ગૃહસ્થોને આદેશ આપવાના અધિકારી છે. x

---

x પહેલાં એવી પ્રથા હતી કે ગૃહસ્થાચાર્ય ગૃહસ્થોને દરેક કામમાં સાવચેત રાખ્યા કરતા હતા. ગૃહસ્થાચાર્યનો આદેશ દરેક ગૃહસ્થને માન્ય હતો. તેથી ધાર્મિક કાર્યોમાં શિથિલતા આવતી નહોતી. હાલમાં તે પ્રથા સાવ નીકળી ગઈ છે. તેથી ધાર્મિક શિથિલતા, નિરંકુશ વચન વ્યાપાર અને સ્વચ્છંદી આચરણ આદિ અનર્થોએ પૂરેપૂરું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

આદેશના અધિકારી અવ્રતી થઈ શકે નહિ

**स निषिद्धो यथाम्नायादव्रतिना मनागपि।**
**हिंसकश्चोपदेशोपि नोपयुज्योत्र कारणात्।।६४९।।**

**અર્થ :–** શાસ્ત્રાનુસાર અવ્રતી પુરુષ આદેશ આપવાના બિલકુલ અધિકારી નથી અને કોઈ પણ કારણે તે હિંસક ઉપદેશ પણ આપી શકતા નથી.

**ભાવાર્થ :–** અવ્રતી પુરુષ આદેશ આપવાના અધિકારી તો છે જ નહિ, પરંતુ હિંસક ઉપદેશ આપવો એ પણ તેમના માટે વર્જ્ય છે.

વધાશ્રિત આદેશ અને ઉપદેશ દેવાનો નિષેધ

**मुनिव्रतधराणां हि गृहस्थव्रतधारिणाम्।**
**आदेशश्चोपदेशो वा न कर्तव्यो वधाश्रितः।।६५०।।**

**અર્થ :–** મુનિવ્રત ધારણ કરનાર આચાર્યોએ અને ગૃહસ્થ વ્રત ધારણ કરનાર ગૃહસ્થાચાર્યોએ વધાશ્રિત આદેશ અને ઉપદેશ (જે આદેશ અને ઉપદેશથી જીવોનો વધ થતો હોય) આપવા જોઈએ નહિ.

એવી આશંકા પણ ન કરવી જોઈએ

**न चाशंक्यं प्रसिद्ध यन्मुनिभिर्व्रतधारिभिः।**
**मूर्तिमच्छक्तिसर्वस्वं हस्तरेखेव दर्शितम्।।६५१।।**

**અર્થ :–** એવી પણ આશંકા ન કરવી જોઈએ કે મુનિઓએ વ્રત ધારણ કર્યા છે અને તેમણે મૂર્તિમાન પદાર્થોની બધી શક્તિઓ હસ્તરેખાની જેમ જાણી લીધી છે.

**ભાવાર્થ :–** વ્રતધારી મુનિ મૂર્ત પદાર્થોની બધી શક્તિઓનું પૂરેપૂરું જ્ઞાન સ્વયં ધરાવે

છે. તેમને સર્વ જીવોના સ્થાન, શરીરાદિનું પૂરેપૂરું જ્ઞાન છે, તેઓ હંમેશા ત્રસ, સ્થાવર જીવોના રક્ષણમાં સ્વયં સાવધાન રહે છે માટે તેમને વધકારી (હિંસક) આદેશ અને ઉપદેશના નિષેધનું કથન જ નિરર્થક છે, એવી આશંકા પણ ન કરવી જોઈએ.

કેમકે

**नूनं प्रोक्तोपदेशेपो न रागाय विरागिणाम्।**
**रागिणामेव रागाय ततोवश्यं निषेधितः।।६५२।।**

**અર્થ :–** એ વાત સાચી છે કે જે વીતરાગી છે તેમને આપેલ વધકારી ઉપદેશ પણ રાગનું કારણ થઈ શકતો નથી. તે રાગીઓને જ રાગનું કારણ થઈ શકે છે. તેથી રાગીઓને જ તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

**ભાવાર્થ :–** ઉપદેશ સદા ઊંચે ચડવા માટે આપવામાં આવે છે; મુનિઓને રાગ ઘટી ગયો છે, તેઓ નિવૃત્તિમાર્ગના અનુગામી થઈ ગયા છે, તેથી તેમને સદા વિશુદ્ધ-માર્ગનો જ ઉપદેશ આપવો યોગ્ય છે, નિવૃત્તિ માર્ગમય જ ઉપદેશ આપવો જોઈએ. પરંતુ વધાશ્રિત ઉપદેશ અને આદેશનો નિષેધ ગૃહસ્થોને માટે બીજી રીતે છે. ગૃહસ્થોમાં અશુભ પ્રવૃત્તિ પણ હોય છે. તેથી તે અશુભ પ્રવૃત્તિનો નિષેધ કરી, શુભ પ્રવૃત્તિનો આદેશ અને ઉપદેશ તેમને આપવામાં આવે છે. ગૃહસ્થ એકદમ શુદ્ધમાર્ગમાં જઈ શકતા નથી તેથી તેમને પહેલાં શુભમાર્ગ ઉપર લાવવા માટે શુભમાર્ગનો આદેશ અને ઉપદેશ આપવો ઠીક છે. આ જ વાત નીચેના શ્લોકથી સ્પષ્ટ કરે છે. —

ગૃહસ્થોને દાનપૂજાનું વિધાન

**न निषिद्धः स आदेशो नोपदेशो निषेधितः।**
**नूनं सत्पात्रदानेषु पूजायामर्हतामपि।।६५३।।**

**અર્થ :–** સત્પાત્રોને દાન આપવાના વિષયમાં અને અરિહંતોની પૂજાના વિષયમાં ન તો આદેશ નિષિદ્ધ છે અને ન તો ઉપદેશ પણ નિષિદ્ધ છે.

**ભાવાર્થ :–** દાન આપવું અને જિનપૂજા કરવી, એ બંનેય જો કે આરંભજનિત કાર્ય છે અને જ્યાં આરંભ હોય ત્યાં હિંસાનું હોવું અવશ્યંભાવી છે તેથી ઉક્ત બંને કાર્યોનો આદેશ અને ઉપદેશ વધનું કારણ છે તોપણ ગૃહસ્થોને માટે પાત્રદાન, જિનપૂજનાદિ શુભપ્રવૃત્તિમય કાર્યોની આજ્ઞા અને ઉપદેશ બંનેય નિષિદ્ધ નથી, પરંતુ વિહિત છે. તે કાર્યોમાં પાપ તો લેશમાત્ર છે અને પુણ્ય ઘણું મોટું થાય છે.

મુનિઓને સાવદ્ય કાર્યનો નિષેધ

**Xयद्वादेशोपदेशौ द्वौ स्तो निरवद्यकर्मणि।**
**यत्र सावद्यलेशोस्ति तत्रादेशो न जातुचित्।।६५४।।**

**અર્થ :–** અથવા મુનિઓને સર્વથા નિર્દોષ કાર્યના વિષયમાં જ આદેશ અને ઉપદેશ હોય શકે છે. જ્યાં પાપનો લેશ પણ અંશ હોય ત્યાં તેમને આદેશ તો કદી હોય જ ન શકે.

**ભાવાર્થ :–** જે કાર્યોમાં પાપનો થોડો પણ અંશ હોય તેના વિષયમાં મુનિઓને આદેશનો સર્વથા નિષેધ છે.

આશંકા

**सहासंयमिभिर्लोकैः संसर्गं भाषणं रतिम्।**
**कुर्यादाचार्य इत्येके नासौ सूरिर्न चार्हतः।।६५५।।**

**અર્થ :–** કોઈ એમ પણકહે છે કે આચાર્ય અસંયમી પુરુષો સાથે સંબંધ, વાતચીત અને પ્રેમ પણ રાખે. ગ્રંથકાર કહે છે કે જે અસંયમી પુરુષો સાથે સંબંધાદિ રાખે છે તેને આચાર્ય કહી શકાતા નથી અને જિનમતના અનુયાયી પણ નથી.

X આ શ્લોકમાં અને ઉપરના શ્લોકમાં જો કે ગૃહસ્થ અને મુનિપદ આપ્યું નથી. તો પણ 'यद्वा' કહેવાથી સિદ્ધ થાય છે કે ઉપર્યુક્ત કથન ગૃહસ્થોને માટે છે અને આ કથન મુનિઓ માટે છે. તથા એ જ સંગત જણાય છે.

**ભાવાર્થ :–** આચાર્યનો સંબંધ કેવળ મુનિઓની સાથે હોય છે, વાતચીત પણ તેમની જ સાથે હોય છે. સત્યધર્મના લક્ષણમાં પણ એ જ કહેવામાં આવ્યું છે કે સત્યધર્મના બોલનાર સાધુ પુરુષોમાં જ હિત, મિત વચન બોલે છે, અસાધુઓમાં નહિ. આચાર્યનો મુનિઓ સાથે પણ કેવળ ધાર્મિક સંબંધ છે, ત્યાં પણ રાગાંશ નથી, તેથી જે આચાર્યનો અસંયમી પુરુષો સાથે સંબંધ અને રાગાદિક કહ્યા છે, તે અયોગ્ય છે.

અન્ય મત

**संघसम्पोषकः सूरिः प्रोक्तः कैश्चिन्मतेरिह।**
**धर्मादेशोपदेशाभ्यां नोपकारोऽपरोऽस्त्यतः।।६५६।।**

**અર્થ :–** કોઈ મતવાળા આચાર્યનું સ્વરૂપ એવું પણ કહે છે કે જે સંઘનું પાલન–પોષણ કરે છે તે આચાર્ય છે. ગ્રંથકાર કહે છે કે એમ કહેવું એ પણ અયોગ્ય છે. ધર્મનો આદેશ અને ધર્મનો ઉપદેશ આપવો એ જ આચાર્યનો ઉપકાર છે, એ સિવાય મુનિઓનું પાલન–પોષણ કરવું આદિ આચાર્યોનો ઉપકાર નથી.

**ભાવાર્થ :–** મુનિઓનું પાલન–પોષણ કરવું એ આચાર્યનું કર્તવ્ય છે એમ કહેવું, એ બંનેનું સ્વરૂપ બગાડવા બરાબર છે. પહેલાં તો મુનિઓ જ કોઈ દ્વારા પાલન–પોષણ ઇચ્છતા નથી અને ન તો તેમને પોતાના પોષણનો કદી વિચાર પણ આવે છે. તેમનું મુખ્ય કર્તવ્ય ધ્યાન કરવું તે છે. ફક્ત શરીરની સ્થિતિ બરાબર રાખવા માટે તેઓ આહાર માટે નગરમાં જાય છે, ત્યાં નવધા ભક્તિપૂર્વક કોઈ શ્રાવક તેમનું પડગાહન કરે છે તો બત્રીસ અંતરાયો ટાળીને તેને ત્યાંથી આહાર લે છે, ને કોઈ પડગાહન ન કરે તો તેઓ ખેદ કરતા નથી, સીધા જંગલમાં ચાલ્યા જાય છે. જો કે મુનિઓનો નિર્વાહ ભિક્ષાથી છે તો પણ તે વૃત્તિને યાચના કહી શકાતી નથી. તેમને ભોજનમાં બિલકુલ રાગ નથી, પરંતુ આહાર લીધા વિના શરીર વધારે દિવસ તપ કરવામાં સહાયક થઈ શકતું નથી. તેથી તેમણે આહાર લેવો પડે છે. જે પુરુષને કોઈ વસ્તુની આવશ્યકતા હોય, તે જ યાચક બને છે. મુનિઓએ આવશ્યકતાઓને દૂર કરવા માટે જ સર્વ રાજ્ય સંપત્તિનો ત્યાગ કરી આ નિરીહવૃત્તિ–સિંહવૃત્તિ ધારણ કરી છે. છતાં પણ તેમને યાચક સમજવા એ મોટી ભૂલ છે. શ્રાવક પણ પોતાના આત્મહિત માટે મુનિઓને આહાર આપે છે, મુનિઓનું પોષણ કરવા યોગ્ય છે એમ સમજીને આહાર આપતા નથી. તેથી

મુનિઓને પોતાને જ પોતાના પોષણની ઇચ્છા થતી નથી અને આવશ્યકતા પણ નથી તો પછી આચાર્ય તેમનું પોષણ કરે છે, એ કેવી રીતે કહી શકાય ? બીજું – આચાર્યનો મુનિઓ સાથે ફક્ત ધાર્મિક સંબંધ છે. મુનિઓને દીક્ષા આપવી, તેમને પોતાના વ્રતમાં શિથિલ થતાં જોઈને સાવધાન કરવા અથવા ધર્મથી ચ્યુત થાય તો તેમને પ્રાયશ્ચિત આપીને ફરીથી સ્થિર કરવા, તેમને ધર્મનો ઉપદેશ આપવો, ધર્મનો આદેશ આપવો, તપશ્ચરણમાં તેમને સદા દૃઢ બનાવવા, જેમનું મૃત્યુ નજદીક હોય તેવા મુનિને સમાધિમરણ કરાવવું ઇત્યાદિ કર્તવ્ય આચાર્યોનું છે. ધાર્મિક કર્તવ્ય હોવાથી જ આચાર્યોને રાગરહિત શાસક કહેવામાં આવ્યા છે. શાસન કરવા છતાં પણ આચાર્ય પ્રમાદી નથી, પરંતુ શુદ્ધ અંતઃકરણ વિશિષ્ટ આત્મધ્યાનમાં તત્પર છે તેથી આચાર્યોને સંઘના પાલક અને પોષક કહેવા તે સર્વથા અયોગ્ય છે.

અથવા

**यद्वा मोहात्प्रमादाद्वा कुर्याद्यो लौकिकीं क्रियाम्।**
**तावत्कालं स नाऽऽचार्योप्यस्ति चान्तर्व्रतच्युतः।।६५७।।**

**અર્થ :–** અથવા મોહને વશીભૂત થઈને અથવા પ્રમાદથી જે લૌકિક ક્રિયા કરે છે તે સમયે તે આચાર્ય કહી શકાતા નથી, એટલું જ નહિ પણ તેમને અંતરંગ ચારિત્રથી પતિત થયેલા માનવામાં આવે છે.

**ભાવાર્થ :–** આ શ્લોકથી સારી રીતે સિદ્ધ થાય છે કે આચાર્ય ફક્ત ધાર્મિક ક્રિયાઓ કરે છે અને મુનિઓની ધાર્મિક વૃત્તિઓના જ તે શાસક છે. જો મોહની અધિકતાથી કદાચ તે કોઈ લૌકિક ક્રિયા કરે તો ગ્રંથકાર કહે છે કે તે સમયે તે આચાર્ય જ કહી શકાતા નથી. તે સમયે તે આચાર્યપદથી ભ્રષ્ટ થયા છે, અંતરંગ વ્રતોથી રહિત થઈ ગયા છે.

ઉપસંહાર

**उक्तव्रततपः शीलसंयमादिधरो गणी।।**
**नमस्यः स गुरुः साक्षात्तदन्यो न गुरुर्गणी।।६५८।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથન અનુસાર જે વ્રત, તપ, શીલ, સંયમાદિ ધારણ કરે છે

તેમને જ ગણના સ્વામી આચાર્ય કહેવામાં આવે છે, તે જ સાક્ષાત્ ગુરુ છે, તે જ નમસ્કાર કરવા યોગ્ય છે. તેનાથી ભિન્ન સ્વરૂપવાળા ગણના સ્વામી આચાર્ય કહી શકાતા નથી.

ઉપાધ્યાયનું સ્વરૂપ

**उपाध्यायः समाधियान् वादी स्याद्वादकोविदः।**
**वाङ्मी वाग्ब्रह्मसर्वज्ञः सिद्धान्तागमपारगः।।६५९।।**
**कविर्व्रत्त्यग्रसूत्राणां शब्दार्थैः सिद्धसाधनात्।**
**गमकोऽर्थस्य माधुर्ये धुर्यो वक्तृत्ववर्त्मनाम्।।६६०।।**
**उपाध्यायत्वमित्यत्र श्रुताभ्यासो हि कारणम्।**
**यदध्येति स्वयं चापि शिष्यानध्यापयेद्गुरुः।।६६१।।**
**शेषस्तत्र व्रतादीनां सर्वसाधारणो विधिः।**
**कुर्याद्धर्मोपदेशं स नाऽऽदेशं सूरिवत्क्वचित्।।६६२।।**
**तेषामेवाश्रमं लिंगं सूरीणां संयमं तपः।**
**आश्रयेच्छुद्धचारित्रं पञ्चाचारं स शुद्धधीः।।६६३।।**
**मूलोत्तरगुणानेव यथोक्तानाचरेच्चिरम्।**
**परीषहोपसर्गाणां विजयी स भवेद्वशी।।६६४।।**
**अत्रातिविस्तरेणालं नूनमन्तर्बहिर्मुनेः।**
**शुद्धवेशधरो धीमान् निर्ग्रन्थः स गुणाग्रणी।।६६५।।**

**અર્થ :–** પ્રત્યેક પ્રશ્નનું સમાધાન કરનાર, વાદ કરનાર, સ્યાદ્વાદનું રહસ્ય જાણનાર, વચન બોલવામાં ચતુર, વચન બ્રહ્મના સર્વજ્ઞ, સિદ્ધાંત શાસ્ત્રના પારગામી, વૃત્તિ અને પ્રધાનસૂત્રોના વિદ્વાન, તે વૃત્તિ અને સૂત્રોને શબ્દ સાથે અર્થ દ્વારા સિદ્ધ કરનાર, અર્થમાં મધુરતા લાવનાર, બોલનાર વ્યાખ્યાતાઓના માર્ગમાં અગ્રગામી ઇત્યાદિ ગુણોના ધારક ઉપાધ્યાય હોય છે. ઉપાધ્યાય થવામાં મુખ્ય કારણ શાસ્ત્રોનો અભ્યાસ છે, જે ગુરુ સ્વયં તે શાસ્ત્રોનું અધ્યયન કરે છે તથા જે શિષ્યોને અધ્યયન કરાવે છે, તે જ ઉપાધ્યાય

કહેવાય છે. ઉપાધ્યાયમાં ભણવા ભણાવવા સિવાય બીજા વ્રતાદિકોનું પાલન આદિ વિધિ મુનિઓની સામાન્ય છે. ઉપાધ્યાય ધર્મનો ઉપદેશ કરી શકે છે પરંતુ આચાર્યની પેઠે ધર્મનો આદેશ (આજ્ઞા) કદી કરી શકતા નથી. તે આચાર્યોના સહવાસમાં જ રહે છે. તેમના જેવી જ નિર્ગ્રંથ અવસ્થા ધારણ કરે છે, તે શુદ્ધ બુદ્ધિવાળા ઉપાધ્યાય આચાર્યની જેમ જ સંયમ, તપ, શુદ્ધ ચારિત્ર અને પાંચ આચાર (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, તપ અને વીર્ય) પાળે છે. મુનિઓના જે અઠ્ઠાવીસ મૂળ ગુણ અને ચોરાસી લાખ ઉત્તર ગુણ બતાવ્યા છે તેનું પણ તે પાલન કરે છે. પરીષહ તથા ઉપસર્ગોને પણ જિતેન્દ્રિય ઉપાધ્યાય જીતે છે. અહીં વધારે વિસ્તાર ન કરતાં સંક્ષેપમાં એટલું જ કહેવું પૂરતું છે કે નિશ્ચયથી ઉપાધ્યાય મુનિની જેમ જ અંતરંગમાં અને બાહ્યમાં શુદ્ધ રૂપ ધારણ કરે છે, બુદ્ધિમાન છે, નિષ્પરિગ્રહ – નગ્નદિગંબર છે અને ગુણોમાં સર્વશ્રેષ્ઠ છે.

### નવી પ્રતિજ્ઞા

**उपाध्यायः समाख्यातो विख्यातोऽस्ति स्वलक्षणैः।**
**अधुना साध्यते साधोर्लक्षणं सिद्धमागमात्।।६६६।।**

**અર્થ :–** ઉપાધ્યાય પોતાના લક્ષણોથી પ્રસિદ્ધ છે, તેનું સ્વરૂપ તો કહેવાય ગયું, હવે સાધુનું લક્ષણ કહેવામાં આવે છે કે જે આગમથી સારી રીતે સિદ્ધ છે.

### સાધુનું સ્વરૂપ

**मार्गो मोक्षस्य चारित्रं तत्सद्भक्तिपुरःसरम्।***
**साधयत्यात्मसिद्ध्यर्थं साधुरन्वर्थसंज्ञकः।।६६७।।**
**नोच्याच्चायं यमी किञ्चिद्धस्तपादादिसंज्ञया।**
**न किञ्चिद्दर्शयेत्स्वस्थो मनसापि न चिन्तयेत्।।६६८।।**

* સંશોધિત પુસ્તકમાં 'सद्दृगभक्तिपुरःसरम्' એવો પણ પાઠ છે. તેનો અર્થ સમ્યગ્દર્શનપૂર્વક થાય છે.

आस्ते स शुद्धमात्मानमास्तिघ्नुवानश्च परम्।
स्तिमिन्तान्तर्बहिस्तुल्यो निस्तरङ्गाब्धिवन्मुनिः।।६६९।।
नादेशं नोपदेशं वा नादिशेत् स मनागपि।
स्वर्गापवर्गमार्गस्य तद्विपक्षस्य किं पुनः।।६७०।।
वैराग्यस्य परां काष्ठामधिरूढोधिकप्रभः।
दिगम्बरो यथाजातरूपधारी दयापरः।।६७१।।
निर्ग्रन्थोन्तर्बहिर्मोहग्रन्थेरुद्ग्रन्थको यभी।
कर्मनिर्जरकः श्रेण्या तपस्वी स तपोंशुभिः।।६७२।।
परीषहोपसर्गाद्यैरजय्यो जितमन्मथः।
एषणाशुद्धिसंशुद्धः प्रत्याख्यानपरायणः।।६७३।।
इत्याद्यनेकधाऽनेकैः साधुः साधुगुणैः श्रितः।
नमस्यः श्रेयसेऽवश्यं नेतरो विदुषां महान्।।६७४।।

**અર્થ :–** ચારિત્ર મોક્ષનો માર્ગ છે, જે સદ્‌ભક્તિપૂર્વક આત્મસિદ્ધિ માટે તે ચારિત્ર સિદ્ધ કરે છે, તેને સાધુ કહે છે. આ સાધુ ન તો કાંઈ બોલે છે કે ન તો હાથ પગ આદિ વડે કોઈ પ્રકારનો ઇશારો કરે છે તથા મનથી પણ કોઈનું ચિંતવન કરતા નથી. પરંતુ એકાગ્રચિત્ત થઈને કેવળ પોતાના શુદ્ધાત્માનું ધ્યાન કરે છે. જેની અંતરંગ અને બાહ્ય વૃત્તિઓ બિલકુલ શાંત થઈ ગઈ છે, તે તરંગરહિત સમુદ્ર સમાન મુનિ કહેવાય છે. તે મુનિ ન તો બિલકુલ આદેશ આપે છે કે ન ઉપદેશ આપે છે. તે સ્વર્ગ અને મોક્ષમાર્ગના વિષયમાં પણ આદેશ અને ઉપદેશ આપતા નથી. તો પછી વિપક્ષની તો વાત જ ક્યાં રહી ? અર્થાત્ વિપક્ષ સંસારના વિષયમાં તો તે બિલકુલ બોલતા જ નથી. આવા મુનિ વૈરાગ્યની ઉત્કૃષ્ટ કોટિ સુધી પહોંચી જાય છે અથવા મુનિનું સ્વરૂપ જ એ છે કે તે વૈરાગ્યની ચરમસીમા સુધી પહોંચી જાય છે અને તે મુનિ અધિક પ્રભાવશાળી દિગંબર–દિશાઓરૂપી વસ્ત્રોને ધારણ કરનાર, બાળક જેવા નિર્વિકારી રૂપના ધારક, દયામાં સદા તત્પર, નિષ્પરિગ્રહી, નગ્ન, અંતરંગ તથા બહિરંગ મોહરૂપી ગ્રંથીઓને ખોલનાર, સદાય નિયમોનું પાલન કરનાર, તપના કિરણો વડે શ્રેણીના ક્રમે કર્મો

નિર્જરાની કરનાર, તપસ્વી, પરીષહ તથા ઉપસર્ગાદિથી અજેય, કામદેવને જીતનાર, એષણા શુદ્ધિથી પરમ શુદ્ધ, ચારિત્રમાં સદા તત્પર ઇત્યાદિ અનેક પ્રકારના અનેક ઉત્તમ ગુણોને ધારણ કરનાર હોય છે. આવા જ સાધુ કલ્યાણ માટે નમસ્કાર કરવા યોગ્ય છે અને કોઈ વિદ્વાનોમાં શ્રેષ્ઠ પણ હોય તોપણ નમસ્કાર કરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :–** મુનિને ધ્યાનની પ્રધાનતા બતાવવામાં આવી છે. તેથી મુનિને આદેશ અને ઉપદેશ આપવાનો નિષેધ કર્યો છે. આચાર્ય સિવાય બીજા કોઈ આદેશ તો આપી શકતા જ નથી પરંતુ મુનિને જે ઉપદેશ આપવાનો પણ નિષેધ કર્યો છે તે કેવળ ધ્યાનની મુખ્યતાથી હોય એમ જણાય છે. સામાન્યપણે મુનિ મોક્ષાદિના વિષયમાં ઉપદેશ કરી જ શકે છે. અહીં પદધારકના કર્તવ્યનો વિચાર છે તેથી સાધુના કર્તવ્યમાં ધ્યાનમાં તલ્લીનતા જ કહેવામાં આવી છે. ઉપદેશ ક્રિયા સાધુ પદ માટે વર્જ્ય છે કેમકે તે મુખ્યપણે ઉપાધ્યાયનું કામ છે.

**एवं मुनित्रयी ख्याता महती महतामपि।**
**तथापि तद्विशेषोऽस्ति क्रमात्तरतमात्मकः।।६७५।।**

**અર્થ :–** મહાન પુરુષોમાં સૌથી શ્રેષ્ઠ આ મુનિત્રય (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) પ્રસિદ્ધ છે. તોપણ તેમાં ક્રમથી તરતમરૂપે વિશેષતા પણ છે.

**ભાવાર્થ :–** સામાન્યપણે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેય મૂળ ગુણ, ઉત્તર ગુણોના ધારક સમાન છે. તો પણ વિશેષ કાર્યોની અપેક્ષાએ તે ત્રણેમાં વિશેષતા પણ છે.

આચાર્યમાં વિશેષતા

**तत्राचार्यः प्रसिद्धोऽस्ति दीक्षादेशाद्गणाग्रणी।**
**न्यायाद्वाऽऽदेशतोऽध्यक्षात्सिद्धः स्वात्मनि तत्परः।।६७६।।**

**અર્થ :–** દીક્ષા આપવાથી, આદેશ કરવાથી ગણના સ્વામી આચાર્ય પ્રસિદ્ધ છે તથા યુક્તિ, આગમ, અનુભવથી તે પોતાના આત્મામાં તલ્લીન છે. આ વાત પણ પ્રસિદ્ધ છે.

એનો જ ખુલાસો

**अर्थान्नातत्परोप्येष दृङ्मोहानुदयात्सः ।**
**अस्ति तेनाविनाभूतः शुद्धात्मनुभवः स्फुटम् ।।६७७।।**

**અર્થ :–** અર્થાત્ તે આચાર્ય દર્શનમોહનીયનો ઉદય ન હોવાથી પોતાના આત્મામાં તલ્લીન જ છે. તેને તે વિષયમાં તલ્લીનતારહિત કહી શકાતા નથી કેમકે દર્શન-મોહનીયના અનુદયનો અવિનાભાવી નિશ્ચયથી શુદ્ધાત્માનો અનુભવ છે. તેથી દર્શન-મોહનીયનો અનુદય હોવાથી આચાર્ય શુદ્ધાત્માનો અનુભવ કરે જ છે.

બીજી પણ વિશેષતા

**अप्यस्ति देशतस्तत्र चारित्रावरणक्षतिः ।**
**बाह्यार्थात्केवलं न स्यात् क्षतिर्वा च तदक्षतिः ।।६७८।।**

**અર્થ :–** આચાર્યને શુદ્ધાત્માના અનુભવનો અવિનાભાવી દર્શનમોહનીયકર્મનો તો અનુદય જ છે, સાથે એકદેશ ચારિત્રમોહનીયકર્મનો પણ તેમને ક્ષય થઈ ગયો છે. ચારિત્રના ક્ષય અથવા અક્ષયમાં ફક્ત બાહ્ય પદાર્થ કારણ નથી.

પરંતુ

**अस्त्युपादानहेतोश्च तत्क्षतिर्वा तदक्षतिः ।**
**तदापि न बहिर्वस्तु स्यात्तद्धेतुरहेतुतः ।।३७९।।**

**અર્થ :–** ઉપાદાન કારણ મળતાં ચારિત્રની હાનિ અથવા તેનો લાભ થઈ શકે છે. ચારિત્રની ક્ષતિ અથવા અક્ષતિમાં બાહ્ય વસ્તુ હેતુ નથી. કારણ કે બાહ્ય વસ્તુ તેમાં કારણ બનતી નથી.

ચારિત્રની હાનિ અને લાભમાં કારણ

**सति संज्वलने नोच्चैः स्पर्धका देशघातिनः।**
**तद्विपाकोस्त्यमन्दो वा मन्दोहेतुः क्रमादद्वयोः।।६८०।।**
**संक्लेशस्तत्क्षतिर्नूनं विशुद्धिस्तु तदक्षतिः।**
**सोऽपि तरतमांशांशैः सोप्यनेकैरनेकधा।।६८१।।**
**अस्तु यद्वा न शैथिल्यं तत्र हेतुवशादिह।**
**तथाप्येतावताचार्यः सिद्धो नात्मन्यतत्परः।।६८२।।**
**तत्रावश्यं विशुद्धयंशस्तेषां मन्दोदयादिति।**
**संक्लेशांशोथवा तीव्रोदयान्नायं विधिः स्मृतः।।६८३।।**
**किन्तु दैवाद्विशुद्धयंशः संक्लेशांशोथवा क्वचित्।**
**तद्विशुद्धेर्विशुद्धयंशः संक्लेशांशोदयः पुनः।।६८४।।**
**तेषां तीव्रोदयात्तावदेतावानत्र बाधक।**
**सर्वतश्चेत्प्रकोपाय नापराधोपरोस्त्यतः।।६८५।।**
**तेनात्रैतावता नूनं शुद्धस्यानुभवच्युतिः।**
**कर्त्तुं न शक्यते यस्मादत्रास्त्यन्यः प्रयोजकः।।६८६।।**

**અર્થ :–** આચાર્ય પરમેષ્ઠીને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો તો અનુદય જ છે, કેવળ સંજ્વલન કષાયનો તેમને ઉદય છે. સંજ્વલન કષાય દેશઘાતી છે. તેના સ્પર્ધક સર્વઘાતી નથી. તે એકદેશ ઘાત કરનાર સંજ્વલન કષાયનો વિપાક જો તીવ્ર હોય તો ચારિત્રની હાનિ છે, જો તેનો વિપાક મંદ હોય તો ચારિત્રની કોઈ હાનિ નથી. સંજ્વલન કષાયની તીવ્રતા ચારિત્રની હાનિનું કારણ છે અને તેની મંદતા ચારિત્રની હાનિનું કારણ નથી. એનું કારણ એ છે કે સંજ્વલન કષાયની તીવ્રતાથી આત્મામાં સંક્લેશ થાય છે અને સંક્લેશ ચારિત્રના ક્ષયનું કારણ છે. સંજ્વલન કષાયની મંદતાથી આત્મા વિશુદ્ધ થાય છે અને વિશુદ્ધિ ચારિત્રના ક્ષયનું કારણ નથી. પરંતુ તેની વૃદ્ધિનું કારણ છે. સંજ્વલન કષાયના વિપાકમાં જે પ્રમાણે તીવ્રતા અને મંદતાના

અંશોમાં તરતમતા થયા કરે છે તે જ પ્રમાણે આ સંક્લેશ અને વિશુદ્ધિની ઘટવધ થયા કરે છે. આ તરતમતા અનેક ભેદોમાં વિભાજિત કરવામાં આવે છે. એને ચારિત્રની હાનિ અને લાભનું કારણ કહેવામાં આવ્યું છે. પરંતુ આચાર્યને કોઈ કારણે શિથિલતા થતી નથી અને જો તેમને સંજ્વલન કષાયની તીવ્રતાથી થોડા અંશે ચારિત્રની હાનિ પણ થઈ જાય તો પણ આચાર્ય સ્વાત્મામાં અતત્પર (અસાવધાન) સિદ્ધ થઈ શકતા નથી. પરંતુ પોતાના આત્મામાં સદા તત્પર જ છે. સંજ્વલન કષાય મંદ થવાથી આચાર્યને વિશુદ્ધિના અંશ વધી જાય છે અથવા ઉક્ત કષાયના તીવ્ર ઉદયથી સંક્લેશના અંશ વધી જાય છે. આ સમગ્ર વિધાન શુદ્ધાત્માના અનુભવમાં કાંઈ કાર્યકારી નથી. દૈવવશ ચાહે તેમને વિશુદ્ધિના અંશ વધી જાય કે સંક્લેશના અંશ વધી જાય પરંતુ આચાર્યના શુદ્ધાત્માના અનુભવમાં બાધા આવતી નથી. સંજ્વલન કષાયની મંદતાથી ચારિત્રમાં વિશુદ્ધિના અંશ પ્રગટ થઈ જાય છે અને સંજ્વલન કષાયની તીવ્રતાથી ચારિત્રમાં સંક્લેશના અંશ પ્રગટ થઈ જાય છે, બસ આટલી જ બાધા સમજવી જોઈએ. જો આચાર્યને સંજ્વલન કષાયની તીવ્રતા હોય તો તે તીવ્રતા કાંઈક પ્રમાદ લાવે છે. બાકી બીજો કોઈ અપરાધ (શુદ્ધાત્માની ચ્યુતિનું કારણ) કરી શકતી નથી. તેથી ઉપર્યુક્ત કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ જાય છે કે સંજ્વલન કષાયની તીવ્રતા અથવા ચારિત્રની થોડા અંશે હાનિ આચાર્યના શુદ્ધાત્માનુભવનો નાશ કરી શકતી નથી કારણકે શુદ્ધાત્માનુભવના નાશનું કારણ બીજું જ છે.

### શુદ્ધાત્માના અનુભવમાં કારણ

**हेतुः शुद्धात्मनो ज्ञाने शमो मिथ्यात्वकर्मणः।**
**प्रत्यनीकस्तु तत्रोच्चैरशमस्तत्र व्यत्ययात्।।૬૮૭।।**

**અર્થ :–** શુદ્ધાત્માના જ્ઞાનમાં કારણ મિથ્યાત્વકર્મનો ઉપશમ છે. એનું વિપરીત મિથ્યાત્વકર્મનો ઉદય છે. મિથ્યાત્વકર્મનો ઉદય થવાથી શુદ્ધાત્માનો અનુભવ થઈ શકતો નથી.

એનો જ સ્પષ્ટ અર્થ

**दृङ्मोहेऽस्तंगते पुंसः शुद्धस्यानुभवो भवेत्।**
**न भवेद्विघ्नकरः कश्चिच्चारित्रावरणोदयः।।६८८।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મનો અનુદય થતાં આત્માનો શુદ્ધ અનુભવ થાય છે. તેમાં ચારિત્રમોહનીયનો ઉદય વિઘ્ન કરી શકતો નથી.

**ભાવાર્થ :–** શુદ્ધાત્માનુભવની સમ્યગ્દર્શનની સાથે વ્યાપ્તિ (સહકારીતા) છે. સમ્યગ્દર્શન થવામાં દર્શનમોહનીયનો અનુદય મૂળ કારણ છે, તેથી દર્શન મોહનીયનો અનુદય થતાં શુદ્ધાત્માનો અનુભવ નિયમથી થાય છે, તે શુદ્ધાત્માના અનુભવમાં ચારિત્ર-મોહનીયનો ઉદય બાધક થઈ શકતો નથી. કેમકે ચારિત્રમોહનીયનો ઉદય ચારિત્ર રોકવામાં કારણ છે, શુદ્ધાત્માના અનુભવ સાથે તેનો કાંઈ સંબંધ નથી. તેથી આચાર્યને જો સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય પણ થઈ જાય તો પણ તેમના શુદ્ધાત્માનુભવનમાં તે બાધક થઈ શકતો નથી. હા, તેમના ચારિત્રાંશમાં થોડો પ્રમાદ તે અવશ્ય કરશે. આ જ વાત નીચે બતાવે છે —

**न चाकिञ्चित्करश्चैवं चारित्रावरणोदयः।**
**दृङ्मोहस्य कृते नालं अलं स्वस्यकृते च तत्।।६८९।।**

**અર્થ :–** ચારિત્રમોહનીયનો ઉદય કાંઈ કરતો જ નથી એમ પણ નથી. જો કે તે દર્શનમોહનીયનું કાર્ય કરવા અસમર્થ છે. તોપણ પોતાનું કાર્ય કરવા અવશ્ય સમર્થ છે.

ચારિત્ર મોહનીયનું કાર્ય

**कार्यं चारित्रमोहस्य चारित्राच्चयुतिरात्मनः।**
**नात्मदृष्टेस्तु दृष्टित्वान्यायादितरदृष्टिवत्।।६९०।।**

**અર્થ :–** આત્માના ચારિત્ર ગુણની હાનિ કરવી, તે જ ચારિત્રમોહનીયનું કાર્ય

છે. ચારિત્રમોહનીયનું કાર્ય આત્માના દર્શનગુણની હાનિ કરવાનું હોઈ શકે નહિ. કેમકે સમ્યગ્દર્શન ગુણ જુદો જ છે. તેથી તેનું ઘાતક પણ જુદું જ કર્મ છે. જેવી રીતે બીજાના દર્શનમાં બીજો બાધા પહોંચાડી શકતો નથી તેવી જ રીતે સમ્યગ્દર્શન ગુણમાં ચારિત્ર-મોહનીય બાધા પહોંચાડી શકતું નથી. તેનું કામ ફક્ત ચારિત્ર ગુણનો ઘાત કરવાનું છે.

દૃષ્ટાંત

**यथा चक्षुः प्रसन्नं वै कस्यचिद्दैवयोगतः।**
**इतरत्राक्षतायेपि दृष्टाध्यक्षान्न तत्क्षतिः।।६९१।।**

**અર્થ :–** જેમ કોઈના ચક્ષુ રોગરહિત હોય અને દૈવયોગે બીજા કોઈના ચક્ષુમાં કોઈ પ્રકારની પીડા હોય તો તે પીડાથી નિર્મળ ચક્ષુવાળાને કોઈ હાનિ થઈ શકતી નથી, એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે.

કષાયોનું કાર્ય

**कषायाणामनुद्रेकश्चारित्रं तावदेव हि।**
**नानुद्रेकः कषायाणां चारित्राच्च्युतिरात्मनः।।६९२।।**

**અર્થ :–** જ્યાં સુધી કષાયોનો અનુદય રહે છે ત્યાં સુધી ચારિત્ર છે. જ્યારે કષાયોનો ઉદય થઈ જાય છે ત્યારે જ આત્માના ચારિત્ર ગુણની હાનિ થઈ જાય છે.

સારાંશ

**ततस्तेषामनुद्रेकः स्यादुद्रेकोऽथवा स्वतः।**
**नात्मदृष्टेः क्षतिर्नूनं दृङ्मोहस्योदयादृते।।६९३।।**

**અર્થ :–** તેથી કષાયોનો અનુદય હોય કે ઉદય હોય પણ જ્યાં સુધી દર્શનમોહનીયનો ઉદય ન હોય ત્યાં સુધી શુદ્ધાત્માનુભવની કોઈ રીતે હાનિ થઈ શકતી નથી.

**ભાવાર્થ :–** દર્શન મોહનીયનો ઉદય જ શુદ્ધાત્માના અનુભવનો બાધક છે. કષાયોનો (ચારિત્રમોહનીયનો) ઉદય ચારિત્રમાં બાધક છે.

આચાર્ય, ઉપાધ્યાયમાં સાધુની સમાનતા

**अथ सूरिरूपाध्यायो द्वावेतौ हेतुतः समौ।**
**साधु साधुरिवात्मज्ञौ शुद्धौ शुद्धोपयोगिनौ।।६९४।।**
**नापि कश्चिद्विशेषोस्ति तयोस्तरतमौ मिथः।**
**नैताभ्यामन्तरुत्कर्षः साधोरप्यतिशायनात्।।६९५।।**
**लेशतोऽस्ति विशेषश्चेन्मिथस्तेषां बहिः कृतः।**
**का क्षतिर्मूलहेतोः स्यादन्तःशुद्धेः समत्वतः।।६९६।।**
**नास्त्यत्र नियतः कश्चिद्युक्तिस्वानुभवागमात्।**
**मन्दादिरुदयस्तेषां सूर्युपाध्यायसाधुषु।।६९७।।**

**અર્થ :–** આચાર્ય અને ઉપાધ્યાય બંનેય સમાન છે. જે કારણ આચાર્યના છે તે જ ઉપાધ્યાયના છે. બંનેય સાધુ છે અર્થાત્ સાધુની બધી ક્રિયાઓ – અટ્ઠાવીસ મૂળ ગુણ અને ચોરાસી લાખ ઉત્તર ગુણનું તે બંને પાલન કરે છે. સાધુની જેમ જ આત્માનુભવ કરે છે. બંનેય શુદ્ધ છે, શુદ્ધ–ઉપયોગસહિત છે. આચાર્ય અને ઉપાધ્યાયમાં પરસ્પર પણ કોઈ તરતમરૂપે વિશેષતા પ્રાપ્ત થતી નથી અને આ બંને કરતાં કોઈ વિશેષ અતિશય સાધુમાં પણ પ્રાપ્ત થતો નથી. સાધુમાં કોઈ અંતરંગ વિશેષ ઉત્કર્ષ હોય અને તેવો ઉત્કર્ષ (ઉન્નતપણું) આ બેમાં ન હોય એવું નથી, પરંતુ ત્રણેય સમાન છે. જો લેશમાત્ર વિશેષતા હોય તો તે ત્રણેમાં બાહ્ય ક્રિયાની અપેક્ષાથી જ છે, અંતરંગ ત્રણેનું સમાન છે, તેથી બાહ્ય ક્રિયાઓમાં ભેદ હોવા છતાં પણ અંતઃશુદ્ધિ ત્રણેમાં સમાન હોવાથી કોઈ હાનિ નથી કેમકે મૂળ કારણ અંતઃશુદ્ધિ છે તે ત્રણેમાં સમાન છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેયમાં સંજ્વલનનો મંદ, મધ્યમ, તીવ્ર ઉદય કોઈ નિયમિત નથી, કોઈ પણ અંશોનો ઉદય હોય એ વાત યુક્તિ, સ્વાનુભવ અને આગમથી સિદ્ધ છે.

**प्रत्येकं बहवः सन्ति सूर्युपाध्यायसाधवः।**
**जघन्यमध्यमोत्कृष्टभावैश्चैकैकशः पृथक्।।६९८।।**

**અર્થ :–** આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેના અનેક ભેદ છે. તે ભેદ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભાવોની અપેક્ષાએ થઈ જાય છે.

જેમકે

**कश्चित्सूरिः कदाचिद्वै विशुद्धिं परमां गतः।**
**मध्यमां वा जघन्यां वा विशुद्धिं पुनराश्रयेत्।।६९९।।**

**અર્થ :–** કોઈ આચાર્ય કોઈ વાર ઉત્કૃષ્ટ વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે, પછી કોઈવાર તે જ મધ્યમ અથવા જઘન્ય વિશુદ્ધિ પણ પામે છે.

આનું કારણ

**हेतुस्तत्रोदिता नाना भावांशैः स्पर्धकाः क्षणम्।**
**धर्मादेशोपदेशादिहेतुर्नात्र बहिः क्वचित्।।७००।।**

**અર્થ :–** ઉપર કહેલી વિશુદ્ધિ કોઈવાર ઉત્કૃષ્ટમાંથી મધ્યમ અથવા જઘન્ય કેમ થઈ જાય છે ? એનું કારણ એ જ છે કે ત્યાં અનેક પ્રકારે ભાવોમાં તરતમતા કરનાર કષાયના સ્પર્ધકો ક્ષણે ક્ષણે ઉદયમાં આવ્યા કરે છે. વિશુદ્ધિની તરતમતામાં ધર્મનો ઉપદેશ તથા ધર્મનો આદેશ–બાહ્ય કારણ–હેતુ કહી શકાતા નથી.

**ભાવાર્થ :–** આચાર્ય જે ધર્મનો ઉપદેશ અને આદેશ આપે છે તે તેમની વિશુદ્ધિમાં હીનતાનું કારણ નથી. કેમકે તે આપવામાં આચાર્યને જરા પણ પ્રમાદ નથી. વિશુદ્ધિમાં હીનતાનું કારણ કેવળ સંજ્વલન કષાયના સ્પર્ધકોનો ઉદય છે. જેઓ એમ સમજે છે કે મુનિઓ ઉપર શાસન કરવાના કાર્યથી આચાર્યના ચારિત્રમાં અવશ્ય શિથિલતા આવી જાય છે, તેમની એ સમજ કેવળ ભૂલ ભરેલી છે. આચાર્યોનું શાસન કષાયસહિત નથી

પરંતુ નિષ્કષાય ધાર્મિક શાસન છે તેથી તે કદી દોષ ઉત્પાદક કહી શકાતું નથી.

**परिपाटयानया योज्याः पाठकाः साधवश्च ये।**
**न विशेषो यतस्तेषां न्यायाच्छेषोऽविशेषभाक्।।७०१।।**

**અર્થ :–** આ જ ઉપર કહેલી પરિપાટી (પદ્ધતિ–ક્રમ)થી ઉપાધ્યાય અને સાધુની વ્યવસ્થાનું પરિજ્ઞાન કરવું જોઈએ. કેમકે તેમનામાં પણ આચાર્ય કરતાં કોઈ વિશેષતા હોતી નથી. ત્રણેય સમાન છે.

બાહ્ય કારણ ઉપર વિચાર

**नोह्यं धर्मोपदेशादि कर्म तत्कारणं बहिः।**
**हेतोरभ्यन्तरस्यापि बाह्यं हेतुर्बहिः क्वचित्।।७०२।।**

**અર્થ :–** જો કોઈ એમ કહે કે આચાર્યની વિશેષતામાં બાહ્ય ક્રિયાઓ–ધર્મનો ઉપદેશ અને આદેશ પણ કારણ છે, કેમકે અભ્યંતર હેતુનો પણ ક્યાંક બાહ્ય કાર્ય બાહ્ય હેતુ થાય જ છે ? અર્થાત્ કર્મોદયરૂપ અભ્યંતર કારણમાં ધર્મોપદેશાદિ ક્રિયાને પણ કારણ માનવું જોઈએ. આચાર્ય કહે છે કે આવો તર્ક ન કરવો જોઈએ.

કારણ કે

**नैवमर्थाद्यतः सर्वं वस्त्वकिञ्चित्करं बहिः।**
**तत्पदं फलवन्मोहादिच्छतोऽर्थान्तरं परम्।।७०३।।**

**અર્થ :–** ઉપર જે તર્ક કરવામાં આવ્યો છે તે બરાબર નથી, કેમકે જેટલી બાહ્ય વસ્તુ છે તે બધી અકિંચિત્કર (કાંઈ પણ કરવામાં અસમર્થ) છે, હા, જો કોઈ મોહને વશીભૂત થઈને બાહ્ય આચાર્ય આદિ પદની ઇચ્છા કરે તો તેને અવશ્ય તે બાહ્ય પદ ફળસહિત છે અર્થાત્ તેનું સાંસારિક ફળ મળશે.

આચાર્યની નિસ્પૃહતા

**किं पुनर्गणिनस्तस्य सर्वतोनिच्छतो बहिः।**
**धर्मादेशोपदेशादि स्वपदं तत्फलं च यत्।।७०४।।**

**અર્થ :–** ધર્મનો ઉપદેશ, ધર્મનો આદેશ, પોતાનું પદ અને તેનું ફળ આદિ સર્વ બાહ્ય બાબતોની સર્વથા ઇચ્છા ન રાખનાર આચાર્યની તો વાત જ જુદી છે.

**ભાવાર્થ :–** ધર્મનો આદેશ, ધર્મનો ઉપદેશ આદિ કાર્યો આચાર્ય ઇચ્છાપૂર્વક કરતા નથી. પરંતુ કેવળ ધાર્મિક બુદ્ધિથી કરે છે. તેથી બાહ્ય કારણ તેમની વિશુદ્ધિનું ઘાતક નથી.

અહીં કોઈ શંકા કરી શકે છે કે જ્યારે આચાર્ય મુનિઓ ઉપર પૂર્ણપણે ધર્મના આદેશાદિથી શાસન કરે છે ત્યારે એમ કેવી રીતે કહેવાય કે તેમને ઇચ્છા નથી, ઇચ્છા વિના તો તેઓ શાસન જ કરી શકતા નથી ? આ શંકાનો ઉત્તર આ પ્રમાણે છે –

**नास्यासिद्धं निरीहत्वं धर्मादेशादि कर्मणि।**
**न्यायादक्षार्थकांक्षाया ईहा नान्यत्र जातुचित्।।७०५।।**

**અર્થ :–** ધર્માદેશાદિ કાર્ય કરવા છતાં પણ આચાર્ય ઇચ્છારહિત છે, આ વાત અસિદ્ધ નથી. જે ઇન્દ્રિય સંબંધી વિષયોમાં ઇચ્છા કરવામાં આવે છે, વાસ્તવમાં તેનું જ નામ ઇચ્છા છે. જે ધાર્મિક કાર્યોમાં ઇચ્છા કરવામાં આવે છે તેને ઇચ્છા જ કહેતા નથી.

**ભાવાર્થ :–** જેમ સાંસારિક વાસનાઓ માટે જે નિદાન કરવામાં આવે છે તેને જ નિદાનબંધ કહેવામાં આવે છે. જે પુરુષ મોક્ષની ઇચ્છા રાખે છે તેને નિદાન બંધવાળો કહેતા નથી, તેવી જ રીતે જે ઇચ્છા સાંસારિક વાસનાઓ માટે કરવામાં આવે છે તેને જ વાસ્તવમાં ઇચ્છા કહે છે, ધાર્મિક કાર્યોમાં જે મનની વૃત્તિ જોડવામાં આવે છે તેને શબ્દથી ભલે ઇચ્છા કહો પરંતુ વાસ્તવમાં તે ઇચ્છા નથી. કેમકે ઇચ્છા ત્યાં જ કહેવાય જ્યાં કોઈ વસ્તુની ચાહના હોય. આચાર્યને ધર્માદેશાદિ કાર્યોથી કોઈ વસ્તુની ચાહના નથી. તે સદા નિસ્પૃહ આત્મધ્યાનમાં મુનિવત્ લીન છે.

શંકાકાર

**ननु नेहा विना कर्म कर्म नेहां विना क्वचित्।**
**तस्मान्नानीहितं कर्म स्यादक्षार्थस्तु वा न वा।।७०६।।**

**અર્થ :–** ક્રિયા વિના ઇચ્છા હોય શકતી નથી અને ઇચ્છા વિના ક્રિયા હોય શકતી નથી. આ સર્વત્ર નિયમ છે. તેથી ઇચ્છા વિના કોઈ ક્રિયા હોય શકતી નથી, ચાહે તે ઇન્દ્રિયસંબંધી વિષય હો અથવા ન હો.

**ભાવાર્થ :–** ચાહે સંસારના વિષયની ક્રિયા હોય અથવા ધર્મના વિષયની હોય, કોઈ પણ પ્રકારની ક્રિયા હો, પણ ઇચ્છા વિના કોઈ ક્રિયા હોય શકતી નથી. તેથી આચાર્યની ધર્માદેશાદિ ક્રિયાઓ પણ ઇચ્છાપૂર્વક જ છે, તેથી આચાર્ય પણ ઇચ્છાસહિત જ છે નહિ કે ઇચ્છારહિત ?

ઉત્તર

**नैवं हेतोरतिव्याप्तेरारादक्षीणमोहिषु।**
**बन्धस्य नित्यतापत्तेर्भन्मुक्तेरसंभवः।।७०७।।**

**અર્થ :–** શંકાકારની ઉપર્યુક્ત શંકા બરાબર નથી. કેમકે 'ઇચ્છા વિના ક્રિયા થતી નથી,' આ લક્ષણની ક્ષીણકષાયવાળા જીવોમાં અતિવ્યાપ્તિ છે, બારમા ગુણસ્થાનમાં ક્રિયા તો હોય છે પરંતુ ત્યાં ઇચ્છા નથી. જો બારમા ગુણસ્થાનમાં પણ ક્રિયાના સદ્ભાવના કારણે ઇચ્છા માનવામાં આવે, તો બંધ સદાય થયા કરશે અને બંધની નિત્યતામાં મુક્તિ જ અસંભવિત થઈ જશે.

**ભાવાર્થ :–** એવો નિયમ નથી કે ઇચ્છા વિના ક્રિયા થઈ જ શકતી નથી, દશમા ગુણસ્થાનના અંતે અને બારમા ગુણસ્થાનમાં ક્રિયા તો છે પરંતુ ઇચ્છા નથી કેમકે ઇચ્છા લોભની પર્યાય છે અને લોભ કષાયનો ત્યાં નાશ થઈ ગયો છે. જો દશમા ગુણસ્થાનના અંતે અને બારમા ગુણસ્થાનમાં પણ ઇચ્છાનો સદ્ભાવ માનવામાં આવે તો આ આત્મામાં

કર્મ બંધનો કદી અંત થઈ શકશે નહિ, સદા બંધ જ થયા કરશે. કારણકે બંધ કષાયથી થાય છે, કારણના સદ્‌ભાવમાં કાર્યનું હોવું અવશ્યંભાવી છે, બંધની નિત્યતામાં આત્મા કદી પણ મુક્ત થઈ શકતો નથી, તેથી મોક્ષનું થવું જ અસંભવ બની જશે. મોક્ષની અસંભવતામાં આત્મા સદા સંસારાવસ્થામાં દુઃખી જ રહેશે. તેના આત્મિકસુખ ગુણનો કદી પણ વિકાસ નહિ થઈ શકે. તેથી ઇચ્છા વિના કાર્ય થઈ શકતું નથી, એ શંકાકારની શંકા પાયા વિનાની છે.

સારાંશ

**ततोस्त्यन्तः कृतो भेदः शुद्धर्नानांशतस्त्रिषु।**
**निर्विशेषात्समस्त्वेष पक्षो माभूद्वहिः कृतः।।७०८।।**

**અર્થ :–** તેથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણેમાં વિશુદ્ધિના જુદા જુદા અંશોની અપેક્ષાએ અંતરંગકૃત ભેદ છે. સામાન્યપણે ત્રણેમાં સમાનતા છે. તે ત્રણેમાં બાહ્ય ક્રિયાની અપેક્ષાએ ભેદ બતાવવો એ પક્ષ બરાબર નથી.

આગમનો આશય

**किञ्चास्ति यौगिकीरूढिः प्रसिद्धा परमागमे।**
**विना साधुपदं न स्यात्केवलोत्पत्तिरञ्जसा।। ७०९।।**
**तत्र चोक्तमिदं सम्यक् साक्षात्सर्वार्थसाक्षिणा।**
**क्षणमस्ति स्वतः श्रेण्यामधिरूढस्य तत्पदम्।।७१०।।**

**અર્થ :–** યૌગિક રીતે અને રૂઢિથી આ વાત પરમાગમમાં પ્રસિદ્ધ છે કે સાધુપદની પ્રાપ્તિ કર્યા વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ શકતી નથી. ત્યાં સર્વજ્ઞદેવે એ વાત પણ સારી રીતે પ્રગટ કરી દીધી છે કે શ્રેણી ચડનારને ક્ષણમાત્રમાં સાધુ પદ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે.

તેનું જ સ્પષ્ટીકરણ

**यतोऽवश्यं स सूरिर्वा पाठकः श्रेण्यनेहसि।**
**कृत्स्नचिन्तानिरोधात्मलक्षणं ध्यानमाश्रयेत्।।७११।।**

**અર્થ :–** કારણકે શ્રેણી ચડવાના સમયે આચાર્ય અથવા ઉપાધ્યાય સંપૂર્ણ ચિંતા નિરોધાત્મક લક્ષણવાળું ધ્યાન કરે છે.

માટે

**ततः सिद्धमनायासात्तत्पदत्वं तयोरिह।**
**नूनं बाह्योपयोगस्य नावकाशोस्ति यत्र तत्।।७१२।।**

**અર્થ :–** તેથી આચાર્ય અને ઉપાધ્યાયને સાધુપણું અનાયાસ (કોઈ વિશેષતા વિના) જ સિદ્ધ છે. ત્યાં બાહ્ય ઉપયોગનો અવકાશ નથી.

**न पुनश्चरणं तत्र छेदोपस्थापनादिवत्।**
**प्रागादायक्षणं पश्चात् सूरिः साधुपदं श्रयेत्।।७१३।।**

**અર્થ :–** એમ પણ નથી કે આચાર્ય પહેલાં છેદોપસ્થાપના આદિ ચારિત્ર ધારણ કરીને પછી સાધુપદ ધારણ કરે છે.

**ભાવાર્થ :–** જો કોઈ એવી આશંકા કરે કે આચાર્ય શાસન ક્રિયા પછી પ્રાયશ્ચિત લે છે, પછી સાધુપદ પ્રાપ્ત કરે છે, એ આશંકા બરાબર નથી કેમકે આ વાત પહેલાં સારી રીતે કહેવાય ગઈ છે કે આચાર્યની ક્રિયાઓ દોષવાળી નથી કે જેથી તે છેદોપ-સ્થાપના ચારિત્ર પહેલાં ગ્રહણ કરીને પછી સાધુપદની પ્રાપ્તિ કરે પરંતુ તેમનું અંતરંગ સાધુના જેવું જ છે, સાધુ જેવી જ બધી ક્રિયાઓ છે, કેવળ બાહ્ય ક્રિયાઓમાં ભેદ છે, તે ભેદ બુદ્ધિનું કારણ નથી.

ગ્રંથકારનો આશય

**उक्तं दिङ्मात्रमत्रपि प्रसङ्गाद्गुरुलक्षणम्।**
**शेषं विशेषतो वक्ष्ये तत्स्वरूपं जिनागमात्।।७१४।।**

**અર્થ :–** પ્રસંગવશ અહીં ગુરુનું લક્ષણ થોડુંક કહેવામાં આવ્યું છે, બાકીનું તેમનું વિશેષ સ્વરૂપ જિનેન્દ્રકથિત આગમ અનુસાર કહીશું.

યૌગિક દૃષ્ટિએ ધર્મનું સ્વરૂપ

**धर्मो नीचैः पदादुच्चैः पदे धरति धार्मिकम्।**
**तत्राजवञ्जवो नीचैः पदमुच्चैस्तदत्ययः।।७१५।।**

**અર્થ :–** જે ધર્માત્મા પુરુષને નીચા સ્થાનેથી ઊંચકીને ઊંચા સ્થાને ટકાવી રાખે તેને ધર્મ કહે છે. સંસાર નીચું સ્થાન છે અને તેનો નાશ થવો તે 'મોક્ષ' ઉચ્ચ સ્થાન છે. X

ધર્મ

**स धर्मः सम्यग्दृग्ज्ञप्तिचारित्रत्रितयात्मकः।**
**तत्र सद्दर्शनं मूलं हेतुरद्वैतमेतयोः।।७१६।।**

**અર્થ :–** તે ધર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે. તે ત્રણેમાં સમ્યગ્દર્શન જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું અદ્વિતીય મૂળ કારણ છે.+

---

X सद्दृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः यदीयप्रत्यनीकानि भवन्ति भवपद्धतिः। रत्नकरण्ड श्रावकाचार।

\+ देशयामि समीचीनं धर्मं कर्मनिर्वहणंसंसारदुःखतः सत्त्वान् यो धरत्युत्तमे सुखे। - रत्नकरंड।

સમ્યગ્દર્શનને પ્રધાનતા

**ततः सागाररूपो वा धर्मोऽनागार एव वा।**
**सद्दक् पुरस्सरो धर्मो न धर्मस्तद्विना क्वचित्।।७१७।।**

**અર્થ :–** તેથી ચાહે ગૃહસ્થ ધર્મ હો, ચાહે મુનિધર્મ હો, જો તે સમ્યગ્દર્શનપૂર્વક હોય તો તે ધર્મ છે, (અને) જો તે સમ્યગ્દર્શનપૂર્વક ન હોય તો તે ધર્મ પણ કહી શકાતો નથી.

રૂઢિથી ધર્મનું સ્વરૂપ

**रूढितोऽधिवपुर्वाचां क्रिया धर्मः शुभावहा।**
**तत्रानुकूलरूपा मनोवृत्तिः सहानया।।७१८।।**

**અર્થ :–** શરીર અને વચનોની શુભક્રિયા રૂઢિથી ધર્મ કહેવાય છે. તે જ ક્રિયાની સાથે મનોવૃત્તિ પણ અનુકૂળ હોવી જોઈએ.

**ભાવાર્થ :–** મન, વચન, કાયાની શુભક્રિયા ધર્મ છે.

શુભક્રિયાના ભેદ

**सा द्विधा सर्वसागारानगाराणां विशेषतः।**
**यतः क्रिया विशेषत्वान्नूनं धर्मो विशेषितः।।७१९।।**

**અર્થ :–** ઘરસહિત–ગૃહસ્થ અને ઘરરહિત–મુનિઓની વિશેષતાથી તે ક્રિયા બે પ્રકારની છે. કેમકે ક્રિયાની વિશેષતાથી જ નિશ્ચયથી ધર્મ પણ વિશેષ કહેવાય છે.

અણુવ્રતનું સ્વરૂપ

**तत्र हिंसानृतस्तेयाब्रह्मकृत्स्नपरिग्रहात्।**
**देशतो विरतिः प्रोक्तं गृहस्थानामणुव्रतम्।।७२०।।**

**અર્થ :–** હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને સમસ્ત પરિગ્રહનો એકદેશ ત્યાગ કરવો તેને ગૃહસ્થોનું અણુવ્રત કહે છે.

મહાવ્રતનું સ્વરૂપ

**सर्वतो विरतिस्तेषां हिंसादीनां व्रतं महत्।**
**नैतत्सागारिभिः कर्तुं शक्यते लिङ्गमर्हताम्।।७२१।।**

**અર્થ :–** તે જ હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને સમસ્ત પરિગ્રહનો સર્વથા (મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાપૂર્વક) ત્યાગ કરવો તે મહાવ્રત કહેવાય છે. આ મહાવ્રત ગૃહસ્થોથી કરી શકાતું નથી. પરંતુ પૂજ્ય મુનિઓનું એ ચિહ્ન (સ્વરૂપ) છે અર્થાત્ અર્હંતપદનું ચિહ્ન છે. મુનિ અર્હંતના લઘુનંદન છે.

ગૃહસ્થ અને મુનિઓમાં ભેદ

**मूलोत्तरगुणाः सन्तिः देशतो वेश्मवर्त्तिनाम्।**
**तथाऽगारिणां न स्युः सर्वतः स्युः परेप्यतः।।७२२।।**

**અર્થ :–** ગૃહસ્થ મૂળ ગુણ અને ઉત્તર ગુણોનું એકદેશરૂપે પાલન કરે છે, મુનિ તેમ કરતા નથી પરંતુ તેઓ તેમનું સંપૂર્ણપણે પાલન કરે છે. મુનિઓને ઉત્તર ગુણોનું પાલન પણ હોય છે.

ગૃહસ્થોના મૂળ ગુણ

**तत्र मूलगुणाश्चाष्टौ गृहिणां व्रतधारिणाम्।**
**क्वचिदव्रतिनां साक्षात् सर्वसाधारणा इमे।।७२३।।**

**અર્થ :–** વ્રત ધારણ કરનાર ગૃહસ્થોને આઠ મૂળ ગુણ કહેવામાં આવ્યા છે. આ

આઠ મૂળ ગુણ અવ્રતીઓને પણ હોય છે. આ મૂળ ગુણ સર્વને સામાન્યપણે હોય છે.

**ભાવાર્થ :–** સૌથી જઘન્ય પાક્ષિક શ્રાવક હોય છે, તેને પણ આઠ મૂળ ગુણોનું હોવું આવશ્યક છે. આનું પાલન કર્યા વિના શ્રાવક સંજ્ઞા જ આપી શકાતી નથી તેથી એમને સર્વ સાધારણ ગુણ કહેવામાં આવ્યા છે. એટલું વિશેષ સમજવું જોઈએ કે વ્રતી શ્રાવકોને નિરતિચાર મૂળ ગુણ હોય છે અને અવ્રતીને અતિચાર સહિત હોય છે. આ જ આશયથી વ્રતી અને અવ્રતીનો ભેદ કરવામાં આવ્યો છે. આનું જ સ્પષ્ટ વિવેચન નીચે કરવામાં આવે છે —

આઠ મૂળગુણોનો પ્રવાહ

**निसर्गाद्वा कुलाम्नायादायातास्ते गुणाः स्फुटम्।**
**तद्विना न व्रतं यावत्सम्यक्त्वं च तथाङ्गिनाम्।।७२४।।**

**અર્થ :–** આ આઠ મૂળ ગુણ કાં કુળ પરંપરાથી પાળતા આવે છે અથવા સ્વભાવથી જ નિયમથી પાળતા આવે છે. આઠ મૂળ ગુણોનું પાલન કર્યા વિના કોઈ વ્રત હોય શકે નહિ અને જીવોને સમ્યગ્દર્શન પણ હોય શકતું નથી.

**ભાવાર્થ :–** વ્રતોનું પાલન કરવા માટે તો નિયમ મર્યાદા આદિનો પ્રારંભ કરવામાં આવે છે, પરંતુ આઠ મૂળ ગુણોનું પાલન કરવાના કેટલાક પ્રકાર જોવામાં આવે છે. કોઈ કોઈને ત્યાં તો સ્વભાવથી જ માંસાદિકનું સેવન કરવામાં આવતું નથી અર્થાત્ કોઈ કોઈ માંસાદિના સેવન પ્રત્યે સ્વભાવથી જ ઘૃણા પ્રગટ કરે છે અને કોઈ કોઈને કુળ પરંપરાથી માંસાદિનું ગ્રહણ કરવામાં આવતું નથી, આવા કુટુંબોમાં આઠ મૂળ ગુણોનો નિયમ ઘણી સહેલાઈથી કરાવી શકાય છે, પરંતુ જેમને ત્યાં કુળ પરંપરા અથવા સ્વભાવથી માંસાદિનો ત્યાગ નથી તેમને સમ્યકત્વ પ્રાપ્તિ પહેલાં માંસાદિ છોડવા માટે વિશેષ પ્રયત્ન કરવો પડે છે. પરંતુ એ વાત જૈનેતર મનુષ્યોમાં જ પ્રાપ્ત થાય છે, જૈન કહેવરાવનારા મનુષ્યોને તો નિયમથી સ્વભાવ અને કુળ પરંપરાથી અષ્ટ મૂળ ગુણોનું પાલન થતું આવે છે. તેના પાલન માટે તેમને કોઈ જાતનો પ્રયત્ન કરવો પડતો નથી, અષ્ટ મૂળ ગુણોનું પાલન કર્યા વિના પાક્ષિક જૈન પણ કહી શકાતો નથી અને ન તેને સમ્યકત્વ તથા વ્રત પણ હોય શકે છે.

અષ્ટ મૂળગુણોનું પાલન જૈનમાત્રને માટે આવશ્યક છે

**एतावता विनाप्येष श्रावको नास्ति नामतः।**
**किं पुनः पाक्षिको गूढो नष्ठिक साधकोऽथवा।।७२५।।**

**અર્થ :–** આટલું કર્યા વિના અર્થાત્ આઠ મૂળ ગુણ ધારણ કર્યા વિના નામમાત્ર પણ શ્રાવક કહી શકાતો નથી, તો પછી પાક્ષિક, ગૂઢ, નૈષ્ઠિક અથવા સાધકની તો વાત જ શી ?

આઠ મૂળ ગુણ

**मद्यमांसमधुत्यागी त्यक्तोदुम्बर पञ्चकः**
**नामतः श्रावकः क्षान्तो नान्यथाऽपि तथा गृही।।७२६।।**

**અર્થ :–** મદિરા, માંસ, મધનો ત્યાગ કરનાર તથા પાંચ ઉદુંબર ફળોનો ત્યાગ કરનાર નામમાત્ર શ્રાવક કહેવાય છે, તે જ ક્ષમાધર્મનો પાલક છે, તે સિવાય તે શ્રાવક કહેવાતો નથી.

**ભાવાર્થ :–** જે કેવળ શ્રાવક નામ ધરાવે છે તેણે પણ ત્રણ મકાર અને પાંચ ફળોના ત્યાગી થવું જોઈએ, જે એમનો પણ ત્યાગ કરતા નથી તેને જૈન જ કહેવા ન જોઈએ. આ જ આઠના ત્યાગને અષ્ટ મૂળ ગુણ કહે છે.

સાત વ્યસનના ત્યાગનો ઉપદેશ

**यथाशक्ति विघातव्यं गृहस्थैर्व्यसनोज्झनम्।**
**अवश्यं तद्व्रतस्थैस्तैरिच्छद्भिः श्रेयसी क्रियाम्।।७२७।।**

**અર્થ :–** ગૃહસ્થો (અવ્રતી) એ યથાશક્તિ સપ્ત વ્યસનનો ત્યાગ કરવો જોઈએ અને

જે વ્રતોનું પાલન કરે છે તથા શુભક્રિયા ચાહે છે તે ગૃહસ્થોએ તો અવશ્ય સપ્તજ વ્યસનનો + ત્યાગ કરવો જોઈએ.

અતિચારોના ત્યાગનો ઉપદેશ

**त्यजेद्दोषाँस्तु तत्रोक्तान् सूत्रेतीचारसंज्ञकान्।**
**अन्यथा मद्यमांसादीन् श्रावकः कः समाचरेत्।।७२८।।**

**અર્થ :–** વ્રતોના પાલનમાં જે અતિચાર X નામના દોષ સૂત્રોમાં કહેવામાં આવ્યા છે, તેમનો પણ ત્યાગ કરવો જોઈએ. મદ્ય માંસાદિનું તો ક્યો શ્રાવક સેવન કરે છે? અર્થાત્ મદ્યાદિક તો પ્રથમથી જ ત્યાજ્ય છે.

દાન આપવાનો ઉપદેશ

**दानं चतुर्विधं देयं पात्रबुद्ध्याऽथ श्रद्धया।**
**जघन्य मप्यमोत्कृष्ट पात्रेभ्यः श्रावकोत्तमैः।।७२९।।**

**અર્થ :–** ઉત્તમ શ્રાવકોએ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પાત્રોને પાત્રબુદ્ધિ તથા શ્રદ્ધાપૂર્વક ચાર પ્રકારનું દાન દેવું જોઈએ.

**ભાવાર્થ :–** છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ ઉત્તમ પાત્ર કહેવાય છે, એકદેશ વ્રતના ધારક પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક મધ્યમ કહેવાય છે અને વ્રતરહિત ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિ પુરુષ જઘન્ય પાત્ર કહેવાય છે. જેવું પાત્ર હોય છે તે જ પ્રમાણે દાનના ફળમાં ભેદ થઈ જાય છે. જેમ ક્ષેત્રની વિશેષતાથી વનસ્પતિના ફળોમાં વિશેષતા જોવામાં

+ धूतमांस सुरा वेश्याखेटचौर्यपराङ्गनाः महापापानि सप्तैतद् व्यसनानि त्यजेद् बुधः। અર્થાત્ જુગાર રમવો, માંસ ખાવું, દારૂ પીવો, વેશ્યાને ત્યાં જવું, શિકાર કરવો, ચોરી કરવી, પરસ્ત્રીને ત્યાં જવું – આ સાત વ્યસનોનો બુદ્ધિમાન ત્યાગ કરે છે.

X 'अतीचारोंशभञ्जनम्' કોઈ વાતના એક અંશમાં દોષ લાગવો તેને અતિચાર કહે છે. (સાગાર ધર્મામૃત)

આવે છે તેવી જ રીતે પાત્રની વિશેષતાથી દાનના ફળમાં વિશેષતા આવે છે. જેમ પાત્રની વિશેષતાથી દાનના ફળમાં વિશેષતા હોય છે તેવી જ રીતે દાતાની શ્રદ્ધા, પાત્રબુદ્ધિ, ભક્તિ, નિસ્પૃહતા આદિ ગુણોથી પણ દાનના ફળમાં વિશેષતા હોય છે. દાનનું ફળ ભોગભૂમિ આદિ ઉત્તમ સુખસ્થાન કહેવામાં આવેલ છે. ધનોપાર્જનથી રાતદિવસ આરંભ-જનિત પાપબંધ કરનારા શ્રાવકોને પાત્રદાન જ પુણ્યબંધનું મૂળ કારણ છે, તેથી પ્રતિદિન યથાશક્તિ ચાર પ્રકારનું દાન કરવું જોઈએ. જો કે વર્તમાન સમયમાં ઉત્તમ પાત્રોના અભાવ જેવું થઈ ગયું છે, તો પણ તેમનો સર્વથા અભાવ નથી. મુનિ ન મળે તો ઉત્તમ શ્રાવક, બ્રહ્મચારી, ઉદાસીન, સાધર્મીજનોને દાન આપવું જોઈએ. દાન ચાર પ્રકારનું છે. —

આહારદાન, ઔષધદાન, અભયદાન અને જ્ઞાનદાન. જો કે સામાન્ય દૃષ્ટિથી ચારેય દાન વિશેષ પુણ્યના કારણ છે તો પણ આ ચારેયમાં ઉત્તરોત્તર વિશેષતા છે. આહારદાન એક વખતની ક્ષુધા મટાડે છે, ઔષધદાન અનેક દિવસો સુધી શારીરિક રોગ દૂર કરી દે છે, અભયદાન એક જન્મ માટે નિર્ભય બનાવી દે છે અને જ્ઞાનદાન સદાને માટે અજર, અમર, ક્ષુધાદિ દોષરહિત અને નિર્ભય બનાવી દે છે. જ્ઞાનદાનનું માહાત્મ્ય અતુલ્ય છે. પહેલાં ત્રણ દાન તો શારીરિક બાધાઓને જ દૂર કરે છે પરંતુ જ્ઞાનદાન આત્માના નિજગુણનો વિકાસ કરે છે. પહેલાનાં ત્રણ દાન તો એક ભવ માટે અથવા તેમાં પણ થોડા સમયને માટે જ આ જીવના સહાયક છે. પરંતુ જ્ઞાનદાન આ જીવનો સદાને માટે પરમ સહાયક છે. જ્ઞાન જ એક એવો ગુણ છે જે આ જીવાત્માને સાંસારિક વાસનાઓથી છોડાવીને ત્યાગમાર્ગ પર લઈ જાય છે. તેથી શ્રાવકોએ ચારેય દાન અને વિશેષતાથી જ્ઞાનદાન યથાશક્તિ અવશ્ય કરવું જોઈએ. શાસ્ત્રો વહેંચવા, સદ્દુપદેશ આપવો, આ બધી બાબતો જ્ઞાનદાનમાં ગર્ભિત છે. મુનિમાર્ગ નિરાબાધ ચાલતો રહે તે માટે આહારદાન પણ મુખ્ય છે.

કુપાત્ર અને અપાત્રને પણ દાન લેવાનો ઉપદેશ

**कुपात्रायाप्यपात्राय दानं देयं यथोचित्तम्।**
**पात्रबुद्धया निषिद्धं स्यान्निषिद्धं न कृपाधिया।।७३०।।**

**અર્થ :–** * કુપાત્ર અને અપાત્રને પણ યથોચિત દાન આપવું જોઈએ. એટલું વિશેષ છે કે કુપાત્ર અને અપાત્રને પાત્રબુદ્ધિથી દાન દેવાનું નિષિદ્ધ (વર્જિત) કહ્યું છે, પરંતુ તે કૃપાબુદ્ધિથી નિષિદ્ધ નથી.

**ભાવાર્થ :–** કુપાત્ર અને અપાત્રને જે પાત્રબુદ્ધિથી દાન આપવામાં આવે છે, તેને મિથ્યાત્વમાં સામેલ કરવામાં આવ્યું છે, કેમકે પાત્ર સમ્યગ્દ્રષ્ટિ જ હોય શકે છે. પાત્રને જે દાન આપવામાં આવે છે તે ભક્તિપૂર્વક આપવામાં આવે છે, પરંતુ કુપાત્ર અથવા અપાત્રને જે દાન આપવામાં આવે છે તે ભક્તિપૂર્વક આપવામાં આવતું નથી પરંતુ કરુણાબુદ્ધિથી આપવામાં આવે છે.

દાનનો સામાન્ય ઉપદેશ

**शेषेभ्यः क्षुत्पिपासादिपीडितेभ्योऽशुभोदयात्।**
**दीनेभ्यो दयादानादि दातव्यं करुणार्णवैः।।७३१।।**

**અર્થ :–** વળી જે અશુભ કર્મોદયથી ભૂખ, તરસ વગેરે બાધાઓથી પીડિત દીન મનુષ્યો છે તેમને પણ કરુણારૂપી સમુદ્રોએ (દયાળુ પુરુષોએ) કરુણા દાન આદિ કરવું જોઈએ.

જિનેન્દ્ર પૂજનનો ઉપદેશ

**पूजामप्यर्हतां कुर्याद्यद्वा प्रतिमासु तद्धिया।**
**स्वरव्यञ्जनानि संस्थाप्य सिद्धानप्यर्चयेत्सुधीः।।७३२।।**

---

* उत्कृष्टपात्रमनगारमणुव्रताढयं मध्यमं व्रतेन रहितं सुदृशं जघन्यम्।
निर्दर्शनं व्रतनिकाययुतं कुपात्रं युग्मोज्झितं नरमपात्रमिदं हि विद्धि।।

**અર્થ :–** સમ્યગ્દર્શનસહિત મહાવ્રતી દિંગબર મુનિ ઉત્તમ પાત્ર છે, અણુવ્રતી સમ્યગ્દ્રષ્ટિ મધ્યમપાત્ર છે, વ્રત રહિત સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય પાત્ર છે. આ ત્રણેય સત્પાત્ર ગણાય છે. સમ્યગ્દર્શનરહિત વ્રતી જીવ કુપાત્ર છે તથા જે સમ્યગ્દર્શન અને વ્રત બંનેથી રહિત છે તે અપાત્ર છે.

(सागार धर्मामृत)

**અર્થ :–** સદ્‌બુદ્ધિવાન ગૃહસ્થે તેરમા ગુણસ્થાનવર્તી, વીતરાગ, સર્વજ્ઞ, અરિહંત ભગવાનની પૂજા કરવી જોઈએ અથવા તે અરિહંતોની પ્રતિમાઓમાં અરિહંતની બુદ્ધિ રાખીને પૂજા કરવી જોઈએ તથા સ્વર વ્યંજનની સ્થાપના કરીને સિદ્ધ ભગવાનની પણ પૂજા કરવી જોઈએ.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની પૂજાનો ઉપદેશ

**सूर्युपाध्यायसाधुनां पुरस्तत्पादयोःस्तुतिम्।**
**प्राग्विधायाष्टधा पूजां विदध्यात् स त्रिशुद्धितः।।७३३।।**

**અર્થ :–** તે શ્રાવકે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓના ચરણોની પહેલાં સ્તુતિ કરીને પછી મન, વચન, કાયાની શુદ્ધતાથી ત્રણે પરમેષ્ઠીઓની અષ્ટ દ્રવ્યથી પૂજા કરવી જોઈએ.

સાધર્મી અને બ્રહ્મચારીઓનો વિનય કરવાનો ઉપદેશ

**सम्मानादि यथाशक्ति कर्तव्यं च सधर्मिणाम्।**
**व्रतिनां चेतरेषां वा विशेषाद् ब्रह्मचारिणाम्।।७३४।।**

**અર્થ :–** જે પોતાના સમાન ધર્મી (પોતાના જેવા શ્રાવક) છે તેમનો યથાશક્તિ આદર સત્કાર કરવો જોઈએ, તથા જે વ્રતી શ્રાવક છે અથવા સમ્યગ્દ્રષ્ટિ છે તેમનો પણ યથાશક્તિ આદર સત્કાર કરવો જોઈએ અને વિશેષપણે બ્રહ્મચારીઓનો આદર સત્કાર કરવો જોઈએ.

વ્રતયુક્ત સ્ત્રીઓને વિનય કરવાનો ઉપદેશ

**नारीभ्योऽपि व्रताढयाभ्यो न निषिद्धं जिनागमे।**
**देयं सम्मानदानादि लोकनामविरुद्धतः।।७३५।।**

**અર્થ :–** જે સ્ત્રીઓ વ્રતસહિત છે, તેમનો પણ લોકથી અવિરુદ્ધ આદર સત્કાર કરવો એ જિનાગમમાં નિષિદ્ધ નથી.

**ભાવાર્થ :–** જેમ વ્રતી પુરુષ સન્માન આપવા યોગ્ય છે તેવી જ રીતે વ્રતયુક્ત સ્ત્રીઓ પણ સન્માન આપવા યોગ્ય છે કારણ કે પૂજ્યતાનું કારણ ચારિત્ર છે. તે બંનેમાં સમાન છે. એટલું વિશેષ છે કે સ્ત્રીઓનું સન્માન આદિ લોકથી અવિરુદ્ધ હોય તેમ કરવું જોઈએ. આનો આશય એ છે કે લોકમાં જેટલું સન્માન તેમને મળતું હોય તે પ્રમાણે આપવું જોઈએ.

## જિન ચૈત્યગૃહ બનાવવાનો ઉપદેશ

**जिनचैत्यगृहादीनां निर्माणे सावधानता।**
**यथा सम्पद्विधेयाऽस्ति दूष्या नाऽवद्यलेशतः।।७३६।।**

**અર્થ :–** શ્રાવકોએ જિનમંદિર કરાવવામાં સદા સાવધાન રહેવું જોઈએ, પોતાની સંપત્તિના પરિણામ અનુસાર જિનમંદિરોની રચના અવશ્ય કરાવવી જોઈએ. જિન ચૈત્યગૃહ બનાવવામાં થોડુંક આરંભજનિત પાપ લાગે છે તેથી મંદિર બનાવવામાં દોષ છે એમ નથી.

**ભાવાર્થ :–** આ વાત સારી રીતે નિશ્ચિત છે કે જેવો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો પ્રભાવ હોય છે તેવો જ પ્રભાવ પુરુષોના આત્મામાં પણ પડે છે. જે સમયે કોઈ દુષ્ટ પુરુષનો સમાગમ થઈ જાય છે ત્યારે તેના નિમિત્તે સમયે સમયે પરિણામ ખરાબ જ રહે છે અને જે સમયે કોઈ સજ્જનનો સમાગમ થાય છે તે સમયે મનુષ્યના પરિણામ તેના નિમિત્તે ઉજ્જવળ થતા જાય છે, આ પ્રભાવ દ્રવ્યનો જ સમજવો જોઈએ. એવી જ રીતે કાળનો પ્રભાવ આત્મા ઉપર પડે છે. રાત્રે મનુષ્યના પરિણામ બીજી જાતના થઈ જાય છે અને સવાર થતાં જ બદલાઈને ઉત્તમ થઈ જાય છે. રાત્રે જે વાસનાઓ પોતાનો પ્રભાવ ફેલાવે છે, સવાર થતાં તે અનાયાસ જ દૂર થઈ જાય છે, આ કાળનો પ્રભાવ સમજવો જોઈએ. એવી જ રીતે ક્ષેત્રનો પ્રભાવ પૂર્ણપણે આત્મા ઉપર પડે છે. જે પરિણામ ઘરમાં રહે છે, તે પરિણામ કોઈ સાધુના આવાસમાં જતાં રહેતા નથી. આપણા હૃદયમાં વિકાર ઉત્પન્ન કરનારી જે વાતો પ્રગટ્યા કરે છે તે તે (સાધુના)

સ્થાનમાં ઉત્પન્ન જ થતી નથી, તેવી જ રીતે આપણને ધર્મસાધન તરફ જે પરિણામ બિલકુલ લાગતા નથી તે મંદિરમાં જતાં સ્વયં પ્રગટી જાય છે. મંદિર જ ધર્મસાધનનું મૂળ કારણ છે. મંદિરમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારે નિમિત્તોની પૂર્ણ યોગ્યતા છે. ત્યાં જ આપણને એકાંત મળે છે, ત્યાં જ તત્ત્વચર્ચાનો સ્વાદ આપણા કાનમાં પ્રવેશે છે, અને ત્યાં જ શ્રી જિનેન્દ્રની વીતરાગ મુદ્રા આપણા આત્મિક ભાવોનો વિકાસ કરે છે. અત્યારે તો જેટલું ધર્મસાધન અને પરિણામોની નિર્મળતા જિનેન્દ્ર સ્તુતિ અને તેમની પૂજાથી થાય છે તેવી નિર્મળતા અને તેવું ધર્મસાધન અન્ય પ્રકારે થઈ શકતું નથી. એનું કારણ પણ એ છે કે અત્યારના સંહનન અને મનોવૃત્તિઓની ચંચળતા કોઈ જુદી જ જાતની છે. આપણે અધિક સમય સુધી ન તો ધ્યાન કરી શકીએ છીએ અને ન શુભ પરિણામ રાખી શકીએ છીએ. આત્મ ચિંતવન તો ઘણું આઘુ રહી જાય છે તેથી આપણને અવલંબનની ઘણી જરૂર છે અને તે અવલંબન જિનેન્દ્રની વીતરાગ મુદ્રા છે, તે વીતરાગ પ્રતિમા સામે આપણા પરિણામ ઘણા લાંબા સમય સુધી ચોંટી રહે છે બલ્કે એમ કહેવું જોઈએ કે જેટલા સમય સુધી આપણે તે પ્રતિમા સામે ઉપયોગ જોડીએ છીએ ત્યાં સુધી આપણા પરિણામ ત્યાંથી ખેંચાઈને બીજી તરફ જોડાતા જ નથી. જો કે ધ્યાનનું મહત્ત્વ ઘણું વધારે છે, પરંતુ મનોવૃત્તિઓની ચંચળતાના સંસ્કાર તરત જ ત્યાંથી ઉપયોગ ખસેડી નાખે છે. જિનેન્દ્ર પૂજા અને જિનેન્દ્રની સ્તુતિમાં એ વાત બનતી નથી. જેટલી જેટલી ભક્તિ પવિત્ર સ્તોત્રો દ્વારા આપણે કરીએ છીએ, તેટલા તેટલા આપણા પરિણામ ભક્તિ-રસથી ઉછળવા લાગે છે, આપણા અતિશય પુણ્યબંધનું કારણ આ જ સમય છે. શ્રાવકને જિનેન્દ્રદર્શન, જિનેન્દ્રપૂજા અને જિનેન્દ્રના ચિંતવનથી ચડિયાતી વિશેષ પુણ્યોત્પાદક બીજી કોઈ વસ્તુ નથી અને આ સામગ્રી જિનમંદિરમાં જ મળી શકે છે. તેથી જિનમંદિરોનું નિર્માણ પરમ આવશ્યક છે. આધુનિક સમયમાં કેટલાક લોકો એમ કહેવા લાગ્યા છે કે 'ભાવાનુસાર ફળ થાય છે તેથી દેવદર્શન કરવું આવશ્યક નથી, ઘેર જ રહીને પરોક્ષ નમસ્કાર કરવાથી પુણ્યબંધ થઈ શકે છે અને ભાવ ન હોય તો મંદિર જવાનું પણ કાંઈ કાર્યકારી નથી.' આવું કથન તે પુરુષોનું જ સમજવું કે જેઓ જૈનશાસ્ત્રો ઉપર શ્રદ્ધા રાખતા નથી અને જૈનમતમાં બતાવેલી ક્રિયાઓનું પાલન કરતા નથી એટલું જ નહિ પણ ક્રિયાઓને રૂઢિ કહીને પોતાના તીવ્ર મિથ્યાત્વનો પરિચય આપે છે. જેઓ જિનદર્શનને પ્રતિદિન આવશ્યક માનતા નથી તેમને જૈન કહેવા તે ભૂલ છે. 'ભાવથી જ પુણ્યબંધ થાય છે' આ કથન તેમનું છળમાત્ર છે, જો વાસ્તવમાં જ તેઓ એવા ભાવ

કરે તો તેઓ જિનદર્શન અને જિનમંદિરની અનાવશ્યકતા બતાવત નહિ. બાહ્ય અવલંબન વિના અંતરંગનો સુધારો કદી થઈ શકતો નથી. જે મુનિઓએ આત્માને જ ધ્યેય બનાવ્યું છે તેમણે પણ અનેક સ્તોત્રોથી જિનભક્તિની ગંગા વહાવી છે. તો પછી બિચારા આત્મધ્યેયથી કોસો દૂર એવા શ્રાવકોની તો વાત જ શી છે ? અત્યારે કેટલાક અશ્રદ્ધાની અને શિથિલાચારી ઘરોમાં જિનેન્દ્રદેવનો ફોટો રાખીને તેના જ દર્શન કરી લે છે એ પણ નિષિદ્ધ છે, કેમકે ફોટાની પ્રતિષ્ઠા થતી નથી. તે અપૂજ્ય છે તેના દર્શનને દેવદર્શન માનવા તે મિથ્યાત્વ છે. તે તો કેવળ સ્મૃતિચિહ્ન છે. આચાર્ય સમંતભદ્ર સ્વામીએ કહ્યું છે કે – पूज्यं जिनत्वार्चयतो जनस्य सावद्यलेशो बहु पुण्यराशिः। અર્થાત્ જિનેન્દ્રની પૂજામાં પાપ તો લેશમાત્ર લાગે છે, પરંતુ ત્યાં પુણ્યબંધ ઘણો થાય છે. સરસવના દાણા જેટલું પાપ અને સુમેરુ પર્વત જેટલું પુણ્ય થાય છે. શ્રાવકોના નિત્ય કર્તવ્યોમાં સૌથી પહેલું કર્તવ્ય દેવપૂજા છે. તેથી જિનમંદિર બનાવરાવી અનેક ભવ્ય જીવોનો ઉપકાર કરવો તે શ્રાવકનું પ્રથમ કર્તવ્ય છે. +

કોઈ કોઈ એવી શંકા કરે છે કે જિનમંદિર બનાવવામાં જળ, માટી, ઇંટ, પથ્થર, લાકડું વગેરે પદાર્થો એકઠા કરવામાં પાપબંધ જ થાય છે ? તેનો ઉત્તર ગ્રંથકારે ચોથા ચરણમાં સ્વયં આપી દીધો છે. તેમણે કહી દીધું છે કે પાપનો લેશ અવશ્ય છે, પરંતુ અસીમ પુણ્યબંધ સામે તે નહિ જેવું છે કેમકે 'तत्पापमपि न पापं यत्र महान् धर्मानुबन्धः' અર્થાત્ જેમાં ઘણો મોટો ધર્માનુબંધ હોય તે પાપ પણ પાપ નથી. તેથી આચાર્યે થોડું પાપ હોવાથી મંદિર બનાવરાવવાની વિધિ દૂષિત કહી નથી. મંદિર કરાવવામાં પાપનો અંશ તો લેશમાત્ર છે, પરંતુ પુણ્યબંધ ઘણો થાય છે, તેથી ઉપર્યુક્ત શંકા નકામી છે.*

---

+ **यद्यप्यारम्भतो हिंसा हिंसायाः पापसम्भवः।**
**तत्राप्यत्रकृतारम्भो महत्पुण्यं समश्नुते।।**

**અર્થ :–** જો કે આરંભ કરવાથી હિંસા થાય છે અને હિંસાથી પાપ ઉત્પન્ન થાય છે તો પણ જિનમંદિર, પાઠશાળા, સ્વાધ્યાય શાળા આદિ બનાવવામાં માટી, પથ્થર, પાણી, લાકડું આદિ એકઠા કરવાથી આરંભ કરનારો પુરુષ મહાપુણ્યનો અધિકારી થાય છે.

(સાગાર ધર્મામૃત)

* **निरालम्बनधर्मस्य स्थितिर्यस्मात्ततः सताम्।**
**मुक्तिप्रासादसोपानमाप्तैरूक्तो जिनालयः।।**

પ્રતિષ્ઠા કરાવવાનો ઉપદેશ

**सिद्धानामर्हताञ्चापि यन्त्राणि प्रतिमाः शुभाः ।**
**चैत्यालयेषु संस्थाप्य प्राक् प्रतिष्ठापयेत् सुधीः ।।७३७।।**

**અર્થ :–** સિદ્ધ યંત્ર અને અર્હંતોની શુભ પ્રતિમાઓની ચૈત્યાલયોમાં સ્થાપના કરીને પહેલાં તેમની બુદ્ધિમાન પુરુષોએ પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

**ભાવાર્થ :–** મંત્ર શાસ્ત્રોમાં શબ્દ શક્તિનું અપાર માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે, જિન પ્રતિમાઓમાં અર્હંતોની સ્થાપના મંત્રો દ્વારા જ કરવામાં આવે છે, તે જ મંત્રોની શક્તિથી તે સ્થાપના કરેલી પ્રતિમા પૂજ્ય થઈ જાય છે, મંત્ર શક્તિની યોજના માટે જ પ્રતિષ્ઠા કરાવવામાં આવે છે.

તીર્થાદિકની યાત્રાનો ઉપદેશ

**अपि तीर्थादियात्रासु विदध्यात्सोद्यतं मनः ।**
**श्रावकः स च तत्रापि संयमं न विराधयेत् ।।७३८।।**

**અર્થ :–** તીર્થવંદના આદિ યાત્રાઓ મનને સદા ઉત્સાહવાળું રાખવું જોઈએ. પરંતુ તીર્થાદિકની યાત્રાઓમાં પણ શ્રાવકે સંયમની વિરાધના ન કરવી અર્થાત્ યાત્રાઓમાં અનેક વિઘ્નના કારણ મળવા છતાં પણ તે સંયમને સુરક્ષિત જ રાખે.

જિનબિંબ ઉત્સવમાં જોડાવાનો ઉપદેશ

**नित्ये नैमित्तिके चैवं जिनबिम्ब महोत्सवे ।**
**शैथिल्यं नैवं कर्तव्यं तत्त्वज्ञैः तद्विशेषतः ।।७३९।।**

---

**અર્થ :–** જિનમંદિરોમાં આધારરહિત ધર્મની સ્થિતિ બનેલી છે. તેથી તે જિનમંદિરો સજ્જન પુરુષોને મોક્ષરૂપી મહેલમાં જવા માટે સીડી સમાન છે, એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.
(સાગાર ધર્મામૃત)

**અર્થ :–** જે નિત્યનૈમિત્તિક જિનબિંબ મહોત્સવ થયા કરે છે તેમાં પણ શ્રાવકોએ શિથિલતા ન રાખવી જોઈએ. તત્ત્વના જાણનારાઓએ તો તેમાં વિશેષપણે સામેલ થવું જોઈએ.

**ભાવાર્થ :–** જિનબિંબ મહોત્સવ તથા ધાર્મિક સંમેલનોમાં જવાથી ધર્મની પ્રભાવના તો થાય જ છે સાથે સાથે અનેક વિદ્વાનો અને ધાર્મિક સત્પુરુષોના સમાગમથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનો પણ સુઅવસર મળી જાય છે. તેથી ધાર્મિક સંમેલનોમાં અવશ્ય જવું જોઈએ.

સંયમ ધારણ કરવાનો ઉપદેશ

**संयमो द्विविधश्चैव विधेयो गृहमेधिभिः।**
**विनापि प्रतिमारूपं व्रतं यद्वा स्वशक्तितः।।७४०।।**

**અર્થ :–** ગૃહસ્થોએ બે પ્રકારનો સંયમ પણ ધારણ કરવો જોઈએ. કાં તો પોતાની શક્તિ અનુસાર પ્રતિમારૂપ વ્રત ધારણ કરવું જોઈએ અથવા પ્રતિમા વિના પણ અભ્યાસરૂપે વ્રતો ધારણ કરવા જોઈએ.

**ભાવાર્થ :–** જે વ્રત નિયમપૂર્વક ઉત્તરોત્તર પ્રતિમાઓમાં પહેલા પહેલાની પ્રતિમાઓ સાથે પાળવામાં આવે છે, તેમને પ્રતિમારૂપ વ્રત કહે છે અને જે વ્રત નિયમપૂર્વક પ્રતિમારૂપે પાળવામાં આવતા નથી, પરંતુ ફક્ત અભ્યાસરૂપે કોઈ વાર કોઈ પ્રતિમાનો અભ્યાસ કરવામાં આવે છે અને કોઈ વાર કોઈ બીજી પ્રતિમાનો અભ્યાસ કરવામાં આવે છે. તેમને પ્રતિમારૂપ વ્રત નથી કહેતા, પરંતુ અનિયત વ્રત કહે છે. જે શ્રાવક પ્રતિમારૂપે વ્રતોના પાલનમાં અસમર્થ છે તે અનિયત વ્રતોથી જ શુભકર્મનો બંધ કરે છે.

બાર તપનો ઉપદેશ

**तपो द्वादशाधा द्वेधा बाह्याभ्यंतरभेदतः।**
**कृत्स्नमन्यतमं वा तत्कार्यंचानतिवीर्यसात्।।७४१।।**

**અર્થ :–** બાહ્ય અને અભ્યંતરના ભેદથી તપ બાર પ્રકારનું કહેવામાં આવ્યું છે.* છ પ્રકારે બાહ્ય તપ અને છ પ્રકારે અભ્યંતર. આ બાર પ્રકારના તપ સંપૂર્ણપણે અથવા એમાંથી કોઈ એક પોતાની શક્તિ અનુસાર કરવું જોઈએ.

ગ્રંથકારની મહાન પ્રતિજ્ઞા

**उक्तं दिङ्मात्रतोऽप्यत्र प्रसङ्गाद्वा गृहिव्रतम्।**
**वक्ष्ये चोपासकाध्यायात्सावकाशात्सविस्तरम्।।७४२।।**

**અર્થ :–** ગ્રંથકાર કહે છે કે અહીં પ્રસંગવશ ગૃહસ્થોના વ્રતોનું અમે થોડુંક કથન કર્યું છે. આગળ અવકાશ મેળવીને ઉપાસકાધ્યયન ગ્રંથોના આધારે તેમનું વિસ્તારપૂર્વક કથન અમે કરીશું.+

યતિઓના મૂળ ગુણ

**यतेर्मूलगुणाश्चाष्टाविंशतिर्मूलवत्तरोः।**
**नात्राप्यन्यतमेनोना नातिरिक्ताः कदाचन।।७४३।।**

**અર્થ :–** મુનિઓના મૂળ ગુણ પણ અઠ્ઠાવીસ છે. જેવું વૃક્ષનું મૂળ હોય છે એવા જ તે છે. મૂળ વિના વૃક્ષ ટકી શકતું નથી, તેવી જ રીતે અઠ્ઠાવીસ મૂળ ગુણો વિના મુનિવ્રત પણ ટકી શકતું નથી. આ અઠ્ઠાવીસ મૂળ ગુણોમાંથી મુનિઓને ન તો એકેય ઓછું હોય છે અને ન અધિકેય હોય છે.

---

* અનશન, અવમૌદર્ય (ઉણોદર), વૃત્તિ પરિસંખ્યાત, રસ પરિત્યાગ, એકાંત શયન, આ છ બાહ્ય તપના ભેદ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન આ છ ભેદ અભ્યંતર તપના છે. આનું વિશેષ વિવરણ સર્વાર્થસિદ્ધિ અને રાજવાર્તિકમાંથી જાણવું જોઈએ.

\+ ગ્રંથકારે આવી મોટી મોટી પ્રતિજ્ઞાઓ કેટલાય પ્રકરણોમાં કરી છે. જો આજે સંપૂર્ણ ગ્રંથસાગરની પ્રાપ્તિ થાત તો કોણ જાણે કેટલાય અપૂર્વ તત્ત્વરત્નોની પ્રાપ્તિ થાત.

અઠ્ઠાવીસ મૂળ ગુણોના પાલનથી જ મુનિવ્રતનું પાલન થાય છે

**सर्वैरेभिः समस्तैश्च सिद्धं यावन्मुनिव्रतम्।**
**न व्यस्तैर्व्यस्तमात्रं तु यावदंशनयादपि।।७४४।।**

**અર્થ :–** અઠ્ઠાવીસ મૂળ ગુણોને સંપૂર્ણપણે પાળવાથી જ મુનિવ્રત સિદ્ધ થાય છે. આમાંથી કેટલાક ગુણોના પાલનથી મુનિવ્રત ગણવામાં આવતું નથી. પરંતુ તે પણ અપૂર્ણ જ રહે છે. મૂળ ગુણોમાં જેટલાં અંશે ન્યૂનતા રહે છે તેટલા જ અંશે મુનિવ્રતમાં પણ ન્યૂનતા રહી જાય છે.

ગ્રંથાંતર (અઠ્ઠાવીસ મૂળ ગુણ)

**बदसमिदिंदियरोधो लोचो आवस्सयमचेलमन्हाणं।**
**खिदिसयणमदंतमणं ठिदिभोयणमेयभत्तं च।।७४५।।**

**અર્થ :–** પાંચ (૫) મહાવ્રત, પાંચ (૫) સમિતિ, પાંચ (૫) ઇન્દ્રિયોનો નિરોધ, (૧) કેશલોચ કરવો, છ (૬) આવશ્યક (સામાયિક, વંદના, સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ)નું પાલન, (૧) વસ્ત્ર ધારણ ન કરવું, (૧) સ્નાન ન કરવું, (૧) પૃથ્વી ઉપર સૂવું, (૧) દંતમંજન ન કરવું, (૧) ઊભા થઈને આહાર લેવો અને (૧) એકવાર ભોજન કરવું; આ મુનિઓના અઠ્ઠાવીસ મૂળ ગુણ છે.

મુનિઓના ઉત્તર ગુણ

**एते मूलगुणाः प्रोक्ताः यतीनां जैनशासने।**
**लक्षाणां चतुरशीतिर्गुणाश्चोत्तरसंज्ञकाः।।७४६।।**

**અર્થ :–** ઉપર કહેલા મુનિઓના મૂળ ગુણ જૈન શાસનમાં કહેવામાં આવ્યા છે. તે જ મુનિઓના ઉત્તર ગુણ ચોર્યાસી લાખ છે.

સારાંશ

**ततः सागारधर्मो वाऽनगारो वा यथोदितः।**
**प्राणिसंरक्षणं मूलमुभयत्राऽविशेषतः।।७४७।।**

**અર્થ :–** સારાંશ એ જ છે કે જે ગૃહસ્થોનો ધર્મ કહેવામાં આવ્યો છે તે અથવા જે મુનિઓનો ધર્મ કહેવામાં આવ્યો છે તે બંનેમાં સામાન્યપણે પ્રાણીઓની રક્ષા મૂળભૂત છે, અર્થાત્ બંનેના વ્રતનો ઉદ્દેશ્ય પ્રાણીઓની રક્ષા કરવાનો છે. ગૃહસ્થ ધર્મમાં એકદેશ રક્ષા કરવામાં આવે છે અને મુનિધર્મમાં સર્વથા કરવામાં આવે છે.

ક્રિયારૂપ વ્રતોનું ફળ

**उक्तमस्ति क्रियारूपं व्यासाद्व्रतकदम्बकम्।**
**सर्वसावद्ययोगस्य तदेकस्य निवृत्तये।।७४८।।**

**અર્થ :–** બીજી પણ ક્રિયારૂપ વ્રતોનો સમૂહ વિસ્તારથી કહેવામાં આવ્યો છે તે એક સર્વ સાવદ્યયોગની (પ્રાણીઓના હિંસા પરિણામની) નિવૃત્તિ માટે જ છે.

વ્રતનું લક્ષણ

**अर्थाज्जैनोपदेशोऽयमस्त्यादेशः स एव च।**
**सर्वसावद्ययोगस्य निवृत्तिर्व्रतमुच्यते।।७४९।।**

**અર્થ :–** અર્થાત્ આ જ જિનમતનો ઉપદેશ છે અને આ જ જિનમતનો આદેશ છે કે સર્વ સાવદ્યયોગની નિવૃત્તિને વ્રત કહે છે.

સર્વ સાવદ્યયોગ (હિંસા)નું સ્વરૂપ

**सर्वशब्देन तत्रान्तबहिर्वृत्तिर्यदर्थतः।**
**प्राणच्छेदो हि सावद्यं सैव हिंसा प्रकीर्तिता।।७५०।।**

**અર્થ :–** સર્વ સાવદ્યયોગનો શબ્દાર્થ કરતાં પ્રત્યેક શબ્દનો અર્થ કરે છે – સર્વ શબ્દનો અર્થ છે અંતરંગ અને બહિરંગ વ્યાપાર, સાવદ્ય શબ્દનો અર્થ છે પ્રાણોનો છેદ કરવો, આનું જ નામ હિંસા છે. યોગ શબ્દનો અર્થ છે તે સર્વ સાવદ્ય (હિંસા)ના વિષયમાં ઉપયોગ લગાવવો તે. ઉપયોગ બે પ્રકારનો છે, એક બુદ્ધિપૂર્વક, બીજો સૂક્ષ્મ–અબુદ્ધિપૂર્વક. આ રીતે યોગના બે ભેદ થઈ જાય છે.

**ભાવાર્થ :–** અંતરંગ અને બહિરંગ પ્રાણોનો નાશ કરવા માટે ઉપયોગ લગાવવાનું નામ જ સર્વસાવદ્યયોગ કહેવાય છે અર્થાત્ હિંસા તરફ પરિણામ જોડવા, એનું જ નામ સર્વસાવદ્યયોગ છે. અંતરંગ સાવદ્ય–ભાવ પ્રાણોનો નાશ કરવો અને બાહ્ય સાવદ્ય–દ્રવ્ય પ્રાણોનો નાશ કરવો તે છે. બુદ્ધિપૂર્વક હિંસા કરવા માટે મન તૈયાર થાય તે સ્થૂળ સાવદ્યયોગ છે અને કર્મોદય વશ – અજ્ઞાત ભાવોથી હિંસા માટે પરિણામોનું જોડાવું તે સૂક્ષ્મ સાવદ્યયોગ છે.

**योगस्तत्रोपयोगो वा बुद्धिपूर्वः स उच्यते।**
**सूक्ष्मश्चाबुद्धिपूर्वो यः स स्मृतो योग इत्यपि।।७५१।।**

વ્રતનું સ્વરૂપ

**तस्याभावन्निवृत्तिः स्याद्व्रतं वार्थादिति स्मृतिः।**
**अंशात्साप्यंशतस्तत्सा सर्वतः सर्वतोऽपि तत्।।७५२।।**

**અર્થ :–** તે સર્વ સાવદ્યયોગનો અભાવ થવો તેનું નામ જ સર્વ સાવદ્યયોગ નિવૃત્તિ કહેવાય છે. તેનું જ નામ વ્રત છે. જો સર્વ સાવદ્યયોગની નિવૃત્તિ અંશરૂપે હોય છે તો વ્રત પણ અંશરૂપે છે અને જો તે સર્વાંશરૂપે (પૂર્ણપણે) હોય તો વ્રત પણ પૂર્ણ છે.

અંતર્વ્રત અને બાહ્યવ્રત

**सर्वतः सिद्धमेवैतद्व्रतं बाह्यं दयाङ्गिषु।**
**व्रतमन्तः कषायाणां त्यागः सैवात्मनि कृपा।।७५३।।**

**અર્થ :–** એ વાત નક્કી છે કે પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી તે બાહ્ય વ્રત કહેવાય છે અને કષાયોનો ત્યાગ કરવો તે અંતર્વ્રત કહેવાય છે તથા આ જ અંતર્વ્રત નિજાત્મા પ્રત્યે દયાભાવ કહેવાય છે.

ભાવહિંસાથી હાનિ

**लोकासंख्यातमात्रास्ते यावद्रागादयः स्फुटम्।**
**हिंसा स्यात्संविदादीनां धर्माणां हिंसनाच्चितः।।७५४।।**

**અર્થ :–** અસંખ્યાત લોકપ્રમાણ રાગાદિક વૈભાવિક ભાવ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી આત્માના જ્ઞાનાદિક ગુણોની હિંસા થવાથી આત્માની હિંસા થયા કરે છે. તેથી આ ભાવ જ હિંસાનું કારણ તથા સ્વયં હિંસારૂપ છે.

એનો જ ખુલાસો

**अर्थाद्रागादयो हिंसा चास्त्यधर्मो व्रतच्युतिः।**
**अहिंसा तत्परित्यागो व्रत्तं धर्मोऽथवा किल।।७५५।।**

**અર્થ :–** અર્થાત્ રાગાદિક ભાવ જ હિંસા છે, અધર્મ છે, વ્રતચ્યુતિ છે અને રાગાદિનો ત્યાગ જ અહિંસા છે, ધર્મ છે અથવા વ્રત છે.

પરનું રક્ષણ પણ સ્વાત્મરક્ષણ છે

**आत्मेतरङ्गिणामङ्गरक्षणं यन्मतं स्मृतम्।**
**तत्परं स्वात्मरक्षायाः कृतं नातः परञ्च यत्।।७५६।।**

**અર્થ :–** આત્માથી ભિન્ન બીજા પ્રાણીઓના શરીરની જે રક્ષા કહેવામાં આવી છે તે પણ કેવળ પોતાની જ રક્ષા માટે છે. એનાથી ભિન્ન નથી.

**ભાવાર્થ :–** પર જીવોની રક્ષા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તે શુભ પરિણામોનું

કારણ છે તથા જે સર્વ આરંભરહિત નિવૃત્ત પરિણામ છે તે શુદ્ધ ભાવોનું કારણ છે. શુભ ભાવ અને શુદ્ધ ભાવોથી પોતાના આત્માનું જ કલ્યાણ થાય છે તેથી પરના રક્ષણને સ્વાત્મરક્ષણ જ કહેવું જોઈએ.

રાગાદિક જ આત્મઘાતમાં હેતુ છે

**सत्सु रागादिभावेषु बन्धः स्यात्कर्मणां बलात्।**
**तत्पाकादात्मनो दुःखं तत्सिद्धः स्वात्मनो बधः।।७५७।।**

**અર્થ :–** રાગાદિક ભાવો થતાં અવશ્ય જ કર્મબંધ થાય છે અને તે કર્મબંધના પાપથી આત્માને દુઃખ થાય છે. તેથી રાગાદિક ભાવોથી (પર હિંસા પરિણામથી) પોતાના આત્માનો ઘાત થાય છે એ વાત સિદ્ધ થઈ ગઈ.

ઉત્કૃષ્ટ વ્રત

**ततः शुद्धोपयोगो यो मोहकर्मोदया दृते।**
**चारित्रापरनामैतद् व्रतं निश्चयतः परम्।।७५८।।**

**અર્થ :–** તેથી મોહનીયકર્મના ઉદયથી રહિત જે આત્માનો શુદ્ધોપયોગ છે તેનું જ બીજું નામ ચારિત્ર છે અને તે જ નિશ્ચયથી ઉત્કૃષ્ટ વ્રત છે.

શુદ્ધ ચારિત્ર જ નિર્જરાનું કારણ છે

**चारित्रं निर्जराहेतुर्न्यायादप्यस्त्यबाधितम्।**
**सर्व स्वार्थक्रियामर्हन् सार्थनामास्ति दीपवत्।।७५९।।**

**અર્થ :–** ચારિત્ર નિર્જરાનું કારણ છે આ વાત ન્યાયથી અબાધિત સિદ્ધ છે. તે ચારિત્ર જ સ્વાર્થક્રિયા કરવામાં સમર્થ છે. જેમ દીપક પ્રકાશન ક્રિયાથી યથાર્થ નામવાળો છે તેવી જ રીતે ચારિત્ર પણ કર્મના નાશની ક્રિયાથી સાર્થનામ (યથાર્થ નામવાળું) છે.

### નિશ્ચયનયથી શુભોપયોગ યથાર્થ ચારિત્ર નથી

**रूढैः शुभोपयोगोऽपि ख्यातश्चारित्रसञ्ज्ञया।**
**स्वार्थक्रियामकुर्वाणः सार्थनामा न निश्चयात्।।७६०।।**
**किन्तु बन्धस्य हेतुः स्यादर्थात्तत्प्रत्यनीकवत्।**
**नासौ वरं वरं यः स नापकारोपकारकृत्।।७६१।।**

**અર્થ :–** રૂઢિથી શુભોપયોગ પણ ચારિત્ર કહેવાય છે, પરંતુ શુભોપયોગ ચારિત્ર સ્વાર્થક્રિયા (કર્મોની નિર્જરા) કરવામાં સમર્થ નથી તેથી નિશ્ચયનયથી તે યથાર્થ ચારિત્ર નથી, પરંતુ કર્મબંધનું કારણ છે, તેથી વિપરીત સમાન છે. આ ચારિત્રને શ્રેષ્ઠ કહી શકાતું નથી, પરંતુ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર શ્રેષ્ઠ છે. એ ન તો આત્માનો ઉપકાર કરવામાં સમર્થ છે અને ન અપકાર કરવામાં સમર્થ છે.

**ભાવાર્થ :–** શુભોપયોગથી શુભકર્મોનો બંધ થાય છે. જો કે શુભકર્મોનો બંધ વિપાકકાળે સાંસારિક સુખ આપે છે તો પણ તેને વાસ્તવિક દૃષ્ટિએ સુખનું વિઘાતક જ સમજવું જોઈએ, કેમકે જેટલો કર્મબંધ છે તે બધો આત્માને દુઃખ આપે છે. જે આત્માથી કર્મોને દૂર કરવામાં સમર્થ છે તે જ ચારિત્રથી આત્માનું વાસ્તવિક કલ્યાણ થાય છે. આવું ચારિત્ર શુદ્ધોપયોગરૂપ જ હોય છે. શુભોપયોગરૂપ કર્મબંધનું કારણ છે. તેથી તેને યથાર્થ ચારિત્ર કહેવામાં આવ્યું નથી. પરંતુ આત્માનું અહિતકર જ કહેવામાં આવ્યું છે. આ કથન નિશ્ચયદૃષ્ટિથી છે. વ્યવહારદૃષ્ટિથી શુભોપયોગ સારો છે અને ઉપકારી પણ છે. પરંપરા મોક્ષનું કારણ છે. શુદ્ધોપયોગનો સાધક છે.

### શુભોપયોગ વિરુદ્ધ કાર્ય કરે છે

**विरुद्धकार्यकारित्वं नास्यासिद्धं विचारसात्।**
**बन्धस्यैकान्ततो हेतोः शुद्धादन्यत्रसंभवात्।।७६२।।**

**અર્થ :–** શુભોપયોગ ચારિત્ર વિરુદ્ધ કાર્ય કરે છે એ વાત અસિદ્ધ નથી કેમ કે શુદ્ધ સિવાય સર્વત્ર એકાંતપણે બંધ થવો સંભવે જ છે.

એવો તર્ક ન કરો

**नोह्यं प्रज्ञापराधत्वान्निर्जरा हेतुरंशतः।**
**अस्ति नाबन्धहेतुर्वा शुभो नाप्यशुभावहः।।७६३।।**

**અર્થ :–** બુદ્ધિના દોષથી એવી પણ તર્કણા કરવી ન જોઈએ કે શુભોપયોગ ચારિત્ર અંશમાત્ર નિર્જરાનું પણ કારણ છે. શુભોપયોગ અને અશુભોપયોગ બંને નિર્જરાના કારણ તો છે જ નહિ, પરંતુ સંવરના પણ નથી.

**ભાવાર્થ :–** શુભોપયોગ શુભબંધનું કારણ છે. બંને કર્મબંધના જ કારણ છે.

યથાર્થ ચારિત્ર

**कर्मादानक्रियारोधः स्वरूपाचरणं च यत्।**
**धर्मः शुद्धोपयोगः स्यात् सैष चारित्रसंज्ञकः।।७६४।।**

**અર્થ :–** કર્મગ્રહણની ક્રિયા અટકી જવી તે જ સ્વરૂપાચરણ ચારિત્ર છે. તે જ ધર્મ છે, તે જ શુદ્ધોપયોગ છે, તે જ ચારિત્ર છે.

ગ્રંથાંતર

**चारित्तं खलु धम्मो धम्मो जो सो समोति णिदिट्ठो।**
**मोहक्वोहविहीणो परिणामो अप्पणो धम्मो।।७६५।।**

**અર્થ :–** નિશ્ચયથી ચારિત્ર જ ધર્મ છે અને ધર્મ તે જ છે જે ઉપશમરૂપ છે તથા મોહ, ક્રોધથી રહિત આત્માનો પરિણામ જ ધર્મ છે.

**ભાવાર્થ :–** ઉપશમથી સંવરનું ગ્રહણ કરવું જોઈએ અને મોહ ક્રોધ રહિત આત્માના પરિણામથી નિર્જરાનું ગ્રહણ કરવું જોઈએ અર્થાત્ સંવર અને નિર્જરારૂપ ધર્મ જ ચારિત્ર છે.

શંકાકાર

**ननु सद्दर्शनज्ञानचारित्रैर्मोक्षपद्धतिः ।**
**समस्तैरेव न व्यस्तैस्तत्किं चारित्रमात्रया ।।७६६ ।।**

**અર્થ :–** શંકાકારનું કહેવું છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણે મળીને જ મોક્ષમાર્ગ કહેવાય છે. પછી કેવળ ચારિત્રને કહેવાથી શું પ્રયોજન છે ?

ઉત્તર

**सत्यं सद्दर्शनं ज्ञानंचारित्रान्तर्गतं मिथः ।**
**त्रयाणामविनाभावदिदं त्रयमखण्डितम् ।।७६७ ।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે સામાન્ય દૃષ્ટિથી શંકા બરાબર છે કે સામાન્ય દૃષ્ટિથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંનેય ચારિત્રમાં ગર્ભિત છે. પરંતુ ત્રણેનો અવિનાભાવ હોવાથી ત્રણેય અખંડિત છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેય ઉત્તરોત્તર ચિંતનીય છે. ત્રણેમાંથી પહેલું પહેલું હોતાં પછી પછીનું ભજનીય છે (હોય પણ ખરું અને ન પણ હોય) પરંતુ ઉત્તર ઉત્તરનું હોતાં પહેલા પહેલાનું હોવું અવશ્યંભાવી છે અર્થાત્ સમ્યગ્દર્શન હોતાં સમ્યગ્જ્ઞાન ભજનીય છે અને સમ્યગ્જ્ઞાન હોતાં સમ્યક્ચારિત્ર ભજનીય છે. જો કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને સાથે સાથે જ હોય છે. કેમકે જે સમયે આત્મામાં દર્શનમોહનીય ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે જ સમયે મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક આત્મામાં સુમતિજ્ઞાન અને સુશ્રુતજ્ઞાન પ્રગટ થઈ જાય છે. જો કે સમ્યગ્દર્શન જ્ઞાનને ઉત્પન્ન કરતું નથી, કેમકે જ્ઞાનને ઉત્પન્ન કરનાર તો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ છે. પરંતુ જ્ઞાનમાં સમ્યક્પણું સમ્યગ્દર્શન થતાં જ આવે છે તેથી બંનેય અવિનાભાવી છે. અવિનાભાવી હોવા છતાં પણ ઉપર જે એમ કહેવામાં આવ્યું છે કે સમ્યગ્દર્શન હોતાં સમ્યગ્જ્ઞાન ભજનીય છે, તેનો આશય એ છે કે સમ્યગ્દર્શન હોતાં ઉત્તરોત્તર સમ્યગ્જ્ઞાનનો ક્ષયોપશમ ભજનીય

છે, તેથી સમ્યગ્દર્શનની પૂર્તિ સાતમા ગુણસ્થાનમાં નિયમથી થઈ જાય છે. પરંતુ જ્ઞાનની પૂર્તિ બારમા ગુણસ્થાનના અંતે તેરમાના પ્રારંભમાં થાય છે. આથી સિદ્ધ થાય છે કે સમ્યગ્દર્શન હોતાં જ્ઞાન ભજનીય છે, એવી જ રીતે સમ્યગ્જ્ઞાન હોતાં સમ્યક્ચારિત્ર ભજનીય છે. સમ્યગ્જ્ઞાન હોય ત્યારે એવો નિયમ નથી કે ચારિત્ર હોય જ હોય. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાન તો થઈ જાય છે, પરંતુ ત્યાં સમ્યક્ચારિત્ર સંયમરૂપ નથી. તે પાંચમા ગુણસ્થાનથી શરૂ થાય છે. હા, એટલું અવશ્ય છે કે જેમ સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન અવિનાભાવી છે તેવી રીતે સમ્યગ્દર્શનની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ આત્મામાં પ્રગટ થઈ જાય છે. એનું કારણ પણ એ જ છે કે સમ્યગ્દર્શનનો ઘાત કરનારી સાત પ્રકૃતિઓ છે – અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, સમ્યક્-મિથ્યાત્વ અને સમ્યકત્વ પ્રકૃતિ. આ સાતેમાં છેલ્લા ત્રણ ભેદ દર્શનમોહનીયના છે અને શરૂઆતના ચાર ભેદ (અનંતાનુબંધી) ચારિત્રમોહનીયના છે. જો કે અનંતાનુબંધી કષાય ચારિત્રમોહનીયનો ભેદ છે તો પણ તેમાં બે પ્રકારની શક્તિ છે તે સમ્યગ્દર્શનનો પણ ઘાત કરે છે અને સમ્યક્ચારિત્રનો પણ ઘાત કરે છે. અનંતાનુબંધીનો બીજા ગુણસ્થાન સુધી ઉદય રહે છે, તેથી ચોથા ગુણસ્થાનમાં નિરાબાધ સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ રહે છે, પરંતુ જ્યારે**x** પ્રથમોપશમ સમ્યકત્વમાં એક સમયથી માંડીને છ આવલિકાળ બાકી રહી જાય છે. તે સમયે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઈ એકનો ઉદય થતાં સમ્યકત્વનો નાશ થઈ જાય છે અને દ્વિતીય ગુણસ્થાન થઈ જાય છે. સમ્યગ્દર્શનની સાથે જ સ્વરૂપાચરણ ચારિત્ર પણ પ્રગટ થઈ જાય છે. કેમકે તેનો પણ સાક્ષાત્ ઘાતક અનંતાનુબંધી છે.

ઉપર્યુક્ત કથનથી આ વાત પણ સિદ્ધ થઈ જાય છે કે જ્યારે સ્વરૂપાચરણ ચારિત્ર અને સમ્યગ્જ્ઞાન બંનેય સમ્યગ્દર્શનની સાથે થાય છે તો ત્રણેય અવિનાભાવી છે, તેથી

---

**x आदिम सम्मत्तद्धा समयादो छावलित्ति वा सेसे।**
**अण अण्णदरुदयादो णासिय सम्मोति सासणक्खोसो।।**
**सम्मत्त रयण पव्वयसिहरादोमिच्छाभूमिसर्माभमुहो।**
**णासिव सम्मत्तो सो सासण णामो मुणेयव्वो।।**

અર્થાત્ જે સમયે અનંતાનુબંધી કષાયના ઉદયથી જીવ સમ્યકત્વથી પડી જાય છે તે સમયે બીજા ગુણસ્થાનમાં આવે છે. બીજું ગુણસ્થાન પણ જો કે જીવની વૈભાવિક અવસ્થા છે તો પણ વૈભાવિક અવસ્થા મિથ્યાત્વની સન્મુખ આવેલી અવસ્થા છે. –ગોમ્મટસાર

ગ્રંથકારે ત્રણેને અખંડિત કહ્યા છે. પરંતુ સમ્યગ્દર્શનનું અવિનાભાવી સ્વરૂપાચરણ ચારિત્ર જ છે, ક્રિયારૂપ ચારિત્ર નથી. કેમકે ક્રિયારૂપ ચારિત્ર પાંચમા ગુણસ્થાનથી શરૂ થાય છે. આથી જ પહેલાં એ પણ કહેવામાં આવ્યું છે કે સમ્યગ્જ્ઞાન થતાં સમ્યક્ચારિત્ર ભજનીય છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન થતાં સમ્યક્ચારિત્ર હોય પણ ખરું અથવા ન પણ હોય, નિયમ નથી. અહીં એક શંકા ઉપસ્થિત થાય છે તે એ છે કે જેમ સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાનનો અવિનાભાવ હોતાં જ ઉત્તરોત્તર વૃદ્ધિની અપેક્ષાએ જ્ઞાન ભજનીય છે. તેવી જ રીતે સમ્યગ્જ્ઞાન થતાં સમ્યક્ચારિત્ર ભજનીય ન હોવું જોઈએ કેમકે સમ્યક્ચારિત્રની પૂર્તિ બારમા ગુણસ્થાનમાં જ થઈ જાય છે અને સમ્યગ્જ્ઞાનની પૂર્તિ તેરમા ગુણસ્થાનના પ્રારંભમાં થાય છે, એનું પણ કારણ એ જ છે કે ચારિત્ર ગુણનો ઘાત કરનાર ચારિત્ર-મોહનીય કષાય દશમા ગુણસ્થાનના અંતે સર્વથા નષ્ટ થઈ જાય છે અને કેવળજ્ઞાનનો ઘાત કરનાર જ્ઞાનાવરણીયકર્મ બારમાના અંતે નષ્ટ થાય છે, આ કથનથી તો એ વાત સિદ્ધ થાય છે કે સમ્યક્ચારિત્ર હોતાં સમ્યગ્જ્ઞાન ભજનીય છે અને ઉપર કહેવામાં આવ્યું છે કે જ્ઞાન હોતાં ચારિત્ર ભજનીય છે. પરંતુ આ શંકાનો ઉત્તર આ રીતે છે કે સ્થૂળ દૃષ્ટિથી આ શંકા બરાબર જણાય છે પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં તે જ કથન સિદ્ધ થાય છે કે જે ઉપર કહેવાય ગયુ છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન હોતાં સમ્યક્ચારિત્ર જ ભજનીય રહે છે. એનો ખુલાસો આ પ્રમાણે છે કે જો કે ચારિત્રમોહનીયકર્મ નષ્ટ થતાં બારમા ગુણસ્થાનમાં યથાખ્યાત ચારિત્ર પ્રગટ થઈ જાય છે તો પણ એક દૃષ્ટિએ હજી તેને પૂર્ણ ચારિત્ર કહી શકાતું નથી. જો એમ કહેવામાં આવે કે ચારિત્રમોહનીય તેનું ઘાતક હતું. જો ઘાતકકર્મ જ નષ્ટ થઈ ગયું તો પછી પૂર્ણ ચારિત્ર કેમ કહેવામાં આવતું નથી અથવા ત્યારે પણ પૂર્ણ ચારિત્ર કહેવામાં નથી આવતું તો પછી કહેવું જોઈએ કે બીજું પણ કોઈ કર્મ ચારિત્રનું ઘાતક છે કે ચારિત્રની પૂર્ણતામાં બાધક છે ? તર્ક બરાબર છે. પરંતુ સામા પક્ષે બીજા તર્ક ઉઠાવી શકાય છે કે જો ચારિત્ર મોહનીય નષ્ટ થતાં ચારિત્ર પૂર્ણ થઈ જાય છે તો તેરમા ગુણસ્થાનમાં જ મોક્ષ કેમ થઈ જતો નથી ? કેમકે સમ્યગ્દર્શનની પૂર્ણતા સાતમા સુધીમાં થઈ ગઈ અને ચારિત્રની પૂર્તિ બારમામાં થઈ જાય છે તથા જ્ઞાનની પૂર્તિ તેરમા ગુણસ્થાનમાં થઈ જાય છે. જ્યાં રત્નત્રયની પૂર્ણતા થાય ત્યાં જ મોક્ષનું થવું આવશ્યક છે, નહિતર, રત્નત્રયમાં X સમર્થ

X કારણ બે પ્રકારના હોય છે. એક સમર્થકારણ, એક અસમર્થ કારણ. જે હોતાં ઉત્તરક્ષણમાં અવશ્ય જ કાર્યની સિદ્ધિ થાય તેને સમર્થ કારણ કહે છે. અને જે કારણ હોતાં નિયમથી ઉત્તરક્ષણમાં

કારણપણું જ નહિ આવી શકે. ત્રણેની પૂર્તિની ઉત્તર ક્ષણમાં જ મોક્ષપ્રાપ્તિનું થવું અવશ્યંભાવી છે, તે થતી નથી. પરંતુ મોક્ષપ્રાપ્તિ ચૌદમા ગુણસ્થાનમાં થાય છે, આથી સિદ્ધ થાય છે કે હજી સુધી ચારિત્રની પૂર્ણતામાં કાંઈક અવશ્ય ત્રુટિ છે અને ચારિત્ર જ મોક્ષ પ્રાપ્તિમાં સાક્ષાત્ કારણ કહેવામાં આવ્યું છે. તે ત્રુટિ પણ આનુષંગિક + છે. તે આ રીતે છે. –

આત્માનો ચારિત્ર ગુણ છે. યોગ પણ તેની જ સાથે છે. ચારિત્ર ગુણ નિર્જરાનો હેતુ છે, પરંતુ યોગ મન, વચન, કાયરૂપ અશુદ્ધ અવસ્થામાં કર્મને ગ્રહણ કરવાને હેતુ છે. દસમા ગુણસ્થાન સુધી ચારિત્ર યોગની સાથે હોવાથી અપૂર્ણ બની રહ્યો છે, દસમાના અંતે જો કે ચારિત્રમોહનીય દૂર થઈ જવાથી તે પૂર્ણ થઈ ગયો છે તો પણ તેને બાહ્ય અશુદ્ધ કરવામાં કારણભૂત તેનો સાથી યોગ હજી સુધી પોતાનું કાર્ય કરી રહ્યો છે. તેથી ચારિત્ર નિર્દોષ હોવા છતાં પણ યોગના સાહચર્યથી તેને પણ આનુષંગિક દોષી બનવું પડે છે. જો કે કર્મનું ગ્રહણ કરનાર યોગ ચારિત્રમાં કાંઈ મલિનતા કરી શકતો નથી તો પણ ચારિત્ર અને યોગ બંનેય આત્માથી અભિન્ન છે. અભિન્નતામાં જેમ યોગથી આત્મા અશુદ્ધ મનાય છે તેવી જ રીતે ચારિત્ર પણ પરિપૂર્ણ ગણાતું નથી. જ્યારે યોગશક્તિ વૈભાવિક અવસ્થાથી મુક્ત થઈને શુદ્ધાવસ્થામાં આવી જાય છે ત્યારે ચારિત્ર પણ આનુષંગિક દોષથી મુક્ત થઈ જાય છે. તેથી શાસ્ત્રકારોએ યથાખ્યાત ચારિત્રની પૂર્ણતા ચૌદમા ગુણસ્થાનમાં બતાવી છે ત્યાં જ પરમાવગાઢ સમ્યકત્વ પણ બતાવ્યું છે. તેથી ચૌદમા ગુણસ્થાનમાં જ રત્નત્રયની પૂર્ણતા થાય છે અને ત્યાં જ મોક્ષપ્રાપ્તિ થાય છે. આથી રત્નત્રયમાં સમર્થકારણતા પણ સિદ્ધ થઈ જાય છે. આટલા બધા કથનનો સારાંશ એ જ છે કે સમ્યગ્જ્ઞાન હોવા છતાં પણ સમ્યક્ચારિત્ર ભજનીય છે. સમ્યક્ ચારિત્ર હોતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ભજનીય નથી, પરંતુ અવશ્યંભાવી છે. કેમકે પહેલાં બંને થયા વિના સમ્યક્ચારિત્ર થઈ જ શકતું નથી. તેથી ગ્રંથકારે સમ્યકત્વ અને જ્ઞાનને ચારિત્રની અંતર્ગત બતાવ્યું છે. જેમ ચારિત્રમાં બંને ગર્ભિત છે તેવી જ રીતે

---

કાર્ય ન થાય, તેને અસમર્થ કારણ કહે છે.

+ સ્વયં દોષિત ન હોવા છતાં પણ જે સાહચર્યવશ દોષ આવે છે, તેને આનુષંગિક દોષ કહે છે, જેમ કોઈ પુરુષ પોતે તો ચોર ન હોય પરંતુ ચોરોના સહવાસમાં રહે તો તેને પણ આનુષંગિક દોષવાળો ગણવામાં આવે છે.

સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્દર્શન પણ ગર્ભિત છે. જો કે કેવળજ્ઞાન ભજનીય છે પરંતુ પરમાવગાઢ ચારિત્રની અપેક્ષાએ તે ભજનીય નથી.

સમ્યગ્દર્શનને પ્રધાનતા

**किञ्च सदृर्शनं हेतुः संविच्चारित्रयोर्द्वयोः।**
**सम्यग्विशेषणस्योच्चैर्यद्वा प्रत्यग्रजन्मनः।।७६८।।**

**અર્થ :–** સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, બંનેમાં સમ્યગ્દર્શન કારણ છે અને તે કારણતા પણ નવીન જન્મ ધારણ કરનાર સમ્યક્ વિશેષણની અપેક્ષાથી છે અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રગટ કરવામાં કારણ નથી પરંતુ જ્ઞાન અને ચારિત્રમાં સમ્યક્પણું લાવવામાં કારણ છે તેથી તે ત્રણેમાં પ્રધાન છે.

એનો જ ખુલાસો

**अर्थोऽयं सति सम्यक्त्वे ज्ञानं चारित्रमत्र यत्।**
**भूतपूर्वं भवेत् सम्यक् सूते वाऽभूतपूर्वकम्।।७६९।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો સ્પષ્ટ અર્થ એ છે કે સમ્યગ્દર્શન થતાં જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ વિશેષણ ધારણ કરે છે અથવા તે બંનેમાં નવીન સમ્યક્પણું આવે છે.

**ભાવાર્થ :–** જો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર (એમના સમ્યક્પણા) માં સમ્યગ્દર્શન કારણ છે તો આ બંને તેના કાર્ય છે. કાર્યથી કારણનું અનુમાન થઈ જાય છે. તેથી સમ્યક્ચારિત્ર કહેવાથી દર્શન અને જ્ઞાનનો સમાવેશ તેમાં સ્વયંસિદ્ધ છે. આ કથનથી શંકાકારની એ શંકા છે કે 'જો ત્રણેય મોક્ષમાર્ગ છે તો મુનિઓને કેવળ ચારિત્રનું જ નિરૂપણ કેમ કરવામાં આવે છે.' સર્વથા નિષ્ફળ છે.

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય

**शुद्धोपलब्धिशक्तिर्यो लब्धिर्ज्ञानातिशायिनी।**
**सा भवेत् सति सम्यक्त्वे शुद्धो भावोऽथवापि च।।७७०।।**

**અર્થ :–** આત્માની શુદ્ધોપલબ્ધિમાં કારણભૂત જે અતિશય જ્ઞાનાત્મક લબ્ધિ (મતિજ્ઞાનાવરણીય કર્મનો વિશેષ ક્ષયોપશમ) છે તે સમ્યગ્દર્શન થતાં જ થાય છે અથવા આત્માના શુદ્ધ ભાવ–શુદ્ધાત્માનુભૂતિ સમ્યગ્દર્શન થતાં જ થાય છે.

**यत्पुनर्द्रव्यचारित्रं श्रुतं शानं विनापि दृक्।**
**न तज्ज्ञानं न चारित्रमस्ति चेत्कर्मबन्धकृत्।।७७१।।**

**અર્થ :–** વળી જે દ્રવ્યચારિત્ર અને શ્રુતજ્ઞાન છે તે જો સમ્યગ્દર્શનરહિત હોય તો ન તે જ્ઞાન છે અને ન તે ચારિત્ર છે, જો છે તો કેવળ કર્મબંધ કરનાર જ છે.

સારાંશ

**तेषामन्यतमोद्देश्यो नास्ति दोषाय कुत्रचित्।**
**मोक्षमार्गैकसाध्यस्य साधकानां स्मृतेरपि।।७७२।।**

**અર્થ :–** તેથી તે ત્રણેમાંથી કોઈ એકનું કથન પણ દોષવાળું નથી. મોક્ષમાર્ગ એક સાધ્ય છે અને આ ત્રણેય તેના સાધકરૂપ કહેવાય છે.

બંધ મોક્ષની વ્યવસ્થા

**बन्धो मोक्षश्च ज्ञातव्यः समासात्प्रश्नकोविदैः।**
**रागांशैर्बन्ध एव स्यान्नोऽरागांशैः कदाचन।।७७३।।**

**અર્થ :–** પ્રશ્ન કરવામાં જે અતિ ચતુર છે તેમણે બંધન અને મોક્ષની વ્યવસ્થા પણ સંક્ષેપમાં જાણી લેવી જોઈએ. તે આ છે કે રાગાંશ–પરિણામોથી બંધ થાય છે અને રાગાંશ–પરિણામો વિના બંધ કદી થઈ શકતો નથી.

ગ્રંથાંતર

**+येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।**
**येनांशेन तु रोगस्तेनांशेनास्य बन्धनं भवति।।७७४।।**

**અર્થ :–** જે અંશે આત્મા સમ્યગ્દર્શન વિશિષ્ટ છે તે અંશે તેને કર્મબંધ થતો નથી અને જે અંશે તેને રાગ છે તે અંશથી તેને કર્મબંધ થાય છે.

**ભાવાર્થ :–** બંધનું કારણ કેવળ રાગાંશ જ છે.

સંકોચ અને પ્રતિજ્ઞા

**उक्तो धर्मस्वरूपोऽपि प्रसंगात्संगतोऽशतः।**
**कविर्लब्धावकाशस्तं विस्तराद्वा करिष्यति।।७७५।।**

**અર્થ :–** પ્રસંગવશ અંશરૂપે ધર્મનું સ્વરૂપ પણ કહેવામાં આવ્યું, હવે આચાર્ય કહે છે કે અવકાશ પામીને તે ધર્મનું સ્વરૂપ વિસ્તારપૂર્વક પણ કહીશું.

સારાંશ

**देवे गुरौ तथा धर्मे दृष्टिस्तत्त्वार्थदर्शिनी।**
**ख्याताऽप्यमूढदृष्टिः स्यादन्यथामूढदृष्टिता।।७७६।।**

**અર્થ :–** દેવ, ગુરુ અને ધર્મમાં શ્રદ્ધાન કરવું તે અમૂઢદ્રષ્ટિ અંગ કહેવાય છે, તેની વિપરીતતામાં મૂઢદ્રષ્ટિ દોષ કહેવાય છે.

અમૂઢદ્રષ્ટિ સમ્યકત્વનો ગુણ છે

**सम्यक्त्वस्य गुणोऽप्येष नालं दोषाय लक्षितः।**
**सम्यग्दृष्टिर्यतोऽवश्यं तथा स्यान्न तथेतरः।।७७७।।**

---

+ પુરુષાર્થ સિદ્ધ્યુપાય

**અર્થ :–** અમૂઢદૃષ્ટિ સમ્યગ્દર્શનનો ગુણ છે. આ ગુણ કોઈ પ્રકારે દોષોત્પાદક નથી પરંતુ ગુણોત્પાદક છે, કેમકે સમ્યગ્દૃષ્ટિ નિયમથી અમૂઢદૃષ્ટિ અંગનું પાલન કરે છે. મિથ્યાદૃષ્ટિ તેમ કરતો નથી, તે ઊલટું જ કરે છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દૃષ્ટિએ અમૂઢદૃષ્ટિ અંગ અવશ્ય પાળવું જોઈએ. જો સમ્યગ્દૃષ્ટિની બુદ્ધિ દેવ, ગુરુ, ધર્મ સિવાય કુગુરુ, કુધર્મ, કુદેવની પ્રશંસા અથવા તેમની જરા પણ માન્યતા તરફ હોય તો તેને મિથ્યાદૃષ્ટિ જ સમજવો જોઈએ અથવા દેવ, ગુરુ, ધર્મમાં તેની પૂર્ણ શ્રદ્ધા ન હોય તો પણ તેને મિથ્યાદૃષ્ટિ જ સમજવો જોઈએ. તેથી અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિનો પ્રધાન ગુણ સમજવો જોઈએ. બીજા શબ્દોમાં આમ કહેવું જોઈએ કે સમ્યગ્દૃષ્ટિ નિયમથી અમૂઢદૃષ્ટિ હોય જ છે. (જો તે મૂઢદૃષ્ટિ હોય તો તે સમ્યગ્દૃષ્ટિ નથી, પરંતુ મિથ્યાદૃષ્ટિ છે). કેમકે સમ્યગ્દૃષ્ટિ કુદેવ, કુગુરુ, કુધર્મ અને મિથ્યા શાસ્ત્રોનો ન તો વિનય કરે છે કે ન તેમને પ્રણામ કરે છે. X મિથ્યાત્વ વિના તેની બુદ્ધિ કુદેવાદિ તરફ ઢળેલી કોઈ રીતે હોય શકતી નથી. એ ઉપરાંત જેઓ સાચા દેવ, શાસ્ત્ર, ગુરુનો યથાર્થ વિનય કરતા નથી તેમનામાં જેને પૂર્ણ શ્રદ્ધા નથી તેમને પણ મિથ્યાદૃષ્ટિ જ સમજવા જોઈએ. * મિથ્યાત્વકર્મનો ઉદય થયા વિના આવી કુબુદ્ધિ થઈ શકતી નથી.

જો કે સમ્યગ્દર્શન ગુણ અતિ સૂક્ષ્મ છે, તેનું વિવરણ કરી શકાતું નથી. જે પુરુષના આત્મામાં તે ગુણ પ્રગટ થાય છે તેને જ શુદ્ધાત્માનુભવનો અપૂર્વ સ્વાદ આવે છે. જેમ ઘીનો સ્વાદ લેનારને તેનો સ્વાદ કેવો છે એમ પૂછતાં. તે તેનો સ્વાદ (શબ્દોમાં) બરાબર પ્રગટ કરી શકતો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માના અપૂર્વ સ્વાદનું બહારમાં વિવેચન કરી શકતો નથી. જેમ ઘીનો સ્વાદ ચાખવાથી જ તેની યથાર્થ પ્રતીતિ થાય છે તેવી જ રીતે તે અલૌકિક દિવ્ય સમ્યકત્વ ગુણની પ્રગટતા થતાં આત્મિક રસનું તે સ્વયં પાન કરે છે, બીજાને કહી શકતો નથી. તો પણ જે વ્યવહાર સમ્યકત્વ કહેવામાં આવ્યું છે કે સત્યાર્થ દેવ, ગુરુ, શાસ્ત્રમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી, તે બાહ્ય સમ્યકત્વમાં પણ જેમની બુદ્ધિ વિપરીત છે તેમને મિથ્યાત્વકર્મનો તીવ્ર ઉદય સમજવો

---

X **भयाशास्नेहलोभाच्च कुदेवागमलिङ्गिनाम्।**
**प्रणामं विनयं चैव न कुर्युः शुद्धदृष्टयः।।**

અર્થાત્ ભયથી, આશાથી, પ્રેમથી, લોભથી કોઈ પણ રીતે સમ્યગ્દૃષ્ટિ કુદેવાદિને પ્રણામ અથવા તેમનો વિનય કરી શકતા નથી. (રત્નકરંડ શ્રાવકાચાર)

* હાલ જે પ્રથમાનુયોગના શાસ્ત્રોને વાર્તાઓ તરીકે ઓળખાવે છે અને જૈનદર્શનને અનાવશ્યક સમજે છે તેમને મિથ્યાત્વકર્મનો ઉદય અવશ્ય છે.

જોઈએ. વ્યવહાર સમ્યગ્દ્રષ્ટિને પણ સાચા દેવ, ગુરુ, શાસ્ત્રમાં અટલ ભક્તિ હોય છે. તેમના પ્રત્યે તેની બુદ્ધિ જરા પણ શંકાવાળી હોતી નથી.

એવી વાત પણ નથી કે સમ્યગ્દ્રષ્ટિને કોઈ પદાર્થમાં શંકા જ ઉત્પન્ન થતી નથી. સમ્યગ્દ્રષ્ટિ સર્વજ્ઞ નથી, જેવા બીજા છદ્મસ્થ જીવો છે તેવો જ તે પણ છદ્મસ્થ છે. છદ્મસ્થપણામાં અનેક શંકાઓ હોય તે સ્વાભાવિક વાત છે. તેથી સમ્યગ્દ્રષ્ટિ પણ ઘણી બાબતોમાં શંકિત રહે છે પરંતુ શંકા બે પ્રકારની હોય છે. એક તો – જે પદાર્થમાં શંકા હોય છે તે પદાર્થમાં આસ્થા (શ્રદ્ધા) રૂપ બુદ્ધિ તો અવશ્ય રહે છે પરંતુ જ્ઞાનની મંદતાથી પદાર્થનું સ્વરૂપ બુદ્ધિમાં ન આવવાથી શંકા થાય છે. સમ્યગ્દ્રષ્ટિને આ જાતની જ શંકા હોય છે. તે સર્વજ્ઞ કથિત પદાર્થની વ્યવસ્થાને તો સર્વથા સત્ય સમજે છે, પરંતુ બુદ્ધિકૃત દોષથી તેને સમજવામાં અસમર્થ છે. બીજી શંકા કુમતિજ્ઞાનવશ થાય છે. કુમતિજ્ઞાની પોતાની બુદ્ધિને દોષ દેતો નથી, પરંતુ સર્વજ્ઞ કથિત આગમને જ દોષિત ઠરાવે છે. તે જે પદાર્થમાં શંકા કરે છે તે પદાર્થ ઉપર શ્રદ્ધારૂપ બુદ્ધિ રાખતો નથી. અત્યારે આવા જ પુરુષો અધિકતર કાળ દોષથી થયા કરે છે, જે પોતાને બુદ્ધિમાન માનીને આચાર્યોને પોતાનાથી વિશેષ જ્ઞાની ગણતા નથી. આવા મનુષ્યો જિનદર્શન, જિનપૂજન આદિ નિત્ય ક્રિયાઓને રૂઢિ કહીને છોડી જ નથી દેતા, પરંતુ બીજાઓને ય આવો અહિતકારી ઉપદેશ આપે છે. આવા લોકો એમ પણ કહે છે કે વિચાર સ્વાતંત્ર્યને રોકો નહિ, જે કોઈ જેવો વિચાર (પછી ભલે તે જૈનધર્મથી સર્વથા વિપરીત હોય) પ્રગટ કરવા ઇચ્છે તેને તે પ્રગટ કરવા દ્યો. આજકાલ જે ધર્મમાં શિથિલતા અને ધર્મ વિરુદ્ધ પ્રવૃત્તિઓનું આંદોલન દેખાય છે તે આવી જ વાતોનું પરિણામ છે. આ બધી બાબતો ધર્માચાર્ય અને ગૃહસ્થાચાર્યનો અભાવ હોવાથી બની છે. હવે ધાર્મિક અંકુશ રહ્યો નથી. તેથી જેના મનમાં જે વાત ઉઠે છે તેને પ્રગટ કરવામાં તે જરાપણ સંકોચ રાખતો નથી. આ જ કારણે દિન પ્રતિદિન ધર્મમાં શિથિલતા આવતી ગઈ છે. X

---

X આ વિષયમાં પંડિત આશાધરજીએ બહુ જ ખેદજનક ઉદ્‌ગાર પ્રગટ કર્યા છે.

**कलिप्रावृषि मिथ्यादिङ्मेघ छन्नासु दिक्ष्विह।**
**खद्योतवत्सु देष्टारो हा द्योतन्ते क्वचित् क्वचित्।।**

અર્થાત્ આ ભરતક્ષેત્રમાં કળિકાળ–પંચમકાળરૂપી વર્ષાકાળમાં મિથ્યાદષ્ટિઓનાં ઉપદેશરૂપી વાદળાઓથી સદુપદેશરૂપી સર્વ દિશાઓ ઢંકાઈ ગઈ છે. તેમાં યથાર્થ તત્ત્વોના ઉપદેશક આગિયાની જેમ ક્યાંક ક્યાંક દેખાય છે. ગ્રંથકારે આ વિષયનું દુઃખ પ્રગટ કરવા માટે 'હા !' શબ્દનો પ્રયોગ કર્યો છે.
'સાગાર ધર્મામૃત'

ઉપગૂહન અંગનું નિરૂપણ

**उपबृहणं नामाऽस्ति गुणः सम्यग्दृगात्मनः।**
**लक्षणादात्मशक्तिनामवश्यं बृंहणादिह।।७७८।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિને ઉપબૃંહણ (ઉપગૂહન) નામનો પણ એક ગુણ છે તેનું લક્ષણ એ છે કે પોતાની આત્મિક શક્તિઓ વધારવી અથવા તેનો વિકાસ કરવો. તેથી જ તેનું અન્વર્થ (અર્થ પ્રમાણે) નામ ઉપબૃંહણ છે.

અથવા

**आत्मशुद्धेरदौबृंल्यकरणं चोपबृहणम्।**
**अर्थाद्दृग्ज्ञप्ति चारित्रभावात् संवलितं हि तत्।।७७९।।**

**અર્થ :–** આત્માની શુદ્ધિમાં મંદતા ન થવા દેવી પરંતુ તે વધારતા જવું, એનું નામ પણ ઉપબૃંહણ છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ભાવોથી વિશિષ્ટ આત્માની શુદ્ધિ વધારતા રહેવું, તેમાં કોઈ જાતની શિથિલતા ન આવવા દેવી એનું જ નામ ઉપબૃંહણ છે.

ઉપબૃંહણ ગુણધારકનું સ્વરૂપ

**जानन्नप्येष निःशेषात्पौरुषं प्रेश्यन्निव।**
**तथापि यत्नवान्नात्र पौरुषं प्रेरयन्निव।।७८०।।**

**અર્થ :–** ઉપબૃંહણ ગુણનો ધારક પુરુષ પુરુષાર્થપૂર્વક સર્વ ઐહિક બાબતો જાણે છે. પરંતુ તે ઐહિક (સંસાર સંબંધી) બાબતો પ્રાપ્ત કરવા માટે તે પુરુષાર્થપર્વક પ્રયત્ન કરતો નથી.

**नायं शुद्धोपलब्धौ स्याल्लेशतोपि प्रमादवान्।**
**निष्प्रमादतयाऽऽत्मानमाददानः समादरात्।।७८१।।**

**અર્થ :–** ઉપબૃંહણ ગુણનો ધારક આત્માની શુદ્ધ ઉપલબ્ધિમાં જરાપણ પ્રમાદી નથી, પરંતુ પ્રમાદરહિત આદરપૂર્વક પોતાના આત્માનું ગ્રહણ કરે છે.

**यद्वा शुद्धोपलब्ध्यर्थमभ्यस्येदपि तद्बहिः।**
**सत्क्रिया कञ्चिदप्यर्थात्तत्तत्साध्योपयोगिनीम्।।७८२।।**

**અર્થ :–** અથવા તે શુદ્ધોપલબ્ધિ માટે બહારમાં કોઈ સત્‌ક્રિયાનો પણ અભ્યાસ કરે છે કે જે તેના સાધ્યમાં ઉપયોગી જણાય છે.

બાહ્ય આચરણનું દૃષ્ટાંત

**रसेन्द्रं सेवमानोऽपि कोऽपि पथ्यं न वाऽऽचरेत्।**
**आत्मनोऽनुल्लाघतामुज्झन्नुज्झन्नुल्लाघतामपि।।७८३।।**

**અર્થ :–** કોઈ પુરુષ રસાયણનું સેવન પણ કરે પરંતુ પથ્ય ન પાળે તો રસાયણથી જેમ તે પોતાના રોગનો નાશ કરે છે તેવી જ રીતે પથ્ય ન પાળવાથી નિરોગતાનો પણ નાશ કરે છે.

**ભાવાર્થ :–** રોગને દૂર કરવા માટે ઉચિત ઔષધિના સેવનની સાથે સાથે અનુકૂળ પથ્ય પાળવાની પણ આવશ્યકતા છે. નહિ તો રોગ દૂર થઈ શકતો નથી. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિને સાધ્યમાં ઉપયોગી બાહ્ય સત્‌ ક્રિયા કરવાની પણ આવશ્યકતા છે.

અથવા

**यद्वा सिद्धं विनायासात्स्वतस्तत्रोपबृंहणम्।**
**ऊर्ध्वमूर्ध्वगुणश्रेण्यां निर्जरायाः सुसंभवात्।।७८४।।**

**અર્થ :–** અથવા સમ્યગ્દ્રષ્ટિને કોઈ ખાસ પ્રયત્ન કર્યા વિના સ્વતઃ જ ઉપબૃંહણ ગુણ સિદ્ધ છે. કેમકે ઉપર ઉપર ગુણ શ્રેણીરૂપે (પરિણામોની ઉત્તરોત્તર વિશુદ્ધિમાં) તેને નિર્જરા અવશ્ય થાય છે.

**ભાવાર્થ :–** સમ્યગ્દૃષ્ટિને અસંખ્યાતગુણી નિર્જરા થયા કરે છે અને તે ઉત્તરોત્તર શ્રેણીરૂપે વધતી હોય છે.

**अवश्यंभाविनी चात्र निर्जरा कृत्स्नकर्मणाम्।**
**प्रतिसूक्ष्मक्षणं यावदसंख्येयगुणक्रमात्।।७८५।।**

**અર્થ :–** ઉપબૃંહણ ગુણધારકને સર્વ કર્મોની નિર્જરા અવશ્ય થશે કેમકે પ્રતિક્ષણ તેને અસંખ્યાત અસંખ્યાતગુણી નિર્જરા થયા જ કરે છે.

કર્મોના ક્ષયમાં આત્માની વિશુદ્ધિની વૃદ્ધિ

**न्यायादायातमेतद्वै याबतांशेन तत्क्षतिः।**
**वृद्धिः शुद्धोपयोगस्य वृद्धैर्वृद्धिः पुनः पुनः।।७८६।।**

**અર્થ :–** આ વાત ન્યાય પ્રાપ્ત છે કે જેટલા અંશે કર્મોનો ક્ષય થઈ જાય છે તેટલા જ અંશે શુદ્ધોપયોગની વૃદ્ધિ થઈ જાય છે. ત્યાં કર્મોના ક્ષયથી વૃદ્ધિ થતી જાય છે અને અહીં શુદ્ધોપયોગની વૃદ્ધિ થઈ જાય છે. આ વૃદ્ધિ બરાબર વધતી રહે છે.

**यथा यथा विशुद्धेः स्याद् वृद्धिरन्तः प्रकाशिनी।**
**तथा तथा हृषीकाणामुपेक्षा वित्रषेष्वपि।।७८७।।**

**અર્થ :–** જેમ જેમ વિશુદ્ધિની વૃદ્ધિ અંતરમાં પ્રકાશિત થાય છે તેમ તેમ આત્માને ઇન્દ્રિયોના વિષયોમાં ઉપેક્ષા થતી જાય છે.

ક્રિયાકાંડ વધારવા જોઈએ

**ततो भूम्नि क्रियाकाण्डे नात्मशक्तिं स लोपयेत्।**
**किन्तु संवर्धयेन्नूनं प्रयत्नादपि दृष्टिमान्।।७८८।।**

**અર્થ :–** તેથી ઘણાં ક્રિયાકાંડમાં પોતાની શક્તિ છુપાવવી ન જોઈએ, પરંતુ યત્નપૂર્વક તેને વધારવી જોઈએ એ સમ્યગ્દષ્ટિનું કર્તવ્ય છે.

સારાંશ

**उपबृंहणनामापि गुणः सद्दर्शनस्य यः।**
**गणितो गगनामध्ये गुणानां नागुणाय च।।७८९।।**

**અર્થ :–** જે ઉપબૃંહણ (ઉપગૂહન) ગુણ કહેવામાં આવ્યો છે તે પણ સમ્યગ્દષ્ટિનો ગુણ છે. સમ્યગ્દષ્ટિના ગુણોમાં એને પણ ગુણ માનવામાં આવ્યો છે, એ દોષકારક નથી.

સ્થિતિકરણ અંગનું નિરૂપણ

**सुस्थितीकरणं नाम गुणः सम्यग्दृगात्मनः।**
**धर्माच्च्युतस्य धर्मे तत् नाऽधर्मेऽधर्मणः क्षतेः।।७९०।।**

**અર્થ :–** સ્થિતિકરણ ગુણ પણ સમ્યગ્દષ્ટિનો ગુણ છે. જે ધર્મથી પતિત થયો છે અથવા પતિત થવાની સન્મુખ છે તેને ફરીથી ધર્મમાં સ્થિત કરવો એનું જ નામ સ્થિતિકરણ છે, પરંતુ અધર્મની ક્ષતિ થતાં અધર્મમાં સ્થિત કરવાને સ્થિતિકરણ કહેતા નથી.

ધર્મને માટે પણ અધર્મ સેવન સારું નથી

**न प्रमाणीकृतं वृद्धैर्धर्मायाधर्मसेवनम्।**
**भविधर्माशया केचिन्मन्दाः सावद्यवादिनः।।७९१।।**

**અર્થ :–** વૃદ્ધ પુરુષોએ ધર્મને માટે પણ અધર્મસેવન સ્વીકાર્યું નથી. ભવિષ્યકાળમાં ધર્મની આશાથી કોઈ મૂર્ખ અધર્મસેવનનો પણ ઉપદેશ આપે છે.

**परम्परेति पक्षस्य नावकाशोऽत्र लेशतः।**
**मूर्खादन्यत्र नो मोहाच्छीतार्थं वह्निमाविशेत्।।७९२।।**

**અર્થ :–** 'અધર્મસેવનથી પરંપરાએ ધર્મ થાય છે,' આ રીતે પરંપરાના પક્ષનો અહીં લેશમાત્ર પણ અવકાશ નથી. મૂર્ખ સિવાય બીજો ક્યો પુરુષ હોય કે જે મોહથી ઠંડક (મેળવવા) માટે અગ્નિમાં પ્રવેશ કરે.

**ભાવાર્થ :–** જેવું કારણ હોય છે તે જ પ્રકારનું કાર્ય થાય છે. ઠંડીને ઇચ્છનાર જે ઠંડક ઉત્પન્ન કરે તેવા પદાર્થોનું જ સેવન કરે છે, ઠંડક ઇચ્છનાર મનુષ્ય ઉષ્ણ પદાર્થો (અગ્નિ આદિ)નું કદી સેવન કરતો નથી. એવી જ રીતે ધર્મને ઇચ્છનાર ધર્મનું જ સેવન કરશે કેમકે ધર્મસેવનથી જ પ્રાપ્તિ થઈ શકે છે, અધર્મ સેવનથી ધર્મની પ્રાપ્તિ કદાપિ થઈ શકતી નથી. જેઓ અધર્મ સેવનથી ધર્મ (થવાનું) બતાવે છે તેઓ બાવળના વૃક્ષમાંથી કેરીની પ્રાપ્તિ બતાવે છે, પરંતુ એ તેમની મોટી ભૂલ છે. બાવળના વૃક્ષમાંથી કાંટા સિવાય બીજું કાંઈ મળી શકતું નથી.

**नैतद्धर्मस्य प्राग्रूपं प्रागधर्मस्य सेवनम्।**
**व्याप्तेरपक्षधर्मत्वाद्धेतोर्वा व्यभिचारतः।।७९३।।**

**અર્થ :–** અધર્મનું સેવન ધર્મનું પૂર્વરૂપ પણ નથી કેમકે અધર્મસેવન રૂપ હેતુ વિપક્ષભૂત– અધર્મની પ્રાપ્તિમાં પણ રહે છે, તેથી તે વ્યભિચારી છે તેથી અધર્મસેવન અને ધર્મપ્રાપ્તિની વ્યાપ્તિ વ્યભિચારિત છે.

**ભાવાર્થ :–** મીમાંસક આદિ દાર્શનિકો યજ્ઞ વગેરેમાં હિંસારૂપ અધર્મ સેવનથી ધર્મપ્રાપ્તિ માને છે અને તે જ યજ્ઞ વગેરેનું ફળ સ્વર્ગ પ્રાપ્તિ બતાવે છે. આચાર્ય કહે છે કે તેમનો આવો સિદ્ધાંત સર્વથા મિથ્યા છે. શું હિંસારૂપ અધર્મનું સેવન કરવાથી ધર્મપ્રાપ્તિ થઈ શકે ? હિંસાદિ નીચ કાર્યોનું ફળ સ્વર્ગ પ્રાપ્તિ કદી બની શકે નહિ. હિંસા કરવાથી પરિણામોમાં સંક્લેશની જ વૃદ્ધિ થાય છે તેનાથી પાપબંધ થાય છે. તેથી

અધર્મ સેવનનું ફળ ઉત્તરોત્તર અધર્મની વૃદ્ધિ છે. ધર્મનો હેતુ અધર્મ કદી થઈ શકતો નથી.

**प्रतिसूक्ष्मक्षणं यावद्धेतोः कर्मोदयात्स्वतः।**
**धर्मो वा स्यादधर्मो वाप्येष सर्वत्र निश्चयः।।७९४।।**

**અર્થ :–** જ્યાં સુધી સમયે સમયે કર્મનો ઉદય થાય છે ત્યાં સુધી ધર્મ અને અધર્મ બંને ય થઈ શકે છે એવો સર્વત્ર નિયમ છે. શુભબંધથી ધર્મ અને અશુભબંધથી અધર્મ થાય છે.

**ભાવાર્થ :–** જો કર્મના ઉદયમાત્રથી પણ અધર્મ (પાપ) બંધ થાય છે તો અધર્મ સેવનથી તો અવશ્ય જ અધર્મ થાય તેથી યજ્ઞ વગેરે અધર્મ સેવનથી ધર્મ પ્રાપ્તિની કલ્પના કરવી તે મીમાંસકોની સર્વથા ભૂલ છે.

સ્થિતિકરણના ભેદ

**तत्स्थितीकरणं द्वेधाऽध्यक्षात्स्वापरभेदतः।**
**स्वातत्मनः स्वात्मतत्त्वेऽर्थात्परत्वे तु परस्य तत्।।७९५।।**

**અર્થ :–** તે સ્થિતિકરણ પોતાના અને પરના ભેદથી બે પ્રકારે છે અર્થાત્ પોતાનો આત્મા પતિત થતાં અથવા પતિત થવાની સન્મુખ થતાં પોતાના આત્મામાં જ ફરીથી પોતાને લગાડી દેવો, તેને સ્વ–સ્થિતિકરણ કહે છે અને બીજો આત્મા ધર્મથી પતિત થતો હોય ત્યારે ફરીથી તેની તે જ ધર્મમાં સ્થિતિ કરાવવી તેને પરસ્થિતિકરણ કહે છે. આ બંને પ્રત્યક્ષસિદ્ધ છે.

સ્વસ્થિતિકરણનું સ્પષ્ટીકરણ

**तत्र मोहोदयोद्रकाच्च्युतस्यात्मस्थितेश्चितः।**
**भूयः संस्थापनं स्वस्य स्थितीकरणमात्मनि।।७९६।।**

**અર્થ :–** મોહોદયના ઉદ્રેકવશ પોતાની આત્મસ્થિતિ (ધર્મસ્થિતિ)થી પતિત એવા પોતાના આત્માને ફરીથી આત્મસ્થિતિમાં લગાડવો એનું જ નામ સ્વસ્થિતિકરણ છે, પોતામાં પોતાનું સ્થિતિકરણ છે.

એનું જ સ્પષ્ટીકરણ

**अयं भाव क्वचिद्दैवाद्दर्शनात्स पतत्यधः।**
**व्रजत्यूर्ध्वं पुनर्दैवात्सम्यगारुह्य दर्शनम्।।७९७।।**

**અર્થ :–** ઉપર કરેલા કથનનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે – કોઈવાર કર્મોદયની તીવ્રતાથી તે સમ્યગ્દૃષ્ટિ દર્શનથી નીચે પડી જાય છે. પછી દૈવવશ સમ્યગ્દર્શન પામીને તે ઉપર ચડે છે.

અથવા

**अथ क्वचिद्यथाहेतुदर्शनादपतन्नपि।**
**भावशुद्धिमधोऽधोंशैरूर्ध्वमूर्ध्वं प्ररोहति।।७९८।।**

**અર્થ :–** અથવા સામગ્રીની યોગ્યતામાં કોઈવાર દર્શનથી પતિત નથી પણ થતો તો ભાવોની શુદ્ધિ નીચે નીચેના અંશોથી ઉપર ઉપર વધારે છે.

અથવા

**क्वचिद्बहिः शुभाचारं स्वीकृतं चापि मुञ्चति।**
**न मुञ्चति कदाचिद्वै मुक्त्वा ता पुनराश्रयेत्।।७९९।।**

**અર્થ :–** કોઈવાર સ્વીકૃત કરેલા બાહ્ય–શુભાચારને પણ છોડી દે છે અને કોઈ વાર નથી પણ છોડતો અથવા છોડીને ફરીથી તેનું ગ્રહણ કરવા માંડે છે.

અથવા

**यद्वा बहिः क्रियाचारे यथावस्थं स्थितेपि च।**
**कदाचिद्दीप्यमानोन्तर्भावैर्भूत्वा च वर्तते।।८००।।**

**અર્થ :–** અથવા બાહ્ય ક્રિયાના આચરણમાં બરાબર સ્થિત રહેતાં કોઈ કોઈવાર અંતરંગ ભાવોથી દેદીપ્યમાન થવા માંડે છે.

**नासंभवमिदं यस्भाच्चारित्रावरणोदयः।**
**अस्ति तरतमस्वांशैर्गच्छन्निम्नोन्नतामिह।।८०१।।**

**અર્થ :–** કોઈવાર અંતરંગના ભાવ વધવા લાગે છે કોઈવાર ઘટવા લાગે છે એ વાત અસંભવિત નથી, કેમકે ચારિત્રમોહનીયકર્મનો ઉદય પોતાના અંશોથી કોઈવાર વધવા લાગે છે અને કોઈવાર ઘટવા લાગે છે.

**ભાવાર્થ :–** ચારિત્રમોહનીય જે પ્રમાણે ઘટે વધે છે તે પ્રમાણે ભાવોમાં પણ હીનાધિકતા થાય છે.

**अत्राभिप्रेतमेवैतत्स्वस्थितीकरणं स्वतः।**
**न्यायात्कुतश्चिदत्रास्ति हेतुस्तत्रानवस्थितिः।।८०२।।**

**અર્થ :–** અહીં આટલો જ અભિપ્રાય છે કે સ્વસ્થિતિકરણ સ્વયં થાય છે અને તેમાં આત્માની સ્થિરતાનું ન હોવું એ જ કારણ છે.

બીજાનું સ્થિતિકરણ

**सुस्थितीकरणं नाम परेषां सदनुग्रहात्।**
**भ्रष्टानां स्वपदात्तत्र स्थापनं तत्पदे पुनः।।८०३।।**

**અર્થ :–** બીજાઓ ઉપર X સત્ અનુગ્રહ કરવો તે જ પરસ્થિતિકરણ છે. તે અનુગ્રહ એ જ છે કે જે પોતાના પદથી ભ્રષ્ટ થઈ ગયા છે તેમને તે જ પદમાં ફરીથી સ્થાપવા.

સ્વ ઉપકારપૂર્વક જ પરોપકાર યોગ્ય છે

**धर्मादेशोपदेशाभ्यां कर्तव्योऽनुग्रहः परे।**
**नात्मव्रतं विहायास्तु तत्परः पररक्षणे।।८०४।।**

**અર્થ :–** ધર્મને આદેશ અને ધર્મનો ઉપદેશ આપીને બીજાઓ ઉપર અનુગ્રહ કરવો જોઈએ. પરંતુ પોતાના વ્રતમાં કોઈ જાતની બાધા ન પહોંચે તેમ રહીને જ બીજાઓના રક્ષણમાં તત્પર રહેવું ઉચિત છે, અન્યથા નહિ.

ગ્રંથાંતર

**आदहिदं कादव्वं जइ सक्कइ परहिदं च कादव्वं।**
**आदहिदपटहिदादो आदहिदं सुट्ठुं कादव्वं।।८०५।।**

**અર્થ :–** સૌથી પ્રથમ પોતાનું હિત કરવું જોઈએ. પોતાનું હિત કરતાં કરતાં જે બીજાનું હિત કરી શકવામાં સમર્થ હોય તેણે બીજાનું હિત પણ કરવું જોઈએ. આત્મહિત અને પરહિત આ બંનેમાં આત્મહિત જ ઉત્તમ છે. તે જ પ્રથમ કરવું જોઈએ.

**ભાવાર્થ :–** આ બંનેમાં કારિકાઓથી એ વાત સારી રીતે સિદ્ધ થઈ જાય છે કે મનુષ્યનું સૌથી પહેલું કર્તવ્ય આત્મહિત છે, આત્મકલ્યાણ કર્યા વિના વાસ્તવમાં પર કલ્યાણ થઈ પણ શકતું નથી. જ્યાં સર્વોપરિ ઉચ્ચ ધ્યેય છે ત્યાં પણ આત્મહિત જ

X સત્ અનુગ્રહનું આટલું જ તાત્પર્ય છે કે કોઈ પ્રકારની ઇચ્છા કર્યા વિના ધાર્મિક બુદ્ધિથી પરોપકાર કરવો. જે અનુગ્રહ લાભવશે અથવા અન્ય પ્રતિષ્ઠા આદિની ઇચ્છાથી કરવામાં આવે છે તે અનુગ્રહ જરૂર છે, પરંતુ તેને સત્ અનુગ્રહ કહી શકાય નહિ પ્રશંસનીય અનુગ્રહ નિઃસ્પૃહવૃત્તિવાળાઓનો જ કહી શકાય છે.

મુખ્ય છે. આચાર્ય જો કે મુનિઓનું પૂર્ણહિત કરે છે, તેમને મોક્ષમાર્ગમાં લગાડે છે તો પણ તે અવસ્થામાં રહીને તેમને ઉચ્ચ ધ્યેય મળી શકતું નથી. જે સમયે તેઓ તે ઉચ્ચ ધ્યેય–મુક્તિ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે સમયે તે આચાર્યપદનો ત્યાગ કરી સ્વાત્મભાવન માત્ર – સાધુપદમાં આવી જાય છે. તેથી એ યોગ્ય જ છે કે આત્મહિત જ સર્વોપરિ છે. આત્મહિતનો સ્વાર્થમાં સમાવેશ કરી શકાતો નથી. જે સાંસારિક વાસનાઓની પૂર્તિ માટે પ્રયત્ન કરવામાં આવે છે તેને જ સ્વાર્થ કહી શકાય છે. તેનું કારણ પણ એ જ છે કે જે પ્રમાદ વિશિષ્ટ હોય તેને જ સ્વાર્થ કહેવાય છે. આત્મહિત કરનાર પ્રમાદ વિશિષ્ટ નથી તેથી તેને સ્વાર્થી કહેવા તે ભૂલ છે. આ કથનથી અમે પરોપકારનો નિષેધ કરવા માગતા નથી. પરોપકાર કરવો એ મહાન પુણ્યબંધનું કારણ છે, પરંતુ જેઓ પરોપકાર કરતાં પોતે ભ્રષ્ટ થઈ જાય છે અથવા જે આત્મહિતને સ્વાર્થ કહે છે તે અવશ્ય આત્મહિતથી ઘણા દૂર છે. આચાર્યોએ પરોપકારને પણ સ્વાર્થનું સાધન જ કહ્યું છે. અહીં એ શંકા કરી શકાય કે ક્યાંક પરોપકાર કરવા માટે પોતાને ભ્રષ્ટ પણ થવું પડે છે. જેમકે વિષ્ણુકુમાર મુનિએ મુનિઓની રક્ષા માટે પોતાનું પદ છોડી જ દીધું ? શંકા બરાબર છે. ક્યાંક ધર્મની વિશેષ હાનિ જોઈને આમ પણ કરવામાં આવે છે. પરંતુ આત્મહિતને ગૌણ માનવામાં આવતું નથી. વિષ્ણુકુમારે બીજો ઉપાય ન હોવાથી આમ કર્યું તો પણ તેમણે તરત જ પ્રાયશ્ચિત લઈને સ્વપદનું ગ્રહણ કરી લીધું. અત્યારે તો પરોપકારને જ લોકો આત્મકલ્યાણ માને છે. વર્તમાનમાં જે દેશોદ્ધાર આદિ કાર્યો દેખાય છે તે જો કે નિઃસ્વાર્થ–પરોપકાર માટે છે અને તે પરોપકારનું શ્રેય પણ તેમને અવશ્ય મળશે. પરંતુ આવા પરોપકારમાં સ્વોપકાર (પારમાર્થિક)ની ગંધ પણ નથી. દેશોદ્ધાર આદિ કાર્ય કરનારાઓમાં સ્વધર્મની શિથિલતા અને ચારિત્રહીનતા મોટા ભાગે જોવામાં આવે છે. જો તેમનામાં એ વાત ન હોય તો તેમનો તે પરોપકાર પૂર્ણ સ્વોપકારમાં સહાયક છે.

કથનનો સંકોચ

**उक्तं दिङ्मात्रतोऽप्यत्र सुस्थितीकरणं गुणः ।**
**निर्जरायां गुणश्रेणौ प्रसिद्धः सुदृगात्मनः ।।८०६ ।।**

**અર્થ :–** સુસ્થિતિકરણ ગુણનું સ્વરૂપ થોડુંક અહીં કહેવામાં આવ્યું છે. આ ગુણ સમ્યગ્દૃષ્ટિને ઉત્તરોત્તર અસંખ્યાત ગુણી નિર્જરા માટે પ્રસિદ્ધ છે.

વાત્સલ્ય અંગનું વિવેચન

**वात्सल्यं नाम दासत्वं सिद्धार्हद्बिम्बवेश्मसु।**
**संघे चतुर्विधे शास्त्रे स्वामिकार्ये सुभृत्यवत्।।८०७।।**

**અર્થ :–** સિદ્ધ પરમેષ્ઠી, અર્હંત્‌બિંબ, જિનમંદિર, ચતુર્વિધ સંઘ (મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા) અને શાસ્ત્રમાં સ્વામીનું કાર્ય કરનાર યોગ્ય સેવકની જેમ દાસત્યભાવ રાખવો તે જ વાત્સલ્ય છે.

**अर्थादन्यतमस्योच्चैरुद्दिष्टेषु स दृष्टिमान्।**
**सत्सु घोरोपसर्गेषु तत्परः स्यात्तदत्यये।।८०८।।**

**અર્થ :–** અર્થાત્‌ ઉપર જે સિદ્ધ પરમેષ્ઠી આદિ પૂજ્યપદ બતાવ્યા છે તેમનામાંના કોઈ પણ એક ઉપર ઘોર ઉપસર્ગ કરવામાં આવતાં તેને દૂર કરવા માટે સમ્યગ્દૃષ્ટિ પુરુષે સદા તત્પર રહેવું જોઈએ.

**यद्वा नह्यात्मसामर्थ्यं यावन्मन्त्रासिकोशकम्।**
**तावद्दृष्टुं च श्रोतुं च तद्बाधां सहते न सः।।८०९।।**

**અર્થ :–** અથવા જ્યાં સુધી પોતાનું સામર્થ્ય હોય અને જ્યાં સુધી મંત્ર, શસ્ત્ર (તલવાર), મોટો ખજાનો હોય ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ પુરુષ તેમના ઉપર આવેલી કોઈ જાતની બાધાને ન તો જોઈ શકે છે અને ન સાંભળી શકે છે.

**ભાવાર્થ :–** પોતાના પૂજ્યતમ દેવો ઉપર અને દેવાલયો ઉપર અથવા મુનિ, આર્યિકા, શ્રાવક કે શ્રાવિકાઓ ઉપર જો કોઈ પ્રકારની બાધાઓ આવે તો તે બાધા જે રીતે

દૂર થઈ શકે તે રીતે દૂર કરવી યોગ્ય છે. પોતાની શક્તિથી, મંત્રશક્તિથી, દ્રવ્યબળથી, આજ્ઞાથી, સૈન્યબળથી દરેક રીતે તરત બાધા દૂર કરવી જોઈએ. એ જ સમ્યગ્દષ્ટિની આંતરિકભક્તિનો ઉદ્‌ગાર છે. મંત્રશક્તિ પણ બહુ મોટી શક્તિ છે. મંત્રશક્તિથી મહાન કાર્યો સિદ્ધ થઈ જાય છે. જેઓ મંત્રોની શક્તિ જાણતા નથી તે જ મંત્રો ઉપર વિશ્વાસ રાખતા નથી, પરંતુ સર્પાદિકોના વિષાદિનું દૂર કરવું પ્રત્યક્ષ જ દેખાય છે. જો સામાન્ય મંત્રો દ્વારા આવા આવા કાર્ય જોવામાં આવે છે તો મહાન્ આર્ષ મંત્રો દ્વારા બહુ મોટા કાર્યો સિદ્ધ થઈ શકે છે. આજે ન તો તે શ્રદ્ધા છે અને ન તે શક્તિ છે, તેથી મંત્રોથી આપણે કોઈ કાર્ય કરી શકતા નથી.

વાત્સલ્યના ભેદ

**तद्द्विधाऽथ च वात्सल्यं भेदात्स्वपरगोचरात्।**
**प्रधानं स्वात्मसबन्धि गुणो यावत्परात्मनि।।८१०।।**

**અર્થ :–** પોતાના અને પરના ભેદથી વાત્સલ્ય અંગ પણ બે પ્રકારનું છે. પોતાના સંબંધી વાત્સલ્ય પ્રધાન છે, પર સંબંધી ગૌણ છે.

પોતાના સંબંધી વાત્સલ્ય

**परीषहोपसर्गाद्यैः पीडितस्यापि कुत्रचित्।**
**न शैथिल्यं शुभाचारे ज्ञाने ध्याने तदादिमम्।।८११।।**

**અર્થ :–** પરીષહ અને ઉપસર્ગ આદિથી કોઈવાર પીડિત થવા છતાં પણ પોતાના શ્રેષ્ઠ આચારમાં, જ્ઞાનમાં, ધ્યાનમાં શિથિલતા ન આવવા દેવી એનું જ નામ વાત્સલ્ય છે.

**इतरत्प्रागिह ख्यातं गुणो दृष्टिमतः स्फुटम्।**
**शुद्धज्ञानबलादेव यतो बाधापकर्षणम्।।८१२।।**

**અર્થ :–** બીજું –પરસંબંધી વાત્સલ્ય પહેલાં આ જ પ્રકરણમાં કહેવાય ગયું છે. પરસંબંધી વાત્સલ્ય સમ્યગ્દ્રષ્ટિનો નિશ્ચયથી ગૌણ ગુણ છે. કેમકે શુદ્ધજ્ઞાનના બળથી જ બાધા દૂર કરી શકાય છે તેથી આત્મિક શુદ્ધિની પ્રાપ્તિ કરવી તે જ મુખ્ય છે.

પ્રભાવના અંગનુ સ્વરૂપ

**प्रभावनाङ्गसंज्ञोऽस्ति गुणः सद्दर्शनस्य वै।**
**उत्कर्षकरणं नाम लक्षणादपि लक्षितम्।।८१३।।**

**અર્થ :–** પ્રભાવના અંગ પણ સમ્યગ્દ્રષ્ટિનો પ્રસિદ્ધ ગુણ છે. તેનું એ જ લક્ષણ છે કે દરેક ધાર્મિક કાર્યમાં ઉન્નતિ કરવી.

ધર્મની ઉન્નતિ જ ઇષ્ટ છે

**अर्थात्तद्धमर्णः पक्षे नावद्यस्य मनागपि।**
**धर्मपक्षक्षतिर्यस्मादधर्मोत्कर्ष पोषणात्।।८१४।।**

**અર્થ :–** પાપરૂપ અધર્મના પક્ષમાં કિંચિત્માત્ર પણ ઉત્કર્ષ વધારવો ન જોઈએ કેમકે અધર્મનો ઉત્કર્ષ વધારવાથી ધર્મના પક્ષની હાનિ થાય છે.

પ્રભાવનાના ભેદ

**पूर्ववत्सोऽपि द्विविधः स्वान्यात्मभेदतः पुनः।**
**तत्राद्यो वरमादेयः स्यादादेयः परोऽप्यतः।।८१५।।**

**અર્થ :–** પહેલા અંગોની જેમ પ્રભાવના અંગ પણ સ્વાત્મા અને પરાત્માના ભેદથી બે પ્રકારનું છે. તે બંનેમાં પહેલું સર્વોત્તમ છે અને ઉપાદેય છે. એના પછી બીજું પણ ગ્રાહ્ય છે.

ઉત્કર્ષ

**उत्कर्षो यद्बलाधिक्याधिकीकरणं वृषे।**
**असत्सु प्रत्यनीकेषु नालं दोषाय तत्क्वचित्।।८१६।।**

**અર્થ :–** વિપક્ષ ન હોય ત્યારે બળપૂર્વક ધર્મમાં વૃદ્ધિ કરવી, એનું જ નામ ઉત્કર્ષ છે. પ્રભાવના અંગ દોષોત્પાદક કદી હોય શકે નહિ.

પોતાની પ્રભાવના

**मोहारातिक्षतेः शुद्धः शुद्धच्छुद्धतरस्ततः।**
**जीवः शुद्धतमः कश्चिदस्तीत्यात्मप्रभावना।।८१७।।**

**અર્થ :–** મોહરૂપી શત્રુનો નાશ થઈ જવાથી જીવ શુદ્ધ થઈ જાય છે, કોઈ શુદ્ધથી પણ અધિક શુદ્ધ થઈ જાય છે અને કોઈ એનાથી પણ અધિક શુદ્ધ થઈ જાય છે. આ રીતે પોતાના આત્માનો ઉત્કર્ષ વધારવો એનું જ નામ સ્વાત્મપ્રભાવના છે.

આ શુદ્ધિમાં પુરુષાર્થ કારણ નથી

**नेदं स्यात्पौरुषायत्तं किन्तु नूनं स्वभावतः।**
**ऊर्ध्वमूर्ध्वगुणश्रेणौ यतः सिद्धिर्यथोत्तरम्।।८१८।।**

**અર્થ :–** આ જાતનો ઉત્કર્ષ કરવો તે પુરુષાર્થને આધીન નથી, પરંતુ સ્વભાવથી જ થાય છે અને ઉત્તરોત્તર શ્રેણીના ક્રમથી અસંખ્યાતગુણી નિર્જરા થવાથી તેની સિદ્ધિ થાય છે.

બાહ્ય પ્રભાવના

**बाह्यः प्रभावनाङ्गोऽस्ति विद्यामन्त्रादिभिर्बलैः।**
**तपोदानादिभिर्जैनधर्मोत्कर्षो विधीयताम्।।८१९।।**

**અર્થ :–** વિદ્યાના બળથી, મંત્રાદિના બળથી, તપથી તથા દાનાદિ ઉત્તમ કાર્યોથી જૈનધર્મની ઉન્નતિ કરવી જોઈએ. એને જ બાહ્ય પ્રભાવના કહે છે.

અને વળી

**परेषामपकर्षाय मिथ्यात्वोत्कर्षशालिनाम्।**
**चमत्कारकरं किञ्चित्तद्विधेयं महात्मभिः।।८२०।।**

**અર્થ :–** જેઓ મિથ્યા ક્રિયા વધારવામાં લાગેલા છે એવા પુરુષોને નીચા બતાવવા માટે અથવા તેમની હીનતા પ્રગટ કરવા માટે મહાત્માઓએ કાંઈક ચમત્કાર કરનાર પ્રયોગ પણ કરવા જોઈએ.

**उक्तं प्रभावनाङ्गोऽपि गुणः सद्दर्शनान्वितः।**
**येन सम्पूर्णतां याति दर्शनस्य गुणाष्टकम्।।८२१।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનસહિત પ્રભાવના અંગ પણ ગુણ છે. તેનું કથન થઈ ગયું. આ જ પ્રભાવના અંગના કારણે સમ્યગ્દર્શનના આઠ ગુણ સંપૂર્ણ થઈ જાય છે અર્થાત્ આઠમો ગુણ પ્રભાવના છે.

**इत्यादयो गुणाश्चान्ये विद्यन्ते सद्दृगात्मनः।**
**अलं चिन्तनया तेषामुच्यते यद्विवक्षितम्।।८२२।।**

**અર્થ :–** આ આઠ ગુણો સિવાય બીજા પણ સમ્યગ્દ્રષ્ટિના ગુણ છે. તેમનો અહીં વિચાર કરવામાં આવતો નથી. પરંતુ જે વિવક્ષિત છે તે જ કહેવામાં આવે છે.

**प्रकृतं तद्यथास्ति स्वं स्वरूपं चेतनात्मनः।**
**सा त्रिधात्राप्युपादेया सदृष्टेर्ज्ञानचेतना।।८२३।।**

**અર્થ :–** મૂળ વાત એ જ છે કે આત્માનું નિજસ્વરૂપ ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે – કર્મચેતના, કર્મફળ ચેતના અને જ્ઞાનચેતના. આ ત્રણેમાં જ્ઞાનચેતના

જ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય છે, બાકીની બંને ત્યાજ્ય છે.

**श्रद्धानादि गुणाश्चैते बाह्योल्लेखच्छलादिह।**
**अर्थात्सद्दर्शनस्यैकं लक्षणं ज्ञानचेतना।।८२४।।**

**અર્થ :–** શ્રદ્ધાનાદિ જે સમ્યગ્દૃષ્ટિના ગુણ છે તે બધા બાહ્ય કથનના છળથી છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિનું તો ફક્ત એક જ્ઞાનચેતના જ લક્ષણ છે.

કોઈ અજ્ઞાની પુરુષોનું કથન

**ननु रूढिरिहाप्यस्ति योगाद्वा लोकतोऽथवा।**
**तत्सम्यक्त्वं द्विधाप्यर्थनिश्चयाद्व्यवहारतः।।८२५।।**
**व्यावहारिक सम्यकक्त्वं सरागं सविकल्पकम्।**
**निश्चयं वीतरागं तु सम्यक्त्वं निर्विकल्पकम्।।८२६।।**
**इत्यस्ति वासनोन्मेषः केषाञ्चिन्मोहशालिनाम्।**
**तन्मते वीतरागस्य सदृष्टेर्ज्ञानचेतना।।८२७।।**
**तै सम्यक्त्वं द्विधा कृत्वो स्वामिभेदो द्विधा कृतः।**
**एकः कश्चित् सरगोऽस्ति वीतरागश्च कश्चन।।८२८।।**
**तत्रास्ति वीतरागस्य कस्यचिज्ज्ञानचेतना।**
**सदृष्टोर्निर्विकल्पस्य नेतरस्य कदाचन।।८२९।।**
**व्यावहारिक सदृष्टेः सविकल्पस्य रागिणः।**
**प्रतीतिमात्रमेवास्ति कुतः स्यात् ज्ञानचेतना।।८३०।।**

**અર્થ :–** આવી યોગરૂઢિ અથવા લોકરૂઢિ છે કે તે સમ્યગ્દર્શન બે પ્રકારનું છે. એક નિશ્ચય સમ્યકત્વ અને બીજું વ્યવહાર સમ્યકત્વ. વ્યવહાર સમ્યકત્વ સરાગ અને સવિકલ્પ છે અને નિશ્ચય સમ્યકત્વ વીતરાગ તથા નિર્વિકલ્પ છે. કેટલાક મોહી જીવોની

આવી વાસના છે. તેમના મત પ્રમાણે વીતરાગ સમ્યગ્દૃષ્ટિને જ જ્ઞાનચેતના હોય છે. તે લોકોએ સમ્યકત્વના બે ભેદ કરીને તેના સ્વામીના પણ બે ભેદ કર્યા છે. તેમનું કહેવું એમ છે કે એક સરાગ સમ્યકત્વ હોય છે અને એક વીતરાગ સમ્યકત્વ હોય છે. તે બંનેમાં જે વીતરાગ નિર્વિકલ્પ સમ્યગ્દૃષ્ટિ છે તેને જ જ્ઞાનચેતના હોય છે, જે સરાગ–સવિકલ્પ વ્યવહાર સમ્યગ્દૃષ્ટિ છે તેને જ્ઞાનચેતના કદી હોતી નથી કેમકે તેને પ્રતીતિમાત્ર છે તેથી જ્ઞાનચેતના તેને ક્યાંથી હોય શકે ?

ઉત્તર

**इति प्रज्ञापराधेन ये वदन्ति दुराशयाः।**
**तेषां यावच्छ्रुताभ्यासः कायक्लेशाय केवलम्।।८३१।।**

**અર્થ :–** આ રીતે બુદ્ધિના દોષથી જે દુષ્ટ આશયવાળા એમ કહે છે તેમનો જે કાંઈ શાસ્ત્રાભ્યાસ છે તે ફક્ત શરીરને કષ્ટ પહોંચાડવા માટે છે.

**अत्रोच्यते समाधानं सामवेदेन सूरिभिः।**
**उच्चैरुत्फणिते दुग्धे योज्यं जलमनाविलम्।।८३२।।**

**અર્થ :–** અહીં આચાર્ય શાંતિપૂર્વક સમાધાન કરે છે કેમકે દૂધમાં ઉભરો આવે ત્યારે સ્વચ્છ જળ તેમાં નાખવું તે જ યોગ્ય છે.

**सतृणाभ्यवहारित्वं करीब कुरुते कुदृक्।**
**तज्जहीहि जहीहि त्वं कुरु प्राज्ञ विवेकिताम्।।८३३।।**

અર્થ :– જેમ હાથી તૃણની સાથે સરસ ભોજન ખાય જાય છે તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિ અવિવેકપૂર્વક બોલે છે. આચાર્ય કહે છે કે હે પ્રાજ્ઞ ! તે અવિવેક છોડો અને વિવેકથી કામ લ્યો.

**वह्नेरौष्ण्यमिवात्मज्ञ पृथक्कर्तुं त्वमर्हसि।**
**मा विभ्रमस्व दृष्ट्वापि चक्षुषाऽचाक्षुषाशया।।८३४।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે હે આત્મજ્ઞ ! તમે અગ્નિથી ઉષ્ણતાની જેમ સમ્યગ્દૃષ્ટિથી જ્ઞાનચેતનનાને જુદી કરવા ઇચ્છો છો પરંતુ ચક્ષુથી કોઈ પદાર્થને જોવા છતાં પણ અદૃષ્ટ પ્રત્યક્ષની આશાથી તે પદાર્થમાં ભ્રમ ન કરો.

**ભાવાર્થ :–** ઉપર શંકાકારે સવિકલ્પ સરાગી સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતનાનો અભાવ બતાવ્યો છે. તે વીતરાગ સમ્યગ્દૃષ્ટિને જ જ્ઞાનચેતના બતાવે છે. આચાર્ય કહે છે કે આમ કહેવું બરાબર નથી. સરાગ સમ્યગ્દૃષ્ટિને પણ જ્ઞાનચેતના હોય તે તેથી સરાગ સમ્યગ્દૃષ્ટિથી જ્ઞાનચેતનાને જુદી કરવી તે અગ્નિથી તેના ગુણને જુદા કરવા સમાન છે.

હવે સમ્યગ્દૃષ્ટિને સરાગ અને સવિકલ્પ વિશેષણો આપવામાં આવે છે જેથી સરાગ–સવિકલ્પ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતના હોવામાં કોઈ જાતની શંકા ન રહે –

**विकल्पो योगसंक्रान्तिरर्थाज्ज्ञानस्य पर्ययः।**
**ज्ञेयाकारः स ज्ञेयार्थात् ज्ञेयार्थान्तरसङ्गतः।।८३५।।**

**અર્થ :–** ઉપયોગનું બદલવું તેને વિકલ્પ કહે છે. તે વિકલ્પ જ્ઞાનની પર્યાય છે અર્થાત્ પદાર્થાકાર જ્ઞાન જ તે જ્ઞેયરૂપ પદાર્થથી ખસીને બીજા પદાર્થનો આકાર ધારણ કરવા માંડે છે.

**ભાવાર્થ :–** આત્માનો જ્ઞાનોપયોગ એક પદાર્થથી ખસીને બીજી તરફ લાગે છે એનું જ નામ ઉપયોગ સંક્રાન્તિ છે અને આ જ ઉપયોગનું નામ વિકલ્પ છે.

તે વિકલ્પ ક્ષયોપશમરૂપ છે

**क्षायोपशमिकं तत्स्यादर्थादक्षार्थसम्भवम्।**
**क्षायिकात्यक्षज्ञानस्य संक्रान्तेरप्यसंभवात्।।८३६।।**

**અર્થ :–** તે ઉપયોગ સંક્રાન્તિ સ્વરૂપ વિકલ્પ ક્ષયોપશમાત્મક છે અર્થાત્ ઇન્દ્રિય અને પદાર્થના સંબંધથી થનારું જ્ઞાન છે કેમ કે અતીન્દ્રિય – ક્ષાયિક જ્ઞાનમાં સંક્રાન્તિનું થવું જ અસંભવ છે.

**ભાવાર્થ :–** જ્યાં સુધી જ્ઞાનમાં અલ્પજ્ઞપણું હોય ત્યાં સુધી તે સર્વ પદાર્થોને યુગપદ્ જાણી શકતું નથી, પરંતુ ક્રમેક્રમે કોઈવાર કોઈ પદાર્થને અને કોઈવાર કોઈ (બીજા) પદાર્થને જાણે છે. આ અવસ્થા ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં જ થાય છે. જે જ્ઞાન ક્ષાયિક છે– અતીન્દ્રિય છે, તેમાં સર્વ પદાર્થો એકસાથે જ પ્રતિબિંબિત થાય છે તેથી તે જ્ઞાનમાં ઉપયોગનું પરિવર્તન થતું નથી. પરંતુ તે જ્ઞાન પણ સવિકલ્પ છે.

કદાચ કોઈ કહે કે જ્ઞાન (ક્ષાયિક) કેવી રીતે હોય શકે કેમકે વિકલ્પ નામ ઉપયોગની સંક્રાન્તિનું છે અને ક્ષાયિકજ્ઞાનમાં સંક્રાન્તિ હોતી નથી તો પછી ક્ષાયિકજ્ઞાન સવિકલ્પ કઈ રીતે હોય શકે ? એનું સમાધાન –

**अस्ति क्षायिकज्ञानस्य विकल्पत्वं स्वलक्षणात्।।**
**नार्थादर्थान्तराकारायोगसंक्रान्तिलक्षणात्।।८३७।।**

**અર્થ :–** ક્ષાયિકજ્ઞાનમાં વિકલ્પપણું પોતાના લક્ષણથી આવે છે નહિ કે એક અર્થથી બીજા પદાર્થના આકારે પરિણમનારા ઉપયોગના સંક્રમણરૂપ લક્ષણથી. છદ્મસ્થ જ્ઞાનમાં એક ઉપયોગથી બીજો ઉપયોગ થાય છે. તે ક્રમવર્તી જ્ઞાન છે. કેવળજ્ઞાન ક્રમવર્તી નથી.

તે લક્ષણ આ પ્રમાણે છે

**तल्लक्षणं स्वापूर्वार्थविशेषग्रहणात्मकम्।**
**एकोऽर्थो ग्रहणं तत्स्यादाकारः सविकल्पता।।८३८।।**

**અર્થ :–** ક્ષાયિકજ્ઞાનનું લક્ષણ આ પ્રમાણે છે –સ્વ-આત્મા અને અપૂર્વ પદાર્થને વિશેષપણે જાણવા. અહીં અર્થ નામ પદાર્થનું છે અને ગ્રહણ નામ આકારનું છે. સ્વ અને પર પદાર્થના જ્ઞાનનું જ્ઞેયાકાર થવું તે જ જ્ઞાનમાં સવિકલ્પતા છે.

**ભાવાર્થ :–** જે જ્ઞાન પોતાને જાણે છે અને સાથે જ પરપદાર્થોને જાણે છે પરંતુ ઉપયોગથી ઉપયોગાન્તર થતું નથી, તેને જ ક્ષાયિકજ્ઞાન કહે છે. જો કે ક્ષાયિકજ્ઞાનમાં પણ પદાર્થોની પરિવર્તનની અપેક્ષાથી પરિવર્તન થયા કરે છે તોપણ તેમાં છદ્મસ્થજ્ઞાનની જેમ કોઈવાર કોઈ પદાર્થનું અને કોઈવાર કોઈ બીજા પદાર્થનું ગ્રહણ નથી. ક્ષાયિકજ્ઞાન બધા પદાર્થોને એકસાથે જ જાણે છે, તેથી તેમાં ઉપયોગ સંક્રાન્તિરૂપ લક્ષણ ઘટતું નથી. પરંતુ જ્ઞેયાકાર થવાથી તે સવિકલ્પ અવશ્ય છે.

આવા વિકલ્પનું સરાગ જ્ઞાનમાં ગ્રહણ નથી

**विकल्पः सोऽधिकारेऽस्मिन्नाधिकारी मनागपि।**
**योगसंक्रान्तिरूपो यो विकल्पोऽधिकृतोऽधुना।।८३९।।**

**અર્થ :–** જે વિકલ્પ ક્ષાયિકજ્ઞાનમાં ઘટાવવામાં આવ્યો છે તે વિકલ્પ આ અધિકારમાં કાંઈ પણ અધિકારી નથી. અહીં તો ઉપયોગના પલટવારૂપ વિકલ્પનો જ અધિકાર છે.

આવા વિકલ્પનો અધિકાર કેમ છે ?

**ऐन्द्रियं तु पुनर्ज्ञानं न संक्रातिमृते क्वचित्।**
**यतोऽप्यस्य क्षणं यावदर्थादर्थान्तरे गतिः।।८४०।।**

**અર્થ :–** અહીં ઇન્દ્રિયજન્ય જ્ઞાનનો અધિકાર છે અને ઇન્દ્રિયજન્ય જ્ઞાન સંક્રાન્તિ વિના કદી હોતું જ નથી કેમકે પ્રતિક્ષણ એક પદાર્થથી બીજા પદાર્થમાં તેની ગતિ થયા કરેછે.

**ભાવાર્થ :–** અહીં વિચાર એ હતો કે સરાગ સમ્યકત્વ સવિકલ્પ છે, તેમાં જ્ઞાનચેતના હોતી નથી. પરંતુ વીતરાગ સમ્યકત્વમાં જ તે હોય છે. આચાર્ય કહે છે કે ઉપર્યુક્ત કથન બરાબર નથી. સવિકલ્પ સમ્યકત્વમાં પણ જ્ઞાનચેતના હોય છે. તેના હોવામાં કોઈ બાધા નથી. જો કહેવામાં આવે કે સરાગ સમ્યકત્વ સવિકલ્પ છે તેથી તેમાં જ્ઞાનચેતના નથી હોતી તો તેના ઉત્તરમાં આચાર્ય કહે છે કે વિકલ્પ નામ જ્ઞાનોપયોગના પલટવાનું

છે. જ્ઞાનોપયોગનું પલટવું એ તેનો સ્વભાવ છે અર્થાત્ તે ઉપયોગ કોઈવાર નિજાત્માનુભવ જ કરે છે અને કોઈવાર તે બાહ્ય પદાર્થોને પણ જાણે છે. પરંતુ તે જ્ઞાનચેતનામાં કોઈ રીતે બાધક થઈ શકતો નથી સરાગ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનોપયોગનું પલટવું પણ કેમ થાય છે. એનું કારણ પણ ઇન્દ્રિયજન્ય બોધ છે. સરાગ સમ્યગ્દૃષ્ટિને ઇન્દ્રિયજન્ય જ્ઞાન હોય છે અને ઇન્દ્રિયથી થતું જ્ઞાન જે પદાર્થને જાણવાની ચેષ્ટા કરે છે તેને જ જાણે છે.

ઇન્દ્રિયજ્ઞાન ક્રમવર્તી છે

**इदंतु क्रमवर्त्यस्ति न स्यादक्रमवर्ति यत्।**
**एकां व्यक्तिं परित्यज्य पुनर्व्यक्तिं समाश्रयेत्।।८४१।।**

**અર્થ :–** ઇન્દ્રિયજન્ય જ્ઞાન નિયમથી ક્રમવર્તી હોય છે તે અક્રમવર્તી –બધા પદાર્થોને એકસાથે જાણનાર કદી હોતું નથી. ઇન્દ્રિયજન્ય જ્ઞાન એક પદાર્થને છોડી બીજા પદાર્થને જાણવાની ચેષ્ટા કરે છે.

ઇન્દ્રિયથી થતા જ્ઞાન અને ક્રમવર્ત્તિત્વની સમવ્યાપ્તિ છે.

**इदं त्वावश्यकी वृत्तिः समव्याप्तेरिवाह्वया।**
**इयं तत्रैव नान्यत्र तत्रैवेयं न चेतरा।।८४२।।**

**અર્થ :–** સમવ્યાપ્તિની જેમ ઇન્દ્રિયજન્ય જ્ઞાન અને સંક્રાન્તિની આવશ્યક વ્યવસ્થા છે અર્થાત્ ઇન્દ્રિયજન્ય જ્ઞાન અને ક્રમવર્તીપણું એ બંનેની સમવ્યાપ્તિની સમાન જ વ્યવસ્થા છે. જ્યાં ઇન્દ્રિયજન્ય બોધ થાય છે ત્યાં જ ક્રમવર્તીપણું છે, બીજે નહિ. જ્યાં ઇન્દ્રિયજન્ય બોધ નથી ત્યાં ક્રમવર્તીપણું પણ નથી.

ધ્યાનનું સ્વરૂપ

**यत्पुनर्ज्ञानमेकत्र नैरन्तर्येण कुत्रचित्।**
**अस्ति तद्ध्यानमत्रापि क्रमो नाप्यक्रमोऽर्थतः।।८४३।।**

**एकरूपमिवाभाति ज्ञानं ध्यानैकतानतः।**
**तत्स्यात्पुनः पुनर्वृत्तिरूपं स्यात् क्रमवर्त्ति च।।८४४।।**

**અર્થ :–** જે જ્ઞાન કોઈ એક પદાર્થમાં નિરંતર રહે છે તેને જ ધ્યાન કહે છે. આ ધ્યાનરૂપ જ્ઞાનમાં પણ વાસ્તવમાં ન તો ક્રમ છે અને ન અક્રમ પણ છે. ધ્યાનમાં એક વૃત્તિ હોવાથી તે જ્ઞાન એકસરખું જ જણાય છે. તે વારંવાર તે જ ધ્યેયમાં લાગે છે. તેથી તે ક્રમવર્તી પણ છે.

**ભાવાર્થ :–** જો કે અહીં ધ્યાનનું કોઈ પ્રકરણ નથી પરંતુ પ્રસંગવશ તેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. પ્રસંગનું કારણ પણ એ છે કે અહીં ઇન્દ્રિયજન્ય જ્ઞાનનો વિચાર છે કે તે ક્રમવર્તી છે, ક્ષાયિકજ્ઞાન ક્રમવર્તી નથી. ઇન્દ્રિયજન્ય જ્ઞાન પણ ક્યાંક ક્યાંક ધ્યાનાવસ્થામાં એકાગ્રવૃત્તિવાળું હોય છે, ધ્યાનમાં જ તલ્લીનતા હોવાથી તે જ્ઞાન સ્થિર એકરૂપ જ પ્રતીત થાય છે તેથી આવા સ્થળમાં (ધ્યાનસ્થ જ્ઞાનમાં) ક્રમવર્તિત્વનો વિચાર નથી થતો પરંતુ ધ્યાનસ્થ જ્ઞાન પણ ફરી ફરીને તે જ પદાર્થમાં (ધ્યેયમાં) લાગે છે તેથી તેને કથંચિત્ ક્રમવર્તી પણ કહી દેવામાં આવે છે. વાસ્તવમાં ત્યાં ક્રમ અને અક્રમનો વિચાર નથી.

આ ક્રમવર્તીપણું પહેલાનાં જેવું નથી

**नात्र हेतुः परं साध्ये क्रमत्वेऽर्थान्तराकृतिः।**
**किन्तु तत्रैव चैकार्थे पुनर्वृत्तिरपि क्रमात्।।८४५।।**

**અર્થ :–** આ ધ્યાનરૂપ જ્ઞાનમાં જે ક્રમવર્તીપણું છે તેમાં અર્થથી અર્થાંતર થવાનો હેતુ નથી પરંતુ એક પદાર્થમાં જ ક્રમથી ફરી ફરી વૃત્તિ થયા કરે છે.

**ભાવાર્થ :–** જેમ ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં અર્થથી અર્થાંતરરૂપ ક્રમવૃત્તિ બતાવવામાં આવી છે તેવી રીતે ધ્યાનરૂપ જ્ઞાનમાં ક્રમવૃત્તિ નથી, પરંતુ ત્યાં એક જ પદાર્થમાં પુનઃ પુનઃ વૃત્તિ છે.

અતિવ્યાપ્તિ દોષ નથી

**नोह्यं तत्राप्यतिव्याप्तिः क्षायिकात्यक्षसंविदि।**
**स्यात्परिणामवत्त्वेऽपि पुनर्वृत्तेरसंभवात्।।८४६।।**

**અર્થ :–** કદાચ એમ કહેવામાં આવે કે આ ઉપર કહેલા ધ્યાનરૂપ જ્ઞાનની અતીન્દ્રિય ક્ષાયિકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ + આવે છે. કેમકે ક્ષાયિકજ્ઞાન પણ અર્થથી અર્થાન્તરનું ગ્રહણ કરતું નથી અને ધ્યાનરૂપ જ્ઞાન પણ અર્થથી અર્થાન્તર ગ્રહણ કરતું નથી, તેથી ધ્યાનરૂપ જ્ઞાનનું લક્ષણ ક્ષાયિકજ્ઞાનમાં આવી જાય છે ? આવી આશંકા બરાબર નથી. કેમકે ક્ષાયિકજ્ઞાન જોકે પરિણમનશીલ છે તો પણ તેમાં પુનર્વૃત્તિનું (વારંવાર ધ્યેય પદાર્થમાં ઉપયોગ જોડવો તે) થવું અસંભવ છે.

**ભાવાર્થ :–** જો કે સામાન્યદૃષ્ટિથી ધ્યાન અને ક્ષાયિકજ્ઞાન બંનેય ક્રમરહિત છે, અર્થથી અર્થાન્તરનું ગ્રહણ બંનેમાંય નથી. તો પણ બંનેમાં મોટો તફાવત છે. છદ્મસ્થોનું ધ્યાન ઇન્દ્રિયજન્ય જ્ઞાન છે તે જો કે એક પદાર્થમાં જ (એક કાળે) હોય છે તો પણ તેમાં ફરી ફરી ઉપયોગ જોડવો પડે છે. ક્ષાયિકજ્ઞાન એવું નથી તે અતીન્દ્રિય છે તેથી તેમાં ઉપયોગની પુનર્વૃત્તિ નથી તે સદા યુગપદ્ સર્વ પદાર્થોને જાણવામાં લાગેલું રહે છે, ફક્ત પદાર્થોમાં સમયે સમયે પરિવર્તન થવાના કારણે ક્ષાયિકજ્ઞાનમાં પણ પરિણમન થયા કરે છે. પરંતુ ક્ષાયિકજ્ઞાનમાં ક્રમવર્તીપણું અને પુનઃનિર્વૃત્તિપણું નથી તેથી ધ્યાનનું લક્ષણ આમાં બિલકુલ આવતું નથી.

છદ્મસ્થોનું જ્ઞાન સંક્રમણાત્મક છે

**यावच्छद्मस्थ जीवानामस्ति ज्ञानचतुष्टयम्।**
**नियतक्रमवर्त्तित्वात् सर्वं संक्रमणात्मकम्।।८४७।।**

**અર્થ :–** છદ્મસ્થ જીવોને ચારેય જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય) નિયમથી

+ જે લક્ષણ પોતાના લક્ષ્યમાં પણ રહે અને અલક્ષ્યમાં પણ રહે, તેને અતિવ્યાપ્તિ દોષ કહે છે.

ક્રમવર્તી છે તેથી ચારેય સંક્રમણરૂપ છે

**नालंदोषाय तच्छक्तिः सूक्तसंक्रान्तिलक्षणा।**
**हेतोर्वैभाविकत्वेऽपि शक्तित्वाज्ज्ञानशक्तिवत्।।८४८।।**

**અર્થ :–** સંક્રમણ થવાથી જ્ઞાન શક્તિમાં કોઈ દોષ ન ગણવો જોઈએ. જો કે વૈભાવિક હેતુથી તેમાં વિકાર થયો છે તો પણ તે આત્મિક શક્તિ છે. જેમ શુદ્ધજ્ઞાન આત્માની શક્તિ છે તે જ પ્રમાણે સંક્રમણાત્મકજ્ઞાન પણ આત્માની શક્તિ છે.

સારાંશ

**ज्ञानसञ्चेतनायास्तु न स्यात्तद्विघ्नकारणम्।**
**तत्पर्यायस्तदेवेति तद्विकल्पो न तद्रिपु।।८४९।।**

**અર્થ :–** તે સંક્રાન્તિ જ્ઞાનચેતનામાં વિઘ્ન કરી શકતી નથી કેમકે તે પણ જ્ઞાનની જ પર્યાય છે. જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ જ છે. તેથી વિકલ્પ (સંક્રમણજ્ઞાન) જ્ઞાનચેતનાનો શત્રુ નથી.

**ભાવાર્થ :–** પહેલાં એ કહેવામાં આવ્યું હતું કે વ્યવહારિક સમ્યગ્દર્શનમાં સવિકલ્પ-જ્ઞાન રહે છે અને તેનું કારણ કર્મોદય છે. કર્મોદયના હેતુથી વ્યાવહારિક સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન સંક્રમણાત્મક છે. તેથી તે વિકલ્પ અવસ્થામાં જ્ઞાનચેતના હોય શકે નહિ. જ્ઞાનચેતના વીતરાગ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. આ જ વાતનું નિરાકરણ કરવા માટે આચાર્ય કહે છે કે વિકલ્પજ્ઞાન જ્ઞાનચેતનામાં બાધક થઈ શકતું નથી. ચારેય જ્ઞાન ક્ષયોપશમાત્મક છે તેથી ચારેય સંક્રમણાત્મક છે. સંક્રમણાત્મક હોવાથી જ્ઞાનચેતનામાં તે કોઈ રીતે બાધક થઈ શકતા નથી. કેમકે જ્ઞાનચેતનાનું જે પ્રતિપક્ષી હોય તે જ્ઞાનચેતનામાં બાધક થાય છે. વિકલ્પાત્મકજ્ઞાન જ્ઞાનની જ પર્યાય છે. તેથી તે જ્ઞાનચેતનાનું પ્રતિપક્ષી કોઈ રીતે નથી.

શંકાકાર

**ननु चेति प्रतिज्ञा स्यादर्थादर्थान्तरे गतिः।**
**आत्मनोऽन्यत्र तत्रास्ति ज्ञानसञ्चेतनान्तरम्।।८५०।।**

**અર્થ :–** આપની પ્રતિજ્ઞા છે કે સંક્રાન્તિ થતી હોવાથી અર્થથી અર્થાન્તરનું (એક પદાર્થથી બીજા પદાર્થનું) જ્ઞાન થાય છે. જો આવી પ્રતિજ્ઞા હોય તો શું આત્માથી ભિન્ન પદાર્થોમાં પણ જ્ઞાનસંચેતનાનો ઉપયોગ થાય છે ?

**ભાવાર્થ :–** પહેલાં કહેવામાં આવ્યું છે કે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય આ ચારેય જ્ઞાન સંક્રમણાત્મક છે, મતિજ્ઞાનમાં જ્ઞાનચેતના પણ આવી ગઈ તેથી તે પણ સંક્રમણાત્મક થઈ. હવે આ જ વિષયમાં કોઈ શંકા કરે છે કે જ્ઞાનચેતના શુદ્ધાત્મનાનુભવને કહે છે અને સંક્રાન્તિ જ્ઞાનચેતનામાં માનો જ છો, તો શું આત્માને પહેલાં જાણીને (આત્માનુભવ કરીને) પછી તેને છોડીને બીજા પદાર્થોમાં બીજા જ્ઞાનચેતના થાય છે ? જો થાય છે તો શુદ્ધાત્માને છોડીને ભિન્ન પદાર્થોમાં પણ જ્ઞાનચેતનાની વૃત્તિ રહેવાથી તેને વિપક્ષવૃત્તિપણું આવી ગયું. 'જ્ઞાનચેતના શુદ્ધાત્માનુભવરૂપ જ હોય છે, જ્ઞાનચેતનાપણું તેનો હેતુ હોવાથી' આ અનુમાનમાં જ્ઞાનચેતનાત્વ હેતુને શંકાકારે વિપક્ષવૃત્તિ કહીને વ્યભિચાર બતાવ્યો છે.

ઉત્તર

**सत्यं हेतोर्विपक्षत्वे वृत्तित्वाद्व्यभिचारिता।**
**यतोऽत्रान्यात्मनोऽन्यत्र स्वात्मनि ज्ञानचेतना।।८५१।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે તમારું કહેવું ઠીક છે વિપક્ષવૃત્તિ હોવાથી હેતુને વ્યભિચારીપણું અવશ્ય આવ છે, પરંતુ અહીં હેતુ વિપક્ષવૃત્તિ નથી કેમકે અન્ય પદાર્થોથી ભિન્ન જે શુદ્ધ નિજાત્મા છે તેમાં જ્ઞાનચેતનાની વૃત્તિ હોવાથી સંક્રમણ પણ થઈ જાય છે અને જ્ઞાનચેતનાને વિપક્ષવૃત્તિપણું પણ આવતું નથી.

**ભાવાર્થ :–** કોઈ પુરુષ પહેલાં ભિન્ન પદાર્થોને જાણી રહ્યો હતો પછી તેણે પોતાનું

જ્ઞાન બાહ્ય પદાર્થોથી ખસેડીને પોતાના શુદ્ધાત્મ વિષયમાં લગાવી દીધું. શુદ્ધાત્માનુભવના સમયે તેનું તે જ્ઞાન જ્ઞાનચેતના સ્વરૂપ છે તથા તે બાહ્ય પદાર્થોથી ખસીને શુદ્ધાત્મામાં લાગવાના કારણે સંક્રમણાત્મક પણ છે અને તે જ્ઞાનચેતનારૂપ જ્ઞાનની બાહ્યપદાર્થોના વિષયમાં વૃત્તિ પણ નથી તેથી વ્યભિચાર દોષ નથી.

**किञ्च सर्वस्य सद्दृष्टेर्नित्यं स्याज्ज्ञानचेतना।**
**अव्युच्छिन्नप्रवाहेण यद्वाऽखण्डैकधारया।।८५२।।**

**અર્થ :–** સર્વ સમ્યગ્દૃષ્ટિઓને સદા જ્ઞાનચેતના રહે છે તે નિરંતર પ્રવાહરૂપે રહે છે અથવા અખંડ એકધારારૂપે સદા રહે છે.

આમાં કારણ

**हेतुस्तत्रास्ति सध्रिची सम्यक्त्वेनान्वयादिह।**
**ज्ञानसञ्चेतनालब्धिर्नित्या स्वावरणव्ययात्।।८५३।।**

**અર્થ :–** નિરંતર જ્ઞાનચેતનાને રહેવામાં પણ સહકારી કારણ સમ્યગ્દર્શનની સાથે અન્વયરૂપે રહેનારી જ્ઞાનચેતનાલબ્ધિ છે. પોતાનું આવરણ દૂર થવાથી તે સમ્યગ્દર્શનની સાથે સદા રહે છે.

**ભાવાર્થ :–** આત્મામાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થતાની સાથે જ મતિજ્ઞાનાવરણકર્મનો વિશેષ ક્ષયોપશમ થાય છે. તે જ ક્ષયોપશમનું નામ જ્ઞાનચેતનાલબ્ધિ છે. આ લબ્ધિ સમ્યગ્દર્શનની સાથે અવિનાભાવરૂપે સદા રહે છે અને આ જ લબ્ધિ ઉપયોગાત્મક જ્ઞાનચેતનામાં કારણ છે.

ઉપયોગાત્મક જ્ઞાનચેતના સદા હોતી નથી

**कादाचित्काऽस्ति ज्ञानस्य चेतना स्वोपयोगिनी।**
**नालं लब्धेर्विनाशाय समव्याप्तेरसंभवात्।।८५४।।**

**અર્થ :–** જ્ઞાનની નિજ ઉપયોગાત્મક ચેતના કોઈ કોઈવાર હોય છે. તે લબ્ધિનો વિનાશ કરવા સમર્થ નથી, એનું કારણ પણ એ જ છે કે ઉપયોગરૂપ જ્ઞાનચેતનાની સમવ્યાપ્તિ નથી.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શનનો અવિનાભાવી જે મતિજ્ઞાનાવરણકર્મનો વિશેષ ક્ષયોપશમ છે તેને જ લબ્ધિ કહે છે અને તે લબ્ધિ હોતા આત્મા તરફ વળીને આત્માનો અનુભવ કરવો તે જ ઉપયોગ છે. લબ્ધિ અને ઉપયોગમાં કાર્યકારણ ભાવ છે. લબ્ધિ હોય તો જ ઉપયોગાત્મક જ્ઞાન થાય છે, નહિતર નહિ. પરંતુ એવો નિયમ નથી કે લબ્ધિ હોય ત્યારે ઉપયોગરૂપ જ્ઞાન હોય જ હોય. ઉપયોગાત્મક જ્ઞાન અનિત્ય છે, લબ્ધિરૂપ જ્ઞાન નિત્ય છે. જે સમયે આત્મા પદાર્થને જાણવા માટે ઉદ્યમ કરે છે તે જ સમયે તેને ઉપયોગાત્મક જ્ઞાન થાય છે. પરંતુ લબ્ધિરૂપ જ્ઞાન ટકી જ રહે છે તેથી ઉપયોગ અને લબ્ધિ એ બંનેમાં વિષમવ્યાપ્તિ છે. જે વ્યાપ્તિ એક તરફથી હોય છે તેને વિષમવ્યાપ્તિ કહે છે. ઉપયોગ હોય ત્યારે લબ્ધિ અવશ્ય હોય છે, પરંતુ લબ્ધિ હોય ત્યારે ઉપયોગાત્મક ચેતના હોય પણ અને ન પણ હોય, નિયમ નથી. જે વ્યાપ્તિ બંને તરફથી હોય તેને સમવ્યાપ્તિ કહે છે, જેમકે જ્ઞાન અને આત્મા. જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા અવશ્ય છે અને જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાન અવશ્ય છે. આવી બંને પ્રકારની (તરફની) વ્યાપ્તિ લબ્ધિ અને ઉપયોગરૂપ જ્ઞાનચેતનામાં નથી.

## તેનું જ સ્પષ્ટીકરણ

**अस्त्यत्र विषमव्याप्तिर्यावल्लब्ध्युपयोगयोः ।**
**लब्धिक्षतेरवश्यं स्यादुपयोगक्षतिर्यतः ।।८५५।।**
**अभावात्तूपयोगस्य क्षतिर्लब्धेश्च वा न वा ।**
***यत्तदावरणस्यात्मा दृशा व्याप्तिर्नचामुना ।।८५६।।**
**अवश्यं सतिसम्यक्त्वे तल्लब्ध्यावरणक्षतिः ।**
**न तत्क्षतिरसत्यत्र सिद्धमेतज्जिनागमात् ।।८५७।।**

---

* અહીં આવરણ શબ્દનો અર્થ આવરણનો ક્ષયોપશમ લેવો જોઈએ. નામનો એકદેશ કહેવાથી આખા નામનું ગ્રહણ ક્યાંક ક્યાંક કરવામાં આવે છે.

**અર્થ :–** લબ્ધિ અને ઉપયોગમાં વિષમ વ્યાપ્તિ છે કેમકે લબ્ધિનો નાશ થતાં ઉપયોગનો નાશ અવશ્ય થાય છે પરંતુ ઉપયોગનો નાશ થતાં લબ્ધિનો નાશ અવશ્યંભાવી નથી. થાય કે ન થાય, કાંઈ નિયમ નથી. સમ્યગ્દર્શનની સાથે લબ્ધાવરણકર્મના ક્ષયોપશમની વ્યાપ્તિ છે, તેની સાથે ઉપયોગાત્મક જ્ઞાનની વ્યાપ્તિ નથી. અહીં વ્યાપ્તિથી તાત્પર્ય સમવ્યાપ્તિનું છે. સમ્યગ્દર્શન થતાં લબ્ધાવરણ કર્મ (જ્ઞાનચેતનાને રોકનાર કર્મ)નો ક્ષયોપશમ પણ અવશ્ય થાય છે. સમ્યગ્દર્શનના અભાવમાં લબ્ધાવરણ કર્મનો ક્ષયોપશમ પણ હોતો નથી. આ વાત જિનાગમથી સિદ્ધ છે. +

+ ઘણા ખરા લોકો એવી શંકા ઉત્પન્ન કરે છે કે કાગળ, પેન્સિલ આદિ પદાર્થોનું જ્ઞાન જેવું સમ્યગ્જ્ઞાનીને થાય છે તેવું જ મિથ્યાજ્ઞાનીને થાય છે. તો પછી યથાર્થ જ્ઞાન થવા છતાં પણ મિથ્યાદૃષ્ટિને મિથ્યાજ્ઞાની કેમ કહેવામાં આવે છે ? આ શંકાનું સમાધાન આમ છે કે કેવળ લૌકિક પદાર્થોને જ જાણવાથી સમ્યગ્જ્ઞાની થઈ જવાતું નથી. જો લૌકિક પદાર્થોને જાણવાથી જ સમ્યગ્જ્ઞાની થઈ જવાતું હોય તો તે પાશ્ચિમાત્ય–વિજ્ઞાનીઓ કે જે અનેક સૂક્ષ્મ શોધ કરી રહ્યા છે અને પદાર્થોની શક્તિઓનું પરિજ્ઞાન કરી રહ્યા છે, તેમને સમ્યગ્જ્ઞાની કહેવા જોઈએ. પરંતુ નહિ, તે પણ મિથ્યાજ્ઞાની જ છે. સમ્યગ્જ્ઞાનીનું એ જ લક્ષણ છે કે જેના આત્મામાં દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમની સાથે જ મતિજ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ 'લબ્ધિ' થઈ ગયો હોય. મતિજ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ જો કે સામાન્ય દૃષ્ટિથી બધાને જ હોય છે તોપણ આ જુદો છે. આ સ્વાનુભૂતિ આવરણકર્મનો ક્ષયોપશમ કહેવાય છે. સ્વાનુભૂતિ પણ મતિજ્ઞાનનો જ ભેદ છે. સમ્યગ્જ્ઞાનીને સ્વાનુભૂતિ લબ્ધિ પ્રગટી જાય છે, બસ આ જ તેના સમ્યગ્જ્ઞાનનું ચિહ્ન છે. આનાથી જ બાહ્યપદાર્થોમાં અલ્પજ્ઞ હોવા છતાં અથવા ક્યાંક શંકિત વૃત્તિ થયા છતાં પણ તે સમ્યગ્જ્ઞાની જ કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ દોરડીમાં સાપનો, છીપમાં ચાંદીનો, વૃક્ષના થડમાં પુરુષનો ભ્રમ થાય જ છે. પરંતુ તે ભ્રમ બાહ્યદૃષ્ટિના દોષથી થાય છે. તેથી સમ્યગ્જ્ઞાનમાં તે દોષ બાધક થઈ શકતો નથી. પશુઓને પણ સમ્યગ્દર્શનની સાથે તે લબ્ધિ પ્રગટ થઈ જાય છે. તેથી તેઓ પદાર્થનું બહુ ઓછું (નહિ જેવું) જ્ઞાન ધરાવતા હોવા છતાં સમ્યગ્જ્ઞાની છે. પશુઓને જીવાદિ તત્ત્વોનું પૂર્ણ જ્ઞાન ભલે ન હોય તો પણ તેઓ મિથ્યાત્વનું આવરણ ખસી જવાથી સમ્યગ્જ્ઞાની છે. સમ્યગ્જ્ઞાની બહુવિજ્ઞ હોવો જોઈએ એવો નિયમ નથી, કેવળ સ્વાનુભૂતિ પ્રગટ થઈ જવાથી જ સમ્યગ્જ્ઞાની અલૌકિક સુખનું આસ્વાદન કરે છે. આત્મોપયોગી પદાર્થોનું શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાની ને જ હોય શકે છે. તે શ્રદ્ધાન મોટી મોટી શોધો કરનારાને નથી હોય શકતું. આજકાલ ઘણા માણસો દરેક પદાર્થના વિશ્વાસને સમ્યગ્દર્શન કહે છે. પરંતુ તેમનું આ કથન લોકોને ફક્ત ભ્રમમાં નાખનારું જ છે. સિદ્ધાંત તો ત્યાં સુધી બતાવે છે કે સ્વાનુભૂતિ વિના જે જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન છે તે પણ સમ્યકત્વ નથી. આ જ કારણે દ્રવ્યલિંગી મુનિ સંસારમાં જ રહે છે, તેઓ જો કે દસ અંગ સુધી ભણી જાય છે. તેમને જીવાદિ તત્ત્વોનું પણ શ્રદ્ધાન છે, પરંતુ સ્વાનુભૂતિ લબ્ધિનો તેમને અભાવ છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ જ છે. તેમને યથાર્થ સુખનો સ્વાદ મળતો નથી. ઉપર્યુક્ત કથનનો સારાંશ એ જ છે કે જેમને સ્વાનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ થઈ ગયો છે. તે જ સમ્યગ્જ્ઞાની છે. હા, સ્વાત્મોપયોગી પદાર્થોનું શ્રદ્ધાન પણ સમ્યકત્વમાં કારણ છે.

વિશેષ

**नूनं कर्मफले सद्यश्चेतना वाऽथ कर्मणि।**
**स्यात्सर्वतः प्रमाणाद्वै प्रत्यक्षं बलवद्यतः।।८५८।।**

**અર્થ :–** સમ્યકત્વના અભાવમાં કર્મચેતના અને કર્મફળચેતના હોય છે અને આ વાત સર્વ પ્રમાણસિદ્ધ છે. કેમકે આ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે કે મિથ્યાદૃષ્ટિને કર્મચેતના અને કર્મફળચેતના હોય છે. જે વાત પ્રત્યક્ષ સિદ્ધ હોય છે તે સર્વ પ્રમાણસિદ્ધ હોય છે, કેમકે પ્રત્યક્ષ સૌમાં બળવાન પ્રમાણ છે.

ફલિતાર્થ

**सिद्धमेतावतोक्तेन लब्धिर्या प्रोक्तलक्षणा।**
**निरुपयोगरूपत्वान्निर्विकल्पा स्वतोऽस्ति सा।।८५९।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનો એ જ સારાંશ છે કે જે જ્ઞાનચેતના આવરણની ક્ષયોપશમ-રૂપ લબ્ધિ છે તે શુદ્ધાત્માનુભવરૂપ ઉપયોગના અભાવમાં નિર્વિકલ્પ અવસ્થામાં રહે છે.

**ભાવાર્થ :–** જેમ બાહ્ય પદાર્થના અભાવમાં અગ્નિની દાહક શક્તિનું વ્યક્ત પરિણમન (કાર્યરૂપ) કાંઈ પણ દેખાતું નથી, તેવી જ અવસ્થા શુદ્ધાત્માનુભવના અભાવમાં લબ્ધિરૂપ જ્ઞાનચેતનાની સમજવી જોઈએ. ઉપર જે કહેવામાં આવ્યું છે કે સમ્યકત્વ હોય ત્યારે ઉપયોગાત્મક ચેતના કોઈવાર હોય છે અને કોઈવાર નથી હોતી, પરંતુ સમ્યકત્વ હોય ત્યારે લબ્ધિરૂપ ચેતના સદા ટકી રહે છે. તેનો સારાંશ એ જ છે કે સમ્યકત્વના સદ્ભાવમાં સ્વાત્માનુભવરૂપ ઉપયોગાત્મક જ્ઞાન હોય અથવા ન હોય પરંતુ લબ્ધિરૂપ જ્ઞાન અવશ્ય રહે છે. હા, એટલું અવશ્ય છે કે ઉપયોગના અભાવમાં લબ્ધિરૂપ જ્ઞાન નિર્વિકલ્પ અવસ્થામાં રહે છે, તે સમયે કાર્ય પરિણત નથી.

**शुद्धस्यात्मोपयोगो यः स्वयं स्यात् ज्ञानचेतना।**
**निर्विकल्पः स एवार्थादर्थासंक्रान्तसङ्गतेः।।८६०।।**

**અર્થ :–** શુદ્ધાત્માનુભવરૂપ જે ઉપયોગાત્મક જ્ઞાનચેતના છે તે પણ વાસ્તવમાં નિર્વિકલ્પ જ છે, કેમકે જેટલા કાળ સુધી શુદ્ધાત્માનુભવ થયા કરે છે તેટલા કાળ સુધી જ ઉપયોગાત્મક જ્ઞાનચેતના કહેવાય છે અને તે સમયે શુદ્ધાત્માથી ખસીને બીજા પદાર્થો તરફ જ્ઞાન જતું નથી, તેથી તે સમયે સંક્રાન્તિ ન હોવાથી ઉપયોગાત્મક જ્ઞાનને પણ નિર્વિકલ્પ કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ :–** અહીં એ શંકા થઈ શકે છે કે પહેલાં જ્ઞાનચેતનાને સંક્રમણાત્મક કહેવામાં આવી છે અને અહીં તેને જ અસંક્રમણાત્મક અથવા નિર્વિકલ્પ કહેવામાં આવી છે. તેમ શા માટે ? એના ઉત્તરમાં એમ સમજવું જોઈએ કે ત્યાં બીજા પદાર્થોથી ખસીને શુદ્ધાત્મામાં જોડાવાની અપેક્ષાએ જ્ઞાનચેતનાને સંક્રમણાત્મક કહેલ છે અને અહીં જ્ઞાનચેતનારૂપ ઉપયોગના અસ્તિત્વકાળે શુદ્ધાત્માથી ખસીને બીજા પદાર્થમાં જ્ઞાનનું પરિણમન ન થવાની અપેક્ષાએ તેને અસંક્રમણાત્મક (નિર્વિકલ્પ) કહેલ છે.

**अस्ति प्रश्नावकाशस्य लेशमात्रोऽत्र केवलम्।**
**यत्कश्चिद्बहिरर्थे स्यादुपयोगोऽन्यत्रात्मनः।।८६१।।**

**અર્થ :–** અહીં આ પ્રશ્ન માટે ફરીથી પણ થોડો અવકાશ રહી જાય છે કે જો જ્ઞાનચેતનામાં શુદ્ધાત્મા સિવાય અન્ય પદાર્થ વિષય બનતો જ નથી તો કેવળજ્ઞાનીઓને જ્ઞાનચેતના છે કે નહિ ? જો છે તો તેમાં અન્ય પદાર્થ વિષય કેમ બને છે ? જો નથી તો આ કેવળીઓને કર્મચેતના અને કર્મફળચેતનાની અસંભાવનામાં કઈ ચેતના કહેવી જોઈએ ? આ પ્રશ્નના ઉત્તરમાં એ જ સમજવું જોઈએ કે કેવળજ્ઞાનીઓને જ્ઞાનચેતના જ હોય છે અને તેમાં શુદ્ધાત્મા વિષય રહીને જ અન્ય સકળ પદાર્થો વિષય બને છે. શુદ્ધાત્મા સિવાય કેવળ અન્ય પદાર્થ વિષય બનતા નથી.

**ભાવાર્થ :–** કોઈ જ્ઞાનચેતનામાં કેવળ શુદ્ધાત્મા વિષય બને છે અને કોઈમાં શુદ્ધાત્મા તથા અન્ય પદાર્થ બંનેય વિષય બને છે, પરંતુ એવી કોઈ પણ ઉપયોગાત્મક જ્ઞાનચેતના નથી કે જેમાં શુદ્ધાત્મા વિષય ન થતો હોય અથવા કેવળ અન્ય પદાર્થ જ વિષય થતા હોય. અન્ય પદાર્થોનો નિષેધ કરવાનું પણ અમારું એ જ પ્રયોજન છે કે શુદ્ધાત્મા સિવાય કેવળ અન્ય પદાર્થ જ્ઞાનચેતનામાં વિષય બનતા નથી. અહીં એ શંકા ઉઠાવી શકાય કે જો જ્ઞાનચેતનામાં અન્ય પદાર્થમાં પણ વિષય બને છે તો તેમાં સંક્રમણ થવું પણ

આવશ્યક છે અને ઉપર જ્ઞાનચેતનામાં સંક્રમણનો નિષેધ કરવામાં આવ્યો છે. તે શા માટે ? એનો ઉત્તર એ છે કે જે જ્ઞાનચેતનામાં અન્ય પદાર્થ પણ વિષય બને છે તે તે જ્ઞાનચેતના અસ્તિત્વકાળે આદિથી અંત સુધી બરાબર વિષય રહે છે. કેવળજ્ઞાનમાં આદિથી જ શુદ્ધાત્મા તથા અન્ય પદાર્થ વિષય બને છે અને અનંતકાળ સુધી નિરંતર ટકી રહે છે. એમ નથી કે કેવળજ્ઞાનમાં ઉત્પત્તિકાળે કેવળ શુદ્ધાત્મા જ વિષય થતો હોય અને પછી વિષય વધતા જતા હોય. પરંતુ આદિથી જ સર્વ વિષય તેમાં ઝળકે છે અને બરાબર ઝળક્યા કરે છે. આ જ અપેક્ષાથી જ્ઞાનચેતનામાં અન્ય પદાર્થોનો વિષય રહેવા છતાં પણ સંક્રમણનો નિષેધ કરવામાં આવ્યો છે.

જ્ઞાનોપયોગનો મહિમા

**अस्ति ज्ञानोपयोगस्य स्वभावमहिमोदयः।**
**आत्मपरोभयाकारभावकश्च प्रदीपवत्।।८६२।।**

**અર્થ :–** જ્ઞાનોપયોગનો એ સ્વાભાવિક મહિમા છે કે તે પોતાનો પ્રકાશક છે, પરનો પ્રકાશક છે અને સ્વ–પર બંનેનો પ્રકાશક છે. જેમ દીપક પોતાનો અને બીજા પદાર્થોનો પ્રકાશક છે તેવી જ રીતે જ્ઞાન પણ પોતાનો અને બીજા પદાર્થોનો પ્રકાશક છે. આ જ્ઞાનોપયોગનો સ્વાભાવિક મહિમા છે.

તેનો ખુલાસો

**निर्विशेषाद्यथात्मानमिव ज्ञेयमवैति च।**
**तथा मूर्तानमूर्तांश्च धर्मादीनवत्रच्छति।।८६३।।**

**અર્થ :–** જ્ઞાન સામાન્યપણે જેમ પોતાના સ્વરૂપને જાણે છે તે જ પ્રમાણે જ્ઞેય પદાર્થોને પણ જાણે છે તથા જ્ઞેય પદાર્થોમાં મૂર્ત પદાર્થોને અને અમૂર્ત ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય આદિ પદાર્થોને તે જાણે છે.

સ્વપરોપયોગ ગુણદોષ ઉત્પાદક નથી

**स्वस्मिन्नेवोपयुक्तो वा नोपयुक्तः स एव हि।**
**परस्मिन्नुपयोक्तो वा नोपयुक्तः स एव हि।।८६४।।**
**स्वस्मिन्नेवोपयुक्तोऽपि नोत्कर्षाय स वस्तुतः।**
**उपयुक्तः परत्रापि नापकर्षाय तत्त्वतः।।८६५।।**

**અર્થ :–** પહેલાં એ વાત કહેવાય ગઈ છે કે ક્ષયોપશમાત્મક જ્ઞાનની બે અવસ્થાઓ હોય છે – એક લબ્ધિરૂપ, બીજી ઉપયોગરૂપ. જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી થતી જે આત્માની વિશુદ્ધિ છે તેને લબ્ધિ કહે છે અને પદાર્થોને જાણવાની ચેષ્ટા કરવી તેને ઉપયોગ કહે છે. હવે અહીં ઉપયોગાત્મક જ્ઞાનનો જ વિચાર થઈ રહ્યો છે કે કોઈવાર આત્મામાં જ જોડાય છે અર્થાત્ નિજાત્માને જ જાણે છે અને તે કોઈવાર નથી પણ જોડાતો અર્થાત્ તે કોઈવાર આત્માને નથી જાણતો, કેવળ લબ્ધિરૂપ જ રહે છે અથવા કોઈવાર તે પરપદાર્થમાં પણ જોડાય છે અને કોઈવાર ત્યાં પણ નથી જોડાતો. જે સમયે તે ઉપયોગ નિજાત્માને જાણી રહ્યો હોય ત્યારે તે કાંઈ ઉત્કર્ષ ઉત્પન્ન કરતો નથી અને જે સમયે તે પર પદાર્થને પણ જાણી રહ્યો હોય તે સમયે વાસ્તવમાં કાંઈ અપકર્ષ ઉત્પન્ન નથી કરતો.

સારાંશ

**तस्मात्स्वस्थितयेऽन्यस्मादेकाकारचिकीर्षया।**
**मा सीदसि महाप्राज्ञ सार्थमर्थमवैहि भोः।।८६६।।**

**અર્થ :–** તેથી પોતાના સ્વરૂપમાં સ્થિત રહેવા માટે બીજા પદાર્થથી ખસીને એકાકાર (આત્માકાર) કરવાની ઇચ્છાથી ખેદ ન કર. હે મહા પ્રાજ્ઞ ! સર્વ પદાર્થને ઓળખ.

**ભાવાર્થ :–** શંકાકાર સ્વાત્મોપયોગને જ જ્ઞાનચેતના સમજતો હતો. જે સમયે જ્ઞાનોપયોગ પરપદાર્થને જાણે છે તે સમયે તેને તે જ્ઞાનચેતના માનતો નહોતો. આચાર્ય તે શંકાકારને સંબોધીને કહે છે કે તું નકામો ખેદ ન કર. જ્ઞાનોપયોગનો તો આ સ્વાભાવિક

મહિમા છે કે તે સ્વપર સર્વને જાણે છે. ન તો સ્વાત્મોપયોગ કાંઈ વિશેષ ગુણોત્પાદક છે અને ન પરપદાર્થ તરફનો ઉપયોગ કાંઈ દોષોત્પાદક છે. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે. પદાર્થનું સ્વરૂપ જાણવાની ઘણી જરૂર છે.

જ્ઞાનનો સ્વભાવ

**चर्यया पर्यटन्नेव ज्ञानमर्थेषु लीलया।**
**न दोषाय गुणायाऽथ नित्यं प्रत्यर्थमर्थसात्।।८६७।।**

**અર્થ :–** જ્ઞાન સર્વ પદાર્થોમાં લીલા કરતું ફર્યા કરે છે, તે પ્રત્યેક પદાર્થને જાણતું થકું ન તો કાંઈ દોષ ઉત્પન્ન કરે છે અને ન તો કાંઈ ગુણ ઉત્પન્ન કરે છે અર્થાત્ દરેક પદાર્થને જાણવો એ જ્ઞાનનો ધર્મ છે. દોષ ગુણ સાથે એનો કોઈ સંબંધ નથી.

અહીં કેટલાક શ્લોકોમાં દોષગુણનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેથી એ જણાવી દેવું જરૂરી છે કે દોષ શબ્દથી ક્યો દોષ લેવો અને ગુણ શબ્દથી ક્યો ગુણ લેવો.

દોષ

**दोषः सम्यग्दृशो हानिः सर्वतोंऽशांशतोऽथवा।**
**संवराग्रेसरायाश्च निर्जरायाः क्षतिर्मनाक्।।८६८।।**
**व्यस्तेनाथ समस्तेन तद्द्वयस्योपमूलनम्।**
**हानिर्वा पुण्यबन्धस्याहेयस्याप्यपकर्षणात्।।८६९।।**
**उत्पत्तिः पापबन्धस्य स्यादुत्कर्षोऽथवास्य च।**
**तद्द्वयस्याथवा किञ्चिद्यावदुद्वेवलनादिकम्।।८७०।।**

**અર્થ :–** સંપૂર્ણપણે સમ્યગ્દર્શનની હાનિ થવી અથવા કેટલાક અંશે તેની હાનિ થવી, સંવર અને નિર્જરાની કાંઈક હાનિ થવી, આ બંનેમાંથી કોઈ એકનો વિનાશ થવો અથવા બંનેનોય સર્વદેશ વિનાશ થવો અથવા ઉપાદેય–પુણ્યબંધની હાનિ થવી અથવા તે ઓછું થઈ જવું અથવા પાપબંધની ઉત્પત્તિ થવી અથવા પાપબંધનો ઉત્કર્ષ

થવો અથવા પાપબંધની ઉત્પત્તિ અને તેના ઉત્કર્ષરૂપે કાંઈક ઉદ્વેલન વગેરે થવું; આ બધા દોષ કહેવાય છે.

ગુણ

**गुणः सम्यक्त्वसंभूतिरुत्कर्षो वा सतोंऽशकैः।**
**निर्जराऽभिनवा यद्वा संवरोऽभिनवो मनाक्।।८७१।।**
**उत्कर्षोवाऽनयोरंशैर्द्वयोरन्यतरस्य वा।**
**श्रेयोबन्धोऽथोत्कर्षो यद्वा नह्यपकर्षणम्।।८७२।।***

**અર્થ :–** સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવી અથવા તેની અંશરૂપે વૃદ્ધિ થવી અથવા નવી નિર્જરા થવી અથવા કાંઈક નવો સંવર થવો અથવા સંવર અને નિર્જરા બંનેની અંશરૂપે વૃદ્ધિ થવી અથવા બંનેમાંથી કોઈ એકનો ઉત્કર્ષ થવો, પુણ્યબંધ થવો અથવા તેની વૃદ્ધિ થવી અથવા પુણ્યબંધમાં અપાકર્ષણ (હીનતા) ન થવું; આ બધા ગુણ કહેવાય છે.

ગુણ અને દોષમાં ઉપયોગ કારણ નથી.

**गुणदोद्वयोरेवं नोपयोगोऽस्ति कारणम्।**
**हेतुर्नान्यतरस्यापि योगवाही च नाप्ययम्।।८७३।।**

**અર્થ :–** આ પ્રમાણે ઉપર કહેલા ગુણ અને દોષોમાં ઉપયોગ (જ્ઞાનોપયોગ) કારણ નથી અને ન તે બંનેમાંથી કોઈ એકનો હેતુ ય છે તથા આ ઉપયોગ બંનેનો સહકારી પણ નથી.

**ભાવાર્થ :–** કારણ, હેતુ, સહકારી આ ત્રણેનો ભિન્ન ભિન્ન અર્થ છે. ઉત્પન્ન

---

* મૂળ પુસ્તકમાં 'यद्वा स्यादपकर्षणम्' એવો પાઠ છે પરંતુ અહીં પુણ્યબંધના ઉત્કર્ષને ગુણ કહેવામાં આવ્યો છે, તો પછી તેના અપકર્ષને પણ કેવી રીતે ગુણ કહી શકાય, તેથી ઉપર્યુક્ત સંશોધિત પુસ્તકનો પાઠ જ અનુકૂળ લાગે છે. સુજ્ઞજનો વિશેષ વિચારે.

કરનારને કારણ કહે છે, જેમકે ધુમાડાની ઉત્પત્તિમાં અગ્નિ કારણ છે, જે ઉત્પાદક તો ન હોય પરંતુ સાધક હોય તેને હેતુ કહે છે. જેમકે પર્વતમાં અગ્નિ સિદ્ધ કરતી વખતે ધુમાડો તેનો સાધક થાય છે. સહાયતા પહોંચાડનારને સહકારી કહે છે. જેમ ઘડો બનાવતી વખતે કુંભારને દંડ સહકારી છે. ઉપયોગ ગુણદોષો માટે ન તો કારણ છે, ન હેતુ છે અને ન સહકારી પણ છે.

સમ્યકત્વની ઉત્પત્તિનું કારણ

**सम्यक्त्वं जीवभावः स्यादस्ताद्दृङ्मोहकर्मणः।**
**अस्ति तेनाविनाभूतं व्याप्तेः सद्भाववतस्तयोः।।૮૭૪।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થવાથી સમ્યકત્વ નામનો જીવનો ગુણ પ્રગટ થાય છે. દર્શનમોહનીયકર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમની સાથે જ સમ્યકત્વનો અવિનાભાવ છે. આ બંનેમાં જ વ્યાપ્તિ ઘટે છે.

**दैवादस्तं गते तत्र सम्यक्त्वं स्यादनन्तरम्।**
**Xदैवान्नस्तंगते तत्र न स्यात्सम्यक्त्वमञ्जसा।।૮૭૫।।**

**અર્થ :–** દૈવવશ (કાળલબ્ધિ આદિ નિમિત્ત મળતાં) તે દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થતાં આત્મામાં સમ્યકત્વ પ્રગટ થઈ જાય છે અને દૈવવશ (પ્રતિકૂળતામાં) તે દર્શન મોહનીયનો અસ્ત ન થતાં અર્થાત્ તેનો ઉદય રહેતાં સમ્યકત્વ થતું નથી.

**ભાવાર્થ :–** દર્શનમોહનીયકર્મનો ઉદય સમ્યકત્વની ઉત્પત્તિમાં બાધક છે અને તેનો અનુદય સમ્યકત્વની ઉત્પત્તિમાં સાધક છે.

---

X 'दैवान्नान्यतरस्यापि योगवाही च नाप्ययम्' આ પાઠ મૂળ પુસ્તકનો છે. એનો આશય એ જ છે કે ઉપયોગ દર્શનમોહનીયના ઉદય અને અનુદયમાં હેતુ નથી. સહકારી પણ નથી. પરંતુ આ વાતનું કથન નીચેનાં શ્લોકમાં આવ્યું છે તથા બે નકાર પણ ખટકે છે તેથી સંશોધિત પાઠ જ ઠીક લાગે છે.

**सार्धं तेनोपयोगेन न स्याद् व्याप्तिर्द्वयोरपि।**
**विना तेनापि सम्यक्त्वं तदास्ते सति स्याद्यतः।।८७६।।**

**અર્થ :–** તે જ્ઞાનોપયોગની સાથે દર્શનમોહનો અભાવ અને સમ્યકત્વની વ્યાપ્તિ નથી, કારણ કે ઉપયોગ (શુદ્ધોપયોગ) વિના પણ દર્શનમોહનીય કર્મનો અનુદય થતાં સમ્યકત્વ થાય જ છે. તેથી દર્શનમોહનો અભાવ અને સમ્યકત્વની વ્યાપ્તિ છે. ઉપયોગની સાથે એની વ્યાપ્તિ નથી.

ઉપયોગની સાથે નિર્જરાદિની પણ વ્યાપ્તિ નથી

**सम्यक्त्वेनाविनाभूता येऽपि ते निर्जरादयः।**
**समं तेनापयोगेन न व्याप्तास्ते मनागपि।।८७७।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનની સાથે અવિનાભાવપણે રહેનાર જે નિર્જરા, સંવર આદિ ગુણ છે તે પણ તે ઉપયોગની સાથે વ્યાપ્તિ રાખતા નથી અર્થાત્ નિર્જરા આદિમાં પણ ઉપયોગ કારણ નથી.

સમ્યકત્વ અને નિર્જરાદિની વ્યાપ્તિ

**सत्यत्र निर्जरादिनामवश्यं भोवलक्षणम्।**
**सद्भवोऽस्ति नासद्भावो यत्स्याद्वा नोपयोगि तत्।।८७८।।**

**અર્થ :–** સમ્યગ્દર્શન હોય ત્યારે નિર્જરા આદિ અવશ્ય જ હોય છે. સમ્યગ્દર્શનની ઉપસ્થિતિમાં નિર્જરાદિનો અભાવ હોતો નથી. પરંતુ તે સમયે જ્ઞાન ઉપયોગાત્મક હોય અથવા ન હોય, કાંઈ નિયમ નથી અર્થાત્ શુદ્ધોપયોગ હોય કે ન હોય, નિર્જરાદિ સમ્યકત્વના અવિનાભાવી છે. તેમાં ઉપયોગ કારણ નથી.

એનું જ સ્પષ્ટીકરણ

**आत्मन्येवोपयोग्यस्तु ज्ञानं वा स्यात्परात्मनि।**
**सत्सु सम्यक्त्वभावेषु सन्ति ते निर्जरादयः।।८७९।।**

**અર્થ :–** જ્ઞાન ચાહે સ્વાત્મામાં જ ઉપર્યુક્ત હોય કે ચાહે તે પરાત્મા (પરપદાર્થ) માં પણ ઉપયુક્ત હોય, પણ સમ્યગ્દર્શનરૂપ ભાવો હોય ત્યારે જ નિર્જરાદિ હોય છે.

**ભાવાર્થ :–** ઉપર્યુક્ત છ શ્લોકોમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તેનો સાર એ જ છે કે જ્ઞાન ભલે નિજાત્મામાં (શુદ્ધાત્માનુભવમાં) જોડાયેલું હોય અથવા પરપદાર્થો તરફ પણ જોડાયું હોય, તે ગુણદોષોમાં કારણ નથી. ઉપરના શ્લોકોમાં ગુણોનું કથન કરવામાં આવ્યું છે. નિર્જરાદિ ગુણોમાં જીવના સમ્યગ્દર્શનરૂપ પરિણામ જ કારણ છે, સ્વાત્મોપયોગ કારણ નથી.

પુણ્ય અને પાપબંધમાં કારણ

**यत्पुनः श्रेयसो बन्धो बन्धश्चाऽश्रेयसोऽपि वा।**
**रागाद्वा द्वेषतो मोहात् स स्यात् स्यान्नोपयोगसात्।।८८०।।**

**અર્થ :–** જેમ નિર્જરાદિ ગુણોમાં ઉપયોગ કારણ નથી તેવી જ રીતે પુણ્યબંધ અને પાપબંધમાં પણ તે કારણ નથી. પુણ્યબંધ અને પાપબંધ રાગ-દ્વેષ-મોહથી થાય છે. તે ઉપયોગને આધીન હોતા નથી.

બંધની વ્યાપ્તિ રાગાદિની સાથે છે

**व्याप्तिर्बन्धस्य रागाद्यैर्नाऽव्याप्तिर्विकल्पैरिव।**
**विकल्पैरस्य चाऽव्याप्तिर्न व्याप्तिः किल तैरिव।।८८१।।**

**અર્થ :–** બંધની વ્યાપ્તિ (અવિનાભાવ) રાગાદિકો સાથે છે, રાગાદિકોની સાથે

ઉપયોગની જેમ બંધથી અવ્યાપ્તિ નથી અને ઉપયોગની સાથે બંધની અવ્યાપ્તિ છે. ઉપયોગની સાથે રાગાદિની જેમ બંધની વ્યાપ્તિ નથી.

**ભાવાર્થ :–** બંધ થવામાં રાગદ્વેષ કારણ છે. શુભબંધમાં શુભરાગની તીવ્રતા અને અશુભ કર્મોદયની મંદતા કારણ છે અને અશુભબંધમાં અશુભરાગની તીવ્રતા અને શુભ કર્મોદયની મંદતા કારણ છે. પરંતુ બંધમાત્રમાં ઉપયોગ કારણ નથી. તેથી બંધનો અવિનાભાવ રાગદ્વેષની સાથે છે, ઉપયોગની સાથે નથી.

રાગ અને ઉપયોગમાં વ્યાપ્તિ નથી

**नानेकत्वमसिद्धं स्यान्नस्याद् व्याप्तिमिंथोऽनयोः ।**
**रागादे श्चोपयोगस्य किन्तूपेक्षाऽस्ति तद्द्वयोः ।।८८२।।**

**અર્થ :–** રાગ અને ઉપયોગ આમાં અનેકત્વ અસિદ્ધ નથી અર્થાત્ રાગ ભિન્ન પદાર્થ છે અને ઉપયોગ ભિન્ન પદાર્થ છે. આ બંનેમાં પરસ્પર વ્યાપ્તિ પણ નથી, પરંતુ રાગ અને ઉપયોગ બંનેમાં ઉપેક્ષાભાવ છે અર્થાત્ બંનેમાં કોઈપણ એકબીજાની અપેક્ષા રાખતા નથી. બંનેમાં કોઈ સંબંધ પણ નથી. બંને સ્વતંત્ર છે.

રાગ શો પદાર્થ છે

**कालुष्यं तत्र रागादिर्भावश्चौदयिको यतः ।**
**पाकाच्चारित्रमोहस्य दृङ्मोहस्याथ नान्यथा ।।८८३।।**

**અર્થ :–** આત્માના કલુષિત (સકષાય) પરિણામોનું નામ જ રાગાદિક છે. રાગાદિ આત્માનો ઔદયિકભાવ છે કેમકે તે ચારિત્રમોહનીય અને દર્શનમોહનીયના ઉદયથી થાય છે, અન્યથા થતો નથી.

**ભાવાર્થ :–** રાગાદિમાં આદિ પદથી દ્વેષ અને મોહનું ગ્રહણ કરવું જોઈએ. ચારિત્ર-મોહનીયકર્મનો વિપાક થવાથી આત્માના ચારિત્ર ગુણના વિભાવભાવને રાગદ્વેષ કહે છે. દર્શનમોહનીય કર્મનો વિપાક થવાથી સમ્યગ્દર્શનના વિભાવભાવને મોહ કહે છે.

એ ભાવકર્મના (દ્રવ્યકર્મના) ઉદયથી જ થાય છે તેથી તેમને ઔદયિકભાવ કહે છે. ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, સમ્યક્‌મિથ્યાત્વ, સમ્યક્‌ત્વ આ બધા રાગદ્વેષ મોહરૂપ ઔદયિકભાવ છે.

ઉપયોગ ક્યો પદાર્થ છે ?

**क्षायोपशमिकं ज्ञानमुपयोगः स उच्यते।**
**एतदावरणस्योच्चैः क्षयद्वोपशामाद्यतः।।८८४।।**

**અર્થ :–** ક્ષાયોપશમિક જ્ઞાનને ઉપયોગ કહે છે. આ ઉપયોગ જ્ઞાનાવરણકર્મના ક્ષય અને ઉપશમથી થાય છે.

રાગ અને ઉપયોગ ભિન્ન ભિન્ન કારણોથી થાય છે

**अस्ति स्वहेतुको रागो ज्ञानं चास्ति स्वहेतुकम्।**
**दूरे स्वरूपभेदत्वादेकार्थत्वं कुतोऽनयोः।।८८५।।**

**અર્થ :–** રાગ પોતાના કારણથી થાય છે અને જ્ઞાન પોતાના કારણથી થાય છે. રાગ અને જ્ઞાન બંનેનું સ્વરૂપ ભિન્ન ભિન્ન છે, તેથી બંનેનો એક અર્થ કેવી રીતે હોય શકે ?

**किञ्च ज्ञानं भवदेव भवतीदं न चापरम्।**
**रागादयो भवन्तश्च भवन्त्येते न चिद्यथा।।८८६।।**

**અર્થ :–** જે સમયે જ્ઞાન થાય છે, તે સમયે જ્ઞાન જ થાય છે તે સમયે રાગદ્વેષ થતા નથી અને જે સમયે રાગાદિક થાય છે તે સમયે રાગાદિક જ થાય છે, તે સમયે જ્ઞાન નથી થતું.

**ભાવાર્થ :–** 'જે સમયે' નો એવો આશય ન લેવો જોઈએ કે જ્ઞાનનો સમય ભિન્ન છે અને રાગાદિકનો ભિન્ન છે. સમય બંનેનો એક જ છે. જ્ઞાન અને રાગાદિ બંને એક જ સમયમાં થાય છે, પરંતુ જ્ઞાન પોતાના સ્વરૂપથી થાય છે અને રાગાદિક પોતાના સ્વરૂપથી થાય છે અથવા જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જ્ઞાન થાય છે અને ચારિત્ર-મોહનીય તથા દર્શનમોહનીયકર્મના ઉદયથી રાગ–દ્વેષ–મોહ થાય છે, જ્ઞાનાવરણ કર્મની અધિકતામાં જ્ઞાનનો ઓછો વિકાસ થાય છે અને તેની હાનિમાં જ્ઞાનનો અધિક વિકાસ થાય છે. એવી જ રીતે રાગદ્વેષ અને મોહની હીનતા અને અધિકતા તેમના કારણોની હીનતા અને અધિકતાથી થાય છે.

જ્ઞાનની વૃદ્ધિમાં રાગની વૃદ્ધિ થતી નથી

**अभिज्ञानं च तत्रास्ति वर्धमाने चिति स्फुटम्।**
**रागादीनामभिवृद्धिर्नस्याद् व्याप्तेरसंभवात्।।८८७।।**

**અર્થ :–** ઉપર્યુક્ત કથનનું સ્પષ્ટ દૃષ્ટાંત આ રીતે છે કે જ્ઞાનની વૃદ્ધિ થતાં રાગાદિની વૃદ્ધિ થતી નથી. કારણ કે આ બંનેની વ્યાપ્તિ નથી અર્થાત્ જ્ઞાનની વૃદ્ધિ સાથે રાગાદિનો કોઈ સંબંધ નથી.

રાગાદિની વૃદ્ધિમાં જ્ઞાનની વૃદ્ધિ થતી નથી

**वर्धमानेषु चैतेषु वृद्धिर्ज्ञानस्य न क्वचित्।**
**अस्ति यद्वा स्वसामग्रयां सत्यां वृद्धिः समाद्वयोः।।८८८।।**

**અર્થ :–** રાગાદિની વૃદ્ધિ થતાં જ્ઞાનની વૃદ્ધિ ક્યાંક નથી પણ થતી અથવા પોતપોતાની સામગ્રી મળતાં બંનેની એકસાથે જ વૃદ્ધિ થઈ જાય છે.

જ્ઞાનની વૃદ્ધિમાં રાગની હાનિ પણ નથી થતી

**ज्ञानेऽथ वर्धमानेऽपि हेतोः प्रतिपक्षक्षयात्।**
**रागादीनां न हानिः स्याद्धेतोर्मोहोदयात्सतः।।८८९।।**

**અર્થ :–** અથવા પ્રતિપક્ષ કર્મ (જ્ઞાનાવરણ) નો ક્ષય થવાથી જ્ઞાનની વૃદ્ધિ થતાં અને મોહનીય કર્મનો ઉદય રહેવાથી રાગાદિકોની હાનિ પણ નથી થતી.

**ભાવાર્થ :–** એક જ સમયે જ્ઞાનાવરણકર્મનો ક્ષય (ક્ષયોપશમ) અને મોહનીયનો ઉદય થઈ રહ્યો હોય તો જ્ઞાનની વૃદ્ધિ થાય છે, પરંતુ રાગની હાનિ નથી થતી.

કારણ મળતાં બંનેની હાનિ થાય છે

**यद्वा दैवात्तत्सामग्रयां सत्यां हानिः समं द्वयोः।**
**आत्मीयाऽऽत्मीयहेतोर्या ज्ञेया नान्योन्यहेतुतः।।८९०।।**

**અર્થ :–** અથવા દૈવવશ પોતપોતાની સામગ્રી મળતાં બંનેની સાથે જ હાનિ થાય છે. આ હાનિવૃદ્ધિનો ક્રમ પોતપોતાના કારણોથી થાય છે. એકનું કારણ બીજાની હાનિવૃદ્ધિમાં સહાયક કદી થઈ શકતું નથી.

ઉપયોગની દ્રવ્યકર્મની સાથે પણ વ્યાપ્તિ નથી

**व्याप्तिर्वा नोपयोगस्य द्रव्यमोहेन कर्मणा।**
**रागादीनान्तु व्याप्तिः स्यात् संविदावरणैः सह।।८९१।।**

**અર્થ :–** જેમ રાગદ્વેષાદિ ભાવમોહની સાથે ઉપયોગની વ્યાપ્તિ નથી તેવી જ રીતે દ્રવ્યમોહની સાથે પણ તેની વ્યાપ્તિ નથી. પરંતુ રાગાદિની તો જ્ઞાનાવરણની સાથે વ્યાપ્તિ છે.

રાગાદિકોની જ્ઞાનાવરણની સાથે વિષમ વ્યાપ્તિ છે

**अन्वयव्यतिरेकाभ्यामेषा स्याद्विविषमैवतु।**
**न स्यात् क्रमात्तथाव्याप्तिर्हेतोरन्यतरादपि।।८९२।।**

**અર્થ :–** રાગાદિકોની જ્ઞાનાવરણની સાથે અન્વય અને વ્યતિરેક બંનેથી વિષમ જ વ્યાપ્તિ છે. કોઈ બીજા હેતુથી પણ આ બંનેની સમવ્યાપ્તિ નથી.

**व्याप्तेरसिद्धिः साध्यात्र साधनं व्यभिचारिता।**
**सैकस्मिन्नपि सत्यन्यो न स्यात्स्याद्वा स्वहेतुतः।।८९३।।**

**અર્થ :–** અહીં સમવ્યાપ્તિની અસિદ્ધિ સાધ્ય છે અને વ્યભિચારીપણું હેતુ છે અર્થાત્ જો રાગાદિક અને જ્ઞાનાવરણકર્મની સમવ્યાપ્તિ માનવામાં આવે તો વ્યભિચારરૂપ દોષ આવે છે. તે આ રીતે આવે છે. જ્ઞાનાવરણ કર્મ હોય અને રાગાદિભાવ ન પણ હોય. જો (રાગાદિભાવ) હોય છે તો પણ પોતાના કારણોથી હોય છે.

**ભાવાર્થ :–** 'रागाद्यावरणयोः समव्याप्तेरसिद्धिः व्यभिचारित्वात्' આ અનુમાન વાક્યથી રાગાદિ અને આવરણમાં સમવ્યાપ્તિ બનતી નથી. વ્યાપ્તિ (શબ્દ)થી અહીં સમવ્યાપ્તિનું જ ગ્રહણ છે.

વ્યાપ્તિ કોને કહે છે

**व्याप्तित्वं साहचर्यस्य नियमः स यथा मिथः।**
**सति यत्र यः स्यादेव न स्यादेवासतीह यः।।८९४।।**

**અર્થ :–** સાહચર્યના નિયમને વ્યાપ્તિ કહે છે, તે આ રીતે છે– જેના હોવાથી (સદ્ભાવમાં) જે હોય અને જેના અસદ્ભાવમાં જે ન હોય, આ વ્યાપ્તિનો નિયમ પરસ્પર હોય છે.

**मा समा रागसद्भावे नूनं बन्धस्य संभवात्।**
**रागादीनामसद्भावे बन्धस्याऽसंभवादपि।।८९५।।**

**અર્થ :–** અહીં સમવ્યાપ્તિ નથી, રાગના સદ્ભાવમાં બંધ નિયમથી હોય છે અને રાગાદિકોના અભાવમાં બંધ નથી હોતો.

વિષમ વ્યાપ્તિ

**व्याप्तिः सा विषमा सत्सु संविदावरणादिषु।**
**अभावाद्रागभावस्य भावाद्वाऽस्य स्वहेतुतः।।८९६।।**

**અર્થ :–** વિષમ વ્યાપ્તિ આ રીતે છે – જ્ઞાનાવરણાદિ કર્મો હોય ત્યારે રાગભાવનો અભાવ હોય છે અથવા રાગાદિનો સદ્ભાવ પણ હોય તો તે તેના કારણોથી જ હોય છે, જ્ઞાનાવરણાદિના નિમિત્તે નહિ.

**ભાવાર્થ :–** સમવ્યાપ્તિ તો ત્યારે કહેવાય કે જ્યારે જ્ઞાનાવરણાદિના સદ્ભાવમાં રાગાદિ ભાવોનો પણ અવશ્ય સદ્ભાવ હોય, પરંતુ એમ બનતું નથી. ઉપશાંત કષાય, ક્ષીણ કષાય ગુણસ્થાનોમાં જ્ઞાનાવરણાદિ કર્મ તો છે પરંતુ ત્યાં રાગાદિ ભાવ બિલકુલ નથી. અગિયારમા ગુણસ્થાનથી નીચે પણ જ્ઞાનાવરણાદિ કર્મના સદ્ભાવમાં જ રાગાદિભાવ નથી હોતા, પરંતુ પોતાના કારણોથી હોય છે. પરંતુ રાગાદિ ભાવોના સદ્ભાવમાં જ્ઞાનાવરણાદિ કર્મોનો અવશ્ય બંધ થાય છે. કેમકે * આયુષ્ય સિવાયના સાતેય કર્મોનો બંધ સંસારી આત્માને ક્ષણેક્ષણે થયા કરે છે. તે બંધનું કારણ આત્માના

* આયુષ્યકર્મનો બંધ પ્રતિક્ષણ થતો નથી, પરંતુ ત્રિભાગમાં થાય છે અર્થાત્ કોઈ જીવના આયુષ્યમાંથી બે ભાગ પૂરા થઈ જાય અને એક ભાગ બાકી રહી જાય ત્યારે બીજા ભવના આયુષ્યનો બંધ થાય છે. જો પહેલાં ત્રિભાગમાં પરભવના આયુષ્યનો બંધ ન થાય તો બાકી રહેલા આયુષ્યના ત્રિભાગમાં થાય છે. આ જ પ્રમાણે આઠ ત્રિભાગોમાં આયુષ્યના બંધની સંભાવના છે. આયુષ્યબંધના આઠ જ અપકર્ષકાળ છે. જો આઠેયમાં ન થાય તો મરણ સમયમાં તો અવશ્ય જ પરભવના આયુષ્યનો બંધ થાય છે. આયુષ્યના બંધસહિત આઠે કર્મોનો બંધ થાય છે.

કષાયભાવ જ છે. જેમ રાગાદિક હોતાં જ્ઞાનાવરણાદિ કર્મ હોય છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ હોતા રાગભાવ પણ રહેતા હોત તો બંને પ્રકારે સમવ્યાપ્તિ થઈ જાત પરંતુ બંને તરફથી વ્યાપ્તિ નથી પણ એક તરફથી જ છે, તેથી આ વિષમવ્યાપ્તિ છે.

ઉપયોગની સાથે કર્મોની સર્વથા વ્યાપ્તિ નથી

**अव्याप्तिश्चोपयोगेऽपि विद्यमानेऽष्टकर्मणाम्।**
**बन्धो नान्यतमस्यापि नाबन्धस्तत्राप्यसति।।८९७।।**

**અર્થ :–** ઉપયોગની સાથે દ્રવ્યકર્મોની વ્યાપ્તિ નથી. ઉપયોગ વિદ્યમાન હોય તો પણ આઠ કર્મોનો બંધ થતો નથી, આઠ કર્મોમાંથી કોઈ એક કર્મનો પણ બંધ નથી થતો અને ઉપયોગ ન હોવા છતાં પણ આઠે કર્મોનો બંધ થાય છે.

**ભાવાર્થ :–** સિદ્ધાવસ્થામાં શુદ્ધોપયોગ તો છે પરંતુ આઠ કર્મોનો ત્યાં બંધ નથી અને મિથ્યાત્વ અવસ્થામાં શુદ્ધોપયોગનો અભાવ છે પરંતુ આઠ કર્મોનો બંધ છે, તેથી ઉપયોગ અને કર્મોની વ્યાપ્તિ નથી. આનો જ ખુલાસો નીચે કરવામાં આવે છે.

**यद्वा स्वात्मोपयोगीह क्वचिन्नानुपयोगवान्।**
**व्यतिरेकावकाशोऽपि नार्थादत्रास्ति वस्तुतः।।८९८।।**

**અર્થ :–** અથવા મિથ્યાત્વ અવસ્થામાં આઠ કર્મોનો બંધ રહેવા છતાં પણ આત્મા નિજાત્માનો અનુભવ નથી કરતો અને ક્યાંક 'સિદ્ધાવસ્થા'માં આઠ કર્મોનો અભાવ હોવા છતાં પણ નિજાત્માનો અનુભવ કરે છે. તેથી અહીં વ્યતિરેકનો અવકાશ પણ નથી.

**ભાવાર્થ :–** મિથ્યાત્વ અવસ્થામાં આઠ કર્મનો બંધ હોવા છતાં પણ શુદ્ધોપયોગ નથી, તેથી અન્વય ન થયો અને સિદ્ધાવસ્થામાં બંધનો અભાવ હોવા છતાં પણ ઉપયોગનો અભાવ ન થયો, તેથી વ્યતિરેક ન બન્યો. માટે ઉપયોગ અને કર્મબંધને વ્યાપ્તિ નથી.

સારાંશ

**सर्वतश्चोपसंहारः सिद्धश्चैतावतात्र वै।**
**हेतुः स्यान्नोपयोगोऽयं दृशो वा बन्धमोक्षयोः।।८९९।।**

**અર્થ :–** ઉપર્યુક્ત સર્વ કથનનો ઉપસંહાર – સારાંશ એ જ નીકળ્યો કે ઉપયોગ સમ્યગ્દર્શનનું કારણ નથી અને તે બંધ તથા મોક્ષનું ય કારણ નથી.

શંકાકાર

**ननु चैवं स एवार्थो यः पूर्वं प्रकृतो यथा।**
**कस्यचिद्वीतरागस्य सद्दृष्टेर्ज्ञानचेतना।।९००।।**
**आत्मनोऽन्यत्र कुत्रापि स्थिते ज्ञाने परात्मसु।**
**ज्ञानसञ्चेतनायाः स्यात् क्षतिः साधीयसी तदा।।९०१।।**

**અર્થ :–** શંકાકારનું કહેવું છે કે એ જ અર્થ નીકળ્યો જે પહેલાં પ્રકરણમાં આવી ગયો હતો અર્થાત્ કોઈ વીતરાગ સમ્યગ્દ્રષ્ટિને જ જ્ઞાનચેતના હોય છે કેમકે જ્ઞાનોપયોગ જ્યારે આત્માને છોડી અન્ય બાહ્ય પદાર્થોમાં ચાલ્યો જાય છે ત્યારે જ્ઞાનચેતનાની ક્ષતિ અવશ્ય જ થાય છે.

**ભાવાર્થ :–** અહીં આ શંકા કરવામાં આવી છે કે જેમ સમ્યગ્દર્શનરૂપ કારણથી આઠ કર્મોની નિર્જરા થાય છે તેવી જ રીતે જ્ઞાનચેતના પણ આઠ કર્મોની નિર્જરામાં કારણ છે. આ જ આશય હૃદયમાં રાખીને બીજા શ્લોકમાં આ શંકા કરવામાં આવી છે કે સમ્યકત્વ હોવા છતાં પણ જ્યારે શુદ્ધાત્માથી ખસીને ઉપયોગ કેવળ બાહ્ય પદાર્થોમાં ચાલ્યો જાય છે તો તે સમયે ઉપયોગાત્મક જ્ઞાનચેતનાની તો ક્ષતિ થઈ જ જાય છે, સાથે જ્ઞાનચેતનાની ક્ષતિ થઈ જવાથી નિર્જરાદિની પણ ક્ષતિ થઈ જવી જોઈએ ?

ઉત્તર

**सत्यं चापि क्षतेरस्या क्षतिः साध्यस्य न क्वचित्।**
**इयानात्मोपयोगस्य तस्यास्तत्राप्यहेतुता।।९०२।।***
**साध्यं यद्दर्शनाद्धेतोनिर्जरा चाष्टकर्मणाम्।**
**स्वतो हेतुवशाच्छक्तेर्न तद्धेतुः स्वचेतना।।९०३।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે બરાબર છે, ઉપયોગાત્મક જ્ઞાનચેતનાની ક્ષતિ થવા છતાં પણ સમ્યકત્વ હેતુના સાધ્યભૂત આઠ કર્મોની નિર્જરાની ક્ષતિ થતી નથી કેમકે જ્ઞાનચેતનાનું કર્મની નિર્જરામાં કારણ ન થવં તે જ ઉપયોગ (શુદ્ધોપયોગ) નું સ્વરૂપ છે. અહીં સાધ્ય આઠ કર્મોની નિર્જરા છે અને તેના કારણરૂપ હેતુ સમ્યગ્દર્શન છે, તે સાધ્ય આત્મામાં શક્તિ હોવાથી સ્વતઃ પણ થાય છે અને ધ્યાનાદિ પ્રયત્નથી પણ થાય છે, પરંતુ તેમાં જ્ઞાનચેતના કારણ નથી.

**ભાવાર્થ :–** પહેલાં પણ આ વાત કહેવામાં આવી છે કે ઉપયોગ ગુણદોષોમાં કારણ નથી અને અહીં પણ તે જ વાતનું વિવેચન કરવામાં આવ્યું છે કે આઠ કર્મોની નિર્જરા સમ્યકત્વરૂપ કારણાત્મક હેતુથી થાય છે અને ધ્યાનાદિ કારણોથી પણ થાય છે, પરંતુ જ્ઞાન ચેતનારૂપ ઉપયોગ તેમાં કારણ નથી. ઉપયોગનું કાર્ય કેવળ નિજાત્મા અને પરપદાર્થોને જાણવા માત્રનું છે. તેથી જ્યારે જ્ઞાનચેતના નિર્જરામાં કારણ જ નથી તો શંકાકારનું એમ કહેવું કે 'ઉપયોગ બાહ્ય પદાર્થમાં જવાથી જ્ઞાનચેતનાની ક્ષતિની સાથે જ આઠ કર્મોની નિર્જરાની પણ ક્ષતિ થશે.' એ સર્વથા નિર્મૂળ ઠરે છે. કેમકે નિર્જરા જ્ઞાનચેતનાનું સાધ્ય જ નથી.

શંકાકાર

**ननु चेदाश्रयासिद्धो विकल्पो व्योमपुष्पवत्।**
**तत्किं हेतुः प्रसिद्धोऽस्ति सिद्धः सर्वविदागमात्।।९०४।।**

* तत्राप्यहेतुतः આ પાઠ મૂળ પુસ્તકમાં છે. સંશોધિતમાં अहेतुता પાઠ છે.

**અર્થ :–** અહીં સ્વતંત્ર શંકા એ છે કે આપે (આચાર્યે) જે મતિ આદિ જ્ઞાનોને સંક્રમણાત્મક અને વિકલ્પાત્મક બતાવેલ છે તે બરાબર નથી કારણ કે વિકલ્પ કોઈ પદાર્થ જ નથી જેમ આકાશનું પુષ્પ કોઈ પદાર્થ નથી તેમ. તેથી વિકલ્પ શબ્દનું કોઈ વાચ્ય ન હોવાથી તેને આશ્રયાસિદ્ધ X જ કહેવું જોઈએ અને જ્યારે વિકલ્પ કોઈ પદાર્થ નથી ત્યારે જ્ઞાનને સવિકલ્પ કહેવામાં સર્વજ્ઞના આગમમાં પ્રસિદ્ધ ક્યો હેતુ હોઈ શકે ? અર્થાત્ કોઈ હેતુ હોઈ શકે નહિ.

ઉત્તર

**सत्यं विकल्पसर्वस्वसारं ज्ञानं स्वलक्षणात्।**
**सम्यक्त्वे यद्विकल्पत्वं न तत्सिद्धं परीक्षणात्।।९०५।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે જ્ઞાન પોતાના લક્ષણથી વિકલ્પાત્મક કહેવાય છે તથા સમ્યક્ત્વમાં જે વિકલ્પનો વ્યવહાર થાય છે તે પરીક્ષાથી સિદ્ધ થતો નથી.

**ભાવાર્થ :–** સમ્યક્ત્વમાં જે વિકલ્પનો વ્યવહાર થાય છે તે આકાશના ફૂલ જેવો નથી પરંતુ ઉપચરિત છે. આ જ વાત નીચે બતાવે છે.

**यत्पुनः कैश्चिदुक्तं स्यात् स्थूललक्ष्योन्मुखैरिह।**
**अत्रोपचारहेतुर्यस्तं ब्रुवे किल साम्प्रतम्।।९०६।।**

**અર્થ :–** જે લોકોએ સ્થૂળદૃષ્ટિ રાખીને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનને સવિકલ્પ કહ્યા છે, તેમણે ઉપચારથી કહ્યા છે; વાસ્તવમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સવિકલ્પ નથી. ઉપચારનું પણ શું કારણ છે ? તે જ હવે બતાવે છે.

**क्षायोपशमिकं ज्ञानं प्रत्यर्थं परिणामि यत्।**
**तत्स्वरूपं न ज्ञानस्य किन्तु रागक्रियाऽस्ति वै।।९०७।।**

X વાચ્ય વાચક સંબંધની અપેક્ષાથી શબ્દનું વાચ્ય જ તેનો આશ્રય હોય શકે છે. વિકલ્પ શબ્દનું કોઈ વાચ્ય જ નથી માટે આશ્રયાસિદ્ધ દોષ આવે છે.

**અર્થ :–** ક્ષાયોપશમિકજ્ઞાન જે દરેક પદાર્થને ક્રમેક્રમે જાણે છે, તે જ્ઞાનનું સ્વરૂપ નથી, પરંતુ રાગક્રિયા છે અને એ જ રાગ ઉપચારનો હેતુ છે.

રાગક્રિયા શા માટે છે તે બતાવે છે

**प्रत्यर्थं परिणामित्वमर्थानामेतदस्ति यत्।**
**अर्थमर्थं परिज्ञानं मुह्यद्रज्यद्द्विषद्यथा।।९०८।।**

**અર્થ :–** પદાર્થોનાં પ્રત્યેક પદાર્થનું પરિણમન થાય છે, તે પરિણમનમાં જ્ઞાન દરેક પ્રત્યે મોહ કરે છે, રાગ કરે છે, દ્વેષ કરે છે.

**ભાવાર્થ :–** પદાર્થોમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ હોવાથી કોઈમાં મોહરૂપ પરિણામ થાય છે, કોઈમાં રાગરૂપ પરિણામ થાય છે અને કોઈમાં દ્વેષરૂપ પરિણામ થાય છે.

રાગસહિત જ્ઞાન શાંત નથી

**स्वसंवेदन प्रत्यक्षादस्ति सिद्धमिदं यतः।**
**रागाक्तं ज्ञानमक्षान्तं रागिणो न तथा मुनेः।।९०९।।**

**અર્થ :–** આ વાત સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ છે કે રાગસહિત જ્ઞાન શાંત નથી. આવું શાંતિરહિત જ્ઞાન જેવું રાગી પુરુષને હોય છે તેવું મુનિને હોતું નથી.

**ભાવાર્થ :–** જે જ્ઞાન શાંતિરહિત હોય તે રાગસહિત અવશ્ય હોય તેથી તે રાગી પુરુષને જ હોય શકે છે, રાગરહિત મુનિને નહિ.

**अस्तिज्ञानाविनाभूतो रागो बुद्धिपुरस्सरः।**
**अज्ञातेऽर्थे यतो न स्याद् रागभावः खपुष्पवत्।।९१०।।**

**અર્થ :–** બુદ્ધિપૂર્વકનો રાગ જ્ઞાનનો અવિનાભાવી છે કેમકે નહિ જાણેલા પદાર્થમાં રાગભાવ ઉત્પન્ન જ થતો નથી. જેમ આકાશનું પુષ્પ પદાર્થ નથી તો તેમાં બુદ્ધિપૂર્વક રાગ પણ થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** રાગ બે પ્રકારનો હોય છે. એક બુદ્ધિપૂર્વક, બીજો અબુદ્ધિપૂર્વક. બુદ્ધિપૂર્વક રાગનો ક્ષાયોપશમિક જ્ઞાન સાથે અવિનાભાવ છે. જેને બુદ્ધિપૂર્વક રાગ હોય છે તેને જ કર્મચેતના હોય છે. પરંતુ એવો નિયમ નથી, કેમકે બુદ્ધિપૂર્વક રાગ ચોથા ગુણસ્થાને પણ છે તથા ઉપર પણ છે પરંતુ ત્યાં કર્મચેતના નથી, પણ જ્ઞાનચેતના છે. આટલું વિશેષ છે કે બુદ્ધિપૂર્વક રાગ કર્મબંધનું જ કારણ છે. જે જીવને સમ્યકત્વ નથી, બુદ્ધિપૂર્વક રાગ છે, તેને કર્મચેતના હોય છે. આ કર્મચેતના જ મહાન દુઃખનું કારણ છે. નરકાદિ ગતિઓનો બંધ કર્મ ચેતનાથી જ થાય છે. અબુદ્ધિપૂર્વક રાગ કર્મોદયવશ અજ્ઞાત પદાર્થમાં જ થાય છે. જે જીવોને અબુદ્ધિપૂર્વક રાગ છે તેમને જ કર્મફળચેતના હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી કર્મફળચેતના જ હોય છે.

બુદ્ધિપૂર્વક રાગ ક્યાં સુધી હોય છે

**अस्त्युक्तलक्षणो रागश्चारित्रावरणोदयात् ।**
**अप्रमत्तगुणस्थानादर्वाक् स्यान्नोर्ध्वमस्त्यसौ ।।९११ ।।**

**અર્થ :–** ઉપર કહેલો બુદ્ધિપૂર્વક રાગ ચારિત્રમોહનીયના ઉદયથી થાય છે. આ રાગ ચારિત્રમોહનીયના ઉદયથી હોય છે. આ રાગ અપ્રમત્ત ગુણસ્થાનથી પહેલાં પહેલાં હોય છે. છઠ્ઠા ગુણસ્થાનથી ઉપર સર્વથા નથી હોતો.

**ભાવાર્થ :–** છઠ્ઠા ગુણસ્થાનમાં સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય છે તેથી પ્રમાદરૂપ પરિણામોના કારણે ત્યાં બુદ્ધિપૂર્વક રાગ હોય છે. અપ્રમત્ત ગુણસ્થાનમાં સંજ્વલનનો મંદ ઉદય છે. ત્યાં પ્રમાદરૂપ પરિણામ સર્વથા હોતા નથી, કેવળ ધ્યાનાવસ્થા છે. જેટલી મુનિઓની કર્તવ્ય ક્રિયા છે તે બધી પ્રમત્ત ગુણસ્થાન સુધી જ છે. હા, સ્વાધ્યાય, ભોજન આદિ ક્રિયાઓમાં પણ વચ્ચે સાતમુ ગુણસ્થાન આવી જાય છે. કેમકે છઠ્ઠા અને સાતમાં બંનેનોય અંતર્મુહૂર્ત કાળ છે. તેથી બંનેય અંતર્મુહૂર્તમાં બદલાય જાય છે.

અબુદ્ધિપૂર્વક રાગ ક્યાં સુધી હોય છે

**अस्ति चोर्ध्वमसौ सूक्ष्मो रागश्चबुद्धिपूर्वजः ।**
**अर्वाक् क्षीणकषायेभ्य स्याद्विवक्षावशान्न वा ।।९१२ ।।**

**અર્થ :–** પ્રમત્ત ગુણસ્થાનથી ઉપર સૂક્ષ્મ–અબુદ્ધિપૂર્વક રાગ છે. આ રાગ ક્ષીણ કષાયથી પહેલાં પહેલાં હોય છે. તે પણ વિવક્ષાધીન છે. જો વિવક્ષા કરવામાં આવે તો અબુદ્ધિપૂર્વક–સૂક્ષ્મ રાગ છે, અન્યથા નથી.

**ભાવાર્થ :–** દશમા ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભનો ઉદય રહે છે. તેનાથી પહેલાં નવમા ગુણસ્થાનમાં બાદર કષાયનો ઉદય છે પરંતુ તે પણ સૂક્ષ્મ જ છે. દશમા ગુણસ્થાન સુધી સૂક્ષ્મ રાગભાવ રહે છે. તેથી તો ત્યાં સુધી અબુદ્ધપૂર્વક રાગભાવની વિવક્ષા કરવામાં આવે છે. પરંતુ સાતિશય–અપ્રમત્ત ગુણસ્થાનથી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી માંડવાની શરૂઆત થઈ જાય છે. તેથી આઠમા ગુણસ્થાનથી લઈને દશમા ગુણસ્થાન સુધી કોઈ મુનિ ઉપશમશ્રેણી માંડે છે અને કોઈ ક્ષપકશ્રેણી માંડે છે. જે ઉપશમશ્રેણી માંડે છે તેમને ઔપશમિકભાવ છે અને જે ક્ષપકશ્રેણી માંડે છે તેમને ક્ષાયિકભાવ છે. સ્થૂળ દૃષ્ટિથી આઠમા, નવમા અને દશમા આ ત્રણ ગુણસ્થાનોમાં ઔપશમિક અથવા ક્ષાયિક બે પ્રકારના જ ભાવ છે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતાં ત્યાં ક્ષાયોપશમિકભાવ પણ છે. કેમકે ચારિત્રમોહનીયનો ત્યાં મંદોદય પણ થઈ રહ્યો છે. તે મંદોદયની વિવક્ષા કરવાથી જ ત્યાં ક્ષાયોપશમિકભાવ છે, બીજી રીતે નથી. આ જ 'વિવક્ષા વશાત્' નો આશય છે.

ઉપચાર ક્યા નયથી કરવામાં આવે છે

**विमृश्यैतत्परं कैश्चिदसद्भतोपचारतः ।**
**रागवज्ज्ञानमत्रास्ति सम्यक्त्वं तद्वदीरितम् । ।९१३ । ।**

**અર્થ :–** આ જ વાતનો વિચાર કરીને કોઈ પુરુષોએ અસદ્‌ભૂત ઉપચારનયથી રાગસહિત જ્ઞાનને જોઈને સમ્યક્ત્વને પણ તેવું કહ્યું છે.

**ભાવાર્થ :–** જે મળેલાં ભિન્ન પદાર્થોને અભેદરૂપ ગ્રહણ કરે તેને અસદ્‌ભુત વ્યવહાર-નય કહે છે. જેમ આત્મા અને શરીરનો મેળ થવાથી કોઈ કહે કે આ શરીર મારું છે. એ જ પ્રમાણે રાગ ભિન્ન પદાર્થ છે પરંતુ અભેદબુદ્ધિના કારણે જ્ઞાન અને દર્શનને પણ કોઈએ સરાગી (સવિકલ્પ) કહી દીધા છે. વાસ્તવમાં રાગ બીજો પદાર્થ છે; જ્ઞાનદર્શન બીજા પદાર્થ છે; રાગનો જ્ઞાનદર્શન સાથે કોઈ સંબંધ નથી તેથી એમાં સરાગતા કેવળ ઔપચારિક છે.

## જ્ઞાન, દર્શન ક્યાં સુધી સવિકલ્પ કહેવાય છે

**हेतोः परं प्रसिद्धैर्यैः स्थूललक्ष्यैरितिस्मृतम्।**
***आप्रमत्तं च सम्यक्त्वं ज्ञानं वा सविकल्पकम्।।९१४।।**

**અર્થ :–** સ્થૂળ પદાર્થને લક્ષ્યમાં રાખનાર જે પ્રસિદ્ધ પુરુષોએ કેવળ રાગરૂપ હેતુથી આમ કહ્યું છે. તેમનું કહેવું છે કે પ્રમત્ત ગુણસ્થાન સુધી સમ્યકત્વ અને જ્ઞાન બંનેય સવિકલ્પ છે.

**ततस्तूर्ध्वं तु सम्यक्त्वं ज्ञानं वा निर्विकल्पकम्।**
**शुक्लध्यानं तदेवास्ति तत्रास्ति ज्ञानचेतना।।९१५।।**

**અર્થ :–** પ્રમત્ત ગુણસ્થાનથી ઉપર સમ્યકત્વ અને જ્ઞાન બંનેય નિર્વિકલ્પ હોય છે. તે જ શુક્લધ્યાન કહેવાય છે અને તે જ અવસ્થામાં જ્ઞાનચેતના હોય છે.

**प्रमत्तानां विकल्पत्वान्न स्यात्सा शुद्धचेतना।**
**अस्तीति वासनोन्मेष केषाञ्चित्स न सन्निह।।९१६।।**

**અર્થ :–** 'પ્રમત્ત જીવોને વિકલ્પાત્મક હોવાથી (તેમને) શુદ્ધચેતના હોય શકે નહિ.' કોઈ કોઈ પુરુષોને આવી વાસના વળગેલી છે, તે બરાબર નથી.

**ભાવાર્થ :–** જેઓ એમ કહે છે કે પ્રમત્ત ગુણસ્થાન સુધી બુદ્ધિપૂર્વક રાગ હોય છે, તેથી ત્યાં સુધી જ્ઞાન અને સમ્યકત્વ બંનેય સવિકલ્પ છે. સવિકલ્પ અવસ્થામાં જ્ઞાન-ચેતના પણ હોતી નથી અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનથી ઉપર જ જ્ઞાનચેતના હોય છે, નીચે નહિ. આચાર્ય કહે છે કે આમ કહેનાર વસ્તુના યથાર્થ વિચારક નથી. કેમ નથી તે નીચે બતાવે છે. –

**यतः पराश्रितो दोषोगुणो वा नाश्रयेत्परम्।**
**परो वा नाश्रयेदोषं गुणाञ्चापि पराश्रितम्।।९१७।।**

* મૂળ પુસ્તકમાં 'अप्रमत्त' એવો પાઠ છે પરંતુ 'आप्रमत्त' પાઠ ઠીક લાગે છે કેમકે પહેલાં છઠ્ઠા ગુણસ્થાન સુધી જ બુદ્ધિપૂર્વક રાગ બતાવવામાં આવ્યો છે.

**અર્થ :–** બીજાના આશ્રયથી થનારા ગુણદોષ બીજાના આશ્રયે (પહેલા કરતાં ભિન્નના આશ્રયે) થઈ શકતા નથી એવી જ રીતે બીજા પણ બીજાના આશ્રયથી થનારા ગુણદોષોને પોતાને આશ્રિત બનાવી શકતા નથી.

**ભાવાર્થ :–** જે આશ્રયથી જે દોષ અથવા ગુણ થાય છે તે દોષ અથવા ગુણ તે જ આશ્રયથી થઈ શકે છે, બીજા કોઈ ભિન્ન પદાર્થના આશ્રયથી થઈ શકતા નથી. આવો સિદ્ધાંત નિશ્ચિત હોવા છતાં પણ જે પરાશ્રિત ગુણદોષોને અન્યાશ્રિત બતાવે છે, તેઓ વાસ્તવમાં મોટી ભૂલ કરે છે.

રાગ ક્યા કારણથી થાય છે ?

**पाकाच्चारित्रमोहस्य रागोऽस्त्यौदायिकः स्फुटम्।**
**सम्यक्त्वे स कुतो न्यायाज्ज्ञाने वाऽनुदयात्मके।।९१८।।**

**અર્થ :–** ચારિત્રમોહનીયકર્મનો પાક થવાથી રાગ થાય છે, રાગ આત્માનો ઔદયિકભાવ છે અર્થાત્ કર્મોના ઉદયથી થાય છે. તે ઔદયિકભાવ અનુદય સ્વરૂપ સમ્યકત્વ અને જ્ઞાનમાં કેવી રીતે હોય શકે ? અર્થાત્ હોય શકે નહિ.

**ભાવાર્થ :–** રાગ આત્માનું નિજ પરિણામ નથી, પરંતુ કર્મોના ઉદયથી થતી વૈભાવિક અવસ્થા છે. સમ્યકત્વ અને જ્ઞાન બંનેય આત્માના સ્વાભાવિક ગુણ છે. તેથી તેમનામાં રાગભાવ હોય જ ન શકે.

જ્ઞાનચેતનાને પણ રાગ નષ્ટ કરી શકતો નથી

**अनिघ्नन्निह सम्यक्त्वं रागोऽवं बुद्धिपूर्वकः।**
**नूनं हन्तुं क्षमो न स्याज्ज्ञानसंचेतनामिभाम्।।९१९।।**

**અર્થ :–** બુદ્ધિપૂર્વક રાગ સમ્યકત્વનો ઘાત કરી શકતો નથી, તેથી તે સમ્યકત્વની સાથે અવિનાભાવી જ્ઞાનચેતના (લબ્ધિરૂપ)નો પણ ઘાત નિયમથી કરી શકતો નથી.

**ભાવાર્થ :–** રાગભાવ આત્માના ચારિત્ર ગુણનો જ ઘાત કરે છે. તે ન તો સમ્યકત્વનો ઘાત કરી શકે છે અને ન સમ્યકત્વની સાથે અવિનાભાવપૂર્વક રહેતી જ્ઞાનચેતનાનો

ઘાત કરી શકે છે. આ બંનેય સાથે રાગનો કોઈ સંબંધ જ નથી. તેથી ચોથા ગુણસ્થાનમાં પણ જ્ઞાનચેતના હોય જ છે, તેનું કોઈ બાધક નથી. જેઓ વીતરાગ સમ્યકત્વમાં જ જ્ઞાનચેતના કહેતા હતા તેમનું યુક્તિસહિત ખંડન થઈ ગયું.

આવો પણ તર્ક ન કરવો

**नाप्यूह्यमिति शक्तिः स्याद्रागस्यैतावतोऽपि या।**
**बन्धोत्कर्षोदयांशानां हेतुर्दृग्मोहकर्मणः।।९२०।।**

**અર્થ :–** રાગની એવી પણ શક્તિ છે કે જે દર્શનમોહનીયકર્મના બંધ ઉત્કર્ષ અને ઉદયમાં કારણ છે એવી પણ તર્કણા ન કરો.

આમ માનવામાં દોષ

**एवं चेत् सम्यगुत्पत्तिर्न स्यात्स्यात् दृग संभवः।**
**सत्यां प्रध्वंससामग्रयां कार्यध्वंसस्य सम्भवात्।।९२१।।**

**અર્થ :–** જો રાગભાવ જ દર્શનમોહનીયના બંધ ઉત્કર્ષ અને ઉદયમાં કારણ હોય તો સમ્યગ્દર્શનની ઉત્પત્તિ જ થઈ શકે નહિ. પછી તો સમ્યગ્દર્શન થવું જ અસંભવ બની જાય. કારણ કે નાશની સામગ્રીના સદ્ભાવમાં કર્મનો નાશ અવશ્ય થાય છે.

**ભાવાર્થ :–** પહેલાં તો શંકાકારે સરાગ અવસ્થામાં જ્ઞાનચેતનાનો નિષેધ કર્યો હતો પરંતુ તેને તેનો ઉત્તર આપી દેવામાં આવ્યો કે રાગનો અને જ્ઞાનચેતનાનો કોઈ સંબંધ નથી. પરાશ્રિત દોષ કે ગુણ અન્યના આશ્રયે થઈ શકતા નથી. રાગભાવ ચારિત્ર ગુણનો જ ઘાતક છે. તે સમ્યગ્દર્શન અને જ્ઞાનનો ઘાતક થઈ શકતો નથી. પછી શંકાકારે બીજી શંકા ઉઠાવી છે કે જો કે રાગભાવ સમ્યગ્દર્શનનો ઘાતક નથી, સમ્યગ્દર્શનનો ઘાત કરનાર તો દર્શનમોહનીયકર્મ છે તોપણ રાગભાવ તે દર્શનમોહનીયકર્મનો બંધ કરાવવામાં તથા તેના પરમાણુઓને ઉદયમાં લાવવામાં સમર્થ છે. આચાર્ય કહે છે કે જો રાગભાવ જ દર્શનમોહનીયના બંધ તથા ઉદય કરાવવામાં સમર્થ હોય તો આત્મામાં સમ્યકત્વની કદી

ઉત્પત્તિ જ થઈ શકે નહિ.

રાગભાવથી સમ્યકત્વની હાનિ થઈ શકતી નથી

**न स्यात्सम्यक्त्वप्रध्वंसश्चारित्रावरणोदयात्।**
**रागेणैतावता तत्र दृङ्मोहेऽनधिकारिणा।।९२२।।**

**અર્થ :–** ચારિત્રાવરણ કર્મના ઉદયથી (રાગભાવથી) સમ્યકત્વનો ઘાત થઈ શકતો નથી. કેમકે રાગભાવનો દર્શનમોહનીયકર્મના વિષયમાં કોઈ અધિકાર નથી.

સિદ્ધાંત કથન

**यतश्चास्त्यागमात् सिद्धमेतदृङ्मोहकर्मणः।**
**नियतं स्वोदयाद्बन्धप्रभृति न परोदयात्।।९२३।।**

**અર્થ :–** કારણકે આ વાત આગમથી સિદ્ધ છે કે દર્શનમોહનીય કર્મના બંધ, ઉત્કર્ષ આદિ દર્શનમોહનીયકર્મના ઉદયથી જ નિયમથી થાય છે. કોઈ બીજા (ચારિત્રમોહનીય)ના ઉદયથી દર્શનમોહનીયના બંધ, ઉત્કર્ષ, ઉદય કાંઈ થતું નથી.

**ભાવાર્થ :–** જે કાર્યનું જે કારણ નિયત હોય તે જ કારણથી તે કાર્ય સિદ્ધ થાય છે. જો કાર્યકારણ પદ્ધતિ ઉઠાવી લેવામાં આવે તો કોઈ પણ કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી. એ ઉપરાંત સંકર આદિ અનેક દોષ પણ આવે છે. કેમકે કારણના ભેદથી જ કાર્યનો ભેદ થાય છે. બીજી રીતે કોઈ પદાર્થની બરાબર વ્યવસ્થા થઈ શકતી નથી. સિદ્ધાંતકારોએ પહેલા ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો ઉદય કહ્યો છે, ત્યાં જ તેનો સ્વોદયમાં બંધ પણ થાય છે. જો દર્શનમોહનીયના બંધ અથવા ઉદય આદિ કોઈ બીજા કર્મના ઉદયથી પણ થવા લાગે તો તો સદા પહેલું જ ગુણસ્થાન રહે અથવા ગુણસ્થાનોની શ્રૃંખલા જ તૂટી જાય. ગુણસ્થાનોની અવ્યવસ્થા થતાં સંસાર મોક્ષ અથવા શુદ્ધ અશુદ્ધ ભાવોની વ્યવસ્થા પણ રહી શકે નહિ, તેથી દર્શનમોહનીયનો ઉદય ત્યારે જ તેના બંધ, ઉત્કર્ષ આદિ માનવા તે ન્યાયસંગત છે.

શંકાકાર

**ननु चैवमनित्यत्वं सम्यक्त्वाद्यद्वयस्य यत्।**
**स्वतः स्वस्योदयाभावे तत्कथं स्याद् हेतुतः।।९२४।।**
**न प्रतीमो वयं चैतदृङ्मोहोपशमः स्वयम्।**
**हेतुः स्यात् स्वोदयोस्योच्चैरूत्कर्षस्याऽथवामनाक्।।९२५।।**

**અર્થ :–** શંકાકારનું કહેવાનું છે કે જો પોતાના ઉદયમાં જે પોતાના બંધ, ઉત્કર્ષ થતાં હોય અથવા પર ઉદયમાં પરનો ઉદય ન થતો હોય તો આદિના બે સમ્યક્ત્વોમાં અનિત્યપણું કેવી રીતે આવી શકે ? કારણ કે કારણ વિના પોતાનો ઉદય પોતાની મેળે તો થાય નહિ અને દર્શનમોહનીયનો ઉદય થયા વિના શરૂઆતના બે સમ્યક્ત્વોમાં અનિત્યતા આવી શકે નહિ તથા અમને (શંકાકારને) એ પણ વિશ્વાસ નથી બેસતો કે સ્વયં દર્શનમોહનીયનો ઉપશમ જ દર્શનમોહનીયના ઉદય અથવા ઉત્કર્ષનું કારણ થઈ જતું હોય.

**ભાવાર્થ :–** ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષયોપશમ સમ્યક્ત્વ બંનેય અનિત્ય છે અર્થાત્ બંનેય છૂટીને મિથ્યાત્વરૂપ થઈ શકે છે. ક્ષાયિક સમ્યક્ત્વ જ એક એવું છે કે જે થયા પછી છૂટી શકતું નથી. શંકાકાર પહેલાં બે સમ્યક્ત્વો વિશે જ પૂછે છે કે દર્શનમોહનીયનો જે સમયે ઉપશમ અથવા ક્ષયોપશમ થયેલો હોય તે સમયે ક્યા કારણથી દર્શનમોહનીય કર્મનો ઉદય થઈ જાય છે કે જે સમ્યક્ત્વના નાશનો હેતુ છે. સ્વયં દર્શનમોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષયોપશમ તો તેના ઉદયમાં કારણ થઈ શકે નહિ. જો એમ થાય તો આત્માના સ્વાભાવિક ભાવ જ કર્મબંધના કારણ થવા માંડે અને કારણ વિના દર્શન-મોહનીયનો ઉદય થઈ શકતો નથી, તેથી અવશ્ય પરોદય (રાગ)થી તેનો ઉદય અને બંધ માનવા પડે છે. શંકાકારે ફેરવીને પાછી તે જ શંકા ઉઠાવી છે કે 'સરાગ અવસ્થામાં જ્ઞાનચેતના હોય શકે નહિ.'

ઉત્તર

**नैवं यतोऽनभिज्ञोऽसि पुद्गलाचिन्त्यशक्तिषु।**
**प्रतिकर्मप्रकृत्याद्यैर्नानारूपासु वस्तुतः।।९२६।।**

**અર્થ :–** આચાર્ય કહે છે કે શંકાકારે ઉપર જે શંકા ઉઠાવી છે તે સર્વથા નિષ્ફળ છે. આચાર્ય શંકાકારને સંબોધીને કહે છે કે હજી તમે પુદ્ગલની અચિંત્ય શક્તિઓના વિષયમાં બિલકુલ અજાણ છો. તમે સમજતા નથી કે દરેક કર્મમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ આદિ અનેકરૂપે ફળદાન શક્તિ ભરેલી છે.

**अस्त्युदयो यथाऽनादेः स्वतश्चोपशमस्तथा।**
**उदयः प्रशमो भूयः स्यादर्वागपुनर्भवात्।।९२७।।**

**અર્થ :–** જેમ અનાદિકાળથી કર્મોનો ઉદય થઈ રહ્યો છે તેવી જ રીતે કર્મોનો ઉપશમ પણ સ્વયં થાય છે. એવી જ રીતે ઉપશમની પછી ઉદય અને ઉદયની પછી ઉપશમ વારંવાર થયા કરે છે. આ ઉદય અન ઉપશમની શ્રૃંખલા જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી બરાબર થયા કરે છે.

જો આમ ન માનવામાં આવે તો દોષ

**अथ गत्यन्तराद्दोषः स्यादसिद्धत्वसंज्ञकः।**
**दोषः स्यादनवस्थात्मा दुर्वारोऽन्योन्यसंश्रयः।।९२८।।**

**અર્થ :–** જો ઉપર કહેલી વ્યવસ્થા માનવામાં ન આવે અને બીજી જ રીતે માનવામાં આવે તો અસિદ્ધ નામનો દોષ આવે છે, અનવસ્થા દોષ પણ આવે છે. અન્યોન્યાશ્રય દોષ પણ આવે છે કે જે દુર્વાર છે. આ દોષ કઈ રીતે આવે છે એ વાતનો ખુલાસો નીચે કરવામાં આવે છે. –

રાગ સ્વયં થાય છે કે પરથી

**दृङ्मोहस्योदयो नाम रागायत्तोऽस्ति चेन्मतम्।**
**सोऽपि रागोऽस्ति स्वायत्तः किं स्यादपररागसात्।।९२९।।**

**અર્થ :–** શંકાકારના મત પ્રમાણે જો દર્શનમોહનીયનો ઉદય રાગાધીન માનવામાં આવે તો બીજી શંકા ઉપસ્થિત થાય છે કે તે રાગ પણ શું પોતાને જ આધીન છે અર્થાત્ પોતાની મેળે જ થાય છે કે બીજા રાગને આધીન છે ?

રાગ જો પોતાની મેળે થતો હોય

**स्वायत्तश्चेव चारित्रस्य मोहस्योदयात्स्वतः ।**
**यथा रागस्तथा चायं स्वायत्तः स्वोदयास्त्वतः ।।९३०।।**

**અર્થ :–** જો ચારિત્રમોહનીયના ઉદયથી રાગ સ્વયં પોતાની મેળે જ થતો હોય તો જે રીતે રાગ સ્વયં થાય છે તેવી જ રીતે આ દર્શનમોહનીયનો ઉદય પણ પોતાના ઉદયથી સ્વયં જ પોતાની મેળે થાય છે.

જો પરસ્પર સિદ્ધિ માનવામાં આવે

**अथ चेत्तद्द्वयोरेव सिद्धिश्चान्योन्यहेतुतः ।**
**न्यायादसिद्धदोषः स्याद्दोषादन्योन्यसंश्रयात् ।।९३१।।**

**અર્થ :–** અથવા જો બંનેની ય સિદ્ધિ એકબીજાથી માનવામાં આવે અર્થાત્ રાગથી દર્શનમોહનીયનો ઉદય માનવામાં આવે અને દર્શનમોહનીયથી રાગનો ઉદય માનવામાં આવે તો અસિદ્ધ નામનો દોષ આવે છે. આની જ અંદર અન્યોન્યાશ્રય દોષ આવે છે.

**ભાવાર્થ :–** પરસ્પર એકની સિદ્ધિ બીજાને આધીન માનવાથી એકની પણ સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે જ્યારે એક સિદ્ધ થાય ત્યારે બીજું સિદ્ધ થાય, પરસ્પરની અપેક્ષામાં એક પણ સિદ્ધ થતું નથી.

આગમ પણ એમ બતાવતા નથી

**नागमः कश्चिदस्तीदृग्धेतुर्दृङ्मोहकर्मणः ।**
**X रागस्तस्थाय रागस्य तस्य हेतुर्दृगावृत्तिः ।।९३२।।**

**અર્થ :–** કોઈ જૈનાગમ પણ એ નથી બતાવતા કે દર્શનમોહનીય કર્મનો હેતુ રાગ છે અને તે રાગનો હેતુ દર્શનમોહનીય કર્મ છે.

સારાંશ

**तस्मात्सिद्धोऽस्ति सिद्धान्तो दृङ्मोहस्येतरस्य वा।**
**उदयोऽनुदयो वाऽथ स्यादनन्यगतिः स्वतः।।९३३।।**

**અર્થ :–** તેથી આ નિશ્ચિત સિદ્ધાંત છે કે દર્શન મોહનીયનો અથવા ચારિત્રમોહનીયનો ઉદય અથવા અનુદય બીજા કોઈ હેતુ વિના પોતાની મેળે જ થાય છે.

ઉપર કહેલાં સર્વકથનનો ફલિતાર્થ

**तस्मात्सम्यक्त्वमेकं स्यादर्थात्तल्लक्षणादपि।**
**तद्यथाऽवश्यकी तत्र विद्यते ज्ञानचेतना।।९३४।।**

**અર્થ :–** તેથી સમ્યકત્વ એક જ છે કેમકે તેનું લક્ષણ પણ એક જ છે. તેથી ત્યાં જ્ઞાનચેતના અવશ્ય છે.

**ભાવાર્થ :–** ઉપર બહુ આગળથી આ વાત ચાલી આવતી હતી કે સરાગ સમ્યકત્વમાં જ્ઞાનચેતના હોતી નથી, વીતરાગ સમ્યકત્વમાં જ હોય છે. શંકાકારે રાગના નિમિત્તે સમ્યકત્વના સરાગ અને વીતરાગ એવા બે ભેદ કર્યા હતા. આચાર્ય કહે છે કે રાગનો ચારિત્ર સાથે સંબંધ છે, તેનો સમ્યકત્વ સાથે કોઈ સંબંધ નથી, તેથી સરાગ અને વીતરાગ એવા સમ્યકત્વના ન તો ભેદ છે અને ન જ્ઞાનચેતનાનોય અભાવ છે. સમ્યગ્દર્શન એક છે. સ્વાનુભૂતિ તેનું લક્ષણ છે. જ્ઞાનચેતના સમ્યગ્દર્શનનો અવિનાભાવી ગુણ છે. તેથી સમ્યગ્દર્શનની સાથે તેનું હોવું આવશ્યક છે. તેથી ચાહે સરાગ અવસ્થા હોય કે વીતરાગાવસ્થા હોય, જ્ઞાનચેતના સમ્યકત્વની સાથે અવશ્ય હશે.

---

X મૂળ પુસ્તકમાં 'हेतुस्तस्याथ' પાઠ છે પરંતુ સંશોધિત પાઠ જ સાર્થક છે.

સમ્કત્વના ભેદ

**मिश्रौपशमिकं नाम क्षायिकं चेति तत्त्रिधा।।**
**स्थिति बन्धकृतो भेदो न भेदो रसबन्धसात्।।९३५।।**

**અર્થ :–** સમ્યકત્વના મિશ્ર (ક્ષાયોપશમિક), ઔપશમિક અને ક્ષાયિક એવા ત્રણ ભેદ છે, આ ત્રણે ભેદોમાં સ્થિતિબંધની અપેક્ષાથી જ ભેદ છે. રસબંધ (અનુભાગબંધ)ની અપેક્ષાએ કોઈ ભેદ નથી.

**ભાવાર્થ :–** સમ્યકત્વનો ઘાત કરનારી સાત પ્રકૃતિઓ છે – મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ, સમ્યકત્વ પ્રકૃતિ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. આ સાતેયના ક્ષયોપશમથી ક્ષાયોપશમિક સમ્યકત્વ થાય છે. સાતેયના ઉપશમથી ઉપશમ સમ્યકત્વ થાય છે અને સાતેયના ક્ષયથી ક્ષાયિકસમ્યકત્વ થાય છે. ઔપશમિક સમ્યકત્વની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે, ક્ષાયિકની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે, ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગર અને બે કરોડ પૂર્વમાં આઠ વર્ષ અને એક અંતર્મુહૂર્ત ઓછી છે. ક્ષાયોપશમિક સમ્યકત્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરની છે. આ પ્રમાણે સ્થિતિની અપેક્ષાએ સમ્યકત્વના ત્રણ ભેદ છે. તેના બીજા પણ અનેક* ભેદ છે. પરંતુ આ બધા ભેદો હોવા છતાં પણ સમ્યકત્વ ગુણમાં વાસ્તવિક દૃષ્ટિએ કોઈ ભેદ નથી. બધા ભેદોમાં આત્માને સ્વાનુભૂત્યાત્મક આનંદ આપનાર એક જ સમ્યકત્વ ગુણ છે. આ ભેદોની અપેક્ષાએ સમ્યકત્વ ગુણમાં કોઈ જાતનો ભેદ નથી. તેથી ગ્રંથકારે કહ્યું છે કે સ્થિતિબંધકૃત જ ભેદ છે. 'રસની અપેક્ષાએ' કોઈ ભેદ હોતો નથી અર્થાત્ તેના 'અનુભવમાં' કોઈ અંતર નથી.

હવે સ્થિતિ અને અનુભાગબંધમાં અંતર બતાવવા માટે ચારે બંધોનું સ્વરૂપ બતાવે છે.

**तद्यथाऽथ चतुर्भेदो बन्धोऽनादि प्रभेदतः।**
**प्रकृतिश्च प्रदेशाख्यो बन्धौस्थित्यनुभागकौ।।९३६।।**

---

* आज्ञामार्ग समुद्भवमुपदेशात्सूत्र बीजसंक्षेपात्।
विस्तारांर्थाभ्यां भवमवपरमावादिगाढञ्च।। આત્માનુશાસન

**અર્થ :–** પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ. આ રીતે બંધના ચાર ભેદ છે. આ બંધના ભેદ–પ્રભેદ અનાદિકાળથી ચાલ્યા આવે છે.

**ભાવાર્થ :–** સંસારી આત્મા અનાદિકાળથી ચારેય પ્રકારના બંધોથી બંધાયેલા હોય છે, પરિણામોની મલિનતાના ભેદોથી તે બંધમાં પણ અનેક ભેદ–પ્રભેદ થયા કરે છે.

## ચારે બંધનું સ્વરૂપ

**प्रकृतिस्तत्स्वभावात्मा प्रदेशो देशसंश्रयः।**
**अनुभागो रसो ज्ञेयो स्थितिः कालावधारणम्।।९३७।।**

**અર્થ :–** કર્મોના ભિન્ન ભિન્ન સ્વભાવને પ્રકૃતિ કહે છે, અનેક પ્રદેશોના સમૂહને પ્રદેશ કહે છે, રસને અનુભાગ કહે છે અને કાળની મર્યાદાને સ્થિતિ કહે છે.

**ભાવાર્થ :–** પ્રકૃતિ નામ સ્વભાવનું છે. જેમકે ગોળની મીઠી પ્રકૃતિ અર્થાત્ ગોળનો સ્વભાવ ગળ્યો, લીંબુની ખાટી પ્રકૃતિ અર્થાત્ લીંબુનો સ્વભાવ ખાટો, લીમડાની કડવી પ્રકૃતિ – લીમડાનો સ્વભાવ કડવો, મરચાની તીખી પ્રકૃતિ – મરચાનો સ્વભાવ તીખો, ઇત્યાદિ એ જ પ્રમાણે જ્ઞાનાવરણકર્મની પ્રકૃતિ શી ? જ્ઞાનને ઢાંકી દેવું, દર્શનાવરણકર્મની શી પ્રકૃતિ ? દર્શનને ઢાંકી દેવું, મોહનીયની શી પ્રકૃતિ ? સમ્યગ્દર્શન તથા સમ્યક્-ચારિત્રને વિપરીત સ્વાદવાળા કરવા, અંતરાયની શી પ્રકૃતિ ? વીર્યશક્તિને ઢાંકી દેવી. આ રીતે ભિન્ન ભિન્ન સ્વભાવને જ પ્રકૃતિ કહે છે તથા સ્વભાવ નામ ગુણનું છે, તેથી પ્રકૃતિ કર્મોનો ગુણ છે. પરંતુ ગુણગુણીમાં અભેદવિવક્ષા હોવાથી ગુણના નિમિત્તે ગુણીનો પણ પ્રકૃતિ શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે. જેમકે જ્ઞાનને ઢાંકનાર કર્મને પણ જ્ઞાનાવરણ પ્રકૃતિ કહે છે. દર્શનને ઢાંકનાર કર્મને પણ દર્શનાવરણ પ્રકૃતિ કહે છે. જો કે જ્ઞાનદર્શનને ઢાંકવા એ તે કર્મોની પ્રકૃતિ (સ્વભાવ) છે તો પણ અભેદવિવક્ષાથી તે સ્વભાવવાળા કર્મોનો પણ તે જ શબ્દથી વ્યવહાર કરે છે. આ રીતે તે ભિન્ન ભિન્ન સ્વભાવવાળા કર્મબંધને પ્રકૃતિબંધ કહે છે. પ્રકૃતિબંધના આઠ ભેદ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય. આમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચાર કર્મ ઘાતી છે અર્થાત્ આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે છે. અને બાકીના ચાર અઘાતી છે અર્થાત્ આત્મામાં ગુણોનો ઘાત

કરતા નથી. અહીં એ શંકા થઈ શકે કે જો અઘાતી કર્મ આત્માના ગુણોનો ઘાત જ કરતા નથી, તો પછી આઠે કર્મોના અભાવથી આઠ ગુણ સિદ્ધોમાં કઈ રીતે કહ્યા છે? એનો ઉત્તર એ છે કે ગુણ બે પ્રકારના હોય છે. એક અનુજીવી ગુણ, બીજા પ્રતિજીવી ગુણ. જે ગુણ ભાવરૂપ હોય અર્થાત્ વાસ્તવમાં પોતાની સત્તા રાખતા હોય તેમને અનુજીવી ગુણ કહે છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ઇત્યાદિ બધા અનુજીવી ગુણ છે અને જે વાસ્તવમાં પોતાની સત્તા તો રાખતા ન હોય અર્થાત્ વાસ્તવમાં ગુણ તો ન હોય પરંતુ કર્મોના અભાવથી આત્માની અવસ્થા વિશેષરૂપ હોય તેમને પ્રતિજીવી ગુણ કહે છે. અવ્યાબાધ, અગુરુલઘુ, સૂક્ષ્મ, અવગાહન આ ગુણ પ્રતિજીવી કહેવાય છે અર્થાત્ આત્મામાં કર્મોના નિમિત્તે જે દોષ ઉત્પન્ન થયા હતા તે કર્મોનો અભાવ થવાથી તે દોષો દૂર થયા તેને જ ગુણ કહે છે. જેમકે વેદનીયકર્મના નિમિત્તે આત્મામાં જે બાધા થઈ રહી હતી તે વેદનીય દૂર થવાથી તે બાધા પણ દૂર થઈ ગઈ. બાધા દૂર થવાનું નામ જ અવ્યાબાધ ગુણ કહેવાય છે. વાસ્તવમાં બાધાનું દૂર થવું અભાવરૂપ હોય છે. પરંતુ બાધારૂપ દોષના અભાવને ગુણ કહેવામાં આવ્યો છે. એવી જ રીતે નામકર્મના નિમિત્તે આત્મા શરીર અનુસાર કોઈવાર ભારે કહવાતો હતો અને કોઈવાર હલકો કહેવાતો હતો, તે નામકર્મ ખસી જવાથી આત્મા ન ભારે કહેવાય છે અને ન હલકો કહેવાય છે. આ ભારે કે હલકાપણાના અભાવને જ અગુરુલઘુ કહે છે. એવી જ રીતે સ્થૂળતાના અભાવને સૂક્ષ્મત્વ ગુણ અને અનવસ્થિતિના અભાવને અવગાહન ગુણ કહે છે. પરંતુ આ પ્રમાણે જ્ઞાનાદિક ગુણ અભાવરૂપ નથી, પરંતુ તે ભાવરૂપ ગુણ છે. કાર્માણ વર્ગણામાં જો કે ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિઓ છે. પરંતુ તે શક્તિઓ અનુસાર તેમની સંજ્ઞા પ્રકૃતિબંધ થયા પછી જ થાય છે. આત્મામાં સાતે કર્મનો બંધ સમયે સમયે થયા કરે છે પરંતુ આયુષ્ય કર્મનો બંધ વર્તમાન આયુષ્યના ત્રિભાગ (બે ભાગ પૂરા થયા પછી) માં જ થાય છે. આવા આઠ ત્રિભાગોમાં બંધ થઈ શકે છે અથવા આઠેમાં પણ થઈ શકે છે. જો કોઈ ત્રિભાગમાં પણ આયુષ્યનો બંધ ન થાય તો મરણકાળે અવશ્ય જ થઈ જાય છે. જે સમયે આયુષ્યનો પણ બંધ થતો હોય તે સમયે આઠેય પ્રકૃતિઓનો બંધ સમજવો જોઈએ. આયુષ્યના બંધના સમયે આ જીવના જેવા પરિણામ હોય છે તે અનુસાર તેવા જ આયુષ્યનો બંધ થઈ જાય છે અને એકવાર જે આયુષ્ય બંધાઈ જાય છે તે છૂટતું નથી, તે અવશ્ય તે ભવમાં જીવને લઈ જાય છે. તેથી દરેક સમયે પરિણામ બરાબર રાખવા તે દરેક વિચારશીલનું કર્તવ્ય છે. ખબર નથી કે ક્યા સમયે આવીને ત્રિભાગ પડી જાય. તેથી

આચાર્યોએ મરણકાળે સમાધિમરણને પરમાવશ્યક બતાવ્યું છે, સંભવ છે કે ક્યાંય આયુષ્યનો બંધ ન પડ્યો હોય તો મરણકાળે તો અવશ્ય પડશે જ. પ્રદેશબંધ – કર્મોના પરિણામને કહે છે અર્થાત્ કેટલા પ્રદેશોનો બંધ થયો છે, વધારેનો કે ઓછાનો. જ્યારે મન, વચન અને કાય યોગોની તીવ્રતા હોય છે ત્યારે અધિક પ્રદેશોનો બંધ થાય છે અને યોગોની મંદતામાં ઓછા પ્રદેશોનો બંધ થાય છે. પરંતુ પ્રતિસમય સામાન્ય રીતે અનંતાનંત પ્રદેશોનો બંધ થયા કરે છે. અર્થાત્ પ્રતિસમય આ જીવ સિદ્ધરાશિના (અનંતાનંતના) અનંતમા ભાગ અને અભવ્ય જીવ રાશિથી (જઘન્ય યુક્તાનંતથી) અનંતગુણા સમય પ્રબદ્ધ અર્થાત્ એક સમયમાં બંધાનારા પરમાણુ સમૂહને બાંધે છે. પરંતુ મન, વચન, કાયની પ્રવૃત્તિરૂપ યોગોની વિશેષતાથી કોઈવાર ઓછા અને કાઈવાર વધારે પરમાણુઓનો પણ બંધ કરે છે પરંતુ અનંતથી ઓછો બંધ કરતો નથી. કેમકે અનંત વર્ગોના સમૂહને એક વર્ગણા કહે છે અને અનંતાનંત વર્ગણાઓના એક સમય – પ્રબદ્ધ કહે છે અને એટલા જ પરમાણુ પ્રતિસમય આ જીવને ઉદયમાં આવ્યા કરે છે. ઉદયમાં આવનાર પ્રમાણ સમૂહને નિષેક કહે છે. આ પ્રમાણે જ્યાં સુધી આ જીવ કર્મબંધના કારણભૂત કષાય વિશિષ્ટ યોગોની પ્રવૃતિ રોકતો નથી ત્યાં સુધી આ બંધ અને ઉદયની શૃંખલા બરાબર ચાલ્યા કરે છે. જે કર્મ પરમાણુ આ જીવને બંધાય છે તે ઉપર્યુક્ત આઠ પ્રકૃતિઓમાં વહેંચાય જાય છે. તે વહેંચણીમાં આયુષ્યકર્મનો ભાગ સૌથી થોડો રહે છે તેનાથી કાંઈક વધારે નામ અને ગોત્ર કર્મનો ભાગ સરખો રહે છે, નામ ગોત્રથી અધિક જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય આ ત્રણ પ્રકૃતિઓનો સરખો ભાગ હોય છે અને તેનાથી અધિક મોહનીયકર્મનો ભાગ હોય છે, તેનાથી અધિક ભાગ વેદનીયકર્મનો રહે છે. વેદનીયકર્મનો ભાગ સૌથી અધિક રહે છે. એનું કારણ એ છે કે વેદનીયકર્મ સુખદુઃખનું કારણ છે તેથી તેની નિર્જરા અધિક થાય છે, તેથી સૌથી અધિક દ્રવ્ય એમાં ચાલ્યા જાય છે. સ્થિતિબંધ આત્માની સાથે કર્મોને રહેવાની મર્યાદાને કહે છે. જે કર્મબંધ થયો છે તે કેટલા કાળ સુધી આત્માની સાથે રહેશે, એનું જ નામ સ્થિતિબંધ છે. આ સ્થિતિબંધ બંધ બે પ્રકારે થાય છે. એક જઘન્ય, એક ઉત્કૃષ્ટ. સૌથી જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્તનો હોય છે, પરંતુ ઉદ્દીરણા (અસમયમાં કોઈ કારણવશ ખરી જતા કર્મ) થતાં જઘન્ય સ્થિતિબંધ એક આવલિમાત્ર છે અર્થાત્ જો કોઈ કર્મની ઉદ્દીરણા પણ થાય તોપણ ઓછામાં ઓછો આવલિમાત્ર આબાધકાળ પડે જ. તત્કાળબંધ અને તત્કાળ ઉદ્દીરણા પણ થતી નથી. અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનમાં

જે તત્કાળબંધ અને તત્કાળ ઉદય થાય છે તે વાસ્તવમાં બંધ જ નથી. બંધ કષાયના નિમિત્તે થાય છે, ઉક્ત ગુણસ્થાનોમાં કષાયનો ઉદય જ નથી. તેથી ત્યાં યોગના નિમિત્તે જેવા કર્મ આવે છે તેવા જ ચાલ્યા જાય છે, ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સીત્તેર ક્રોડાક્રોડી સાગર પ્રમાણ થાય છે. મધ્યમના અનેક ભેદ છે. કર્મોનો ઉદય આબાધાકાળ X પછી જ થાય છે. ઉદયની અપેક્ષાએ આબાધાકાળનું પ્રમાણ સાતે કર્મોનું (આયુષ્ય કર્મ સિવાય) એક ક્રોડા ક્રોડી સાગર પ્રમાણ સ્થિતિનું સો વર્ષ પ્રમાણ છે, બાકીની સ્થિતિઓનું તેમની ત્રિરાશિ પ્રમાણે જાણી લેવું જોઈએ. આયુષ્ય કર્મનો આબાધકાળ ક્રોડ પૂર્વના ત્રીજા ભાગથી લઈને આવલિના અસંખ્યાત ભાગ જેટલો છે. જેમ અન્ય કર્મોની આબાધા સ્થિતિ અનુસાર ભાગ કરવાથી થાય છે તેમ આયુષ્યકર્મની નથી. ઉદીરણાની અપેક્ષાએ સાત કર્મોની આબાધા આવલિ પ્રમાણ છે. પરભવના બાંધેલા આયુષ્યની ઉદીરણા થતી નથી. સ્થિતિબંધ વિના કર્મ પોતાનું ફળ આત્માને આપી શકતા નથી અને સ્થિતિબંધ કષાયથી થાય છે, તેથી સુખના ઇચ્છનારાઓએ કષાય ઓછા કરવા તે જ પરમ કર્તવ્ય છે. અનુભાગ બંધ કર્મોનું ફળ આપવાની શક્તિની હીનતા અને અધિકતાને કહે છે. વાસ્તવમાં આ જ બંધ આત્માને સાક્ષાત્ દુઃખનું કારણ છે. કેમકે કર્મોનું ફળ (વિપાકાવસ્થા) જ દુઃખ છે અને કર્મોનુ ફળ અનુભાગ બંધથી થાય છે. આત્માના ગુણોનું વિભાવ પરિણમન આનાથી જ થાય છે. આત્મામાં અશુદ્ધતા આનાથી જ આવે છે. આત્માનાં સંક્લેશ પરિણામોથી અશુભ પ્રકૃતિઓમાં તીવ્ર અનુભાગ પડે છે અને શુભ પ્રકૃતિઓમાં જઘન્ય પડે છે તથા શુભ પરિણામોથી અશુભ પ્રકૃતિઓમાં જઘન્ય અનુભાગ પડે છે, શુભમાં અધિક પડે છે. ચારે ઘાતીકર્મ અશુભ છે. તેમનો અનુભાગ અર્થાત્ ફળ દેવાની શક્તિ ચાર ભેદમાં વિભાજિત કરવામાં આવે છે. કેટલાક કર્મોમાં ફળ દેવાની શક્તિ લતા સમાન છે. જેમ લતા કોમળ હોય છે તેમજ તે કર્મોની ફળદાન શક્તિ પણ બહુ હલકી હોય છે. લતા સમાન ફળદાન શક્તિ રાખનારા કર્મ આત્માના ગુણોનો સંપૂર્ણપણે ઘાત કરી શકતા નથી, પરંતુ એકદેશ ઘાત કરે છે. જેમકે સમ્યકત્વ પ્રકૃતિ લતા સમાન છે તે સમ્યગ્દર્શનનો પૂરો ઘાત કરી શકતી નથી. તેથી તેને દેશઘાતી પ્રકૃતિઓમાં ગણવામાં

---

X **कम्म सरूवेणागय दव्वं णाय एदि उदयरुवेण।**
**रुवेणुदीरणस्सव आवाहा जाव ताव हवे।।**

**અર્થ :–** આત્મામાં બંધાયેલા કર્મ જ્યાં સુધી ઉદયરૂપે અને ઉદીરણારૂપે ખરે નહિ ત્યાં સુધીના કાળને આબાધાકાળ કહે છે.

આવી છે. કેટલાક કર્મ પરમાણુઓમાં કાષ્ઠ સમાન ફળદાન શક્તિ છે. કાષ્ઠ લતા કરતાં ઘણું કઠણ હોય છે. કાષ્ઠ સમાન શક્તિ રાખનારા કર્મોનો બહુ થોડો (અનંતમો) ભાગ દેશઘાતી છે અને ઘણો ભાગ સર્વઘાતી છે. કેટલાક પરમાણુોમાં હાડકા સમાન શક્તિ છે, આ શક્તિ કાષ્ઠની અપેક્ષાએ ઘણી વધારે કઠોર છે અને કેટલાક કર્મ પરમાણુઓમાં પથ્થર સમાન ફળદાન શક્તિ છે. આ કર્મ સર્વઘાતી છે અર્થાત્ આવી શક્તિ રાખનાર કર્મ આત્માના ગુણોનો સંપૂર્ણપણે ઘાત કરે છે. મિશ્ર પ્રકૃતિ અને મિથ્યાત્વ પ્રકૃતિ આના ઉદાહરણ છે. મિશ્ર પ્રકૃતિ કાષ્ઠ ભાગ સમાન છે અને મિથ્યાત્વ પ્રકૃતિ હાડકા અને પથ્થર સમાન છે. જેવી રીતે ઘાતીકર્મ બધા જ અશુભ છે તેવી રીતે અઘાતી કર્મ નથી પરંતુ તેમાં શાતાવેદનીય, શુભ આયુષ્ય X, શુભ નામ અને ઉચ્ચ ગોત્ર એ શુભ છે. બાકીના – અશાતા વેદનીય, અશુભ આયુષ્ય, અશુભ નામ અને નીચ ગોત્ર એ અશુભ કર્મ છે. જે જે પ્રકૃતિઓ છે, તેમાં પણ ચાર પ્રકારની શક્તિઓ – ગોળ, ખાંડ, સાકર અને અમૃત સમાન સમજવી જોઈએ અર્થાત્ પ્રશસ્ત કર્મોમાં કેટલાક ભાગ સુધી ગોળ સમાન ફળદાન શક્તિ છે, એવી જ રીતે કેટલાક ભાગ સુધી ખાંડ સમાન. કેટલાક ભાગ સુધી સાકર સમાન અને કેટલાક ભાગ સુધી અમૃત સમાન ફળદાન શક્તિ છે. અઘાતી કર્મોમાં જે જે અશુભ પ્રકૃતિઓ છે, તેમાં ક્રમપૂર્વક લીમડો, કાંજી, વિષ અને હળાહળ સમાન શક્તિ ભેદ સમજવો જોઈએ. આ જ શક્તિભેદોને અનુસાર આ જીવ સુખદુઃખની અધિકતા અથવા હીનતા ભોગવે છે. આ શક્તિ ભેદ જ ફળદાન શક્તિનું તારતમ્ય કહેવાય છે. આવું તારતમ્ય અનુભાગબંધમાં હોય છે તેથી વાસ્તવમાં અનુભાગબંધ જ દુઃખોનું મૂળ કારણ છે અથવા બીજા શબ્દોમાં એમ કહેવું બરાબર છે કે અનુભાગબંધ જ દુઃખ સ્વરૂપ છે. એને દૂર કરવાનો ઉપાય પણ કષાયોની હીનતા છે. જેટલા જેટલા કષાયો પુષ્ટ હશે એટલું એટલું જ કર્મોમાં રસ શક્તિનું અધિકપણું હશે અને જેટલા જેટલા કષાયો નિર્બળ અથવા મંદ હશે તેટલી તેટલી જ કર્મોમાં રસ

X દેવ આયુષ્ય, મનુષ્ય આયુષ્ય અને તિર્યંચ આયુષ્ય આ ત્રણે શુભ છે. પરંતુ ગતિઓમાં દેવગતિ અને મનુષ્યગતિ, આ બે ગતિ શુભ છે. એનું કારણ પણ એ છે કે તિર્યંચગતિમાં કોઈ જીવ જવા ઇચ્છતો નથી. કેમકે તે દુઃખનું કારણ છે. તેથી તિર્યંચગતિ તો અશુભ છે, પરંતુ જે જીવ તિર્યંચગતિમાં છે તે ત્યાંથી નીકળવા નથી ઇચ્છતો તેથી તિર્યંચ આયુષ્ય શુભ છે અને નરકમાં તો કોઈ જવા પણ નથી ઇચ્છતો અને ત્યાં જઈને રહેવા પણ કોઈ નથી ઇચ્છતો તેથી નરકગતિ અને નરક આયુષ્ય બંનેય અશુભ છે.

શક્તિની હીનતા હશે. ઉપર્યુક્ત ચારેય પ્રકારના બંધ યોગ અને કષાયથી થાય છે. યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે. કષાયથી સ્થિતિ અને અનુભાગબંધ થાય છે. આ યોગ અને કષાય બંનેના સમુદાયને લેશ્યા કહે છે. લેશ્યાનું લક્ષણ એ જ છે કે 'कषायोदयानुरञ्जिता योग प्रवृत्तिर्लेश्या' + અર્થાત્ કષાયોના ઉદયસહિત જે યોગોની પ્રવૃત્તિ છે તેનું જ નામ લેશ્યા છે. તેથી આ લેશ્યા જ ચારે બંધોનું કારણ છે. શુભ લેશ્યા અર્થાત્ શુભરાગ અને શુભયોગ પ્રકૃતિ પુણ્યબંધનું કારણ છે અને અશુભ લેશ્યા અર્થાત્ અશુભરાગ અને અશુભ યોગોની પ્રકૃતિ પાપબંધનું કારણ છે. X તેથી સૌથી પ્રથમ અશુભ પ્રવૃત્તિનો ત્યાગ કરી શુભ પ્રવૃત્તિમાં લાગવું જોઈએ. શુભ પ્રવૃત્તિમાં જોડાવાથી જે અશુભ પ્રવૃત્તિજન્ય તીવ્ર દુઃખનું કારણ પાપબંધ થાય છે તે અટકી જાય છે.

## અનુભાગબંધમાં વિશેષતા

**स्वार्थक्रिया समर्थोऽत्र बन्धः स्याद्रससञ्जिकः।**
**शेष बन्धत्रिकोऽप्येष न कार्यकरणक्षमः।।९३८।।**

**અર્થ :–** ઉપર જે ચારે બંધોનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેમાં અનુભાગ બંધ જ સ્વાર્થ ક્રિયા કરવામાં સમર્થ છે. બાકીના ત્રણેય બંધ કાર્ય કરવામાં સમર્થ નથી.

**ભાવાર્થ :–** પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ આ ત્રણેથી આત્માને સાક્ષાત્ દુઃખ થતું નથી, સાક્ષાત્ દુઃખ આપનાર અને આત્માના ગુણોનો ઘાત કરનાર અનુભાગ બંધ

---

+ **जोग पवित्ती लेस्सा कसाय उदयाणुरंजिया होई।**
**तत्तो दोण्णं कज्जं बन्ध चतुक्कं समुद्दिट्ठं।।**

અર્થાત્ કષાયોદય રંજિત યોગોની પ્રવૃત્તિ લેશ્યા કહેવાય છે. તેથી કષાય અને યોગરૂપ લેશ્યાથી જ ચારે પ્રકારના બંધ થાય છે.

X **लिंपइ अप्पी कीरइ एदोय णियमपुण्ण पुण्ण च।**
**जीवोति होदि लेस्सा लेस्सा गुणजाणयक्खादा।।**

**અર્થ :–** જીવ જેના કારણે પુણ્ય પાપનું ગ્રહણ કરે તેને જ લેશ્યાના જાણનારાઓએ લેશ્યા કહી છે.
– ગોમ્મટસાર

જ છે. કેમકે દરેક કર્મ આ શક્તિ અવસ્થામાં જ ફળ દેવામાં સમર્થ છે અને આ શક્તિમાં ન્યૂનાધિકપણું અનુભાગબંધથી આવે છે.

સારાંશ

**ततः स्थितिवशादेव सन्मात्रेऽप्यत्र संस्थिते।**
**ज्ञानसञ्चेतनायास्तु क्षतिर्न स्यान्मनागपि।।९३९।।**

**અર્થ :–** તેથી ત્રણે સમ્યગ્દર્શનોમાં સ્થિતિબંધની અપેક્ષાથી સત્તામાત્રમાં જ ભેદ છે. એનાથી જ્ઞાનચેતનાની જરા પણ હાનિ થતી નથી.

**ભાવાર્થ :–** પહેલાં કહેવામાં આવ્યું છે કે સમ્યગ્દર્શનના ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એવા ત્રણ ભેદ છે, તે ત્રણેય ભેદોમાં તે અલૌકિક સમ્યગ્દર્શન ગુણનો અનુભવ સમાન પણે થાય છે, કેવળ કર્મોની સ્થિતિની અપેક્ષાએ તે ત્રણેમાં ભેદ છે. વાસ્તવમાં રસબંધ કૃત ભેદ નથી. આ જ વાત ચારેય બંધોનું સ્વરૂપ બતાવીને સ્પષ્ટ કરવામાં આવી છે કે સ્થિતિના ભેદથી જ્ઞાનચેતનાની જરાપણ હાનિ થતી નથી અર્થાત્ સમ્યગ્દર્શનની સાથે અવિનાભાવપણે રહેનારી જ્ઞાનચેતના ત્રણેયમાં સમાન છે.

સમ્યગ્દર્શનની સાથે બીજા પણ સદ્‌ગુણ હોય છે

**एवमित्यादयश्चान्ये सन्ति ये सद्गुणोपमाः।**
**सम्यक्त्वमात्रमारभ्य ततोऽप्यूर्ध्वं च तद्वतः।।९४०।।**
**स्वसंवेदनप्रत्यक्षं ज्ञानं स्वानुभवाह्वयम्।**
**वैराग्यं भेदविज्ञानमित्याद्यस्तीह किं बहु।।९४१।।**

**અર્થ :–** આ રીતે સમ્યગ્દર્શનની સાથે તથા તેની આગળ બીજા પણ સદ્‌ગુણ પ્રગટ થાય છે. તે બધા સમ્યગ્દર્શનસહિત છે. તેથી સદ્‌ગુણ છે. તેમનામાંથી કેટલાક આ છે – સ્વસંવેદન પ્રત્યક્ષ સ્વાનુભવ જ્ઞાન, વૈરાગ્ય અને ભેદવિજ્ઞાન ઇત્યાદિ બધા ગુણ સમ્યગ્દર્શન થતાં જ થાય છે, એથી અધિક શું કહેવું ?

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શન થતાં જ ભેદવિજ્ઞાનાદિ ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે, અન્યથા થતી નથી. બીજો એ પણ આશય છે કે જે ગુણ સમ્યગ્દર્શનની સાથે હોય છે તે જ સદ્‌ગુણ છે. સમ્યગ્દર્શન વિના જે ગુણો હોય તેમને સદ્‌ગુણોની ઉપમા ભલે આપવામાં આવે પરંતુ વાસ્તવમાં તે સદ્‌ગુણ નથી. ચોથા ગુણસ્થાનથી પહેલાં ભેદવિજ્ઞાનાદિ (સદ્‌ગુણ) હોતા પણ નથી.

ચેતના ત્રણ પ્રકારની છે.

**अद्वैतेऽपि त्रिधाप्रोक्ता चेतना चैवमागमात्।**
**ययोवलक्षितो जीवः सार्थनामाऽस्ति नान्यथा।।९४२।।**

**અર્થ :–** જો કે ચેતના એક છે તોપણ આગમ અનુસાર તે ચેતનાના ત્રણ ભેદ છે. તે ચેતના વિશિષ્ટ જીવ જ યથાર્થ નામધારી કહેવાય છે, અન્યથા નહિ.

**ભાવાર્થ :–** જો કે ચેતના એક છે તોપણ કર્મના નિમિત્તે તેના કર્મચેતના, કર્મફળ-ચેતના અને જ્ઞાનચેતના એવા ત્રણ ભેદ છે. તેમાં આદિની બે ચેતના મિથ્યાત્વની સાથે હોય છે અને ત્રીજી જ્ઞાનચેતના સમ્યગ્દર્શનની સાથે હોય છે. આ ત્રણે ચેતનાઓનું સ્પષ્ટ વર્ણન પહેલાં આવી ગયું છે.

આશંકા

**ननु एवस्ति जीव सर्वोऽपि सर्वथाः।**
**किं तदाद्या गुणाश्चान्ये सन्ति तत्रापि केचन।।९४३।।**

**અર્થ :–** શું સર્વ જીવ સર્વથા ચૈતન્યમાત્ર જ છે કે ચૈતન્યની સાથે તેના બીજા પણ ગુણ છે ? ઉત્તર– હા, હોય છે. તેમાંથી કેટલાક ગુણ નીચે બતાવવામાં આવે છે.

બધા પદાર્થ અનંત ગુણાત્મક છે

**उच्यतेऽनन्तधर्माधिरूढोऽप्येकः सचेतनः।**
**अर्थजातं यतो यावत्स्यादनन्तगुणात्मकम्।।९४४।।**

**અર્થ :–** આ જીવ જો કે અનંત ગુણોનો ધારક છે તો પણ એક કહેવાય છે. જેટલા કાંઈ પદાર્થો છે તે બધા અનંત ગુણાત્મક છે.

**ભાવાર્થ :–** જેટલા કોઈ પદાર્થો છે તે બધા અનંત ગુણાત્મક છે. અનંત ગુણાત્મક હોવા છતાં પણ એકેક કહેવાય છે. એક કહેવાનું કારણ પણ એક સત્તા ગુણ છે. ભિન્ન ભિન્ન સત્તા ગુણથી જ પદાર્થોમાં ભેદ થાય છે. જીવ દ્રવ્ય પણ અનંત ગુણોનો અખંડપિંડ છે. ભિન્ન ભિન્ન સત્તાવાળા ભિન્ન ભિન્ન અનંત ગુણોના ધારક જીવદ્રવ્ય અનંત છે. પ્રત્યેક દ્રવ્યમાં ગુણોની ભેદ વિવક્ષાથી ભેદ થાય છે અને અભેદ વિવક્ષામાં અભેદ માનવામાં આવે છે. વાસ્તવમાં ગુણ સમૂહ જ દ્રવ્ય છે અને તે બધા ગુણો પરસ્પર અભિન્ન છે તેથી દ્રવ્ય અને ગુણોનો તાદાત્મ્ય સંબંધ છે, પરંતુ નૈયાયિક દર્શનવાળા ગુણગુણીમાં સર્વથા ભેદ માને છે અને તે બંનેનો સમવાય સંબંધ કહે છે. નૈયાયિકોનો આ સિદ્ધાંત ન્યાયદૃષ્ટિથી સર્વથા બાધિત છે કેમકે તેઓ પોતે જ જ્ઞાન અને જીવનો સમવાય કહે છે અને સમવાય સંબંધ તેમના મત પ્રમાણે નિત્ય હોય છે, વળી તેમના જ મત પ્રમાણે મુક્તાત્માનો જ્ઞાન ગુણ નષ્ટ થઈ જાય છે. તેથી તેમનો સિદ્ધાંત તેમના મતથી જ બાધિત થઈ જાય છે, આ જ આશય હૃદયમાં રાખીને ગ્રંથકાર પરીક્ષકોને સૂચના આપે છે –

**अभिज्ञानं च तत्रापि ज्ञातव्यं तत्परीक्षकैः।**
**वक्ष्यमाणमपि साध्यं युक्तिस्वानुभवागमात्।।९४५।।**

**અર્થ :–** જીવ અનંત ગુણાત્મક છે, આ વિષયનું વિશેષ પરિજ્ઞાન પરીક્ષકોએ કરવું જોઈએ. જો કે જે સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ, તે આગળ યુક્તિ, સ્વાનુભવ અને આગમ પ્રમાણથી કહીશું તો પણ પરીક્ષકોએ નિર્ણય કરી લેવો તે જ ઉચિત છે.

જીવના વિશેષ ગુણ

**तद्यथायथं जीवस्य चारित्रं दर्शनं सुखम्।**
**ज्ञानं सम्यक्त्वमित्येते स्युर्विशेषगुणाः स्फुटम्।।९४६।।**

**અર્થ :–** ચારિત્ર, દર્શન, સુખ, જ્ઞાન અને સમ્યક્ત્વ આ જીવના વિશેષ ગુણ છે.

જીવના સામાન્ય ગુણ

**वीर्यं सूक्ष्मोऽवगाहः स्यादव्याबाधाश्चिदात्मकः ।**
**स्याद्गुरुलघुसंज्ञं च स्युः सामान्यगुणा इमे ।।९४७।।**

**અર્થ :–** વીર્ય, સૂક્ષ્મ, અવગાહ, અવ્યાબાધ અને અગુરુલઘુ આ જીવના સામાન્ય ગુણ છે.

**ભાવાર્થ :–** દરેક પદાર્થમાં સામાન્ય અને વિશેષ ગુણ રહે છે, જે ગુણ સમાનપણે બધા પદાર્થોમાં રહે છે તેમને સામાન્ય ગુણ કહે છે. જેમકે અસ્તિત્વ, વસ્તુત્વ, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ આદિ. આ ગુણ બધા પદાર્થોમાં સમાન છે, તોપણ જુદા જુદા છે. જે ગુણ અસાધારણ હોય અર્થાત્ ભિન્ન ભિન્ન પદાર્થોના જુદા જુદા હોય, તેમને વિશેષ ગુણ કહે છે. વિશેષ ગુણ જ વસ્તુઓમાં પરસ્પર ભેદ કરાવે છે. જેમકે જીવમાં વિશેષ ગુણ જ્ઞાન, દર્શન, સુખ આદિ છે. પુદ્‌ગલમાં રૂપ, રસ, ગંધ, વર્ણ આદિ છે. આ જ સામાન્ય અને વિશેષ ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

બધા ગુણ સ્વાભાવિક છે

**सामान्या वा विशेषा वा गुणाः सिद्धाः निसर्गतः ।**
**टंकोत्कीर्णा इवाजस्त्र तिष्ठन्तः प्राकृताः स्वतः ।।९४८।।**

**અર્થ :–** જીવના સામાન્ય ગુણ અથવા વિશેષ સ્વભાવ સિદ્ધ છે. બધા ગુણ ટાંકણાથી કોરેલો પથ્થર સમાન નિરંતર રહે છે. અને સ્વયંસિદ્ધ અનાદિનિધન છે.

**तथापि प्रोच्यते किञ्चिच्छ्रूयतामवधानतः ।**
**न्यायबलात्समायातः प्रवाहः केन वार्यते ।।९४९।।**

**અર્થ :–** તો પણ તે ગુણોના વિષયમાં થોડુંક વિવેચન કરવામાં આવે છે કે તે સાવધાનપણે સાંભળવું જોઈએ. ગુણોનો પ્રવાહ ન્યાય (યુક્તિ)ના બળથી ચાલ્યો આવે છે. તેને કોણ રોકી શકે ?

**ભાવાર્થ :–** દ્રવ્યની સહભાવી પર્યાયને ગુણ કહે છે. દ્રવ્યની અનાદિકાળથી થતી અનંતકાળ સુધીની બધી પર્યાયોમાં ગુણ રહે છે. ગુણોનો નાશ કદી થઈ શકતો નથી, તેથી કહેવામાં આવ્યું છે કે ગુણોનો પ્રવાહ ન્યાયપ્રાપ્ત છે તેને કોણ રોકી શકે છે ?

## વૈભાવિક શક્તિ

**अस्ति वैभाविकी शक्तिः स्वतस्तेषु गुणेषु च।**
**जन्तोः संसृत्यवस्थायां वैकृताऽस्ति स्वहेतुतः।।९५०।।**

**અર્થ :–** તે જ જીવના અનંત ગુણોમાં એક સ્વતઃસિદ્ધ વૈભાવિક નામની શક્તિ છે. તે શક્તિ સંસાર અવસ્થામાં પોતાના કારણે વિકૃત (વિકારી) થઈ રહી છે.

**ભાવાર્થ :–** વૈભાવિક પણ એક આત્માનો ગુણ છે. તે ગુણની બે અવસ્થાઓ છે આત્માની શુદ્ધ અવસ્થામાં તેની સ્વાભાવિક અવસ્થા અને આત્માની અશુદ્ધ અવસ્થામાં તેની વૈભાવિક અવસ્થા. અશુદ્ધતાનું કારણ રાગદ્વેષભાવ છે. તે જ ભાવોના નિમિત્તે તે વૈભાવિક શક્તિનું વિભાવરૂપ પરિણમન થાય છે તથા રાગદ્વેષના અભાવમાં તેનું સ્વભાવ પરિણમન થાય છે. આત્માની સંસારાવસ્થામાં તેનું વિભાવરૂપ પરિણામ થાય છે અને મુક્તાવસ્થામાં સ્વભાવ પરિણમન થાય છે. તેથી સ્વાભાવિક અને વૈભાવિક એવી બે અવસ્થાઓ તે જ એક વૈભાવિક નામના ગુણની છે. કોઈ સ્વાભાવિક ગુણ પૃથક્ નથી.

## દૃષ્ટાંત

**यथा वा स्वच्छताऽऽदर्शे प्राकृताऽस्ति निसर्गतः।**
**तथाऽप्यस्यास्यसंयोगाद्वैकृताऽस्त्यर्थतोऽपि सा।।९५१।।**

**અર્થ :–** જેમ દર્પણમાં સ્વભાવથી જ સ્વચ્છતા (નિર્મળતા) સિદ્ધ છે. તો પણ સંબંધ થવાથી તેની વિકાર અવસ્થા થઈ જાય છે અને તે વિકાર વાસ્તવિક છે

**ભાવાર્થ :–** મુખનું પ્રતિબિંબ પડવાથી દર્પણનું સ્વરૂપ મુખમય થઈ જાય છે. તે તેની વિકારાવસ્થા છે અને તે કેવળ કલ્પનામાત્ર નથી પરંતુ વાસ્તવમાં કાંઇક વસ્તુ છે. કેમકે છાયા પુદ્‌ગલની પર્યાય છે. દર્પણની મુખમય પર્યાય સામે રહેલા મુખના નિમિત્તે થાય છે. તેવી જ રીતે જીવના રાગદ્વેષ પરિણામોથી તે વૈભાવિક ગુણની વિકારાવસ્થા થઈ રહી છે. એની આવી અવસ્થા અનાદિકાળથી છે.

વિકારાવસ્થામાં પદાર્થ પોતાનું સ્વરૂપ સર્વથા છોડતો નથી

**वैकृतत्वेऽपि भावस्य न स्यादर्थान्तरं क्वचित्।**
**प्रकृतौ यद्विकारित्वं वैकृतं हि तदुच्यते।।९५२।।**

**અર્થ :–** વિકૃત અવસ્થા થવા છતાં પણ પદાર્થ ક્યાંય બદલાય જતો નથી. પ્રકૃતિમાં જે વિકૃતિ હોય છે, તેને જ વિકાર કહે છે.

**ભાવાર્થ :–** પદાર્થમાં જે વિકાર થાય છે તે તે જ પદાર્થનો વિકાર કહેવાય છે. એમ નથી કે પદાર્થ જ બદલાયને બીજા પદાર્થરૂપ થઈ જતો હોય. જો આમ થતું હોય તો પછી તેને તે જ પદાર્થનો વિકાર ન કહેવો જોઈએ પરંતુ બીજો પદાર્થ જ કહેવો જોઈએ. તેથી સ્વભાવ સિદ્ધ પદાર્થમાં જે વિકાર થાય છે તે તે જ પદાર્થની નિમિત્તાન્તરથી (બીજા નિમિત્તથી) થનારી અશુદ્ધ અવસ્થા છે. જે નિમિત્તે તે અશુદ્ધ અવસ્થા થાય છે તે નિમિત્ત દૂર થતાં તે પદાર્થ પણ પોતાના પ્રાકૃતિક સ્વરૂપમાં આવી જાય છે.

દૃષ્ટાંત

**तथापि वारुणीपानाद् बुद्धिर्नाऽबुद्धिरेव नुः।**
**तत्प्रकारन्तरं बुद्धौ वैकृतत्वं तदर्थसात्।।९५३।।**

**અર્થ :–** જેમ મદિરાપાનથી મનુષ્યની બુદ્ધિ બુદ્ધિ જ રહે છે તે અબુદ્ધિ (પદાર્થાન્તર) થઈ જતી નથી. પરંતુ બુદ્ધિમાં જ કાંઇક બીજી અવસ્થા થઈ જાય છે. જે બુદ્ધિની બીજી અવસ્થા છે તે જ તેની વાસ્તવિક વિકૃતિ છે.

**ભાવાર્થ :–** સુબુદ્ધિરૂપ (?) પરિણમનને જ બુદ્ધિની વિકૃત અવસ્થા કહે છે.

**प्राकृतं वैकृतं वाऽपि ज्ञानमात्रं तदेव यत्।**
**यावदत्रेन्द्रियायत्तं तत्सर्वं वैकृतं विदुः।।९५४।।**

**અર્થ :–** સ્વાભાવિક જ્ઞાન હોય અથવા વૈભાવિક જ્ઞાન હોય બધું જ્ઞાન જ કહેવાય છે. કેમકે જાણવાપણું બંનેય અવસ્થાઓમાં છે. પરંતુ આટલું વિશેષ છે કે ઇન્દ્રિયોથી જે કાંઈ જ્ઞાન થાય છે તે બધું વૈભાવિક છે.

વિકૃતાવસ્થામાં જીવની વાસ્તવમાં હાનિ છે

**अस्ति तत्र क्षतिर्नूनं नाक्षतिर्वास्तवादपि।**
**जीवस्यातीवदुःखित्वात् सुखस्योन्मूलनादपि।।९५५।।**

**અર્થ :–** જીવની વિકૃત અવસ્થામાં વાસ્તવમાં હાનિ છે. વિકૃત અવસ્થાથી જીવની વાસ્તવમાં કાંઈ હાનિ ન હોય એમ નથી. કેમકે વિકૃતાવસ્થામાં જીવને અત્યંત દુઃખ થાય છે અને એનો સ્વાભાવિક સુખ ગુણ નાશ પામે છે.

**ભાવાર્થ :–** જેઓ સર્વથા નિશ્ચય પર આરૂઢ છે તેઓ એમ કહે છે કે કર્મબંધથી વાસ્તવમાં આત્માની કોઈ હાનિ નથી, આત્મા સદા શુદ્ધ છે. આમ કહેનાર વ્યવહારનયને સર્વથા મિથ્યા સમજે છે. પરંતુ આ તેમની ભૂલ છે, કર્મબંધથી જ જીવ કષ્ટ ભોગવી રહ્યો છે, અત્યંત દુઃખી થઈ રહ્યો છે, ચારે ગતિઓમાં ઘૂમ્યા કરે છે, રાગદ્વેષથી મૂર્છિત થઈ રહ્યો છે, અલ્પજ્ઞાની થઈ રહ્યો છે. ઇત્યાદિ અવસ્થાઓ તેની પ્રત્યક્ષ દેખાય છે, તેથી આચાર્યે આ શ્લોક દ્વારા બતાવ્યું છે કે વાસ્તવમાં પણ આ જીવની વિકૃત અવસ્થામાં હાનિ થઈ રહી છે, કેવળ નિશ્ચયનય પર આરૂઢ રહેનારાઓએ નયોના સ્વરૂપ પર પણ થોડો વિચાર અવશ્ય કરવો જોઈએ. તેમણે વિચારવું જોઈએ કે નિશ્ચિયનય અને વ્યવહારનય કોને કહે છે ? યથાર્થમાં નય નામ કોઈ અપેક્ષાએ પદાર્થનું નિરૂપણ કરવાનું

છે. નિશ્ચયનય આત્માના શુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કરે છે, તે બતાવે છે કે આત્મા કર્મોથી સર્વથા ભિન્ન છે. તે સદા શુદ્ધજ્ઞાન અને શુદ્ધદર્શનવાળો છે, તે ચારે ગતિઓના દુઃખનો ભોક્તા નથી ઇત્યાદિ. આ બધું કથન આત્માના અસલી સ્વરૂપના વિચારની અપેક્ષાએ છે અર્થાત્ આત્માનું શુદ્ધ સ્વરૂપ, કર્મોના નિમિત્તથી થતી અવસ્થાથી સર્વથા ભિન્ન છે. બસ આ જ શુદ્ધસ્વરૂપને પ્રગટ કરવું એ જ નિશ્ચયનયનું કાર્ય છે. પરંતુ વર્તમાનમાં જે કર્મકૃત અવસ્થા થઈ રહી છે તે મિથ્યા નથી, પરંતુ તે જીવની શુદ્ધ અવસ્થા નથી, તેથી નિશ્ચયનયની દૃષ્ટિએ આ જીવની વિકૃતાવસ્થા મિથ્યા જણાય છે. વાસ્તવમાં એ જીવની નિજ અવસ્થા નથી. એને વ્યવહારનય બતાવે છે, તેથી તેને પણ મિથ્યા કહી દેવામાં આવે છે. બીજી રીતે જો વિકૃતાવસ્થા કાંઈ વસ્તુ જ ન હોય, કેવળ કલ્પના અથવા ભ્રમાત્મક બોધ જ હોય તો પછી આ શરીરનો સંબંધ અને પુણ્યપાપનું ફળ તથા જીવનું સારું કે ખરાબ કર્તવ્ય કાંઈ ટકતું નથી. તેથી આ બધી વાતો યથાર્થ છે અને વિકૃત અવસ્થાથી જીવ વાસ્તવમાં દુઃખી છે અને તેના સુખ ગુણની હાનિ થઈ રહી છે. * એ જ વાત ગ્રંથકાર આગળ સ્પષ્ટ કરે છે :–

**अपि द्रव्यनयाद्देशाट्टंकोत्कीर्णोऽस्ति प्राणभृत्।**
**नात्मसुखे स्थितः कश्चित् प्रत्युतातीव दुःखवान्।।९५६।।**

**અર્થ :–** જેમ મણિ મળેલી (કીચડ આદિમાં) અવસ્થામાં પણ શુદ્ધ છે અને ભિન્ન અવસ્થામાં પણ શુદ્ધ છે, તેવી જ રીતે આ મનુષ્ય પણ ભલે કર્મોથી બંધાયેલો હોય અથવા મુક્ત હોય, સદા પોતાના સ્વરૂપમાં સ્થિત છે એમ પણ ન માનવું જોઈએ.

પોતાના સ્વરૂપમાં સ્થિત સમજવો એ પણ ભૂલ છે

---

* કેવળ નિશ્ચયનય પર ચાલનારા પૂજન આદિ શુભકાર્યોમાં પણ ઉદાસ થઈ જાય છે, આ તેમની મોટી ભૂલ છે. તેમણે સ્વામી સંમતભદ્રાદિ આચાર્યોની રચના ઉપર ધ્યાન દેવું જોઈએ કે જેમણે કેવળ આત્માનું ધ્યેય રાખીને પણ ભક્તિમાર્ગ ક્યાં સુધી અપનાવ્યો છે.

**नाङ्गीकर्तव्यमेवैतत् स्वस्वरूपे स्थितोऽस्ति ना।**
**बद्धो वा स्यादबद्धो वा निर्विशेषपाद्यथा मणिः।।९५७।।**

**અર્થ :–** જો કે દ્રવ્યાર્થિકનયથી આ જીવ ટંકોત્કીર્ણ પથ્થર સમાન સદા નિત્ય છે તો પણ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ કોઈ સંસારી જીવ પોતાના સુખમાં સ્થિત નથી. પરંતુ ઊલટો અત્યંત દુઃખી છે.

કારણ કે

**यतश्चेवं स्थिते जन्तोः पक्षः स्याद् बाधितो बलात्।**
**संसृतिर्वा विमुक्तिर्वा न स्याद्वा स्यादभेदसात्।।९५८।।**

**અર્થ :–** કેમકે જીવને જો સદા શુદ્ધ માનવામાં આવે તો તે માનવું ન્યાયબળથી બાધિત છે. જીવને સદા શુદ્ધ માનવાથી ન તો સંસાર સિદ્ધ થઈ શકે છે કે ન મોક્ષ પણ સિદ્ધ થઈ શકે છે અથવા બંનેમાં અભેદ જ સિદ્ધ થશે.

**ભાવાર્થ :–** संसरणं संसारः। – પરિભ્રમણનું નામ જ સંસાર છે, તે અશુદ્ધતા વિના હોય શકે નહિ અને સંસારના અભાવમાં મુક્તિ થવી પણ અસંભવ છે, કેમકે મુક્તિ સંસારપૂર્વક જ હોય છે. જે બંધાયો જ નથી તે મુક્ત પણ ક્યાંથી થાય ? તેથી જીવને સદા શુદ્ધ માનવાથી સંસાર અને મોક્ષ બંનેય બની શકતા નથી અથવા બંનેમાં કોઈ ભેદ સિદ્ધ થતો નથી. એને જ સ્પષ્ટ કરે છે –

**स्वस्वरूपे स्थितो ना चेत् संसारः स्यात् कुतो नयात्।**
**हटाद्वा मन्यामानेऽस्मिन्ननिष्टचत्वमहेतुकम्।।९५९।।**

**અર્થ :–** જો મનુષ્ય સદા પોતાના સ્વરૂપમાં જ સ્થિત રહે અર્થાત્ સદા શુદ્ધ જ રહ્યો હોય તો સંસાર ક્યા નયથી હોય શકે ? જો જીવને હઠપૂર્વક જ કોઈપણ હેતુ વિના શુદ્ધ માનવામાં આવે તો અનિષ્ટપણાનો પ્રસંગ આવે છે. તે જ બતાવે છે –

जीवश्चेत्सर्वतः शुद्धो मोक्षादेशो निरर्थकः।
नेष्टमिष्टत्वमत्रापि तदर्थं वा वृथा श्रमः।।९६०।।

**અર્થ :–** જો જીવ સદા શુદ્ધ હોય તો પછી મોક્ષનો આદેશ (નિરૂપણ) વ્યર્થ છે અને આ વાત ઇષ્ટ નથી. કેમ ઇષ્ટ નથી ? એનો ઉત્તર એ જ છે કે મોક્ષ માટે જે શ્રમ કરવામાં આવે છે તે બધો વ્યર્થ જશે.

**ભાવાર્થ :–** જીવને સર્વથા શુદ્ધ માનવાથી મોક્ષનું વિવેચન અને તેની પ્રાપ્તિનો ઉપાય આદિ બધી વાતો નકામી ઠરે છે, આ વાત ઇષ્ટ નથી.

सर्वं विप्लवतेऽप्येवं न प्रमाणं न तत्फलम्।
साधनं साध्यभावश्च न स्याद्वा कारकक्रिया।।९६१।।

**અર્થ :–** જો મોક્ષની વ્યવસ્થા અને તેનો ઉપાય જ નિરર્થક હોય તો ન પ્રમાણ બને છે, ન તેનું ફળ બને છે, ન સાધન બને છે, ન સાધ્ય બને છે, ન કારણ બને છે અને ન ક્રિયા બને છે, બધાનો વિપ્લવ (લોપ) થઈ જાય છે.

**ભાવાર્થ :–** જીવને પહેલાં અશુદ્ધ માનવાથી તો સંસાર, મોક્ષ, તેનો ઉપાય, સાધ્ય, સાધન, ક્રિયા, કારક, પ્રમાણ તેનું ફળ બધી વાતો સિદ્ધ થઈ જાય છે પરંતુ જીવને સર્વથા શુદ્ધ માનવાથી ઉપર કહેલી વાતોમાંથી એક પણ સિદ્ધ થતી નથી. તેથી પહેલાં જીવને અશુદ્ધ માનવો તે જ યુક્તિ સંગત છે.

સારાંશ

सिद्धमेतावताप्येवं वैकृता भावसन्ततिः।
अस्ति संसारि जीवानां दुःस्वमूर्तिर्दुरुत्तरी।।९६२।।

**અર્થ :–** ઉપર્યુક્ત કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ કે સંસારી જીવોના ભાવોની સંતતિ વિકૃત છે, દુઃખની મૂર્તિ છે અને ખોટા ફળવાળી છે.

શંકાકાર

**ननु वैभाविकाभावाः कियन्: सन्ति कीदृशाः।**
**किं नामानः कथं ज्ञेया ब्रूहि मे वदतांवर।।९६३।।**

**અર્થ :–** વૈભાવિક ભાવ કેટલા છે ? તે કેવા છે ? ક્યા નામથી ઓળખાવાય છે ? અને કેવી રીતે જણાય છે ? હે વક્તાઓમાં શ્રેષ્ઠા મને આ બધું સમજાવો.

ઉત્તર

**श्रृणु साधो महाप्राज्ञ ? वच्म्यहं यत्तवेप्सितं।**
**ग्रायो जैनागमाभ्यासात् किञ्चित्स्वानुभवादपि।।९६४।।**

**અર્થ :–** શંકાકારને સંબોધીને ગ્રંથકાર કહે છે – હે સાધુ હે મહાવિદ્વાન ! જે તમારું અભીષ્ટ છે તે હું તમને કહું છું. પ્રાયઃ બધું કથન હું જૈનશાસ્ત્રોના અભ્યાસથી જ કરીશ, કાંઈક કાંઈક સ્વાનુભવથી જ કહીશ. તમે સાંભળો.

ભાવોની સંખ્યા

**लोकासंख्यातमात्राः स्युर्भावाः सूत्रार्थविस्तरात्।**
**तेषां जातिविवक्षायां भावाः पञ्च यथोदिता।।९६५।।**

**અર્થ :–** સૂત્રોના અર્થના વિસ્તારથી જીવના ભાવ અસંખ્યાત લોક પ્રમાણ છે. તથા તે ભાવોની જાતિઓની અપેક્ષાથી પાંચ ભાવ કહેવામાં આવ્યા છે.

પાંચ ભાવોના નામ

**तत्रौपशमिको नाम भावः स्यात्क्षायिकोऽपि च।**
**क्षायोपशमिकश्चेति भावोऽप्यौदयिकोऽस्ति नुः।।९६६।।**

**पारिणामिकभावः स्यात् पञ्चेत्युद्देशिताः क्रमात्।**
**तेषामुत्तरभेदाश्च त्रिपञ्चाशदितीरिताः।।९६७।।**

**અર્થ :–** ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔદયિક ભાવ અને પારિણામિકભાવ આ જીવના પાંચ ભાવ ક્રમપૂર્વક કહેવામાં આવ્યા છે. તેમના ત્રેપન ઉત્તરભેદ પણ કહેવામાં આવ્યા છે.

**ભાવાર્થ :–** આ પાંચ જીવના અસાધારણભાવ છે. જો કે ભેદની અપેક્ષોએ અસંખ્યાત લોક પ્રમાણ જીવના ભાવ છે અથવા અનંતભાવ છે. પરંતુ સ્થૂળપણે આ જ પાંચમા બધા ગર્ભિત થઈ જાય છે. જે જીવના ચૌદ ગુણસ્થાન કહેવામાં આવ્યા છે, તે પણ આ પાંચ ભાવોથી બહાર નથી અથવા બીજા શબ્દોમાં એમ કહેવું જોઈએ કે આ પાંચ ભાવોમાં જ ચૌદ ગુણસ્થાન વહેંચાયેલા છે. X જીવના ગુણોમાં સમ્યગ્દર્શન જ પ્રધાન ગુણ છે અને તેના ત્રણ ભેદોમાંથી પહેલા ઔપશમિક જ હોય છે, તેથી ઔપશમિક ભાવનું પહેલાં નામ લેવામાં આવ્યું છે. ઔપશમિકની અપેક્ષાએ ક્ષાયિકભાવવાળાઓના દ્રવ્ય (જીવરાશિ) અસંખ્યાત ગુણા છે. તેથી ઔપશમિકની પછી ક્ષાયિકનું નામ લેવામાં આવ્યું છે. ક્ષાયિકની અપેક્ષાએ ક્ષાયોપશમિકના દ્રવ્ય અસંખ્યાત ગુણા છે તથા ઉપર્યુક્ત બંને ભાવોના મેળથી એ થાય છે તેથી ત્રીજી સંખ્યા ક્ષાયોપશમિકની કહી છે. તે ત્રણેથી ઔદયિક પારિણામિકભાવોના દ્રવ્ય અનંતગુણા છે તેથી અંતે આ બંનેના નામ લેવામાં આવ્યા છે. ઔપશમિક અને ક્ષાયિક ભાવ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. મિશ્રભાવ ભવ્ય અને અભવ્ય બંનેને હોય છે પરંતુ આટલું વિશેષ છે કે ભવ્યને સમ્યકત્વ અને ચારિત્રની અપેક્ષાએ પણ હોય છે. અભવ્યને ફક્ત અજ્ઞાનાદિની અપેક્ષાએ હોય છે. ઔદયિક અને પારિણામિક આ બે ભાવ સામાન્યપણે બધા સંસારી જીવોને હોય છે. ઔપશમિકભાવ બે પ્રકારનો છે, ક્ષાયિકભાવ નવ પ્રકારનો છે, ક્ષાયોપશમિકભાવ અઢાર પ્રકારનો છે, ઔદયિકભાવ એકવીસ પ્રકારનો છે અને પારિણામિકભાવ ત્રણ પ્રકારનો છે. આ રીતે

---

X **जेहिं दुलक्खिजंते उदयादिसुसंभवेहिं भावेहिं।**
**जीवा ते गुणसण्णा णिद्दिट्ठा सव्वदरसीहिं।।**

ઔદયિકાદિ યથા સંભવ ભાવોમાં જીવ પ્રાપ્ત થાય છે તેથી તે ભાવોનું નામ જ ગુણસ્થાન છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. ગોમ્મટસાર

જીવના આ ત્રેપન ભાવ છે. એનો ખુલાસો ગ્રંથકાર સ્વયં આગળ કરશે.

### ઔપશમિક ભાવનું સ્વરૂપ

**कर्मणां प्रत्यनीकानां पाकस्योपशमात् स्वतः।**
**यो भावः प्राणीनां स स्यादौपशमिकसंज्ञकः।।९६८।।**

**અર્થ :–** વિપક્ષી કર્મોના પાકનો સ્વયં ઉપશમ થવાથી જે પ્રાણીઓને ભાવ થાય છે તેનું જ નામ ઔપશમિકભાવ છે.

**ભાવાર્થ :–** કર્મોનો ઉપશમ થવાથી જીવને જે ભાવ થાય છે તેને જ ઔપશમિકભાવ કહે છે. 'आत्मनि कर्मणः स्वशक्तेः कारणवशादनुद्भूतिरूपशमः।' અર્થાત્ આત્મામાં કર્મની નિજ શક્તિના કારણે ઉદય ન થવો તેને જ ઉપશમ કહે છે. જેમ કાદવમાં મળેલા જળમાં ફટકડી વગેરે દ્રવ્ય નાખવાથી કીચડ જળની નીચે બેસી જાય છે અને નિર્મળ જળ ઉપર રહે છે. એવી જ રીતે કર્મોનો ઉપશમ થાય છે તે તે કાળે ઉદયમાં આવતાં નથી, તેથી આત્મા તે સમયે નિર્મળ જળની જેમ નિર્મળ થઈ જાય છે.

### ક્ષાયિકભાવનું સ્વરૂપ

**यथास्वं प्रत्यनीकानां कर्मणां सर्वतः क्षयात्।**
**जातो य क्षायिको भावः शुद्धः स्वाभाविकोऽस्य सः।।९६९।।**

**અર્થ :–** વિપક્ષી કર્મનો સર્વથા ક્ષય થવાથી જે આત્માનો ભાવ થાય છે તેને ક્ષાયિકભાવ કહે છે. આ ક્ષાયિકભાવ આત્માનો શુદ્ધભાવ છે અને તેનો સ્વાભાવિક ભાવ છે.

**ભાવાર્થ :–** કર્મોની અત્યંત નિવૃત્તિ થવાથી જે આત્માનો ભાવ થાય છે તેને જ ક્ષાયિકભાવ કહે છે. જેમ ફટકડી આદિ નાખવાથી જે સમયે કીચડ નીચે બેસી જાય છે અને નિર્મળ જળ ઉપર રહે છે તે સમયે તે નિર્મળ જળને જો બીજા વાસણમાં ધીમેથી લઈ લેવામાં આવે તો પછી તે જળ સદા શુદ્ધ જ રહે છે. પછી તેના મલિન થવાની

સંભાવના પણ રહેતી નથી. કેમકે મલિનતા ઉત્પન્ન કરનાર કીચડ હતો, તે સર્વથા નીકળી ગયો છે. એવી જ રીતે ક્ષાયિકભાવ આત્મામાંથી કર્મ સર્વથા દૂર થવાથી થાય છે. તે સદા શુદ્ધ રહે છે, પછી તે કદી અશુદ્ધ થઈ શકતો નથી.

## ક્ષાયોપશમિકભાવનું સ્વરૂપ

**यो भावः सर्वतो घातिस्पर्धकानुदयोद्भवः।**
**क्षायोपशमिकः स स्यादुदयाद्देशघातिनाम्।।९७०।।**

**અર્થ :–** સર્વઘાતી સ્પર્ધકોનો અનુદય થતાં અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદય થતાં આત્માનો જે ભાવ થાય છે તેને ક્ષાયોપશમિકભાવ કહે છે.

**ભાવાર્થ :–** ક્ષાયોપશમિકભાવમાં ક્ષય અને ઉપશમની મિશ્ર અવસ્થા રહે છે. જેમ મલિન જળમાં થોડી ફટકડી નાખવાથી થોડું જળ નિર્મળ રહે છે અને થોડું ગંદુ રહે છે. બંનેની મળેલી અવસ્થા રહે છે. તેવી જ રીતે ક્ષાયોપશમિકભાવ પણ બંનેની નિશ્રિત અવસ્થા છે. સર્વાર્થસિદ્ધિમાં મિશ્રનું આ લક્ષણ આ પ્રમાણે કહ્યું છે 'सर्वघातिस्पर्धकानामुदयक्षयात् तेषामेव सदुपशमाच्च देशघातिस्पर्धकानामुदयेसति क्षायोपशमिको भावो भवति।' અર્થાત્ જે કર્મ સર્વથા ગુણનો ઘાત કરે છે તેમનો (સર્વઘાતી સ્પર્ધકોનો) ઉદયક્ષય+ થવાથી અને તે જ સર્વઘાતી સ્પર્ધકોનો સત્તામાં ઉપશમ થવાથી તથા દેશઘાતી સ્પર્ધકોનો ઉદય થતાં ક્ષાયોપશમિકભાવ થાય છે. અહીં એ શંકા થઈ શકે છે કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન અથવા ચારિત્ર આત્મિકભાવ છે. શું આત્મિકભાવોમાં પણ કર્મનો ઉદય કારણ થાય છે ? જો થાય છે તો તો તે આત્મિકભાવ જ ન રહ્યા, તેમને કર્મકૃત પરભાવ કહેવા જોઈએ. જો કર્મનો ઉદય કારણ ન થતો હોય તો પછી દેશઘાતી સ્પર્ધકોનો ઉદય મિશ્રભાવમાં કારણ કેમ બતાવવામાં આવેલ છે ? એનો ઉત્તર એ છે કે આત્મિકભાવ પ્રગટ થવામાં કર્મોદય કારણ થતું નથી, જેટલા અંશે કર્મોદય છે તેટલા અંશે તો તે ગુણનો ઘાત થઈ રહ્યો છે તેથી કર્મોદય તો આત્મિકભાવોના ઘાતનું જ કારણ છે. અહીં પણ એ જ બતાવ્યું છે કે જે સમયે મિશ્રભાવ હોય છે તે સમયે દેશઘાતી કર્મનો ઉદય

+ જે કર્મ ફળ આપ્યા વિના જ નિર્જરા જાય તેને ઉદય ક્ષય અથવા ઉદયાભાવી ક્ષય કહે છે.

રહે છે એનો એ અર્થ નથી કે દેશઘાતી કર્મનો ઉદય મિશ્રભાવનું કારણ છે. સમ્યકત્વ પ્રકૃતિ સમ્યગ્દર્શનમાં ચળ, મળ, અગાઢ આદિ દોષ ઉત્પન્ન કરે છે. તેથી કર્મોદયમાત્ર આત્મગુણોના ઘાતક છે.

ઔદયિક ભાવનું સ્વરૂપ

**कर्मणामुदयाद्यः स्याद्भावो जीवस्य संसृतौ।**
**नाम्नाऽपयौदयिकोऽन्वर्थात्परं बन्धादिकारवान्।।९७१।।**

**અર્થ :–** સંસારી જીવને કર્મોના ઉદયથી જે ભાવ થાય છે તે જ ઔદયિક નામથી કહેવાય છે અને તે જ યથાર્થ નામધારી છે તથા કર્મબંધ કરવાનો તે જ અધિકારી છે.

**ભાવાર્થ :–** દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના નિમિત્તે કર્મોની જે ફળદાન વિપાકાવસ્થા છે તેને જ ઉદય કહે છે. કર્મોના ઉદયથી આત્માનો જે ભાવ થાય છે તેને જ ઔદયિક ભાવ કહે છે. આ જ ભાવ આત્માના ગુણોનો ઘાતક, દુઃખદાયક તથા કર્મબંધનું મૂળ કારણ છે.

પારિણામિક ભાવનું સ્વરૂપ

**कृत्स्नकर्मनिरपेक्षः प्रोक्तावस्था चतुष्टयात्।**
**आत्मद्रव्यत्वमात्रात्माभावः स्यात्पारिणामिकः।।९७२।।**

**અર્થ :–** કર્મોના ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમથી સર્વથા નિરપેક્ષ જે આત્માનો સ્વાભાવિકભાવ છે તેને જ પારિણામિકભાવ કહે છે. આ ભાવમાં કર્મોની સર્વથા અપેક્ષા નથી પરંતુ આત્મા દ્રવ્ય માત્ર છે.

**इत्युक्तं लेशतस्तेषां भावाना लक्षणं पृथक्।**
**इतः प्रत्येकमेतेषां व्यासात्तद्रूपमुच्यते।।९७३।।**

**અર્થ :–** આ રીતે તે ભાવોનું થોડુંક ભિન્ન ભિન્ન લક્ષણ કહ્યું. હવે તેમાંથી પ્રત્યેકભાવનું સ્વરૂપ વિસ્તારપૂર્વક કહેવામાં આવે છે.

### ઔદયિકભાવના ભેદ

**भेदाश्चौदयिकस्यास्य सूत्रार्थादेकविंशति।**
**चतस्त्रो गतयो नाम चत्वारश्च कषायकाः।।९७४।।**
**त्रीणि लिङ्गानि मिथ्यात्वमेकं चाज्ञानमात्रकं।**
**एकं वाऽसंयतत्वं स्यादेकमेकाऽस्त्यसिद्धता।।९७५।।**
**लेश्या षडेव कृष्णाद्याः क्रमादुद्देशिता इति।**
**तत्स्वरूपं प्रवक्ष्यामि नाल्पं नातीव विस्तरम्।।९७६।।**

**અર્થ :–** સૂત્રોના આશયથી ઔદયિકભાવના એકવીસ ભેદ છે તે આ રીતે છે – ગતિ ૪, કષાય ૪, લિંગ ૩, મિથ્યાત્વ ૧, અજ્ઞાન ૧, અસંયત્વ ૧, અસિદ્ધ ૧, કૃષ્ણાદિ-લેશ્યા ૬, આ ક્રમપૂર્વક એકવીસ ભાવ છે. હવે એનું સ્વરૂપ કહે છે. તે ન બહુ સંક્ષિપ્ત છે અને ન બહુ વિસ્તૃત છે.

### ગતિકર્મ

**गतिनामास्ति कर्मैकं विख्यातं नाम कर्मणि।**
**चतस्त्रो गतयो यस्मात्तच्चतुर्धाऽधिगीयते।।९७७।।**

**અર્થ :–** નામકર્મના ભેદોમાં પ્રસિદ્ધ એક ગતિ નામનું કર્મ પણ છે. ગતિ ચાર છે તેથી તે ગતિકર્મ પણ ચાર પ્રકારનું કહેવાય છે.

### ગતિકર્મનો વિપાક

**कर्मणोऽस्य विपाकाद्वा दैवादन्यतमं वपुः।**
**प्राप्य तत्रोचितान्भावान् करोत्यात्मोदयात्मनः।।९७८।।**

**અર્થ :–** આ ગતિકર્મનો વિપાક થવાથી આ આત્મા પોતાના જ ઉદયવશ દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક ચાર ગતિઓમાંથી કોઈ એકને પ્રાપ્ત થઈને તેને ઉચિત ભાવો કરે છે અર્થાત્ જે ગતિમાં જાય છે ત્યાંની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સામગ્રી અનુસાર જ પોતાના ભાવો કરે છે.

દૃષ્ટાંત

**यथातिर्यगावस्थायां तद्वद्या भावसन्ततिः ।**
**तत्रावश्यं च नान्यत्र तत्पर्यायानुसारिणी ।।९७९ ।।**

**અર્થ :–** જેમ તિર્યંચ અવસ્થામાં જે તેને યોગ્ય ભાવસંતતિ છે તે તે પર્યાય અનુસાર ત્યાં અવશ્ય હોય છે. તિર્યંચ અવસ્થાને યોગ્ય જે ભાવસંતતિ છે તે ત્યાં જ હોય છે, અન્યત્ર હોતી નથી.

એ જ પ્રમાણે

**एवं दैवेऽथ मानुष्ये नारके वपुषि स्फुटम् ।**
**आत्मीयात्मीयभावाञ्च सन्त्यसाधारणा इव ।।९८० ।।**

**અર્થ :–** આ રીતે દેવગતિ, મનુષ્યગતિ, નરકગતિમાં પણ પોતપોતાની ગતિને યોગ્ય ભાવ થાય છે. તે અસાધારણ હોય એવા જ હોય છે.

શંકાકાર

**ननु देवादिपर्यायो नामकर्मोदयात्परम् ।**
**तत्कथं जीवभावस्य हेतुः स्याद् घातिकर्मवत् ।।९८१ ।।**

**અર્થ :–** દેવાદિ ગતિઓ કેવળ નામકર્મના ઉદયથી થાય છે. જો આવો સિદ્ધાંત

હોય તો શા કારણે નામકર્મને (દેવાદિગતિઓને) ઘાતીકર્મો સમાન જીવના ભાવોનું કારણ માનવું ?

**ભાવાર્થ :–** ઉપર કહ્યું છે કે આ જીવને જેવી ગતિ મળે છે તેના જ અનુસાર તેના ભાવોની સૃષ્ટિ પણ થાય છે. આ જ વિષયમાં શંકાકારનું કહેવું છે કે ભાવ પરિવર્તનનું કારણ તો ઘાતીકર્મ જ હોય શકે, નામકર્મ તો અઘાતી છે. તેમાં ભાવોનું પરિવર્તન કરવાનું સામર્થ્ય ક્યાંથી આવ્યું ?

ઉત્તર

**सत्यं तन्नामकर्मापि लक्षणाच्चित्रकारवत्।**
**नूनं तद्देहमात्रादि निर्मापयति चित्रवत्।।९८२।।**
**अस्ति तत्रापि मोहस्य नैरन्तर्योदयोऽञ्जसा।**
**तस्मादौदयिको भावः स्यात्तद्देहक्रियाकृतिः।।९८३।।**

**અર્થ :–** જેમ ચિત્રકાર અનેક પ્રકારના ચિત્ર બનાવે છે તેવી જ રીતે નામકર્મ પણ નિયમથી શરીરાદિની રચના કરે છે, સાથોસાથ ત્યાં મોહનીય કર્મનો નિરંતર ઉદય રહે છે, તેથી તે દેહક્રિયાના આકારે ઔદયિક ભાવ થાય છે.

**ભાવાર્થ :–** જો કે નામકર્મનું કાર્ય શરીરાદિની રચનામાત્ર છે તે ભાવોના પરિવર્તનનું કારણ થઈ શકતું નથી એ બરાબર છે. તો પણ તે નામકર્મના ઉદયની સાથે જ મોહનીય કર્મનો ઉદય પણ બરાબર રહે છે, તેથી તે પર્યાયમાં ઔદયિક ભાવ પોતાનું કાર્ય કરે છે. જો મોહનીય કર્મનો ઉદય નામકર્મની સાથે ન હોય તો વાસ્તવમાં તે પર્યાય જીવના ભાવોમાં સંક્લેશ કરી શકતી નથી. અરિહંત પરમેષ્ઠીને નામકર્મનો ઉદય તો છે પરંતુ મોહનીયકર્મ તેમને નથી, તેથી સ્વાભાવિક ભાવોમાં પરિવર્તન થતું નથી. માટે મોહનીય-કર્મનો અવિનાભાવ જ વાસ્તવમાં કાર્યકારી છે.

શંકાકાર

**ननु मोहोदयो नूनं स्वायत्तोऽस्त्येकधारया।**
**तत्तद्वपुः क्रियाकारो नियतोऽयं कुतो नयात्।।९८४।।**

**અર્થ :–** મોહનીયકર્મનો ઉદય નિરંકુશપણે પોતાને જ આધીન છે તો પછી તે ભિન્ન ભિન્ન શરીરોની ક્રિયાઓ અનુસાર ક્યા નયથી નિયત હોય ? અર્થાત્ ભિન્ન ભિન્ન શરીરાનુસાર મોહનીયકર્મ કેમ ફળ આપે છે ?

ઉત્તર

**नैवं यतोऽनभिज्ञोऽसि मोहस्योदयवैभवे।**
**तत्रापि बुद्धिपूर्वे चाऽबुद्धिपूर्वे स्वलक्षणात्।।९८५।।**

**અર્થ :–** શંકાકારનું ઉપર્યુક્ત કથન બરાબર નથી. આચાર્ય શંકાકારને કહે છે કે મોહનીયકર્મનો ઉદય વૈભવ કેટલો વિસ્તૃત છે અને તે પોતાના લક્ષણ પ્રમાણે બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક આદિ ભેદોમાં વહેંચાયેલો છે આ વિષયમાં તમે સર્વથા અજાણ છો.

**ભાવાર્થ :–** મોહનીયકર્મનો ઘણો મોટો વિસ્તાર છે. તે ક્યાં ક્યાં, ક્યા ક્યા સ્વરૂપે ઉદયમાં આવે છે તે સમજવાની ઘણી આવશ્યકતા છે.

મોહનીયકર્મના ભેદ

**मोहनान्मोहकर्मैकं तद्द्विधा वस्तुतः पृथक्।**
**दृङ्मोहश्चात्र चारित्रमोहश्चेति द्विधा स्मृतः।।९८६।।**

**અર્થ :–** મૂર્છિત કરવાથી સામાન્યપણે મોહકર્મ એક પ્રકારનું છે અને તે જ દર્શનમોહ અને ચારિત્રમોહની અપેક્ષાએ વાસ્તવમાં બે પ્રકારનું પણ છે.

**ભાવાર્થ :–** અન્ય કર્મોની અપેક્ષાએ મોહકર્મમાં ઘણી વિશેષતા છે. અન્ય કર્મ

પોતાના પ્રતિપક્ષી ગુણોમાં ન્યૂનતા કરે છે, તેને સર્વથા ઢાંકી પણ દે છે. પરંતુ પ્રતિપક્ષી ગુણને મૂર્છિત કરતા નથી. જેમ જ્ઞાનાવરણકર્મ જ્ઞાન ગુણને ઢાંકે છે, પરંતુ જ્ઞાનગુણને અજ્ઞાનરૂપ કરતું નથી એવી જ રીતે અંતરાય કર્મ વીર્ય ગુણને ઢાંકે છે, પરંતુ તેને વિપરીતપણે પરિણમાવતું નથી. વિપરીતરૂપમાં લાવવાની વિશેષતા આ જ મોહનીયકર્મમાં છે. મોહનીયકર્મ પોતાના પ્રતિપક્ષીને સર્વથા વિપરીત સ્વાદવાળું બનાવી નાંખે છે, તેથી તેનું નામ મોહનીય છે અર્થાત્ મોહનાર – મૂર્છિત કરનાર છે. સામાન્યપણે તે એક છે અને દર્શન મોહનીય તથા ચારિત્રમોહનીય એવા તેના બે ભેદ છે. આ જ મોહનીયકર્મના ઉદયથી જીવ સમ્યગ્દર્શન મિથ્યાદર્શનરૂપ અને સમ્યક્ચારિત્ર મિથ્યાચારિત્રરૂપ પરિણમે છે. એના જ નિમિત્તે જીવ અનંત સંસારમાં ભટક્યા કરે છે.

## દર્શનમોહનીયના ભેદ

**एकधा त्रिविधा वा स्यात् कर्ममिथ्यात्वसंज्ञकम्।**
**क्रोधाद्याद्यचतुष्कञ्च, सप्तैते दृष्टिमोहनम्।।९८७।।**

**અર્થ :–** દર્શનમોહનીય કર્મ પણ સામાન્ય રીતે મિથ્યાત્વરૂપ એક પ્રકારનું છે, વિશેષપણે મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ એવા ભેદોથી ત્રણ પ્રકારનું અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ચાર ભેદ પ્રથમ કષાયના છે. આ પ્રમાણે આ સાત ભેદ દર્શનમોહનીયના છે.

**ભાવાર્થ :–** મૂળમાં દર્શનમોહનીયનો એક જ ભેદ છે – મિથ્યાત્વ પછી પ્રથમોપશમ સમ્યક્ત્વ થતાં તે મિથ્યાત્વના ત્રણ ટુકડા થઈ જાય છે. એક સમ્યક્ત્વ પ્રકૃતિ, બીજો સમ્યક્મિથ્યાત્વ પ્રકૃતિ, ત્રીજો મિથ્યાત્વ પ્રકૃતિ. જેમ ધાન્યને પીસવાથી તેના ત્રણ ટુકડા થાય છે તેવા જ આ ત્રણ ટુકડા હોય છે. એક ફોતરારૂપ, બીજો સૂક્ષ્મકણરૂપ, ત્રીજો વચ્ચેનો સારભૂત અંશ–મીંજરૂપ. જેમ ફોતરામાં પુષ્ટ કરવાની શક્તિ નથી તેવી જ રીતે સમ્યક્ત્વ પ્રકૃતિમાં પણ સમ્યગ્દર્શનનો ઘાત કરવાની પૂર્ણ શક્તિ નથી તો પણ તેમાં ચળપણું, મલિનતા આદિ દોષ ઉત્પન્ન કરવાની થોડીક શક્તિ અવશ્ય છે. સમ્યક્ત્વ પ્રકૃતિનો ઉદય થતાં સમ્યગ્દર્શનનો ઘાત થતો નથી, પરંતુ તે સમયે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે. જેમ સૂક્ષ્મ ધાન્યકણમાં પુષ્ટ કરવાની શક્તિ છે તેવી જ રીતે સમ્યક્મિથ્યાત્વ

પ્રકૃતિમાં પણ સમ્યગ્દર્શનનો ઘાત X કરવાની શક્તિ છે. સમ્યક્મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયમાં સમ્યગ્દર્શનનો ઘાત થઈને ત્રીજું ગુણસ્થાન જીવને થઈ જાય છે. જેમ ધાન્યની વચ્ચેનો અંશ પૂર્ણ પુષ્ટતા ઉત્પન્ન કરે છે તેવી જ રીતે મિથ્યાત્વ પ્રકૃતિ પણ પૂર્ણપણે સમ્યગ્દર્શનની ઘાતક છે. આ પ્રકૃતિના ઉદયમાં જીવને પહેલું ગુણસ્થાન રહે છે. આ રીતે મિથ્યાત્વ પ્રકૃતિ એકરૂપ હોવા છતાં ત્રણ ભેદોમાં વહેંચાય જાય છે. તેથી દર્શનમોહનીયના ત્રણ ભેદ છે. જો કે અનંતાનુબંધી કષાય ચારિત્રમોહનીયના ભેદોમાં ગણાય છે તોપણ આ કષાયમાં બે શક્તિઓ હોવાથી એને દર્શનમોહનીયના ભેદોમાં પણ ગણવામાં આવે છે. અનંતાનુબંધી કષાયમાં સ્વરૂપાચરણ ચારિત્રનો ઘાત કરવાની પણ શક્તિ છે અને સમ્યગ્દર્શનનો ઘાત કરવાની પણ શક્તિ છે. કેમકે અનંતાનુબંધી કષાયની કોઈ અન્યતમ પ્રકૃતિનો ઉદય થતાં આ જીવના સમ્યગ્દર્શન ગુણનો ઘાત થઈને બીજું ગુણસ્થાન – સાસાદન થઈ જાય છે. તેથી એની ગણતરી દર્શનમોહનીયમાં પણ કરવામાં આવી છે. આ પ્રમાણે ઉપર કહેવામાં આવેલી સાત પ્રકૃતિઓ દર્શનમોહનીયની છે.

## દર્શનમોહનીય કર્મનું ફળ

**दृङ्मोहस्योदयादस्य मिथ्याभावोऽस्ति जन्मिनः।**
**स स्यादौदयिको नूनं दुर्वारो दृष्टिघातकः।।९८८।।**

---

X જો કે આ પ્રકૃતિ સમ્યગ્દર્શાનની પૂર્ણ ઘાતક છે તો પણ એના ઉદયમાં જીવને મિથ્યાત્વરૂપ પરિણામ થતા નથી પરંતુ મિશ્ર પરિણામ થાય છે તેથી એને જાત્યંતર સર્વઘાતી પ્રકૃતિ કહી છે.

**सम्मामिच्छुदयेणय जतंतर सव्वघादिकज्जेण।**
**णय सम्मं मिच्छंपिय सम्मिस्सो होदि परिणामो।।**
**दहि गुडमिव वा मिस्सं पुहभावं णेव कारिदुं सक्कं।**
**एवं मिस्स य भावो सम्मामिच्छोत्ति णायव्वो।।**

અર્થાત્ સમ્યક્મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય થતાં ન તો સમ્યગ્દર્શનરૂપ પરિણામ હોય છે અને ન મિથ્યાત્વરૂપ પરિણામ હોય છે. પરંતુ મળેલાં બંનેરૂપ પરિણામ હોય છે જેમ દહીં અને ગોળ મળવાથી ખાટો અને મીઠો મિશ્ર સ્વાદ આવે છે. જો કે મિશ્ર પ્રકૃતિ વૈભાવિકભાવ છે. તો પણ મિથ્યાત્વરૂપ વૈભાવિકભાવથી હળવો છે. (ગોમ્મટસાર)

**अस्ति प्रकृतिरस्यापि दृष्टिमोहस्य कर्मणः।**
**शुद्धं जीवस्य सम्यक्त्वं गुणं नयति विक्रियाम्।।९८९।।**

**અર્થ :–** આ જીવને દર્શનમોહનીયકર્મના ઉદયથી મિથ્યારૂપ પરિણામ થાય છે. તે મિથ્યાભાવ જ ઔદયિક ભાવ છે અને તે જ સમ્યગ્દર્શનનો ઘાત કરે છે. આ ભાવ બહુ મુશ્કેલીથી આત્માથી દૂર થાય છે. જીવના શુદ્ધ સમ્યગ્દર્શન ગુણને વિપરીત સ્વાદવાળો કરવો એ આ દર્શનમોહનીયકર્મનો સ્વભાવ છે અર્થાત્ સમ્યગ્દર્શન ગુણને મિથ્યાદર્શનરૂપ કરી દેવો એ દર્શનમોહનીયકર્મનું કાર્ય છે.

દૃષ્ટાંત

**यथा मद्यादिपानस्य पाकाद् बुद्धिर्विमुह्यति।**
**श्वेतं शंखादि यद्वस्तु पीतं पश्यति विभ्रमात्।।९९०।।**

**અર્થ :–** જેમ દારૂ પીનાર પુરુષની બુદ્ધિ દારૂનો નશો ચડતાં ભ્રષ્ટ થઈ જાય છે. તે પુરુષ શંખાદિ સફેદ પદાર્થને પણ ભ્રમથી પીળા જ દેખે છે – માને છે.

દૃષ્ટાંત

**तथा दर्शनमोहस्य कर्मणोस्तूदयादिह।**
**अपि यावदनात्मीयमात्मीयमनुते कुदृक्।।९९१।।**

**અર્થ :–** તેવી જ રીતે દર્શન મોહનીયકર્મના ઉદયથી પણ મિથ્યાદૃષ્ટિ જીવ આ સંસારમાં જે આત્માથી ભિન્ન પદાર્થ છે તેમને પણ પોતાના (આત્માના) માને છે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ ભિન્ન પદાર્થોમાં પોતાપણાની બુદ્ધિ કરે છે.

**चापि लुम्पति सम्यक्त्वं दृङ्मोहस्योदयो यथा।**
**निरुणद्ध्यात्मनो ज्ञानं ज्ञानस्यावरणोदयः।।९९२।।**

**અર્થ :–** જેમ દર્શનમોહનીય કર્મનો ઉદય સમ્યગ્દર્શન ગુણનો લોપ કરી નાખે છે તેવી જ રીતે જ્ઞાનાવરણકર્મનો ઉદય પણ આત્માના જ્ઞાન ગુણને ઢાંકી દે છે.

**ભાવાર્થ :–** અહીં लुम्पति ક્રિયાપદના બે અર્થ છે : (૧) દર્શનમોહનીય કર્મ સમ્યકત્વનો લોપ કરે છે, તેને છુપાવી દે છે, પરંતુ તેનો નાશ નથી કરતું કેમકે કોઈ ગુણનો નાશ થતો જ નથી. (૨) લોપ કરે છે, સમ્યકત્વને સર્વથા છુપાવી દે છે અર્થાત્ તેને વિકૃત બનાવી દે છે, તેને તે રૂપમાં રહેવા દેતું નથી. પરંતુ જ્ઞાનાવરણકર્મ જ્ઞાનને રોકે છે, વિકૃત કરતું નથી. તેથી निरूणद्धि ક્રિયાપદ વાપર્યું છે.

**यथा ज्ञानस्य निर्णाशो ज्ञानस्यावरणोदयात्।**
**तथा दर्शननिर्णाशो दर्शनावरणोदयात्।।९९३।।**

**અર્થ :–** જેમ જ્ઞાનાવરણકર્મના ઉદયથી જ્ઞાનનો નાશ થઈ જાય છે તે જ પ્રમાણે દર્શનાવરણકર્મના ઉદયથી દર્શનનો નાશ થઈ જાય છે.

**ભાવાર્થ :–** અહીં જ્ઞાન અને દર્શનના નાશનું તાત્પર્ય તે નષ્ટ થાય છે એમ નથી પણ તે ગુણો ઢંકાઈ જાય છે એમ છે. વાસ્તવિક દૃષ્ટિએ તો ન કોઈ ગુણનો નાશ થાય છે કે ન કોઈ ગુણનો ઉત્પાદ થાય છે. પરંતુ પર્યાયની અપેક્ષાએ ગુણોના અંશોમાં હીનાધિકતા થયા કરે છે. તે હીનાધિકતા પણ આવિર્ભાવ તિરોભાવરૂપ હોય છે. વાસ્તવમાં બધા ગુણ નિત્ય છે. આ જ આશયને નીચે પ્રગટ કરે છે.

**यथा धाराधराकारैः गुष्ठितस्यांशुमालिनः।**
**नार्विभावः प्रकाशस्य द्रव्यादेशात् स्वतोऽपि वा।।९९४।।**

**અર્થ :–** જો કે દ્રવ્યદૃષ્ટિથી સૂર્યનો પ્રકાશ સદા સૂર્યની સાથે છે તેનો કદી અભાવ થઈ શકતો નથી તો પણ વાદળાઓથી આચ્છાદિત થતાં સૂર્યનો પ્રકાશ અવશ્ય છુપાઈ જાય છે.

**ભાવાર્થ :–** તે જ પ્રમાણે જ્ઞાનાદિ ગુણ સદા આત્માની સાથે છે અથવા આત્મસ્વરૂપ છે તેમનો કદી નાશ થઈ શકતો નથી. તોપણ જ્ઞાનાવરણાદિ કર્મોના નિમિત્તે તેઓ અવશ્ય ઢંકાઈ જાય છે.

અજ્ઞાન ઔદયિક નથી

**यत्पुनर्ज्ञानमज्ञानमस्ति रूढिवशादिह।**
**तन्नौदयिकमस्त्यस्ति क्षायोपशमिकं किल।।९९५।।**

**અર્થ :–** જે જ્ઞાનને રૂઢિવશે અજ્ઞાન કહેવામાં આવે છે તે ઔદયિક નથી પરંતુ નિશ્ચયથી ક્ષાયોપશમિક છે.

**ભાવાર્થ :–** અહીં અજ્ઞાનનું તાત્પર્ય મંદજ્ઞાન છે. ઘણું કરીને મંદ જ્ઞાનીને અજ્ઞાની અથવા મંદ જ્ઞાનને અજ્ઞાન કહી દેવામાં આવે છે. તે અજ્ઞાન ઔદયિકભાવ નથી પરંતુ ક્ષાયોપશમિકભાવ છે તથા મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. તે પણ ક્ષાયોપશમિક જ છે. કેમકે જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે. જે અજ્ઞાન ભાવને ઔદયિકભાવમાં ગણવામાં આવ્યો છે તે કર્મના ઉદયની અપેક્ષાથી છે.

**अथास्ति केवलज्ञानं यत्तदावरणावृत्तम्।**
**स्वापूर्वार्थान् परिच्छेत्तुं नालं मूर्छितजन्तुवत्।।९९६।।**

**અર્થ :–** જ્ઞાનાવરણ કર્મોમાં એક કેવળ જ્ઞાનાવરણ કર્મ પણ છે, તે કેવળ જ્ઞાનાવરણકર્મ આત્માના સ્વાભાવિક કેવળજ્ઞાન ગુણને ઢાંકી દે છે. આવરણથી ઢંકાઈ જવાથી તે જ્ઞાન મૂર્છિત પુરુષની જેમ પોતાના સ્વરૂપને અને અનિશ્ચિત પદાર્થોને જાણવામાં સમર્થ રહેતું નથી.

અથવા

**यद्वा स्यादवधिज्ञानं ज्ञानं वा स्वान्तपर्ययम्।**
**नार्थक्रियासमर्थं स्यात्ततदावरणावृतम्।।९९७।।**

**અર્થ :–** અથવા અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન પણ પોતપોતાના આવરણથી જ્યારે ઢંકાઈ જાય છે ત્યારે અર્થક્રિયા કરવામાં અર્થાત્ પદાર્થોને જાણવામાં સમર્થ રહેતા નથી.

**मतिज्ञानं श्रुतज्ञानं तत्तदावरणावृत्तम्।**
**यद्यावतोदयांशेनस्थितं तावदपन्हुतम्।।९९८।।**

**અર્થ :–** એવી જ રીતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ પોતપોતાના આવરણથી આચ્છાદિત થાય છે અને તેમના આવરકકર્મનો જેટલો અંશ ઉદય રહે છે તેટલા જ અંશોમાં જ્ઞાન પણ તિરોભૂત (ઢંકાયેલું) રહે છે.

ક્ષાયિક ભાવ

**यत्पुनः केवलज्ञानं व्यक्तं सर्वार्थभासकम्।**
**स एव क्षायिकोभावः कृत्स्नः स्वावरणक्षयात्।।९९९।।**

**અર્થ :–** જે કેવળજ્ઞાન તે પ્રગટપણે સર્વ પદાર્થોનો પ્રકાશક છે તે પોતાના સર્વ આવરણનો ક્ષય થવાથી થાય છે તેથી તે જ ક્ષાયિક ભાવ છે.

કર્મોના ભેદ પ્રભેદ

**कर्माण्यष्टौ प्रसिद्धानि मूलमात्रतया पृथक्।**
**अष्टचत्वारिंशच्छतं कर्माण्युत्तरसंज्ञया।।१०००।।**

**અર્થ :–** કર્મોના આઠ મૂળભેદ પ્રસિદ્ધ છે અને તેના ઉત્તરભેદ એકસો અડતાળીસ છે.

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મોના આ આઠ મૂળભેદ પ્રસિદ્ધ છે. તેમના ઉત્તરભેદ ૧૪૮ આ પ્રમાણે છે. જ્ઞાનાવરણના ૫ ભેદ, દર્શનાવરણના ૯ ભેદ, વેદનીયના ૨ ભેદ, મોહનીયના ૨૮ ભેદ, આયુષ્યના ૪ ભેદ, નામના ૯૩ ભેદ, ગોત્રના ૨ ભેદ અને અંતરાયના ૫ ભેદ.

**उत्तरोत्तरभेदैश्च लोकासंख्यातमात्रकम्।**
**शक्तितोऽनंतसंज्ञं च सर्वकर्मकदम्बकम्।।१००१।।**

**અર્થ :–** આ જ કર્મ ઉત્તરોત્તર ભેદોથી અસંખ્યાત લોક પ્રમાણ છે અને સર્વ કર્મ સમૂહ શક્તિની અપેક્ષાએ અનંત પણ છે.

ઘાતીકર્મ

**तत्र घातीनि चत्वारि कर्माण्यन्वर्थसंज्ञया।**
**घातकत्वाद्गुणानां हि जीवस्यैवेति वाक्स्मृतिः।।१००२।।**

**અર્થ :–** તે મૂળ કર્મોમાં ચાર ઘાતીકર્મ છે. અને ઘાતી સંજ્ઞા તેમને માટે અર્થને અનુકૂળ જ છે કેમકે તે કર્મ જીવના ગુણોનો ઘાત કરે છે એવો સિદ્ધાંત છે.

અઘાતીકર્મ

**ततः शेषचतुष्कं स्यात् कर्माघाति विवक्षया।**
**गुणानां घातका भावशक्तेरप्यात्मशक्तिमत्।।१००३।।**

**અર્થ :–** ઘાતીકર્મ સિવાયના બાકીના ચાર કર્મ અઘાતી કહેવાય છે. આ કર્મ ગુણોનો ઘાત કરવાની શક્તિ ધરાવતા નથી. તોપણ વિવક્ષાવશ* પોતાની કર્મત્વ શક્તિ રાખે જ છે.

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય આ ચાર કર્મ ઘાતી છે અને વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર આ ચાર કર્મ અઘાતી છે. ઘાતીકર્મ તો સાક્ષાત્ આત્માના ગુણોનો ઘાત કરે જ છે, પરંતુ અઘાતીકર્મ આત્માના ગુણોનો ઘાત કરતા નથી પરંતુ ઘાતીકર્મના સહાયક અવશ્ય છે તથા અરિહંત ભગવાનને અઘાતીકર્મોનો નાશ થયા વિના મુક્તિની પ્રાપ્તિ થતી નથી, તેથી અઘાતીકર્મ કર્મત્વશક્તિ અવશ્ય ધરાવે છે.

* જો કે અઘાતીકર્મ અનુજીવી ગુણોનો ઘાત કરતા નથી તો પણ પ્રતિજીવી ગુણોનો ઘાત અવશ્ય કરે છે, એ જ વિવક્ષાનો આશય જણાય છે.

જ્ઞાનાવરણ

**एवमर्थवशान्नूनं सन्त्यनेके गुणाश्रितः।**
**गत्यन्तरात्स्यात्कर्मत्वं चेतनावरणं किल।।१००४।।**

**અર્થ :–** આ રીતે પ્રયોજનવશ આત્માના અનેક ગુણ કલ્પી શકાય છે અર્થાત્ જો કર્મોના મૂળ ભેદ આઠ જ રાખવામાં આવે તો આત્મામાં આઠ કર્મોથી આચ્છાદિત સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મ, અવગાહન, અગુરુલઘુ, અવ્યાબાધ આઠ ગુણ કલ્પવામાં આવે છે. જો કર્મોના એકસો અડતાળીસ અથવા તેનાથી પણ અધિક ભેદોની અપેક્ષા કરવામાં આવે તો કર્મોના ભેદાનુસાર આત્માના અધિક ગુણ કલ્પવામાં આવે છે. જેમકે જ્ઞાનાવરણના પાંચ ભેદ હોવાથી જ્ઞાનના પણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ પાંચ ભેદ માની લેવામાં આવે છે. એવી જ રીતે આત્મગુણોની હીનાધિક કલ્પનાથી કર્મોમાં પણ હીનાધિકતા માનવામાં આવે છે. જેમકે જો ચેતના ગુણના જ્ઞાન દર્શન આ ભેદોની જુદી જુદી કલ્પના ન કરતાં કેવળ ચેતના ગુણની જ અપેક્ષા લેવામાં આવે તો તે ગુણનું પ્રતિપક્ષી કર્મ પણ ચેતનાવરણ એક જ માનવામાં આવે અને પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણને જુદા જુદા માનવાની આવશ્યકતા ન રહે.

દર્શનાવરણ

**दर्शनावरणेऽप्येष क्रमो ज्ञेयोऽस्ति कर्मणि।**
**आवृतेरविशेषाद्वा चिद्‌गुणस्यानतिक्रमात्।।१००५।।**

**અર્થ :–** આ જ ક્રમ દર્શનાવરણકર્મમાં પણ જાણવો જોઈએ. જેમ ચેતના આત્માનો ગુણ છે અને તેનું આવરણ કરનાર કર્મ ચેતનાવરણ કહેવાય છે. તેવી જ રીતે દર્શન આત્માનો પણ ગુણ છે અને તેનું આવરણ કરનાર કર્મ પણ દર્શનાવરણ કહેવાય છે.

દર્શનમોહનીય

**एवं च सति सम्यक्त्वे गुणे जीवस्य सर्वतः।**
**तं मोहयति यत्कर्म दृङ्मोहाख्यं तदुच्यते।।१००६।।**

**અર્થ :–** જ્ઞાનદર્શન સમાન સમ્યગ્દર્શન પણ આત્માનો ગુણ છે અને તે સમ્યગ્દર્શન ગુણને મૂર્ચ્છિત કરનાર કર્મ પણ દર્શનમોહનીય કહેવાય છે.

દર્શનમોહનીયકર્મ અંતર્ભાવી નથી.

**नैतत्कर्मापि तत्तुल्यमन्तर्भावीति न क्वचित्।**
**तदद्वयावरणादेतदस्ति जात्यन्तरं यतः।।१००७।।**

**અર્થ :–** જ્ઞાનાવરણ, દર્શનાવરણની જેમ આ કર્મ પણ ક્યાંય સમાવેશ પામતું નથી કેમકે જ્ઞાનાવરણ, દર્શનાવરણથી એ સર્વથા જુદું છે. તેથી ત્રીજું જ કર્મ એને માનવું જોઈએ.

સારાંશ

**ततः सिद्धं यथाज्ञानं जीवस्यैको गुणः स्वतः।**
**सम्यक्त्वं च तथा नाम जीवस्यैको गुणः स्वतः।।१००८।।**

**અર્થ :–** તેથી આ વાત સિદ્ધ થઈ ગઈ છે કે જેમ જીવનો એક સ્વતઃસિદ્ધ જ્ઞાનગુણ છે તેવી જ રીતે જીવનો સ્વતઃસિદ્ધ એક સમ્યગ્દર્શન ગુણ પણ છે.

માટે

**पृथगुद्देश एवास्य पृथक् लक्ष्यं च लक्षणम्।**
**पृथग्दृङ्मोहकर्म स्यादन्तर्भावः कुतो नयात्।।१००९।।**

**અર્થ :–** સમ્યગ્દર્શનનું ભિન્ન સ્વરૂપ છે, ભિન્ન જ લક્ષ્ય છે, ભિન્ન જ લક્ષણ છે અને ભિન્ન જ દર્શનમોહનીયકર્મ છે તોપછી ક્યા નયથી આ કર્મનો ક્યાંય અંતર્ભાવ (ગર્ભિતપણું) થઈ શકે ? અર્થાત્ ક્યાંય થઈ શકે નહિ.

ચારિત્રમોહનીય

**एवं जीवस्य चारित्रं गुणोऽस्त्येकः प्रमाणसात्।**
**तन्मोहयति यत्कर्म तत्स्याच्चारित्रमोहनम्।।१०१०।।**

**અર્થ :–** એ જ પ્રમાણે જીવનો એક પ્રમાણસિદ્ધ ગુણ ચારિત્ર પણ છે. તે ચારિત્ર ગુણને જે કર્મ મૂર્છિત કરે છે તેને જ ચારિત્રમોહનીય કહે છે.

અંતરાય

**अस्ति जीवस्य वीर्याख्यो गुणोऽस्त्येकस्तदादिवत्।**
**तदन्तरयतीहेदमन्तरायं हि कर्म तत्।।१०११।।**

**અર્થ :–** પહેલાં ગુણોની જેવો જીવનો એક વીર્ય નામનો ગુણ પણ છે, તે વીર્ય ગુણમાં જે અંતર પાડે છે, તેને જ અંતરાય કર્મ કહે છે.

**ભાવાર્થ :–** આત્માની વીર્ય શક્તિને રોકનાર અંતરાયકર્મ છે.

સારાંશ

**एतावदत्र तात्पर्यं यथा ज्ञानं गुणश्चितः।**
**तथाऽनन्ता गुणा ज्ञेया युक्तिस्वानुभवागमात्।।१०१२।।**

**અર્થ :–** અહીં એટલું જ તાત્પર્ય છે કે જેમ આત્માનો જ્ઞાન ગુણ છે તેવી જ રીતે અનંત ગુણ છે. આ બધા ગુણ યુક્તિ, સ્વાનુભવ અને આગમથી સિદ્ધ છે.

**ભાવાર્થ :–** અહીં અન્ય અનંત ગુણોની સિદ્ધિમાં જ્ઞાન ગુણનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એનું તાત્પર્ય એ છે કે આત્માના અનંત ગુણોમાં એક જ્ઞાન ગુણ જ એવો

છે કે જે સ્પષ્ટપણે પ્રતીતમાં આવે છે, અન્ય અન્ય ગુણોનું વિવેચન પણ આ જ જ્ઞાન ગુણ દ્વારા કરવામાં આવે છે. બધા ગુણ નિર્વિકલ્પ છે, એક જ્ઞાન ગુણ જ સવિકલ્પ છે. તેથી પહેલાં કહેવાય ગયું છે કે 'ज्ञानाद्विना गुणाः सर्वे प्रोक्ताः सल्लक्षणाङ्किताः। सामान्याद्वा विशेषाद्वा सत्यं नाकारमात्रकाः। ततो वक्तुमशक्यत्वांन्निर्विकल्पस्य वस्तुनः तदुल्लेखं समालेख्य ज्ञानद्वारा निरूप्यते।' અર્થાત્ જ્ઞાન વિના બધા ગુણ સત્તામાત્ર છે, ચાહે સામાન્ય ગુણ હોય કે ચાહે વિશેષ ગુણ હોય, બધા નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ વસ્તુનું કથન થઈ શકતું નથી, તેથી જ્ઞાન દ્વારા તેનું નિરૂપણ કરવામાં આવે છે. આ કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ જાય છે કે બધા ગુણો કરતાં જ્ઞાન ગુણમાં વિશેષતા છે અને આ વાત દરેકના અનુભવમાં પણ આવે છે કે જ્ઞાન ગુણ જ પ્રધાન છે. તેથી જ્ઞાનને દૃષ્ટાંત બનાવીને બીજા ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એક ગુણ બીજા ગુણમાં અંતર્ભૂત નથી

**न गुणः कोऽपि कस्यापि गुणस्यान्तर्भवः क्वचित्।**
**नाधरोऽपि च नाधेयो हेतुर्नापीह हेतुमान्।।१०१३।।**

**અર્થ :–** કોઈ પણ ગુણ કદી કોઈ બીજા ગુણમાં અંતર્ભૂત થઈ શકતો નથી અર્થાત્ બીજા ગુણમાં મળી જતો નથી અને ન એક ગુણ બીજા ગુણનો આધાર પણ છે, ન આધેય છે, ન હેતુ છે અને ન હેતુમાન (સાધ્ય) પણ છે.

પરંતુ

**किन्तु सर्वोऽपि स्वात्मीयः शक्तियोगतः।**
**नानारूपाह्यनेकेऽपि सता सम्मिलिता मिथः।।१०१४।।**

**અર્થ :–** પરંતુ બધા ગુણ પોતપોતાની ભિન્ન ભિન્ન શક્તિ ધારણ કરતા હોવાથી ભિન્ન ભિન્ન અનેક છે. અને તે બધા પરસ્પર પદાર્થની સાથે તાદાત્મ્યપણે મળેલા છે.

**ભાવાર્થ :–** આ બંને શ્લોકોમાં ગુણોને ભિન્ન ભિન્ન બતાવવા છતાં પણ પદાર્થની

સાથે તેમનું સંમેલન બતાવ્યું છે, એનું તાત્પર્ય એ છે કે વાસ્તવમાં પદાર્થ અને ગુણ ભિન્ન ભિન્ન વસ્તુ નથી. જે પદાર્થ છે તે જ ગુણ છે અને જે ગુણ છે તે જ પદાર્થ છે અર્થાત્ ગુણોનો સમૂહ જ પદાર્થ છે અને એક પદાર્થમાં રહેનારા અનંત ગુણોની એક જ સત્તા છે, તેથી બધા ગુણ પરસ્પરમાં અભિન્ન છે અને અભિન્નતાના કારણે જ એક ગુણનું કથન કરવાથી બધાય અનંત ગુણોનું ગ્રહણ થઈ જાય છે. જીવને જ્ઞાની કહેવાથી આખાય જીવનું ગ્રહણ થાય છે, પરંતુ એક એક ગુણનું ભિન્ન ભિન્ન કાર્ય છે, ભિન્ન ભિન્ન કાર્ય હોવાથી તે ગુણોના ભિન્ન ભિન્ન લક્ષણ કરવામાં આવે છે. આ રીતે ભિન્ન ભિન્ન લક્ષણોવાળી ભિન્ન ભિન્ન અનંત શક્તિઓ જળમાં તરંગની જેમ કોઈવાર ઉદિત અને કોઈવાર અનુદિત થયા કરે છે. સારાંશ એ છે કે દ્રવ્યથી ભિન્ન ગુણોની વિવક્ષા કરવાથી (ભેદ વિવક્ષા કરવાથી) બધા ગુણ ભિન્ન છે, તેમાં પરસ્પર આધાર–આધેય ભાવ, હેતુ હેતુમદ્ભાવ આદિ કાંઈ પણ તે સમયે નથી તથા અભેદ વિવક્ષા કરવાથી તે બધા ગુણ અભિન્ન છે. જે એક ગુણનો આધાર છે તે જ બીજા ગુણનો આધાર છે. જે એક ગુણની સત્તા છે તે જ બધા ગુણોની સત્તા છે. જે એક ગુણનો કાળ છે તે જ બધા ગુણોનો કાળ છે આદિ બધી બાબત બધાની એક જ છે. આ જ વાત 'द्रव्याश्रया निर्गुणा गुणाः' સૂત્ર પ્રગટ કરે છે અર્થાત્ જે દ્રવ્યના આશ્રયે રહે અને નિર્ગુણ હોય તેમને ગુણ કહે છે. અહીં આચાર્યે બંને વાતો બતાવી દીધી છે. 'द्रव्याश्रय' કહીને ગુણ અને દ્રવ્યમાં અભેદપણું બતાવ્યું છે. X જે સમયે કોઈ એક ગુણનું વિવેચન કરવામાં આવે છે તે સમયે બાકીના ગુણો (દ્રવ્ય) તેનો આશ્રય બની જાય છે. આ જ પ્રમાણે ચાળણી ન્યાયે બધા ગુણ બધા ગુણોના આધારભૂત બની જાય છે. કેમકે ગુણ સમુદાય સિવાય બીજું કોઈ દ્રવ્ય પદાર્થ નથી. અને 'निर्गुणा' કહીને ગુણોમાં પરસ્પર ભેદ બતાવ્યો છે. એક ગુણની વિવક્ષાથી તે જ તેનો આધાર છે, તે જ તેનું આધેય છે. એક ગુણ બીજા ગુણમાં રહેતો નથી, તેથી ગુણ પરસ્પર કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન પણ છે. લક્ષણભેદ આદિની અપેક્ષાથી ભિન્ન છે, તાદાત્મ્ય સંબંધની અપેક્ષાથી અભિન્ન છે. દરેક પદાર્થની સિદ્ધિ અનેકાન્તને આધીન છે. અપેક્ષા ઉપર દૃષ્ટિ ન રાખવાથી બધું કથન અવ્યવસ્થિત લાગે છે. આ જ વાતનું સ્પષ્ટીકરણ પૂર્વાર્ધમાં કરવામાં આવ્યું છે. 'तन्नयतोऽनेकान्तो बलवानिह खलु न सर्वथैकान्तः।

X 'द्रव्याश्रयः' નો એ પણ આશય છે કે દ્રવ્યના આશ્રયથી ગુણ અનાદિ અનંતકાળ રહે છે.

सर्वं स्याद विरुद्धं तत्पुर्वं तद्विना विरुद्धं स्यात्' અર્થાત્ અનેકાન્ત બળવાન છે, સર્વથા એકાંત યોગ્ય નથી. અનેકાન્તપૂર્વક સર્વ કથન અવિરુદ્ધ થઈ જાય છે અને તેના વિના બધું વિરુદ્ધ થઈ જાય છે.

**गुणानां चाप्यनन्तत्वे वागव्यवहार गौरवात्।**
**गुणाः केचित् समुद्दिष्टा प्रसिद्धाः पूर्वसूरिभिः।।१०१५।।**

**અર્થ :–** ગુણ અનંત છે, તે બધા કહી શકાતા નથી. તેમાંથી જો થોડા વધારેનું પણ કથન કરવામાં આવે તો વચનોની અતિશયતા થાય છે. તેથી પૂર્વાચાર્યોએ તેમનામાંથી પ્રસિદ્ધ કેટલાક ગુણોનું નિરૂપણ કર્યું છે.

**यत्पुनः क्वचित् कस्यापि सीमाज्ञानमनेकधा।**
**मनःपर्ययज्ञानं वा तदद्वयं भावयेत् समम्।।१०१६।।**
**तत्तदावरणस्योच्चैः क्षायोपशमिकत्वतः।**
**स्याद्यथालक्षित्ताद्भावात्स्यादत्राप्यपरा गतिः।।१०१७।।**

**અર્થ :–** જે કોઈને કોઈવાર અવધિજ્ઞાન થાય છે તે પણ અનેક પ્રકારનું છે. એવી જ રીતે મનઃપર્યય જ્ઞાન પણ અનેક પ્રકારનું છે. આ બંનેને સમાન જ ગણવા જોઈએ. બંનેય પોતપોતાના આવરણ કર્મનો ક્ષયોપશમ થવાથી થાય છે અને કોઈ કોઈવાર યથાયોગ્ય ભાવો પ્રમાણે તેમની બીજી પણ ગતિ હોય છે.

**ભાવાર્થ :–** અવધિજ્ઞાનાવરણી કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન થાય છે, પરંતુ દેવ અને નારકીઓને ભવ પ્રત્યય અવધિજ્ઞાન પણ હોય છે. ભવ પ્રત્યયથી થતું અવધિજ્ઞાન તીર્થંકરને પણ હોય છે. અપવાદ નિયમથી તીર્થંકરનું ગ્રહણ થાય છે. જો કે ભવ પ્રત્યય અવધિમાં પણ ક્ષયોપશમ જ અંતરંગ કારણ છે, તોપણ બાહ્ય કારણની પ્રધાનતાથી ભવ પ્રત્યયને જ મુખ્ય કારણ કહેવામાં આવ્યું છે. દેવ, નારક અને તીર્થંકર પર્યાયમાં નિયમથી અવધિજ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ થઈ જાય છે, તેથી ભવની પ્રધાનતાથી ભવ પ્રત્યય અને ક્ષયોપશમ નિમિત્તક એવા અવધિજ્ઞાનના બે ભેદ કર્યા છે. બીજા પણ અનેક

ભેદ છે. અવધિજ્ઞાન ભવથી ભવાંતર (બીજા ભવમાં) અને ક્ષેત્રથી ક્ષેત્રાંતરમાં સાથે જાય તેને અનુગામી કહે છે, કોઈ (અવધિજ્ઞાન) જતું નથી તેને અનનુગામી કહે છે. કોઈ અવધિજ્ઞાન વિશુદ્ધ પરિણામોની વૃદ્ધિથી વધે છે અને બાળસૂર્યની જેમ વધતું જ ચાલ્યું જાય છે, તેને વર્ધમાન કહે છે. કોઈ સંક્લેશ પરિણામોના નિમિત્તે ઘટતું જ જાય છે તેને હીયમાન કહે છે. કોઈ સમાન પરિણામોથી જેમનું તેમ બની રહે છે તેને અવસ્થિત કહે છે અને કોઈ અવધિજ્ઞાન કોઈવાર વિશુદ્ધ પરિણામોથી વધે છે, કોઈવાર સંક્લેશ પરિણામોથી ઘટે પણ છે તેને અનવસ્થિત કહે છે. કર્મોના ક્ષયોપશમના ભેદથી અવધિજ્ઞાનના પણ અનેક ભેદ થઈ જાય છે. જેમકે દેશાવધિ, પરમાવધિ, સર્વાવધિ. દેશાવધિના પણ અનેક ભેદ છે. એવી રીતે પરમાવધિ અને સર્વાવધિના પણ અનેક ભેદ છે. એટલું વિશેષ છે કે પરમાવધિ અને સર્વાવધિ આ બે જ્ઞાન ચરમશરીરી મુનિને જ હોય છે. છઠ્ઠા ગુણસ્થાનથી નીચે હોતા નથી. સર્વાવધિજ્ઞાન ક્ષેત્રની અપેક્ષાએ ત્રણેલોકનો વિષય કરે છે, દ્રવ્યની અપેક્ષાએ એક પુદ્‌ગલ પરમાણુ સુધી વિષય કરે છે. + આ પ્રમાણે અવધિજ્ઞાનનો વિસ્તાર ઘણો મોટો છે. કોઈવાર મિથ્યાત્વના ઉદયની સાથે થવાથી કુઅવધિજ્ઞાન (વિભંગજ્ઞાન) પણ થઈ જાય છે. એ પણ 'अपरागति' નો આશય છે. અવધિજ્ઞાનની જેમ મનઃપર્યય જ્ઞાનના પણ અનેક ભેદ છે. એટલું વિશેષ છે કે ચાહે ઋજુમતિ મનઃપર્યાય જ્ઞાન હોય, ચાહે વિપુલમતિ હોય, છઠ્ઠા ગુણસ્થાનથી નીચે તે હોતું જ નથી. વિપુલમતિ મનઃપર્યાય તો એકવાર થયા પછી છૂટતું નથી, તે ચરમશરીરીને થતું હોવા છતાં પણ અપ્રતિપાતી છે અર્થાત્ પછી પડતું નથી, નિયમથી બારમા ગુણસ્થાન સુધી જાય છે. હા, ઋજુમતિવાળું મનઃપર્યયજ્ઞાન પડી પણ જાય છે. ઘણા માણસો એવી શંકા કરે છે કે ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન ઇહા મતિજ્ઞાન-પૂર્વક થાય છે અને ઇહા મતિજ્ઞાન ઇન્દ્રિયજન્યજ્ઞાન છે તેથી આ (મનઃપર્યય) પણ ઇન્દ્રિયજન્ય થયું. આવી શંકા કરનારાઓએ એ જાણી લેવું જોઈએ કે ઇહા મતિજ્ઞાન ત્યાં કેવળ બાહ્યથી આપેક્ષિક છે, વાસ્તવમાં ઋજુમતિ મનઃપર્યય તો મનમાં રહેલી વાતનો સાક્ષાત્કાર કરે છે. ઇન્દ્રિયજન્ય જ્ઞાન પદાર્થને પ્રત્યક્ષ કરાવતું નથી. મનઃપર્યયજ્ઞાનમાં તો પદાર્થનું આત્મપ્રત્યક્ષ થઈ જાય છે. તેથી ઉક્ત શંકા પાયા વિનાની છે. મનઃપર્યયજ્ઞાન ક્ષેત્રની અપેક્ષાએ અઢી દ્વીપ સુધી જ જાણી શકે છે, આગળ નહિ. દ્રવ્યની અપેક્ષાએ અવધિજ્ઞાનના

+ આ કથન ગોમ્મટસારની અપેક્ષાએ છે.

વિષયભૂત પદાર્થના અનંતમા ભાગ પ્રમાણ જાણી શકે છે. મનઃપર્યયજ્ઞાન જ્ઞાનાવરણકર્મના ભેદોની અપેક્ષાએ મનઃપર્યયજ્ઞાનના પણ અનેક ભેદ થયા છે. પરંતુ અવધિજ્ઞાનની જેમ એમાં મિથ્યાપણું આવતું નથી.

**मतिज्ञानं श्रुतज्ञानमेतन्मात्रं सदातनम् ।X**
**स्याद्वा तरतमैर्भावैर्यथा हेतुपलब्धिसात् । ।१०१८ । ।**

**અર્થ :–** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બંને તો આ જીવને સંસારાવસ્થામાં સદાય રહે છે. એટલું વિશેષ છે કે જેવું નિમિત્ત કારણ મળી જાય છે તેવા જ એ જ્ઞાનોમાં પણ તરતમભાવ થયા કરે છે.

**ज्ञानं यद्यावदर्थानामस्ति ग्राहकशक्तिमत् ।**
**क्षायोपशमिकं तावदस्ति नौदयिकं भवेत् । ।१०१९ । ।**

**અર્થ :–** પદાર્થોનું ગ્રહણ કરવાની શક્તિ રાખનાર જેટલું કોઈ જ્ઞાન છે તે બધું ક્ષાયોપશમિક જ્ઞાન છે, ઔદયિક નથી.

સુ–અવધિ અને કુ–અવધિ

**अस्ति द्वेधावधिज्ञानं हेतोः कुतश्चिदन्तरात् ।**
**ज्ञानं स्यात्सम्यगवधिरज्ञानं कुत्सितोऽवधिः । ।१०२० । ।**

**અર્થ :–** કોઈ કારણવશ અવધિજ્ઞાનના બે ભેદ થઈ જાય છે. સમ્યક્ અવધિને જ્ઞાન કહે છે તથા મિથ્યા અવધિને અજ્ઞાન કહે છે.

**ભાવાર્થ :–** જ્ઞાન શબ્દથી તાત્પર્ય સમ્યગ્જ્ઞાનનું છે. જે જ્ઞાન મિથ્યાદર્શનના ઉદય સાથે હોય છે, તેને જ મિથ્યા અવધિ કહે છે. સમ્યગ્દર્શનની સાથે રહેનારા અવધિજ્ઞાનને

X 'सनातनम्' એવો પણ પાઠ છે.

સમ્યક્અવધિ કહે છે. ઘણું કરીને અવધિજ્ઞાન કહેવાથી સમ્યક્ અવધિનું જ ગ્રહણ કરવામાં આવે છે. મિથ્યા અવધિને વિભંગજ્ઞાન શબ્દથી ઓળખાવાય છે.

મતિશ્રુતના પણ બે પ્રકાર છે

**अस्ति द्वेधा मतिज्ञानं श्रुतज्ञानं च स्याद् द्विधा।**
**सम्यङ् मिथ्याविशेषाभ्यां ज्ञानमज्ञानमित्यपि।।१०२१।।**

**અર્થ :–** મતિજ્ઞાન પણ બે પ્રકારનું છે અને શ્રુતજ્ઞાન પણ બે પ્રકારનું છે. એક જ્ઞાન, એક અજ્ઞાન. સમ્યક્જ્ઞાનને જ્ઞાન કહે છે અને મિથ્યાજ્ઞાનને અજ્ઞાન કહે છે.

**त्रिषु ज्ञानेषु चैतेषु यत्स्यादज्ञानमर्थतः।***
**क्षायोपशमिकं तत्स्यान्नस्यादौदयिकं क्वचित्।।१०२२।।**

**અર્થ :–** આ ત્રણે જ્ઞાનોમાં અર્થાત્ કુમતિ, કુશ્રુત કુઅવધિમાં જે અજ્ઞાન છે તે વાસ્તવમાં ક્ષાયોપશમિકજ્ઞાન છે, તે અજ્ઞાન કાંઈ ઔદયિક નથી.

**ભાવાર્થ :–** મિથ્યાજ્ઞાન પણ પોતાપોતાના આવરણોના ક્ષયોપશમથી જ થાય છે. તેથી તે પણ ક્ષાયોપશમિકભાવ છે. તે મિથ્યાદર્શનના ઉદયની સાથે હોય છે, તેથી મિથ્યાજ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વના ઉદયથી તેના અવિનાભાવીજ્ઞાન પણ પદાર્થને વિપરીતપણે જ જાણે છે. પરંતુ જાણવું તે ક્ષાયોપશમિકજ્ઞાન છે.

ઔદયિક જ્ઞાન

**अस्ति यत्पुनरज्ञानमर्थादौदयिकं स्मृतम्।**
**तदस्ति शून्यतारूपं यथा निश्चेतनं वपुः।।१०२३।।**

**અર્થ :–** જે અજ્ઞાનભાવ ઔદયિકભાવોમાં કહેવામાં આવ્યો છે તે શૂન્યતારૂપ છે,

* સંશોધિત પુસ્તકમાં 'यदज्ञानन्वमर्थतः' એવો પાઠ છે. કેમકે અજ્ઞાનોમાં અજ્ઞાનત્વ ધર્મ રહે છે.

જેમકે ચેતન નીકળી ગયા પછી શરીર રહી જાય છે.

**ભાવાર્થ :–** જીવના એકવીસ ઔદયિકભાવોમાં અજ્ઞાન પણ છે. તે અજ્ઞાનભાવ જીવની ઔદયિક અવસ્થા છે. જ્યાં સુધી આ આત્મામાં સર્વ પદાર્થોનું જ્ઞાન થતું નથી અર્થાત્ જ્યાં સુધી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતી નથી ત્યાં સુધી તેને અજ્ઞાનભાવ રહે છે. આ ભાવ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી થાય છે. પદાર્થ વિષયક અજ્ઞાન હોવું એ જ તેનું સ્વરૂપ છે અર્થાત્ જેટલા અંશોમાં જ્ઞાનાવરણકર્મનો ઉદય રહે છે તેટલા જ અંશોમાં અજ્ઞાનભાવ રહે છે. જેમ કે અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યય જ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ કર્મોનો અત્યારે અહીં બધા જીવોને ઉદય થઈ રહ્યો છે તેથી બધા અજ્ઞાનભાવસહિત છે. તે અજ્ઞાન ક્ષાયોપશમિક નથી. જો તે ક્ષાયોપશમિક હોત તો તેને ઔદયિકભાવોમાં ગણવામાં આવત નહિ. એનું કારણ પણ એ જ છે કે ક્ષાયોપશમિક જ્ઞાન પણ આત્માનો ગુણ છે. જેટલા અંશોમાં જ્ઞાન પ્રગટ થઈ જાય છે તે આત્માનો ગુણ જ છે અને જે આત્માનો ગુણ છે તે ઔદયિકભાવ હોય શકે નહિ, કેમકે ઉદય તો કર્મોનો જ થાય છે, ક્યાંય આત્માના ગુણોનો ઉદય થતો નથી. તેથી કર્મોના ઉદયથી થતી આત્માની અજ્ઞાન અવસ્થાને જ અજ્ઞાનભાવ કહે છે. તે જ અજ્ઞાન ઔદયિક છે. જે ભાવ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે, તે ક્ષાયોપશમિકભાવ છે. તેથી જ કુમતિ, કુશ્રુત અને કુઅવધિને ક્ષાયોપશમિકભાવોમાં સામેલ કરવામાં આવ્યા છે.

સારાંશ

**एतावतास्ति यो भावो दृङ्मोहस्योदयादपि।**
**पाकाच्चारित्रमोहस्य सर्वोऽप्यौदयिकः स हि।।१०२४।।**

**અર્થ :–** આ કથનથી આ વાત પણ સિદ્ધ થઈ કે જે ભાવ દર્શનમોહનીયના ઉદયથી થાય છે અને જે ભાવ ચારિત્રમોહનીયના ઉદયથી થાય છે. તે બધા ઔદયિક છે.

તથા

**न्यायादप्येयवमन्येषां मोहादिघातिकर्मणाम्।**
**यावांस्तत्रोदयाज्जातो भावोऽस्त्यौदयिकोऽखिलः।।१०२५।।**

**અર્થ :–** એવી જ રીતે બીજા પણ મોહથી માંડીને જેટલા ઘાતીકર્મ છે તે બધાના ઉદયથી જે આત્માનો ભાવ થાય છે તે સર્વ પણ ન્યાયાનુસાર ઔદયિકભાવ છે.

વિશેષ

**तत्राप्यस्ति विवेकोऽयं श्रेयानत्रोदितो यथा।**
**वैकृतो मोहजो भावः शेषः सर्वोऽपि लौकिकाः।।१०२६।।**

**અર્થ :–** ઉપર કરેલા કથનમાં એટલું સમજી લેવું વધારે સારું છે કે ઘાતીકર્મોમાં મોહનીયકર્મના ઉદયથી જે ભાવ થાય છે તે જ વૈકૃત (વૈભાવિક) ભાવ છે. બાકીના બધા કર્મોના ઉદયથી જે ભાવ થાય છે તે લૌકિક છે.

**ભાવાર્થ :–** વાસ્તવમાં જે ભાવ મોહનીયકર્મના ઉદયથી થાય છે તે જ વિકારી છે, તે જ ભાવ આત્માની અશુદ્ધતાનું કારણ છે, તેનાથી જ સર્વ કર્મોનો બંધ થાય છે અને તેના જ નિમિત્તે આ આત્મા અશુદ્ધરૂપ ધારણ કરતો અનંત સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. બાકીના કર્મ પોતાના પ્રતિપક્ષી ગુણને માત્ર ઢાંકે છે. ન તો તે કર્મબંધ કરવામાં સમર્થ છે અને ન તે ઘાતીની અશુદ્ધતા કરે છે.

**स यथाऽनादिसन्तानात् कर्मणोऽच्छिन्नधारया।**
**चारित्रस्य दशश्च स्यान्मोहस्यास्त्युदयाच्चितः।।१०२७।।**

**અર્થ :–** તે વિકૃત–મોહરૂપ ભાવદર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય કર્મના ઉદયથી થાય છે. આ બંનેના કર્મોનો ઉદય સંસારી જીવોને અનાદિ સંતતિરૂપે સતત થઈ રહ્યો છે. આ જ બંને કર્મોના ઉદયથી આત્માની જે વિકારાવસ્થા થઈ રહી છે તેને જ મોહરૂપ ઔદયિકભાવ કહે છે.

**तत्रोल्लेखो यथासूत्रं दृङ्मोहस्योदये सति।**
**तत्त्वस्याऽप्रतिपत्तिर्वा मिथ्यापत्तिः शरीरिणाम्।।१०२८।।**

**અર્થ :–** સૂત્રાનુસાર તે દર્શનમોહનીયના વિષયમાં એવો ઉલ્લેખ છે કે દર્શન-મોહનીયકર્મનો ઉદય થતાં જીવોને તત્ત્વની પ્રતીતિ (શ્રદ્ધાન) થતી નથી અથવા મિથ્યા પ્રતીતિ થાય છે.

**ભાવાર્થ :–** દર્શનમોહનીય કર્મનો ઉદય થતાં આ જીવની વિપરીત જ બુદ્ધિ થઈ જાય છે. તેને ઉપદેશ આપવામાં આવે તોપણ તે પદાર્થોનું બરાબર ગ્રહણ કરતો નથી, જો કરે તોપણ ઊલટારૂપે જ ગ્રહણ કરે છે. મિથ્યાત્વનું આવું જ માહાત્મ્ય છે.

એનો જ ખુલાસો

**अर्थादात्मप्रदेशेषु कालुष्यं दृग्विपर्ययात्।**
**तत्स्यात्परिणतिमात्रं मिथ्याजात्यनतिक्रमात्।।१०२९।।**

**અર્થ :–** અર્થાત્ સમ્યગ્દર્શનની વિપરીત અવસ્થા થઈ જવાથી આત્માના પ્રદેશોમાં કલુષતા આવી જાય છે અને તે કલુષતા આત્માના મિથ્યાત્વરૂપ પરિણામ વિશેષ છે.

**तत्र सामान्यमात्रत्वादस्ति वक्तुमशक्यता।**
**ततस्तल्लक्षणं वच्मि संक्षेपाद् बुद्धिपूर्वकम्।।१०३०।।**

**અર્થ :–** તે મિથ્યાત્વરૂપ પરિણામ સામાન્ય સ્વરૂપવાળા છે તેથી તેના વિષયમાં કથન થઈ શકતું નથી. માટે તેનું બુદ્ધિપૂપર્વક લક્ષણ સંક્ષેપથી કહું છું.

**ભાવાર્થ :–** એકેન્દ્રિયાદિ જીવોને જે મિથ્યાત્વનો ઉદય થઈ રહ્યો છે તે અબુદ્ધિપૂર્વક છે – સામાન્ય છે તેથી તેનું વિવેચન થઈ શકતું નથી. માટે તેનું બુદ્ધિપૂર્વક લક્ષણ સંક્ષેપથી કહેવામાં આવે છે.

અબુદ્ધિપૂર્વક મિથ્યાત્વની સિદ્ધિ

**निर्विशेषात्मके तत्र न स्याद्धेतोरसिद्धता।**
**स्वसंवेदनसिद्धत्वाद्युक्ति स्वानुभवागमैः।।१०३१।।**

**અર્થ :–** સામાન્ય અર્થાત્ અબુદ્ધિપૂર્વક મિથ્યાત્વની કોઈ હેતુથી અસિદ્ધિ થઈ શકતી નથી. કેમકે અબુદ્ધિપૂર્વક મિથ્યાત્વ સ્વસંવેદનજ્ઞાનથી સારી રીતે સિદ્ધ છે તથા યુક્તિ, પોતાના અનુભવ અને આગમથી પણ સિદ્ધ છે.

**ભાવાર્થ :–** દરેક સંસારી જીવને મિથ્યાત્વનો ઉદય થઈ રહ્યો છે, આ વાત આગમથી તો સિદ્ધ છે જ પરંતુ યુક્તિ અને પોતાના અનુભવથી પણ સિદ્ધ છે. એ જ વાત નીચેના શ્લોકથી સ્પષ્ટ કરે છે.

**सर्वं संसारिजीवानां मिथ्याभावो निरन्तरम्।**
**स्याद्विशेषोपयोगीह केषाञ्चित् संज्ञिनां मनः।।१०३२।।**

**અર્થ :–** સર્વ સંસારી જીવોને નિરંતર મિથ્યાત્વ થઈ રહ્યો છે, પરંતુ કોઈ સંજ્ઞી જીવોનું મન તે મિથ્યાભાવ તરફ વિશેષ ઉપયોગવાળું થઈ રહ્યું છે.

**ભાવાર્થ :–** જો કે સામાન્ય રીતે અસંજ્ઞી જીવો સુધી તો બધાને મિથ્યાત્વકર્મનો ઉદય થઈ રહ્યો છે, સંજ્ઞીઓમાં પણ મોટા ભાગના જીવો મિથ્યાત્વથી ગ્રસિત થઈ રહ્યા છે. તે બધાને મિથ્યાત્વના ઉદયથી જેમ ગાઢ મદિરા પીનારો જીવ મૂર્ચ્છિત થઈ જાય તેમ મૂર્છિત થઈ રહ્યા છે. જેમ દારૂડિયાને કાંઈ ખબર રહેતી નથી તેવી જ રીતે તે જીવોને પણ કાંઈ ખબર નથી. તેઓ કર્મોના ફળ ભોગવ્યે જાય છે અને નવા કર્મોનો બંધ પણ કર્યે જાય છે. તેમની આવી જ અવસ્થા અનંતકાળ સુધી રહે છે. તેઓ પોતાના સમીચીન ગુણસમૂહને ખોઈ બેઠા છે, અત્યંત અજ્ઞાની પણ થઈ ગયા છે પરંતુ તેમની આ અવસ્થા અજ્ઞાનભાવોથી જ ખરડાયેલી રહે છે, અસંજ્ઞી જીવ કર્મબંધ કરવામાં તથા તેનું ફળ ભોગવવામાં બુદ્ધિપૂર્વક જોડાઈ શકતો નથી. સંજ્ઞી જીવ જ બુદ્ધિપૂર્વક ઉપયોગ જોડવામાં સમર્થ છે તેથી કેટલાય સંજ્ઞી જીવ પોતાનો ઉપયોગ તે મિથ્યાભાવ તરફ વિશેષપણે જોડે છે અર્થાત્ તેઓ મિથ્યાત્વના સેવનમાં જાણી જોઈને પોતાની પ્રવૃત્તિ કરે છે તથા બીજા જીવોને પણ તેમાં લગાવે છે. આવા જ જીવ બુદ્ધિપૂર્વક મિથ્યાત્વ સેવી કહેવાય છે.

અથવા

**तेषां वा संज्ञिनां नूनमस्त्यनवस्थितं मनः।**
**कदाचित् सोपयोगि स्यान्मिथ्याभावार्थभूमिषु।।१०३३।।**

**અર્થ :–** અથવા તે સંજ્ઞી જીવનું મન ચંચળ રહે છે તથા મિથ્યાભાવપૂર્વક પદાર્થોમાં કોઈ કોઈવાર જોડાય છે.

**ભાવાર્થ :–** કોઈ સંજ્ઞી જીવ મિથ્યાત્વ પ્રવૃત્તિમાં સદા લીન રહે છે અને કોઈ જીવ કોઈ કોઈવાર જોડાય છે.

સારાંશ

**ततो न्यायागतो जन्तोर्मिथ्याभावो निसर्गतः।**
**दृङ्मोहस्योदयादेव वर्त्तते वा प्रवाहवत्।।१०३४।।**

**અર્થ :–** તેથી આ વાત ન્યાયસંગત છે કે આ જીવને દર્શનમોહનીયકર્મના ઉદયથી જ સ્વયં મિથ્યાભાવ થઈ રહ્યો છે અને તેનો પ્રવાહ અનાદિકાળથી અનંતકાળ સુધી ચાલ્યો જાય છે.

મિથ્યાત્વનું કાર્ય

**कार्यं तदुदयस्योच्चैः प्रत्यक्षात्सिद्धमेव यत्।**
**स्वरूपानुपलब्धिः स्यादन्यथा कथमात्मनः।।१०३५।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મના ઉદયનું કાર્ય પ્રત્યક્ષ જ સિદ્ધ છે કે આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. જો દર્શનમોહનીયકર્મનો ઉદય ન હોત તો અવશ્ય જ આત્માના નિજ સ્વરૂપની ઉપલબ્ધિ થઈ જાત. તેથી આત્માનું સ્વરૂપ નષ્ટ કરવું તે જ દર્શનમોહનીય કર્મનું કાર્ય છે.

સ્વરૂપાનુપલબ્ધિનું ફળ

**स्वरूपानुपलब्धौ तु बन्धः स्यात्कर्मणो महान्।**
**अत्रैवं शक्तिमात्रं तु वेदितव्यं सुदृष्टिभिः।।१०३६।।**

**અર્થ :–** આત્માના સ્વરૂપની અનુપલબ્ધિ થવાથી કર્મોનો તીવ્ર બંધ થાય છે. આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિઓએ જાણી લેવું જોઈએ કે દર્શનમોહનીયકર્મમાં આવી શક્તિ છે.

**प्रसिद्धैरपि भास्वद्भिरलं दृष्टान्त कोटिभिः।**
**अत्रेत्थमेवमेवं स्यादलङ्ध्या वस्तुशक्तयः।।१०३७।।**

**અર્થ :–** પ્રસિદ્ધ અને જ્વલંત (પુષ્ટ) એવા કરોડો દૃષ્ટાંત પણ આપવામાં આવે તો પણ આ જ વાત સિદ્ધ થશે કે મોહનીયકર્મમાં આવી જાતની શક્તિ છે. જે વસ્તુમાં જે શક્તિ હોય તે અનિવાર્ય હોય છે. મોહનીયકર્મમાં આત્માના સ્વરૂપને નષ્ટ કરવાની શક્તિ છે, આ શક્તિને તે કર્મમાંથી કોઈ દૂર કરી શકતું નથી. કેમકે ભિન્ન ભિન્ન પદાર્થોની ભિન્ન ભિન્ન જ શક્તિઓ હોય છે અને જે જેનો સ્વભાવ હોય તે અમિટ હોય છે.

શંકા

**सर्वे जीवमया भावा दृष्टान्तो बन्धसाधकः।**
**एकत्र व्यापकः कस्मादन्यत्राऽव्यापकः कथम्।।१०३८।।**

**અર્થ :–** જો જીવોના બધા ભાવ બંધના સાધક છે અને તેમાં દૃષ્ટાંત પણ મળે છે. જેમકે ક્રોધ, માન, મતિજ્ઞાન આદિ તો પછી જેમ આ નિયમ અન્ય ભાવોમાં વ્યાપીને રહે છે તેવી જ રીતે સ્વરૂપ ઉપલબ્ધિમાં વ્યાપ્ત થઈને કેમ ન રહે ?

ઉત્તર

**अथ तत्रापि केषाञ्चित् संज्ञिनां बुद्धिपूर्वकः।**
**मिथ्याभावो गृहीताख्यो मिथ्यार्थाकृतिसंस्थितः।।१०३९।।**

**અર્થ :–** કોઈ કોઈ સંજ્ઞી જીવોને બુદ્ધિપૂર્વક–ગૃહીત મિથ્યાત્વ હોય છે તે પદાર્થોમાં મિથ્યાભાવ સહિત હોય છે.

**ભાવાર્થ :–** વાસ્તવમાં બંધનું કારણ મિથ્યાત્વભાવ છે અને એના મૂળ મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર આ બે ભેદ છે અને ઉત્તર ભેદ અસંખ્યાત લોક છે. મિથ્યાત્વના સંબંધથી જ અન્યભાવ પણ બંધના કારણ કહેવાય છે. તેથી મિથ્યાત્વના સહચારી ભાવોમાં બંધના સાધકપણાનો નિયમ વ્યાપ્ત થઈને રહી જાય છે અને સ્વરૂપ ઉપલબ્ધિ મિથ્યાદર્શનનો સહચારી ભાવ નથી, તેથી તેમાં આ નિયમ વ્યાપ્ત થઈને રહેતો નથી.

**अर्थादेकविधः स स्याज्जातेरनतिक्रमादिह।**
**लोकासंख्यातमात्रः स्यादालापापेक्षयापि च।।१०४०।।**

**અર્થ :–** અર્થાત્ તે મિથ્યાભાવ જાતિની અપેક્ષાએ એક પ્રકારનો છે અર્થાત્ મિથ્યાભાવોના જેટલા ભેદ છે તે બધામાં મિથ્યાત્વ છે, તેથી મિથ્યાત્વની અપેક્ષાએ તો કોઈ પણ મિથ્યાભાવ કેમ ન હોય, બધા એક જ છે અને આલાપ (ભેદો)ની અપેક્ષાએ તે અસંખ્યાત લોકપ્રમાણ છે.

આલાપોના ભેદ

**आलापोऽप्येजकजातिर्यो नानारूपौऽप्यनेकधा।**
**एकान्तो विपरीतश्च यथेत्यादिक्रमादिह।।१०४१।।**

**અર્થ :–** જે એક જાતિનો આલાપ (ભેદ) છે તે પણ અનેકરૂપોમાં વિભક્ત હોવાથી

અનેક પ્રકારનો છે. જેમકે – એકાન્ત મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ ઇત્યાદિ.

**ભાવાર્થ :–** મિથ્યાત્વકર્મના અનેક ભેદ છે. પરંતુ જે એક ભેદ છે તે પણ અનેક પ્રકારનો છે. કોઈવાર આ જીવને વિપરીત ભાવ થાય છે, કોઈ વાર એકાન્તભાવ થાય છે, કોઈવાર સંશયભાવ થાય છે, કોઈવાર અજ્ઞાન ભાવ થાય છે, કોઈવાર વિનય ભાવ થાય છે ઇત્યાદિ બધા ભાવ મિથ્યાત્વના એક ભેદમાં જ ગર્ભિત થાય છે. એનો ખુલાસો આ પ્રમાણે છે કે દરેક કર્મના અનેક ભેદ હોય છે અને તે અનેક ભેદોમાં પ્રત્યેક ભેદના પણ તરતમસ્વરૂપ અનેક પ્રકાર હોય છે. દૃષ્ટાંત માટે જ્ઞાનાવરણકર્મ જ લઈ લ્યો. જ્ઞાનાવરણકર્મના સામાન્ય રીતે પાંચ ભેદ છે – મતિ જ્ઞાનાવરણ, શ્રુત જ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યય જ્ઞાનાવરણ, કેવળ જ્ઞાનાવરણ. તેમાં જે મતિજ્ઞાનાવરણ છે તે પણ અનેક પ્રકારના છે. કોઈ વર્ગણામાં X તીવ્ર અનુભાગ બંધ થાય છે અને કોઈમાં મંદ થાય છે, કોઈ વર્ગણાની સ્થિતિ અધિક પડે છે, કોઈની કમ પડે છે તથા એક પ્રકારની રસશક્તિ રાખનારા કર્મ પણ ભિન્ન ભિન્ન કાર્યો દ્વારા ફળ આપે છે. આ જ કર્મોના ભેદ પ્રભેદોથી આત્માના ભાવ પણ અનેક પ્રકારના થયા કરે છે. વાસ્તવમાં આત્માનો જ્ઞાન ગુણ એક છે, તેના મતિજ્ઞાન શ્રુતજ્ઞાન આદિ ભેદ કેવળ કર્મોના નિમિત્તે થયેલા છે અને તે ભેદોમાં પણ અનેક ભેદ છે. કોઈ જીવને અધિક મતિજ્ઞાન હોય છે, કોઈને ઓછું હોય છે. જેટલા મતિજ્ઞાનવાળા જીવો છે તે બધા કોઈને કોઈ ભેદસહિત છે. એવી જ રીતે બધા કર્મોના અનેક ભેદ છે અને તેમના જ નિમિત્તે તેમના પ્રતિપક્ષી ગુણોમાં ન્યૂનાધિકતા પ્રાપ્ત થાય છે. અહીં મિથ્યાત્વના અસંખ્યાત ભેદ તો બતાવ્યા. હવે તેની શક્તિની અપેક્ષાએ અનંત ભેદ બતાવે છે.

**अथवा शक्तितोऽनन्तो मिथ्याभावो निसर्गतः।**
**यस्मादैकैकमालापं प्रत्यनन्ताश्च शक्तयः।।१०४२।।**

**અર્થ :–** અથવા શક્તિની અપેક્ષાએ તે મિથ્યાત્વ પરિણામ સ્વભાવથી અનંત પ્રકારના છે કેમકે એક આલાપમાં અનંત અનંત શક્તિઓ હોય છે.

---

X વર્ગોના સમૂહને વર્ગણા કહે છે. સમાન અવિભાગ પ્રતિચ્છેદ ધારણ કરનારા કર્મ પરમાણુઓને વર્ગ કહે છે. ભિન્ન ભિન્ન વર્ગ સમૂહની ભિન્ન ભિન્ન વર્ગણાઓ હોય છે.

**ભાવાર્થ :–** પ્રત્યેક આલાપ અનંતાનંત વર્ગણાઓનો સમૂહ છે અને પ્રત્યેક વર્ગણામાં અનંતાનંત પરમાણુઓનો સમૂહ રહે છે તેથી પ્રત્યેક પરમાણુમાં પ્રતિપક્ષી ગુણનો ઘાત કરવાની શક્તિ હોવાથી તે કર્મના તથા તેના પ્રતિપક્ષી ગુણના પણ અનંત ભેદ થઈ જાય છે તથા અવિભાગ પ્રતિચ્છેદોની અપેક્ષાએ પણ અનંત ભેદ છે.

તથા

**जघन्य मध्यमोत्कृष्टभावैर्वा परिणामिनः।**
**शक्तिभेदात्क्षणं यावदुन्मज्जन्ति पुनः पृथक्।।१०४३।।**
**कारुं कारुं स्वकार्यत्वाद्बन्धकार्यं पुनः क्षणात्।**
**निमज्जन्ति पुनश्चान्ये प्रोन्मज्जन्ति यथोदयात्।।१०४४।।**

**અર્થ :–** તે કર્મોની જેટલી કોઈ શક્તિઓ છે તે બધી પ્રતિક્ષણ પરિણમનશીલ છે, તેથી તે યથાયોગ્ય જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ ભાવો દ્વારા પરિણમતી થકી ભિન્નરૂપે પ્રગટ થાય છે અને બંધરૂપ કાર્ય કરીને શીઘ્ર જ શાંત થઈ જાય છે. તે શાંત થતાં જ બીજી શક્તિઓ પોતાના ઉદય અનુસાર પ્રગટ થઈ જાય છે. તે શક્તિઓનું કાર્ય એક બંધ કરવો તે જ છે.

**ભાવાર્થ :–** જે કર્મ જે ભાવરૂપ ઉદય પામે છે અર્થાત્ જઘન્યરૂપે અથવા ઉત્કૃષ્ટરૂપે જેટલી કોઈ ફળદાન શક્તિસહિત ઉદયમાં આવે છે તે તે જ રૂપે પોતાનું ફળ આપે છે અને સાથોસાથ નવા કર્મોનો બંધ કરે છે. આટલું કામ કરીને તે નષ્ટ થઈ જાય છે અને બીજું કર્મ ઉદયમાં આવે છે. એ જ પ્રમાણે તે પણ પોતપોતાની શક્તિ અનુસાર ફળ આપીને તથા નવીન કર્મોનો બંધ કરીને નષ્ટ થઈ જાય છે. એ જ ક્રમે પહેલાં પહેલાં બાંધેલ કર્મ ઉદયમાં આવે છે અને નવીન નવીન કર્મ બંધાયા કરે છે. આ ક્રમ જ્યાં સુધી કારણરૂપ મોહનીયકર્મ શાંત થતું નથી, ત્યાં સુધી બરાબર ચાલ્યા કરે છે.

બુદ્ધિપૂર્વક મિથ્યાત્વના કેટલાક દૃષ્ટાંત

**बुद्धिपूर्वकमिथ्यात्वं लक्षणाल्लक्षितं यथा।**
**जीवादिनामश्रद्धानं वा विपर्ययात्।।१०४५।।**

**અર્થ :–** બુદ્ધિપૂર્વક મિથ્યાત્વનું જે લક્ષણ આપવામાં આવ્યું છે તે પ્રમાણે છે – જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન ન કરવું અથવા તેનું ઊલટું શ્રદ્ધાન કરવું.

તથા

**सूक्ष्मान्तरितदूरार्थाः प्रागेवात्रापि दर्शिताः।**
**नित्यं जिनोदितैर्वाक्यैर्ज्ञातुं शक्या न चान्यथा।।१०४६।।**
**दर्शितेष्वेपि तेषूच्चैर्जैनैः स्याद्वादिभिः स्फुटम्।**
***न स्वीकरोति तानेव मिथ्याकर्मोदयादपि।।१०४७।।**

**અર્થ :–** સૂક્ષ્મ પદાર્થ – પરમાણુ, ધર્માદિ દ્રવ્ય, અંતરિત પદાર્થ – રામ, રાવણાદિ, દૂરવર્તી પદાર્થ – સુમેરુ, અકૃત્રિમ ચૈત્યાલય આદિ. એવું વર્ણન પહેલાં પણ આવી ગયું છે. આ પદાર્થ જિનેન્દ્ર કથિત – આગમથી જ જાણી શકાય છે , અન્યથા નહિ. સ્યાદ્વાદમાં પારંગત આચાર્યોએ શાસ્ત્રોમાં આ પદાર્થોનું સારી રીતે વિવેચન કર્યું છે. પરંતુ મિથ્યાત્વકર્મના ઉદયથી મિથ્યાદ્રષ્ટિ જીવો તેમનો સ્વીકાર કરતા નથી.

**ભાવાર્થ :–** જૈનાચાર્યોએ પ્રથમાનુયોગના શાસ્ત્રોમાં મોક્ષગામી ઉત્તમ પુરુષોના જીવન ચરિત્ર લખ્યા છે પરંતુ મિથ્યાદ્રષ્ટિ જીવ તે કથનને જ મિથ્યા ગણે છે, તે માને છે કે આચાર્યોએ જે રામ રાવણાદિનું ચરિત્ર લખ્યું છે તે કેવળ કાલ્પનિક છે, વાસ્તવમાં રામ રાવણાદિ થયા નથી. આચાર્યોની આ કલ્પના નવલકથાની જેમ સમજાવવા માટે છે. એવી જ રીતે સુમેરુ, વિદેહ આદિ જે તેને સર્વથા પરોક્ષ છે તેમને પણ તે મિથ્યા સમજે છે. મિથ્યાત્વકર્મે તેના આત્મા ઉપર એટલી ઊંડી અસર પાડી છે કે જેથી તેની બુદ્ધિ સત્પદાર્થો તરફ જતી જ નથી. વાસ્તવમાં જ્યાં સુધી આ આત્મા ઉપર તીવ્ર કર્મનો પ્રકોપ રહે છે ત્યાં સુધી એનું કલ્યાણ થતું જ નથી. જે જીવોના કર્મ શાંત થઈ જાય છે તેમના અંતરના દ્વાર તરત ઉઘડી જાય છે અને તે જ સમયે તેઓ સાચા માર્ગે ચડી જાય છે. સ્વામી વિદ્યાનંદી, ગૌતમ ગણધર આદિના એવા અનેક ઉદાહરણ છે કે જે પહેલાં મિથ્યાત્વકર્મના ઉદયથી જે પદાર્થોને ભ્રમરૂપ સમજતા હતા પરંતુ પાછળથી

* मिथ्या कर्मोदयादधि એવો સંશોધિત પુસ્તકમાં પાઠ છે.

નિમિત્તવશ મિથ્યાત્વકર્મ ખસી જવાથી તે જ પદાર્થોને યથાર્થ સમજવા લાગ્યા. જેઓ તે જ આચાર્યોના કહેલા તત્ત્વજ્ઞાનને (તત્ત્વ સિદ્ધાંતને) સાચા માને છે અને તે જ આચાર્યોના કહેલા પ્રથમાનુયોગના કથનને કાલ્પનિક માને છે તેમણે વિચારવું જોઇએ કે આચાર્યોને એવી કઈ જરૂર પડી કે કોઈ પ્રયોજન વિના કલ્પના કરીને લોકોને છેતરે ? જો તેમને એ જ કર્તવ્ય કરવાનું બાકી હતું તો તેમણે સાંસારિક સુખનો પરિત્યાગ કરીને કઠણ તપ કરવા માટે ભયંકર જંગલમાં નિવાસ શા માટે કર્યો હતો ? જો એમ કહેવામાં આવે કે પોતાનું કલ્યાણ કરવા માટે તો બીજા લોકોને છેતરવા એ આત્મકલ્યાણ ન કહેવાય ? તેથી આચાર્યોની રચનાને જે જૂઠી કહે છે તે બિચારા મિથ્યાત્વકર્મના ઉદયથી પીડિત છે. બીજી વાત એ છે કે કલ્પનાથી શિક્ષણ અવશ્ય મળે પરંતુ નિશ્ચય માર્ગનું પરિજ્ઞાન કદી થઈ શકતું નથી અને નિશ્ચય માર્ગનું પૂરું જ્ઞાન થયા વિના તે શિક્ષણને સુખદાયક શિક્ષણ કહી શકાતું નથી. પદ્મ પુરાણમાં લખ્યું છે કે રાવણે કૈલાસ પર્વત ઊંચક્યા પછી તે પર્વત ઉપર જ્યારે ચૈત્યાલય અને મુનિ મહારાજના દર્શન કર્યા ત્યારે ભક્તિવશ પોતાના હાથની નસનું વાદ્ય બનાવીને તેમના ગુણોનું ગદ્ગદ્ કંઠે ગાન કર્યું. એવી જ રીતે વજ્રજંઘે મુનિ મહારાજના દર્શન કરી અણુવ્રતોનું ગ્રહણ કર્યું અથવા સીતાના જીવે રામચંદ્રને વિચલિત કરવાનો ઘણો પ્રયાસ કર્યો પરંતુ તેઓ ધ્યાનમાં દૃઢ જ બની રહ્યા, કિંચિત્ માત્ર વિચલિત થયા નહિ, ઇત્યાદિ વાતો જો સાચી માનવામાં આવે તો જ મનુષ્ય તે જ પ્રકારની ક્રિયાઓ દ્વારા પોતાના ભાવો સુધારી શકે છે અને રાવણની જેમ ભક્તિરસમાં મગ્ન થઈ શકે છે, વજ્રજંઘની જેમ પોતાના દુર્ભાવ છોડી શકે છે, રામંચંદ્રની જેમ ધ્યાનમાં નિશ્ચળ ઉપયોગ જોડી શકે. અંજન ચોર જેવા પુરુષોના આગળ પાછળના કર્તવ્યોથી ભાવોનું વૈચિત્ર્ય જાણી શકે છે. પરંતુ આ બધી વાતોને કાલ્પનિક માનવાથી કાંઈ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. કેમકે કલ્પનામાં રાવણ –તેની ભક્તિ, રામચંદ્ર –તેમનું ધ્યાન, વજ્રજંઘ –તેના જીવનનો સુધારો, અંજન ચોર તેના જીવનની કાયાપલટ, આ બધા કાર્યો મિથ્યા જ લાગશે. આવી સ્થિતિમાં ક્યા આધારે અને ક્યા આદર્શ વડે જીવન સુધારાનું યથાર્થ શિક્ષણ લઈ શકાય ? કોઈએ પાપ કર્યું અને તે નરકમાં ગયો, કોઈએ પુણ્ય કર્યું તે સ્વર્ગે ગયો, આ પુણ્ય પાપનું ફળ પણ તેને મિથ્યા જ લાગશે કેમકે કલ્પનામાં ન તો કોઈ સ્વર્ગે ગયું છે કે ન કોઈ નરકે ગયું છે. આવી હાલતમાં નરક અને સ્વર્ગની વ્યવસ્થા પણ ઊડી જાય છે. માત્ર જે વાતો સંસારમાં વ્યવહારમાં દેખાય છે તે જ શેષ રહી જાય છે, પરોક્ષ પદાર્થ કાંઈ પદાર્થ જ રહેતા

નથી. પરોક્ષ પદાર્થમાં બુદ્ધિ ન જવાથી અજ્ઞાની જીવ જેટલું તે દેખે છે તેટલો જ લોક માનશે. આવા વિપરીત ભાવ મિથ્યાત્વકર્મના ઉદયથી થાય છે.

મિથ્યાત્વકર્મના ઉદયથી થતાં ભાવ

**ज्ञानानन्दौ यथा स्यातां मुक्तात्मनो यदन्वयात्।**
**विनाप्यक्षशरीरेभ्यः प्रोक्तमस्त्यस्ति वा न वा।।१०४८।।**

**અર્થ :–** જ્ઞાન અને આનંદ આત્માના ગુણ છે તેથી તે ઇન્દ્રિય અને શરીર વિના પણ મુક્ત જીવને નિરંતર રહે છે. આ જ વિષયમાં મિથ્યાદ્રષ્ટિ વિચાર કરે છે કે આ કથન બરાબર છે અથવા બરાબર નથી.

**ભાવાર્થ :–** જ્ઞાન અને સુખ આત્માના નિજ ગુણ છે. ગુણોનો કદી નાશ થતો નથી. જો ગુણોનો જ નાશ થઈ જાય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય અને દ્રવ્યનો નાશ થવાથી શૂન્યતાનો પ્રસંગ આવે તેથી ગુણોનો સમૂહ – દ્રવ્ય સદા ટંકોત્કીર્ણ સમાન અખંડ રહે છે, પરંતુ સંસારમાં જ્ઞાન અને સુખનો અનુભવ શરીર અને ઇન્દ્રિયો દ્વારા જ થયા કરે છે. જો કે ઇન્દ્રિયોથી આત્મિક સુખનો સ્વાદ આવતો નથી. આત્માનું સુખ તો આત્મામાં જ સ્વયં હોય છે. ઇન્દ્રિયો તો તેની બાધક છે, ઇન્દ્રિયો દ્વારા જે સુખ થાય છે તે ફક્ત શુભકર્મના ફળસ્વરૂપ છે, તો પણ મિથ્યાદ્રષ્ટિ જીવ તે જ સુખને આત્મિક સુખ માનવા લાગે છે. ઇન્દ્રિજન્ય જ્ઞાનને જ તે યથાર્થ પ્રત્યક્ષ અને પૂર્ણ જ્ઞાન સમજે છે અને તેની સમજણ પ્રમાણે તે એવી પણ કલ્પના કરે છે કે ઇન્દ્રિય અને શરીર વિના સુખ અને જ્ઞાન થઈ જ શકતા નથી. તેથી તે મુક્ત આત્માઓના જ્ઞાન, સુખમાં સંદેહ કરે છે કે શરીર અને ઇન્દ્રિયો વિના મુક્તાત્માઓને જે જ્ઞાન અને સુખ બતાવ્યું છે તે થઈ શકે કે નહિ ? વાસ્તવમાં ઇન્દ્રિયજન્ય જ્ઞાન સીમિત અને પરોક્ષ હોય છે, જ્યારે ઇન્દ્રિયોથી રહિત – અતીન્દ્રિય જ્ઞાન થાય છે ત્યારે તેમાં પૂર્ણતા અને નિર્મળતા આવે છે. જીવોને જે જ્ઞાન થાય છે તે અતીન્દ્રિય હોય છે એવી જ રીતે તેમને જે સુખ થાય છે તે ઇન્દ્રિયોથી સર્વથા વિલક્ષણ હોય છે. જે ઇન્દ્રિયજન્ય સુખ છે તે કર્મોદયજનિત છે, તેથી દુઃખ જ છે, મિથ્યાદ્રષ્ટિ દુઃખને જ સુખ સમજે છે.

અને વળી

**स्वतः सिद्धानि द्रव्याणि जीवादिनि किलेति षट्।**
**प्रोक्त जैनागमे यत्तस्त्याद्वा नेच्छेदनात्मवित्।।१०४९।।**

**અર્થ :–** જૈન શાસ્ત્રોમાં સ્વતઃસિદ્ધ જીવાદિ છ દ્રવ્ય કહેવામાં આવ્યા છે તે હોય શકે કે નહિ ? એવી પણ આશંકા તે આત્મસ્વરૂપને ન જાણનાર મિથ્યાદૃષ્ટિ જીવ કરે છે.

અને વળી

**नित्यानित्यात्मकं तत्त्वमेकं चैकपदे च यत्।**
**स्याद्वा नेति विरुद्धत्वात् संशयं कुरुते कुद्दक्।।१०५०।।**

**અર્થ :–** પદાર્થ નિત્યનિત્યાત્મક છે, એક જ પદાર્થમાં નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મ રહે છે. આ વિષયમાં પણ મિથ્યાદૃષ્ટિ સંશય કરે છે કે એક પદાર્થમાં નિત્યત્વ અને અનિત્યત્વ બે ધર્મ રહી શકે કે નહિ ? તે સમજે છે કે નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મ પરસ્પર વિરોધી છે તેથી તેમનું એક પદાર્થમાં રહેવું અશક્ય છે.

**ભાવાર્થ :–** પદાર્થ દ્રવ્યદૃષ્ટિથી સદા રહે છે. તેનો કદી નાશ થતો નથી, પરંતુ પર્યાયદૃષ્ટિથી તે અનિત્ય છે. જેમ મનુષ્ય મરીને દેવ થઈ જાય છે. અહીં જીવની મનુષ્ય પર્યાયનો તો નાશ થઈ ગયો અને દેવ પર્યાયનો ઉત્પાદ થઈ ગયો, પરંતુ જીવનો ન તો નાશ થયો છે અને ન ઉત્પાદ થયો છે. જીવ મનુષ્યપર્યાયમાં હતો તે જ જીવ હવે દેવપર્યાયમાં છે તેથી જીવદ્રવ્યની અપેક્ષાથી તો જીવ નિત્ય છે પરંતુ જીવની પર્યાયોની અપેક્ષાથી જીવ અનિત્ય છે માટે જીવમાં કથંચિત્ નિત્યતા અને કથંચિત્ અનિત્યતા એ બંનેય ધર્મ રહે છે, પરંતુ જે અપેક્ષાએ નિત્યતા છે તે અપેક્ષાએ અનિત્યતા નથી. જો જે અપેક્ષાએ નિત્યતા છે તે જ અપેક્ષાથી તેમાં અનિત્યતા પણ માનવમાં આવે તો તો અવશ્ય વિરોધ સંભવે છે, પરંતુ અપેક્ષા ન સમજવાથી જ મિથ્યાદૃષ્ટિ આ ધર્મોને વિરોધી સમજે છે.

અને

**अप्यनात्मीयभावेषु यावन्नोकर्मकर्मसु।**
**अहमात्मेति बुद्धर्या दृङ्मोहस्य विजृम्भितम्।।१०५१।।**

**અર્થ :–** કર્મ – જ્ઞાનાવરણાદિ, નોકર્મ –શરીરાદિ જે આત્માથી ભિન્ન પદાર્થ છે તે પદાર્થોમાં હું આત્મા છું, આ જાતની જે બુદ્ધિ થાય છે તે દર્શનમોહની ચેષ્ટા છે.

**ભાવાર્થ :–** દર્શનમોહનીયના ઉદયથી આ જીવ શરીરાદિ જડ પદાર્થોને જ આત્મા સમજે છે.

અને

**अदेवे देवबुद्धिः स्यादगुरो गुरुधीरिह।**
**अधर्म धर्मवज्ज्ञानं दृङ्मोहस्यानुशासनात्।।१०५२।।**

**અર્થ :–** દર્શનમોહનીયકર્મના ઉદયથી આ જીવ અદેવમાં દેવબુદ્ધિ, અગુરુમાં ગુરુબુદ્ધિ અને અધર્મમાં ધર્મબુદ્ધિ કરે છે.

અને વળી

**धनधान्यसुताद्यर्थं मिथ्यादेवं दुराशयः।**
**सेवते कुत्सितं कर्म कुर्याद्वा मोहशासनात्।।१०५३।।**

**અર્થ :–** મોહનીયકર્મને વશીભૂત થઈને આ જીવ અનેક ખોટા ખોટા અભિપ્રાય હૃદયમાં રાખીને ધન, ધાન્ય પુત્રાદિની પ્રાપ્તિ માટે મિથ્યા દેવોની સેવા કરે છે, તથા નીચકર્મ પણ કરે છે.

**ભાવાર્થ :–** જે લોકો ઘરની ઇચ્છાથી ચંડી, મુંડી, ભૈરવ, નગરસેન, માતા આદિ કુદેવોની પૂજા કરે છે તથા જે હિંસાદિક નિંદ્ય કાર્યોમાં પ્રવૃત્ત થાય છે તે બધા મિથ્યાત્વ

કર્મને વશીભૂત છે.

સારાંશ

**सिद्धमेतन्नु ते भावा: प्रोक्ता येऽपि गतिच्छलात्।**
**अर्थादौदयिकास्तेऽपि मोहद्वेतोदयात्परम्।।१०५४।।**

**અર્થ :–** આ વાત સિદ્ધ થઈ ગઈ કે ગતિના બહાને જે ભાવ કહેવામાં આવ્યા છે તે પણ ગતિકર્મની સાથે ઉદયમાં આવનારા દર્શનમોહનીય ચારિત્રમોહનીય કર્મના ઉદયથી ઔદયિક છે.

**ભાવાર્થ :–** ઉપર નામકર્મના કેટલાક ભેદોમાંથી ગતિકર્મનું વિવેચન કરતાં તેને ઔદયિકભાવોમાં ગણવામાં આવેલ છે અને એ બતાવી દીધું છે કે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ આ ચારેય પર્યાયોમાં આત્માના ભાવ ભિન્ન ભિન્નપણે અસાધારણ હોય છે. જેવી પર્યાય હોય છે તે જ પ્રમાણે આત્માની ભાવસંતતિ પણ થઈ જાય છે અર્થાત્ જે પર્યાયમાં આ આત્મા જાય છે તે જ પર્યાય અનુસાર તેના ભાવોની રચના થઈ જાય છે. તેથી ગતિકર્મ ઔદયિક છે. અહીં કોઈએ શંકા કરી હતી કે ગતિકર્મ તો નામકર્મનો ભેદ હોવાથી અઘાતીકર્મ છે, તેમાં આત્માના ભાવોનું પરિવર્તન કરવાની યોગ્યતા ક્યાંથી આવી શકે ? આ શંકાના ઉત્તરમાં એમ કહેવામાં આવ્યું છે કે તે ગતિકર્મના ઉદયની સાથે જ મોહનીયકર્મનો પણ ઉદય થઈ રહ્યો છે, તેથી તે જ આત્માના ભાવોના પરિવર્તનનું કારણ છે અને નારકાદિ પર્યાય તે પરિવર્તનમાં સહાયક કારણ છે, કેમકે નારકાદિ ભિન્ન ભિન્ન પર્યાયોના નિમિત્તથી જ ભિન્ન ભિન્ન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની યોગ્યતા મળે છે અને જે પ્રકારની જ્યાં સામગ્રી હોય તેના જ અનુસાર મોહનીયના ઉદયથી આત્માના ભાવોમાં પરિવર્તન થાય છે અર્થાત્ સામગ્રી અનુસાર કર્મોદય વિશેષપણે પાકે છે. તેથી ગતિકર્મના ઉદયથી થતા ભાવ પણ ઔદયિક છે. એમાં અંતરંગ કારણ મોહનીયકર્મનો ઉદય જ સમજવો જોઈએ.

**यत्र कुत्रापि वान्यत्र रागांशो बुद्धिपूर्वक:।**
**स स्याद्द्वैविध्यमोहस्य पाकाद्वान्यतमोदयात्।।१०५५।।**

**અર્થ :–** જ્યાં ક્યાંય પણ બુદ્ધિપૂર્વક રાગ હોય છે તે દર્શનમોહ અને ચારિત્રમોહના પાકથી જ હોય છે અથવા બંનેમાંથી કોઈ એકના પાકથી હોય છે.

**ભાવાર્થ :–** જ્યાં દર્શનમોહનો ઉદય હોય છે ત્યાં ચારિત્રમોહનો પણ ઉદય નિયમથી રહે છે એવા સ્થાનમાં બંનેય બુદ્ધિપૂર્વક રાગના કારણ છે અને જ્યાં ચારિત્રમોહનો ઉદય રહે છે ત્યાં દર્શનમોહનો ઉદય રહે કે ન રહે, નિયમ નથી. ચોથા ગુણસ્થાનથી ઉપર કેવળ ચારિત્રમોહનો જ ઉદય છે. તેથી ત્યાં કેવળ ચારિત્રમોહના ઉદયથી રાગ થાય છે. જ્યાં બંનેથી રાગ થાય છે ત્યાં દર્શનમોહ આત્માની બુદ્ધિને મિથ્યારૂપ કરે છે, ચારિત્રમોહ રાગ કરે છે. ચોથા ગુણસ્થાનથી લઈને ઉપરના ગુણસ્થાનોમાં બુદ્ધિપૂર્વક રાગ તો થાય છે, પરંતુ ત્યાં મિથ્યાબુદ્ધિપૂર્વક રાગ થતો નથી. જેમ – મિથ્યાદ્રષ્ટિ શરીરાદિ ભિન્ન પદાર્થોમાં પોતાપણાની બુદ્ધિથી રાગ કરી શકે છે, પરંતુ સમ્યગ્દ્રષ્ટિ શરીરાદિમાં રાગ અવશ્ય કરી શકે છે પરંતુ આત્મત્વબુદ્ધિથી કરી શકતા નથી. કેમકે શરીરાદિમાં આત્મબુદ્ધિ કરનાર તો કેવળ દર્શનમોહ છે.

સારાંશ

**एवमौदयिका भावाश्चत्वारो गतिसंश्रिता:।**
**केवलं बन्धकर्तारो मोहकर्मोदयात्मका:।।१०५६।।**

**અર્થ :–** આ પ્રમાણે ગતિકર્મના આશ્રયે ચાર ઔદયિકભાવ થાય છે, પરંતુ બંધ કરનાર કેવળ મોહકર્મના ઉદયથી થનારા જ ભાવ છે.

**ભાવાર્થ :–** મોહનીયકર્મ વિના ગતિકર્મનો ઉદય કાંઈ કરી શકતો નથી. ફક્ત ઉદયમાં આવીને ખરી જાય છે.

કષાયભાવ

**कषायाश्चापि चत्वारौ जीवस्यौदयिका: स्मृता:।**
**क्रोधो मानोऽथ माया: च लोभश्चेति चतुष्टयात्।।१०५७।।**

**ते चाऽऽत्मोत्तरभेदैश्च नामतोऽप्यत्र षोडश।**
**पञ्चविंशतिकाश्चापि लोकासंख्यातमात्रका:।।१०५८।।**
**अथवा शक्तितोऽनन्ता: कषाया: कल्मषात्मका:।**
**यस्मादेकैकमालापं प्रत्यन्ताश्च शक्तय:।।१०५९।।**

**અર્થ :–** ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાયો પણ જીવના ઔદયિકભાવ છે અને તે કષાયોના જેટલા ઉત્તરભેદ છે તે બધા પણ ઔદયિકભાવ છે. કષાયોના ઉત્તરભેદ નામ અપેક્ષાએ સોળ પણ છે તથા પચીસ પણ છે પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ તેમના અસંખ્યાત લોક પ્રમાણ ભેદ પણ છે અથવા શક્તિની અપેક્ષાએ તે કષાયોના અનંત ભેદ પણ છે. કેમકે એકે એક ભેદની અનંત અનંત શક્તિઓ છે. આ બધા કષાયો પાપરૂપ છે અર્થાત્ બધા કષાયો આત્માના ગુણોનો ઘાત કરે છે.

**ભાવાર્થ :–** સામાન્યપણે ક્રોધ, માન, માયા, લોભ આ કષાયોના ચાર ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન અને સંજ્વલન; આ ભેદોની અપેક્ષાએ તેના સોળ ભેદ છે અર્થાત્ આ ચારે ભેદોમાં ક્રોધ, માન, માયા અને લોભ જોડવાથી સોળ ભેદ થઈ જાય છે. તેમાં જ હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આ નવ નોકષાયોને જોડી દેવાથી તેના પચ્ચીસ ભેદ થઈ જાય છે. અંતર્ભેદ અને શક્તિઓની અપેક્ષાથી તેમના અસંખ્યાત લોકપ્રમાણ અને અનંતભેદ પણ છે.= અનંતાનુબંધી કષાય આત્માના સ્વરૂપાચરણ ચારિત્રનો ઘાત કરે છે. X અપ્રત્યાખ્યાનાવરણ કષાય આત્માના દેશચારિત્રનો ઘાત કરે છે. પ્રત્યાખ્યાનાવરણ કષાય * આત્માના સકળ ચારિત્રનો ઘાત કરે છે તથા સંજ્વલન કષાય + આત્માના યથાખ્યાત ચારિત્રનો ઘાત

= अनन्तं-अनन्त संसारं अनुबध्नाति स अनन्तानुबन्धी, અર્થાત્ જે અનંત સંસારને બાંધે – વધારે તેને અનંતાનુબંધી કહે છે. અનંતાનુબંધી કષાય સમ્યગ્દર્શનનો પણ ઘાત કરે છે તેથી આ સંસારમાં અનંતકાળ સુધી તે ભ્રમણ કરાવે છે.

X अ-ईषत् प्रत्याख्यानं-चारित्रं आवृणोति-रुणद्धि असौ अप्रत्याख्यानावरणः - અર્થાત્ જે થોડું પણ – એકદેશચારિત્ર પણ ન થવા દે. તેને અપ્રત્યાખ્યાનાવરણ કહે છે.

* प्रत्याख्यानं - सकल चारित्रं, आवृणोतीति प्रत्याख्यानावरणः - અર્થાત્ જે સકળ ચારિત્ર ન થવા દે તેને પ્રત્યાખ્યાનાવરણ કહે છે.

+ यो यथाख्यातं संज्वलयति-भस्मसात् करोति स संज्वलनः - અર્થાત્ જે યથાખ્યાત ચારિત્રને ન થવા દે તેને સંજ્વલન કહે છે

કરે છે. અનંતાનુબંધી કષાયનો ઉદય બીજા ગુણસ્થાન સુધી રહે છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય ચોથા ગુણસ્થાન સુધી રહે છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય પાંચમાં ગુણસ્થાન સુધી રહે છે. સંજ્વલન કષાયનો ઉદય દસમા ગુણસ્થાન સુધી રહે છે. આ કષાયોનો જ્યાં જ્યાં સુધી ઉદય હોય છે ત્યાં ત્યાં સુધી એ પોતાના પ્રતિપક્ષી ગુણોને થવા દેતા નથી. આ કષાયોનો વાસનાકાળ આ પ્રમાણે છે – સંજ્વલન કષાયનો અંતર્મુહૂર્ત, પ્રત્યાખ્યાન કષાયનો એક પખવાડિયું અર્થાત્ પંદર દિવસ, અપ્રત્યાખ્યાન કષાયનો છ મહિના અને અનંતાનુબંધીનો સંખ્યાત, અસંખ્યાત તથા અનંતભવ. વાસનાકાળનો અભિપ્રાય એ છે કે આટલા કાળ સુધી આના સંસ્કાર આત્મામાં ટકી રહે છે. જેમકે સંજ્વલન કષાયના સંસ્કાર કેવળ અંતર્મુહૂર્ત સુધી જ રહી શકે છે. પ્રત્યાખ્યાન કષાયના સંસ્કાર એકવાર લાગ્યા પછી પંદર દિવસ સુધી રહી શકે છે. એવી જ રીતે બીજાઓનો સંસ્કારકાળ સમજવો જોઈએ. આ બધામાં અનંતાનુબંધીનો સંસ્કારકાળ સૌથી અધિક છે. તેના સંસ્કાર અનંતભવ સુધી રહી શકે છે.

ચારિત્રમોહનીયનું કાર્ય

**अस्ति जीवस्य चारित्रं गुणः शुद्धत्व शक्तिमान्।**
**वैकृतोऽस्ति स चारित्रमोहकर्मोदयादिह।।१०६०।।**

**અર્થ :–** જીવનો એક ચારિત્રગુણ છે, તે શુદ્ધસ્વરૂપ છે પરંતુ આ સંસારમાં ચારિત્ર-મોહનીયકર્મના ઉદયથી તે વિકૃત થઈ રહ્યો છે અર્થાત્ અનાદિકાળથી ચારિત્રમોહનીય કર્મના ઉદયથી તે અશુદ્ધ થઈ રહ્યો છે.

ચારિત્ર મોહના ભેદ

**तस्माच्चारित्रमोहश्च तद्भेदाद् द्विविधो भवेत्।**
**पुद्गलो द्रव्यारूपोऽस्ति भावरूपोऽस्ति चिन्मयः।।१०६१।।**

**અર્થ :–** તેથી તેના ભેદથી ચારિત્રમોહ બે પ્રકારે છે, એક દ્રવ્યરૂપ, બીજો ભાવરૂપ.

દ્રવ્યરૂપ ચારિત્રમોહ પુદ્‌ગલસ્વરૂપ છે અને ભાવરૂપ ચારિત્રમોહ ચૈતન્યસ્વરૂપ છે.

**ભાવાર્થ :–** ચારિત્રમોહ કર્મના ઉદયથી જે આત્માના ચારિત્રગુણની રાગદ્વેષરૂપ વૈભાવિક અવસ્થા છે તેનાથી જ ચારિત્રમોહનીય કર્મના બે ભેદ થઈ જાય છે. એક દ્રવ્યમોહ અને બીજો ભાવમોહ. પૌદ્‌ગલિક ચારિત્રમોહ દ્રવ્યમોહ છે અને તેના નિમિત્તે થતા આત્માના રાગદ્વેષરૂપભાવ, ભાવમોહ છે.

દ્રવ્યમોહ

**अस्त्येकं मूर्तिमद्द्रव्यं नाम्ना ख्यात्: स पुद्‌गलः।**
**वैकृतः सोऽस्ति चारित्रमोहरूपेण संस्थितः।।१०६२।।**

**અર્થ :–** રૂપ, રસ, ગંધ, સ્પર્શનું નામ મૂર્તિ છે. જે દ્રવ્યમાં આ ચારે ગુણ હોય તેને મૂર્તિકદ્રવ્ય કહે છે. આવું મૂર્તિકદ્રવ્ય છ એ દ્રવ્યોમાંથી એક છે અને તે પુદ્‌ગલના નામથી પ્રસિદ્ધ છે. તે જ પુદ્‌ગલની એક વૈભાવિક પર્યાય ચારિત્રમોહરૂપ છે.

**पृथ्वीपिण्डसमानः स्यान्मोहः पौद्‌गलिकोऽखिलः।**
**पुद्‌गलः स स्वयं नात्मामिथो बन्धौ द्वयोरपि।।१०६३।।**

**અર્થ :–** જેટલો કોઈ પૌદ્‌ગલિક મોહ છે તે બધો પૃથ્વીપિંડ સમાન છે, તે સ્વયં પુદ્‌ગલ છે, આત્મા નથી. પૌદ્‌ગલિક દ્રવ્યમોહ અને આત્મા બંનેનો પરસ્પર બંધ થાય છે.

ભાવમોહ

**द्विविधस्यापि मोहस्य पौद्‌गलिकस्य कर्मणः।**
**उदयादात्मनो भावो भावमोहः स उच्यते।।१०६४।।**

**અર્થ :–** બંને પ્રકારના પૌદ્‌ગલિક મોહનીયકર્મના ઉદયથી આત્માનો જે ભાવ થાય છે તેને જ ભાવમોહ કહે છે.

**ભાવાર્થ :–** દ્રવ્યમોહના ઉદયથી થતી આત્માની વૈભાવિક અવસ્થાનું નામ જ ભાવમોહ છે.

ભાવમોહનું સ્વરૂપ

**जले जम्बालवन्नूनं स भावो मलिनो भवेत्।**
**बन्धहेतुः स एव स्यादद्वैतश्चाष्टकर्मणाम्।।१०६५।।**

**અર્થ :–** જળમાં જેમ શેવાળ જામવાથી જળ મલિન થઈ જાય છે તેવી જ રીતે તે ભાવ પણ (રાગદ્વેષ રૂપ) મલિન થાય છે, તથા તે જ એકલો આઠે કર્મોના બંધનું કારણ છે.

**ભાવાર્થ :–** કષાયભાવો વિના કર્મ આત્માની સાથે બંધાઈ શકતા નથી. જેવા આવે છે તેવા જ ચાલ્યા જાય છે. કષાયભાવ જ તેમના બંધનું કારણ છે. તેથી દસમા ગુણસ્થાન સુધી જ કર્મબંધ થાય છે, તેનાથી ઉપર કર્મબંધ થતો નથી, પરંતુ યોગોના નિમિત્તે જે સમયે કર્મ આવે છે તે જ સમયે ખરતા પણ જાય છે.

ભાવમોહ જ અનર્થોનું મૂળ છે

**अपि यावदनर्थानां मूलमेकः स एव च।**
**यस्मादनर्थमूलानां कर्मणामादिकारणम्।।१०६६।।**

**અર્થ :–** સંસારમાં જેટલા કોઈ અનર્થ છે તે બધાનું મૂળ કારણ તે જ ભાવમોહ છે કેમકે અનર્થનું મૂળ કારણ કર્મ છે અને તે કર્મોનું પણ આદિ કારણ તે ભાવમોહ છે.

અને

**अशुचिर्घातको रौद्रो दुःखं दुःखफलं च सः।**
**किमत्र बहुनोक्तेन सर्वासां विपदां पदम्।।१०६७।।**

**અર્થ :–** આ ભાવમોહ અપવિત્ર છે, આત્માના ગુણોનો ઘાતક છે, રૌદ્રસ્વરૂપ છે, દુઃખરૂપ છે અને દુઃખના ફળસ્વરૂપ છે અથવા દુઃખ જ તેનું ફળ છે. તે ભાવમોહના વિષયમાં અધિક શું કહેવું ? સર્વ આપત્તિઓનું તે સ્થાન છે.

ભાવમોહમાં પરસ્પર કાર્યકારણભાવ

**कार्यकारणमप्येष मोहो भावसमाह्वयः ।**
**Xसर्वबद्धानुवादेन प्रत्यग्रास्त्रवसंचयात् ।।१०६८ ।।**

**અર્થ :–** આ ભાવમોહ કાર્ય પણ છે અને કારણ પણ છે. પૂર્વે બાંધેલા કર્મોના ઉદયથી થાય છે તેથી તો કાર્યરૂપ છે તથા નવીન કર્મોના આસ્રવનો સંચય કરે છે તેથી કારણરૂપ છે. નીચેના શ્લોકોમાં ભાવમોહનો પરસ્પર કાર્યકારણ ભાવ ગ્રંથકાર સ્વયં કહે છે —

**यदोच्चैः पूर्वबद्धस्य द्रव्यमोहस्य कर्मणः ।**
**पाकाल्लब्धात्मसर्वस्वः कार्यरूपस्ततो नयात् ।।१०६९ ।।**

**અર્થ :–** જે સમયે પહેલા બાંધેલાં દ્રવ્યમોહ કર્મના ઉદયથી ભાવમોહ આત્મલાભ કરે છે, તે સમયે તે કાર્યરૂપ છે.

**निमित्तमात्री कृत्यौच्चैस्तभागच्छन्ति पुद्गलाः ।**
**ज्ञानावृत्यादिरूपस्य तस्माद्भावोऽस्ति कारणम् ।।१०७० ।।**

**અર્થ :–** તે ભાવકર્મના નિમિત્તે જ્ઞાનાવરણાદિરૂપ પુદ્ગલ કર્મ આવે છે (આત્માની સાથે બંધાય છે) તેથી તે કારણરૂપ છે.

**ભાવાર્થ :–** ભાવકર્મોના નિમિત્તે નવા કર્મોનો બંધ થાય છે, તે કર્મોના નિમિત્તે

X સંશોધિત પુસ્તકમાં 'पुर्वबद्धानुवादेन' પાઠ છે.

નવો ભાવમોહ ઉત્પન્ન થાય છે, ફરી પાછા તેનાથી નવા કર્મો બંધાય છે, તે કર્મોના નિમિત્તે બીજો ભાવમોહ ઉત્પન્ન થાય છે. આ રીતે આ પરસ્પર કાર્ય કારણ ભાવ સંતતિ અનાદિકાળથી ચાલતી આવી છ. એકવાર દ્રવ્યમોહ કારણ બને છે અને ભાવમોહ તેનું કાર્ય બને છે. આ પ્રમાણે પરસ્પર આ બંનેમાં નિમિત્તનૈમિત્તિકભાવ છે.

વિશેષ

**विशेषः कोऽप्ययं कार्यं केवलं मोहकर्मणः।**
**मोहस्यास्यापि बन्धस्य कारणं सर्वकर्मणम्।।१०७१।।**

**અર્થ :–** આ ભાવમોહમાં એટલી કાંઈક વિશેષતા છે કે આ કાર્ય તો કેવળ મોહનીયકર્મનું છે, પરંતુ કારણ તે મોહનીયકર્મ તથા સર્વ કર્મોના બંધનું છે.

**ભાવાર્થ :–** દ્રવ્યમોહના ઉદયથી જ ભાવમોહ થાય છે તેથી તે કાર્ય તો કેવળ મોહકર્મનું જ છે, પરંતુ સર્વ કર્મોમાં સ્થિતિ અનુભાગ પાડનાર તે જ એક ભાવમોહ છે તેથી તે સર્વ કર્મોનું કારણ છે.

સારાંશ

**अस्ति सिद्धं ततोऽन्योन्यं जीवपुद्गलकर्मणोः।**
**निमित्त नैमितिकोभावो यथा कुम्भकुलालयोः।।१०७२।।**

**અર્થ :–** તેથી આ વાત સિદ્ધ થઈ ગઈ કે જેમ કુંભાર અને ઘટનો નિમિત્તનૈમિત્તિકભાવ છે તેવી જ રીતે જીવ અને પુદ્ગલ કર્મોનો પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ છે. અહીં દૃષ્ટાંતનો ઉદ્દિષ્ટ અંશ જ લેવો જોઈએ. દૃષ્ટાંત સ્થૂળ છે.

**अन्तर्दृष्टया कषायाणां कर्मणां च परस्परम्।**
**निमित्तनैमित्तिकोभावः स्यान्नास्याज्जीवकर्मणोः।।१०७३।।**

**અર્થ :–** બાહ્યદૃષ્ટિથી તો જીવ અને કર્મોનો પરસ્પર નિમિત્ત નૈમિત્તિક ભાવ છે પરંતુ અંતરંગ દૃષ્ટિથી કષાયોનો નિમિત્તનૈમિત્તિકભાવ છે. અંતર્દૃષ્ટિથી જીવ કર્મનો નથી.

**ભાવાર્થ :–** જીવના ચારિત્ર ગુણનો વિકાર રાગદ્વેષ છે અને તે જ રાગદ્વેષ કર્મ બંધનો હેતુ છે તેથી અંતર્દૃષ્ટિથી કષાયભાવ –ચારિત્ર ગુણની વૈભાવિક અવસ્થા અને કર્મોનો જ ઉપર્યુક્ત સંબંધ છે. સ્થૂળદૃષ્ટિથી જીવનો પણ કહી શકાય છે.

જો જીવનો જ ઉપર્યુક્ત ભાવ માનવામાં આવે તો

**यतस्तत्र स्वयं जीवे निमित्ते सति कर्मणाम्।**
**नित्या स्यात् कर्तृता चेति न्यायान्मोक्षो न कस्यचित्।।१०७४।।**

**અર્થ :–** જો કર્મબંધનું નિમિત્ત કારણ સ્વયં જીવને જ માનવામાં આવે તો જીવ સદા કર્મબંધનો કર્તા જ બની રહેશે. પછી કોઈ જીવને કદી પણ મોક્ષ મળી શકશે નહિ. તેથી કર્મબંધ કરનારા આત્માના વૈભાવિક ભાવ–કષાયભાવ જ છે. જ્યાં સુધી તે ભાવોની સત્તા છે ત્યાં સુધી આત્મા કર્મબંધ કરે છે, તેમના અભાવમાં કર્મબંધ કરતો નથી. જીવ સ્વયં કર્મબંધનું કારણ નથી, પરંતુ અશુદ્ધ જીવ છે.

**इत्येवं ते कषायाख्याश्चत्वारोऽप्यौदयिकाः स्मृताः।**
**चारित्रस्य गुणस्यास्य पर्याया वैकृतात्मनः।।१०७५।।**

**અર્થ :–** આ પ્રમાણે તે ચારેય કષાયોને ઔદયિક કહેવામાં આવ્યા છે. તે કષાયો આત્માના ચારિત્ર ગુણની વૈભાવિક પર્યાયો છે.

નોકષાય

**लिङ्गान्यौदयिकान्येव त्रीणि स्त्रीपुन्नपुंसकात्।**
**भेदाद्वा नोकषायाणां कर्मणामुदयात् किल।।१०७६।।**

**અર્થ :–** સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદના ભેદથી ત્રણ પ્રકારના લિંગ પણ ઔદયિકભાવ છે. આ ભાવ નોકષાય કર્મોના ઉદયથી થાય છે.

ચારિત્રમોહના ભેદ

**चारित्रमोहकर्मैतद् द्विविधं परमागमात्।**
**आद्यं कषायमित्युक्तं नोकषायं द्वितीयकम्।।१०७७।।**

**અર્થ :–** જૈનાગમમાં ચારિત્ર મોહકર્મના બે ભેદ કરવામાં આવ્યા છે. પહેલો કષાય, બીજો નોકષાય.

**ભાવાર્થ :–** જે આત્માના ગુણોને કષે અર્થાત્ તેમને નષ્ટ કરે તેને કષાય કહે છે અને થોડા ઓછા કષાયને નોકષાય કહે છે. નો નામ ઇષત્ –થોડાનું છે. આ બે ભેદ ચારિત્રમોહનીયના છે.

નોકષાયના ભેદ

**तत्रापि नोकषायाख्यं नवधा स्वविधानतः।**
***हास्यो रत्यरती शोको भीर्जुगुप्सेति त्रिलिङ्गकम्।।१०७८।।**

**અર્થ :–** નોકષાયના નવ ભેદ છે – હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ.

**ભાવાર્થ :–** જેના ઉદયથી હસવું આવે તેને હાસ્ય નોકષાય કહે છે. જેના ઉદયથી વિષયોમાં ઉત્સુકતા (રુચિ) થાય તેને રતિ કહે છે. જેના ઉદયથી અરુચિ થાય તેને અરતિ કહે છે. જેના ઉદયથી શોક થાય તેને શોક કહે છે. જેના ઉદયથી ઉદ્વેગ (ભય) થાય તેને ભય કહે છે. જેના ઉદયથી બીજાના દોષોનો આ જીવ પ્રગટ કરે અને પોતાના

* 'हास्यो रत्यरती शोकोर्भीजुगुप्सा त्रिलिङ्गकम्।' સંશોધિત પુસ્તકમાં આવો પાઠ છે, એ જ શુદ્ધ લાગે છે.

દોષો છુપાવે તેને જુગુપ્સા કહે છે અથવા બીજા પ્રત્યે ઘૃણા કરવી તે પણ જુગુપ્સા છે. જેના ઉદયથી સ્ત્રીત્વભાવ થાય અર્થાત્ પુરુષ સાથે રમવાની વાંછા થાય, તેને સ્ત્રીવેદ કહે છે. જેના ઉદયથી પુરુષત્વભાવ થાય અર્થાત્ સ્ત્રીની સાથે રમવાની વાંછા થઆય, તેને પુરુષવેદ કહે છે. જેના ઉદયથી નપુંસકત્વભાવ થાય અર્થાત્ સ્ત્રી અને પુરુષ બંને સાથે રમવાની વાંછા થાય, તેને નપુંસક વેદ કહે છે. આ નવ નોકષાય કર્મોના ભેદ છે. એમના જ ઉદયથી ઉપર કહેલા કાર્ય થાય છે. એટલી વિશેષતા છે કે ક્યાંક જેવો ભાવવેદ હોય છે તેવો જ દ્રવ્યવેદ હોય છે. પરંતુ ક્યાંક ક્યાંક દ્રવ્યવેદ બીજો હોય છે અને ભાવવેદ બીજો, આત્માના ભાવોને ભાવવેદ કહે છે અને શરીરના આકારને દ્રવ્યવેદ કહે છે. જો કોઈ પુરુષ, પુરુષની સાથે રમવાની વાંછા કરે તો તેને દ્રવ્યવેદ તો પુરુષવેદ છે, પરંતુ ભાવવેદ સ્ત્રીવેદ છે. ઘણું કરીને મોટા ભાગે દ્રવ્યને અનુકૂળ જ ભાવ હોય છે, પરંતુ ક્યાંક ક્યાંક વિષમતા પણ થઈ જાય છે. આ ત્રણે વેદોના ઉદયથી જેવા આ જીવના પરિણામ થાય છે તેનો ક્રમ આચાર્યોએ આ પ્રમાણે બતાવ્યો છે. પુરુષની કામવાસના ઘાસના અગ્નિ સમાન છે. જેમ ઘાસનો અગ્નિ ઉત્પન્ન પણ જલદી થાય છે અને ભસ્મ થઈને શાંત પણ જલદી જ થઈ જાય છે. સ્ત્રીની કામવાસના છાણાના અગ્નિ સમાન હોય છે. છાણાનો અગ્નિ ઉત્પન્ન પણ વિલંબથી થાય છે અને ટકે છે પણ અધિક કાળ સુધી. આ જ પ્રમાણે સ્ત્રીઓની કામવાસના નિમિત્તની પ્રબળતા વિના સદા દબાયેલી જ રહે છે, પરંતુ પ્રબળ નિમિત્ત મળતાં ઉત્પન્ન થઈને શાંત પણ લાંબા સમયે થાય છે. તેથી સ્ત્રીઓને આવા નિમિત્તોથી બચાવવી અને તેમને સદા સદુપદેશનું શિક્ષણ આપવું એ આવશ્યક છે. આ સ્થિતિમાં તેમની કામવાસના કદી પ્રજ્વલિત થઈ શકતી નથી, પરંતુ આધુનિક શિક્ષિત મનાતા અતત્ત્વજ્ઞો પોતાના ભાવો સાથે તેમની તુલના કરીને તેમના જીવને કલંકિત અને દુઃખદાયક બનાવવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે. આ તેમના દયાના પરિણામ કેવળ હિંસામય છે અને અનર્થોનું ઘર છે. જો સ્વભાવથી જ કોમળ એવી સ્ત્રીઓને સદા સન્માર્ગનું શિક્ષણ આપવામાં આવે તો તેઓ કદી ઉન્માર્ગે પગલું નહિ ભરે. અને આવી જ નિષ્કલંક સ્ત્રીઓના સંતાન સંસારનું કલ્યાણ કરવામાં સમર્થ થઈ શકે છે. નપુંસકની કામવાસના તપેલી ઇંટોની આગ સમાન છે અર્થાત્ તેની આગ બંનેની અપેક્ષાએ અત્યંત જ્વલિત હોય છે. સંસારી જીવ આ જ વેદોના ઉદયથી પીડિત છે. વાસ્તવમાં વિચારવામાં આવે તો આ મનુષ્ય જેમ જેમ વિષયસેવન તરફ જાય છે તેમ તેમ તેની અશાંતિ અને લાલસા વધતી જ

જાય છે. ખેદ તો એ વાતનો છે કે મનુષ્ય એના અધિક સેવનથી તૃપ્તિની વાંછા કરે છે, પરંતુ તે અજ્ઞાનીને ખબર નથી કે અગ્નિને શાંત કરવા માટે શું તેમાં લાકડા નાખવાની જરૂર છે ? જો વિષય સેવન તૃપ્તિનો માર્ગ હોય તો અનાદિકાળથી અત્યાર સુધીમાં તૃપ્તિ કેમ ન થઈ ? તેથી તેની સાથેનો સંબંધ જેટલો જલદી છોડવામાં આવે અને તેના પ્રત્યે વિરક્તિ કરવામાં આવે, એટલું જ પરમસુખ સમજવું જોઈએ.

**ततश्चारित्रमोहस्य कर्मणो ह्युदयाद् ध्रुवम्।**
**चारित्रस्य गुणस्यापि भावा वैभाविका अमी।।१०७९।।**

**અર્થ :–** તેથી ચારિત્રમોહનીયકર્મના ઉદયથી થતાં આ નોકષાય પણ ચારિત્ર ગુણના વૈભાવિકભાવ છે.

**प्रत्येकं द्विविधान्येव लिङ्गानीह निसर्गतः।**
**द्रव्यभावविभेदाभ्यां सर्वज्ञाज्ञानतिक्रमात्।।१०८०।।**

**અર્થ :–** સર્વજ્ઞની આજ્ઞા–આગમાનુસાર પ્રત્યેક લિંગ સ્વભાવથી જ દ્રવ્યવેદ, ભાવવેદ આવા ભેદોથી બબ્બે પ્રકારના છે. આ બંનેનું વર્ણન પહેલા શ્લોકમાં વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે.

નામકર્મ – સ્વરૂપ

**अस्ति यन्नामकर्मैकं नानारूपं च चित्रवत्।**
**पौद्गलिकर्मचिद्रूपं स्यात्पुद्गलविपाकि यत्।।१०८१।।**

**અર્થ :–** આઠકર્મોમાં એક નામકર્મ છે. તે ચિત્રો સમાન અનેક રૂપવાળું છે અર્થાત્ જેમ ચિત્રકાર પોતાના હસ્ત કૌશલ્યથી અનેક પ્રકારના ચિત્ર બનાવે છે તેવી જ રીતે આ નામકર્મ પણ પોતાના અનેક ભેદો વડે અનેક આકાર બનાવે છે. શરીર, સંહનન, ગતિ, જાતિ, અંગોપાંગ આદિ બધી રચના આ નામકર્મના ઉદયથી જ થાય છે. એનો

ઘણો મોટો વિસ્તાર છે. નામકર્મ પૌદ્‌ગલિક છે, પુદ્‌ગલની વૈભાવિક વ્યંજનપર્યાય છે તેથી તે જડ છે અને પુદ્‌ગલ વિપાકી છે.X

**ભાવાર્થ :–** કેટલાક કર્મ તો એવા છે કે જેમનો પુદ્‌ગલમાં જ વિપાક થાય છે અર્થાત્ શરીરમાં જ તેમનું ફળ હોય છે. કેટલાક કર્મ એવા છે કે જેમનો ક્ષેત્રમાં જ વિપાક થાય છે અર્થાત્ તેમનો ઉદય ત્યારે જ આવે છે કે જ્યારે સંસારી જીવ એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરવા માટે જતો થકો વિગ્રહગતિમાં હોય છે. કેટલાક કર્મ એવા છે કે જે ભવવિપાકી છે અર્થાત્ મનુષ્યાદિ પર્યાયોમાં જ તેમનું ફળ આવે છે અને કેટલાક કર્મ એવા છે કે જે જીવવિપાકી છે તે અર્થાત્ તેમનું ફળ જીવમાં આવે છે. તેમાં ૬૨ પ્રકૃતિઓ પુદ્‌ગલવિપાકી છે. ૫ શરીરોથી લઈને સ્પર્શ સુધી + ૫૦ પ્રકૃતિઓ તથા નિર્માણ, આતાપ, ઉદ્યોત, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, પ્રત્યેક સાધારણ, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત આ નામકર્મની ૬૨ પ્રકૃતિઓ પુદ્‌ગલવિપાકી છે. એમનું ફળ શરીરમાં જ આવે છે. નરકાદિ ચારે આયુષ્ય ભવવિપાક છે. આયુષ્યનું કાર્ય મળેલા પર્યાયમાં (ભવમાં) નિયમિત સ્થિતિ સુધી રોકવાનું છે. તેથી આયુષ્યનું ફળ નરકાદિ ચાર પર્યાયોમાં જ આવે છે. ચાર આનુપૂર્વી પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી છે. આનુપૂર્વી કર્મ તેને કહે છે કે જે સમયે જીવ પૂર્વપર્યાય છોડીને ઉત્તર પર્યાયમાં જાય છે. તે સમયે જ્યાં સુધી ત્યાં પહોંચ્યો નથી ત્યાં સુધી મધ્યમાં તે જીવનો પહેલી પર્યાયનો આકાર બનાવી રાખે. ચાર ગતિ છે તેથી આનુપૂર્વી પ્રકૃતિઓ પણ ચાર જ છે. જે કોઈ આનુપૂર્વીનો ઉદય હોય છે તે પહેલી પર્યાયનો આકાર રાખે છે, તેથી આનુપૂર્વી પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી છે. એમનું ફળ પરલોકમાં ગમન કરતી વખતે જીવની મધ્ય અવસ્થામાં જ આવે છે. નીચે લખેલી ૭૮ પ્રકૃતિઓ જીવવિપાકી છે. વેદનીયની ૨, ગોત્રની ૨, ઘાતીકર્મોની ૪૭ અને નામકર્મની ૨૭ : નામકર્મની ૨૭ પ્રકૃતિઓ આ પ્રમાણે છે. તીર્થંકર, ઉચ્છ્‌વાસ, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત, સુસ્વર, દુસ્વર, આદેય, અનાદેય, યશસ્કીર્તિ, અયશસ્કીર્તિ, ત્રસ, સ્થાવર, શુભવિહાયોગતિ, અશુભવિહાયોગતિ, સુભગ, દુર્ભગ, નરકગતિ, તિર્યંચગતિ,

---

X બધા નામકર્મ પુદ્‌ગલ વિપાકી નથી. તેમાં ૨૭ પ્રકૃતિઓ જીવવિપાકી પણ છે પરંતુ અધિક પ્રકૃતિઓ પુદ્‌ગલ વિપાકી જ છે., તેથી (અધિકતાની અપેક્ષાએ) ઉપર્યુક્ત કથન છે.

\+ ૫ શરીર, ૩ અંગોપાંગ, ૫ બંધન, ૫ સંઘાત, ૬ સંસ્થાન, ૬ સંસ્થાન, ૬ સંહનન, ૮ સ્પર્શ, ૫ રસ, ૨ ગંધ અને ૫ વર્ણ.

મનુષ્યગતિ, દેવગતિ, એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય જાતિ. આ પ્રકૃતિઓ જીવવિપાકી છે.

અંગોપાંગ અને શરીર નામકર્મના કાર્ય

**अङ्गोपाङ्गं शरीरं च तद्भेदौस्तोऽप्यभेदवत्।**
**तद्विपाकात्त्रिलिङ्गानामाकाराः सम्भवन्ति च।।१०८२।।**

**અર્થ :–** તે જ નામકર્મના ભેદોમાં એક અંગોપાંગ અને એક શરીર નામકર્મ પણ છે. આ બંનેય ભેદ નામકર્મથી અભિન્ન છે. આ બંનેના જ ઉદયથી સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના આકાર થાય છે.

**ભાવાર્થ :–** શરીર અને અંગોપાંગ નામકર્મના ઉદયથી આ જીવને શરીર અને અંગ તથા + ઉપાંગ બને છે. શરીરની વચ્ચે ત્રણે વેદોનો આકાર પણ આ જ બંને કર્મોના ઉદયથી બને છે. વેદ શબ્દનો અર્થ અહીં દ્રવ્યવેદ સમજવો જોઈએ.

દ્રવ્યવેદથી ભાવવેદમાં સાર્થકતા આવતી નથી

**त्रिलिङ्गाकारसम्पतिः कार्यं तन्नामकर्मणः।**
**नास्ति तद्भावलिङ्गेषु मनागपि करिष्णुता।।१०८३।।**

**અર્થ :–** સ્ત્રીવેદ અથવા પુરુષવેદ અથવા નપુંસકવેદનો આકાર પ્રાપ્ત કરવો તે નામકર્મનું કાર્ય છે. આ આકારનું ભાવલિંગોમાં કાંઈ પણ કાર્યકારીપણું નથી.

**ભાવાર્થ :–** નામકર્મ ફક્ત દ્રવ્યવેદ શરીરમાં લિંગની આકૃતિ બનાવે છે. સ્ત્રી પુરુષોના ભાવોમાં જે રમવાની વાંછા થાય છે તે ભાવવેદ કહેવાય છે. આવો ભાવવેદ

---

+ **णलया बाहू य तहा णियव पुट्ठो उरोय सीसोय।**
**अट्ठेव दु अंगाइं देहे सेसा उवंगाइं।।**

અર્થ :– બે પગ, બે હાથ, નિતંબ, પીઠ, પેટ, મસ્તક આ આઠ અંગ કહેવાય છે અને બાકીના બધા ઉપાંગ કહેવાય છે. જેમકે આંગળીઓ, કાન, નાક, મોઢું, આંખો વગેરે.

નામકર્મના ઉદયથી થતો નથી. જ્યાં સુધી ભાવવેદનો ઉદય ન હોય ત્યાં સુધી કેવળ દ્રવ્યવેદ કાંઈ કરી શકતો નથી, કેવળ આકારમાત્ર છે. તેથી નવમા ગુણસ્થાનથી ઉપર કેવળ વેદોનો દ્રવ્યાકાર માત્ર છે.

ભાવવેદનું કારણ

**भाववेदेषु चारित्रमोहकर्मांशकोदयः।**
**कारणं नूनमेकं स्यान्नेतरस्योदयः क्वचित्।।१०८४।।**

**અર્થ :–** ભાવવેદ થવામાં કેવળ એક ચારિત્રમોહકર્મનો ઉદય જ નિશ્ચયથી કારણ છે. કોઈ બીજા કર્મનો ઉદય તેમના થવામાં કારણ નથી.

વેદોનું કાર્ય

**रिरंसा द्रव्यनारीणां पुंवेदस्योदयात्किल।**
**नारी वेदोदयाद्वेदः पुंसां भोगाभिलाषिता।।१०८५।।**
**नालं भोगाय नारीणां नापि पुंसामशक्तितः।**
**अन्तर्दग्धोस्ति यो भावः क्लीबवेदोदयादिव।।१०८६।।X**

**અર્થ :–** પુરુષવેદના ઉદયથી દ્રવ્ય સ્ત્રીઓની સાથે રમવાની વાંછા થાય છે. સ્ત્રીવેદના ઉદયથી પુરુષોની સાથે ભોગ ભોગવવાની અભિલાષા થાય છે અને જે અશક્ત, સામર્થ્યહીન હોવાથી ન તો સ્ત્રીઓની સાથે ભોગ કરી શકે છે અને ન પુરુષોની સાથે કરી શકે છે, પરંતુ બંનેની વાંછા રાખતો થકો હૃદયમાં જ બળ્યા કરે છે એવો ભાવ નપુંસકવેદના ઉદયથી થાય છે.+

---

X સંશોધિત પુસ્તકમાં क्लीबवेदोदयादिति પાઠ છે. એનો કોઈ અર્થ પણ નીકળતો નથી.

+ **णेवित्थी णेव पुमं णउंसओ उहयलिंगविदिरिंत्तो।**
**इट्टावग्गिसमाणग वेदणगरुओ कलुसचित्तो।।**

આ નપુંસકનું સ્વરૂપ છે. ગોમ્મટસાર

વેદોની સમ વિષમતા

**द्रव्यलिंगं यथा नाम भावलिंगं तथा क्वचित्।**
**क्वचिदन्यतमं द्रव्यं भावश्चान्यतमो भवेत्।।१०८७।।**

**અર્થ :–** ક્યાંક જેવું દ્રવ્યલિંગ હોય છે, તેવું જ ભાવલિંગ પણ હોય છે. ક્યાંક દ્રવ્યલિંગ બીજું હોય છે અને ભાવલિંગ બીજું હોય છે.

ઉદાહરણ

**यथा दिविजनारीणां नारीवेदोस्ति नेतरः।**
**देवानां चापि सर्वेषां पाकः पुंवद एव हि।।१०८८।।**

**અર્થ :–** જેટલી કોઈ ચારે પ્રકારના દેવોની દેવીઓ છે તે બધીઓને સ્ત્રીવેદ જ ભાવવેદ હોય છે, બીજો નથી હોતો અને જેટલા કોઈ દેવ છે તે બધાને પુરુષવેદ જ ભાવવેદ હોય છે, બીજો નથી હોતો.

**ભાવાર્થ :–** દેવ દેવીઓના દ્રવ્યવેદ અને ભાવવેદ બંને એક જ હોય છે.

**भोगभूमौ च नारीणां नारीवेदो नचेतरः।**
**पुंवेदः केवलः पुंसां नान्यो वाऽन्योन्यसंभवः।।१०८९।।**

**અર્થ :–** ભોગભૂમિમાં સ્ત્રીઓને સ્ત્રીવેદ જ ભાવવેદ હોય છે, બીજો હોતો નથી અને ત્યાંના પુરુષોને કેવળ પુંવેદ જ ભાવવેદ હોય છે, બીજો હોતો નથી અથવા આ બંનેમાં પણ પરસ્પર વિષમતા હોતી નથી.

**ભાવાર્થ :–** દેવ દેવીઓની જેમ આમને પણ સમાન જ વેદ હોય છે. દેવ, દેવીઓ અને ભોગભૂમિના સ્ત્રી પુરુષોને નપુંસકવેદ તો બંને પ્રકારનો હોતો જ નથી. પુરુષવેદ અને સ્ત્રીવેદ પણ દ્રવ્યભાવ સમાન જ હોય છે, વિષમ નહિ.

नारकाणां च सर्वेषां वेदश्चैको नपुंसकः।
द्रव्यतो भावतश्चापि न स्त्रीवेदो न वा पुमान्।।१०९०।।

**અર્થ :–** સર્વ નારકીઓને એક નપુંસક વેદ જ હોય છે. તે જ દ્રવ્યવેદ હોય છે અને તે જ ભાવવેદ હોય છે. નારકીઓને દ્રવ્યથી કે ભાવથી સ્ત્રીવેદ, પુરુષવેદ સર્વથા હોતા નથી.

तिर्यग्जातौ च सर्वेषां एकाक्षाणां नपुंसक।
वेदो विकलत्रयाणां क्लीबः स्यात् केवलः किल।१०९१।।
पञ्चाक्षासंज्ञिनां चापि तिरश्चां स्यान्नपुंसकः।
द्रव्यतो भावतश्चापि वेदो नान्यः कदाचन।।१०९२।।

**અર્થ :–** તિર્યંચ જાતિમાં બધા એકેન્દ્રિય જીવોને નપુંસક વેદ જ હોય છે, જેટલા કોઈ વિકલત્રય (દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રિય) છે તે બધાને કેવળ નપુંસક વેદ જ હોય છે અને જેટલા કોઈ અસંજ્ઞી પંચેન્દ્રિય છે તે બધાને પણ કેવળ નપુંસક વેદ જ હોય છે. તે જ દ્રવ્યવેદ હોય છે અને તે જ ભાવવેદ હોય છે, બીજો વેદ કદી હોતો નથી.

कर्मभूमौ मनुष्याणां मानुषीणां तथैव च।
तिरश्चां वा तिरश्चीनां त्रयो वेदास्तथोदयात्।।१०९३।।
केषाञ्चिद्द्रव्यतः साङ्गः पुंवेदो भावतः पुनः।
स्त्रीवेदः क्लीबवेदो वा पुंवेदो वा त्रिधापि च।।१०९४।।
केपाञ्चित्क्लीबवेदो वा द्रव्यतो भावतः पुनः।
पुंवेदो क्लीबवेदो वा स्त्रीवेदो वा त्रिधोचित्तः।।१०९५।।
कश्चिदापर्ययन्यायात्क्रमादस्ति त्रिवेदवान्।
कदाचित्क्लीबवेदो वा स्त्री वा भावात् क्वचित् पुमान्।।१०९६।।

**અર્થ :–** કર્મભૂમિમાં ઉપજનારા મનુષ્યોને, મનુષીનીઓને, તિર્યંચોને, તિર્યંચણીઓને કર્મોદય અનુસાર ત્રણેય વેદ હોય છે. કોઈને દ્રવ્યવેદ તો પુરુષવેદ હોય છે અર્થાત્ તેમના શરીરમાં પુરુષવેદનું ચિહ્ન હોય છે, પરંતુ ભાવવેદ તેમને સ્ત્રીવેદ અથવા નપુંસકવેદ હોય છે અથવા દ્રવ્યવેદ અનુસાર ભાવવેદ પણ પુરુષવેદ જ હોય છે. આ પ્રમાણે એક દ્રવ્યવેદ હોવા છતાં ભાવવેદ કર્મોદય અનુસાર ત્રણેય હોય શકે છે. એવી જ રીતે કોઈને દ્રવ્યવેદ તો નપુંસક વેદ હોય છે, પરંતુ ભાવવેદ પુરુષવેદ અથવા નપુંસક વેદ અથવા સ્ત્રીવેદ એ ત્રણેય હોય શકે છે. એ જ પ્રમાણે એ પણ સમજી લેવું જોઈએ કે કોઈને દ્રવ્યવેદ તો સ્ત્રીવેદ હોય છે પરંતુ ભાવવેદ પુરુષવેદ અથવા નપુંસકવેદ અથવા સ્ત્રીવેદ ત્રણેય હોય શકે છે. કોઈ આ પર્યાય ન્યાયથી અર્થાત્ ક્રમપૂર્વક પરિવર્તન કરતો થકો ત્રણેય વેદવાળો પણ થઈ જાય છે. કોઈવાર ભાવથી નપુંસકવેદવાળો, કોઈવાર સ્ત્રીવેદવાળો અને કોઈવાર પુરુષવેદવાળો. આનો આશય એ છે કે કોઈ તો એવા હોય છે કે જેમને દ્રવ્યવેદ જેવા જ ભાવવેદ હોય છે, કોઈ એવા છે જેમને દ્રવ્યવેદ સદા બીજો જ રહે છે, જેમકે હીજડા વગેરે. પરંતુ કોઈ એવા હોય છે કે જેમને કર્મોદય અનુસાર ભાવવેદ બદલાતો પણ રહે છે. પરંતુ દ્રવ્યવેદ સદા બધાને એક જ હોય છે અને તે જીવનપર્યંત તે બદલાય શકતો નથી.

**त्रयोऽपि भाववेदास्ते नैरन्तर्योदयात्किल।**
**नित्यं चाबुद्धिपूर्वाः स्युः क्वचिद्वै बुद्धिपूर्वकाः।।१०९७।।**

**અર્થ :–** આ ત્રણેય ભાવવેદ નિરંતર કર્મોના ઉદયથી થાય છે. કોઈને અબુદ્ધિપૂર્વક હોય છે અને કોઈને બુદ્ધિપૂર્વક હોય છે.

**ભાવાર્થ :–** જ્યાં સમજણપૂર્વક – જાણી જોઈને સ્ત્રીત્વ, પુરુષત્વ વગેરે ભાવોમાં ચિત્તને જોડવામાં આવે છે તેમને બુદ્ધિપૂર્વક ભાવ કહે છે અને જ્યાં કેવળ પુરુષવેદ આદિ ચારિત્રમોહ કર્મોનો જ ઉદય રહે છે, સ્ત્રીભાવ, પુરુષભાવની વાંછા માત્ર પણ નથી ત્યાં અબુદ્ધિપૂર્વક ભાવ હોય છે. કેવળ કર્મોદયમાત્ર છે તથા નવમા ગુણસ્થાન સુધી જે ધ્યાની મુનિઓને ભાવવેદ બતાવવામાં આવ્યા છે, તે પણ કેવળ કર્મોદયમાત્ર અબુદ્ધિપૂર્વક જ છે. જ્યાં મૈથુન સેવનની વાંછા હોય છે ત્યાં જ બુદ્ધિપૂર્વક ભાવવેદ છે.

**तेऽपि चारित्रमोहान्तर्भाविनो बन्धहेतवः ।**
**संक्लेशाङ्गैकरूपत्वात् केवलं पापकर्मणाम् । ।१०९८ । ।**

**અર્થ :–** બંને પ્રકારના ભાવવેદ ચારિત્રમોહના ઉદયથી થાય છે તેથી તેમાં જ તેમનો સમાવેશ થઈ જાય છે તથા સંક્લેશ સ્વરૂપ હોવાથી તે કેવળ પાપકર્મોના જ બંધના કારણ છે.

દ્રવ્યવેદ બંધનો હેતુ નથી

**द्रव्यलिंगानि सर्वाणि नात्रबन्धस्य हेतवः ।**
**देहमात्रैक वृत्तत्वे बन्धस्याऽकारणात्स्वतः । ।१०९९ । ।**

**અર્થ :–** જેટલા કોઈ દ્રવ્યલિંગ છે તે બધાય બંધના કારણ નથી કેમકે શરીરમાં તેમના ચિહ્ન માત્ર છે અને ચિહ્ન માત્ર બંધનું સ્વયં કારણ થઈ શકતા નથી. શરીરની આકૃતિ બંધનું કારણ થઈ શકતી નથી.

મિથ્યાદર્શન

**मिथ्यादर्शनमाख्यातं पाकान्मिथ्यात्वकर्मणः ।**
**भावो जीवस्य मिथ्यात्वं स स्यादौदयिकः किलः । ।११०० । ।**

**અર્થ :–** મિથ્યાત્વકર્મના ઉદયથી જીવને જે મિથ્યાભાવ છે તે જ મિથ્યાદર્શન કહેવાય છે. તે જીવનો ઔદયિકભાવ છે.

મિથ્યાદર્શનનું કાર્ય

**अस्ति जीवस्य सम्यक्त्वं गुणश्चैको निसर्गजः ।**
**मिथ्याकर्मोदयात्सोपि वैकृतो विकृताकृत्तिः । ।११०१ । ।**

**અર્થ :–** જીવનો એક સ્વભાવિક સમ્યકત્વ ગુણ પણ છે, તે પણ મિથ્યાદર્શનના ઉદયથી વિકારી–વૈભાવિક થઈ જાય છે.

**उक्तमस्ति स्वरूपं प्राङ् मिथ्याभावस्य जन्मिनाम्।**
**तस्मान्नोक्तं मनागत्र पुनरुक्तभयात्किल।।११०२।।**

**અર્થ :–** જીવોને મિથ્યાભાવ કેટલું દુઃખ આપે છે, તેનાથી જીવોની કેવી અવસ્થા થઈ જાય છે ઇત્યાદિ કથન પહેલાં વિસ્તારપૂર્વક કહેવાય ગયું છે. તેથી પુનરુક્તિના ભયથી અહીં તેનું થોડુંક સ્વરૂપ પણ કહ્યું નથી.

અજ્ઞાનભાવ

**अज्ञानं जीवभावो यः स स्यादौदयिकः स्फुटम्।**
**लब्ध जन्मोदयाद्यस्माज्ज्ञानावरण कर्मणः।।११०३।।**

**અર્થ :–** જ્ઞાનાવરણ કર્મના ઉદયથી થતો અજ્ઞાનભાવ પણ જીવનો ઔદયિકભાવ છે.

અજ્ઞાનનું સ્વરૂપ

**अस्त्यात्मनो गुणो ज्ञानं स्वापूर्वार्थावभासकम्।**
**मूर्छितं मृतकं वा स्याद्वपुः स्वावरणोदयात्।।११०४।।**

**અર્થ :–** આત્માનો એક જ્ઞાન ગુણ છે તે પોતાના સ્વરૂપનો અને બીજા અનિશ્ચિત પદાર્થોનો પ્રકાશક છે, પરંતુ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી તે જ્ઞાન ગુણ મૂર્છિત થઈ જાય છે અથવા મૃતક સમાન થઈ જાય છે.

**ભાવાર્થ :–** જેમ જીવ ચાલ્યો જવાથી મૃતક શરીર જડ–અજ્ઞાની છે તેવી જ રીતે જ્ઞાનાવરણ કર્મે આત્માના જ્ઞાન ગુણને એટલો ઢાંકી દીધો છે કે તે અજ્ઞાની લાગે છે. આ જ અજ્ઞાન અવસ્થા જીવનો અજ્ઞાનભાવ કહેવાય છે. આ ભાવ જ્યાં સુધી આત્મામાં

કેવળજ્ઞાન થતું નથી ત્યાં સુધી બરાબર પ્રગટ રહે છે.

અજ્ઞાનભાવ બંધનું કારણ નથી

**अर्थादौदयिकत्वेऽपि भावस्यास्याऽप्यवश्यतः।**
**ज्ञानावृत्त्यादि बन्धेऽस्मिन् कार्ये वै स्यादहेतुता।।११०५।।**

**અર્થ :–** જો કે અજ્ઞાનભાવ ઔદયિકભાવ અવશ્ય છે તો પણ તે નિયમથી જ્ઞાનાવરણાદિ કર્મોના બંધનું કારણ નથી.

**नापि संक्लेशरूपोऽयं यः स्याद् बन्धस्य कारणम्।**
**यः क्लेशो दुःखमूर्तिः स्यात्तद्योगादस्ति क्लेशवान्।।११०६।।**

**અર્થ :–** અજ્ઞાનભાવ સંક્લેશરૂપ પણ નથી કે જે બંધનું કારણ થાય, પરંતુ જે ક્લેશને દુઃખની મૂર્તિ માનવામાં આવે છે, તેના સંબંધથી અવશ્ય ક્લેશવાન છે.

**ભાવાર્થ :–** અજ્ઞાનભાવ બંધનું કારણ નથી, પરંતુ દુઃખમૂર્તિ અવશ્ય છે. જે સંક્લેશને બંધનું કારણ ગણવામાં આવે છે, તે સંક્લેશરૂપ અજ્ઞાનભાવ નથી પરંતુ જે ક્લેશને દુઃખસ્વરૂપ માનવામાં આવે છે તે ક્લેશરૂપ અવશ્ય છે.

**दुःखमूर्तिश्च भावोऽयमज्ञानात्मा निसर्गतः।**
**वज्रघात इव ख्यातः कर्मणामुदयो यतः।।११०७।।**

**અર્થ :–** આ અજ્ઞાનરૂપ ભાવ સ્વભાવથી જ દુઃખની મૂર્તિ છે કેમકે કર્મોનો ઉદયમાત્ર જ વજ્રના આઘાત સમાન દુઃખદાયક છે.

**ભાવાર્થ :–** જો કે બંધનું કારણ તો કેવળ મોહનીયકર્મ છે. પરંતુ આત્માને દુઃખ આપનાર બધા કર્મોનો ઉદય છે.

શંકાકાર

**ननु कश्चिद्गुणोऽप्यस्ति सुखं ज्ञानगुणादिवत्।**
**दुःखं तद्वैकृतं पाकात्तद्विपक्षस्य कर्मणः।।११०८।।**
**तत्कथं मूर्छितज्ञानं दुःखमेकान्ततो मतम्।।**
**सूत्रं द्रव्याश्रया प्रोक्ता यस्माद्वै निर्गुणा गुणाः।।११०९।।**
**न ज्ञानादिगुणेषुच्चैरस्ति कश्चिद्गुणः सुखम्।**
**मिथ्याभावाः कषायाश्च दुःखमिथ्यादयः कथम्।।१११०।।**

**અર્થ :–** શું જ્ઞાનાદિ ગુણોની જેમ કોઈ સુખ ગુણ પણ છે ? તે સુખ ગુણનો જ વૈભાવિક ભાવ–દુઃખ છે ? અને તે દુઃખ સુખના વિપક્ષી કર્મના ઉદયથી થાય છે. તો પછી અહીં મૂર્છિત જ્ઞાનને સર્વથા દુઃખ કેવી રીતે કહેવામાં આવ્યું છે ? કેમકે 'द्रव्याश्रया निर्गुणा गुणाः' એવું સૂત્ર છે, તેનો એ જ આશય છે કે જે દ્રવ્યના આશ્રયે રહે અને જે નિર્ગુણ હોય તેમને જ ગુણ કહે છે. જો જ્ઞાનાદિ ગુણોમાં કોઈ સુખ ગુણ ન હોય તો મિથ્યાત્વ અને કષાય ઇત્યાદિને દુઃખ શા માટે કહેવામાં આવે છે ?

**ભાવાર્થ :–** શંકાકારનો અભિપ્રાય એમ છે કે શું જ્ઞાનાદિ ગુણો જેવો કોઈ સુખ ગુણ પણ છે ? અને શું તેની જ વૈભાવિક અવસ્થા તે દુઃખ છે ? જો એમ હોય તો પછી અજ્ઞાનભાવ, મિથ્યાભાવ, કષાયભાવ એમને જ દુઃખ શા માટે કહેવામાં આવ્યા છે કેમકે ગુણોમાં ગુણ તો રહેતા નથી. જો દુઃખ સુખની વૈભાવિક અવસ્થા હોય તો તે મૂર્છિત જ્ઞાન, વૈભાવિક દર્શન, વૈભાવિક ચારિત્રમાં કેવી રીતે રહી શકે ? જો જ્ઞાનાદિ ગુણોની જેવો કોઈ સુખ ગુણ ન હોય તો પછી મિથ્યાભાવાદિને દુઃખ કઈ દૃષ્ટિથી કહેવામાં આવે છે ?

ઉત્તર

**सत्यं चास्ति सुखं जन्तोर्गुणो ज्ञानगुणादिवत्।**
**भवेत्तद्वैकृतं दुःखं हेतोः कर्माष्टकोदयात्।।११११।।**

**અર્થ :–** બરાબર છે, જ્ઞાનાદિ ગુણો સમાન આ જીવનો એક સુખ ગુણ પણ છે. તેનો જ વૈભાવિકભાવ દુઃખ છે અને તે આઠે કર્મોના ઉદયથી થાય છે.

**ભાવાર્થ :–** સુખ ગુણ પણ આત્માનો એક અનુજીવી ગુણ છે, તે ગુણનો ઘાત કરનાર કોઈ ખાસ કર્મ નથી, જેમકે જ્ઞાન, દર્શનાદિને છે. પરંતુ આઠેય કર્મ તેના ઘાતક છે. આઠેય કર્મના ઉદયથી જ તે સુખ ગુણની દુઃખરૂપ વૈભાવિક અવસ્થા થાય છે. અહીં જો કોઈ શંકા કરે કે આઠેય કર્મોમાં ભિન્ન ભિન્ન પ્રતિપક્ષી ગુણોનો ઘાત કરવાની X ભિન્ન ભિન્ન શક્તિ છે પછી તેમનામાં સુખનો ઘાત કરવાની શક્તિ ક્યાંથી આવી ? એનો જ ઉત્તર આપે છે :–

**अस्ति शक्तिश्च सर्वेषां कर्मणामुदयात्मिका।**
**सामान्याख्या विशेषाख्या द्वैविध्यात्तद्रसस्य च।।१११२।।**

**અર્થ :–** સર્વ કર્મોના ઉદયમાં બે પ્રકારની શક્તિઓ છે. એક સામાન્ય શક્તિ, એક વિશેષ શક્તિ, તેથી તેમનો રસ પણ બે પ્રકારનો જ હોય છે.

સામાન્ય શક્તિનું સ્વરૂપ

**सामान्याख्या यथा कृत्स्नकर्मणामेकलक्षणात्।**
**जीवस्याकुलतायाः स्याद्धेतु पाकागतो रसः।।१११३।।**

**અર્થ :–** બધા કર્મોની સામાન્ય શક્તિ એક જ છે અને તે એ જ છે કે સર્વ કર્મોનો ઉદય રસ જીવની આકુળતાનું કારણ છે.

**ભાવાર્થ :–** આઠેય કર્મોના ઉદયથી જીવ વ્યાકુળ થાય છે, કર્મોનો ઉદય માત્ર જ જીવની વ્યાકુળતાનું કારણ છે અને જ્યાં વ્યાકુળતા છે, ત્યાં સુખ ક્યાંથી હોય ? તેથી બધા કર્મોમાં સામાન્ય શક્તિ એક છે તેનાથી જ સુખ ગુણનો ઘાત થાય છે. વિશેષ શક્તિ તેમનામાં ભિન્ન ભિન્ન ગુણોનો ઘાત કરવાની છે. એક પદાર્થમાં બે શક્તિઓ

X અઘાતીકર્મોમાં પ્રતિજીવી ગુણોનો ઘાત કરવાની શક્તિ છે.

પણ હોય છે, એ જ વાત દૃષ્ટાંતપૂર્વક બતાવે છે.

**न चैतदप्रसिद्धं स्याद् दृष्टान्ताद्विषभक्षणात्।**
**दु:खस्य प्राणघातस्य कार्यद्वैतस्य दर्शनात्।।१११४।।**

**અર્થ :–** કર્મોમાં સામાન્ય અને વિશેષ એવી બે શક્તિ છે આ વાત અપ્રસિદ્ધ – અસિદ્ધ પણ નથી. દૃષ્ટાંત પણ છે, વિષ ખાવાથી દુ:ખ પણ થાય છે અને પ્રાણોનો પણ નાશ થાય છે. એવી જ રીતે જ્ઞાનાવરણકર્મ જ્ઞાનનો ઘાત પણ કરે છે અને દુ:ખ પણ આપે છે. અન્ય અન્ય કર્મોમાં પણ એ જ વાત છે. એક જ વિષમાં બે કાર્ય જોવાથી કર્મોમાં પણ બે કાર્ય સારી રીતે સિદ્ધ છે.

સારાંશ

**कर्माष्टकं विपक्षि स्यात् सुखस्यैक गुणस्य च।**
**अस्ति किञ्चिन्न कर्मैकं तद्विपक्षं ततः पृथक्।।१११५।।**

**અર્થ :–** માટે આઠેય કર્મ સુખ ગુણના વિપક્ષી છે. કોઈ જુદું ખાસ કર્મ સુખ ગુણનું વિપક્ષી નથી.

વેદનીયકર્મ સુખનું વિપક્ષી નથી

**वेदनीयं हि कर्मैकमस्ति चेत्तद्विपक्षी च।**
**न यतोऽस्या सत्यघातित्वं प्रसिद्धं परमागमात्।।१११६।।**

**અર્થ :–** જો વેદનીયકર્મને સુખ ગુણનું વિપક્ષી કર્મ માનવામાં આવે તો પણ બરાબર નથી. કારણ કે જૈન સિદ્ધાંતમાં આ કર્મ અઘાતી તરીકે પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ :–** વેદનીયકર્મ અઘાતીકર્મ છે. અઘાતીકર્મ અનુજીવી ગુણોનો ઘાત કરી શકતું નથી. સુખ ગુણ આત્માનો અનુજીવી ગુણ છે, તેથી વેદનીયકર્મ તેનો ઘાતક–

વિપક્ષી કહી શકાય નહિ.X

## અસંયતભાવ

**असंयतत्वमस्यास्ति भावोऽप्यौदयिको यतः।**
**पाकाच्चारित्रमोहस्य कर्मणो लब्धजन्मवान्।।१११७।।**

**અર્થ :–** ચારિત્રમોહનીય કર્મના ઉદયથી થતો અસંયતભાવ પણ આત્માનો ઔદયિક ભાવ છે.

**ભાવાર્થ :–** ચારિત્રમોહનીય કર્મ આત્માના ચારિત્રગુણનો ઘાત કરે છે. ચારિત્રનું નામ જ સંયમ છે. જ્યાં સુધી ચારિત્રમોહનીય કર્મનો ઉદય રહે છે ત્યાં સુધી આત્મામાં સંયમ પ્રગટ થતો નથી. પરંતુ અસંયમરૂપ અવસ્થા બની રહે છે, તેથી ચારિત્રમોહના ઉદયથી થતો અસંયતભાવ પણ આત્માનો ઔદયિકભાવ છે આટલું વિશેષ છે કે ચારિત્રમોહનીય કર્મની ઉત્તરોત્તર મંદતાથી તે અસંયતભાવમાં પણ અંતર પડતું જાય છે. જેમ – ચોથા ગુણસ્થાન સુધી સર્વથા અસંયતભાવ છે. * કેમકે ત્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય રહે છે અને અપ્રત્યાખ્યાનાવરણ કષાય એકદેશ સંયમ પણ થવા

X એ જ પ્રમાણે મોહનીયકર્મને પણ સુખનો વિપક્ષી કહી શકાતો નથી કેમકે મોહનીયકર્મનો નાશ દસમા ગુણસ્થાનના અંતમાં થઈ જાય છે. જો મોહનીયકર્મ જ તેનો વિપક્ષી હોય તો ત્યાં જ અનંત સુખ પ્રગટ થઈ જવું જોઈએ. પરંતુ અનંત સુખ તેરમા ગુણસ્થાનમાં પ્રગટ થાય છે. જ્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય આ ત્રણે કર્મ પણ નષ્ટ થઈ જાય છે, તેથી સિદ્ધ થાય છે કે ચારેય ઘાતીકર્મોમાં સુખ ગુણનો ઘાત કરવાની શક્તિ છે. ઉપર જે આઠેય કર્મોને સુખના વિઘાતક કહેવામાં આવ્યા છે તે આત્માના પૂર્ણ સ્વરૂપની અપ્રાપ્તિની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. વાસ્તવમાં અનુજીવી ગુણોનો ઘાત ઘાતીકર્મોથી જ થાય છે. હા, દસમા ગુણસ્થાન સુધી મોહનીયોનો સંબંધ હોવાથી આઠેય કર્મ સુખના વિઘાતક છે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શનની સાથે કેટલાક અંશે આત્માનો સુખ ગુણ પણ પ્રગટ થાય છે. તે એટલા માટે થાય છે કે ઘાતીકર્મોમાંથી ઉત્કૃષ્ટ એવા મોહનીયનો ત્યાં ઉપશમ અથવા ક્ષય અથવા ક્ષયોપશમ થઈ જાય છે. આથી પણ આ વાત સારી રીતે સિદ્ધ છે કે સુખ નું ઘાતક કોઈ એક કર્મ નથી પરંતુ આ બધા કર્મોની સામાન્ય શક્તિ છે.

* સૂક્ષ્મદ્રષ્ટિથી ત્યાં પણ સ્વરૂપાચરણ સંયમ છે અને તે અનંતાનુબંધી કર્મના અભાવથી થાય છે.

દેતો નથી. પાંચમા ગુણસ્થાનમાં એકદેશ સંયમ પ્રગટ થઈ જાય છે. પરંતુ ત્યાં પણ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોવાથી સકળ સંયમ થઈ શકતો નથી. છઠ્ઠા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી સકળ સંયમ તો પ્રગટ થઈ જાય છે. પરંતુ સંજ્વલન કષાયનો ઉદય હોવાથી યથાખ્યાત સંયમ થઈ શકતો નથી. જો કે બારમા ગુણસ્થાનમાં પ્રતિપક્ષી કર્મનો સર્વથા નાશ થઈ જવાથી પૂર્ણ સંયમ પ્રગટ થઈ જાય છે. તો પણ યોગાદિ આનુષંગિક દોષોના કારણે તેને પૂરેપૂરી પૂર્ણતા ચૌદમા ગુણસ્થાનના અંતમાં જ કહેવામાં આવી છે. જ્યાં પૂર્ણ સંયમ છે તેની જ ઉત્તર ક્ષણમાં મોક્ષ થઈ જાય છે. અહીં શંકા થઈ શકે છે કે જો ચારિત્રનું નામ જ સંયમ છે તો ચારિત્રમોહનીયના ઉદયથી થતા કષાય ભાવોનું નામ જ અસંયમ છે તો પછી ઔદયિકભાવોમાં કષાયભાવ અને અસંયતભાવને જુદા જુદા શા માટે ગણાવવામાં આવ્યા છે ? એનો ઉત્તર એ જ છે કે અસંયત વ્રતના અભાવને કહે છે અને કષાય આત્માના કલુષિત પરિણામોને કહે છે. જો કે જ્યાં કલુષિત પરિણામ હોય ત્યાં વ્રત પણ હોય શકતા નથી તોપણ કાર્યકારણનું બંનેમાં અંતર છે. કષાયભાવ વ્રતના અભાવમાં 'કારણ' છે તેથી અંતર્ભેદની અપેક્ષાએ બંનેને જુદા જુદા ગણવામાં આવ્યા છે અર્થાત્ આત્માની એક એવી અવસ્થા પણ થાય છે કે જ્યાં તે વ્રતો ધારણ કરી શકતો નથી અને તે અવસ્થા આત્માના કલુષેત ભાવોથી થાય છે. કલુષિત ભાવોનું નામ જ કષાય છે.

### સંયમના ભેદ

**संयम क्रिययाद्वेधा व्यासाद् द्वादशधाऽथवा।**
**शुद्धस्वात्मोपलब्धिः स्यात् संयमो निष्क्रियस्य च।।१११८।।**

**અર્થ :–** ક્રિયાની અપેક્ષાએ સંયમના બે ભેદ છે અથવા વિસ્તારની અપેક્ષાએ તેના બાર ભેદ છે તથા પોતાના આત્માની શુદ્ધોપલબ્ધિ – શુદ્ધતાનું થવું તે જ નિષ્ક્રિય ક્રિયા રહિત સંયમનું સ્વરૂપ છે.

**ભાવાર્થ :–** નિષ્ક્રિય સંયમનું લક્ષણ આ પ્રમાણે છે :– 'संसारकारण निवृत्तिम्प्रत्यापूर्णस्य ज्ञानवतः कर्मादान निमित्तक्रियोपरमः सम्यक् चारित्रम्' સંસારના કારણોને દૂર કરનાર સમ્યગ્જ્ઞાનીને જે ક્રિયાઓથી કર્મ આવે છે તે ક્રિયાઓનું શાંત થઈ જવું તે જ નિષ્ક્રિય

સંયમ છે અર્થાત્ સંસારને વધારનાર બાહ્ય અને અભ્યંતર ક્રિયાઓનું અટકી જવું તે જ નિષ્ક્રિય સંયમ છે. જેટલી શુભ અશુભ પ્રવૃત્તિરૂપ ક્રિયાઓ છે તે બધી બાહ્ય ક્રિયાઓ છે તથા આત્માના જે અવિરતાદિરૂપ પરિણામ છે તે બધી અભ્યંતર ક્રિયાઓ છે. આ બંને પ્રકારની ક્રિયાઓની નિવૃત્તિ થઈ જવી, તે જ નિષ્ક્રિય સંયમ છે અને તે જ આત્માની શુદ્ધ અવસ્થા છે. સક્રિય સંયમ શુભ પ્રવૃત્તિરૂપ છે. તેના બે ભેદ છે, હવે તેનું જ કથન કરે છે.

સક્રિય સંયમનો પહેલો ભેદ

**पञ्चानामिन्द्रियाणाञ्च मनसश्च निरोधनात्।**
**स्यादिन्द्रियनिरोधाख्यः संयमः प्रथमो मतः।।१११९।।**

**અર્થ :–** સક્રિય સંયમના પહેલા ભેદનું નામ ઇન્દ્રિયનિરોધ સંયમ છે. તે પાંચેય ઇન્દ્રિયો અને મનના રોકવાથી થાય છે.

સક્રિય સંયમનો બીજો ભેદ

**स्थावराणां च पञ्चानां त्रसस्यापि च रक्षणात्।**
**असु संरक्षणाख्यः स्याद्द्वितीयः प्राणसंयमः।।११२०।।**

**અર્થ :–** સંક્રિય સંયમના બીજા ભેદનું નામ અસુસંરક્ષણ છે તેને જ પ્રાણસંયમ પણ કહે છે. તે પાંચ સ્થાવર અને ત્રસ જીવોની રક્ષા કરવાથી થાય છે.

પ્રશ્ન

**ननु किं नु निरोधित्वमक्षाणां मनसस्तथा।**
**संरक्षणं च किन्नाम स्थावराणां त्रसस्य च।।११२१।।**

**અર્થ :–** મન અને ઇન્દ્રિયોને રોકવી એટલે શું ? અને સ્થાવર તથા ત્રસ જીવોની રક્ષા કરવી એટલે શું ? અર્થાત્ આ બંનેનું સ્વરૂપ શું છે ?

ઉત્તર

**सत्यमक्षार्थसम्बन्धाज्ज्ञानं नासंयमाय यत्।**
**तत्र रागादिबुद्धिर्या संयमस्तन्निरोधनम्।।११२२।।**
**त्रस स्थावर जीवानां न वधायोद्यतं मनः।**
**न वचो न वपुः क्वापि प्राणिसंरक्षणं स्मृतम्।।११२३।।**

**અર્થ :–** ઇન્દ્રિય અને પદાર્થના સંબંધથી જે જ્ઞાન થાય છે તે અસંયમ કરતું નથી, પરંતુ ઇન્દ્રિય અને પદાર્થનો સંબંધ થતાં તે પદાર્થમાં જે રાગદ્વેષ પરિણામ થાય છે તે જ અસંયમ કરે છે. તે રાગદ્વેષરૂપ પરિણામોને રોકવા તે જ ઇન્દ્રિયનિરોધસંયમ છે તથા ત્રસ, સ્થાવર જીવોને મારવા માટે મન, વચન, કાયાની પ્રવૃત્તિ કદી ન કરવી તે જ પ્રાણસંયમ છે.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયસંયમ અને પ્રાણસંયમ આ બંનેમાં ઇનન્દ્રિય સંયમ પહેલા કરવામાં આવે છે, પ્રાણસંયમ પછી થાય છે. તેનું કારણ પણ એ છે કે ઇન્દ્રિયસંયમ થયા વિના પ્રાણસંયમ થઈ શકતો નથી. ઇન્દ્રિયોની લાલસાનું અટકી જવું તે જ ઇન્દ્રિયસંયમ કહેવાય છે. જ્યાં સુધી ઇન્દ્રિયોની લાલસા રોકાતી નથી ત્યાં સુધી જીવોની રક્ષા થવી અસંભવ છે. જેટલા અનર્થ થાય છે તે બધા ઇન્દ્રિયોની લાલસાથી જ થાય છે. X અભક્ષ્ય તથા હરિતાદિ સજીવ પદાર્થોનું ભક્ષણ પણ આ જીવ ઇન્દ્રિયોની લાલસાથી જ કરે છે. જોકે પુરુષ જાણે છે કે કંદમૂળ આદિ પદાર્થોમાં અનંત જીવરાશિ છે તથા અથાણા વગેરે પદાર્થોમાં ત્રસરાશિ પણ છે તોપણ ઇન્દ્રિયોની તીવ્ર લાલસાથી તેમને છોડી શકતો નથી. તેથી સૌથી પહેલાં ઇન્દ્રિયસંયમ ધારણ કરવાની ખૂબ આવશ્યકતા છે. ઇન્દ્રિયોને વશ કર્યા વિના કોઈ પ્રકારનો ધર્મ નિર્વિઘ્નપણે પાળી શકાતો નથી. તેથી સચિત્ત ત્યાગ પ્રતિમાવાળો મનુષ્ય પદાર્થોને અચિત્ત બનાવીને ખાય છે, લીલોતરી ખાતો નથી, જળ

X મદ્ય માંસાદિ અભક્ષ્ય પદાર્થોનું સેવન કરનારા અનેક ત્રસ જીવોનો ઘાત કરે છે.

પ્રાસુક બનાવીને પીવે છે. જો કે આમ કરવાથી તે જીવ હિંસાથી મુક્ત થતો નથી. તોપણ જિતેન્દ્રિય અવશ્ય થઈ જાય છે. સ્વાદિષ્ટ પદાર્થોને અસ્વાદિષ્ટ બનાવવાથી ઇન્દ્રિયોની લાલસા ઓછી થઈ જાય છે. + ઇન્દ્રિયસંયમ પાળનાર જ આગળ વધીને આઠમી આરંભ ત્યાગ પ્રતિમામાં પ્રાણસંયમ પણ પાળવા માંડે છે. પરંતુ સંકલ્પી હિંસાનો ત્યાગી પહેલેથી જ હોય છે. આઠમી પ્રતિમામાં આરંભ જનિત હિંસાનો પણ તે ત્યાગી થઈ જાય છે.

**इत्युक्तलक्षणो यत्र संयमो नापि लेशतः ।***
**असंयतत्वं तन्नाम भावोऽस्त्यौदयिकः स च ।।११२४।।**

**અર્થ :–** ઉપર કહેલો બંને પ્રકારનો સંયમ જ્યાં લેશમાત્ર પણ પાળવામાં આવતો નથી ત્યાં અસંયત ભાવ હોય છે. તે આત્માનો ઔદયિકભાવ છે.

---

\+ ઇન્દ્રિયોની લાલસા ઘટવાથી મનુષ્ય પોતાનો અને પરનો ઘણોબધો ઉપકાર કરી શકે છે. અનેક કામમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. પરંતુ તેમની વૃદ્ધિ થવાથી મનુષ્યનો ઘણો ખરો સમય ઇન્દ્રિય ભોગ્ય યોગ્ય પદાર્થોની યોજનામાં જ ચાલ્યો જાય છે તથા વિષયની આસક્તિમાં તે પોતાનું કર્તવ્ય પણ ભૂલી જાય છે.

* લેશતઃ પાઠથી એ વાત પ્રગટ થાય છે કે ઉક્ત બંને સંયમ યથાશક્તિ જઘન્ય અવસ્થામાં પણ પાળવામાં આવે છે, તેથી જે નિયમરૂપે પાંચમી પ્રતિમામાં નથી, તે પણ પાક્ષિક અવસ્થામાં અભ્યાસરૂપે હરિતાદિનો ત્યાગ કરી દે છે. કેટલાક નવા વિદ્વાનો પાંચમી પ્રતિમાથી નીચે હરિતાદિના ત્યાગનો નિષેધ કરે છે. ઊલટું હરિતાદિ ભક્ષણનું વિધાન કરે છે. આ તેમની મોટી ભૂલ છે. કેમકે વિધાનનો ક્યાંય ઉપદેશ નથી. જેટલું કાંઈ કથન છે તે બધું નિષેધમુખે છે. ભલે તે પછી થોડા અંશે હોય. પાંચમી પ્રતિમામાં તો હરિતાદિનો ત્યાગ આવશ્યક છે. તેનાથી નીચે જોકે આવશ્યક નથી, તો પણ અભ્યાસરૂપે તે કાર્ય પ્રશસ્ય જ છે. જેટલા અંશે ત્યાગમાર્ગ છે તે સારો જ છે. તેથી જે પુરુષ અવ્રતી છે તે જો પર્વોમાં લીલોતરીનો ત્યાગ કરે છે, ઉપવાસાદિક કરે છે, કંદમૂળનો ત્યાગ કરે છે તો એવી અવસ્થામાં તેઓ અવશ્ય શુભ પ્રવૃત્તિ કરે છે. ભલે તે ઓછું જાણતા હોય પરંતુ અનંત સ્થાવર જીવોના વધથી તે બચી જશે. જેટલી કોઈ પ્રતિમાઓ છે તે બધી ત્યાગની મર્યાદાને આવશ્યક ગણે છે. પરંતુ તેમનાથી નીચી શ્રેણીવાળો પણ લેશમાત્ર ત્યાગી અથવા અભ્યાસની દશામાં પૂર્ણ ત્યાગી પણ બની શકે છે.

શંકાકાર

**ननु वाऽसंयतत्त्वस्य कषायाणां परस्परम्।**
**को भेदः स्याश्च चारित्रमोहस्यैकस्य पर्ययात्।।११२५।।**

**અર્થ :–** અસંયતભાવ અને કષાયોમાં પરસ્પર શું અંતર છે ? કારણ કે બંનેય એક ચારિત્ર મોહનીયની પર્યાય છે અર્થાત્ બંનેય ચારિત્રમોહના ઉદયથી થાય છે.

ઉત્તર

**सत्यं चारित्रमोहस्य कार्यं स्यादुभयात्मकम्।**
**असंयमः कषायाश्च पाकादेकस्य कर्मणः।।११२६।।**

**અર્થ :–** બરાબર છે, ચારિત્રમોહનીયના જ બે કાર્ય છે. તે જ એક કર્મના ઉદયથી અસંયતભાવ અને કષાયભાવ થાય છે.

ચારિત્રમોહનીયના ભેદ

**पाकाच्चारित्रमोहस्य क्रोधाद्याः सन्ति षोडश।**
**नव नोकषायनामानो न न्यूना नाधिकास्ततः।।११२७।।**

**અર્થ :–** ચારિત્રમોહનીય કર્મના પાકથી ક્રોધાદિ સોળ કષાયો અને નવ નોકષાય થાય છે. આ પચ્ચીસથી ન ઓછા હોય છે કે ન અધિક હોય છે.

કષાયોનું કાર્ય

**पाकात्सम्यक्त्वहानिः स्यात् तत्रानन्तानुबन्धिनाम्।**
**पाकाच्चाप्रत्याख्यानस्य संयतासंयतक्षतिः।।११२८।।**

**प्रत्याख्यान कषायाणामुदयात् संयमक्षतिः।**
**संज्वलन नोकषायैर्न यथाख्यातसंयमः।।११२९।।**

**અર્થ :–** અનંતાનુબંધી કષાયના ઉદયથી સમ્યગ્દર્શનનો ઘાત થાય છે. અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી સંયમાસંયમનો ઘાત થાય છે. પ્રત્યાખ્યાન કષાયના ઉદયથી સકળસંયમનો ઘાત થાય છે અને સંજ્વલન તથા નોકષાયોના ઉદયથી યથાખ્યાત સંયમનો ઘાત થાય છે.

**इत्येवं सर्ववृत्तान्तः कारणकार्ययोर्द्वयोः।**
**कषायनोकषायाणां संयतस्येतरस्य च।।११३०।।**

**અર્થ :–** આ સર્વ કથન કષાય, નોકષાય, સંયમ અને અસંયમના કાર્યકારણને પ્રગટ કરે છે.

**ભાવાર્થ :–** કષાય, નોકષાયનો અસંયમ સાથે કાર્યકારણભાવ છે અને તેમના અભાવનો સંયમની સાથે કાર્યકારણભાવ છે. એટલું વિશેષ છે કે જ્યાં જેટલા કષાય છે ત્યાં એટલો જ અસંયમ છે.

**किन्तु तच्छक्तिभेदाद्वा नासिद्धं भेदसाधनम्।**
**एकं स्याद्वाप्यनेकं च विषं हालाहलं यथा।।११३१।।**

**અર્થ :–** પરંતુ ચારિત્રમોહનીયમાં શક્તિભેદથી ભેદ સાધન અસિદ્ધ નથી. જેમ વિષના – વિષ, હળાહળ ઇત્યાદિ અનેક ભેદ થઈ જાય છે, તેવી જ રીતે ઉક્ત કર્મ પણ એક તથા અનેકરૂપ થઈ જાય છે.

**अस्ति चारित्रमोहेऽपि शक्तिद्वैतं निसर्गतः।**
**एकञ्चासंयतत्वं स्यात् कषायत्त्वमथापरम्।।११३२।।**

**અર્થ :–** ચારિત્રમોહ કર્મમાં પણ સ્વભાવથી બે શક્તિઓ છે. –
(૧) અસંયમ (૨) કષાય

શંકાકાર

**ननु चैवं सति न्यायात्तत्संख्या चाभिवर्धताम्।**
**यथा चारित्रमोहस्य भेदाः षड्विंशतिः स्फुटम्।।११३३।।**

**અર્થ :–** જો કષાય અને અસંયમભાવ બંને ચારિત્રમોહના જ ભેદ હોય તો ચારિત્રમોહનીયની સંખ્યાનું વધવું પણ ન્યાયસંગત છે. પચ્ચીસના સ્થાને અસંયતભાવને તેમાં મેળવીને છવ્વીસ ભેદ તેના થવા જોઈએ.

ઉત્તર

**सत्यं यज्जातिभिन्नास्ता यत्र कार्माण वर्गणाः।**
**X आलापापेक्षयाऽसंख्यास्तत्रैवान्यत्र न क्वचित्।।११३४।।**
**नात्र तज्जातिभिन्नास्तां यत्र कार्माणवर्गणाः।**
**किन्तु शक्तिविशेषोऽस्ति सोऽपि जात्यन्तरात्मकः।।११३५।।**

**અર્થ :–** ઠીક છે, જ્યાં ભિન્ન ભિન્ન જાતિઓમાં વહેંચાયેલી કાર્માણ વર્ગણાઓ હોય છે ત્યાં આલાપ (ભેદ)ની અપેક્ષાએ અસંખ્યાત વર્ગણાઓ ભિન્ન ભિન્ન હોય છે અથવા જ્યાં ભિન્ન ભિન્ન જાતિવાળી વર્ગણાઓ હોય છે ત્યાં આલાપની અપેક્ષાએ સંખ્યાભેદ હોય છે. જ્યાં એમ હોતું નથી ત્યાં કર્મોની સંખ્યા પણ ભિન્ન માનવામાં આવતી નથી. અહીં ભિન્ન જાતિની વર્ગણાઓ નથી. પરંતુ એક ચારિત્રમોહનીયની જ છે તેથી ચારિત્રમોહની છવ્વીસમી સંખ્યા થઈ શકતી નથી. પરંતુ શક્તિ ભેદ અવશ્ય છે, તે પણ ભિન્ન સ્વભાવવાળો છે.

**ભાવાર્થ :–** જ્યાં જાતિની અપેક્ષાએ વર્ગણાઓમાં ભેદ હોય છે ત્યાં જ કર્મોના નામ પણ જુદા જુદા થઈ જાય છે. જેમકે – મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ આદિ.

X 'आलापापेक्षया संख्या तत्रैवान्यत्र न क्वचित्' એવો સંશોધિત પુસ્તકમાં પાઠ છે. એ જ ઠીક જણાય છે. તેથી ઉપરથી બીજો અર્થ લખવામાં આવ્યો છે.

પરંતુ જ્યાં જાતિભેદ નથી પણ શક્તિભેદ છે ત્યાં કર્મોની નામ સંખ્યા જુદી જુદી હોતી નથી. જેમકે – એક જ મતિજ્ઞાનાવરણ ક્ષયોપશમના ભેદથી અનેક ભેદવાળું છે. દૃષ્ટાંત માટે ધતૂરો જ લઈ લ્યો. ધતૂરાનું મૂળિયું ભિન્ન કામમાં આવે છે, તેના પાંદડા જુદા કામમાં આવે છે તથા તેના ફળ ભિન્ન કામમાં આવે છે, પરંતુ વૃક્ષ તો એક ધતૂરાના નામે જ ઓળખાય છે, માટે જ્યાં શક્તિભેદ હોય છે ત્યાં નામ ભેદ નથી પણ હોતા. જો જાતિ ભેદ વિના કેવળ શક્તિભેદથી જ નામભેદ માનવામાં આવે તો ચારિત્ર મોહનીયના જ ભેદ – અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વ અને ચારિત્રનો ઘાત કરવાની શક્તિ ધરાવે છે, એટલે તેના ભેદથી પણ ચારિત્રમોહનીયના છવ્વીસ ભેદ થવા જોઈએ. એ જ પ્રમાણે સંજ્વલન કષાયના કેટલાક સ્પર્ધકો પ્રમત્તભાવ ઉત્પન્ન કરે છે અને કેટલાક નથી કરતા એટલે ત્યાં પણ શક્તિના ભેદથી ચારિત્રમોહના અધિક ભેદ થવા જોઈએ. માટે જ્યાં જાતિ ભેદ હોય છે ત્યાં જ સંખ્યા ભેદ પણ હોય છે. અહીં જાતિ ભેદ નથી. જ્યાં જે જાતિનો કષાય છે ત્યાં તે જ જાતિનો વ્રતાભાવ–અસંયમ છે.

## કષાય અને અસંયમનું લક્ષણ

**तत्र यन्नाम कालुष्यं कषायाः स्युः स्वलक्षणम्।**
**व्रताभावात्मकोभावो जीवस्यासंयमो मतः।।११३६।।**

**અર્થ :–** જીવના કલુષિત ભાવોનું નામ જ કષાય છે. એ જ કષાયનું લક્ષણ છે તથા જીવના વ્રતરહિત ભાવોનું નામ જ અસંયમ છે.

**ભાવાર્થ :–** કષાયનું સ્વરૂપ ગોમ્મટસારમાં પણ આ પ્રમાણે કહ્યું છે 'सुह दुःख सुबहुस्सं कम्मक्खेत्तं कसेदि जीवस्स, संसारदूरमेरं तेण कसाओत्ति णं वेंति। सम्मत्त देससयल चरित्त जहस्वाद चरण परिणा।। घादंति वा कषाया चउसोल असंखलोगमिदा।' જેમ કોઈ કિસાન એક વીઘો, બે વીઘા કે દસ વીઘાનું ખેતર ખેડે છે, ખેડ્યા પછી તેમાં અનાજ ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે આ કષાય તો કિસાન છે. જીવનું કર્મરૂપી ખેતર છે. તે ખેતરની અનંત સંસાર હદ (મર્યાદા) છે, તે ખેતરને આ કષાયરૂપી કિસાન બરાબર ખેડ્યા કરે છે. પછી તેમાંથી સાંસારિક સુખ–દુઃખરૂપી અનાજ ઉત્પન્ન કરે છે. અર્થાત્

જે જીવના પરિણામોને હળની જેમ ખેડ્યા કરે તેને કષાય કહે છે. અથવા સમ્યક્ત્વ, દેશચારિત્ર, સકળ ચારિત્ર, યથાખ્યાત ચારિત્રરૂપ જીવના શુદ્ધ પરિણામોને જે ઘાતે તેને કષાય કહે છે. કષાય ચાર છે – (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ. આ ચારેય ક્રમપૂર્વક ચાર ચાર પ્રકારના હોય છે, તેમના દૃષ્ટાંત આ પ્રમાણે છે – એક તો એવો ક્રોધ કે જેમ પથ્થર ઉપર રેખા, એક એવો જેમ પૃથ્વી ઉપર રેખા, એક એવો જેમ ધૂળમાં રેખા, એક એવો જેમ પાણીમાં રેખા. પથ્થર ઉપર કરેલી રેખા ગાઢ હોય છે, ઘણા કાળ સુધી એવી ને એવી જ બની રહે છે. પૃથ્વી ઉપર કરેલી રેખા તેના કરતાં થોડા સમયમાં નષ્ટ થાય છે. એવી જ રીતે ધૂળ અને પાણીમાં દોરેલી રેખા ક્રમપૂર્વક અતિ શીઘ્રપણે ભૂંસાઈ જાય છે. ક્રોધ કષાયનો આ જ ભેદ ક્રમપૂર્વક નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિઓમાં જીવને લઈ જાય છે. જેમ ક્રોધની તીવ્રમંદાદિની અપેક્ષાએ ચાર શક્તિઓ છે તેવી જ રીતે માન, માયા, લોભની છે. માનના દૃષ્ટાંત – પર્વત, હાડકા, લાકડું અને નેતર. માન કષાયને કઠોરતાની ઉપમા આપવામાં આવી છે. પર્વત બિલકુલ સીધો – અક્કડ રહે છે, જરાપણ નમતો નથી. એવી જ રીતે તીવ્ર માની પુરુષ સદા પર્વતની જેમ કઠોર અને અક્કડ રહે છે. એનાથી ઓછા પ્રમાણવાળા માનીને હાડકાની ઉપમા આપી છે. હાડકું જો કે કઠોર છે તો પણ પર્વતની અપેક્ષાએ ઓછું કઠોર છે. લાકડા અને નેતરમાં ક્રમપૂર્વક બહુ ઓછી કઠોરતા છે. આ ચારેય માન કષાય પણ ક્રમથી નરકાદિ ગતિઓમાં લઈ જાય છે. માયાને વક્રતા (કુટિલતા–વાંકાપણા)ની ઉપમા આપી છે. તેના દૃષ્ટાંત આ છે – વાંસની નીચેના ભાગ, ભેંસનું શિંગડું, ગાયનું મૂત્ર, ખૂરપી. વાંસની નીચેનો ભાગ ખૂબ ગાંઠોવાળો હોય છે તથા ઉત્તરોત્તર ઓછી કુટિલતા છે. આ ચારેય માયા કષાય પણ ક્રમથી નરકાદિ ગતિઓમાં લઈ જાય છે. લોભને ચિકાશની ઉપમા આપી છે. તેના દૃષ્ટાંત આ છે —– કૃમિરાગ અર્થાત્ મજીઠનો રંગ, પૈડાનું ઊંજણ, શરીરનો મળ અને હળદરનો રંગ. આ ચારેય લોભ કષાય પણ ક્રમથી નરકાદિ ગતિઓમાં લઈ જાય છે. જીવના વ્રતરહિત ભાવોનું નામ અસંયમ છે. કેટલાક પરિણામોમાં આ જીવ આઠ મૂળ ગુણો પણ ધારી શકતો નથી. કેટલાક પરિણામોમાં આઠ મૂળ ગુણો ધારણ કરી લે છે પરંતુ અણુવ્રત ધારણ કરી શકતો નથી. ક્યાંક અણુવ્રત તો ધારણ કરી લે છે પરંતુ તેમના અતિચારો છોડી શકતો નથી. ક્યાંક મહાવ્રત ધારણ કરી શકતો નથી. જ્યાં સુધી અસંયમભાવનો ઉદય રહે છે ત્યાં સુધી આત્મા વ્રત ધારણ કરવા માટે તત્પર થતો નથી.

કષાય અને અસંયમનું કારણ

**एतद्द्वैतस्य हेतुः स्याच्छक्तिद्वैतैककर्मणः।**
**चारित्रमोहनीयस्य नेतरस्य मनागपि।।११३७।।**

**અર્થ :–** કષાયભાવ અને અસંયમભાવનું કારણ – બે શક્તિઓને ધારણ કરનાર કેવળ ચારિત્રમોહનીયકર્મનો ઉદય છે. કોઈ બીજા કર્મનો ઉદય આ બંનેમાં સર્વથા કારણ નથી.

બંને સાથે જ હોય છે

**यौगपद्यं द्वयोरेव कषायासंयतत्वयोः।**
**समं शक्तिद्वयस्योच्चैः कर्मणोऽस्य तथोदयात्।।११३८।।**

**અર્થ :–** કષાયભાવ અને અસંયતભાવ આ બંને સાથે સાથે હોય છે, કેમકે સમાન બે શક્તિઓને ધારણ કરનાર ચારિત્રમોહનીય કર્મનો ઉદય જ એવો હોય છે.

દૃષ્ટાંત

**अस्ति तत्रापि दृष्टान्तः कर्मानन्तानुबन्धि यत्।**
**घातिशक्तिद्वयोपेतं मोहनं दृक्चरित्रयोः।।११३९।।**

**અર્થ :–** બે શક્તિઓને ધારણ કરનાર કર્મના ઉદયથી એકસાથે બે ભાવ ઉત્પન્ન થાય છે. આ વિષયમાં અનંતાનુબંધી કષાયનું દૃષ્ટાંત પણ છે –સમ્યગ્દર્શન અને સમ્યક્-ચારિત્રને ઘાતવારૂપ બે શક્તિઓ ધારણ કરનાર અનંતાનુબંધી કષાય જે સમયે ઉદયમાં આવે છે તે સમયે સમ્યગ્દર્શન અને ચારિત્ર બંનેય ગુણ નષ્ટ થઈ જાય છે.

શંકાકાર

**ननु चाप्रत्याख्यानादिकर्मणामुदयात् क्रमात्।**
**देश कृत्स्नव्रतादीनां क्षतिः स्यात्तत्कथं स्मृतौ।।११४०।।**

**અર્થ :–** જો અપ્રત્યાખ્યાનના ઉદયથી દેશવ્રતની અને પ્રત્યાખ્યાનના ઉદયથી મહાવ્રતની ક્રમે ક્રમે ક્ષતિ થતી હોય તો અપ્રત્યાખ્યાનના ઉદય સમયે મહાવ્રત કેમ થઈ જતા નથી કેમકે તે સમયે મહાવ્રતને રોકનાર પ્રત્યાખ્યાનનો ઉદય તો રહેતો જ નથી અને જો અપ્રત્યાખ્યાનના ઉદયકાળે પ્રત્યાખ્યાનનો પણ ઉદય માનવામાં આવે તો બંનેનો ક્રમેક્રમે ઉદય કેમ કહ્યો છે ?

ઉત્તર

**सत्यं तत्राविनाभावो बन्धसत्त्वोदयं प्रति।**
**द्वयोरन्यतरस्यातो विवक्षायां न दूषणम्।।११४१।।**

**અર્થ :–** અપ્રત્યાખ્યાનના ઉદયકાળે પ્રત્યાખ્યાનનો પણ ઉદય રહે છે તેથી તો અપ્રત્યાખ્યાનના ઉદયકાળે મહાવ્રત હોતા નથી અને પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાનના ઉદયનો અભાવ હોવા છતાં પણ પ્રત્યાખ્યાનનો ઉદય રહે છે, તેથી કથંચિત્ ક્રમે ઉદય કહેવામાં આવે છે તથા અપ્રત્યાખ્યાનનો ઉદય કહેવાથી પ્રત્યાખ્યાનનો ઉદય પણ આવી જાય છે કેમકે અપ્રત્યાખ્યાનના બંધ, ઉદય અને સત્તાનો પ્રત્યાખ્યાનના બંધ, ઉદય અને સત્તાની સાથે અવિનાભાવ છે અર્થાત્ પ્રત્યાખ્યાનના બંધ, ઉદય, સત્તા વિના અપ્રત્યાખ્યાનના બંધ, ઉદય, સત્તા હોય શકતા નથી. તેથી ચોથા ગુણસ્થાન સુધી બંનેનો ઉદય રહેવા છતાં પણ અપ્રત્યાખ્યાનનો ઉદય કહેવામાં કોઈ દોષ આવતો નથી. અવિનાભાવી પદાર્થોમાં એકનું કથન કરવાથી બીજાનું કથન સ્વયં થઈ જાય છે. અહીં એ શંકા થઈ શકે કે જો બેમાંથી કોઈ એકનો જ પ્રયોગ કરવાનું ઇષ્ટ હોય તો અપ્રત્યાખ્યાનના સ્થાને પ્રત્યાખ્યાનનો જ પ્રયોગ કેમ કરવામાં આવતો નથી ? અર્થાત્ અપ્રત્યાખ્યાનના ઉદયથી પ્રત્યાખ્યાનના ઉદયનો બોધ થાય છે. તેવી જ રીતે પ્રત્યાખ્યાનનો ઉદય કહેવાથી

અપ્રત્યાખ્યાનના ઉદયનો પણ બોધ થઈ જવો જોઈએ ? પરંતુ એનો ઉત્તર આ છે કે અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનના ઉદયની પરસ્પર વિષમવ્યાપ્તિ છે કેમકે ચોથા ગુણસ્થાન સુધી અપ્રત્યાખ્યાનનો ઉદય તો પ્રત્યાખ્યાનના ઉદય વિના નથી રહેતો પરંતુ પાંચમા ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાનનો ઉદય અપ્રત્યાખ્યાનના ઉદય વિના પણ રહે છે. તેથી અપ્રત્યાખ્યાનના સ્થાને પ્રત્યાખ્યાનનો પ્રયોગ થઈ શકતો નથી.

અસિદ્ધત્વ ભાવ

**असिद्धत्वं भवेद्भावो नूनमौदयिको यतः।**
**व्यस्ताद्वा स्यात्समस्ताद्वा जातेः कर्माष्टकोदयात्।।११४२।।**

**અર્થ :–** અસિદ્ધત્વભાવ પણ ઔદયિકભાવ છે. આ ભાવ આઠે કર્મોના ઉદયથી થાય છે. ભિન્ન ભિન્ન કર્મોના ઉદયથી પણ થાય છે અને આઠે કર્મોના સંમિલિત ઉદયથી પણ થાય છે.

સિદ્ધત્વ ગુણ

**सिद्धत्वं कृत्स्नकर्मभ्यः पुंसोवस्थान्तरं पृथक्।**
**ज्ञानदर्शन सम्यक्त्ववीर्याद्यष्टगुणात्मकम्।।११४३।।**

**અર્થ :–** સર્વ કર્મોથી રહિત પુરુષની (જીવની) શુદ્ધ અવસ્થાનું નામ જ સિદ્ધત્વ ગુણ છે અથવા સિદ્ધાવસ્થા છે. તે અવસ્થા જ્ઞાન, દર્શન, સમ્યકત્વ, વીર્યાદિ આઠ ગુણ સ્વરૂપ છે.

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણ કર્મે આત્માના જ્ઞાન ગુણને ઢાંક્યો છે. જીવોમાં જ્ઞાનની જે ન્યૂનાધિકતા જોવામાં આવે છે તે જ્ઞાનાવરણકર્મની ન્યૂનાધિકતાના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે. મૂર્ખાઓ કરતાં વિદ્વાનોમાં, વિદ્વાનો કરતાં મહાવિદ્વાનોમાં જ્ઞાનનું જે અધિકપણું પ્રાપ્ત થાય છે તેનાથી ઋષિઓમાં અને તેમના કરતાં મહર્ષિઓ અને ગણધરોમાં જ્ઞાનનું અધિકપણું ઉત્તરોત્તર પ્રાપ્ત થાય છે. પરંતુ આ બધું જ્ઞાન ક્ષયોપશમરૂપ જ છે. જ્યાં

જ્ઞાનાવરણરૂપ પરદો સર્વથા ખસી જાય છે ત્યાં જ આત્મા સમસ્ત લોકાલોકને જાણનાર સર્વજ્ઞ થઈ જાય છે. તે સર્વજ્ઞના જ્ઞાનમાં સમસ્ત પદાર્થોની બધી પર્યાયો સાક્ષાત્ ઝળકે છે. દરેક આત્મામાં સર્વજ્ઞજ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ છે. પરંતુ જ્ઞાનાવરણકર્મે તે શક્તિને વાદળાથી ઢંકાયેલા સૂર્ય સમાન છુપાવી દીધી છે. એવી જ રીતે દર્શન ગુણને પણ દર્શનાવરણકર્મે ઢાંકી દીધો છે. જગતમાં જે જીવો જોવામાં આવે છે તેમાં કેટલાક તો એવા છે કે જે ફક્ત પદાર્થોના સ્પર્શનું જ જ્ઞાન ધરાવે છે, તેમને મોઢું, નાક, આંખ, કાન હોતા નથી. દૃષ્ટાંત તરીકે વૃક્ષને જ લઈ લ્યો. વૃક્ષને કેવળ એક સ્પર્શેન્દ્રિય છે તેનાથી જ તે પાણીનો સ્પર્શ કરીને વૃદ્ધિ પામે છે. આ જ કોટિમાં પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાયના જીવો પણ છે. તે જીવોને પૃથ્વી આદિ જ શરીર છે. તેથી આપણે તે પૃથ્વી જળ આદિ સ્થૂળ શરીર વિના તેમને પ્રત્યક્ષ જોઈ શકતા નથી. તે જીવોની ચેતના કર્મોથી ગાઢ રીતે આચ્છાદિત છે, તેથી કેવળ વૃક્ષ, પર્વતાદિની વૃદ્ધિથી તેમનું અનુમાન કરીએ છીએ. કેટલાક જીવો પદાર્થોનો સ્પર્શ કરે છે અને તેમને ચાખે છે. તેમને પહેલાં જીવો કરતાં એક સ્વાદેન્દ્રિય અધિક છે. આ જીવોની ચેતના કર્મો થોડા મંદ થવાથી પદાર્થના રસનો અનુભવ પણ કરી શકે છે. કેટલાક જીવોમાં પદાર્થોની ગંધ જાણવાની પણ શક્તિ છે. આવા જીવોને નાસિકા ઇન્દ્રિય પણ હોય છે. તે શ્રેણીમાં કીડી, મકોડા વગેરે જીવ આવે છે. આ જીવોને આંખ, કાન હોતા નથી. ભમરા, મધમાખી આદિ જીવ જોઈ પણ શકે છે અને કેટલાક જીવો સાંભળી પણ શકે છે. કેટલાક જીવો એવા હોય છે કે જે મનમાં પદાર્થોનો અનુભવ પણ કરે છે. આ શ્રેણીમાં મનુષ્ય, પશુ આદિ આવે છે. અહીં વિચારવાની આ વાત છે કે જેમ મનુષ્ય આંખથી જેટલું દેખે છે તેટલું જ જોવાની શું તેનામાં શક્તિ છે ? ના, તે અખંડ આત્મા વડે સર્વ પદાર્થોને જોવાની શક્તિ ધરાવે છે. પરંતુ જોતો કેમ નથી ? તે એટલા માટે જોઈ શકતો નથી કે તે આંખરૂપી ઝરૂખાથી પરાધીન થઈ ગયો છે. દર્શનાવરણકર્મે તેના દર્શનગુણને ઢાંકી દીધો છે. ફક્ત થોડોક ક્ષયોપશમ હોવાથી તે આંખરૂપી ઝરૂખાથી જોઈ શકે છે. જે જીવોને એટલો પણ ક્ષયોપશમ હોતો નથી તે બિચારા એટલું પણ જોઈ શકતા નથી અર્થાત્ તેમને આંખ પણ હોતી નથી કે જે પહેલાં કહેવાય ગયું છે. આનું દૃષ્ટાંત સ્પષ્ટ જ છે. જેમ એક માણસને બંધ મકાનમાં પૂરી દેવામાં આવે તો તે બહારની વસ્તુઓને જોઈ શકતો નથી. પણ જો તે મકાનની એક બારી ખોલી નાખવામાં આવે તો તે બારી સામે રહેલા પદાર્થોને જોઈ શકે છે. જો બીજી બારી પણ ખોલી નાખવામાં આવે તો

તેની સામે આવેલા પદાર્થોને પણ તે જોઈ શકે છે. એ જ પ્રમાણે પૂર્વપશ્ચિમની જેમ ઉત્તર દક્ષિણ તરફની બારીઓ પણ જો ખોલવામાં આવે તો તે તરફના પદાર્થોને પણ તે જોઈ શકે છે. જો આખાય મકાનની ભીંતો તોડી પાડવામાં આવે અને જમીનદોસ્ત કરી નાખવામાં આવે તો તે મનુષ્ય ચારે તરફના પદાર્થો જોઈ શકે છે. બીજું દૃષ્ટાંત દર્પણનું લઈ લ્યો. એક વિશાળ દર્પણની સપાટી ઉપર કાજળ લગાડી દેવામાં આવે તો તેમાં મોઢું બિલકુલ દેખાતું નથી. પરંતુ તે જ દર્પણ ઉપર એક આંગળી ઘસીને તેનો આંગળી જેટલો ભાગ સ્વચ્છ કરી દેવામાં આવે તો તેટલા જ ભાગમાં દેખાવા માંડશે. જો બે આંગળી ફેરવવામાં આવે તો થોડું વધારે દેખાશે એવી જ રીતે ત્રણ, ચાર, પાંચ આંગળીઓ ફેરવવાથી ઘણું સારું દેખાશે. અને કપડાથી સારી રીતે આખુંય દર્પણ સાફ કરી નાખવામાં આવે તો અત્યંત સ્પષ્ટ અને પૂર્ણપણે બધું દેખાશે. એવી જ રીતે આત્મામાં સર્વ પદાર્થોને જોવાની શક્તિ છે પરંતુ દર્શનાવરણકર્મે તે શક્તિને ઢાંકી દીધી છે. તેના જ નિમિત્તે આત્મા ઇન્દ્રિયરૂપી ઝરૂખાના બંધનમાં પડીને પદાર્થને સ્પષ્ટપણે જોઈ શકતો નથી. અને સૂક્ષ્મ તથા દૂરવર્તી પદાર્થને ય જોઈ શકતો નથી. જ્યારે આત્મા દર્શનાવરણ કર્મના બંધનથી મુક્ત થાય છે ત્યારે તે ઇન્દ્રિયોની સહાયથી જોતો નથી. પરંતુ આત્માથી સાક્ષાત્ જોવા માંડે છે. તે જ વખતે તે સર્વ પદાર્થોને પ્રત્યક્ષ કરી લે છે. જેમ બારીમાંથી જોનારો મનુષ્ય મકાન તોડી પાડવાથી બારીની મદદ વિના આસપાસના સર્વ પદાર્થોને જોઈ લે છે. વેદનીય કર્મ અનેક પ્રકારે સાંસારિક સુખદુઃખ આપ્યા કરે છે. જો કે વેદનીય કર્મ અઘાતી છે. તો પણ રતિકર્મ અને અરતિ કર્મનો સંબંધ થવાના કારણે તે આત્માને આઘાત પહોંચાડે છે. * તેથી વેદનીયકર્મનો પાઠ ઘાતીકર્મોની વચ્ચે આપ્યો છે. જ્યાં સુધી વેદનીય કર્મનો સંબંધ રહે છે ત્યાં સુધી આત્મા સાંસારિક સુખદુઃખની બાધાથી બાધિત રહે છે. વેદનીયકર્મના બે ભેદ છે. (૧) શાતા (૨) અશાતા. અશાતાના ઉદયથી તો આ જીવને અશાતા જ રહે છે. પરંતુ શાતાના ઉદયથી જે શાતા થાય છે તે પણ વાસ્તવમાં અશાતા જ છે. સંસારી જીવ સદા દુઃખોથી સંતપ્ત રહે છે. તેથી શાતાના ઉદયથી જે સુખ જેવું દેખાવા લાગે છે, તેને જ તે સાચું સુખ સમજે છે. વાસ્તવમાં તે સુખ નથી. પરંતુ ઓછું દુઃખ છે. સાંસારિક સુખનું ઉદાહરણ એવુ છે કે જેમ કોઈ મનુષ્યને કોઈ ઘણનો માર મારે અને મારતા મારતા થાકી જાય તે વખતે માર ખાનારો માને

---

* અગિયારમા, બારમા, તેરમા ગુણસ્થાનોમાં રતિ, અરતિનો ઉદય ન હોવાથી વેદનીયકર્મ કાંઈ કરી શકતું નથી.

છે કે હવે કાંઈક શાતા મળી છે, બરાબર એ જ રીતે દુઃખના થોડા ઘટાડાને જ આ જીવ સુખ સમજવા માંડે છે. સાંસારિક સુખના વિષયમાં સમંતભદ્ર સ્વામીએ કહ્યું છે 'कर्मपरवशे सान्ते दुःखैरन्तरितोदये। पापजेवी सुखेऽनास्थाश्रद्धानाकांक्षणा स्मृता।' અર્થાત્ (૧) સાંસારિક સુખ કર્મોને આધીન છે, જ્યાં સુધી શુભકર્મોનો ઉદય છે ત્યાં સુધી તે (સુખ) છે. (૨) તેથી તેનો અંત પણ શીઘ્ર જ થઈ જાય છે. (૩) તેની વચ્ચે વચ્ચે દુઃખ પણ આવ્યા કરે છે અને (૪) પાપનું બીજ છે અર્થાત્ જે બાબતોમાં સંસારીજીવ સુખ માને છે તે વાત પાપબંધના કારણભૂત છે. તેથી સાંસારિક સુખ દુઃખનું કારણ અથવા દુઃખરૂપ જ છે. વેદનીયકર્મનો અભાવ થઈ જવાથી આત્મા અવ્યાબાધગુણનો ભોક્તા થઈ જાય છે. આત્માના તે નિરાકુળ સ્વરૂપ અવ્યાબાધ ગુણને વેદનયીયકર્મે ઢાંકી દીધો છે. મોહનીયકર્મના વિષયમાં પહેલાં ઘણું બધું કહેવાય ગયું છે. આઠે કર્મોમાં એક આ જ કર્મ અનર્થોનું મૂળ છે. આ કર્મ સર્વ કર્મોનો રાજાછે. એ જ આઠે કર્મોના બંધનનું કારણ છે. મોહનીયકર્મમાં બીજા કર્મો કરતાં એક મોટી વિશેષતા એ છે કે બીજા કર્મો તો પોતાના પ્રતિપક્ષી ગુણોને ઢાંકે જ છે પરંતુ મોહનીયકર્મ પોતાના પ્રતિપક્ષી ગુણને વિપરીત સ્વાદવાળો બનાવી દે છે. આ કર્મ આત્માના મુખ્ય ગુણ સમ્યક્ત્વ અને ચારિત્રનો ઘાત કરે છે. આ જ કર્મે જીવોને ખોટા માર્ગે ચાલનારા–ભ્રષ્ટ–અનાચારી તથા રાગીદ્વેષી બનાવી દીધા છે. આ કર્મ દૂર થવાથી આત્મા પરમ વીતરાગ –શુદ્ધાત્માનુભવી થઈ જાય છે. આયુષ્ય કર્મ બેડીનું કામ કરે છે. જેમ કોઈ અપરાધીને બેડીથી બાંધી લેવાથી તે ક્યાંય જઈ શકતો નથી. એ જ પ્રમાણે આ સંસારી જીવ પણ ગતિરૂપી જેલમાં આયુષ્યરૂપી બેડીથી જકડાયેલો રહે છે. જ્યાં સુધી આયુષ્ય કર્મ હોય છે ત્યાં સુધી મૃત્યુ પણ તેને લઈ જઈ શકતુ નથી. તે નરકગતિમાં વર્ણનાતીત દુઃખ સહન કરે એ છે પરંતુ આયુષ્યકર્મ તેને ત્યાંથી છટકવા દેતું નથી. આયુષ્યકર્મના ચાર ભેદ છે. તેમાં તિર્યંચ આયુષ્ય, મનુષ્ય આયુષ્ય અને દેવ આયુષ્ય આ ત્રણ શુભ છે. નરકાયુષ્ય અશુભ છે. આયુષ્યકર્મના ઉદયથી આ જીવ કોઈવાર કોઈ શરીરના આકારમાં બંધાયેલો રહે છે અને કોઈવાર કોઈ બીજા શરીરના આકારમાં બંધાયેલો રહે છે, પરંતુ પોતાના વાસ્તવિક સ્વરૂપનું અવગાહન તે કરતો નથી અર્થાત્ પોતાના સ્વરૂપમાં ઠરી શકતો નથી તેથી આયુષ્ય કર્મે જીવના અવગાહન ગુણને છુપાવી રાખ્યો છે.

નામકર્મે આત્માના સૂક્ષ્મત્વ ગુણને રોકી રાખ્યો છે. આ કર્મના ઉદયથી આત્મા ગતિ, જાતિ, શરીર, અંગ, ઉપાંગ આદિ અનેક પ્રકારના અનેકરૂપો ધારણ કરતો થકો

સ્થૂળ પર્યાયવાળો બની ગયો છે. વાસ્તવમાં ગતિ આદિ વિકારોથી રહિત–અમૂર્તિક આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ છે. પરંતુ નામકર્મે તે સૂક્ષ્મતાને છુપાવી દીધી છે. જેમ કોઈ કારખાનાનું એક એન્જિન અનેક કાર્યો કરે છે તેવી જ રીતે નામકર્મ પણ આત્માને અનેકરૂપોમાં ફેરવે છે. નામકર્મને અનેકરૂપધારી બહુરૂપીની ઉપમા બરાબર બંધબેસતી થાય છે. જેમ અનેકરૂપ ધારણ કરનાર બહુરૂપી પોતાનું અસલી સૂક્ષ્મ સ્વરૂપ છુપાવી રાખે છે, તેવી જ રીતે નામકર્મે પોતાનું અસલી–સૂક્ષ્મ સ્વરૂપ છુપાવી દીધું છે અને સ્થૂળ પર્યાયોથી તેને (આત્માને) બહુરૂપી બનાવી દીધો છે.

આત્મા અનંતગુણનો ધારક, નિર્વિકાર શુદ્ધ છે, તેમાં ન નીચતા છે અને ન ઊંચતા છે, તે સદા એકસરખો છે પરંતુ ગોત્રકર્મે તેને ઊંચનીચ બનાવી દીધો છે. નીચ ગોત્રના ઉદયથી એ જ અનંત ગુણનો ધારક આત્મા કોઈવાર નીચ કહેવાય છે અને ઊંચ ગોત્રના ઉદયથી કોઈવાર ઊંચ કહેવાય છે. ગોત્રકર્મનું કાર્ય ગોમટ્ટસારમાં આ પ્રમાણે છે 'संताणकमेणागय जीवायरणस्स गोदमिदि सण्णा, उच्चं णीचं चरणं उच्चं णीचं हवे गोदं,' અર્થાત્ કુળપરંપરાથી ચાલતું આવેલું જે જીવનું આચરણ છે તેને જ ગોત્ર એવી સંજ્ઞા છે. તે કુળપરંપરામાં જો ઊંચ આચરણ હોય તો તે ઊંચ ગોત્ર કહેવાય છે. જો નિંદ્ય, હીન આચરણ હોય તો તે નીચ ગોત્ર કહેવાય છે. જો કે ઊંચનીચ ગોત્રમાં આચરણની મુખ્યતા અવશ્ય છે પરંતું સાથોસાથ કુળ પરંપરાની પણ મુખ્યતા અવશ્ય છે. નહિ તો કોઈ ક્ષત્રિય રાજાને જે પુત્ર થાય છે તે જન્મથી જ ઊંચ કહેવાવા લાગે છે. એવી જ રીતે એક ચાંડાળને ઘેર જે પુત્ર જન્મે છે તે જન્મદિવસથી જ નીચ ગણાવા માંડે છે. જો ઊંચનીચનો આચરણની સાથે જ સંબંધ હોય તો જન્મતાં જ લોકો તેમને ઉત્તમ અને નીચ કેમ સમજે છે ? તેમણે હજી કોઈ આચરણ શરૂ કર્યું નથી. જો એમ કહેવામાં આવે કે તેમણે ભલે કોઈ આચરણ ન કર્યું હોય પરંતુ તેમના માતાપિતા તો પોતાના આચરણથી ઊંચનીચ બનેલા છે, તેમને ત્યાં જે બાળક જન્મે છે તેમને પણ તે જ શ્રેણીમાં મૂકવામાં આવે છે. તો સિદ્ધ થયું કે સાક્ષાત્ આચરણ ઊંચનીચનું કારણ નથી. પરંતુ કુળ પરંપરા જ મુખ્ય કારણ છે. ગોત્રકર્મનું લક્ષણ બતાવતાં આચાર્ય શ્રી પૂજ્યપાદ સ્વામીએ સર્વાર્થસિદ્ધિમાં પણ એ જ કહ્યું છે – 'यस्योदयाक्लोक पूजितेषु कुलेषु जन्म तदुच्चैर्गोत्रं, यदुदयाद् गर्हितेषु कुलेषु जन्म तन्नीच्चैर्गोत्रम्' જેના ઉદયથી લોકપૂજ્ય કુળોમાં જન્મ થાય તેને ઊંચ ગોત્ર કહે છે અને જેના ઉદયથી નિંદ્ય કુળોમાં

જન્મ થાય તેને નીચ ગોત્ર કહે છે. આ ઊંચનીચ ગોત્રના લક્ષણથી એ વાત સ્પષ્ટ છે કે કુળ પરંપરાથી જ ઊંચનીચનો વ્યવહાર થાય છે. સાક્ષાત્ આચરણોથી થતો નથી, એનું કારણ પણ એ જ છે કે ગોત્રકર્મનો ઉદય ત્યાંથી જ શરૂ થાય છે કે જ્યાંથી આ જીવ એક પર્યાય છોડીને બીજી પર્યાયમાં જવા માંડે છે અર્થાત્ વિગ્રહગતિમાં જ ઊંચ અથવા નીચ કર્મનો ઉદય શરૂ થઈ જાય છે અને જેવો કર્મનો ઉદય હોય છે તેવી જ આ જીવને પર્યાય મળે છે તેથી તે કર્મોદયના કારણે જ તે જીવને જન્મ સમયથી જ લોકો ઊંચનીચનો વ્યવહાર કરવા માંડે છે. લોકમાં આ વ્યવહાર પણ પ્રસિદ્ધ છે કે કોઈ મનુષ્ય જો બ્રાહ્મણકુળમાં જન્મ લઈને શિલ્પીનું કાર્ય કરવા માંડે તો લોકો તેને એમ કહીને જ ઓળખાવે છે કે તે જાતિનો બ્રાહ્મણ છે પરંતુ હીન કર્મ કરે છે. તે હીન કાર્ય કરતો હોવા છતાં પણ તેને તે પર્યાયમાં કોઈ શુદ્ર કહેતું નથી. જો સાક્ષાત્ આચરણોથી જ વર્ણની વ્યવસ્થા માનવામાં આવે તો ઊંચ ગોત્રકર્મ અને નીચ ગોત્રકર્મનો ઉદય જ નિરર્થક થાય. કર્મોદયને નિરર્થક માનવાથી સંસારનું બધું રહસ્ય જ નીકળી જાય છે. આયુષ્યકર્મનો બંધ નિત્ય હોય છે, તે છુટતો નથી અને જીવને તે પર્યાયમાં નિયમથી લઈ જાય છે. જો એને પણ નિરર્થક માનવામાં આવે તો પછી જીવનું પરિભ્રમણ જ બંધ થઈ જાય, પરંતુ જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી એમ બનવું અસંભવ છે. તે પોતાનું શુભાશુભ ફળ આપે જ છે. બીજી વાત એ પણ છે કે એક મનુષ્યે જીવનભર કાંઈ કામ ન કર્યું હોય, એમ જ પડ્યા પડ્યા આનંદથી જીવન વીતાવ્યું હોય તો તે જીવનમાં લોકો તેને ક્યા વર્ણનો માનશે ? તેની સાથે ઊંચપણાનો વ્યવહાર કરવામાં આવશે કે નીચપણાનો ? કેમકે તેણે સાક્ષાત્ આચરણ તો કાંઈ કર્યું જ નથી. સાક્ષાત્ આચરણ વિના વર્ણ વ્યવસ્થા નહિ માનનારાઓના મત પ્રમાણે તેને વર્ણરહિત ગણવો અથવા ચારે વર્ણોથી જુદા કુળહીન – પંચમ વર્ણવાળો ગણવો ? કેમકે તેની સાથે ઊચ્ચતા અને નીચતાનો કાંઈક ને કાંઈક વ્યવહાર તો કરવો જ પડશે. તે વ્યવહારનો આધાર ત્યાં આચરણ તો છે નહિ તેથી કુળ પરંપરાથી આવેલી ઊંચનીચતાનો સ્વીકાર કર્યા વિના કોઈ રીતે કામ ચાલી શકતું નથી. જે લોકો કુળ પરંપરાની વર્ણવ્યવસ્થાનો લોપ કરે છે તે અવિચારી – કર્મવિજયી સાહસિક છે. આશ્ચર્ય તો એ છે કે આવા લોકો પણ માતાપિતાને ઉપદેશ આપતા રહે છે કે જો તમારે યોગ્ય પુત્ર જોઈતો હોય તો તમારા ભાવ ઊંચા રાખો. તમારા જેવા ભાવ હશે તેવા જ ભાવ પુત્રમાં પણ આવશે.

આ ઉપદેશથી સ્વભાવકૃત સંસ્કારોનું જ મુખ્યપણું સિદ્ધ થાય છે. X તેથી ગુણ કર્મથી નહિ પરંતુ સ્વભાવથી જ ગોત્ર વ્યવસ્થા ન્યાયસંગત છે. પરંપરા ગુણકર્મ પણ કારણ છે. આ જાતની ઊંચતા અને નીચતા આ ગોત્રકર્મના કારણે જ આત્મા પામે છે, ગોત્રકર્મના અભાવમાં તે અગુરુલઘુ છે. ન તો મોટો છે અને ન નાનો છે. આ નાનોમોટો, ઊંચનીચ આદિ વ્યવહાર કર્મથી થાય છે. ગોત્રકર્મે આત્માના તે અલૌકિક અગુરુલઘુગુણને છુપાવી દીધો છે. અંતરાય કર્મે આત્માની વીર્યશક્તિનો નાશ કરી નાખ્યો છે. વીર્યશક્તિ આત્માનો પોતાનો ગુણ છે, તેને જ આત્મિકબળના નામથી ઓળખવામાં આવે છે. શારીરિકબળ અને આત્મિકબળમાં ઘણું અંતર છે. શારીરિક બળવાળાઓથી જે કાર્ય નથી થઈ શકતું તે કાર્ય આત્મિકબળવાળાઓથી સારી રીતે થઈ જાય છે. યોગીઓમાં જો કે શારીરિક બળ નથી, તે તપસ્વી છે, ઉપરાંત ક્ષીણ શરીરવાળા પણ છે. પરંતુ તેમનામાં આત્મિકબળ ઘણું વધું હોય છે. તેના જ પ્રભાવથી તેઓ એટલા સાહસિક હોય છે કે સિંહોથી ભરેલા અતિ ભયાનક જંગલમાં નિર્ભય થઈને ધ્યાન કરે છે. આ તેમના આત્મિકબળનું જ

X જો સ્વભાવગત ઊંચતા નીચતા ન હોય અને સંસ્કારોનું કારણપણું માનવામાં ન આવે તો ભારતવાસીઓ શા માટે રાજકટુંબોના શાસકોને ચાહે છે ? એટલા જ માટે ને, કે તેઓ સ્વભાવથી જ ઉદારચિત્ત હોય છે ? સ્વભાવથી જેવા કુળમાં આ જીવ ઉત્પન્ન થાય છે તેવા માર્ગ પર સ્વયં ચાલવા લાગે છે. આ વિષયમાં એક દૃષ્ટાંત છેઃ કોઈ જંગલમાં એક બિલાડીનું બચ્ચું સિંહણના હાથમાં આવી ગયું. તે નાનકડું – વહાલું લાગે તેવું હોવાથી સિંહણે તેનું પાલન કર્યું. જ્યારે સિંહણને બચ્ચાં જન્મ્યાં ત્યારે તે બિલાડીનું બચ્ચું તેમની જ સાથે રમવા લાગ્યું. એકવાર બધા બચ્ચાં કોઈ બીજા જંગલમાં પહોંચી ગયા. ત્યાં હાથીઓનું ઝૂંડ જોઈને તેમની ઉપર સિંહણના બચ્ચાઓ તૂટી પડ્યા, પરંતુ આ ભયજનક કૌતુકથી બિલાડું ડરીને પાછું ભાગ્યું. સિંહણના બચ્ચા પણ પોતાના મોટા ભાઈને પાછા ફરતા જોઈને પાછા તો વળ્યા પરંતુ તેમનાથી રહેવાયું નહિ એટલે તેમણે પોતાની માતાને કહ્યું કે મા, આજે મોટાભાઈએ અમને હાથીનો શિકાર કરતા રોક્યા છે તે બરાબર કર્યું નથી. સિંહણે મનમાં વિચાર્યું કે આનું કુળ તો બિલાડાનું છે તેથી તે મારી પાસે રહેવા છતાં પણ તેનામાં બીકણ સ્વભાવ આવી જ ગયો છે. તેણે તે બિલાડાને એકાન્તમાં બોલાવીને તેને હિતકર એવો ઉપદેશ આપ્યો કે 'शुरोऽसि कृतविद्योऽसि दर्शनियोऽसि पुत्रक! यस्मिन् कुले त्वमुत्पन्नो गजस्तत्र न हन्यते।' હે પુત્ર ! તું શૂરવીર છે, વિદ્વાન છે, દર્શનીય છે, પરંતુ જે કુળમાં તું ઉત્પન્ન થયો છે તે કુળમાં હાથી મારી શકાતા નથી. માટે તું અહીંથી શીઘ્ર ભાગી જા, નહિ તો મારા આ બચ્ચા તને ક્યાં સુધી બચાવશે ? તાત્પર્ય એ જ છે કે કુળનાં સંસ્કાર ગમે તેવા વિદ્વાનમાં પણ આવી જ જાય છે. તે તે પર્યાયમાં મટતા નથી.

પરિણામ છે. ઘણા વિદ્વાનો માનસિકબળને જ આત્મિકબળ માને છે. તેમને એ પૂછવું જોઈએ કે તે માનસિક બળ જ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય તો તો સિદ્ધ થઈ ગયું કે જ્ઞાન કરતાં બળ બીજો ગુણ છે. પરંતુ જ્ઞાનમાં તે સહાયક અવશ્ય છે. તેના જ નિમિત્તે માનસિક જ્ઞાનમાં તેની ઉપચરિત કલ્પના કરી લેવામાં આવે છે. જેની આત્મિકશક્તિ પ્રબળ છે તેટલું જ તેનું જ્ઞાન પણ પુષ્ટ થાય છે. જો તે જ્ઞાનથી અભિન્ન હોય તો તેમાં બળ શબ્દનો પ્રયોગ ક્યા આશયથી કરવામાં આવે છે ? તેથી આ વાત નક્કી છે કે જ્ઞાનથી જુદા એક વીર્ય નામની આત્માની શક્તિ છે. તે શક્તિનો શારીરિકબળ સાથે સંબંધ અવશ્ય છે. બાહ્ય શક્તિ અંતરંગ શક્તિમાં સહાયક છે. આત્મા કોઈ પદાર્થનું જેટલું જ્ઞાન કરે છે તેટલી જ અંતરંગ બળ શક્તિ પણ સાથે જ તેમાં સહાય કરે છે. તેથી આચાર્યોએ કેવળજ્ઞાનની અંતર્ગત અનંતવીર્યનો સદ્ભાવ બતાવ્યો છે. જ્યાં આત્મામાં તે અનંતવીર્ય શક્તિ પ્રગટ થઈ જાય છે ત્યાં પછી તેને શારીરિકબળની જરૂર પડતી નથી. અંતરાય કર્મે તે અનંતવીર્ય શક્તિને રોકી રાખી છે. અંતરાય કર્મનો જેટલો જેટલો ક્ષયોપશમ થતો જાય છે તેટલું તેટલું જ આત્મિક બળ ક્ષયોપશમરૂપે સંસારી જીવોમાં પ્રાપ્ત થતું જાય છે. એ જ અંતરાય કર્મનાં દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય એવા પાંચ ભેદ છે. કોઈ શેઠને ત્યાં ઘણુ ધન છે, પરંતુ દાન કરવાના પરિણામ થતા નથી તો ત્યાં સમજવું કે તેને દાનાન્તરાય કર્મનો ઉદય છે. બે પુરુષો એકજ દિવસે અને એક જ સાથે વ્યાપાર કરવા નીકળે છે, ત્યાં એકને હાનિ થાય છે, બીજાને લાભ થાય છે તો સમજવું જોઈએ કે એકનું અંતરાય કર્મ તીવ્ર છે, એકનું મંદ છે. ભોગને યોગ્ય સામગ્રી રાખેલી છે, પરંતુ તેને કોઈ કારણે જીવ ભોગવી શકતો નથી તો સમજવું જોઈએ કે તેને ભોગાન્તરાયકર્મનો ઉદય છે. અંતરાયકર્મે આત્માની વીર્યાદિ શક્તિઓને રોકી રાખી છે. આ પ્રમાણે આઠેય કર્મોએ આત્માની અનંત, અચિંત્ય શક્તિઓને છુપાવી દીધી છે. તેથી આત્માની અસલી અવસ્થા પ્રગટ થઈ શકતી નથી. આત્મા અલ્પજ્ઞાની નથી, અલ્પદૃષ્ટા પણ નથી, મિથ્યાદૃષ્ટિ પણ નથી, દુઃખી પણ નથી, શરીરાવગાહી પણ નથી, સ્થૂળ પણ નથી, નાનો મોટો પણ નથી અને અશક્ત પણ નથી. પરંતુ તે અનંતજ્ઞાની – સર્વજ્ઞ છે, સમ્યગ્દૃષ્ટિ છે, સર્વ દૃષ્ટા છે, અનંત શક્તિશાળી છે, સૂક્ષ્મ છે, અગુરુલઘુ છે, આત્માવગાહી છે, અવ્યાબાધ – બાધારહિત છે. આ જ અચિંત્ય શક્તિઓથી જ્યારે આત્મા વિકસિત થવા માંડે છે અર્થાત્ જ્યારે તેના આ આઠ ગુણ પ્રગટ થઈ જાય છે ત્યારે તે સિદ્ધ કહેવાય છે.

આત્માની શુદ્ધ અવસ્થાનું નામ જ સિદ્ધ છે અથવા જ્ઞાનાદિ–શક્તિઓના પૂર્ણ વિકાસનું નામ જ સિદ્ધ છે. આ જ અવસ્થાનું નામ મોક્ષ છે. આત્માની શુદ્ધાવસ્થા – સિદ્ધાવસ્થા સિવાય મોક્ષ બીજો કોઈ પદાર્થ નથી. કર્મમળકલંકથી રહિત આત્માની સ્વાભાવિક અવસ્થાને જ મોક્ષ કહે છે. = જ્યાં સુધી કર્મોનો સંબંધ રહે છે ત્યાં સુધી આત્મા મુક્ત કહી શકાતો નથી. જો કે અર્હંતદેવને ઘાતીકર્મોનો નાશ થવાથી સ્વાભાવિક ગુણ પ્રગટ થઈ ગયા છે. તો પણ અઘાતીકર્મોના સદ્ભાવથી પ્રતિજીવી ગુણ પ્રગટ થયા નથી. આયુષ્ય કર્મે હજી સુધી તેમને શરીરાવગાહી જ બનાવી રાખ્યા છે. જો કે અર્હંતદેવને વેદનીયકર્મ કાંઈ સુખ દુઃખ પહોંચાડી શકતું નથી કેમકે તેના પરમ સહાયક મોહનીયકર્મનો તેમણે નાશ કરી નાખ્યો છે. પોતાના મિત્રના વિયોગમાં વેદનીય કર્મ પણ સર્વથા ક્ષીણ થઈ ગયું છે. + તો પણ યોગના નિમિત્તે હજી સુધી તેમને કર્મોનું આવનજાવન લાગેલું છે. જો કે હવે તે કર્મોને આત્મામાં સ્થાન મળી શકતું નથી. સ્થાન આપનારી આકર્ષણ શક્તિનો તેમણે પહેલાં જ નાશ કરી નાખ્યો છે. તો પણ યોગદ્વાર ખુલ્લા હોવાથી હજી સુધી વેદનીયના આવવા જવાની બાધા જેવું (વાસ્તવમાં કાંઈ બાધા નથી) લાગેલું છે. આ પ્રમાણે અઘાતીકર્મોએ આત્માની પ્રતિજીવી શક્તિઓને X છુપાવી રાખી છે. ઉપર્યુક્ત કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ જાય છે કે આઠેય કર્મોના ઉદયથી અસિદ્ધત્વભાવ થાય છે અને તેમના અભાવમાં આત્મા સિદ્ધ થઈ જાય છે.*

---

= निरवशेषीनराकृतकर्ममलकलङ्कस्याशरीरस्यात्मनोऽचिन्त्यऽस्वाभाविकज्ञानादिगुण-मव्याबाधसुखमात्यन्तिकमवस्थान्तरं मोक्ष इति। અર્થાત્ સર્વ કર્મમળ કલંકથી રહિત, અશરીર આત્માની અચિંત્ય સ્વાભાવિક જ્ઞાનદર્શન સુખ વીર્ય અવ્યાબાધસ્વરૂપ અવસ્થાનું નામ જ મોક્ષ છે. સર્વાર્થસિદ્ધિ

+ **णट्ठाय राय दोसा दोसा इंदिवणाणं च केवलिम्हि जदो।**
**तेण दु सादासाद ज सुहदुक्खं णत्थि इंदियजं।।** - ગોમ્મટસાર

અર્થાત્ કેવળી ભગવાનને (અર્હંતને) રાગદ્વેષ સર્વથા નષ્ટ થઈ ગયા છે, ઇન્દ્રિયજન્ય જ્ઞાન પણ નષ્ટ થઈ ગયું છે, તેથી તેમને શાતા, અશાતા વેદનીયથી થતું ઇન્દ્રિયજન્ય સુખદુઃખ હોતું નથી.

X સત્તાત્મક ગુણત્વ રહિત કર્મોના અભાવથી થતી અવસ્થાને જ પ્રતિજીવી શક્તિ કહે છે.

* **अट्ठविय कम्मवियला सीदीभूदा णिरंजणा णिच्चा।**
**अट्ठगुणा किदकिच्चा लोयग्गणिवासिगो सिद्धा।।** - ગોમ્મટસાર

જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી સિદ્ધાવસ્થા હોતી નથી

**नेदं सिद्धत्वमेति स्यादसिद्धत्वमर्थतः।**
**यावत्संसारसर्वस्वं महानर्थास्पदं परम्।।११४४।।**

**અર્થ :–** સિદ્ધોનું સ્વરૂપ આ પ્રમાણે છે – (૧) અષ્ટકર્મથી રહિત, (૨) વીતરાગી પરમ શાંત, (૩) રાગદ્વેષ – મળથી સદા મુક્ત, (૪) નિત્ય – ફરીથી સંસારમાં કદી પાછા ન આવનાર, (૫) આઠ ગુણ સહિત, (૬) કૃતકૃત્ય – નિષ્ક્રિય – સૃષ્ટિ કર્તા નહિ, (૭) લોકાગ્રે નિવાસ કરનાર, આ વિશેષણોથી પરમતોનું ખંડન પણ થઈ જાય છે. અન્ય મતવાળા ઈશ્વરનું સ્વરૂપ–મુક્ત જીવનું સ્વરૂપ આ પ્રમાણે માને છે – सदाशिवः सदाकर्मा सांख्यो मुक्तं सुखोज्झितं मस्करी किल मुक्तानां मन्यते पुनरागतिं। क्षणिकं निर्गुणं चैव बुद्धो यौगश्च मन्यतेऽकृतकृतकत्यं तमीशानो मण्डली चोर्ध्वगामिनम्। અર્થાત્ શિવમતવાળા મુક્ત જીવ – ઈશ્વરને સદા કર્મરહિત માને છે, તેને અનાદિથી જ કર્મરહિત માને છે. પરંતુ વાસ્તવમાં ઈશ્વર નથી. બધા જીવોને પહેલાં કર્મમળ હોય છે. પછી તેમનો નાશ કરનાર ઈશ્વર અવસ્થાને પ્રાપ્ત કરે છે. સંસારપૂર્વક જ મુક્તિ હોય છે. જે કર્મબંધનથી છૂટે છે તે જ મુક્ત કહેવાય છે. આ જ વાતને પ્રગટ કરવા માટે સિદ્ધોનું વિશેષણ – આઠ કર્મરહિત આપ્યું છે અર્થાત્ પહેલાં તેઓ કર્મસહિત હતા. પછી કર્મોથી છૂટ્યા છે. સાંખ્ય સિદ્ધાંત મુક્ત જીવને સુખરહિત માને છે, પરંતુ વાસ્તવમાં મુક્ત જીવને સંસારી જીવોની અપેક્ષાએ પરમ–અલૌકિક–અનંત સુખ પ્રગટ થઈ જાય છે. તેથી સિદ્ધોને પરમ શાંત–પરમ સુખી એવું વિશેષણ આપ્યું છે. મશ્કરી મતવાળા મુક્ત જીવનું ફરીથી સંસારમાં આગમન સ્વીકારે છે. આને મિથ્યા સિદ્ધ કરવા માટે સિદ્ધોને નિરંજન એવું વિશેષણ આપ્યું છે. હવે તેમને રાગદ્વેષનું અંજન નથી, તેથી હવે તેઓ કદી કર્મોની જાળમાં આવી શકતા નથી. કર્મોનું કારણ રાગદ્વેષ છે. જ્યાં કારણ જ નથી તો પછી કાર્ય પણ કોઈ પ્રકારે હોય શકે નહિ. તેથી એકવાર મુક્ત થયેલ જીવ ફરી કદી સંસારમાં પાછા આવતા નથી. આર્ય સમાજ પણ મુક્ત જીવનું પાછા આવવું સ્વીકારે છે. તેમનો સિદ્ધાંત પણ મિથ્યા છે. બૌદ્ધ દર્શન મુક્ત જીવને (પદાર્થ માત્રને) ક્ષણિક માને છે, પરંતુ સર્વથા ક્ષણિકતા સર્વથા બાધિત છે. સર્વથા ક્ષણિક માનવાથી મુક્તિ સંસાર આદિ કોઈ પદાર્થની વ્યવસ્થા બની શકતી નથી, તેથી સિદ્ધોને નિત્ય વિશેષણ આપ્યું છે. સિદ્ધ સદા નિત્ય છે. તેઓ સદા સિદ્ધ પર્યાયમાં જ રહેશે. તેમનામાં અનિત્યપણું કદી આવી શકતું નથી. યોગદર્શન મુક્ત જીવને નિર્ગુણ માને છે. નૈયાયિક અને વૈશેષિક પણ મુક્ત જીવને બુદ્ધિ સુખાદિ ગુણોનો નાશ માને છે. આમ માનવું સર્વથા મિથ્યા છે કેમકે જીવ ગુણસ્વરૂપ જ છે. ગુણોનો નાશ માનવાથી જીવનો જ નાશ થઈ જાય છે. બીજું ગુણ નિત્ય હોય છે, તેમનો નાશ થવો જ અસંભવ છે. ત્રીજું ઉક્ત દર્શનવાળા જીવ અને ગુણોનો સમવાય સંબંધ બતાવે છે અને સમવાય સંબંધ તેમના મત પ્રમાણે નિત્ય સ્વીકારવામાં આવ્યો. નિત્ય પણ કહેવું અને નાશ પણ કહેવો એવો તેમનો મત તેમના મતથી જ બાધિત થાય છે. તેથી સિદ્ધોમાં ગુણોનો

**અર્થ :–** જ્યાં સુધી મહા અનર્થોનું ઘર એવો સંસાર જ આ જીવનું સર્વસ્વ છે ત્યાં સુધી એને સિદ્ધત્વભાવ થતો નથી. પરંતુ અસિદ્ધત્વ રહે છે.

**ભાવાર્થ :–** જ્યાં સુધી આ જીવને આઠ કર્મોનો સંબંધ છે ત્યાં સુધી એને સિદ્ધ પર્યાય થતી નથી. જીવની અશુદ્ધ પર્યાય સંસારાવસ્થા છે. એ છૂટતાં તેની શુદ્ધ પર્યાય પ્રગટ થઈ જાય છે. તેનું જ નામ સિદ્ધ પર્યાય છે.

લેશ્યા – ભાવ

**लेश्या पडेव विख्याता भावा औदयिकाः स्मृताः ।**
**यस्माद्योगकषायाभ्यां द्वाभ्यामेवोदयोद्भवाः ।।११४५।।**

**અર્થ :–** લેશ્યાઓના છ ભેદ છે. – (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) પીત, (૫) પદ્મ, (૬) શુક્લ. આ જ છ ભેદોથી લેશ્યા પ્રસિદ્ધ છે. લેશ્યા પણ જીવના ઔદયિકભાવ છે કેમકે લેશ્યા યોગ અને કષાયોના ઉદયથી થાય છે. કર્મોના ઉદયથી થતા આત્માના યોગનું નામ જ ઔદયિકભાવ છે.

**ભાવાર્થ :–** કષાયોના ઉદયથી રંજિત યોગ પ્રવૃત્તિનું નામ લેશ્યા છે. ગોમ્મટસારમાં

નાશ થતો નથી. પરંતુ તેમનામાં ગુણો પૂર્ણરૂપે પ્રગટ થઈ જાય છે. આથી જ સિદ્ધોને 'अष्ट गुणसहित' વિશેષણ આપ્યું છે. ઇશાન મતવાળા મુક્ત જીવને કૃતકૃત્ય માનતા નથી અર્થાત્ મુક્ત જીવને પણ હજી કામ કરવાનું બાકી છે એવો તેમનો સિદ્ધાંત છે. આ જ સિદ્ધાંતની અંદર ઈશ્વરને સૃષ્ટિ કર્તા માનનારા આવે છે. પરંતુ શરીરરહિત, ઇચ્છારહિત, ક્રિયારહિત મુક્ત જીવને સૃષ્ટિનું કરવું, હરવું કાંઈ હોય શકે નહિ. સૃષ્ટિ સદાની છે. તેનું કરવું હરવું પણ અસિદ્ધ જ છે અને ઉપર્યુક્ત ત્રણ વાતોથી રહિત મુક્ત જીવને પણ તેમનું કરવું હરવું અસિદ્ધ છે. તેથી સિદ્ધોને 'कृत कृत्य' વિશેષણ આપ્યું છે. સિદ્ધ સદા વીતરાગ – અલૌકિક – આત્મોત્થ – પરમાનંદનો આસ્વાદ લે છે. તેમને કોઈ કાર્ય કરવાનું નથી. મંડલી નામનો સિદ્ધાંત મુક્ત જીવને સદા ઊર્ધ્વગમન કરનારો જ માને છે અર્થાત્ મુક્ત જીવ જ્યારથી ઉર્ધ્વગમન કરે છે ત્યારથી બરાબર કરતા જ રહે છે, ક્યાંય રોકાતા જ નથી. આ સિદ્ધાંતનું નિરાકરણ 'लोकाग्रनिवासी' આ વિશેષણથી થઈ જાય છે. જ્યાં સુધી ધર્મદ્રવ્ય છે ત્યાં સુધી અનંત શક્તિ હોવાના કારણે એક સમયમાં જ મુક્ત જીવ ચાલ્યો જાય છે. ધર્મદ્રવ્યનો આગળ અભાવ હોવાથી આગળ જઈ શકતો નથી. ધર્મદ્રવ્ય લોક સુધી છે, તેથી સિદ્ધ લોકાગ્રે સ્થિર થઈ જાય છે.

પણ લેશ્યાનું લક્ષણ આ જ પ્રમાણે છે. 'जोग पउत्ती लेस्सा कसाय उदयाणु - रंजिया होई। तत्तो दोण्णं कज्जं बंध चउक्कं सुद्दिट्ठं।' અર્થાત્ કષાયોના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિનું નામ જ લેશ્યા છે. કર્મનું ગ્રહણ કરવાની શક્તિનું નામ યોગ છે અર્થાત્ અંગોપાંગ અને શરીર નામકર્મના ઉદયથી મનોવર્ગણા, વચનવર્ગણા ને કાયવર્ગણા, આ ત્રણ વર્ગણાઓમાંથી કોઈ એક વર્ગણાનું અવલંબન લેનારી – કર્મ ગ્રહણ કરવાની જે જીવની શક્તિ છે તેનું જ નામ યોગ છે. તે યોગના ઉક્ત ત્રણ વર્ગણાઓનું અવલંબન લેવાથી ત્રણ ભેદ થઈ જાય છે. (૧) મનોયોગ, (૨) વચનયોગ, (૩) કાયયોગ. જે વર્ગણાનું અવલંબન હોય છે, યોગનું નામ પણ તે જ હોય છે., પરંતુ કોઈ પણ એક યોગથી કર્મ નોકર્મ બધાનું ગ્રહણ થાય છે. એટલું વિશેષ છે કે એક સમયમાં એક જ યોગ હોય છે. યોગોથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. જે જાતિની યોગ પ્રવૃત્તિ હોય છે તે જ જાતિનું કર્મગ્રહણ થાય છે. આ જીવને પ્રત્યેક સમયે અનંતાનંત વર્ગણાઓના સમૂહરૂપ – એક સમય પ્રબદ્ધ X આવે છે. તેના આવવામાં યોગ જ કારણ છે. યોગના નિમિત્તે જ્ઞાનાવરણાદિ આઠ કર્મ અને આહારાદિ નોકર્મ અનંતાનંત પરમાણુઓના પરિણામને ખેંચી લાવે છે. જે કર્મ આવે છે તેમાં તીવ્ર પ્રકારની વર્ગણાઓ હોય છે. (૧) ગૃહીત – આ જીવે પહેલાં પણ કોઈવાર જેમનું ગ્રહણ કર્યું હતું. (૨) અગૃહીત – જેમનું પહેલાં કદી ગ્રહણ કર્યું ન હતું. (૩) ગૃહીતાગૃહીત – જેમાંથી કેટલાકનું પહેલાં ગ્રહણ કર્યું હતું અને કેટલાકનું નવું ગ્રહણ કર્યું છે. યોગની સાથે જ કષાયોનો ઉદય રહે છે. તે આવેલા કર્મોમાં સ્થિતિ અને અનુભાગ બંધ પાડે છે. આવેલા કર્મ– આત્મા સાથે બંધાયેલા કર્મ કેટલો કાળ રહેશે અને તેમનામાં કેટલો રસ પડ્યો છે એ કાર્ય કષાયોનું છે અર્થાત્ કર્મોમાં નિયમિત કાળ સુધી સ્થિતિ પાડવી અને તેમની આ શક્તિમાં હીનાધિકતા કરવી એ કષાયોનું કામ છે. જેમ યોગોની તીવ્રતાથી અધિક કર્મોનું ગ્રહણ થાય છે તેવી જ રીતે કષાયોની તીવ્રતાથી કર્મોમાં સ્થિતિ બંધ અને અનુભાગ

---

**X परमाणूहिं अणंतहिं वग्गणसण्णा् हु होदि एक्का हु।**
**ताहि अणंतहिं णियमा समयपबद्धो हवे एक्को।।** ગોમ્મટસાર

અર્થાત્ અનંત પરમાણુઓની શક્તિ મળીને વર્ગણા–સંજ્ઞા છે. એવી એવી અનંત વર્ગણાઓનો સમૂહ સમય પ્રબદ્ધ કહેવાય છે.

બંધ અધિક પડે છે, મંદ કષાયોથી મંદ પડે છે. આ પ્રમાણે પ્રકૃતિબંધ * પ્રદેશબંધ યોગથી થાય છે. સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયથી થાય છે. યોગ અને કષાયના સમુદાયનું નામ જ લેશ્યા છે. તેથી લેશ્યા જ ચારે બંધોનુ ંકારણ છે. લેશ્યાના બે ભેદ છે – (૧) ભાવલેશ્યા (૨) દ્રવ્ય લેશ્યા. વર્ણ નામકર્મના ઉદયથી જે શરીરનો રંગ થાય છે તેને જ દ્રવ્યલેશ્યા કહે છે. દ્રવ્યલેશ્યા જન્મપર્યંત એક જીવને એક જ હોય છે. જેના શરીરનો જેવો રંગ હોય છે તે જ તેની દ્રવ્યલેશ્યા સમજવી જોઈએ. દ્રવ્યલેશ્યાના રંગોના ભેદથી અનેક ભેદ થઈ જાય છે. સ્થૂળતાથી દ્રવ્યલેશ્યાના કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ, શુક્લ એવા છ ભેદ છે તથા પ્રત્યેકના ઉત્તરભેદ અનેક છે. વર્ણની અપેક્ષાએ ભ્રમર સમાન કૃષ્ણલેશ્યા, નીલમણિ સમાન નીલ લેશ્યા, કબૂતર સમાન કાપોત લેશ્યા, સુવર્ણ સમાન પીતલેશ્યા, કમળ સમાન પદ્મ લેશ્યા, શંખ સમાન શુક્લ લેશ્યા હોય છે. આમાં પ્રત્યેકનાં વત્તા ઓછા વર્ણની અપેક્ષાએ અથવા મિશ્રની અપેક્ષાએ અનેક ભેદ છે તથા ઇન્દ્રિયોથી ગ્રાહ્ય થવાની અપેક્ષાએ સંખ્યાત ભેદ છે, સ્કંધોની અપેક્ષાએ અસંખ્યાત ભેદ છે. પરમાણુઓની અપેક્ષાએ અનંત ભેદ છે. ગતિઓની અપેક્ષાએ સામાન્યપણે દ્રવ્યલેશ્યાનું વિધાન આ પ્રમાણે છે – સર્વ નારકીઓને કૃષ્ણલેશ્યા જ હોય છે. કલ્પવાસી દેવોને જેવી ભાવલેશ્યા હોય છે તેવી જ દ્રવ્યલેશ્યા પણ હોય છે. ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી, મનુષ્ય, તિર્યંચ એમને છ યે દ્રવ્યલેશ્યાઓ હોય છે. ઉત્તમ ભોગભૂમિવાળાઓને સૂર્યના વર્ણ સમાન, મધ્યમ ભોગભૂમિવાળાઓને ચંદ્રના વર્ણ સમાન, જઘન્ય ભોગ-ભૂમિવાળાઓને હરિત રંગની દ્રવ્યલેશ્યા હોય છે. વિગ્રહગતિવાળા જીવોને શુક્લલેશ્યા હોય છે. આ પ્રમાણે શરીર નામકર્મ અને વર્ણ નામકર્મના ઉદયથી આ જીવ જેવું શરીર ગ્રહણ કરે

---

* પ્રકૃતિ સ્વભાવને કહે છે. જેમ અમુક પુરુષનો કઠોર સ્વભાવ છે, અમુકનો સરળ છે. સ્વભાવના નિમિત્તે તે સ્વભાવવાળા પુરુષનું પણ તે જ નામ પડી જાય છે. જેમ કઠોર સ્વભાવવાળા પુરુષને કઠોર કહી દેવામાં આવે છે, સરળ સ્વભાવી પુરુષને સરળ કહે છે. એ જ પ્રમાણે કોઈ કર્મોમાં જ્ઞાનનો ઘાત કરવાની પ્રકૃતિ–સ્વભાવ છે. તે પ્રકૃતિના નિમિત્તે તે કર્મને પણ તે જ પ્રકૃતિના નામે ઓળખાવાય છે. જેમ કે જ્ઞાનાવરણ કર્મ. જો કે જ્ઞાનનું આવરણ કરવાનો તેનો સ્વભાવ છે તો પણ સ્વભાવ સ્વભાવીમાં અભેદ હોવાથી સ્વભાવીને જ જ્ઞાનાવરણ કહી દે છે. બધા કર્મોમાં આ જ પ્રમાણે સમજવું જોઈએ. આ પ્રમાણે આઠેય પ્રકૃતિવાળા આઠેય કર્મોનો બંધ થવો તે પ્રકૃતિબંધ કહેવાય છે. એટલું વિશેષ છે કે આયુષ્ય કર્મનો બંધ ઉદયાગત આયુષ્યના ત્રિભાગમાં થાય છે, બાકીના સાતે કર્મોનો પ્રતિ સમય થાય છે.

છે તેવી જ તેને દ્રવ્યલેશ્યા હોય છે. પરંતુ દ્રવ્યલેશ્યા કર્મબંધનું કારણ નથી. કર્મબંધનું કારણ કેવળ ભાવલેશ્યા છે. કષાયોદયજનિત પરિષ્પંદાત્મક આત્માના ભાવોનું નામ જ ભાવલેશ્યા છે. દ્રવ્યલેશ્યાની જેમ ભાવલેશ્યાના પણ કૃષ્ણાદિ છ ભેદ છે. પરંતુ દ્રવ્યલેશ્યાની જેમ ભાવલેશ્યા સદા એકસરખી રહેતી નથી. પરંતુ તે બદલતી રહે છે. અહીં ભાવલેશ્યાનું થોડુંક વિવેચન કરવું આવશ્યક છે, કેમકે ભાવલેશ્યા અનુસાર જ આ જીવ શુભાશુભ કર્મોનો X બંધ કરે છે. કષાયોના ઉદયસ્થાન અસંખ્યાત લોકપ્રમાણ હોય છે. તેમાં ઘણો ભાગ તો અશુભ લેશ્યાઓના સંક્લેશરૂપ સ્થાન હોય છે અને એક ભાગ પ્રમાણ શુભ લેશ્યાઓના વિશુદ્ધ સ્થાન હોય છે. પરંતુ સામાન્યપણે આ બંને પણ અસંખ્યાત લોકપ્રમાણ જ હોય છે. કૃષ્ણાદિ છ એ લેશ્યાઓના શુભસ્થાનોમાં આ આત્મા જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી મંદ, મંદતર, મંદતમરૂપે પરિણમન કરે છે અને તેમના જ અશુભ સ્થાનોમાં ઉત્કૃષ્ટથી જઘન્ય પર્યંત તીવ્રતમ, તીવ્રતર અને તીવ્રરૂપે પરિણમન કરે છે. આ રીતે પ્રત્યેકમાં આ છ રૂપોથી હાનિવૃદ્ધિ થયા કરે છે. આ આત્માના સંક્લેશ પરિણામોની જેવી જેવી હાનિ હોય છે તેમ તેમ આ આત્મા કૃષ્ણ છોડીને નીલ લેશ્યામાં આવે છે અને નીલ છોડીને કાપોતી લેશ્યામાં આવે છે તથા સંક્લેશની ક્રમપૂર્વક વૃદ્ધિ થતાં કાપોતમાંથી નીલ અને નીલમાંથી કૃષ્ણ લેશ્યામાં આવે છે. આ રીતે સંક્લેશ ભાવોની હાનિ વૃદ્ધિથી આ આત્મા ત્રણ અશુભ લેશ્યાઓમાં પરિણમન કરે છે તથા વિશુદ્ધિની વૃદ્ધિ થવાથી ક્રમપૂર્વક પીતમાંથી પદ્મ અને પદ્મમાંથી શુક્લમાં આવે છે અને વિશુદ્ધિની હાનિ થવાથી ક્રમથી શુક્લમાંથી પદ્મ અને પદ્મમાંથી પીત લેશ્યામાં આવે છે. આ પ્રમાણે વિશુદ્ધ ભાવોની હાનિ વૃદ્ધિથી આ આત્મા શુભ લેશ્યાઓમાં પરિણમન કરે છે. સામાન્ય રીતે ચોથા ગુણસ્થાન સુધી છયે લેશ્યા હોય છે. પાંચમાં, છઠ્ઠા, સાતમા આ ત્રણ ગુણસ્થાનોમાં પીત પદ્મ શુક્લ જ હોય છે. ઉપરના ગુણસ્થાનોમાં ફક્ત શુક્લ લેશ્યા જ હોય છે. લેશ્યાઓની સત્તા તેરમા ગુણસ્થાન સુધી બતાવવામાં આવી છે. તે ઉપચારની અપેક્ષાએ બતાવી છે. વાસ્તવમાં લેશ્યાઓનો સદ્ભાવ દસમા ગુણસ્થાન સુધી જ છે કેમકે ત્યાં સુધી જ કષાયોના ઉદય સહિત યોગોની પ્રવૃત્તિ છે. ઉપરના ગુણસ્થાનોમાં

---

**X लिम्पई अप्पी कीरइ एदाये णियमपुण्ण पुण्णं च, जीवोत्ति होदि**
**लेस्सा, लेस्सा गुण जाणयक्खादा।**

અર્થાત્ જે ભાવોથી આ આત્મા પુણ્ય પાપનો બંધ કરે છે તે જ ભાવોને આચાર્યોએ લેશ્યા કહી છે.
– ગોમ્મટસાર

કષાયોદય ન હોવાથી લેશ્યાઓનું લક્ષણ જ રહેતું નથી. તેથી અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનોમાં ઉપચારથી લેશ્યા કહેવામાં આવી છે. X ઉપચારનું પણ આ કારણ છે કે આ ગુણસ્થાનોમાં હજી યોગપ્રવૃત્તિનો સદ્‌ભાવ છે. જો કે કષાયોદય નથી તોપણ દસમા ગુણસ્થાન સુધી કષાયોદયની સાથે સાથે થતી યોગ પ્રવૃત્તિ હજી પણ છે. તેથી યોગપ્રવૃત્તિના સદ્‌ભાવથી તથા ભૂતપૂર્વ નયની અપેક્ષાએ ઉપર્યુક્ત ત્રણે ગુણસ્થાનોમાં ઉપચારથી લેશ્યાનો સદ્‌ભાવ કહ્યો છે. + ચૌદમા ગુણસ્થાનમાં યોગપ્રવૃત્તિ પણ નથી ત્યાં ઉપચારથી પણ લેશ્યાનો સદ્‌ભાવ નથી. વિશેષ – નારકીઓને કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ અશુભ લેશ્યાઓ જ (ભાવલેશ્યા) હોય છે. મનુષ્ય, તિર્યંચોને છયે લેશ્યાઓ હોય શકે છે. ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોને શરૂઆતથી પીત સુધી લેશ્યાઓ હોય છે. પરંતુ એમની અપર્યાપ્ત અવસ્થામાં અશુભ હોય છે તથા પહેલા ચાર સ્વર્ગો સુધી પીત લેશ્યા હોય છે અને પદ્મનો જઘન્ય અંશ હોય છે. બારમા સ્વર્ગ સુધી પદ્મ લેશ્યા તથા શુક્લ લેશ્યાનો જઘન્ય અંશ હોય છે. એનાથી ઉપર શુક્લ લેશ્યા હોય છે. પરંતુ નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોમાં શુક્લ લેશ્યાનો ઉત્કૃષ્ટ અંશ હોય છે. સર્વ લેશ્યાઓનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત માત્ર છે. કૃષ્ણ લેશ્યાનો ઉત્કૃષ્ટ કાળ તેત્રીસ સાગર છે. નીલ લેશ્યાનો સત્તર સાગર છે. કાપોત લેશ્યાનો સાત સાગર છે. પીત લેશ્યાનો બે સાગર છે. પદ્મ લેશ્યાનો અઢાર સાગર છે. (શુક્લ લેશ્યાનો તેત્રીસ સાગરથી થોડો અધિક સમય છે). છ યે લેશ્યાવાળા જીવોની ઓળખાણ માટે તે લેશ્યાઓવાળા જીવોના કાર્ય આ પ્રમાણે છે – કૃષ્ણ લેશ્યાવાળો જીવ તીવ્ર ક્રોધ કરે છે, વેર છોડતો નથી, સદા યુદ્ધ કરવા તત્પર રહે છે. ધર્મ, દયા રહિત હોય છે, દુષ્ટ હોય છે અને કોઈને વશ થતો નથી. = નીલ લેશ્યાવાળો જીવ મંદ, વિવેકહીન, અજ્ઞાની,

---

X **'मुख्याभावे, सति प्रयोजने निमित्ते चोपचारः प्रवर्तते'**

અર્થાત્ જ્યાં મુખ્યનો અભાવ હોય પરંતુ પ્રયોજન અથવા નિમિત્ત અવશ્ય હોય ત્યાં જ ઉપચાર કથન થાય છે.

\+ **णट्ठकषाये लेस्सा उच्चदि सा भूदपुव्व गदिणाया,**
**अहवा जोगपउत्ती मुक्खोत्ति तहिं हवे लेस्सा।** – ગોમ્મટસાર

= **चंडो ण मुचइ वेरं, भंडण सीलो च य धर्मदय रहिओ।**
**दुट्ठो णय एदिक्सं लक्खणमयं तु किण्हस्स।।**

ઇન્દ્રિયલંપટ, માની, માયાવી, આળસુ, પોતાનો અભિપ્રાય છુપાવનાર, અત્યંત ઊંઘણશી, ઠગ અને ધન ધાન્યનો લોલુપ હોય છે. *કાપોત લેશ્યાવાળો જીવ ક્રોધી, બીજાની નિંદા કરનાર, બીજાઓને દોષિત કહેનાર, શોક અને ભય કરનાર, બીજાની સંપત્તિની ઇર્ષ્યા કરનાર, બીજાઓનો તિરસ્કાર કરનાર, પોતાની પ્રશંસા કરનાર, બીજા ઉપર વિશ્વાસ ન મૂકનાર, પોતાની જેમ બીજાઓને (દુષ્ટ) સમજનાર, સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન થનાર, પોતાનું અહિત ન સમજનાર, લડાઈમાં મરવાની ઇચ્છા કરનાર, પોતાની પ્રશંસા કરનારને ધન આપનાર અને કાર્ય અકાર્યને નહિ સમજનાર હોય છે. +પીત લેશ્યાવાળો જીવ કાર્ય – અકાર્ય તથા સેવ્ય અસેવ્યને સમજનાર, સર્વ પ્રત્યે સમાન ભાવ રાખનાર, દયાળુ અને દાન આપનાર હોય છે. X પદ્મ લેશ્યાવાળો જીવ દાની, ભદ્ર પરિણામી, સુકાર્ય કરનાર, ઉદ્યમી, સહનશીલ અને સાધુ–ગુરુનો પૂજક હોય છે. =શુક્લ લેશ્યાવાળો જીવ પક્ષપાત રહિત, નિદાન બંધ ન કરનાર, સમદર્શી, ઇષ્ટ અનિષ્ટ પદાર્થો પ્રત્યે રાગદ્વેષ રહિત અને કુટુંબ પ્રત્યે મમત્વરહિત હોય છે. @ છ યે લેશ્યાઓવાળા જીવોના વિચારોના વિષયમાં એક દૃષ્ટાંત પણ પ્રસિદ્ધ છે. છ પ્રવાસીઓ જંગલના માર્ગ પર જઈ રહ્યા

---

* मंदो बुद्धिविहीणो णिव्बिणाणी य विसयलोलोय।
माणी मायी य तहा आलस्सो चेव भेज्जो य।
णिद्दा वंचण बहुलो धण धण्णे होदि तिव्वसण्णाय।
लक्खणमेयं भणियं समासदो णील लेत्सस्स।

\+ रूसइ णिंदइ अण्णे दूसइ बहुसो य सोय भय बहुलो।
असुयइ परिभवइ परं पसंसये अप्पयं बहुसो।।
णय पत्तियइ परं सो अप्पाणं यिव परंपि भण्णंतो।
थूसइ अभित्थूवंतो णय जाणइ हाणि वड्ढिं वा।।
मरण पत्थेइ रणे देह सुबहुगं वि थुव्वमाणोदु।
ण गणइ कजाकजं लक्खणमेय तु काउस्स।।

X जाणइकजाकजं सेयमसेयं च सव्व समपासी।
दय दाणरदो य मिदू लक्खएमेयं तु तेउस्स।।

= चागी भद्दो चोक्खो उज्जव कम्मो य खमदि बहुगंपि।
साहु गुरु पूजण रदो लक्खणमेयं तु पम्मस्स।।

@ णय कुणइ पक्खवायं णवियं णिदाणं समोय सव्वेसिं।
णत्थि य रायद्दोसा णे होवि व सुक्कलेस्सस्स।। - ગોમ્મટસાર

છે. માર્ગ ભૂલી જવાથી તેઓ ફરતા ફરતા એક આંબા પાસે આવી પહોંચ્યા. તે વૃક્ષ ફળોથી લચી પડેલું જોઈને કૃષ્ણ લેશ્યાવાળાએ પોતાના વિચારો પ્રમાણે કહ્યું કે હું આ વૃક્ષને મૂળમાંથી ઉખાડી નાખીને તેની કેરીઓ ખાઈશ. નીલ લેશ્યાવાળાએ પોતાના વિચારો પ્રમાણે કહ્યું કે હું એને મૂળમાંથી ઉખાડવા તો નથી ઇચ્છતો પરંતુ થડમાંથી કાપીને એની કેરીઓ ખાઈશ. કાપોત લેશ્યાવાળાએ પોતાના વિચારો પ્રમાણે કહ્યું કે હું તો મોટી મોટી ડાળીઓ જ પાડીને કેરી ખાઈશ. પીત લેશ્યાવાળાએ પોતાના વિચારો પ્રમાણે કહ્યું કે હું મોટી મોટી ડાળીઓને તોડીને આખા વૃક્ષની શોભા શા માટે નષ્ટ કરું ? હું તો ફક્ત એની નાની નાની ડાળીઓ તોડીને જ કેરી ખાઈશ. પદ્મ લેશ્યાવાળાએ પોતાના વિચારો અનુસાર કહ્યું કે હું તો એના ફળો જ તોડીને ખાઈશ. શુક્લ લેશ્યાવાળાએ પોતાના વિચારો અનુસાર કહ્યું કે તમે તો ફળો ખાવાની ઇચ્છાથી આટલો મોટો આરંભ કરવાને તૈયાર છો. પરંતુ હું તો ફક્ત વૃક્ષ ઉપરથી સ્વયં તૂટીને પડેલા ફળો જ વીણીને ખાઈશ. આ જ લેશ્યાગત ભાવો અનુસાર આ આત્મા આયુષ્ય અને ગતિઓનો બંધ કરે છે. જેવી એની લેશ્યા (ભાવ) હોય છે, તે જ પ્રમાણે આયુષ્ય અને ગતિનો બંધ એને થાય છે. પરંતુ સંપૂર્ણ લેશ્યાગતભાવોથી આયુષ્યનો બંધ થતો નથી, પણ મધ્યના આઠ અંશો દ્વારા જ થાય છે અર્થાત્ લેશ્યાઓના બધા મળીને છવ્વીસ અંશ છે. તેમાં મધ્યના આઠ અંશ એવા હોય છે કે જે આયુષ્યના બંધની યોગ્યતા ધરાવે છે. તેમાં જ આયુષ્યનો બંધ થઈ શકે છે, બાકીના અંશોમાં થઈ શકતો નથી. આ મધ્યના આઠ અંશ અપકર્ષ સમયોમાં હોય છે. અપકર્ષ નામ ઘટવાનું છે અર્થાત્ ભુજ્યમાન આયુષ્યના બે ભાગ ઘટી જવાથી બાકી રહેલા એક ભાગ પ્રમાણ અંતર્મુહૂર્ત પ્રમાણકાળનું નામ અપકર્ષકાળ છે. આ જ સમયોમાં આયુષ્યબંધને યોગ્ય લેશ્યાઓની મધ્યના આઠ અંશ હોય છે. પરંતુ જે અપકર્ષમાં આયુષ્ય બંધને યોગ્ય આઠ મધ્યમ અંશોમાંથી કોઈ અંશ હોય તે જ અપકર્ષમાં આયુષ્યનો બંધ થાય, બીજામાં નહિ. તેથી કોઈને આઠે અપકર્ષોમાં આયુષ્યનો બંધ થઈ શકે છે. કોઈને બધા અપકર્ષોમાં થતો નથી, પરંતુ કોઈ કોઈમાં થાય છે. કોઈને આઠેય અપકર્ષોમાં થતો નથી. જેને આઠેય અપકર્ષોમાં બંધની યોગ્યતા મળતી નથી તેને આયુષ્યના અંત સમયમાં એક આવલિનો અસંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે તેના પહેલા અંતર્મુહૂર્તમાં અવશ્ય આયુષ્યનો બંધ પડી જાય છે. દૃષ્ટાંત માટે કલ્પના કરો કે એક મનુષ્યનું ૬૫૬૧ વર્ષનું ભૂજ્યમાન (વર્તમાન ઉદય પ્રાપ્ત) આયુષ્ય છે. તેનો અપકર્ષકાળ ૨૧૮૭ વર્ષ બાકી રહી જતાં પડશે. આ સમયના પ્રથમ અંતર્મુહૂર્તમાં

જો આયુષ્યબંધને યોગ્ય આઠ મધ્યમ અંશોમાંથી કોઈ અંશ હોય તો પરભવના આયુષ્યનો બંધ થઈ શકે છે. જો અહીં કોઈ અંશ ન પડે તો ૭૨૯ વર્ષ બાકી રહેતાં બીજો અપકર્ષ કાળ પડશે. ત્યાં આયુષ્યનો બંધ થઈ શકે છે. જો ત્યાં પણ આયુષ્યબંધની યોગ્યતા ન મળી તો ત્રીજો અપકર્ષકાળ ૨૪૩ વર્ષ બાકી રહેતા પડશે. એ જ પ્રમાણે ૮૧ વર્ષ બાકી રહેતાં ચોથો, ૨૭ વર્ષ બાકી રહેતાં પાંચમો, ૯ બાકી રહેતાં છઠ્ઠો, ૩ વર્ષ બાકી રહેતાં સાતમો અને ભુજ્યમાન આયુષ્યમાં કુલ એક વર્ષ બાકી રહેતાં આઠમો અપકર્ષકાળ પડશે. તે આઠેયમાંથી જ્યાં બંધની યોગ્યતા હોય ત્યાં જ આયુષ્યનો બંધ થઈ શકે છે. બધામાં યોગ્યતા હોય તો બધામાં થઈ શકે છે. જો ક્યાંય પણ યોગ્યતા ન હોય તો મરણ સમયે અવશ્ય પરભવના આયુષ્યનો બંધ થાય છે. એટલું વિશેષ છે કે જે અપકર્ષમાં જેવો લેશ્યાનો અંશ પડે છે તે જ પ્રમાણે શુભ કે અશુભ આયુષ્યનો બંધ થાય છે. તેથી આચાર્યોનો ઉપદેશ છે કે સદા પરિણામોને ઉજ્જવળ રાખો, કોણ જાણે ક્યારે આયુષ્યનો ત્રિભાગ પડી જાય. મરણ સમયે તો અવશ્ય ક્રોધાદિનો ત્યાગ કરીને શાંત થઈ જાવ કેમકે મરણકાળે, તો આયુષ્યબંધની પૂર્ણ સંભાવના છે. તેથી સમાધિમરણ કરવું તે પરમ આવશ્યક અને પરમ ઉત્તમ કહેવામાં આવ્યું છે. X

ઉપર્યુક્ત આયુષ્યબંધને યોગ્ય આઠ અંશો સિવાય બાકીના અઢાર અંશો યોગ્યતા પ્રમાણે ચારે ગતિઓના કારણ થાય છે. અઢાર અંશોમાંથી જેવો અંશ હશે તેને યોગ્ય જ ગતિનો બંધ થશે. શુક્લ લેશ્યાના ઉત્કૃષ્ટ અંશથી મરેલા જીવ નિયમથી સર્વાર્થસિદ્ધિમાં જાય છે. તેના જ જઘન્ય અંશથી મરેલા જીવ બારમા સ્વર્ગ સુધી જાય છે તથા મધ્યમ અંશથી મરેલા જીવ આનતથી ઉપર અને સર્વાર્થસિદ્ધિથી નીચે સુધી જાય છે. પદ્મલેશ્યાના ઉત્કૃષ્ટ અંશથી મરેલા જીવ સહસ્ત્રાર સ્વર્ગમાં જાય છે. તેના જઘન્ય અંશથી મરેલા જીવ સનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગમાં જાય છે અને મધ્યમ અંશથી મરેલા જીવ એમની મધ્યમાં જાય છે. પીત લેશ્યાના ઉત્કૃષ્ટ અંશથી મરેલા સન્તકુમાર માહેન્દ્ર સુધી જાય છે. તેના જઘન્ય અંશથી મરેલા સૌધર્મ અને ઇશાન સ્વર્ગ સુધી જાય છે અને મધ્યમ અંશથી એની મધ્યમાં જાય છે.. આ પ્રમાણે આ શુભ લેશ્યાઓના અંશો સહિત મરીને જીવ સ્વર્ગમાં જાય છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યાના ઉત્કૃષ્ટ જઘન્ય

X દેવ અને નારકીઓને ભુજ્યમાન આયુષ્યના છ મહિના અને ભોગભૂમિવાળાઓને નવ મહિના બાકી રહે ત્યારે પરભવના આયુષ્યનો બંધ થાય છે. તેમને એટલા જ સમયમાં આઠ અપકર્ષ-કાળની યોગ્યતા હોય છે. એમનું કોઈ કારણે અકાળ મૃત્યુ થતું નથી. તેથી એમનામાં વિશેષતા છે.

મધ્યમ અંશોથી મરેલા જીવ સાતમી નરકથી લઈને પહેલી નરક સુધી યોગ્યતા પ્રમાણે જાય છે તથા ભવનત્રિકથી લઈને સર્વાર્થસિદ્ધિ સુધીના દેવ અને સાતેય પૃથ્વીઓના નારકી પોતપોતાની લેશ્યા અનુસાર મનુષ્યગતિ અથવા તિર્યંચ ગતિને પ્રાપ્ત થાય છે. એટલું વિશેષ છે કે જે ગતિ સંબંધી આયુષ્યનો બંધ થાય છે તે જ ગતિમાં જાય છે, બાકીમાં નહિ. કારણકે આયુષ્યનો બંધ છૂટતો નથી. ગતિબંધ છૂટી પણ જાય છે. આયુષ્યનો અવિનાભાવી જ ગતિબંધ ઉદયમાં આવે છે. બાકીની ઉદ્દીરણા થઈ જાય છે તથા ગતિબંધ થવા છતાં પણ મરણ સમયે જેવી લેશ્યા હોય છે તેને અનુસાર જ તે જ ગતિમાં નીચું અથવા ઊંચુ સ્થાન આ જીવને મળે છે. ઉપર્યુક્ત લેશ્યાઓના વિવેચનથી આ વાત સારી રીતે સિદ્ધ છે કે અનર્થોનું મૂળ કારણ લેશ્યાઓ જ છે. આ પંચ પરાવર્તનરૂપ અનાદિઅનંત – મર્યાદારહિત સંસાર સમુદ્રમાં આ આત્મા આ જ લેશ્યાઓના નિમિત્તે ગોથા ખાય રહ્યો છે, કોઈવાર અશુભ લેશ્યાઓના ઉદયથી નરક તિર્યંચ ગતિરૂપ ઊંડા વમળમાં પડીને ફરતો ફરતો નીચે ચાલ્યો જાય છે અને કોઈવાર શુભ લેશ્યાઓના ઉદયથી મનુષ્ય, દેવ ગતિરૂપ તરંગોમાં પડીને ઉપર ઉછળવા માંડે છે. જે સમયે આ આત્મા નીચે જાય છે તે સમયે અતિ વ્યાકુળ અને ચેતનાહીન જેવો થઈ જાય છે, જે સમયે ઉપર આવે છે, તે સમયે પણ જો કે તીવ્ર તરંગોના ઉછાળાથી શાંતિ પામતો નથી તોપણ નીચેની અપેક્ષાએ કાંઈક શાંતિ માને છે તેથી કેટલાક વિચારશીલ જીવો તે ભ્રમર જાળથી બચવા માટે અનેક શુભ પ્રયત્નો કરે છે. બુદ્ધિમાન પુરુષોનું કર્તવ્ય છે કે તેઓ છયે લેશ્યાઓનું સ્વરૂપ, તેમના કાર્ય, તેમનાથી થતા આયુષ્યબંધ અને ગતિબંધ આદિ સમજીને અશુભ લેશ્યાઓને છોડે અને શુભ લેશ્યાઓનું ગ્રહણ કરે અર્થાત્ તીવ્ર ક્રોધ, ધર્મહીનતા, નિર્દયતા, સ્વાત્મપ્રશંસા, પરનિંદા, માયાચાર આદિ અશુભભાવો છોડીને સમતા, દયાભાવ, દાનશીલતા, વિવેક, ધર્મપરાયણતા આદિ શુભભાવો અપનાવે એ માટે ગોમ્મટસારના આધારે લેશ્યાઓનું આટલું વિવેચન કર્યું છે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વાસ્તવિક વિચાર કરતાં લેશ્યાઓ આ સંસારસમુદ્રમાં જ ડૂબાડનારી છે. અશુભ લેશ્યા તો સંસારસમુદ્રમાં ડૂબાડે જ છે. પરંતુ શુભ લેશ્યા ય તેનાથી (સંસારથી) ઉદ્ધાર કરી શકતી નથી. કેમકે તે પણ પુણ્યબંધનું જ કારણ છે. અને જ્યાં સુધી આ આત્માની સાથે બંધ લાગેલો છે ત્યાં સુધી આ આત્મા પરમ સુખી થઈ શકતો નથી. તેથી જે અશુભ તથા શુભ બંને પ્રકારની લેશ્યાઓથી રહિત છે તે જ પરમ સુખી – સદાને માટે કર્મબંધનથી મુક્ત – અનંત ગુણ તેજોધામ, વીતરાગ–નિર્વિકાર–કૃતકૃત્ય–સ્વાત્માનુભૂતિ પરમાનંદ

નિમગ્ન–સિદ્ધ પરમેષ્ઠી છે. તે જ પરમ મંગળ સ્વરૂપ સિદ્ધ ભગવાનના જ્ઞાનમય ચરણારવિંદને હૃદય મંદિરમાં સ્થાપિત કરીને તથા તેમની જ વારંવાર ભાવના કરીને આ ગ્રંથરાજની આ સુબોધિની ટીકાનો ગુજરાતી અનુવાદ અહીં સમાપ્ત કરવામાં આવે છે.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैन धर्मोस्तु मंगलं।।१।।**

સમાપ્ત